

પુસ્તક ૭] ચૈત્ર ૧૯૮૧ [અંક ૧

ગુજરાતે સંસ્કારનો નવો યુગ આરંભ્યો છે. તેની સંસ્કૃતિની મહત્વાકાંક્ષા વધી ગઈ છે. તે સામગ્રીઓથી સમૃદ્ધ બન્યું છે.

એના પુરુષત્વમાં ત્યાગ છે, ઉત્સાહ છે, ઉંડી વ્યાવહારિક્તા ને ઉંચી અભિલાષ છે. એમાં વ્યવસ્થાશક્તિ છે ને સ્વાતંત્ર્યપ્રેમ છે; મુત્સદ્દીપણું છે અને નિશ્ચલતા છે; ભાવનાશીલતા છે અને સેવાધર્મનો પ્રેમ છે; અને ભગીરથ તપથી માનવતા વીકસાવવાની હોંસ છે.

એના સ્ત્રીત્વમાં ફુલની સુકુમારતા છે, ને છતાં સતીની અડગતા છે. એમાં રસિક્તા છે, ને સંરક્ષક વૃત્તિ છે; કાવ્યમયતા છે, ને છતાં વ્યાવહારિક બુદ્ધિ સતેજ છે; ધર્માંધતા નથી, છતાં શ્રદ્ધાળુ હૃદયની શક્તિ છે; એમાં પુરુષના સમાન થવાની હોંસ છે, છતાં પુરુષને પડખેજ ઉભા રહેવાનું ડહાપણ છે; નવાનવા ઉલ્લાસો છે, છતાં દુઃખ સહન કરવાની હીંમત છે. અને પુરુષો ને સ્ત્રીઓમાં વિશુદ્ધ પ્રેમની જ્યોત જાગવા માંડી છે.

ગામેગામમાં નવયુગનું ચેતન પ્રસરી રહ્યું છે—ઘેરઘેર નવા સંસ્કારનો સંચાર થાય છે.

જાણ્યેઅજાણ્યે બધા એક ને અવિભક્ત ગુજરાતનાં અંગ બને છે; અને જેમ અંગેઅંગની એકતાનતા પરથીજ આત્મા પરખાય છે તેમ ગુજરાતી સંસ્કૃતિના પ્રતાપી આત્માની સાક્ષી દે છે. કાર્તવીર્ય ને પરશુરામની આ ભૂમિ આર્યસંસ્કૃતિનો વિજયધ્વજ લઇ ઉભી છે; અને આર્યત્વનાં સનાતન તત્ત્વોઃ મહત્ત્વાકાંક્ષા ને વીરતા; સ્વમાન ને સ્વાશ્રય; શુદ્ધિ, સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા; તપ, શક્ત ને સંયમ; પિતૃભક્તિ ને ઔદાર્યો; શબ્દબ્રહ્મની સર્વાંગસેવા; અને પ્રેમ–નિર્મલ ને નિરંકુશ—આ પુરાણા નવ–આર્યાવર્તની પ્રેરણાથી ફરી હિંચામાં પ્રસરશે.

—'ગુજરાત–એક સાંસ્કારિક વ્યક્તિ'માંથી

એની સામે કોઇ પુરુષ ઉઘાડે માથે ઉભો હતો.

[ચિત્રકાર: રા. રવિશંકર રાવળ.

ચિત્ર પરિચય

ચિત્રકાર ધુરંધરનું નામ અને એમની કૃતિને ઓળખાવવાં પડે એવું રહ્યું નથી. માત્ર 'ગુજરાત'માં આ વખતે આપેલા એમના પ્રખ્યાત ચિત્ર 'નટરાજ'ની થોડી વિગતો ઉપરજ વાચકોનું અમે ધ્યાન ખેંચીશું.

ચિત્રનો મુખ્ય વિષય શીવજીના તાંડવનૃત્યનો છે. એ નૃત્ય આખા વિશ્વને ભરી દે એવું; દેવદાનવો, ઋષિગણો જેને વિસ્મયથી નીહાળી રહે છે એવું આપણા શાસ્ત્રોમાં કલ્પ્યું છે. રા. ધુરંધરે આ વિષયને લઇ તે અદ્‌ભુત કલ્પના અને કલાના સંયોગથી સજીવ કરી મુકયો છે.

ચિત્રમાંની મુખ્ય વ્યક્તિ મહાદેવજીમાં જુની અને નવી કલાનો સુંદર સંયોગ થયો છે. એમની આંખમાં મદ અને અવયવોમાં અપૂર્વ ગતિ છે. એમના મુખ પર પરમ પુરુષનું હાસ્ય અને એમના વેષમાં સ્મશાનવાસી યોગીની ભીષણ નિર્વિકારીતા છે. એમના લલાટ પરની ચંદ્રલેખામાં, જટામાંના ફુલોમાં, સર્પો અને માળામાં પણ ત્રિભુવન ડોલાવે એવા નૃત્યની ગતિજ દેખાય છે.

ચિત્રમાંની બીજી વ્યક્તિઓ પર એ નૃત્યની થએલી અસરનું ભાવદર્શન પણ રા. ધુરંધરે અતીશય ખુબીપૂર્વક યોજ્યું છે. કૈલાસનાં હિમધવલ શિખરો અને દેવદારુના વનમાં થતું આ નૃત્ય સર્વ દેવો પર શી અસર કરે છે તે આપણે જોઈએ.

ચિત્રની જમણી બાજુ પર નજર આગળ ઉભેલાં વિષ્ણું અને લક્ષ્મીજી આપણું સૌથી પ્રથમ ધ્યાન ખેંચે છે. વિષ્ણુ ભગવાન કલાકારની સૂક્ષ્મ પરીક્ષક દૃષ્ટિથી નૃત્યને જોઇ રહ્યા છે અને એમની આંખમાં રુદ્રની અપૂર્વ કલાથી થએલો સંતોષ અને પ્રશંસા બન્ને ભાવો છે. એમની પાસે મોટાઇના ગર્વમાં ઉભેલાં લક્ષ્મીજી પણ જરા ખુશ થયાં હોય એમ 'આ જરો ઠીક કરે છે' એમ લાગવાથી કુતૂહલ અને

જિજ્ઞાસાપૂર્વક જોઇ રહેલાં છે. એ બન્નેના શરીરમાં અને ઉભાં રહેવાની રીતમાંએ મહાપદને અનુરૂપ લાલિત્ય અને બીજાને ક્ષુદ્રતા અનુભવાવે એવું ગૌરવ છે.

તેમની પાછળ બેઠેલા મૃદંગ બજાવતા બ્રહ્માજીની આંગળીઓમાં તાલ અને અનિમિષ નયનોમાં વિસ્મય અને પ્રશંસા છે. તેમની પડખે ઉભેલી અપ્સરા તો નૃત્યના રસમાં પોતાનું ભાનજ ભુલી ગઇ છે. નૃત્યનો નીશો એને ચઢયો છે.

ઘોડાના મુખવાળો કિન્નર ઉંચું ઘાલીને વીણા બજાવવામાં મશગુલ છે છતાં એની આંખ નૃત્ય પર પણ છે. તંબુર લઇ ઉભેલો ગંધર્વ તો અશક્તિથી કે ભાન ભુલીને તંબુર બજાવવાને બદલે એકચિત્તે નૃત્ય જોયા કરે છે. પાછળ બેઠેલા ઋષિમુનિઓનો આત્મા જાણે નેત્રોમાં આવીને વસ્યો હોય એમ લાગે છે.

ડાબી બાજુની મુખ્ય વ્યક્તિઓ પાર્વતીજી, સરસ્વતી અને ગણપતિ છે. રા. ધુરંધરે પાર્વતીને સહેજ અન્યાય કર્યો લાગે છે. તે બીચારાં શરમાળ મુગ્ધા સમાં અર્ધ ઉઘાડી આંખે પતિની મહત્તાને જોતાં સુખ સમાધિમાં ડુબી ગયાં દેખાય છે, પણ એમનું વ્યક્તિત્વ સરસ રીતે દેખાતું નથી. સરસ્વતીની આંખમાં કળાની પારખ, જિજ્ઞાસા પ્રશંસા બધુંજ છે.

સૌથી વધારે આનંદ ગણપતિને થયો દેખાય છે. પિતાના અનુકરણમાં નાચવાના પ્રયત્નમાં શરીર ઉછાળતા એમના જાડા દેહ અને સુંઢવાળા મુખમાં, બાળકનો ઉન્માદ અને અનુકરણમાં રહેલી હાસ્યજનકતા એવાં સરસ રીતે દેખાઈ આવે છે કે એમને ઘણીવાર સુધી જોઈ રહેવાનું મન થાય. આ ચિત્રની અપૂર્ણતા એમની પાછળ ઉભેલી દાસીમાં અણવીકસેલી રસિકતાને લીધે માત્ર જિજ્ઞાસાજ દેખાય છે.

સરસ્વતીની પાછળ ઉભેલી મોટાઇ મદ દેખાડતી મસ્તભરી ઈંદ્રાણી અને સ્થૂલ દેહવાળા સુખવાસી ઇંદ્ર નૃત્યથી પ્રેરાઈ એમની આંખોનું નૃત્ય પણ સાથે સાથે કરે છે. એમની પાછળ ઉભેલી એક લટકાળી કિન્નરી પણ કૈંક જુએ છે; શીવજીનું નૃત્ય એ કહી શકાતું નથી. આ બધાંની પાછળ ઉભેલા ઋષિઓને કિન્નરો પણ પોતપોતાનાં વાજીંત્રોમાં જોરથી સૂર પુરે છે.

પણ ઘરડા નંદીને તો આપણે ભુલીજ ગયાં. બીચારો ઘરડો તેમાંજ કેની? એ પણ ઘણા નૃત્યો જોઇને રીઢો થયો હોય તેમ ખાસ ભાવો અનુભવતો નથી ને આપણું ધ્યાન ખેંચવાની પણ એને ગરજ હોય એમ લાગતું નથી. શિવજીના ગળામાંનો એક સર્પ એમની ગતિથી અકળાઈ દૂર ઉભો રહી નૃત્યથી નીશો ચઢયો હોય તેમ જોયા કરે છે.

ચિત્રના ઓળખાણ માટે આ ટુંકી વિગત અત્રે આપી છે પણ એમાં રહેલી કલાનો આસ્વાદ તો વાચક! તારે જાતેજ કરી લેવો રહેેા. તારી દ્રષ્ટિની સૂક્ષ્મતા પ્રમાણે જેવું તું જોઈશ તેવું તને લાગશે.

આત્માનાં આંસુ

લેખક:

રા. ધૂમકેતુ.

ચિત્રકાર:

રા. રવિશંકર પંડિત.

[આ લેખકની ઐતિહાસિક ટુંકી વાર્તાઓ માત્ર 'ગુજરાત'માંજ અવારનવાર દેખાશે.]

વૈશાલીના 'સંથાગાર'માં આજે ભારે ગરબડ મચી રહી હતી. કેટલાક વૃદ્ધ રાજ્યપુરુષો અંદર બેઠા હતા; કેટલાક જુવાન માણસો *સંથાગારનાં સ્વચ્છ આરસનાં પગથીઆં પર બેસી ગયા હતા; ત્યારે કેટલાક તો ખુલ્લા મેદાનમાં, પોતાના રથની દોરી હાથમાં રાખી સંથાગારમાં થતો કોલાહલ સાંભળી રહ્યા હતા. જબ્બર ભાલા હાથમાં રાખીને, કેટલાક જુવાનો જેમ ફાવે તેમ ટેકતા હતા. સભામાં ગેરવ્યવસ્થા હતી. કોઇ કોઇનું સાંભળે તેમ હતું નહીં. જેને જેમ ફાવે તેમ બોલતા હતા.

એટલામાં સામે બજારમાંથી એક રથ આવતો દેખાયો. આતુરતામાં ને કૌતુકમાં લાંબી ડોક કરી કરી આવનાર કોણ છે તે જાણવાને સૌ ઉતાવળા થવા લાગ્યા: થોડી વારમાંજ રથ પાસે આવ્યો.

'એ તો મહાનમન છે' એક જુવાને બુમ પાડી. એ સાંભળીને સંથાગારના પગથીઆં પરથી કેટલાક જુવાનો મેદાનમાં આવી મહાનમનના રથના માર્ગમાંજ ઉભા રહ્યા.

"મહાનમન તો એકલાજ આવ્યા છે!"

"એમ? ત્યારે આમ્રપાલી નથી આવી?..."

બે ત્રણ જુવાન માણસો એકી સાથે બુાંટો પાડી ઉઠ્યા. તેમાંના એકે તો ગુસ્સામાં પગ પછાડી પોતાનો ભાલો ભોંયમાં ખોસ્યો.

"એમ? ત્યારે રાજગણની ને કાયદાની અવજ્ઞા કરવાની તેની દાનત છે?"

* વૈશાલીમાં પ્રજાકીયતંત્ર હતું, એટલે આ સંથાગાર 'કોર્ટ'નું કામ પણ કરતું. સંથાગાર એટલે નગરમંદિર Town Hall જેવું. હેમચંદ્રરાય ચૌધરી, પોતાના 'Political History of Ancient India,'માં અને બિમલ ચરણ લૉ પોતાના 'Historical Gleanings'માં વૈશાલીના પ્રજાકીય તંત્રની માહીતી આપે છે.

એક સુંદર સ્વારને રસ્તો આપવાને તેઓ જરા પાછા હઠ્યા; બીજી દિશાએથી બે ચાર ઘોડેસ્વારો આવ્યા. તેમણે શીકારીનોજ વેષ પહેર્યો હતો, સુંવાળા લીસા ને ચળકતા વાળવાળા કુતરાઓ તેમના ઘોડાની આગળ પાછળ દોડતા હતા. એટલામાં મહાનમન રથમાંથી નીચે ઉતરી, આરસનાં લીસાં પગથીઆં ચઢતો તે નગરમંદિરમાં જઇ ઉભો રહ્યો.

ઉકળતો માનવસમુદાય જાદુઇ લાકડી ફરી હોય તેમ એકદમ શાંત બન્યો. હવે મહાનમન શું બોલે છે તે સાંભળવાને સૌ આતુર બન્યા.

"મહાનુભાવો ! મારી પાલિતા પુત્રી આમ્રપાલી..." તેનો સ્વર જરા લથડ્યો પણ તે ખોંખારીને આગળ વધ્યો; "આમ્રપાલી, જેને લિચ્છવીગણના કાયદા પ્રમાણે તમે લગ્ન કરવા દેવાની ના પાડી હતી, અને જેને મેં લિચ્છવીઓ અંદર અંદર કપાઇ ન મરે માટે આવવાહિતા રાખી હતી..."

લોકો અંત સાંભળવાને અધીરા થવા લાગ્યા. "તેનો આઠ દિવસ થયાં પતો નથી !"

"પ્રજાના દ્રોહ !... મંડળનું અપમાન ! તદ્દન ખોટી વાત !"... કેટલાક ગણગણ્યા.

મહાનમન કંઈ ન સાંભળતો હોય તેમ આગળ બોલ્યે જતો હતો. "પતો નથી... પત્તો ન હતો, પણ આજે તે પોતેજ અચાનક મળી આવી છે."

લોકોએ છુટકારાનો દમ ખેંચ્યો. કેટલાકે હર્ષના પોકાર કર્યા.

"અને હવે..."

એજ વખતે મેદાનમાં ગરબડાટ થઇ. એક સુંદર ઘોડેસ્વાર લોકસમુદાયમાંથી પોતાનો માર્ગ કાપીને આગળ આવતો દેખાયો. ચાર તરફથી પ્રજાજનો બે હાથ જોડીને તેને પ્રણામ કરતા હતા.

"પણ લ્યો, આ નાયક આવે છે... એ તમને બધી વાત કરશે" એમ કહી મહાનમન તરત બેસી ગયો.

લોકોએ કુતુહલથી મેદાન તરફ જોયું. પેલા સ્વારે, ઘોડાથી ઉતરીને નગરમંદિરના છેક છેલ્લા પગથીઆ પર પગ મુક્યો હતો; ઘોડાને ત્યાં નોકર પાસે રાખી, તે આગળ વધ્યો.

"વૈશાલીની જય ! લિચ્છવી ગણની જય ! સિંહનાયકની જય !..." લોકસમૂહમાંથી એકદમ અવાજ ઉઠ્યો.

જરા હસીને લોકસમૂહ સામે બે હાથ જોડી રાખી તે સંભાળથી ચપળતાપૂર્વક પગથીઆં ચઢે જતો હતો. નગરમંદિરમાં પહોંચતાં રાજપુરુષોએ ઉભા થઇને તેને માન આપ્યું. તે મહાનમનની બાજુમાંજ એક આસન પર જઇ બેઠો. કોઇ એક કાંકરો ફેંકે તો સંભળાય, એવી ગાઢ શાંતિ એકદમ પ્રસરી ગઇ. સિંહનાયક હવે શું કહે છે તે સાંભળવાને લોકો ઉપર તળે થઇ રહ્યા.

૨

સિંહનાયક ઉભો થયો. તેણે લોકો તરફ એક ઉડતી નજર ફેંકી.

એક માણસના પ્રતાપ ને પ્રભાવ આગળ, આખો જનસમુદાય નાનો થતો હોય તેમ લાગતું હતું. તેણે ધીરેથી પણ સ્પષ્ટ અવાજમાં વાત શરુ કરી: "મહાનુભાવો ! નીલપદ્મભવનમાંથી આમ્રપાલી આ તરફ આવવાને તૈયાર થઇ, ત્યાર પછીજ હું તમારી પાસે આવ્યો છું.

જો મહાજનને વૈશાલીનો *નિયમ અક્ષરશઃ પળાવવાનો આગ્રહ હોય તો આમ્રપાલી જે નિયમો મુકે છે તે સ્વીકારવા પડશે."

"બરાબર છે! બરાબર છે! નિયમો શું છે તે બોલો."

આમ્રપાલી કહે છે કેઃ–

"મારું ઘર સુરક્ષિત કીલ્લા જેવું મનાશે; તેમાં રજા વિના કોઇથી નહીં અવાય. જનસમૂહને સંગીતથી આનંદ આપવો એ એનું મુખ્ય કામ રહેશે."

"એ નિયમ તો બરાબર છે" કેટલાક બોલ્યા.' નગરમંદિરમાં બેઠેલ ગણરાજો, નગરશેઠો, ને પ્રજાના પ્રતિનિધીઓ તથા સરદારોએ ધીમેથી "ઠીક છે," એટલું કહીને નાયકને બીજા નિયમો સંભળાવવાની ઇશારત કરી.

"આમ્રપાલીને રહેવા માટે પુષ્પવિહારમાં મહાજને સુંદર પ્રાસાદ—'સપ્તભૂમિકાપ્રાસાદ' આપવો પડશે."

મહાજન મંડળમાંથી કેટલાકે એકબીજાની સામે જોયું.

"ત્રીજો નિયમ એ છે કે આમ્રપાલીના ઘરમાં કોણ આવે છે, જાય છે, તથા કોણ છે, તેની તપાસ નહીં કરી શકાય."

મહાજન મંડળમાં ગણગણાટ શરુ થયો.

હું મહાજન મંડળને તાબે થવા ના પાડું છું.

કેટલાક વૃદ્ધ રાજપુરુષોનાં મોં ક્રોધથી તપ્ત ત્રાંબાના પતરાં જેવાં લાલચોળ થઇ ગયાં. કેટલાક "† નવકોટિ નારાયણો" એ અસંતોષ

* વૈશાલીમાં નિયમ હતો કે અતિ સૌંદર્યવતી સ્ત્રીને જનસમૂહના આનંદ માટે રાખવી અને પરણવા ન દેવી. (બુદ્ધનું જીવનચરિત્ર-રોકહીલ.)

† કોટ્યાધિપતિને માટે વપરાતો શબ્દ; નવ કરોડનો માલીક એમ સાધારણ અર્થ છે.

દર્શાવવા, ભવાં ભેગાં કરીને સિંહનાયક તરફ તીક્ષ્ણદ્રષ્ટિએ જોયું. એક * ગણરાજ તો જરા ઊભો જેવો થઇ ગયો. અને "એ તો મહાજન મંડળની સત્તાનું ચોખ્ખું અપમાન થાય" મોટેથી બોલ્યો.

પણ આ બધાં દૃશ્યો પુરાં ભજવાયાં ન ભજવાયાં ત્યાં સૌની આંખ, નગરમંદિરના પગથીઆં પર ચોંટી. ચાંદની જેવા તદ્દન શ્વેત વસ્ત્રમાં લપેટાએલી એક સ્ત્રીની મૂર્તિ ત્યાં દેખાણી. મેદાનમાં મોટી ગરબડ મચી રહી હતી, ને આગળ આવવા માટે લોકો ધક્કા મુકી કરતા હતા. કેટલાક જુવાન માણસો, પોતાના ભાલાથી લોકોને ભડકાવીને રસ્તો કરતા હતા.

તે સ્ત્રી છેક સંથાગારમાં આવી. થોડી વારમાં ફરીને બધે શાંતિ ફેલાઇ. તેણે પોતાનો આછા રેશમી વસ્ત્રનો સાળુ સમાર્યો.

અને હુકમ કરનારની ઢબથી મહાજન મંડળ સામે જોયું. તેનું નાનું નાક અભિમાનમાં ફુલ્યું હતું અને ક્રોધ તથા તિરસ્કારથી ભવાં ચઢવાં હતાં. ઘણાને પ્રજાસત્તાનું અપમાન અને આ દ્રષ્ટિ ખુચ્યાં. પણ તેની રમણીય મોહકતા વિષ પાએલ તીરની જેમ–છાતી સોંસરવી નીકળી જતી હતી.

"મહાજનો! અને બ્રાહ્મણો!..." તેના શબ્દોમાં ચોખ્ખો ધિક્કાર હતો; 'વૈશાલીમાં જે દુષ્ટ નિયમ તમે સાચવી રહ્યા છો..."

"દુષ્ટ?... કાયદાનું અપમાન?" મંડળમાંથીજ કોઇક બોલ્યું.

"હા." તેણે ભાર દઇને ઉત્તર આપ્યો. "આ દુષ્ટ નિયમ જેને તમે સાચવી રહ્યા છો, તે હું સ્વીકારું છું જો તમને મારી શરતો કબુલ હોય તો નહીંતર હું મહાજન મંડળને તાબે થવા ના પાડું છું. પૃથ્વી કોઇ સત્તાને તાબે ન થવા માટે ઇશ્વરે ... રૂપ આપ્યું છે." તેણે અભિમાનમાં ... ઉંચી કરી પોતાનું શરીર લંબાવ્યું ને ખ... પરથી ખસી જતી મોતીની સેર એક ... સમારી.

એકદમ તોફાનનું વાદળું ફેલાયું. મહા... મંડળમાં આમ્રપાલીના શબ્દોથી વીજ... આંચકો લાગ્યો. 'તેના ઘરમાં કોણ છે ... તપાસ પણ ન થાય' એ નિયમ ... ખુંચવા લાગ્યો.

"એનો અર્થ એટલોજ કે ગમે તે ... આવીને તેને ત્યાં સલામત રહી શકે" મંડળ... મતભેદ પડવા લાગ્યો.

"એ નિયમ નજ સ્વીકારાય."

"એ તો જાણે કે મહાજન મંડળ ... તે અધિષ્ઠાત્રી થઇ."

મામલો તોફાને ચઢ્યો એ જોઇને "... નિશ્ચય કરો" એટલું બોલીને આમ્રપાલી એકદમ ચાલી નીકળી. તેની પાછળ તેનો પિ... મહાનમન પણ ચાલી નીકળ્યો.

૩

"મહાજન એવો નિયમ નહીં સ્વીકારે!.. અંતે સૌએ એક અવાજે સિંહનાયકને જવા... વાળ્યો; "અને પ્રજાસત્તાનો નિયમ મહાનમ સ્વીકારવોજ પડશે."

સિંહનાયકના કપાળ પર ચિંતા... રેખાઓ પડવા લાગી. તેણે પોતાનો એક હા... જરા કપાળ પર ફેરવ્યો; ખોંખારો ખાઇ સાદને સુધાર્યો અને મહાજનને કહ્યું "મહાનુભાવો! વૈશાલીની સ્વતંત્ર મહા જનસત્તાક વ્યવસ્થા, અત્યારે સંપૂર્ણ સ્થિતિમ... છે. પણ વૈશાલીની આસપાસ તેને કોળીએ

* આવા અઢાર "ગણરાજો" પણ મહાજન મંડળમાં હતા.

ફરી જવા માટે અનેક રાજ્યો તૈઆર ઉભાં છે. વૈશાલીના મહાનમન જેવા *શતકોટયાધિપતિ' ને એ વખતે શત્રુ બનાવવો એ રાજનીતિ વિરુદ્ધ છે."

"તક્ષશિલામાં જઇને લિચ્છવી જુવાનો પણ ધનુર્વિદ્યા ભણ્યા છે..." કેટલાક જુવાન સભાસદોએ ઉત્તર વાળ્યો; "અને અમે કોઇ પણ રાજ્ય સામે ટક્કર લેવાને તૈઆર છીએ!"

નાયક જરા હસ્યો. એ બેદરકારીથીજ બોલનારા તો શરમાઇ ગયા.

"તમારી ધનુર્વિદ્યાની કીર્તિ સાચી છે, અને એવો વખત આવે છે કે જ્યારે દરેક જુવાન લિચ્છવી પાસે સ્વતંત્રતાના બદલામાં માથું માગવામાં આવશે... પણ આંતરવિગ્રહથી નબળી થએલી સત્તા, સડી ગએલા ફળની માફક એની મેળેજ નાશ પામે છે. આંતરવિગ્રહથી બચો." કેટલાક વૃદ્ધ ને ડાહ્યા સભાસદો વિચારમાં પડ્યા.

"શી રીતે બચવું? આમ્રપાલીને"...

"એક ઉપાય છે. આમ્રપાલીને આઠ દિવસ અગાઉથી કહ્યા વિના એનું ઘર તપાસાય નહીં—એવી શરત મહાજન કબુલ કરશે?" સિંહે કહ્યું.

"એમાંથી વૈશાલી નાશ પામશે! કેટલાક બોલ્યા."

"વૈશાલીના આંતરવિગ્રહ કરતાં એ નાશ વધારે ભયંકર નહીં થાય!"

"આમ્રપાલી એ શરત સ્વીકારે છે?"

"તે હું જોઉ છું!... પણ મહાજનને એ માન્ય છે?"

'હા હા'... એમ બોલતાની સાથે મહાજનમંડળ ઉભું થયું. કેટલાક જુવાનો પરિણામ જાણવાને આતુર હતા. ટોળેબંધ, તેઓ સિંહનાયકના ઘોડા પાસે જમે થયા હતા. સિંહ આવતાંજ 'વૈશાલીનો જય!' એ શબ્દ સાથે લોકસમૂહ તેને વીંટી વળ્યો.

"શું કહ્યું? મહાનમન શું કહે છે?

"તે તો તમે સાંભળ્યું."

"અને મહાજન? મહાજનનો શું જવાબ છે?"

"કાલે ×'સન્નિપાતભેરી'થી સૌને ખબર કરવામાં આવશે..." તે ઝપાટાબંધ પોતાના ઘોડા પર ચઢ્યો. ને સાંજ પડવા આવી હતી એટલે વૈશાલીના યુદ્ધોદ્યાનમાં ફરવા ચાલ્યો ગયો; અનેક ભવ્ય મકાનોના રત્નખચિત ઝરુખાઓ જોતો જોતો તે વૈશાલીના વિશાલ મેદાનમાં પહોંચ્યો. હજારો ઘોડેસ્વારો ને રથીઓ ત્યાં નિયમબદ્ધ ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતા હતા; પરદેશીઓ, સોદાગરો, ને દૂર દૂરના રાજકુમારો લિચ્છવી જુવાનોને કૌતુકથી નીહાળતા ઉભા હતા. એક જગ્યાએ રથીઓ સ્પર્દ્ધામાં ઉતર્યા હતા. જાંબુડી રેશમી દોરીથી વેગમાં દોડતા રથોને કાબુમાં રાખવા માટે સારથીઓ તનતોડ મહેનત કરતા હતા. રાજહંસની પાંખ જેવા ધોળા ઘોડાઓ જોડેલા રથોમાં બેસીને કેટલાક શ્રીમંતો આ બધું જોઇ રહ્યા હતા.

સિંહનાયક આ બધું જોતો જોતો આગળ વધ્યો. જ્યાં જુએ ત્યાં અશ્વિનીકુમાર જેવા રુપાળા લિચ્છવી જુવાનો રથમાં કે ઘોડાપર

---

* આ અતિશયોક્તિ નથી. તક્ષશિલાથી બીજે નંબરે ગણાતા કાશી મહાવિદ્યાલયમાં, એક એંશી ક્રોડના માલીકનો છોકરો ભણેલો એનો ઉલ્લેખ છે. વિશ્વભારતી (૧.૩)માં પ્રોફે. રાધાકુમુદનો લેખ.

× લોકસમૂહને ભેગા કરવા માટે વગાડવામાં આવતું વાજિંત્ર ઢોલ જેવું.

ફરતા હતા. બધેજ ઠેકાણે શૌર્ય ને નિયમબદ્ધ તાલીમ દેખાતાં હતાં. વૈશાલીનો વિચાર કરતાં, અભિમાનમાં ને ઉલ્લાસમાં તેની છાતી ફૂલી. 'ભાર છે બિંબિસારનો, કોસલનો, અવંતીનો કે કોઇનો કે આ લિચ્છવી જુવાનોને એક ઘડી પણ તાબે રાખી શકે?'–એણે વેગમાં ને વેગમાં ઘોડાને એડી મારી હાંક્યો.

નીલપદ્મ સરોવરને કીનારે તે આવી પહોંચ્યો. સંધ્યાના રંગો પાણીને સોનેરી રંગથી છાઇ રહ્યા હતા ને પોયણી ચંદ્રને જોવા અરધું છાનું હસતી હતી. સરોવરને કીનારે કીનારે અર્ધવર્તુલાકારમાં વૈશાલીનું વિલાસભવન–પુષ્પવિહાર–આવ્યું હતું. નીચે પાણીમાં સંગેમરમરના છત્રોના પડછાયા હાલતા હતા. જ્યાં ત્યાં મધુર કંઠની રમઝટ જામી હતી. ને અનેક દિપાવલીઓથી શોભતી જલનૌકાઓ, સરોવરમાં વિહાર કરવા માટે સજ્જ થતી હતી. સિંહ ત્યાં થંભી ગયો. વૈશાલીનો આ ભાગ અત્યંત સુંદર હતો... તેણે વૈશાલી તરફ એક નજર ફેંકી. ત્રાંબાના, રુપાના, અને સોનાના ઘુમ્મટથી, વૈશાલી, ચિત્રવિચિત્ર રંગો ધારણ કરી રહી હતી. એક ઘડી ત્યાં થંભીને સિંહ પાછો ફર્યો. પણ એ વખતે એની મુદ્રા કૈંક પડી ગએલી હતી ઉત્સાહ કમી હતો ને વેગ ઘટ્યો હતો. એના અંતઃકરણમાં એક ચિંતા ઉંડી ઉંડી હમણાંજ જાગી હતી. આટલા બધા વૈભવ ને વિલાસમાંથી. પ્રજાનો વિનાશ કરનાર તત્ત્વ તો નહીં જન્મે? ... લિચ્છવીઓ સુંવાળા ચીનાઇ રેશમ માટે, એમનું લાકડાનું કઠણ ઓશીકું છોડી તો નહીં દેના?...

તેણે વિચાર કરતાં પોતાનો ઘોડો ઘર તરફ વાળ્યો. ને ત્યાંથી એકલો, પગપાળો આમ્રપાલીના ઘર તરફ-નીલપદ્મભવન તરફ ચાલ્યો.

૪

સિંહ નીલપદ્મભવન પાસે પહોંચ્યો. આમ્રપાલીના આગ્રહી સ્વભાવનું દર્શન તેને થયું હતું. આજે નગરમંદિરમાં મહાજનમંડળ પાસે તેને ખરા સ્વરૂપમાં જોઇ. મહાજન મંડળ પોતાનો કક્કો ન છોડે, અને આમ્રપાલી, આઠ દિવસ અગાઉથી જણાવ્યા પછી ઘર તપાસાય એવો નિયમ સ્વીકારવા ના પાડે, તો એટલા નાના તણખામાંથી થનારી આગ વૈશાલીને બાળી મુકશે એ વિચારથી તે આજે ધ્રુજતો હતો. જે ઘડીએ મહાજન આમ્રપાલીને અમુક યુવાન સાથે પરણવવાનું નક્કી કરશે, તેને બીજે દિવસે વૈશાલીનાં મેદાનમાં અને કદાચ નીલપદ્મભવનની પાસેજ, હજારો જુવાનો પોતાના રથોને દોડાવતા યુદ્ધમાં ઘુમી રહ્યા હશે; દેવપુત્ર જેવા લિચ્છવીઓ ધનુષના ટંકાર કરતા સામ સામે લઢવા માંડશે. આમ્રપાલીના સૌંદર્ય માટે–તેનો હાથ મેળવવા માટે–દરેકે દરેક જુવાન પોતાનું લોહી રેડશે. અને પછી?... સિંહ નાયકે વ્યગ્રતાથી પોતાનું માથું દાબ્યું; 'આવો જબરજસ્ત આંતર વિગ્રહ થયા પછી ગમે તે શત્રુ ચઢી આવીને વૈશાલીને પાયમાલ કરી નાખશે! ...' નાયક આ કલ્પનાથી એવો ધ્રુજ્યો કે તેની આંખે તંમર આવ્યાં. ને તે પાસેના એક આરસના ઓટલા પર બેસી ગયો. શૂન્યદૃષ્ટિએ નીલપદ્મભવનના ઘેરા આસમાની રંગ તરફ ને સોનેરી ઘુમ્મટ તરફ તે જોઇ રહ્યો. 'વૈશાલી! વૈશાલી! તારા ઘુમ્મટને અખંડ રાખવા સિંહ તો પ્રાણ હશે ત્યાં સુધી ઝઝુમશે!...' મનમાં ને મનમાં આવી ગાંઠ વાળતાં તેને નવું બળ આવ્યું હોય તેમ તે તરત સ્વસ્થ થયો ને નીલપદ્મભવનના દ્વારમાં આવીને ઉભો.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૯૯]



"ટ્રીનીટી ચર્ચ"—સ્ટ્રેટફર્ડ-ઓન-એવન.

એક અંગ્રેજી તીર્થયાત્રા

લેખક:

અ. કાંતિલાલ છગનલાલ પંડયા

[અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૫૫૬ થી]

સ્ટ્રેટફર્ડ-ઓન-એવન

રવિવારે ત્રીજે દિવસે પ્રાતઃકાળે જાગ્યા ત્યારે રાતમાં વરસાદ આવી ગએલો હતો ઠંડક હતી, વાદળાં પણ હતાં. લંડનમાં મુસાફરને રવિવાર બહુ વસમો પડે છે, એ એ ચીશે એક વાર લખી ચુક્યો છું. અંહીં તો એથીએ વધારે વસમો પડયો. જોવાનાં બધાં સ્થળો રવિવારે બંધ. સીનેમા તો લંડનમાં હોય છે, તે પણ બંધ. કૈંક ધર્મનું નિમિત્ત ખરું, બાકી તો નોકરીઆત વર્ગ પોતાનો હક આથી સાબીત કરે છે, ને આજે તેઓ આરામ ને મઝા ભોગવે છે. જે હોય તે, પરંતુ જ્યારે અમને માલમ પડ્યું કે કોઇ પણ સ્થળે જઇ શકીશું નહીં, ત્યારે આખો દિવસ નકામો જશે એ ભયથી ગ્લાનિ થઇ. સદ્દભાગ્યે રાત્રે સુતા તે વખતે એ ગ્લાનિ રહી નહોતી.

સવારમાં નાસ્તો કરીને "ટ્રીનીટ ચર્ચ" તરફ ગયા, શેક્સપીઅઅરની ત્યાં કબર છે, ને દેવાલય જોવા જેવું કહેવાય છે. કંપાઉંડનાં દરવાજામાં પેઠા કે મરવીંગે જેવું વર્ણન

"An avenue of limes, the boughs of which are curiously interlaced, so as to form in summer an arched way of foliage, leads up from the gate of the yard to the church porch" આવી સારી રીતે કર્યું છે તે સમક્ષ ઉભા રહ્યા. ઘટા મનોહર હતી; લીલોતરી તાજી, વરસાદ, ઘટા તળેનો માર્ગ, આસપાસની લીલોતરી–ઉગેલી કબરો એ દૃશ્ય રમ્ય હતું. ઘટામાર્ગમાં થઈને દેવળમાં પેઠા. અંદર જરાક ઉભા એટલે દેવાલયના એક નોકરે પુછ્યું કે "તમે સર્વીસ (ભજન) સાંભળવા આવ્યા છો?...તેમ ન હોય તો, ત્યારે ફક્ત જોવાને માટેજ દેવળ ખુલ્લું રહેતું નથી." ચાલો, આ વળી બીજું ઝાડું મળ્યું. સર્વીસને અર્ધા કલાકની વાર હતી, ને સાંજે મોટી સંગીત–સહિત સર્વીસ થવાની હતી. તેમાં આવવાના ઇરાદાથી બહાર નીકળ્યા, દેવળના "યાર્ડ"માં ફર્યા. એવન નદી પાસે થઈનેજ વહે છે. જરા આગળ જતાં તે નાનાં નાના ધોધવાઓરૂપે શિલાઓ ઉપરથી પડે છે, તેનો ખળખળ કરતો મંજુલ ધ્વનિ તથા પેલી પારની વનસ્થલિ રમણીય લાગી. ઇર્વીંગ જેવા રમ્યતાના પુજારીએ પણ આ દેવાલયની પરિસ્થિતિ માટે બે સારા શબ્દો લખ્યા છે, "The church stands on the banks of the Avon, on an embowered point, and separated by adjoining gardens"–આમાંની એક વાડી તો ઘણી સરસ હતી–"from the suburbs of the town. Its situation is quiet and retiring: the river runs murmuring at the foot of the church yard, and the elms which grow upon its banks droop their branches into its clear bosom..."

દેવાલયમાંથી પાછા સ્ટ્રેટફર્ડની શેરીઓમ નીકળી પડ્યા; શાંત, પુરાણી, પણ અતિ સ્વચ્છ, એવી આ શેરીઓ। એક પુરાણું અંગ્રેજી ગામ વર્તમાન સમયમાં, પુરાતન ને નવીન તત્ત્વોનો કેવી રીતે સમન્વય કરે છે એનું દર્શન કરાવતી હતી. . વસતી દસ–બાર હજારથી વધારે


Anne Hathaway's Cottage

એન હેથવેનું ઘર

શેક્સપીઅરનું ઘર.

નહીં હોય, ને ઘણાં ઘરો પુરાણી ઢબનાં અર્ધાં લક્કડ કામવાળાં દેખાતાં હતાં. એમ કહેવાય છે કે આઠમા સૈકાના એક સૅક્સન લખતમાં સ્ટ્રૅટફર્ડનું નામ આવે છે. ચોપડીઓ જણાવે છે કે વર્ષે ત્રીસેક હજાર યાત્રાળુઓ શેક્સપીઅર-તીર્થની યાત્રાએ આવે છે, ને તેનો ચોથો ભાગ અમેરીકન હોય છે. અમારે તો આજ ફરવાનુંજ હતું; તડકો નીકળ્યો હતો, અને સ્ટ્રૅટફર્ડની બહાર નીકળ્યા ત્યારે લીલાં ખેતરો, ડેઇઝી તથા બટર-કપનાં સફેત ને પીળાં ફુલોથી વિરાજિત લીલી જાજમવાળા પ્રદેશો-એ સૌ હીંદની પુરેપુરી યાદી આપતાં હતાં. ખરે, વચ્ચે વચ્ચે અંગ્રેજી ખેડુતો અને અંગ્રેજી મુસાફરો મળતા ન હોત, તથા અંગ્રેજી ઝુંપડાંઓ નજરે પડતાં ન હોત તો અમે ખુશીથી મનને મનાવી શક્યા હોત કે ગુજરાત-કે કાઠીઆવાડમાં, કે સંયુક્ત પ્રાંતના રસાળ પ્રદેશમાંજ અમે ફરીએ છીએ; એવો ચોખ્ખો તડકો નીકળ્યો હતો, અને આખા વાતાવરણમાં એવાં વિશદતા, પ્રકાશ તથા શાંત ઉલ્લાસ હતાં.

એક દોઢ માઇલ દૂર "શૉટરી" નામના ગામડામાં ઍન હેથેવેનું—શેક્સપીઅરની પત્નીનું ઘર છે. અસાધારણ સુરક્ષિત દશામાં તે રહેલું છે; કહેવાય છે કે શેક્સપીઅરે જે કાળે એનનું સંવનન કરેલું તે કાળની હાલત કરતાં આજની હાલત બહુજ થોડી જુદી હશે. આજથી ત્રીસ વર્ષ પૂર્વે ત્રણ હજાર પાઉંડમાં પ્રજાને માટે એ વેચાતું લેવાએલું. પણ આજ રવિવાર હતો એટલે બહારથી જોઇને અમે આગળ ફરવા ચાલ્યા .. જેવો પ્રદેશ મઝાનો હતો, તેવીજ અમારી વાતો પણ રસભરી ને મહત્ત્વના વિષયોની હતી, પણ એને આમાં સ્થાન આપવાનું

શક્ય નથી; કદાચિત્ યોગ્ય પણ ન હોય.

બપોરે જમી, અજાણ્યને આરામ લઇ, ત્રણ રહાડા ત્રણે બહાર નીકળ્યા. અને સ્વાભાવિક રીતે અમારી પ્રેરણા અમને એવનને તીરે ખેંચી ગઇ. પણ ઓહો, ત્યાંનાં દશ્યો જોઇ, "અંહીં વહેલા કેમ ન આવ્યા" એટલોજ પસ્તાવો થયો. નદી તીરે એક પાસ "એન્ડરટેન્ડ" ને નાનો બાગ છે. પાસે જ શેક્સપીઅર સ્મારકભવન—જેમાં રાત્રે નાટક મંડળીમાં અનેક જાતના આનંદ ભોગવી રહ્યાં હતાં. અગણિત નાદો, જુદા જુદા આકારનાં, જુદા જુદા કદનાં, જુદાં જુદાં બેસનારાંને લઇને, નદીના શાંત વક્ષઃસ્થળ ઉપર વિહાર કરી રહ્યાં હતાં. મોટે ભાગે નાવમાં યુગ્મજ હતાં, પછી તેમાં બે જણા હોય, કે બે જણીઓ હોય, કે વધારે સાધારણ રીતે બે જણાં હોય. છતાં છુટાં છવાયાં એકાદ માણસ પણ હોડી ફેરવતાં હતાં.



એવનને તીરે.

જોયું હતું તે છે. ઉભય તીર ઉપર તેમજ નદીના ઉત્સંગમાં સેંકડો માણુસો, જાતજાતનાં વસ્ત્રોમાં, જાત જાતની રીતે, આનંદ કરતાં હતાં. હીંદી ને અંગ્રેજી (કે યુરોપીય?) રુઢિના તફાવત તરત જણાયા. સ્ત્રીઓ વિના અહીં કે ઉત્સવ કે સંમેલન થઇ શકેજ નહીં; અને પુષ્કળ સ્ત્રી પુરુષોનાં હૃદય એવન-નદીએ આકર્ષેલાં તે સૌ એકલાં કે પોતાની મોટી મંડળીઓ પણ હતી; કેટલેક ઠેકાણે બે ત્રણ નાવ સાથે જોડીને ચાલતાં હતાં. નાવમાં પણ કેટલો આનંદ? કોઇ નાવને પુરુષ ચલાવે, ને સ્ત્રી સુકાન પકડે, અથવા બેસી રહે, તો કોઇ નાવને સ્ત્રી ચલાવે. સ્ત્રીઓ પણ કુશળતાથી આ આનંદભરી કસરત—આ કસરતી વિહાર કરતી હતી. કેટલાકમાં તો ગ્રેમો-

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૦૬]

વિષ્ણુશર્મા કહેવા લાગ્યા.—

એક ઉપયોગી વિનાશ

(પંચતંત્રને આધારે).

લેખક:

રા. મુનિકુમાર મણિશંકર ભટ્ટ

ચિત્રકાર:

રા. કલાનિધિ.

વિષ્ણુશર્મા—શાસ્ત્રોના કેવલ વાચનથીજ નહીં કિંતુ શાસ્ત્રોના ભોજનથી પણ શાસ્ત્રી બનીને અનર્થો અટકાવી શકાય છે; જેમ ગર્ભોદર નામના મૂષકે 'કુંડુ આખ્યાન' વીશે કર્યું હતું તેમ.

રાજપુત્રોએ પુછયું કે એ કથા શી રીતે છે ત્યારે વિષ્ણુશર્મા કહેવા લાગ્યા:—

ગોદાવરીના દક્ષિણતટ પાસે એક બુદ્ધિધન નામે કુંભકાર રહેતો હતો; જો કે ધનમાં તો તેને માત્ર ચર્ચાશીલ નામે ગર્દભજ હતો. માટીનો ભાર વહન કરતાં કરતાં કે નીલા દર્ભનું ભક્ષણ કરતાં કરતાં તે સાહિત્ય, શાસ્ત્ર, વેદ પુરાણ વગેરે આધ્યાત્મિક વિષયોનાં ચિંતન કર્યાજ કરતો. પરિણામે ગર્દભજાતિમાં તે કુલતિલક સમો મહામહોપાધ્યાય, વેદવિદ, શાસ્ત્રી બની ગયો. કહ્યું છે કે નીચ કોટિના પણ કોઇ જો શાસ્ત્રનું અધ્યયન કરે તો તે પરમ પદવી પ્રાપ્ત કરી પોતાના મોક્ષને મેળવનારો થાય છે.

એ પ્રમાણે કાલ નિર્ગમન કરતાં એક દિવસ તેને સૂક્ષ્મકાય છતાં તીક્ષ્ણદંત એવા પત્રભુક્ નામે એક મૂષકની ઓળખાણ થઇ; અને સાતપદમાં મૈત્રી સાધનાર સજ્જનો પ્રમાણે આ બેની મૈત્રી માત્ર એકના ત્રણ અને બીજાનાં તેત્રીસ પદમાંજ થઇ ગઇ. પછી કાવ્યશાસ્ત્ર વિનોદથી ધીમતોનો સમય જાય છે અને વ્યસનોથી મૂર્ખોનો સમય જાય છે તે પ્રમાણે એકમેક માટેના મનમાં વૃદ્ધિ થતાં થતાં દિનના પરાર્ધની છાયા માફક તેમની મૈત્રી વધવા લાગી.

એક વેળા દૈવયોગે એવું બન્યું કે માટી ઉચકવા માટે ચર્ચાશીલને બુદ્ધિમાન જોડે વીખવાદ થયો. એ વીખવાદની વાત જ્યારે ગર્દભે તેના મિત્રને કરી ત્યારે મૂષકે તેની

ધણીજ નિર્ભત્સના કરી કહ્યું કે સ્વાધિકારમાં પ્રમાદ કરવાથી મહાપુરુષોનો મહિમા અસ્ત પામે છે ઇત્યાદિ...... આ પ્રમાણેનાં વચનોથી હીનતેજ થએલો ગર્દભ દીન મુદ્રાથી મૂષકને એ વીશેના વિચારો, સર્પ જેમ કાંચળીને તજે તેમ તજી દેવા ઘટે. પરંતુ વેદના થતાં મારું આત્મભાન ચાલ્યું જઇને કેવળ વેદનાભાન શેષ રહીને મારી અધોગતિ થાય

મારા પ્રવાસ માર્ગમાં અટકી જાઉં ત્યારે—

કહેવા લાગ્યોઃ હે! શાસ્ત્રજ્ઞ બંધો! વિસ્તારનું પ્રયોજન નથી અને સુજ્ઞને વિશેષથી શું? કિંતુ મારો સ્વામી બુદ્ધિધન શાસ્ત્રોથી પરાંઙ-મુખ થએલો હોઇને જ્યારે અગમનિગમના કૂટ પ્રશ્નોનાં નિરાકરણ શોધવા માટે મારા પ્રવાસ માર્ગમાં અટકી જાઉં, ત્યારે હું ચિંતનમગ્ન છું એમ જાણવાને બદલે હું સુસ્ત પણાથીજ અટક્યો હોઇશ એવો કુતર્ક કરીને પોતાના ડફેણાં નામના શસ્ત્રથી મારા ભય નામના દુર્ગુણને તે ઉત્તેજિત કરે છે. શરીર કરતાં આત્માના ગૌરવમાં વધારે શ્રદ્ધા રાખવાવાળો હું ગમે તેટલો નિદિધ્યાસન પરાયણ રહેવા ઇચ્છું છતાં ડફેણાસ્ત્રના મારથી ઉત્પન્ન થએલી વેદનાથી વ્યાકુલ એવા મને નિરુપાયે ચિંતનનો ભાર છોડીને માટીનો ભાર વહન કરવાની ફરજ પડે છે. કેવળ એટલુંજ નહીં. પરંતુ આત્મા શરીર કરતાં મોટો છે અને મુમુક્ષોએ આત્માનોજ વિચાર કરવો ઘટે અને શરીર કે શરીરની લાલસા-

છે તે મારાથી જરાએ સહન થતું નથી.

તિરસ્કારયુક્ત હાસ્ય ઉત્પન્ન થવાથી ફરકતી મુછો સાથે મૂષકે કહ્યું કે શાસ્ત્રનું અધ્યયન કેવળ શાસ્ત્રોના આહારથીજ થઇ શકે છે, મારેજ બ્રાહ્મણો કદી શાસ્ત્રો વાંચતા નથી તેમજ અનેક વખત શાસ્ત્રો વાંચવા છતાં પણ વણિક કદી શાસ્ત્રી બની શકતો નથી. વળી આ વિષય ઉપર પાંડિત્યથી વધારે વિવેચન કરતાં મૂષકે કહ્યું કે શાસ્ત્રોનું પરમ અધ્યયન તો મારા વડના ગર્ભોદરેજ કરેલું છે; જે વંશપરંપરા અમારા કુલમાં ઉતરી આવ્યું છે. એ અધ્યયનને પરિણામે કંકુ આખ્યાન નામના મહત્ત્વના શાસ્ત્રમાંથી કેટલોક રહસ્યમય ભાગ ઉડી ગયો છે તે આજ સુધી અમારા કુલ શીવાય બીજાને લભ્ય થયો નથી. વળી ઉમેર્યું કે એ પાંડિત્ય કે વિચાર, મનન, ચિંતન કે નિદિધ્યાસનથી નહીં કિંતુ ભોજનથીજ પ્રાપ્ત થએલું છે.

ચર્ચાશીલે ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો કે એ કથા

કેવી રીતે? ત્યારે પત્રભુકે કહેવા માંડ્યું:—

કોઇએક તપોવનમાં એક કુટિર બાંધી એક બ્રાહ્મણ શાસ્ત્રોનું અધ્યયન કરતો હતો. તેના મસ્તક ઉપર થતા ઘૃતના મર્દનથી તીવ્ર થએલા જીહ્વાના લૌલ્યને પરિતૃપ્ત કરવા માટે મારા વડવા ગર્ભોદર એ કુટિરમાં કોઇવાર જતા હતા. પરંતુ એ મસ્તિકમાં છુપાવેલ જ્ઞાનના ભંડારને સુરક્ષિત રાખવા આકુલ એવા તે બ્રાહ્મણ પાસે તેમને કદાપિ વિજય મળતો નહીં. પરંતુ યત્ન કરવાથી પણ જો સિદ્ધિ મળે નહીં તો કોનો દોષ? આ મહત્ત્વના પ્રશ્નને નજર સમક્ષ રાખી નિરાશ થવાને બદલે તે બ્રાહ્મણના પુસ્તકોમાં પ્રવેશ કરી તે કવચિત તેનો આહાર કરતા હતા.

આવી તે વીશે શ્લોકો આવતા હતા.

વચ્ચેજ ગર્દભે પુછ્યું કે ભગવન્ આપની જ્ઞાતિમાં આપ જેવા જ્ઞાની છો તેવોજ હું પણ મારી જ્ઞાતિમાં પ્રશસ્ત પંડિત છું. આપ "કંડુ આખ્યાન" ને શાસ્ત્ર કહો છો પરંતુ તેમાં તો આપના કહેવા પ્રમાણે સ્ત્રી પુરુષના સંબંધ વીશે શ્લોકો છે, અમારી માન્યતા પ્રમાણે એ પ્રકારનાં લખાણો અશ્લીલ, શિષ્ટાચાર વિરૂદ્ધ, અસભ્ય અને નિંદ્ય છે એવી વાતો જેમાં આવે તેને શાસ્ત્ર કહેવાયજ કેમ? અમે માનીએ છીએ કે જે કૃત્યો કરતાં પુરુષો લાજતા નથી તે વીશે વાત કરતાં ખંચાવું તેમાંજ નરજાતિનું ભૂષણ રહેલું છે.

ક્રુદ્ધ મુદ્રાથી મૂષક આનો ઉત્તર આપ્યો

બ્રાહ્મણ "કંડુ આખ્યાન." નામે શાસ્ત્ર વાંચી રહ્યો હતો.

એ પ્રમાણે દિવસો જતાં, એક વેળા મારા વડવા અધ્યયન કરતા બ્રાહ્મણના પાઠનું શ્રવણ કરવા લાગ્યા. શાસ્ત્રોના આહારથી કુંથના અગ્ર સમી બુદ્ધિ થએલ હોઇને બ્રાહ્મણ "કંડુ આખ્યાન" નામે શાસ્ત્ર વાંચી રહ્યો હતો અને તેમાં કોઇ મેઘ સ્વરૂપિણી યુવતી કંડુ પાસે ...

કે હે રજકગૃહભૂષણ! તું પોતે રાસભ હોઇને તારા જ્ઞાન વીશેના વિવરણની આવશ્યકતા નથી. તને તો એટલાથીજ સંતોષ થવો ઘટે કે ત્વત્સદૃશ પુરુષો જગતમાં પાકે છે અને તારા જેવાજ

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૦૫]

વસંત લીલા

લેખક:

રા. બાલકૃષ્ણ લક્ષ્મીદાસ શાહ.

પદ-રાગ વસંત

પિયુષ ઝરની, પરભૃત બોલત, દોલત વામ ઉરજ વધુ જનકો,
પિયુ પિયુ બોલત, દયિતા દોલત, મન્મથ મંથત, માનિની મનકો;
આભિરકની, કમનીય હસતરી, નૂતન રાગ ભરી, નિજ તનકો,
અંતર વેપત, સ્વેદત તનુલત, વિકસીત નૈન, નિહાર મદનકો.
રત્ન શીલાતટ, બૈઠે મોહન, પ્રેમ પ્રલાપત, મુરલી સ્વનકો,
ચિત્રરથ ગોવર્ધન કુંજમેં, કુજત કોકિલ, મારભવનકો;
દંપતિ દ્વિગુણી, ભયે રાગાન્વિત, કુસુમાકર આકર મેઘનકો,
બાલ પ્રિતમ ખેલત, બડભાગી, નવલનેહ ભયો, વ્રજ જનકો.

હું મોડો કેમ જન્મ્યો ?

(એક ગૃહસ્થની સૂચના પરથી)

લેખક:
સૌ. બ્હેન લીલાવતી
સભ્ય, સાહિત્ય સંસદ.
ચિત્રકાર:
-રા. ગોરક્ષકર

હું એક મહા પુરુષ છું પણ ગુણ વગરના ગુજરાતમાં જન્મીને હું એક પુરુષજ છું એમ બધાં માને છે. ગુજરાતમાં ગુણપૂજાજ નથી. નહીં તો મારા જેવા રસિક અને કવિ, ભાષાશાસ્ત્રી અને શાસ્ત્રજ્ઞ, લેખક અને નાટ્યકારની આવી ગણના કેમ થાય?

પણ એમાં વાંક લોકોનો નથી પણ પેલા ભુલકણા પરમેશ્વરનો છે કે એણે મને મોડો જન્માવ્યો. મારાથી ઓછી અક્કલનાઓને એણે પહેલાં જન્માવી દઇને તેમની પસે બધુંજ કરાવી દીધું. કદાચ મારી અપૂર્વ શક્તિઓ જોઇને હું શુંનું શું કરી નાખીશ એની પણ એને બીક લાગી હોય! ગમે તેમ, પણ મને તો અન્યાય થયોજ.

મારી શક્તિઓનું સામર્થ્ય જોઇ જોઇને હું 'શું શું કરી નાખું' એવું કૈં કૈં મારા અંતરમાં થઇ જાય છે. 'અરે ઓ બહેરા પરમેશ્વર! જરા મારી વાત સાંભળ. તને આવું તે શું સુઝયું કે મને આમ મોડો જન્માવ્યો ?

મને જો વેદકાળમાં જન્માવ્યો હોત તો રચાયા છે તેથીએ ઉત્તમ વેદો હું રચી નાખત. એ વખતના ઋષિઓ કરતાં મારી આર્ષદૃષ્ટિ વધારે છે. વેદો જો મેં રચ્યાં હોત તો એમાં ભુલો કાઢનારા કે શંકા કરનારા પેદા થાતજ નહીં. મારી દિવ્ય દ્રષ્ટિને પ્રતાપે એ સર્વ પ્રશ્નોના નિર્ણય હું પહેલેથીજ કરી મુકત. પણ તને સર્જન કરતી વખતે વિચાર કરવાની ફુરસદ હોય ત્યારેને?

પણ રામાયણ ને મહાભારત વખતે પણ તને યાદ ન રહ્યું. મારે બદલે તેં વ્યાસ ને વાલ્મિકીને જન્માવ્યા. હું એ ગ્રંથો લખત તો આવા લખત? કોણ જાણે કેમ કરીને એ ગ્રંથો અમર થયા! વખતે એ ગ્રંથો સારા હશે. ધારો કે છે. તોપણ હું લખને તો સોનામાં સુગંધ ભળતે કેની?

પણ પેલા ચાણાક્ય જેવા ભીખારીને જન્માવતાં તો મને યાદ કરવો હતો? એનું અર્થશાસ્ત્ર તો આજ કોઇ વાંચતુંએ નથી. પણ હું—જો મેં એ લખ્યું હોત તો? હીંદુસ્તાનને આજે રાજ્યનીતિ શીખવા આમ પરદેશીઓ આગળ માથાં ન ઝુકાવવાં પડત.

પણ આ બધું તો હું ન ગણકારતે, જો મને પેલા કાલિદાસની પહેલાં જન્માવ્યો હોત તો? શું શાકુન્તલ લખતાં એને એકલાનેજ

આવડતું'તું? એણે લખ્યું, ઠીક લખ્યું; અરે બહુ સારું લખ્યું. પણ શું હું એનાથી સારું લખું એવો નહોતો? એ તારો માનીતો ને હું શું અણમાનીતો? શા સારુ ત્યારે એવો પક્ષપાત કર્યો? એને યાવચ્ચંદ્રદિવાકરૌ કીર્તિ અપાવી ને મેં—મેં શું ગુનેહગારી કીધી?

પણ ધાર કે એ તો બહુ લાડકો છોકરો; પણ પેલા બાણ ને ભવભૂતિ જન્મ્યા ત્યારે તું ક્યાં ઉંઘી ગયો હતો? પરમેશ્વર! તારા રાજ્યમાં તો અંધેર ચાલે છે અંધેર. તારી દુનીઆમાં તું રોજ પાપીને સુખ ને સતીઆને દુઃખ આપે છે તો મારા જેવા ગરીબ માણસનું તને શાનું લાગે? હું કેં પાપ કરીને તારે મંદિરે પાપ ધોવાનો ઢોંગ કરવા આવું છું?

પછી જાણે વર્ષોનાં વર્ષો તું ઉંઘીજ ગયો. મને આશાએ આવી કે હવે તો મારોજ વારો આવવાનો ને વધારે વખત જાય તેમ પેલા બધા વીસારે પડશે એટલે મારી શક્તિઓને તક પણ સારી મળશે. પણ તું કોઈનો થયો છે કે મારો થાય! એક દહાડો આંખ ઉઘાડીને મીંચાય એટલામાં તો પેલા જગન્નાથભાઇ જન્મી પડ્યા. ત્રાહિ દીનાનાથ! અને હું? મારું શું?

પણ એમણે રહી રહીને શું ધાડ મારી! પ્રેમને નામે પેલા મ્લેચ્છ બાદશાહની (જેનું નામસ્મરણ પણ કર્ણને અપવિત્ર કરે એવાની) છોકરી પરણી આવ્યા ને આર્યધર્મને અભડાવી

માર્યો. ને લખ્યું ત્યારે શું? પેલો કચરા જેવો રસ ગંગાધર ને ગંગાલહરી. કહે છે કે એથી ગંગા નદીઆવીને એમને પાવન કરી ગઇ. હું હોત તો સાક્ષાત્ સાગરદેવ આવતે. પાદશાહની આખી સલ્તનત તેમ કરતાં ડુબી જતે તોએ શું?

પેલા જયદેવે એક ગીતગોવિંદ રચ્યું. ને તે સીધો અપૂર્વતાના આસન પર ચઢી ગયો. એણે તારા અવતારરુપ મનાતા પેલા કૃષ્ણની લીલા ગાઇ ખુશામત કીધી તેમાં? એમાં એણે નવું શું સરજાવ્યું? જેને ઘેર બૈરી હોય તે સૌને એ ખબર હોય કે શૃંગારનાં તોફાન કેમ થાય છે. એણે એવા નફટ થઇને કૃષ્ણને નામે જોડકણાં જોડ્યાં તેમાં જાણે રાજ લીધું. જોડકણાં તો હું એથીએ સરસ જોડતે.

તારે જો મને ગુજરાતમાંજ જન્મ આપવો હતો તો તેમાંએ મને વહેલોજ કેમ નહીં આપ્યો? નરસિંહ કરતાં મેં સારાં ગીતો રચ્યાં હોત ને મીરાં કરતાં હું વધારે દરસાદાર થતે ને ચમત્કાર બતાવતે. પ્રેમાનંદમાં તો છેજ શું! દયારામ મને ગમે ખરો. પણ જેનું નામ તું, જેણે સદાએ મને અન્યાય આપવાની પ્રતિજ્ઞાજ લીધી છે તેને કોઇ દિવસ સુઝે ખરું?

ઓ લક્ષ્મીમાતા! પગચંપી કરતે કરતે કોઇ દિવસ તમારે તો મારે માટે બે અક્ષર એ તમારા ભુલકણા સ્વામીને કહેવા હતા! હું તમારો તો દાસાનુદાસ છું, છોરુ છું, જે કહો તે છું. મારા ગરીબનું કામ થતે ને હું તમારો યશ દુનીઆભરમાં વીસ્તારતે.

હાય હાય, હવે તો મને રડવું આવે છે. મારી છાતીમાં કૈં કૈં થઇ જાય છે. પેલા ગોવર્ધનરામનો જન્મ સંભારતાં તો મારું કાળજું કહ્યું નથી કરતું. એણે ઝપાઝપ સરસ્વતીચંદ્ર લખી કાઢ્યો. ને તેમાં સમાજ, ધર્મ, રાજ્ય ને સંસાર બધાએ પ્રશ્નો ચર્ચી નાખ્યા. હવે હું જન્મ્યો તોએ શું કરું?

ને તે પછી તો જાણે કવિઓ અને લેખકોનો રાફડોજ ફાટ્યો. તેમાં પેલા દલપતરામના દીકરાએ તો ગુજરાતના સર્વશ્રેષ્ઠ કવિવરની પદવિ પહેલેથેજ પચાવી પાડી. રખેને રહી જવાય! કોયલડી ને અલબેલડી ને હૃદયેલડીનો પ્રાસ બેસાડવાની એમણે નવી રીત શોધી કાઢી ને આઠમી વિભક્તિમાં "સુણજો ઓ પુરના લોક" ને "જાગજો ઓ જગના લોક' એમ સંબોધનો કર્યાં એટલે લોકોએ કહ્યું કે આવું સુંદર અપદ્યાગદ્ય કદી રચાયું

અરે ઓ બહેરા પરમેશ્વર! જરા મારી વાત સાંભળ.

નથી. શું આટલું કરવાને એ હું નાલાયક હતો? પ્રોમેથીઅસની માફક મનેએ હવે તો બળવો કરવાનું મન થઇ જાય છે.

પણ હવે એટલા બધા જણ પાકયા છે કે દરેક જણ એમના અક્કલ વિનાના ભેજામાંથી એકજ અક્કલવાળો વિચાર કાઢે તો—પણ બધાજ નવા વિચારો દુનીઆમાં કહેવાઇ જાય, મારે ભાગે બાકી કૈં નહીં રહે તો હું કરીશ શું? ઓ ભાઇ સાહેબો! દુનીઆ કૈં તમારા એકલાનીજ નથી તે તમે આમ પચાવી પડો છો. મારે માટે કૈં કહેવાનું બાકી નહીં રાખશો તો હું ભૂત થઇને તમને બધાંને વળગીશ.

એક ભરુચનો ભાર્ગવ બ્રાહ્મણ તે તો સૃષ્ટિ હજુ એના દાદા પરશુરામનીજ હોય એમ એને જોઇએ તેવા નવા વિચારો કાઢયાજ કરે છે ને મારે માટે કૈંક તો કહેવા જેવું, રાખવું જોઇએ એટલો માનવ ધર્મ પણ વીસરી જાય છે. આખો લાડવો એકલાએ ખવાતો હશે? પણ એ બ્રાહ્મણભાઇને કોની પરવા હોય?

ને એક પેલા રવીંદ્રનાથનો પવન તો બંગાળમાંથી આવ્યાંજ કરે છે. એની વાર્તા ને વિચારો તો જાણે હવામાં મગતરાં ઉડે તેમ આખો દહાડો મારા કાનમાં ગણગણ્યાજ કરે છે. મારું ચાલે તો દુનીઆ એકદમ નસાક્ષરી કરી દઉં.

આજકાલ આવેલા પેલા ગાંધી મહાત્મા એ પણ નવી શૈલી ઉપજાવવાનો તાજ પહેરી ગયા. મને જો એમની જગાએ જન્માવ્યો હતે તો એમના 'કર્મેજ છુટકા'ની 'ધગશ' કરતાં હું વધારે 'ધગશ' પ્રગટાવતે. ને મારી ભાષામાંથી તો એવી જ્વાલા નીકળતે કે અંગ્રેજ સરકાર બળીને ભસ્મ થતે.

પણ હવે હું એ પરમેશ્વરની પ્રાર્થના કરવાનો નથી. હજારો વર્ષોથી મેં એને વીનંતીઓ કીધી, અરજીઓ કીધી, ખોળા પાથર્યા પણ એણે મારો વારો નજ આણ્યો તે નજ આણ્યો. મારી શકિતઓ અગાધ છે; અને હું કોઇ પણ યોગ્ય સ્થાને જન્મ્યો હોત તો મેં એ સ્થાનને અધિક સુંદર રીતે દીપાવ્યું હોત. હું શંકરાચાર્ય થયો હોત તો માત્ર ભૂચર પ્રાણીઓમાંજ નહીં પણ ખેચર અને જળચર પ્રાણીઓને પણ મારું તત્વજ્ઞાન સમજાવતે. હું મંડનમિશ્ર થયો હોત તો શંકરાચાર્ય મને હરાવવાને કદી સમર્થ થતેજ નહીં. પણ મેં એવા પથ્થરા જેવા ભારે વિષયમાં તો મન ઘાલ્યુંજ નહીં. મેં એક માગી માગીને માગ્યું સાહિત્યક્ષેત્રના અધિષ્ઠાતા થવાનું. અને તે એ પૃથ્વીના એક નાનકડા ખુણા ભરતખંડમાંજ. એથીએ નાનું ગુજરાત ક્ષેત્ર મળતે તોએ હું સંતોષ માનતે (મને પેલા મ્લેચ્છ દેશો તો કયારનોએ આગ્રહ એમને ત્યાં જન્મવાનો કરતા હતા. પણ મેં તો મારી ટેક ન જવા દીધી). પણ એ પરમેશ્વર જેનું નામ, તેણે મને છેવટ સુધી રખડાવ્યો. ને જ્યારે જન્માવ્યો ત્યારે એટલા બધા જણ પાકેલા હતા ને એટલું બધું નવું, નવી રીતે ને નવાઇથી કહેવાઇ ગયું હતું કે મારે ભાગે કૈં બાકી રહેજ નહીં. હું એક વિચાર કરું તે પહેલાં તો કોઇ છીંકી પડેજ ને કોણ જાણે કયાંથી હું કહેવાનો હોઉં તેજ પહેલેથી કહી દે. જરા ધીરે, બાપુ ધીરે. આટલી બધી ઉતાવળ શી? તમને બધાને મારી બીક લાગે છે તેમાંજ આટલી ઉતાવળ કરો છો. મને જરા વખત આપો પછી જુઓ કે હું કૈં અદ્ભુત અને અપૂર્વ કહી જાઉં છું કે નહીં?

અરે ભલા પરમેશ્વર! મને બધીજ વખત તેં મોડો જન્માવ્યો, હત્યારી!

મોહનમાયા

(હાસ્યરસપ્રધાન ત્રિઅંકી નાટક)



લેખક:

અધ્યાપક ખુશાલ તલકશી શાહ

સભ્ય, સાહિત્યસંસદ

ચિત્રકાર:

રા. શિવરાવ સજીપ,

એ. એમ.

મુખ્ય પાત્રો

પુરુષવર્ગ

અંબાલાલ શેઠ... ... અમદાવાદમાં રહેતા મુંબાઇના એક ગાંધીઘેલછામાં ગરકાવ થએલા વિધુર ધનાઢ્ય.

નરોત્તમદાસ ... ... અંબાલાલ શેઠનો જમાઇ, મધુરીનો વર.

સારાભાઇ ... ... અંબાલાલ શેઠનો તદ્દન યુરોપીઅન થઇ ગએલો પુત્ર.

મોહનદાસ ... ... નરોત્તમદાસનો બાલમિત્ર.

જીવરાજ ... ... અમદાવાદના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ, નરોત્તમનો સહાધ્યાસી.

સરદાર હીરાસિંહ ... પંજાબનો એક અગ્રેસર તાલુકદાર.

શીવાય નાનાલાલ કવિ, રવીંદ્રનાથ ટાગોર, સી. એફ. એંડ્રૂઝ, મોહનદાસ ગાંધી. અનુપરાય ભોમીઓ.

સ્ત્રીવર્ગ

માયાવતી... ... ... અંબાલાલશેઠની બહેન-કવિકલાઘેલી ભામિની.

મધુરી ... ... અંબાલાલશેઠની મોટી દીકરી, નરોત્તમની પત્ની.

પુષ્પા ... ... તેની નાની બહેન.

નોકર, ચાકર ઇત્યાદિ.

આગલા પ્રવેશોનો ટૂંક સાર

ગાંધીભક્ત શેઠ અંબાલાલના બંગલામાં અનુ ભોમીઓ પ્રેક્ષકોને ગાંધીજી, ટાગોર અને કવિ નાનાલાલની પ્રતિમાઓ સંબંધી વિગત જણાવી રહ્યો છે. તેટલામાં શેઠનો પુત્ર સારાભાઈ જે પારીસમાં ઝવેરીની પેઢીમાં મેનેજર તરીકે કામ કરે છે તે આવી પહોંચે છે, અને પોતાની નાની બહેન પુષ્પા સાથે વાતો કરી પિતાની પોતાના તરફ કેવી વૃત્તિ છે તે જાણવા પ્રયાસ કરે છે, અને મધુરી અને નરોત્તમના જીવનકલહની વાતચીત કરી પોતાની મહત્તાનાં બણગાં ફુંકી, ગુપ્ત રહેવા ત્યાંથી ચાલ્યો જાય છે. અંબાલાલ પુષ્પા સાથે પ્રેક્ષકોના પોતાના તરફના સારા નરસા વિચારો માટે વાતચીત કરે છે ત્યાં પ્રેક્ષકોથી કંટાળેલી માયાવતી ખીજવાએલી આવે છે. વચમાં પ્રેક્ષકો આવતાં પુષ્પા ગભરાઈને ચાલી જાય છે, અને પાછળથી નરોત્તમ પણ ઉશ્કેરાઈને આવે છે અને માયાવતી અને નરોત્તમ બંને અંબાલાલ સાથે પ્રદર્શનથી થતા પ્રેક્ષકોના કંટાળા બાબત રસભરી ચર્ચા કરે છે; છતાં અંબાલાલ પોતાની ઉદારતાનો ડોળ છોડતો નથી, એટલામાં જીવરાજ વૈદ્ય આવે છે. જીવરાજની રૂબરૂમાં નરોત્તમ અંબાલાલ તથા માયાવતીની પ્રણાલિઓને પ્રબળ રીતે દાંભિક ઠેરવે છે અને જીવરાજ સહિત ચાલ્યો જાય છે. એટલામાં ગાંધીજી તથા રવિબાબુનો વિરોધી હીરાસિંહ આવતાં તેમની વચ્ચે કેટલોક વાદવિવાદ થતાં અંતે તે ખીજાઈને ચાલ્યો જાય છે. પુષ્પા ને મધુરી હાસ્ય-વિનોદ કરતાં હોય છે ત્યાં નરોત્તમ આવે છે, પુષ્પા જાય છે અને નરોત્તમ મધુરીને પરસ્પરની પ્રણયગ્રંથિ દૃઢ કરવા સમજાવે છે, પણ વિચારની વિરુદ્ધતા પડતાં મધુરી નરોત્તમને તિરસ્કારી પુષ્પા સાથે ફરવા ચાલી જાય છે, એટલામાં નરોત્તમનો જુનો મિત્ર મોહન વિશ્વની યાત્રા કરતો આવી તેને મળે છે એની વાતચીતમાં નરોત્તમ તેને પોતાની જીવનની વાત કહેવા માંડે છે. તેમાં મધુરી તથા ટાગોર સંબંધી કેટલીક વાતચીત ચાલે છે. એટલામાં ટાગોરનો પત્ર તથા ફોટો આવતાં નરોત્તમ ખીજાય છે. છેવટે મોહનની ખુબીથી બંને મધુરીને વશ કરવાની માર્મિક પેરવી રચે છે. અંબાલાલ સહકુટુંબ બહારથી ફરીને આવે છે. અને ઢોંગ કરી સુતેલો નરોત્તમ આળસ મરડી બેઠો થાય છે. તે અરસામાં ટાગોરરૂપે મોહનની અચાનક પધરામણી થાય છે. ટાગોર—મોહનની આર્ય અને આંગ્લમિશ્રિત પદ્ધતિએ આગતાસ્વગતા શરૂ થાય છે. નરોત્તમ પણ તેમાં ભાગ લે છે. જમણ પહેલાં નરોત્તમ અને ટાગોર—મોહન—પોતાના કીસ્સાને કેમ પાર પાડવો તે સંબંધે ચર્ચા કરે છે ત્યાં પુષ્પા આવી નરોત્તમને આરોગ્ય ભુવનમાં કૈં રહી જતી ખામીઓ શોધવાનું કહે છે. નરોત્તમ જોવા જાય છે. પુષ્પા અને ટાગોર—મોહન—એકલાં પડતાં સૌંદર્ય કોને કહેવું, કેમ પારખવું વગેરે વાતચીત કરે છે. તેવામાં પુષ્પાનાં ફોઈ—માયાવતી આવે છે અને પુષ્પા ભોજનખંડમાં જાય છે. ટાગોર—મોહન—માયાવતી અને નરોત્તમ વગેરે વચ્ચે સૌંદર્ય વીશે વધુ ચર્ચા ચાલે છે. થોડીવારમાં સર્વે ભોજનગૃહમાં જમવા બેસે છે. જમતાં જમતાં લલિત કલા ઉપર ચર્ચા ચાલે છે, જમણ પુરું કરી સર્વે આરામગૃહમાં મુખવાસ લેવા બેસે છે. અહીં અસહકાર, રાષ્ટ્રીય શિક્ષણ અને પંચવિધ બહિષ્કારને લગતી સામાન્ય ચર્ચા ચાલે છે. અંબાલાલ શેઠ વાદવિવાદમાં નહીં પહોંચી શકવાથી કંટાળી બાગમાં ફરવા જાય છે. થોડી વારે સંગીતનો જલસો શરુ થાય છે. સંગીતના વાતવરણથી ઉત્પન્ન થએલા મૌનથી માયાવતી કંટાળે છે અને તે તોડે છે. ત્યારબાદ કાવ્ય અને તેના અર્થ ઉપર ચર્ચા ચાલે છે. વળી પાછું સંગીત શરુ થાય છે. અંતે કૃતિની સ્વતંત્રતા ઉપર સંવાદ થતાં નરોત્તમ મોહન સાથે ગુસ્સે થઈ ચાલ્યો જાય છે અને સા સમય થતાં વીખરાય છે. બીજે દિવસે સવારમાં મોહન અને નરોત્તમ મળે છે. અને હવે બાજી કેમ પાર પાડવી તે વીશે વિચાર કરે છે. નરોત્તમના સસરા ઉપર બરોબ હુમલો કરવા મોહનને શીખામણ આપી નરોત્તમ ચાલ્યો જાય છે ત્યાં પુષ્પા આવે છે અને પુષ્પા તથ મોહન વચ્ચે સ્ત્રી પુરુષના સંબંધ છે અને પ્રજોત્પત્તિ વીશે સંવાદ થાય છે. મોહનના કૈં પ્રણયાવેશભર્યા વાક્યોથી પુષ્પા ક્રોધિત થઈ ચાલી જાય છે. ત્યાં નરોત્તમ આવે છે અને વળી પાછું ટાગોર—કામણ દૃ કરવા બધાજ યત્નો આરંભવા મોહનને ખુબ ઠોકી ઠોકીને કહે છે. નરોત્તમ મોહનને ટાગોર ચીરમ કુ

છે વગેરેનું અંબાલાલના કુટુંબને યથાસ્થિત ભાન કરાવી કંટાળો ઉપજાવવા કહે છે અને ચીલમ પણ આપે છે. મોહન આ પસંદ નથી કરતો અને તે ચીલમ ભાંગી નાખે છે. તે અરસામાં માયાવતી આવે છે અને મોહન તથા માયાવતી વચ્ચે ઉંઘમાં ઘોર વાગવા વીશે અનિષ્ટ સંવાદ શરૂ થાય છે. આખરે માયાવતી ચીઢાઇ ચાલી જાય છે, અને અંબાલાલ આવી લાગે છે. મોહન અંબાલાલ સાથે ગાંધી નીતિ વીશે ઉચ્છેદક ચર્ચા ચલાવે છે અને તે પણ ચીઢાઇ, બીજે દિવસે ગાંધીજીની હાજરીમાંજ વધુ ચર્ચા ચલાવવાનું નક્કી કરી છુટા પડે છે. ત્યાં મધુરી આવી લાગે છે અને મધુરી તથા મોહન વચ્ચે વાર્તાલાપ શરૂ થાય છે.

(હવે આગળ વાંચો)

મધુરી

કવિરાજ! આપનું કાવ્યકૌશલ્ય તો આગળ અનુભવ્યું હતું પણ વાક્ચાતુરી તો આજેજ પ્રત્યક્ષ કરી. અભિનંદન સ્વીકારશો કે? [અતિજ મનોહર—મધુર—લાગે છે.]

મોહન

[આ મોટી આફત છે. એમાંથી કેમ નીકળવું?] ઉપકાર, મધુ બહેન.

મધુરી

[મોહનના અવાજમાં એણે આશા રાખી હતી તેવી મૃદુતા નથી. તોપણ] મેં હમણાંજ પુનઃ આપની ગીતાંજલિ વાંચી.

નરોત્તમ

[મોહનને ચેતવવા.] કવિરાજ, મને ક્ષમા કરજો. રાજદ્વારી ચર્ચા ચાલતી હતી ત્યારે મને થોડી ઘણી પણ સમજ પડતી હતી. પણ કાવ્યકલાના વિષયમાં તો આપણું કૈં ન ચાલે. એટલે રુખસદ ચાહું છું. વૈદ્યરાજ ને સહાય કરવા પ્રયોગશાળામાં જરા જઇ આવું [જતાં જતાં તેને આંખનો ઇસારો કરી પુનઃ સાવધ રહેવાની ભલામણ કરે છે.]

નરોત્તમ

આટલી ચર્ચામાં ભાગ લેશો તો જરા પણ સમજતાં શીખશો, મોહનભાઇ [એને મધુરી સાથે એકલું નથી રહેવું એટલે નરોત્તમને ઇસારો કરી અહીં રહેવાની આજીજી કરે છે.]

નરોત્તમ

પણ કવિશ્વર! મને બંગાલીનો અભ્યાસ નથી, અને અંગ્રેજી કવિઓ પણ બ્રાઉનીંગના જમાના પછી કોઇ વાંચ્યાજ નથી એટલે...

મોહન

[ધૃષ્ટતાનો ડોળ] તમે બહુ ખોયું નથી, એટલું ચોક્કસ માનજો. શેલી પછી અંગ્રેજીમાં કોઇ કવિએ મારા જેવું લખાણ કર્યુંજ નથી!

મધુરી

ગીતાંજલિ તો ખરેખર અનન્ય છે. શો અદ્ભુત રસ, અપૂર્વભાવ, અનુપમ વિચાર!

નરોત્તમ

[કૃત્રિમ નરમાશથી] શેલી—કૃતિ પણ જગમાં ઠીક વિખ્યાતિ પામી છે.

મોહન

તે હશે. પણ જો શેલી કૃતિ તેના કર્તાને અમર બનાવવા માટીનાં પુતળાંરૂપ હોય, તો ટાગોરકૃતિ ટાગોરને અમર કરવા પંચધાતુનાં પુતળાં સમજવાં.

મધુરી

[આ અહંભાવની ગર્જના કૈંક અસંતોષકારક છે. પણ હજુ મૂળ મોહ મુકાતો નથી] આપ કદાચ આ ગર્વિત લાગતા શબ્દો મશ્કરીમાં કહેતા હશો, પણ મને તો તે રગેરગ સત્ય લાગે છે.

મોહન

[ધૃષ્ટ શિરોમણિ]. મારી પોતાની કથા કરતો હોઉં ત્યાં હું લેશ માત્ર મશ્કરી નથી કરતો.

નરોત્તમ

ત્યારે તો મને રુખસદ ચાહવાને એવડું કારણ થાય છે—કે રખેને મારાથી અણજાણ્યો અવિનય થઇ જાય. [નમીને જાય છે.]

મોહન

તમારા સ્વામી-પતિદેવ કેંક [કપાળે આંગળી મુકી] બુદ્ધિબળમાં અધુરા લાગે છે. માણસને પોતાની કીંમત સમજાય તે સોક્રેટીસના સિદ્ધાંત મુજબ તત્ત્વજ્ઞાનનું પહેલું પગથીયું; અને નિઃશંક આપણી કીંમત આપણે જાતેજ જણાવીએ તે સત્યાવાદીપણાની શરુઆત; પણ સામાન્ય મૂર્ખલોક તેમાં અવિનય ... અહંભાવ સમજે છે. મને તો એ માત્ર ... સ્પષ્ટ ન્યાય લાગે છે કે આપણી કીંમત આપણે ન સમજીએ તો બીજું કોણ સમજે? ... જાણીએ તે જણાવીએ તેમાં અવિનય ?

મધુરી

[હજુ તેમાં દોષ જોઇ શકતી નથી.] એવી આત્મશ્રદ્ધા ક્ષુદ્ર જીવોને હોય તો પછી આપ સમ દેવાંશી જન સામાન્ય સમૂહથી જુદા કેમ પડે? પણ, કવિ મહાશય, એક વીનંતી કરું? આપની સર્વોત્તમ કૃત્તિ કઈ તેનુ આપ જાતેજ મને દર્શન કરાવશો?

મોહન

જુદી જુદી નજરે સૌ કોઇ ઉત્તમોત્તમ છે.

મધુરી

[હવે તો એને પણ આઘાત થવા લાગે છે] તોપણ ચડાઉતાર તો હોયજ. દાખલા તરીકે ગીતાંજલિ અને માશી કૈં એક સરખાં ગણાય?

મોહન

[ગીતાંજલિ વાંચી હશે તો વર્ષો પર, અને માશીનું તો નામજ આજ સાંભળ્યું. એટલે શું કહે?] કૃતિકારને મન સૌ સરખીજ મહેનતનાં પરિણામ. માતાને સંતતિ સૌ સમાન પ્યારી.

મધુરી

તે હું કહી નથી શકતિ. પણ કવિરાજ! મારી વીનંતી નહીં સ્વીકારો? મને આપની સર્વોત્તમકૃતિની પીછાન નહીં કરાવો?

મોહન

પહેલાં તમે કહો, જોઉં, તમને કયી સર્વોત્તમ લાગે છે. પછી મારો અભિપ્રાય કહીશ.

મધુરી

મને તો... રસમાં, ભાવમાં, વિચારમાં ગીતાંજલિ અનન્ય લાગે છે! જુઓ આ મેં ધૃષ્ટ બની અનુવાદ કર્યો તેનો નમુનો:

મેઘાચ્છાદિત વ્યોમચક્ર સહસા અંધાર વ્યાપી રહે,
તે વેળા કયમ એકલો સખિ મને રાખ્યો નિવાસાંગણે?
કર્તવ્યાધિન આખડું, દિન સહુ, જનસંઘ સાથે ફરું
અંધારી રજની વિશે, પ્રિય! તને એકાંત ઝંખ્યા કરું,
દાખે ના મુખચંદ્રને, તવ કરે સાન્નિધ્યથી વેગળો?
તો ગોડે કયમ, ઓ પ્રિયે! ભયભરી વર્ષા મહી એકલો.

મોહન

[ભભકામાં] એ લખાણ ઉત્તમોત્તમ, અનુવાદ ઠીક છે—પણ ગાવામાં ઘાણ વાળી નાંખ્યો.

મધુરી

[હતાશ] ઓ! ક્ષમા કરો કવિરાજ! અવિનય....

મોહન

એમાં અવિનય શો? મારી અપ્રતિમ કૃતિનો અનુવાદ જો પ્રત્યેક પદરચનાર કરી શકે તો પછી મારું કવિત્વ ક્યાં રહે? અનુવાદ



ગુજરાત] કવિરાજ ! આપ મહાપુરુષ છો ! [ચૈત્ર ૧૯૮૧

કરનારાઓ જો મુળ કવિના રસભાવ અનુવાદમાં તાદ્રસ્ય કરી શકતા હોય, તો કાલિદાસ ને ભવભૂતિ પછી મુળ કવિને સ્થાનજ ના રહેત!

મધુરી

[બહુજ મંદ સ્વરે] મને આશાજ નહોતી કે આપની કૃતિના અનુપમ રસભાવ હું મારા પામર અનુવાદમાં જણાવી શકું. પણ ગાવામાં!

મોહન

[એ પ્રહાર નાહક કર્યો તેનું ભાન થાય છે] ના, ગાવામાં ગાનારનો બહુ દોષ નહોતો. [મુરલી વગાડતો નરોત્તમ બાગમાંથી આવતો નજરે પડે છે, એટલે પુનઃ હૃષ્ટ થાય છે.] પણ જ્યાં સુધી ગાનાર કવિના ભાવ બરાબર સ્વરદ્વારા પ્રદર્શિત ન કરી શકે ત્યાં સુધી ખામી તો ખરી.

મધુરી

[પુરેપુરો આઘાત થયો છે] ફરી યાચના કરું છું, કવિરાજ! કે અપરાધ ક્ષમા કરો. અને મને આપની અત્યુત્તમ કૃતિનું આપ જાતેજ અભિજ્ઞાન કરાવો.

નરોત્તમ

[વળી કૈં બફાઇ ન જાય માટે] મને તો, કવિરાજ! આપની કૃતિની બહુ માહીતી નથી. પણ જેટલું વાંચ્યું છે તેટલા પરથી "માલી" માં આપેલાં કાવ્યો અનન્ય છે.

મોહન

[ફૂલે છે.] અરે, એનો સર્વોત્તમ ગ્રંથ છે. રસ, રાગ, ભાવની પરાકાષ્ઠા છે!!

મધુરી

પણ જગત્ સૌ તો ગીતાંજલિને ઉત્તમોત્તમ ગણે છે!

મોહન

આખા પુસ્તક તરીકે તો ગીતાંજલિજ અનન્ય છે; -પણ "માલી"ની વાર્તામાં-

નરોત્તમ

[તેને ચેતવવા] એ ગીત સંગ્રહમાં, કવિરાજ! વાર્તા હોય તો વ્યંગરુપે.

મોહન

[આ શું કાચું કપાય છે તે સમજતો નથી] એટલે?

નરોત્તમ

[મધુરી જરાક ઓછી ગમ જોય છે એટલામાં તેને આંખ મારી ચેતાવે છે.] અલબત, ગીતે ગીતે, તેમાં વાર્તા હશે, પણ એનું ખરું સૌંદર્ય તો ગીતરાગ અને રસભાવનુંજ કે નહીં?

મોહન

અવશ્ય. [મધુરીને આજ નરોત્તમની નવાજ રૂપમાં ઓળખાણ થવા લાગી છે; એટલે સ્તબ્ધજ બની ગઇ છે.]

નરોત્તમ

અને તેથીજ "માલી"માંની આ પંક્તિઓ મને અવર્ણનીય લાગે છે:—

આરાધું હું તને સ્નેહથી, કરજે ક્ષમા મુજ પ્રેમની.

પંખી ઉડે જેમ આભમાં, મુગ્ધે ફસાએ જાળમાં,
બંધી બન્યો તુજ પાશમાં, ઘેલો થયો તુજ આશમાં,
પકડી હૃદય મુજ, ક્રૂર, ને હીસની કર્યો પટ દૂર તે;
એ નગ્ન હૃદયને ઢાંક્જે, કરજે ક્ષમા મુજ પ્રેમને.

ચાહી શકે ના યદિ મને, કરજે ક્ષમા મુજ કષ્ટને
વાગે મને જે બાણશી કરતી ના દૃષ્ટિ કારમી,
છુપાઈ રહું એક ખુણમાં, છાનો રહું અંધેરામાં,
ઢાંકી દઈ બે કરવડે હતાશની મુજ શરમને;
તુજ હાસ્યથી વિમુખી રહે ભલે—કરજે ક્ષમા મુજ કષ્ટને!

કેવો પ્રેમ! કેવી ક્રૂરતા!

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૮૯]

સ્નેહવદનનો સ્નેહભાવ

લેખક:
રા. ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા,
સભ્ય, સાહિત્ય સંસદ.

ચિત્રકાર:
રા. દત્તાત્રેય,
એ. એમ.



મેં બારી બંધ કરી દીધી.

સ્નેહવદનની સાથે આપણે કેવી રીતે વર્તવું, તેના ગમે તેવા દોષ હોય તો તેના ઉપર કેવી રીતે ગુસ્સે થવું એજ મને આજે એમના આટલાં વર્ષના સંબંધ પછી પણ સમજાતું નથી. કોઇપણ બાબતમાં એમને એમ જણાય કે એમનાથી ભુલ થઇ ગઇ છે, એટલે, આપણે તેમને ઠપકો આપવાનો આરંભ કરીએ, આપણું બળતું ઉભરો ઠંડું કરવાના યત્ન કરીએ તે પહેલાં તો તે પોતે પોતાનો દોષ કબુલ કરી લે; એટલુંજ નહીં પણ આ દુનીઆમાં પોતે સૌથી મોટા ગધેડા છે એ હકીકતથી પોતે બરાબર વાકેફ છે એમ પણ બોલી દે. અને આ બધી ક્રિયા કરતી વખતે મોઢેથી હાસ્યનો ચાલુજ હોય! એમના દોઢડાહ્યાપણાને લીધે ઉપસ્થિત થએલી કંસુઅગેનો હું જ્યારે જ્યારે ભોગ થએલો છું ત્યારે ત્યારે મેં તેમના ઉપર ગુસ્સે થવાના ઘણા યત્ન કરેલા પણ દરેક વખતે હું નિષ્ફળજ નીવડેલો. એક નાનો પ્રસંગ હું અહીં નોંધુંછું.

એક દિવસ અચાનક મારે મુંબાઇ જવું પડયું. કોઇ પણ મિત્રને મારાથી ખબર અપાઇ નહીં. ટ્રેન મોડી હોવાથી રાતના સાડા દસે ગ્રાંટરોડ ઉતરીને, મારે મારા કયા મિત્રને મારા આતિથ્યનો-અણમુલો- લાભ આપવો એ વીશેના

વિચારમાં હું ગીરફતાર થઇ ગયો હતો ત્યાં મારા વાંસામાં પોણીબસો રતલની કાયાનો રહીડી હાથ પડ્યો !–"અરે વાહરે ! મારા મહેરબાન ! તમારાં પનોતાં પગલાં કેં આ તરફ ?"

એચોતક વાંસામાં ધબ્બો અને પછી આ વાક્યોનું ઉચ્ચારણ ! હું માંડમાંડ પડતાં બચી ગયો. પાછળ ફરીને જોઉં છું તો સ્નેહવદનની સૌમ્ય મૂર્તિ !

મેં મારી મુશ્કેલીનુ વર્ણન એમને આપ્યુ; બસ, સ્નેહવદનનો સ્નેહભાવ ઉછળી આવ્યો. "ઓહોહો ! એમાં તે મોટી મુશ્કેલી શી ! મારા ઘરમાંથી પણ હમણાં અહીં કોઇ નથી. લો આ કુંચી, ઉપડી જાઓ. ત્યાં આસાનીથી સુજે એટલામાં સેવક ત્યાં આવી પહોંચશે. મારે હમણાં જરા કામ છે."

"પણ એ તમારું ઘર કેવુંક છે ?" મેં પુછ્યું.

"અરે તમે વાતજ નહીં કરોને. એવું ગ્રાંડ છે ! અને હજી આખી ચાલમાં માંડ પાંચ દસ કુટુંબ રહેવા આવ્યાં છે. ચાલ ખાસી ચાર માળની છે, ઇલેક્ટ્રીક લાઇટ વગેરે બધું છે. તમે ઉપડોજ જાઓ."

વીકટોરીઆ બોલાવી હું ચઢી બેઠો. સ્નેહવદને વીકટોરીઆવાળાને બરાબર શીરનામુ આપ્યું. ગાડી ઉપડી. ગાડી ઉપડતાંજ મને યાદ આવ્યું. મેં બહાર ડોકું કાઢી ધાંટો પાડ્યો; "રુમનો કેં નંબર બંબર છે કે નહીં ? અત્યારે અગીઆર વાગે હું પુછીશ પણ કોને ?"

સામેથી સ્નેહવદનની ત્રાડ સંભળાઇ. "અરે ! ૪૨ નંબરની રુમ. જાઓ હું આવી પહોંચું છું."

વીકટોરીઆ અફળાતી કુટાતી ઉપડી. ને વારે એક મોટા મકાન આગળ આવી પહોંચ્યા. મારી પાસે સામાન વધુ નહોતો. માત્ર એક હેંડબૅગ હતી એટલે તે લઇને ગાડીના પૈસા ચુકવી આપી હું ચાલતાં કંપાઉંડમાં દાખલ થયો. આખી ચાલ સુમસાન હતી. કંપાઉંડમાં રેતી, પથરા, ઇંટ, રંગવાનાં કુંડાંઓ વગેરે અસ્તવ્યસ્ત પડ્યાં હતાં. ધીમેધીમે આ બધું વટાવતો હું દાદર આગળ આવ્યો. મને ત્યારેજ યાદ આવ્યું કે રુમ કેટલામે માળે છે તે પણ હું જાણતો ન હતો. પણ સુભાગ્યે મકાનનો રામોશી મને મળ્યો. મેં તેને કાલાવાલા કર્યાં એટલે એ મારી સાથે આવ્યો. નાના નાના ઘણાએ દાદરા ચઢયા એટલે રામોશીએ કહ્યું; "બસ, હવે તમારો નંબર જોઇ લેજો." આટલું કહીને તે તો પાછો ચાલતો થઇ ગયો.

રાતના અગીઆર વાગ્યા પછી લાઇટ રાખવાનો રીવાજ નહીં હોય એટલે બધે કીલ અંધારુ હતું. સ્નેહવદનની રુમ જે મંજલે હતી ત્યાં બીજાં કોઇ ભાડુત રહેવાજ નહીં આવ્યાં હોય એમ જણાતું હતું; કારણકે ઓરડીમાંથી પણ પ્રકાશ આવતો નહોતો જણાતો. મેં સ્વીચ માટે ફાંફાં મારી જોયાં પણ પત્તો લાગ્યો નહીં. "શાંતિ–ગૂઢ શાંતિ" અમુક વખતે આપણને પ્રિય લાગે છે પણ અત્યારે તો મને તે શાંતિના કરતાં પાંચસો છોકરાં, ત્રણસો બૈરાં અને બસો મરદોનો સામટો ઘોંઘાટ વધુ પ્રિય લાગત. હું દીવાસળી સળગાવતો રુમના નંબર જોતો જોતો આગળ ચાલ્યો. બેતાળીસ નંબરની રુમ આવી. મેં સ્નેહવદને આપેલ કુંચી કાઢી ને તાળાને લગાડી. તાળું ઉઘડી ગયું. હું અંદર પેઠો. અંદર જઇને હાથે સ્વીચ લાગતાં મેં લાઇટ કર્યું. સ્નેહવદનની રુમમાં આટલી

સુઘડતા અને આટલી સ્વચ્છતા જોવાની મેં આશા રાખી નહોતી એટલે હું જરા અજબ થયો. છતાં હું થાકી એટલો ગયો હતો કે એ બાબતનો વિચાર કરવાની મેં તસ્દી લીધી નહીં. આગલું બારણું બરાબર બંધ કરીને મેં બેગ મુકી. લુગડાં ઉતર્યાં: માત્ર એક પહેરણું પહેરીને હું એક આરામ ખુરશી ઉપર પડ્યો. સ્નેહવદન આવે ત્યાં સુધી એમજ પડી રહેવાનો મેં વિચાર કર્યો. થોડી વાર પછી "લાવને, પાછલી બારીએ જોઉં તો ખરો!' આવા વિચારથી પાછલી રુમમાં જઇને મેં વાડામાં પડતી બારી ઉઘાડી. બારીની પાસેજ એક નાનો લોઢાનો દાદર જણાયો. આગની વખતે બચવાને માટે ખાસ મુકવામાં આવેલ જણાતો હતો. હું ત્યાંથી પાછા ફરવાની તૈઆરીમાં હતો એટલામાંજ એક નાની બાજુની ઓરડીમાં કોઇનાં પગલાં સંભળાયાં. થોડીજ વારમાં તે ઓરડીનાં બારણાં ધીમેધીમે ઉઘડવાં માંડ્યાં. 'ચોર હશે–લુટારા હશે– ભૂત હશે– માણસ હશે' આવા તર્કની પરંપરા મારી છાતીમાં કૈંક વિચિત્ર જાતની ઊર્મિઓ જગાડતી હતી. ઠંડીના દિવસોમાં પણ મને પરસેવાની અસર થવા માંડી હતી એટલામાંજ બારણું ફડાક દઇને ઉઘડી ગયું અને મારી આખી જીંદગીમાં મેં નહીં જોએલ એવડા કદનો એક ભયંકર કુતરો પોતાની બે ધગધગ-ता અંગાર જેવી આંખોએ મને જોઇ રહ્યો. અર્ધ ક્ષણમાં તેણે સિંહ, વાઘ અને બીજાં બેચાર ભયાનક, હિંસક પ્રાણીઓ ભેગાં થઇને ગર્જના કરે તેવી ભીષણ ગર્જના કરી. આ ગર્જના મારા પ્રત્યેના સ્નેહભાવથી કરી હતી કે વૈરભાવથી કરી હતી તે કળી શકવાનું મારી પાસે સાધન નહતું અને તે મેળવવાનો અવકાશ લેવા યત્ન કરવાની મારી ઇચ્છા નહતી. સ્નેહવદનના સ્નેહભાવને, હજાર શાલ પાંમરી પહેરાવતો, આવી રીતે પોતાની રુમમાં સાક્ષાત્

અરે વાહરે મારા મહેરમાન ! તમે તે કેવા ઉંઘણશી !

યમદેવને પુરીને મને અહીં મોકલાવી આપવામાં સ્નેહવદનનો 'વિનોદી સ્વભાવ' હતો કે એમની અક્કલની ખામી હતી એ કોયડો ઉકેલતો હું છલંગ મારીને બારીમાંથી બહાર પેલા લોઢાના દાદર ઉપર પહોંચ્યો; અને લાંબો હાથ કરીને મેં બારી બંધ કરી દીધી. બહુ શાંતિથી મેં આ ક્રિયા કરી નહતી તેથી

ટેબલ ઉપરનો ઇલેક્ટ્રીક દીવો જમીન ઉપર પડી ગયો અને રુમમાં તદ્દન અંધારું થઇ ગયું. છતાં તે અંધકારમાં પણ કાચની બારીમાંથી પેલા કુતરાની ભયંકર આંખો મારી સામે તાકવામાં આવી હતી તે મેં જોઇ. મારી સમયસૂચકતા વીશે મને માન ઉત્પન્ન થયું અને હું સાવધાનીથી આખો દાદર ઉતરી ગયો.

નીચે વાડામાં પહોંચ્યો ત્યાં સુધી મને એમજ હતું કે આગલે દાદરેથી જઇને પાછો મારી રુમમાં હું દાખલ થઇ શકીશ. વાડામાં પહોંચ્યો એટલે મને મારી સ્થિતિનું બરાબર ભાન થયું. મેં લુગડાં બધાં ઉતાર્યાં તેની સાથેજ કુંચી ટેબલ ઉપર મુકીને બારણાં અંદરથી બંધ કર્યાં હતાં એટલે એ રસ્તેથી પાછા તે રુમમાં દાખલ થવાની આશા રાખવી એજ મુર્ખાઇ હતી. તેજ પ્રમાણે માત્ર પહેરણ અને પંચીઆથી કકડતી ઠંડીમાં આખી રાત વાડામાં ગુજારવી એ પણ મને પસંદ નહીં આવ્યું એટલે મને એક માર્ગ સુઝયો. "પાછો લોઢાનો દાદર ચઢીને જાઉં અને જો કુતરો પાછો પેલી ઓરડીમાં ચાલ્યો ગયો હોય તો હું આગલા ઓરડામાં નાસી જઇને બારણાં દઇ શકું ખરો.' આ વિચારથી હું પાછો દાદર ચઢયો. મેં એક બારી જોઇ પણ તે અંદરથી બંધ હતી. આથી મારા આ માર્ગમાં પડેલાં વિઘ્નોનો ખ્યાલ સચોટ રીતે આવ્યો. રુમ નંબર બેંતાલીસ કેટલામે મજલે છે એની મને ખબર નહતી. લોઢાનો દાદર ગોળ હતો અને વચમાં વચમાં રમણાં હતાં એટલે દરેક રમણે એક એક બારી આવતી. આ દરેક બારી જો હું તપાસવા જાઉં તો મારો પોષાક જોતાં મને એ ચાલનાં લોકો ચોરજ ધારે અને પરિણામે મને જે પુષ્પાંજલિ મળે તે સ્વીકારવાની મારામાં હીંમત નહતી. હું ધીમેધીમે પાછોજ ઉતર્યો. આમાં પણ મારું ડહાપણજ હતું. કારણકે હું જેવો નીચે ગયો તેવોજ ત્યાં પડેલ અનેક વસ્તુઓમાંથી કોઇક વસ્તુ સાથે હું જોરથી અફળાયો. તે વસ્તુ (ડોલ જેવું લાગતું હતું) મોટો અવાજ કરીને ગબડી પડી.

પછી પુછવું શું! શેરીમાંના આસરે પંદર કુતરા એકેકની સ્પર્ધા કરતા ભસવા લાગ્યા. તેમાં પણ સૌના ભસવાને ઢાંકી દેતો, પેલા રાક્ષસી કુતરાનો અવાજ, નભમંડળમાંથી ગર્જના થતી હોય તેમ, ઉપરથી સ્પષ્ટ સંભળાતો હતો. બેએક બારી પણ ઉઘડી. "કોણ હય, બદમાસ!" ના ઘાંટા પણ એ બારીમાંથી સંભળાયા.

રંગભૂમિના આ દ્રશ્ય વખતે મારે છતાં થવામાં કંઇ લાભ હતો નહીં એટલે હું મૌનજ ધારણ કરીને ભીંતને અઢેલીને ઉભો રહ્યો. બે ચાર મીનીટમાં બધું પુનઃ શાંત થઇ ગયું. હું ભીંતે ફંફોસતો ફંફોસતો બધે ફર્યો પણ જે એક માત્ર બારણું હતું તે બંધ લાગ્યું એટલે હું હતાશ થઇને તે બારણા આગળજ બેઠો. પાછલા વાડામાંથી આગળ જવાની ઇચ્છા આ પ્રમાણે અશક્ય નીવડવાથી ક્રમને પણ મારે આખી રાત ત્યાંજ ગાળવાનો ઠરાવ કરવો પડયો. સ્નેહવદનને પણ મારી માફકજ ઓરડામાં તો સુવાનું નહીંજ મળ્યું હોય એ વિચાર માત્રજ મારાં આ અનેક દુઃખમાં મને કંઇક સાન્ત્વન આપી રહ્યો હતો. બારણાને અઢેલીને હું બેઠો. આંખ પણ મીંચી. ધીમેધીમે કલાક ગણતો ગયો. એક થયો. પછી ઘણી વારે બે ટકોરા પણ સાંભળ્યા. પછી જરા ઝોકું આવી ગયું હશે એમ હું ધારું છું;

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૯૭]

પંખીને

લેખક:
રા. રમણીકલાલ જયચંદભાઈ દલાલ
બી એ.

૧

રજની જરી દૂર ગઈ ન ગઈ,
સુપ્રભાત તણી નવ ઝાંખી થઈ;
અરુણે રુડી છાંટ પુરી ન પુરી,
સુણી વાણી વિહંગની ત્યાં મધુરી.

૨

ભર ગ્રીષ્મ તણા રવિતાપ મહીં,
કદી આમ્ર નિકુંજ ભણી વિચરી;
પછી હોય સુણ્યો ટહુકાર તહીં,
ન ટળે શું જગે કટુતા દિલની?

૩

સરિતા તટમાં ફરતાં ઘુમતાં,
ક્ષિતિજે રવિ વ્યોમ થકી નમતાં;
મીઠડા દ્વિજનાદ વને સુણતાં,
ઉર શું રસભાવ સ્ફુર્યા ન કદા.

૪

જગમાં વિરલો નિરમ્યાં પ્રભુએ,
રસ સૃષ્ટિ વીશે રુડલાં અતિશે;
ફુલ જેમ ખીલે, મૃદુ બાલ હસે,
ત્યમ વ્યોમવિહારી વિહંગ ઉડે.

૫

પરિપૂર્ણ સુકોમલ દેહ થકી,
લઘુ આકૃતિ એ નયને રમતી;
ઝીણી પાંખ મનોહર પ્રચ્છરતી,
મૃદુ કંઠમાં વાણી અમી ઝરતી.

૬

વિષ્ણુવાહન તું, ગરુડાધિપતિ!
પ્રભુને પ્રિય શ્વેત કપોત અતિ;
પયગંબર હેત ધરે દ્વિજથી,
શુભભાવ, સુધર્મ ચહે જનથી.

૭

અતિ સુંદર એ તરુમ્હેલ દિસે,
પવને રસિયાં ભુવનો વિલસે;
ઉડવું, કુદવું, ઘન છાંય વીશે,
અદકું સુખ કેવું ભલું જીવને?

૮

દિવસે રવિનાં કર હર્ષ ભરે,
શશિ તારલીઓ પછી દૃષ્ટિ હરે;
પ્રભુ છત્ર નીચે સહુ નિડર એ,
સુખ સૃષ્ટિ મહીં રસ લે, રસ દે.

૯

જનતા સઘળી કદી જો શીખ લે,
નિજ સ્વાર્થ મુકી, દિલ શાંતિ રમરે;
પ્રભુને નિજ નાવ સુકાન ધરે,
રસજ્યોત શી વિશ્વ વીશે પ્રગટે!

૧૦

ગીત નિર્દોષ દેવાનાં પ્રભુતા પ્રાણમાં પુરે,
કરતા કેડી સંસારે સૃષ્ટિમાં સ્વર્ગ દાખવે.



ગુજરાત] શેક્સપીઅર [ચૈત્ર ૧૯૮૧

હાફીઝની કાવ્ય પ્રસાદી.

લેખક:
રા. કૃપાશંકર ડી. આચાર્ય

—:o:—

દીપ્તિ સૌંદર્યની અમ, વદન તુજ પ્રતિભા વડે,
સૌંદર્ય ખુદ પણ ઉજળું તવ ચિબુકની જ્યોત્સ્ના બળે.
ક્યારે પ્રભુ એ લાવશે સુખમય ઘડી આ રંકને,
જ્યારે વીખુરા કેશ તુજ શોભવશે મુજ અંકને.
તવ કમળ સમ નેત્રો તણા સામ્રાજ્યમાં નથી કો સુખી,
મદિરાક્ષિ પક્ષે પડી કરી જન થાય હા! હા! બહુ દુઃખી
તવ દર્શ પામો જીવ કંઠઃપ્રાણ તક આવી રહ્યો,
છોડે કે રહે એ ખોળીએ તુજ આજ્ઞા માગી રહ્યો.
ગાઢ નિદ્રાગ્રસ્ત મુજ પ્રારબ્ધ જાણું જાગશે,
તવ તેજરૂપી સલિલથી તેનાં તું નયનો સીંચશે.
પ્રાતઃ સમીર પ્રસરાવનો ખુશબોય તારા વદનની,
મધમધે તવ આંગણે મનહર સુગંધી બદનની.
દીલ લોહી તરસ્યું બની રહ્યું, દીલદારને કોઇ ચેતવો,
નહીં તો ખુશ છે દાસ મુજ, તેમજ તમારા, બાંધવો!
ચિરંજીવી થાઓ સાકીઓ, આ ઈશ્વરી મહફીલ તણા,
જોકે પીવાલા મદ્ય વીણ રાખ્યા અમારા બહુ ઉણા.
જઈ અનિલ તું યઝદવાસી નાગરિકોને કહે,
આશિષ કે તમ નષ્ટ થાઓ શત્રુ જે બુરું ચહે.
હું પડોશું દૂર, પણ છું સ્નેહભાવે નિકટ બહુ,
સેવક તમારા શાહનો, તેમજ પ્રશંસક આપ બહુ.
અમ શાહથી જવનીસરો લેજો બચાવી વઅને,
પ્રણુપી બક્ષીસત બહુ કમાયા રક્ત ધૂલિ મિશ્રને.
હે! પ્રૌઢ કિસ્મત શાહ! આ શું દેવ પસે આવે,
દે ચુમવા તક ગગન ચુંબતિ મંડપ કેરાં દ્વારને.
હાફીઝ કરે છે પ્રાર્થના, અસ્તુ કૃપાળુ! કહે મુખે,
તવ પીયૂષ વર્ષા એહથી રોજી સતત અમને સુખે.

હારીજની કાવ્ય પ્રસાદી—

ફર્સ્ટક્લાસના એક ડબ્બાના ખુલ્લા બારણા પર હાથ મુકી એક આધેડ વયના ગૃહસ્થ ઉભા હતા.

—રત્નપ્રકાશ

—પૃષ્ઠ ૪૧



સ્વપ્નદ્રષ્ટા

—o—

લેખક:

રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,

બી. એ., એલએલ. બી., એડવોકેટ;

પ્રમુખ, સાહિત્યસંસદ્.

ચિત્રકાર:

શ્રીમાન્ પુરુષોત્તમ,

સભ્ય, સાહિત્ય સંસદ્.

—o—

વાચકને

આ વાર્તામાં કોઇ રાજકીય મતનું મંડન કે ખંડન કરવાનો મુદ્દો નથી. ચાલી રહેલી રાજકીય પ્રવૃત્તિ સાથે ઝાઝો અંગત સંબંધ મને રહ્યો નથી; અને ઉછળી રહેલા તેના ચંચલ તરંગોને કથામાં જડવાનો મારો ઇરાદો નથી.

સ્થપાએલું રાજ્યચક્ર અને તેને ફેરવવા ઇચ્છતી પ્રવૃત્તિ કરતાં તે બંને પાછળ રહેલી મનોદશા ને ભાવના કલાની દૃષ્ટિએ વધારે મોહક છે. વ્યવસ્થાપ્રીતિ કેળવનાર સામ્રાજ્યવાદી અને વિપ્લવ ઈચ્છનાર રાષ્ટ્રભક્ત બંનેની માનવતા જેટલી કલાની દૃષ્ટિએ આકર્ષક છે તેટલીજ જનસ્વભાવના અભ્યાસની દૃષ્ટિએ ઉપયોગી છે.

વર્ષો પહેલાં કેટલાક રાજકીય આદર્શોએ ગુજરાતમાં સંચાર કર્યો હતો. થોડી વાર તે આદર્શોએ રાજકીય ઝનુનની ઉછરતા જીવન પર મોહક છાયા પાડી હતી. એ છાયાએ અનેક ઊર્મિઓ, અદ્ભુત આશાઓ, અને ભવ્ય સ્વપ્નાં સર્જાવ્યાં.

આ સમયમાં યુવકોને નવો યુગ શરુ થતો લાગ્યો. ત્યારે સતયુગનો પ્રારંભ કેટલાકે માન્યો. ત્યારે સ્વદેશયજ્ઞની શરુઆત ઘણાએ લેખી. અને કુમળા, ઉછરતા ને આશાભર્યાં બલિદાનોએ વંદેમાતરમ્ ગાતા એ યજ્ઞની જ્વાલમાં ઝંપાલાવ્યું. ત્યારે સ્થપાએલી સત્તા ને સંરક્ષવા મધ્યમ પક્ષ આગળ આવ્યો; ત્યારે હીંદને રાખવું કે ખોવું એ મહા પ્રશ્ન અંગ્રેજોએ વીચારવા માંડ્યો.

આ સમયમાં સ્વપ્નધેલા થવું એ બધાનો અધિકાર હતો. એ સમયનાં કેટલાંક સ્વપ્નાંને આ વાતમાં વણવાનો પ્રયત્ન કર્યો છે. વાર્તાનાં પાત્રો અને વસ્તુ તદ્દન કાલ્પનિક છે છતાંએ કેટલાક વિદેહ તેમ જીવતા ખરા પુરુષોને આણી વાતાવરણમાં વાસ્તવિક્તા આણવાની છુટ લીધી છે. આ છુટ લેવા માટે એ પુરુષોની કે તેમની કીર્તિની ક્ષમા યાચવી જોઇએ. આશા છે કે એ છુટ લેતાં એમનું અણજાણ્યે અન્યાય કરવાનો ગુનોહ કર્યો છે એમ વાચક નહીં લેખે.

પ્રકરણ પહેલું

ભાવિ વહેવાહયો.

૧

૩૦ મી ડીસેંબર ૧૮૯૮ ને દિવસે લોર્ડ કર્ઝન હીંદના રાજપ્રતિનિધિ નીમાયા.

હીંદના ઇતિહાસનો એક યુગ પુરો થયો ને બીજો શરુ થયો. નવભારતની નિર્માણક્રિયા પુરી થઇ.

કર્ઝને અંગ્રેજોના સદ્‌ગુણને દુર્ગુણની પ્રચંડ રીતે મૂર્તિમાન્ કર્યા હતા. તે કાર્યદક્ષ, પ્રામાણિક, બાહોશ ને ન્યાયી હતા. ને સ્વાધિકારપ્રમત્ત હતા. રાજ કરવાને નિર્માએલી જાતિમાં પોતે રાજ્ય કરવાજ સર્જાયા છે એવી આત્મશ્રદ્ધા તેમનામાં અડગ હતી. પોતાની મહેરબાનીથી બધાને સુખી રહેવાનો હક્ક તે સ્વીકારતા. પોતાની મરજી મુજબજ બધાએ સુખી રહેવું જોઇએ—એ ફરજમાંથી કોઇને ચસવા દેતા નહીં. પોતે પાશ્ચાત્ય—ગમે તેવા પણ દેવી;—હીંદીઓ પૌર્વાત્ય—ગમે તેવા પણ માનુષી. આટલા અપવાદ સાથે સમાનતાના સિદ્ધાંત સ્વીકારવાને તેમને કૈં વાંધો નહોતો.

ઈ. સ. ૧૯૦૩ માં તેણે ત્રણ કરોડ રુપીઆ ખરચી સમ્રાટના પ્રતિનિધિ તરીકે તાજપોશીનો સમારંભ કરી, હીંદીઓની પૌર્વાત્ય કલ્પના ઉત્તેજવાનો પ્રયત્ન કર્યો. એના બંદીજને લખ્યું "અને દશ્યના કેંદ્રમા, જળહળીત હોદ્દા પર ઉંચે, જમણો હાથ ઉંચો કરીને પોતાના રાજરાજેશ્વર માલેકના તરફથી બધાની સલામો ઝીલતા સત્તાનું છત્ર ધારી રાજપ્રતિનિધિ બેઠા, શાંત ને ગૌરવશીલ × × × શાંત ને સંયમી, તે બેઠા. જે વિખ્યાત વીરોએ અંગ્રેજો માટે હીંદને જીત્યું ને સાચવ્યું તેના યોગ્ય પ્રતિનિધિ તે લાગતા. તેનું મોઢું જરા ઉમળકાભર્યું હતું. તેના હોઠ દ્દઢતાથી બીડેલા હતા: તેનું માથું નમનોના સ્વીકારથી નમેલું હતું. તેનો એક અભિનય શાંત ને સ્વસ્થ હતો. આ પળ માટે પણ જીવવા જેવું હતું."*

આ દશ્ય જેવું ફ્રેઝરનાં પુસ્તકમાં શોભે છે તેવું શોભાપ્રદ બધાએ ધાર્યું નહીં. હીંદના પ્રતિનિધિ લાલમોહન ઘોષે મદ્રાસ કોંગ્રેસના પ્રમુખપદેથી તેને 'pompous pageant to a perishing people'—મરતા લોક

* Lovat Fraser "At Delhi."

માટે કરવામાં આવેલા ભભકભર તમાશાનું નામ આપ્યું.

૧૯૦૫ ના ઓગસ્ટ મહીનામાં તેણે રાજીનામું આપ્યું.

૧ લી સપ્ટેંબર ૧૯૦૫ ને દિવસે તેણે બંગાલના ભાગલા પાડવાનું જાહેરનામું બહાર પાડ્યું. સંસ્કૃતિ ને ઇતિહાસે જેને જોડ્યું હતું તેને તેણે એક ઝટકે કાપી નાખ્યું.

૧૯૦૫ની અંતે તે હીંદમાંથી વીદાય થયા. 'મારી કારકીર્દી માટે એક શબ્દ વાપરું તો કાર્યદક્ષતા' એમ પોતાને હાથે પોતાના પરવારેલા કારભાર પર તેમણે મૃત્યુલેખ લખ્યો.

લોર્ડ મીંટો તેને સ્થાને રાજ પ્રતિનિધિ નીમાયા. ડીસેંબર ૧૯૦૫ માં બર્કના અભ્યાસી ને ગ્લેડસ્ટનના શિષ્ય–ઉદાર રાજકીય ભાવનાના પ્રતિનિધિ જોન મોર્લે હીંદી પ્રધાન નીમાયા.

બંગાલને પ્રાણવેધક વેદના થવા માંડી.

આ વેદનાએ સ્વદેશી હીલચાલ સરજાવી.

સ્વદેશી હીલચાલે હીંદી રાષ્ટ્રીયતાને જન્મ આપ્યો.

છુટા પાડેલા બંગાલના ગવર્નર સર બેમ્ફીલ્ડ ફુલરે તા. ૧૪મી એપ્રીલ ૧૯૦૬ ને દિવસે બેરીસાલ કોન્ફરંસ પોલીસની મદદથી વીખેરી નાખી.

રાષ્ટ્રીયતાની જ્યોત બંગાલના યુવકોના હૃદયમાં જાગી. ફુલરે તેને હોલવવાનો પ્રયત્ન કર્યો. જ્યોત ભભુકી. જ્યાં જ્યાં વિદ્યાર્થીઓ હતા ત્યાં ત્યાં દેશભક્ત થયા.

બેરીસાલ કોન્ફરંસમાંથી વડોદરે પાછા આવી થોડા મહીનામાં શ્રી. અરવિંદ ઘોષે વડોદરા રાજ્યની નોકરીનું રાજીનામું આપ્યું.

૨

ફ્રસ્ટી. સને ૧૯૦૬ નું ચોમાસું હતું. સાંજના પાંચ વાગે અમદાવાદથી વડોદરે જતી આગગાડી આણંદના સ્ટેશન પર ઉભી હતી.

ફર્સ્ટકલાસના એક ડબ્બાના ખુલ્લા બારણા પર હાથ મુકી એક આધેડ વયના ગૃહસ્થ ઉભા હતા. તેમનાં હાફકોટ, ટાઇ તેમની સુધરેલામાં ગણત્રી કરાવતાં હતાં. તેમની આંગળીએ ચળકતી હીરાની વીંટી ને જેકીટ પર શોભતો સોનાનો અછોડો તેમની સમૃદ્ધિનો ખ્યાલ આપતાં હતાં. એક હાથ પાટલુનના ગજવામાં રાખી, તે ઘેરાઇ રહેલા વાદળ સામે જોતા હતા.

નામદાર શ્રી. જગમોહનલાલ આગળ વધેલા બેરીસ્ટર અને ધારાસભાના સભ્ય હતા. મુંબાઇના કેસરી સર ફીરોજશાહના બાહોશ મદદનીશ હતા. જે રીતે તેણે હોઠ ભીડ્યા હતા તે તેની દૃઢતા દેખાડતા હતા. જે રીતે તે મુછ મરડતા તે તેમના અહંભાવનો પુરાવો આપતી. જે રીતે તે બીજા લોકો તરફ જોતા ને પોતાની શ્રેષ્ઠતાની પોતાને જે અડગ ખાત્રી હતી તેની સુચના કરતી હતી. ટુંકમાં જમાનાને છાજતાં બધાં બાહ્ય લક્ષણો તેમનામાં સ્પષ્ટ દેખાતાં.

આણંદના સ્ટેશન પર એક તરફથી બીજી તરફ જવા એક ભોંયરુ છે. અને તેમાંથી જતાં આવતાં ચરોતરને કેટલાંએ વર્ષો થયાં છતાં તેનો અચંબો છુટ્યો નથી. ઘણી વખત એ ભોંયરામાં બે ચાર વખત આંટા અવળા જઇ તે એક વખત આપેલા ટીકીટના પૈસાને વસુલ કરવામાં સંતોષ લે છે.

નામદાર જગમોહનલાલ આકાશ સામે જોતા હતા એવામાં ભોંયરામાંથી એક પીસતાલીસ વર્ષના ટુંકા, જાડા ને ગોળ ગૃહસ્થ નીકળ્યા. તેના મુખ પર રુવાબ હતો; તેની મોટી આંખોમાં નીખાલસપણું ને ઉગ્રતા હતાં; તેનાં ટુંકાં ડગલાંમાં સત્તાધીશની નિરૂપાતમકના

એટલામાં ગાડીને આંચકો આવ્યો અને રાવબહાદુર બોલતા અટક્યા. ગાડી ચાલવા માંડી. થોડી વારે જગમોહનલાલે ઘણાજ જોરથી મુટ્ઠી હલાવી કહ્યું : "આ બંગાલીઓ તદ્દન ઔન જવાબદાર છે—નાના બાળકોને મફતના હોમે છે. It's idiotic. આ પ્રવૃત્તિ રોકાશે નહીં તો જાહેર જીવનનું સત્યાનાશ વળી જશે." કહી નિર્વિવાદ વાત કહી હોય એવી ખાત્રીથી તે જોઇ રહ્યા.

"હું તેથીજ વડોદરે જાઉછું. મારો તો એ એકનો એક છોકરો. જો કૈં ઘેલો થઇ જાય તો મારું થાય શું ?"

"પણ મેં તો સાંભળ્યું હતું કે એ હોંશીઆર છોકરો છે?" જગમોહનલાલે પુછ્યું.

"તે તો છેજ તો. તેતીજ આ મહોકાણ છે. ભાઇ એવા હોંશીઆર થઇ ગયા છે કે હવે દુનીઆનો ઉદ્ધાર કરવા નીકળ્યા છે."

"It's silly" ટુંકામાં નામદારે જવાબ આપ્યો."

"પણ એનો રસ્તો શો?"

"એકજ. મારે ત્યાં મોકલો. હું સીધો કરીશ."

"પણ તમારા રીરીાજશાહી વિચારોને તો એ ધીક્કારે છે."

"જરા ગભરાગો નહીં. એનામાં મારું પણ હિત છે."

"હું જાણું છું. તમારી સુલોચનાનો હવે કયારે વિવાહ કરો છો તેની હું પણ વાટ જોઉં છું" રાવબહાદુરે કહ્યું.

"ઉતાવળે કૈં આંબા પાકે? છોકરો મોટો થાય, છોકરી મોટી થાય" શાંતિથી બેરીસ્ટરે પારસીસાઇ ભાષામાં જવાબ આપ્યો; "બધું સારું સોજ્જું હશે તો પછી કયાં જતું રહ્યું. તમારે અને ક્યાં સુધી ભણાવવો છે?"

"મારે એને આઇ. સી. એસ. માટે મોકલવો છે."

"બાપ કરતાં બેટો સવાયો થાય તેમાં?" હસીને જગમોહનલાલે કહ્યું; "એક કામ કરો. હમણાં સીનીઅરમાં છે તો આ વર્ષ અહીંઆં પુરું કરવા દો. ને પછી આવતે વર્ષે મુંબાઇ મોકલો. અરવિંદ ઘોષ તો વડોદરેથી જવાનો સાંભળ્યો છે."

"અરે લાગ્યો ચેપ તે એમ મટશે.?"

"બધુંએ મટશે. એ તમારા જેવા સરકારી અમલદારોથી નહીં સુધરે. એવા છોકરાને ખરું દ્રષ્ટિબિંદુ સમજાવવું જોઇએ. રાજકીય જુસ્સો ખોટો નહીં, પણ તેને બરોબર વાળવો જોઇએ. એને મુંબાઇ મોકલો. હું ફીરોજશાહ મહેતા પાસે લઇ જાઉં." ફીરોજશાહ મહેતાના અનુયાયીએ પોતાનું બ્રહ્માસ્ત્ર બતાવ્યું; "ને જરા ખરી રાજકીય ચળવળનો ખ્યાલ આપું. એની મેળે આપોઆપ સુધરી જશે. પછી વીલાયત મોકલી આપીએ. ને હું છું ત્યાં સુધીમાં બેરીસ્ટર થશે તો હું ઠેકાણે પાડી દઇશ."

"ભાઇ! તમે તમારી છોકરી પરણાવોને એટલે પછી તમે જાણો ને એ જાણે."

૪

વેવાઇનો સંબંધ બાંધવાને આતુર આ બે જુના મિત્રોનાં સ્વભાવ, જીવન, અને દ્રષ્ટિબિંદુ તદ્દન જુદાં હતાં. રાવબહાદુર પ્રામાણિક, ઉગ્ર, સીધાબોલા ને ઉતાવળા હતા; નામદાર ટંડા મીજાજના ઉસ્તાદ હતા. પ્રમોદરાય નોકરીમાં ને સંસારમાં કરી છુટવામાં મોટાઇ માનતા હતા. જગમોહનલાલ પાકાઇથી કામ લઇ ઓછામાં ઓછી મહેનતે વધારેમાં વધારે લાભ મેળવવાની તક જોયા કરતા હતા. અને તેજ પ્રમાણે તેમનાં દ્રષ્ટિબિંદુ જુદાં હતાં.

પ્રમોદરાય પોતાની જાતને બ્રીટીશ સામ્રાજ્યના એક સેવક માની મગરુરી લેતા. કર્ઝનયુગ પહેલાંના અંગ્રેજી અમલદારોના મીજાજી છતાં, નિખાલસ હૃદયો તેણે જીલાં હતાં. તેઓ આ ઉગ્ર ને પ્રામાણિક માણસમાં શ્રદ્ધા રાખતા, અને પોતાની મોટાઇ ને સ્વાર્થ સાચવી જેટલી મિત્રાચારી તેની સાથે રખાય એટલી રાખતા. રાવબહાદુર પોતે ગરીબ પ્રજાનું દુઃખ ફેડવા મથતા, અને અંગ્રેજી રાજ્યને દુઃખ ફેડવાનું પરમ સાધન માનતા.

મુંબાઇમાં કેળવાયા હોવાથી જગમોહનલાલની દૃષ્ટિમર્યાદા વિશાલ હતી. અંગ્રેજી અમલદારની કાર્યદક્ષતા તે વખાણી શકતા. અંગ્રેજી પ્રજાના સ્વાતંત્ર્ય પ્રેમમાં તેને શ્રદ્ધા હતી. પણ જે સરલતાથી સામાન્ય અંગ્રેજ અસામાન્ય હીંદી પર સત્તા મેળવીને ભોગવી શકતો તે તેને સાલતી. પણ તેને એમ ખાત્રી હતી કે ધીમેધીમે તે અને તેના જેવા એવું જોર બતાવશે કે એ સરલતા હતી નહોતી થઇ જશે.

આ ભેદ સુદર્શનની વાત કર્યાથી વધારે સ્પષ્ટ થયો. થોડી વારે પ્રમોદરાયથી ન રહેવાયું.

"તમારા જેવાએજ આ બધુ બગાડયું છે."

"કેમ ભાઇ?" જરાક મજાકમાં હસી નામદાર બોલ્યા.

"આ અમદાવાદમાં તમે બધાએ કોંગ્રેસ બોલાવી ને છોકરાઓનાં માથાં ફરી ગયાં. સુદર્શન સ્વયંસેવક થયો, સુરેંદ્રનાથનાં ભાષણ સાંભળ્યાં ને આ લપ લાગી. તમારા ફીરોજશાહ મહેતાને કોણે કહ્યું હતું કે અમદાવાદમાં કોંગ્રેસ લાવજો.

જગમોહનલાલ હસ્યા. "એજ. રાષ્ટ્રીય જાગ્રતિનાં ચિન્હ."

"ત્યારે લ્યો હવે લેતા જાઓ. તમારા મોડરેટોને ભાગતાં ભોંય ભારે પડશે."

"જરાએ નહીં. આવા છોકરાઓ તે વળી રાજ ચલાવવાના હતા? એ તો કર્ઝનની મુર્ખાઇથી ઉભરો આવ્યો છે તે શાંત થઇ જશે."

"કૈં શાંત થવાનું નથી. આ બોયકોટ નીકળ્યું છે તે જુઓની. એમનાં પોતાનાં તો ઠેકાણાં નથી ને અંગ્રેજી માલ બંધ કરવા બેઠા છે" પ્રમોદરાયે ઉભરો કાઢયો.

'It's silly–હું કબુલ કરું છું. એ ગણ્યા ગાંઠયા કપડાં બાળશે તેથી દેશનું દળદર ફુંકાવાનું છે?"

"આજે અંગ્રેજ છે તો તમે નીરાંતે બેઠા છો" પ્રમોદરાયે કહ્યું.

"કર્ઝન પણ અંગ્રેજજ છેને" નામદારે ટકોર કર્યો.

"અરે એણે શું એવું કર્યું? આપણે ગાંડા થઇ ગયા છીએ. હું પંચ મહાલમાં ફેમીન (દુકાળ) ઓફીસર હતો ત્યારે એણે જાતે આવી અમારી કેંપો તપાસી હતી ને દુકાળીઆનું ખાવાનું પણ ચાખ્યું હતું. એવું કરશે તમારા ફીરોજશાહ મહેતા? તમારે વકીલ લોકોને તો કૈં ધાંધલ જોઇએ."

"લોકોની લાગણીનો તો તમને કૈં હીસાબજ નથી. કર્ઝન ભલે મોટો માણસ હોય, પણ મુત્સદ્દી બીલકુલ નથી. નહીં તો આજે આ તોફાન થાત નહીં."

આમ વાત કરતાં થોડો વખત ગયો ને બંને જણ થોડી વાર મુગા રહ્યા.

"રાવબહાદુર! સુદર્શનને ઓગણીસ વર્ષ થયાં નહીં?"

"હા, ઓગણીસ પુરાં. તમારી સુલોચના કેટલાની થઇ?"

"સત્તર. બધું સારું હોય તો આવતે વર્ષે પરણાવીએ. શું ધારો છો?"

"હા ભાઈ. તમને ઘડપણ નથી દેખાતું, પણ હું તો થાકી રહ્યો છું. મારે તો પેન્શન પર જવા વખત થશે. ને પાંજરાપોળમાં ગયા પછી બધું નકામું."

"સુદર્શન કોલેજ બોર્ડીંગમાં રહે છે?"

"હા!"

"તમે ત્યાં બારોબાર જાઓ છો?"

"હા. આવો છો?"

"એટલે હું પણ મળું."

આખરે વડોદરા આવ્યું અને બંને ગૃહસ્થો ગાડીમાંથી ઉતર્યા. જગમોહનલાલે પોતાનો સામાન ઘણોખરો સ્ટેશન પરજ રાખ્યો, અને પ્રમોદરાયનો સીપાઇ બંનેનો થોડોક સામાન લઇ સાથે આવ્યો. એક ગાડીમાં બેસી બંને જણ કોલેજમાં આવ્યા.

૫

વડોદરા કોલેજનું મકાન ગુજરાતના વિખ્યાત મકાનમાં ન્યારુંજ સ્થાન ભોગવે છે. તેમાં એલ્ફીન્સ્ટન કોલેજની વ્યવહારુ વિશાલતા કે વીલ્સન કોલેજની સગવડભરી નિર્જીવતા નથી. તેમાં મુગલ સામ્રાજ્ઞીઓની કબરનું સ્વરૂપ અને ઈંગ્લાંડની કોલેજના પ્રચંડ ઘાટનું મિશ્રણ છે. એના ગુંબજોને જરુખામાં વિદ્યાના સંયમ કરતાં વિલાસનો સ્વચ્છંદ વધારે જણાય છે. એની ઉચાઇમાં, મોટા ખંડોમાં, મોટી કમાનોમાં સરસતાની છટા કરતાં ગાંભીર્ય વસતું જણાય છે. જેવું સ્વર્વાચીન હીંદી જીવન છે, તેવું આ મકાન છે— હીંદી, મુસલમાન ને અંગ્રેજી સંસ્કારોનું સુયોગવિનાનું પણ અજબ એકીકરણ..

છતાં એ મકાન વીકસતી કલ્પના અને બંધાતી મહત્ત્વાકાંક્ષાને પોષે એવું છે. નવા આવતા અભ્યાસીઓને એ મકાન વિદ્વત્તાની અમેય મહત્તાથી ડારી રહે છે; તેની ઉછરતી કલ્પનાને ભવ્યતાનું ભાન કરાવે છે, અને તેના બીન અનુભવી હૃદયમાં તેના ગુંબજમાં પડતા પડઘાથી ઉંડો ને ગંભીર ધ્વનિ પ્રગટે છે. એ મકાનનો વિચાર કરતાં એક ખીલતા કવિરાજની કલ્પના એવી ઉત્તેજીત થઇ હતી કે પલ વાર તેને સંશય પડયો:-

શું શૈલેંદ્ર? ન હિમ કાંઇ પડતું, મંદાકિની ના વહે?
શ્રીમદ્ રાજ સયાજીરાજ નગરે આ હર્મ્ય કોનું હશે?

પછી તરત જવાબ સુઝ્યો—

"વિદ્યાર્થીજન લોઈ નિશ્ચય થતો, શ્રી શારદાનું હશે.'

આ લીટીઓમાં હાસ્યજનક કૃત્રિમતા રહી છે, છતાં ઘણા છોકરાના હૃદયના ભાવનો તેમાં પ્રતિશબ્દ છે.

આ મકાનમાં ઇ. સ. ૧૯૦૬ માં આશરે ત્રણસેં છોકરાઓ પરીક્ષા પસાર કરવાના સ્તુત્ય હેતુથી મોજ માણી રહ્યા હતા.

તે વખતે વડોદરા કોલેજમાં છોકરાઓ ભણ્યા કરતાં કાં તો મોજ કરતા કે સ્વપ્નાં રચતા. અધ્યક્ષ—સદ્ગત કલાર્ક—ને કામ કરવાના શોખ કરતાં છોકરાઓમાં લોકપ્રિય થવાનું ગમતું. પ્રોફેસર તાપીદાસ—દયારામ કાકા—વયોવૃદ્ધ, ઘણી વાર તંબુરાના ગલેફ જેવા લેંઘા પર દક્ષીણી જોડા અડાવી ગણિત શીખવવાનું કામ કરતા; અને છોકરાઓ સમજ્યા છે કે કેમ તેના કરતાં સફેતાની ક્ચ્યર ક્લાસમાં રહી તો નથી ગઇ તેની ફીકર કરતા. બધા તેને ચહાતા; ને તે બધા વિદ્યાર્થીઓ ‹ કુટુંબના છોકરા જેવા ગણતા. એમનું "you see, young man!" દરેક વિદ્યાર્થી ટોળમાં, ચાળા પાડીને છતાં હેતથી બોલતો.

પ્રોફેસર શાહ-તત્ત્વજ્ઞાનની, તેજસ્વી,

ભાવનાશીલ પ્રેરણામૂર્તિ મરી ગયા હતા; પણ પ્રોફેસર મસાણી ને કાંગા કૉલેજમાં પંડીતાઇની ખાણ મનાતા. પણ જેની વિદ્વત્તાથી છોકરાઓનો ગર્વ માતો નહોતો તે અંગ્રેજીના પ્રોફેસર ઘોષ. કેટલાંક વર્ષો થયાં એ ગૃહસ્થમાં હતી એટલી બધી વિદ્યા કૉલેજમાં વધારે લાગવાથી ગાયકવાડ સરકારે તેમને પોતાના ખાનગી કારભારમાં રોકી લીધા હતા. પણ ચાર છ મહીને તે પાછા કૉલેજમાં થોડો વખત આવી જતા.

નાનકડા, ઠીંગણા નીચું જોઇ ચાલતા પ્રોફેસર ઘોષ છોકરાઓ જોડે સંસર્ગ રાખતા નહીં; અને અંગત લોકપ્રિયતાની પરવા કરતા નહીં. તે એવી નોટો લખાવતા કે જેથી છોકરાઓ ઝપ દઇને પરીક્ષા પાસ કરી જાય. એક વખત કૉલેજમાં વિવાદ થયો. "શાસનનું કયું સ્વરુપ સારું?" ઘોષ સાહેબ પ્રમુખપદે બેઠા. છોકરાઓએ Republic-લોકશાસનાત્મક રાજ્યતંત્ર શીવાય બીજા કોઇ પણ રાજ્યતંત્રને ઘડી વાર પણ ભૂતલ પર રાખવું નહીં એવો મક્કમ વિચાર દર્શાવ્યો. પ્રમુખે જનક ટેકરી કરી, અને 'નિયંત્રિત એક શાસન'–Limited monarchy–ની તરફદારી કરી. ત્યારથી વિદ્યાર્થીઓને મન તે ઉતરી ગયા. 'વેદીયા ઢોર'નો ઇલકાબ એમને લગભગ સર્વાનુમતે મળ્યો.

બંગભંગ પહેલાં વિદ્યાર્થીઓમાં બે પક્ષ હતા—એક સુધારક, ને બીજો સંરક્ષક પક્ષ. કૉલેજના કેટલાક આગળ પડતા ને હોંશીઆર છોકરાઓ—પ્રો. જગજીવન શાહની પ્રેરણાથી —સ્વાતંત્ર્યવાદી થયા હતા. થોડાક છોકરા વડોદરામાં નરસિંહાચાર્યના પંથના નેતા છોટાલાલ માસ્તરના બોધથી, ધર્મધુરંધર બની, જુના વિચારના ઇજારદાર બન્યા હતા. આ બે છાવણીઓની તકરાર ભણવામાં, જમવામાં, રમતગમતમાં, સંમેલનમાં, ભાષણોમાં, સ્કૉલરશીપ મેળવવામાં બધે ઉતરી હતી. એક વખત જાપાન ઉપર વિવાદ થયો ત્યારે પ્રો. ઘોષને સ્વાતંત્ર્યવાદીઓ પ્રમુખ તરીકે લઇ આવ્યા. પ્રમુખે સૂત્ર ઉચ્ચાર્યું કે વર્ણાશ્રમ ધર્મ સ્વતંત્રતાની આડે આવતો નથી; અને દાખલા તરીકે જાપાન રજુ કર્યું. એ અભિપ્રાયને સંરક્ષવાદીઓએ તાળીથી વધાવી લીધો. સ્વાતંત્ર્યવાદીઓ નિસ્તેજ બની ગયા, અને દેશી રાજ્યની નોકરીથી સારા માણસોની પણ શી દશા થાય છે તેનો શોચ કરવા લાગ્યા.

પણ આવા પ્રસંગો છતાં પ્રોફેસર ઘોષ વીશે અનેક દંતકથાઓ પ્રચલિત હતી; અને છોકરાઓ તે બધીજ દંતકથા દૃઢ શ્રદ્ધાથી ખરી માની તેના શબ્દને, આચરણને પૂજ્યભાવથી જોઇ રહેતા.

આમાંની કેટલીક દંતકથાઓ જાણવા જેવી હતી.

તે ભણતા ત્યારે દરેક પરીક્ષામાં પુરેપુરા માર્ક લાવતા. તેમણે સીવીલ સર્વીસની પરીક્ષા પાસ કરી ત્યારે દ્વેષી અંગ્રેજોએ તેમને જાણી જોઇ ઘોડા પર બેસવાની પરીક્ષામાં નાપાસ કર્યા. તેમને ત્રેવીસ ભાષાઓ આવડતી. તેમને ઘેર બાવન કબાટ ભરીને ચોપડીઓ હતી. તે રાતના ત્રણ વાગ્યા સુધી, મોઢામાં સીગાર રાખી દીવાની આસપાસ ચકર ચકર ફરતા ને વાંચતા. આ બધું સાંભળી ઉછરતાં હૃદયો ધાકથી બેસી જાય તેમાં કૈં નવાઇ?

પછી એક કથા આવી કે આબુ પર કોઇ ઋષિરાજે તેમને આશીર્વાદ દીધો. સંરક્ષકવાદીઓની છાતી દોઢ વહેંત ઉંચી આવી

કહેવાયું કે તેમણે સીગાર છોડી, માંસ છોડયું, પાટલુન છોડી. તેમણે સંધ્યા રવા માંડી–યોગસિદ્ધિ માટે પ્રયત્ન કરવા માંડયો. સ્વાતંત્ર્ય-વાદીઓ ડગમગવા લાગ્યા. કેટલાક કહેવા લાગ્યા કે તે કલાકો સુધી પ્રાણ રોધે છે. કેટલાક તેના શિષ્યોએ યોગબળે જમીનથી તેને એક હાથ ઉંચા જતા જોયા હતા. દંતકથાઓ વધતી ગઇ.

બેરીસાલ કોન્ફરંસમાં તે જઇને આવ્યા ને તેમણે ભાષણ આપ્યું. તેમાં રાષ્ટ્રધર્મનાં સૂત્રો તેમણે ઉચ્ચાર્યાં. કોલેજના બધા છોકરા ઘેલા થઇ ગયા.

વાત આવી કે પ્રોફેસર ઘોષ વડોદરાની નોકરી છોડે છે ને કલકત્તે દેશભક્તિ કરવા જાય છે. કોલેજમાં અરવિંદ ઘોષની ભક્તિ શીવાય બીજું કે કાઇ કરતું હોય એમ લાગતુ નહી.

આ કોલેજની પાછળ બોર્ડીંગમાં–છાત્ર ગૃહોમાં નેવુંએક છોકરા દર મહીને પાંચથી સાત રુપીઆના માસિક ખરચમાં સાદું પણ ભાવનામય જીવન ગાળવાનો બનતો પ્રયત્ન કરી રહેતા હતા; અને કોલેજના અધિકારી-ઓએ બને તેટલી બેદરકારી રાખવાની કળા હાથ કરી હોવાથી એ પ્રયત્નો ખાવામા, ગાવામાં, લગભગ ખોદાઇ ગએલા સીંધીઆ કોર્ટમાં તુટેલી નેટ બાંધી, પ્રીન્સીપાલે ભેટ આપેલા તુટેલા રેકેટ અને ફ્લેનલ ઉતરી ગએલા બોલથી ટેનીસ રમવામાં, ગપ્પાં મારવામાં, અને નજરમા આવે તેવાં સ્વપ્નો રચવામાં સફલતા પામતા.

૬

આ છાત્રગૃહમાં રાવ બહાદુર પ્રમોદરાય અને નામદાર જગમોહનલાલને લઇ ભાડુતી ગાડી આવી. બોર્ડીંગો નિર્જન જણાતી.

"કેમ કોઇ જણાતું નથી ?" પ્રમોદરાયે સવાલ કર્યો.

"આ પેલા ઘાટીને પુછીએ. શી–શી—" નામદારે બુમ પાડી. એક ઓરડીમાંથી એક ઘાટી ખભા પર છ સાત ધોએલાં ધોતીઆંની ગડીઓ મુકી ચાલ્યો આવતો હતો. તે સંપૂર્ણ બેદરકારીથી ગાડી તરફ આવ્યો.

"સુદર્શન પ્રમોદરાય કયાં છે તે ખબર છે?" પ્રમોદરાયે પુછ્યું.

"સકુભાઇ?"

"હા."

"તે નવા બોર્ડીંગમાં. રુમ નંબર વીસ" ઘાટીએ ગુજરાતીમાં જવાબ દીધો.

"કેમ કોઇ જણાતું નથી?" જગમોહન-લાલે પુછ્યું.

"પ્રોફેસર ઘોષ આહેના; તેનો ભાષણ છે. સકુભાઇ ત્યાં ગયો છે."

પેલા બંનેએ એક બીજાની સામે જોયું.

"ચાલ રુમ બતાવ" કહી પ્રમોદરાય ગાડીમાંથી ઉતર્યા. પાછળ નામદાર પણ ઉતર્યા. બંનેએ ગાડી ઉભી રાખી અને ઘાટીની પાછળ ચાલ્યા.

નવી બોર્ડીંગને પહેલે માળ પેલો ઘાટી આ બંનેને લઇ ગયો ને ૨૦ મા નબરની રુમ બતાવી. આગળ છાપરામાં ચાર રુમના આઠ લોખંડના ખાટલા પડયા હતા; અને દરેક રુમની સામે અકેકી ગોળી પડી હતી. રુમ વાસવાની કોઇએ તસ્દી લીધી નહોતી એટલે તેઓ રુમમાં ગયા. બે સ્ટવ, બે ટેબલ, બે ટ્રંક, બે દીવા, અને ભીંત પર એક પ્રોફેસર શાહની ને બીજી પ્રોફેસર ઘોષની છબી; આટલો સામાન આ રુમમાં હતો. પણ ધ્યાન ખેંચે એવી વસ્તુઓ તો ટેબલ પર પડેલા

પુસ્તકનો ઢગ હતો. કૈં પણ ગોઠવણ વિના તત્ત્વજ્ઞાન, સંસ્કૃત, ઇતિહાસ ને સાહિત્યનાં પુસ્તકોનો ઢગ પડ્યો હતો. એક ખુણે મેઝીનીની કૃતિઓનો એક ઢગ પડ્યો હતો. ખાટલા પર મીકેલેટનો 'ફ્રેંચ વિપ્લવ' ને બૅંક્રોફ્ટનો 'યુનાઇટેડ સ્ટેટ્સનો ઇતિહાસ' પડ્યાં હતાં. ગીઝોનું 'ઈગ્લીશ વિપ્લવ' ખાટલાના પગ આગળ ભોંય પર પડ્યું હતું.

"સુદર્શન શીવાય બીજા કોઇનું આ ટેબલ હોય નહીં" પ્રમોદરાયે જરાક ગર્વથી કહ્યું.

"ભયંકર વાંચનારો લાગે છે" જગમોહનલાલે પણ પુસ્તકોના સંગ્રહપરથી તે કરનારની બુદ્ધિની કીંમત કરતાં કહ્યું; "રાવબહાદુર! ત્યારે રાજાભાઇને ત્યાંજ ચાલો."

"ભાઇ! હું તો અહીંઆં બેસીશ. મારે પાછું રાતે તો જવું છે."

"જવું તો મારે પણ છે. એક કામ કરો. હું રાજાભાઇને ઘેર જાઉં ને તમે સુદર્શનને લઇ ત્યાં આવી પહોંચો. આપણે ત્યાં ભેગા જમીશું. ને એ બહાને સુદર્શન ને સુલોચના પણ મળશે. સુલોચનાની બાને પણ સુદર્શનને જોવો છે."

"હા!" પ્રમોદરાયે સહર્ષ કબુલ કર્યું; એનાથી રુડું શું?"

"છોકરો brainy લાગે છે." નામદારે કહ્યું; "જો તમે એને ન સમજાવી શકો, તો મને સોંપજો."

"અરે નહીં શું માને?" પ્રમોદરાયે ડોળા કાઢી કહ્યું.

જગમોહનલાલ હસ્યા, "લોકોને સમજાવવા હોય તો બેરીસ્ટરને કહેવું." પ્રમોદરાય પણ હસ્યા ને જગમોહનલાલ ગયા.

પ્રમોદરાયે રુમમાં ચારે તરફ જોવા માડ્યું. એક ખુણે હીંદુસ્થાનનો નકશો પડ્યો હતો. એક ખાનામાં સોપારી ને સુડી, અને લખેલા કાગળની થોકડીઓ પડી હતી. એ કાગળો કાઢી પ્રમોદરાયે જોવા માંડ્યા. દરેક થોકડી પર સુદર્શનના ઝીણા અક્ષરથી વિષયો લખ્યા હતા. વિષયો વાંચતાં રાવબહાદુરની છાતી બેસી જવા લાગી.

"એક રાષ્ટ્રભાષાનો પ્રશ્ન."

"સર્વવ્યાપી બોયકોટ."

"બોયકોટ પ્રવૃત્તિને એક હાથે કરવાની યોજના."

"શારીરિક વિકાસ."

"પરદેશીઓ પર જાપતો." ....

રેવેન્યુ ડીપાર્ટમેંટમાં જીંદગી ગાળી હોવાથી આ વિષયો વાંચતાં વાંચતાં રાવબહાદુરને પરસેવો આવ્યો. તેણે કાગળોમાં જોયું. તેમાં કૈં નિબંધ નહોતા—ભાષણો નહોતાં પણ આ યોજના પુરી પાડવા માટે શું પગલાં લેવાં તે લખ્યું હતું. એમણે આ છેલ્લી થોકડી લઇ વાંચવા માંડી. હીંદમાં પરદેશીઓ કેટલા છે, તેઓ શું કરે છે, તેમના પર ચોકી રાખવા કેટલા માણસ જોઇએ, તે ચોકી રાખનારાના સમૂહની કેવી વ્યવસ્થા થવી જોઇએ, પરદેશીઓની વિરાષ્ટ્રીય પ્રવૃત્તિ કેમ અટકાવાય—આ બધી વસ્તુ સાધવા શું પગલાં લેવાં, તે તેમાં દર્શાવ્યું હતું. વાંચતાં વાંચતાં રાવબહાદુરનું માથું ફરવા માંડ્યું. તેણે ચારે તરફ જોયું. પોતે બ્રીટીશ સામ્રાજ્યનો નીમકહલાલ સેવક અને આ તેનો દ્રોહી છોકરો! આનું પરિણામ શું આવશે? શું ઘરડે ઘડપણ છોકરો ધોળામાં ધુળ નાખશે? તેમના મગજમાં પીનલકોડની જુદી જુદી કલમો તરવરવા માંડી.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૨૩]

વસંત બોલ*

લેખક :

રા. ચંદ્રવદન ચીમનલાલ મહેતા.

૧

"તરુઘટા શિરે નિહાળ,
પ્રિયે! રૂડો વસંત કાળ,
વહાય દે! ન આંસુ ઢાળ,
ભુલું નહીં તને કદી.

૨

બધાય પાંદડા સખી!
ખરી જતાં તરુ થકી,
ફરી વળીશ હું નકી."
ગયો યુવાન એ વદી.

૩

પ્રભાતમાં જુએ બધા,
અધીર યૌવના સદા,
અરે! ખરી જશે કદા,
પીળાંજ પર્ણ આ થતાં!

૪

સહ્યો ન જાય ગ્રીષ્મ તાપ,
જપેછ હૈયું એક જાપ,
શૂન્યપર્ણ જોય શાખ,
વસંત કાળ વીતતાં.

૫

સુકાઇ પાંદડા ખરે,
પ્રેમ મૂર્તિને સ્મરે,
ફુલાઇ હોંસ એ ધરે,
'પધારશે હવે નકી.'

૬

પ્રસન્ન ચિત્ત કો સહવાર,
ઉમંગભેર વાર વાર
ગણ્યા રહેલ પર્ણ ચાર,
—વિચાર મૂઢ બાળકી!

૭

ખર્યું રહ્યું સબુજ એક,
મુખે છવાઇ હાસ્ય રેખ,
ઘડી પળો ગણે દરેક,
ઝરેછ આંસુ હર્ષનાં.

૮

ફર્યો ન એ થયું થવું,
બળેલ પાંદડા સમું
બળ્યું હવે શું જીવવું,
થઇ હતાશ યૌવના.

૯

વસંત એ વહી ગઇ,
ફર્યો યુવાન એક દી,
રહ્યો કિશોર એ નથી,
થયો હતો હવે પિતા

૧૦

હસી વદી "સ્મરેછ બોલ?"
"અહં, ભૂલ્યો ભૂલ્યોજ કોલ,
શું આજ વૃક્ષ-પર્ણ બોલ!"
દિલે જલાવી રે! ચિતા.

* વિષય માટે સરખાવો: Thomas Hardy નું એક કાવ્ય: "The Last Leaf."

ગુંદરીઆં

અથવા
નકામાં કંટાળો
આપનાર
મનુષ્યપ્રાણીની
ઓળખાણ

લેખક :
રા. મસ્તફકીર
સભ્ય, સાહિત્ય સંસદ

ચિત્રકાર:
રા. હરિલાલ ત્રિવેદી

તમને પુછવાની પણ પરવા કર્યા વિના તમારું છાપું વાંચવાનું શરુ કરે.

ગુંદરીયું' નામનું મનુષ્યપ્રાણી દરેક જણે જોએલુંજ હશે. દરેકને આ જાતની વ્યક્તિઓનો અનુભવ જાણે અજાણ્યે થાય છેજ. પરંતુ તેને કેમ દૂર કરવું, તેના સંકજામાંથી કેમ છુટવું, તેનો લાભ આપણી સગવડ સાધવા કેમ લેવો, એ બાબતની કેટલીક યુક્તિઓ આજે હું બતાવવા માગું છું.

પ્રથમ તો ગુંદરીઆંની વ્યાખ્યા કરીએ. આપણા સ્નેહી સંબંધી અને મિત્રો ગુંદરીઆં ન કહી શકાય. "ડાંગે માર્યાં પાણી જુદાં ન પડે" એ ન્યાયે જેની સાથે ગમે તેટલો કચવાએલો સંબંધ હોય છતાં તેઓથી તદન જુદા નજ થવાય એવાં સગાંઓ પણ ગુંદરીઆં ન કહી શકાય આપણા ગુજરાન માટે જેના આપણે આભારી હોઇએ એવા આપણા શેઠ કે ગ્રાહક કે કાર્ય સોંપનાર ગમે તેવો નિસ્તેજ, બુદ્ધિહીન, કે તોછડો હોય તોપણ તે ગુંદરીઆં ન કહી શકાય. અણીને સમયે, મધરાતે કામ આવનાર, મદદરૂપ થનાર, ઉપયોગી પાડોસી ગુંદરીઆંના નહીં પણ સ્નેહના વર્ગમાં આવી શકે છે, પણ બુદ્ધિશક્તિવાળો, જેના સાન્નિધ્યમાં આપણને કૈં નવું જાણવાનું, નવું શીખવાનું મળે, જેની હાજરીથી આપણા મનરુપી આકાશમાં 'છવાએલાં ચિંતારુપી વાદળાંઓ વીખરાઇ જાય એવો પાણીદાર દોસ્ત, ઓળખીતો કે સગો ગુંદરીઓ નહીં પણ સાકરીઓ કહેવાય.

નેતિ નેતિના ન્યાયે આપણે ગુંદરીઆં કોણ નહીં તે જોયું. હવે અસ્તિ અસ્તિના ન્યાયે (આવો ન્યાય શાસ્ત્રમાં ન હોય તો હોવો જોઇએ એવી મારી માન્યતા છે.) ગુંદરીઆ કોણ તે જોઇએ.

મને ઠંડા માટલા જેવાં મનુષ્યો નથી ગમતાં. તદ્દન શાંત મેઢાં જેવાં, જેની આંખમાં તેજ ન હોય, જેની વાણીમાં મીઠાશ ન હોય, જેના સ્વભાવમાં ઉપકારવૃત્તિ ન હોય એવા મનુષ્યોને હું ધીક્કારું છું. અંગ્રેજીમાં જેને Mental glow–પ્રતિભા–કહેવામાં આવે છે તેનાથી જે તદ્દન વિમુખ હોય તેવાને હું ગુંદરીઆં વિશેષણથી ઓળખું છું. પારસીઓમાં આવાં મનુષ્યપ્રાણીઓ માટે જુદું જ વિશેષણ છે અને તે "કાળામાંય ટાપલુ." મારે આ જાતનાં મનુષ્યો આપણને લેશપણ ઉપયોગી નથી હોતાં. પરોસી હોય તો અડી, ભીડી કે અડચણ સમયે આપણને બીલકુલ ઉપયોગમાં ન આવે. દોસ્ત, સ્નેહી કે સંબંધી હોય તો તે પણ માત્ર કહેવા પુરતાંજ હોય. આપણા જીવન વ્યવહારમાં જેની લેશમાત્ર ઉપયોગિતા નહીં, આપણા મનોરાજ્યમાં જેનું ક્યાંય પણ સ્થાન નહીં, આપણા મનોવ્યાપારમાં તેતો ક્યાંય વિક્રય નહીં, એવા ખોટા, બાબાશાહી રુપીઆ જેવા મનુષ્યો ગુંદરીઆંના વર્ગમાં આવે છે.

તેઓમાં જરા પણ ઉપકારવૃત્તિ હોય, તો તેઓને તમે ઉપયોગી ગણી ચલાવી લ્યો, પણ ગુંદરીઆં તો પુરેપુરા સ્વાર્થી હોય છે. સામાની સગવડ, લાભ કે લાગણીની તેને જરા પણ પરવા નથી હોતી. પોતાનું કાર્ય સાધવા–અરે કાર્ય નહીં પણ વખત વીતાડવાજ જે તમારી પાસ આવે છે. (ખરેખરું કાર્ય હોય તો તે ગુંદરીઆંના વર્ગમાંથી બાદ થાય છે.)

થોડાં દૃષ્ટાંતો લઇએ: તમારો કોઇ નિરૂપયોગી પાડોસી, હજી પ્રભાતમાં પથારીમાંથી તમે બેઠા પણ ન થયા હો તે સમયે જરા પણ પુછયા વગર કે નાઝીમતવાઝ વગર "કાં દાસ, ઉઠયા" એમ બોલતા તમને ચીડ ચઢે એવી રીતે હોઠીઆની દસવાળી બીડી ફુંકતા, ઓરડામાં ચાલ્યા આવે અને તમને પુછવાની પણ પરવા કર્યા વિના તમારું છાપું લઇ Regd. No. B. ત્યાંથી વાંચવાનું શરુ કરે, અને તે પણ ગોખલામાં માખી ગણગણતી હોય તેવા ચાલુ ગુંગણા અવાજથી. તમે પથારી સંકેલો ત્યારે બીજી બાજુ બેસે. તમે નિત્યકર્મમાંથી પરવારો, ચા નાસ્તાને ઇન્સાફ આપો, નાહવા ધોવાની તૈઆરી કરો તોપણ એ પ્રાણી તો જ્યાં ચોટયું ત્યાં ચોટયુંજ. વિવેકની ખાતર ચાતો તમારે આપવોજ પડે. તમને ઘણો કંટાળો આવે; એને પતાવવા તમે એની સાથે બોલો નહીં. ઓરડામાં બીજી કૈં પ્રવૃત્તિ લઇ બેસો, તમારાં પત્ની પણ તેને ટાળવા "ઓધાભાઇ! જરા બાજુ બેસો, મારે સાંજવારી કાઢવી છે" કરી ઓરડામાં આમથી તેમ અને તેમથી આમ બેસારે. તે દસ વખત સ્થાન બદલે પણ ખસે તો નહીંજ. આખરે તમે "કંટાળીને તમારું છાપુ તમે પોતેજ વાંચ્યા વગર શાક લેવા જાઓ અને પાછા આવો ત્યારે પણ તમારા કંટાળાને તાજો કરવા એ ગૃહસ્થ જ્યાં ને ત્યાં બેઠાજ હોય. આખરે ઓફીસમાં જવાનો સમય થતાં તમે રસોડામાં પધારો પણ "ડાણે છાપું" ત્યાં સુધી છાપું વાંચ્યા સુધી છોડયા વિના અંતે ગમે ત્યાં ફેંકી, આળસ મરડી, બગાસું ખાઇ તમને આપેલી તકલીફ માટે એક પણ ઉપકારનો શબ્દ

ઉચ્ચાર્યા વિના વિદાય થાય તેનું નામ "ગુંદરીઓ."

ઉપર આપણે ગૂઢ ગુંદરીઆની વ્યાખ્યા કરી—અરે ઓળખાણુ આપી. હવે ઓરીસ ગુંદરીઆને ઓળખીએ. ઓરીસ ગુંદરીઉ બનતાં સુધી બેકાર હોય છે અને ખાસ કરીને તે સમય વ્યતીત કરવા માટેજ અને બનતાં સુધી ચા પીવાના સમયેજ તમારી પાસે આવે છે. તેને કંઈ કામ હોય તો તો પછી તેની ઉપયોગિતા થઇ, એટલે તે "ગુંદરીઆં"ના વર્ગમાંથી નીકળી જાય. પણ એ તો તદ્દન નકામુંજ પ્રાણી હોય છે.

"કાં બેઠા!" એવો ટહુકો કરતું એ બેધડક તમારા ખાનગી આવાસમાં ચાલ્યુ આવે. તમને પુછ્યા ગાછ્યા વગરજ વસ્તુઓ આમ તેમ મુકી, એકાદ ખુરશી ખેંચી લઇ ખુણામાં અથવા તો બરોબર તમારી સામેજ બેસે અને બગાસું ખાઇ તમારા ટેબલ પર કંઈ છાપું કે માસિક પડ્યું હોય તો તે અને તે નહીં હોય તો બેધડક તમારા કાગળો વાંચવા માંડે.

તમે બહુજ રોકાએલા હો, વીલાયતનો મેલ મોકલવાના દિવસ હોય. શેર બજાર ને રુ બજારમાંથી તમારા ઉપર ટેલફોન ને ટેલીફોન આવતા હોય, અને બહાર ગામના આડ્તોના તારનાં ઢગલા ટેબલ ઉપર જમા થતા હોય. વેપારીઓ અને દલાલોનાં ટોળે ટોળાં તમારી મુલાકાત માટે આવ્યાજ કરતાં હોય, કામના બોજા તળે કચડાએલા, તમે અકળાએલા, ગભરાએલા, હાંફળા ફાંફળા, અસ્વસ્થ હો. જ્યાં પેલા પ્રાણીને તમારી પર જરા ધ્યાન ન આવે. તે તો જ્યાં ચોટ્યું હોય, ત્યાં નીરાંતે બેસીજ રહે. અને આજુબાજુની ધમાધમથી જેને જરા પણ અસર ન થતી હોય, એવા કોઇ વિરક્ત સન્યાસીની માફક, પોતાનું વાચન ચાલુજ રાખે.

"લ્યો હવે હું જઇશ."

તમે તેને ટાળવા, ચાનો પ્યાલો મંગાવો. જરા પણ ઉપકારવૃત્તિ બતાવ્યા વગર જાણે એ તો તેનો જન્મ સિદ્ધ હક્ક હોય, તેમ તેને ગુપચુપ ઇન્સાફ આપી દે અને આખરે કંટાળી "મી. ઠક્કુરશા! મારે મી. માણેકલાલ જોડે જરા ખાનગી વાત કરવી છે, તમે જરા બહાર બેસશો?" એમ જ્યારે તમે તેને કહો, ત્યારેજ એ ઉભું થઇ, આળસ મરડી, બગાસું ખાઇ, બેઉ હાથનાં હમે આંગળાની ટચાકડી

ફોડીને, "લ્યો હવે હું જાઇશ" એમ કહી જાય તેનું નામ "ઓફીસ ગુંદરીઓ."

કેટલાંક ઓફીસ ગુંદરીઆં તો ઓફીસ ઉઘડતાંજ તમારી પાસે આવી છેક સાંજે ઓફીસ બંધ થતાંજ ઘેર જાય. કેટલાંક એવાં પ્રાણીઓ તો આજુબાજુ ગમે તેટલું કામ ચાલતું હોય, તમે ગમે તેટલા રોકાએલા હો, છતાં તમારી ટેબલની પાસે પડેલી આરામ ખુરસી પર ઘસઘસાટ ઉંઘી શકે.

એવી રીતે "દુકાનનાં ગુંદરીઆં" "કારખાનાનાં ગુંદરીઆં," રવિવારે કે રજાને દિવસે આવતાં "ગુંદરીઆં" રાત્રે મળવા આવતાં 'ગુંદરીઆં,' એવાં જાત જાતનાં ગુંદરીઆંઓ આવે છે.

રવિવાર કે રજાનું ગુંદરીઉં તો ભારે ત્રાસ સમાન થઇ પડે છે. બપોરે જમીને જરા આડે પડખે થવા તૈઆરી કરો, છ દિવસની દોડાદોડ પછી સાતમે દિવસે જરા બપોરે ઘેર આરામ લેવા વિચાર કરો, અથવા તો બાળ-ગોપાળ સાથે આનંદ લેવા વિચાર કરો ત્યાં "કેમ છો, કાં શું કરો છો?" એમ કહેતુ તે ચાલ્યું આવે. તમારી પથારી ઉપરજ બેસી જાય કે તમારે બેઠાજ રહેવું પડે. તમે જરા ખબર અંતર પુછો, તેનો વધુ સત્કાર કરવા પાણીનો કળશ્યો આપો, પતાવવા પાનસોપારીની રકાબી આગળ ધરો, અને આડકતરી રીતે ઇશારો કરી દો કે તમને અઠવાડીઆમાં આજ દિવસ આરામનો મળે છે. તમે બગાસું ખાઓ, તેની જોડે વાત ન કરો, કંટાળા સૂચક જાત જાતના આવિર્ભાવો મુખ પર સ્પષ્ટ પદર્શિત થવા દો છતાં જે ન ઉઠે તે "ગુંદરીઉં."

દુકાનોના ગુંદરીઆંએએ સંખ્યાબંધ દુકાનદારોને નાદાર કર્યાની કલ્પના શું આપણે નથી કરી શકતા? દુકાન, સ્ટોર કે દવાખાનામાં બે ચાર ગુંદરીઆંઓની હાજરીથી ખરા ઘરાકો ભડકી નાસી જતાં પરિણામે ગલ્લામાં વકરાનો પ્રવાહ કમી થતાં, કાળે કરીને દુકાનદાર કે દવાખાનું રાખનારને દેશ ભાગી જવું પડે, એવા દાખલાઓ આપણે શોધવા જઇએ તો શું ન મળી શકે?

રાતનું ગુંદરીઉં તો આ ઉપર જણાવેલાં સર્વ ગુંદરીઆંઓ કરતાં ચાર આસણી વધે આપણા સુવા ટાણેજ તે આવે. પાણી આપીએ, પાનસોપારી આપીએ કદાચ ચહા કાશી કે કોકો પણ કરી આપીએ, અને સ્પષ્ટ સૂચન કરીએ કે, "ભાઇ બહુ મોડું થયું." છતાં જેની નિર્માલ્ય વાત પુરી ન થાય અને પારણામાં સુતેલું બાળક તેના ગણગણાટથી ઝબકીને જાગે, અને નવા આવનાર માણસને આપણે ઘરના માલીક છીએ કે તે એવી શંકા થાય; આપણાં પત્ની અર્ધ ક્રોધથી ને અર્ધ નિંદ્રાથી લાલ આંખ કરીને, "મારી દોણી વાટ જોતી હશે, હવે તો સીધાવો" એમ કહે તોપણ ઉભું થવાની જેને બુદ્ધિ ન હોય, એવા દુષ્ટ ગુંદરીઆને તો તે જ્યાં બેઠું હોય ત્યાંજ ગરદન મારવું જોઇએ.

હવે ગુંદરીઆંઓનો કેમ નીકલ લાવવો એના ઉપાયો તમને બતાવું. માંકડ અને મચ્છર નાબુદ કરવા માટે ખાસ દવાઓ આવે છે. ઉંદરો માટે જાતજાતની યુક્તિ-પ્રયુક્તિવાળાં પાંજરા હોય છે. કુતરા બીલાડાં

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૧૭]

સીમંતિની*

લેખક:
સ્વ. બોટાદકર

ચિત્રકાર:
રા. પ્રતાપ શર્મા

(શંકરાભરણ)

ભવ્ય રસઝરણથી હૃદયને રેલતો,
આજ સીમંતનો સમય શોભે;
નવલ એ ભાગ્યને ઝીલતાં કુલજનો
વીંઝણાં હસિત કર સંગ ડોલે — ભવ્ય.

અજબ આલસ્યવશ અમિત સીમંતિની,
જગતનાં નયન રહી એક રોકી;
વિવિધ કુલસુંદરી વૃંદ વેષ્ટન વતી,
અપરિચિત કૈંક આસ્વાદ લેતી — ભવ્ય.

ગહન ધૈર્યભર્યાં વિહિન પળપળ થતાં,
સભર અર્ધપણાં નયન ફરતાં;
શું નવા સ્વપ્નને અંતરે સેવતાં,
કાંઈ અવલોકતું એ ન કરતાં — ભવ્ય

રક્ત મુખકમલ કૈં નવલરસ સિંચને,
અવનવી મધુરતા આજ ધારે;
ઉછળતા હૃદયની લલિત લહરિ ભરી,
સોણ મહીં રક્તિમા રમ્ય રાજે — ભવ્ય.

ફોડીને, "લ્યો હવે હું જાઉંછું" એમ કહી જાય તેનું નામ "ઓફીસ ગુંદરીઓ."

કેટલાંક ઓફીસ ગુંદરીઆં તો ઓફીસ ઉઘડતાંજ તમારી પાસે આવી છેક સાંજે ઓફીસ બંધ થતાંજ ઘેર જાય. કેટલાંક એવાં પ્રાણીઓ તો આજુબાજુ ગમે તેટલું કામ ચાલતું હોય, તમે ગમે તેટલા રોકાએલા હો, છતાં તમારી ટેબલની પાસે પડેલી આરામ ખુરસી પર ઘસઘસાટ ઉંઘી શકે.

એવી રીતે "દુકાનનાં ગુંદરીઆં" "કારખાનાનાં ગુંદરીઆં," રવિવારે કે રજાને દિવસે આવતાં "ગુંદરીઆં" રાત્રે મળવા આવતાં 'ગુંદરીઆં,' એવાં જાત જાતનાં ગુંદરીઆંઓ આવે છે.

રવિવાર કે રજાનું ગુંદરીઉં તો ભારે ત્રાસ સમાન થઇ પડે છે. બપોરે જમીને જરા આડે પડખે થવા તૈયારી કરો, છ દિવસની દોડાદોડ પછી સાતમે દિવસે જરા બપોરે ઘેર આરામ લેવા વિચાર કરો, અથવા તો બાળ-ગોપાળ સાથે આનંદ લેવા વિચાર કરો ત્યાં "કેમ છો, કાં શું કરો છો?" એમ કહેતું તે ચાલ્યું આવે. તમારી પથારી ઉપરજ બેસી જાય કે તમારે બેઠાજ રહેવું પડે. તમે જરા ખબર અંતર પુછો, તેનો વધુ સત્કાર કરવા પાણીનો કળસ્યો આપો, પતાવવા પાનસોપારીની રકાબી આગળ ધરો, અને આડકતરી રીતે ઇશારો કરી દો કે તમને અઠવાડીઆમાં આજ દિવસ આરામનો મળે છે. તમે બગાસુ ખાઓ, તેની જોડે વાત ન કરો, કંટાળા સૂચક જાત જાતના આવિર્ભાવો મુખ પર સ્પષ્ટ પદર્શીત થવા દો છતાં જે ન ઉઠે તે "ગુંદરીઉં."

દુકાનોના ગુંદરીઆંઓએ સંખ્યાબંધ દુકાનદારોને નાદાર કર્યાની કલ્પના શું આપણે નથી કરી શકતા? દુકાન, સ્ટોર કે દવાખાનામાં બે ચાર ગુંદરીઆંઓની હાજરીથી ખરા ઘરાકો ભડકી નાસી જતાં પરિણામે ગલ્લામાં વકરાનો પ્રવાહ કમી થતાં, કાળે કરીને દુકાનદાર કે દવાખાનું રાખનારને દેશ ભાગી જવું પડે, એવા દાખલાઓ આપણે શોધવા જઇએ તો શું ન મળી શકે?

રાતનું ગુંદરીઉં તો આ ઉપર જણાવેલાં સર્વ ગુંદરીઆંઓ કરતાં ચાર આસણી વધે આપણા સુવા ટાણેજ તે આવે. પાણી આપીએ, પાનસોપારી આપીએ કદાચ ચહા કાફી કે હોકો પણ કરી આપીએ, અને સ્પષ્ટ સૂચન કરીએ કે, "ભાઇ બહુ મોડું થયું." છતાં જેની નિર્માલ્ય વાત પુરી ન થાય અને પારણામાં સુતેલું બાળક તેના ગણગણાટથી ઝબકીને જાગે, અને નવા આવનાર માણસને આપણે ઘરના માલીક છીએ કે તે એવી શંકા થાય; આપણાં પત્ની અર્ધ ક્રોધેથી ને અર્ધ નિંદ્રાથી લાલ આંખ કરીને, "મારી દેનણી વાટ જોતી હશે, હવે તો સીધાવો" એમ કહે તોપણ ઉભું થવાની જેને શુદ્ધિ ન હોય, એવા દુષ્ટ ગુંદરીઆને તો તે જ્યાં બેઠું હોય ત્યાંજ ગરદન મારવું જોઇએ.

હવે ગુંદરીઆંઓનો કેમ નીકાલ લાવવો એના ઉપાયો તમને બતાવું. માંકડ અને મચ્છર નાબુદ કરવા માટે ખાસ દવાઓ આવે છે. ઉંદરો માટે જાતજાતની યુક્તિ-પ્રયુકિતવાળાં પાંજરા હોય છે. કુતરા બીલાડાં

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૧૭]



પ્રસન્નવદન

લેખક :

સૌ. બહેન લીલાવતી,

સભ્ય, સાહિત્યસંસદ્.

ચિત્રકાર :

રા. રવિશંકર રાવળ.

પ્રસન્નવદન સુખી અને સંતોષી હતા. વરંડાની આરામચેર પર પડ્યાં ડ્યાં ઉંચે ચઢતાં ગુંછળાંઓને, કે એમાંથી ઉં તત્ત્વજ્ઞાન જડતું હોય એમ એ જોઇ રહ્યા તા. આજે એમની ચાલીસમી વર્ષ ગાંઠ ની. એમની સુંદર નવી પત્ની આમતેમ રી બધો કારભાર કરતી. તેની ગતિથી હવામાં ડની સુંદર રેખાઓને જોતાં એમને અપૂર્વ ખનું સંવેદન થતું.

ઉંચે ચઢતાં ધૂમ્રના ગોટા એમના પાછલા જીવનની આકૃતિઓ રચતા હોય તેમ થઇ રને દૂર જતાં અને ઝાંખાં થઇ જતા. એ આકૃતિઓમાં શોક કે દુઃખનાં બીહામણાં સ્વરુપો નહોતાં રચાતાં, પણ એક અખંડ સુખમય જીવનની માળા સમા એમના ખંડોમાંથીએ એક અખંડ માળા બન્યે જતી.

અને પ્રસન્નવદનના જીવનમાંએ કદી શોક કે દુઃખને અવકાશ નહોતો મળ્યો. શ્રીમંત પિતાના તેઓ પુત્ર હતા, અને જામી ગએલા વ્યાપારમાંથી એમની લક્ષ્મીએ કદીએ અચલતાનો ભાવ નહોતો બતાવ્યો. એમની બાળક વયમાં પરણેલી પ્રથમ પત્નીએ એમને સદાએ દેવ સમા પુજ્યા હતા, અને એનાથી એ સુખી થયા હોય કે નહીં પણ દુઃખી તો નહોતાજ થયા. એમની પાંત્રીસ વર્ષની વયે બે પરણેલી

પુત્રીઓને મુકી એ દેવગત થઇ ત્યારે પણ એમને શિર કશીએ જોખમદારી એ નહોતી મુકી ગઇ. અને મોટી ઉંમરે પકવ થએલી એમની રસવૃત્તિએ સોહામણી ને સુકુમાર સુંદર વહુને શોધી કાઢી ત્યારથી સ્વર્ગ એમને માત્ર એજ તસુ ઉંચે હોય એમ લાગતું. એ વર્ષે સુંદર વહુને પુત્ર સાંપડયો. બુદ્ધ ભગવાનના દુઃખના અભાવ કરતાંએ વધારે સુખની પરાકાષ્ઠા હવે તો પ્રસન્નવદનને સાંપડી. નિરોગી શરીર અને લક્ષ્મીનો પ્રસાદ; સુશીલ પત્નિ અને આંખ ઠારે એવાં સંતાન; આથી વધારે માણસને સુખી કરવાને શું જોઇએ?

આજે વર્ષગાંઠ નિમીત્તે પ્રસન્નવદને થોડાક મિત્રોને રાતના જમવા તેડ્યા હતા. હજુ તો માત્ર ચારેકજ વાગ્યા હતા સાંજના સુંદરને અને પ્રબુદ્ધને લઇ એ ઓસ્ટ્રેલીઅન ઘોડાની ગાડીમાં તેમણે ફરવા જવાનો વિચાર કર્યો હતો. સુંદર વહુને શણગારવાને એમણે ગઇ કાલે પોતેજ પસંદ કરીને સુંદર મોરપીંછ રંગની બનારસી સાડી અને તેમાંજ ભળે એવી સરસ ચોળી લઇ આવ્યા હતા. સુંદરને સ્વચ્છ હીરાના અલંકારો સાથે એ બધું કેવું શોભશે એનું એક માનસિક ચિત્ર તેઓ અત્યારે મનમાં દોરી રહ્યા હતા.

વિચારમાંને વિચારમાં એમની દ્રષ્ટિ દૂરથી બંગલાના બગીચામાં પેસતી કોઇક માનવ આકૃતિ પર પડી. એમને રેખાઓ કૈંક પરિચિત લાગી અને જરા પાસે આવતામાં તો એ આકૃતિને એમણે ઓળખી કાઢી. "ગૌતમ! એ અહીંઆં કયાંથી?"

આવનાર મનુષ્ય પોર્ટીકોમાં થઇ બંગલાનાં પગથીઆં ચઢયો. ચઢતાં ચઢતાં તેની અને પ્રસન્નવદનની આંખો મળી. "પ્રસન્નવદન! આવું?" તેણે શાંત સ્વરે પુછ્યું; પણ પ્રસન્નવદન કૈં જવાબ દે તે પહેલાં તો એ ઉપર આવીને ઉભો.

પ્રસન્નવદનના મુખ પર ગુંચવાડો સ્પષ્ટ હતો. "ગૌતમ! તું? અહીંઆં કયાંથી?" એમણે કૈંક કડક રીતે પુછ્યું.

"હા, હુંજ. પ્રસન્નવદન! ખબર નથી આજે તારી વર્ષગાંઠ છે ને!" જાણે પ્રસન્નવદન પોતેજ એની વર્ષગાંઠ ભુલી ગયો હોય એમ આવનારે જરાએ અસ્વસ્થતા વિના પુછ્યું.

"હા, મને ખબર છે. પણ મેં તારી આશા આજે નહોતી રાખી."

"કેમ? પણ અંદર ચાલ, આપણે નીરાંતે વાતો કરીએ."

પ્રસન્નવદનને પણ આ સુચના પસંદ પડી. કોઇ ગૌતમને અત્યારે અહીંઆં જુએ તે તેમને પણ ગમતું નહોતું. "હા, ચાલ." તેણે ગૌતમને પોતાના બેસવાના ખંડમાં દોર્યો. ત્યાં વગર રજાએ ભાગ્યેજ કોઇ આવતું. જતાં જતાં એમણે બારણાં દીધાં. "કહે હવે તું કેમ અત્યારે અહીંઆં આવ્યો?" તેમણે અકળામણમાં હોય એવા સ્વરે પુછ્યું.

ગૌતમે એ શોકપૂર્ણ આંખો તેમના પર ઠેરવી. "પ્રસન્નવદન! તું પણ મને તારે ઘેર આવવા લાયક નથી ધારતો?" તેના અવાજમાં મૃદુતા અને કંપ હતાં.

"પણ પેલા બનાવ પછી—" પ્રસન્નવદને જરા અચકાતાં અચકાતાં કહ્યું.

"તને મારી બધી વાત ખબર છે? તે વગર તું મને દોષ કેમ દઇ શકે? ને આપણી બાળપણની દોસ્તીને ખાતર પણ તેં મને ન્યાય નહીં આપ્યો?" તેની આંખમાં ઠપકો હતો.

ભર ઉંઘમાંથી અચાનક એક કારમી ચીસ સાંભળી હું જાગ્યો, અને મને પુરું ભાન આવે તે પહેલાં તો એ ચીસને આધારે હું પથારીમાંથી સફાળો કુદી દોડ્યો.

"હું બહાર દોડ્યો અને જોડેના અર્ધ ખુલ્લા દ્વારમાંથી જોયું તો પેલો રાક્ષસ પેલી બાળાની ગળચી પકડી કંઈક કબુલ કરાવતો હતો. તેના એક હાથમાં છરો હતો અને તેના વીકરાળ સ્વરુપ પરથી દેખાતું કે જો એ કહે તે એ બાળા નહીં કરે તો બીજીજ ક્ષણે એ છરો એને જરુર ઘોંચી દેવાનો. આ અવસ્થામાં કોઇ પણ માણસ શું કરે? હું દોડ્યો અને પેલા પુરુષનો છરાવાળો હાથ મેં પાછળથી પકડી લીધો. બીજીજ પળે મને એક ભયંકર વિચાર આવ્યો. આ નરરાક્ષસના પંજામાંથી આ બાળાને છુટી કરી હોય તો? એ વિચાર એ ક્ષણે કેમ આવ્યો તે હું કહી શકતો નથી. કદાચ એ બાળાના ફટકી ગએલા દેખાવે એ વિચાર મારામાં પ્રેર્યો હોય કે કદાચ એની રોજની નિરાધારતા અને એના પેલા બે દયામણાં ચક્ષુઓએ મને એ કામ કરવા પ્રેર્યો હોય; પણ બીજીજ પળે એના હાથ વાળી એનાજ શરીરમાં એ છરી મેં ઘોંચી દાધી."

છેલ્લું વાક્ય બોલતાં બોલતાં ગૌતમની આંખે અંધારાં આવ્યાં અને પેલા પુરુષનુ પ્રેત નજર આગળજ જોતો હોય એમ એને કમકમાં આવ્યાં. પ્રસન્નવદનના વદન પર પણ કમકમાટ અને ગ્લાનિ બંને છવાઇ રહ્યાં.

"ત્યારે તેં એ ખુન જાણી જોઇનેજ કર્યું તો ખરુંજને?"

પ્રસન્નવદનના આ પ્રશ્ને ગૌતમ કોઇ ખરાબ સ્વપ્નમાંથી જાગતો ચમક્યો અને તેણે ટગરટગર પ્રસન્નવદન સામે જોયું. અને ધીમેધીમે દરેક શબ્દો છુટા પાડતો તે બોલ્યો. "હા. એ ખુન મેં કર્યું. જાણી જોઇને કર્યું. પણ તેનો તું મને દોષ દેશે? એ વખતે એ એટલો છેડાએલો હતો કે મેં એને નહીં માર્યો હોત તો મને કે પેલી બાળાને બેમાંથી એકને તો એ જરુર મારતે. પછીની કેટલીક વાત તો તું જાણે છે. તરતજ આસપાસના પડોસીઓ આ ધમ્માચકડી સાંભળીને ત્યાં આવી પહોંચ્યાં. 'ખુન'ની બુમ પડી કે થોડી વારે પોલીસ પણ આવી પહોંચી. પણ કોરટમાં તારી વખતસરની મદદને લીધે અને પુરાવાની ગેરહાજરીમાં પેલી બાળાને બચાવ તાંજ ખુન થયું હતું એમ પુરવાર થવા હું છુટી ગયો."

"પણ તે પછીનું તારું કૃત્ય તને ગુ હગાર નહીં હોય તોપણ ગુનેહગાર ઠરાવવા પુરતુજ હતું. ખુન કરવા કરતાંએ વધારે નામોશી તો મેં તેથીજ વહોરી લીધી."

"પેલી બાળા સાથેનાં મારાં લગ્ન?" કે બીચારી નિરાધારને મેં આશ્રય આપ્યો તે માટે તો તારે મને ધન્યવાદ આપવો જોઇએ"

"ધન્યવાદ?" પ્રસન્નવદનનો પીત્તો હવે ખરેખરો ઉકળ્યો. "તું એમ સમજે છે કે એ કોણ હતી તે કોઇ જાણતું નથી? ઘેરથી નાસી આવેલી વિધવા અને એક છાકટા માણસ સાથે રહેલી; તેને તું પરણ્યો તેમ તારી અમે બધાં પ્રશંસા કરીએ? કોણ જાણે બીજુંએ એણે શું શું કર્યું હશે!"

પ્રસન્નવદન બોલતાં તો બોલ્યો. પણ ગૌતમના મુખ પર અગાધ દુઃખની રેખા પથરાએલી જોઇ ને તે પસ્તાયો. તેના મન એ સ્ત્રી માટે ગમે તેવો અભિપ્રાય હોય ગૌતમની તો તે હવે પત્ની થઇ હતી. પે

એના કૃત્યને તીરસ્કારતો હતો પણ એના મુખે-એક વારના બાળગોઠીઆનેજ મુખે—આમ કહી દુભવવાનું તેને ઘણુંજ અસહ્ય લાગ્યું. પણ બોલાયો બોલ પાછો કેમ ખેંચી લેવાય?

ગૌતમે મહા પ્રયત્ને પોતાની લાગણીઓ વશ કરી. "ભાઇ! તું ગમે તે કહે. તું સત્ય નથી જાણતો એટલે તને બધુંજ કહેવાનો હક્ક છે. પણ તું જાણે છે કે એ બાળા કોણ છે? એક વિધવા ખરી, પણ કેવી વિધવા? બાલપણમાં નવ વર્ષની વયે વિધવા થઇ. બારમે વર્ષે સંસારની ઘાણીમાં પીલાવા મોકલાએલી વિધવા. એના ઉપર ત્યાં શી શી ક્રૂરતાઓ વીતતી તે તું જાણે છે? એ ક્રૂરતાઓમાંથી છુટવા એ ત્યાંથી નાસી છુટવા ગઇ પણ તેમ કરતાં ખોટા વચનથી ભોળવાઇ એક પાપી પુરુષને પલ્લે એ પડી. અને ત્યાં એણે શું શું ખમ્યું છે તે તો મેં નજરોનજર જોયું છે. તે દિવસે પેલો એને કેમ મારી નાખતો હતો એ તને કયાં ખબર છે?

"કેમ?", પ્રસન્નવદનને જિજ્ઞાસા નહોતી છતાં સભ્યતાને ખાતર દેખાડવી પડી.

"એના પાપનાં બીજને ફળ આવવાનાં હતાં તેમાં. એ એને ગર્ભપાત કરવાનું સુચવતો હતો. પેલી બાલા—હવે તો મારી નીર્મળા—એમ કરવાની ના પાડતી હતી. એના હૃદયમાંથી માતૃત્વના પવિત્ર અંશો કચરાઇ નહોતા ગયા"

"અને તું એવી ગર્ભવતી વિધવાને પરણ્યો!" પ્રસન્નવદને અત્યંત કમકમાટથી પુછ્યું.

"નીર્મળાના બાળકને કોઇ પિતા જોઇએ-ને! તેણે શાંતિથી જવાબ દીધો. મેં એનો સ્વીકાર ન કર્યો હોત તો એ શું કરત? આપઘાત કરત કે વધારે પતિત થાત. મેં એને—મારી નીર્મળાને એવી અધમતાની ખો આગળથી ખેંચી લીધી. બદલામાં એણે એટલાં પૂજ્યભાવ ને પ્રેમ અર્પ્યાં છે કે મને તેનો પરતાવો નથી થતો."

પ્રસન્નવદનને શંકાનો એક બોંબ નાંખવા-નું—'શી ખાત્રી' એટલું કહેવાનું મન થયું પણ તેણે તે રોક્યું. તેણે ફરી ઘડીઆળ સામે જોયું, પોણા છ તો થઇ ગયા હતા. તેના મુખ પર અધીરાઇનાં ચિહ્ન દેખાયાં. ગૌતમે પણ આ વખત તો તે જોયાં અને તેણે કહ્યું; "ભાઇ! મારી વાત પુરી થવા આવી છે માત્ર મારે તને એકજ વીનંતી કરવાની છે તું સ્વીકારશે?"

"તારે પૈસા જોઇએ છે?" પ્રસન્નવદને કૈંક ઉતાવળથી પુછ્યું.

"જોઇએ છે પણ મારે તે લેવા નથી. મારે તો કૈં બીજુંજ માગવું છે. ભાઇ! નીર્મળાને થોડા દિવસ તારે ઘેર રાખશે?" આતુર આંખે તેણે તેના સામે જોયું.

"મારે ઘેર?" આભો બનતો હોય એમ પ્રસન્નવદને કહ્યું.

"હા, ભાઇ તારે ઘેર." શબ્દો પર ભાર મુકતાં મુકતાં ગૌતમે કહ્યું. તેના અવાજમાં દયામણાપણું હતું. તેની આંખોમાં આકાશનું મહાત કરે એવું તેજ હતું. "તું જાણે છે કે મારી નોકરી તો ગઇ. અને આ શહેરમાં મને હવે કોઇ રાખવાને ભાગ્યેજ તત્પર થાય. મારી પાસે હવે જીવવા જેટલાં થોડાંજ સાધનો રહ્યાં છે. મારો વિચાર કોઇ દૂરને સ્થળે જઇ કૈંક નોકરી કે કામ શોધી કાઢવા-નાં છે. પણ એ ભટકતી જીંદગીમાં નીર્મળાને હું કયાં લઇ જાઉં? પ્રસન્નવદન! કૈંક કામ મળશે કે હું એને તરત બોલાવી લઇશ. પણ તેટલો સમય તું તારે ઘેર એને નહીં રાખે?"

ભર ઉંઘમાંથી અચાનક એક કારમી ચીસ સાંભળી હું જાગ્યો, અને મને પુરું ભાન આવે તે પહેલાં તો એ ચીસને આધારે હું પથારીમાંથી સફાળો કુદી દોડ્યો.

"હું બહાર દોડ્યો અને જોડેના અર્ધ ખુલ્લા દ્વારમાંથી જોયું તો પેલો રાક્ષસ પેલી બાળાની ગળચી પકડી કૈંક કબુલ કરાવતો હતો. તેના એક હાથમાં છરો હતો અને તેના વીકરાળ સ્વરુપ પરથી દેખાતું કે જો એ કહે તે એ બાળા નહીં કરે તો બીજીજ ક્ષણે એ છરો એને જરુર ઘોંચી દેવાનો. આ અવસ્થામાં કોઇ પણ માણસ શું કરે? હું દોડ્યો અને પેલા પુરુષનો છરાવાળો હાથ મેં પાછળથી પકડી લીધો. બીજીજ પળે મને એક ભયકર વિચાર આવ્યો. આ નરરાક્ષસના પંજામાંથી આ બાળાને છુટી કરી હોય તો? એ વિચાર એ ક્ષણે કેમ આવ્યો તે હું કહી શકતો નથી. કદાચ એ બાળાના ફટકી ગએલા દેખાવે એ વિચાર મારામાં પ્રેર્યો હોય કે કદાચ એની રોજની નિરાધારતા અને એના પેલા એ દયામણાં ચક્ષુઓએ મને એ કામ કરવા પ્રેર્યો હોય; પણ બીજીજ પળે એનો હાથ વાળી એનાજ શરીરમાં એ છરી મેં ઘોંચી દીધો."

છેલ્લું વાક્ય બોલતાં બોલતાં ગૌતમની આંખે અંધારાં આવ્યાં અને પેલા પુરુષનુ પ્રેત નજર આગળજ જોતો હોય એમ એને કમકમાં આવ્યાં. પ્રસન્નવદનના વદન પર પણ કમકમાટ અને ગ્લાનિ બંને છવાઇ રહ્યાં.

"ત્યારે તેં એ ખુન જાણી જોઇનેજ કર્યું તો ખરુંજને?"

પ્રસન્નવદનના આ પ્રશ્ને ગૌતમ એકદમ કોઇ ખરાબ સ્વપ્નમાંથી જાગતો હોય એમ ચમક્યો અને તેણે ટગરટગર પ્રસન્નવદન સામે જોયું. અને ધીમેધીમે દરેક શબ્દો છુટા પાડતો તે બોલ્યો. "હા. એ ખુન મેં કર્યું. જાણી જોઇને કર્યું. પણ તેનો તું મને દોષ દેશે? એ વખતે એ એટલો છેડાએલો હતો કે મેં એને નહીં માર્યો હોત તો મને કે પેલી બાળાને એમાંથી એકને તો એ જરુર મારતે. પછીની કેટલીક વાત તો તું જાણે છે. તરતજ આસપાસના પડોસીઓ આ ધમ્માચકડી સાંભળીને ત્યાં આવી પહોંચ્યાં. 'ખુન'ની બુમ પડી કે થોડી વારે પોલીસ પણ આવી પહોંચી. પણ કોરટમાં તારી વખતસરની મદદને લીધે અને પુરાવાની ગેરહાજરીમાં પેલી બાળાને બચાવ-તાંજ ખુન થયું હતું એમ પુરવાર થવાથી હું છુટી ગયો."

"પણ તે પછીનું તારું કૃત્ય તને ગુને-હગાર નહીં હોય તોપણ ગુનેહગાર ઠરાવવા પુરતુજ હતું. ખુન કરવા કરતાંએ વધારે નામોશી તો મેં તેથીજ વ્હોરી લીધી."

"પેલી બાળા સાથેનાં મારાં લગ્ન?" એ બીચારી નિરાધારને મેં આશ્રય આપ્યો તે માટે તો તારે મને ધન્યવાદ આપવો જોઇએ"

"ધન્યવાદ?" પ્રસન્નવદનનો પીત્તો હવે ખરેખરો ઉકળ્યો. "તું એમ સમજે છે કે એ કોણ હતી તે કોઇ જાણતું નથી? ઘેરથી નાસી આવેલી વિધવા અને એક છાકટા માણસ સાથે રહેલી; તેને તું પરણ્યો તેમાં તારી અમે બધાં પ્રશંસા કરીએ? કોણ જાણે બીજુંએ એણે શું શું કર્યું હશે!"

પ્રસન્નવદન બોલતાં તો બોલ્યો. પણ એણે ગૌતમના મુખ પર અગાધ દુઃખની રેખાઓ પથરાએલી જોઇ ને તે પસતાયો. તેના મનમાં એ સ્ત્રી માટે ગમે તેવો અભિપ્રાય હોય પણ ગૌતમની તો તે હવે પત્ની થઇ હતી. પોતે

એના કૃત્યને તીરસ્કારતો હતો પણ એના મુખે-એક વારના બાળગોઠીઆનેજ મુખે-આમ કહી દુભવવાનું તેને ઘણુંજ અસભ્ય લાગ્યું. પણ બોલાયો બોલ પાછો કેમ ખેંચી લેવાય?

ગૌતમે મહા પ્રયત્ને પોતાની લાગણીઓ વશ કરી. "ભાઇ! તું ગમે તે કહે. તું સત્ય નથી જાણતો એટલે તને બધુંજ કહેવાનો હક્ક છે. પણ તું જાણે છે કે એ બાળા કોણ છે? એક વિધવા ખરી, પણ કેવી વિધવા? બાલપણમાં નવ વર્ષની વયે વિધવા થઇ. બારમે વર્ષે સંસારની ઘાણીમાં પીલાવા મોકલાએલી વિધવા. એના ઉપર ત્યાં શી શી ક્રૂરતાઓ વીતતી તે તું જાણે છે? એ ક્રૂરતાઓમાંથી છુટવા એ ત્યાંથી નાસી છુટવા ગઇ પણ તેમ કરતાં ખોટા વચનથી ભોળવાઇ એક પાપી પુરુષને પલ્લે એ પડી. અને ત્યાં એણે શું શું ખમ્યું છે તે તો મેં નજરોનજર જોયું છે. તે દિવસે પેલો એને કેમ મારી નાખતો હતો એ તને ક્યાં ખબર છે?

"કેમ?" પ્રસન્નવદનને જિજ્ઞાસા નહોતી છતાં સભ્યતાને ખાતર દેખાડવી પડી.

"એના પાપનાં બીજને ફળ આવવાનાં હતાં તેમાં. એ એને ગર્ભપાત કરવાનું સુચવતો હતો. પેલી બાલા—હવે તો મારી નીર્મળા—એમ કરવાની ના પાડતી હતી. એના હૃદયમાંથી માનુત્વના પવિત્ર અંશો કચરાઇ નહોતા ગયા"

"અને તું એવી ગર્ભવતી વિધવાને પરણ્યો?" પ્રસન્નવદને અત્યંત કમકમાટથી પુછ્યું.

"નીર્મળાના બાળકને કોપ પિતા જોઇએ-ને! તેણે શાંતિથી જવાબ દીધો. મેં એનો સ્વીકાર ન કર્યો હોત તો એ શું કરત? આપઘાત કરત કે વધારે પતિત થાત. મેં એને—મારી નીર્મળાને એવી અધમતાની ખો આગળથી ખેંચી લીધી. બદલામાં એણે એટલાં પુજ્યભાવ ને પ્રેમ અર્પ્યાં છે કે મને તેનો પરતાવો નથી થતો."

પ્રસન્નવદનને શંકાનો એક બોમ્બ નાંખવા-નું—'શી ખાત્રી' એટલું કહેવાનું મન થયું પણ તેણે તે રોક્યું. તેણે ફરી ઘડીઆળ સામે જોયું, પોણા ૭ તો થઇ ગયા હતા. તેના મુખ પર અધીરાઇનાં ચિહ્ન દેખાયાં. ગૌતમે પણ આ વખત તો તે જોયાં અને તેણે કહ્યું; "ભાઇ! મારી વાત પુરી થવા આવી છે માત્ર મારે તને એકજ વીનંતી કરવાની છે તું સ્વીકારશે?"

"તારે પૈસા જોઇએ છે?" પ્રસન્નવદને કૈંક ઉતાવળથી પુછ્યું.

"જોઇએ છે પણ મારે તે લેવા નથી. મારે તો કૈં બીજુંજ માગવું છે. ભાઇ! નીર્મળાને થોડા દિવસ તારે ઘેર રાખશે?" આતુર આંખે તેણે તેના સામે જોયું.

"મારે ઘેર?" આભો બનતો હોય એમ પ્રસન્નવદને કહ્યું.

"હા, ભાઇ તારે ઘેર." શબ્દો પર ભાર મુકતાં મુકતાં ગૌતમે કહ્યું. તેના અવાજમાં દયામણાપણું હતું. તેની આંખોમાં આજીજીનું મહાત કરે એવું તેજ હતું. "તું જાણે છે કે મારી નોકરી તો ગઇ. અને આ શહેરમાં મને હવે કોઇ રાખવાને ભાગ્યેજ તત્પર થાય. મારી પાસે હવે જીવવા જેટલાં થોડાંજ સાધનો રહ્યાં છે. મારો વિચાર કોઇ દૂરને સ્થળે જઇ કૈંક નોકરી કે કામ શોધી કાઢવા-નાં છે. પણ એ ભટકતી જીંદગીમાં નીર્મળાને હું ક્યાં લઇ જાઉં? પ્રસન્નવદન! કૈંક કામ મળશે કે હું એને તરત બોલાવી લઇશ. પણ તેટલો સમય તું તારે ઘેર એને નહીં રાખે?"

"તું હાલ રહે છે ત્યાંજ એને કેમ રાખી જતો નથી?" પ્રસન્નવદને પણ ગભુતા અવાજે કહ્યું.

ગૌતમને જુના મિત્રની આ બેપરવાઇ બહુ સાલી. પણ અત્યારે દુઃખ લગાડવાનો વખત નહોતો. તેણે ફરી પથ્થરને પીગળાવે એવા સ્વરે કહ્યું. "ભાઇ! હું એને એકલી કેમ મુકી જાઉં? દુષ્ટજનો એને એકલીને એની પાછલી હકીકત જાહેરમાં હોવા છતાં જંપવા દે ખરા? અને સાથે નાનું બાળક! એની તબીયત પણ સારી નથી. પ્રસન્નવદન? ભાઇ! એને એમ નિરાધાર મુકી જતાં મારો જીવ ચાલતો નથી. તુ સુંદર ભાભીની પાસે થોડો વખત એને નહીં રહેવા દે?"

સુંદરનું નામ આવતાં પ્રસન્નવદન ભડકયા. આવી સમાજમાંથી બહિષ્કાર પામેલી પતિત સ્ત્રી એમની સુંદરના સહવાસમાં રહે? એમની પવિત્ર સુકુમાર ફુલ જેવી સુંદર! એને આવા કીટકના સહવાસમાં રખાયજ, કેમ? એમણે સ્વરમાં બને તેટલી દૃઢતા આણી. "ગૌતમ! મારાથી એ નહીં બને."

"ભાઇ!" હજુએ આશા ન છોડતાં ગૌતમ બોલ્યો; "મારી-તારા બાળમિત્રની આટલી વીનંતી તું નહીં સ્વીકારે? આપણે એક વાર જુદા દેહવાળા પણ એકજ અંતરવાળા બે લંગોટીઆ ભાઇબંધ હતા તે શું તું ભુલી ગયો? ઓ ભાઇ! જરાક તો વિચાર કર! વિપત્તિમાં હું તારો આશરો નહીં શોધું ત્યારે કોનો શોધું?" એની આંખમાં થી બે આંસુ ખર્યાં. પ્રસન્નવદને પોતાના બધા વિરોધો ભુલી પીગળવા માંડયું. ગૌતમે તે જોયું અને ફરી ચલાવ્યું. "પ્રસન્નવદન! તને પણ પ્રાણ સમી પ્રિય પત્ની છે. અને એને અસહાય્ય દશામાં મુકતાં તારો જીવ-ધાર કે એણે ગમે તેવો ભયંકર અપરાધ કર્યો હોય તોપણ-ચાલે?"

પણ ફરી કમાન છટકી. ગૌતમે ખોટી કુંચી દાબી. સુંદરનું નામ આવે કે પ્રસન્નવદન બધું ભુલી જતા. એની નજર ઘડીઆલ પર પડી. એમણે જરાક કડક સ્વરે કહ્યું: "ગૌતમ! બધી વાત ખરી પણ એ તો નહીં બને. તારે જોઇએ તો પૈસા લઇ જા. આવી રખડતી જીંદગીવાળી સ્ત્રીને હું સુંદર પાસે રાખું? કે ગાંડો થયો છે! શી ખાત્રી કે એ સુધરી ગઇ છે?" ઉતાવળે ઉતાવળે પોતે કેવો ઘા કરે છે એ જાણ્યા વિના એમનાથી બોલી જવાયું. બહાર સુંદરનાં અધીરાં પગલાં અને લૈયાને પુછતી હોય તેવો સ્વર સંભળાયો. "લૈયાજી! કોઇ ઓ શેઠકુ મીલને-વાલા આય યા ઓ ગયા કે નહીં?"

ગૌતમનો આત્મા કોઇ તરવારનો ઘા કરતું હોય એમ ઘવાયો. પ્રસન્નવદનના છેલ્લા શબ્દો એણે બરાબર સાંભળ્યાં અને સમજ્યો. નીર્મળાને ખાતર પોતાના માન કે ગૌરવનો એણે હીસાબ નહોતો ગણ્યો, પણ નીર્મળા માટે કોઇ શંકાનો એક અક્ષર ઉચ્ચારે એ એનાથી કેમ સહ્યું જાય? તેની આંખમાંથી આંસુ ઉડી ગયાં. તેના વદન પરથી દયાર્દ્રતા જતી રહી. તેણે શુષ્ક અને સ્વસ્થ સ્વરે કહ્યું: "ભાઇ! તને તસ્દી આપવામાં મારી ભુલ થઇ. ફરી કદી આમ આવીને તને હેરાન નહીં કરું" અને એમ કહેતાં કહેતાં પાછું વાળીને જોયા વિના તે ગયો.

પ્રસન્નવદનને તેને આમ જતો જોઇ દીલગીરી તો થઇ પણ તેથી નીરાંત પણ થઇ. "એ પોતે શું કરે? પોતે તો થાય તેટલું બધુંજ કરવાનું-પૈસા આપવાનું-કહ્યું

હતું. એ કેદમાં ગયો ત્યારે છોડાવવાને પણ પોતેજ મહેનત કરી હતી. પણ સુંદર વહુ પાસે નીર્મળાને રાખવાનું કહે એ કેં બને? સારું થયું કે સુંદર વહુએ એને જોયો નહીં, નહીં તો એ કેટલી ગુસ્સે થતે?" પ્રસન્નવદને ચણચણતા મન પર આમ ઠંડું પાણી રેડવાનો પ્રયત્ન કર્યો. એમને પોતાનું દૃષ્ટિબિંદુ કૈં ખોટું લાગ્યું નહીં. પોતે પૈસા આપી મદદ કરવાનું કહ્યું હતું એટલે પોતાના અંતઃકરણ પર કૈ પણ ડંખ એમને લાગ્યો નહીં. એમણે નોકરને બોલાવી ઝટ કપડાં પહેરવાની તૈયારી કરવા માંડી.

'સુરી! તું ઘરમાં સલામત છે હોં, ઉંઘી જા."

સુંદર વહુ આવનારને ગયો જાણી અંદર આવી. પેલીજ બનારસી સાડી અને એમણે કહ્યા હતા તે અલંકારો એણે ધારણ કર્યા હતા. ઘેરા નીલ જળમાંથી સફેદ કમળનું પુષ્પ ખીલ્યું હોય એમ એનું મુખકમળ અત્યારે ઓપતું. અને તેમાં શ્વેત જળકણોસમા હીરાના અલંકારો એના દેહ પરથી આંખને આંજે એમ ઝગઝગ ઉડતા હતા. પ્રસન્નવદને એના પર એક અધીરી દૃષ્ટિ નાખી આવા અપૂર્વ કમળને પેલા કાદરના સંગમાં એ રોળાવા

હે? કેવો વિચાર?

પણ સુંદર વહુના મુખ પર કંઈક વિષાદની છાયા હતી. ફરવા જવાનું મોડું થયું તેથી કદાચ એ હશે એમ પ્રસન્નવદને માન્યું. "સુરી!" એમણે વહુને લાડકા નામે બોલાવી; "જરાક મોડું થઇ ગયું ખરું? પણ હજુ વખત છે."

"કોણ હતું એ?" સુંદરે પુછ્યું.

"અરે! એક જણ મળવા આવ્યો હતો તે કેમે કરતાં ઉઠેજ નહીં." પ્રસન્નવદને ગૌતમનું નામ સંતાડયું. "ચાલ, હું હવે તૈયારજ છું."

બંને વરવહુ પ્રબુદ્ધને લઇ ગાડીમાં બેઠાં અને શહેરના બગીચા તરફ ગાડી લેવડાવી. પણ સુંદર વહુ આજ કંઈક વિચારમાં હતી. એટલે એના રોજના રમતીઆળ સ્વભાવ પ્રમાણે આજે કંઈ એણે વાતચીત કરી નહીં. પ્રસન્નવદનના કાનમાં પણ ગૌતમની વાતના ભણકારા વાગતા છતાં જતા નહીં, એટલે એમણે સુંદર વહુમાં થએલો આ ફેરફાર જોયો નહીં.

સાડા સાતે બંને જણ ફરીને પાછાં આવ્યાં. અને સુંદર વહુ કપડાં બદલવાનું કહીને ગઇ. પ્રસન્નવદન એની એજ આરામચેર પર પાછા પડયા. ગૌતમના સ્વરના શોકભર્યા ભણકારા છતાંએ એક પ્રકારના સુખની વૃત્તિ એમનામાંથી ગઇ નહોતી.

પરોણાઓ બધા સાડા આઠ પછી આવવાના હતા. જમવાનું લગભગ સાડા નવ પછી રાખ્યું હતું કારણ કે ચાંદનીમાં બેસી એમના સુખનાં પ્રતિબિંબો જેવાં ચાંદીના થાળમાં પડતાં ચંદ્રનાં પ્રતિબિંબો જોતાં અને ચંદ્રિકાની સુધા અને લાડતા સમીરના સુખમય સ્પર્શથી, કંઈ ઓર આનંદ કરવાની અને કરાવવાની તેમણે આશા રાખી હતી.

પા કલાક થઇ ગયો પણ સુંદર વહુ પાછી નહીં આવી. હજુ પોણો કલાક બાકી હતો તેટલામાં એને લઇ બગીચામાં ફરવા જવાનું એમણે ધારી રાખ્યું હતું. પ્રસન્નવદન અધીરાઇથી ઉઠયા અને સુંદર વહુની શોધમાં ગયા.

સુંદર વહુ એના ખંડમાં ન હતી. દાસીને પુછતાં બાઇ બગીચામાં ગયાં છે એમ ખબર મળી. "મને કહ્યા વિના? એકલી?" પ્રસન્નવદન જરાક ચીઢાયા પણ એની શોધમાં, એને છાનામાના શોધી ચમકાવવાના ઉદ્દેશથી એ ગયા.

એમની માનીતી બધી કુંજોમાં એમણે સુંદર વહુની તપાસ કરી, પણ તે કયાંએ નહોતી. પ્રસન્નવદન જરાક નિરાશ થયા. 'એ કયાં ગઇ હશે?'

એમનો બંગલો નદી કીનારાની એક ભેખડ ઉપર હતો. અને એમના બંગલાના પાછલા ભાગમાંની ભેખડની નીચે નદી તેને અડકીને વહેતી. સુંદર વહુની એ માનીતી જગ્યા હતી અને એણે ત્યાં એક નરસ આરસની બેઠક કરાવી હતી. આ પતિપત્ની ત્યાં ઘણી વાર અજવાળી રાત્રે જઇને બેસતાં. પ્રસન્નવદન સુંદર વહુને ત્યાં શોધવા નીકળ્યા.

એમણે દૂરથી સુંદર વહુની શોધમાં દૃષ્ટિ દોડાવી. ચંદ્રના અજવાળામાં ત્યાં માણસના ઓળા જેવું કંઈક દેખાયું. પ્રસન્નવદને આનંદમાં ઝપાટાબંધ ચાલવા માંડયું

જેમ જેમ પાસે આવતા ગયા તેમ તેમ એકને બદલે બે માણસના આકારો એમને દેખાવા માંડયા. પ્રસન્નવદન જરા ચમકયા. 'અત્યારે એની સાથે કોણ હશે!' બીજા માણસને જોવાને માટે જરા એ ત્યાં ઉભા રહ્યા.

એમણે આંખો ખેંચી ખેંચીને જોયું.

સુંદર વહુ ટ્રીણો આસમાની સાળુ પહેરી આરસપહાણની બેઠક પર બેઠી હતી. તેમાંથી એની ડોકનો શ્વેત ભાગ અને હીરાનો હાર જરી જરી દેખાતાં. એની સામે કોઇ પુરુષ ઉઘાડે માથે ઉભો હતો. ટોપી એના હાથમાં હતી. અને એના વાળ પવનમાં ફરફરતા.

કોણ જાણે કેમ એક દુષ્ટ શંકા પ્રસન્નવદનના ચિત્તમાં આવીને ઉભી રહી. "સુંદર આવી રીતે રાત્રે કોઇકની સાથે અહીંઆં! દીવાનખાનમાં આટલાજ કારણસર એ નહીં આવી?" એમને વધારે ખાત્રી કરવાનું મન થયું અને સીધો રસ્તો મુકી ઝાડની હારોમાં એ ભરાયા અને બની શકે તેટલા નજીક જવાનો પ્રયત્ન કર્યો.

ગામ બહાર રજનીની શાંતિમાં બંનેની વાતચીતનો અવાજ સ્પષ્ટ સંભળાતો સુંદરનો અવાજ આવ્યો. "કહો, મને અહીં કેમ બોલાવી હતી?"

"અંહ, ત્યારે ખાસ ગોઠવણથીજ આ મુલાકાત થએલી લાગે છે." પ્રસન્નવદન મનમાંજ બબડયા. પેલો માણસ હમણાંજ આવ્યો લાગતો હતો. હજુ તો વાતની શરુઆત હવે થતી હતી.

"સુંદર!" પેલા માણસનો અવાજ આવ્યો. પ્રસન્નવદને સ્વર પારખ્યો. આ તો સુંદરનો પહેલાં જેની સાથે વિવાહ થયો હતો તે વિનોદરાય હતો. સુંદરનાં માબાપે વધારે સારા વરની આશામાં આ વિવાહ તોડી સુંદરને પ્રસન્નવદનને દીધી હતી.

"મારે તને કહેવું પડશે? તું કળી શકતી નથી?"

"ના. તમારો કાગળ એવો દયામણો હતો કે હું આવી. પણ મને મોડું થાય છે. ઝટ કહી દો. આજે એમની વર્ષગાંઠ છે તે પરોણાઓ જમવા આવવાના છે."

પ્રસન્નવદન મનમાં હસ્યા. સુંદર ઉપર એમને ફરી શ્રદ્ધા આવી પણ વાત પુરી સાંભળવાના લોભે તે સંતાઇજ રહ્યા.

"સુંદર! તું આટલી બધી બદલાઇ ગઇ? તારા નવા પતિની વર્ષગાંઠ ઉજવવાના હર્ષમાં તું મને છેક ભુલી ગઇ? મારી મેડીમાં પેલી છાની માની આવતી તે સુંદર આજ કે બીજી?"

સુંદર થોડી વાર નીચું જોઇ નિરુત્તર રહી. "હવે એ વાત જવા દો. તમારે શું કામ છે તે કહો."

"મારે તારું ઘણું કામ છે." પેલો યુવક—વિનોદરાય—કડવાસથી બોલ્યો. એણે અનિશ્ચિત રીતે ટોપી હાથમાં આમ તેમ ઉછાળી. એકદમ એણે ઉંચું જોયું અને નિશ્ચયાત્મક સ્વરે કહ્યું: "હું તને લઇ જવા આવ્યો છું. મારાથી તારા વગર જીવાતું નથી."

સુંદર ગભરાઇને ઉભી થઇ ગઇ. "વિનોદ—વિનોદરાય! આ તમને શોભે?"

"કેમ નહીં? તને પૈસાના મોહમાં મારું અંતર ચીરી નાખતાં શોભ્યું, અને મને આ નહીં શોભે?" વિનોદે વચન બાણ માર્યું પણ એનો સ્વર પાછો દયામણો થઇ ગયો. એની આંખમાં એક આંસુ ચમક્યું. "સુંદર પ્રાણેશ્વરી! મારાથી તારા વિના નથીજ જીવાતું. મેં તારો મોહ—તારો વિચાર દૂર કરવાના ઉપાયો કરવામાં બાકી નથી રાખી. આટલાં વર્ષો મારી આસપાસ જીવતું નર્ક લઇને હું ફર્યો છું. જાગતાં ને ભરવસ્તીમાં તારું મુખ ને આંખો શીવાય મેં બીજું કૈં જોયું નથી. અને ઉંઘમાં તને જોઇ જોઇને, તને દૂર ને દૂર જતી તે પકડવાના પ્રયત્નમાં

મેં કેટલાં તરફડીઆં માર્યાં છે, એ તું જાણે તો તને મારી જરુર દયા આવે; સુંદર! મારી સામે જો. આ પાંચ વર્ષના અરસામાં મારી જીંદગીમાં બીજાં વીસ વર્ષો ઉમેરાયાં હોય એવો હું ઘરડો લાગું છું કે નહીં?"

સુંદર એક પણ બોલ બોલવાને અશક્ત, મંત્રમુગ્ધની માફક ત્યાં ઉભીજ રહી અને એણે વિનોદ તરફ જોયું. એની આંખમાંથી વિનોદના શબ્દો સાંભળતાં સાંભળતાં આંસુની ધાર ચાલી. એનું હૃદય પાષાણનું નહતું. એના મગજમાં પૂર્વ પ્રસંગો એક પછી એક ઝડપથી આવીને જતા રહ્યા. "વિનોદરાય! એમાં મારો શો વાંક? દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય. આપણે પરણવાનાં હતાં ત્યારે...ત્યારે..." એનું મુખ રાતું થઇ ગયું. પણ સ્વર સ્થિર કરી એ બોલી; "મેં તમને પતિ માન્યા ને તમારુંજ રટણ કર્યું. પણ હવે, તમને પારકા ગણતાં બહુ અઘરું લાગ્યું તોપણ મારે મન મેં તમને પારકા ગણ્યા છે. હવે મારે ને તમારે શું!" કાળજું કઠણ કરી એણે નિશ્ચયાત્મક સ્વરે આ શબ્દો ઉચ્ચાર્યા. અને નીચું જોયું.

પ્રસન્નવદન પ્રશંસા અને ક્રોધનો મિશ્ર ભાવ અનુભવતાં એક જગા પર સ્થિર થઇને બેસી રહ્યો. વિનોદે ગાંડાની માફક સુંદરના શબ્દો સાંભળ્યાં અને છેલ્લું વાક્ય પુરું થતા પહેલાં તો એ સુંદરને પગે પડયો. સુંદર જરા દૂર ખસી. "સુંદર! સુંદર! મારા પર જરા દયા કર. આવાં ક્રૂર વચનો તું બોલે છે ને મારું હૃદય વીંધાઇ જાય છે. તારી માફક મને પણ સગવડ પ્રમાણે હૃદય કઠણ કરતાં આવડતું હોત તો મારી આ દશા ન થાત. તેં મને કેવા સ્વર્ગની આશા આપી હતી તેતો જરા યાદ કર."

એની આંખોમાંથી આંસુની ધાર ચાલી. સુંદર જરાક પીગળી અને પાછી બેઠી. પ્રસન્નવદનને પણ જરાક ગભરાટ થયો. "રખેને સુંદર......" પણ તેમણે બહાર નીકળવાનું મન માર્યું; બધું સમેસમું પાર ઉતરે તો તો પોતે એ વાત સાંભળીજ નહોતી એવું વર્તન રાખવાનો તેમણે નિશ્ચય કર્યો. પોતે અત્યારે છતા થાય તો સુંદરને એના પર જાસુસી કરી હતી એવું લાગે એમ પણ એમને લાગ્યું. પણ કદાચ કૈં જરુર પડે એ ખાતર એ સાવધ થઇને પણ બેઠા.

"વિનોદરાય! ભાઇ! આ તમને શોભે?" સુંદરની આંખમાં ઝળઝળીઆં આવ્યાં. એનો સાદ ગળગળો થઇ ગયો. "તમે એમ માનો છો કે હું પાષાણ હૃદયની છું, પણ હું તેવી નથી હો. મને આ દશા આણતાં કૈં થોડું નથી થયું." એનું ગળું રુંધાઇ ગયું. વિનોદે અશ્રુબિંદુ ઝરતા સુંદરના મુખ તરફ આવેગથી જોયાં કર્યું. બંનેની નજર સમક્ષ ભૂતકાલ અદ્‌ભુત રંગી બની આવીને તરી રહ્યો અને એમની કરુણ દશાનું ભાન એમને વધારે તીવ્રરુપે કરાવ્યુ.

"વિનોદ!" સુંદરે આંસુ ભરી આંખે ઉમેર્યું; "તારા કરતાં તો મારું દુઃખ વધારે છે. તું મારો વિચાર વગર બીતિએ કરી શકે છે. મને તો તેટલો પણ હક્ક નથી. મારું પતિવ્રત તો માગે છે કે મારે તારો વિચાર સરખો ન કરવો ને...તે આપણી બાલપણની બધી ઘડીઓ ભુલી જવી. ને તેએ હું જેવી તેવી કે થોડી ઘણી છે! મારું કાળજું કઠણ કરતાં મને શું શું થયું હશે તે તું શું જાણે?" તેણે એક ડુસકું ખાધું. વિનોદની આંખમાંથીએ આંસું વહ્યાં. પ્રસન્નવદન સ્તબ્ધ જેવા એમની જગા પર ચોંટીજ રહ્યા. ત્રણે

જવુ કાળને ભુલી એ એક પળજ જુદી જુદી રીતે અનુભવી રહ્યાં.

અર્ધીતયું સુંદરે ભાન આવતું હોય તેમ ઉંચુ જોયું; "વિનોદ! તું અત્યારે જતો રહે. મારા હૃદયનો અત્યારે મને વિશ્વાસ નથી પડતો." અસ્પષ્ટ સ્વરે એણે કહ્યું. અને બીજું હૃદય વીંધે એવું ડ્રુસકું ખાધું. વિનોદ ચમકયો અને ટટાર થઇ ઉભો. તેણે પાટલી પર એક પગ મુકી સુંદર પર નજર ફેરવી.

"સુંદર! તેં મને હમણાં જુદું સમજાવ્યું કે તારે મન હું હવે પારકો થઇ ગયો છું. પાંચ મીનીટ પર મેં તે માન્યું હોત અને આ નદીમાં પડી તારા માર્ગમાંથી હું સદાનો દૂર થવાનો પ્રયત્ન કરતે; પણ હવે તું ગમે તે કહે. સુંદર! તું મારી છે ને મારીજ રહેશે."

સુંદર એકદમ ચમકી, એનાં આંસુ ઉડી ગયાં. "વિનોદરાય! મારી નબળાઇનો આવો અર્થ નથી કરવાનો, આજે આપણે છેલ્લાંજ મળ્યાં એમ માનજો" કહેતાં કહેતાં તેણે વિનોદની સામે જોયું. પણ તેની વીકરાળ નજર જોઇને તે બીધી અને ઉભી થઇ ગઇ. એણે ઘર ભણી એક ડગલું ભર્યું.

"સુંદર! તું એમ માને છે કે મને હવે તું આમ હાથતાળી આપી જઇ શકશે?" વિનોદનો અવાજ બોલતાં બોલતાં ખેંચાઇ ગયો. ભયથી સુંદરનું કાળજું પણ ફફડી ઉઠયું. એણે ચારે તરફ પ્રસરી રહેલી નિર્જનતા જોઇ. એણે કરગરતા અવાજે કહ્યું: "વિનોદરાય! મને અત્યારે, જવા દો. એ જાણશે તો શું કહેશે? પરોણાઓ હવે તો આવવા માંડયા હશે" એણે નિર્બલ સ્વરે કહ્યું. આજીજી કરતી એની આંખો ચંદ્રમાના તેજે વધારે તેજસ્વી બની. પવનથી એના માથાનો છેડો ખસી ગયો અને સાંજે ધારણ કરેલા અલંકારોના ભારમાં તેજે વિનોદરાયનું અં વીંધ્યું. એથી અલૌકિક લાગતી સુંદરીના સૌંદર્યનો એના મોહ પણ વધ્યો.

"સુંદર! પ્રસન્નવદનના આ અલંકારો લીધે તને વિનોદરાય-સાહેબ ને ગરીબ વિનો ગમતો નથી ખરું? પણ તને હું અ જવા દેવાનો નથી. મેં તને લઇ જવા બધી તૈયારી કરી મુકી છે. પહેલાં હું દે હતો તે તને ખોઇને હવે રાક્ષસ થયો છું"

પ્રસન્નવદન એમની જગા પર જરુર પ તે પલને માટે સજ્જ થઇ ઉભા. "વિનોદરાય જવા દો! તમારું ચિત્ત અત્યારે ઠેકાણે નથી" કહી સુંદરે એક પગલું ઘર ભણી ભર્યું

પણ વિનોદે તેનો હાથ જોરથી પકડયો સુંદરે તે બળ કરી છુટો કર્યો પણ વિનો તે ફરી પકડવાને પોતાનો હાથ લંબાવ્યો સુંદરે આવતા ભયને ચેતી તેને એક માર્યો અને પ્રસન્નવદન ત્યાં પહોંચે પહેલાં તો ભેખડની કીનારી પર ઉભે વિનોદ ત્યાંથી અદ્રશ્ય થએલો દેખાયો. ની પાણીમાં એક મોટો ધબાકો થયો. ભયથી ફ જતી આંખે સુંદરે વાંકાં વળી નીચે પાણીમાં જોય

એક વિપલમાં આ બધું બની ગયુ પ્રસન્નવદને એબાકળી સુંદરને ભેખડની કીના પરથી બે બાહુમાં ઉપાડી લીધી અને એ ભયથી ધ્રુજતા હૃદયને એણે છાતી ચાંપ્યું. સુંદરની બાવરી દ્રષ્ટિ તો હજુ પ તરફજ હતી. "વિનોદ...વિનોદ...નદીમાં... એણે તુટક સ્વરે કહ્યું અને બેભાન થ પ્રસન્નવદનના હાથમાં પડી.

પ્રસન્નવદનને પડોસી માણસને કાઢ મદદ માગવાનું સુઝયું નહીં. એ ભેખડ પાસેનું પાણી ઉંડું હતું અને તરતાં ન આ તો ડુબી જવાનો સંભવ પુરેપુરો હતો તે

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૧૮]

મેં

તોઉદ્દેશ નથી. એ માન માટે હજી હું સાયોગ્ય નથી. પણ તારે તારા સ્નેહ અનુભવી શકે તેવા આત્મા માટે, તારી ઉન્નત, ઉદાર હામતે પવિત્ર કામના માટે જરુર અભિમાન લું ધરે. જે જે કામનાઓ મનુષ્યને જીવનમાં પ્રશાંત બનાવે છે તેમાં માત્ર આજ શાશ્વત છે; શુદ્ધ દૈવી પ્રેમ જે અનુભવે છે તે તારી જેમ વિદ્વૃત્તિઓને અનુભવે છે; અથવા મારી જેમ ધવી વૃત્તિઓને મેળવવાની આકાંક્ષા તેનામાં ઉત્પન્ન કરે છે. પ્રાણેશ્વરી એદલ, તારે માટે હું અનુભવું છું એવો શુદ્ધ સ્નેહ હૃદયની દરેક વૃત્તિને આ દુનીઆના કંગાળ વાતાવરણમાંથી ઉંચે ઇ જાય છે.

સ્વર્ગ તરફ ધીમી પણ દઢ રીતે ખેંચતા ઇ દેવદૂત સાથે સંબંધ બાંધ્યો હોય એવું સ્નેહનું સ્વરૂપ છે. કદાચ કોઇ સાધારણ ને આ ઉદ્દગારોમાં અતિશયોક્તિ જણાય તું તો તેની સયુક્તતા સમજશેજ; કારણકે આ પ્રેરનાર પણ તુંજ છે. અરે! પણ, પેલી ામી નિંદા–જે આપણી વાતનો વિષય હતો ાથી તો આપણે કયાંએ આગળ ચાલી ગયાં.

જો આપણે એકમેક વચનથી બંધાએલાં હોત તો હું મારી માગણી ખેંચી લઇને નો અંત આણત. લોકના મોંએ તાળુ સ્વાનો માત્ર આ એકજ રસ્તો છે અથવા ાય આ ઉપાય માત્ર નિષ્ફળજ નીવડે. પણી બાબતમાં તો આવું પગલું લેવું જરુરી કે કેમ તે નક્કી કરવાનું તારું કામ છે; તું એની તરફેણમાં નક્કી કરીશ તો હું ઘોડું આવીશ અથવા તો મારું ભવિષ્ય ી ન થાય ત્યાં સુધી આવવાનું સમુળગુંએ ી દેઇશ. આ ગોઠવણની તરફેણના તારા યથી એથી મારે એકલાનેજ સહન કરવું ો તેની સાબીતી મળશે. અને આ દુઃખનો અંત આવે એવો વખત આવશે ત્યાં સુધી હું તેને સહી લઇશ. મેં તને કયારનુંએ કહી દીધું છે કે મારા ભવિષ્યમાં બે બાબતને સ્થાન છેઃ એક સુખ અને બીજું સુખ કે દુઃખ બેમાંથી એકે નહીં. બેમાંથી ગમે તે આવે; પછી મારે વધારે વાર દુઃખ સહેવાનું નહીં હોય

આ ગંભીર અને અગત્યના વિચારો છે. એમના ઉપર હું વારવાર વિચાર કરું છું. પણ એમને આપણી વાતનો વિષય હું ખચકાતે ખચકાતે બનાવું છું. કારણકે આ તો માત્ર વિચારોજ છે. અને વિચારો જ્યાં લગી કાર્યોમાં નથી મુકાયા હોતા ત્યાં લગી તે થોડે ઘણે અંશે કાનને સુંદર લાગતા શબ્દોનો માત્ર શંભુમેળો છે. કોઇ દિવસ મારી એકની એક મધુર આશા તારા થવાની ફલિત થશે કે અદૃશ્ય થશે ત્યારે–એ બેમાંથી ગમે તે થશે ત્યારે તું આ ફરીથી વાચશે અને ત્યારેજ મેં સાચુ કહ્યું છે કે નહીં તેનો ન્યાય તું કરી શકશી. અને આ માન્યતાથીજ એ વિચારોને અત્યારે તો લખું છું.

તારા પત્રના વિષયથી દરેક પળે દૂર જતો હોઉં એમ લાગે છે. મારી એદલ, મુર્ખતા અને દ્વેષભાવથી તારી આગળ રજુ કરાએલી મારે વીશેની ખોટી વાતોથી તને ઉપજેલા દુઃખમાં મને ભાગ આપવા માટે, પ્રિય એદલ! તારો કેટલો આભાર માનું? એથી તો મને વધારે સ્પષ્ટ દેખાય છે કે તને મળવાનું મારે ચાલુ રાખવામાં તને યોગ્યજ લાગતુ હોય તો, બહુ વખતથી ઇચ્છેલો આપણો લગ્ન દિવસ જેમ બને તેમ જલ્દી આણવા મારે મારા સર્વ પ્રયત્નો કરવા જોઇએ. મારી અધીરાઇમાં જોઇએ તેથી વધારે પ્રેરક બળ છે તે પણ

જો પુરતું નહીં હોય તો આશા તો વધારે પ્રયત્નો કરવાનું જોશ મને જરૂર મળશે; પણ, હાય...! મારા કરતાં વધારે આતુરતાથી આ સુખની ઇચ્છા રાખવી શક્ય છે?

વીકટર હ્યુગો.

કેટલાંક નજીવાં કાર્યો તરફ દુર્લક્ષ આપવાથી ઇચ્છિત પળને વહેલી આણતી હોય તો એથી દૂર રહેવાનું મને સબળ કારણ આ છે, મારી એદલ! કેટલીક વખત મારા ઇચ્છિત ધ્યેયને તરત પહોંચી વળવામાં જો કંઈ મદદગાર થતું હોય તો ગમે તેવું હલકું કામ કરવાનું પણ મન મને થઇ આવે છે પણ જ્યારે મારા વિચારોથી કંપી જાગૃત થાઉં છું ત્યારે મારી જાતને પૂછું છું કે મારા અંતરાત્મામાં વસતી સદ્‌વૃત્તિને અયોગ્ય કોઇ પણ માર્ગે મારા ધ્યેયને પ્રાપ્ત કરવા જાઉં તો મારું ધ્યેય ખરેખર મળ્યું કહેવાશે? પ્રિયતમે! એક યુવક કે જે તેના સિદ્ધાંતોમાં, તેના પ્રેમમાં અને તેની ઇચ્છાઓમાં સ્વતંત્ર હોય પણ ઉંમર કે પૈસાના અભાવે પરતંત્ર રહેવું પડતું હોય તેની સ્થિતિ ક્રૂર અને દયાજનક છે. હા, જો હું આ અનુભવની શરૂઆતમાં જેવો શુદ્ધ હતો તેવો અને તેવો અણીશુદ્ધ નીકળું તો હું મારી જાતને સ્વર્ગાનંદને લાયક છું એમ ગણીશ જ.

એવાં કેટલાંએ કંટાળો આવે એવાં કારણોને નહીં ગણકારવાની મને ફરજ પડે છે કારણકે એક સતત અસ્વસ્થતામાં પણ મારે કામ કરવું પડે છે. જે લોકો એમ ધારતા હશે કે માગ જીવનના હેતુઓમાં કીર્તિને માટે આકાંક્ષા કે 'પ્રખ્યાત થવાની લાલસા કે એવી બીજી નજીવી વસ્તુઓ છે તો તેઓ ભુલજ કરે છે. પ્રેમ વીહોણા જીવનમાંજ આ બધાંને અવકાશ હોય છે.

હૃદયેશ્વરી એદલ! મારા શબ્દે શબ્દનો વિચાર કરજે કારણ કે તેમાં તને 'હ્યુગો' જનો પ્રેમ જણાશે; અને જો તું મને ચાહતી હોઇશ તો તો તેમા તને આનંદ જડશે. કેટલીક વખત હું તારી અદેખાઇ કરું છુ કારણ કે એ શબ્દોમાંએ હું તને ચાહુ છું એટલીજ ચાહ નીતરે છે. તું તો માત્ર મને ઘણુંજ ચાહેછે, બસ એટલુંજ.

તારાં માતાપિતા જો એમ ઇચ્છતાં હોય અને અત્યાર સુધી ઇચ્છયું છે, કે તેમની છોકરી મારી સ્ત્રી થાય તો પછી આપણા સંબંધ સામે શા માટે વિરોધ કરે છે? હું સમજુ છું કે તેઓ મારા પિતાની અનુમતિ મેળવવાનું વધુ પસંદ કરે. કેટલીક રીતે આ બાબતમાં તેઓ સાચાં પણ છે. અને તેમને સંતોષવા હું બધુંએ કરીશ. ખરેખર, મારા જેવો અધીરામાં- એ અધીરો માણસ એમને ધીરજ રાખવાનો ઉપદેશ આપવાની ધૃષ્ટતા નજ કરે. મારું તો આખુંએ ભાવિ ડ્યુએલ્ક્ષ ખાતે નક્કી થઇજ ગયું હતું. કોઇક દિવસ ડ્યુએક્ષની મારી એ મુસાફરીનો હેવાલ તને જણાવીશ ત્યારે તું જોઇ શકશે કે જ્યારે તું મને ભુલી ગઇ હતી એમ મેં માન્યું હતું છતાંએ હું તને કેટલો ચાહતો હતો.

જય જય, મારી હૃદયરાણી એદલ!

વીકટરનાં સ્નેહાલિંગન.

આ પત્ર બહુ ગંભીર છે, મારી પ્રાણાધાર એદલ! અને તેથી તને, કેટલો ચાહું છું તે ફરીને કહેવાને એક લીટી ઉમેરું છું.

—તેજ રાત્રે.

આ કાગળ ઘણો અગત્યનો છે, એદલ! કારણકે તેની અસર તારા પર જે થાય તેના પર આપણુ ભાવિ સુખ અવલંબે છે. કેટલાક શાંત વિચારો એકત્ર કરી રહ્યો છું અને તેથી રાત્રે નિદ્રા સાથે વિગ્રહ આદરતાં કે મુશ્કેલી નહીં નડે. તારી સાથે કેટલીક અંતરની અને ગંભીર વાતો કરનાર છું. અને તે તારી રુબરુ કરવા તીવ્ર ઇચ્છા છે કારણકે તેથી મને તારો તરતજ જવાબ મળે. (એ જવાબ મેળવવા હું અધીરાઇથી જેમ રાહ જોતો હોઇશ) અને એથી મારા શબ્દોથી ઉત્પન્ન થતી અસર તારી મુખમુદ્રા પર જોઇ શકું. એ સમયની તારી મુખરેખાઓજ આપણા બંનેના સુખનો નિર્ણય કરશે.

અત્યાર સુધી આપણે ઉચ્ચારતાં બીનાં તે આ એકજ શબ્દ છે, એદલ! તે શબ્દ 'પ્રેમ' છે; અને છતા તારે માટે જે ભાવ અનુભવી રહ્યો છું તે તો ખરેખર 'પ્રેમ' છે. હવે નક્કી કરવું જરુરનું છે કે જે વૃત્તિ તને પણ ઉત્તેજીત કરે છે તે એવો પ્રેમજ છે કે નહીં.

જો સાંભળ, આપણામાં-અગોચર હોય તેમ, આપણા શરીરમાં અનં, અવિનાશી સૂક્ષ્મ દેહ છે. આપણામાં ઉત્તમ અને સૌથી પવિત્ર જે હોય તેના અમૃતરુપ આ દેહ તે

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૮૬]



દસ્તાવેજ

સંપાદક :
રા. ઝવેરચંદ મેઘાણી
ચિત્રકારઃ
રા. રવિશંકર રાવળ

૧

ગરાસીઆના દીકરાને માથે, આજ આભ તુટી પડ્યો હતો. સાસરેથી સંદેશા આવ્યા છે કે : 'રુપીઆ એક હજાર લઇને જેઠ સુદ બીજે હથેવાળે પરણવા આવજે. રુપીઆ નહીં લાવે, કે બીજની ત્રીજ કરીશ તો બીજાની સાથે ચાર ફેરા ફેરવી દઇશ.'

વેશવાળ શું તુટશે? પાંચ પાંચ વરસનાં ધુળમાં રમતાં હતાં ત્યારથી પંદર પંદર વરસ સુધી જેનું ધ્યાન ધરેલું, તે રાજબા શું આજ બીજાને જાશે? નબાપા, નમાયા અને નિરાધાર એ રજપુતની તાજી ફુટેલી મોસર ઉપર મોવાળે મોવાળે પરસેવાનાં ટીપાં વળી ગયાં.

બાપની આખી જાગીર ફના થઇ ગઇ હતી. વારસામાં એને એક ખોરડું મળ્યું હતું; અને બીજું મળ્યું હતું આ બાળપણનું વેશવાળ. આશા હતી કે સુખની ઘડીઓ ચાલી આવે છે; આશા હતી કે એના નિસ્તેજ અને સુના ઓરડામાં અણબેઠી 'ગરાસણી આવીને જુનાં વાસણો માંજશે; રુપાળી માંડછાંડ કરશે; મહીયરથી પટારો ભરીને કરીઆવર લાવશે; અને મામો મનેએ પહેરામણી કરશે. પણ કાગળ વાંચ્યો ત્યાં તો ગરાસીઆના મસ્તકમાંથી એ ગરાસણીના લાડકોડ, માંડછાંડ, ગાર ઓળીપા, કરીઆવરના પટારા અને પહેરામણી, બધાંએ જાણે ગંજીપાના મીનારાની માફક વીંખાઇ ગયાં. પૂર્વજોનું લોહી એની રગેરગમાં દોડવા લાગ્યું મસ્તકમાં ભણકારા બોલવા લાગ્યા કે "મારી બાયડી! બીજે જાય! બીજે જાય! એ કરતાં તો મોત ભલું. મોત ભલું! મારું! મારું! મારું!" થવા લાગ્યું. પણ કોને મારે? કાટેલી તલવારને સજાવવાનાએ પૈસા નહોતાં.

જે વાણીઆને ત્યાં એની જાગીર મંડાણમાં હતી તેના ચરણ ઝાલીને ગરાસીઓ કરગરી પડ્યો : "કાકા! આજ મારી લાજ રાખો.

મારું મોત બગડશે. મારી બાયડી જાશે તે પહેલાં તો આ ધડ માથેથી માથું પણ વધેરવું પડશે. કાકા! એક હજાર આપો. મારી જાત વેચીને પણ ભરી દઇશ. આ ભવ નહીં અપાય તો ઓલ્યે ભવ તમારે પેટે જન્મ લઇને ચુકવીશ."

વાણીઓ પીગળ્યો નહીં. રજપુત પ વેપારીના હાથ ઝાલી રોયો. એની રાજબાને જાણે કે પોતાની નજર સામેજ કોઇ હાથ પકડી ખેંચી જાતું હતું !

કાકાએ કાગળ લીધો. કૈંક લખ્યું. " લ્યો ભા, કરો આમાં સહી. અમારું તો વળી જે થાય તે ખરૂ. "

કાગળ વાંચીને રજપુતનુ લોહી થીજી ગયું. એમાં લખ્યું હતું કે " રુપીઆ એક હજાર પુરા ન ભરુ ત્યાં સુધી બાયડીને માબ્હેન સમજીશ. "

રજપુતે દસ્તાવેજ ઉપર દસ્તખત કર્યાં. એની આંગળીઓ કાંપી રહી. રુંવાડાં રેબઝેબ થઇ ગયાં.

રાજબા એના ઓરડામાં બેઠી બેઠી શું કરે છે? ભરથારનાં સ્વપનાં જોવે છે. નહોતો જોયો તોએ જાણે આરસપાણમાંથી કોઇ કારીગર પોતાની મનમાની પ્રતિમા કંડારતો હોય, તેમ એ બેઠી બેઠી એ ગરીબ માનવીની ચીથરેહાલ મૂર્તિને અંતરમાં ચીતર્યા કરે છે. પીયરીગામમાં હવે એને ગોઠતું નહોતું. પોતાના ધરની એને હૈયે ભુખ લાગી છે.

જેઠ સુદ બીજનો આભમાં ઉદય થયો, તેજ વખતે જમાઇ રાજે સાસરે આવીને ભર ડાયરા વચ્ચે કોથળી મુકી કહ્યું: "લ્યો મામા! આ રુપીઆ." આખા ડાયરાને ખબર પડી કે સાસરાએ ગરીબ જમાઇને આપધાત કરવા જેવો મામલો ઉભો કર્યો હતો. ફીટકારો દેતા દેતા ગરાસીઆ ડાયરામાંથી ઉભા થઇ ગયા. સાસરીઆનાં મોં શ્યામ બન્યાં અને ઓરડાને ખુણે આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસાવતી કન્યા કંપવા લાગી કે, "હાય હાય! આનું વેર મારો ધણી મારા ઉપરજ ઉતારશે!"

૨

સાસરાના ગામનાં ઝાડવાંને છેલ્લામાં છેલ્લા રામ રામ કર્યા; રજપુતાણીને વેલડામાં બેસાડી રજપુત પોતાને ઘેર લઇ ગયો. ધબકતે હૈયે રજપુતાણી ઓરડામાં દાખલ થઇ. એ ઘર નહોતું, સ્મશાન હતું. જેને લુગડે જરીએ રજ નહોતી અડી, એવી લાડમાં ઉછરેલી જોબનવંતીએ આવીને તરત હાથમાં સાવરણી લીધી. સાસુ, સસરા કે દેર નણદ વિનાના આ સુનકાર ઘરને વાળ્યું, ફરી ફરી વાળ્યું. ઓરડો આભલા સરીખો ચકચકી ઉઠયો. પચીસ વરસ પૂર્વે પોતાનાં સાસુએ હાથે ભરેલા હીરના ચંદરવા ભીંતો ઉપર લટકતા હતા. એના ઉપર ઝાપટ મારીને રજ ખંખેરતાં તો ઓરડામાં હજારો નાનાં આભલાંનો ઝગમગાટ થઇ ઉઠયો.

જ્યાં જ્યાં આ નવી નારીની આંગળીઓ અડકી ત્યાં ત્યાં જાણે અમૃત નીતર્યાં. રાતે સ્વામીની પાસે બેસીને મોતીનો વીંઝણો ઢોળતાં ઢોળતાં રજપુતાણીએ થાળી જમાડી. ધરતી ઢાળું મોઢું રાખીને અબોલ રજપુતે વાળુ કરી લીધું. પીયરથી આણામાં આણેલી આકોલીઆના રુની રેશમી તળાઇ બીછાવીને તલના તેલનો ઝાંખો દીવડો બાળતી બાળતી રજપુતાણી પથારીની પાંગત ઉપર વાટ જોતી બેઠી. સ્વામી આવ્યો; રજપુતે તલવાર ખેંચીને પોતાની અને રજપુતાણીની વચ્ચે ધરી દીધી: તે સુતો. પથારીને બીજે પડખે રજપુતાણીએ પણ પોતાની હેમ સરીખી પાતળી કાયા લબાવી.

બેયનાં નયનો સામસામાં તગમગતાં તગમગતાં એક બીજાનું ધ્યાન ધરી રહ્યાં છે. બેય હૈયાં જાણે સામસામાં ધમણ ફુંકી ફુંકીને એક બીજાને હુંફાવી રહ્યાં છે. બેયનાં રોમેરોમે જાણે સામસામાં બાથ ભરવા ખડાં થઈ ગયાં છે. પણ વચ્ચે નાગી તલવાર પડી છે;

રજપુતે તલવાર ખેંચીને પોતાની અને રાજપુતાણીની વચ્ચે ધરી દીધી.

નાનકડી એક તરવાર: કરોડો ગાઉનું જાણે અંતર.

એવી એવી રાતો એક પછી એક વીતવા લાગી. આખો દિવસ એક બીજાની આંખો-માંથી અમીના ફુવારા છુટે છે. અબોલ પ્રીતડી એક બીજાના અંતરમાં સાત તાળીની રમતો રમે છે. અને છતાંએ રાતની પથારીમાં કાળી નાગણીશી નાગી તલવાર કાં મુકાય? રજપુતાણી આ સમસ્યા કેમેએ કરીને ઉકેલી ન શકી. એણે જોયું કે ઠાકોરના આચરણમાં પોતાના પ્રત્યે રીસની એકેએ નીશાની નથી. સાથેજ પોઢવા આવે છે, સામુંજ પડખું રાખીને પોઢે છે. ત્યારે ગોદમાં કાં ન લે? કૈં પરીક્ષા કરતો હશે? મરદાનગીમાં કૈં ખામી હશે? કૈં મંત્ર સાધતો હશે? કૈં ન કળાયું. હૈયું વીંધાવા લાગ્યું. અમીનો કટોરો જાણે હોઠ પાસે આવીને થંભી ગયો છે.

એક, બે, ને ત્રણ રાતો વીતી ગઇ. ચોથી રાતે ઠાકોર આવ્યા. સુતા. રજપુતાણી ભીંત-ને અઢેલીને ઉભી રહી. અધરાત થઇ તોએ જાણે આંખનો પલકારો માર્યા વિના, મીણ-ની આકૃતિ જેવી એ ઉભી છે. ઠાકોર બોલ્યા: "કેમ ઉભાં છો?"

રજપુતાણીની આંખોએજ ડળક ડળક આંસુ પાડીને મુંગો ઉત્તર દીધો.

"કેમ આંસુ પાડો છો? પીયર સાંભરતું હશે!"

"ઠાકોર, હવે તો બહુ થયું. પીયરી-આંનું વેર શું હજુએ નથી વળી રહ્યું?"

"તમારે શું કહેવું છે?"

"તમે રજપુત છો, તેમ હું પણ રજપુ-તાણીનું દુધ ધાવીછું. આખું જીવતર તરવાર-નાં અંતર રાખોને! નહીં આવું."

"ત્યારે આ શું કરો છો?"

"ફક્ત તમારા અંતરનો ભેદ જાણવા માગું છું. તમારા સુખમાં આડી આવતી હોઉં તો ખસીને મારગ દઇશ."

"શેનો ભેદ?"

"આ મારી શોકય તરવારનો."

"રજપુતાણી, લ્યો, આ દસ્તાવેજ વાંચો."

વાંચતાં વાંચતાં તો રાજબાની આંખે દીવામાં નવું તેલ પુરાય તેમ ઉજળી બ[illegible] ગઇ. એનાથી બોલાઇ ગયું: "રંગ છે તા[illegible] જનેતાને ઠાકોર! એમજ હોય. વાંધો નહીં.

* * *

ચોરે બેસી બેસી ને ઠાકોર બે પહો[illegible] દી' ચઢયે છાશ પીવા આવ્યા. પોતે પરોવેલ મોતીનો નવરંગી વીંઝણો ઢોળતી ઢોળત[illegible] રજપુતાણી પડખે બેઠી, અને બોલી: "હ[illegible] આમ કયાં સુધી બેસી રહેશો?"

"ત્યારે શું દોટાદોટ કાઢું?" રજપુ[illegible] તિરસ્કારથી હસ્યો.

"આ લ્યો" કહીને રજપુતાણીએ પોતાન[illegible] અંગ ઉપરથી સૌભાગ્યની બે ચુડલીએ શીવાયના તમામ દાગીનાનો ઢગલો કર્યો.

ઠાકોર એ ઢગલા સામે જોઇને બોલ્યો: "આને શું કરું? કરજ ચુકાવી નાખું બસ, ધીરજની અવધિ આવી ગઇ? રજપુતાણી બાયડીનાં પાલવડાં વેચીને વ્રત છોડવાં એનું નામ વ્યભિચાર કહેવાય, સમજ્યાં?'

"ઉતાવળું બોલી નાખો મા, ઠાકોર આમાંથી બે ઘોડીયું લ્યો, બબ્બે જોડ પોશાક કરાવો, ને બે જોડ હથીઆરની."

"બીજી જોડ કોને માટે?"

"મારે માટે"

"તમારે માટે?"

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૮૨]



લેખક:

રા. શંકરપ્રસાદ છગનલાલ રાવળ,

સભ્ય, સાહિત્ય સંસદ્.

રણુયજ્ઞ તથા રણજંગ—સંશોધક તથા પ્રકાશક: ગ. મંજુલાલ રણછોડલાલ મજમુંદાર, વડોદરા. મૂલ્ય રૂ. ૧–૮–૦.

મહાકવિ પ્રેમાનંદના 'સુદામા ચરિત્ર' ને બીજા આઠ કવિઓની એજ વિષયની કૃતિઓ સાથે આગળ ઉપર પ્રસિદ્ધ કરનાર રા. મંજુલાલ મજમુંદારે હમણાં પ્રેમાનંદના 'રણયજ્ઞ'ને અને કવિ વજીઆના 'રણજંગ' કાવ્ય સાથે પ્રસિદ્ધ કર્યું છે. આપણા પ્રાચીન સાહિત્યના એક સુઘડ સંશોધક તરીકે રા. મંજુલાલ મજમુંદારે પોતાને પુરવાર કર્યા છે; અને આપણા ગણ્યાગાંઠ્યા સંશોધકોમાં એમના આ સફલ પ્રવેશ માટે અમે એમને સહર્ષ અભિનંદન આપીએ છીએ. આપણા સાહિત્યના ઇતિહાસના મંદિરના ચણતરમાં આવા ઘણા એક સંશોધકોની હજી આપણને ઘણી જરુર છે.

અપ્રસિદ્ધ સાહિત્ય હજી મોટા પ્રમાણમાં આપણી થોડીશી સંશોધક સંસ્થાઓમાં પડી રહ્યું છે; ત્યારે બીજું ઘણુંએક અંધકાર કે વિનાશને વશ બની રહી આપણી પાસેથી લુપ્ત થતું જાય છે. આપણાં આ સાધનોનો સંગ્રહ કરવાની કે તેને કોઈ ચિરસ્થાયી સ્વરૂપમાં સાહિત્યની દુનીઆમાં રજુ કરવાની આપણી ઉદાસીન વૃત્તિને આપણા પૂર્વજો માફકજ આપણે આપણી લાક્ષણિક ચીવટથી સેવી રહ્યા છીએ. પૂર્વની ભાષાઓ અને તેમનાં સાહિત્યોની પશ્ચિમમાં અભ્યાસપદ્ધતિ ખીલવવામાં આવે અને આપણે એ ભાષા અને સાહિત્યના અભિમાનીઓ ધીમીધીમી પગલીઓ ભરી ગણ્યાંગાંઠ્યાં આવાં કાર્યને રજુ કરીએ એ આશ્ચર્યકારક ઘટના હજી આપણને પુરી સાલતી નથી. આપણા સાહિત્યનાં આ

ઐતિહાસિક સાધનોને, આપણે જોઇ શક્યા છીએ કે, કેશવલાલ ધ્રુવો, દેરાસરીઓ, હરસૈવિદદાસો; નાથાશંકર શાસ્ત્રીઓ, ઇચ્છારામ દેસાઇઓ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીઓ, ગુજરાતી ફોર્બ્સ સભાઓ, અંબાલાલ જાનીઓ, રામલાલ મોદીઓ કે હીરાલાલ પારેખો પુરાં પહોંચી વળ્યાં નથી કે પહોંચી વળતાં નથી. આપણાં ભાષા અને સાહિત્યના આ અંગને અને એના વીશાળ ક્ષેત્રને ખેડવા આપણા નવીન યુવક વર્ગ ઉપર આપણે આશાવંત છીએ. એ વર્ગને અમે આપણા સાહિત્યના પ્રાચીન યુગોની એક પછી એક કૃતિને આપણા જુના શાસ્ત્રી સાથે પાશ્ચાત્ય ધોરણે શિક્ષિત વિદ્વાનની સંમશ્રિત પદ્ધતિથી સંશોધવા આમંત્રીએ છીએ. કાશીના પંડિતની સંશોધનપદ્ધતિએ અને આપણા નવીન શિક્ષણના પંડિતની પદ્ધતિએ એમનાં પરસ્પર વિરોધક અંતરને હવે ટુંકાં કરવાં જોઇએ. એ કાર્ય વિકટ છે. પણ બંને પદ્ધતિઓનાં સંમિશ્રણ વિના આપણી કૃતિઓને આપણે ન્યાય નહીં આપી શકીએ. આપણાં સંશોધનો, વિવરણો કે વિવેચનો આવા સંમિશ્રણ વગર કહો તો શુષ્ક કે કહો તો નિષ્પ્રાણ પુરાણા ખોખાં બની જવાનાં. રા. મજમુદાર બંને પદ્ધતિઓનો ઠીક લાભ લીધો છે. સુદામા ચરિત્રોની માફક રા. મજુલાલ મજમુદારે આ 'રણયજ્ઞ'ને જુદી જુદી પ્રતો ઉપરથી સંશોધ્યું છે; એટલુંજ નહીં પણ વિસ્તૃત પ્રસ્તાવના ટીકા, રસાલંકાર પ્રકરણ, વ્યુત્પત્તિ વગેરે વિવિધ પ્રકારની સામગ્રીથી આ કાવ્યનાં કલેવર ને આત્માને યથાર્થ રીતે સમજાવવામાં એમણે એમની આ પ્રકારની વિદ્વતા અને રસિકતાને શોભાવે એવો અથાગ શ્રમ લીધો છે. કૃતિની કૃતિનો અંગેઅંગ અભ્યાસ કરવામાં આ પુસ્તક આપણા સાહિત્યરસિક તેમ વિદ્યાર્થીવર્ગને કીમતી થયાં વગર રહેશે નહીં એમ માનીએ છીએ.

રા. મજમુંદારનો પ્રાચીન સાહિત્યવિષયક ઉત્સાહ પ્રશંસાપાત્ર છે. આપણા કાવ્ય સાહિત્યનો ઉંડો અને વ્યાપક અભ્યાસ કરાવવામાં એ સાચા સહાયક થાય એમ છે. રા. જાનીની માફક આમાંની કાવ્યપંક્તિઓ જરુરી વિરામચિન્હોથી સંપૂર્ણતા પામી હોત.

જુની ગુજરાતી કવિતાનાં રાગરાગિણીઓ, દેશીઓ, તાલમાત્રાઓ વગેરે ઉપર પણ જોઇતું વિવેચન કરી એમની આવી કૃતિઓની અપૂર્ણતાઓ એ હવે પછી પુરશે એમ અમે આશા રાખીએ છીએ. એમનો વ્યુત્પત્તિ વિભાગ હજી જરા વિશેષ સંગીન અને શાસ્ત્રીય વિકાસક્રમથી ખેડાય એ અપેક્ષિત છે.

પ્રેમાનંદકવિના નાટકોની બાબતમાં પણ રા. મજમુદારને અમે ઉંડા જવા આગ્રહ કરીશું. એમના તરફથી એક પછી એક આવી કૃતિઓની અમે આતુરતાથી રાહ જોઇશું.

પ્રેમાનંદનાંજ નાટકો: લેખક: રા. ગ્ર., પ્રકાશક: રા. નટવરલાલ ગો. શેઠ, વ્યવસ્થાપક, 'સાહિત્ય.' વડોદરા, મૂલ્ય રુ. ૧-૮-૦.

રા. ગ્ર. મહાકવિ પ્રેમાનંદને નામે પ્રસિદ્ધ કરાએલાં નાટકોના આસ્તિક પક્ષના અગ્રણી છે. વિરુદ્ધ પક્ષના અગ્રણી રા. નરસિંહરાવભાઇની દલીલે દલીલનો એ ઉત્તર આપવાનો દાવો કરે છે. આ પ્રમાણે ઉત્તરરુપે એમને કરવાની જેટલી દલીલો છે તેટલી એ કરે છે અને છુટકછુટક અને જુદાં જુદાં માસિકોમાં પહેલાં પ્રસિદ્ધ કરેલી એ દલીલોને આ પુસ્તકમાં એકત્ર કરી આપણી આગળ રજુ કરે છે. રા. ગ્ર.ના આ માનીતા અને અતિ મહત્ત્વના પુસ્તકને અમે દીલભેર અભિનંદન આપીએ છીએ.

આ સાથે એ ઇચ્છવા જેવું છે કે રા.

ઞ. ના પક્ષના બીજા પક્ષકારોની દલીલોનાં દળને પણ આ રીતે પ્રસિદ્ધ કરવામાં આવે. રા. નરસિંહરાવભાઇની શંકાઓને પણ છુટકછુટક લેખોમાંથી આ પુસ્તક પેઠે એકત્ર થવાની જરુર છે.

આ ચર્ચા પરત્વે હાલ તો અમે તટસ્થ વૃત્તિજ સેવીશું અને 'પ્રેમાનંદનાંજ નાટકો' માંના નિશ્ચયાત્મક 'જ' થી રા. ઞ. સાથે સંમત થઇશું નહીં. ખાસ કરીને ચર્ચાની આ ભૂમિકામાં તો આ 'જ' અમને ઔચિત્યભર્યો નથી લાગતો. હજી તટસ્થો એ અપેક્ષા રાખે છે કે આપણા પ્રાચીન સાહિત્યના વિશેષ શોધખોળ થાય અને વર્ષો પછી પણ ખાસ કવિની કૃતિઓ પ્રાપ્ત થઇ આવી તેમ આ કૃતિઓની બીજી પ્રતો પણ આપણને દર્શન દે. બંને પક્ષોની દલીલો જોતાં એટલું તો લાગી આવ્યા વગર રહેતું નથી કે રા. ઞ. તેમ આ પુસ્તકના ઉપોદ્‌ઘાતના લેખક રા. છોટાલાલ ભટ્ટ અતિ ઉતાવળા થાય છે. એમણે આ સાથે રા. હરગોવિંદદાસભાઇના અભિપ્રાયો પ્રસિદ્ધ કરવા જોઇતા હતા. સ્વર્ગસ્થ શાસ્ત્રી સાથે આટઆટલો સહચાર કર્યા પછી આ ત્રણ નાટકોની પ્રસિદ્ધિ સંબંધમાં એ શાસ્ત્રીના વર્તન વીશે—એની શક્તિઓ કે કૃતિઓ વીશે—જેટલું રા. હરગોવિંદદાસભાઇ કહી શકે તેટલું બીજું કોઇ કહી શકે એમ નથીજ. તો શા માટે આપણા સાહિત્યના આ વૃદ્ધ વિદ્વર પક્ષાપક્ષીને ઉત્તેજિત કર્યા કરતાં કહેવાનું કહી નાખી એક સાચા પક્ષમાં ભળી શકતા નથી? સાહિત્યકારની આંટ વૈશ્યની આંટ જેવી ઉતરતી ભૂમિકાની નથી. એક વાર સ્વીકારેલા દૃષ્ટિબિંદુનો કોણ ફેરવી સત્યનાં દર્શન કરાય—કરાવાય—તો સાહિત્યકારની આંટને—તેના હૃદયના નિર્મલ વક્તવ્યને સત્ય સ્વરૂપમાં રજુ કરવાની તેની આંટને—વિશેષ ધન્યતા મળે છે.

શાસ્ત્રીજી ગુજરાત, કચ્છ, કાઠીઆવાડ (અને કરાંચી પણ) એમની નટમંડલી લઇ નાટકો ભજવવા જતા એવું અમે એ મંડલીમાંના એક નટને મુખે સાંભળ્યું છે. એજ નટ નાટકોની પ્રસિદ્ધિ વખતે છાપખાનામાં પણ કામ કરતો હતો શાસ્ત્રીજી દરરોજ નિયત કરેલો ભાગજ છાપખાના માટે કડકે કડકે સાવધગીરીથી આપતા. પ્રત કોઇને બતાવતા નહીં અને તે જોવાની ધૃષ્ટતા કે આતુરતા બતાવનારનું કોઇ રીતે સમાધાન પણ કરતા નહીં. એજ માણસ કહેતો હતો કે શાસ્ત્રીજી મહાભારતના ઉંડા અભ્યાસક હતા. ત્રણેક વર્ષો સુધી એમણે એ વીરકથાનું શ્રમ અને ભક્તિપૂર્વક પારાયણ કર્યું હતું. રા. હરગોવિંદદાસભાઇ આ અને આવી હકીકતોનાં બંધ દ્વારોને બંધજ રાખવા રાજી છે કે વિદુરજીની જેમ ખરો માર્ગ છેક છેલ્લી ઘડીએ પણ દર્શાવવા માગે છે? પ્રતો જ્યારે અદશ્ય થઇ ગઇ છે ત્યારે એ શાસ્ત્રીજી કે બીજો કોઇ આધુનિક આ નાટકો લખવાની શક્તિ ધરાવતો હતો એવી એક દલીલને દલીલ ખાતર ચર્ચવાનું રા. હરગોવિંદદાસભાઇ કે રા. ઞ. યોગ્ય ધારે તો સારું નહીં?

આપણા પ્રાચીન સાહિત્યને હવે બહિરંગ અને અંતરંગ દૃષ્ટિએ પહેલા કરતાં વિશેષ સબળતાથી ને સાધનોથી આપણે શોધવા માંડયું છે. જુનામાં જુની પ્રતો ઉપલબ્ધ કરવા, અન્ય લેખકોની એવા અંશોની કૃતિઓ સાથે એ પ્રતોને સરખાવવા અને અનેક દૃષ્ટિએથી આપણા એ સાહિત્યને અવલોકવાના શ્રમ હાલ જ્યાંત્યાં દેખા દે

છે. આ જોતાં પ્રેમાનંદ કવિનાં આ 'નાટકો માટે પણ સત્ય શું છે એ જોઇ' શકવા માટે અમને તો આશા રહે છે.

રા. જા.ના આ સત્યનિષ્ઠાભર્યા સ્નેહશ્રમને અમે ઉંચા મૂલ્યથી આંકીએ છીએ, અને એમની આ અને બીજી સાહિત્યસેવાને માટે એમના પ્રતિ માન અને પ્રેમ ધરાવતા રહીએ છીએ.' આથીજ અમે કહીએ છીએ કે આપણા સાહિત્યનો આ નવયુગ દસે દિશાએથી જાગી ગયો છે. ઉચ્ચ પ્રકારના સાહિત્ય સેવનમાં સત્યને જેટલો પૂજાનો અર્ધ્ય મળશે તેટલો વ્યકિતને કે તેના મર્યાદિત સત્યને—કે તેની શંકાવલિઓને—નહીં મળે. પછી ભલે એ વ્યકિતઓ આપણા સાહિત્યના 'ભીષ્મપિતામહ જેવા નરસિંહરાવભાઇની હોય કે અમે ઉપર કહ્યું તેમ વિદુરજી જેવા આપણા સાહિત્યના ભકત હરગોવિંદદાસભાઇની હોય. સત્યનીજ શહેમાં સાચો સાહિત્યકાર તણાશે.

સુભદ્રાહરણ અને મહાકવિ પ્રેમાનંદની જીવનકલા—સંપાદકઃ રા. અંબાલાલ બુલાખીરામ જાની, પ્રકાશકઃ એન એમ. ત્રિપાઠીની કંપની, મુંબાઇ, મૂલ્ય રુ. ૨—૦—૦.

સન ૧૯૧૯ માં રા. અંબાલાલ જાનીએ આ પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રસિદ્ધ કરી હમણાં આ એની બીજી આવૃત્તિ બહાર પાડી છે. આપણા પ્રાચીનસાહિત્યનું અથાગ શ્રમ લેઇ સંશોધન કરવામાં રા. જાનીનો ઉત્સાહ અને ફાળો અસ્ખલિત વહ્યા કરે છે. એમની કૃતિમાં આપણે ઉંડો અભ્યાસ, ઉપલબ્ધ જેટલી હોય તેટલી બધી સામગ્રી, ઐતિહાસિક દૃષ્ટિ અને ઉચ્ચ પ્રકારની રસિકતા જોઇ શકીએ છીએ. આપણી પ્રાચીન સાહિત્ય સમૃદ્ધિઓના રસિકો આપણામાં ઘણા વિરલ છે. અમે રા. અંબાલાલભાઇને એમની નવીન ઉમેરણ અને સંસ્કરણવાળી કૃતિને સારુ અભિનંદન આપીશું અને એમની આ ઉચ્ચ કોટિની સાહિત્યસેવાનો મોટો લાભ લેવા આપણા સાહિત્ય રસિક તેમ વિદ્યાર્થીવર્ગનું ધ્યાન ખેંચીશું. પ્રેમાનંદ કવિ અને તેમની કૃતિઓના દિનપ્રતિદિન વધતા જતા અભ્યાસને રા. જાનીના આ પ્રયત્નો ઘણાજ ઉપયોગી થઇ પડયા વગર રહેશે નહીં.

ઇરાવતી—લેખક અને પ્રકાશકઃ રા. છગનલાલ ઠાકોરદાસ મોદી, સુરત, રુ. ૨–૮–૦

રા. છગનલાલ મોદીએ આ લોકપ્રિય નવલકથાની ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરી છે. પશ્ચિમની ઢબે નવલકથા લખવાનો આરંભ કયારનોએ થઇ ગયો હતો. ગોવર્ધનભાઇની નવલકથા સરસ્વતિચંદ્ર ભાગ ૧ પણ પ્રસિદ્ધ થઇ ગઇ હતી. આ અરસામાં વિ. સં. ૧૯૪૪ માં રા મોદીએ એક ડચ ભાષામાં લખાએલી નવલકથા પરથી આ નવલકથાનો ગુજરાતી અનુવાદ કર્યો. અકબરના સમૃદ્ધ દેશકાળનું એમાં સાદું, સરલ અને તાદૃશ પ્રતિબંબ છે. એની લાક્ષણિક સરલતાએ કરી એણે ગુજરાતના ઘરઘરમાં સારો પ્રવેશ કરી દીધો છે.

હાલ આપણી નવલકથાઓમા જે જે સબલ અને સફલ કૃતિઓ તરીકે લોકપ્રિય થઇ છે તેમણે નવલકથાના પોતપોતાના પ્રકારાનુસાર વિશિષ્ટ સ્વરૂપમાં સ્થાયી સ્થાન લઇ લીધું છે. ઇરાવતી પણ એના અસલી, સાદા અને સીધા સ્વરૂપમાં એવું સ્થાન શોભાવી રહી છે. અમે ઇચ્છીએ છીએ કે માત્ર એકજ આવા અનુવાદથી રા. મોદી સંતુષ્ટ નહીં રહી શકે અને બીજી આવી કૃતિ ગુજરાતને અર્પણ કરશે.

સાહિત્ય સંસદ્

તૃતીય વાર્ષિક સભાનો વૃત્તાંત

સાહિત્ય સંસદની તૃતીય વાર્ષિક સભા સંવત્ ૧૯૮૧ ના ફાગણ સુદ બારસ ને શનિવાર તા૦ ૭ મી માર્ચ ૧૯૨૫ ને દિને બપોરના ત્રણ વાગે "ગુજરાત" કાર્યાલયમાં રા. કનૈયાલાલ માણેકલાલ મુનશીના પ્રમુખપદે મળી હતી.

સભાનું કામકાજ શરુ કરતાં મંત્રીઓ તરફના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે ગ્રંથમાલાને અંગે ચાલતી પ્રવૃત્તિને પરિણામે રા. મુનશીના "ગદ્ય લેખો" તથા "રાજાધિરાજ" અને સૌ. લીલાવતીનાં "રેખાચિત્રો અને બીજા લેખો" એમ ત્રણ પુસ્તકો થોડા વખતમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને સાહિત્યના ઇતિહાસને અંગે ખંડ ૬ ઠ્ઠો એટલે "નરસિંહયુગ" છપાય છે; ખંડ ૫ મો એટલે "મધ્યકાલના અગ્ર લેખો" લગભગ તૈઆર થવા આવ્યો છે અને દરેક યુગના લેખકોની નામાવલી પણ લગભગ તૈઆર થવા આવી છે.

અધિકારી મંડળ હંમેશની માફક નિયમિત રીતે લગભગ દરરોજ મળે જાય છે; અને રા. મણિલાલ બકોરભાઇ વ્યાસ સંસદના સભ્ય તરીકે દાખલ થતાં સભ્યોની સંખ્યા હાલ ૩૭ થઇ છે.

બાદ ચાલુ વર્ષને માટે એજ અધિકારી મંડલને કાયમ રાખી ચા પાણી લઇ સભા વિસર્જન થઇ હતી.

દસ્તાવેજ

[અનુસંધાન પૃષ્ઠ ૭૯ થી]

"હા, હા, મારે માટે નાની હતી ત્યારે બહુ પહેર્યાં છે. બાપની તરવારો ઘરમાં છાની માની સમણી છે. હથીઆરો અંગે સજીને કાળી રાતે મેં એકલીએ ઘરની ચોકી કરી છે. આજ સુધી છોકરાંની રમતો રમતી હતી. હવે સાચો વેષ સજીશ. તમારો નાનેરો ભાઈ બનીશ."

રજપુત વીચારી રહ્યો: "આ તે બાયડી કે જોગમાયા?"

૩

અંગે વીરનાં વસ્ત્રશસ્ત્રો સજીને બેય ઘોડેસ્વાર કોઈ મોટા રાજ્યની ચાકરી ગોતવા નીકળ્યા. બેયનાં ભાલાં આભને ટેકો દેતાં જતાં, ને સુરજનાં કિરણોની સાથે પ્રીતડીની રમતો રમતાં આવે છે. વિધાતા પણ પલ વાર નીમાસણમા પડી જાય, કે આને મેં નર બનાવેલ કે નારી! એવી એ રાજબાની સુરત બદલી ગઈ. આંખમાંથી જાણે લાલ ચણોઠી જેવાં લોહી નીતરે છે. મુખ ઉપર ક્ષત્રીવટની યજ્ઞ-જ્વાળા ભડભડે છે. સાવજ ડણક દેતો હોય એવો અવાજ ગાજે છે.

રાજધાનીના દરવાજામાં બેય ઘોડાં નાચ કરતાં કરતાં દાખલ થતાં હતાં તે વખતેજ બાદશાહ સલામતની સવારી સામી મળી. બાદશાહ વિધાતાની આ બે કરામતોને દેખી રીઝી બની ગયો. પુછ્યું: "કોણ છો?"

"રજપુત છીએ."

"કેમ નીકળ્યા છો?"

"શેર બાજરી સારુ."

"આંહી રહેશો?"

બેય જણાએ માથું નમાવ્યું.

"સગા થાઓછો?"

"હા નામવર. માંમા ફુઈના."

બેય રજપુતની ચાકરી નોંધાણી.

૪

શીકારની સવારીમાં, બાદશાહના હાથી ઉપર જે વખતે ઝખ્મી થએલા સાવઝે કારમી તરાપ મારી, તે વખતે બે હસ્તના દરવાજાની અને બાદશાહની વચ્ચે કેટલું છેટું હતું! પચાસ રક્ષકોની તલવારો શરમાતી ઉભી હતી ત્યારે વખતસર એ સાવજના ડાચામાં કોનું ભાલું પેસી ગયું?

એ રાજબાનું ભાલું હતું. સાવજ મોંસરવો વીંધાઈ ગયો.

તે દિવસથી બેય રજપુતોને બાદશાહના શયનગૃહની અટારીનો પહેરો સોંપાયો. આખી રાત ચોકી દેતાં દેતાં એ રજપુતોને એક વરસ વીત્યું. હજુ રુપીઆ હજારનો જોગ નહોતો થયો.

* * *

આષાઢની એ મેઘલી મધરાત ગળતી આવે છે. વરસ વરસનાં વીજોગી વાદળાં આભમાં જાણે અણધાર્યાં સામાં મળ્યાં છે. અને એક બીજાને ગળે બાથ ભીડીને પથારીમાં પોઢયાં છે. નયણાંમાંથી આંસુ નીતરતાં હોય તેવાં વરસાદનાં ફોરાં ટપક ટપક ધરતી ઉપર

પડે છે. એ મધરાતનાં મુંગાં મધુરાં આલિંગન જાણે કે કોઇ જોતું નથી. માત્ર કોઇ કોઇ નાનકડું ચાંદરડુંજ એ મેઘાડંબરના મહેલની ઝીણીઝીણી ચીરાડમાંથી એની તોફાની આંખ તગમગાવીને નીરખતું નીરખતું મલકી રહ્યું છે. તમરાંના લહેકારની સુરીલી જમાવટ વાદળાંની ઘેરાતી આંખોમાં મીઠી નીંદર ભરી રહી છે. એક બીજાંની બચ્ચી લેવાતાં, પ્રીતિની ધગધગતી ગરમી પરઝણી ઉઠે તેવી જાણે કે વીજળી ઝળકે છે. સામસામાં હૈયાં દબાતાં "હાશ! હાશ!" ના જે ઉદ્ગારો વછુટે, તે જાણે કે ધીરા ગડગડાટને રુપે આખા વિશ્વની અંદર સૌને કાને પડે છે.

તેવે વખતે ઝરુખાની પરસાળમાં આપણા રજપુતોની કેવી ગતિ થઇ રહી હતી! થંભલી ને ટેકો દઇને ઉભેલા ઠાકોરની આંખ જરાક મળી ગઇ. હાથમાં ભાલાસોતો એ ઉભો ઉભોજ જામી ગયો. ઠકરાણી એકલી દેખે છે. એની આંખો આભમાં મંડાઇ ગઇ છે. એને સાંભર્યું કે આષાઢ આવ્યો—બીજો આષાઢ આવ્યો. બાર બાર મહીના વીત્યા. આખા સંસારમાં આજ જાણે કોઇ એકલું નહીં હોય! વીજોગણ દુ઼ંજ એકલી! રંગભીનો સામે ઉભો છે તોએ જાણે સો જોજન આઘે ઉભો છે.

વાદળાંના ગડગડાટ સાંભળ્યા. વીરાંગના કોઇ દિવસ નહોતી ડરી. સાવઝની ત્રાડથી નહોતી ડરી તે આજે ડરી. દોડી સ્વામીને ભેટવા—તસુ એટલુંજ અંતર રહેતાં થંભી. પચાસ ગાઉ આઘેના એક નાના ગામડામાંથી વાણીઆએ જાણે આંચકો માર્યો. આખો સંસાર જાણે એને ધક્કો મારવા ધસી આવ્યો. એ ઉભી રહી. સુતેલા કંથના મોં ઉપર એણે શું જોયું? કદી નહોતું જોયું તેવું રૂપ! વીજોગી વેદનાભર્યું અને રીસાતું એ રૂપ!

રજપુતાણી પાછાં ડગલાં દેવા લાગી. રૂપ જોતી જાય, પાછાં ડગલાં દેતી જાય, અને વાદળાંની મસ્તી સાંભળીને જાણે પગ ધરતી સાથે જડાતા જાય.

વીરત્વ બધું જાણે એની છાતી ભેદી, બખ્તર ભેદી, નીસાસાને રુપે બહાર આવ્યું. એક નીસાસો! એકજ! નીસાસો કેટલો તોલદાર હશે! ધરતી ઉપર જાણે ધબ દઇને નીસાસો પડ્યો. આભમાં અજવાળું હોત તો એ દેખાત.

કઠોડા ઉપર હાથની કોણી ટેકાવી, અને હથેળીમાં ડોલર જેવું મોઢું ટેકાવીને રજપુતાણી ઉભી રહી. બપૈયો જાણે સામેથી કેક સમસ્યાનો દુહો બોલ્યો; ઠકરાણીએ સમસ્યાના જવાબમાં દુહો ઉપાડ્યો. સાત સાત આકાશનાં અંતર જાણે ભેદવા લાગ્યાં :

દેશ બીજાં પીયુ પરદેશાં, પીયુ બંધવારે વેશ
જે દી' જાશાં દેશમેં (તે દી') બાંધવ પીયુ કરેશ.

[મારા દેશમાં આજ વીજળી થાય છે, પણ પ્રિયતમ તો પરદેશમાં છે. અરે! મારી પડખેજ છે. પણ મારા ભાઇને વેશે. જે દિવસ રુપીઆ કમાઇને દેશમાં જશું ત્યારેજ એને બાંધવ મટાડી પતિ બનાવીશ. ત્યાં સુધી તો ભાઇ બહેનનાં સગપણ સમજવાં.]

૫

સવાર પડી. હૈયામાં વાત સમાતી ન હોય તેમ હુરમે બાદશાહની આંખો ઉઘડતાંજ વાત કરી કે "આ બે રજપુતોની અંદર કંઇક ભેદ છે."

"એમ ? શું ? કટકા કરી નાખું."

"ના ના. કટકા કરવા જેવો નહીં, કટકા સાંધવા જેવો ભેદ છે. આ જોડીમાં એક પુરુષ છે, બીજી સ્ત્રી છે. બંનેની વચ્ચે કોઇ ગુપ્ત વીજેગ છે."

"દીવાની થા મા, દીવાની! જોતી નથી? બેઉની આંખોમાંથી અંગારા ઝરી રહ્યા છે!"

"પરીક્ષા કરો. પછી કોણ દીવાનું છે તે જોશો."

"તેં શા પરથી જાણ્યું ?"

"મધરાતે મારી આંખોમાં નીંદર નહોતી. મેં અટારીમાંથી એક ઉંડો નીસાસો સાંભળ્યો. દીવાલો પણ એ નીસાસાના અવાજથી ધ્રુજી રહી હતી. એક દુહો પણ એ બોલી. એવો દુહો અને એવો નીસાસો તો નારીના હૈયામાંથીજ નીકળી શકે."

"શી રીતે પારખી શકાય ?"

"એ રીત હું બતાવું. બેઉ જણાને આપની પાસે દુધ પીવા બોલાવો. એમની સામેજ દુધની તપેલી આગ ઉપર મેલાવો. દુધને ઉકળવા દેજો. ઉભરાવા દેજો. એમાંથી જે રજપુત એ દુધ ઉભરાતું જોઇને આકુળ વ્યાકુળ બને, તેને ઓરત સમજજો. ઓરતનો જીવજ એવો છે, કે દુધ ઉભરાતું જોઇને એની ધીરજ નહીં રહે. મરદ એની પરવા પણ નહીં કરે. આ નીશાની એનાથી એ ઓરતથી છુપાવી નહીં શકાય. ગાફલ બનીને ઉઘાડી પડી જશે."

બાદશાહે બેઉ રજપુતોને બોલાવ્યા. દુધ મુકાવ્યું. દુધમાં ઉભરો આવ્યો, ઠકરાણી આકુળવ્યાકુળ બનીને બોલી ઉઠયાં: "એ...એ દુધ ઉભરાય!"

ઠાકોરે એના પડખામાં કોણી મારીને કહ્યું કે "તારા બાપનું કયાં ઉભરાય છે?" પણ ભેદ બહાર પડી ગયો. બાદશાહ બંનેને હુરમના ખંડમાં તેડી ગયો. હુરમે મોં મલકાવીને પુછયું: "બોલો બેટા, તમે બંને કોણ છો? સાચું કહેજો. બીશો નહીં. અભય વચન છે."

ગદ્‌ગદ્ કંઠે ગરાસીઆએ ખાનગી ખોલી. વાણીઆના દસ્તાવેજની વાત કહી. "વાહ રજપુત! વાહ રજપુત!" ઉચ્ચારતો બાદશાહ મોમાં આંગળી નાખી ગયો. એણે કહ્યું: "તમે મારાં બેટા બેટી છો. હું હમણાંજ તમારે ગામ વાણીઆને રુપીઆ મોકલાવું છું. તમે બેય જણાં મારા બીજા મહેલમાં રહો. અને આજે મારે ઘેરથીજ ઘર સંસાર શરુ કરો."

ત્યાં તો હુરમ દોડી. પોતાની પાસે રજપુતાણીના મહામોલા પોશાક હતા તે લઇને હાજર કર્યા. કહ્યું: "બચ્ચા, આ પહેરી લે."

બેય જણાંની આંખમાં આંસુ વહેતાં થયાં. અંજલિ જોડીને બેઉ બોલ્યાં: "અમારાં સાચાં માવતર તમેજ છો. પણ આંહી આ વાત નહીં બને. અમે પોતેજ

જ્યારે વાણીઆની પાસે જઈને નાણાં ચુકવીએ દસ્તાવેજનો કાગળીઓ હાથોહાથ લઈ ચીરી નાખીએ, ત્યારેજ મત છુટશે.

રજપુત બેલડીને બાદશાહે ગાડાં ભરી ભરી સરપાવ આપ્યો. ગામ તરફ વીદાય કર્યાં. વાણીઆનું કરજ ચુકાવી, બધી જમીન છોડાવી, તે દિવસે વિવાહની પહેલી રાત ઉજવી.

એ રાતની મીઠાશ બીજું કોણ માણી જાણશે!*

* કીનકેઈડ સાહેબે આ ઘટનાને સિંધના ઇતિહાસમાંથી લીધી હોવાનું તાજેતર માલુમ પડ્યું છે. દૂધના કટોરાની ઓળખાણનો પ્રસંગ તેમણે નથી આપ્યો.



વીક્ટર હ્યુગોના પ્રેમપત્રો

[અનુસંધાન પૃષ્ઠ ૭૨ થી]

આત્મા છે. આપણા બધા ઉત્સાહ અને પ્રેમનું મુળ તે આ આત્મા છે અને ઇશ્વર અને સ્વર્ગની આપણી બધી માન્યતાનો આધાર પણ તે છે.

હું આપણા જ્ઞાન બહારની વાતો કરું છું, કારણ કે મારું કહેલું તને પુરું સમજાય માટે તેમ કરવું જરુરનું છે; પણ, રખે આ વાત તને અસધારણ લાગે એટલે, આપણે એવી વાતો કરીએ કે જેમાં સાદી પણ સંસ્કારી ભાષા ચાલી શકે. વિષય ઉપર આવતાં, આત્મા જે શરીર સાથે જોડાયએલો છે તે શરીર કરતાં ઉચ્ચ હોઇ, જો તેને બીજા મનુષ્યાત્મામાંથી અનંતતાનાં સુખ દુઃખનો ભાગીદાર શોધવા દેવામાં ન આવ્યો હોત તો તે પૃથ્વી ઉપર અસહ્ય અકુલાવસ્થામાં ભટકત. જ્યારે એ આત્મા થોડા યા વધારે વખતને માટે આખા સમૂહમાંથી, આખરે અન્યોન્યને શોધી કાઢે છે; જ્યારે તેઓ જુએ છે કે તેઓ એકમેકનાં છે; ટુંકાણમાં જ્યારે તેઓ ઉભયની સામ્યતા સમજી શકે છે, ત્યારે તે જેવાં પવિત્ર અને ઉત્સાહિત હોય છે તેવો તેમના વચ્ચે પૃથ્વી ઉપર સંબંધ સધાય છે; એટલા માટે કે સ્વર્ગમાં તેની સંપૂર્ણતા સધાય. બે આત્મા વચ્ચેનો આ સંબંધ તે 'પ્રેમ' છે; શુદ્ધ અને સંપૂર્ણ પ્રેમ કે જે ઘણાં થોડાં માણસો એને યથા યોગ્ય સમજી શકે છે. આવો પ્રેમ કે જે ધર્મરુપ છે અને જે એના પ્રેમપાત્રને દેવસમ પુજે છે; અને જેને માટે ગમે તેવો મહાન્ આત્મભોગ અપૂર્વ આનંદરુપ થઇ પડે છે. મારા હૃદયમાં તું આ જાતનો પ્રેમ પ્રેરે છે. આવી જાતનો પ્રેમજ કોઇ દિવસ તને મારે માટે જરુર ઉપજશે; જો કે મારે દુઃખિત હૃદયે કહેવું પડે છે કે અત્યારે તો તું તે નથી અનુભવતી. દેવીની પવિત્રતા અને ઉત્સુકતાથી ચાહવાને તારો આત્મા સરજાએલો છે, પણ કદાચ એમ પણ બને કે માત્ર સુરગણમાંથીજ કોઇ તને એવા પ્રેમથી પ્રેરવાને સરજાયો હોય અને જ્યારે આવા આવા વિચારો કરું છું, ત્યારે હું કંપું છું.

એદલ! પામર દુનીઆ આ પ્રેમને નથી ઓળખતી કારણ કે આ જાતનો પ્રેમ સુખ યા દુઃખ માટે જે વીણી કઢાએલા હોય તેનાજ નશીબમાં તે લખાએલો હોય છે. પહેલી સ્થિતિમાં તું છે તેમ, અને છેલ્લી સ્થિતિમાં મારા જેવા માટે. દુનીઆની દ્રષ્ટિમાં પ્રેમ એ શારીરિક વિષયવાસના અથવા ઉડતી ધુન છે, જે પ્રાપ્ત થવાથી હોલવાઇ જાય છે અને ગેરહાજરીમાં નાશ પામે છે. અને તેથીજ બધા શબ્દનો દુરુપયોગ કરીને કહે છે કે પ્રેમવાસના લાંબી ટકતી નથી. હાય! એદલ, તું જાણે છે કે પ્રેમ એટલે દુઃખ ભોગવવાનું—કચરાવાનું? અને તુ ખરેખર માને છે કે મનુષ્યોનો સાધારણ પ્રેમ જે દેખાવમાં ઘણો ઉગ્ર પણ ખરેખરો તદ્દન નિર્માલ્ય હોય છે તેમાં જરાએ દુઃખ વ્યવહારમા ભોગવાનું હોય છે? ના, અપાર્થિવ સ્નેહ યાવચ્ચંદ્રદિવાકરો, છે, કારણ કે આપણા દેહના જે ભાગને તે સ્પર્શ કરે છે તે અમર છે. આપણો આત્મા ચાહે છે નહીં કે શરીર

પણ હું આ કહું છું તેનો અર્થ એમ નથી કે કોઇ પણ વસ્તુની હદ ઓળંગવી જોઇએ. હું એમ કહેવા નથી માગતો કે

વિશ્વાસ છે કે કેમ એમ તું પુછી શકે ? તું એટલી બેદરકારીથી તે પુછે કે તે મારા તરફ તું બેપરવા હોય તેમ દેખાડે છે. છતાંએ તદ્દન સ્વાભાવિક પ્રશ્નોથી તું ચીઢાઇ જાય છે અને પુછે છે કે મને હજી તારા ચારિત્ર્ય વીશે શંકા છે ? જો હું તને ચાહું છું તેમ મને ચાહે તો એડલ ! તું સમજી શકે કે એવી હજારો વસ્તુ છે કે જે નિર્દોષ રીતે થાય, અરે અજાણતાં થઇ જાય પણ તેથી મારા પ્રેમની ઇર્ષાળુ વૃતિને એકદમ ભયભીત કરી નાખે. મેં જેવો પ્રેમ કર્યો છે તે સાંગોપાગ સ્વામીત્વ માગે છે. મારી જાત માટે તો હું કહું એ, સંસારની કોઇ બીજી સુંદરીનો દ્રષ્ટિપાત સરખોએ, નથી ઇચ્છતો પણ હું ઇચ્છું છું કે જે મારી પોતાની સ્ત્રી છે તેની પાસે હક્ક કરીને કંઇએ માગવાની હીંમત કોઇ પણ ન કરે. જો હું તેને એકલીનેજ માત્ર ઇચ્છતો હોઉ તો તેનુ સંપૂર્ણ અને સમગ્ર વ્યક્તિત્વ મારું થાય એમ હું ઇચ્છું છું. તારા તરફનાં એક દ્રષ્ટિપાત, એક સ્મિત કે એક ચુંબન મારાં સર્વોત્તમ સુખ છે ; તુ શુ ખરેખર એમ માને છે કે તેમાં કોઇ ભાગ પડાવે તે હું ધીરજથી સાંખી રહું ? આ અતેજસ્વીતિથી શું તુ બીએ છે ? જો તુ મને ચાહતી હોત તો તે તને આનંદ આપતે. તનેએ મારા તરફ આમજ કેમ નથી થતુ ?

પ્રેમ જેટલો પવિત્ર અને ગહન છે તેટલોજ અદેખો અને જાતદમનમાં ક્રૂર છે. મને યાદ છે કે કેટલાંક વર્ષ ઉપર ભોગજોગે તારો નાનોભાઇ જે તે વખતે માત્ર નાનું બાળક હતું તેને તારી સાથે રાત્રિ ગાળવાનું બન્યું. ત્યારે મારા હૃદયના તાર સ્વાભાવિકજ ઝંઝણી ઉઠયા હતા ઉંમર, અનુભવ અને દુનીઆના અવલોકનેજ આ સ્વભાવ મારામાં ધાડોજ કર્યો છે. એડલ ! જો મને લાગે કે આનાથી તારા સુખમાં વૃદ્ધિ થવાને બદલે તને તે દુઃખી કરે છે તો મારો અંતજ આવશે.

લગીરે ખચકાયા વિના કહી નાખ. ચોખ્ખે ચોખ્ખું જણાવજે કે હું જેવો છું તેવો તને ગમું છું કે નહીં ? મારું અને તારું ભવિષ્ય આના ઉપર આધાર રાખે છે. મને મારા ભવિષ્યની કંઇ પડી નથી પણ તારું ભાવિસુખ તો મારે જીવનરૂપ છે. યાદ રાખજે કે જો તું મને નહીં ચાહતી હોય તો મને કહીને મારાથી છુટા થવાનો ચોક્કસ અને— માત્ર એકજ ઉતાવળો રસ્તો છે; તારે માત્ર તે સાથે મળતા થવાનુ છે. તારી આડે નહીં આવું. એક એવું સ્થાન છે—જેનો આભાર માનું છું-કે જે આપણા તરફ બે દરકાર હોય છે તેના સ્મરણપટમાંથી આપણને ઝટ સેરવી દે છે અને એ સ્થાનમાંથી પુનરપિ ગમનં પુનરપ્યાગમનં છેજ નહીં.

બે શબ્દઃ— જો આ લાંબો પત્ર તને દીલગીરી અને નિરાશાભર્યો લાગે તો તેથી ચમકતી નહીં: તારો પોતાનો એટલોજ દોષ હતો. તું માને છે કે આપણા વચ્ચે જોશદાર પ્રેમવૃત્તિને સ્થાન નથી ! એડલ ! ... તારા કેટલાક જુના પત્રો આશ્વાસન મેળવવા ફરીથી વાંચું છુ પણ જુના અને તાજા વચ્ચે એટલો તફાવત છે કે આશ્વાસન લેવાને બદલે ......
..................................જય જય.

[આ પ્રેમપત્રાવલિનો વિશેષ ભાગ આવતા અંકમાં]

મોહન–માયા

[અનુસંધાન પૃષ્ઠ ૩૮ થી]

મોહન

છતાં સત્ય, નગ્નસત્યની વાત.

મધુરી

[માંડ માંડ જીભ ઉપડે છે.] પણ કવિઓ-એ ... ક્રૂરતા સદા સ્ત્રીઓમાંજ શા માટે આરોપી હશે?

નરોત્તમ

[આ અણધારી તક] સ્ત્રીઓ વધારે સંખ્યામાં અને વધારે દરજ્જે ક્રૂર થાય છે, એટલે. કેટલાએ પુરુષો બધી આશા ને ઉમેદ; બધાં સ્વપ્ન અને આનંદ! માત્ર એકજ પ્રિયતમા, એકજ દેવી મૂર્તિને ખોળે મુકે છે, અને તેમાં નિરાશ થાય છે! દેવી મૂર્તિ રાક્ષસી થાય છે, પ્રણયીને ત્યજી દે, ધિક્કારે, અને ઉપરથી હાંસી કરે! પુરુષ બિચારો હૃદય વ્યથા નિઃશબ્દે ખમે, કારણ કદીએ પ્રેમી પુરુષ આશા નથી તજી શકતો કે એની પ્રિયતમાની નજર વળી એના પર પડે, અને પુનઃ એનો પ્રેમ સજીવન થાય; પ્રેમીનુ જીવન સફળ કરે. પણ વિમુખ થએલી પ્રિયતમા ને ચકચુર થતા હૃદયની કયાં પરવા છે! એતો એક વારના એના પ્રિયજનની હૃદય વ્યથાથી, જાણે દેવીને બલિદાન મળવાથી સંતુષ્ટ થઇ હોય, તેમ રીઝાય છે, એના વ્યર્થ જતા પ્રેમ પ્રવાહ પર હસે છે; એની પ્રેમશક્તિની મશ્કરી કરે છે, અને બેપ્યાને, બેપરવાહે પુનઃ કોઇ નવા પતંગીઆની શોધમાં એની વિકાલ જ્વાલ ચમાવે છે!!!

મધુરી

બે હૃદય જ્યારે સમકાળે ધબકારા કરતાં અટકી જાય, ત્યારે સ્ત્રીહૃદયજ શું સર્વદા ગુનાહગાર હોય છે?

મોહન

[વળી વેષ મુકયો] ના, ના, એમાં તો સદા પુરુષનોજ વાંક.

નરોત્તમ

[કટાક્ષમાં] એમ કે!

મોહન

[કંઇક ભાન આવે છે.] જો પ્રણયિની પ્રિયજનને ત્યજી દે, તો કારણ એટલુંજ કે એ પ્રેમીને પ્રેમ પ્રગટાવતાં આવડતોજ નથી. એતો એનોજ દોષ, અને તેથી દેહશિક્ષા ઉપરાંત કૈં નથી થયુ. માત્ર પ્રીત કરવી એમાં કૈં બીસાત નથી;–ઇતરજનને તમારા પર પ્રીત ઉપજાવવી એ વધારે હુશીયારીની કળા છે.

નરોત્તમ

[કટાક્ષ ચાલુ] આતો આપે ઉત્તમોત્તમ સિદ્ધાંત સુચવ્યો છે, કવિરાજ!

મોહન

પ્રીત ઉપજાવવાની રીતમાં અનેક પ્રયોગ વપરાય; અને તે સૌ સારાજ ગણવા પડશે.

નરોત્તમ

ખરેખર?

મોહન

[હવે પુરેપુરો વેષ ભજવવા માંડયો છે!] હાજી, ન માનતા હો તો લો, મારોજ પ્રત્યક્ષ દાખલો. લંડનમાં, પેરીસમાં, ન્યુયોર્કમાં, ટોકીયોમાં, મુંબાઇમાં, મદ્રાસમાં, કલકત્તામાં, કરાંચીમાં–હું જ્યાં જ્યાં ગયો ત્યાં કહાન પાછળ ગોપીઓ ઘેલી થતી તેમ લોકો મારી પાછળ ઘેલાં થઇ ફરતા!

મધુરી

[આ વાત અક્ષરશઃ ખરી હોય તોપણ કહેવામાં તો એને પણ સાર નથી લાગતો.] પણ એ પ્રીતિ કે પક્ષપાત મનુષ્ય હૃદયમાં નિસર્ગતઃ રહે તો ભાવ જાતેજ જગાવે છે. એ પ્રેરવામાં આપ જેવા ભાગ્યશાળીને કળા વાપરવી પડેજ નહીં!

નરોત્તમ

અને યુક્તિ અજમાવી પક્ષપાત જગાવ્યો હોય તો મારી નજરે તો એ એક જાતનો છલપ્રયોગ—નીચતા.

મોહન

તમે બંને જણ ભુલો છો. [નરોત્તમને] લોકો પ્રેમ ઘેલાં બનતાં હોય તેને ઉત્તેજન આપવામાં નીચતા ક્યાં આવી? [મધુરીને] અને સ્ત્રી સૃષ્ટિમા તો કુદરતી કપટવૃત્તિ એવી પ્રબળ છે, કે એને પ્રેમોન્માદ ગમે તેટલો જાગ્યો હોય પણ તે જાતે કબુલ કરેજ નહીં! દરેક સ્ત્રીને હજુ યુદ્ધ કરી જીતાવાનો મોહ સ્વાભાવિકપણે રહ્યો છે. ને કેપટાઉનથી કરી કીશ્રેન્યા સુધી; અને ઘણી વાર તો એ યુદ્ધમાં પુરુષને શારીરિક હથીઆરો પણ વાપરવાં પડે છે. "ક્ષુદ્ર, પશુ, નારી—એ સબ તાડનકે અધિકારી" [હસે છે.]

નરોત્તમ

આપે જાતે આ અધિકાર અજમાવ્યો છે કે—પ્રયોગ સિદ્ધ કર્યો છે કે?

મોહન

અનેક વાર—અને તે માત્ર પુષ્પ પ્રહાર નહીં હોં કે! [હજુ હસે છે,—પણ એટલામાં નવાં પુષ્પોની છાબ ભરી પુષ્પા આવે છે.]

પુષ્પા

નરોત્તમભાઇ, જીવરાજભાઇએ કહેવરાવ્યું છે કે એમને તમારી સહાયની જરુર છે!

નરોત્તમ

જીવરાજને?

પુષ્પા

હાજી, પ્રયોગમાં કૈંક વિઘ્ન આવ્યું જણાય છે. [પુષ્પા મધુરી જોડે કૈંક વાત કરે છે.]

મોહન

[નરોત્તમને દબાવેથી] કેમ, કેવો વેષ ભજવાય છે?

નરોત્તમ

[સંતુષ્ટામા] પહેલા વર્ગનો; પણ હું જાઉં છું. વળી બગાડનો ના. મારી મુરલી—નાદની સંજ્ઞા યાદ રાખજે.

મોહન

બેફીકર રહે—[નરોત્તમ જવા લાગે છે]

નરોત્તમ

[જતાં જતાં] હું જાઉં છું, પુષ્પા! પણ તું સંભાળ રાખજે હોં. બારી બારણાં સૌ બંધ રાખજે, કારણ કવિરાજથી શરદી ખમાતી નથી!

પુષ્પા

[હસતી, હસતી] કેમ વારુ—આટલી આટલી મુસાફરી કરીને?

નરોત્તમ

તેમાંજ એમને સંધીવા જાગ્યો છે ને!

પુષ્પા

[નિસ્તેજ, ચિંતાતુર] ખરેખર!

મોહન

[બહેબાકળો] સંધીવા? મને?

નરોત્તમ

હારતો, સાહેબ! કેમ ના પાડો છો. એ કૈંક ગુનાહ છે?

પુષ્પા

ફીકર નહીં, નરોત્તમ ભાઇ, હું સંભાળ રાખીશ! [અવાજ અતિ દયાર્દ્ર બને છે.]

નરોત્તમ

અને ઘરમાં બ્રાન્ડી ન હોય તો મંગાવી રાખજો. બ્રાન્ડી-કોરી બ્રાન્ડી-વિના કવિરાજથી કામ થઇ શકતું નથી.

પુષ્પા

[ચિંતાતુરી] સંધીવાના કારણે?

નરોત્તમ

નારે. ટેવને લીધે! [પુષ્પા ગમગીન થઇ બ્રાન્ડીની શોધમાં જાય છે.]

મોહન

[વેષ ભુલી જઇ] આ તો હદ થાય છે, નરોત્તમ ભાઇ!]

નરોત્તમ

[જતાં જતાં દરવાજા પાસેથી છેલ્લો પ્રહાર.] નહીંરે, કવિરાજ! એતો અમારો અતિથી ધર્મ છે. [જાય છે.]

મધુરી

[એક પળ રહી] હું અતિજ દીલગીર છું કવિરાજ! કે મેં આપને ગ્લાનિ કરી.

મોહન

મને તમે ગ્લાનિ કરી? [નવા આવેશમાં જુની વાત વીસરી ગયો છે.]

મધુરી

[શરમાતી-અચકાતી] હાજી, મારી બહુએ કોશિશ છતાં મારાથી આપનો અનુવાદ તો ન થયો, પણ ગવાયું એ નહીં!

મોહન

[દ્વિઅર્થી વાક્ય.] હું તો એ બધું વીસરી ગયો હતો, મધુબેન્!

મધુરી

આપ વીસરો-મહાત્મા છો, એટલે! મારાથી કેમ ભુલાય? હું સજાવાર છું. મને દંડ કરો. પણ ન્યાય કરતાં યાદ રાખજો કે એ દોષ મારી શક્તિખામીનો હતો-ઇચ્છાની અપૂર્ણતાનો નહીં.

મોહન

[અપૂર્વ લાવણ્યમયી સ્ત્રીના મધુર સ્વર, અભિનંદિત ભાવનો એને નીશો ચડે છે.] વારુ, હવે વીસરી જાઓ. મને તમારો દોષ પુનઃ યાદ આવશે તો હું એ બચાવ પણ યાદ રાખીશ.

મધુરી

[આવેશમાં] હું આપને કેમ કહું, કવિરાજ, કે અણધાર્યા આપ અહીં પધાર્યા તેથી મારા રંક હૃદયને કેવો આનંદોન્માદ પ્રગટયો હતો? કેટલાક માસ થયાં હું આપની સહચરી થઇ રહી છું! સ્વપ્નસંસારમાં આપ જાણે મારા એક પૂજ્ય ગુરુ, પ્રિય મિત્ર, હો તેમ! આપનાં પુસ્તકો વાંચતાં-અને ફરી ફરી વાંચતાં-મને અનેક નવી સૃષ્ટિરચના દેખાઇ છે, કે જેનો આ ક્ષુદ્ર જીવનમાં અંશ પણ નથી લાગતો. મારું આપ તરફનું ઋણ અમેય છે. તેની કથની હુ આપને કહેવા અસમર્થ છું. આજે મારું ઉત્કૃષ્ટ સ્વપ્ન પ્રત્યક્ષ કર્યું; આપ અહીં જાતેજ મારી પાસે છો! મેં આ નજરે આપને જોયા, આ જીવમાં આપનો સમાગમ અનુભવ્યો. [બોલતાં તેનો જુસ્સો દર બોલે વધે છે.] તાદૃશ્ય આપને-મેં મારાં સ્વપ્નોમાં નીહાળેલા તેવાજ-આપ આજ મારે સામે ઉભા છો. પણ મારા ઉત્તમોત્તમ સ્વપ્નમાંએ મેં આવી કાંતિ, આટલી મહત્તા, આટલો મહાનુભાવ નહોતો કલ્પ્યો!

મોહન

[રસિક જીવનના આંતારિક ઉદ્‌ગારોથી સંસ્કારી ભાવનાઓ સતેજ થાય છે, ભજવવાનો ભાગ ભુલાય છે.] એ શું

બોલ્યાં, મધુરી બહેન! લજ્જાથી મારા ગાલ મને દાઝી ઉઠયા લાગે છે. આપ સૌએ મારો એટલો અદ્દભુત સત્કાર કર્યો છે કે હું તેને યોગ્ય કેમ બનું એજ હવે તો મારી મોટી મનોવ્યથા બની રહી છે! [દૂરથી નરોત્તમની મુરલીનો સ્વર આવે છે.]

મધુરી

[ઊર્મિના આવેશમાં] ત્યારે આપે ખરેખર મારા મૂર્ખ પ્રયાસને માટે ક્ષમા દીધી છે!

મોહન

[મુરલીનાદે ચેતાવેલો પુનઃ સાવધ બને છે.] મેં તમને અનેકવાર કહ્યું છે, મીસીસ નરોત્તમ, કે તમે તમારાથી બનતું કર્યું; અને વધારેની મારાથી આશા કેમ રખાય! મૂર્ખ પીયાનો વગાડનાર બેઠોવનનું સર્વોત્તમ સગીત બેસુરપણે બજાવે, તેથી કંઇ તે મહાગાયન-કારની વિદ્યા મોઘ બને? શ્રોતાજનમાં પરીક્ષકો હોય તો વગાડનારનો પ્રતિકાર કરે; પણ તેઓ કર્તાને કેમ આળ દઇ શકે?

મધુરી

[સખત ઘા લાગ્યો છે.] આપ અાત સખત પ્રમાણ ધરાવો છો. [એક કબાટમાથી એક નાનું હસ્ત લિખિત પાનાનું પુસ્તક કાઢે છે] આ રહી આપની નોટ બુક. એને પુનઃ આપને હવાલે કરવાના હેતુથીજ અત્યારે અંહીં આપને વિચાર શ્રેણીમાં ખલલ કરવાના દોષને પાત્ર થવા છતાં હું આવી હતી.

મોહન

વારુ, પણ ખાતરી રાખજો કે નોટ બુકનો ઉપયોગ થઇ રહ્યે હું પુનઃ તે તમનેજ આપી દઇશ.

મધુરી

[નિસ્તેજ વદને] આભાર, કવિરાજ.

મોહન

[નોટબુકનાં પાનાં ફેરવે છે.] તમને એથી અપૂર્વ તક મળશે! મહા પુરુષનાં સ્મારક શોધનાર ગમે તે તમને આ મુજ હસ્તા-ક્ષરાંકિત નોંધપોથીના હજાર રુપીઆ તો વાત કરતાં આપી દેશે.

મધુરી

[વજ્રઘાત.] ત્યારે તો આપ મહાશયજ ભલે એ નોંધપોથી રાખો. વિશ્વભારતીને એવી રકમ અતિ ઉપયોગની થશે, અને તે ખોવરાવવાનું નિમિત્તકારણ થવા હું પણ કંઇ ઉત્સુક નથી.

મોહન

[મોટાઇનો ડોળ] મેં કહ્યું તે કહ્યું. મારું વચન મિથ્યા ના જાય. અને મને એવી રકમની કંઇ ભુખ નથી. વર્ષે પાંચ લાખની આવક છે. [છતાં નોંધપોથી હાલ તુરત તો પોતાના ગજવામાંજ ઘાલે છે.]

મધુરી

[એક મેજનું ખાનું ખોલી તેમાંની ચીજો કાઢે છે.] આ એક મોરપિચ્છની કલમ-સાંભળવા પ્રમાણે આપે વાપરેલી લેખિની-અને આ રહ્યા મોદીનાં બે બીલ.

મોહન

એના પૈસા અપાઇ ગયા છે કે?

મધુરી

લાગતું નથી. પહોંચ નથી.

મોહન

ત્યારે લાવો [બીલ લે છે] ફાડી નાંખીએ, કારણ એ બીલ ભરવાનો ઇરાદો નથી.

મધુરી

છતાંએ એ બીલના આપ ઋણી તો ખરા.

મોહન

કેમ વારું? મોદીએ માલ મોકલાવ્યો ત્યારે મુળથી કેટલો નફો રાખી કીંમત માંડી હશે તેનો કંઇ ખ્યાલ કર્યો કે? અને એવો નફો કેટલીએ વાર અમારી પાસેથી કઢાવ્યો હશે એનો સરવાળો કર્યો છે? ઉપરાંત અહીં નો મર્યાદાનો કાયદો Law of Limitation પણ લાગુ પડતો હશે.

મધુરી

[કટાક્ષમાં] કવિરાજ ટાગોર ખરેખર હાનુભારી ઉદારવૃત્તિના મહાપુરુષ છે!

મોહન

હાસ્તો!

મધુરી

[વળી ખાનામાં શોધે છે.] અને ઉપરે આ ત્રણ પત્રો મળ્યા છે તેમાં એમાં અપૂર્વ-લક્ષ્મી કરીને કોઇ સ્ત્રીની સહી છે, અને એક તો આપના હસ્તાક્ષરવાળો લાગે છે.

મોહન

મારા હસ્તાક્ષરનો પત્ર અહીં! અજબ છે! જોઉં [પત્ર લેછે.]

મધુરી

આપને-ખોટું તો નથી લાગતું ને કે આ દાસીએ એ પત્રો વાંચવાની ધૃષ્ટતા કરી હતી!

મોહન

[તાપમાં] મારા તરફ તમારી ઘેલછા જોતાં એ ધૃષ્ટતા તો સ્વાભાવિક છે [મધુરીનું મુખ જરૂર કરમાય છે] [પત્ર વાંચવા પ્રયત્ન કરે છે] "દે-દે-." [પ્રયત્ન નિષ્ફલ] મારા હરફ એટલા ખરાબ છે કે હું પોતે વાંચી નથી શકતો! તમે કેમ વાંચી શક્યાં?

મધુરી

[મર્મભેદી મશ્કરી-મોહન સમજતો નથી] સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી-વારંવાર વાંચવાથી.

મોહન

[વળી વાંચવા પ્રયત્ન કરે છે] "હ...હ...

મધુરી

[પત્ર અક્ષરે અક્ષર યાદ છે તે બોલી જાય છે.] "દેવિ; હજુ તને ગયાને બે ઘડી પણ વીતી નથી, તોપણ મને તો તારી ખોટ સાલવા લાગી છે. તું ગઈ-પણ તારી મનોહર મૂર્તિ તો મારી અંતરદ્રષ્ટિ આગળ ખડીજ છે. મારી આસપાસ સ્ફુરતા વાયુમાં તારો સુગંધ પ્રસરી રહ્યો છે. મારા અધર પર તારાં છેલ્લાં ચુંબનોનો સ્વાદ પુનઃ સતેજ થયો છે. મારી આંખમાં તારી આંખ અવર્ણનીય તેજે જોયા કરે છે; અકથ્ય સ્મિતે મારા પર તારા પ્રેમની યાદ આપે છે, આપણા અગાધ આનંદનું સ્મરણ કરાવે છે!. મારી સન્મુખ મારું કામ પડ્યું છે. કામ કરવું છે-પણ તારી ઝંખનામાં કામ કેમ કરું? કલમ હાથમાં એમજ ધરી છે-કારણ તારું નામ લખવા ઉપરાંત બીજું કંઈ પણ કામ કરવાની એ ના પાડે છે. વિચાર મસ્તકમાં સ્થંભાઇ રહ્યા છે,-કારણ તારા સ્મરણ વિના બીજા વિચાર સુઝતાજ નથી. કલ્પના શક્તિ પણ મહાત થઇ મંદ થઇ છે,-કારણ તારી પ્રેમ પ્રેરણાની કલ્પના વિના કલ્પના કોઇ ચાલતી નથી. લાચાર, મારી વહાલી-મારી દેવિ, મારી લક્ષ્મી! હું શું કરું? તને પણ ન લખું તો બીજું શું કરું?

તારા પ્રેમ પાને મસ્ત બનેલો.

"ર."

[પુનઃ મુગ્ધ બની] આવો પત્ર-જેના સ્મરણે પ્રેરાયો તે ખરેખર. અલૌકિક અપ્સરાજ હોવી જોઇએ!

મોહન

[આવેશમાં] તમારી તુલનામાં–મીસીસ નરોત્તમ–તે ભીલડી તુલ્ય પણ નહીં.

મધુરી

[ઝાંખી પડે છે.] અસત્યવાદ, કવિરાજ!

મોહન

[આવેશમાં] અંસમાત્ર નહીં. મારા વચનમાં વિશ્વાસ નથી?

મધુરી

[મુગ્ધાનો મોહ પ્રબળ બને છે. બુદ્ધિ મંદ થાય છે.] ના, ના, છે. મને અથાગ શ્રદ્ધા છે. મારે વિશ્વાસ રાખવો છે. [વળી દૂરથી મુરલી સ્વર સંભળાય છે.]

મોહન

[પુનઃ સાવધાન] આ મુરલી તમારો–વર વગાડે છે?

મધુરી

હાજી!

મોહન

ઠીક વગાડે છે. [એ પણ એજ સુર ગણગણતો લાગે છે.]

મધુરી

[એક ક્ષણ મૌન રહી] આપની બહુજ પ્રીતિ–એ અપૂર્વલક્ષ્મી પર હતી?

મોહન

[દમામમાં] પ્રીતિ? પ્રીતિની પણ રીતિ હોય ને! એટલું ખરું કે થોડા સમય લગી મને એના પર પક્ષપાત હતો! પણ એ અતિ કૃત્રિમ જીવન ગાળતી. અને ભયંકર ભાવના મય જગતમાં જીવતી. એવી તીવ્ર ભાવનામય સ્ત્રીથી હું તો ત્રાસું છું! અને ગારીજ કૃતિ મારી પાસે ગાવાની એને બહુજ નઠારી ટેવ પડી હતી.

મધુરી

[મ્લાન વદના, દગ્ધહૃદયા] મારી માફક?

મોહન

[તેને ઉત્તર દીધા વિના] એટલે આખરે મારે એને તજવી પડી.

મધુરી

અને છતાં આપ એને આવા આવા પત્રો લખતા? એમાં આપના પત્રમાં ભાવ–અર્થાત્ હૃદયભેદક વાસના બોલે બોલે નથી સ્ફુરતી?

મોહન

[હસે છે.] એ તો કાવ્યકૃતિ ઉપજાવવાનો અજબ કીસ્સો સમજવો. એ અરસામાં હું મારું પ્રથમ મહા નાટક લખતો હતો. અને તેમાંનો પ્રેમસંવાદ–જેના પર પાછળથી અતિજ વાદવિવાદ થયા છે—તમામ આ અપૂર્વલક્ષ્મી જોડેના મારા પત્ર વ્યવહારમાંથી ઉઠાવ્યો હતો.

મધુરી

[હવે તો એના મોહનો પણ અંત આવવા લાગ્યો છે.] એટલે? આપ એમ કહેવા માગો છો કે આવા આપના પ્રણયપત્રો આપે જાહેર—

મોહન

[ક્રૂર હાસ્ય] કર્યા? હાસ્તો! એથી એક પંથ દો કાજ; એક તીરે બે પખી માર્યા જેવું બન્યું. અપૂર્વ લક્ષ્મી એ પત્રો પર ચુંબન વર્ષાવતી, અને તેનો પ્રગટ કર્તા એનાપર સોના મહોર વર્ષાવતો.

મધુરી

[લગામ છુટી] આ તો નીચતાની અવધિ!

મોહન

નાહક શા માટે ઉશ્કેરાઓ છો? એમાં નીચતા ક્યાંથી આવી? મને એ પત્રોની નકલ

જાહેર કરવાથી પચાસ હજાર રુપીઆ મળ્યા તેમાં અપૂર્વલક્ષ્મીને શું નુકસાન થયું? એનું તો ક્યાંએ નામ પણ દીધું નથી!

મધુરી

ઓ પ્રભો! આટલી અધમતા! હૃદયની ઉત્તમ ભાવનાનો આવો પ્રયોગ. હેમ પ્રેમનો આવો સંબંધ...

મોહન

આપણા જમાનામાં હેમ પ્રધાન છે. પ્રેમ કનિષ્ટ છે. સર્વત્ર સુવર્ણ દેવની પૂજા છે.

મધુરી

સ્વપ્ને પણ મેં ધાર્યું નહોતું કે આપને મુખે–ટાગોર વદને – હું આવી વાણી શ્રવણ કરીશ! ટાગોર–ટાગોર મારો હૃદયાધિ દેવ, આવો ક્ષુદ્ર! હવે મારે એક વચન પણ નથી સાંભળવું. [મુરલી નાદે મોહન પીગળતો અટકે છે.]

મોહન

[નિષ્ઠુર પ્રહાર] કારણ તમને સત્ય પ્રેમ નથી. માનસિક હીંમત નથી. સ્થિર, શાંત બુદ્ધિએ વિચાર કરો તો સમજાય કે આવા પ્રયોગમાં અધમતા લેશ માત્ર નથી. સાહિત્ય કાલ્પનિક હોય–ભાવનામય હોય–તો, જીવન તમામ કૃત્રિમ બને–મુગ્ધ થાય,– અસત્ય નીવડે. સાહિત્યમાં પણ તેથી સત્યદર્શન કરાવવાની અંતિમ અગત્ય છે. અને આવા વિષયમાં સત્યદર્શન કેમ થાય? શરીરના આંતરિક અવયવો તપાસવા શસ્ત્ર વૈદો કે જીવન શાસ્ત્રીઓ જીવતાં પ્રાણી પર શસ્ત્ર પ્રયોગ કરે તેમાં તે પ્રાણીને કૈં શીખવાનું મળે કે? પ્રયોગનો ભોગ સુધરે તોપણ શીખે નહીં. પ્રયોગ કર્તાજ ફક્ત શીખી શકે. પ્રેમગ્રસ્ત મનુષ્ય મોહાધીન બને છે. તેને પ્રેમ વિધિનું પૃથક્કરણ કરવા જેટલીએ મોહાધીન અવસ્થામાં નથી રહેતી બુદ્ધિ કે નથી હોતી શક્તિ; છતાં શાસ્ત્રાર્થે–તત્ત્વજ્ઞાન માટે–એ વિધિ પણ શાસ્ત્રીયપણે જાણવી તો અવશ્ય જોઇએ. અને તે કેમ જણાય? પોતે તટસ્થ રહી અન્ય પર પ્રયોગ અજમાવીએ ત્યારે!

મધુરી

હરિ, હરિ! આપના સમાગમમાં આવે તેને આવા પ્રયોગ પાત્ર થવાની ભીતિજ કે?

મધુરી

[ધૃષ્ટ શિરોમણિ] ભીતિ નહીં પણ માન સમજવું. માર્ક ટ્વેન નામના અમેરિકન લેખકે એક કુતરીની વાર્તા લખી છે. તેણે એક વાર એના ધણીના પુત્રને નદીમાં ડુબી મરતો બચાવ્યો હતો. ધણી જીવન શાસ્ત્રી હતો, એટલે બદલામાં એના એક અવસાન રહેલા બાલુડા પર મગજ ભેદનનો અખતરો અજમાવી, મરણ શરણ કર્યું. કુતરી તેમાં માન સમજી.

મધુરી

[અસહ્ય ક્રોધાવેશમાં] અને આખર બીચારીએ પોતાના બાલુડાની ઘોર પર પ્રાણ ત્યાગ કર્યો. મારે એવું માન નથી જોઇતું; એવો લહાવો નથી લેવો. [વળી મુરલી ધ્વનિ].

મોહન

મને તે આપવાનો અવકાશ નથી. પણ એટલું ન્યાય ખાતર–દલીલ માટે–સ્વીકારશો ને કે જીવન યાત્રામાં સત્ય દર્શન કરવાની અનિવાર્ય અગત્ય છે? સદા ખ્યાલી જીવનમાં વસવાથી કૈં લાભ! આ તમારોજ દાખલો લો? તમારો વર સાદો, સરળ ભલો માણસ લાગે છે. પણ તમે શું એમ કહો છો કે

તમને વરવામાં એની એક આંખ તમારા શ્રીમાન્ પિતાની મીલ્કત પર નહોતી?

મધુરી

[આવેશમાં] ના. ના. નહોતી! હઝાર વાર કહીશ કે નહોતી.

મોહન

[કટાક્ષમાં] ખરેખર!

મધુરી

હાજી! મારા પતિ કેવળ નિઃસ્વાર્થ પ્રેમથીજ મને વર્યા છે. શ્રીમાન્ સસરાની એને લેશ માત્ર પરવા નહોતી, અને રતિભાર ગરજ નથી. માત્ર મારા પરનો પ્રેમ; નિઃસીમ પ્રેમ.

મોહન

ત્યારે તો એ જગતમાં અપવાદરુપ હીરો માનવો પડશે. કળિકાળનો હીરો! તમારે ત્યારે એની કીંમત જાણવી જોઇએ.

મધુરી

આભાર પ્રભુનો કે આપ નિમિત્તે હુ એનું મૂલ્ય ખરેખર સમજવા લાગી.

મોહન

[ટકોરમાં] મને પણ સંતોષ થયો. અને સાથે નવો અનુભવ થયો. આજેજ એક ગૃહસંસાર જોયો કે જ્યા પ્રેમનું રાજ્ય છે પણ હેમનું શાસન નથી!

[પુષ્પા એક નવા વાઝમાં તાજાં ફુલ ભરી આવે છે.]

[આ રસિક નાટકનો વધુ ભાગ આવતા અંકમાં.]

આરામગાહ

૩

તારી બેવફાઇ તારા જેવી બેવફાને બહુજ સગવડભરેલી હશે.
પરંતુ તારી મહોબ્બતમાં જે મરી રહ્યા છે તેનુ શું? તેમનો તેં કદીએ ખ્યાલ કર્યો છે?

૪

પંડિતવરો!

મારું કેહવું તમે સમજી શકતા હો તો સમજો અને આનંદ કરો. બાકી ખુદાને ખાતર કોડીઆ જેટલી તમારી અકલ વડે અમારી મહેફીલમાં ભંગ કરશો નહીં.

પૃથુલાલ હ. શુકલ.

સ્નેહવદનનો સ્નેહભાવ

[અનુસંધાન પૃષ્ઠ ૩૨ થી]

કારણકે પછી મેં એકદમ પાંચ સાંભળ્યા. જરા જરા અજવાળું પણ થઇ ગયું હતું. હું સફાળો ઉઠયો. બારણું તપાસ્યું તો જણાયું કે રામેશ્રી અંદરથી ઉઘાડીને ચાલ્યો ગયો હશે. હું ગુપચુપ અંદર ગયો. ઓરડીઓના નંબર જોતોજોતો હું દાદરનાં પગથીઆં ચઢવા લાગ્યો. છેક ચોથે માળે બેતાલીસ નંબરની રુમ હાથ લાગી. ત્યાં જઇને જોઉછું તો સ્નેહવદન નંબર પીસતાલીસના બારણા આગળ એક બાંકડો હતો ત્યાં ઘોરતા હતા!

મેં એમને ગોદા મારીને ઉઠાડ્યા. આંખ ચોળતા ઉભા થતા સ્નેહવદને મને જોઇને કહ્યું. "અરે વાહરે મારા મહેરબાન! તમે તે કેવા ઉંઘણશી! મેં આ બારણાને લાત મારી મારીને મારા પગ ભાંગી નાખ્યા પણ તમે ઉઠ્યા નહીં! આ તે તમારી ઉંઘ! નર્યા કુંભકર્ણના અવતાર!"

ચોર કોટવાળને દંડે એના જેવો પ્રસંગ ઉપસ્થિત થએલો જોઇને મારો મીજાસ ગયો. "તમેએ શું બેવકુફ જેવી વાત કરો છો? મને તમે બેતાલીસ નંબરની રુમની ચાવી આપેલી અને તમે અહીં શા માટે બારણું ઠોકતા હતા? તમારી રુમ કયી? બેતાલીસ કે પીસતાલીસ?"

"કેમ કેમ?" સ્નેહવદને અજબ થતાં પુછ્યું: "મારી રુમ તો પીસતાલીસજ છેને."

"પણ ત્યારે તમે મને બેતાલીસની ચાવી કેમ આપેલી?" મેં પુછ્યું.

"હેં! મેં તમને બેતાલીસની આપેલી? તમે તે રુમમાં સુતેલા? ત્યારે મારી પાસે આ રુમની ચાવી તો હોવીજ જોઇએ." આમ બોલતાં બોલતાં ગજવાં ફંફોસીને સ્નેહવદને ચાવી કાઢી અને બારણું ઉઘાડીને અમે અંદર પેઠા. પોતે પોતાના ગજવામાં ચાવી હતી છતાં બહારના બાંકડા ઉપર આખી રાત સુઇ રહ્યા એ પ્રસંગ સંભારીને સ્નેહવદન ખુબ હસી રહ્યા પછી તેમણે પાછું મને પુછ્યું: "પણ તમે ખરેખર નંબર બેતાલીસની રુમમાં સુતા હતા?"

"શું ધુળ સુએ? ભયંકર રાક્ષસવાળી રુમમાં તે કોઇ સુએ? હું તો પાછલા વાડામાં રંગના પીપોને અઢેલીને સુતો હતો." મેં ઉશ્કેરાટને જવાબ આપ્યો. "પણ સ્નેહવદન! ત્યારે તમારી પાસે એ કુતરાવાળી રુમની ચાવી આવી કયાંથી?"

મેં આખી રાત રંગના પીપોના સમાગમમાં ગાળી એમાં હસવા જેવું શું હશે તે હું જાણી શકયો નહીં પણ સ્નેહવદન પોતે તો પુષ્કળ હસ્યા અને પછી બોલ્યાઃ "ભાઇ! માફ કરજો, હું આ દુનીઆમાં સૌથી મોટો ગધેડો છું. વાત બની એમ કે એક મારા મિત્રની રુમ બેતાલીસ નંબરની છે. આ રાક્ષસ એ એમનો કુતરો છે. બેએક દિવસને મા એમને બહારગામ જવાનું થયું એટલે એમણે પોતાની ચાવી મને આપી હતી અને કુતરાને બેએક દિવસ સંભાળવાનું કહેલું. દિવસના તો મારી હીંમત એને પાણી અને ખાવાનું આપવાની ચાલે છે પણ ભાઇ! રાતના તો આપણે એની પાસે જતાજ નથી. પણ બરાબર વાત તો કરો તમારી અનુભવ કથાની."

મેં પહેલેથી તે છેવટ સુધી હકીકત કહી સંભળાવી. સાંભળીને સ્નેહવદને પહેલાં તો પોતાનો દોષ કબુલ કર્યો. પોતાના સ્નેહભાવથી કરેલાં કાર્યોમાં આવાજ કૈં કમનસીબ બનાવ કેમ બનતા હશે એ વીશે એમણે વાદવિવાદ કર્યો અને પછી મારી ઘણી માફી માગી. પણ પછી—જેમ જેમ આ પ્રસંગ તે યાદ કરતા ગયા તેમતેમ તેમના મુખમાંથી હાસ્યનાં પ્રચંડ તરંગો નીકળતાં ગયાં.

આવા માણસને મારે શું કરવું?

દરેક કુટુંબોમાં વપરાતી પ્રખ્યાત મકરધ્વજ યાકુતી

સોનું મોતી, ચાંદી, અભ્રક, લોહભસ્મ જેવી કીંમતી ચીજો નાંખી આ યાકુતી બનાવવામાં આવે છે. શક્તિ માટે તમજ કાયમની શક્તિ ટકાવી રાખનાર આ યાકુતીથી એક પણ દવા ચઢીઆતી નથી. કીંમત ગોલી ૪૦ ના રૂ. ૧૦-૦-૦.

જોઇએ છે—પ્રમાણીક એજંટો દરેક નાના મોટાં ગામમાં દેશી દવાઓ વેચી શકે તેવા પ્રમાણીક એજંટોની જરુર છે. વધુ માહીતી માટે એજંસીના નિયમો મંગાવો. (૫૦૦ જાતની દવાઓનું સૂચીપત્ર) એક આનાની ટીકીટ બીડી મફત મંગાવો.

ઉંઝા કેમીકલ વર્કસ,

પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ નં. ૨. બ્રાંચ-અમદાવાદ, બાલા હનુમાન સામે.

ગુજરાતના દરેક મનુષ્યને વાંચવા યોગ્ય

મનુસ્મૃતિ

(ગુજરાતી ટીકા સાથે ડેમીગ્રેજડ ૮૦૦ પાનાનું પાકા બાઇન્ડીંગનું પુસ્તક)

આજેજ ખરીદી, વાંચી, વિચારી અનુસરી, કેવું સ્વરાજ્ય જોઇએ તે વીશે મત બાંધો.

કીંમત રૂ. ૫-૦-૦ પોસ્ટેજ જુદું

મળવાનું ઠેકાણું: વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવન,

નં. ૫૧ 'સુબોધિની પ્રેસ' બજારગેટ કોટ, મુંબઇ.

તથા બીજા પ્રસિદ્ધ બુકસેલરો પાસેથી મળશે.

આત્માનાં આંસુ

[અનુસંધાન પૃષ્ઠ ૧૦ થી]

દ્વારમાં પેસતાંજ, કલ્પનાની મૂર્તિઓ જેવી દાસીઓએ તેનો સત્કાર કર્યો. ઇંદ્રભુવન જેવા અનેક સુંદર ખંડોમાં થઇ તે આમ્રપાલીના ભુવનમાં આવ્યો. આમ્રપાલી હીંડોળા ઉપર બેસીને વિચારમાં ને વિચારમાં પગની ઠેસથી હીંડોળાને જરા જરા હલાવી રહી હતી. સિંહને જોતાંજ તે બેઠી થઇ. ને તેની સામે પ્રણામ કરતી ઉભી. પાસેના એક રાતા ચંદનના બાજોઠ પર સિંહ બેસી ગયો. આમ્રપાલી સીતારને એક તરફ ખેસવીને બીજા બાજોઠ પર સામે બેઠી.

"આમ્રપાલી! મહાજનમંડળને તારી એકે શરત કબુલ નથી." સિંહ જરા રહીને બોલ્યો.

આમ્રપાલી તેની સામે જોઇ રહી.

"પણ મહાજને એમ કહ્યું છે કે આઠ દિવસની સુચના આપ્યા પહેલાં તારું ઘર તપાસી ન શકાય-એટલે શરત સ્વીકારવામાં વાંધો નથી."

"પણ હું તમારાં દુષ્ટ નિયમનેજ સ્વીકારતી નથી!" આમ્રપાલી બોલી. "તારા આગ્રહને વશ થઇનેજ મેં અમુક શરતો સંથાગારમાં મુકી હતી."

સિંહે અપમાન ગળી જવા માટે નેણ પરથી કપાળ પર હાથ ફેરવ્યો. મહાજનમંડળના નિયમનું એક સ્ત્રી અપમાન કરે તે તેને ખુંચ્યું, પણ તેને ધીરજથી કામ લેવાની ટેવ પડી ગઇ હતી.

"આમ્રપાલી! એ નિયમ દુષ્ટ હશે-છે. પરંતુ અત્યારે તો વૈશાલીનું ભવિષ્ય એના પર ટકે છે!"

"એ નિયમ શા માટે રદ કરતા નથી? આવો દુષ્ટ નિયમ બીજે ક્યાંઇ જગ્યાએ છે? સ્ત્રીઓનું આવું અપમાન થાય ત્યારે તે સાંખી લેવામાં તમને આનંદ આવે છે?"

"એવો વખત આવશે કે જયારે આ નિયમ રદ થશે."

"ક્યારે?"

"જો તું વૈશાલીને બચાવશે તો."

"વૈશાલીને બચાવવા માટે શું મારે કલંક ભરેલું જીવન ગાળવું?"

"પ્રજાઓના ઉદ્ધાર માટે એટલું સ્વાર્પણ–યૌવનનું, અને યશનું—તારી પાસે, વૈશાલીની-વતી, હું માગી લઉંછું!"

આમ્રપાલીનો ફુંફાડા મારતો સ્વભાવ નરમ પડી ગયો. તેને લાગ્યું કે આ મણસ વૈશાલીની મહત્તામાં ઓતપ્રોત છે. વૈશાલીનું નામ સાંભળતાં તેને પણ મહાન્ થવાની એકદમ પ્રેરણા જાગી.

"નાયક! તે ફરી ગએલા અવાજથી બોલી; "પ્રજાઓના ઉદ્ધાર માટે, સ્ત્રીને અમૂલ્ય એવું સ્ત્રીત્વજ ખપનું છે? બીજો કૈં માર્ગજ નથી?"

"મહાન્ બનનારનું સ્વાર્પણ પણ મહાન્ હોય છે. વૈશાલીની સ્ત્રીઓએ કનૈયા જેવા રુપાળા જુવાન-પતિ, પુત્ર, અને ભાઇઓને-હોમી આપતાં આંચકો ખાધો નથી. એવાં મીઠાં લોહી પી પીને આ ધરતીમાં કલ્પદ્રુમ ફાલ્યાં છે. આજે વૈશાલીની ધરતી-સ્ત્રીત્વનો-ભારતમાં કયાંય ન ધરાતો-એવો વિચિત્ર ભોગ માગે છે" સિંહે જવાબ આપ્યો. તેના શબ્દે શબ્દમાં પ્રેરણાના પ્યાલા ભર્યા હતા. આમ્રપાલીની નસેનસમાં પણ 'વૈશાલી! વૈશાલી!'...એમ-થઇ રહ્યું.

"વૈશાલીને મારો પ્રાણ આપું તો?"

"ના. એનાથી આંતરવિગ્રહ જાગશે. મહાનમતને લાગશે કે પુત્રીનો ભોગ અપાયો–. અનેક કુટુંબો એના પક્ષનાં છે તે બધાં મહાજનની સત્તાને ધીક્કારશે–વૈશાલી તો તારું સ્ત્રીત્વ માગે છે. પ્રજાઓના ઉદ્ધાર માટે તારા મૃત શરીરનો નહીં, પરંતુ જીવતા શરીરનો ખપ પડયો છે.

આમ્રપાલી–ચીમળાઇ ગએલા ફુલની જેમ ઝાંખી પડી ગઇ. તે ખિન્ન અવાજથી બોલી: "નાયક! વૈશાલી જેવી પવિત્ર નગરી, આવો અપવિત્ર ભોગ લેશે?"

"દુનીઆમાં વસ્તુમાત્ર નિર્વિકાર–પવિત્ર છે. એને પવિત્ર–કે અપવિત્ર માત્ર ભાવનાજ બનાવે છે."

"નાયક! હું સ્ત્રી છું. ને સ્ત્રીત્વ નહીં છોડું"...આમ્રપાલીએ અસંત દ્રઢતાથી જવાબ આપ્યો. "મહાજન મારી શરત સ્વીકારે તો પણ નહીં. ઇશ્વરે મને સ્ત્રી બનાવી છે. અને સ્ત્રી મટાડવી પણ તેનાજ હાથમાં છે!"

"ત્યારે હવે વૈશાલી–અત્યારે તક્ષશિલા, રાજગૃહ, કાશી અને અવંતી સૌને ટક્કર મારે તેવી છે, તે થોડા વખતમાં હતી ન હતી થઇ જશે." નાયક ખિન્ન અવાજથી બોલ્યો; "એનાં બેનમુન પ્રજાકીયતંત્ર, નીલપદ્મભવન, પુષ્પવિહાર, બધો વૈભવ–ઘણા થોડા વખતમાં સરી જશે."

"કેમ? શી રીતે?"

"શી રીતે? અત્યારે વૈશાલી પર મગધનું મોટું ભય ઝઝુમી રહ્યું છે એ ખબર છે? અનિયંત્રિત સત્તાવાળાં ચાર ચાર મહારાજ્યો-ની વચ્ચે એક ખોબા જેવડું વૈશાલી પોતાની સત્તા જાળવી રહ્યું છે. વૈશાલી–બધી પ્રજાઓને તારવા માટે, નવો સંદેશો લઇ આગળ ધર્યું છે. આ સંદેશો તે એની મહાજનસત્તાક રાજ્યવ્યવસ્થાનો છે: અને આ સંદેશાની સામે કોણ કોણ છે? જેવા તેવા નહીં, પણ કોસલ, વત્સ ને મગધ જેવાં, વૈશાલીને ત્રણે દિશાથી ઘેરી પડેલાં, ત્રણ મહારાજ્યો. અને અવંતી ચોથું."

"કોણ કોસલ પણ?–ત્યાંનો પ્રસેનજિત્ તો વૈશાલીનો મિત્ર છે ને?"

સિંહે ડોકું ધુણાવ્યું; "ના, બાપુ ના. એ બધા સત્તાતુલા (Balance of Power) જાળવવા માટે મિત્રો બન્યા છે. વૈશાલી શીવાય બીજું કોઇ મગધની આડે આવે તેમ નથી...અત્યારે રાજનીતિની ખાતર મગધ, કોસલ ને અવંતીનું મિત્ર બન્યું; તેણે પોતાની પૂર્વમાંનો અંગ દેશ લીધો. અને પીઠપરથી ઘા ન પડે તેવી સ્થિતિ કરી દીધી. હવે આગળ વધવા માટે, રાજા બિમ્બિસાર ગોમતી અને ગંડકીના સંગમ પર વહેલો–મોડો કીલ્લો બાંધશે, ત્યારે વૈશાલી પણ ધ્રુજશે. અને વૈશાલી પડતાં શું થશે? રાજાઓની અનિયમિત સત્તા ફરી જાગશે. આમ્રપાલી! વિદેહમાં રાજાએ, એક બ્રાહ્મણ કન્યા પર જુલમ કર્યો. ખુદ રાજાને ભરબજારમાં કતલ કરીને, લોકોએ પ્રજાતંત્ર જાહેર કર્યું છે. લિચ્છવીઓએ પ્રજાકીયતંત્રની ભાવના ફેલાવી છે; અને કપિલવસ્તુમાં, રામગામમાં, કેશપુત્તમાં ને ભગમાં મહાજનસત્તા જમાવવા પ્રબંધ રચાય છે."

"એમાં વૈશાલી ફાવશે? ફાવે તો?"

"ફાવશે? કોને ખબર છે? મગધ અત્યંત બળવાન છે. આપણું તો ઘર ફુટયું છે, મારોજ ભાઇ ગોપાલ રાજા બિંબીસારનો પ્રધાન છે. જો વૈશાલી નહીં ફાવે તો–કોસલ વત્સ ને બીજા અનેક દેશો જે અત્યારે મગધના મિત્રો છે, તે મગધમાં હોમાઇ જશે.

વૈશાલી પડશે–કે 'તરતજ' મગધનો વાવટો અવંતી સુધી ઉડશે! અત્યારે વૈશાલી અનેક પ્રજાને પ્રજારુપે જાળવી રહી છે!"

"કોસલ પણ પડશે?"

"હા. બધાંજ પડશે. વૈશાલી પડશે. પ્રજાઓ પડશે. પ્રજાકીયતંત્રો પડશે. માત્ર એક મગધનો સૂર્ય–અંગદેશથી અવંતી સુધી તપશે!"...

આમ્રપાલી આ મહાપુરુષની ભાવના જોઇ રહી. એને વૈશાલી મારફત અનેક પ્રજાઓનો ઉદ્ધાર કરવો હતો. રાજસત્તાક ને બદલે ગણસત્તાક વ્યવસ્થા દાખલ કરવી હતી. અને વૈશાલીનો વૈભવ કાયમ રાખવો હતો.

"નાયક!" તે એની મહત્તાથી અંજાઇને બોલી; "પ્રજાઓનો કલ્યાણ માર્ગ કેમ ખુલ્લો રહી શકે?"

"જો તું એને ખુલ્લો રાખે તો–પવિત્ર હેતુ માટે તારું યૌવન, યશ, ને ગૃહસ્થાશ્રમ ત્રણ મહાન્ ભોગ દે તો."

"હાય! વૈશાલી! મારું સ્રીત્વ તું લેશે? પછી મારી પાસે શું રહ્યું?"

"પછી શું રહ્યું? લોકકલ્યાણ માટે અપવિત્ર થએલું શરીર: પરંતુ તેમા વસતો પવિત્ર આત્મા."

"આત્મા શરીરમાં રહેતો નથી, પરંતુ વિચારમાં રહે છે!"

આમ્રપાલીના હૃદય સોંસરવો એક ઘા થઇ રહ્યો. તે ઘડીભર શાંત થઇ ગઇ. પણ પછી દૃઢ ને સ્પષ્ટ શબ્દોમાં બોલે ગઇ: "નાયક! એ તર્કવાદ ભયંકર છે, પણ જા, વૈશાલીને, મારું યૌવન, યશ ને ગૃહસ્થાશ્રમ ત્રણે સમર્પણ કર્યાં! આવતી કાલથી હું પુષ્પ-વિહારમાં રહેવા જઇશ. મારે મન હવે કોઇ પુરુષ રહ્યો નથી: જીને જીતે તે સંયમ રાખે તે પુરુષ: અને ધ્રુજે તે જાનવર. લિચ્છવીગણને, આટલો છેલ્લો સંદેશો મારા તરફથી પણ આપજે કે, 'અક્ષણવેધી' ને 'વાલવેધી' નો, અભ્યાસ કરવા માટે લક્ષ્ય બનાવવા આમ્રપાલીનું માથું જોઇએ તો માગી લેજો!...અને નાયક! લિચ્છવીઓ વિલાસી બન્યા છે માટે તેનો નાશ નજીક છે!" એટલું બોલીને આમ્રપાલી વીજળીની ઝડપથી બેઠી થઇ, દોડી ગઇ. અંદરના ખંડમાં જતાંજ એના દાબેલા રુદનનો અવાજ આવ્યો; સિંહ જવા માટે પગ ઉપાડયો હતો તે ખંચાયો; "દેવી! વૈશાલી તો પ્રસન્નચિત્તે આપેલો ભોગ લે છે. આમ્રપાલી! હું તને બંધનમુક્ત કરું છું. આવો ભોગ ના ખપે!" આમ્રપાલી બારણામાંથી બહાર આવી. તેનો ચહેરો કડક ને ઉગ્ર હતો; તેણે સિંહ સામે જોયું.

"આંસુ સાથે આપેલો ભોગ ન ખપે આમ્રપાલી!" સિંહે ફરી સ્પષ્ટ અવાજે કહ્યું.

"આંસુ?' આમ્રપાલી બોલી; "આંસુ કયાં છે?" તે ટટ્ટાર ઉભી રહી. "આંસુ તો નાયક! હવે શરીરમાં કયાંએ નથી. આત્મા-નાં છે ને તે પ્યારી 'વૈશાલી' માટે હમેશાં ખરશે!"

કંઈ જવાબ મળે તે પહેલાં તે અંદર દોડી ગઇ. ચંદનનાં સુગંધી તેલથી બહેકતી સોનેરી દીવીઓ પાસે થઇ નાયક ધીમે પગલે બહાર ચાલ્યો ગયો.

૫

આ વાતને ઘણા દિવસ વીતી ગયા. વૈશાલીમાં આમ્રપાલીના સિતારની લોકપ્રિયતા હજી ઘટી નથી. છેક તક્ષશિલાથી ચંપા સુધીના સોદાગર–વૈશાલીની અનેક વાતો કરે છે તેમાં આમ્રપાલીની વાત પણ આવે છે. મગધનો રાજા બિંબીસાર એક વખત આમ્ર-

પાલીને મળવા આતુર થયો. પોતાના પ્રધાન ગોપાળ મારફત ખબર કહાવ્યા. આમ્રપાલીએ કહેવરાવ્યું કે "ખુશીથી આવજો. તમારી રાજ ખટપટ ત્યાં છોડતા આવજો. ને આઠ દિવસ સુધી તમે મારા ઘરમાં સહીસલામત છો."

રાજહંસ જેવા સુંદર ધોળા બળદ જોડેલ ગાડામાં બેસીને રાજા બિંબીસાર પુષ્પવિહાર માં ઉતર્યો. તે દિવસ વૈશાલીમાં પર્વ હતું. સ્ત્રીઓના રાસ, જુવાન લિચ્છવીઓની રથની પ્રતિસ્પર્દ્ધા, અને વિધવિધ રોશનીભરી નૌકાઓ-થી, નીલપદ્મ સરોવરનો કીનારો ગાજી રહ્યો હતો. આ બધું જોતો, ને રાજગૃહ સાથે વૈશાલીને સરખાવતો, બિંબીસાર આમ્રપાલીના ઇંદ્રભવન જેવા 'સપ્તભૂમિકાપ્રાસાદ'માં પેઠો.

અંદર પેસતાંજ મોટું ચોગાન હતું. ચોગાનને ચારે તરફ અનેક ખંડો હતા; ને તેના ઉપર બીજા ખંડો આવ્યા હતા. છેક ઉપરના ભાગમાં સંગેમરમરના છત્ર ઉપર સુવર્ણ કળશો શોભી રહ્યા હતા.

રાજા બિંબીસાર ત્યાં ઉભો કે તરતજ સુંદર દાસીઓ આવી તેને પ્રણામ કરતી ઉભી. રાજા બિંબીસારે આમ્રપાલીને મળવાની ઇચ્છા દર્શાવી. ખુબસુરત દાસીઓ સાથે ચંદનના પાણી છંટાએલા રસ્તા પર તે આગળ વધ્યો. સંગેમરમરના મિનાકારી કમાનોવાળા સુંદર કુંડની પાસે, એક દાસી સોનાના કળશમાં સુગંધિત પાણી લઇને હાજર હતી. નાહી મર્દન કર્યા પછી, તે અનેક ખંડોમાં થઇ ઉપર ગયો. અહીં આમ્રપાલી આવશે એમ કહી હસતી હસતી દાસીઓ ચાલી ગઇ.

રાજા એકલો ખંડમાં ઉભો. આખો ખંડ સંગેમરમરનો હતો. ભીંતો પર ચિત્રો ટાંગેલાં હતાં; એક તરફ ચંદનના બાજોઠ પર મુકેલી સોનાની દીવીમાંથી ધુપનો સુગંધ ફેલાતો હતો. બીજી તરફ સુખડના તેલથી બળતા દીવાઓના પ્રકાશમાં રત્નના તેજ જેવી ભોં નીલપદ્મના રંગ જેવી દેખાતી હતી. સ્વચ્છ પાણીના સરોવર જેવી નીચલી ભોં હતી. ને તેમાં અનેક રંગી માછલીઓ તરતી હતી.

રાજા આગળ પગલું દેતાં થંભ્યો. ભોંય તળીયું ને તેમાં માછલીઓને ફરતી જોઇ તેને શંકા થઇ. 'પાણી હશે તો?' તેણે પોતાની રત્નની વીંટી કાઢી ફેંકી. શુદ્ધ રણકો સંભળાયો; તે આગળ પગલું ભરે છે, ત્યાં મધુરમંદ-સોનાની ઘુઘરીઓ જેવું પહેલું હાસ્ય અને પછી શબ્દો સંભળાયા.

"એ તો અહીંના શિલ્પી મહાલીની વૃત્તિ છે. પાણી નથી તેજની રચના છે, અને માછલીઓ પણ યંત્રથીજ ફરે છે."

રાજાએ ઉંચું જોયું. સામેના ખંડનું દ્વાર ખોલી–આમ્રપાલી ત્યાં હસતી ઉભી હતી. તેણે મલબારી ગાજનો સાળુ પહેર્યો હતો. પાણીના જેવો તદ્દન પાતળો ચીનાઇ રેશમનો ઘાઘરો તેના અંગને અર્ધ ઢાંકતો હતો; લંકાનાં મોટાં સરખાં પાણીદાર મોતીની માળા–તેની ડોકમાં લટકતી હતી. કટિમેખલા, હીરાના કુંડલ, ને રત્નજડિત નુપૂર–આમ્રપાલીનું સૌંદર્ય આ શૃંગારથી, બેનમુન બન્યું હતું. એક મંદ હાસ્યથી રાજાને આગળ વધવા કહી, પોતે હીંડોળા પર જઇ બેઠી. સોનાના સળીઆને રત્નની વેલ ચઢાવી હીંડોલાને અત્યંત સુંદર બનાવ્યો હતો. રાજા બિંબીસાર આગળ વધ્યો ને ઘડીભર–મગધ વૈશાલીની દુશ્મનાવટ ભુલી, આ અનુપમ હીંડોલ પર બેઠો. તરતજ હીંડોલ હાલ્યો ને હવા નાખવા દાસીઓ હાજર થઇ ગઇ. મીઠી પીળી કીનખાબની ગાદી પર રત્નખચિત કમળ ને રાજહંસ શોભતા હતા. ઓશીકા પર મોતીની વેલ

ચઢાવી હતી. પાસે ચંદનના બાજેઠ પર એક નાની સરખી મોતી ભરેલ સુવર્ણની ધુપદાનીમાંથી સુગંધ ફેલાતો હતો. નવપ્રભાતના જેવા શાંત પણ મોહભર્યા તાજા ખુશનુમા ચહેરા પર દીવાનો પ્રકાશ પડ્યો. સંગેમરમરના હાથાવાળી ચમરીથી હવા નાખતી દાસીઓ એક પછી એક સરી ગઇ. અનેક તારા ખચિત રજની શોભે તેમ આમ્રપાલી એકલી શોભી રહી.

૬

રાજા બિંબીસાર આઠમે દિવસે ચાલ્યો ગયો.

આ બનાવને ૭ વર્ષ વીતી ગયાં છે. એજ મકાનમાં એજ હીંડોલા પર એક પાંચ વર્ષનો કુમાર સુતો છે. તે ભર નિદ્રામાં છે, આમ્રપાલીનો રાજા બિંબીસારથી થએલો પુત્ર તે આ. પાસે બાજેઠ પર આમ્રપાલી બેઠી છે.

આજે તેના ચહેરા પર ભારે વેદના પથરાઇ રહી છે. દીવાઓ મંદપ્રકાશ થયા ને બહાર કુતરાં ભસવાં લાગ્યાં. જાણે કોઇ જબ્બર આઘાત થયો હોય તેમ, આમ્રપાલી, બે હાથથી માથાને દબાવી નીચે મોંએ બેસી રહી.

થોડીવારમાં દ્વાર ખુલ્યું. આમ્રપાલીએ બેદરકારીથી ઉંચું જોયું. તેની દાસી આવતી હતી.

"ભોજક કહે છે રથ તૈઆર છે!"

આમ્રપાલીએ હાથવતી તેને જવાની નીશાની કરી. પોતે પાછી નીચે મોંએ બેસી ગઇ.

"બે ઘટિકા રાત્રિ છે!..." દાસી જતાં જતાં બોલતી ગઇ.

થોડી વારમાં ફરી દ્વાર ઉઘડયું ને પુરુષનો ભરેલો અવાજ આવ્યો; 'આમ્રપાલી!"

આમ્રપાલી સડાક બેસી ગઇ. ધુળ ખંખેરે તેમ તેણે વેદના ખંખેરી નાખી. એનો ચહેરો કઠક, તીવ્ર અને દૃઢ બન્યો.

"કોણ? સિંહનાયક? આવો..." તેણે એક પાસેનો બાજેઠ તેના તરફ સેરવ્યો.

"કુમાર સુતો છે?"

"હા. પણ હવે રથ તૈઆર છે. જવાની તૈઆરી છે પણ... તમને ખાત્રી છે કે કુમાર તેના પિતા પાસે મગધ જાય તેમાં વૈશાલીનું હિત છે? બીજો કોઇ માર્ગ નથીજ? તમે ગઇ કાલે કહ્યું કે વૈશાલીની ખાતર કુમાર છોડ. આજે હું તેમ કરવા તૈઆર છું. પણ એમાંજ વૈશાલીનું હિત છે?"

"હા અનેક રીતે મગધમાં બે પક્ષ થશે. અજાત શત્રુ સામે આ તારો કુમાર પ્રતિસ્પર્દ્ધિ થશે, અને કદાચ એ ફાવશે તો-વૈશાલી પર એને ભાવ રહેશે ભવિષ્યની કોને ખબર છે? એ નહીં ફાવે તો વૈશાલી એને સંઘરશે."

"રાજ ખટપટમાં આ કુમાર જીવી શકશે? નાયક! આવા કુમળા બાળકને હાથે કરીને ઝેરનો પ્યાલો દેતાં છાતી ધ્રુજે છે!"

"તેં રાજા બિંબીસાર પાસેથી વચન નથી લીધું કે તેણે પુત્રને પાળવો?"

રથમાં જોડેલા ઘોડા ખોંખારવા માંડયા. આમ્રપાલી અસંત દુઃખથી બે ઘડી બોલી નહીં.

"હા વચન લીધું છે."

"ત્યારે બસ. મગધનો રાજા એકવચની તો છે. એ શત્રુ છે છતાં આ એનો ગુણ પ્રશંસાપાત્ર છે. અજાતશત્રુની મા-વૈદેહી-પણ ત્યાં નથી? એ મારી પુત્રી છે; અને વધારે નહીં તો કુમારને સાચવશે તો ખરીજ. ગોપાલ સાથે પણ બિંબીસાર આવે તે પહેલાં તેં પ્રથમથી એ સરત નથી કરી?

કુમાર પડખું ફર્યો. તેના ચહેરા પર દીવાનો પ્રકાશ પડતો હતો. આમ્રપાલી ત્યાં જોઇ રહી; સિંહ ચેત્યો હોય તેમ એકદમ બેઠો થયો. "લે આમ્રપાલી! હવે માંડ એક દોઢ ઘટિકા-રાત્રિ હશે!"

આમ્રપાલી બેઠી થઇ. દાસી આવીને કુમારને તેડવા લાગી. તેને હાથથી આઘે ખેસવીને આમ્રપાલીએ કુમારને તેડયો. તેની આંખો મીંચાએલી હતી. તેણે નિદ્રામાંજ માના ખભા પર ડોકું નાખી દીધું. આમ્રપાલીની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં, પણ તે બળ કરીને આગળ વધી.

ચોગાનમાં રથ તૈયાર હતો. સુંવાળી ગાદી પર ધીમેથી કુમારને મુકીને આમ્રપાલી તેની પાસે બેઠી. બે દાસીઓ પાછળ ચઢી.

"સાથે કોણ જાય છે?"

"વાસવી અને મલ્લિકા! હું થોડે જઇને પાછી ફરીશ." રથની દોરી શિથિલ થઇ, ઘોડા ઉપડુ ઉપડુ થયા. અચાનક ભડકી ઉઠે તેમ આમ્રપાલી બેઠી થઇ ગઇ.

"અરે! અરે! નાયક આ શું?"

સિંહ આમ્રપાલીના ચરણમાં પડયો હતો તેની રેશમી મોજડીને તેણે માથા પર ચઢાવી.

"આમ્રપાલી! તું સ્ત્રી નથી. સ્વતંત્રતાની દેવી છે! તું 'વૈશાલી'ની મૂર્તિ છે! મેં કુમારને હરકત થાય તો મગધને પહોંચી વળવા જેટલી તૈયારી રાખી છે. હોં! હવે સુખેથી સીધાવો." સિંહનાયકે સુતેલા કુમાર પર હેતથી હાથ ફેરવ્યો. "બેટા! મગધમાં પણ મહાજનસત્તા સ્થાપવા ચિરંજીવ થજે હોં!"—તે વજ્ર પુરુષની છાતીએ પણ ડુમો આવ્યો. આનંદથી કિલકલાટ હસતા નિર્દોષ બાળકને, ઉંઘમાં ને ઉંઘમાં, આજે પરદેશ છેક મગધમાં—એકલો, અનાથ મોકલનો હતો, એ વિચાર આવતાં તેની આંખ ભરાઇ ગઇ.

"હું આમ્રપાલી! તું તો થોડેથીજ પાછી આવે છે ના?"

"હા, સીમાડાથીજ."

રથ ચાલતો થયો. અંધારામાં તેનો અવાજ અત્યંત કર્કશ લાગ્યો. નાયક આંસુ લુછતો એકલો અંધારામાં ચાલ્યો ગયો; આમ્રપાલીના રથનો અવાજ પણ અંધારામાં ડુબવા લાગ્યો. વૈશાલીનો નાયક; એકચિત્તે, મંદ-અતિમંદ બનતો, ઘોડાના ડાબલાનો અવાજ સાંભળી રહ્યો; અંધકારમાં અવાજ તદ્દન ડુબી ગયો ત્યારે, તે ઘડીભર ત્યાં ઉભો રહ્યો ને મોટેથી બોલ્યો: વૈશાલીમાં જ્યાં સુધી આવી સ્ત્રીઓ છે ત્યાં સુધી વૈશાલી અજેય છે!

* * *

રથ જ્યારે સીમાડે પહોંચ્યો ત્યારે મોં સુઝણું થતું આવતું હતું. આછા ઉજાસમાં કુમારનો ચહેરો દેખાવા લાગ્યો. આમ્રપાલીએ તેને એક વખત ગોદમાં લીધો ને કપાળ પરથી વાળ ખેસવી મધુર ચુંબન કર્યું; ફરી ચુંબન કર્યું, ફરી ચુંબન કર્યું—અતૃપ્ત આત્માને સંતોષવા હજી એક વખત ચુંબન કર્યું. એ વખતે કુમારે ઉંઘમાંથી આંખ ઉઘાડી. 'મા!' એટલું બોલીને તે તરત સુઇ ગયો.

થોડી વારમાં, સિંહના મોકલેલા સ્વારો આવ્યા. 'રથના રક્ષણ માટે સિંહ નાયકે મોકલ્યા છે' કહી તેઓ આમ્રપાલી પાસે આવ્યા.

હવે ઘડીભર થોભાય તેમ હતું નહીં. કુમાર જાગે ને પહેલાં નીકળી જવું જોઇએ. તે નીચે ઉતરી, ને ઉતરતાં ઉતરતાં, એકવાર છોકરાને ગોદમાં લીધો.

"પહોંચે કે તરત ગોપાળને ત્યાં જજે હોં, બોજલ! અને વાસવી! મલ્લિકા!–જીવથી

જ્યાદે એને જાળવજે!" દાસીઓના દેખતાં આંસુ ન આવે તો ઠીક, એમ વીચારી આમ્રપાલીએ મોં ફેરવી આંસુ લુછી નાખ્યાં.

"ગોપાળને બધી વાત આગળથી થઇ ગઇ છે. એટલે કૈં વાંધો નથી. વાસવી! મલ્લિકા!—'કુમારને જાળવજે હોં! એ કુમળું છે, ફુલ છે હોં!"

"દેવી! અમારા જીવની પેઠે જાળવશું!"

"વારંવાર સમાચાર કહેવરાવજે હોં!".

થોડે છેટે ઝાડ પર કાગડા બોલવા લાગ્યા. પ્રકાશ વધવા લાગ્યો. આમ્રપાલીએ કુમારને એક વખત નીરખી લીધો. તેણે હાથથી રથ હાંકવા આજ્ઞા કરી. દાસીઓએ પ્રણામ કર્યા, રથ ચાલતો થયો. આમ્રપાલી પથ્થરના પાળીઆની માફક ત્યાં ને ત્યાં ઉભી રહી. રથ જોતીજ રહી, અવાજ બંધ થયો. રથ દેખાતો બંધ થયો, માત્ર તેની ધુળજ રહી. આમ્રપાલી હવે ધુળ—જોવા લાગી. જ્યારે એ પણ બંધ થઇ, ત્યારે તે પાછી ફરી. સામે વૈશાલીનાં મંદિરો પ્રકાશી રહ્યાં હતાં. કાનની બુટ પાસે આંગળી મુકી તે મંદિરો તરફ જોઇ રહી. "મને કોણ વધારે પ્યારું છે, વૈશાલી કે કુમાર?"

અત્યંત બળથી દાબેલી ઉગ્રવેદના તેના ચહેરા પર ફરી દેખાવા લાગી. દૃઢ નિશ્ચય પ્રેમના તાપમાં ઓગળી ગયો.

* * *

તે ગાંડીની માફક એકદમ રથને રસ્તે દોડી. પક્ષીઓ બોલી રહ્યાં હતાં. સુરજનાં કિરણો ફુટતાં હતાં ને ઉષાએ, રજનીની ચાદર સંતાડી દીધી હતી. "હાય! હાય! અત્યારે એ પુછતો હશે, 'મારી બા ક્યાં છે? મારી મા ક્યાં છે?' ઓ! મારા ફુલ!"

જંગલમાં ઘાસ પર તે રડી પડી. આર્ત સ્વરના રુદનથી જંગલને ગજાવી રહી, અંતે આંસુ પણ ખુટ્યાં. તે નિરુપાયે ધીમે પગલે પાછી ફરી. વૈશાલીના સુવર્ણ કળશો, રુપેરી કળશો ને ત્રાંબાના કળશો દેખાવા લાગ્યા. પોતાનું કુમાર વિનાનું જંગલ જેવું મંદિર તેની નજરે ચઢયું. વેદનાના જુસ્સામાં, તે ધબ દઇને નીચે બેસી ગઇ.

"વૈશાલી! ઓ વૈશાલી! તને મેં મારું સ્ત્રીત્વ આપ્યુ; માતૃત્વ આપ્યું; હવે શું જોઇએ છીએ? બોલ, શું આપું?

ચારે તરફથી જાણે જંગલ બોલતું હોય તેમ લાગ્યું; 'તારો પ્રાણ!'

એક ઉપયોગી વિનાશ

[અનુસંધાન પૃષ્ઠ ૧૭ થી]

વિચારો ધરાવે છે, શાસ્ત્રોમાં તો ગમે તે. વાત આવી શકે અને સંસ્કૃત ભાષામાં લખાયું હોય તો ગમે તે પુસ્તકને શાસ્ત્ર કહી શકાય. પરંતુ તે ઇતર વિષય છે. હું તને કહી રહ્યો હતો કે કંડુ ઋષિને કોઇ મેઘ સ્વરૂપિણી મળી તે વીશે તે બ્રાહ્મણને અધ્યયન કરતો મારા વડવાએ જોયો. જેવી રીતે નદીઓ ઉત્પન્ન ગમે ત્યાંથી થાય છતાં મળે છે તો સાગરનેજ તેવી રીતે મારા વડવાનું જ્ઞાન ગમે તેટલું થાય છતાં તેનો લાભ તો મૂષકોનેજ મળવો જોઇએ એમ તે માનતા હતા. તેમને તરત દેખાયું કે એ મનુષ્ય પ્રાણી જે રહસ્યનો પાઠ કરી રહ્યો હતો તે રહસ્યની જરુર મનુષ્યને હતીજ નહીં. એ થાય તો મનુષ્યો તું જેમ કહે છે તેમ અસભ્ય બની જાય અને અશ્લીલ આચાર કરવા માંડે; તે ઉપરાંત બીજો એક એ વિચાર પણ તેમને થયો કે આવા રહસ્યનું જ્ઞાન માત્ર પણ મૂષકોને ન હોય તો પરિણામ જરુર અનિષ્ટજ આવે. એટલા માટે પોતાની જ્ઞાતિના ગૌરવનું ભાન થયું છે જેમને એવા મારા વડવા ગર્ભોદરે માત્ર એકજ પ્રયોગથી મનુષ્યોમાંથી એ જ્ઞાનનો લોપ કરી મૂષકોમાં તેનો પ્રચાર કરવાની હામ ધરી.

એટલા માટે "દર્શનથી તે ચિત્તને હરે છે, સ્પર્શથી તે બલને હરે છે" અને "ચંદ્ર બિંબથી સ્તન, સ્તનથી" અને "એકબીજાના અધર પર અધર રાખી સુધાની સરિતાનો" એ ત્રણે વાક્યો પછીનાં ચરણોનો તેમણે આહાર કર્યો. અને આજ સુધી મનુષ્યો એ ચરણાર્ધમાં શું હશે તે વીશે તર્ક દોડાવવાથી વિશેષ કશુંજ કરી શક્યા નથી. કારણ કે નારી રાક્ષસીથી શાં શાં નુકસાનો નરજાતિને છે તેનું સંપૂર્ણ જ્ઞાન અને ભાન મૂષકોને છે. આ મહાપરાક્રમનું પરિણામ એ થયું છે કે જે રહસ્ય મારા વડવા ગર્ભોદરે ઉદરસ્થ કર્યું તે હજી સુધી પણ કોણ જાણે કેવું છે—હશે એમ કલ્પી ઘણાએ મનુષ્ય પ્રાણીઓ જ્યારે તેનો જરાપણ ઉલ્લેખ કરે છે ત્યારે બીજાઓ ત્રાસીને પવનથી તરુ ધ્રુજે તેમ ધ્રુજવા અને નાસવા લાગે છે. તેમજ એવા ઉલ્લેખ કરનાર પુરુષની નિંદા કરે છે. હવે મનુષ્યપ્રાણીમાંથી કોઇ જો એવો હીનબુદ્ધિ ઉત્પન્ન થાય જે મૂષકોનું ભક્ષણ કરે તો તેનો અચ્યુતના પ્રસાદની જેમ મોહ નષ્ટ થાય અને તેને સ્મૃતિ લાધે. પરંતુ અત્યારે તો એ જ્ઞાનના એકાકી અધિકારી ગર્ભોદર કુલતિલકોજ છે. શાસ્ત્રનું અધ્યયન આમ થાય, જ્ઞાતિની સેવા આમ થાય, એવું કરવાની શક્તિ ના હોય ત્યારે ડફેણક્ષોભજનિત વેદાડંબર મિથ્યા છે.

આ અદ્‌ભુત કથા શ્રવણથી આશ્ચર્યજનિત આનંદથી નિમીલિત લોચન રાસભે ઉદ્‌ગાર કર્યો: "ધન્ય મહાભાગ! આપને હું વંદન કરું છું. રાસભો જે કરવા ઇચ્છત તે આપે કર્યું છે. બંનેના હેતુઓ જુદા છે છતાં કર્મ વિપાક એકજ છે. આપના કૃત્યથી પણ મનુષ્યો સ્ત્રી પુરુષના સહચારની વાતોનું અધ્યયન કે વાચન કરી શકશે નહીં. અને એ પ્રકારનું વાચન મનુષ્યોમાં થાય નહીં એજ રાસભોનું પણ ધ્યેય છે. મહાશય! આપનું ઇપ્સિત આપને મળો. ગર્વ ખંડિત હું ચર્ચાશીલ રાસભ આપને વંદન કરું છું."

સંતુષ્ટ ચિત્તે મૂષકે ઉદ્‌ગાર કર્યો: "વત્સ! તું મારા સહવાસે સ્થિતપ્રજ્ઞ અને વેદાંતી બન્યો છે. તારું તેમજ તારા જેવાનું કલ્યાણ થાઓ, અને તમો ઉચ્ચ તથા માન્ય પદવિને પ્રાપ્ત કરો.

એક અંગ્રેજી તીર્થયાત્રા

[અનુસંધાન પૃષ્ઠ ૬૪થી]

ફોન ચાલતાં હતાં; ઘણામાં તો કોઇ યુવતી નીરાંતે ઉંઘતી હોય; કેટલાંક નાવ નદીની કોઇ એકાંત શાંત કે છાયાવાળી જગ્યાએ હોય, ને અંદરનાં માણુસો વાંચતાં હોય, કે આડાં થઇને પડયાં હોય, કે ઘસઘસાટ ઉંઘતાં હોય. બે ત્રણ યાંત્રિક નાવ ફરતાં હતાં,.તેમાંના એકમાં અમે બેઠા. બીજા દસેક માણુસો હતા. પહેલાં પ્રવાહની સાથે-વહેણની સાથે નાવ ચાલ્યું; શેક્સપીઅર-સ્મારક ભુવન, ટ્રીનીટી-દેવાલય પસાર કરી, પાછું ફર્યું, ને વહેણની સામે ચાલ્યા. બે પુલો નીચે થઇને આગળ જતાં ન ભુલાય એવાં સુંદર સ્થળો દીઠાં. ત્રાવણકોરનાં "back-waters"માં ચાર,પાંચ દિવસ જળ-માર્ગની સફર કરી હતી, તે બહુ યાદ આવી. નદીનો પટ તો કેટલો બધો સાંકડો! હીંદમાં જેને નદીઓ કહે છે તેનું તો આ બચ્ચુંજ કહેવાય. મુસાફરીમાં એને જોઇને "વહેળો" જ કહીએ! શેઢી નદીનો પટ પણ આનાથી મોટો. પરંતુ ધન્ય છે અંહીંની ઋતુને તથા હવાને, કે પાણી સુકાતું નથી, ને ઉનાળામાં આપણી મોટી નદીઓ પણ કોરી થઇ જાય છે, ત્યારે અંહીંનાં "ઝરણાં" પણ પુર બહારમાં આવે છે. અને અંહીંની પ્રજા એતી પાછળ ઘેલી થાય છે. થાય તેમાં નવાઇ પણ શી? જેણે અંહીંનો સખ્ત, કાળો ને સફેદ શીયાળો ભોગવ્યો હોય તેજ વસંત ને ગ્રીષ્મની લીલોતરીની તથા નદીનાં વહેતાં પાણીની ખરી કદર કરી શકે......એ.

ખેર, એ બધી વાત બાજુએ મુકીએ, તો પણ-કારણો દૂર રાખીએ તો પણ-અહીંની પ્રજા પ્રજા તરીકે જળવિહારનો આનંદ માણે છે, એ આનંદની શક્તિ ધરાવે છે, ને એ વિહારની પુષ્કળ તક લે છે, એ નિર્વિવાદ સત્ય છે. નદીને એક કાંઠે સરસ ઘરો ને વાડીઓ હતાં, બીજે કાંઠે લીલી સપાટ જગ્યાઓ કે ઝાડી હતી. કેટલીએ વાંકીચુંકી વળી, અનેક વાર સૃષ્ટિજીવનનાં ને માનવજીવનનાં આકર્ષક દશ્યો દેખાડી, અમારી નૌકા પાછી ફરી, અને લગભગ પોણા કલાકમાં અમને ઉતારી મુકયા. આ "સેર મેલ?" એવી અસરકારક હતી, કે અમે બીજી, હલેસાંથી હાંકવાની, હોડી કરી, ફરીથી નદી ઉપર ફર્યા.

સાંજે છ વાગ્યે દેવાલયમાં જવું હતું, એની અગવડકારક યાદીએજ અમને નદીથી અલગ થવાની ફરજ પાડી. પછી દેવળમાં ગયા. ઓર્ગન અર્ધો કલાક વાગ્યું, પછી પ્રાર્થના થઇ-ઉપદેશ અપાયા...બહુ સારું નહોતું, ને દોઢ કલાક બેસી રહેવું પડયું, તેમાં બહુ "હવાદ" ન આવ્યો.

એક વાત લખવી રહી ગઇ. સવારે દેવળમાં ગયા હતા, ત્યારે ત્યાંના એક અધિકારીએ અમને પુછ્યું: "જાપાનના શાહજાદાની મંડળીમાંના તમે છો?" "કેમ?" કરીને સામું પુછતાં, એણે ખુલાસો કર્યો કે, "શાહજાદો કાલે ઑક્સફર્ડ ગયો છે. ને આજ કદાચીત એ અહીં આવી જાય." .....

લંડનમાં એક જણે મને સ્વીડ (સ્વીડનનો) ધાર્યો હતો; એક જણે ફ્રેંચ જાણીને ફ્રેંચમાં વાત શરુ કરી હતી; આ માણસે જાપાનીઝ ગણીને, વધારે નજદીકનું નીશાન ઉડાવ્યું... અમને બહુ ગમ્મત પડી.

આમ રવિવાર પુરો થયો: ત્રણ દિવસ ગયા-બેજ બાકી રહ્યા: "બહોત ગઇ, થોડી રહી"ના વિચારોમાં સોમવારના પ્રાતઃકાળનો ઉદય થયો.

સોમવાર.

એક દિવસમાં, ને તે પણ સાંજ પહેલાં ઘણું પતાવી નાખવાનું હતું.

સૌથી પહેલા શેક્સ્પીઅરના જન્મ-ગૃહમાં ગયા. સાધારણુ રીતે એને "શેક્સ્પીઅરનું ઘર" કહે છે. હેન્લી સ્ટ્રીટના આ ઘરમાં સને ૧૫૬૪ માં એપ્રીલની ૨૩ મી તારીખે શેક્સ્પીઅરનો જન્મ થયો હતો. ૧૫૫૪ માં એના પિતાએ આ ઘર વેચાતું લીધેલું એવું ખત હજી શહેરી દસ્તાવેજોમાં મોજુદ છે. લાકડાં ને છો–એનું બનેલું આ મકાન અમારી હૉટેલના જેવુંજ બહારથી દેખાયું: પણ એથી નાનું. ફી એક શીલીંગ માણસ દીઠ આપવી પડે છે. એક વૃદ્ધ માણસે બારણું ઉઘાડી અમને એક નાના ખંડમાં દાખલ કર્યા. અલબત, શેક્સ્પીઅરના વખતમાં હશે તેજ હાલતમાં અત્યારે–અત્યાર લગી–એ રહે એ તો અશક્ય છે. પરંતુ એનું બન્યું તેટલું સરક્ષણ કરેલું છે, અને લક્કડકામ, ભોંય અંદરની ભીંતો અને જમીન તળેના ખંડ ("સેલર") વસ્તુતઃ અવિકૃત રહી શકયાં છે. હવે આ ઘર રાષ્ટ્રીય મીલ્કત છે, અને વર્ષોવર્ષ લગભગ ત્રીસેક હજાર યાત્રાળુઓ આ ઘરની યાત્રા કરી જાય છે એમ કહેવાય છે. જેમાં અમે દાખલ થયા તે તેમજ એની સાથેનો જમણા હાથ ઉપરનો ખંડ શેક્સ્પીઅર–સ્મારકોના સંગ્રહસ્થાન જેવા હતા: એમની ઉપરના બે ખંડો પણ તેવા જ હતા. નાના નાના ચોરસ ઓરડાઓ, તેમાં છબીઓ, આરંભની આવૃત્તિઓ, લખતો, દસ્તાવેજો, તેમજ બીજી કેટલીક રોજ-વપરાસની ચીજો. કેટલીક ખુરશીઓ પણ હતી, પણ ઇરવીંગે જે શેક્સ્પીઅરની ખુરશીની રમુજી વાત લખી છે તે કઇ હશે તે બરાબર સમજાયું નહીં. ઉપરના ખંડમાં પુસ્તકાલય, કબાટ વગેરે છે.

નીચેનો બીજો એક ખંડ રસોડાનો છે, ને તેમાંથી ઉપરની મેડીએ ચઢતાં એક ખંડમાં ગયા, જે રસ્તાની ઉપર છે, અને જેમાં શેક્સ્પીઅરનો જન્મ થયો હતો એવી લોકવાયકા છે. ખાસ ધ્યાન ખેંચે એવી ચીજ આ ખંડમાં એ હતી કે ભીંતોએ તેમજ બારીઓના કાચ ઉપર કેટલાંએ નામ લખેલાં કે કોતરેલાં હતાં. કારણ કે થોડાં વર્ષ ઉપર મના થઇ તે પહેલાં હજારો યાત્રાળુઓએ નામ કોતરી, પોતાનું નામ પણ શેક્સ્પીઅરની સાથે અમર કરવા યત્ન કરેલો. તેમાં કેટલાંક નામને તો આવી વિધિની જરાએ અપેક્ષા ન હોય એવાંએ નામ છે, દાખલા તરીકે સ્કૉટ, બાયરન, ઠેકરી, કારલાઇલ ઇત્યાદિ.

ઘરની પછવાડે નાની વાડી છે. શેક્સ્પીઅરનાં નાટકોમાં આવતાં ફુલો તથા વૃક્ષો અહીં ઉછેરવામાં આવે છે. વાડીમાં થોડુંક ફર્યા, ને પાસેના ઘરની એક નાની બાલિકા એક સરસ બીલાડી સાથે રમતી હતી, તેની સાથે કંઈક વિનોદ કરી, આ ઘરમાં માનવતાનો જે અંશ ખુટતો હતો તે પુરો કર્યો.

શેક્સ્પીઅરનાં સ્મારકો–શેક્સ્પીઅરના સંબંધથી પુનિત થએલી વસ્તુઓ તથા જગ્યાઓ જોવામાં ઘણું કુતુહળ થાય ને ઘણોએ રસ પડે: છતાં એ કૈં શેક્સ્પીઅરની મહત્તાનાં પાત્ર નથી. શેક્સ્પીઅરનાં દર્શન તો એનાં નાટકોમાંજ થાય. એથી બીજે કયાંય જોવું હોય તો તો જે માનવતાનાં વિવિધ પુર એણે આલેખ્યાં છે તે માનવતાભર્યા સંસાર તરફજ દૃષ્ટિ વાળવી જોઇએ. બાલિકાના બાળ-વિનોદમાં મને જે કવિત્વ દેખાયું તે આ સ્મારકોભરેલા ઘરમાં ન જડયું.

ત્યાંથી ગામ બહાર નીકળ્યા: રેલ્વે, ખેતરો વગેરે વટાવી, શૉટરી પહોંચ્યા, જ્યાં પેલું પુરાણું પણ અતિસુરક્ષિત ઍન હૅથેવેનું ઘર છે. આ સ્થળે રોજ સાંજે યુવાન શેક્સ્પીઅર આ ગ્રામ્ય બાળાનું કુંળું હૃદય આરાધવાને આવતો. પાસે એક નાનું ઝરણું છે. ઘરની અંદર એક બાંકડો છે જેની ઉપર રોજ સાંયકાળે આ સંવનન થતું. તે વખતે આ બાંકડો ઘરની બહાર વાડીમાં રહેતો, ને એનાં મા કે બાપ કોઇ જરા દૂર બેસતાં. કારણ કે તે કાળમાં વડીલની દૃષ્ટિ બહાર સંવનન કરવું એ મર્યાદાની બહાર જવા જેવું હતું. બાંકડો તદ્દન સાધારણ, પણ અત્યારે તો કવિત્વ ઝરતોજ જણાયો. કહે છે કે આ ઘર લગભગ તેજ વખતની હાલતમાં છે, હજી હૅથેવે કુટુંબના વારસ–બે યુવતીઓ અમને ઘર બતાવતી હતી–ત્યાં રહે છે, રક્ષક તરીકે; કારણ કે ઘર તો લગભગ ત્રીસેક વર્ષ ઉપર ત્રણ હજાર પાઉંડની કીંમતે પ્રજાએ ખરીદી લીધું છે.

ઘરની અંદરની કેટલીક સામગ્રી જોવા જેવી હતી: રાચરચીલું જુના જમાનાનું પણ જોવા જેવું હતું. જુના ખાટલાઓ, તે ઉપરનાં પાથરણાં; ઉપરના એક ખંડમાં એનનાં માબાપ સુવે, પાસેના નાના નીચા ખંડમાં એન; એની વચ્ચે બારણું, પણ એનના ખંડની બારી બહારનાં પગથીઆંથી જરાકજ ઉંચી. દસેક હઝાર માણસો વર્ષોવર્ષ અહીં આવે છે.

ટ્રીનીટી ચર્ચ: અહીંથી દેવાલય તરફ વળ્યા: એનના "કૉટેજ"માં જવાની એક શીલીંગ ફી; દેવાલયમાં જવાનીએ ફી! દેવાલયના બહારના દેખાવનું વર્ણન કરી ચુકયો છું. કેટલોક ભાગ છેક બારમી સદીનો છે. અંદર દાખલ થતાં જમણી બાજુએ મોટાં રજીસ્ટર છે, જેમાં શેક્સ્પીઅરના જન્મ ને "બેપ્ટીઝમ" ની નોંધ છે; અવસાનની નોંધ પણ છે. બારીઓ ઉપરનું રંગીન કાચ-ચિત્રોનું કામ ઘણું સારું હતું, ને તે ધ્યાનથી નીહાળ્યું.

અલબત, સૌથી વધારે આકર્ષનારી ચીજ શેક્સ્પીઅરની કબર છે. એના ઉપરનો વિચિત્ર પણ મશહુર લેખ, શેક્સ્પીઅરની કલમનોજ છે:—

"Good friend for Jesus sake forbeare,
To Digg the dust enclosed heare;
Blest be yt man spares these stones
And curst be he yt moves my bones."

ઘણું કરીને ઇરવીંગેજ લખ્યું છે કે પોતાનાં અસ્થિને શાંતિમાં રાખવાની કવિની ચિંતા તદ્દન વ્યર્થ નથી ગઇ, કારણ કે એક વાર એનાં અસ્થિને–કે ધુળને–ઉચિત સન્માનથી મહાન અંગ્રેજોનાં અસ્થિની સાથે વેસ્ટમીન્સ્ટરમાં મુકવાની હીલચાલ થઇ હતી, અને કૈંક પગલાં પણ લેવાયાં હતાં. પણ આખરે શાપભયથી હોય કે કવિની છેલ્લી ઇચ્છાને રાષ્ટ્ર-સન્માનની ઇચ્છા કરતાં વધારે મહત્ત્વની ઠરાવવામાં આવી હોય, પણ આ લેખના બળથી એ પ્રયાસ અટક્યો, ને હજી લગી ઇંગ્લંડના મોટામાં મોટા આત્માનો દેહ વેસ્ટમીન્સ્ટરનાં ટોળાંની બહાર શાંતિમાંજ સુતો છે. પાસે એનની કબર છે. શેક્સ્પીઅરની કબરની પાસેની ભીંતે શેક્સ્પીઅરનું જાણીતું "Bust" છે, જે જીરાર્ડ જૉહ્નસને શેક્સ્પીઅરના મરણ પછી થોડાજ વખતમાં તૈઆર કર્યું હતું. પાસેની બારીઓ ઉપરનાં રંગીન કાચ-ચિત્રોમાં "મનુષ્યની સાત અવસ્થા"નાં ચિત્રો છે. અમેરીકન યાત્રાળુઓનો આ અર્ધ્ય છે. પાસે શેક્સ્પીઅરનાં અન્ય કુટુંબીઓની કબરો પણ છે.

ત્યાંથી **શેક્સ્પીઅરની નીશાળ** તરફ ગયા. એને Grammar School કહે છે, ને ઉપરની મેડીએ એક મોટા ખંડમાં એક બાંકડો અળગો રાખવામાં આવ્યો છે. તે બાંકડા ઉપર શેક્સ્પીઅર બેસતો હતો એમ કહેવાય છે. નીશાળ હજી ચાલુ છે, જો કે એની સ્થાપના છેક સન ૧૪૮૨ માં થઇ હતી. એને જોઇને મારા વખતની નડીઆદની સરકારી અંગ્રેજી નીશાળના નીચેનાં ત્રણ ધોરણોના વર્ગો બહુ યાદ આવ્યા. ભોંયતળીએ "ગીલ્ડ-હૉલ" છે, તેમાં તે વખતના ફરતા નટો (Strolling Players) જ્યારે આ ગામમાં આવતા ત્યારે નાટક કરતા, અને તેથી ઘણું કરીને શેક્સ્પીઅરે પોતે સૌથી પહેલું નાટક આ હૉલમાં દીઠું હશે. એમ પણ કહેવાય છે કે "રાણીના નટો" ના નામથી ઓળખાતી એક નાટક મંડળી સાથે સન ૧૫૮૯ માં શેક્સ્પીઅરે પોતે કાંઇક પાઠ લીધેલો તે પણ આજ હૉલમાં.

"ટાઉન હૉલ" નું બારણું બંધ હતું, છતાં હીંમતથી ઠોક્યું. આજ "બ્હીટસન" નો ઉત્સવ, એટલે "ટાઉન-હૉલ" પ્રેક્ષકોને માટે ખુલ્લો નહોતો. પણ આપણે ક્યાં રોજ આવવું હતું? ઘણી વારે બારણું ઉઘડ્યું, ને એક કદાવર પ્રૌઢ ઉમરની સ્ત્રીએ કામ પુછ્યું. અમે કહ્યું, ને સભ્યતાથી રજા માગી. "આજ રજા છે, એટલે કોઇ જોવા આવતું નથી. પરંતુ જેને ચિત્રોની ખરી કદર હોય તેજ આજ ફેરો ખાય. કૈં નહીં, ચાલો, હું તમને બતાવીશ." દાદરે ચઢ્યા. મોટા બે હૉલ હતા. તેમાં બૉલ, નૃત્ય, સંગીતના જલસા વગેરેની સગવડ હતી. ખરેખર જોવાનાં તો ચિત્રો હતાં: રાણી એન, ડયુક ઑવ ડોરસેટ, વગેરે ઉપરાંત વીલ્સનની પીછીનું શેક્સ્પીઅરનું, અને ગેઇન્સબરોની પીછીનું પ્રખ્યાત શેક્સ્પીરીઅન નટ ગેરીકનું ચિત્ર—છેલ્લાં બે ખરેખર ઉત્તમ હતાં. શેક્સ્પીઅરનું એક "Bust" પણ છે, અને આ છેલ્લાં બે ગેરીકે પોતે શેક્સ્પીઅરના વતનને ભેટ કરેલાં. નીચેના ખંડમાં મેયરની કચેરી છે. બે ખંડો ભેગા કરીને મોટી સભા ભરવાની સગવડ પણ થઇ શકે છે. સ્ટેટફર્ડની કોરપોરેશન અંહીં બેસે છે. ભીંતે ત્રણ ચાર સદીઓના મેયરનાં નામ હતાં, ને તે જોતાં કેટલાંક કુટુંબનાં નામ વારંવાર જોઇ તે કુટુંબોએ પેઢી દરપેઢી નગરની કેટલી સેવા કરી હશે એનું ભાન થયું. અમને પેલી બાઇએ બહુ હોંશથી બધું સમજાવ્યું: અમારી ઉત્સુક્તાથી એને રસ પડ્યો હશે, એની હોંશથી ને "સારી તબીઅત"થી અમનેએ રસ પડ્યો. નાના નગરનું શહેરી જીવન, તે શહેરી જીવનને ઘડનારાઓ, તથા તેનું આજે પરિણામ...એ સૌ વીચારતા મુકામે પાછા ફર્યા.

ટાઉન-હોલ શીવાય બધે દાખલ થવાની ફી આપવી પડી.

જમીને બહાર નીકળ્યા ત્યારે પાસે એક દુકાન જોઇ, તેનું નામ "Shakespeare Lounge-Room"—ચોપડી વેચનારાની દુકાન હતી, ને તેમાં ખરીદવાના ઉપરાંત બેસીને વાંચવાનીએ છુટ હતી. પણ કેટલા મુસાફરોને એટલી ફુરસદ હોય? એની પાસે "New Place" કરીને મકાન છે, તેમાં શેક્સ્પીઅરની ઉત્તરાવસ્થા ગએલી; લંડનથી પાછા ફરી નિવૃત્તિનિવાસ અહીં કરેલો, મરણ પણ અહીં થયેલું. મરણની તથા જન્મની તારીખ એકજ છે—૨૩ મી એપ્રીલ. બાવન વર્ષ પુરાં કર્યાં, છતાં એ આયુષ્ય ટુંકું શા રીતે

કહેવાશે? ઉત્તરાવસ્થાનાં નાટકો પણ અહીંજ લખાએલાં; અહીં પાછું સંગ્રહસ્થાન હતું. પાસેની વાડીમાં પાછાં શેક્સપીરીઅન પુષ્પો ને વૃક્ષો: પ્રખ્યાત મલ્બેરીનું વૃક્ષ, જે કવિએ પોતાને હાથે રોપેલું કહેવાય છે, ને જેનો નાનો કટકો હજી પણ બતાવવામાં આવે છે. એની પાછળ સાર્વજનિક બાગ છે, જેનો એક ભાગ હોટેલમાંની અમારી ઓરડીમાંથી દેખાતો હતો.

એની પાસેજ નદીનો તટ છે, ને તટ ઉપર "મેમોરીઅલ-થીએટર" છે જેમાં અમે રાત્રે નાટક દીઠું હતું. આખું સ્મારકભુવન સુંદર બાંધણીનું છે, સન ૧૮૭૯ માં બંધાએલું. એની અંદર નાની, લગભગ ૮૦૦ માણસો બેસાડી શકે એવી, સાદી પણ સુઘડ નાટકશાળા છે. તે ઉપરાંત શેક્સપીરીઅન ચિત્રોનો મંડપ તથા રીઅલ શેક્સપીરીઅન પુષ્તકોનું મંદિર છે. ઉપરના ટાવરથી આખું ગામ, નદી, પડોસ વગેરેનું મનોહર સિંહાવલોકન થઇ શકયું. ચિત્રોમાં કેટલાંક નાટકો ઉપરથી પાત્રો તથા દશ્યોનાં આલેખનનાં હતાં, ને કેટલાંક પ્રખ્યાત શેક્સપીરીઅન નટ-નટીઓનાં હતાં. પણ કોઇએ એવી આશા રાખી હોય કે શેક્સપીઅરને લગતાં કલ્પિત કે પાઠ ભજવનાર નટ-નટીઓનાં સઘળાં ચિત્રો અહીં જોવાનાં મળશે, તો તેને નિરાશા થાય એમ હતું. કેટલાંક નટ-નટીનાં ઘણાં હતાં, કેટલાંકના એક પણ નહોતાં. રસલ થોર્નડાઇકે લંડનમાં શેક્સપીઅર-જયંતીમાં કહ્યું હતું તે અક્ષરશ: સાચું છે. શેક્સપીઅરની સ્મારક-સામગ્રી બહુ વેરાએલી વીખરાએલી પડી છે. નથી લંડનમાં તે એકત્ર થએલી, નથી સ્ટેટફર્ડ ઓન એવનમાં, નથી એક સ્થળે પણ સુવ્યવસ્થિત. છતાં ચિત્રો જોવાલાયક ને સુંદર હતાં એ કહેવાનું ભુલવું ન જોઇએ. પુસ્તકાલયનો દાવો એ હતો કે બીજી જે ભાષાઓમાં શેક્સપીઅરના અનુવાદ છે તે સર્વ અનુવાદો પણ સંગ્રેહલા છે. પરંતુ ગુજરાતી કે હીંદી એકકે પુસ્તક મળ્યું નહીં. અલબત બીજી વિદ્વત્તાની દષ્ટિથી આ પુસ્તકાલય ઘણું સારું હતું.

પાસે નદી તટે બાગ છે તેમાં શેક્સપીઅર સ્મારક-મૂર્તિ, લોર્ડ રોનલ્ડ ગાવરે બનાવેલી છે. ઉપર પ્રચંડ આકૃતિ આસને બેઠેલી કવિની છે, ને તળે ચાર બાજુએ ચાર આકૃતિઓ—લેડી મેકબેથ કરુણરસ સુચવતી, પ્રીન્સ હાલ ઇતિહાસ સુચવતો, ફોલ્સ્ટાફ હાસ્યરસ સુચવતો ને હેમ્લેટ પ્રીલ્સુફી સુચવતો એમ–છે. આખું કામ સરસ છે, ને દૂરથીએ સારું દેખાય છે.

બાગમાંએ જીવતાં રોમીઓ-જુલીએટની ખોટ નહોતી: પણ તે તો સર્વત્ર હતાં, નદીને સઘળે તટે તેમજ નદીની ઉપર.

નદી ઉપર જરા સેર કરી. આખું મન એવું મુગ્ધ થઇ ગયું હતું કે સ્ટેટફર્ડ છોડવાને પગ ઉપડતા નહોતા. તેમાંએ નદી ઉપરનાં રમણીય દશ્યો, નદીમાં ફરવાની મઝા, આસપાસની રમ્ય વનસ્થળીઓ...પણ એ બધું છોડી, પાછા હોટેલમાં ગયા, વાળુ કર્યું. બીલ ચુકવવાનું અકવિત્વભર્યું કાર્ય રસત્ત્વર કર્યું—હોટેલમાં સુખ ને સગવડ તદ્દન વનસ્પતિ-આહારીઓને પણ બહુ મળ્યા, પણ બીલે "ઢાલની બીજી બાજુ" ની ઝાંખી કરાવી દીધી. સ્ટેશને પહોંચ્યા. ઘોડાગાડીમાં એક અંગ્રેજ બાઇ સાથે હતી, તે ઓક્સફર્ડથી આવી હતી, ને ઓક્સફર્ડનાં "ઓહો હો" વખાણ કરવા લાગી. પણ સ્ટેટફર્ડ જેવું હોય એમ અમારા મને માન્યું નહીં.

૬-૪૫ એ ગાડી ઉપડી: પોર્ટરે કહ્યું કે કોયલાની હડતાળ નથી હોતી ત્યારે આજને દિવસે સેંજ બારતેર "સ્પેશ્યલ ટ્રેન" યાત્રાળુઓની આવે છે! પોર્ટરે કૈં અજબ મમતા બતાવી. અમે ના ના કહેતા રહ્યા ને ત્રીજા વર્ગની ટીકીટે પહેલા વર્ગના ડબ્બામાં અમને ધકેલી દીધા. બીજે સ્ટેશને પ્રમાણિકપણે અમે ગાર્ડને કહ્યું, ત્યારે તેણે કહ્યું: "ઑલ રાઇટ, બેસી રહો, કૈં વાંધો નથી!"

તડકો, ગરમી ઘણી. છેવટે ૭-૨૦ લેમીંગ્ટન સ્પા ઉતર્યા. ત્યાં એક કલાક સ્ટેશને રોકાઇ બીજી ગાડીમાં ૮-૨૦ એ ચઢયા, ને એક કલાકે ઑક્સફર્ડ સ્ટેશને પહોંચ્યા.

ઑક્સફર્ડ.

પહોંચવાનો વખત કરમનારાયણ ને જણાવી શકેલા નહીં. પણ હા એટલે સમી સાંજનો વખત. એને ઘેર ચાલ્યા. માલુમ પડયું કે એ બહાર ગએલ છે. ઘરની બાઇએ વિવેકથી રોકાવાનું કહ્યું. દોઢેક કલાક રાહ જોઇ, પછી કરમનારાયણ ને એની સાથેના હીંદીઓ આવ્યા પછી અમારે જ્યાં ઉતરવાનું હતું ત્યાં વીલ્બરફોર્સ હોટેલમાં ગયા: લગભગ સાડાબારે સુતા.

ઑક્સફર્ડની હકીકત લખતા પહેલાં સ્ટેટફર્ડની એક વધુ હકીકત ઉમેરી લઉં; શેક્સપીઅરના વતનના ટ્રસ્ટીઓ તથા સંરક્ષકોની એક સભા થોડા સમય પૂર્વે સ્ટેટફર્ડમાં થએલી. સર સીડની લી, વ્યવસ્થાપક સમિતિના પ્રમુખએ તેમાં કહ્યું હતું, સન ૧૯૧૦-૧૧ માં લગભગ પચાસ હજાર યાત્રાળુઓ અહીં આવ્યા હતા—એ પહેલાંનો મોટામાં મોટો આંકડો હતો. પણ ગયે વર્ષે સાડાસત્તાવન હજાર યાત્રાળુઓ આવ્યા હતા. લગભગ ૯૦ ટકા તો યુનાઇટેડ કીંગડમમાંથી આવેલ. લડાઇ દરમ્યાન પ્રવેશક ફી વધારી છે, તેની આવક આ વર્ષે ચાર હજાર પાઉંડની થઇ છે.

સ્ટેટફર્ડમાં બીજી એક કમી રહી ગઇ. મેરી કોરેલીને મળાયું નહીં. લંડનથી કાગળ લખ્યો હતો, પણ ઉત્તર નહોતો, એટલે ત્યાં જઇને ગોઠવણ કરવાની ધારી હતી. પણ તે માટે વખત મળ્યો નહીં.

[આ રસિક તીર્થયાત્રાનો વિશેષ ભાગ આવતા અંકમાં]

સ્વમદ્રષ્ટા

[અનુસંધાન પૃષ્ઠ ૪૯ થી]

એટલામાં દૂરથી આવતા છોકરાઓનો અવાજ સંભળાયો. એટલે તેમણે કાગળો ઉંચા મુકી દીધા, અને તે બહાર છજામાં આવી બેઠા. તે ભાવથી, વાત્સલ્યથી પુત્રને સુધારવા આજે આવ્યા હતા. પણ પુત્રનું લખાણ વાંચી તેને તે ઓળખી શક્યા નહીં. અને આવો ભયંકર છોકરો હમણાં ચાલ્યો આવે છે એ ભાન થતાં તેને કંપારી વછુટી. તેને ક્ષોભ થયો અને પરસેવાના રેલા તેણે કેમે કર્યા સાફ કરવા માંડ્યા. શું તેનો એકનોએક છોકરો ભયંકર, વીકરાળ, ખુની ક્રૂર થઇ ગયો? શું તે વિપ્લવવાદી થયો? શું તે બૉમ્બગોળા તૈયાર કરતો હશે? શિવ! શિવ! તેનાથી બોલાઇ જવાયું.

બે ત્રણ છોકરાઓ ઉપર આવ્યા ને રાવ બહાદુરને જોઇ પુછ્યું "કોનું કામ છે?"

"સુદર્શનનું."

"સકુભાઇ આવે છે." કહી પેલા છોકરાઓ પોતાની ઓરડીઓ તરફ ગયા.

બીજા બે છોકરાઓ આવી લાગ્યા. એક ઉંચો મજબુત છોકરો હતો. તેનું મુખ તેજસ્વી અને પ્રતાપી હતું. ને બીજો નાનો ને સુંવાળો દેખાતો છોકરો હતો. રાવ બહાદુરની નજરે આ નાનો છોકરો પડ્યો. ને પલ વાર વાત્સલ્યની ઊર્મિએ તેને ઘેલો કર્યો.

૭

સુદર્શન નાના પણ ઘાટીલા કદનો, સ્વરૂપવાન્ કહી શકાય એવો યુવક હતો. તે રંગે જરા ગોરો હતો. તેના કપાળ પર વગર હોળેલા વાળનાં ગુંછળાં ઝઝુમતાં; અને તેથી જોનારને બુદ્ધિની તેજસ્વિતા પારખવા જતાં વિલાસ જડી આવતો. એના વ્યક્તિત્વ પર શરમાળપણા ને સંકોચની સ્વાભાવિક છાપ હતી. તેની આંખો ચંચળ ને ધારદાર હતી, અને ગ્લાનિદર્શક મુખની રેખાઓને ઘણી વાર વીસરાવી દેતી. એની ચાલની લટક આકર્ષક હતી. મોટા છોકરાઓ એને પહેલી વાર દૂરથી જોતા તેમને એને 'છોકરી'નું ઉપનામ આપવાનું મન થતું; પણ પાસે આવતાં એક પ્રકારની અકગતા, ને સચોટતા તેમની નજરે પડતી; અને ઉપનામ આપવાની ઇચ્છા વણજન્મેજ મરી જતી.

તેણે ટોપી ઉંચી મુકી હતી અને કોટનાં બટન ભીડ્યાં નહોતાં. તેનું ધોતીયું છુટું લટકતું; મેલા થએલા દક્ષીણી જોડા તેણે જેમ તેમ પહેર્યા હતા. તેના પહેરવેષ પરથી અસંત બેદરકારીપણું દેખાતું.

તેણે એના બાપને જોયો ને ઉતાવળો થઇ આવ્યો. "બાપાજી! તમે ક્યાંથી?"

"હું હમણાંજ આવ્યો. ક્યાં ગયો હતો?"

સુદર્શને બાપની સામે જોયું. "આજે પ્રોફેસર ઘોષનું છેલ્લું ભાષણ હતું. એ કાલે વડોદરા છોડી જવાના છે."

"એણે તો રાજીનામું આપ્યું'ને?"

"હા. રાષ્ટ્રીયશાળામાં અધ્યાપક થઇ જાય છે."

"એમ? ઠીક. મારે તારું જરા કામ છે, તેમાં જરા આવ્યો છું."

સુદર્શનના મોઢા પર ફ્ક્સવાટ થયો "શું કામ છે?"

"ચાલ બહાર જઇએ, પછી કહું છું."

એક પલ વાર સુદર્શન ગુંચવાડામાં પડ્યો

લાગ્યો. તરત તેના મુખ પર ફેરફાર થયો. તેની આંખો જાણે સ્વપ્નાં જોતી હોય એવી ઘેરી થઇ. તેના મુખની રેખાઓએ મ્લાન નિશ્ચલતા પ્રાપ્ત કરી. એકદમ જાણે દૂરથી બોલતો હોય તેમ તેણે કહ્યું: "હું આ આવ્યો."

તે એકદમ પોતાની ઓરડીમાં ગયો. "પાઠક!" પેલા કદાવર છોકરાને કહ્યું; બાપાજી આવ્યા છે, અને મને બહાર લઇ જાય છે. હું જરાક મોડો થાઉં તો વાટ જોજો."

"એ ક્યારે જશે?"

"કોણ જાણે પણ રાતના અગીઆર પહેલાં તો ગમે ત્યાંથી આવીશ."

સુદર્શન બહાર આવ્યો, અને પ્રમોદરાય પાઘડી પહેરી તેની સાથે થયા. બંને જણ મુગા મુગા દાદર ઉતરીને કોલેજ તરફ ગયા. પ્રમોદરાય ક્ષોભ અનુભવતા હતા. કેમ વાત કરવી તે તેમને સુઝતું નહોતું. તેણે આખરે ગળું ખોંખાર્યું; "જગમોહનલાલ બારીસ્ટર અહીંઆં છે."

"ક્યારે આવ્યા?"

"મારી સાથે. એમની સુલોચના અહીંઆં છે."

"હા. મને જમનાકાકીએ બોલાવ્યો હતો."

"તું જઇ આવ્યો?"

"ના. મને વખત નહોતો."

"વાહ! એવું કરીએ? જો, અત્યારે આપણે રાજાભાઇને ત્યાં જમવા જવાનું છે."

"અત્યારે?" જરાક ચિંતાગ્રસ્ત અવાજે સુદર્શને પુછ્યું.

"હા. તારે સુલોચનાને મળવાનું છે. મારે તારો વિવાહ એની જોડે કરવો છે" રાવબહાદુરે જરાક પ્રયત્ન કરીને ક્ષોભ જીત્યો ને કહી નાખ્યું.

સુદર્શનના મોઢાં પર પાછો ફેરફાર થયો. તેની આંખ પાછી ઘેરી થઇ ગઇ ને રેખાઓ સખત થઇ.

"મારે હમણાં પરણવું નથી." નિશ્ચયાત્મક અવાજે સુદર્શને કહ્યું."

"પરણાવાની કોઇને ઉતાવળ નથી. પણ વિવાહ કરી નાખવો છે."

"બાપાજી! હમણાં શી ઉતાવળ છે?"

"હું ઘરડો થતો જાઉં છું."

"પણ હું ઝોંડ હમણાં ક્યાં વળગાડું?"

પ્રમોદરાય જરાક અધીરા થયા. "પણ જરા સુલોચનાને મળતો ખરો. કોઇ હમણાં ને હમણાં તને બાંધી મારવાનું છે?"

"હા. તેની મને ના નથી." સુદર્શને જવાબ વાળ્યો.

"ને તું બી. એ. થાય કે મારે તને મુંબાઇ મોકલવો છે. મારે તને આઇ. સી. એસ. માટે મોકલવો છે."

સુદર્શને ડોકું ધુણાવ્યું. "મારે સરકારી નોકરી નથી કરવી."

"ત્યારે બેરીસ્ટર થશે?"

"તે પણ નથી થવું."

"ત્યારે શું હજામપટ્ટી કરવી છે?" પ્રમોદરાય ચીઢાઇ ગયા. સુદર્શન મુગો રહ્યો. તેના બાપની ઉગ્રતાથી તે દબાઇ જતો. "તારે શું કરવું છે?"

"મારે એમ. એ. થઇ પ્રોફેસર થવું છે."

"નાના હોય ત્યારે બધા છોકરાને માસ્તર થવાનું મન થાય. તું આ વર્ષ બી. એ. થા પછી વાત" રાવબહાદુરે એ વાત બંધ કરી. થોડી વારે તેણે બીજી વાત કાઢી

"કેમ ભાઈ કૈં વાંચે છે કે ? કે આમ ભાષણોજ સાંભળ્યા કરે છે."

"વાંચું છું. હજુ પરીક્ષાને વાર છે."

"હવે શું ત્રણ મહીના—ચાલ વહેલો વહેલો પાસ થઈ જાની કે મારા છતાં ઠેકાણે પાડી દઉં."

સુદર્શને જવાબ નહીં આપ્યો. બાપને દીકરો કોલેજના સેંટ્રલ હોલની સામે આવ્યા.

"ચાલ ત્યારે રાજાભાઈને ત્યાં."

"હા. તમે રાતે કયાં રહેવાના છો ?"

"હું તો સાડા દસની ગાડીએ જઈશ."

"ઠીક" કહી સુદર્શને નીરાંતે નિઃશ્વાસ મુકયો.

બંને જણ ભાડુતી ગાડીમાં બેસી રાજાભાઈને ઘેર જવા નીકળ્યા.

૮

ગાડીમાં બાપ દીકરો મુગામુગા બેઠા. બોલવાનું રાવ બહાદુરને સુઝતું નહોતું ને સુદર્શનને ગમતું નહોતું. પ્રમોદરાય કયાં સુધી દીકરાની સામે જોઈ રહ્યા. ને એણે જે ભયંકર નોંધો વાંચી હતી તે આ સુકુમાર બાળકના મગજમાંથી નીકળી હતી ? શું આ આંખો તેમનું ભાવિ જોવા મથતી હતી ? શું તેનો છોકરો આવાં કાવત્રાં રચી શકે ? સ્ત્રી વળગાડયા વિના આ છોકરો કેમ સુધરે ? અંગનાના વિલાસપાશ વિના આ ગાંડીયો કેમ સીધો થાય ?

સુદર્શનના મગજમાં બાપને માટે, સ્ત્રીને માટે, વિલાસ માટે સ્થાન નહોતું. શ્રીયુત ઘોષના હૃદયમાંથી શબ્દોનાં સ્મરણો પર ચઢી તેની કલ્પના રાષ્ટ્રીય પરાધીનતાના કોયડા ઉકેલતી હતી; અને તેના હૈયામાં વિપ્લવોત્સુક પયગંબરોના હૃદયમાં બળતી હોળી ચેતી રહી હતી.

[આ રસિક વાર્તાનો વિશેષ ભાગ આવતા અંકમાં.]

હજુ વખત છે.

ઈન્કમટેક્ષ બચાવવા માટે મળો.

પ્રાણલાલ અમૃતલાલ વૈદ્યની કું.

ઇન્કમટેક્ષના અનુભવી.

પહેલો માળ, લાલસિંગ બીલ્ડીંગ, મંગળદાસ મારકીટ પાસે, મુંબાઈ.

વાળની સુંદરતા અને વધારો કરવા માટે

કામીનીઆ ઓઈલનો ઉપયોગ કરો

વાળની ખુબસુરતી વધારવામાં, સુંદર, લીસા અને ચળકતા બનાવવામા, ગમે તવી ફેશનમાં રાખવામાં, અને વાળનો વધારો કરવામાં કામીનીઆ ઓઈલ ઘણીજ કીંમતી મદદ આપે છે. મગજને પન ઘણી ઠંડક આપે છે. સુગંધમાં ઘણુંજ મધુર છે. એક વખત વાપરી ખાત્રી કરી જુવો.

કીંમત બા. ૧ નો રૂ. ૧–૦–૦, ૩ બાટલીનૃા રૂ. ૨–૧૦–૦; પોષ્ટેજ પેકીંગ જુદું.

ખરીદતી વખતે કામીનીઆ ઓઇલજ માંગજો અને લેજો. બીજું લેતા ના.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કું. નં. ૧૫૫, જુમામસીદ, ડેરક નં. ૫, મુંબઇ ૨.

વધુ પૈસા ખરચતા પહેલાં નમુનો વાપરી જુવો
તમારૂં પસંદગી પામેલું પરફ્યુમ

ઓટો દીલ બહાર (રજીસ્ટર્ડ)

મધુર, મનોહર, સ્વીટ અને લાસ્ટીંગ ફક્ત થોડાં ટીપાં (few drops) રુમાલ પર નાંખો અને સોરમ ચંમેલી અને મોગરાનાં ફુલોની સાથે સરખાવી જુવો, પછીજ મોટી શીશી ખરીદજો. તમારા વહાલાઓને પણ ઓટો દીલબહારતીજ ભેટ કરજો. તેઓ પણ ખુશ થશે.

બીજા સેંટોમાં પૈસા ખરચતા પહેલાં ઓટો દીલ બહારની ખાત્રી કરજો. બાટલીની કીં. રૂ. ૨-૦-૦, ૧-૪-૦, ૦-૧૨-૦ નમુનો બે આના, સુગંધી કાર્ડ એક આનો, પોષ્ટેજ પેકીંગ જુદું.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કું.,
નં. ૧૫૫, જુમામસીદ ડેરક નં. ૫, મુંબઇ ૨.

☞ નમુના માટે આ નીચેની કુપન ભરીને મોકલો

નમુના માટે કુપન

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કંપની; નં. ૧૫૫, જુમા મસજીદ
ડેરક નં. ૫, મુંબઇ ૨.

જત એક શીશી નમુનાની ઓટો દીલબહાર (રજીસ્ટર્ડ)ની નીચેને ઠેકાણે મોકલી આપજો. ટપાલ ખર્ચ માટે એક આનાનો સ્ટાંપ બીડેલ છે. (સ્ટાંપ જરુર બીડવો).

નામ ______________________

ઠેકાણું ______________________

ગુંદરીયું

[અનુસંધાન પૃષ્ઠ ૫૪ થી]

અને ઢોર ઢાંખરને હાંકવાને યષ્ટિકા (લાકડી) કામ આવે છે, તેમ ગુંદરીઆને માટે ફક્ત એકજ અસરકારક ઉપાય છે અને તે "સ્પષ્ટ વક્તૃત્વ."

સવારનું ગુંદરીઉં જેવું છાપું વાંચવા તમારા ઓરડામાં પ્રવેશ કરે કે તમારે ઉભા થઇને છાપું લઇને તેની સામેજ જવું અને કહેવું કે, 'લ્યો અમથાભાઇ આ આજનું છાપું. આ લઇ આપના ઘરમાં સીધાવો" કે "બારી આગળ બેસી પા કલાક વાંચી આપી જાઓ. વિલંબ કરશો તો કાલે નહીં આપું. જાઓ મારી સામે ન ઉભા રહો. ઘરમાં જઇ એકદમ વાંચવા માંડો અને જલ્દી પાછું લાવો."

ઓફીસના ગુંદરીઆને સ્પષ્ટતાથી કહી શકાય કે, "મી. ઢબ્બુચંદ તમારે ચા પીવો છેને, તો બપોરે બે વાગે આવજો. નીકર તમારું ઠેકાણું આપી જાઓ ત્યાં માણસ ચા આપી જશે. કામ હોય તો ઉભા ઉભાજ કહી દો કે શું કામ છે. ખોટું ન લગાડશો પણ આજે હું બહુજ રોકાએલો છું." આમ કહી તેને ટાળી શકાય.

દુકાન કે કારખાનાના ગુંદરીઆઓને જાતજાતનાં કામ સોંપી શકાય. ઘરાકો માટે વસ્તુ એમની પાસેથી મંગાવાય, કોઇ ઘરાક માટે પાનસોપારી મંગાવવા તેમને ધક્કો ખવરાવાય અને કેઇ વિશ્વાસુ માણસ સાથે તેમને સ્ટેશને પાર્સલ કરવા કોઇ ખરે બપોરે તડકામાં તગડો, તો ગુંદરીઉં ખોડ ભુલી જાય.

મારા એક કારખાનાવાળા દોસ્તને એક ગુંદરીઉં ત્રણ મહીનાથી વળગ્યું હતું. એના એક મિત્રના સાળાનો સાઢુ દરરોજ દસ બજ્યામાં કારખાનામાં દાખલ થતો. તે બપોરે દૂર એક ખુણામાં પડેલાં ખોખાં ઉપર નીરાંતે ઘસઘસાટ ઉંઘતો તે છેક સાંજે કારખાનું બંધ થતાંજ વીદાય થતો. શરમના માર્યે મારા મિત્રે ત્રણ મહીના સહન કર્યું. પણ પછી ધૈર્ય ખુટ્યું મારી સલાહ લીધી ને મેં આવી બતાવી. બીજે દિવસે મારા મિત્રે તેને ગીરગામથી કોલાબા સ્ટેશને એક મજુર સાથે ખરે બપોરે પગપાળો રવાના કર્યો. ત્રીજે દિવસે કારખાનામાં આવતા ઘરાકો માટે પાનસોપારી અને ચહા સોડા લાવવા તેને પચ્ચીસેક ધક્કા ખવરાવ્યા. ચોથે દિવસે પરામાં રહેવા જતા એક સ્નેહીના સામાનના ખટારામાં બેસાડીને તેને તડકામાં વાંદરે મોકલ્યો, ત્યારનું એ ગુલ થએલું, હજુએ દેખાયું નથી.

ગુંદરીઆને નાબુદ કરવાની દવા સ્પષ્ટ વક્તૃત્વ અને તેથી પણ ન સમજે તો તેનો ઉપયોગ કરવો. તેને નોકર સમજવું, આડુ સમજવું, જનાવર સમજવું. આ ઉપાય હીંમતથી અજમાવશો, તો તમે જરુર ફાવશો, તમારી અગવડો સગવડોમાં ફેરવાઇ જશે અને કદાચ એ ગુંદરીયું મટી સાકરીયું બનશે.

પ્રસન્નવદન

[અનુસંધાન પૃષ્ઠ ૯૭ થી]

પણ એમને વિચાર નહીં આવ્યો. એમને માત્ર એકજ વિચાર આવ્યો. "સુંદર અને વિનોદ એકલાં હતાં એવું જાહેર થાય અને સુંદરને હાથે વિનોદ પડી ગયો એવી વાત બહાર જાય તો લોકો શું ધારશે? કોઇ ખરી-વાત સુંદર અને વિનોદ હોવાથી-ભાગ્યેજ માને. વિનોદ મરી ગયો હોય તો એના ખુનનું તહોમત પણ સુંદરને માથેજ આવે." એક વિષયમાં આવા આવાં ઘણા વિચારો એમના મગજમાં આવી ગયા. સુંદરને ભયમાંથી ને નિંદામાંથી બચાવવાના વિચારમાં તેના દુશ્મનને એક મનુષ્ય પ્રાણીને બચાવવાની અનુકંપા કે અગત્યતા તેમના મગજે અનુભવી નહીં. એમણે પાંચ સાત મીનીટ સુંદરને ભાનમાં આવવાની રાહ જોઇ અને છેવટે તે નજ જાગી ત્યારે એને ઉંચકી એમણે ઘર તરફ ચાલવા માંડયું.

બંગલા આગળ આવતાં સુંદરને આ દશામાં જોઇ નોકરો અને કોઇ કોઇ આવેલાં મિત્રો આસપાસ વીંટળાઇ વળ્યાં. ચિંતાતુર મુખે સૌએ ખબર પુછવા માંડી અને કેટલાકે આસપાસ દવાઓની શોધમાં દોડધામ પણ કરી મુકી. "હીસ્ટીરીઆ થયો" એવું બધાંને કહી પ્રસન્નવદન પોતેજ એને પલંગ પર સુવાડવા લઇ ગયા.

સુંદરની આંખો ભયને લીધે ફાટફાટી ગએલી હતી. થોડી વારે પ્રસન્નવદને એને ભાનમાં આણવાના ઉપચારો કર્યાં. જરા વારે સુંદર આંખ ઉઘાડીને બબડીઃ "વિનોદરાય!"

પ્રસન્નવદને તેની ધડકતી છાતી પર હાથ મુકી નીચા વળીને કહ્યુંઃ "સુરી! તું ઘરમાં સલામત છે હોં, ઉંઘી જા. હું બધું બરાબર કરૂં છું."

બહાર બધા મિત્રો આવી પહોંચ્યા હતા. બનેલા બનાવને નજીવું સ્વરુપ આપવા પ્રસન્નવદનને લાગ્યું કે તેમને બહાર જવાની જરૂર હતી. સુંદરની સારવાર એક વીશ્વાસુ દાસીને સોંપી પ્રસન્નવદન બહાર આવ્યા અને બધાને હસ્તે મુખે સત્કાર્યાં.

પણ એમના હૃદયમાં હોળી સળગતી હતી. અડધો કલાક થયાં વિનોદ પડી ગયો હતો અને પોતે તેને બચાવવા માટે કૈં કર્યું ન હતું. એમને સુંદરનું, એમની પત્નીનું અપમાન કરનાર પર ખુબ ક્રોધ ચઢયો હતો પણ આ વખતે એમને એ ક્રોધ સાંભરતો નહતો. એમને માત્ર સુંદર વહુનીજ ફીકર લાગની હતી. "કદાચ પાસેના બંગલામાંથી કોઇ માળીએ કે બીજા કોઇએ સુંદર વહુને એની સાથે વાત કરતાં કે ધકકો મારતાં જોઇ હોય તો? વિનોદના ખુની તરીકે શું સુંદર વહુ પકડાય? હાય હાય!" એમને હૃદયમાં ધ્રાસ્કો પડયો.

બેભાન સુંદર વહુ લવરીમાં કૈં બોલી દે એની પણ એમને ફીકર હતી. ને તેથી એ વારેવારે એના ખંડમાં જઇ આવતા. એકવાર દાસીને એના મુખ પાસે કાન માંડી રહેતાં જોઇ એમનો છવજ ઉડી ગયો. એમણે એને એનો શ્વાસ આટલો પાસે લઇ જવાને બહાને ધમકાવી કાઢી.

દર પળે જાણે કોઇના આવવાની વાટ જોતા હોય તેમ બંગલાના દરવાજા તરફ નજર નાખતાં વિનોદનું મુડદું લઇને જાણે કોઇ આવતું હોય એવી એવી કૈં કૈં ભીતિઓ તેમને લાગતી. વખતસર મદદ ન મોકલવા માટે એમનું અંતઃકરણ પણ ડંખતું હતું. પણ હવે આટલી વારે એમનાથી કહેવાય પણ કેમ? ને કહેવાથી કૈં વિનોદ જીવવાનો હતો? એ તો મરવાનો હતો તે મરી ગયો. પણ પછી સુંદર વહુનું શું થાય? એક વાર

સુંદર વહુને હાથે એ પડી ગયો એવી વાત બહાર આવે પછી ગામને મોઢે કૈં ગળણું છે? ને ખરી વાત કોણુ માનવાનું હતું? આવા આવા અનેક વિચારો એમને આવ્યાજ કરતા. પણ બહારથી તો તે હસતા. બધાની ખબર પુછતા અને ટોળટપ્પા ઉડાવતા. એમની અસ્વસ્થતા બહાર દેખાતી તો લોકો સુંદર વહુની તબીયતને લીધે છે એમ માનતા.

અચાનક એમને યાદ આવ્યું કે બાંકડા આગળ વિનોદની લાકડી ને રુમાલ રહી ગયાં હતાં. એમને ચોક્કસ ખાત્રી નહોતી તોપણ આ વિચાર આવતાંની સાથે એમનો જીવ ઉડી ગયો. પોતે ત્યાં જતા પહેલાં કોઇના હાથમાં જો તે આવે તો પુરાવો ચોક્કસ થવાનો. ને વખતે રકઝકમાં સુંદર વહુનો કૈંક અલંકાર ત્યાં પડી ગયો હોય તો તો–?"... તેમને ઉંડો ધ્રાસ્કો પડયો. આ માત્ર એક કલ્પનાજ હતી પણ એ કલ્પના આવતાંની સાથે એમના માથામાં લોહી જોરથી ફરવા માંડયું. એમના પગમાં ઝંઝણી થઇ આવી. એમને કપાળે પરસેવાનાં બિંદુ બાઝયાં. એમને તરત ત્યાંથી દોડી જઇ તપાસ કરવાનું મન થયું. પણ એમનાથી કયા બહાને ત્યાંથી ખસાય?

અને આવી તીવ્ર યાતના અનુભવતે અનુભવતે એમને બહારથી આનંદી મુખમુદ્રા રાખવી પડતી. આવેલા મિત્રો સુંદરની ચિંતાતુર મુખે ખબર પુછતાં. તેમને એને બાગમાં ફરતાં ફરતાં હીસ્ટીરીઆ કેમ થયો તેના વિગતવાર વર્ણનથી એ સંતોષતા; પણ એમના મનમાં માત્ર એકજ વિચાર ચાલતો. એમણે કલ્પેલી પેલી લાકડી ને રુમાલનો. એમની અધીરાઇ દર પળે વધતી જતી હતી. બહારથી એ અદ્ભુજ આનંદમાં દેખાવાનો પ્રયત્ન કરતા પણ ચતુર જોનારને એમની આંખોમાં અસ્થિરતા લાગતી. સુંદરની માંદગી એ એવું દેખીતું કારણ હતું એટલે કોઇને એથી વિચાર કરવાનું કારણ મળતું નહીં.

અગાસીમાં પાટલા નંખાયા. અગરબત્તીની સુવાસ ચારે તરફ પ્રસરી રહી. ચંદ્રિકાની સુધા ભોજનના રસમાં ભળી મીઠાસ અને માદકતા વધારી રહી. જમનારાઓ મુખેથી સુંદરની માંદગી નિમિત્તે દીલગીરી દર્શાવતાં છતાં ભોજન રસને, બીજા બધા રસોને વીસરી, માણી રહ્યાં. વર્ષગાંઠના ભોજનમાં આનંદ કરવો એ સૌની ફરજ હતી પણ એ ફરજ પકવાન્નની સુગંધથી વગર મહેનતે બજાવાતી તેથી સૌનો ઉત્સાહ દ્વિગુણિત થતો. પ્રસન્નવદને પણ પોતાની હતી તેટલી સર્વ શકિતઓ એકઠી કરી કૃત્રિમ ઉલ્લાસ દર્શાવવાનો સફળ પ્રયત્ન કર્યો.

આમને આમ કલાક જતો રહ્યો. મિત્રો સૌ ભોજનાંતે દીવાનખાનમાં વાર્તાલાપમાં, ગાનતાનમાં કે રમત ગમતમાં મશગુલ હતા. આટલા વખતમાં મહા પ્રયત્ને સાચવેલા સંયમ છતાં સંશયને લીધે પ્રસન્નવદનને પોતાનું માથું ફાટતું લાગ્યું. એ બધાને મુકી કોઇ ન જાણે તેમ તે બાગમાં ઉતર્યા.

ઉતાવળે પગલે–લગભગ દોડતા દોડતા તે પેલી બેઠક આગળ પહોંચ્યા. લાકડી કે રુમાલ કૈં નહોતું. ત્યાં એ હતાંજ એવી એમને ખાત્રી નહોતી પણ એનો અભાવ જોતાં એક શંકા જવાને બદલે બીજી શંકા એમના ચિત્તમાં ઉદ્‌ભવી. કોઇ લઇ ગયું હશે તો?

પાછા ફરવાનું પણ એમનામાં જોર રહ્યું નહીં. તે માથે હાથ દઇને ત્યાંજ બેસી ગયા. જાણે વિનોદ હજુ ત્યાંજ હોય તેમ એક ઉતાવળી દષ્ટિ એમણે નદીના પાણીમાં નાખી. પાછળથી માળીનો અવાજ આવ્યો! 'શેઠ! મુનીમ સાંબ આવ્યા છે.'

પ્રસન્નવદને ભડકીને પાછું જોયું. 'મુનીમ અત્યારે અહીં કેમ આવ્યો હશે?'

મુનીમ પેઢી પર આવેલો અગત્યનો તાર લઇ આવ્યો હતો. કોઇક શેઠને બાગમાં ઉતરતાં જોએલા એટલે તેના સુચવ્યાથી તે અહીં શોધતો શોધતો આવ્યો હતો. એને પ્રસન્નવદનને આમ એકલા આ દશામાં જોઇ જરા આશ્ચર્ય તો લાગ્યું પણ કંઈ ટીકા ન કરવા જેટલું ડહાપણ એનામાં હતું.

અગત્યની વાત પુરી થયા પછી મુનીમે એને મન નવી લાગતી વાત શેઠને કહી; "શેઠ! પેલો વિનોદરાય મરતાં મરતાં બચ્યો." ન્યાતીલાની વાતમાં શેઠ હંમેશ રસ લેતા એ મુનીમ જાણતો.

પ્રસન્નવદને ચમકીને ઉંચું જોયું. ધાડા અવાજે એમણે પુછ્યું: "શું?"

"ચાંદની રાત જાણી નદી પર ફરવા આવ્યો હશે કે શું તે કોણ જાણે; શી રીતે એ નદીમાં પડી ગયો. શેઠ! માનશો? આપણા બંગલાની થોડેકજ દૂર આ બનાવ બન્યો. એતો કોઇક ગામડીઓ ત્યાં શહેરમાંથી થાકેલો આવીને કીનારા પર વીસામો ખાવા બેઠો હશે તે તેણે એને તણાતો જોયો અને તરત પાણીમાં ભુસ્કો મારી એને ખેંચી કાઢયો."

"પણ એણે એને ઓળખ્યો શી રીતે?" "અરે નારે, એ શું ઓળખે! એ તો આપણા વીજભુખણ શેઠના છોકરાઓ એ રસ્તેથી ફરવા નીકળ્યા હશે તે પેલાને પાણીમાં પડતો જોઇ જરા ગમ્મત જોવા ઉભા રહ્યા. પેલો કાંઠે આવ્યો કે એમણે તો વિનોદને તરત ઓળખ્યો. એમનીજ મીલમાં એ મેનેજર છેને? તરત મોટરમાં નાખીને એને ઘેર લઇ ગયા. એની માએ તો છાતી માથાં કુટી નાખ્યાં. એના ઘરડાનાંજ પુણ્ય તે આમ બચી ગયો, નહીં તો વગર મોતનો માર્યો જતે."

"બચ્યે એવું લાગે છે કે?" પ્રસન્નવદને પોતાને પણ સંભળાય નહીં એવા ધીમા સ્વરે પુછ્યું.

"અરે હારે! કંઈ બહુ વાર એ પાણીમાં રહ્યો લાગતો નથી. હું આવ્યો ત્યાં સુધી તો ભાન નહોતું; પણ સવાર સુધીમાં તો એ સારો થઇ જશે. કંઈ ઉતાવળ નથી, શેઠ! વહાણામાં ખબર કાઢવા જશો તોએ ચાલશે." બીચારા ભોળા મુનીમે શેઠ ન્યાતીલાની દ્રષ્ટિએજ પુછતા હતા એમ માન્યું.

શેઠ ત્યાંથી ઉતાવળે ખસી ગયા અને કોઇક દિવસ યાદ કરતા હતા ત પ્રભુનો એમણે અંતરમાંથી મૂક ભાવે આભાર માન્યો. વિનોદરાય સુંદરનું નામ બહાર નહીં પાડે એની તો એમને ખાત્રીજ હતી.

પરોણાઓ મોડી રાત્રે વીખેરાયા. બધા ગયા પછી પ્રસન્નવદન સુંદરના ઓરડામાં ગયા અને એના ઉંઘતા—ઘેનવાળા—શરીરને બે હાથમાં પકડી ક્યાં સુધી એના મુખ તરફ જોઇ રહ્યા. એના ઉંઘમાંએ ભયભિત સુકુમાર મુખને એમણે એક ઉંડુ ચુંબન લઇ એના માથાને ઉસીકા ઉપર બરાબર ગોઠવ્યું અને એ પોતાના બેસવાના ખંડમાં ગયા.

રાત્રિની શાંતિમાં એમણે પોતાની કાયરતા સાથે ગૌતમના અદ્ભુત સ્વાર્પણની સાથે સરખામણી કર્યા કરી. અને છેવટે એમણે એક પત્ર લખ્યો:—

"પ્રિય ભાઇ ગૌતમ!

તારા ગયા પછી મારી દ્રષ્ટિ પરની અંધારી કાંઈ અદ્ભુત ચમત્કારથી ખસી ગઇ છે, અને તારી મહત્તા જે મેં તે વખતે નહોતી પારખી તેની કીંમત હવે હું કરી શકું છું. પ્રિય ગૌતમ! આપણી જુની મિત્રતાને ખાતર તું મને એ માફ કરશે એવી આશા હું રાખું છું.

કાલે તું ને નીર્મળા ભાભી મારે ત્યાં જમવા આવો તો? સુંદરે ખાસ કહાવ્યું છે. પેલા નાના ભુલકાને પણ ભુલતા નહીં. અમને એને જોવાનું ખુબજ મન છે.

હું સાંજે તારી વાટ જોઇશ અને જુના વખત જેવીજ સાંજ આપણે ફરી ગાળીશું. જરૂર આવજે.

લી૦ તારો
પ્રસન્નવદન."

તા૦ ક૦—મારી આફ્રીકાની પેઢી પર એક જગા ખાલી છે. તને ફાવશે?



પુસ્તક ૭] વૈશાખ ૧૯૮૧ [અંક ૨

ગુજરાતે સંસ્કારનો નવો યુગ આરંભ્યો છે. તેની સંસ્કૃતિની મહત્વાકાંક્ષા વધી ગઈ છે. તે સામગ્રીઓથી સમૃદ્ધ બન્યું છે.

એના પુરુષત્વમાં ત્યાગ છે, ઉત્સાહ છે, ઊંડી વ્યાવહારિકતા ને ઉંચી અભિલાષા છે. એમાં વ્યવસ્થાશક્તિ છે ને સ્વાતંત્ર્યપ્રેમ છે; મુત્સદ્દીપણું છે અને નિશ્ચલતા છે; ભાવનાશીલતા છે અને સેવાધર્મનો પ્રેમ છે; અને ભગીરથ તપથી માનવતા વીકસાવવાની હોંસ છે.

એના સ્ત્રીત્વમાં ફુલની સુકુમારતા છે, ને છતાં સતીની અડગતા છે. એમાં રસિકતા છે, ને સંરક્ષક વૃત્તિ છે; કાવ્યમયતા છે. ને છતાં વ્યાવહારિક બુદ્ધિ સતેજ છે; ધર્માંધતા નથી, છતાં શ્રદ્ધાળુ હૃદયની શક્તિ છે; એમાં પુરુષના સમાન થવાની હોંસ છે, છતાં પુરુષને પડખેજ ઉભા રહેવાનું ડહાપણ છે; નવાનવા ઉલ્લાસો છે, છતાં દુઃખ સહન કરવાની હીંમત છે. અને પુરુષો ને સ્ત્રીઓમાં વિશુદ્ધ પ્રેમની જ્યોત જાગવા માંડી છે.

ગામેગામમાં નવયુગનું ચેતન પ્રસરી રહ્યું છે—ઘેરેઘેર નવા સંસ્કારનો સંચાર થાય છે.

જાણેઅજાણ્યે બધા એક ને અવિભક્ત ગુજરાતનાં અંગ બને છે; અને જેમ અંગેઅંગની એકતાનતા પરથીજ આત્મા પરખાય છે તેમ ગુજરાતી સંસ્કૃતિના પ્રતાપી આત્માની સાક્ષી દે છે. કાર્તવીર્ય ને પરશુરામની આ ભૂમિ આર્યસંસ્કૃતિનો વિજયધ્વજ લઇ ઉભી છે; અને આર્યત્વનાં સનાતન તત્ત્વોઃ મહત્વાકાંક્ષા ને વીરતા; સ્વમાન ને સ્વાશ્રય; શુદ્ધિ, સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા; તપ, શાસ્ત્ર ને સંયમ: પિતૃભક્તિ ને જીવદયા; શબ્દબ્રહ્મની સર્વાંગસેવા; અને પ્રેમ—નિર્મલ ને નિરંકુશ—આ પુરાણા નવ—આર્યાવર્તની પ્રેરણાથી દશે દિશામાં પ્રસરશે.

ગુજરાત] [વૈશાખ ૧૯૮૧

દિનમણિને એવા શબ્દો બોલતો સાંભળીને હું રડી પડી.

મૃત્યુ પછી મળેલ દંપતી —પૃષ્ઠ ૧૨૮

મૃત્યુ પછી મળેલ દંપતી*

લેખક:
ર. ધૂમકેતુ

ચિત્રકાર.
શ્રીમાન્ પુરુષોત્તમ,
સભ્ય, સાહિત્ય સંસદ્.

મારું નામ હું કોઈને કહેવા ખુશી નથી. પરંતુ જે હકીકત આપવાની છે તે ચોખ્ખે ચોખ્ખી આપીશ. આ હકીકત બનેલી છે, અને તે વીશે હું ખાત્રી આપું છું. આવી વાત બની શકે એમ મેં પોતે પણ કોઈ દિવસ માન્યું નથી, અને હજી પણ ઘણા એવા છે કે જે આવી વાત બની શકે એમ માનતાં આંચકો ખાશે. મારા પિતા, પવિત્ર બ્રાહ્મણ હતા; અને ગોને મહુજ સંતોષી હતા. મારી મા, જેને સાક્ષાત્ દેવી કહીએ તેવી હતી. સંવત્......માં...... ગામમાં......ને ત્યાં મારો જન્મ થયો. જ્યારે હું તેર વર્ષની થઈ, ત્યારે મારા પિતાએ, અમારી જ્ઞાતિના, એક સારા યુવાન્ સાથે મારો વિવાહ કર્યો હતો તેનું નામ દિનમણિ હતું. દિનમણિનો સ્વભાવ કસ્તુરીની સુગંધ જેવો હતો. જ્યારે બોલે ત્યારે મીઠું લાગે. ને રુપાળો તો એવો હતો, કે ઘણી વખત, અમારા બેમાં, એજ વધારે સુંદર લાગતો. દિનમણિ અને હું બંને હજી તો બાળકજ કહેવાઈએ. પણ અમે માતપિતાના છત્ર નીચે રમતીઆળ જીવન ગાળતાં હતાં. હું હીંચકાતું ને દિનમણિ હીંચકે; ને દિનમણિ હીંચકાવે ત્યારે હું હીંચકું. બસ, હાલતાં ચાલતાં

* 'ગુજરાત'ના શ્રાવણ માસ (પુ.૫ અં. ૫)ના અંકમાં "અખંડ જ્યોત" નામે વાર્તા પ્રગટ થઈ છે. મારી પાસે વોટસ ડન્ટનની 'Aylwin' નામની એક સેકન્ડહેન્ડ બુક છે, તેમાં, જે ગૃહસ્થનું નામ છે—તે અક્ષર—'ગુજરાત'માં પ્રગટ થએલ "અખંડ જ્યોત"ના લેખકના અક્ષર સાથે મળતા આવે છે. 'Aylwin' માટે તે ગૃહસ્થે જે 'નોટસ' તૈયાર કરી છે તેના પાછલા કોરા પાનમાંથી, આ અને આવી બીજી ત્રણ વાર્તાઓ મળેલ છે 'ગુજરાત'માં પહેલી પ્રગટ થએલી વાર્તા; આ વાર્તા અને બીજી વાર્તાઓ, એકજ જણની કૃતિ છે તે વીશે શંકા નથી. કોઈને આ લખનાર વીશે વધારે માહીતી મળી જાય તો તેણે કૃપા કરીને 'ગુજરાત' મારફત મને મોકલાવવી—લેખક.

હસવું, ને મારી મીઠી સાસુના શીતળ બોલ સાંભળવા ને તે ઓછી ઓછી થાય એ જોયા કરવું. આ અમારું સુખી જીવન, રમ્ય સ્વપ્નાની માફક વહી જતું હતું. બાળલગ્નમાં અનેક દોષ છે પણ મારે માટે તો એ અત્યંત સુંદર કાવ્ય જેવું લાગણીભર્યું નીવડ્યું.

મને સાંભરે છે કે એક દિવસ, વાતવાતમાં, દિનમણિને મેં તમાચો પણ ચોઢી કાઢ્યો હતો. એ તો જાણે તદ્દન મશ્કરીનીજ વાત હતી. પણ મારાં ભોળાં સાસુ, ત્યાંથી અચાનક નીકળ્યાં, તે આ જોઇ ગયાં. દિનમણિ જ્યારે સ્કુલમાં ગયો, ત્યારે તેણે મને બોલાવી ને પોતે હસતાં હસતાં કહ્યું: "ઇંદિરા! તું મારા દિનમણિને પણ તમાચા મારે એવી જબ્બર હવે તો થતી જાય છે." બસ, સાસુજી આટલુંજ બોલ્યાં હતાં. પણ તેમનો પ્રેમ મારા પર એવો નિર્મલ હતો કે હું તેમની પાસે તરત રડી પડી. તેણે મને ખોળામાં લઇ, છાની રાખી, ને પછી શીખામણ આપી કે હવે મારે આવા છોકરવેડા બંધ કરવા જોઇએ.

બીજે દિવસે, સવારે દિનમણિ તો મને જોઇને ભડકી ગયો, ને ઓરડામાંથી એકદમ નાસીને, બહાર જતો રહ્યો. મારી સાસુએ તે જોયું..તેમને લાગ્યું કે વહુએ પાછો કંઇક છોકરાને ધમકાવ્યો હશે. તે તરતજ મારા ઓરડામાં આવ્યાં પણ હું તો ત્યાં હાથમાં, એક થાળી ને પાણીનો કળશ્યો લઇને ઉભી હતી. દિનમણિની છબી એક ખુણામાં હતી ને તેની પાસે ઘીનો દીવો બળતો હતો. સાસુજી આ જોઇને મોં મલકાવીને પાછા ફર્યાં. તે સમજી ગયાં કે વહુ પગનો અંગુઠો ધોઇને પીવા માટે પાણીનો કળશ્યો તથા થાળી લઇને આવ્યાં લાગે છે ને તે જોઇનેજ દિનમણિ બહાર ચાલ્યો ગયો! આ જોઇને સાસુજીને એવો સંતોષ ઉપજ્યો કે, મને ફરી વાર મળ્યાં, ત્યારે જોરથી, મારું મોં હથેળી વચ્ચે દબાવી એક બે બચી કરી લીધી. "દીકરી! તું તો, તારા શીલથી, આ કુળમાં લક્ષ્મી સ્વરૂપે આવી છે!"

સાસુજીના આ શબ્દો હજી સાંભરે છે, ત્યારે મારા આ એકાંત જીવનમાં, આટલા દુઃખની વચ્ચે, આનંદનું એક સ્મરણ આવી જાય છે. સાસુની શીતળ છાંયા આજે હીંદુ સંસારમાંથી નાશ પામી છે, માટે તે કોઇ દિવસ ન હતી, એમ માનવાને હું તૈયાર નથી; તેમજ એ શીતળ છાંયા, અત્યારે શુળ જેવી થઇ પડી છે, માટે એ આખી પ્રણાલિજ ખોટી છે, ને સ્ત્રીના હક્કને નામે, સંયુક્ત કુટુંબનોજ વિનાશ કરવો, એ યોગ્ય સુધારો છે એમ માનવાની પણ હું ના પાડું છું. સ્ત્રીના હક્ક ને પુરુષના હક્ક એ બન્ને પશ્ચિમમાંથી આવેલા, ને ઉચ્છૃંખલ જીવન પર પડદો નાખવા માટે યોજાએલા નિરર્થક શબ્દો છે. હું પુછું છું કે જે સ્ત્રીઓ સ્ત્રીઓના હક્કને નામે ભારે લડત લડવાનો મોહ રાખે છે, તેમણે ગૃહની સુંદરતા ટકાવવાની ખાતર નહીં તો માત્ર—પોતાનાં પ્યારાં સંતાનો અને પતિની તંદુરસ્તી ખાતર-ઘરમાં રસોઇ કરી છે ખરી? શું સ્ત્રી, રસોઇ જેવી અનેક સુંદર કળામાંની એક કળા ભુલી જાય, એનું નામ સુધારો છે? રસોઇ જેવી કળા ભુલીને, પછી કળા વીશે ચર્ચા કરવી, તે આ જમાનામાં, જેમ ચારિત્ર ગુમાવીને પછી ચારિત્ર વીશે લખવું, એના જેવોજ—કલમની અણી પર રહેનારો રોગ નથી? આ રોગને સુધારો માનવો, એ ભયંકર વિકૃતિ છે; તે

તેમાંજ જીવનનું સૌંદર્ય હણાઇ જવાનો ખરો ભય છે. જે સ્ત્રીપુરુષ સાચા સ્નેહથી જોડાયાં છે તેમને હક્કનો પ્રશ્નજ જીવનમાં આવતો નથી. પરંતુ આ પ્રશ્ન અત્યારે અસ્થાને છે એટલે હું મારી વાર્તાજ આગળ ચલાવીશ.

દિનમણિની અને મારી વચ્ચે ધીમેધીમે પ્રીતિ વધવા લાગી. અમે જે પહેલેથી તોફાની મિત્રો જેવાં હતાં, તે ક્યારેએ ગંભીર તો નથીજ બન્યાં; પણ અમારું તોફાન જેમ વધતું ગયું, તેમ અમને લાગ્યું કે હવે એકના વિના બીજાનું જીવન અશક્ય છે. દિનમણિની ઉંમર લગભગ મારા જેવડીજ—મારા કરતાં ત્રણ ચાર વર્ષે મોટી હતી પણ તેની કાઠી જરા નીચા ઘાટની ને સુદૃઢ હતી; એટલે તે હમેશાં રસિક યુવાન્ જેવોજ લાગતો. મને સાંભરે છે કે એક વખત મેં દિનમણિને એની મરજી નહીં છતાં, મોટી બહેન નાના ભાઇને ધમકાવે, તેમ ધમકાવી, પટાવી, ફોસલાવી નવરાવ્યો હતો. ને પછી તેના માથામાં તેલ નાખી તેના કેશ પણ મેંજ સમાર્યો હતા! એક વખત અમે નદીએ નહાવા ગયાં, ત્યારે સાસુજી સાથે હતાં. બહુ મોડું થાય છે એમ બાનું કાઢીને સાસુજી વહેલાં ચાલ્યાં આવ્યાં. ને પછી અમે બંને જણાંએ તો લુગડાં ધોવાનાં પડતાં મુકી, એક બીજા સાથે પાણી ઉરાડવાની રમત શરૂ કરી! દિનમણિએ તો કંઇ વિવેક વિના મારા માથા પર પણ ઠંડું પાણી રેડી વાળને ચીકણા કરી નાખ્યા. પછી બહુ મોડું થયું એટલે લુગડાં જેવાં તેવાં ધોઇ ઘેરે આવ્યાં. સાસુજીએ કહ્યું કે વાહ વહુ! લુગડાં તો બધી જાતનાં ધોયાં છે ને શું?—મેં જવાબમાં મારા માથાના વાળ બતાવ્યા. ને બધો દોષ દિનમણિ માથે ઢોળી દીધો! દિનમણિએ કહ્યું કે મારો વાંક નથી, તેણે સાબુ, પાણીમાં પડવા દીધો ને હું તે કાઢવા ગયો. એટલામાં પગ સરતાં, પાણીમાં પડયો ને પાણીના છાંટા ઉડ્યા!

અમે બંને આમ હમેશાં કંઇ ને કંઇ ખોટાં બાનાં નીચે સાચા પ્રેમની વાત છુપાવતાં હતા; પણ કંઇ સાચો પ્રેમ ઢાંક્યો રહે! અને સાચો પ્રેમ, આપણે નાનાં હોઇએ, ત્યારે આવાં ખોટાં ખોટાં બાનાં નીચે સંતાઇ રહે છે.

પ્યારા શહેરીઓ! માફ કરજો. આ તો અમારાં ગામડાંની વાતો છે. મેં ને દિનમણિએ સાથે ઢોરાં તો ઘણી વખત ફેરવી છે. ને તમે કદાચ હસશો—અથવા તમને લાગશે—કે આ ચોપાટી પર ફરવા ન નીકળી શકે, તેમાં આસ્વાદના ગીવાય બીજું શું હશે? એક વખત, અમે બંને ફરવા ગયા હતાં. ફરવામાં, અમારી ગાયને માટે થોડું ઘાસ લાવવાનું હતું એટલુંજ. પાછા આવતાં, વરસાદે ભીંજાયાં; તરબોળ થઇને રસ્તે ચાલ્યાં. ને દિનમણિ—આજે એ વાત લખતાં, આંખમાં આંસુ આવે છે—એવી તો મોહક બંસી બજાવી રહ્યો હતો, કે મારું મન મારા હાથમાં ન રહ્યું. મેં ચારે તરફ નીલા છમ ડુંગર હતા; ને શ્રાવણનાં સાચા—ખોટા તડકો પણ ખીલી નીકળ્યો હતો. મેં. દોડીને તેના હાથમાંથી બંસી ઝુટાવી લીધી ને ગાલ પર હેતથી બે ચાર ટપલી લગાવી તેના મોંને સ્નેહનાં ચુંબનોથી ભીંજવી દીધું. એ વખતે દિનમણિ એવો કંઇક જેવો સ્તબ્ધ લાગ્યો હતો કે અમારા જીવનનો એ છેલ્લો સુખદ પ્રસંગ—હવે આજ એ

નથી ત્યારે—મારા હૃદયનો એક કસુંબલ રંગ આંખમાંથી ટપકાવે છે!

એ છેલ્લો સુખદ પ્રસંગ છે. દિનમણિ તે વખતે મેટ્રીકમાં હતો. ત્યાર પછી તે કોલેજમાં ગયો. અચાનક—એકાદ માસ પછી તાર આવ્યો તેમાં લખ્યું હતું કે દિનમણિ શહેરની હોસ્પીટલમાં છે, ને તેના સ્નાયુ પર 'ઓપરેશન' કરવું પડે તેમ છે.

હું ને મારાં સાસુજી, એકદમ ત્યાં ગયાં. ડોકટર બીચારો અત્યંત સુંદર માણસ હતો. 'ઓપરેશન'ની વાત નીકળતાં, મારી સાસુના તો રામજ રમી ગયા. ડોકટરે કહ્યું કે જો કોઇ પોતાનો સ્નાયુ આપે તો, દિનમણિના સ્નાયુનું ઓપરેશન ભારે ફત્તેહથી કરી શકાય. મારી સાસુ, એ વાત સાંભળીને ભડકી ગયાં, ને અમે બંને વીલે મોંએ ઘેર આવ્યાં!

મારું જ્ઞાન બહુ થોડું હતું. પણ પ્રેમ સમજી શકું એટલા સંસ્કાર તો પિતાએ અને પરમેશ્વરે આપ્યા હતા. જ્યારે, સાસુજી બપોરે નિદ્રા લેતાં હતાં, ત્યારે ડોકટર પાસે હાજર થઇ, મેં કહ્યું કે ચાલો દીનમણિ પર ઓપરેશન કરવું છે. ડોકટર તો તૈયારજ હતો. હવે માત્ર સવાલ એ હતો, કે કોઇ પોતાની પીંડીમાંથી સ્નાયુ કાઢી આપીને, દીનમણિને લંગડો થતો બચાવે?

મેં ડોકટરને કહ્યું કે મારો સ્નાયુ લઇ લો! દીનમણિ એ સાંભળીને રાડ પાડી ઉઠયો કે ડોકટર સાહેબ! મારે ઓપરેશન કરવુંજ નથી!

મેં દીનમણિને બહુ બહુ રીતે સમજાવ્યો ને છેવટે કહ્યું કે તમારે તમારી માનું માંસ લેવું છે કે સ્ત્રીનું લેવું છે? જો માં, અબ ઘડી પહોંચશે તો, તમારો ને મારો બંનેનો પ્રયાસ નકામો થઇ જશે. દિનમણિ અંતે કબુલ થયો.

ડોકટરે મને બેભાન બનાવી, પોતાને સ્નાયુનો ખપ હતો તે કાઢયો. હું પણ દિનમણિના પાસેજ ખાટલે પડી. જ્યારે મારાં સાસુજી મને શોધતાં આવ્યાં ત્યારે આ દૃશ્ય જોઇને ખોબે પાણીએ રોયાં: તે વારંવાર બોલ્યાં કે 'દીકરી! તું તો આ ગરીબ ઘરમાં, એક લક્ષ્મી સ્વરૂપ છે!

× × + ×

આ વાતને માત્ર થોડા માસજ વીત્યા. હું હવે લંગડી લંગડી ઘરમાં આંટા ફેરા મારું છું. ને દિનમણિ તંદુરસ્ત બની અહીં તહીં ફરે છે. પણ તે ડગલે ને પગલે, મારી સામે જોઇ, મારી નીમળ મનોપૂજા કરે છે. મારાં સાસુ, વૃદ્ધાવસ્થાને લીધે, ત્યાર પછી, થોડો સમય રહીનેજ મૃત્યુ પામ્યાં છે. ઘરમાં અમે બેજ માણસ છીએ. ને અમારો વ્યવહાર સંતોષથી ચાલ્યો જાય છે.

ત્યાર પછી અમારા ગામમાં, એક વખત ભયંકર તાવનો સપાટો આવી ગયો. તેમાં મારાં માતાપિતા પણ ખોવાયાં. સ્થિતિ એવી ભયંકર હતી કે, કેટલાકના ઘરમાં, તો કુટુંબનાં બધાં માણસ મૃત્યુ પામ્યાં હતાં, ને પાછળ નાનાં નાનાં છોકરાં ભુખથી, એક બીજાના મોં સામે વકાસીને બેઠાં રહ્યાં! એક બાઇનાં બધાં છોકરાં—એક પછી એક મરી ગયાં, ને પોતે ગાંડી થઇ નદીમાં ડુબી મરી! માણસ સાંજે વાતો કરતો હોય, ને સવારમાં વહેલો તો તેને સ્મશાન ભેગો કરવાનો હોય! તંદુરસ્ત માણસો પણ સાંજ પહેલાં, ભયથી, ઘેર પાછાં ફરતાં, કે એક રાત તો સૌની

'ઓળખે છે કે ભૂલી ગઇ?' તેણે ધીમેથી મને કહ્યું.

—મૃત્યુ પછી મળેલ દંપતી.

સાથે હળીમળી ગાળી લે! તે સમયજ વિચિત્ર હતો. ને દિનમણિ આ તાવના ઝપાટા- માં આવ્યો હતો. મેં ઘેરઘેર વૈદને ત્યાં વિધવિધ ઔષધો શોધ્યાં. જ્યારે ઘરમાંથી, રોકડ ખુટી, ત્યારે ઘરેણાં વેચીને ડૉક્ટર તેડાવ્યાઃ ને જ્યારે ઘરેણાં ખુટયાં, ત્યારે વાસણ વેચીને પણ ડૉક્ટરને સવાર સાંજ–ને આખી રાત હાજર રાખ્યો. પણ–એ બધા પ્રયત્ન વ્યર્થ ગયા.

સવારના પાંચ વાગ્યા હતા, ને મારા ઘરનો ઝાંખો દીવો, પવનમાં ‘ચાલતો હતો. રાત્રિ નિઃશબ્દ હતી. ને પડોશના ઘરમાં, ડૉક્ટરનાં નસકોરાં સંભળાતાં હતાં. દિનમણિએ તે વખતે અચાનક આંખ ઉઘાડી. ને મને પાસે આવવાની ઇસારત કરી. હું તેની પાસે ગઇ તેના મોં પર તેજ પથરાતું હતું. ને બધાં લક્ષણ જલ્દી આરામ થવાનાં હતાં. "તું હવે ડૉક્ટરને બોલાવવો મુકી દે." દિનમણિએ મને કહ્યુંઃ "મારે જવાનું છે એ વાત ચોક્કસ છે. પણ–" તેણે પોતાનાજ હાથથી, મારા આંખનાં આંસુ લુછ્યાં—"પણ હું તને પાછો મળીશ એ વાત પર વિશ્વાસ રાખજે—"

દિનમણિને એવા શબ્દો બોલતો સાંભળી- ને હું રડી પડી. હવે ‘મારું કોણ છે?’ એ વિચારથી મારું અંતઃકરણ ચીરાઇ ગયું.

પણ એ છેલ્લા શબ્દો સાથેજ, દિનમણિ- એ, મને ગીતા વાંચવા ઇસારત કરી; મેં તેમાંથી શાંતિથી બોલવાનું શરુ કર્યું:

अनादि मध्यांतमनंत वीर्यमनंत बाहुं शशिसूर्य नेत्रम्
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं स्वतेजसा
विश्वमिदं तपंतम् ॥
त्वमादिदेवः पुरुषः पुराणः त्वमस्य विश्वस्य पर
निधानम्
वेत्तासि वेद्यं च परं च धाम त्वया ततं विश्व
मनंतरूपम् ॥

હું જેમ જેમ બોલતી ગઇ, તેમ તેમ દિનમણિના મોં પર વધારે ને વધારે પ્રકાશ થવા લાગ્યો. છેલ્લે તેણે ન બોલવા ઇસારત કરી, ને બેઠા થઇને મારો હાથ ઝાલી લીધો. હું તેને ધીમેથી નીચે સુવરાવવા જતી હતી, ત્યાં ડૉક્ટરે પ્રવેશ કર્યો; તેણે દર્દીની નાડી હાથમાં લીધી, ને જાહેર કર્યું કે દિનમણિ મૃત્યુ પામ્યો છે.

* * *

ત્યાર પછીની મારી કરુણદશા વર્ણવવાની મારી ઇચ્છા નથી. મેં એને કરુણદશા કયારેએ માની નથી. મારી સંપૂર્ણ શ્રદ્ધા હતી, કે દિનમણિ મને પાછો મળવાનો છે. હું તો શ્રદ્ધાથી, સંયમથી ને સ્નેહથી એનું સ્મરણ જાળવી રહી હતી. એક રાત્રે–મારા માથામાં ભારે દુઃખાવો થયો હતો. ને પેલો લંગડો પગ તો જાણે કળીને તુટી પડશે એવું થતું હતું. બહાર ઘોર અંધારું હતું, અને ધીમાધીમા વરસાદથી, પૃથિવી ભીંજાએલી હતી. મારા ઘરમાં હું એકલી અનાથ પડી હતી. અને વરસાદનાં ટીપાં—અંદરના શબ્દ જેવાં રમ- ણીય લાગતાં હતાંઃ મારો જુવાન આત્મા– ભુતકાળના પડદા ચીરીને, દિનમણિ સાથેની એક સુખી રાત્રિનું સ્મરણ કરી રહ્યો હતો;. મનમાં હું ગણગણતી હતી : *

આજ મને સાંભરે એ રાત કે વાલમ
આવ્યાની વાત.

* * *

વરસે ધીમો ધીમો વરસાદ, કે નેવલે પાણીડાં
ઉભરાય.
ઘડી લાખેણી એક એક જાય, કે એનાં વીમાં
પગલાં સંભળાય—
એવો આવ્યો બંનેનો સુર, કે નેહ બન્યું
આતમ જીવન પુર.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૮૭]

* મૂળમાં આ કવિતા નથી. તેને યોગ્ય જાણી ઉમેરવામાં આવી છે.

પુત્રી વાત્સલ્ય

લેખક :
રા. શરદ્.

"—અરે ! અગ્નિ ! અરે ! જ્વાલા ! બચાવો પ્રભુ ! અગ્નિથી "
ઉંચે સાદે લવી લોકો ચિતાશું ગૃહ ત્યાગતા.

રાત્રિ હતી ભયભરી, શશિ ના ઉગ્યો'તો,
ને અંધકાર સઘળે જગ વીંટતો'તો;
જાગ્યા હતા અહીં તહીં શિશુ તારલા કો,
એ તોડવા જગતનો સુનકાર માત્ર.

પાન્થો તણી તહીં હતી ઉભી ધર્મશાળા,
ને તે હવાં પ્રજળતી બની અગ્નિ જ્વાળા;
ને ચીસ કારમી મુખે મહુ નીકળી તે,
એ વ્યોમમાં ઉડી જતી ભળી ધુમ્રગોટે.

ને સર્વ લોક જહીં એ ગૃહ ત્યાગતા'તા,
ત્યાં કોણ છે બળી જવા અહીં આ અહો આ ?
ખેંચે જનો ! પણ પતંગ સમો કુદીને !
મૃત્યુ મુખે જઈ પડે કુદી અગ્નિમાં શો ?

વેળા હૈ વહી ગઈ પણ તે ન આવે !
ને મૃત્યુને અધિક જીવનથી શું ચાહે !
જો ! જો ! પરંતુ તહીં દ્વાર મહીં ઉભો તે !
ઓ બાથમાં કુસુમ શી મૃદુ બાળકી છે !

હા, હા, જનો જીવન કાજ ઉતાવળા એ
ભુલ્યા હતા કળી મીઠી નીજ સ્વાર્થમાં એ!
કિંતુ પિતા ભુલી શક્યો નીજ બાળકી ના!
ઉગારવા કળી પડ્યો નીજ આગમાં આ!

જાણે જનો શું કળી એક ખીલે વસતે,
તેની સુગંધ કૈં એ તરુથી વધુ છે?
તેવાં અનેક તરુઓ કરમી જતાં છો!
એકે ન કિંતુ કળીને કરમાવજો હો!

કે'વો દીસે જનક ભવ્ય તહીં ચિતા એ!
શો બાળકી કર લઇ ભડકે વધે એ!
આકાશ અગ્નિ! વળી ચાર દિશાય અગ્નિ!
—તેવો ઉભો ઘડીક એ ગૃહ દ્વાર માંહી.

થોડીક વાર વધુ ને—! કુદી આવશે એ!
થોડીક વાર વધુ!—ને બચશેજ એ એ!
જો! આ કુદ્યો!—પણ તહીં ગૃહમોભ તુટ્યો!
ને ચિત્ર ભવ્ય લઇ અગ્નિ મહીંજ ડુબ્યો!......

* * *

જનો એવું કહે છે કે બાળકો—પ્રભુ-બાળકી,
ઉભાં'તાં ચિત્ર જોવા જે—તેણે દશ્ય દીઠું પછી;
તારા જરાક થોભ્યા ને પુષ્પ વૃષ્ટિ ઝીણી થઇ,
નાવડું સ્વર્ગથી આવી સ્વર્ગ માર્ગે ગયું ઉડી.



ઠપકાને પાત્ર*

એક અંકી પ્રહસન

લેખક:

રા. ર. પ. મહેતા

ચિત્રકાર:

રા. છોટાલાલ જોશી

—o—

પાત્રો

ઇશ્વરદત્ત...	એક ધનાઢ્ય શેઠ.
કુશળ	ઇશ્વરદત્તનો પુત્ર.
શિવશંકર...	ઇશ્વરદત્તની ઇસ્ટેટના કારભારી અને કુશળના ગુરુ.
હીરીઓ...	નોકર.
ભીખી	નોકરડી.
મધુરી	અનાથ બાળા.

પ્રવેશ ૧ લો

શિવશંકરનું અભ્યાસગૃહ. બીજા ઓરડામાં જવા માટે બંને બાજુ પર દ્વારો; પાછળ એક દ્વાર ઉદ્યાનમાં પડે છે; ત્રીજું દ્વાર ઘરમાં અંદર પડે છે. પૃથિવીનો ગોળો, નકશા તથા પુસ્તકો આમતેમ પડેલાં છે.

હીરીઓ પૃથિવીનો ગોળો આમતેમ ફેરવતો દેખાય છે.

હીરીઓ

અગાધ મહેનત કરતાં પણ હું બુદ્ધિશાળી બની શકું એમ નથી. શિવશંકરની માફક મારા યુવાન્ શેઠ કુશળ આમતેમ ગોળો ફેરવે છે. હું પણ તેમજ ફેરવું છું; સંસ્કૃત અને અંગ્રેજી ચોપડામાં પણ માથું મારી જોઉં છું; પણ બધુંએ નિરર્થક. કદાચ શિવશંકરનું કહેવું ખરું હશે. કોઇ યુવતિને આ ઘરમાં જોવાને તે તીરસ્કારે છે; કારણ રખેને કુશળ તેને જોઇ પ્યારમાં પડી અભ્યાસ છોડી દે. જેટલું સંસ્કૃત મારા ગજવામાં છે, [ગજવામાંથી એક મોટી સંસ્કૃત ચોપડી બહાર કાઢી દેખાડે છે] તેટલું મારા મગજમાં ભરવામાં આવે તો તે બધુંએ

*જેનપ્રકાના 'સ્ટેપનેટ' ઉપરથી—લેખક.

મારી મીઠી ભીખીના માત્ર એકજ વિચારે ખાલી થઇ જાય.

ઉદ્યાનમાંથી ભીખી આવે છે.

ભીખી

હીરીઆ, હીરીઆ!

હીરીઓ

કોણ? મારી ભીખી? અંદર આવ.

ભીખી

હીરીઆ, બીક લાગે છે.

હીરીઓ

અત્યારે તો બીવા જેવું કૈં નથી.

ભીખી

માસ્તર શિવશંકર ક્યાં છે?

હીરીઓ

શિવશંકર સાહેબ તો બહાર ફરવા ગયા છે.

ભીખી

ને પેલા પુલ તરફ જાય તો સારું!

હીરીઓ

કેમ?

ભીખી

કારણ કે પેલે દિવસે તે પુલ તરફ ફરવા ગએલા ત્યારે, તે કોઇ પ્રશ્ન ઉકેલવામાં એટલા નિમગ્ન થઇ ગયા હતા કે, તે ઉપરથી નાળામાં નીચે સરક્યા. હીરીઆ હું જો તારી જગ્યાએ હોત, તો તે આપણા લગ્નની સંમતિ નહીં આપે ત્યાં સુધી, બહાર નહીં કાઢતે, અને કયામતના દિન સુધી અંદરજ રહેવા દેત.

હીરીઓ

ભીખી! ભીખી! તું શિવશંકરને ધીક્કારે છે?

ભીખી

હા, તે મને કેમ ધીક્કારે છે?

હીરીઓ

તનેજ નહીં પણ કોઇપણ યુવતિને આ ઘરમાં કે આસપાસ હોવા માટે તે ધીક્કારે છે.

ભીખી

શા માટે? શું હું ઠપકાપાત્ર છું? હું યુવતિ છું તે કૈં મારો દોષ છે? અહા! તે મને પોતાના અભ્યાસગૃહમાં જુવે તો કેવી મઝા આવે!

હીરીઓ

હા, આવે ખરી, એ વિચાર માત્ર મને ગભરાવે છે, માટે ભીખી બહેતર છે કે તું..

ભીખી

નહીં, નહીં! મને કૈં એની પરવા નથી. એ મને કૈં કહે તો હું એને બરાબર જવાબ આપું. આપણા મોટા શેઠ અહીં આવવાના છે, તેની સંમતિથી આપણે લગ્ન કરીશું. એ માસ્તરને કોણ પુછે છે?

હીરીઓ

નહીં, નહીં! આપણે તો એની મહેરબાની પણ મેળવવી જોઇએ. કારણ કે એ માસ્તર તેમજ કારભારી પણ છે. અને જો...

ભીખી

આપણને નોકરીમાંથી કાઢી મુકે? કાઢી મુકવા દે. મને તો જ્યાં ત્યાં નોકરી મળે છે. મારા સગા સારી સારી જગ્યાએ છે. કાઢી મુકે? કાલે કાઢી મુકતા હોય તો આજે કાઢે. એમ થાય તો આપણે ગમે ત્યારે પરણી શકીએ. લોકો પરણે તે એને નહીં ગમે? એટલે એ શું સમજે? એનાં માબાપ પણ એજ વિચારનાં હોત, તો આપણે પજવવા એ આ દુનીઆમાં નહીં હોત.

હીરીઓ

શિવશંકર કર્કશ અને ઉગ્ર સ્વભાવના છે ખરા, પણ એકંદરે અતીવ માયાળુ છે. આપણા યુવાન્ શેઠના સ્વાર્થ માટે કોઇ પણ દુઃખ એ સહન કરી લે.

ભીખી

બીચારો યુવક! કેટલો દીલગીર રહે છે? ને એ માસ્તર તો એને ચાર વરસનું બાળક સમજી, ચોવીસ વરસના કુશળ પર દેખરેખ અને કાળજી રાખે છે. પણ એનું પરિણામ સારું આવવાનું નથી. મારું ધારવું છે કે શિક્ષકને ચીડવવાનું કુશળ શેઠ કૈં કરશે; અને એ ડોસો કૈં ટપકામાં......

હીરીઓ

ભીખી! એનું ભલું યાદ. કોઇ દિવસ એ ખુશમીજાજમાં આવે ત્યાં સુધી આપણે થોભીશું. પછી કદાચ.........

ભીખી

ત્યાં સુધી થોભીએ! તો તારે લગ્ન માટે ઘરેણાં ઘડાવવાની જરૂર નથી. ચાલ હું તો જઈશ.

હીરીઓ

અહા, જા, જા. કારણ કે હું તેને ગુસ્સે નહીં કરું. અને ઓ પ્રભુ! એ આપણને અહીં સાથે જુએ તો! વારું, ભીખી આવજે!

ભીખી

ચાલ ત્યારે હું તો જાઉં. [આમતેમ ફરતાં.]

હીરીઓ

તારા કોમળ હૃદયને આરામ હો! ચુંબન કરે છે.



તું જન્મ્યો ત્યારનો હું શું તારો માર્ગદર્શક, રક્ષક અને મિત્ર નથી?

હાથમાં ચોપડી સહિત શિવશંકર ઉદ્યાનમાંથી પ્રવેશ કરે છે.

શિવશંકર

હું શું જોઉં છું? મારી આંખ આગળ! મારા અભ્યાસ ગૃહમાં? વિદ્યા અને કળાના પવિત્ર ધામમાં?

ભીખી

જો અહીં કદી કૈં ખરાબ શીખવવામાં આવ્યું નહીં હોય———

શિવશંકર

(માથે હાથ દઇ) તું એનું શું પ્રાયશ્ચિત્ત કરીશ?

ભીખી

પ્રાયશ્ચિત્ત? પ્રાયશ્ચિત્ત કરવા જેવું મેં કૈં કીધું નથી.

શિવશંકર

કૈં નહીં! શું તું એને કૈં નહીં કહે? મેં જોયું નહીં! સાંભળ્યું નહીં? કૈં નહીં! "વિરમ, વિરમ!" અહા, પણ તમે સંસ્કૃત સમજતાં નથી.

ભીખી

સંસ્કૃત કે અંગ્રેજી કૈં નહીં! અને તમારા લવારા પણ મારે મન તો સંસ્કૃત છે. શું જોયું? શું સાંભળ્યું? છુટાં પડતાં હીરીઆએ "રામ, રામ!" કીધા તે સાંભળ્યા?

શિવશંકર

હું ભાષાશાસ્ત્રી છું; અને સત્તર ભાષા જાણું છું. પણ એમાંની કોઇ પણ ભાષામાં

તમારા "રામ, રામ!" નો અર્થ નથી.

ભીખી

અને તમારા જેવા વિદ્વાનની વિદ્વતા માટે હું સત્તર કુટી બદામ નહીં આપું. તમારા સત્તર ભાષાના જ્ઞાન છતાં તમે વાત કરવા માટે નાલાયક છો.

શિવશંકર

બીચારા યુવકની આસપાસ કેવા સંજોગો, તોફાન? સાપણ જેવી સ્ત્રી? આહ! એ દુર્ભાગી યુવકની મને દયા આવે છે.

ભીખી

એવું દુર્ભાગ્ય તમને આવે તેમ નથી.

શિવશંકર

પણ એને માટે હું ઠપકાપાત્ર છું. નિર્દોષ અને શંકારહિત યુવકને ભોળવી ભુરકી નાખનાર જાતિને અહીં આવવા દેવીજ નહીં જોઇતી હતી. મારા શિષ્ય કુશળે જો આ દૃશ્ય જોયું હોત તો તેના મગજમાં......પણ હજી તેને બચાવી લેવા સમય છે. આવતી કાલે સવારે તમારે આ ઘર છોડી જવું પડશે.

ભીખી

મી. પોપટબોલા! નહી તમે એટલા નિર્દય નહીં બની શકો.

શિવશંકર

નહીં મારા કહ્યા મુજબજ થશે.

ભીખી

મેં કૈં નુકસાન કર્યું નથી અને કરવા ઇરાદો પણ નહીં હતો. હીરીઓ મારી સાથે પ્યારમાં છે, તેમાં કૈં મારો અપરાધ નથી. એ એની મેળેજ મારા પ્યારમાં પડયો છે. ખચીત એની મેળેજ......

શિવશંકર

પ્યાર! (આમ તેમ ધાસ્તીથી જોતાં) ચુપ! કદાચ કુશળ આ ભયંકર શબ્દ સાંભળે તો...ચાલ! જાવ! દૂર થાવ!

ભીખી

(આંસુ ઉભરાતે) અરે! પ્રભુ! ભલા, માયાળુ શિવશંકર સાહેબ! આટલી વાર માફ કરો! એક ગરીબ નિરાધાર છોકરીને દુનીઆમાંથી હાંકી કાઢવાનું કામ તો નિશ્ચિંત હૃદયે નહીં કરી શકો. હેં! કાઢી મુકશો?

શિવશંકર

આ સામાન્ય લાગણીથી હું નિર્બલ નહીં બનું, પ્રથમ કર્તવ્ય. કર્તવ્ય પાલનમાં હું બ્રુટસ જેવો રહીશ.

ભીખી

તે પણ તમારા જેવો પાષાણ હૃદયનો હોય તો ભલે તેને તેવો કહો. પણ મને માફ કરો.

શિવશંકર

નહીં?

ભીખી

નહીં? ત્યારે હું તમને કહું? હું મરતાં મરતાં પણ કરીશ. તમારી ગંભીર મુખમુદ્રા છતાં, હું કહું તે તમે તમારા પાડોસી કરતાં કૈં સારા નથી. હું જાણું છું કે તમે નથી. આખો દિવસ તમારા પર નજર રાખી તમારી હીલચાલ જોયા કરીશ. જરુર હું એમ કરીશ. પછી કદાપિ જો તમને મારી સમજ મુજબના કોઇને "રામ, રામ!" કરતાં જોઇશ, તો તમે મહા સંકટમાં આવી પડશો. જરુરી પ્રસંગે મને પણ તમારા જેવી પાષાણ હૃદયની જોશો.

(જાય છે)

શિવશંકર

નાની સાપણ! તેની વીનંતીએ લગભગ મને...નહીં પણ મારે સખ્ત થવું જોઇએ. હું ભય જોઉં છું; અને આ નુકશાનકારક પ્રાણીઓની જાળમાંથી મારા શિષ્યને બચાવી લેવો જોઇએ. બીચારો કુશળ! નિર્દોષ છે?

પ્રેમની સળગાવનારી શક્તિની એને ખબર નથી. મારા વર્તનનાં ઉદાહરણ અને મારા શિક્ષણે એનું મન એટલું દૃઢ બનાવ્યું છે કે, આ મૂર્ખ કોમળ લાગણીની અસર એના પર નહીં થાય. ધન્ય છે મને! દુનીઆના આનંદ, એશઆરામ અને દુઃખના પ્રતિ, નીરતિ બેદરકાર બની, એ પોતાની જીંદગી હવે પીલગ્રીમ માફક ગાળી શકે એમ છે. મારો વહાલો શિષ્ય!

ભયભીત બનેલો કુશળ પ્રવેશ કરે છે.

કુશળ

વહાલા ગુરુજી! તમે પાછા આવ્યા માટે હું રાજી છું.

શિવશંકર

તારો ઉત્સાહ મને આનંદિત બનાવે છે. આવ આજે સોફોકલીસ વાંચીશું?

કુશળ

એ નહીં, સાહેબ! પણ......

શિવશંકર

અહા, આપણે કોઇ કોઇ વાર થોડું કામ કરી રજા ભોગવવી જોઇએ. ચાલ, ત્યારે આપણે યુકલીડનું કૃત્ય કાઢી તેનો નિર્ણય કરવામાં આનંદ કરીએ.

કુશળ

ભ્રાંતિમાં પડે એ યુકલીડ... મને ઘણી વાર ભ્રાંતિમાં પાડ્યો છે. નહીં સાહેબ! ટુંકમા હું મહા આફતમાં સપડાયો છું.

શિવશંકર

આફતમાં? તું મને ગભરાવી મુકે છે? મારા વહાલા છોકરા, મારા વહાલા બાળક! તને શું થયું છે?

કુશળ

મારા બાપા આવે છે; દોડતે ઘોડે સાંજ પહેલાં અહીં આવી પહોંચવાના. મારે હવે મરણ શીવાય અન્ય છુટકવારો નથી.

શિવશંકર

દયા, દયા, પ્રભુ! છુટકવારો નહીં? માત્ર...તારા પિતાની ગેરહાજરી દરમ્યાનનાં તારાં સર્વ કૃત્ય માટે હું જવાબદાર છું. તે આવે ત્યાં સુધી થોભ પછી .....

કુશળ

નહીં, મેં તો દૃઢ નિશ્ચય કીધો છે; અને હવે વિચાર કરવા વખત નથી. બાબત જરુરી છે.

શિવશંકર

ને હજી એણે અર્ધી વિદ્વત્તા પ્રાપ્ત નથી કરી. [ભેટી પડે છે.] કુશળ! મારા વહાલા બાળક શાંત થા. હું કોણ છું? તું જન્મ્યો ત્યારનો હું શું તારો માર્ગદર્શક, રક્ષક અને મિત્ર નથી? તું જાણે છે કે હું તને ચાહું છું; તારે માટે... દુનીઆમાં કોઇ પણ કામ કરવા તૈયાર છું. તને શું દુઃખ છે તે મને કહે.

કુશળ

બાપાને તમે કહી દો; અને મરણ કરતાં પણ તેની અવકૃપાની મને વધારે બીક લાગે છે.

શિવશંકર

નહીં કહું. કદાપિ નહીં. ચાલ બોલ.

કુશળ

સોગન.

શિવશંકર

સોગન? હું કદાપી લેતો નથી.

કુશળ

આજ પળે સોગન લો નહીં તો......

શિવશંકર

સબુર! તારો ભય મારામાં અસલના રજપુતની ભક્તિ ઉત્પન્ન કરે છે.. ઇશ્વર સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે તારી વાત કોઇને નહીં કહું.

કુશળ

બસ, હવે મને વિશ્વાસ છે. (મનમાં) હજી એને બધી વાત જણાવવા મારી હીંમત નથી. (શિવશંકરને) હું પ્યારમાં છું.

શિવશંકર

અરે પ્રભુ! પ્યારમાં? આ પ્લેગ તો આખા ઘરમાં ચાલતો દેખું. હીરીઓ અને બીબી......અને તમારું શું! આટલી વયમાં—હજી ચોવીસ વરસ તો તને હમણાં પુરા થયાં. વાત મનાય એવી નથી.

કુશળ

સાહેબ, મારું કહેવું સાંભળો તો ખરા.

શિવશંકર

પ્યારમાં! બનેજ નહીં. સંસ્કૃત, અંગ્રેજી, ગ્રીક, લેટીન અને ગણિત તો એને જિહ્વાગ્રે છે. મારી આશાનું આ છેવટ. તને હું ફીલસુફ બનાવવા ધારતો; એરીસ્ટોટલ અને આર્કીમીસના કીર્તિશાળી નામ સાથે તારું નામ ગણાવા ધારતો. પ્રેમે શું કર્ણનો ચોરસ શોધી કાઢ્યો? પ્રેમે......

કુશળ

હું પ્રેમમાં છું એટલું કહેતાંજ તમે આટલા નાખુશ થાવ છો તો બધું કહું તો .... બાપા આવી પહોંચ્યા. (મનમાં) મારી મધુરીને ક્યાં છુપાવીશ?

શિવશંકર

સ્વસ્થ થા. આપણો લોભ તેણે જાણવો નહીં જોઈએ.

કુશળ

તમારું વચન પાળજો નહીં તો......

શિવશંકર

મારા વહાલા છોકરા હું તને આફતમાં નહીં નાખું......

વૃદ્ધ ઇશ્વરદત્ત અને પાછળથી હીરીઓ પ્રવેશ કરે છે.

ઇશ્વરદત્ત

કુશળ! મારા બેટા તને જોઇ હું ખુશ છું. મી. શિવશંકર...મારા કીમતી મિત્ર! લાવો તમારો હાથ (શેકહેન્ડ કરે છે.) આટલો જલદી આવીશ એમ તમે નહીં ધારેલું!

શિવશંકર

અમે ધારતા હતા કે છેલ્લા અઠવાડીઆ પહેલાં તમે નહીં આવશો.

ઇશ્વરદત્ત

તમે આવતું અઠવાડીયું કહેવા માગો છો! મારી ગેરહાજરીમાં કેવી વ્યવસ્થા રાખો છો, તે જાણવા માટે મેં તમારી અણધારી મુલાકાત લીધી. પણ ખરેખર એ શ્રમ મેં વ્યર્થ લીધો. મી. શિવશંકર! નોકરો પર તમારી દેખરેખ છે; અને તેમનાં કૃત્યો માટે જવાબદાર છો.

હીરીઓ

(શિવશંકરને) મારી ને બીબીની વાત નહીં કરતા.

ઇશ્વરદત્ત

મારો છોકરો કુશળ તમારી તપાસ અને સંભાળ......

કુશળ

(શિવશંકર) યાદ રાખજો.

ઇશ્વરદત્ત

કુશળ છે. તમારાં જ્ઞાન, ડહાપણ અને કાળજી પર મને એટલો સંપૂર્ણ વિશ્વાસ છે કે, હું ધારું છું કે, મારી ગેરહાજરી દરમ્યાનનાં તેમનાં કોઇપણ કૃત્ય વીશે તમારે ફરીઆદ કરવાની ન હોય.

શિવશંકર

હા. નહીં, બીલકુલ નહીં.

ઇશ્વરદત્ત

વારુ કુશળ! મારા આગમનથી તારા અભ્યાસમાં કંઈ ખલલ ન આવવી જોઇએ.

વાળુ કરવાના સમય સુધી તું જા તારા ખંડમાં. મી. શિવશંકર! મારે તમને એક અગત્યની વાત જણાવવાની છે. હીરીઆ! રસોયાને જલદી રાંધવાનું કહે. વાળુ કર્યા પછી મારા અભ્યાસ-ગૃહમાં બત્તી મુકજે. મારે ત્યાં કલાકેક કામ છે.

કુશળ

ઉદ્યાનને છેડે તંબુમાં? (હીરીઆને જતાં અટકાવે છે.)

ઇશ્વરદત્ત

મારું બીજું અભ્યાસગૃહ નથી.

કુશળ

આજે રાત્રે તમે ત્યાં નહીં જાવ તો સારું. ત્યાં ભેજ અને...

ઇશ્વરદત્ત

ભેજ? નોન-સન્સ! હીરીઆ! હું કહું છું તેમ કર.

કુશળ

(મનમાં) મેં તેને ત્યાં છુપાવી છે. મારે હવે એક પણ પળ ગુમાવવી ન જોઇએ.

[જાય છે.]

હીરીઓ

(શિવશંકરને ધીમેથી) બીચારી બીખી પર દયા રાખજો અને માફ કરજો.

શિવશંકર

(વિચારગ્રસ્ત) નહીં. બીખી, હીરીઆ દંડા. જા......

હીરીઓ

ઠીક, સાહેબ! તમારો ઉપકાર માનું છું. ફરીથી એમ નહીં બને. [જાય છે.]

ઇશ્વરદત્ત

આ બધાનો શું અર્થ? મી. શિવશંકર! અહીં શું બનવા પામ્યું છે? ગભરાટ અને અન્યોઅન્યના કાનમાં બરબડાટ! ખચીત, મારા અણધાર્યા આગમનથી તમને કૈં અડચણ તો નથી થઇ? મારા આવવાથી તમને આનંદ થશે એમ હું તો ધારતો હતો પણ આ હાથ હાથ લાંબાં તમારાં મુખ શાં?

મારી ભેદલી મુસાફરીનો હેતુ હું તમને કહું.

શિવશંકર

અસાધારણ લાંબા. અસાધારણ લાંબા.

ઇશ્વરદત્ત

હું જોઉં છું. ફીલસુફ એકાદ વિચાર મૂર્છાવસ્થામાં છે. (મોટેથી) પણ કુશળ કેમ દબાઇ દબાઇને બોલે છે? મને કૈં સમજાતું નથી. તમારી અવકૃપા થાય એવું કૈં કામ કીધું છે?

શિવશંકર

(મનમાં) મારાથી એને કહેવાય નહીં. (મોટેથી) નહીં, નજીવું.

ઇશ્વરદત્ત

તેના પ્રતિ સખ્ત વર્તન રાખવામાં તમે

કદાપણ વાપરો છો. એ એની ઉંમરે પહોંચ્યો છે કે એના પર બારીકમાં બારીક દેખરેખ રાખવી આવશ્યક છે. મી. શિવશંકર! તમારા ઉદાહરણથી એનું ચારિત્ર્ય ઘડાયું છે; અને તમારી કાળજીથી એવુંજ કાયમ રહેશે.

શિવશંકર

નહીં, નહીં. એટલી પ્રશંસાને હું પાત્ર નથી.

ઈશ્વરદત્ત

મારી છેલ્લી મુસાફરીનો હેતુ હું તમને કહું. મારા દીકરાના લગ્નની વ્યવસ્થા કરવા બહાર ગયો હતો.

શિવશંકર

એનાં લગ્ન?

ઈશ્વરદત્ત

તમારા વિરોધની મે આશા રાખી હતી. પણ તેનો પ્રત્યુત્તર આપું.

શિવશંકર

મારો વિરોધ નથી. (મનમાં) ઇચ્છાનુસારજ છે. કુશળ પ્યારમાં છે; એટલે લગ્ન ખરી તકે આવી પહોંચ્યાં.

ઈશ્વરદત્ત

જરા વિરોધ નહીં? કેમ! અત્યારસુધી તો તમે એમ કહેતા હતા કે માણસે સાઠ વરસ પહેલાં નહીં પરણવું જોઈએ. એટલે વિદ્યાભ્યાસ પૂર્ણ કરી દુનીઆદારીની થોડીક ખટપટ જાણ્યા પછી.

શિવશંકર

તમે સહેજ ભુલ કરો છો. હું હંમેશા એમ કહેતો અર્થાત્ કહેવા માગતો કે ચોવીસ વરસ પહેલાં.

ઈશ્વરદત્ત

ઠીક, હું રાજી છું, કે તમારો એ અભિપ્રાય છે. હું પણ તમારા મતનો છું કે બાલ્યાવસ્થામાં કોઈનું—પણ લગ્ન નહીં થવાં જોઈએ, છતાં હું તો સાઠે વરસે પરણવાનું એમ ધારતો.

શિવશંકર

હા, હા. બરાબર છે. (મનમાં) મને કેટલી શાંતિ થઈ? મારો વહાલો છોકરો આ સાંભળીને કેટલો રાજી થશે?

ઈશ્વરદત્ત

આવતા અઠવાડીઆમાં હું કુશળને શહેરમાં લઈ જઈશ; ત્યાં તે યુવતિને જોશે; તેની ઇચ્છા પર હું કાબુ મુકવા માગતો નથી; પણ જો તેઓ એકબીજાને ચહાશે તો લગ્ન કરવામાં આવશે.

શિવશંકર

(મનમાં) ચહાશે? મારા વહાલા સાહેબ! મને તો ક્યારનુંએ કહેવા મન છે કે ચાહે છે. પણ મારી પ્રતિજ્ઞા?

ઈશ્વરદત્ત

મી. શિવશંકર! ચાલો રસોડામાં, ત્યાં વધુ વાત કરીશું. મારા છોકરા બારેની તમારી સંભાળનો હું કોઈ પણ રીતે બદલો વાળી શકું એમ નથી. મારા વહાલા મિત્ર! ખરેખર તમારા દાખલાથીજ તેનું ચારિત્ર ઘડાયું છે. તેના સદ્ગુણો માટે તે તમારો આભારી છે. કદાચ જો કોઈ દુર્ગુણ તેનામાં હોય, તો તેને માટે પણ તમે જવાબદાર છો; કારણ કે એ તમારી તદ્દન સંભાળ હેઠળ છે. એટલે એના દુર્ગુણ માટે હું એને નહીં પણ તમનેજ ઠપકો આપું. (જાય છે.)

શિવશંકર

વાત કેટલી ભાગ્યશાળી નીવડી. તે પ્યારમાં છે, એટલે સ્વાભાવિક એને પરણવું છે. પણ હજી એણે મને જણાવ્યું નથી કે તે

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૯૧]



એવન ઉપરનો વોરીક કીલ્લાનો ઝરૂખો

એક અંગ્રેજી તીર્થયાત્રા

લેખક:

અ. કાંતિલાલ છગનલાલ પંડ્યા

[અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૧૨ થી]

૪. વોરીક

કેનીલવર્થથી ૨ ૧૦ એ બસમાં ઉપડ્યા બસમાં બેસવાની જગ્યા નહોતી એટલે કેટલાક માણસોની સાથે અમારેએ ઉભા રહેવું પડ્યું; પણ રસ્તો મનોહર હતો, અને કેનીલવર્થનાં ગામડાંમાં પસાર થઇ પાછા લીલોતરીવાળા પ્રદેશમાં નીકળી પડ્યો ૨ ૩૫ એ લેમીંગટન શહેરના સરીઆમ રસ્તામાં બસ ઉભી રહી. આ શહેર "લેમીંગટન સ્પા"ના નામથી જાણીતું છે અહીંના ગંધકના પાણીના ઝરાઓ લગભગ સવાસો વર્ષ થયા મશહુર છે, ને તેનાથી આકર્ષાઇ ઘણા માણસો આવે છે શહેર વસ્તીમાં નડીઆદ જેવડું હશે, પરંતુ ઘણુ વધારે સુઘડ ને સારુ છે.

પણ ત્યાથી અમને તરત ટ્રામ મળી

એટલે ત્યાં રોકાવાની જરુર નહોતી. ટ્રામમાં બેસી ત્રણ વાગે વોરીક શહેરના ઢાળવાળા રસ્તા ઉપર ઉતર્યાં. નાસ્તો બીલકુલ કર્યો નહોતો, પણ પાસેના ઉપહારગૃહોવાળાઓએ કહ્યું કે કોલસાની હડતાલને લીધે ગેસનો ઉપયોગ પણ મર્યાદામાં આવી ગયો છે, એટલે ચા વગેરે ચાર વાગ્યા પહેલાં મળી નહીં શકે. વોરીકનો પ્રખ્યાત કીલ્લો અમારે જોવો હતો, તે પાસે હતો, એટલે ત્યાં ગયા, ને એની સામેજ એક ઉપહારગૃહ હતું ત્યાં જઇ, એ ચલાવનારી ડોસીને અમારી "બેગ" સોંપી, કીલ્લો જોવા ઉપડયા.

કીલ્લો જોવાની ફી હોય છે, અને તે માણસ દીઠ બે શીલીંગજ. દરવાનની આગળ થઇ દરવાજામાં પેઠા કે જમણા હાથ ઉપરના એક ઓરડામાં "વોરીક કેસલ" નાં જુદાં જુદાં ચિત્રો, ચિત્રકાર્ડો, પુસ્તકો વગેરેની દુકાન દીઠી. ત્યાં જવાનું મુલતવી રાખી જોવા આગળ વધ્યા કે ખડકોમાંથી કાપી કાઢેલો જુનાગઢના ઉપરકોટના જેવો-લગભગ સોએક વાર લાંબો રસ્તો દીઠો. પણ તે કેવો સુંદર હતો! બધી પાસ વેલાઓ, રોપાઓ ને વૃક્ષોની લીલોતરીથી જાણે એક ક્ષણમાં અમે જાદુ-ભર્યું સ્થાનાંતર અનુભવ્યું; બહાર તાપ હતો; શહેરની ધમાલ હતી; ધરો, ગાડીઓ હતાં, અહીં એક ક્ષણમાં સુંદર શીતળ શાંત છાયા-વાળા માર્ગમાં આવી પહોંચ્યા. જ્યાં ચારે તરફ વનદેવીની લક્ષ્મી અમારી ઉપર પ્રસન્ન નેત્રથી નીરખી રહી હતી. રસ્તો સીધો નહોનો; ફરતે ફરતે જરા ખુલ્લામાં આવ્યા. વીશાળ ઉદ્યાનના પુષ્કળ માર્ગો, કુંજવનોના રસ્તા દીઠા. ત્યાં દોડીને જવાની પહેલી આતુર ઉર્મિને "Private" (ખાનગી) એ એકજ શબ્દધારી પાટીઆએ અમને રોકયા. ઓહો એ ચોકીદારે અમારી કેટલી બધી મઝા કેટલે બધે સ્થળે હરી લીધી! એવામાં કીલ્લાનાં બે ટાવરો, વચ્ચેનો દરવાજો, ને "Drawbridge" (ઉપાડી લેઇ શકાય તેવો પુલ) નજરે પડયાં. બાગમાં ફરવાનું અમારે માટે નહોતું, એટલે એ દરવાજા તરફજ વળવું પડયું. એટલામાં અંદરથી બે ત્રણ મોટી "શેરેબેંક" મોટરો, તથા એની પાછળ પુષ્કળ માણસોનું ટોળું નીકળતું મળ્યું. અમેરીકન ને કેનેડીઅન મુસાફરોની મંડળી હતી. બબ્બે શીલીંગ લેખે કેટલી આવક ટુંકા વખતમાં થઇ હશે એ વિચાર આવ્યા વિના રહ્યો નહીં. અમારા જમણા હાથ ઉપર જે હતું તેને "ગ્યુઝ ટાવર" કહે છે, ને ડાબા હાથ ઉપરનાને "સીઝરનું ટાવર."

આ ટાવરો ઉપરથી દેખાવ ઘણો સરસ દેખાતો હશે, કારણકે પહેલાંની ઉંચાઇ ૧૨૮ ફુટની ને બીજાની ૧૪૮ ફુટની છે. પરંતુ અમને ત્યાં ચઢવાનો વખત રહ્યો નહીં. ગ્યુઝનું ટાવર સન ૧૩૯૪ માં બાંધેલું, ને સીઝરનું એનાથીએ ૨૫-૫૦ વર્ષ પહેલાં બાંધેલું. સીઝરનું ટાવર અસલની લડાઇઓની દૃષ્ટિથી બહુ મજબુત, ચાતુર્યવાળું ને લગભગ અભેદ્ય કહીએ તેવું ગણાય છે. દરવાજો પણ ચૌદમી સદીનો. પહેલાં ત્યાં ખાઇ ને ખાઇ ઉપરથી ઉપાડી લેવાય એવો પુલ હતો. આ બંને ટાવરો ને દરવાજો એ બારીકાઇથી નીહાળ્યાં હોય તો નોરમન કાળની લડાઇઓ-નાં તથા કીલ્લાઓનાં ઘણાં વર્ણનો બરોબર સમજાય.

દરવાજામાંથી એક મોટા સરસ લીલોતરી-વાળા ચોગાનમાં નીકળ્યા. ડાબી બાજુએ મુળ કીલ્લાનાં વાસગૃહો હતાં. બીજી બાજુએ

દીવાલો હતી. મને ત્યાં કીલ્લાની માલેક લેડી વેરીક બતાવવામાં આવી. તે કેટલાક અમેરીકન મુસાફરો સાથે વાત કરતી ઉભી હતી. પ્રૌઢ ઉમર, તદ્દન "up-to-date" (છેલ્લામાં છેલ્લી ઢબનો) પોશાક, અમીરી આકૃતિ–એટલું દેખ્યું.

એમ કહેવાય છે કે રોમન લોકો ઇંગ્લંડનું રાજ્ય કરતા હતા તે વખતેએ અહીં એક કીલ્લો હતો, ને મહાન્ આલ્ફ્રેડની પુત્રી ઇથલ ફ્લેડાએ સન ૯૧૫ માં અહીં કૈંક ભાગ બંધાવ્યો હતો. કોન્કરરના કાળમાં વેરીકના અર્લે એને વધાર્યો, પરંતુ અત્યારનું મકાન તેરમા ચૌદમા શતકથી વધારે પુરાણું નહીં હોય એમ કહે છે. ઇગ્લંડના જુદાજુદા રાજ્યકર્તાઓ તથા અમીરોના ઐતિહાસિક સંબંધનાં ઘણાં સંસ્મરણો છે; ઇગ્લંડના ઇતિહાસમાં વેરીકના અમીરોએ બહુ મોટો ભાગ લીધો છે. રીચર્ડ નેવીલ તો "કીંગ–મેકર" રાજા બનાવનારના નામથી, વિખ્યાત થઇ ગયો છે. સત્તરમાં સૈકામાં આ કીલ્લાનો ફરી જીર્ણોદ્ધાર થયો, અને તે પછીથી એ સારી હાલતમાંજ રહ્યો છે.

કીલ્લો બતાવનાર "કમીશ્નર" અમારી પચીસેક માણસોની મંડળીને લઇ ગયો. પહેલાં "Chapel Passage" (ચેપલ પેસેજ) માં ગયા. એકલાંબી નળી, બંને બાજુએ સુંદર ચિત્રો ટાંગેલાં, ને તેમાંથી એક તરફ જતાં દેવાલયમાં જવાય, ને બીજી તરફ મહેલના મુખ્ય હૉલમાં જવાય. છબીઓમાં રેનોલ્ડે ચીતરેલી 'મીસીસ સીડન્સ"ની છબી ખાસ આકર્ષક હતી. પછીથી દેવાલયમાં પેઠા; નાનું સરસ હતું. પાછા બહાર નીકળી, નળીમાં થઇ, મહેલને એક ખુણે ઓરડો હતો તેમાં પેઠા; ત્યાંના ઝરૂખામાં જઇ બહાર દૃષ્ટિ ફેરવી તો કીલ્લાની તળે સુંદર વૃક્ષો નાની પણ સુંદર એવન નદી અને આખી વનસ્થલિનું રમણીય દૃશ્ય દીઠું.

પછીથી એક પછી એક સુંદર ઓરડાઓમાં પેઠા; બધી વસ્તુ બહુ સારી રીતે સાચવેલી હતી, ને સંગ્રહસ્થાનને બદલે ખરેખર વાસગૃહ હોય એવો દેખાવ હતો. ચિત્રો, ફર્નીચર વગેરે બહુ જોવા જેવું હતું. લેડી વેરીકનો "Boudoir" મઝાનો હતો. બારીએથી નીચેની નદી તથા વનનું દૃશ્ય બહુ મનોહર હતું. ઓરડાઓના રંગ જુદા જુદા, ફર્નીચર પુરાણું તથા જુદી જુદી કારીગરીવાળું, ચિત્રો મોટા પ્રખ્યાત ચિત્રકારોનાં, ઘણાં ઐતિહાસિક વ્યક્તિઓનાં; પણ બધું વિગતથી ને રસથી જોતાં કલાકો વહી જાય. ભોમીઓ કહે તે નોંધી અમે આગળ વધતા. આગળ "શાહી શયનગૃહ" આવ્યું; પાસે એવન નદી ધોધવારૂપે પડતી હતી, તેનો મૃદુ રવ સાંભળી, બારીએથી નજર કરતાં આંખો બહુ ઠરી. ઉપર હોડીમાં બે વ્યક્તિઓ મીઠા રમમા ડુબી હતી. તે પણ આખા Landscape સૃષ્ટિ દર્શનની રમણીયતામાં રંગ પુરતાં હતાં. આ શયનગૃહમાં એક શાહી પલંગ હતો–રાણી એનનો, ત્રીજા જ્યોર્જે તે વેરીકના અર્લને ભેટ આપેલો, એટલે અહીં આવેલો. રાણી એનનું બીજું ફર્નીચર પણ હતું. ત્યાંથી "લીલા દીવાનખાના" માં પેઠા, ત્યાં પણ એજ મુજબનું ઘણું જોવા જેવું હતું. પછીથી "Cedar drawing Room" માં ગયા; આ લાકડાની ભીંતો નકસીવાળી ચારે તરફ હતી, વૅન ડાઇકનાં ચિત્રો અહીં પણ હતાં. ત્યાંથી "ગતા દીવાનખાના" માં ગયા. તેમાંથી "મોટા

હોલ"માં નીકળ્યાં. આ ઘણો મોટો, ૬૨×૩૫×૪૦ ફીટનો, છે. તેમાં લેડી વોરીક કોઇની સાથે વાતો કરતી બેઠી હતી, એટલે અમને બધે ફરીને જોવાની રજા મળી નહીં. એક ખુણે મોટું ધાતુનું કઢાઇયું હતું, જેને "Guy's Poridge Pot" કહેતા. મને લાગે છે કે આગ્રાના કીલ્લામાં "જહાંગીરનો શરાબનો કટોરો" જેમ કહેવતરુપેજ હશે, તેમ આ "પોરીજનું પાત્ર" હશે. કારણ કે એમાં ૧૨૦ ગેલન માય એવડું એ મોટું છે. આ ઉપરાંત ઘણા શસ્ત્રાસ્ત્રો હતાં: ક્રોમ્વેલનો લઢાઇનો શિરપેચ, જેના ઉપર ઘણા ઘાની નીશાનીઓ હતી. બારીએથી જે કમનીય સૃષ્ટિદર્શન થાય છે, તે નેત્રને મુગ્ધ કરે છે; અને આ સુંદર સૃષ્ટિદર્શનને જડ શબ્દોએ આંકવું એ માત્ર બાલિશતાજ ભાસે છે.

આ બધું છોડીને કીલ્લાના ઓરડાઓમાંથી બહાર ચોગાનમાં નીકળ્યા. સામી બાજુએ નાના દરવાજામાંથી પુલ ઉપર થઇ અતિ રમ્ય બાગમાં નીકળી પડયા. આવા સુંદર દેખાવની સ્વપ્નેએ આશા નહીં રાખેલી; હૃદયમાં અકથ્ય ભાવો રાજ્ય કરી રહ્યા रम्याणि वीक्ष्य...કરીને કાળિદાસ પણ સમજાવ્યું છે. વનલક્ષ્મીનું આવું સૌંદર્ય, આપણી પ્રિય જન્મભૂમિની યાદી. આપનાર આ સૌંદર્ય, ઇંગ્લંડમાં જોઇશ, એ વિચાર કેમ પહેલાં નહીં આવ્યો હોય? લંડનમાં શહેરના તથા લૅમ્પના ધુમાડાથી ઘેરાએલી આંખોને ને આત્માને ઘણા ઉદ્યોનોમાં આલ્હાદિત કર્યાં છે; પણ આ શોભા, આ કુંજો, આ રચના, ને આ "દૂર દૂર, સુદૂર"નાં અતિરમણીય દર્શનો, લંડનના ઉદ્યાનોમાં નહોતાં દીઠાં. કલાકોના કલાકો બેસી રહીએ, જોયાં કરીએ, અથવા ભમી ભમીને ખુણે ખુણેથી, સ્થળેસ્થળેથી, ક્ષણે ક્ષણે નવું રૂપ ધારણ કરનાર આ દશ્યોનું પાન કરીએ એવું થતું હતું. પણ ચારે પાસ "Private" (ખાનગી)ના સખત ને Prosaic (યંત્રવત્) હુકમો દીલને કઠોર પ્રહાર શા દાખવતા હતા. ..."વખત નથી" કરીને મનને વાળ્યું ને પગલાં ફેરવ્યાં. એક "લીલું ગૃહ" હતું, તેમાં "Warwick Vase" દીઠું; રોમની કનેથી એક સરોવરની ભૂમિમાંથી સન ૧૭૭૦ માં ખોદી કઢાએલું; ઇ. સ. પૂર્વે ચોથા શતકનું, પ્રાચીન ગ્રીકકળાનો એક નમુનો, સફેત આરસનું છે; સાડા પાંચ ફુટ ઉંચું છે, ને એટલાજ વ્યાજનું ગોળ છે. ૧૭૩ ગેલનના સમાસવાળા આ "વેસ"નો ઉપયોગ શો હશે એ તર્કનો વિષય છે.

ચાર વાગ્યા હતા, એટલે અતૃપ્ત હૃદયે, ભારે મનથી, આ જગ્યા છોડવાની તૈયારી કરી. જેવું સ્થળ રમણીય તેવોજ દિવસ સરસ હતો; તેમ ઇંગ્લંડમાં પહેલી વાર છુટા ફરતા ને કેકા કરતા મયૂરોને દેખી, વધારે આનંદ થયો,...તદ્દન કચવાતે મને કીલ્લાની બહાર નીકળ્યા. ઉપહારગૃહમાં ઝટપટ ચહા વગેરે પતાવી, ડોસીને પૈસા ચુકવી આભાર માની, "બસ" પકડવા ચાલ્યા. જરા દૂર જવાનું હતું. વોરીક શહેરમાં બીજું જોવા જેવું છે, પણ અમારા મન ઉપર કીલ્લાના જાદુની અસર એટલી બધી હતી કે એ ચીજો છોડવી પડી તે માટે ખેદ થયો નહીં. વોરીકના "માર્કેટ-પ્લેસ"-બજારમાં પહોંચ્યા. વચ્ચોવચ હીંદમાં થાય છે તેમ જાત જાતના માણસો જાત જાતની ચીજો વેચાતા હતા, ને અંગ્રેજી ગામડાંઓમાં હીંદનાં કેટલાંક લક્ષણો પ્રકટ થાય છે તે ફરીથી દીઠું. અરે, શહેર ને શહેરી જીવનને બાતલ કરીએ

તો અંગ્રેજી ગ્રામ્યજીવન, આપણા કરતાં કેટલાક અંશોમાં સ્પષ્ટ રીતે ચઢીઆતું ખરું તોપણ, આપણને વધારે સમાન છે.

૫. સ્ટ્રેટફર્ડ–ઓન–એવન*

ફરીથી પાછો લીલોછમ પ્રદેશ, વચ્ચે વચ્ચે કદી નાનાં સ્વચ્છ "ઝુંપડાં," કદી ગામડાંઓ, કદી ઢાળ, ટેકરી કે ખીણ, કદી નાની નદીઃ એમ કરતે કરતે એવન નદીની રસ્તામાં–"Bridge Street" માં બસ અમને લઇ ગઇ. ત્યાં ઉતર્યા.

એની બીજી તરફજ "Red Horseની હૉટેલ દીઠી, જેમાં વૉશીંગટન ઇરવીંગે "સ્કેચ–બુક" માંનું "સ્ટ્રેટફર્ડ–ઓન–એવન"નું પ્રકરણ લખ્યું હતું. અમે એ રસ્તે આગળ વધ્યા. તા. ૨૩ મી એપ્રીલથી છ અઠવાડીઆં લગી શેક્સપીઅર–મહોત્સવ અહીં ઉજવાય



વોરીક કીલ્લાનો અંદર । ભાગ.

સમીપે આવ્યા; ઘરો, રસ્તા દેખાયા; નદી તીરે પુષ્કળ માણસો હતાં; નદી ઉપરના પુલ ઉપર થઇને, સ્ટ્રેટફર્ડના સરીઆમ છે. તેમાં આજ શનિ, કાલ રવિ ને પરમ દિવસે વ્હીટસન એટલે પુષ્કળ લોકો ઉતરી

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૦૩]

* મુળ પ્રતના પાન ઉપર નોંધેલા પૃષ્ઠાંકમાં ફેરફાર થવાથી અહીંથી શરૂ થતો ભાગ ગતાંકના ભાગ પહેલાં આવવો જોઇએ તેને બદલે પછીથી પ્રસિદ્ધ કરવો પડે છે, પરંતુ તેથી વાચનના રસની અને જ્ઞાન પ્રાપ્તિ ક્ષતિ થતી ન હોવાથી અમે લેખક અને વાચકોની ક્ષમાયાચના સાથે આ ભાગ આ વખતે પ્રસિદ્ધ કરીએ છીએ—ઉપતંત્રી.

વસંત મારો ઉડયો, હો રાજ !—

લેખક:
રા. મંજુલાલ દવે.

વસંત મારો ઉડયો, હો રાજ !
ઝીલજો ઝીલાય જે ભર્યો પુર્યો :

કોકિલનાં કૂજનો સૌ આથમ્યાં:
ઉર પ્રાણ થાકયાં સુનાં—સુકયાં;
વિભવે મુજ વીત્યો, હો રાજ !
વસંત મારો ઉડયો, હો રાજ !
ઝીલજો ઝીલાય જે ભર્યો પુર્યો. ૧

નેનાંના નેહ ઉપરી ગયા:
ચેતનાના રંગ ફટકી ગયા;
રસસ્રોત ખુટયો, હો રાજ !
વસંત મારો ઉડયો, હો રાજ !
ઝીલજો ઝીલાય જે ભર્યો પુર્યો. ૨

વાડી લુટાણી મનોહરી,
રક્તધાર આત્મન્‌ચીરી હાય! નીસરી;
પાવકનિધ ઉલટયો, હો રાજ !
વસંત મારો ઉડયો, હો રાજ !
ઝીલજો ઝીલાય જે ભર્યો પુર્યો. ૩

લેખક :
રા. વિજયરાય કલ્યાણરાય,
ઉપમંત્રી, સાહિત્ય સંસદ્.

ચિત્રકાર:
રા. દત્તાત્રેય
એ. એમ.

મોહ પામવાની શક્તિને જગતે ઘણો અન્યાય કર્યો છે. જ્ઞાનીઓ તેને નરકમાં નાખનાર કહે છે; દુનીઆદારો નિરંતર તેની સામે સાવચેતીનો શબ્દ ઉચ્ચારે છે; હિતેચ્છુઓ ને વડીલો તેનાં માઠાં ફળની મીમાંસા વખતે ને કવખતે કરવાનું ચુકતા નથી. વધુમાં કેટલાક કવિઓ ને વાર્તાકારોએ સ્નેહ ને મોહ વચ્ચેના સૂક્ષ્મ ભેદોનાં પારાયણ કરી કરીને પોતાના અજ્ઞાનનું પ્રદર્શન કર્યું છે—'અજ્ઞાનનું પ્રદર્શન' કારણ કે સ્નેહ દિવ્ય હોવાથી દેવલોકમાં સીધાવ્યા વિના તે નકામો છે, ને મોહ આ લોકનીજ વિભૂતિ હોવાથી અહીં તો મોક્ષસાધન એજ છે:--આવી સાદી વાત પણ તેમની અક્કલમાં ઉતરી શકી નહીં.

પણ એવાં બધાં સરતાં ને આછોતરાં ડહાપણોની ગુંચવણમાં અટવાયા વગર સ્વતંત્ર દૃષ્ટિએ વિચાર કરી જુઓ તો જણાશે કે ધર્મ જેટલો અમોઘ છે, ફીલસુફી જેટલી ગગનગામી છે, કલા જેટલી સંપૂર્ણ છે, કવિતા જેટલી રસાળ છે, કુદરત જેટલી વ્યાપક છે ને કર્મની ગતિ જેટલી ગહન છે, તેટલીજ ગહન, વિશાલ ને વ્યાપક; તેટલીજ રસભરી, પૂર્ણ ને ગગનવિહારી, તેટલીજ અમોઘ આ મોહ પામવાની શક્તિ છે. તે જીવમાત્રની સહચરી ને જીવનની પ્રેરણા છે. તે તત્ત્વનું તત્ત્વ ને સકળ વસ્તુનો સાર છે. નરી નિવૃત્તિની બાધક છે, પ્રવૃત્તિની પોષક છે. અને આ છેલ્લા ગુણોને પ્રતાપે, તે જગતને તદ્દન જડ બનતું અટકાવીને તેમાં રસિકતા, આનંદ ને ચેતન અહર્નિશ પુર્યા કરે છે.

ભર્યા વિશ્વને આમ પોતાના પ્રભાવથી ચકિત ને વશવર્તી કરનારી મહાશક્તિને ઉવેખવાનું બળ કયા કાળા માથાના માનવીએ

એક સાધુરાજ નિર્દય સાદાઇથી પુછે છે· "તારી કાંતા કોણ? ને વળી પુત્ર કોણ?"

કદી પણ દાખવ્યું છે? જીવનનું કોઈ પણ અંગ લ્યો—હરેક એની એજ વાત ફરીફરીને ઉચ્ચારશે. એ કહેશે કે યોગીને સદૈવ બ્રહ્મદર્શનનો મોહ થયો છે; ભોગીથી ભોગતૃષ્ણા કદી છોડાઇ નથી; રોગીઓ—શું મનના શું તનના,—હમેશાં પોતપોતાના વળગાડોથી છુટવાના મોહનેજ સેવી રહ્યા હોય છે. આમ, મોહના પાશથી તદ્દન મુક્ત રહેલો માનવ ઘડવાનુંજ બ્રહ્માજી ભુલી ગયા છે.

એ સમજુ ને બલવાન્ સરજનહારે રચેલો સૃષ્ટિક્રમ આપણને પણ માન્ય ને મુબારક હોવો જોઇએ—મને તો છેજ. મારા જેવો મોહનિદ્રાનો કુંભકર્ણ, મોહપાશોનો બેહાલ કેદી, મોહમાયાનો પરમ ભક્ત, તમને કોઇકજ જડશે આ સાંભળીને મારા મિત્રો ગભરાશે ને હિતૈષીઓ શોકમાં ડુબશે. તેમાંના કોઇ મને ધિક્કારતાં શીખશે, કોઇ અણદખાતી દાનાઇથી મને સમજાવવા આવશે, કોઇ વળી આઘા બેઠાબેઠા મને સારી બુદ્ધિ સુઝાડવાની પ્રાર્થના પરમેશ્વરને કરવા માંડશે. પણ ગુણ પર અવગુણ કરવાની મારી પહેલેથીજ પ્રકૃતિ છે; એટલે સ્નેહીઓની શુભેચ્છા ને મનાઇઓ છતાં, હું સર્વથા મોહાધીન છું અને રહીશ. તેમજ, નિર્મોહની જાળમાં ફસાએલા ભવાટવિના કોઇ રંક બંધુને ઉપયોગી થાય એ હેતુથી, મોહકલા અને તેના લાભોનાં કેટલાંક સ્વાનુભવથી સાધેલાં રહસ્યો અહીં ચોખવટથી સમજાવીશ.

મોહને મુદ્‌ગર મારવાના હીમાયતી એક સાધુરાજ નિર્દય સાદાઇથી પુછે છે: "તારી કાંતા કોણ? ને વળી પુત્ર કોણ?" અને સૌ મોહસાધકોને તો કયારનું જણાઇ ચુકેલું સત્ય જાણે કે નવી વાત હોય તેમ ઉમેરે છે "આ સંસાર અત્યંત વિચિત્ર છે."

એ પુછનારની અનુપમ વિદ્વત્તા ને તપશ્ચર્યા માટે મને માન છે; છતાં એમના ઉપદેશે મારી પર કદી અસર કરી નથી એટલું નમ્રતાથી જાહેર કરવાની રજા લઉં છું. આ સાંભળીને એ સ્વર્ગસ્થ મહાત્માનો જીવ કદાચ રૌદ્ર રૂપ ધરશે, પણ હું તેમને ખાતરી આપુ છું કે મને કાંતાનો મોહ સાધારણ કારણોથી નથી લાગ્યો એ સ્વરૂપવતી હોત તો તેના સૌંદર્યથી હું લોભાત એ સુલક્ષણી હોત તો તેના ગુણભંડારની ગણત્રીમાં રાત દહાડો ગાળીત એ ઘરકામમા કાબેલ હોત તો સંસારસાગરમાં નચીંતાઇથી, સુખ ભોગવતો વહ્યા જવાની લાલચને હું વશ થાત અને એ કારણથી તેના પર મુગ્ધ રહેત.

પણ એમાંનું એકકે મારે લલાટે લખાયું નથી. રૂપ, ગુણ ને આવડતની ત્રિવેણી તો શું. તેમાંની એકાદ વેણી પણ મારા ઘરમાં નથી વહેતી; અને છતાં, એ ઘરની ઘરણીનો મોહ મને આ લોકમાં છુટનાર નથી, ને પરલોકમાં પણ એજ મોક્ષ અપાવશે તે વીશે કશી શંકા નથી.

આમ શા માટે?......

જેનું અભિમાન ઇંદ્રાણીને પણ દાખલો બેસાડે અને જેનો સ્વતંત્રમીજાજ એક વાર તો ભલભલી સફ્રેજેટોની પણ સરસાઇ કરે એવાં જોગમાયા મને સાંપડ્યાં છે. એનું દીલ જરા જરામાં દુભાય છે; એને નજીવી વાતમાં પણ કુડું વચકું પડી જાય છે; એણે છંછેડો કર્યો વગર કોઇ દિવસ સવારની સાંજ પડવા દીધી નથી; અને પોતાનાં પીઅરીઆં દેવદેવીઓ ને અમે બધાં ભૂમિને ભારરૂપ જંતુઓ, એવો તેમનો ચોક્કસ ને મજબુત અભિપ્રાય બધાયો છે.

તમે કહેશો આવી વૈરીનો વળી મોહ શો? તેની પર તો ચીઢ ચઢવી જોઇએ.

ખોટી વાત. એના આવા આવા પ્રયત્નપ્રેરક સ્વભાવની છાપથી જે પ્રકારે મારું ચારિત્ર્ય ઘડાય છે તે તમે જાણો તો મોહનું કારણ વગરમહેનતે તમને સમજાય......

તેના ગુમાનથી મારો ગર્વ ગળે છે ને હું દુનીઆમાં શાંત ને શરમાળ જુવાન તરીકે પંકાઇ શકું છું. તેણે કરેલાં આજ્ઞાઓનાં ઉલ્લંઘન પરથી હું પણ આત્મનિર્ણયના અમોલા પદાર્થપાઠ શીખી શકું છું. તેની હઠ સામે થતાં મારામાંએ શુરાતન પ્રગટવા માંડે છે. અને તે માનિનીને મનાવવાના દૈનિક યત્નો દરમીઆન મળેલી તાલીમને પ્રતાપે, વહેવારમાં જરુરી એવા દાવપેચ, જુઠાં વચનો ને પ્રપંચ ખેલનું પ્રત્યક્ષ જ્ઞાન પણ મને મળી રહે છે.

આવા અગણિત ઉપકારોની કરનાર, અનાયાસે ને અહોનિશ વીરરસની સીંચનાર અને વહેવારની વાટિકામાં થથરતાં મારાં પગલાંને સ્થિર રાખવામાં મોટી મદદ દેનાર અપૂર્વ ને અદ્વિતીય ઉદ્ધારિણી પર મને મોહ ન હોય તો હું કેટલો નગુરો ને નીચ ગણાઉં?

પુત્રનો મોહ એ સ્વતંત્ર મોહ નહીં, પણ કેટલાક નાના મોટા મોહોનો પોષનાર છે એટલે મારા જેવા મોહવીરને તેના વિના શી રીતે ચાલે? અને પુત્રનાં ઉપયોગો સમજનાર કોઇ પણ માણસ આ વાત સ્વીકારશે. જેની હુશીઆરીની મિત્રમંડળ ને સગાંમાં જાણ કરીને આપણે વગરપૈસે વડાઇ લઇ શકીએ, જેની પર—તેનાજ હિતને ખાતર—દોર ચલાવીને આપણા સત્તાશોખને અખંડપણે પોષી શકીએ, કોઇ વાર પ્રસંગ આવ્યે જેનો ભોગ આપીને અર્વાચીન મગાળશા બનવાની સવડ મળે, ને સ્વર્ગની મુસાફરી વખતે જેણે મુકેલાં પિંડ ને પાણી આપણા અટુલા જીવની ભુખ ભાંગે ને તરસ છીપવેઃ આવા સર્વતોમુખી સુખસાધન પુત્રનો મોહ રાખીએ નહીં, તેને હુલાવીએ નહીં, ફુલાવીએ નહીં, ને સાજો તાજો રાખીએ નહીં, તો જીવનમરણના કેટલા બધા સવળા પાડવા ધારેલા પાસા અવળા પડીને શોકના કારણરૂપ થઇ પડે?

મારે કેટલાક મિત્રો છે. એમને દુનીઆનો બહુ અનુભવ હોવાનું કહેવાય છે, અને

હું તેમને ખાતરી આપું છું કે

તેમણે એ અનુભવની આંખે શોધી કાઢ્યું છે કે મને પૈસા માટે બીલકુલ દરકાર નથી. હું કેવળ આધ્યાત્મિક સત્યોનો અન્વેષક ને ભાવનાઓનો શુદ્ધ ભક્ત છું એમ તેમણે પોતાના સંતોષપૂર્વક નક્કી કર્યું છે.

કેવી ભુલ! કેટલો અકુદરતી આરોપ! અનુભવી આંખોના કેટલા ઝાંખા પ્રકાશનું પરિણામ?

પૈસાનો મોહ ન હોય? એ આરોપ, બીજું કૈં નહીં ને મારી માણસાઈને કેટલું

સફ્રેજેટોની પણ સરસાઈ કરે એવાં જોગમાયા.

અપમાન કરે છે? જે વિશ્વવિજેતા ને માટે 'જર ચાહે સો કર' કહેવાયુ તેનું પ્રતાપી શાસનચક્ર મારે શિરે ન ફરતું હોય તો હું મનુમહારાજનો કાયદેસર વારસ ન ગણાઉં તેનું પણ કોઈને ભાન રહેતું લાગતું નથી. અને આ બાબતની મારી લાગણીઓનો તેમને ખ્યાલ હોય તો હું ઉતાવળું બોલી નાખતાં બધા જરૂર બે વાર વિચાર કરે. જ્યારે કલદાર રુપીઆના ખણુણાટથી મનમોહક બની રહેતી કરંસી બૅંક પાસેથી હું પસાર થાઉ છું; જ્યારે કોઈ સંસ્થાના ખજાનચી તરીકે હજારોની નોટોનો થોકડો નજર સામે જોઉં છું; જ્યારે કોઈ નસીબના લીલાને ડર્બીની ટીકીટ ફળેલી સાંભળું છું; જ્યારે એકાદ લખપતિએ લાખોની બાદશાહી સખાવત કરી એમ વાંચું છું; કે જ્યારે કોઈ છેલછબીલાને અનગળ ધન વારસામાં મળ્યું એમ જાણું છું; ત્યારે ત્યારે મારી આંખમાં જુદોજ ચમકાર વરતાય છે ને મોંમાં તો પાણીનાં ઝરણાં છુટવા માંડે છે........

અને છતાં, એજ માણસને પૈસો વહાલો નથી એવી વાતો કરનાર ને સાંભળનાર આ દુનીઆમાં વસે છે. એમાં લોકો એટલા ડુબી ગયા છે કે ખરો ભેદ પામવાની શક્તિ પણ તેમનામાં રહી નથી. મને પૈસા પાસે જવાનું ઘણું મન છે પણ તેજ, મારી પાસે ન આવવાની હઠ લઈને બેઠો છે એ ઉકેલ કોઈને સુઝનો નથી. મારામાં કમાવાની આવડત નથી એ અશક્તિને તેમણે અનિચ્છા માની લીધી છે...

અને હું એમની અકળ, ઉંડી પરીક્ષક બુદ્ધિનો વિસ્તાર માપવાની કોશેશ, હોઠેથી આછું હાસ્ય વેરતો કરી રહ્યો છું.

મહાન મોહોમાં ચોથો મોહ માણસને કીર્તિનો હોય છે. પણ મને કીર્તિનો મોહજ નથી, તેનો તો હું આંધળો આશક છું. અગણિત વીરોની એ જરા અવિશ્વસનીય વધૂનો કોડામણો કંથ થવાના મનેએ અભિલાષ છે. તેણે આજ પહેલાં કેટલાયને ચઢાવ્યા ને કેટલાયને પાડયા છે; કેટલાયને મલકાતે મુખે ભુજપાશમાં સમાવ્યા છે ને કેટલાયને નકરાઈ

થી હાથતાળી આપીને દૂર નાઠી છે; કોઇને તેણે જીંદગીભર અમર આશામાં લટકાવ્યા છે તો કોઇની પર કૃપાદૃષ્ટિનાં મધુરાં અમૃત સદા-સર્વદા વરસાવ્યા કર્યાં છે. આ સઘળાં તેનાં ચરિત્ર જાણવા છતાં, કોટિ ઉપાયે પણ કીર્તિ મેળવવી એવી મારી ઝંખના છે. તેની અજબ મોહનીથી આકર્ષાવું; તેના સ્વર્ગીય કેફમાં ચકચૂર રહેવું; તેની હુંફાળી ઓથે રહીને ભલા ભૂપતિઓને પણ તુચ્છ ગણવા; તેના હીરે જડયા સોનેરી સિંહાસને ચઢીને હું મારા જગતનો નિયામક છું એમ ખાતરીથી માનવું; આ બધા મારા જીવનના સૌથી અમોલા ને સૌથી મીઠા લહાવા છે.

એ અનુભવો આજકાલના નથી; ને ભવિષ્યમાં કેટલે સુધી લંબાશે તેનો કયાસ અત્યારે અશકય છે.

એ વાત માંડીને કહું:

મને લાડનો હળવો તમાચો મારીને પીરછલ્લાની નીશાળના કુબેર માસ્તરે જે દહાડે મત આપ્યો કે "છોકરો ચાલાક છે," તે દહાડાથી મારી કીર્તિની ભુખ ઉઘડેલી. પછી તો નીશાળમાં વારે ઘડીએ પહેલે નંબરે પાસ થઇને, કૉલેજમાં ઉપરાઉપરી ઇનામો ને સ્કૉલરશીપો મેળવીને, ક્રીકેટમાં શીલ્ડ જીતવામાં મદદ કરીને એમ ધીરેધીરે પેલા અંકુરો પોષાતા ગયા.

પછી હું ભણી ઉતર્યો એટલે વિકાસ ઝડપબંધ વધ્યો. મેં છાપાં ને માસિકોમાં લેખો લખ્યા ને મારી શૈલી વખણાઇ. મેં સાક્ષરો પર હુમલા કર્યા ને તેમના દુસ્મનોએ મારી પીઠ થાબડી. હું તંત્રી બન્યો ને મારી મહેરબાનીથી અણુગણ્યા આશાવંત લેખકો બહાર આવ્યા. અને આ દરેક બનતું ગયું તેમ તેમ મારી આંખો મદઘેરી બની, ગતિનું ગૌરવ વધી પડયું, મસ્તકે ઉંચેથી નીચે જોવાની ના પાડી, અને આત્માની વિશ્વવ્યાપકતાનો અદ્ભુત અનુભવ કરવા લાગ્યો......

પણ હજી તો જ્યારે હું મોટો થઇશ ને દુનીઆના સાહિત્યક્ષેત્રને વીશે અમર સાહિત્યક તરીકે પંકાઇશ; જ્યારે હું કુટુંબનો મુખી થઇશ ને દીકરા પરણાવી કે નાતવરા કરીને

કલદાર રુપીઆના ખણખણાટથી મનમોહક બની રહેતી કરંસી બેંક.

મારા વહાલા નાતભાઇઓની વાહવાહ પામીશ; જ્યારે ધુરંધર શાહસોદાગર તરીકે હું સદ્‌ગત શ્રી સરૈયાની જેમ જગતભરનું રુપું હાથ કરીને 'રુપાનો રાજા' બનીશ; જ્યારે હું જબરી રકમોનાં જાહેર દાન કરીને છાપાવાળાઓની-પ્રશંસામાં અવતારની ધન્યતા માનીશ; કે જ્યારે તે પ્રતિપળ પાસે ધસી આવતા ભારતીય સ્વરાજ્યની પાર્લમેંટનો પ્રમુખ ચુંટાઇને, કાઉન્સીલરોના વડા મહેતાજી તરીકે મરહૂમ

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૦૫]

વીકટર હ્યુગોના પ્રેમપત્રો

અનુવાદકઃ
શા. દયાશંકર મ. ભટ્ટ.

[અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૮૮ થી]

રવિવાર, ૨૩ મી.

એદલ ! કેવો વિચિત્ર કાગળ તેં લખ્યો છે? તેં પણ એ પત્ર મોકલતાં મારા પર એની થવાની અસર જોઇ હોય અને પસ્તાવો થયો હોય એવું લાગે છે. તેથી હું તે વીશે કંઈ ફરીઆદ નહીં કરું. જો તને ખાત્રી આપવી જરરી ન હતં—અને એમ કરીને તારી સાથે હું મારી જાતને પણ ફરીને ખાત્રી આપું છું—તો કદાચ મને દુઃખ થયુ એ જાણી તને દુઃખ ઉપજે તેથી તેનો ઉત્તર ન દેત. વળી, મારા મમયનો સદુપયોગ તને પત્ર લખવા કરતાં વિશેષ શો હોઇ શકે? એથી કયા અધિક આનંદમાં અગર આવશ્યક ફરજમાં નેનો સદ્વ્યય કરી શકું ?

પ્યારી એદલ ! તું જાણે છે કે તારા પત્રમાંના અમુક શબ્દોએ મને તદ્દન અસ્વસ્થજ કરી દીધો છે? અને તેનો તરતજ ખુલાસો કરવા મારી નસોમાં વહેતું લોહી મેં ખુશીથી આપી દીધું હોત. તારી કીર્તિ નિષ્કલંક નહોતી અને તારું હૃદય તને ડંખ વિનાનું નહોતું, એવું વાક્ય—એ અસહ્ય વાક્ય-લખવામાં તારો શો હેતુ સમાએલો હતો ? બોલ...ઓ...જરુર હવે બોલ ! તારા ક્ષણના આનંદ માટે માત્ર આનંદની એક ઊર્મિ અર્પવા માટે જે તેના જીવનનાં સર્વ સુખોને આપવા તત્પર છે તેને તારા બધા વિચારો જણાવ. ગમે તે હો ! પણ રજે સત્ય મારાથી છુપાવતી મા; તું જાણે છે કે મેં તારાથી કશુંએ છુપાવ્યું નથી. જો, તારામાં મને જે અનહદ વિશ્વાસ છે તેની પ્રતીતિ કરાવનારો એક દાખલો આપું: આ નિર્દોષ વાક્યે કેવી શંકા, કેવા અસહ્ય વિચારો ઉપજાવ્યા છે તે કહું: મારી એદલ, વહાલી એદલ, મારી દેવી ! જેમ પ્રભુ સમક્ષ જવાબ

આપે તેમ મને જવાબ દે; જો ઇર્ષ્યાના કોઇ દુષ્ટ રાક્ષસે મને અવળે માર્ગે દોર્યો હોય—મારે સદ્ભાગ્યે—તો મારા ઉપર દયા કરજે. આખી રાત કેટલીક વખત તને દુઃખ ઉત્પન્ન કરનાર વિષયમાં આમ સહસા ભય માની લેવામાં; કેટલીક વખત તારા પ્રતિના મારા પ્રેમમાં શંકાઓની હારમાળાઓ રચવામાં, વણમીંચી આંખે પથારીમાં મેં પાસાં ઘસ્યાં છે. તેનો વિચાર કરજે, અને તારા સુકુમાર આત્મામાં જેટલું શુદ્ધ સત્ય છે તેટલી સહૃદયતાથી તું જણાવજે. આ પ્રશ્નનો જવાબ 'હા' અગર 'ના' આપ નહીં તો મારો જીવ જશેઃ તેં કોઇ પણ દિવસ, કોઇક પણ વેળા મારા વિના બીજા કોઇ માણસને ચાહ્યો છે?

ઓહ. મારી એદલ! તું મારુ આ વાકય વાંચશે ત્યારે તારો પ્રકોપ તારાથી દબાવાશે નહીં; જો તારા ક્રોધમાં ને પ્રમાણિકતામાં 'ના' નો ઉત્તર હશે તો હું કેટલા આનંદથી, કેટલા અવર્ણ્ય હર્ષથી, મારી મૂર્ખતાને વશ થઇ, એક ક્ષણભર પણ તારા પત્રને નહીં સમજવા માટે, અને એક ઘડીભર પણ, જેને હું દુનીઆની કોઇ પણ ચીજથી અધિક ચાહું છું-પૂજું છું-માન આપું છું તેને માટે, શંકા લાવવાના દોષના પ્રાયશ્ચિત્ત તરીકે, તારી ચરણરજને ચુમીશ! ઓહ એદલ! કહે......કહે......જરી બોલ કેમ ખરું ને કે મારા વિના કોઇનેજ તેં ચાહ્યો નથી?

પ્રભુ સાક્ષી છે કે મારા બાલપણથી આજ દિન સુધી તારા વિના બીજાનો મેં વિચાર સરખોએ નથી કર્યો. મારી સ્મૃતિમાં —દૂર દૂર ક્ષિતિજમાં નજર ફેંકું છું પણ તારી મૂર્તિ વિના અન્યનો ઓળો સરખોએ જણાતો નથી. સમીપમાં યા દૂર, હંમેશ હું તને ચાહતો રહ્યો છું, કારણકે પ્રથમથીજ તું જેટલી પવિત્ર છે તેટલીજ પવિત્ર ભક્તિથી મારી જાતને તને અર્પણ કરવાનો મેં નિશ્ચય કર્યો હતો, અને તેથી અનીતિ તરફ આંખ મીંચામણાં કરતી દુનીઆ મારી જાત અને વયના માણસોને જે જાતની છુટ આપે છે તે લાલચોને કે ફસામણીઓને હું જરાએ વશ થયો નથી ને અડગ રહ્યો છું.

જ્યારે આ બધા વિચારો કરું છું, એદલ! અને તારા પવિત્ર અને દૈવી ગુણોનો ખ્યાલ કરું છું ત્યારે જોઇ શકું છું કે મારા બધાએ ભય માત્ર મારા મનના તુતજ છે. છતાંએ આ બધું મેં તને જણાવ્યું છે કારણ કે મારે તે બધુંએ તને જણાવવું જોઇએ. અને વિશેષમાં મારી નિર્બલતા કબુલ કરું તો હું ઇચ્છું છું. કે તું તારી જાતે મને ખાત્રી આપે અને મારા પ્રશ્નનો જવાબ પણ વાળ કારણ, છેવટે, આ 'ડંખવું' અને 'કલંક' વીશે જે તું બોલે છે તે શું છે? કદાચ (અને જેમ મારી જાતને દમવામાં જે કલ્પના વાપરું છું તે મારા અંતરને ખાત્રી આપવામાં પણ શા માટે ન વાપરવી) કદાચ મારેજ લીધે તારું દૈવી અંતર કંપી ઉઠયું હશે અને મેં તારા પર પ્રેમ દાખવ્યો તેથી તારા સારા નામને બટ્ટો લાગવાનો તને ભય લાગ્યો હશે.

મારી વહાલી એદલ! જો હું કહું છું તેમ હોય તો તો તેમાં વાંક મારો ગણાય, તારો નહીં; તે દોષને પાત્ર તો એમાં હુંજ કહેવાઉં, અને જો આપણામાંથી એક અયોગ્ય ગણાય તો તે પણ હુંજ; તો પછી તું કેમ કહેવાની હીંમત કરે કે તું તારા કરતાં વધારે યોગ્ય એવી પત્ની મારે માટે ઇચ્છે છે?

હે પ્રભો! એદલ! તારી આગળ હું કોણ? આહ...હું યાચું છું અને ઇચ્છું છું કે તું અહીં હોત, તો દેવની જેમ તારી આગળ

ધુરંધરીએ પડત ને પ્રાર્થના કરત કે તારી જાતની લગીર વધારે કદર કરતાં શીખ. જો તું બીજી સ્ત્રીઓ કરતાં કેટલી ઉંચે છે તે જાણતી હોત, જો તું તારી અંદર જોઇ શકે તો જેમ હું જાણું છું તેમ, તારી બધી ભલાઇ, તારી સાદાઈ, તારા ચારિત્ર્યની મોટાઇ જાણી શકે તો સ્વપ્નેએ મારે માટે તારા વિના અન્ય સ્ત્રી પત્નિ તરીકે હોઇ શકે એવું તું ન ધારે; એદલ! તારી સાથે સરખાવતાં તો હું કેટલેએ દૂર છું. મારા બધાએ પ્રયત્નો મારી જાતને તારી તરફ ઉંચે આણવાના છે. અને જો કદીએ નામના માટે મહત્વાકાંક્ષા રાખી હોય તો તે તારા તરફ મારી ઇચ્છાઓ વળે છે તેમાં; જો કદાપિ પણ મેં માનમરતબા માટે પ્રયત્નો કર્યા હશે તો એટલાજ માટે કે કોઇ દિવસ તું મારું નામ ધારણ કરશે.

ને તેથી તારી જાતમાં લગીર વધારે શ્રદ્ધા રાખ. હું ઇચ્છું છું કે સારી આલમ જાણે કે હું તને ચાહું છું; સારી આલમની કીર્તિ કરતાં તારું એક મટકું મને વધારે કીંમતી છે, અને તારું એક અશ્રુબિંદુ પડતું બચાવવા ખાતર મારા લોહીનાં બિંદુએ બિંદુ આપવા હું તૈયાર છું. તારા પ્રત્યેની મારી ભક્તિ શબ્દોમાં નહીં પણ કાર્યમાં વ્યક્તવવાની અને કેમ પરવાનગી નથી? આહ! સદ્‌ગુણોમાં અને ઉદારતામાં બધી સ્ત્રીઓ કરતાં તારું સ્થાન સૌથી ઉચ્ચ છે. તેમના માથાંએ તારા પગને પહોંચવાને લાયક નથી. એક પત્ર માટે અગર એક ચુંબન માટે તારા હૃદયને ડંખવા ન દેતી. તારા પતિને આ વિયોગાવસ્થામાં અને અટુલી-લુખી-જીંદગીમાં માત્ર એટલોજ વીસામો છે. તારી પ્રતિષ્ઠાની લગીરે કાળજી ન કરતી; મારા જીવન કરતાં તે મને વધારે વહાલી છે. તું જેટલી પવિત્ર છે તેટલી તેની પવિત્રતા ન સચવાય તો હું નામર્દ ગણાઉં, અને એવો સમય કદીએ નહીં આવે.

જય જય, પ્રિયે!, त्वं जीवंत त्वमसि मे हृदयं द्वितीयम्!

તારો પતિ.

શનિવાર ૧૯ મી જાન્યુઆરી.

મારી દેવી એદલ! છેલ્લા બે દિવસમાં મારા મનની શી સ્થિતિ છે તે કેવી રીતે જણાવું? ગુરુવારની રાત્રિ મારે માટે તો મહા ભારે શોકની પણ બહુ કુમળાં અને મધુરાં સંભારણાંભરી બની છે; પરંતુ હવે પાછી તને તંદુરસ્ત ગુલાબી અને ખીલતી કળી શી હસતી જોઇ મારી બધી ચિંતાઓ અને ભયંકર ભયમાંથી મુક્ત થયો છું. હવે સૌ સારાં વાના થશે અને જરૂર પાછી થોડા વખતમાં તું હતી તેવી થઇ જશે.

કોણે ધાર્યું હશે કે જે રાત્રે મેં સુખની રસરેલમાં તરવા ધાર્યું હતું તે સમે દુઃખના દરીઆમાં મારે ડુબકાં ખાવાં પડશે! પ્રથમ તો તારા વિના એકલા જવું પડ્યું તેજ દુઃખ હતું કારણ કે આખો દિવસ તારી સાથે જવાની ઝંખના કીધી હતી. મેં ધાર્યું કે તેં કંઈ નવી વ્યવસ્થા કરી હશે. પરંતુ, ત્યાર પછી તો તને માંદી અને દુઃખી જોવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. એદલ! મારી વહાલી એદલ તને ચિત્તાકર્ષક સુંદર પોષાકમાં, સર્વાંગ સૌંદર્યમાં વિકસિત જોવી અને બીજી ક્ષણે તને પથારીવશ દુઃખે ઘવાએલી જોવી અને તે પણ જ્યારે બીજા તેઓની વચ્ચે પડેલા દુઃખી કુમળા આત્માની અવગણના કરી નૃત્ય કરતાં હોય ને હાસ્ય મશ્કરીઓની રમઝટ ઉરાડતાં હોય તેવે ટાણે, એ કેટલું વિચિત્ર! પ્રિયે!



વીક્ટર હ્યુગો અને તેનું બાળમંડલ.

તે રાત્રિ મારા સ્મરણપટમાંથી કદીએ ભુસાશે નહીં. નિરાશાથી મને જાતનુંએ ભાન નહોતું. તે વખતે બધા હસતા ટોળાની વચ્ચમાં મેં હસવાનો ને રડી ન પડાય તે માટે બળ કરીને પ્રયત્ન કર્યો, માત્ર એટલાજ વિચારે કે એ બધાથી છુટા થવાય; અને જે વખતે તારી પાસે હું આવ્યો ત્યારે તેં તો મને દૂર ધકેલી મુકયો. મને તે વખતે શું થયું હશે તેનો વિચાર સરખોએ તું નહીં કરી શકે. તે થોડી ઘડીઓ તો મારે દુઃખનાં વર્ષો થઇ પડયાં હતાં. પ્રિય એદલ! મારું હૃદય દયાથી છલકાતું હતું, પરંતુ મારે માટે કોઇનેએ દયાનો છાંટો સરખો પણ નહતો! આહા! મેં શું સહન કર્યું છે ?–તારા કરતા તો ઘણું ઘણું વધારે.

તોપણ આ દુઃખમાં સુખની છાંયડી ન હતી, એમ નથી. તેણે તો મને તારા પ્રતિના મારા પ્રેમનુ માપ દેખાડયું. માત્ર હું તારી જગાએ હોત તો જો તું તે સમયે મારી પાસે હોત તો મને લગીરે દુઃખ જણાતજ નહીં! અને આપણે ઘેર પાછાં આવ્યાં ત્યારે, જ્યારે હું મારી વહાલી એદલને, માંદી અને દુઃખી એદલને મારા હાથમાં હુલાવતો હતો, તેનું હૃદય મારા હાથમાં ધબકારા લેઇ રહ્યું હતું અને કપોલે કપોલ અડકીને પડયાં હતાં; ત્યારે–હા–ત્યારે–એ સુખદ સમયે જો પ્રભુએ મને મૃત્યુ આપ્યું હોત તો તેનો પણ પાડ માનત. માત્ર તારા મુખ ઉપર દર્દની રેખાઓ ન હોત તો હું કેટલો સુખી હોત! આહ, હું કોણ? હે પ્રભુ! હું–તારો રક્ષક, તારો ભર્તાર, અને મારા હાથમાં હતી ત્યારે પણ એદલના દર્દને હું અટકાવી ન શક્યો! મારી વહાલી સખિ! જય જય દેવિ! જય જય મારી ભક્તિમૂર્તિ એદલ! તારા પતિને માનવા દે કે તે તને હજારો હજારો વાર ચુમે છે; કાલે તને જરુરથી લખીશ!

ગુરુવાર ૪ થી એપ્રીલ.

આજે સવારે દેવળમાં તને મળીશ એમ આશા હતી. કેટલોએ કાળ તારી રાહ જોઇ, પણ તે બધુંએ નિષ્ફલ! ફરીથી ત્રણ વાગે આવીશ; જો તે સમયે નહીં મળે તો માત્ર તારે માટે જેટલું મેં કર્યું છે તેટલું મારે માટે તેં ન કર્યું હોત કહી મન વાળીશ; હા, આમાં એક પ્રકારનું આશ્વાસન છે તેમ દુઃખ પણ છે. કારણ કે જેટલું પોતે ચાહે તેટલુંજ સ્નેહભાગી પોતાના પ્રિયજન પાસેથી ઇચ્છે એ સ્વાભાવિક છે.

પ્રિયે! તું ફરીઆદ કરે છે કે પહેલાં કરતાં હવે તને થોડું લખું છું. મને તો આ ફરીઆદ પાયા વિનાનીજ લાગે છે. એદલ! તું જાણે છે કે જો મારા મનોરથ પ્રમાણે થતું હોય તો તારા સુખદ દર્શનમાંથી વધનો સઘળો સમય તને લખવામાંજ વ્યતિત કરું. પણ આ અહંતા ગણાશે! અને પાછી તુંજ કહેશે મને ફાવતો સમયનો ઉપયોગ કરવાને બદલે વધારે ઉપયોગી કાર્યમાં ઉપયોગ કરવો જોઇએ, અને હજી મારે આનંદને માટે સમય ગાળવાની બહુ વાર છે.

હું તને ખાત્રી આપું છું કે દર અઠવાડીએ મારે માત્ર એની એ સૂજનજુની પ્રેમ અને લગનની વાર્તા જુદાજુદા સ્વરૂપમાં મોટા ભારે પાઠીટમાં નહીં બીડવા જબ્બર નિમહ રાખવો પડે છે. કોઇ પણ કાર્ય જે તારા ખાતર નથી પ્રેરતું તે મારે મન રસ વિનાનું

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૦૭]

પ્રોફેસર

લેખક: રા. જયંતશ્યામ વનલનિવાસી

ચિત્રકાર: રા. ગદાણી.

૧

નીચા નમી રહેલા આંબલીઆની ચમકતી ડાળી પર કોયલડી ટહુકી ચંદ્રે ચોપડીમાંથી ઉંચે જોયું. ટહુકતી કાળી કોયલને ન જોઇ તે નિરાશ થયો. તેણે ફરી ચોપડીમાં દૃષ્ટિ કરી. શૂન્યહૃદયે તેમજ બેસી રહ્યો. પરંતુ મન તો વેગવતી ગતિએ ક્યાંનું ક્યાં પરવર્યું. દૂર દૂર સ્વર્ગભોમની રસભીની કલ્પનાએ ચંદ્ર કુદ્યો. સુંદર ખીલેલી વાડી! વિલાસોદ્યાન! તદીની વિધવિધ કુસુમલતાઓ, વેલીઓ, ફળફુલ ધારણ કરી રહેલી, ભારથી નમતી, લચકતી લતાને વહાલસમ વૃક્ષને વીંટળાઇ, વહાલથી નાચી કુદી વીલસી રહી જોઇ ચંદ્ર રસલીન થયો. કૈંક મઘમઘતાં ફોરમ ભર્યાં ફુલડાંની ફોર ફોરી ને ચંદ્રનું ચિત્ત ચપળ થયું. રાજી થયું, નાચ્યું. કુદ્યું; તેમાં વખતે કવખતે કુજી રહેલી કામણગારી કોયલડીના ટહુકે તો ચંદ્રનું ચિત્ત ચટક્યું; હાથમાંથી ચોપડી સરી પડી. પાછી લેવા ચંદ્ર અશક્ત હતો; પછવાડે કોઇ છાનું મીઠું હસ્યું. ચંદ્રે પછવાડે જોયું...સુધાને જોઇ ચમક્યો, શરમાયો ને બેંચ પરથી ઉભો થઇ ગયો.

"કેમ ઉભા થઇ ગયા વારુ?" સુધા સમીપ આવી.

"અમસ્તોજ" ચંદ્રે ધીરેથી કહ્યું; "વારુ, તમે લેક્ચર (ભાષણ) માંથી આવો છોને?"

"હા, આવું છું તો ત્યાંથી અને જવું છે પણ ત્યાં." હાથે બાંધેલ સોનાની ઘડીઆલ તરફ જોતાં સુધાએ કહ્યું: "તમે કેમ લેક્ચરમાં હાજર નહોતા ચંદ્ર?"

ચંદ્રે જરા નીચુ જોઇ. કહેતાં કહેતાં પડી ગએલી ચોપડી લીધી ને ધુળ ખંખેરી; "મને જરા આજે ઠીક નહીં લાગવાથી લેક્ચર (ભાષણ)માં ન આવ્યો. ને અહીં બેસી જરા શાંતિ લેવા ધારતો હતો."

"એમ, તમોને ત્યારે તો ઠીક નથી એમ

ને? અરે! તમે શાંતિ લેવા અહીંઆં બેઠા ને મેં તો આવી ઉલટું ઉલ્રા કરી તમને અશાંતિ કરીને શું? મને માફ કરો. ચંદ્ર! હું જઇશ." વિનયવંતી સુધાએ મોં પર જરા શરમની લાલી ચઢાવી, ક્ષમા યાચી, ને ચાલી જવા લાગી. ચંદ્રે આ દરમ્યાન, પોતાનું મન સ્થિર બનાવ્યું.

"સુધા! તમો ચાલી કેમ જાઓ છો!"

સુધા જરા અટકી ને પાછી ફરી; તે ચંદ્ર સામે આવી ઉભી; "કેમ?"

"કૈં તમારા આવવાથી મને અડચણ નથી થઇ. બેસો." ચંદ્રે બેંચ પર મુકેલી પોતાની ટોપી જરા દૂર ખસેડી કહ્યું. સુધા શરમાળ બની.

"નહીં ચંદ્ર! હું તો લાઇબ્રેરી હોલ (વાચનાલય)માં જઇ જરા ન્યુસ (પત્ર) વાંચતી બેસીશ. તમે જરા અહીં બેસી શાંતિ લ્યો." ચંદ્રના કહેલા શબ્દો સુધાએ મસ્તીભર્યા અવાજે ઉચાર્યા. ચંદ્ર વધારે શરમાયો.

"સુધા! હું તો ક્યારનોએ અહીં બેઠો હતો. એકલવાયું લાગતું હતું તે ઉઠવાનું કરતો હતો તેવામાં તમે આવ્યાં. મને આનંદ થયો, પણ તમે તો વળી નાસી જવાનીજ વાત કરોછોને શું? બેસો, રીસેસ (આરામ સમય) પુરો થવાને કેટલી મીનીટ બાકી છે?" ચંદ્રના આગ્રહને સુધા તરતજ તાબે થાય તેવી ન હતી.

"તમે ન બેસો ને હું બેસું? ના, હું તો હવે જઇશ."

"અરે પણ એમ શું કરો છો? સુધા! હું અહીં ઉભો છુને?"

સુધા ટીંખળી બની. "હા, પણ તમે એમ શું કરો છો? હું પણ અહીં ઉભી છુંને?"

"ત્યારે તમે નહીં બેસો?"

"તમે નહીં બેસો.?"

ચંદ્ર કંટાળ્યો. "હું તો બેસીશ. પણ તમે બેસશો કે?"

સુધાએ નેન ઉલાળી કહ્યું; "પણ તમે બેસો તો ખરા, પછી હું જોઇશ."

ચંદ્ર હાર્યો. બેંચની એક બાજુ પર પોતે બેઠો. સુધા વધારે રકઝક વગર તરતજ ચંદ્રની પાસે બેસી ગઇ. હાથમાંની ચોપડી ચંદ્રે પોતાની તથા સુધાની વચ્ચે મુકી.

સુધા બુટની એડી જમીનમાં ભરાવતી બોલીઃ "ચંદ્ર! તબીયતમાં કૈં વર્તાય છે? તમારા જેવા કૉલેજના પહેલા વિદ્યાર્થીની ગેરહાજરી કલાસમાં પકડાયા વગર રહે? નહીં, પ્રોફેસરે તરત રીમાર્ક (ટીકા) કરી કે ચંદ્ર હમણાં હમણાં careless બેદરકાર બનતા જાય છે" સુધાએ જરા જરા ઉંચુ જોતાં ચંદ્ર તરફ આડી નજર કરી પુછ્યું; "કેમ એ સાચું છે?"

ચંદ્ર 'જવાબ શું આપવો' તે સમજ્યો નહીં. "કેમ? કૈં બોલતા નથી?"

"હા. હમણાં જરા હું અસ્વસ્થ થયો જણાઉં છું." ચંદ્ર ટુંકમાં પતાવી તરતજ શાંત રહ્યો.

સુધાએ વચ્ચે પડેલી ચંદ્રની ચોપડી હાથમાં લીધી ને જરા આમતેમ ફેરવી જોઇ. પહેલે પાને ચંદ્રનું નામ હતું. ચંદ્રના મરોડદાર અક્ષરની હરીફાઇ કરવી ન હોય તેવી રીતે સુધાએ પોતાની પેન હાથમાં લીધી ને ધીરેથી ચંદ્રના નામ નીચે પોતાનું નામ લખી કાઢ્યું. ચંદ્ર બધું જોઇ રહ્યો હતો. સુધાને નામ લખતાં જોઇ ચંદ્રનું મન આનંદિત થયું. ચંદ્રની છાતી હર્ષથી ફુલી. તેને ઉમળકો આવ્યો. ને ચંદ્રના હોઠ પર જરા હાસ્ય ફરક્યું. સુધા તો જાણે ભુલમાં નામ લખી કાઢ્યું

હોયની તેમ ચમકી...ચમકવા જેવું કર્યું. ને જાણે મારી માગતી હોય તેમ આડી નમણી નજર ચંદ્ર સામે કરી. ચંદ્રે સુધાનો નાજુક સુધાએ હાથ છોડવવા વિચાર સુદ્ધાં પણ કર્યો નહીં.

ચંદ્રને હીંમત આવી; "સુધા!"

સ્વાગત કરવા ઉભો રહેલ રમણકાંત ...... જ્યોત્સ્ના તથા સુધા કંપાઉંડમાં દાખલ થયાં કે તરતજ સામે આવ્યો.

હાથ પકડ્યો, ઉંચો કર્યો. તે સુધાના રસભર નેનનની નવલી જ્યોત નીરખતાં ધીરે ચુમ્યો. સુધાએ ડોક ફેરવી આંખલડીથી, 'શું કહો છો?' તેમ પુછ્યું.

ચંદ્રે સુધાની વધારે પાસે આવતાં કહ્યુ: "એક વાત કહું?" સુધાએ 'હા' કહી.

ચંદ્રે એક ક્ષણ વિચાર કર્યો ને શરુ કર્યું "સુધા! જીવન સુખમય અને સફળ બને તે માટે study (અભ્યાસ); દરેકને તેમ કરવું જરુરનું. જેમ વધારે અભ્યાસ તેમ તેના જીવનની વધારે ઉત્તમ કોટિ. આમ ઘણાએ માને છે. પરંતુ ખરું તો એજ... અથવા તો..." ચંદ્ર જરા અટક્યો. સુધા ચંદ્રની વાત ન સમજી શકી. તે શું કહેવા માગે છે તે જાણવા સુધા ઉતાવળી બની. ચંદ્રે સુધાની આતુરતા જોઇ. "સુધા! અભ્યાસ એટલે તો મનુષ્યને જીવન સુખી કરવાનું સાધન, કેમ ખરું કે નહીં?"

સુધાએ સમજ્યા વગરજ 'હા' કહી. "હં, ત્યારે તો જો જીવન સંપૂર્ણ સુખી થઇ શકે તેમ હોય, અથવા એક માણસને સફળ જીવનની પરિપૂર્ણ આશા હોય તો પછી સુધા! મને કહીશ કે તે માણસને શા માટે વધારે વિદ્યાભ્યાસની હાડમારી ભોગવવી?" સુધા ચમકી. સદાએ આગળ અભ્યાસ કરવાની ઉત્કટ અભિલાષા ધરાવતો ચંદ્ર આ શું કહેતો હતો? શું ચંદ્રના તો પોતાના આ વિચાર નહીં હોય? સુધાએ પ્રશ્નાત્મક દષ્ટિ કરી. ચંદ્ર સુધાના ભાવનું પૃથક્કરણ કરી રહ્યો હતો.

"એમ કેમ?" વધારે રહસ્ય જાણવા સુધાએ ઉડાઉ પ્રશ્ન કર્યો.

"જો, સુધા! સુખી સંસારનાં બેજ ઉપયોગી લક્ષણ: સંસ્કારી સ્ત્રી અને સુખ; બંને સહેજે અથવા તરતમાંજ અમુક સ્થિતિએ મળે તેમ હોય તો વધારે અભ્યાસની ઉપયોગિતા હું નથી જોતો." સુધા પુરેપુરું નમજી.

"એવી આશા કેમ રાખો છો ચંદ્ર?" સુધા સ્થિર બની. જો ચંદ્ર પોતાનામાં લોભાઇ તેના ઉચ્ચ આદર્શ, ભાવ તથા કલ્પનાઓને તિલાંજલિ દેવા ઇચ્છે તો જવાબદારી સુધાની, સુધા તેવું ન બનવા દે. નહીં તો ચંદ્રની ભાવિ ઉન્નતિમાં અવનતિ કે અવરોધનું કારણ સુધાજ બને. સુધા ચંદ્રને સમજણ આપવા સચેત થઇ નિશ્ચયનાં સુર નાખતી. સુધા શાંત રહી. બીજી ક્ષણે ચંદ્રને શાંત જોઇ તે બોલી; "ચંદ્ર! હું એમ પુછું છું કે વિદ્યાની સફળતા સંસારમાંજ સમાપ્ત છે? અને સંસારની સફળતા બસ સ્ત્રીમાંજ સમાઇ છે?"

"હા." ચંદ્રના સુરમાં નિશ્ચય તથા દઢતા જોઇ સુધા ચકિત થઇ.

"ચંદ્ર! ભુલો છો."

"કેમ?"

"પહેલાં કહો કે આવો વિચાર, આવી આશા તમે કેમ પોષી શકો છો?"

ચંદ્ર એકદમ ઉભો થયો. સુધાના પ્રણયનાદે તે મંત્રમુગ્ધ થયો હતો. સુધાના ખભા પર ચંદ્રે હાથ મુકયો. સુધાએ ઉંચે જોયું, પ્રણયો-માદવશ થતાં ચંદ્રે સુધાના મધુર ઓષ્ટ પર મૃદુ મિષ્ટ ચુંબન કર્યું. સુધા પણ સુધારસ માટે ઝંખી; તેના હોઠ જરા ઉઘડ્યા. ચંદ્રે ઉઘડતા ઓષ્ટને ફરી ચુમ્યા. સુધા સાવધ બની; ચંદ્ર ભુલતો હતો. સુધામાં પ્રેમવશ બની ધર્મ ચુકતો હતો. બેંચ પરથી સુધા ઉભી થઇ ગઇ. અસ્તવ્યસ્ત સાડીને સમી કરતી ચંદ્ર સામે ઉભી રહી. ચંદ્ર જરા વિચિત્રતાથી જોઇ રહ્યો કે, "સુધાને આજે આ શું?"

"ચંદ્ર! હું દીલગીર છું. તમે જે વિચાર ધરાવો છો તે એક સાદી સમજણવાળા મનુષ્યના હોઇ શકે. સંસ્કારી સુશિક્ષિત

ચંદ્રના આ શબ્દો મને આશ્ચર્ય પમાડે છે. મને હવે તમારે માટે......" સુધાનું હૃદય તો ચંદ્રનેજ ચાહતું હતું પણ ચંદ્રને ધર્મ-કર્મ સમજાવવા શું કહેવું તેના વિચારમાં સુધા બોલતી અટકી. ચંદ્ર ચમક્યો.

"સુધા! શું કહે છે? હું તારા હૃદયમાં સ્થાન પામ્યો છું તેમાં......"

"હા. સાચું સ્થાન છે તે સદા રહેશે પણ તે સ્થાન ચંદ્રના ઉચ્ચ આદર્શો, ઉચ્ચ ભાવના તથા ઉચ્ચ બુદ્ધિ માટે... આ-જના શબ્દો મુખે લાવતા, વિદ્યાર્થી પ-રાજીત બનતા ચંદ્ર માટે તો નહીં......" સુધા વધારે પડતું બોલી ગઇ. ચંદ્ર ઝંખવાણો પડ્યો. ચંદ્રે આંખો મીચી એક હાથે



સુધાના અંદર આવવાના અવાજથી તેણે પાછું જોયું.

ખેંચને થોભી નીચું જોઇ રહ્યો; ફરી નેત્ર ઉઘડતાં સુધા સમીપ નહોતી.

આંચકો આવતો હોય તેમ ચંદ્રે છાતી પર હાથ મુકયો. તેણે હોઠ ભીડ્યા ને હોઠ પર દાંતથી નિશ્ચયની છાપ મારી, તે લાઇબ્રેરીમાં આવ્યો. સુધા ત્યાં હતી. ઉદ્દિગ્નતાની ઉંડી છાયા સુધાના મુખ પર હતી. ચંદ્રનો નિશ્ચય અડગ હતો...... પરીક્ષા આવી......

બી. એ. ની પરીક્ષામાં સુધા તથા ચંદ્ર બંને આ વખતે એક સાથેજ પાસ થયાં. ચંદ્ર આગળ અભ્યાસ માટે ઉત્સાહી થયો હતો. અથવા તો સુધાને મેળવવા તે તૈયાર થયો હતો. સુધા ઘર આગળજ એમ. એ. નો વિચાર રાખતી હતી. ને ચંદ્રને પણ એમ. એ. નો અભ્યાસ ઘર આગળજ કરવા કહેતી હતી પણ ચંદ્ર માનતો નહોતો. સુધાના તે શબ્દો યાદ હતા. તે વીલાયત જઇ એમ. એ. કરતાં વધારે ઉચ્ચ પરીક્ષા પાસ કરવા તલપી રહ્યો હતો. ચંદ્ર છેવટ લંડન ઉપડી ગયો. સુધા એકંદરે તો પોતાના મનમાન્યા વાલમને વધુ આગળ વધતો જોઇ રાજી થઇ.

૨

ચંદ્રના પત્રો-પ્રેમના ઉંડા પડઘા પાડતા પત્રો આવતા. સુધા પણ સ્નેહીને સસ્નેહ સંભારતી. પત્ર લખતી ને હીમત આપતી. સુધાનું હૃદય પોકારતું-કવચિત્ લખી નાખતું કે "વાલમ વિજયી થઇ વહેલા આવો." છ મહીના ગયા. સુધા પોતાની કોલેજની ફર્સ્ટ લેડી ગ્રેજ્યુએટ હતી તેથી કોલેજમાં સુધાનું સારું માન હતું. આ વર્ષે સુધાની સખી જ્યોત્સના બી. એ. માં હતી. કોલેજ ગેધરીંગ (સ્નેહ સંમેલન) માં સુધાને તેડી જવા જ્યોત્સના અત્યારથી આગ્રહ કરતી હતી. સુધા એમ. એ. માટે ઘેર વાંચી રહી હતી.

દરમ્યાન કોલેજમાં લીટરેચર (સાહિત્ય)

ના પ્રોફેસરની જગ્યા પર રમણુકાંત આવેલા. રમણુકાંત વીલાયતથી હમણાંજ આવેલ. તેમણે સારી ડીગ્રી તથા મોભો મેળવેલાં હતાં. ઘણાજ મળતાવડા. લેડી સ્ટુડન્ટસ (સ્ત્રી વિદ્યાર્થીઓ) ની તરફ તો ખાસ સ્ત્રી બહુમાનનો ઉંચો આદર્શ સાચવનાર. શાંત સુધાભરી મમતાળ મુખાકૃતિ, ભાવભીની એની આંખ. રમણુકાંતની કૃપા મેળવવા જ્યોત્સ્ના ફતેહમંદ થઇ ગણાતી હતી. રમણુકાંત સ્નેહ સંમેલનનો મંત્રી હતો. જ્યોત્સ્ના સહમંત્રી હતી. તે પણ રમણુકાંતની મમતા તથા મહેનતથીજ.

જ્યોત્સ્ના ટીખળી તથા ઉન્માદી હતી. સ્નેહસમેલનનો દિવસ આવ્યો. જ્યોત્સ્નાના અત્યાગ્રહથી સુધા સંમેલનમાં ગઇ. સુધાએ રમણુકાંત માટે ઘણું ઘણું સાંભળેલું. તેથી તે સખી સ્વભાવના પ્રોફેસરને જોવા તેની પણ ઇચ્છા હતી. સ્વાગત કરવા ઉભો રહેલ રમણુકાંત જ્યોત્સ્નાનીજ રાહ જોઇ રહ્યો હોય તેમ એકદમ જ્યોત્સ્ના તથા સુધા કમ્પાઉંડમાં દાખલ થયાં કે તરતજ સામે આવ્યો. કૈંક ઠપકો–મોડા થવા માટે–સુચવતી સહાસ્ય મીઠી નજર સાથે રમણુકાંતે જ્યોત્સ્નાને કંઇ–ખરી રીતે પુછ્યું: " કેમ, જ્યોત્સ્નાગૌરી કૈં મોડું ?"

ગુલાબી ગાલ પર લાલિમા લાવી, શરમના શીળા શેરડા પાડી મુગ્ધા સરીખડી બની, જ્યોત્સ્નાએ શરમાળ દૃષ્ટિ કરી કહ્યું: "જી હા. મારી સખી મીસ સુધાને તેડવા ગઇ ત્યાં જરા ભુલચુક વધારે મોડી થઇ જવાયું."

સુધાનું નામ આવતાં રમણુ તરતજ સુધા તરફ ફર્યો. સસ્નેહ હાથ મીલાવવા પોતે હાથ લાંબો કર્યો ને મંદ દુર્જય સ્મિત કર્યું. સુધા કમુગ્ધ થઇ. હાથ મીલાવ્યો. તે પ્રોફેસરની પ્રજળતા સુધાના હાથ મારફત ઝણઝણાટી કરતી પવનવેગે શરીરમાં પ્રસરી ગઇ. સુધા મીઠું હસી. શરમાળ બની. નીચું જોયું. પ્રોફેસર તેજ શાંત હાસ્ય સાથે સુધા સામે જોઇ રહ્યો હતો. જ્યોત્સ્નાને કહેવાની જરુર ન હતી છતાં તેણે કહ્યું: "સુધા! એઓ સાહિત્યના પ્રોફેસર રમણુકાંત"

સુધાએ મધુ ઝરતા હાસ્ય સાથે રમણુકાંત સામે જોયું. રમણુના નેનનના નુર આગળ સુધા ફરી અસાવધ થઇ. પણ સ્થિરતા ધારણ કરી બોલી: "હું આજે આનંદ પામી છું. પ્રોફેસર!"

"ઓહ, ઠીક ઠીક, મીસ સુધા!" રમણુકાંત જરા વધારે હસ્યો ને આગળ બોલ્યો; "મારા જાણવા પ્રમાણે તમે હાલ એમ. એ. નો કોર્સ કરો છો તો મારા સરીખું કૈંક કામ હોય તો બેલાશક કહેજો. હું ખુશીથી મદદ કરીશ"

સુધાએ ભુલથી નેનો મીંચ્યાં. ડોકું જરા હલાવી, "હા" કહી.

સંમેલન પુરું થયા સુધીમાં રમણુકાંતે સુધાના ચિત્તમાં પોતાને માટે માન ઉત્પન્ન કર્યું. સુધાને પણ રમણુકાંત માટે સત્ય ભાવ, માન લાગ્યાં... ચંદ્ર હતો ત્યારે સુધાની કૈં પણ શંકા એમને એમ રહેતી નહીં. હાલ ચંદ્ર નહોતો. એમ. એ. ના અભ્યાસમાં ઘર આગળ વાંચતાં સુધાને ઘણી ઘણી શંકા આવતી, ન સમજ પડતી પણ ચંદ્ર વિના બીજા પાસે સમજવા જવું તે પસંદ ન કરતી. સુધાના હૃદયમાં રમણુકાંતે કૈંક અસર કર્યા પછી સુધાના ભાવ બદલાયા!... "શા માટે કઠણ શંકાઓ માટે મારે રમણુકાંત પાસે ન જવું? તેઓ વિદ્વાન છે સુઘ

છે. સંસ્કારી છે, મારી શંકાઓ તે સમજાવશે. વળી સંમેલનમાં પણું તેમણે ખાસ કહેલું" સુધા તે દિવસેજ રમણકાંત પાસે જવા પ્રેરાણી. વળી તેને વિચાર આવ્યો કે પહેલાં પુછી આવું પછી વાત. સુધા તે દિવસે ગઈ. પ્રોફેસર લેકચરમાંથી છુટી પ્રાઇવેટ રુમમાં હતો. સુધા બારણું ઉઘાડી અંદર પેઠી. રમણકાંત બાજુ પર ટોપી મુકી, ટેબલ પાસેની ખુરસી પર બેસી એકધ્યાને કૈં લખી રહ્યો હતો. સુધાના અંદર આવવાના અવાજથી તેણે પાછું જોયું. સુધાને જોઇ લખવું બંધ કર્યું ને તે નાની બુક કોટના ગજવામાં સેરવી દીધી. તે ધીરેથી ઉભો થયો. ફરી પેલું દુર્જય સ્મિત તેના મધુર હોઠ પર આવ્યું. આજે તો તેની આંખલડી કૈંક અવનવી રીતે નાચી. સુધાને કૈંક નવું દેખાયું છતાં તેનું ખાસ ધ્યાન ન રહ્યું. તે ટેબલની સામે ઉભી રહી. રમણે તરતજ પાસેની ખુરસી ખેંચી તે પર સુધાને બેસવા કહ્યું. સુધા તે પર બેઠી. 'કૈંક બોલવું' એમ થયું પણ શરુઆત ન કરી શકી.

"મીસ સુધા! તમે આવ્યાં તે બહુ સારું થયું. તબીયત ઠીક છે?"

સુધાએ ધીરેથી 'હા' કહી.

"કીક, કૈં ખાસ કામકાજ!" રમણની આંખ સુધાનું હૃદય વાંચતી હોય તેમ સુધા પર પળવાર ઠરી. સુધા તે નેનના નુરથી નમી; તેણે નીચું જોયું.

રમણેજ તેના મનનો ભાવ કહ્યો. સુધા ચકિત થઇ. "અભ્યાસમાં કૈં મુશ્કેલીઓ લાગે છે?" ને શું કહેવું તેના જવાબમાં તે મૌન રહી.

"આજે લાવ્યાં છો?" સુધાને પોતાને કૈં બોલવાની જરુરજ ન રહી. સુધાએ માથું ધુણાવ્યું.

રમણે, "કાલે આવશો?" એમ પુછ્યું ને પોતેજ નિશ્ચય કરી આપતો હોય તેમ તે બોલ્યો: "આજ વખતે કાલે ખુશીથી આવશો. મીસ સુધા! મને આજે બહુજ આનંદ થયો કે તમે મારા સરખું કામ લાવશો." રમણકાંતે જ્યાં વાત પુરી કરી કે જ્યોત્સના અંદર આવી. સુધાને જોઇ તે ચમકી. કૈંક ઉંડો ભાવ તેની આંખમાં આવ્યો ને શમાઇ ગયો. તે સ્થિર બની પાસે આવી.

"ઓહો સુધા! કેમ કૈં આજે આવી છે?"

"હા બહેન" સુધા ઉભી થઇ ને પ્રોફેસર સામે ફરી.

"વારુ" પ્રોફેસરે વચમાંજ પુર્યું; "હા. સાહેબજી, મીસ સુધા." બંનેએ હાથ મીલાવ્યા. બંને નિર્દોષ ભાવે આનંદે હસ્યાં. જ્યોત્સના જોઇ રહી. સુધા બહાર ગઇ. બે મીનીટ વીતી ગઇ ત્યાં સુધી જ્યોત્સના કૈંક મોં ચઢાવી તેમજ ઉભી રહી. રમણે સુધાના જવા બાદ જ્યોત્સના સામે જોયું. તે જરા મલક્યો, પાસે આવ્યો અને જ્યોત્સનાનો જમણો હાથ પકડ્યો... જ્યોત્સના પ્રોફેસરનો પ્રેમભીનો હાથ છોડવી શકે તેમ નહોતી છતાં તેને સુધા માટે દાઝ ઉભરાતી હતી. પ્રોફેસરે જ્યોત્સનાના ગાલ પર ચુંબન લેવા મોં પાસે કર્યું કે જ્યોત્સનાએ હાથ છોડવી લીધો. ને દૂર ખસી ગઇ. રુમનું બારણું ઉઘડતું હતું. સુધા ફરી અંદર આવી હતી પ્રોફેસર તથા જ્યોત્સના સંભ્રમ સાવધ થયાં. સુધા કૈંક જોઇ શકી; સમજવાની કૈં તકલીફ કરવી પડે તેમ નહોતું છતાં સુધાએ આડીઅવળી દૃષ્ટિ કરવા શીવાય કહ્યું: "મને માફ કરો.

સાહેબ! મારી છત્રી હું ભુલી ગઇ." ને સુધા પુરું બોલે તે પહેલાંજ પ્રોફેસર પગભર તૈયાર થઇ ગયો ને સામે ખુરસી પર પડેલી છત્રી લઇ સુધાના હાથમાં આપી.

"થેંક્સ" કહી સુધા તરતજ ચાલી ગઇ. મનમાં સમજતી અથવા કલ્પતી ગઇ કે દાખલ થતાં જોએલ વિધિ પોતાના બહાર નીકળવાની બીજીજ પળે પ્રોફેસરે પુરો કર્યો હશે.

સુધા લાઇબ્રેરી હોલમાં દાખલ થઇ કે તરત પછવાડે જ્યોત્સ્નાએ આવી સુધાના ખભા પર હાથ મુકયો સુધા જ્યોત્સ્નાની તરત નાસી આવી પડેલી શંકા નીમુંળ કરાવવાની ચાલાકી સમજી પણ તેમાં સુધાને શોચવાનું કે વીચારવાનું હતું નહીં ઘણાએ એવા પ્રસંગો સુધાએ જોયા હતા, જાણ્યા હતા, સુણ્યા હતા...સુધા પરદેશ પરવરેલા ચંદ્ર માટે પ્રેમ કરતી. ચદ્રને સદા વફાદાર હતી.

આજે પ્રોફેસરે કહ્યું હતું તે વખતથી જરા વહેલી સુધા કોલેજમાં ગઇ. પ્રોફેસરના પ્રાઇવેટ રુમમાં તે ગઇ. પ્રોફેસર હજી લેકચરમાં ગએલ હોવાથી ત્યાં કોઇ નહોતું. ટેબલ પાસે આવી સાથે લાવેલ ચોપડી ટેબલ પર મુકતાં સુધાની દૃષ્ટિ ત્યાં પડેલી નોટબુક પર ગઇ. ગઇ કાલે જ્યારે સુધા આવેલ ત્યારે પ્રોફેસર આજ નોટબુકમાં કૈંક લખતા હતા સુધા 'તે શું છે' તે જોવા લલચાણી. નોટબુક હાથમાં લીધી. પળ વાર થંભી; તેનું હૃદય પાછું હઠયું. પારકી ખાનગી કે જાહેર વસ્તુ તેની ગેરહાજરીમાં લેતાં તેને ક્ષોભ થયો તે પાછી મુકવા જતી હતી ત્યાં ફરી "કોઇ નથી" એવો વિચાર આવતાં સુધાએ પ્રોફેસરની નોટબુક ઉઘાડી. તારીખવાર કૈં વાતના મુદ્દા તેમાં લખેલા તેણે જોયા. બેચાર પાનાં ફેરવ્યાં. કોઇ પુરુષના નામ સાથે, તે પુરુષની કૈં વાત લખેલી સુધાએ જોઇ. નામ, તો ચંદ્રનું હતું પણ કોણ ચંદ્ર? પછવાડેનાં પાને આખું નામઠામ સુધાએ વાંચ્યું. સુધાનોજ ચંદ્ર! પ્રોફેસરે ચંદ્ર વીશે શું લખ્યું છે તે જોવા ઉતાવળી થઇ. તેણીએ વાંચ્યું—

"ચંદ્ર! સુંદર, સુઘડ યુવક. ઉચ્ચ આદર્શ—યુક્ત ભાવનાભિલાષી. ઉછળતો, નવચેતન ભરપુર ભાવિ બેરીસ્ટર. સત્ય તથા સ્નેહ સાચવનારો..." સુધાએ ચંદ્ર માટે આવું લખાણ કયાં લખ્યું તેનો વિચાર કર્યો. કદાચ વીલાયતમાં બંને મળ્યા હશે? પણ ચદ્ર માટે પ્રોફેસરનો ભાવ કેવો છે?" સુધા મગરુર બની. પોતાના ચંદ્રની આજે આડકતરી રીતે સુધા ઉત્તમ પ્રશંસા મેળવી રહી હતી. તેનું હૈયું આનંદથી ઉછળ્યું. પરંતુ આ પ્રોફેસરની નોંધબુકમાં બીજું શું છે! તે જોવા સુધાએ ઉતાવળે પાનાં ફેરવ્યાં. ઉતાવળે ફરી જતા પાના પર જ્યોત્સ્ના લખેલું સુધાએ જોયું. તે અટકી; ફરી તે પાનું શોધ્યું:—

જ્યોત્સ્ના! બી. એ. માં હાલ ભણતી ઉત્તમ કુળની કન્યા....કુદરતને કૃત્રિમતાથી વધારે આકર્ષક બનાવવા જાણતી અબળ બાલિકા...સારો અભ્યાસ...કૈંક મીલનસાર, હસમુખ તથા ટીખળી. તા......." બીજે પાને બીજી તારીખ સાથે આમ લખેલું હતું... "કૈંક નહીં, પણ બહુજ મલતાવડાપણું... રસિકતાનો આડંબર રાખતી......મૈત્રી ચાહતી, નીતિના સૂત્રને નહીં ગણકારતી... પ્રેમાળ......તા......"—આગળ—"રસિક... પ્રણયભાવ. પ્રથમ પ્રસંગ.........ઠીકઠીક. ભુલ...હવેથી સદૈવ ને ભુલ ભુલાવશે.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૧૧]

લેખક :

રા. ખબરપત્રી

ચિત્રકાર :

રા. કલાનિધિ

બરાબર બારને ટકોરે 'સાહિત્ય', 'ગુણસુંદરી', 'શારદા' અને 'બાલજીવન' દાખલ થયાં.

"આવો 'શારદા'! પધારો 'સાહિત્ય'! ભલે પધાર્યાં 'ગુણસુંદરી'!" 'યુગધર્મ' સત્કાર અર્થે નમસ્કાર કરતું બોલ્યું.

"'યુગધર્મ'! હજુ કોઇ નથી આવ્યું? આપણે બધાંએ તે સાવ નિયમિત ક્યારે થઇશું? હાય ગુજરાત!" 'સાહિત્ય' ચિંતાજનક આશ્ચર્યમાં ડુબી ગયું.

"શું કહેવું 'સાહિત્ય'! આજ પોતાના સંમેલનમાંજ જે નિયમિત નથી પધારી શકતાં તે જનસમાજની સેવામાં તે શું નિયમિત થવાનાં?" એક તુચ્છકારની દૃષ્ટિ સાથે 'શારદા'એ ઉમળકો ઠાલવ્યો.

'યુગધર્મ' જરા શરમાઇ ગયું.

પણ ત્યાં તો 'ગુજરાત', 'નવચેતન', 'બાળક', 'કુમાર', 'કૌમુદી', 'દક્ષિણામૂર્તિ' અને 'સુવર્ણમાલા' દાખલ થયાં. એમને પગલે 'સ્ત્રીબોધ' અને 'બાલમિત્ર' આવ્યાં. થોડી વારે 'પુરાતત્વ' એકલું આવ્યું. 'સમાલોચક', 'બુદ્ધિપ્રકાશ' ને 'વસંત' આવ્યાં ત્યારે થોડીક તાળીઓ પડી. એ પછી પણ ભરતી તો ચાલુજ રહી. કોમી પત્રો પણ ક્યાંક ક્યાંક દેખાતાં હતાં. કેટલાંક ન ઓળખી શકાય એવાં પણ આવતાં હતાં.

આટલું થતાં સાડાબારનો ટકોરો થયો. "હજુ કેટકેટલાની રાહ જોવાની છે? આપણું કાર્ય આદરોને?" 'સાહિત્ય' કકળી ઉઠ્યું.

"'યુગધર્મ', આ શી ધમાલ કરી છે એ તો કહો!" હસતાં હસતાં 'વસંત' બોલ્યું.

'યુગધર્મ' ગળું ખોંખારી ઉભું થયું.

"મિત્રો, કેટલાકને એમ થયું હશે કે આવા સંમેલન કરતાં એકાદ પરિષદ્ ભરી હોત તો

ોક થાત. તો મારે એટલુંજ કહેવાનું છે પરિષદો નામની ભરાય છે એના કરતાં આ સંમેલનમાં કોઇ વધુ સારું કામ કરીશું તો શું ખોટું થશે? હમણાં મને જે સહાય મળી છે એનો લાભ લઇ મેં તમને સૌને આમંત્રણ આપ્યું છે, અને આપ જેટલા આવ્યા છો એટલાએ સ્વીકાર્યું પણ છે; જોઇ મને આનંદ ન થાય? મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે—અરે! હવે આવી વાતોમાં વખત બગાડવો એ ખોટું કહેવાય.

હવે હું એક સુચના કરવાની રજા લઉં છું. એટલું તો ચોક્કસ છે કે આપણે પોતે આપણી પોતાની ખુબીઓ ઉત્તમ રીતે જાણી શકીએ. તો આજે એક પછી એક રજુ કરીએ તો?"

('કબુલ, કબુલ' ના અવાજો.)

"તો એને માટે કોઇને પ્રમુખ નીમવા પડશે. એ પર વિચાર ચલાવતાં હું મુંઝાઉં છું. વૃદ્ધો પર આપણે જેટલો વિશ્વાસ મુકયો છે એ કેટલે અંશે ફલિભૂત નથી થયો એ તો તમે જાણો છો ને? એટલે હું તો કોઇ યુવાનને પ્રમુખ નીમવા માગું છું ને ઇચ્છું · તમારી ના ન હોય તો હું તો નહીં બાળક કે નહીં વૃદ્ધ એવા 'વસંત'નું નામ સુચવું છું."

જરાક ખળભળાટ થયો; પણ અંતે 'વસંત' ને પ્રમુખસ્થાન મળ્યું.

'વસંત' ઉભું થયું.

"રસજ્ઞ મિત્રમંડળ! તમારા સ્નેહ માટે હું આભાર માનું છું. નહીંતર વળી મને પ્રમુખપદ કયાંથી હોય? હવે મુળ વાત પર આવતાં 'યુગધર્મે', રજુ કરેલ સુચનાને હું વધાવી લઉં છું. આપણામાંથી એકેએક જણ પોતપોતાની ખુબી રજુ કરે તો કેવું સારુ? હા, એટલી છુટ રાખવી જોઇએ કે વચમાં કોઇને વાંધો બતાવવો હોય તો ખુશીથી બતાવી શકે. હવે તમે સૌ હારબંધ બેઠાં છો એટલે એક પછી એક બોલવું શરુ કરો. શું કામ વખત બગાડવો?"

'વસંત' બેસી ગયું. ત્યાં કોઇ ટપાલ આપી ગયું; એ વાંચી સંભળાવવા 'વસંત' વળી ઉભું થયું. નીચે પ્રમાણે બેજ તાર હતા.

અતંદુરસ્ત તબીઅત અંગે તમારા આમંત્રણને ન્યાય આપી શકાતું નથી તો માફ કરશો.

મહિલામિત્ર.

મારી તબીઅત વધુ બગડી છે એટલે હાજર નહીં રહી શકું. મંદવાડ લાંબા વખતનો છે તો મારી અનિવાર્ય ગેરહાજરી ભુલી જશો.

સુંદરીસુબોધ.

ચારે કોર ગણગણાટ થવા માંડયો. પણ ત્યાં તો 'ગુણસુંદરી' ઉભું થયું એટલે પાછી શાંતિ થઇ ગઇ.

'ગુણસુંદરી': 'સુંદરીસુબોધ'ની તબીઅત જ્યારે આપણે સાંભળી એટલી બધી બગડી છે ત્યારે મારો જન્મ સમયોચિત ગણાવો જોઇએ.

'સાહિત્ય': ખરેખર.

'ગુણસુંદરી': વળી જે 'સુંદરીસુબોધ'માં નહોતું તે તમે મારામાં જોઇ શકશો. મારા તંત્રનો ઇતિહાસ કૈં જેવો તેવો કહેવાય?

'સ્ત્રીબોધ': એટલે?

'ગુણસુંદરી': જુઓ, પહેલાં મારે બે પુરુષ તંત્રીઓ હતા. પછી એક–બે–ત્રણ–ચાર એમ વારાફરતી સ્ત્રી તંત્રીઓ સહતંત્રી થયાં. હવે પુરુષ તંત્રીઓને ખડતુસ આપી માત્ર સ્ત્રી—તંત્રીઓના હાથમાંજ મારું તંત્ર આવ્યું છે.

'દક્ષિણામૂર્તિ': ઓહ!

'ગુણસુંદરી': ઉપરાંત ચિત્રોની બાબતમાં પણ......

'કુમાર': એ રોગ પગ વગરનો કહેવાય. 'શારદા'માં પખવાડીઆ પહેલાં આવી ગએલાં ચિત્રો તમે વિના સંકોચે છાપ્યા કર્યાં છે.

'ગુણસુંદરી': હા; એ ઉણપ ખરી. પણ હવે એ ધંધો મુકી દીધો છે. ઉપરાંત લખાણની બાબતમાં પણ સંપૂર્ણ કાળજી લઈ......

'સમાલોચક': સંપૂર્ણ કાળજી તો નહીં લેવાતી હોય. એ વાત સાચી કે ભુલો બહુ ઓછી થાય છે, પણ થાય છે ત્યારે તો એક ગુણીયલ સુંદરી સાંભળે નહીં અને સંભળાવે નહીં એવી વિચિત્ર વાનગી એમાં આવી જાય છે.

'ગુણસુંદરી': હા, ભુલ થતી હશે; પણ જાણી જોઈને નહીં થતી હોય. બેવટ સ્ત્રી-સમાજની સેવા કરવાના મારા ઉદ્દેશને તો આપ સૌ સ્વીકારતાજ હશો.

('ગુણસુંદરી' બેઠું અને 'શારદા' ઉભું થયું.)

'શારદા': મારો મહાનમ્ર મહોદ્દેશ તો મહાગુજરાત સમક્ષ મહાલોક સાહિત્યને રજુ કરવાનો છે.

'પુરાતત્ત્વ': એ ઉદ્દેશ ઉદ્દેશ તરીકે ઉત્તમ છે. પણ દીલગીરી એટલીજ કે તમે હજુ એના ઉપોદ્ઘાતમાંજ રમ્યા કરો છો.

'શારદા': ઉપરાંત મારું નીતનીનપણું .....

'ગુણસુંદરી': અરે! હું તો એ કહેવું ભુલીજ ગયું!

'યુગધર્મ': પણ એ માટે તમારે બેઉને 'સાહિત્ય'નો આભાર માનવો પડશે.

'સાહિત્ય': ના રે ના. મારો આભાર માનવા જેટલા પણ જેને માત્ર નિયમિત થવું હોય એ થઈ શકે છે.

'શારદા': હું પણ ચિત્રો આપું છું.

'કુમાર': કલામાં ઉમેરો કરે એવાં બહુ થોડાં; ઉપરાંત ક્યારેક ચોરીને ઉત્તેજન.

'શારદા': 'ક્યારેક' એટલું એ હું ભાગ્યશાળી નહીં? અન્ય કેટલાંક પત્રોનાં આચરણ તો ટેવ તરીકે આવાં હોય છે.

'ગુણસુંદરી': સાવ સાચી વાત.

'શારદા': ઉપરાંત ચોપાનીયાંને આમંત્રણ આપવાનું માન જેમ આજે 'યુગધર્મ'ને મળ્યું છે તેમ તંત્રીઓને આમંત્રણ આપી એકઠા કરવાનું માન મને મળે તો કંઈ ખોટું નથી.

'પુરાતત્ત્વ': એટલે?

'શારદા': મેં તંત્રી અંક કાઢ્યો હતો એ ભુલી ગયા?

'બાળક': અરે! તો તો એ માન મને મળવું જોઈએ.

'શારદા': પહેલાં મેં તંત્રી અંક કાઢ્યો હતો.

'કૌમુદી': એમાં વળી લડાલડ શી! કોઈ માન આપવું હોય તો બેઉ વહેંચી લેજો.

'શારદા': હવે મારે કંઈ ખાસ કહેવાનું રહેતું નથી.

('શારદા' બેઠું અને 'નવચેતન' ઉભું થયું)

'નવચેતન': એકજ એ હાજી મહમદ અને એમની એ 'વીસમી સદી'ના અનુસરણમાં 'નવી ગુજરાત', 'ગુર્જરાત', 'શારદા' અને હું એમ અમે ચાર નીકળ્યાં છીએ. પણ બધાં આઠ આઠ વર્ષનાં એ જેવાં થયાં 'નવી ગુજરાત'નો બીચારું એક વર્ષમાં 'ગુજરાત' થઈ ગયું, અને અમારા ત્રણમાંથી પણ એકેમાં 'વીસમી સદી'નો રંગ આવ્યો હોય એમ મને તો નથી લાગતું.

'ગુજરાત': અને તોપણ તમે તમને 'વીસમી સદી'ની બીજી આવૃત્તિ કહેવરાવતાં...

'નવચેતન': બીજી આવૃત્તિ નહીં—નવી આવૃત્તિ. અને નવા અવતારની જેમ એ નવી આવૃત્તિ ચઢીઆતીએ હોય અને ઉતરતી પણ હોય.

'ગુજરાત': તો બરાબર.

'નવચેતન': હવે મારી મુળ વાત, ચિત્રોના ઇતિહાસમાં બંગાળી મઝમુદારનાં ચિત્રોને ગુજરાત સમક્ષ રજુ કરનાર માત્ર હુંજ.

'કૌમુદી': એક વાર છપાઇ ગએલાં એટલું ઉમેરોને ?

'નવચેતન': છતાંએ મોટી રકમ આપી ખરીદી લઇને પછી છાપીએ છીએ. ઉપરાંત રંગભૂમિ, સીનેમા, વિજ્ઞાનનાં લખાણો પણ મુખ્યત્વે હુંજ રજુ કરું છું.

'સાહિત્ય': પણ સારાં લખાણ પણ તમારા પાસે આવતાં જરા નિર્જીવ થઇ જાય છે એ તમારી ખુબી તો કહેવી રહીજ ગઇ !

'નવચેતન': મારાં બારણાં બધા માટે ખુલ્લાં છે.

'કુમાર': ભાગ્યેજ કોઇથી ના પડાય.

'નવચેતન': અને મારી ખાસ ખુબી તો એ છે કે 'વીસમીસદી' પછી કોઇ પણ પત્ર નાનાલાલની ખાસ અમી નજર પામી શક્યું હોય તો પહેલું હું.

'યુગધર્મ': હવે બીજું હું.

'ગુજરાત': અને છે કોઇ ત્રીજું ?

'નવચેતન': ઉપરાંત મજુમદારના શીવાયના અન્ય ચિત્રોમાં પણ કલાનાં તત્વ તમને નજરે પડશે.

'ગુજરાત': અને કયારેક છબરડા.

'કુમાર': પણ જો વધુ સંભાળ લેવાય તો જરૂર એની છાપ પડે. કલામાં તફડંચી કરાવવાની તો એની દાનત નથી.

'નવચેતન': છેવટ મારામાં 'રંગભૂમિ' ભળ્યું છે એ તો તમે જાણ્યુંજ હશે. પણ એથી મારામાં કંઇ ખાસ ફેર નથી પડયો એટલે વિશેષ મારે કહેવાનું નથી. બસ.

('નવચેતન' બેઠું અને 'કુમાર' ઉભું થયું.)

'કુમાર': હું ઉગતી પ્રજાનું માસિક છું. હું ચાહું છું કે જગતમાં જેટલી વિદ્યાઓ છે તેના અધિકારીઓ ભારતકુમારો બને.

જુઓ, પહેલાં મારે બે પુરુષ તંત્રીઓ હતા પછી—

એક અવાજ: ને તોપણ તેનો પ્રચાર હજુ કેટલો અલ્પ !

સૌની દૃષ્ટિ એ અવાજના કર્તા તરફ વળે છે. જણાય છે કે આ દયાજનક સ્વર તો દૂર ખૂણામાંથી 'સૌરાષ્ટ્ર' અળખતાં કાઢયો હતો.

'સાહિત્ય': પ્રમુખવર ! મારો એક વાંધો છે. આપણાં કેવળ સાહિત્યને લગતા આ સંમેલનમાં 'સૌરાષ્ટ્ર'ને શા હક્કે આમંત્રણ મળ્યું છે ?

'વસન્ત': 'યુગધર્મ' ! શો ખુલાસો છે ?

'યુગધર્મ': ખુલાસો સ્પષ્ટ છે. 'સૌરાષ્ટ્ર' રાજકીય કહેવાય તોપણ કેટલીએ વાર સાહિત્યમાં માથું મારે છે. 'ગુજરાતી', 'પ્રજાબંધુ', 'કર્મભૂમિ' અને એવાં કેટલાંકને આ કારણેજ નોતર્યાં છે.

'સાહિત્ય': તો તો ઠીક.

'કુમાર': અને મારું પરમ ભાગ્ય તો એ



—શ્રી તંત્રીઓ સહતંત્રી થયાં.

છે કે ચિત્રો ખાને ચોરીની ફરીઆદથી હું કેવળ મુક્ત છું.

'નવચેતન': જેવી તેવી વાત ન કહેવાય.

'કુમાર': મારું એકેએક પાનું અનેક રસભરી વાર્તાઓ, ઇતિહાસના પ્રસંગો, મધુરાં ગીતો વગેરે અનેક વસ્તુઓથી ખીચોખીચ ભરેલું છતાં આકર્ષક હોય છે.

'ગુજરાત': 'કુમાર' ! એક વાત કહેશો ? એમાં નવું કેટલું ?

'કુમાર': વાંચનાર ન જાણતું હોય એટલું બધુંએ.

'પુરાતત્વ': આ ખુબી તો તમારીજ.

'કુમાર': આ શીવાય વાંચકોને રસ રહે એ ખાતર હરીફાઇઓ પણ ચાલુજ રાખું છું: દાખલા તરીકે મારા બીજાજ અંકમા મેં ભારતનાં કેટલાંએ જાણીતાં નરનારનાં અસ્પષ્ટ રેખાચિત્રો આપ્યાં હતાં અને આ સૌને ઓળખી કાઢવાની હરીફાઇ પણ કાઢી હતી.

'બાલજીવન': અને એક પણ હરીફ બધાએને નહોતું ઓળખી શક્યું !

'નવચેતન': એ તો હોય.

'કુમાર': પણ એક વાત તો તમારે સૌએ કબુલવીજ પડશે. મેં સાવ નવીજ દિશા ખોલી છે અને એમાં કેટલીએ સફળતા પણ મેળવી છે. મારી સેવા ગુજરાત અત્યારે નહીં તો ભવિષ્યમાં તો જરુર જાણશે.

'કૌમુદી': જરુરા-જરુર.

'કુમાર': તોએ બસ છે.

('કુમાર' બેઠું અને 'કૌમુદી' ઉભું થયું.)

'કૌમુદી': હું સાહિત્ય, કલા અને વિવેચનનું શુદ્ધ ત્રૈમાસિક છું.

'સમાલોચક': છતાં પણ કેટલીએ અશુદ્ધતા આવે છે ?

'કૌમુદી': તોપણુ અત્યારે મારા જેવાની ખાસ જરુર હતી એ તો આપ સૌએ જાહેરમાં પણ સ્વીકાર્યું છે. શુદ્ધ સાહિત્ય સાથે વિવેચન સાહિત્યને ખીલવવાના મને અભિલાષ છે.

'યુગધર્મ': તો પછી નિષ્પક્ષવાદ કેળવવો પડશે.

'કૌમુદી': એટલે ?

'યુગધર્મ': એટલુંજ કે સૌને માટે એકજ ત્રાજવાં ને તોલાં રાખવાં પડશે. ક્યાંક ગુજરાતી માપ અને ક્યાંક બંગાળી માપ આવા ભિન્નભિન્ન પ્રયોગો મુકી દેવા પડશે. ને 'કૌમુદી'! તમારી 'સરસ્વતીચંદ્ર'ની અરુચિ તો......

'કૌમુદી': જગતમાં જ્યારે બર્નાર્ડ શૉ ને વેલ્સ, એડમંડ ગોસ ને મોંપાંસા વંચાઇ રહ્યા છે ત્યારે જગતને 'સરસ્વતીચંદ્ર'ની નિદ્રામાંથી જગાડવાનો મારો યત્ન શું અયોગ્ય છે ?

(વચ્ચમાંજ સમાલોચક ઉભું થઇ ગયું; પ્રમુખે 'શાંતિ! શાંતિ' ઉચ્ચારી પણ——)

'સમાલોચક': 'સરસ્વતીચંદ્ર'ની તંદ્રામાંથી જગાડવા માટે તો બીજો 'સરસ્વતીચંદ્ર' રજુ કરવો પડશે.

'કૌમુદી': આ બધું થાય છેજ એ માટે. તંદ્રા ઉડે પછી તૈઆરી થાયને ?

'સાહિત્ય': હા; પ્રેમાનંદ અને ગોવર્દ્ધનરામ એ બે ગુજરાતનાં વિરાટ સ્વરૂપોને પદભ્રષ્ટ કરી તેમને સ્થાને તમારા વામનજી......

'ગુજરાત': ત્યારે શું જુનુંપુરાણું.:....

'બુદ્ધિપ્રકાશ': હા; Old is Gold.

'સાહિત્ય': સાવ સાચી વાત. પ્રેમાનંદની—

આ તે લલિત સુમન મધુપ્સુ સવે શકે;
વા મધુરી ગુર્જરીની મીઠાશ મોંઘી ઘણી?

જેવી અકલ પરભૃત વાણી અત્યારે એકમાં પણ બતાવો તો ખરા?

'કૌમુદી': પણ ટેનીસને કહ્યું છે એ ભુલી ગયા? The old order changeth, yielding place to new.

'ગુજરાત': હ; એનું ક્યાં કોઇને ભાન...

'કુમાર': અને ઉપરાંત 'કૌમુદી'ની ઉપયોગિતા પણ કે ઓછી છે? એનાં મનન, આંદોલન ને વિવેચન પણ કેટલામાં છે? એક નાની શી વાત પર તે તમે બધાં આટલું ઉંડું શું ઉતરી પડો છો?

'નવચેતન': ખરેખર, 'કૌમુદી' જેટલો પરિશ્રમ ને અભ્યાસ પણ કેટલામાં છે?

'કૌમુદી': વળી 'સૌરાષ્ટ્ર' કાર્યાલય જેવી સંસ્થાએ પણ મારા પુંઠાનું અનુકરણ કર્યું છે. મારા રૂપરંગની એ સાક્ષી છે.

'સમાલોચક': અને તમે 'પુર્વાલાપ'ના પુંઠાનું અનુકરણ કર્યું છે. એ એના રૂપરંગની સાક્ષી છે.

'કૌમુદી': ઉપરાંત મારી ભાવના તો જુઓ.

'પુરાતત્ત્વ': 'કૌમુદી', ભાવના ને ભવિષ્ય સદા એક નથી રહેતાં. કેટલાએનાં જીવન એના ઉદાહરણ તરીકે રજુ કરી શકાય.

'યુગધર્મ': પહેલું મારું.

'નવચેતન': 'કૌમુદી'! મારે તમને એકજ સલાહ આપવાની છે. વિરોધીઓને ગણત્રીમાંથી હદપાર કરવાનું અને સ્નેહીજનોને ગણત્રીમાં હદબહાર લેવાનું જો તમે જરા મુકી દો, તો જરુર તમે ઉત્તમ સેવા કરી શકો.

'સાહિત્ય': સાચી વાત છે.

'કૌમુદી': એટલી પણ મારી ગણત્રી કરો છો એટલું પણ બસ છે.

'નવચેતન': 'કૌમુદી'! તમે એમ ન ધારશો કે આ સૌ તમારી સામે છે.

'કૌમુદી': ત્યારે વળી બીજું શું સમજવુ ?

'યુગધર્મ': સ્નેહી છીએ. અને તે અંગેજ આટલું કહેવાનું પણ મન થાય છે. તમારું જેટલું સારું છે એટલું તો સાવ સારું. આ તો જે અરુચિકર ને અમાન્ય છે એ સામેજ અમારી લઢવાડ—અહિંસાત્મક શબ્દમાં કહીએ તો અમારો મતભેદ છે.

'કૌમુદી': હું તો ઉભું રહીને પણ થાકી ગયું હવે બેસી જવાની રજા લઉં છું.

['કૌમુદી' બેઠું અને 'ગુજરાત' ઉભું થયું.]

'ગુજરાત': આપ સૌની સરખામણીમાં ઉતરતાં મારો તરી આવતો ગુણ તે મારી 'સાહિત્ય સંસદ્'

'સમાલોચક': સાચી વાત, એમ કહીને તમે તમારો વાડો ઠીક બાંધી લીધો છે.

'નવચેતન': અને વગર પરીક્ષાએ પ્રમાણપત્ર આપવાની પ્રણાલિકા પણ ઠીક કાઢી છે.

'કૌમુદી': એ ગમે તે હો. પણ સાક્ષર શ્રી. નરસિંહરાવથી માંડીને તારાંકિત લલિતજી સુધીના અક્ષરદ્યને તો માત્ર એજ રજુ કરે છે.

'નવચેતન': એક નરસિંહરાવને બાદ કરો તો હું પણ.

'સમાલોચક': 'સરસ્વતીચંદ્ર'ની તંદ્રામાંથી જગાડવા માટે તો બીજો 'સરસ્વતીચંદ્ર' રજુ કરવો પડશે.

'ગુજરાત': અને તે બાદ કઇ રીતે થાય! એમનો તો કેટકેટલો હળદાર ફાળો છે! 'સંસદ્' શબ્દના સૂચક પણ એઓજ.

'યુગધર્મ': અરે! એમનો ફાળો તો એટએટલો છે કે 'ગુજરાત' એમના એક પુસ્તકનાં બે અવલોકન લે.

'કૌમુદી': અને 'નવચેતન'! નરસિંહરાવ શીવાય મુનશીજીને પણ તમારે બાદ કરવા પડશે.

'નવચેતન': એમને તો સ્વદેશે પૂજ્યતે રાજા સૂત્ર માન્યજ છે.

'શારદા': ત્યારે તો વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે એ બાકીનું સૂત્ર પણ માન્યજ હશે!

'ગુજરાત': પણ આડી વાતે ક્યાં ઉતરી પડ્યા! મારા જેટલાં ચિત્રો તો કોઇ ભાગ્યેજ આપતું હશે.

'કુમાર': પણ બધાં માયાવી કલાના અભ્યાસના, મુખ્યત્વે વીલાયતીને દેશી રૂપરંગ દીધેલાં.

'ગુજરાત': તોપણ ક્યાં કોઇ રોયલ્ટી માગવાનું છે? કહેનારા સૌ કહીને થાકશે: કરનારા અમે કદિ નહીં થાકીએ.

'યુગધર્મ': ધન્ય છે તમારી હીમત ને હાજરજવાબીને.

'ગુજરાત': અને મારાં કેટલાંક તત્ત્વ તો તમારે આદરણીય માનવાંજ પડશે. મારા

તંત્રીજીની ગુજરાતી સાહિત્યના ઇતિહાસની ચાલુ લેખમાલા......

'પુરાતત્વ': હા; સાચું ખોટું પણ એ મહત્વનું અંગ ખરું.

'ગુજરાત': વળી એમનીજ ચાલુ વાર્તા...

'યુગધર્મ': એ કબુલ.

'ગુજરાત': મુખ્યત્વે ધૂમકેતુની વાર્તાઓ...

'નવચેતન': એ વાતમાં હું ચઢું એમ છું. એમની ચાલુ વાર્તા તો ખરીજ; પણ એ ઉપરાંત ટુંકી ટુંકી પણ મેળવું છું.

'ગુજરાત': એ ઉપરાંત બહેન સૌ. લીલાવતીનાં વિવિધરંગી લખાણો......

'સ્ત્રીબોધ': હા; એ એક આકર્ષણ ખરું.

'ગુજરાત': રા. નરસિંહરાવનુ ચાલુ 'સ્મરણમુકુર' .....

'વસંત': ગમેતેમ પણ ગણત્રીમાં આવે એવું તો ખરુંજ.

'ગુજરાત': અને મારી મુખ્ય વિશેષતા તો એ છે કે મારે 'સંસદ્ ગ્રંથાવલિ' પણ છે.

'સમાલોચક': આક્ષેપ અંગત લાગે તો મને માફ કરશો, પણ એમાં તમારા તંત્રીજી અને તમારી સંસદના પ્રમુખશ્રી શીવાય કયાં અન્ય કોઇનાંએ પુસ્તકો છપાય છે ? જાણે કે...

'કૌમુદી': એમ કેમ ? એમનું પહેલુંજ પુસ્તક 'રણજીતરામના નિબંધો' છે. એ પછી પણ હવે સૌ. બહેન લીલાવતીનો લેખસંગ્રહ છપાવાનો છે.

'સમાલોચક': પહેલામાં મારી ભુલ થઇ બાકી બીજા સંસદનાં પ્રમુખ નહીં તો સભ્ય તો ખરાંજને?

'ગુજરાત': [વાત ન સાંભળી કરી] મેં પુરતું કહ્યું છે એટલે હવે બસ કરું છું.

['ગુજરાત' બેઠું અને 'બાલજીવન' ઉભું થયું.]

'બાલજીવન': બાળકોનો જીવંત.માસિકોમાં હું જુનામાં જુનું છું મારા જેટલાં ચિત્રો ભાગ્યેજ કોઇ બાલમાસિક......

'બાલમિત્ર': એમાં શું મોટો વાઘ માર્યો ? અનેક વાર છપાઇ ગએલાં ચિત્રોને ફરીથી છપાવી સચિત્ર કહેવરાવવું એ બહુ મોટી વાત કહેવાય ?

'બાલજીવન': તમે સમજ્યા નહીં; ચિત્રો ભલેને ગમે તેટલી વાર છપાઇ ગયાં હોય. બાળકો સમક્ષ તો એ પહેલી વારજ રજુ......

'બાળક': તમારી વાત સાવ સાચી છે. મારો અભિપ્રાય ને મારાં આચરણ પણ એવાંજ છે.

'સ્ત્રીબોધ'નું 'બાળક': આ કરતાં મારે સૌથી સારું છે. ચિત્રો ખાસ આપીએ તો આ બધી પંચાત રહે ને ?

'બાલજીવન': ગમે એમ કહો પણ મારામાં એટલું સત્વ તો છે કે જે અંગે ખુદ મહાત્મા ગાંધીજી પણ મને વાંચવાને લલચાય છે.

'બાલમિત્ર': જેલમાં.

'બાલજીવન': તમારું એટલું ભાગ્ય છે ?

'વસંત': આ લઢવાનું સ્થાન નથી; અહીં બાલિશતાનાં પ્રદર્શન ન હોય.

'બાલજીવન': હવે મારે વધુ કશું કહેવાનું પણ નથી. મારી કીંમત જાણનારા જાણે છે.

'બાલજીવન' બેઠું અને 'યુગધર્મ' ઉભું થયું. સાવ બીનજરુરી ને અર્થ વગરની થોડી તાળીઓ પડી.

'યુગધર્મ': મારા જીવનમાં એક નધાર્યો પલટો થયો છે, એ આપ સૌને વિદિત હશે.

'ગુજરાત': ખરી વાત. આખર પણ તમારે નમવું પડયું. કલા, કલ્પના ને કવિ–સૌને વેદ, ધર્મ ને સ્મૃતિ સાથે જોડી દેવા મથ્યા

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૧૪]

પાંચાળીની પ્રાર્થના

લેખકઃ
રા. મનહરરામ હરિહરરામ મહેતા.
મંત્રી, સાહિત્ય સંસદ્.

ચિત્રકારઃ
રા. ધુરંધર.

ઉંચી નજર કરી ઢળી ઢાળી આંસુધાર,
કરે ઉભય કર જોડીને પાંચાળી પોકાર.

*હરિ! રે અનાથના નાથ! દયા આણજો રે,
હું તે જાઉં કયાં આવાર, પેસું ધરતીની મોઝાર હે મુરાર!
વહારે વિઠ્ઠલ મારા વીરા વહેલા આવજો રે.

પ્રભુ! પુત્રી હું તે કોની, કોની નાર હું રે,
કેવો કઠિન આવ્યો કાળ, મારા આ શા હાલ નંદલાલ!
વહારે વિઠ્ઠલ મારા વીરા વહેલા આવજો રે.

શકે વાયુ ના હલાવી મારા વાળને રે,
આ દુઃશાસને એ વાળ ધરીને કરી બેહાલ હે ગોપાળ!
વહારે વિઠ્ઠલ; મારા વીરા વહેલા આવજો રે.

નથી સૂર્ય કે શશીએ અંગ આ દીઠાં રે,
ભરસભા મહીં આજ જુઓ લુટે મારી લાજ મહારાજ!
વહારે વિઠ્ઠલ મારા વીરા વહેલા આવજો રે.

* 'મને ભુલી ગયો મારો વ્હાલો રે' એના રાહ ઉપરથી.

મારા અર્જુન ને ભીમ જે ભડવીર છે રે,
નકુળ સહદેવ યુધિષ્ઠિર સદા ધીર જે રે;
બેઠા જોડી ઉભય હાથ મને આજ કરી અનાથ જગતાત!
વહારે વિઠ્ઠલ મારા વીરા વહેલા આવજો રે.

પેલા વડીલ પિતા ભીષ્મ વિદુર દ્રોણુ છે રે,
ઉંચું જોય નહીં આશ બેઠા ચિત્ર જાણે ઠામ ઘનશ્યામ!
વહારે વિઠ્ઠલ મારા વીરા વહેલા આવજો રે.

હે ગિરિધારી! હે ગોપાળ! પ્રીતમ ગોપીના રે,
મારૂં શુદ્ધ સદાય મન, મારી ભક્તિ તો અનન્ય હે ગોવિંદ!
વહારે વિઠ્ઠલ મારા વીરા વહેલા આવજો રે.

માધવ! કેશવ! હે હરિ! કરુણ કરી પોકાર,
નમાવી શિર પાંચાળીએ મુખ ઢાંક્યું તે વાર.

*   *   *

દેખી દુઃખમાં દ્રૌપદી ધરતી હરિનું ધ્યાન,
વહારે ધાયા વિપતમાં ભક્તાધીન ભગવાન.



સ્વપ્નદ્રષ્ટા

લેખક:
રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,
બી. એ., એલએલ. બી., એડવોકેટ;
પ્રમુખ, સાહિત્યસંસદ્.

ચિત્રકાર:
શ્રીમાન્ પુરુષોત્તમ,
સભ્ય, સાહિત્ય સંસદ્.

આગલાં પ્રકરણોનો સાર

આણંદના સ્ટેશન ઉપર મુંબાઇના આગળ વધેલા બેરીસ્ટર અને ધારાસભાના સભ્ય ના. જગમોહનલાલને તેમના બાલમિત્ર ને ભાવિ વહેવાઈ રા. બ. પ્રમોદરાયનો મેળાપ થાય છે. તેઓ સાથે વડોદરે જાય છે. રા. બ. પ્રમોદરાયનો પુત્ર સુદર્શન વડોદરા કોલેજમાં અભ્યાસ કરે છે. તેને સ્વદેશભક્તિની ધુન લાગી છે. તે અનેક સ્વપ્નો રચે છે. તેને મળવા તેઓ બંને કોલેજ રેસીડંસીમાં જાય છે. પરંતુ તે પો. પોતના ભાષણમાં ગયો છે એટલે રા. બા. પ્રમોદરાય ત્યાંજ બેસે છે અને ના. જગમોહનભાઇ તેમના સાળા રાજાભાઇને ત્યાં રા. બ. ને અને સુદર્શનને જમવાનું નિમંત્રણ આપી જાય છે.

થોડી વારે સુદર્શન આવે છે અને પિતા પુત્ર મળે છે. અને થોડી વાર દેશની પરિસ્થિતિ વીશે વિવાદગ્રસ્ત ચર્ચા ચાલે છે. અંતે રા. બ. સુદર્શનને લઇ નામદારને તથા તેમના કુટુંબને—સુલોચનાને, તેની ભાવિ પત્નીને—મળવા માટે રાજાભાઇને ત્યાં જવા તૈયાર થાય છે. સુદર્શન કચવાતે મને, પોતાના મિત્રોને રાત્રે સમયસર આવવાનું કહી જાય છે.

(હવે આગળ વાંચો.)

પ્રકરણ ૨ જું

ભાવિ વરવહુ

૧

રાજાભાઇ વડોદરા રાજ્યમાં હોદ્દેદાર હતા; અને એમનું મકાન રાવપુરામાં ટાવરની પાસે આવ્યું હતું. હાલ તે રસ્તા પર જે જાતના નાટકની સીનરી જેવાં ધાટીલાં, સસ્તાં ને તકલેદી મકાન દેખાય છે એવું આ મકાન નહોતું; પણ જુના જમાનાના કોઇ સરદારની હવેલી જાણે વાનપ્રસ્થાશ્રમ લઇ બેઠી હોય એવું દેખાતુ. એના અસલી ધાટના દીવાનખાનામા નકલી જમાનાનું ફર્નીચર, કોઇ મુબાઇગીરી વૃદ્ધા નવા ઠાઠમાં નીકળી હોય એવો ભાસ કરાવતું.

એક આરામ ખુરસી પર સુલોચના પગ પર પગ ચઢાવી બેઠી હતી. પૈસાદાર બાપની લડાવેલી ને ફાટેલી છોકરીનો તે પુરેપુરો ખ્યાલ આપતી. તે ઉંચી હતી ને રુપાળી હતી; તેનો રંગ ગોરો—લાલાશ વિનાનો શ્વેત હતો; અને તે દિચારમા હોવાથી સાંજના અંધારામાં આરસના પુતળાની ઝાંખી કરાવતી. તેનુ મોં જોનારને પાઉડરની છાંટનો વહેમ જતો. તેની આંખોમાં હરામખોરી, અભિમાન ને સ્વચ્છંદનાં કિરણો વારા ફરતી ચમકતાં. તેના હાથ ને પગ લાંબા હતા; એવા કે જેથી તેની ગતિની છટા વધે, અને શરીરની રેખામાં વિલાસનું સૂચન થાય. એક હાથ તેણે હડપચી નીચે મુકયો હતો. તેણે માથે ઓઢયું નહોતું ને બે લટો સંયમનો ત્યાગ કરી ગાલ પર લટકી રહી હતી.

તે એક પ્રખ્યાત ને પૈસાદાર પિતાની લાડકી દીકરી હતી. તે એલ્ફીન્સ્ટન કોલેજમાં બીવીઅસ-કલાસમાં હતી. તે અંગ્રેજી સારું બોલતી ને ટેનીસ છટાથી રમતી; તે રુપાળી હતી; તે મગરુર હતી; તે જીદ્દી હતી; આ બધું તેના વ્યક્તિત્વ પરથી સ્પષ્ટ દેખાતું હતું; અને ન દેખાતું હોય તોપણ તેને દેખાડયાજ કરવું એ સુલોચનાનો સ્વભાવ હતો.

નામદાર જગમોહનલાલે સુદર્શન જમવા આવવાનો છે એમ વાત કરી હતી. સુદર્શન જોડે તેનો વિવાહ—તે તેના માબાપની યોજના હતી, અને એ યોજના સામે તેને વાંધો હતો તેને એક વાંધો નહોતો, પણ અનેક હતા તેને મુબાઇજ ગમતું ને મુબાઇના લોકો પસંદ પડતા; અને તેમાં પણ માત્ર ધનાઢયજ મુબાઇની બહાર મજાહ પણ નહીં અને પૈસો પણ નહીં એટલે ત્યાં રહેતા માણસો સામે તેને તિરસ્કાર હતો. મુબાઇની બહાર સરકારી નોકરી જેવો અધમ ધંધો કરનારના છોકરા સામે આ તેનો પહેલો વાંધો હતો.

એલ્ફીન્સ્ટન કોલેજ શીવાય બીજે કયાંય પણ જ્ઞાન કે સંસ્કાર મળી શકેજ નહીં એ સિદ્ધાંત તેણે એ કોલેજમાં પ્રસરી રહેલા વાતાવરણમાથી સ્વીકાર્યો હતો. મુબાઇની બહાર, વડોદરા જેવા દેશી રાજ્યમાં, વડોદરા જેવી કચરા કોલેજમાં જે છોકરો ભણતો હોય તેને પોતે વરે એનાથી બીજી હીણપત શી હોઇ શકે? આ બીજો વાંધો.

એણે ન્યાતના કેટલાક છોકરા પાસે સાંભળ્યું હતું કે સુદર્શન ગમાર છે; તે માત્ર વાચી પાસ થવું જાણે છે; તેને ત્વા ક્રીકેટ કે નથી ટેનીસ આવડતું. આ તેનો ઘણોજ મોટો વાંધો લાગતો.

પણ આ વાંધાની પરંપરા આટલેથી

અટકી નહોતી; તે રમતની શોખી હતી; તે મિત્રોની સોબતની રસીયણ હતી; તેને તોફાન ને સ્વચ્છંદ ગમતાં. પરણવું એટલે પરાધીનતામાં પગલાં માંડવાં એમ તેનું માનવું હતું; એટલે એવાં કોઇ પગલાં સામે તેનો મોટો વાંધો હતો.

તે જ્યારે પતિનો વિચાર કરતી ત્યારે કેકી રુપ કે ગમન દલાલ તેના મગજમાં આવતા.

કેકી રુપ એ ઘોડાની ગાડીમાં કૉલેજમાં આવતો. ટેનીસમાં તેના 'સ્મેશ' કોઇથી ઝીલાતા નહીં. ક્રીકેટમાં તેના બૉલ કોઇથી રોકાતા નહીં. તે અક્કડમાં અક્કડ કપડાં પહેરતો; ને તેના વાળનાં ગુંછળાં, છટાથી, તેના કપાળ પર ગોઠવાએલાં સદાએ રહેતાં. તે ઘોડા પર પણ બેસતો અને સુલોચનાને થતું કે એના જેવો પતિ મળે તો આખું જીવન ઘોડા પર કુદાકા મારતું ચાલ્યું જાય.

ગમન દલાલ જુદી જાતનો હતો. તે કાળો હતો, છતાં ઉંચો, સુકો ને ઘાટીલો હતો. તે ક્રીકેટ રમતો નહીં. માત્ર ટેનીસ રમતો–પણ સાધારણ; પણ તેની જીભમાં જાદુ હતો. તે હસતો, બોલતો–ને બધા આનંદમાં આવી જતા. તે લહેરીની માફક વાંકી ટોપી મુકતો. તેના ધોતીઆંની નાની ને ચીપેલી પાટલીજ તેની ખુબી દર્શાવતી. તે કૉલેજના દરેક તોફાનમાં આગેવાન હતો. મુંબાઇના દરેક નાટકનો તે ભેરખો હતો. તેની સાથે જીવન એક અનંત હાસ્ય જેવુંજ થાય.

ખરેખર! આવાં માણુસો મુકી આ ગામડીઆ-ગમારને તે પરણવાનું! તે અંધારામાં પણ હસી. એક મજાહ પડશે. આ બોચીઆની જોડે કરેલી વાતચીતથી આખી ટર્મ સુધી મજાકો કરવાની મજાહ પડશે.

'પપા' જીદ કરી પરણાવે તો? બનેજ કેમ? તેણે જીદમાં હોઠ પર હોઠ ચઢાવ્યા. પ્રેમ વિના તે પરણવાની નથી. ગાય જેવી દીકરીઓ ભલે બીજી હોય પણ તે તો તે નથી થવાની. તે તેના 'પપા'ને ઓળખતી હતી; તે કદી તેની મરજી વિરુદ્ધ કૈં કરે નહીં.

નીચે ભાડાની ગાડી ઉભી રહી. પેલો સુદર્શન–સદુભાઇ આવ્યો. તેના મોઢા પર તિરસ્કાર હતો છતાં અપરિચિત યુવકને–જેને બધા તેનો પતિ કરવા માગતા હતા તેને–મળતાં તેને જરા ક્ષોભ થયો.

દાદર પર પગલાંનો અવાજ સંભળાયો. તેણે માથે ઓઢ્યું. ઓરડામાં એક જાડા ગૃહસ્થ આનંદના ઉમળકા સાથે ઝપાટાભેર આવ્યા ને હાથ લંબાવ્યો; "કેમ બહેન સુલોચના!"

સુલોચના જરાક ગર્વથી ઉભી થઇ; "કોણ પ્રમોદકાકા!"

"હા, દીકરા! કેમ છે?"

સુલોચના એક પળ વિચારમાં પડી; સુદર્શન ક્યાં? પણ ઓરડાના બારણા આગળ કોઇ છોકરો ઉભેલો જોયો. એટલામાં જગમોહનલાલ ને રાજાભાઇ આવી પહોંચ્યા. "હલો સદુભાઇ!" નામદારે હાથ લંબાવ્યો. સુદર્શને જરાક ખંચાતાં હાથ મેળવ્યો; "આવની અંદર, કેમ રાવબહાદુર—"

અને મોટેરાઓ વાતમાં ગુંથાયા.

"રાવબહાદુર! આવોને અંદર બેસીએ; મારે જરા વાત કરવી છે." નામદારે કહ્યું; "છોકરાંઓ તમે અહીંઆં બેસો. યાદ છે સુલોચના! સદુભાઇ ને તું માથેરાનમાં મળ્યાં હતાં––પ્રમોદકાકા આવ્યા ત્યારે?"

જરાક મીજાજથી સુલોચનાએ ઉંચું જોયું

પ્રકરણ ૨ જું

ભાવિ વરવહુ

૧

રાજાભાઇ વડોદરા રાજ્યમાં હોદ્દેદાર હતા; અને એમનું મકાન રાવપુરામાં ટાવરની પાસે આવ્યું હતું. હાલ તે રસ્તા પર જે જાતના નાટકની સીનરી જેવાં ધાટીલાં, સસ્તાં ને તકલેદી મકાન દેખાય છે એવું આ મકાન નહોતું; પણ જુના જમાનાના કોઇ સરદારની હવેલી જાણે વાનપ્રસ્થાશ્રમ લઇ બેઠી હોય એવું દેખાતું. એના અસલી ધાટના દીવાનખાનામાં નકલી જમાનાનું ફર્નીચર, કોઇ મુંબાઇગીરી વૃદ્ધા નવા ઠાઠમાં નીકળી હોય એવો ભાસ કરાવતું.

એક આરામ ખુરસી પર સુલોચના પગ પર પગ ચઢાવી બેઠી હતી. પૈસાદાર બાપની લડાવેલી ને ફટેલી છોકરીનો તે પુરેપુરો ખ્યાલ આપતી. તે ઉંચી હતી ને રુપાળી હતી; તેનો રંગ ગોરો–લાલાશ વિનાનો શ્વેત હતો; અને તે વિચારમાં હોવાથી સાંજના અંધારામાં આરસના પુતળાની ઝાંખી કરાવતી. તેનું મોં જોનારને પાઉડરની છાંટનો વહેમ જતો. તેની આંખોમાં હરામખોરી, અભિમાન ને સ્વચ્છંદનાં કિરણો વારા ફરતી ચમકતાં. તેના હાથ ને પગ લાંબા હતા; એવા કે જેથી તેની ગતિની છટા વધે, અને શરીરની રેખામાં વિલાસનું સૂચન થાય. એક હાથ તેણે હડપચી નીચે મુકયો હતો. તેણે માથે ઓઢયું નહોતું ને એ લટો સંયમનો ત્યાગ કરી ગાલ પર લટકી રહી હતી.

તે એક પ્રખ્યાત ને પૈસાદાર પિતાની લાડકી દીકરી હતી. તે એલ્ફીન્સ્ટન કોલેજમાં પ્રીવીઅસઃ કલાસમાં હતી. તે અંગ્રેજી સારું બોલતી ને ટેનીસ છટાથી રમતી; તે રુપાળી હતી; તે મગરુર હતી; તે જીદ્દી હતી; આ બધું તેના વ્યક્તિત્વ પરથી સ્પષ્ટ દેખાતું હતું; અને ન દેખાતું હોય તોપણ તેને દેખાડવાજ કરવું એ સુલોચનાનો સ્વભાવ હતો.

નામદાર જગમોહનલાલે સુદર્શન જમવા આવવાનો છે એમ વાત કરી હતી. સુદર્શન જોડે તેનો વિવાહ–તે તેના માબાપની યોજના હતી, અને એ યોજના સામે તેને વાંધો હતો. તેને એક વાંધો નહોતો, પણ અનેક હતા. તેને મુંબાઇજ ગમતું ને મુંબાઇના લોકો પસંદ પડતા; અને તેમાં પણ માત્ર ધનાઢ્યજ. મુંબાઇની બહાર મજાહ પણ નહીં અને પૈસો પણ નહીં એટલે ત્યાં રહેતા માણસો સામે તેને તિરસ્કાર હતો. મુંબાઇની બહાર સરકારી નોકરી જેવો અધમ ધંધો કરનારના છોકરા સામે આ તેનો પહેલો વાંધો હતો.

એલ્ફીન્સ્ટન કોલેજ શીવાય બીજે કયાંય પણ જ્ઞાન કે સંસ્કાર મળી શકેજ નહીં એ સિદ્ધાંત તેણે એ કોલેજમાં પ્રસરી રહેલા વાતાવરણમાંથી સ્વીકાર્યો હતો. મુંબાઇની બહાર, વડોદરા જેવા દેશી રાજ્યમાં, વડોદરા જેવી કચરા કોલેજમાં જે છોકરો ભણતો હોય તેને પોતે વરે એનાથી બીજી હીણપત શી હોઇ શકે? આ બીજો વાંધો.

એણે ન્યાતના કેટલાક છોકરા પાસે સાંભળ્યું હતું કે સુદર્શન ગમાર છે; તે માત્ર વાંચી પાસ થવું જાણે છે; તેને નથી ક્રીકેટ કે નથી ટેનીસ આવડતું. આ તેનો ઘણોજ મોટો વાંધો લાગતો.

પણ આ વાંધાની પરંપરા આટલેથી

અટકી નહોતી. તે રમતની શોખી હતી; તે મિત્રાની સોબતની રસીયણ હતી; તેને તોફાન ને સ્વચ્છંદ ગમતાં. પરણવું એટલે પરાધીન-તામાં પગલાં માંડવાં એમ તેનું માનવું હતું; એટલે એવાં કોઇ પગલાં સામે તેનો મોરો વાંધો હતો.

તે જ્યારે પતિનો વિચાર કરતી ત્યારે કેકી રુખ કે ગમન દલાલ તેના મગજમાં આવતા.

કેકી રુખ એ ઘોડાની ગાડીમાં કોલેજમાં આવતો. ટેનીસમાં તેના 'સ્મેશ' કોઇથી ઝીલાતા નહીં. ક્રીકેટમાં તેના બૉલ કોઇથી રોકાતા નહીં. તે અક્કડમાં અક્કડ કપડાં પહેરતો; ને તેના વાળનાં ગુંછળાં, છટાથી, તેના કપાળ પર ગોઠવાએલાં સદાએ રહેતાં. તે ઘોડા પર પણ બેસતો અને સુલોચનાને થતું કે એના જેવો પતિ મળે તો આખું જીવન ઘોડા પર કુદાકા મારતું ચાલ્યું જાય.

ગમન દલાલ જુદી જાતનો હતો. તે કાળો હતો, છતાં ઉંચો, સુક્કો ને ઘાટીલો હતો. તે ક્રીકેટ રમતો નહીં. માત્ર ટેનીસ રમતો–પણ સાધારણ; પણ તેની જીભમાં જાદુ હતો. તે હસતો, બોલતો–ને બધા આનંદમાં આવી જતા. તે લહેરીની માફક વાંકી ટોપી મુકતો. તેના ધોતીઆંની નાની ને ચીપેલી પાટલીજ તેની ખુમી દર્શાવતી. તે કોલેજના દરેક તોફાનમાં આગેવાન હતો. મુંબાઇના દરેક નાટકનો તે ખેરખાં હતો. તેની સાથે જીવન એક અનંત હાસ્ય જેવુંજ થાય.

ખરેખર! આવાં માણસો મુકી આ ગામડીઆ ગમારને તે પરણવાનું! તે અંધારામાં પણ હસી. એક મજાહ પડશે. આ બોચીઆની જોડે કરેલી વાતચીતથી આખી ટર્મ સુધી મજાકો કરવાની મજાહ પડશે.

'પપા' જીદ કરી પરણાવે તો? બનેજ કેમ? તેણે જીદમાં હોઠ પર હોઠ ચઢાવ્યા. પ્રેમ વિના તે પરણવાની નથી. ગાય જેવી દીકરીઓ બસે બીજી હોય પણ તે તો તે નથી થવાની. તે તેના 'પપા'ને ઓળખતી હતી; તે કદી તેની મરજી વિરુદ્ધ કૈં કરે નહીં.

નીચે ભાડાની ગાડી ઉભી રહી. પેલો સુદર્શન–સદુભાઇ આવ્યો. તેના મોઢા પર તિરસ્કાર હતો છતાં અપરિચિત યુવકને–જેને બધા તેનો પતિ કરવા માગતા હતા તેને–મળતાં તેને જરા ક્ષોભ થયો.

દાદર પર પગલાંનો અવાજ સંભળાયો. તેણે માથે ઓઢયું. ઓરડામાં એક જાડા ગૃહસ્થ આનંદના ઉમળકા સાથે ઝપાટાભેર આવ્યા ને હાથ લંબાવ્યો; "કેમ બહેન સુલોચના!"

સુલોચના જરાક ગર્વથી ઉભી થઇ; "કોણ પ્રમોદકાકા!"

"હા, દીકરા! કેમ છે?"

સુલોચના એક પળ વિચારમાં પડી; સુદર્શન ક્યાં? પણ ઓરડાના બારણા આગળ કોઇ છોકરો ઉભેલો જોયો. એટલામાં જગમોહનલાલ ને રાજાભાઇ આવી પહોંચ્યા. "હલો સદુભાઇ!" નામદારે હાથ લંબાવ્યો. સુદર્શને જરાક ખંચાતાં હાથ મેળવ્યો; "આવતી અંદર, કેમ રાવબહાદુર—"

અને મોટેરાઓ વાતમાં ગુંથાયા.

"રાવબહાદુર! આવોને અંદર બેસીએ; મારે જરા વાત કરવી છે." નામદારે કહ્યું; "છોકરાંઓ તમે અહીંઆં બેસો. યાદ છે સુલોચના! સદુભાઇ ને તું માથેરાનમાં મળ્યાં હતાં—પ્રમોદકાકા આવ્યા ત્યારે?"

જરાક મીજાજથી સુલોચનાએ ઉચું જોયું

ને હસી; "હું તો તે વખતે ચાર વર્ષની હોઇશ."

"ત્યારે જુની ઓળખાણ તાજી કરો." રાવબહાદુરે ભાવિ પુત્રવધૂ તરફ ખુશમીજાજે જોઇ કહ્યું.

૨

જ્યારે મોટેરાઓ ગયા ત્યારે સુલોચનાએ સુદર્શન તરફ નજર નાખી.

પહેલાં તેની હાસ્યવૃત્તિ ઉત્તેજાઇ રહી. આ સુદર્શન! આ છોકરો–જેનાં વખાણ તેના માબાપ કરતાં હતાં તે! આ તેના માલીક થવાની ઇચ્છા રાખતો કોડીલો વર!

એ અભિમાનભરી દૃષ્ટિથી તેણે સુદર્શનને જોઇ લીધો. બેદરકારીથી ઉંચી રાખેલી જુની ટોપી; પાંચમાંથી પણ અવશેષ રહેલાં બટનવાળો ચેકનો મેલો કોટ; છુટી પાટલાનું જાડું ધોતીયું; કાળા પડી ગએલા દક્ષણી જોડા–આ બેદરકારી, આ ગંદવાડ તેના ઘાટીમાં હોત તો તે તેને તરત રજા આપત.

સુદર્શને હાથ મેળવવા હાથ ન લંબાવ્યો એ ગ્રામ્યતા તેણે જોઇ; તેના વદનની હાસ્યવીહોણી જડતા તેણે મનમાં નોંધી. મોઢું ઠીક કહેવાય–રુપાળું તો નહીંજ. "બોચીયું" ઉપનામ જે તેને સુઝ્યું હતું તે સાર્થક લાગ્યું.

સુદર્શન તેના તરફ નિસ્તેજ, ને નીરસ આંખે જોઇ રહ્યો. સ્ત્રીનું તેને આકર્ષણ નહોતું. પરણવાનું તે ત્યાજ્ય ગણતો હતો. જેટલા રસથી શુકજી રંભાને જોઇ રહ્યા હતા લગભગ તેટલા રસથી તે સુલોચનાને જોઇ રહ્યો.

બંનેને થોડોક ક્ષોભ લાગ્યો. મીજાજી બાલા ને બેદરકાર યુવક બેમાંથી એકેને ચેન પડયું નહીં.

"તમે સીનીઅરમાં છો?"

"હા."

સુદર્શન કંટાળીને ચારે તરફ જોઇ રહ્યો. મોટાંઓ આવા પ્રસંગો શા માટે ઉભા કરતા હશે! "તમે પ્રીવીઅસમાં છો?" તેણે આખરે પુછ્યું.

"હા. તમે ટેનીસ રમો છો?"

"નામર્તુજ. મને કૈં રમતાં નથી આવડતું."

સુલોચના આ નિર્માલ્ય વચન કહેનાર તરફ તિરસ્કારપૂર્વક જોઇ રહી.

"ક્રીકેટ?"

સુદર્શને મ્લાનવદને ડોકું ધુણાવ્યું.

"તમારી જીંદગી કેમ જશે?" જરાક અપમાનકારક હાસ્યથી સુલોચનાએ પુછ્યું અને મનમાં પાછી "બોચીયુ" શબ્દ બોલી. સુદર્શને આ પ્રશ્ન પાછળ રહેલું અપમાન પારખ્યું. વડોદરા કોલેજમાં રહી સ્ત્રી સન્માનના ઝાઝા પાઠો તે પઢયો નહોતો. તેનાં ભવાં ભેગાં થઇ ગયાં. તેની બેદરકાર નજરમાં તેજ આવ્યું.

"મારા જીવનમાં રમતગમતને સ્થાન નથી" જરાક ગુસ્સામાં તેણે કહ્યું.

સુલોચના અવાજમાં ને ચહેરા પર થએલો ફેરફાર જોઇ પહેલાં તો અજાયબ થઇ. પછી આવા આડંબરભર્યા વાક્ય ઉપર તેને હસવું આવ્યું.

"તમે બી. એ. થઇ શું કરશો?"

"હું એ વિચાર કરતોજ નથી" હઠીલા બની જઇ સુદર્શને કહ્યું.

"ત્યારે તે વિચાર કોણ કરશે?"

"તે–મારી મા—" અકળાઇને સુદર્શને કહ્યું. તે આ છોકરીથી કંટાળી ગયો હતો.

'મા' શબ્દ સાંભળી સુલોચના હસવું રોકી શકી નહીં. તેણે મોઢે હાથ મુકી હસવા માંડયું. આટલો મોટો છોકરો વહુ લેવા

આવ્યો—ને માની રજા વગર વિચાર તો કરી શકતો નથી! હાસ્યમાં તિરસ્કાર હતો–નિરંકુશ સ્વભાવનું અભિમાન તેમાં દેખાતું હતું.

સુદર્શનના કપાળ પર વાદળ ઘેરાયું. ઘનઘોર આકાશમાં વીજળી ચમકે તેમ તેની આંખો ચમકી.

"તમે શા માટે બધું પુછો છો?" તેણે કંટાળીને કહ્યું. "તમને બધું હસવા જેવું જ લાગશે. આ બધા આપણને કેમ અહીંઆં છોડી ગયા તે જાણો છો?"

આ સવાલ એટલો સચોટતાથી આવ્યો કે સુલોચનાના મોઢા પર હાસ્ય હતું તેવું ઉડી ગયું. "ના."

"મારા ને તમારા બાપાજી આપણને પરણાવવા માગે છે."

સુલોચનાએ જવાબમાં ખભાં ઉંચકયાં; "એમ?"

"પણ મારે એક વચન જોઇએ છે."

"શું?"

"વચન પાળો તો કહું."

"કહો તે પછી પાળું."

"બહેન! મારે પરણવું નથી. તમે વચન આપો કે તમે મને નહીં સ્વીકારો."

એકદમ સુલોચનાએ ઉંચું જોયું. પળ વાર 'બોચીયા'ની કલ્પના તે વીસરી ગઇ. વણઓળેલા વાળમાં શક્તિ લાગી; આંખોમાં જુસ્સાની જ્યોત ભભુકતી દેખાઇ; મુખ પર જે તેણે જડતા માની હતી તેણે ગાંભીર્યનું સ્વરૂપ પકડ્યું. એકદમ તેને ભાન આવ્યું કે જેટલા તિરસ્કારથી પોતે તેના તરફ જોતી હતી તેટલાજ તિરસ્કારથી સુદર્શન તેના તરફ જોતો હતો.

"કેમ?" આશ્ચર્ય પામેલી સુલોચનાથી એકદમ પુછી દેવાયું.

"મારે નથી પરણવું."

સુલોચનાને ફરી હસવું આવ્યું. આ છોકરો જરા ચસકેલો લાગ્યો. તેણે હસવું ખાળી પુછ્યું: "કેમ?"



ઓરડામાં એક જાડા ગૃહસ્થ આનંદના ઠમકા સાથે ઝપાટા ભેર આવ્યા.

"માની આજ્ઞા નથી." સુદર્શને માનથી ધીમે સાદે કહ્યું.

"મા! —તમારી મા તમને પરણાવવા માગતી નથી?"

"હા મારી મા!... મારી મા નહીં" સુદર્શનના મુખ પર ગ્લાનિ આવી. ને તેની

આંખો જાણે દૂરને દૂર જોઇ રહી હોય તેમ બહાર અંધકાર પર ઠરી; "મારી ભારત માતા" સુદર્શનના અવાજમાં પૂજ્યભાવ હતો. પણ સુલોચનાના નફ્ટ હાસ્યથી એ પૂજ્યભાવના પડઘા કલંકિત થયા.

"તમે દેશભક્ત છો?" સુલોચનાએ જીભ કાઢી ઠેકડી કરતાં પુછ્યું.

"ના, હું મારી માના ચરણુની રજ છું."

"તમે ઇંડીઆને મા કહો છો?"

"તમને જે ઇંડીઆ લાગે છે તે મારી મા છે. એક મને વચન આપશો કે?"

જરા તિરસ્કારથી સુલોચનાએ એકદમ પુછ્યું: "શું?"

"ગમે તે થાય પણ તમે મારો સ્વીકાર કરશો નહીં."

"હા, આ વચન."

સુદર્શને કહ્યું; "આપણે બે પરણવાને જન્મ્યાંજ નથી."

"તે કેમ?"

"હું જોઇ શકું છું. તમે ચબરાક ને શોખીન છો. હું અલ્પબુદ્ધિનો વિરાગી છું. તમારા અંતરમાં માને માટે સ્થાન નથી. મારા અંતરમાં મા શીવાય બીજા માટે સ્થાન નથી. આપણો પાટો ખાય એમ નથી."

"થેંક્યુ," બગાસું ખાઇ સુલોચનાએ કહ્યું ને હસી.

"હવે આપણે બીજી વાત કરીએ."

૩

રાજાભાઇએ તો મોંઘા બનેવીના માનમાં અતિથિ સત્કારની અવધિ કરી હતી. તેણે રંગોળી પુરી, પાટલા નખાવ્યા હતા. અગરબત્તીની સુવાસથી જાણે વાતાવરણમાં નીરો હોય એવું લાગતું હતું. પીતળનાં ચમકતાં વૉલસીટો ઠામે ઠામે ઉજાસ આપી રહ્યાં હતાં.

નામદાર જગમોહનલાલ પ્રસંગને શોભાવે એવી છટાથી ધરતી, ન્યાતની, ગામની, દેશની વાતો કર્યાં જતા હતા; અને તીક્ષ્ણ નજરથી સુદર્શનની રીતભાત તપાસતા હતા; અને થોડીથોડી વારે તે છોકરાને વચમાં બોલવાનું નિમંત્રણ કરતા હતા.

જગમોહનલાલ મનુષ્યના સ્વભાવ ને શક્તિના ઉંડા અભ્યાસી ને પરીક્ષક હતા. તેને સુદર્શનના ઠેકાણા વગરના પહેરવેષમાં માત્ર બેદરકારી જણાઇ, ગંદાપણું જણાયું નહીં. તેને આ કુમળો દેખાતો બુદ્ધિશાળી, શરમાળ ને થોડાબોલો છોકરો ગમ્યો. જરાક પ્રોત્સાહન, જરાક પોલીશ, અને જરાક સારી સોબત મળે તો આ હીરો ચમકી ઉઠે એમ તેને ખાત્રી થઇ. અને એ છોકરાની જોડે વધારે વાત કરી તેના સ્વભાવ ને અભિપ્રાયથી વધારે પરિચિત થવાની ઇચ્છા થઇ. તેણે વાત ફેરવી.

"આજ કાલ ઉંડો અભ્યાસ કરવાની કોઇને ફુરસદ છે? જુઓની દીનશા વાચ્છા ને ગોખલે કેટલા અભ્યાસ પછી આગળ આવ્યા! ને આજે તો અમારા સદુભાઇ પણ રાજનીતિજ્ઞ!" કહી તે હસતે મુખે સુદર્શન તરફ જોઇ રહ્યા. "કેમ સદુભાઇ ખરું કેની?"

નીચું જોઇ ખાઇ રહેલો સુદર્શન આ સંબોધનથી જરા ગભરાયો ને શરમાયો. પણ તરત મહામહેનતે ક્ષોભ જીતી તેણે જવાબ વાળ્યો: "દેશભક્ત ભક્તિથી થાય–જ્ઞાનથી નહીં."

"એટલે વાચ્છા ને ગોખલે દેશભક્ત નહીં?" મોટેથી હસીને નામદારે પુછ્યું.

"જ્ઞાનમાર્ગે યોગી થવાય ખરું; પણ ભક્ત તો ભક્તિથીજ થાય."

"એટલે શું મંજીરાં લઇ 'વંદેમાતરમ્' ગાવાથીજ દેશનો-ઉદ્ધાર થાય કે?" નામદાર પ્રમોદરાય તરફ ફર્યા. "આ જુઓ આજકાલના દેશોદ્ધારક!" તે ખડખડ હસ્યા.

"એ તો બધા માને છે કે 'વંદેમાતરમ્' આવ્યું કે અંગ્રેજો દેશમાંથી નાસી જવાના." રાવબહાદુરે કહ્યું.

"It is stupid મુર્ખાઇની વાત છે." નામદારે કહ્યું; "બ્રીટીશોની મદદ વગર તમારાથી શું થવાનું હતું? સદ્દુભાઇ! જરા વિચાર કરોઃ તમારી ને મારી કેળવણી કોણે આપી? દેશમાં શાંતિ કોણ લઇ આવ્યું? આ નવી સ્વદેશ ભક્તિ કોણે જગવી? બોલો સદ્દુભાઇ!"

સુદર્શનને જવાબ આપવો રુચ્યો નહીં તેને આવો વિવાદ કરવાનું ગમતું નહોતું છતાં તેને જવાબ તો આપવોજ પડ્યો.

"એમ પુછો તો કાકા! હું પુછું? દેશને દરિદ્ર કોણે કર્યો? મુસલમાન સમયની હતી તે જાહોજલાલી કોણ હરી ગયું? આપણા દેશમાં આપણનેજ કોણે નિરાધાર કરી મુકયા?"

"તમે શા સારુ અંગ્રેજોને આવવા દીધા-?" પ્રમોદરાયે વચ્ચે કહ્યું.

"સદ્દુભાઇ!" નામદારે હસીને કહ્યુ; "That's not the point (વાતનો એ મુદ્દો નથી.) પણ અંગ્રેજને કાઢે ફાયદો શો? ને ફાયદો હોય તોએ એ કૈં નીકળવાના છે? તમે બધા વ્યવહારુ બુદ્ધિ રાખતા નથી. રાજનીતિનું પહેલું સૂત્ર વ્યવહારિકતા. અત્યારે આપણે શું કરી શકીએ એમ છીએ? અને કૈં કરી શકીએ તોપણ. જ્યાં સુધી આપણે પોતે નિર્માલ્ય છીએ ત્યાંસુધી શો ફાયદો?"

"જગમોહનભાઇ! સાહેબ! શ્રીખંડ મંગાવું?" રાજાભાઇએ પુછ્યું ને વાતનું સૂત્ર તુટ્યું. સુદર્શને મુંગા મુગા ખાયાં કર્યું. સુલોચનાને રાજ્યનીતિની વાત તરફ કંટાળો હતો એટલે તેણે આવતી ટેનીસ ટુર્નામેંટનો વિચાર કર્યા કર્યો.

બધા જમી ઉઠ્યા. નામદાર જગમોહનલાલનાં ધણીઆણી ગૌરીબહેન તો રાજાભાઇની વહુ જોડે વાતે વળગ્યાં. સુલોચના સામાન બંધાવવામાં રોકાઇ, અને પુરુષો દીવાનખાનામાં બેઠા. સુદર્શન એક ખુણે બેસી પોતાના વિચારો કરવા લાગ્યો.

"સદ્દુભાઇ!" નામદારે કહ્યું. સુદર્શને ચમકીને ઉચું જોયું. "બી. એ થઇ તમારે શું કરવું છે?"

"હજી કૈં નક્કી નથી."

"મારે એને સીવીલ સર્વીસ માટે મોકલવો છે." પ્રમોદરાયે કહ્યું.

"પણ તમારી શી ઇચ્છા છે?" નામદારે પુછ્યું.

"મેં કૈં નક્કી કર્યું નથી."

"તમે સીવીલ સર્વીસમાં જશો તો પછી તમારા દેશનો ઉદ્ધાર કેમ થશે?" જગમોહનલાલે કટાક્ષ માર્યો.

"સરકારી નોકરોજ દેશનું ભલું તો કરે છે" દીકરાને કલેકટર થવાની આકાંક્ષાવાળા પ્રમોદરાયે કહ્યું.

"પણ સદ્દુભાઇ તો કૈં જુદુંજ ધારે છે."

"શું?" પ્રમોદરાયે પુછ્યું.

"બોલો સદ્દુભાઇ! શું ધાર્યું?"

"હમણાં તો હું એકજ વસ્તુ ધારું છું. ભારત માતાની સેવા વિના હું બીજું કૈં કરવાનો નથી."

જગમોહનલાલ હસી પડયા. પ્રમોદરાયના કપાળ પર જરાક ગુસ્સો દેખાયો.

"બધા છોકરા નાનપણમાં આમજ તડાકા મારે છે." નામદારે હસવું પુરું થતાં કહ્યું; "પણ સદ્દુભાઇ! બાલપણનાં સ્વપ્નાં અને મોટપણના અનુભવોમાં આસમાન જમીનનો ફેર હોય છે. પાંચ વર્ષ રહીને આ તમારા વિચારો તમને હસવા જેવા લાગશે. પહેલાં પોતાનું ભલું કરો પછી દેશનું. નાનપણનાં સ્વપ્નો લડાવ્યાથી કોઇનું ભલું થયું નથી."

સુદર્શન મુંગોજ રહ્યો. તેને નામદાર જગમોહનલાલનાં દૃષ્ટિબિંદુઓ ઝેરી હવાની માફક ગુંગળાવી રહ્યાં હતાં.

અને નામદારના સુકાન પ્રમાણે વાર્તાલાપના વહાણે જુદી દિશા લીધી.

૪

મુંબાઇની ટ્રેન ઉપડવાની થઇ.

"સુલોચના! સદ્દુભાઇને મુંબાઇ આવવાનું તો કહે." નામદારે દીકરીને શિષ્ટાચાર શીખવ્યો.

"સદ્દુભાઇ! Do come-positively (જરુર આવજો)" તિરસ્કારભરી તટસ્થતાથી સુલોચનાએ કહ્યું.

"પરીક્ષા માટે આવો ત્યારે અમારે ત્યાંજ ઉતરજો." ગોરીબહેને પોતાના તરફથી શિષ્ટાચાર કર્યો.

"ને રાવબહાદુર! અને તો તમે પણ આવજોની."

"અરે મારે તો કેઝ્યુઅલ લીવ મળે એમ નથી ને છતાં જોઇશ."

"ચાલો. સીટી વાગી."

"આવજો, આવજો. સાહેબજી......" ને ગાડી ઉપડી—ને ખરાબ સ્વપ્નું ચાલ્યું જાય તેમ નામદાર જગમોહનલાલે રચેલું વાતાવરણ ચાલ્યું જતું હોય એમ સુદર્શનને લાગ્યું.

ટ્રેન ગઇ એટલે પ્રમોદરાયે સુદર્શન તરફ જોયું.

"સુદર્શન! હું જાઉં છું, પણ જગમોહનભાઇએ કહ્યું તેના પર વિચાર કરજે. ને કૈં ગાંડપણ હોય તો કાઢી નાખજે."

સુદર્શને જવાબ આપ્યો નહીં. "સુલોચના જોડે તારો હવે વિવાહ કરી દઇશું."

સુલોચનાના નફટ હાસ્યથી એ પૂજ્યભાવના પડઘા કલંકિત થયા.

સુદર્શન સ્વપ્નમાંથી જાગ્યો હોય તેમ બાપની સામે જોઇ રહ્યો.

"મારે પરણવું નથી" તેણે કહ્યું.

"પરણ્યા વગર કોઇને ચાલ્યું છે કે તને ચાલશે?" પ્રમોદરાયે જરા ડોળા કાઢી કહ્યું; "ખબરદાર જો આડો થયો છે તો."

"મારાથી પરણાય એમ નથી."

"કેમ?" રાવબહાદુરે અધીરાઇથી પુછ્યું.

"મારે મારી માની સેવા કરવી છે."

"સહુ! એ તારી ઘેલછા હું જાણું છું. એ મારી આગળ નહીં ચાલે." પ્રમોદરાયે ગુસ્સામાં તપી જતાં કહ્યું. "ઘણી ગરબડ કરશે તો પગ પકડી ઘરની બહાર કાઢી મુકીશ."

સુદર્શન જરાક હસ્યો; "બાપાજી! ઘણી ચીજો ઘર ને બહાર બંને કરતાં કીંમતી હોય છે."

"શું તારી દેશભક્તિ!"

"ના મારી માની સેવા."

"મુરખા! મુરખા! એ શીવાય બીજું કૈં બોલવું સુઝે છે? ક્યાં હું સરકારી નોકર—ને ક્યાં તું મારો છોકરો?"

"તમે સરકારના નોકર છો એમ માનો છો—પણ તમે ખરું તો માના નોકર છો."

"મારે ત્યાં આ તોફાન નહીં ચાલે. હું સરકારનું લુણ ખાઉં છું" ઉગ્રતાથી રાવબહાદુરે કહ્યું.

"બાપાજી! સરકાર લુણ વીલાયતથી નથી લાવતી. માનું લુણ ને માનાં છોકરાં ખાય છે."

"ચાલ બહુ થયું."

સુદર્શન મુંગો રહ્યો. ને થોડી વારે રાવબહાદુર તેમની ગાડીમાં બેસી ચાલ્યા ગયા.

મુંબાઇ જતી આગગાડીમાં નામદાર જગમોહનલાલ સુલોચના જોડે વાતે વળગ્યા.

"દીકરા! કેમ સહુમાઇ ગમ્યોને?"

"હા. ઠીક છે" નાક ચઢાવી સુલોચનાએ કહ્યું. તેના અવાજની કઠોરતા સાંભળી નામદારે ઉંચું જોયું ને દીકરીના મુખ પર ભેગો થએલો વિરોધ પારખ્યો. "એની જોડે તારો વિવાહ કરવો છે."

"Nothing of the kind (એમાંનું કશુંજ નહીં.)" ઘણોજ ભાર દઇ નામદારની પુત્રીએ જવાબ આપ્યો; "આ બોચીઆને હું પરણું?" સુલોચનાએ ખભાં ઉંચાં કર્યાં.

આ તેના માલીક થવાની ઇચ્છા રાખતો કોડીલો વર.

"શું ખોટો છે?" ગોરીબહેને પુછ્યું; "તને તો મુંબાઇના ભભકાએ આંજી નાખી છે."

"એ છોકરો શું વાંચે છે. તે મેં જોયું. હોંશીઆર છે, મહેનતુ છે, સીધો છે. આંખ-નાકે સારો છે. પછી તારે શું જોઇએ?"

"તમે આટલાં ખુશ થઇ ગયાં છો પછી મારે કહેવું શું?" તિરસ્કારથી લાડકી દીકરીએ પુછ્યું.

"કૈંજ નહીં; એની જોડે પરણી જવું."

"હું નથી પરણવાની."

"It's idiotic (મુર્ખાઇ છે) આપણી ન્યાતમાં એવો વર છે કયાં?"

"મને પરણવાની જરાએ હોંસ નથી." સુલોચનાએ હસીને કહ્યું.

"મને પરણાવવાની હોંસ છે, પછી થયું?"

"પણ આને કરું શું? જરા કૈં થાય છે તો માને પુછવા જાય છે."

"એ તો ગાંડી! ક્ષણિક દેશભક્તિનો પવન છે. કાલે આથમ્યો જશે. ને છોકરો નાનપણમાં આવો હોય તેજ મોટપણે ધાડ મારે."

"પપા! મને તો તદ્દન ગાંડો લાગ્યો."

"તને તો એલ્ફીન્સ્ટન કોલેજે બગાડી મુકી છે." ગૌરીબ્હેને કહ્યું.

"મને ભણાવી શું કામ?" દીકરીએ લાડમાં જવાબ આપ્યો.

"સુલોચના હવે ઘણી વાત થઇ." નિશ્ચયાત્મક બુદ્ધિથી મુઠી હલાવતાં જગમોહનલાલે કહ્યું. "આ કાને સાંભળ કે પેલે કાને. પણ સદુભાઇને પરણ્યા વગર છુટકો નથી."

"એ તો માની જશે." ગૌરીબ્હેને પતિનો નિશ્ચય જોઇ ધીમેથી કહ્યું.

"માનવુંજ પડશે" નામદારે કહ્યું.

સુલોચનાએ નીરાંતે બારીની બહાર જોવા માંડયું.

જગમોહનલાલ વિચારમાં પડ્યા. સુલોચનાનો વિચાર કરતાં સુદર્શનનો કર્યો; ને તેનો વિચાર કરતાં સુદર્શનના સિદ્ધાંતનો વિચાર કર્યો.

અત્યાર સુધી તે કોઇ વિપ્લવવાદી જોડે સંસર્ગમાં આવ્યા નહોતા. ફીરોજશાહી રાજ્યનીતિને જાહેર જીવનનું અંતીમ ધોરણ માનતા હોવાથી વિપ્લવવાદ સમજવાની પણ તેણે પરવા કરી નહોતી. ઘેલા છોકરાઓને હરામખોર બદમાશો ચઢાવીને હોળીનું નારીએળ કરે છે—આજ રહસ્ય તેને નવા પ્રગટેલા રાષ્ટ્રવાદમાં દેખાતું.

સુદર્શનમાં તેણે વિપ્લવવાદ સદેહે જોયો. આ શરમાળ છોકરાની મનોદશામાં ભયંકર વસ્તુઓ છુપાએલી તેણે જોઇ. આવા છોકરાઓ પાકશે તો જે વ્યવસ્થા ને શાંતિ દેશમાં સૈકાઓના રમખાણ પછી આવ્યાં હતાં તેનું શું થશે? શું આખા દેશ ને સમાજમાં વિપ્લવ પ્રસરશે? શું બ્રીટીશ સલ્તનતને તે હલાવશે?

બ્રીટીશ સલ્તનત જુલમી હતી—કાળા ગોરાનો ભેદ ગણતી હતી. પણ તે સલ્તનત વગર વ્યવસ્થિત પ્રગતિ શકય નહોતી, અને તે સલ્તનતની ખરી માલીક ઉદાર, ન્યાયી ને લોકશાસનની શોખીન એવી અંગ્રેજી પ્રજા હતી. તે સલ્તનતના સંરક્ષણ વિના શાતા, કે શાંતિ, પ્રગતિ કે પ્રભાવ કૈં મળે એમ નહોતાં. એના વિના જુદીજુદી જાતિઓ ભેગી કેમ રહે—ધાર્મિક ઝગડાઓ શમે કેમ—ને લોકશાસનની ભાવના પ્રગટે કેમ? એના વિના અફઘાનો આવે, રશીઅનો આવે; અહમદશાહ અબદલીએ ને નાદીરશાહે વર્તાવેલો કેર ફરી વર્તે.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૧૯]

સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર

લેખક:
સૌ. બહેન લીલાવતી,
સભ્ય, સાહિત્યસંસદ્.

કેટલાક કહે છે કે અર્વાચીન જગતનું લક્ષણ છાપવાની કળા છે. અને એને લીધે વિચારોનો વિસ્તાર થયો અને માનવોનો મોટો સમૂહ માણસાઇમાં આવ્યો. કેટલાક એમ પણ કહે છે કે વિજ્ઞાનની પ્રગતિ એ આ યુગનું મુખ્ય લક્ષણ છે કારણ કે હાલની નવી દુનીઆની રચના વિજ્ઞાનની શોધો ઉપર-જ રચાઇ છે. કલાવિદો કલાના પુનરુદ્ધારમાં આ યુગનું મહાન્ લક્ષણ સમાવે છે. પણ આ યુગનું પ્રધાન લક્ષણ 'સ્ત્રીઓના સ્વતંત્ર વ્યક્તિત્વના સ્વીકાર' નેજ ખરેખરું ગણી શકાય તેમ છે.

પ્રાચીન કાળથી માંડીને છેક ઓગણીસમી સદી સુધી સ્ત્રીઓના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કદીએ થયો ન હતો અને એને લીધે એમની માનવતાનો વિકાસ પુરેપુરો ભાગ્યેજ થતો—અથવા નહોતોજ થતો એમ કહીએ તો ચાલે. યુરોપમાં ને એશીઆમાં વ્યક્તિત્વવાળી સ્ત્રીઓ, છુટા છવાયા દાખલાઓ બાદ કરતાં, ઇતિહાસમાં ભાગ્યેજ નજરે પડે છે. અને તેમાંએ સદ્‌ગુણી વ્યક્તિત્વશાળી સ્ત્રીઓ તો કોઇકજ જડે છે. એનું કારણ માત્ર એકજ કહી શકાય. સ્ત્રીઓનો મુખ્ય સદ્‌ગુણ પુરુષોને વશવર્તી થઇ ચાલવામાં અને આજ્ઞાપાલનમાં ગણાતો. આપણે ત્યાં 'न स्त्री स्वातंत्र्यमर्हति એ સૂત્ર સદાકાળ માન્ય ગણાતું આવ્યું છે. અને બીજાં દેશોમાં એવાંજ પ્રકાર-નાં સૂત્રોને આધારે સંસાર રચાયો છે. પરિણામે જેમના સ્વભાવ ને પ્રતાપ સદ્‌ગુણી સ્ત્રીઓના પત્રકમાંથી બાદ થવાની બીકે પણ દબાયા નથી એવીજ સ્ત્રીઓ પ્રતાપી તરીકે ઇતિહાસમાં અમર થઇ છે.

સ્ત્રીઓના સ્વતંત્ર વ્યક્તિત્વના સ્વીકારની આ યુગની ભાવનાને લીધે આ જાતનો ભય ઘણેખરે અંશે હવે જતો રહ્યો છે. સ્ત્રીઓને આગળ આવવા માટે ખાસ પ્રપંચ રચવા પડતા હોય કે સદ્‌ગુણો ત્યજવા પડતા હોય એવું હવે નથી.

આ ભાવનાના સ્વીકારની સાથે ઘરમાં અને સમાજમાં, સ્ત્રીપુરુષના સંબંધમાં અને આદર્શમાં પણ ઘણા મહત્વના ફેરફારો થવા માંડ્યા છે. સ્ત્રી એ હવે માત્ર સંસાર ચલાવવાનું સાધન, સૃષ્ટિક્રમને ચાલુ રાખવાને સર્જાએલો એક પદાર્થ, પિતૃઓને સ્વર્ગમાં મોકલવા માટે આવશ્યક જરુરીઆત કે ઘર અને જાત સંભાળવા માટે આણેલી એક દાસી તરીકે નથી રહી; પણ હવે તો પુરુષની ભાવનાની સહચરી અને એના કાર્યોમાં ભાગ લેનારી સખી એ બની છે. સામાજિક અને રાજકીય પ્રશ્નોમાં, ઘરના અને બહારના વ્યવહારમાં એનો સહચાર હવે આવશ્યક ગણાયો છે. જગતના વ્યવહારમાં એ હવે નકામું, પુરુષને જેમ તેમ કરી ખેંચી જવું પડે એવા અંગ તરીકે નથી રહી. આ બધા ફેરફારો કેમ થયા તે આપણે વિગતવાર જોઇએ.

જગતના આદિ કાળથી બે પ્રકારની સંસ્કૃતિના પાયા પર સમાજનો ને જાતિઓનો આધાર રચાયો છે; માતૃમૂલ સંસ્કૃતિ અને પિતૃમૂલ સંસ્કૃતિ. માતૃમૂલ સંસ્કૃતિ દ્રવિડ વગેરે જાતિઓમાં છે તે; અને પિતૃમૂલ સંસ્કૃતિ તે આર્યોની. માતૃમૂલ સંસ્કૃતિમાં કુટુંબનું મુખ્ય કેંદ્ર માતા હોય છે, અને એની આસપાસજ બધો સંસાર રચાય છે. પિતૃમૂલ સંસ્કૃતિમાં એથી ઉલટોજ ક્રમ હોય છે. એમાં પુરુષ પ્રધાનપદે અને સ્ત્રી ગૌણપદે હોય છે. આ બે પ્રકારમાં માતૃમૂલ સંસ્કૃતિ સૃષ્ટિક્રમની દૃષ્ટિએ સ્વાભાવિક છે, કારણ કે ઉત્પાદક અને ઉત્પન્ન થએલાંનો સંબંધ એ રીતે વધારે સચવાય છે. પણ જાતિની દૃષ્ટિએ એથી ઘણા વાંધા આવે છે. એકજ કુટુંબમાં ચાર પાંચ બાળકો તદ્દન જુદાજ પિતાનાં હોય તો તેથી કુટુંબની ભાવના અને જાતિનું ઐક્ય બરાબર સધાય નહીં. તેમજ માતાને માથે બહારની જવાબદારી હોય તો કુટુંબનો વિકાસ કરવાનો એને સમય ન રહે, અને કંઈપણ જવાબદારી વગર સમાજનાં અડધાં અંગ પુરુષની શક્તિઓ નકામી થઇ જાય. વળી બહારની અને ઘરની બંને જવાબદારીઓ સ્ત્રીને માથે એક સાથે પડે તો એની શક્તિઓ વહેલી ક્ષીણ થઇ જાય; અને જાતિની દૃષ્ટિએ પણ સમાજનું મુખ્ય અંગ વહેલું નકામું થઇ જાય તો એનો વિકાસ પુરેપુરો થઇ શકે નહીં. માતૃમૂલ સંસ્કૃતિ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં આ બધાં કારણોને લઇને એમનો અધુરો વિકાસ સ્પષ્ટ દેખાય છે. પ્રજા ઉત્પન્ન કરવાનો સૃષ્ટિનો સ્વાભાવિક ક્રમ સ્ત્રીની ઘણી શક્તિઓને મર્યાદિત કરી નાખે છે એટલે આ બધાં પરિણામો અનિવાર્ય છે.

આર્ય જાતિએ આ ભય પહેલેથીજ પારખ્યો, અને સંસ્કૃતિને પિતૃમૂલ કરી, આમાંના ઘણા ભયોમાંથી બચી જવાનું ધાર્યું. સ્ત્રીઓને પણ આ રચના અનુકુળ લાગી હશે એટલે એમણે એ સ્વીકારી. શરુઆતમાં આ વ્યવસ્થા આધિપત્ય કરતાં સગવડની ભાવનાથી વધારે સ્વીકારાઇ હશે. આ પ્રકારનું અનુમાન વેદકાળની સ્ત્રીઓની દશા તપાસવાથી મળી આવે છે; જો કે એ વખતે તો આ સંસ્કૃતિને સ્વીકારાયે પણ હજારો વર્ષો થયાં હશે.

ખાસ કરી વેદકાળમાં સ્ત્રીઓની પદવિ સમાજમાં ઉતરતી હોય એમ લાગતું નથી. તે વખતે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે એક પ્રકારની સમાનતા અને સ્વતંત્રતા જોવામાં આવે છે. એ જાતનાં સ્ત્રીપુરુષો વચ્ચેના સંબંધ આપણે હાલ,

પ્રચલિત નવી સંસ્કૃતિના ઘણા ઓછા સમાગમમાં આવેલી જાતિઓમાં જોઇ શકાશે. જેમ આપણો સંસ્કારી વર્ગ અત્યારે સમાજમાં છે તેમ ઋષિ મુનિઓનો વર્ગ પોતાની બુદ્ધિથી ચઢીઆતો અને જુદો પડી આવતો હતો. પાછળના કાળના સંસ્કારોએ રીતભાતમાં જે ચીલા પાડયા અને મર્યાદાઓ બાંધી તે આ વર્ગમાં અસલ નહોતા. આર્ય સ્વભાવમાં મુળથીજ બુદ્ધિમત્તા હતી; પણ પાછળની નીતિનાં આકરાં ધોરણો તેમાં નહોતાં. તેથી પિતૃમૂલ ભાવનાને પ્રધાનપદ આપવા છતાં તે વખતમાં પુરુષોના આધિપત્યનો ખ્યાલ સમાજમાં બહુ આવ્યો ન હતો.

ત્યારપછી મહાભારત કાળમાં પુરુષના આધિપત્યનો કંઇક વધારે પ્રવેશ થવા માંડયો અને સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના સંબંધમાં કંઇક વધારે સખતાઇ પેસવા માંડી. છતાં એ કાળમાં આપણી અત્યારની ભાવનાની દૃષ્ટિએ સ્ખલનો લાગે એવા ઘણા પ્રસંગો છે. અત્યારે આપણે નીતિ અનીતિનાં ધોરણે એ બનાવો તપાસવા બેસીએ છીએ પણ તે વખતે તો એ જાતના સવાલો ભાગ્યેજ ઉભા થયા હશે એમ લાગે છે.

પણ એ વખતે સ્ત્રીની પદવિ ગૌણ તો થવા માંડી હતી. પુરુષનું આધિપત્ય બહારની દુનીઆ પર અને સાથે સાથે સ્ત્રી જાતિ પર પણ વધ્યું. સ્ત્રી, સમાજનું એક અંગ ગણાવાને બદલે પુરુષની એક મીલ્કત તરીકે ગણાવા માંડી– ગણાઇ. મહાભારતમાં પાંડવો દ્રૈપદીને હોડમાં મુકે છે તે તેને મીલ્કત તરીકે ગણીનેજ. અને મહાભારતનું આખું યુદ્ધ એ સ્ત્રીને આમ મીલ્કત તરીકે ગણવાની ભાવનાનું પરિણામજ દેખાય છે. એ વખતમાં આ ભાવના ઘણે અંશે સ્વીકારાઇ હતી. એમ ઘણા દાખલા પરથી જણાઇ આવે છે.

રામાયણ જે કાળમાં લખાયું તે કાળની ભાવના જોતાં પુરુષનું સ્વામીત્વ સ્ત્રી પર એટલું વધેલું લાગે છે કે એનું સ્વતંત્ર વ્યક્તિત્વ હોઇ શકે કે કેમ એ સવાલ માત્ર કોઇ શંકાખોરોના ચિત્તમાંજ જન્મ પામતો હશે. સ્ત્રીનું ગૌરવ પણ આમ રાજીખુશીથી વ્યક્તિત્વનો લોપ કરવામાંજ હતું એવી કૈં છાપ રામાયણ વાંચતાં મગજ પર પડે છે. મનુએ પણ આજ અરસામાં 'ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ' નું સુત્ર ભાર દઇને કહ્યું છે.

ત્યાર પછીના યુગોમાં સ્ત્રી વીશેની આ માન્યતા દૃઢ થતી ગઇ. મુસલમાન સમયમાં સ્ત્રીનો બધોએ વિકાસ અટકયો અને તેને ઘરનું બંદીખાનું વગર આનું દીધે સ્વીકારવું પડયું. મુસલમાનની અસરને લીધે ગુજરાત શીવાય હીંદુસ્તાનના દરેક પ્રાંતની સ્ત્રી આ જાતનું બંદીખાનું હજુએ સેવે છે.

યુરોપના બીજા દેશોનો ઇતિહાસ પણ કૈંક આવોજ છે પણ એ વીશે વધારે વિગતમાં આપણે નહીં ઉતરીએ.

સ્ત્રીની આ જાતની દશાને લીધે માનવસમાજ પર શી અસર થઇ? સૃષ્ટિક્રમનું અડધું અંગ સ્ત્રી તે ઘર શીવાયના બીજાં કોઇ પણ કાર્યક્ષેત્રને માટે લગભગ નકામું થયું. એની દૃષ્ટિ એટલી સંકુચિત થઇ ગઇ કે કોઇ પણ પ્રકારનો બહારનો નવો વિચાર ગ્રહણ કરવાને તે લગભગ અશક્ત થઇ ગઇ. અને એની અસર પુરુષો પર પણ થતાં એમની દૃષ્ટિમર્યાદા પણ ઘણીજ સાંકડી થતી ગઇ. મધ્યકાળમાં તો આપણે ત્યાં ભાગ્યેજ એવા નર પાકયા છે કે જેમણે જગતનું એક પણ નવું

સત્ય શોધી કાઢ્યું હોય, અથવા જેમના બુદ્ધિ પ્રવાહે જુની વસ્તુઓને પણ રસભર કરી હોય.

હીંદુસ્થાનનો પાછલો બધો ઇતિહાસ યુદ્ધોથી ભરપુર છે અને તેમાં સ્વાભાવિક રીતે સ્ત્રી નીર્બળ હોવાથી એને ગૌણુ સ્થાન મળ્યું એવી દલીલ કોઇ કરે તો તેમાં કેંક સત્ય છે ખરું. પણ સ્ત્રીઓની આ સ્થિતિ યુધ્ધોથીજ ઉત્પન્ન થઇ હોય એવું દેખાતું નથી. યુધ્ધો ઘણી વાર સ્ત્રીની પદવિ ઉતારવાને બદલે અગત્યની બનાવે છે, અને એવું તાજું દૃષ્ટાંત છેલ્લા મહા વિગ્રહ દરમીઆન અને તે પછીની પશ્ચિમની સ્ત્રીઓની સ્થિતિ અને કાર્યશકિતએ પુરું પાડ્યું છે. પણ સમાજની મનોદશાજ એવી હતી કે સ્ત્રી માત્ર સમાજના નિર્બલ અંગરુપેજ કે શોભાના આભૂષણ રુપેજ મનાતી. સ્ત્રીઓના જે જાતના હક્કો કાયદામાં સ્વીકારાયા હતા તે પરથી અને નીતિસૂત્રોમાં અને ઉપદેશક વર્ગોએ સ્ત્રીઓને માટે જે જાતનાં વચનો ઉચ્ચાર્યાં છે તે ઉપરથી આ વાત સ્પષ્ટ સૂચિત થાય છે. કાયદા, ઉપદેશકો ને નીતિસૂત્રો તો સમાજનાં પ્રતિબિંબજ હોય છે.

દ્રૌપદીના સમયથી માંડીને સ્ત્રીને વહેંચી લેવા યોગ્ય, હોડમાં મુકવા યોગ્ય અને અપમાન કરવા યોગ્ય ગણવામાં સંસ્કારી જનોને સંકોચ નડયો હોય એવુ દેખાતું નહોતું. પતિની પાછળ સતી થવાનો રીવાજ સ્ત્રીનું જુદું અસ્તિત્વજ સ્વીકારવાની ના પાડે છે. સ્ત્રી માત્ર ઉપભોગનો પદાર્થ, ન ગમે ત્યારે ફેંકી દેવાય એવો, દૂર કરાય એવો, એવી કે માન્યતા તો આજથી પચીસ ત્રીસ વર્ષ પહેલાં ઠેર ઠેર જડતી અને હજુ પણ ઘણે સ્થળે એનાં દર્શન થયા વિના રહેતાં નથી: મનુ મહારાજની હજારો વર્ષથી પળાતી આવેલી આજ્ઞા સ્ત્રીઓને અન્ન વસ્ત્રથી સંતોષવાનું ફરમાવે છે કારણુ કે સ્ત્રી સ્વતંત્રતાને યોગ્ય નથી એ તો સૃષ્ટિનો અચલ નિયમ હોય એવી તેમની દૃઢ માન્યતા છે. આ બધા પરથી એટલું તો ચોખ્ખું દેખાય છે કે સ્ત્રીઓ અસલ વધારે સ્વતંત્ર અને સુખી હતી એ માન્યતા તદ્દન આધાર વિનાની છે.

પુરુષ સૃષ્ટિનો રચનાર હતો. અને એ સૃષ્ટિમાં ઘણી વસ્તુઓની સાથે સ્ત્રીને પણ સ્થાન હતું. કદાચ એ સ્થાન ઘણું અગત્યનું હશે પણ એ માત્ર એક સ્થાનજ હતું. સૃષ્ટિની રચનામાં સ્ત્રીનો સહકાર કે તેનો હીસ્સો નહતો—આવશ્યકજ મનાયો નહોતો. આપણે આપણા વિકાસક્રમની શરુઆત બીજી જાતિઓ કરતાં ઘણી આગળથી કરી પણ એકજ પૈંડાથી સધાતી પ્રગતિથી ગાડું આગળ ધપવાને બદલે ધીરેધીરે પાછળ હઠવા માંડ્યું. આટલા બધા યુગોના ઇતિહાસમાં કેટલી સ્ત્રીઓ બુદ્ધિથી રચાએલી દુનીઆમાં, મહાન લેખક કે મહાન્ કવિ તરીકે; મહાન્ વિચારક કે શોધક તરીકે પોતાનો ફાળો આપી શકી છે? એજ બતાવે છે કે આ માનવ સૃષ્ટિની રચનામાં સ્ત્રીનું સ્થાન નહોતુંજ; અપવાદો જડે છે પણ માત્ર નિયમને સાબીત કરવા પુરતાજ.

અસલમાં લગ્નની રીતિમાં સ્ત્રીની પસંદગીને અવકાશજ ન હતો તે નિર્વિવાદ વાત છે. કોઇ કોઇ રાજાની કુંવરીઓના સ્વયંવર વાંચવામાં આવે છે. જો એ બધા ખરાજ સ્વયંવર હોય તો તે પ્રથા પણ પાછલા કાળમાં લગભગ અદૃષ્ટ થઇ ગઇ હતી. સાધારણ જનસમાજમાં તો એટલીએ છુટ હતી એમ માનવાને કંઇ કારણુ નથી.

કેટલાક કવિઓની સુંદર કલ્પના બાદ કરીએ તો કુટુંબમાં સ્ત્રી પુરુષને આધીન હતી; પતિને પ્રસન્ન રાખવો ને ઘર સાચવવું એ એના જીવનનું મુખ્ય કર્તવ્ય હતું. વંશની વેલ વધારનારી તે હતી છતાં બાળકો પરનો હક્ક પિતાનોજ ગણાતો. પુરુષને એના તરફ એકનિષ્ઠ સાચવવાનું જરા પણ બંધન નહોતું; છતાં આંધળા, લુલા, લંગડા કે મુરખા પતિને પરમેશ્વર લેખી ભક્તિ કરી જીવન સમર્પણ કરવાનું એને તો ખાસ ફરમાન હતું. આવી સ્થિતિમાં સમાનતાનો અંશ ક્યાંથી સંભવે? ભલે સ્ત્રીઓ આ સ્થિતિમાં સુખ માનતી હોય; ગુલામો પણ ગુલામી નાબુદ થઇ ત્યારે એમની જુની સ્થિતિમાં સુખ હતું એવો પોકાર કરવા લાગ્યા હતા. જન્મભરનો કેદી કેદખાનાની બહાર આવતાં ક્ષણિક દુઃખ અનુભવે છે; પણ તેથી એની પરતંત્રતામાં સુખ હતું એમ ન કહેવાય.

કાયદા અને ધર્મમાં પણ સ્ત્રીનું સ્થાન ઘણુંજ ઉતરતું હતું અને હજુએ છે. કાયદા અને ધર્મ એ સમાજની આરસી છે ને સમાજ જેવો હોય તેનું ખરું પ્રતિબિંબ એ ઝીલે છે. જે જે દેશમાં સ્ત્રીને પતિની મીલ્કતમાં હક્ક નથી પણ માત્ર ભરણ પોષણનીજ અધિકારી ઠેરવી છે અને જ્યાં દૂરના પીત્રાઇઓ કરતાંએ એનો હક્ક ઓછો ગણવામાં આવે ત્યાં સ્ત્રી પુરુષની અર્ધાંગના છે એ શબ્દોને શબ્દજાળ શીવાય બીજું શું કહી શકાય?

ધર્મમાં પણ સ્ત્રીઓને શુદ્રો ને બાળકોની હારમાં મુકી છે. એનાથી વેદોચ્ચાર શ્રવણ થાય નહીં; એને દ્વિજ થવાનો અધિકાર નહીં; સ્વર્ગમાં જવાને માટે પણ એને પતિસેવા કર્યા શીવાય બીજો રસ્તો નહીં. દિગંબર જૈન જેવા ધર્મમાં તો સ્ત્રીને મોક્ષ હોઇ શકેજ નહીં. ઘણાં પાપો કરે તેજ સ્ત્રી જન્મે એવું ઘણાં ધર્મશાસ્ત્રો માને છે. અને પુરુષોની અધોગતિનું કારણ સ્ત્રીઓને ગણીને, એમને ત્યાગ કરવાની આજ્ઞાઓ ઘણાં ધર્મશાસ્ત્રોમાં કરેલી દેખાશે

આપણી સ્ત્રીઓની આર્થિક નીરાધારતાનો પ્રશ્ન દિવસે દિવસે વધારે અસહ્ય થતો જાય છે. ભુતકાળના કોઇ પણ સમય કરતાં અત્યારે એની ઉગ્રતા વધી છે. સંસાર સુખી હોય તો તો સ્ત્રીને કમાવાની પરવા રહેતી નથી, પણ સુખ ન સાંપડે તો? આપણા સમાજમાં સ્ત્રીથી જાતે કમાવા જવાય નહીં. કમાવા જાય તો કમાવાનાં સાધનો નથી અને કમાઇ શકાય તેવી કેળવણી પણ નથી. અને તેથી જીંદગીમાં કમાવાની જરુર પડે ત્યારે પણ તેને પારકા આધારે રહેવું પડે છે. હજારો વિધવાઓ અને જેમનો સંસાર નિષ્ફળ ગયો હોય એવી પરણેલી સ્ત્રીઓ આટલાજ ખાતર જીવન નીરાધારીમાં વીતાવે છે. કુમારી સ્ત્રી આપણા સંસારમાં નથી હોતી તેનું કારણ પણ આજ છે. સમાજના નાના મોટા ઘણા પ્રશ્નોનો નીકાલ આ પ્રશ્ન પર રહ્યો છે.

૨

પ્રાચીન દુનીઆમાં સ્ત્રીનું સ્થાન જોયું. હવે આપણી દુનીઆમાં નવી ભાવનાના —સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વના સ્વીકારથી શા શા ફેરફારો થયા છે તે જોઇએ.

સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વના સ્વીકારથી સ્ત્રી એ મીલ્કત છે એવી માન્યતાનો લોપ ભાવનાના પ્રદેશમાં અને ઘણે અંશે વ્યવહારમાં થવા માંડ્યો છે—થયો છે. આ ભાવનાની

રેલ આગળ વધતી પ્રજાઓમાં ફરી વળી છે. આપણે ત્યાં થોડાં વર્ષ પછી આ જળ ફરી વળશે એમ લાગે છે.

જ્યાં જ્યાં આ ભાવના સ્વીકારાએલી છે ત્યાં ત્યાં—આપણા કેળવાએલા વર્ગમાં—સ્ત્રી પુરુષ વચ્ચેના સંબંધની ભાવના ફેરવાવા માંડી છે. સ્ત્રી એટલે અબળા—ગાય, જ્યાં દોરે ત્યાં જાય એવું નહીં; પણ મન બુદ્ધિ અને હૃદય જેનાં ખીલેલાં છે એવી સ્વતંત્ર વ્યક્તિ. એને જરૂરીઆતો હોય; એની ખાસ વિશિષ્ટતાઓ હોય; એને પણ આનંદ જોઇએ; એને પણ મન અને બુદ્ધિને સંતોષવાનાં હોય. આ બધા વિચારો—આચારથી નીરાળા એવા વિચારો—સંસ્કારી જનોમાં લગભગ મતભેદ વિના પ્રસર્યા છે. લગ્નમાં સ્ત્રીની પસંદગી હવે પુછાય છે; મહત્ત્વની મનાય છે. એ પણ આ ભાવનાનુંજ પરિણામ છે.

કુટુંબમાં પણ માતા તે પિતાના જેટલાજ માનને પાત્ર છે; બાળકોની કેળવણીમાં પિતા કરતાં માતાની જવાબદારી વધારે છે અને તેથી તેની પસંદગીને વધારે મહત્ત્વ મળવું જોઇએ; એ સુત્રો વ્યવહારમાં હજુ આપણા દેશમાં પુરેપુરા અમલમાં નથી મુકાયાં પણ સિદ્ધાંત તરીકે તો લગભગ એનો સ્વીકાર થઇ ગયો છે. કુટુંબમાં પણ હવે સ્ત્રી વગર-મૂલ્યે સેવા કરનારી દાસી નહીં પણ કુટુંબની અધિષ્ઠાત્રી બની છે. ઘણા ખરા કેળવાએલા કુટુંબોમા પુરુષ માત્ર કમાઇજ લાવે છે. કમાણીની વ્યવસ્થાનો ભાર સ્ત્રીનેજ શિર હોય છે.

હાલની નૈતિક ભાવનાઓમાં પણ ફેરફાર થવા માંડ્યો છે. પહેલાં બાર વર્ષની ઉપરાંતની કુમારી છોકરી શંકાની નજરે જોવાતી. પુનર્લગ્ન કરનાર સ્ત્રીઓ અધમમાં અધમ ગણાતી. પુરુષોની સાથે વધારે સંસર્ગમાં આવનાર સ્ત્રી દુરાચારી ગણાતી. હવે આ બધી માન્યતાઓ અદીઠ થવા માંડી છે. મન, વાણી અને કર્મની એકાગ્ર પવિત્રતા હોય તોજ માણસ પવિત્ર કહેવાઇ શકે એવી દુઃસાધ્ય ભાવનાને માત્ર સ્ત્રીઓ પાસેજ સધાવવાને આગ્રહી સમાજ એક વાર ગોવર્ધનરામની કુમુદસુંદરીને અસતીની કોટિમાં ગણતો. આવા પ્રસંગોમાં સમાજ હાલ એટલી સખ્તાઇથી મત બાંધતો નથી. સ્ત્રીઓનાં હૃદય માત્ર સમાજની ઇચ્છાનુસાર વાગનારી ગ્રામોફોનની સુઇઓ નથી પણ એમને સ્વયંભૂ ઊર્મિઓ અને વૃત્તિઓ થાય એવાં અંતઃકરણ છે એ વાત હવે ધ્યાનમાં લેવાય છે. એક પત્નીવ્રતનો સમાજના મોટા ભાગે કરેલો સ્વીકાર અને જ્યાં છુટ હોય ત્યાં પણ એકથી વધુ સ્ત્રી કરવાનો આચારમાં પળાતો નિષેધ એ પણ સ્ત્રીના જુદા વ્યક્તિત્વ અને ગૌરવના સ્વીકારનું પરિણામ છે.

સ્ત્રીઓને ઉતારી પાડતાં સૂત્રો કે સુભાષિતો પર હવે ભાર મુકી, તેને જીંદગીમાં આચરનાર કેળવાએલા વર્ગમાં કવચિતજ જડે છે. કાયદામાં જે હક્કો સ્ત્રીને મળ્યા છે તેનો બને તેટલો વિશાલ અર્થ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. વ્યવહારમાં પણ સ્ત્રી ભરણપોષણનીજ અધિકારી છે એ ખ્યાલ ઘણે અંશે દૂર થતો જાય છે. દૂરના પીત્રાઇ કરતાં અર્ધાંગનાને ઓછી અધિકારી ગણનાર સમાજમાં આ ફેરફાર નજીવો ન ગણાય. પણ એ વીશે હજુ ઘણો સુધારો કરવાનો છે.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૨૩]

મૃત્યુ પછી મળેલ દંપતી

[અનુસંધાન પૃષ્ઠ ૧૨૮ થી]

મને સાંભરે છે કે હું ધીમેધીમે નિદ્રાવશ થઇ ગઇ. મોડી રાત્રે હું ઉઠી, ત્યારે મારા ઘરમાં દીવો બળતો હતો, ને મારા પગ પાસે–વાચનારની ક્ષમા માગવી પડે છે કે, તે આ વાતને કલ્પના અથવા વાર્તાની ધુન માનશે; પણ જે પ્રમાણે આ વાત બની છે, તેજ પ્રમાણે મેં આપીછે–દિનમણિ પોતે બેઠો હતો!

તેણે ધીમેથી, મારા ફળતા પગ પર હાથ મુક્યો. હું તેના સામે જોઇ રહી. શરીર તો એવું કનૈયા જેવુંજ હતું; રસિકતા પણ હજી જાણે કાલે ચોરીથી ઉઠયાં હોઇએ તેવી તાજી ને સુગંધિત હતી; દીવાની જ્યોત જરા જરા હાલતી હતી, પણ તેના પડછાયાને હાલતો હું જોઇ શકી નહીં; તેણે મારી સામે મીઠું હાસ્ય કર્યું: 'ઓળખે છે કે ભુલી ગઇ?' તેણે ધીમેથી મને કહ્યું. એજ વખતે બારના ટકોરા થતા મેં સાંભળ્યા.

"હું તમને ભુલું? તમે મને ભુલી ગયા છો. આજ કેટલા દિવસે તમે દેખાયા?" હું ગભરાયા વિના તેને જીવતો જાણીનેજ વાત કરતી હતી.

"હું પણ તને ભુલ્યો નથી–એ વાતજ ક્યાં ભુલાય તેવી છે. કે, કોઇ પોતાના આત્માને ભુલી શકે છે?"

મેં મોઠા હાસ્યથી જવાબ વાળ્યો; 'હજી તો તમે એવા ને એવા લાગો છો. હમણાં તમે ક્યાં છો ને ત્યાં શું કરો છો? તમને શું લાગે છે?

"હમણાં તો હું અહીંજ રહેવાનો છું. તારી પ્રીતિ કૈં વીસરાય તેવી નથી; અને ત્યાં શું છે, એ કૈં વર્ણન કરાય તેવી વાત નથી."

"મારું તો આજે માથું બહુ દુઃખે છે.' તે ધીમેથી મારી પાસે આવ્યો. તેણે મારા માથા પર હાથ મુક્યો. તે હાથ બરફ જેવો ઠંડો હતો; પણ તેની આંખમાં સુંદર સ્નેહની ઉષ્મા ઝરતી હતી.

"તને ખબર છે કે આપણા આત્માનો છેલ્લો સંસ્કાર એ બીજા * જીવનની શરુઆત જેવો છે?"

"હા. એ મને ખબર છે."

"હું તારી પાસે આવું છું એ તને ગમે છે?"

"હા. જો તમે મને નહીં ગમો, તો પછી ઇશ્વર પણ મને ક્યાંથી ગમશે? તમે એટલાજ ખુશનુમા–તાજા–ને સુગંધિત છો. મૃત્યુ પછી, પણ જીવનમાં તાજગી રહે છે?"

તે જરાક હસ્યો. "જીવનની તાજગીજ મૃત્યુ પછી શરુ થાય છે. મૃત્યુથી તો તમે બધાં મફતનાં ડરો છો."

સુંદર જીવન હોય એને માટે તો મૃત્યુમાં ભારે ભારે નવાનવા આનંદ ભર્યા છે! અમે કેટલા અધર ઉડીએ છીએ! ઘણી વખત તો અમે જોઇએ છીએ કે માણસ, પોતે બંધાયો

* એક માણસને બોર અત્યંત પ્યારાં હતાં. જ્યારે તે છેવટ મરવા પડયો, ત્યારે અકસ્માત્ એક બોર વેચવાવાળો નીકળ્યો. તેણે શેરીમાંથી નીકળતાં બુમ મારી કે "લ્યો રાંદેરી બોર!". તે માણસનું ચિત્ત ત્યાં ગયું. ને મૃત્યુ સન્મુખ થએલા પેલા માણસની એક આંગળી, તરતજ પોતાના મોં તરફ વળી. તે જોતું તેના સગાંએ, મોંમાં બોર મુક્યું કે તરત મરણ પામ્યો!—લેખક

હોય, ને છતાં જાણે બીજાના યત્નથીજ પોતે છુટી શકવાનો હોય, એમ જાણીને જીવનમાં નિરાશા ભોગવે છે! અમને અંધારથી–એ દેખાવ બહુ કરુણ ને દુઃખદ લાગે છે!"

"તમે કહો છો 'અમે?' તમે કેટલાક છો?'

"એ પણ એક નવીજ સૃષ્ટિ છે. ઘણા ખરા તો જેવા જીવનમાં હતા, તેવાજ ભયંકર ને ક્રૂર પણ છે!"

"હેં!"

આ વખતે દીવો પવનથી હરી ગયોઃ ને હું બુમ પાડી ઉઠી. તેણે પોતાનો હાથ મારા હૃદય પર મુક્યો.

"તું મારાથી ડરે છે? ......પણ, હા, તને ક્યાંથી ખબર હોય? જીવતાં, અને મૃત્યુ પામેલાં મનુષ્યો વચ્ચે, એક સ્નેહનીજ સાંકળ રહી શકે. અમારાથી ભય પામે તેને અમે મળી શકતા નથી. અને મળીએ છીએ ત્યારે તમે...મૃત્યુ પામો છો. કેટલાંક ક્રૂર......અને દુષ્ટ સત્ત્વો......એવો આનંદ–જેવો જીવનમાં હતો તેવો–દ્વેષ અને ક્રોધનો, અને ક્યારેક તો મોહ અને લોભનો–ભોગવે છે. તેમનાથીજ ડરવાનું–પણ હું તો તને મળવા આવ્યો છું. ને આપણા નિર્દોષ પ્રેમના બળથી. માટે"—તે બોલતાં અચકાયો.

"તમે એવાં ક્રૂર સત્ત્વોથી ડરો છો?"

"ના, એ નવી સૃષ્ટિમાં–આત્માનું સામર્થ્ય અનિવાર્ય ગણાય છે. અને તમારે અહીંઆં નબળા શરીરમાં રહેલો પ્રબળ આત્મા, ક્યારેક સાધારણ જનોના દૂષાદિનો ભોગ થાય છે, તેવી સ્થિતિ ત્યાં ટકીજ શકતી નથી. એ સૃષ્ટિમાં આત્માનો અધિકાર અનિવાર્ય અને નિશ્ચિત છે; છતાં ક્યારેક અતિ દુષ્ટ સત્ત્વ હોય—" ને તેણે તરતજ દીવો કર્યો.

"છતાં ક્યારેક અતિ દુષ્ટ સત્વ હોય, ત્યારે અમને તેની શક્તિ જણાય ખરી. આ અહીંઆથી થોડે દૂર–એક અતિ દુષ્ટ સત્ત્વ અત્યંત ક્રૂર ને ભયાનક રહે છે......" મેં તેના સામે જોયું. તે પોતે પણ–જરા ઝંખવાણો પડી ગયો હોય તેવો જણાયો; તે વખતે પવનના ઝપાટાથી દીવો ફરી ગુલ થયો. મારાથી, ભયના માર્યા મોટેથી બુમ પડી ગઇ.

"ઓય માડી!......"

અને તરતજ વાદળ–તેજસ્વી વાદળ જેવી તેની છાયા પસાર થતી લાગી. માત્ર અંધારામાં તેના થોડાજ શબ્દો સંભળાયાઃ "જીવન અને મૃત્યુને જોડનાર કડી નિર્ભયતા–પ્રેમનો અખંડ વિશ્વાસ એ છે. તારામાં, જીવન છે, ને જીવનનો ભય છે. માટે હવે હું તને ફરી મળી શકીશ નહીં. ડરથી તો તારું મૃ......" તેણે શબ્દ પાછો વાળી લીધો; પણ હું સમજી ગઇ કેઃ 'મૃત્યુ થાય...' અને તેના ઠંડા હાથ જેવો, મૃત્યુનો હાથ મારા પર ફરતો મને લાગ્યો. મેં ધ્રુજતાં ઉઠીને દીવો કર્યોઃ ને કાલે સવારે જાણે હું રહેવાની નથી, એ વાત ચોક્કસ થઇ ગઇ હોય તેમ લખવા મંડી. કદાચ, મેં આ તાવમાં લખ્યું હશે, એમ ધારીને મેં મારું શરીર થર્મોમીટરથી માપી જોયું છે. તેમાં–૯૮.૫ વંચાય છે. સવારે હું વખતે ન હોઉં તો મારો અનુભવ તો હશેજ. મારા વિચાર મારા શરીર કરતાં, વધારે અમર રહેવાના છે એવું ધારતાં મને આનંદ થાય છે! અને આનંદની ધુનમાં હું અથેતિ વાત લખું છું. હજી પણ જ્યારે તે દિવસે

અમે બીજાઇને તરબોળ થઇને જંગલમાં ચાલ્યાં જતાં હતાં, ને દિનમણિની રસભરી મૂર્તિ પેલી બંસી બજાવી રહી હતી, એ વાત યાદ આવે છે ત્યારે મને કૈંનું કૈં થાય છે. જીવન પછી હું દિનમણિ સાથે ફરીને જોડાઇશ તો ત્યાંજ......"

અહીંઆંથી વાર્તા એકદમ અધુરી છે. ઠેકઠેકાણે-ડાઘા છે. ને કેટલાક શબ્દો ન વંચાય તેવા છે. જયારે ઘણા શબ્દો જીવડાંએ કોરી ખાધા છે. પણ છેલ્લા અધુરા વાકયમાં તો એનો કહેવાનો ભાવાર્થ સ્પષ્ટ છે. "તો ત્યાંજ હું ફરીથી જોડાઇશ."-એવો કૈંક ધ્વનિ છે.

બીજે દિવસે હું આ ઘર-કે જેનું નામ આપવાની જરુર નથી-જોઇ આવ્યો છું. એ પડી ગએલા ખંડેરમાં હવે કૈં તેજ નથી. પણ આ વાર્તા લખનારે છેલ્લું વાકય અધુરું મુકયું છે, તેમ બન્યું હોય, તો કદાચ દિનમણિ ને તેની...પતિ...ત્યાં ફરતાં હોય!...

(નોંધ)........આમ મુકેલા શબ્દો વાર્તામાંથી સુઝયા નથી, સમજાયા નથી, અથવા મુકવા ઉચિત ધાર્યા નથી.

આજેજ મંગાવો.

સ્વામી રામતીર્થનું જીવનચરિત્ર. (સંપૂર્ણ).

સાહિત્ય પ્રેમીઓને અપ્રતિમ અવસર! એક આદર્શ દેશ-સંન્યાસીનું રસમય જીવન! 'રામબાદશાહ'ના નામથી પૌર્વાત્ય તથા પ્રાશ્ચાત્ય દેશોમાં વિખ્યાત એવા સ્વામી રામના આ જીવનને કયો સાચો હીંદીવાન નહીં વાંચે?

કીંમતઃ રૂ. ૩ વી. પી. તથા પોસ્ટેજ જુદું.

વિધાતા વિપદ. અતિ રસિલું અને હૃદયભેદક કાવ્ય

કીંમતઃ રૂ. ૦-૮-૦.

બહારગામવાળાઓએ મેહેરબાની કરીને ૧૦) આનાની ટીકીટો મોકલવી

ઉપર લખેલાં બંને પુસ્તકો લેનારને રૂ. ૩. વી. પી. તથા પોસ્ટેજ જુદું.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

નં૦ ૨, કાલબાદેવી રોડ, મુંબાઇ.

ઠપકાને પાત્ર

—o—

[અનુસંધાન પૃષ્ઠ ૧૩૯ થી]

કોની સાથે પ્યારમાં છે. આ બાબત સમજવા હું દાવો નથી કરતો, પણ હું ધારું છું કે, તે પ્યારમાં છે એટલે તેને બૈરી જોઇએ છે; એમાં તો કૈં શંકા જેવું નથી; બૈરી મળે એટલુંજ. પછી ગમે તે બૈરી મળે, તેમાં શું ? ચાલ, એ ખુશ ખબર હું એને કહું.

[ગભરાએલો કુશળ પ્રવેશ કરે છે.

કુશળ

બાપા અહીંથી જલદી જાય તો સારું.

શિવશંકર

મારા વહાલા બાળક ! બીક ત્યજી દે, બધુંએ ઠીક છે.

કુશળ

બધુંએ ખરાબ છે, અને હજાર દરજ્જે વધારે ખરાબ છે.

શિવશંકર

તું શું કહેવા માગે છે ?

કુશળ

બાપાની અણધારી મુલાકાતથી હું વિકટ સંકટમાં આવી પડયો છું. અફસોસ ! તમે મારી અરધી માત્ર વાત જાણો છો.

શિવશંકર

હું ધારું છું કે વધારે ખરાબ અરધી જાણવી બાકી છે. ખરું મેં બધું સહન......

કુશળ

મારી બધી મૂર્ખતા જણાવતાં હું ધ્રુજું છું, છતાં હવે હું તમારાથી વાત છુપાવી શકતો નથી. સંજોગોની આવશ્યકતા અને અમારો ભય મને ફરજ પાડે છે—

શિવશંકર

બોલ, બોલ, ધીરજ ધર.

કુશળ

એક સૈનિકની અનાથ બાળા સાથે હું પ્યારમાં છું; તેના સૌંદર્યની મારા મન પર બહુ ઉંડી અસર થઇ; તેનો પ્યાર મેળવવા મેં સર્વ કૈં કર્યું, અને તેનો પ્યાર મેળવ્યો અને છેવટે........

શિવશંકર

ઓહોહો ! કુશળ ! તું, હવે વધારે કૈં બોલ નહીં.

કુશળ

ના, ના, હવે તો અંત સુધી સાંભળો.

શિવશંકર

નહીં, નહીં. મે બહુ સાંભળ્યું છે. મારા શિક્ષણનું આ ફળ ! તારે માટેની મારી સતત કાળજીનો આ બદલો !

કુશળ

નહીં સાહેબ તમારા સમજવામાં ફેર પડે છે. તમે માત્ર જો પુરું સાંભળો...

શિવશંકર

મારા તરફથી હવે ક્ષમા કે દયાની આશા નહીં રાખ. તેં એવો પ્રેમ કર્યો હોત કે જણાવતાં શરમાવું નહીં પડે, તો કદાચ હું તને મદદ કરત.

કુશળ

શું ત્યારે તમે અમારાં લગ્ન માટે મદદ આપત ? બાપાની સમંતિ...મેળવી હોત કે ?

શિવશંકર

ત્યારે એ બાબતમાં હું કદાચ કૈં બોલત; કારણ કે લગ્ન પવિત્ર છે અને તે અનુસાર વર્તવવુંજ જોઇએ. પણ તેં તો......

કુશળ

(આનંદમાં) ત્યારે મારા પૂજ્ય ગુરુ ! મારા પરમ મિત્ર ! આશ્વાસન લો, હું પરણી ચુકયો છું.

શિવશંકર

(આશ્ચર્યક્તિ) પરણી ચુકયો ?

કુશળ

હા! હા! પણ તમારા કહેવા પ્રમાણે લગ્ન પવિત્ર છે; આથી તમારા પોતાના મત પ્રમાણેજ તમે મને મદદ કરવા બંધાએલ છો.

શિવશંકર

પરણ્યો? હું આટઆટલો સાવચેત છતાં તેં પરણી જવાનું તરકટ રચ્યું? અલબત્ત, આ બધું મારે તરત તારા બાપાને જણાવવું જોઇએ.

[જવા માંડે છે.

કુશળ

તમારી પ્રતિજ્ઞા?

શિવશંકર

અહા!

કુશળ

મારી વાત જણાવો તો મારી અને મારી પત્નિની જીંદગીની આહૂતિ આપવામાં આવશે. પણ તમે નહીં કહી શકો, ખરેખર નહીં કહો. તમેજ ઠપકા પાત્ર ઠરશો. મારી વર્તણુંક પર દેખરેખ રાખવાની તમારી ફરજ હતી; તમારીજ ભુલ! હું ગુપ્ત લગ્ન કરી જવા પામું, તેમાં તમારાજ સાવધપણાનો દોષ નીકળશે. તમારોજ. મારા પિતાએ મારા કૃત્યો માટે તમને જવાબદાર બનાવ્યા છે. મારી ગેરવર્તણુંક માટે તમેજ માત્ર મારા પિતાની અવકૃપાને પાત્ર થશો.

શિવશંકર

[ધીમેધીમે મુખ પર સંતોષ જણાય છે.] મારો વહાલો છોકરો! એના તર્કશાસ્ત્ર માટે એ મારો આભારી છે. આવા શિષ્ય માટે ખુદ એરીસ્ટોટલ પણ મગરુર બનત. આનું નામ તે દલીલ કરવાની પદ્ધતિ. મારે જવાબમાં એક શબ્દ નથી.

કુશળ

વખત નહીં ગુમાવો; એકદમ નિશ્ચય પર આવી જાઓ. તમે અમારો બચાવ કરો તો અમે તમને હંમેશ અમારા રક્ષક અને મિત્ર તરીકે ગણીશું. તમે જો અમારો પક્ષ કરશો તો અમે તમને તમારી વૃદ્ધાવસ્થામાં દીલાસારૂપ થઇ પડીશું. અમારાં બાળક તમારો ઉપકાર માનશે, અને જેમ તેમના પિતાને તમે અભ્યાસ કરાવ્યો છે; તેમ તેમનાં મગજ પણ તમે કેળવશો.

શિવશંકર

મારા વહાલા કુશળ! તારે માટે હું કૈં પણ સહન કરીશ. મારું ગમે તે થાવ, પણ તારો સ્વાર્થ જાહેર નહીં કરું. આથી તારા પિતાને સખત દીલગીરી થશે. તેને આ વાત કેવી રીતે કહેવી, તે વીચારવા કેટલાક દિવસ જોઇશે. પણ તારી [મનમાં] આજ સવારેજ મેં એને શીખામણ દીધેલી. [મોટેથી] પત્નિ કયાં છે?

કુશળ

અહીંઆજ.

શિવશંકર

અરે! શું? અહીં? ઘરમાં?

કુશળ

ઉદ્યાનમાં પિતાના અભ્યાસગૃહમાં. પિતાની ગેરહાજરીનો લાભ લઇ મેં તેને ત્યાં છુપાવી હતી. પણ તેમના અણધાર્યા આગમનથી હવે મારે તેને ત્યાંથી ખસેડી કયાંય અન્ય સ્થળે છુપાવવી જોઇએ. ગાઢ થતા અંધકારનો લાભ લઇ તેને તંબુ બહાર ઉદ્યાનમાં કાઢી છે. હવે તેની સુપરત હું તમને કરું છું.

શિવશંકર

સબુર! સબુર! સ્ત્રીની સુપરત મને?

કુશળ

તમારો ખંડ સૌથી વધારે સહીસલામત સ્થળ છે. કોઇ યુવતિને અંદર સંતાડી છે, એમ કોઇ શંકાએ નહીં કરે. [ઉદ્યાનમાં દોડે છે.] મધુરી! મધુરી!

શિવશંકર

[અત્યંત વિહ્વલ બની] રાખ; તું શું કરવા માગે છે? મારા...ઓરડામાં એ પકડાય તો હું તો માર્યો ગયોજ સમજવો.

[મધુરી પ્રવેશ કરે છે.

કુશળ

મારી વહાલી બી નહીં! આતો આપણા મિત્ર છે.

મધુરી

આભારની લાગણી કયા શબ્દોમાં પ્રદર્શિત કરીએ?

શિવશંકર

દીકરા!—અરે બહેન! બાઇ! મારું માથું ભમે છે. પણ કુશળ તું કહે કે મારી જાણ વિના તેં કેવી રીતે.........

કુશળ

મારી પત્નિ તમને બધું કહેશે. દરમ્યાન હું બહાર પહેરો ભરું. બાપા જો આ બાજુ આવ્યા તો ભોગ આપણા. મારા ભલા માયાળુ મિત્ર!...દુનીઆમાં કીંમતીમાં કીંમતી વસ્તુ ...મારી પ્રિયતમા મધુરી, હું તમારા તાબામાં સ્વાધીન કરું છું.

શિવશંકર

અહા! શું? તું એને એકલીને મારી સાથે એકાંતમાં મુકી જશે? નહીં! નહીં!

કુશળ

[સાંભળ્યા વિના] પ્રાણ! શાંત થા! સર્વ રુડાં વાનાં થશે.

[જાય છે.

શિવશંકર

એ......ઇ, કુશળ! મને એકલાને એની સાથે નહીં મુકીશ.

મધુરી

સાહેબ, હું ફરીથી તમારો ઉપકાર માનું છું.

શિવશંકર

[તેનાથી દૂર ખસી] ઉપકાર? ખરેખર! જો તું જાણે કે.........

મધુરી

પણ તમે ક્રોધ કેમ કરો છો? અમને સંકટમાં ત્યજી દેશો? તમારી...મિત્રતા અને મારા પતિના પ્યારમાંજ મારી મુક્તિની આશા છે.

શિવશંકર

[મનમાં] શું હૃદયસ્પર્શી કંઠ! મેં પૂર્વે કદી નહીં......આ સાપણે આજ કંઠથી મારા શિષ્યને લલચાવ્યો હશે. [કર્કશ સ્વરે] બહેન—બાઇ! મારે જણાવવું જોઇએ કે તમે જે પગલું ભર્યું છે તે—

[મધુરીના વદન પર શરમના શેરડા પડે છે.

નહીં, તમને દુઃખ થાય એવું કૈં હું કહેવા માગતો નથી પણ તમે કોણ છો, તે કહો.

મધુરી

સ્વર્ગવાસી કર્નલ માનસિંહની હું અનાથ બાળા. મારા બાપ મને, નિર્ધન, મિત્ર રહિત આધારરહિત, મુકી ગુજરી ગયા. હું પછી અનાથાશ્રમમાં રહી; ત્યાં મને કુશળ સાથે ઓળખાણ થઇ. તમે કુશળની લાયકાત જાણો છો એટલે અજાયબ નહીં થાત કે.........

શિવશંકર

ગરીબ, બીચારી! વારુ રડ નહીં. તારી ચિંતા અલ્પ સમયમાંજ નષ્ટ થશે. હા, પણ ગુપ્ત લગ્ન કરવા માટે સખત શિક્ષા થવી જોઇએ. [મધુરીને દુઃખી થતી જોઇ પોતાનો કંઠ મૃદુ કરે છે] હા, પણ તમે નાદાન છો, ક્ષમા યોગ્ય છો. પણ એના બાપને કેમ સમજાવીશું?

મધુરી

મને પણ એજ બીક લાગે છે.

શિવશંકર

મને પણ, આ બધાની જોખમદારી મારે વહોરવાની. પણ મારા પ્રિય કુશળે, તમારી

સાથે કેવી રીતે ઓળખાણ કીધી? હું એના પર એટલી તપાસ રાખતો કે...........

મધુરી

તેણે નોકરોને લાંચ આપી ફોડ્યા હશે, એમ હું ધારું છું. જ્યારે તમે એમ ધારતા કે કુશળ અભ્યાસગૃહમાં છે, ત્યારે........

શિવશંકર

તોફાની છોકરો! એને માટે હું એની ખબર લઈશ. માફ કરજો. હું ભુલ્યો કે હું તમારા પતિ વીશે બોલું છું. અહા! શું યુક્તિપ્રયુક્તિએ એણે તમારો પ્રેમ સંપાદન કીધો, તે હું ધારી શકું છું. તે મને ઘણી વાર આનંદ આપતો. તમારે માટે એણે યુકલીડનું કોઈ ભારે કૃત્ય સાબીત કર્યું હશે અથવા તો તેણે સંસ્કૃત, ગ્રીક કે લેટીનમાં પોતાનું નૈપુણ્ય દાખવ્યું હશે!

મધુરી

નહીં, સાહેબ! સંસ્કૃત કે લેટીન કૈં નહીં. એણે તો માત્ર એટલુંજ કહ્યું હતું, કે હું તમને ચાહું છું!

શિવશંકર

એ શબ્દ એ ક્યાંથી શીખ્યો હશે? મેં તો એવું કદાપિ શીખવ્યુંજ નથી. પણ હું કહેતો આવ્યો છું કે મારા વહાલા છોકરામાં કુદરતી પ્રતિભા છે. અને હાં...તમે એના બાપની ગેરહાજરીનો લાભ લઈ પરણી ગયાં.

મધુરી

નહીં, સાહેબ! અમે તો ચાર વરસ થયાં પરણ્યાં છીએ.

શિવશંકર

ચા...ચા....ર વરસ!

મધુરી

પણ મારા અજ્ઞાન માટે મેં ઘણી વાર શોક કર્યો છે. હું પરણેલી છતાં લોક તો કુમારિકાજ ધારે. અને એક કન્યાના શરીરમાં થતા ફેરફાર જોઈ લોકે કુલટા ગણે એટલે હું તો કંટાળી ગામ છોડી નાસી જવાની...હતી, પણ એના બાપને બહાર જવાનું થયું; એટલે મને આ ઉદ્યાનમાં રહેવાનો આશ્રય મળ્યો. પણ એના પ્રસાગમનથી...........

[ઘંટડી વાગતી સંભળાય છે.

શિવશંકર

વાળુની ઘંટડી. શંકા નહીં ઉત્પન્ન થવા દેવા માટે મારે તમને છોડીને વૃદ્ધ ઈશ્વરદત્ત પાસે જવું જોઈએ.

મધુરી

પણ મને અહીં એકલી? અને કુશળ પણ નહીં!

શિવશંકર

તેને કદાચ તેના બાપે રોક્યો હશે. તમે અહીં દેખાવાં નહીં...જોઈએ. [કેટલીકવાર વીમાસણમાં; પછી દીર્ઘ નિઃશ્વાસ મુકી] બસ, બીજો કોઈ ઉપાય નથી. આ ખંડમાં જાવ, એ મારો છે. જ્યારે રાતના બધા સુઈ જશે, ત્યારે હું તમને ઉદ્યાન બહાર મુકી આવીશ. પછી એના પિતાની મંજુરી મળે ત્યાં સુધી તમે ગામમાં રહેજો.

મધુરી

તમારી ઈચ્છા મુજબ વર્તીશ.

શિવશંકર

ચુપ! બોલો નહીં પકડાયાં તો મારો તો નાશજ. [ઓરડામાં મધુરી જાય છે. દ્વાર સહેજ ખુલ્લું રાખી શિવશંકર વાત કરે છે.]

[ભીખી પ્રવેશ કરે છે.

લે આ ચાવી. અંદરથી બારણું બંધ કર. સાવધ રહેજે! મારા શીવાય અન્ય કોઈ આવે તો બારણું ઉઘાડતી નહીં. મારી નાની બાલા! ત્રણ તાળી પડે ત્યારે હું આવ્યો જાણજે.

ભીખી

અહા! એની, નાની વહાલી?

શિવશંકર

[ભયગ્રસ્ત] અહા અહીં કોણ છે?

ભીખી

[લુચ્ચાઇથી જોતી] એ તો હું ભીખી. શિવશંકર સાહેબ! મારી ચાલચલગત માટે તમે મને કાઢી મુકનાર હતા, તો અત્યારે મેંજ સાંભળ્યું તે હું જાહેર કરું છું. તમે કોને "રામ રામ" કહેતા હતા?

શિવશંકર.

નહીં, નહીં. એ તો હું એકલો, એકલોજ બોલતો હતો.

ભીખી

ત્યારે તમેજ તમારી નાની વહાલી? મારા વિના કોઇ આવે તો બારણું નહીં ઉઘાડતી, મારી નાની વહાલી બાલે!

શિવશંકર

આ પિશાચિનીએ તો બધું સાંભળ્યું લાગે છે.

ભીખી

માસ્તર સાહેબ! તમને શરમ નથી આવતી? ઉપદેશ કૈં કરો છો; અને વર્તન અન્યથા રાખો છો! એકબીજાને પ્રમાણિકપણે ચ્હાવા માટે તમે બે નોકરોને બરતરફ કરો છો! શેઠ ઘેર આવ્યા છે; આ બધું તેને જણાવું.

શિવશંકર

ભીખી! આ બધો ભ્રમ છે. હું કહું તે સાંભળ!

ભીખી

અત્યારેજ તમને મારે માટે જરા દયા નહતી. તો હું કહું છું, [શિવશંકર માફક ચાળા કરતી] છુટસતી માફક હું પણ પ્રથમ કર્ત્તવ્યજ કરીશ. [બુમ મારે છે] શેઠ! શેઠ!

શિવશંકર

હું પ્રાર્થના કરું છું, વીનંતી કરું છું; ભીખી તને નહીં કાઢી મુકું.

ભીખી

જે ઘરમાં આવા ઘોટાળા ચાલે છે, ત્યાં હું કેમ કરીને રહું? ના, જતાં પહેલાં હું તો વેરનો બદલો લઇશ. [બુમ મારે છે.] શેઠ! કુશળ! અને આખું ઘર બધા અહીં આવો!

શિવશંકર

હા. એ આવે છે. મારો નાશ! બીચારો કુશળ!

[ખુરશીમાં પડે છે. અને ઈશ્વરદત્ત પ્રવેશ કરે છે.

ઇશ્વરદત્ત

આ શું ગરબડ? અને તમે મી. શિવશંકર! વાળુનો ઘંટ નહીં સાંભળ્યો? મિષ્ટાન્ન ઠંડાં પડે છે.

ભીખી

એને તો તમારા મિષ્ટાન્નની પરવા નથી. એ તો અહીં બીજુંજ મિષ્ટાન્ન પકવે છે. લુચ્ચો, વૃદ્ધ પાપી!

ઇશ્વરદત્ત

છોકરી, તું શું કહેવા માગે છે?

ભીખી

હું એમ કહેવા માગું છું કે એ મને સાપણ કહે છે; અને તમારા ઘરમાંથી દૂર કરવા માગે છે. પણ તમારા ઘરમાં બીજો સાપ છે.

શિવશંકર

ભીખી! ભીખી!

ભીખી

નહીં, મારા કાનમાં કૈં નહીં. તમારા કરુણ શબ્દોથી મારું હૃદય નહીં પીગળે, તે હું તમને સાફ જણાવું છું. શેઠ! આ રહ્યા તમારા મી. માસ્તર, જે પ્રમાણીકપણે ચહાવા માટે બે નોકરોને બરતરફ કરે છે, જ્યારે, મને ખબર નહીં કે એ શું છુપાવી રહ્યા છે.

ઇશ્વરદત્ત

શિવશંકર પર તહોમત મુકવાની હીંમત...

ભીખો

સત્ય હકીકત છે. સાહેબ! અંદરથી જો
રી નહીં નીકળે તો મારે કદાપિ નહીં પરણવું.
ગુઠાણાં માટે આવા ભારી શપથ હું કદી નહીં લઉં.

ઈશ્વરદત્ત

બૈરી ?

શિવશંકર

[મનમાં] મને ખબર નથી કે હું પગ
માથા પર ઉભો છું.

ઈશ્વરદત્ત

શું આ ખરું છે? સાહેબ!

શિવશંકર

હું......તમે......નહીં માની શકો. તમે
ાંકો નહીં કરો.

ભીખો

સત્ય છે. એતો અંદર એની નાની વહાલી
ા. મેં એને એમ બોલતાં સાંભળ્યા છે.

[પાછળ હઠી રહે છે.

ઈશ્વરદત્ત

છોકરીના બોલવા પરથી મને લાગે છે,
ાબત સત્ય હોવી...જોઇએ. તમારો ગભરાટ...
ારા અણધાર્યા આગમનથી તમારી વિહ્વ
ળતા! હા, હવે મને સમજાય છે.

શિવશંકર

આવા તહોમતથી મારો ગુસ્સો......

ઈશ્વરદત્ત

ટુંકમાં, તમે અંદર કોઇને છુપાવી
ાખ્યું છે?

શિવશંકર

ના, અંદર કોઇ નથી.- હીરીઓ ફરનીચર
ગોઠવતો હતો, તેની સાથે વાત કરતો હતો
[મનમાં] હું જાણતો નથી કે હું શું બોલું છું.

ભીખો

હીરીઓ અંદર છે? એમ?

શિવશંકર

છોકરી! તું બહાર નીકળ! મારા વચનની
ાંકા કરવામાં આવે છે?

ભીખો

નહીં, સાહેબ! ઓ, હીરીઆ! હીરીઆ!
[બુમ મારે છે.]

[હીરીઓ પ્રવેશ કરે છે.

હીરીઓ

તમે બોલાવ્યો?

ઈશ્વરદત્ત

આ શું?

શિવશંકર

પ્રેગ, માર્યો ગયો [મનમાં.]

ઉદ્યાનમાં કુશળ દેખાય છે.

ઈશ્વરદત્ત

તમારે શું કહેવાનું છે, સાહેબ?

શિવશંકર

હું ધારું છું કે તે બીજે રસ્તે બહાર
નીકળ્યો હશે!

ભીખો

બારી શીવાય કોઇ બીજો રસ્તો નથી.

શિવશંકર

બારી નીચી છે, અને ત્યાંથીજ તે બહાર
નીકળ્યો હશે; હવે રુમમાં કોઇ નથી.

[રુમમાં કાચ ભાંગવાનો અવાજ સંભળાય છે.

ભીખો

સાંભળો! બારીઓ એક બીજાને ભાંગે છે.

શિવશંકર

હું બેશુદ્ધ થઇશ; સાહેબ! મહેરબાની કરી
મને એકલો રહેવા દો. આવતી કાલે હું
સંતોષપૂર્વક સમજાવીશ.

ઈશ્વરદત્ત

નહીં, મારી સાથે ચેષ્ટા નહીં ચલાવી શકો.

શિવશંકર

દુર્ભાગ્યે ચાવી અંદર છે; અને બારણું
અંદરથી બંધ છે.

ઈશ્વરદત્ત

કે નહીં, હું બારણું તોડાશ.

ભીખો

થોભો શેઠ! મારી પાસે ચાવી છે.

[હાથવતી ત્રણ તાળી પાડે છે.

શિવશંકર

આ ડાકણ તો મારું મરણ લાવવાની. [ખુરશીમાં પડે છે.

ઓરડામાંથી કુશળ બહાર નીકળે છે, અને ત્વરાથી પાછું દ્વાર બંધ કરે છે.

ઇશ્વરદત્ત

શું? કુશળ?

શિવશંકર

[મનમાં] એ અંદર ક્યાંથી આવ્યો હશે?

ઇશ્વરદત્ત

તું અંદર શું કરતો હતો? એકદમ બહાર કેમ નહીં આવ્યો?

કુશળ

મારા ગુરુની અવકૃપાની..........મને તમે ક્ષમા બક્ષો ત્યાં સુધી. એમણે મારો ગુન્હો છુપાવવા વચન આપ્યું છે. તમારા ક્રોધભર્યા શબ્દો સાંભળી અણધારી વાત ખુલ્લી પડી જવાના ભયે.........

ઇશ્વરદત્ત

એમ હતું ત્યારે? [શિવશંકરને]

શિવશંકર

હા, જી.

ઇશ્વરદત્ત

છુપો રાખવા આટલા બધા પ્રયત્ન થાય, એટલે બેશક ગુન્હો કૈં મોટોજ હશે.

કુશળ

[શિવશંકરને] તમારી પ્રતિજ્ઞા યાદ કરો.

શિવશંકર

અત્યારે મારે તે છુપો રાખવો જોઇએ, હું પ્રતિજ્ઞાથી.........

ઇશ્વરદત્ત

કેમ બટક બોલી? આવી ખોટી વાત કહેવા હીંમત કરે છે?

ભીખી

[ગભરાટમાં] મેં તો ફક્ત એમજ કહ્યું હતું "હું ધારું છું કે" [મનમાં] હજી હું એનો પીછો નહીં મુકું.

ઈશ્વરદત્ત

ચાલો, મી. શિવશંકર! વાળુ કરીએ.

શિવશંકર

નહીં, મને ભુખ નથી. જરા બેચેન થાય છે.

ભીખી

[મનમાં] અપરાધી હૃદય!

ઈશ્વરદત્ત

તમારી પ્રકૃતિ અસ્વસ્થ લાગે છે, તે હીરીઓ તમને અહીં કૈં ખાવાનું આપી જશે.

કુશળ

[મનમાં] અને મારી પત્નિ ક્યાં?

ઈશ્વરદત્ત

કુશળ! મારી સાથે ચાલ. મી. શિવશંકર અમે જઇએ છીએ. [ભીખીને] ખબરદાર, જા તારી રુમમાં જઇ સુઇ જા. તારી ગરબડ કરતી જીભનો સ્વર જો હું આજે ફરીથી સાંભળીશ તો......હીરીઆ, તું કંપાઉંડના દરવાજાએ તાળુ વાસ. પછી આવીને મી. શિવશંકર માટે કૈં ખાવાનું આપી જા.

[હીરીઓ જાય છે.

કુશળ

[મનમાં] ત્યારે હવે તેને છટકવા કોઇ રસ્તો નથી!

ઇશ્વરદત્ત

ચાલ, કુશળ! ચાલ.

[કુશળ ને ઈશ્વરદત્ત જાય છે

ભીખી

બુઢ્ઢાને એ છેતરે છે. પણ ખેર... એને પકડું નહીં ત્યાં સુધી હું સુઇ જાઉં નહીં.

[જાય છે.

શિવશંકર

શું આ સ્વપ્ન છે? મને સ્વસ્થ થવા દો! ના, ના, સ્વપ્નું તો નથી. પરણ્યો મારો શિષ્ય...અરે હું ધારતો હતો કે પ્રેમ માત્ર પણ તે નહીં જા... તદ્દન પરણી ચુક્યો! ને હું શિવશંકર સાધુમય જીવન ગાળનાર પર

શંકા? મને પથારીમાં આરામ લેવા દો. પ્રભુ જાણે છે કે મને આરામની જરુર છે. [બારણા આગળ એકદમ જાય છે ને એકદમ પાછો હઠે છે.] પ્રભુ! મને બચાવ! હું ભુલ્યો કે તે અહીં છે. હું એને કયાં કાઢી મુકું? સાંભળ! દરવાજાએ તાળુ વાસવામાં આવે છે. અહીંથી બહાર જવા હવે કોઇ રસ્તો નથી.

[મધુરી ધીમેથી દ્વાર ખોલી પ્રવેશ કરે છે.

મધુરી

આખરે તમે એકલા છો ખરા? કહોને, હવે શું કરીએ? કૈં સલાહ આપો.

શિવશંકર

તને શું સલાહ આપું? તું મને સલાહ આપ, કે હવે મારે શું કરવું? ગમે તે થાવ પણ હવે તું અહીં નહીં.

મધુરી

ત્યારે તમે મને કયાં જવા કહો છો?

શિવશંકર

તારી મરજી પડે ત્યાં. પણ તું જાણે છે રાત પડી છે? આ ખંડ મારો છે, અને એક વાર મારી વર્તણુંક પર શંકા લાવ્યા પછી... પણ હું તને કયાં લઇ જાઉં? તેઓએ દરવાજા બંધ કીધા. પણ તને શું દુઃખ થાય છે. [શિવશંકર મધુરીની પાછળ ખુરસી મુકે છે.] ગાંડા વિચાર નહીં કર. તને કેવી રીતે મદદ કરવી તેની મને સમજ પડતી નથી. એ વાત મારી મર્યાદા બહારની [શિવશંકર મધુરીને ખુરસી પર લઇ જાય છે. માથામાંની ચંદ્રિકા નીચે નીકળી પડે છે] સાંજની મઝા પુરી કરવા આટલું અધુરું રહેલું? વહાલી બાઇ! કુમારી! બાઇ તેના હાથ પર... આંગળી ઠોકી જુએ છે, તે શુદ્ધિમાં આવે છે. શાંત થા! મને યાદ આવ્યું. ઉદ્યાનની બહાર નીકળવા એક નાની બારી છે. તેની ચાવી મારી પાસે......

મધુરી

તમારું ધ્યાન પહોંચે ત્યાં મને લઇ જાઓ, પણ સાથે હું કીકાને તો લઇજ જવાની.

શિવશંકર

કીકો? કીકો કોણ?

મધુરી

અમારો વહાલો બેટો.

શિવશંકર

[કંપિત સ્વરે] અને તમારે વહાલો બેટો પણ છે?

મધુરી

ઉદ્યાનને છેડે તંબુમાં છે.

શિવશંકર

અરે ..કુશળ! કુશળ પ્યારમાં? પરણી ચુકયો? ને વહાલો બેટો? હજી મારે કૈં જાણવા બાકી છે? હોય તો બોલી દે. શું ત્યારે હું એક કુટુંબના પિતાનો શિક્ષક હતો?

મધુરી

[જતાં] હું તેને લઇ આવું?

શિવશંકર

નહીં, તને કોઇ જોશે. હવે તો એક ઉપાય છે. મારું દુર્ભાગ્ય દેખાય છે. બધાને માટે ઠપકા મને મળશે, તો ચાલ આ બાળકને પણ હુંજ લઇ આવું.

મધુરી

મારા માયાળુ મિત્ર!

શિવશંકર

હું તરત નહીં જાઉં (પગલાંનો અવાજ સંભળાય છે.) હા, હીરીઓ આવે છે, જલ્દી જલ્દી છુપાઇ જા. (ઓરડામાં મધુરી જાય છે) નહીં નહીં, અહીં નહીં. અહીં તો તે ખાવાનુ લઇને આવશે.

સામેના ઓરડામાં તે મધુરીને ઘસડી લઈ જઇને પુરે છે. હીરીઓ ને લાખો ખાવાનું લઇને પ્રવેશ કરે છે.

હીરીઓ

સાહેબ! તમારે માટે ખાવાનું લાવ્યો છું.

શિવશંકર

મુકી જા. ભીખલી, તારું અહીં શું છે?

ભીખી

[લુચ્ચાઇથી] ભાંગેલા કાચના ટુકડા ઓરડામાં પડેલા છે તે વીણી સાફ કરી જાઉં? [મનમાં] અહીં કંઈ જાદુ ચાલી રહ્યું લાગે છે. [મોટેથી] તમે શેઠને કહેતા હતા કે ચાવી અંદર છે; પણ બારણું તો આપોઆપ ખુલ્યું!

શિવશંકર

દૂર...અહીંથી......

ભીખી

મારી શંકા માટે માફી માગું છું. [માથામાંની નીચે પડેલી ચંદ્રિકા લઇ જુએ છે.]

શિવશંકર

નીકળ, અહીંથી. અને નિર્દોષ મનુષ્ય પર તહોમત મુકતાં ભવિષ્યમાં વિચાર કરજે.

ભીખી

મારી સમક્ષ તમારી નિર્દોષતાનાં ચિન્હો જોઇ મને વધારે પશ્ચાતાપ થાય છે.

શિવશંકર

[હીરીઆને] અહીં બત્તી કર, હું ફરવા જાઉં છું.

[વરસાદ આવતો સંભળાય છે.

હીરીઓ

આ વખતે, આવી હવામાં? વરસાદમાં?

શિવશંકર

કેં નહીં, મારું માથું દુઃખે છે. માટે તાજી હવાની જરુર છે. તમે બંને અહીંથી નીકળો. અહીં હું પાછો આવું ત્યારે જો તમારામાંના એકાદને અહીં જોઇશ, તો માર્યાં ગયાં સમજજો. [તેઓ જાય છે.]

નાનું બાળક ક્ષુદ્રાની અવકૃપાનું પાત્ર નહીં બનવું જોઇએ. અને મારા પહેલાં જો તે તંબુમાં ગયો તો......મારા શિષ્ય પ્રતિના પ્રેમને લઇને હું કેવી ભુલભુલામણીમાં ચક્કરે ચઢયો છું.

[દિવાન પ્રતિ જાય છે.

ભીખી સાવધાનતાથી પ્રવેશ કરે છે. હીરીઓ પાછળ આવે છે.

ભીખી

હીરીઆ, દોડ ને શેઠને અહીં બોલાવી લાવ.

હીરીઓ

કેમ હવે તું શું કરવા માગે છે?

ભીખી

મારી ખાત્રી છે કે તે અહીં છે.

હીરીઓ

એક વાર તો જુઠી ઠરી. હવે, શેઠને હું નહીં બોલાવું.

ભીખી

પણ અત્યારે તો મારી પાસે સાબીતી છે.

[ચંદ્રિકા બતાવે છે.

હીરીઓ

ખરેખર નવાઇ જેવું છે. પણ એથી શું? તે છટકી ગઇ હશે!

ભીખી

બનેજ નહીં. હું બહાર પહેરો ભર્યાં કરતી હતી. વળી દરવાજાએ તાળુ વાસવામાં આવ્યું છે.

હીરીઓ

વૃદ્ધ શિક્ષકની ફજેતી કરવી મને ગમતી નથી.

ભીખી

એણે આપણી ફજેતી કરી નહીં હતી કે? નહીં, શેઠને જોવા દે કોઇ લુચ્ચીને તેણે ઘરમાં સંતાડી છે. હું કહું છું કે તું જા. [તેને હડસેલી બહાર કાઢે છે.] હા. મી. શિવશંકર હવે હું તને સંસ્કૃત કરતાં કે વધારે સારું શીખવીશ ઓ! મી. કુશળ શેઠ આવે છે.

શિવશંકરને બરતરફ કરવાથી એ ખુશ થશે, કારણકે તે એને નીરસ અને સખત જીંદગી ગુજારવાની ફરજ પાડે છે.

[કુશળ પ્રવેશ કરે છે.

કુશળ

ચિંતાની વેદના અસહ્ય! ગમે તે થાવ, પણ મારે......અરે ભીખલી તું અહીં ક્યાંથી? તારે શું જોઇએ છે?

ભીખી

શેઠ! તમને ખુશખબર કહું. આ ઘરમાં મારા તરફ તમેજ માત્ર માયાળુ છો; અને મારી કૃતજ્ઞતા હવે સાબીત કરીશ. તમારા શિક્ષકને બરતરફ કરાવી હું તમને સ્વતંત્ર કરું છું.

કુશળ

તું શું કહે છે?

ભીખી

મેં શોધી કાઢી છે; તે ખરેખર અહીં છે.

કુશળ

છોકરી, દીવાની થઇ?

ભીખી

નહીં, નહીં, જુઓ સાબીતી! આ ચંદ્રિકા; શેઠને બોલાવવા મેં હીરીઆને મોકલ્યો છે.

કુશળ

અભાગી છોકરી, તેં શું કીધું?

ભીખી

પણ તમે કેમ ચિંતા કરો છો?

કુશળ

તને ખબર નથી કે તેં શું તોફાન કીધું છે? તે નહીં પણ હું ઠપકાને પાત્ર છું. માત્ર મને બચાવવા ખાતરજ તે વચ્ચે પડયા છે. અહીં છુપાએલી યુવતી મારી પત્નિ છે.

ભીખી

તમારી પત્નિ?

[શોક અને આશ્ચર્યથી વિહ્વલ બને છે.

કુશળ

આમ એકાએક ઉઘાડા પડવાથી પિતાની ક્ષમાની આશા હવે નહીં રખાય. તારી દ્વેષી જિજ્ઞાસાથી અમારા સર્વનું સુખ નષ્ટ થયું છે.

ભીખી

[અશ્રુ સારતાં] અરે...રે કુશળ શેઠ! ખરેખર જો મેં પહેલાંથી જાણ્યું હોત...તમે એટલા બધા ભલા......એટલા માયાળુ છો, પણ ફીકર...નહીં; તમને નુકશાન આવવા દઉં તેના કરતાં બહેતર છે કે હું મરી જાઉં. ચિંતા નહીં, હજી વખત છે. હીરીઆને અટકાવું.

હીરીઓ

[બહાર] આ રસ્તે શેઠ! આ રસ્તે!

ભીખી

હું અભાગી છું. પણ કુશળ! મારા શેઠ તમે નિરાશ નહીં થાવ. મારી નોકરી ભલે જાય, પણ હું તમને બચાવી લઇશ. જરુર બચાવીશ.

એકદમ આંસુ લોહી કાઢી મોં સાફ કરી શાંતિથી ઉભી રહે છે. રાતના પોશાકમાં ઇશ્વરદત્ત ને પાછળ હીરીઓ પ્રવેશ કરે છે.

હીરીઓ

હા, શેઠ! ભીખી કહે છે કે તમારી ખાત્રી થશે.

ઇશ્વરદત્ત

કુશળ! તું અહીં ક્યાંથી?

કુશળ

હા, હા, હું, હું. મેં કૈં અવાજ સાંભળ્યો અને તેથી...

ઇશ્વરદત્ત

વારું, ઠીક થયું. ઉભો રહે. [હીરીઆને અને ભીખીને] ફરીથી ઘોઘાંટ કરી તમે લોકે મને પથારીમાંથી ઉઠાડયો છે. તે જો......

હીરીઓ

નહીં સાહેબ, સાબીતી છે. [ઇસારત કરી

રહેલી ભીખીને] શેઠને બહુ મહેનતે સમજાવ્યા છે. પણ આખરે અહીં પધારવાની કૃપા કરી છે.

ભીખી

વારુ, અને શા માટે?

હીરીઓ

શા માટે? ખરેખર તુંજ બધું જાણે છે. યુવતિને તું ઓળખે છે.

ભીખી

કઇ યુવતીને? આ મુરખ શું લવારા કરે છે!

હીરીઓ

કેમ અહીં છુપાએલી યુવતી?

ભીખી

હીરીઆ, તું પીઠામાં જઇ આવેલો લાગે છે.

હીરીઓ

લુચ્ચી, સાધુડી! તે મને નહીં કહ્યું કે?

ભીખી

નહીં, તું જુઠું બોલે છે.

હીરીઓ

તે મને નહીં કહ્યું કે તું શેઠને બોલાવી લાવ?

ભીખી

હીરીઆ, તારું ભેજું ગયું છે.

હીરીઓ

અને માથામાંની ચન્દ્રિકા...

ભીખી

[માથામાં ધાલતાં] મારી છે. શેઠ, તમને એ હડહડતું જુઠું કહે છે. [હીરીઆને ચીમટી ભરાવી] તારાથી જીભ નથી રોકાતી કે?

હીરીઓ

એમ મને બનાવાય નહીં. શેઠ હું ફરીથી કહું છું કે......

ઇશ્વરદત્ત

હવે તમે બંને તમારા બકવાટ બંધ કરો. અહીં કંઇ ભેદ છે. છોકરી પર સ્પષ્ટ દેખાઇ આવતી ભીતિ...... ચુપ.

ભીખીને બોલતી અટકાવી મીણબત્તી લઇ ડાબા હાથના ખંડમાં જાય છે.

કુશળ

[મનમાં] હું ભયથી જાણે જમીનમાં ઉતરી જાઉં છું.

ભીખી

તારા આવા વર્તન માટે મારી પ્રબળ ઇચ્છા છે કે તને નહીં પરણું.

ઇશ્વરદત્ત

[પાછા આવી.] અહીં તો કોઇ નથી. [સામેના ખંડ તરફ જાય છે.] બારણું બંધ છે. ત્રણ વાર ઠોકે છે.

મધુરી

મારા વહાલા રક્ષક કે?

ઇશ્વરદત્ત

તેનો વહાલો રક્ષક? ત્યારે શું તદ્દન ખરું છે? લુચ્ચો, પાખંડી, આમ મને રમાડીને મારી અપકીર્તિ કરે. એ રાક્ષસને હું તરતજ ઘરમાંથી હાંકી કાઢું. કોઇ આવતું સંભળાય છે. હા, હા, એજ હું કહું છું કે ચુપ રહો.

મીણબત્તી બુઝાવી દે છે; અને શિવશંકર મેશથી કાળું થઇ ગએલું ફાનસ લઇ પ્રવેશ કરે છે. ફાકાને જમ્મા નીચે છુપાવ્યો છે. તે સાધોજ પણ સાવચેત બની ઓરડા તરફ જાય છે.

શિવશંકર

[તદ્દન ધીમેથી] જલદી જલદી ઉઘાડ, એ તો હું. આપણી અમૂલ્ય વસ્તુ લાવ્યો છું. જલદી કર નહીં તો બુઢ્ઢો દૈત્ય જાણી જશે.

[મધુરી પ્રવેશ કરે છે.

ઇશ્વરદત્ત

હા, તમે ખરુંજ કહો છો, કારણ કે તમે બુઢ્ઢા દૈત્યના પંજામાં સપડાયા છો.

મધુરી

અરે, પ્રભુ! હું મરી ગઇ.

[હીરીઓ બત્તી કરે છે.

ઈશ્વરદત્ત

નહીં, બાઇ તમે જડી આવ્યાં છો; અને તમે! તમારા પર રાખેલા વિશ્વાસનું આ ફળ! તમે? મારા છોકરાના વાલી અને ગુરુ? ખંડમાં વૈરી છુપાવી રાખો?

કુશળ

મારા વહાલા પિતા, હવે મારે વધારે વખત......

ઇશ્વરદત્ત

ચુપ! એ તમે શું સંતાડવા યત્ન કરો છો?

શિવશંકર

કૈં નહીં. એ તો માત્ર નજીવી વસ્તુ.

ઈશ્વરદત્ત

બસ! મારે જાણવું છે. તેનો ઝભ્ભો ઉઘાડી કાઢે છે; કીકો દેખાય છે. આ, આ, માત્ર નજીવી વસ્તુ કહો છો?

મધુરી

[કીકા પાસે દોડી જઇ] આવ! મારા વહાલા, બેટા!

ઇશ્વરદત્ત

કહો, આને માટે તમે શું ખુલાસો કરો છો?

શિવશંકર

એ તો કીકો છે; બાળક છે; પણ મને કહેવા દો......

ઇશ્વરદત્ત

નહીં, હવે તમારું કહેવું નિરૂપયોગી છે. હજી હું ઇચ્છું છું કે તમે દેખાવ તેવા રાક્ષસ નહીં હો. કહો, આ બાઇ તમારાં પત્નિ છે?

શિવશંકર

નહીં, નહીં, તમે જો મને બોલવા દો......

ઇશ્વરદત્ત

નિર્લજ્જ, પાપી! ત્યારે તમે એને પરણશો?

શિવશંકર

[કુશળને] તારે માટે મેં ઘણું સહન કીધું છે; પણ તું જાણે છે કે આતો મારાથી બને તેમ નથી.

ઇશ્વરદત્ત

તમે સંકલ્પ કેમ કરો છો?

કુશળ

તમે મારું કહેવું સાંભળશો?

ઇશ્વરદત્ત

નહીં હું તો એકજ વાત જાણવા માગું છું. [શિવશંકરને] કોઇ માણસ જો એકાદ ભુલ કરે, તો પ્રથમ તકે તે ભુલ સુધારવા તેણે પ્રયત્ન નહીં કરવો જોઇએ?

શિવશંકર

કબુલ.

ઇશ્વરદત્ત

જે સ્ત્રીનો ઉપભોગ કરી કૌમાર્ય નષ્ટ કીધું, તેની આબરુ સાચવી લેવી એ શું તેની ફરજ નથી?

શિવશંકર

કબુલ.

ઇશ્વરદત્ત

તેનું રક્ષણ કરવુ, અને તેના બચ્ચાના પિતા તરીકે જાહેરમાં આવવું?

શિવશંકર.

હા, કબુલ. હવે વાત છુપી રાખી શકાય એમ નથી. [કુશળ જે બોલવા જતો હતો તેને અટકાવી] પણ ધારો કે તે પુરુષના અન્ય કુટુંબીઓ ના પાડે તો?

ઇશ્વરદતત્ત

જ્યાં આટલી બીના બની ચુકી છે; ત્યારે કયો પ્રામાણિક માણસ ના પાડે? ના પાડનાર માણસ પણ પાપનો ભાગીદાર બને છે.

પ્રજાના ઉપર શેકસ્પીઅરનું ઋણ પણ વિદિત હતું; પણ પોતાની જન્મભૂમિના નાના નાના વેપારીઓ, ઔદ્યોગિકો, હોટેલવાળાઓ, ને લગભગ સૌ ધંધાદારીઓ ઉપર પણ શેકસ્પીઅર આટલો ઉપકાર કરે છે, એ નવું જાણ્યું. એમની નાની નાની રીતે દરેક જણ શેકસ્પીઅરનું કંઈક સ્મરણ જાગૃત રાખે છે. શેકસ્પીઅરના ભાવિક ભક્તોની પાસેથી દ્રવ્ય પુષ્કળ લે છે, પણ આપણા મથુરાના પંડાઓની પેઠે નહીં; કામ સફાઇમાં આગ્રહ વિના, સભ્યતાથી, આકર્ષણથી ને પૈસા આપનારને રાજી કરીને થાય છે; મતલબ કે "અંગ્રેજીમાં" કામ થાય છે.

સાત વાગ્યે જમ્યા. વનસ્પતિ–આહારી, મદ્ય નહીં માંસ નહીં ને માછલી પણ નહીં; મુખ્ય બટલર મુંઝાયો તો હતો. પણ અમે એને સમજ પાડી હતી, એ હીંદુસ્થાન જઇ આવેલો હતો–લખનૌમાં હતો એમ કહેતો હતો–એટલે "હા, હા, તમારે શું જોઇશે તે હું બરોબર સમજું છું" કહી માથું ખંજવાળતો ગયો. અને શું નહીં જોઇએ ને શું જોઇશે, એ બરોબર સમજ્યો; ભોજન બહુ સારું મળ્યું; લંડન છોડ્યા પછી પહેલી વાર તૃપ્તિથી જમ્યા

શેકસ્પીઅરના સ્મરણમાં "મેમોરીઅલ થીએટર"–"સ્મારક નાટકશાળા" ઉભી કરેલ છે, તેમાં આજ "A Midsummer-Nigh'ts Dream" હતું. ૨૩ મી એપ્રીલથી ૨૧ મી મે લગી નાટકો થશે. "ધી ન્યુ શેકસ્પીઅર કંપની" ભજવે છે, અને "ધી શેકસ્પીઅર મેમોરીઅલ નેશનલ થીએટર" અને સ્ટ્રેટફર્ડ–ઓન–એવનના શેકસ્પીઅર મેમોરીઅલ નેશનલ થીએટર"ના વ્યવસ્થાપકોની સંયુક્ત–સમિતિએ ગોઠવણ કરી છે. એનો પ્રમુખ ને આ નાટકોનો આત્મા, પ્રખ્યાત શેકસ્પીરીઅન એકટર સર જોન્સ્ટન ફોર્બ્સ રોબર્ટસન છે. નાટકને અંતે અમણે એક નાના સંભા ભાષણમાં અમેરીકન પ્રેક્ષકોને આવકાર આપ્યો હતો ને એમની કદર માટે પ્રસન્નતા બતાવી, ઇંગ્લંડ ને અમેરીકાની વચ્ચે શેકસ્પીઅરના જેવી ગ્રંથિ બીજી કોઇ નથી, એમ પ્રકટ કર્યું હતું. શેકસ્પીઅરના સ્મરણની હીલચાલ દેશેદેશમાં વધે છે, ને હીંદમાં પણ સભારુપે તથા ભાષાંતરરુપે ચાલે છે એમ કહ્યું. હીંદ ને ઇંગ્લંડને સગભાવ કરવામાંએ શેકસ્પીઅર નિમિત્ત થશે એમ આશા રાખી હતી.

નાટક ધાર્યા કરતાં ઘણું સારું નીવડ્યું; "લેમ્બ્ઝ ટેલ્સ"માં એનો સારજ વાંચેલો, હાઇ સ્કુલમાં ભણતો હતો ત્યારે; કોલેજમાં શેકસ્પીઅર ભણ્યો ત્યારે એને વાંચી શકેલો નહીં. એનાં સ્મરણ સ્વાભાવિક રીતે બહુ આશાજનક નહોતાં. પરંતુ નાટક ભજવનારાઓની કુશળતાએ આ અસંબંધ તથા વિચિત્ર જેવા દેખાતા નાટકને એવું સ્વાભાવિક બનાવ્યું, એવો રસ લગાડ્યો કે વાત નહીં! એકંદરે બહુજ આનંદ થયો.

અઠવાડીઆમાં આઠ નાટકો ભજવે છે; સાત શેકસ્પીઅરનાં, ને આઠમુ શેરીડનનું–"The School for Scandal." બીજે દિવસે રવિવાર હતો એટલે અમારાથી બીજું નાટક જોવાયું નહીં.

બારેક વાગ્યે "પેરીક્લીસ"ના આશ્રયમાં માંડ માંડ સુતાઃ સફરના બે દિવસ પુરા થયા. પણ આજ તો "The end of a perfect day" હતો

---o---

મોહ પામવાની શક્તિ

[અનુસંધાન પૃષ્ઠ ૧૪૯ થી]

આદર્શ-પ્રમુખ શ્રી ચંદાવરકર જેવી દઢતા ને ઉગ્રતા તે પદેથી દાખવીશ; ત્યારે-ત્યારેજ મારો કીર્તિમોહ કૈંક સંતોષાશે ને આત્મ-સિદ્ધિનાં અતુલ સુખોની મને ઝાંખી થશે.

—આવી મારી મોહકથા છે. દીલનો એ જરા અસાધારણ એકરાર છે. મેં એ પ્રચિત-જ ન કર્યો હોત, પણ મારી કથાએ-માફ કરશો ?-કદાચે તમારા દીલની પણ કથા હોય એવા સહેજ સંદેહથી પ્રેરાઇને, આપણા સમાન મોહના રસિક અનુભવો સરખાવી જોવાની તક મળે માટેજ આ પ્રસિદ્ધ કરું છું.

—:०:—

હાફીઝની કાવ્યપ્રસાદી

લેખક :

રા. કૃપાશંકર દયાશંકર આચાર્ય

ભરી દે પ્રેમનો પ્યાલો હે ! સાકી પી લઉં ખાંતે,
સરળ દીઠો શરુમાં સ્નેહ દસ્તુર નીવડયો અંતે.
પ્રિયાના કસ્તુરી સમ કેશનો પરિમલ મલય ચોરે,
તથા વળદાર કાળાં ઝુલ્ફ જીગરનું ખું વહાવે છે.
નીખાલસ પ્રેમ ભક્તિથી તું બાલાચાર રંગી લે,
ગુરુ આદેશ શિષ્યોને પ્રણયપથની મીમાંસા દે.
પ્રિયા પ્રાસાદમાં સુખની ઘડી ક્યાં આ લલાટે છે,
ઉઠાવો બીસ્તરા ચાલો પળેપળ ઘંટનાદો કહે.
નિશા છે ઘોર અંધારી વમળમાં જીવ અટવાયે,
કીનારે સ્વસ્થ ઉભેલા તમોને હાસ્ય તો આવે.
સુખીને રિદ્ધજીવન જઇ થયો બદનામ પુરો હું,
છુપું એ ગુહ્ય શાનું રહે જે મજલીસમાં ગવાયે તે.
પ્રિયા પ્રત્યક્ષ દર્શન પામવાને ઇચ્છતો હાફીઝ,
જગત જંઝાળ છોડીને પ્રભુમાં લીન થાયે છે.

વાળની સુંદરતા અને વધારો કરવા માટે

કામીનીઆ ઓઈલનો ઉપયોગ કરો

વાળની ખુબસુરતી વધારવામાં, સુંદર, લીસા અને ચળકતા બનાવવામા, અમે તર્વા ફેશનમાં રાખવામાં, અને વાળનો વધારો કરવામાં કામીનીઆ ઓઈલ ઘણીજ કીંમતી મદદ આપે છે. મગજને પણ ઘણી ઠંડક આપે છે. સુગંધમાં ઘણુંજ મધુર છે. એક વખત વાપરી ખાત્રી કરી જુવો.

કીમત બા. ૧ નો રૂ. ૧-૦-૦, ૩ બાટલીના રૂ. ૨-૧૦-૦;
પોષ્ટેજ પેકીંગ જુદું.

ખરીદતી વખતે કામીનીઆ ઓઇલજ માંગજો અને લેજો.
બીજું લેતા ના.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કુાં. નં. ૧૫૫, જુમામસીદ, ઉેરક નં. ૫, મુંબઇ ૨.

વધુ પૈસા ખરચતા પહેલાં નમુનો વાપરી જુવો
તમારું પસંદગી પામેલું પરફ્યુમ

ઓટો દીલ બહાર (રજીસ્ટર્ડ)

મધુર, મનોહર, સ્વીટ અને લાસ્ટીંગ ફક્ત થોડાં ટીપાં (few drops) રુમાલ પર નાંખો અને સોરમ ચંમેલી અને મોગરાનાં ફુલોની સાથે સરખાવી જુવો, પછીજ મોટી શીશી ખરીદજો. તમારા વહાલાઓને પણ ઓટો દીલ બહારનીજ ભેટ કરજો. તેઓ પણ ખુશ થશે.

બીજાં સેંટોમાં પૈસા ખરચતા પહેલાં ઓટો દીલ બહારની ખાત્રી કરજો. બાટલીની કી. રુ. ૨-૦-૦, ૧-૪-૦, ૦-૧૨-૦ નમુનો બે આના, સુગંધી કાર્ડ એક આનો, પોષ્ટેજ પેકીંગ જુદું.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કુાં.,
નં. ૧૫૫, જુમામસીદ ઉેરક નં. ૫, મુંબઇ ૨.

☞ નમુના માટે આ નીચેની કુપન ભરીને મોકલો

નમુના માટે કુપન

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કંપની; નં. ૧૫૫, જુમા મસજીદ
ઉેરક નં. ૫, મુંબઇ ૨.

જત એક શીશી નમુનાની ઓટો દીલબહાર (રજીસ્ટર્ડ)ની નીચેને ઠેકાણે મોકલી આપજો. ટપાલ ખર્ચ માટે એક આનાનો સ્ટાંપ બીડેલ છે. (સ્ટાંપ જરુર બીડવો).

નામ ____________________

ઠેકાણું ____________________

વીકટર હ્યુગોના પ્રેમપત્રો

[અનુસંધાન પૃષ્ઠ ૧૫૪ થી]

છે અને જે કર્યા વિના ખાસ ન ચાલે એવું હોય ત્યારેજ મારું મન વળે છે. આ પ્રમાણે ધંધાને તથા પ્રતિષ્ઠાને અંગે કામના ઢગ વચ્ચે મારા દિવસો કંટાળાભર્યા પસાર થાય છે ત્યારે તને કૈંક લખી તે મારા શ્રાંત હૃદયને શાંત કરું છું. ને તને આમ લખતાં હું ભુલી જાઉં છું કે હું સદરુદની શોધમાં અને કાર્યોની પરંપરાઓમાં વાદળ અને અગણ્ય તારામંડળથી ઢુંકી જતા આકાશ નીચે ભમતા માનવીઓની માનવસૃષ્ટિથી ઘેરાએલો છું. ટુંકાણમાં જેની સાથે મારી સ્થૂલ અને ભાવનાત્મક સૃષ્ટિ સરજાએલી છે તેના વિચારમાં સઘળુંએ ભુલી જાઉં છું, ને તેના વિના આખોએ સંસાર રેતીના રજ્જુ સમાન છે. આ વિસ્મૃતિની ઘડીઓમાં તારું સ્મરણ માત્ર તારુંજ સ્મરણ–સર્વ વિચારો ઉપર સત્તા ભોગવે છે, તારા વિચારોમાં તન્મય થયો હોઉં છું, ત્યારે જાણે કોઇ ઉચ્ચ સંસ્કારી દૃષ્ટિકોણથી પૃથ્વી માપતો ન હોઉં એમ ભાસે છે! આમ, જેમ દુનીઆ જેના તરફ જોઇ હમે તેને જોઈ હું રડું છું; તેમ તેમને રડાવે તેવી વસ્તુઓ જોઇ મને ન રોકાય તેવી હસવાની વૃત્તિ થઇ આવે છે. આવી વેળાએ હું મનુષ્યની પાંશવતાઓમાંથી તેનો દિવ્ય આત્મા જુદો પારખી શકું છું. ને આવાં જડ દુઃખોથી ઉદ્ભવતો તિરસ્કાર સૂક્ષ્મમાં સૂક્ષ્મ હાર્દિક દુઃખ તરફ મને વધારે સતેજ કરે છે.

એદલ! આ બધી વસ્તુઓ જેનાથી જીવન બંધાએલું છે તેના પર જ્યારે માણસ ચાહે છે ત્યારે નવા સ્વરૂપે દેખાય છે. સ્વભાવજન્ય પ્રકૃતિને વશ થઇ આત્મા સ્નેહમાં ડુબે છે ત્યારે જે સૃષ્ટિની વચમાં રહી આત્મા દેશવટો ભોગવતો હોય તેને જોવાની એ નવી દૃષ્ટિ મેળવે છે. ત્યારે ને તેથી માણસ ઉદારતા કેળવતાં શીખે છે; તે જોઇ શકે છે કે સખત થયું હોય તો સદાએ તેમ થવાના પ્રસંગો મળી રહે છે. આ દુનીઆની બહુ થોડીજ વસ્તુઓ ધિક્કાર કે ક્રોધને પાત્ર હોય છે. ને તેથી માનવજાતમાં રહેલી મૂર્ખતા ને નીચતા તિરસ્કાર કરતાં દયાને પાત્ર વધારે હોય છે.

તને ભય હશે કે મારા સિદ્ધાંતોમાં એકાગ્રતા નથી; પણ પ્રિયે, અધીરી થા મા. બીજાઓની દયા હું કદીએ ઓછી ન ખાઉં. મારી ત્રુટીઓનું મને સંપૂર્ણ ભાન છે અને તારી સાથે વાત કરતાં તો મને તેનું ખુબજ ભાન થાય છે. વિશેષ તું ભાગ્યેજ કલ્પી શકશે કે મારા માનવબંધુઓ પ્રત્યે કેટલા અવિશ્વસનીય ભાવથી હું જોઉં છું. મારા પ્રતિ શત્રુભાવે થતા કૃત્યમાં તે કૃત્યને પ્રેરનાર મુળ હેતુને મેં સદાએ શોધવાનો પ્રયત્ન નાનપણથીજ કર્યો છે. આ રીતે મારો ક્રોધ ઘણું ખરું એક ક્ષણમાં સતત, ગંભીર અનુકંપામાં બદલાઇ જાય છે. કોઇ કોઇ સમય તો કુકૃત્યનું જન્મસ્થાન સ્તુતિપાત્ર સિદ્ધાંતમાંથી મને સાંપડે છે. અને આ વસ્તુસ્થિતિ સંભવે ત્યાં પોતાને થએલા નુકશાનને માટે આશ્વાસન લેવામાં કે માફ કરવામાં કૈં ખાસ સદ્ગુણ નથી હોતો, એ તું કબુલ કરશે. અંતે, હંમેશ સામાન્ય માનવીમાં મારી એદલની સંપૂર્ણતા ઇચ્છવી મિથ્યા છે એ વિચારથી ઇતિશ્રી કરું છું. આ આ વિચાર પછી હું બહુ સહેલાઇથી ક્ષમાશીલ બની શકું છું.

પ્રિયતમે ! વિચિત્ર તો એ છે કે સામાન્ય રીતે સ્નેહને, મૂર્ખતા, ગાંડાઇ અથવા રોગી-દશા જેવો ગણવામાં આવે છે. જો કે પ્રેમે તત્ત્વજ્ઞાનના સૌથી સુંદર પાઠો શીખવ્યા છે. મેં બહુ ગંભીર વિચારો તને ધર્યો છે. પરંતુ તારે પણ તેમની સાથે સ્વદેશના જેવી એકતાનતા સાધવી જોઇએ. મારી ખાત્રી છે કે મેં જે તને બહુ નિર્મલ શબ્દોમાં કહ્યું છે તે તું ન સમજે એવું નથી. મારા કરતાં એ તારું અંતર તેને વધારે અનુભવે છે. માત્ર તનેજ આ મારા અંતરના ઉંડા વિચારો જણાવું છું. નિર્દોષ અને સ્નેહઘેલાં હૃદયોજ તેને સમજી શકે. બાળકને માટે તે નથી ને વૃદ્ધે તો તે સમજવાની શકિત ખોઇ હોય છે. એડલ ! આવાં આત્માનાં યૌવનજ આપણે સદાએ સાચવી રાખીશું, જો વીકટર પ્રતિનો તારો પ્રેમ શાશ્વત હશે; જેવો તેનો પ્રેમ તો સદૈવ તારા વીશેજ રહેશે.

આજે હવે જય જય ! આજે સેઇંટ સુલપીસ જાઉં છું. તું સાં હશે?

સોમવાર, ૧૬ મી સપ્ટેંબર.
રાત્રિના નવ વાગે.

પ્રિય એડલ !

આજ સાંજના અતિ શોકિત છું. મારા વિચારોનું શું થાય છે તે નથી સમજી શકતો. મારું સમગ્ર મન અસ્વસ્થ છે. હું આકુળવ્યાકુળ બની ગયો છું. સારે શું એ સસ છે કે એકાદ સપ્તાહ અગર દસેક દિવસને માટે તારાં દર્શન છેક દુર્લભ થશે? * જેનાં દર્શનથી હું આનંદિત થાઉં છું અને મારું જીવન સફલિકૃત કરું છું તેને એક ઘડીભર પણ સારે શું નહીં નીરખી શકું? હા, એડલ! મારા અસ્તિત્વને તારાં દૃષ્ટિપાત આવશ્યક છે. ને તારા ઉપર—માત્ર તારા ઉપર–મારી દૃષ્ટિ વીસામો લેવાનું શોધે છે; તું મારી લક્ષ્મી છે, તું મારો રત્નભંડાર છે.

અસારે, માત્ર તારેજ ખાતર મને થઇ આવે છે એવી અવર્ણ્ય શોકભરી વૃત્તિ મારા પર સામ્રાજ્ય ભોગવે છે. આપણા ભાવિ વિયોગના વિચારે તને કૈં લાગતું જણાતું નથી. તેં મને આપણે જુદાં પડવાની લગભગ તૈયારીમાં છીએ તેની ખબર આપી હોત તો ! તારા પત્ર ઉપરથી જણાય છે કે આપણે છેલ્લાં મળ્યાં ત્યારે તું જાણતી હતી કે આપણે છુટાં પડવાનાં છીએ; હા, તોપણ કેવી નવાઇ! ન તો તારા મુખ ઉપરથી કે તારા એક શબ્દથી પણ તેં મને થનાર વિયોગની વરાળ સુદ્ધાંએ આપી! એડલ ! આઠ દસ દિવસનો વિયોગ, અને તે પણ આમ અણચીંતવ્યો !

જો પ્રિય, આવી સંજ્ઞાઓ મારા પ્રતિના તારા સ્નેહ વીશે શંકાઓને જન્મ આપે છે. તું કહે છે કે આવી આવી શંકાઓથી તું દુઃખી થાય છે, તો જા હું તે નહીં કહું. તો પણ આજે સાંજે આપણે 'જય જય' લાંબા કાળ માટે કરીએ છીએ તેની ખબર નહીં આપ્યાથી મને ઘણું દુઃખ થાય છે. તેં મને એટલી શાંતીથી ખબર આપ્યા કે હું એકાએક ભગ્નાશ થઇ ગયો. એડલ! આમ સત્વર વિયોગથી તને કૈં દોષ નથી દેતો. તારા વર્તન ઉપરથી તેં મને એમ લગાડ્યું કે તને આરામ આપવા માટે મારે જતા રહેવું જોઇએ. હું નથી ધારતો કે આને માટે તું જવાબદાર ન કહેવાય. વિશેષ દુઃખ તો સાંજના જે આનંદ તેં પ્રદર્શિત કર્યો તેનાથી થાય છે!

* મેડમ ફોશરને ઘેરજ સમય ઉપર પ્રસવ થયો હતો.

શાન્તં પાપમ્! તને કૃત્રિમતાને વશ થએલી અગર તારી વૃત્તિઓને સંકોચાતી જોવા હું કદીએ ઇચ્છું તેમાંથી પ્રભુ બચાવો! મારી દુઃખની ઘડીઓમાં પણ તું કૃત્રિમ શોક ધારણ કરે તે કરતાં તને આનંદિત જોવી હું વધારે પસંદ કરું.. સદાએ મારા પ્રતિની તારી આંતરિક વૃત્તિનું પ્રતિબિંબ બહિર્વૃતિમાં જણાવજે; આજે સાંજના જેમ દુઃખી થયો હતો તેમ તારા કૃત્રિમ હાસ્યથી આનંદિત થવા કરતાં તારા સ્વાભાવિક ઉલ્લાસથી દુઃખી થવું મને પ્રિયતર લાગે છે. મારી ઉદાર એદલથી કૃત્રિમતા એટલી દૂર છે કે આ શીખામણ અનાવશ્યક છે. આ બધામાં તું હું જરીએ ઠપકો આપું છું એમ ન માનીશ; આપણા દીર્ઘ વિયોગનું તને જ્ઞાન હોય અને તેથી તને સહેજે દુઃખ ન ઉપજ્યું હોય તો તે તારો દોષ નથી; તારે અનેક વસ્તુઓ પ્રત્યે ધ્યાન આપવાનું હતું તેથી તું તારા વીકટરને ભુલી જાય તે ક્ષતવ્ય છે. પરંતુ હું જાતે તો અતિ તીવ્ર અને ભયંકર દુઃખમાંથી પસાર થયો છું. કેટલાએ ગુંચવાડા ઉત્પન્ન કરે તેવા ધંધા રોજગારનાં કાર્યોથી અને ચિંતાઓની પરંપરાથી અસ્વસ્થ બની ગયો છું. તોપણ કદીએ એક વિપલ માટે પણ તારી ભક્તિમૂર્તિ મારા હૃદય પ્રદેશમાંથી ઝાંખી થઇ નથી. તારી પાસેથી આટલી આશા રાખું? તેમ કરનાર હું કોણ?

જય જય! હું બહુ બહુ દુઃખી છું પણ તારો પત્ર અને તેમાંએ છેલ્લું વાકય વારંવાર વાંચી સ્હેજ દીલાસો મેળવું છું. જય જય! મારી ઇચ્છેલી દિવ્યાંગના, મારી પ્રિયતમે! મારાં બહુ બહુ ભાવભર્યાં સ્નેહાલિંગન!

શુક્રવાર તા. ૪ ઑકટોબર.

મારી એદલ!

આપણું-મારું-સુખ આટલું સમીપ છે અને કૈં પણ તેમાં અંતરાય કરી શકે તેમ નથી એમ વિચાર કરું છું ત્યારે મારું જીવન મને સ્વપ્ન સમ લાગે છે. બે વર્ષમાં—એક વર્ષમાં—હું દુઃખી દુઃખી હતો! આજે શું સુખ! હા, તે દુઃખી સમય માત્ર તારી એક નજરથી, દૂર દૂર શેરીમાં અગર ફરવાના રસ્તા ઉપર છેક એક કીનારે માત્ર તારા વસ્ત્રના થતા આછા દર્શનથી; લગીર રહીને, ગણી ગાંઠી ઘડીઓમાં થતા વાર્તાલાપમાં; બીતે બીને એક બે શબ્દના થતા વિનિમયથી માત્ર મળતા આનંદ—માંથી આખરે મુક્ત થયો છું એમ પણ કેટલીક વાર તો મહા મહેનતે કલ્પી શકું છું. અરે આની પણ લાંબા સમય માટે આંખ તાણીને પ્રતીક્ષા કરવી પડતી અને ભાગ્યેજ તેની પણ પ્રાપ્તિ થતી.

આ કેટલો આનંદ! આ બધુંએ ભૂતકાળમાં ભુસાઇ ગયું અને આપણી આગળ સુખથી છલકાતો ભવિષ્ય કાળ ઉભો છે. એદલ! આપણી વચ્ચે વધારે અંતરાય કોઇ પણ લાવી શકે તેમ નથી. હવે આપણી મુલાકાતો, આપણાં આલિંગનો અને આપણા પ્રેમમાં કોઇ પણ હરકત કરી શકે તેમ નથી. પુનરોક્તિ કરું છું કે મને આટલું બધું સુખ મળ્યું તે હું ભાગ્યેજ માની શકુ છું કારણ કે એ મેળવવા હજુએ જાણે બહુંજ ઓછું કર્યું હોય એવું લાગે છે. મારા હૃદયમાં આનંદ અને સ્નેહ છલકાઇ જાય છે; આજે તે—આજે તે વ્યકત કરવાના મારા પ્રયત્નો પણ નિષ્ફલ નીવડે છે. પ્રેમ અને ભક્તિ માટેના શબ્દોનો એટલા છુટા હાથે ઉપયોગ કર્યો છે

કે તેમાંનો ખાસ અર્થ જતો રહ્યો હોય એવા સાવ સામાન્ય લાગે છે. મારું હૃદય તો એવી નીર્મળ, પવિત્ર અને ગંભીર સુખસાગરની ઊર્મિઓથી ભીંજાઇ રહ્યું છે કે વાણી અગર લેખિની તે પ્રદર્શિત કરવા અસમર્થ છે. મારી વહાલી એદલ ! તું તારા હૃદયને પુછ. જો તું મને ચહાતીજ હોઇશ તો હું શબ્દોમાં જણાવવા અસમર્થ છું તે તું તારા હૃદયમાંથી અનુભવી શકીશ.

મારી મધુરી મેના ! આપણો ઇતિહાસ દુઃખને અંતે સુખ અને રાત્રિ પાછળ દિવસ આવે છે તે સત્યનો એક વધારે પુરાવો પુરો પાડશે. અથાગ અડચણોને તરી જવા થોડા માસ પુરતા છે. પરંતુ તને ચાહે છે અને તું તેને ચાહે છે એમ જે માને છે તેને શું અશકય છે ?

જય જય દેવી ! તારા ત્રિગુણિત દુઃખી પતિનાં આલિંગન. તેં ગત રાત્રિ કેમ વ્યતિત કરી છે અને આ ક્ષણે કુશળ હશે વગેરે જાણવા અધીરો થયો છું. ફરીથી એક વખત જય જય !

વીકટર અને એદલએ ઇ. સ. ૧૮૧૯ ના એપ્રીલની ૨૬ મી એ અન્યોન્ય પ્રતિ પ્રેમ પ્રદર્શિત કર્યો. તે પુણ્યતિથિથી બરોબર અઢી વર્ષે તેમણે લગ્ન કર્યાં. તેમના જીવનનો શુભ દિન તે ઇ. સ. ૧૮૨૨ ના ઓકટોબરની ૧૨ મી તારીખ. અનુવાદક.

હજુ વખત છે.

ડુન્કિમરેક્ષ બચાવવા માટે મળો.

પ્રાણલાલ અમૃતલાલ વૈદ્યની કું.

ડુન્કમરેક્ષના અનુભવી.

પહેલો માળ, લાલસિંગ બીલ્ડીંગ, મંગળદાસ મારકીટ પાસે, મુંબાઇ.

પ્રોફેસર

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૨ થી)

તા......." પછીની તારીખ સંમેલન પછીની હતી.

આટલું વાંચતાં સુધાએ ગઇ કાલના જોએલા પ્રસંગોથી અનુમાન—સત્ય અનુમાન કરી લીધું ! શું પ્રોફેસર દરેકની આવી નોંધ કરતા હશે ?' સુધાને ઉત્સુકતા થઇ આવી. ડાયરીના છેલ્લા લખેલા પાના પર દૃષ્ટિ કરી. તે ચમકી ઉતાવળી બની; 'સુધા !' નું નામ લખી એક વીતેલી તારીખ લખેલી હતી. તે પાનું કોરું હતું. સુધાના હાથ જરા ધ્રુજયા... ઉતાવળે લખેલી તારીખવાળું પાનું શોધ્યું; વાંચ્યું. તારીખ સંમેલનની હતી..."સુધા ! બી. એ. થએલી સંસ્કારી યુવતી; મદભરી, કલારસિક, નમણી, પ્રેમાળ પ્રેમદા. કુદરતી લાવણ્ય, સૌંદર્ય, શિષ્ટ, શરમાળ, ચંદ્રને પત્ર—" તારીખ ગઇ કાલનીજ હતી.

"નેહભરી નમણી નારી" વારે વારે વાંચતાં પણ સુધા સમજી ન શકી કે આ શું ? તે ચમકી; આગળ વાંચવા જતાં રુમ બહાર અવાજ થયો. સુધાએ નોટબુક ટેબલ પર જેમ તેમ પાછી મુકી. ત્યાં તો જ્યોત્સના અંદર આવી. સુધાને જોઇ તરતજ તે પાછી વળી ગઇ. ગઇ કાલથી પોતા તરફ જરા બદલાએલી જ્યોત્સનાની ચપળ વર્તણુંક સુધા સમજી ગઇ હતી. જ્યાં જ્યોત્સના ગઇ કે સુધાએ પેલી બુક પાછી સરખી મુકી લીધી ત્યાં પ્રોફેસરે બારણું ઉઘાડ્યું. સુધા તે પહેલાં સાવધ થઇ ગઇ હતી. પ્રોફેસરના હાથમાં પત્ર હતો. સુધાને જોતાં પ્રોફેસરે પેલું દુર્જય હાસ્ય કર્યું. સુધા ઉભી થઇ. બંને પાછાં પોતપોતાની ખુરસી પર બેઠાં...

"એક મીનીટ મીસ સુધા !" પ્રોફેસરે કાગળ વાંચ્યો ને નોટબુકમાં કૈં નોંધ કરી સુધાને તરતજ નોટબુકમાં કરેલી તેની નોંધ યાદ આવી. તેને કૈંક પ્રોફેસર માટે વિચિત્ર લાગ્યું. છતાં સંયમ સાચવી શાંત બેસી રહી. પ્રોફેસરે નીચું જોઇનેજ પુછ્યું: "કેમ કૈં વહેલાં આવ્યાં ?" સુધાના મનમાં નોંધજ રમી રહી હતી. સુધા મૌન રહી. પ્રોફેસરે જરા ઉંચું જોયું; "કેમ બોલ્યાં નહીં ?

સુધાએ જવાબ દેવા પ્રયત્ન કર્યો પણ તે કૈં બોલી શકી નહીં. પ્રોફેસરે નોટ બુક બંધ કરી. તે ખુરસી પર સુધા સામે ફર્યો. ને સુધા સામે નિશ્ચયાત્મક સ્થિર દૃષ્ટિ કરી. સુધા જરા અવસ્થ બની...પ્રોફેસરની દૃષ્ટિમાંથી પોતે દૃષ્ટિ ચુકાવી.

"તમે બુક લાવ્યાં લાગો છો." ટેબલ પર પડેલી બુક હાથમાં લેતાં પ્રોફેસરે તે બુકનાં પાનાં ઉઘાડ્યાં. હજી સુધા શું કરવું તે વિચારી રહી હતી. પ્રોફેસરે ચોપડી પાછી બંધ કરી અને જરા ભર્યાં સ્વરે કહ્યું: "સુધા ! હું એક વાત કહું !"

સુધા ચમકી. નોંધ ફરી તાજી થઇ. ને સુધા ખુરસી પરથી સફાળી ઉભી થઇ. "નહીં રમણકાંત ! હુંજ એક વાત કહું ?" પ્રોફેસર જોઇ રહ્યો.

"હા, ખુશીથી. પછી તમારી વાત કહેજો." સુધા સ્થિર બની ઉભી રહી.

"ના પહેલાંજ."

"પણ..."

રમણકાંતને વચ્ચેજ સુધાએ અટકાવ્યો.

"પ્રોફેસર ! આ બુક તમારી છે ?"

પ્રોફેસર જરા ખમચાયો; 'હા. તેનું શું?' પ્રોફેસરની આંખ ઝીણી બની. 'સુધાએ શું આ નોટબુક જોઇ? વાંચી?' સુધા આગળ બોલી કાઢવા તૈઆર થઇ હતી.

"વારુ, તો પ્રોફેસર! મને કહેશો કે હમણાં તમે શી નોંધ કરી?"

"શા માટે નહીં? મારા સ્નેહીના પત્રની નોંધ અને..."

"અને શું?" સુધાએ તરતજ પુછ્યું.

પ્રોફેસરે જરા વિચાર કર્યો; "એક બીજી નોંધ..."

"તે શી?"

"મીસ સુધા! અમુક વાત ખાનગી હોય. તે હું ન જાહેર કરી શકું તો મને માફ કરો. એ મારી પોતાની વાત છે. તથા મારી પોતાની નોટબુક છે."

સુધા હીંમત હારી. "તો પછી મારા વીશે તમોએ જે નોંધ કરી છે..." પ્રોફેસર જરા ચમકયો ને તેણે ઉતાવળે ટેબલ પર હાથ પછાડયો. સુધા સમજી કે પ્રોફેસર ભુલ સમજી પશ્ચાત્તાપ કરે છે "તેને માટે મને શું કરી શકો છો પ્રોફેસર!"

પ્રોફેસરે સુધાને બેસવા કહ્યું. ને જે શાંતિ સુધાએ કલ્પી પણ ન હતી તેવી શાંતિથી કહ્યું: "જુઓ મીસ સુધા! પહેલાં મને કહો કે ગેરહાજરીમાં બીજાની નોટબુકને સહાવાનું સાહસ તમે કેમ કરી શકયાં? મને કહી શકશો કે તે પગલું તમે કેવું ભર્યું છે!" પ્રોફેસર અટકયો. તેની પ્રભુતા પાસે સુધા નમી. પોતાની ભુલ સમજી. ક્ષમા યાચતાં તેનાં નેન નીચાં નમ્યાં.

પ્રોફેસર પરિણામ જોઇ કહ્યું: "ચાલો, મીસ સુધા! ભુલી જાવો, લાવો તમો શી મુશ્કેલીઓ લાવ્યાં છો?

"સુધાને વાત જાણવી હતી. તેણે ફરી પુછ્યું: "મારી ભુલ કબુલું છું ને તે માટે માફી માગું છું. પણ મને કહી શકશો કે તમારી નોટમાં મારી આવી નોંધ કરવાનું શું કારણ? મને તેનો જવાબ શું આપો છો?" પ્રોફેસર ફરી ગંભીર થયો; "પ્રોફેસર, એ નોંધ માટે શું કહો છો? મારા પહેલા પ્રસંગથી માત્ર, તેવી નોંધ કરવા કેમ પ્રેરાયા? કેમ એવું કલ્પી લીધું?"

"મીસ સુધા! આ નોટ બુક તમે આખી જોઇ?" પ્રોફેસરે પુછ્યું. સુધાને ચંદ્રની નોંધ યાદ આવી.

"હા, પ્રોફેસર! પહેલા પાના પર ચંદ્રની નોંધ વીશે શું કહો છો?"

પ્રોફેસરના હોઠ પર ફરી હાસ્ય ફરકયું, "સુધા! આમ એક એક પછી બધી નોંધનું પુછો તો હું બધું કેમ કહી શકું? બેમાંથી કહો તે એક વાતની નોંધનો ખુલાસો આપવા હું તૈઆર છું."

"તો તો મને—" સુધા જરા અટકીને બોલી; "હા, મારી નોંધનો ખુલાસો આપો..."

"એનો માત્ર એજ ખુલાસો કે એ નોંધ મને કરવાનો હક છે. અથવા મારો ધર્મ છે."

"કેમ?"

પ્રોફેસરે નોટબુક ઉઘાડી ને હમણાંજ કરેલી નોંધ પ્રોફેસરે સુધાને વાંચવા આપી.

"ચંદ્રનો પ્રત્યુત્તર—સુધાને વાત નિવેદન કરવાનું."

સુધા આ ન સમજી શકી. તે તો પ્રોફેસર સામે જોઇ રહી. "આ શું!"

"ન સમજ્યાં?" પ્રોફેસર હસ્યો.

"ના."

"જુઓ, હું કહી દઉં છું; નહોતું કહેવું પણ..." સુધા આતુર બની ફાટે ડોળે પ્રોફેસર સામે જોઇ રહી. "વીલાયતથી નીકળવાના અરસામાં ચંદ્ર–કહોને તમારા ચંદ્ર સાથે મારે પીછાન થઇ, તે વખતની નોંધ તમે વાંચી છે. આ કોલેજની જગ્યા મને મળવા બાદ તેમણે તમારી બધી વાત મને જણાવેલ. હું તમોને મળવા ઉત્સુક હતો. સંમેલનમાં મળ્યાં. મારા મિત્રની ભાવિ, સંસ્કારી, સુશીલ સ્ત્રીને જોતાં હું બહુજ રાજી થયો. ચંદ્રે 'તમને જરુર પડે મદદ કરવા' મને કહેલ. એક બે વખતની તમારી નોંધ તમે વાંચી લીધી છે. તે નોંધ મેં ચંદ્રને વીલાયત લખેલ. આજેજ આ નોંધ તેમના પ્રત્યુત્તરની છે. મેં તેમને તમારા જેવી સુધા સરીખડી સ્ત્રીને ભવિષ્યમાં ગૃહિણી બનાવવાના ભાગ્ય માટે અભિનંદન આપેલું...જુઓ આજનો પત્ર...તમો ઘેર જશો એટલે તમારે પણ પત્ર આવ્યો હશે" પ્રોફેસરે ચંદ્રનો પત્ર સુધાના હાથમાં મુક્યો. સુધા તો આશ્ચર્ય તથા આનંદથી અવાક્ થઇ ઉભી રહી. પત્ર વાંચ્યો. રાજી થઇ. તેનું હૈયું વેંત વેંત ઉંચુ ઉછળ્યું. ચંદ્રનો ઘેર પત્ર આવ્યો હતો તે વાંચવા તેનું મન તલસી રહ્યું. હાથમાનાં પત્ર પર સુધાની આંખલડીમાંથી એક આનંદાશ્રુનું ટીપું સરી પડયું.

"કેમ હવે શંકાઓનું સમાધાન કરવું છે?"

"ના પ્રોફેસર! આજે હું ચંદ્રનો પત્ર વાંચવાની ઉતાવળમાં છું ને જાઉં છું, તો માફ કરશો; ને કાલે મારા ચંદ્રના અભિન્ન હૃદય મિત્ર પ્રોફેસરની શિષ્યા થવા આવીશ."

"ચોક્કસ?" પ્રોફેસરે પુછયું ને બંને સાથે હસ્યાં.



ચોપાનીયાં સંમેલન

—૦—

[અનુસંધાન પૃષ્ઠ ૧૭૦ થી]

તો ખરા પણ પાછું એમનું પૂજન કર્યું ત્યારે તમને શાંતિ વળી.

'યુગધર્મ': એ સાચું હોય તોપણ મારું એક પણ લખાણ ગંભીર વિચારના પરિણામ વિનાનું નહીં હોય.

'નવચેતન': પણ એથી તો વાંચનાર બિચારા વિદ્વતાના ભાર નીચે દબાઇ પણ જાય.

'સાબરમતી': એટલે ?

'સમાલોચક': સહેજે એમ લાગે કે તમારો હેતુ અધુરા જ્ઞાનીઓને જ્ઞાની બનાવવા કરતાં જ્ઞાનીઓને અધિક જ્ઞાની બનાવવાનો હશે.

'પુરાતત્ત્વ': હોય નહીં.

'કૌમુદી': હા, કદાચ તમને એકને એમ નહીં લાગે.

'ગુજરાત': 'યુગધર્મ'! જ્ઞાન સાથે રસના વિચારની આવશ્યકતા તમે સ્વીકારો કે નહીં ?

'યુગધર્મ': એ ગૌણ લક્ષણ કહેવાય–પ્રધાન નહીં. છતાં પણ હવે નાનાલાલ કવિનું 'ઇંદુકુમાર' આવે છે એટલે બંને લક્ષણ સમલાક્ષણિક બની રહે છે.

'કૌમુદી': 'યુગધર્મ'! બીજું કંઈ કહેવાનું છે કે......

'યુગધર્મ': તમે જાણતાજ હશો—મેં ચિત્રો આપવાં શરુ કર્યાં છે.

'કુમાર': કેવાં ?

'યુગધર્મ': નથી ખબર ! મારે ત્યાં કોઇ મામુલી ચીતરામણો નહીં, પણ જગતના શિષ્ટ અને અમર ચિત્રકારોની સુરેખ, સુંદર સુશ્લિષ્ટ, મનોહર અને માધુર્યવતી કલાકૃતિઓનાં દર્શન કરી શકશો.

'નવચેતન': કોઇને કબરમાંથી ઉભા કરવાની વૃત્તિ તો નથી રાખીને !

'વસંત': Order, Order. (શાંતિ, શાંતિ).

'યુગધર્મ': અને મારો રોફ અન્ય નવીન દિશામાં પણ પ્રગતિ કરવાનો છે; ઉત્તેજન ને ઉત્સાહને ખાતર લેખકોને હું વેતન આપવાનું......

કેટલાએ અવાજો: હેં ?

અવાજ કોના કોના હતા એ પરખાય એમ નહોતું. એટલું ચોક્કસ કે આ બાજુનો કારી ઘા અનેકના હૃદયે જઈ ચોંટ્યો હતો.

'કૌમુદી': પણ 'યુગધર્મ'! વેતનના પ્રભાવે સૌ દોડતા આવશે એટલી તમને શ્રદ્ધા છે ?

'યુગધર્મ': એ તો હવે થાય એ ખરું પણ બાપુ! વેતનનાં ચેતન અનેરાં છે હોં.

'યુગધર્મ' બેઠું અને 'સમાલોચક' ઉભું થયું.

'સમાલોચક': સ્વર્ગસ્થ ગોવર્ધનરામના નામથી ને સમયથી મારી કીર્તિ બંધાણી છે.

'ગુજરાત': હમણાંહમણાંમાં જરા બહુ ડગવા માંડી છે.

'સમાલોચક': હું સચિત્ર છું.

'ગુજરાત': તોપણ ચિત્ર તો કદીકજ જોવામાં આવે છે.

'કૌમુદી': 'સમાલોચક'! મારી એક સલાહ માનશો ? ચિત્રો નહીં–તમે છબીઓ આપો છો; તમે તમને 'સછબી' કહેવરાવો તો ?

'સમાલોચક': એટલે શું સચિત્ર હોવાનો મારો દાવો જુઠ્ઠો છે ?

'યુગધર્મ': એવો આરોપ તે શી થાય! છબીઓએ એક રીતે તો ચિત્રોજ છે. પણ 'Modern Review'–'મૉડર્ન' રીવ્યુને

કોઇ સચિત્ર કહે તો આપણને હસવું ન આવે ?

('સમાલોચક'નેજ હસવું આવે છે.)

હવે એજ રીતે તમે તમને સચિત્ર કહેવરાવો તો અમે એ ભુલ સુધારી ન શકીએ ?

'સમાલોચક': એ વાત જવા દો તો પણ મારાં અવલોકન......

'ગુજરાત': બીલકુલ ઉંડાપણું કે તર્કશક્તિ વિનાનાં...

'કૌમુદી': ઉપરાંત આજના ખુટબંડોળ લહીઆઓના હાથમાં જતાં એનું તો કેવળ પતન થયું છે.

'વસંત': 'કૌમુદી'! આક્ષેપ વિચાર સામે હોય—વ્યકિત સામે નહીં. એમાં વિવેચન નથી વિવેચનનાં ફોતરાં છે.

'સમાલોચક': ઉપરાંત જેમ નરસિંહરાવનું 'સ્મરણમુકુર' વાંચવા......

'ગુજરાત': મને લેવું પડે તેમ......

'સમાલોચક': કમળાશંકરનું 'અનુભવવિનોદ' ખાતર મનેજ લેવું પડે.

'કૌમુદી': જેને વાંચવું હોય એને—

'વસંત': એ તો બંને માટે છેને ?

'સમાલોચક': અને મારી કેટલીક ખુબીઓ તો જગજાહેર છે એટલે વધુ વખત બગાડયા કરતાં બેસી જવાની રજા લઉં છું.

[સમાલોચક' બેઠું અને 'બુદ્ધિપ્રકાશ' ઉભું થયું.]

'બુદ્ધિપ્રકાશ': કેટલાએ માને છે કે મને લોક કહેવતની અસર થઇ છે. અને એ અંગે કેટલાક મને 'બુદ્ધોપ્રકાશ' પણ કહે છે. કેટલાકને હું 'બુદ્ધિપ્રમાદ' લાગ્યું છું; પણ એ બધા એમના મનમાં......

'દક્ષિણા મૂર્તિ': એ તો એ સૌની અંતર સંકુચિતતા બતાવે છે. એમને ખબર નહીં હોય કે વૃદ્ધ છતાં તમારા વિચારો સાવ સાદા હોય છે.

'બુદ્ધિપ્રકાશ': હં, ઉપરાંત મેં મારાં કાળજાનાં રૂપરંગ જાળવી રાખ્યાં છે. ભલેને ગમે તે પત્રને ફેલાવું હોય તેટલું ફેલાય; પણ મારા પેટનું પાણી કયારેએ હાલ્યું નથી અને હાલવાનું પણ નથી. રસની મહત્તા વિના અને વિચારની ગંભીરતા વિના મેં મારું સ્થાન જાળવી રાખ્યું છે—જે આજે કોઇથી બને એમ નથી.

'કૌમુદી': ધન્ય છે, ધન્ય છે !

'સાહિત્ય': 'કૌમુદી'! છતાં પણ એના જેવા વયોવૃદ્ધને વીસારીને તમે શું ફળ મેળવવા ઇચ્છો છો તે અમે સમજી શકતા નથી.

'વસંત': 'સાહિત્ય'! વાત ચાલતી હોય એને ચાલવા દોને ?

'બુદ્ધિપ્રકાશ': તમે સૌએ એટએટલું કહ્યું છે કે મારા વીશે હું શું બોલું એજ મને પ્રશ્ન થાય છે; એટલે હું બેસી જાઉં છું. બહુ વાર તો હું ઉભું પણ ન રહી શકું.

'બુદ્ધિપ્રકાશ' બેઠું.

'વસંત': 'સાહિત્ય'! તમારો વારો આવ્યો.

'સાહિત્ય': હું એક વિચાર કરું છું.

'યુગધર્મ': એ પછી વિચાર કરજો.

'સાહિત્ય': પછી થાય એમ નથી. મને એમ થાય છે કે હવે પ્રમુખસાહેબ! તમેજ બોલો તો સારું.

'વસંત': એમ કેમ ?

'સાહિત્ય': મારી આંખ ફરકે છે. કંઈ અશુભ સૂચન......

'કૌમુદી': હવે જે ઉભું થતું હોય એ થાઓને?

(આખરે 'વસંત' ઉભું થયું. ને વળી જરાક તાલીઓ પડી.)

'વસંત': હજુ હું યુવાન છું એટલે... ..

'કૌમુદી': તમને એમ નથી લાગતું કે તમારામાં અકાલ વૃદ્ધત્વ આવી ગયું હોય?

'પુરાતત્વ': કેટલાકમાં અકાલ વૃદ્ધત્વ આવે તો કેટલાકમાં અકાલ મુરબ્બીવટ આવે. આપણામાંથી કોણ કોનો વાંક કાઢશે?

'વસંત': મારે મુખ્યત્વે એકજ વાત કહેવાની છે. ગોવર્ધનયુગની વિચારસરણી અને ભારેખમ લખાવટનાં કેટલાંક સૌથી ઉજ્જવલ પ્રતિબિંબ મારા એ સમયના જીવનમાં પડેલાં તમે જોયાં હશે.

'સમાલોચક': મારે મારા માટે પણ એજ કહેવાનું રહી ગયું.

'કૌમુદી': કબુલ.

'વસંત': હવે એક છેલ્લી વાત. જેમ અમુક લેખક ખાતર અમુક ચોપાનીયું વાંચવું પડે તેમ જ્ઞાનબાલની 'વિવર્તલીલા' ખાતર તેનેજ શોધવું પડે.

'ગુજરાત': એ પણ કબુલ

'વસંત': બસ આટલુંજ. હવે એક નમ્ર સૂચન કરી હું બેસી જઈશ. આપણા ગુણદોષનાં આટલાં સરવાળાબાદબાકી કર્યા પછી મને એમ થાય છે કે નીકળવાને ખાતર નીકળતાં ચોપાનીયાં રોઇ વધુ સારા સાથે ભળી જાય અથવા તો સાવેજ બંધ પડે તો આપણને જબ્બર લાભ ન થાય?

કેટલાંક: થાયજ.

બીજાં કેટલાંક: કે કહેવાય નહીં.

'વસંત': હું તો માનું છું કે થાય. એ માટેજ 'રંગભૂમિ'ના એ પગલા માટે હું તો એને એ માગે એટલાં, અભિનંદન આપવા તૈયાર છું.

('વસંત' બેઠું અને 'સાહિત્ય' ઉભું થયું.)

'સાહિત્ય': હું અચિત્ર છું એટલે મારે દેખાડવા કરતાં બોલવાનું વધુ છે. તમે સૌ 'સચિત્ર, સચિત્ર' પીટયા કરો છો પણ આપણી ચિત્ર કલા વીશે કેટકેટલાંએ વિચાર સરખો પણ કર્યો છે?

'કુમાર': મેં.

'સાહિત્ય': અપવાદ; અત્યારે તો આપણી ચિત્રકલામાં સખત ઢોંગ પેસી ગયો હોય એમ લાગે છે. દાખલા તરીકે એક ચિત્ર આવતા અંકમાં આવવાનું હોય એટલે આ અંકમાંજ 'મનોહર', 'સુંદર', 'આકર્ષક', 'લલિત પીંછીથી દોરાએલુ' વગેરે જાહેરખબર આવવાનીજ. ઘડો ફુટે ત્યારે ભલેને સાવ ઉલટુંજ—અને એ ઉપરાંત ચોરેલું પણ—નીકળે! આવા ચિત્રકારોને ચિત્રકારો કહેવાતા સાંભળી રવિ વર્માનો આત્મા તો હશે ત્યાંએ કંપતો હશેને?

(સર્વત્ર શાંતિ ફેલાઈ ગઇ. થોડાંકનાં આંગળાં એમના દાંત વચ્ચે જઇ પડયાં હતાં.)

'વસંત': કૃપા કરી મુળ વાત પર આવો.

'સાહિત્ય': જી, નિયમિતતા માટે તો મારો આભાર પણ મનાઇ ગયો. મારી લેખપસંદગીનું પ્રમાણ આપણી સાહિત્ય સ્થિતિની સાથ સાથ ચાલે છે. સાક્ષરોનાં લખાણ વિના હું નભી શકું ખરું.

'સમાજજીવન': બહુધા એમજ હોય છેને?

'સાહિત્ય': મારી ગ્રંથાવલોકનની શૈલી પણ નિષ્પક્ષપાત......

'ગુજરાત': જ્યાં બની શકે ત્યાં રહી છે.

'કૌમુદી': ઉપરાંત ટુંકી ને ગામઠી.

કલાનો પ્રતાપ

લેખક :

અ. વ્યોમેશચંદ્ર જ. પાઠકજી.

મનુષ્યની કૃતિ કરતાં મનુષ્યનું જીવન મોટું છે; છતાં મનુષ્ય જીવનમાં રસ લઇ શકતો નથી તેટલો નાટકમા લઇ શકે છે. તેનું કારણ શું?

હરિશ્ચંદ્રના નાટકમા તારામતી શ્મશાન ભૂમિમાં હરિશ્ચંદ્ર આગળ આંસુ પાડતી હોય ત્યારે નિષ્ઠુર હૃદયવાળા પ્રેક્ષકોની આંખમાંથી પણ આંસુ કેમ નીકળી પડે છે તે જરા વીચારીએ

પ્રથમ તો ચિત્રકાર પ્રેક્ષકવર્ગ સમક્ષ શ્મશાનભૂમિનું આબેહુબ ચિત્ર રજુ કરી દે છે. પ્રેક્ષકના હૃદયમા શ્મશાનભૂમિનું ભાન થયું કે તે તત્પર બને છે. પછી નાટ્યકાર સંવાદાદિ અનેક પ્રકારે પાત્રોદ્વારા વસ્તુવિકાસ કરાવી, તારામતીની પરિસ્થિતિનો બરાબર પરિચય આપી પ્રેક્ષકને તલ્લીન બનાવી દે છે ત્યાર પછી નટી પોતાના અભિનયથી, તારામતીના હૃદયની સ્થિતિનું ભાન કરાવી પ્રેક્ષકને તન્મય કરી દે છે. હવે તારામતીના હૃદયના ભાવોનું પ્રેક્ષકમા સંક્રમણ કરવાનું મહા મુશ્કેલ કામ રહ્યું. આ કામ નાટ્યકાર કાવ્ય મારફત કરાવે છે, કારણ કે હૃદયસ્પર્શી ભાવોનું આલેખન ગદ્ય કરતા કાવ્ય વધારે સારી રીતે કરી શકે છે કાવ્યે હૃદયનુ આલેખન સફળ રીતે કીધું; પ્રેક્ષક તદ્રૂપ બની જાય છે. કલાકાર અને કળાના ભોક્તાનો આમ અભેદ સાધવો એજ ઉત્તમ કળાનું ધ્યેય હોય છે. આ ધ્યેય સાધનમા કાવ્યનું બળ વાપરવા છતા કંઇક ઉણપ રહેતી હોય અથવા રહેવાનો સંભવ હોય તો સંગીતની મદદ લેવામા આવે છે, કારણ કે કાવ્યના શબ્દાર્થ જે કામ નથી કરી શક્તા તે કામ સંગીતના તાલસૂર કરી શકે છે ને તેથીજ સમય અને પ્રસંગને અનુકૂળ રાગ અને લયમા, નાટ્યકાર પેલું કાવ્ય તારામતી પાસે ગવડાવે છે. ચિત્રકળા સ્થાનનો ભેદ દૂર કરે, કાવ્યકળા હૃદયનો ભેદ દૂર કરે, નાટ્યકળા કાળનો ભેદ દૂર કરે, અભિનયકળા વ્યક્તિનો ભેદ દૂર કરે અને છેવટે સંગીતકળા સાક્ષાત્ અભેદોર્મિ પ્રગટાવે, એટલે તારામતીની સાથે પ્રેક્ષકો આપોઆપ આંસુ પાડે છે

ઉત્તમ શબ્દમય વર્ણન પણ ચિત્રની તોલે કદાપિ આવી શકતું નથી, તેમજ સંગીતના જેટલો ભાવપ્રવાહ પ્રાસાદિક વાણીમા પણ વહી શકતો નથી; તેથીજ નાટ્યકાર, પોતાની ધ્યેયસિદ્ધિ અર્થે શરૂઆતમા ચિત્રકળાનો અને આખરે સંગીતકળાનો આશ્રય લે છે આમ સ્વતંત્ર કળાઓને અન્યોન્યાશ્રયી બનાવવાથીજ, જીવનની જે ક્ષણની અમુક છાપ નાટ્યકાર પ્રેક્ષકના હૃદયપર સચોટ રીતે પાડવા ઇચ્છતો હોય તેમા સફળ થાય છે જેમ ચિત્ર નિસર્ગની પ્રતિકૃતિ છે, તેમ નાટક એ જીવનની પ્રતિકૃતિજ છે. આની પ્રતિકૃતિની પરંપરા, દરેક નાટકમા એવી અદ્દભુત રીતે બતાવવામા આવે છે કે કલાકારે એકલાએજ જીવનમાં જે જોયું હોય તે બીનકેળવાયલી આંખ નાટકમા જોઇ શકે. આથી જીવનની શુષ્ક દીસતી કાર્યભૂમિ કરતાં નાટકની રસમય રંગભૂમિ મનુષ્યને વિશેષ આકર્ષક થઇ પડે છે.

એજ કલાનો પ્રતાપ—

સ્વપ્નદ્રષ્ટા

—૦—

[અનુસંધાન પૃષ્ઠ ૧૮૦ થી]

—ને સમાજની પ્રગતિ થાય કેમ? અંગ્રેજી કેળવણીએ જ્ઞાનચક્ષુ ખોલ્યાં; અંગ્રેજી સંસ્કારે સમાનતા ને સ્ત્રી સ્વાતંત્ર્ય શીખવ્યાં. એ સંસ્કાર વિના હીંદ અધોગતિમાંથી બચશે કેમ?

હૃદયમાં આવાં તોફાની તરંગો જેમ તેમ શમાવી, નામદાર જગમોહનલાલ ઉંઘવા સુતા.

૫

ગુંગળામણથી અસ્વસ્થ સુદર્શન સ્ટેશન પરથી પાછો આવ્યો. તેનાં સ્વપ્નાઓમાં નામદાર જગમોહનલાલે ભંગ પાડ્યો હતો. જે સૃષ્ટિ તેણે રચી હતી તેમાં વિનાશક ધરતીકંપ થઇ રહ્યો હતો.

હીંદવાસીઓની દેશભક્તિ પર અને તેમના પરદેશીઓ તરફ સેવેલા ક્રોધ પર તેણે પોતાની સૃષ્ટિ રચી હતી. દરેક હીંદી ભારત માતાનો ભક્ત હતો કે થવાનો અને દરેક ભક્ત માતાની સ્વતંત્રતા સાધવા પરદેશી સંસ્કાર ને સત્તાનો વિરોધી થવાનો; આ નિશ્ચલ સિદ્ધાંતોના વિરોધરુપ નામદાર તેને દેખાયા. એના પિતાની રાજ્યભક્તિને જુના જમાનાની અવશેષ મનોદશા તે માનતો હતો; એટલે તેની તેને પરવા નહોતી. પણ ફીરોજશાહ અને તેના અનુયાયીનો મિતવાદ તે દ્રોહ લેખતો હતો. મોટા થવા, અને પોતાના હાથમાં જાહેર જીવનની સત્તા રાખવા તેઓ રાષ્ટ્રવાદીઓની સામે પડતા હતા એવી તેની દૃઢ માન્યતા હતી. પણ ફીરોજશાહી સંપ્રદાયનો પ્રતિનિધિ તેણે અત્યાર સુધી નજરે જોયો નહોતો તે આજે જોયો. અંગ્રેજી પહેરવેશ; અંગ્રેજી રીતભાત; અંગ્રેજી ભાષાની ગુલામી, બ્રીટીશ સલ્તનત પરનો પ્રેમ; ભારત માતામાં અશ્રદ્ધા—આ પરાધીનતાની વૃત્તિનાં દરેક અંગ જગમોહનલાલમાં મૂર્તિમાન્ થએલાં તેણે જોયાં. અને તેની આત્મશ્રદ્ધા જોઇ તેની પોતાની શ્રદ્ધા ડગમગવા લાગી, અને તેના હૈયામાં ક્રોધ ને દ્વેષનો અગ્નિ સળગવા લાગ્યો.

શું આવા લોકો અંગ્રેજોને પડખે ઉભા રહેશે? શું વિપ્લવવાદીઓના પ્રયત્નો તે નિષ્ફલ કરશે? તેણે ગભરાઇને ઉંચું જોયું. ચંદ્રના પ્રકાશમાં કોલેજના ગુંબજો ચારે તરફ પ્રભાવના સંસ્કાર પાડી રહ્યા હતા. અને તે પ્રભાવની જુલ્મી અસર તેના હૃદય પર થઇ. તે ખસી શક્યો નહીં.

તેને યાદ આવ્યું કે અત્યારે મધરાતે ભીમનાથના તળાવ પર તેના સહયોગીઓ મળવાના હતા, અને ત્યાં તેને જવું હતું. પણ અત્યારે તેના હૈયામાં અશ્રદ્ધાનો સંચાર થયો હતો. તેણે રચેલી સૃષ્ટિમાં નામદાર જગમોહનલાલે ફાટ પાડી હતી. તેને લાગ્યું કે અત્યારે તેના મિત્રો જે દેશભક્તિની ઝનુનથી તણાઇને વડોદરે આવ્યા હતા તેમને મળવાને તે નાલાયક હતો. તેની બધી યોજના નકામી હતી. તેના સ્વદેશ બંધુ કાયર હતા. તેના દેશનું ભાવિ ફુટેલું હતું...તે નીચું માથું કરી સીધેસીધો ચાલ્યો. તેને રડવાનું મન થયું પણ તે રડી શક્યો નહીં.

તેને પોતાની નિર્બલતાનું ભાન થતાં તે કાંપી ઉઠ્યો. બાલપણથી, તેને દેશ દાઝ થતી; કોઇને ન થતી એવી ઇચ્છાઓ થતી; કોઇને નહીં આવતા એવા વિચારો આવતા. કેટલાએ વખતથી રાષ્ટ્રનેતાઓની ભુલ તે જોઇ શકતો ને મહા પ્રશ્નોનો ઉકેલ સહેલાઇથી કરી

શકતો; અને ધીમેધીમે ડરતાં ડરતાં, તેને ખાત્રી થવા માંડી હતી કે ભારત માતાનું સ્વાતંત્ર્ય સાધવા તેને મહામાયાએ અવતાર આપ્યો હતો.

અત્યારે અશ્રદ્ધાનું વાદળ આવતાં આ ખાત્રી ઓછી થઇ ગઇ, અને તે થતાં એને જીવનનાં ઝરણાં સુકાઇ જતાં લાગ્યાં.

"મા–મા! શું આટલો વખત હું મુર્ખાઇમાંજ માણતો હતો? મા! તારી સેવા મને નહીં કરવા દે?"

એકદમ પોતાની નિર્બલતા તરફ તેને ક્રોધ પેદા થયો. તે નિર્માલ્ય મનુષ્ય જંતુની માફક હારી ખાતો હતો.

"શું મારું પુણ્ય પરવાર્યું? મારી મા–આર્યોની દેવી—જગજ્જનની પરાધીનતામાં, દુઃખમાં આમ ને આમ પડી રહે—મારા દેહમાં પ્રાણ છતે?" તેણે માન્યું હતું કે ભારત માતા એની સેવા માટે આતુર, અને એના પ્રયત્ન માટે વાટ જોતી બેઠી હતી. આ તેની અશ્રદ્ધા ને દ્રોહથી તેને શું વેદના થતી હશે?

"મા! મા! તારું શું થશે?" કહી તે કોલેજ હોલના પગથીઆં પર બેસી ગયો. "મા! મા!" તેણે બુમ પાડી......

તેની આંખો નિસ્તેજ જેવી થઇ, ને પલવારમાં માન અને ભયથી વીકસી રહી...

જે પગથીએ તે બેઠો હતો તેની સામે સૂર્યના તડકા છાંયડાથી કાલ માપવાનું યંત્ર એક નાના થાંભલા પર હતું તે સ્તંભ આગળ કોઇ હાલ્યું. સુદર્શને શ્વાસ રુંધ્યો......

ત્યાં પ્રસરેલી ચાંદનીના જાદુઇ પ્રકાશમાં–કોલેજના મોટા નાના છાંયડાથી રચાએલી તેજ છાયાની અદ્‌ભુત મોહજાળમાં એક સ્વરૂપ–ચંદ્ર કિરણોનું બનેલું એવું પ્રકાશમાન છતાં જાણે પાર્થિવ સ્થૂલતામાં મોહક હોય એવું–ત્યાંથી આગળ આવ્યું. તેની તેજસ્વી રેખામાં દેવીના અથવા દયિતાના દેહમાંજ દેખાતી મોહ ભરી અસ્પષ્ટતા હતી.

સુદર્શન તેના તરફ ગાંડા જેવો જોઇ રહ્યો; તેનું હૈયું ગભરાટથી ધબકી રહ્યું.

કૌમુદીના જલધિમાંથી સાગરકન્યા લક્ષ્મી આવે તેમ એક સ્ત્રી તેના તરફ ચાલી આવી. તેનો દેહ સુરેખ હતો–છતાં નિર્માલ્ય માનરતાના વહેંતીઆ માપથી પર હોય એવો દેખાતો; તેના વસ્ત્રના છટાદાર સળ માત્ર ચંદ્રિકામાં ઉભા થતા રુપેરી તરંગોજ દેખાડતા. ચારે તરફની તરતી ચંદ્રિકામાં કંચન ગંગાનાં હિમશિખરો જેવી નીરાળી ને સૌમ્ય તેજોમયતા જ્યાં તે હતી ત્યાં પ્રસરતી.

સુદર્શને આ શાંત ને સૌમ્ય તેજોમૂર્તિને જોઇ; તેનાં આગળ આવતાં ડગનું લાલિત્ય જોયું; તેની અસ્પષ્ટ છતાં ભરેલી રેખાઓ—પરિચિત એવી–જોઇ; તેના માથાનો ભગ્ન મરોડ જોયો. અને તેની નજર તેના મુખ પર ઠરી; અખંડ યૌવનનું સનાતન સૌંદર્ય–યુગ પરંપરાની સમૃદ્ધિથી દીપતું જ્ઞાનગાંભીર્ય—અનુકંપાની અવધિમાંથી ઉદ્ભવતું પરમ વાત્સલ્ય—સ્રષ્ટાની સહચારિણીને શોભે એવું દુર્જય છતાં દયાભીનું ગૌરવ તેણે જોયાં.

આ બધી વસ્તુઓ સુદર્શને પહેલાં જાગતાં ને ઉંઘતાં–સ્વપ્નામાં જોયાં હતાં—ને તેને પરિચિત હતાં પણ આજે તે બધાનો સાક્ષાત્કાર થતાં તેનું ભક્તિભીનું હૃદય ઘેલું થઇ ગયું.

ઘણા વખતથી વીછીલા પડેલા અધીરા, ભુખ્યા બાલકની માફક તે બોલી શક્યો નહીં, રડી શક્યો નહીં; માત્ર દયામણા બની હાથ લંબાવી રહ્યો તેના હોઠ કંપ્યા નહીં: અને

છતાં તેની રગેરગમાં 'મા' શબ્દનો પ્રતિધ્વનિ થયો.

તે જોઇ રહ્યો—ને 'મા' પાસે આવ્યાં; અને તેના મુખ પર દયાર્દ્ર સ્મિત પ્રસરી રહ્યું.

"મા!" સુદર્શને ઉચ્ચારવા પ્રયત્ન કર્યો. અને પાસે આવેલા તેજઃપુંજને અડકવા હાથ લંબાવ્યો. તે તેના પગને અડકયો ન અડકયો —ને 'મા' પરમ સ્નેહાલતાથી, માથું નીચું નમાવી, ફરી હસ્યાં. તે હાસ્યમાં ભગીરથ જીવનની પ્રેરણા હતી—માટીના પુતળામાં વીર અર્જુન પ્રગટાવવાનો જાદુ હતો. તેને આશીષ દેવા 'મા' એ હાથ લંબાવ્યો.

સુદર્શને નીચું જોયું. તેની આંખ આગળ ન ખમાય એવાં તેજો નાચી રહ્યાં; અને પૂજ્યતાના ભારથી દબાઇ તે ઉંધે માથે ભોંયે પડયો.

અને તેના કાનમાં અનેક કિન્નર કંઠમાંથી નીકળતો હોય તેવો અવાજ સંભળાયો—

"अमलां—कमलां—सुस्मितां
धरणीं—भरणीं—मातरम् ।"

૬

સુદર્શને ઉંચુ જોયું; કેટલી વારે તેનું તેને ભાન રહ્યું નહીં. તેણે ચારે તરફ જોયું તો નિશ્ચેતન ચંદ્રિકા જીવંત પ્રતાપથી ધબકી રહી હતી 'ધરણીં—ભરણીં—માતરમ્,' તે બબડયો ને ઉભો થઇ ગયો. શ્રદ્ધા અને શક્તિની છોળોથી તેનો આત્મા નિર્મલતા પ્રાપ્ત કરી રહ્યો હતો.

આત્મ શ્રદ્ધાના ગર્વથી તેણે ચાલવા માંડ્યું. ભારત માતાએ તેના પર મહેર કરી દર્શન દીધાં હતાં. તેનો જન્મ સફલ થયો હતો. માતાએ પોતાની બેડી તોડવાનું શસ્ત્ર તેને માન્યો હતો. જયમોહનલાલ જેવા દ્રોહીની, બ્રીટીશ સલ્તનત જેવા જુલ્મીની તેને હવે જરાએ બીક નહોતી. તેનાં જીવનનો ધર્મ હતો તેનાથી વધારે સ્પષ્ટ સમજ્યો.

જ્યારે તે એની ખોલીમાં ગયો ત્યારે પાઠક, કેરશાસ્પ ને મગન પંડ્યા તેની વાટ જોતા હતા.

કેરશાસ્પ ઉત્સાહી ને બુદ્ધિશાળી પારસી યુવક હતો. તે વડોદરાનો રહીશ હતો. બાપના પૈસાની હુંફથી તેણે ભણવાનું છોડી પરદુઃખભંજન પ્રવૃત્તિ આરંભી હતી. કયાંએ પણ કલેશ થાય તો તે શમાવવો, કયાંએ પણ જુલમ થાય તો તેને રોકવો, કયાંએ પણ દુઃખ થાય તો તેને મટાડવું એ આદર્શ માટે જીવન અર્પણ કરવાની તેણે એક સવિસ્તર યોજના ઘડી કાઢી હતી. પોતાને વૈદકશાસ્ત્રનો અભ્યાસી માની ઘેર બેસી દરદીને તે રોજ મફત દવા આપતો; અડવાડીઆમાં એક દહાડો ગરીબને કપડાં આપતો; અને ઓળખીતામાં કોઇને પણ વિટંબણામાં આવી પડતું જોતો કે ગાંઠની ખાયડી ખાઇ તે વહારે ધાતો.

તે ઉંચો ને પ્રચંડ હતો. તેનામાં પહેલવાનનું બળ હતું. તેનું મોટું માથું, ટુંકું નાક, ને મોટા ડોળામાં ઇરાનના અસલી વીરોનો ઘાટ હતો. તે ગુજરાતી શુદ્ધ, ને અંગ્રેજી જુસ્સાદાર બોલતો. દરેક વિષય પર પોતાનો અભિપ્રાય નિર્વિવાદ છે એમ તે માનતો ને બીજાને મનાવવાની માથાકુટ નિરંતર કર્યા કરતો. જ્યારે તે અંગ્રેજી સત્તા સામે બોલતો ત્યારે તે સત્તાના ભુકા હમણાં ઉડી જશે એવો ખ્યાલ આવતો. જ્યારે તે હીંદીઓની નિર્બલતા પર વિવેચન કરતો ત્યારે જાણે હીંદીઓ કાલે બધા મરી જઇ હીંદુસ્થાન ઉજ્જડ થઇ જશે એવો ડર લાગતો.

પાઠક, સુદર્શન ને મગન પંડ્યા તેના

પરમ મિત્ર હતા. દરરોજ તે બોર્ડીંગમાં આવતો, અને કલાકોના કલાકો સુધી આ બધા દુનીઆના પ્રશ્નો ઝપાઝપ ઉકેલી નાખવા બેસી જતા. આ નાનકડા સમૂહનો કેરશાસ્પ નાયક હતો.

મગન પંડ્યા કૉલેજનો વિદ્યાર્થી હતો; અને વિદ્યાર્થી આશ્રમમાંજ અવતાર પુરો કરવાની ઇચ્છા હોય તેમ પરીક્ષામાં પાસ થવું તેને ગમતું નહીં. આઠેક વર્ષની કારકીર્દી પછી બી. એસસી. ના છેલ્લા વર્ષ સુધી તે આવી લાગ્યો હતો; અને આ ચિરાયુ કારકીર્દી માટે સર્વાનુમતે તેને 'પંડ્યા કાકા'નું ઉપનામ મળ્યું હતું. પ્રોફેસરો તેમજ વિદ્યાર્થીઓની પ્રીતિનું તે પાત્ર હતો.

પંડ્યા કાકા ભણવા કરતાં રમવા પર ધ્યાન વધારે આપતા, અને રમવા કરતાં ખાવા પર ચિત્ત વધારે ચોંટાડતા એક બે પરીક્ષા તેણે સુદર્શનની મદદથી પાસ કરી હતી; પણ ક્રીકેટ, ટેનીસ, સોશીઅલ ગેધરીંગ, રીડીંગ રુમ વગેરેનું મંત્રી પદ તેને પોતાની લાયકાતથી દર વર્ષે મળ્યુંજ જતું અને જ્યારે પણ છાત્રગૃહમાં જાફત થતી ત્યારે બીજા છોકરાઓ પોતે શું ખાશે તેના કરતાં પંડ્યા કાકા શી શી બહાદુરી દાખવશે તેનો વિચાર કરવામાં રોકાતા. એક ટંકે છપ્પન રોટલી કે ચોર્યાસી પુરીઓ ખાનાર પંડ્યાની ખ્યાતિ સાંભળી વડોદરા તેમજ બીજી કૉલેજો-ના વિદ્યાર્થીઓનાં હૃદય ઇર્ષ્યાથી અકળાઇ રહેતાં; અને 'પંડીઆના પેટ માંહી પંચીઆશી પુરીઓ'ની પ્રચલિત થએલી કહેવતમાં આ મહારથીની અમર કીર્તિ ઉચ્ચારતાં પોતાની નિર્બલતા કબુલ કરતા.

પાઠક, સુદર્શન અને કેરશાસ્પની મૈત્રીને લીધે સરલને સ્નેહાલ પંડ્યાએ રાજકીય આદર્શો સ્વીકાર્યા હતા. અંગ્રેજોને દેશપાર કરવા એ લગભગ 'ઓવર બાઉંડરી' મારવા જેટલીજ સહેલી વાત હતી એમ તેને લાગતું હતું. કેરશાસ્પનો પ્રભાવ, પાઠકની ઉતાવળ, ને સુદર્શનની બુદ્ધિ—એ ત્રણ વસ્તુની મદદથી તો 'ઓવર બાઉંડ' મારવા જેટલી પણ મહેનત નહીં પડે એમ તેને ઘણી વાર લાગતું. એ પોતે મહત્વાકાંક્ષી નહોતો પણ એના ત્રણ મિત્રો જે એને કાર્ય કરવાનું કહે તે કરવા તે તૈયાર હતો.

કેરશાસ્પ, પાઠક ને પંડ્યા ત્રણે જણ સુદર્શનને આશાસ્પદ ને લાડકવાયો નાનોભાઇ ગણતા.

"સદુભાઇ! ક્યાં હતા?" પાઠકે કહ્યું.

"સ્ટેશન પર બાપાજીને વળાવી આવ્યો."

"ચાલો મોડું થાય છે. મધરાત થવા આવી" પગ પર હાથ ઠોકી કેરશાસ્પ ઉભો થઇ ગયો.

"ચાલો, હું પાણી પી લઉં." સુદર્શને પાણીની ગોળા તરફ જતાં કહ્યું.

"થેંક્યુ—થેંક્યુ—થેંક્યુ—" ત્રણે જણે કહ્યું. એ મિત્રમંડળમાં પ્રચલિત પ્રણાલિકા પ્રમાણે એ 'થેંક્યુ'ના જવાબમાં તે કહેનારને પાણી પીવા જનારે ભરેલું પ્યાલું લેઇને આપવુંજ જોઇએ. સુદર્શને મુંગે મોઢે ત્રણેને પાણી પાયું ને ચારે જણ ત્યાંથી ભીમનાથને તળાવે જવા નીકળ્યા.

[આ રસિક વાર્તાનો વિશેષ ભાગ આવતા અંકમાં.]

સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર

[અનુસંધાન પૃષ્ઠ ૧૮૯ થી]

સ્ત્રીની આર્થિક નીરાધારી કાઢવાનો પ્રશ્ન હજુ આપણે ત્યાં ઘણીજ બાલ્યાવસ્થામાં છે. પારસીઓ અને દેશી ક્રીશ્ચીઅનોએ પણ જેટલે અંશે આનો તોડ કાઢ્યો છે તેટલી પ્રગતિ કરતાંએ હજુ ઓછામાં ઓછો એક દસકો આપણને જોઇએ. આ સ્થિતિને લીધે કુવારાં રહેવા કરતાં ગમે તેવા વરને પરણી જવાની ફરજ સ્ત્રીને પડે છે. વિધવા સ્ત્રીની નિરાશ્રિતતાનો તો પારજ નથી રહેતો. આથી ટુંકી કમાઇવાળાં કુટુંબોની હાડમારી ઘણી વખત દેખી ખમાતી નથી.

આવા પરાશ્રયમાં જીવન ગાળે તે સ્ત્રીઓની મનોદશા પણ સદાએ આશ્રિતનીજ રહે છે. એમના સ્વતંત્ર વ્યક્તિત્વનો વિકાસ કદી થતો નથી કે બહારની દુનીઆ જોવાનું દષ્ટિબિંદુ તેમને કદી આવતું નથી. સ્વતંત્ર શહેરી તરીકેની ભાવના એમને કદિ થતી નથી. આ બધી આપણી ખામીઓ પશ્ચિમના નવા સ્ત્રીત્વનો વિકાસ જોતાં આપણને ઘણી તીવ્રરૂપે લાગે, પણ આ પ્રશ્નનું ભાન આપણને ક્યારનુંએ થવા માંડયું છે અને આવતા પાંચ દસ વર્ષમાં આપણે ઘણી ઝડપથી પ્રગતિ કરીશું એવી આશા રાખવી છેક નીરાધાર નથી.

સંસ્કૃતિ ખીલવવાના અને સંસ્કારિતા પામવાના પ્રયત્નોમાં સ્ત્રીઓની મનોદશા ઘણી આગળ વધેલી છે. પુરુષો કરતાં સ્ત્રીઓને ઓછો વ્યવસાય હોવાથી એ વીશે વિચાર કરવાનો અને સંસ્કારો જીંદગીમાં વધારે ઉતારવાનો અવકાશ છે તેનું આ પરિણામ છે. માણસની સંસ્કારિતા બે પ્રકારની હોય છેઃ અંતરની ને બહારની. બહારના સંસ્કાર વગરના અંતરના સંસ્કાર, ઘણી કીંમતી વસ્તુઓથી ભરેલા પણ ધુળવાળા બંધ ઘર જેવી છે, ને તેથી એ વસ્તુઓનો ઉપયોગ કરતાં પણ ઘણી વાર કચવાટ થાય છે. અંતરની સંસ્કારિતા વગર બહારના સસ્કાર શણગારેલાં ઇજીપ્શીઅન 'મમી' જેવા છે, ને તેથી એને જોવાની જિજ્ઞાસા પુરી થતાં એના તરફ ઘૃણા ઉત્પન્ન થાય છે. આ બંનેનો સંયોગ ન હોય તો બંનેનો ઉપયોગ ઓછો થઇ જાય છે. જીંદગીમાં ગંદી રીતે રહેતાં માણસોના મગજમાં ભરેલો સુંદર કાવ્ય ભંડાર કેં ખાસ આકર્ષતો નથી. બહારથી ટાપટીપવાળા જનોના વિચાર વિનાના પોકળ મગજ પર પણ કોઇને મોહ થતો નથી. આપણે ત્યાં જાણ્યે અજાણ્યે આ વિચાર ઘણાનાં અંતર વલોવી રહ્યો છે. પુરુષો એ વસ્તુનો વિચાર કરવા લાગ્યા છે. સ્ત્રીઓ એ વાત આંતર-પ્રેરણાથી સમજતી થઇ છે. અને અંતર અને બહારની સંસ્કારિતાનો મેળ કરવાનો પ્રયત્ન બંનેએ પોતપોતાની રીતે કરવા માંડયો છે. છેલ્લાં પચાસ વર્ષમાં ન થઇ તે પ્રગતિ થોડા વર્ષમાં હાલ જોવામાં આવે છે તે આનુંજ પરિણામ. સ્ત્રીઓ હવે ધીમી પણ દૃઢ રીતે આગળ વધે છે. પુરુષ એને માટે બધું વિચારી મુકતો તેને સાટે એ પોતાને માટે, અને સાથે સાથે પુરુષને માટે પણ વિચાર કરવા લાગી છે. એના વિચારને હવે પુરુષથી નજીવા ગણીને કાઢી નંખાતા નથી. એની ભાવનાઓથી પુરુષમાંએ વધારે ભાવનાભક્તિ અને કાર્યશક્તિ પ્રેરાય છે. એના સહકારથી સંસારમાં વધારે ચેતન આવ્યું છે. આપણી હાલની સામાજિક અને રાજકીય બધી

પ્રવૃત્તિઓમાં આ નવી જાગૃતિની અસર સ્પષ્ટ રીતે દેખાય છે.

આદર્શો રાખવામાં અને તેને સાહિત્યમાં સજીવન કરવામાં સ્ત્રીઓએ હવે પોતાનો નાનો તોએ અવગણી ન શકાય એવો ફાળો આપવા માંડ્યો છે. એમનામાં હજુ કાલિદાસ કે શેક્સ્પીઅર નીપજવાને કદાચ સૈકાંઓ જશે; 'સરસ્વતીચંદ્ર' કે 'ગુજરાતનો નાથ' લખનારી સ્ત્રીઓ હજુ નજીકના ભવિષ્યમાં નહીં ઉત્પન્ન થાય. કારણ કે પુરુષોની જેમ તેમની પાછળ યુગોના અભ્યાસનો વારસો નથી. પણ પહેલી પંક્તિની બધી જગાઓ પુરુષોને માટે 'રીઝર્વ્ડ' રાખીએ તોપણ બીજી પંક્તિમાં સારું સ્થાન મળે એવી સ્ત્રીઓ હીંદના લગભગ બધા પ્રાંતોમાં પાકવા લાગી છે. હજુ આપણું સ્ત્રી કેળવણીનું પ્રમાણ પુરુષો કરતાં બહુ ઓછું છે; એ જોતાં આ સ્થિતિ સ્ત્રીઓના ભાવિ વિકાસને માટે ઘણી આશાજનક કહી શકાય.

અને જે દેશમાં પોતે માનેલા આદર્શ કે મહત્વાકાંક્ષાને સંતોષવા સરોજિની દેવી જેવી સ્ત્રીઓ બહાર પડે તે દેશની સ્ત્રીઓ આદર્શો રચવામાં અશક્ત છે એમ કેમ કહેવાય ? આજે ગુજરાતમાંએ કેટલી સ્ત્રીઓ જેને પોતે આદર્શ માન્યો તેની પાછળ જીવન ગાળવા તૈઆર થઇ છે ? એ આદર્શ ખાદી પ્રવર્તાવવાનો હોય કે રેંટીઆ ચલાવવાનો હોય; સ્ત્રીઓને સુધારવાનો હોય કે અંત્યજ બાળકોને ભણાવવાનો હોય; કલાનો હોય કે સાહિત્યનો હોય; એ આદર્શ શાનો છે એ સવાલ નથી, એ આદર્શ નાનો છે કે મોટો તે પણ સવાલ નથી. આદર્શ રચી તે જીરવવાની તાકાતનો સવાલ છે. કોણ કહેશે કે એ તાકાત હાલની સ્ત્રીઓમાં નથી જન્મી ?

આમ જુદી જુદી દિશામાં આપણી સ્ત્રીઓનો વિકાસ થવા માંડ્યો છે, અને તેને લીધે જીવનમાં ઘણા ફેરફારો થવા માંડ્યા છે. પશ્ચિમનું સ્ત્રીત્વ પ્રેરણા આપવાની દશા વટાવી સહચારી તરીકે નવી દુનીઆની રચના કરવા લાગી ગયું છે. આપણે ત્યાં હજુ પ્રેરણા આપવાની દશા છે. પણ તે ચંદ્રને જોઇ પોયણી પ્રફુલ્લે એવી અક્રિય પ્રેરણા નહીં પણ કવિની માફક ઉત્સાહ પ્રેરે અને આશા આપે તેવી પ્રેરણા. હજુ સહચારથી આવતો વિશ્વાસ નથી પણ સહાનુભૂતિથી પમાતી પ્રફુલ્લતા છે. એક પેઢી પછી આપણે સહચારની દશાની ઘણાં નજીક આવ્યાં હોઇશું.

જીવનમાં ને જગતમાં સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વની ભાવનાના સ્વીકારથી ઘણા ઘણા પ્રશ્નોના દૃષ્ટિકોણ બદલાયા છે, અને ઘણી ઘણી સમાજ રચનાઓ ફેરવવાની જરૂર પડી છે. આવતી કાલની રચના રચવામાં પુરુષ એકલો સ્રષ્ટાને સ્થાને નહીં હોય; એકલી સ્ત્રી પણ નહીં હોય; પણ એ બંનેના વ્યક્તિત્વના એકીકરણથી બનેલું એક નવુંજ બળ એ સૃષ્ટિને સરજાવશે. તેથી પુરુષ પુરુષ મટવાનો નથી અને સ્ત્રીનું સ્ત્રીત્વ ખોવાવાનું નથી. એથી સૃષ્ટિમાં સંકુચિતતા વધવાની નથી ને સત્તાના તરફડાટથી આવતી અશાંતિ પણ આવવાની નથી. એથી આવશે માત્ર એક નિર્મલ અને સુખકર સામ્રાજ્ય; સંકોચ વિનાનો વિશ્વાસ અને સમાનતાની ભાવના. અને ત્યારેજ જગતની પ્રગતિના કદીએ ન પહોંચાએલા આદર્શની નિકટ કેંક અંશે આપણે જઇ પહોંચીશું.

સ્વીકાર

મદિરા પ્રતાપ--અનુવાદક તથા પ્રકાશકઃ રા. વામન સીતારામ મુકાદમ, ગોધરા મૂલ્ય રૂ. ૧-૮-૦

રાજપ્રકરણી જેવા અતિશય વ્યવસાયી અને અશાંત જીવનમાંથી થોડીક વાર શાંતિ કાઢી રા. વામન મુકાદમે ગુજરાતને આ સુંદર અનુવાદક કૃતિ આપી છે. "एकच प्याला" એ મુળ મરાઠી નાટ્ય કૃતિ છે અને એ તથા એનો લેખક મરહુમ રામ ગણેશ ગડકરી મરાઠી રંગભુમિમાં સારી પ્રતિષ્ઠા મેળવી રહ્યાં છે. રા. વામન મુકાદમનો અનુવાદ સરલ અને સફળ છે માતૃભાષા મરાઠી હોવા છતાં ગુજરાતને વર્ષોથી જીવનક્ષેત્ર તરીકે સ્વીકારી જે પ્રભુતા ગુજરાતી ભાષા ઉપર એમણે પ્રાપ્ત કરી છે તે પ્રશંસાપાત્ર છે. ગુજરાતી રંગભૂમિને મરાઠી જેવી સંગીત અને અન્ય વિભાગોમાં વિકાસ પામેલી રંગભૂમિ પાસેથી ઘણુંએક શીખવાનું છે. અમો ઇચ્છીએ છીએ કે આ કૃતિને ગુજરાત તરફથી યોગ્ય સત્કાર મળે અને રા. મુકાદમ મરાઠી નાટ્ય સાહિત્યમાંથી બીજા કોઇ રત્નો આપણને આમ આપતા રહે.

શ્રી દયારામકૃત કાવ્યમણિમાલા ભાગ ૩ અને ૪: પ્રકાશકઃ રા. નારાયણદાસ પરમાનંદદાસ શાહ, મુંબાઇ અને ડભોઇ, મૂલ્ય અનુક્રમે રૂ. ૨-૦-૦ અને રૂ. ૧-૦-૦

દયારામભાઇના કાવ્યોને એક પછી એક આ માલા તરીકે પ્રસિદ્ધ કરવાનો પ્રકાશકનો પ્રયાસ આદરણીય છે. આ બને ભાગની પ્રસ્તાવનાઓ રા. જગજીવનદાસ મોદીએ લખી છે. સંશોધકોને અમારી ખાસ સુચના છે કે જે જે જુદી પ્રતો ઉપરથી આ સંગ્રહો એ પ્રસિદ્ધ કરે છે તેમાં એમની પસંદગીનો એકજ પાઠ રાખ્યા કરતાં જુદા જુદા પાઠોએ હજુથી આપે. વિરામ ચિન્હોનું ધોરણ આપણા શિષ્ટ કાવ્યસંગ્રહોમાં સ્વીકારવામાં આવ્યું છે છતાં આ ચારે ભાગોમાં એનું દર્શન બીલકુલ નથી થતું એ ગંભીર દોષથી આ સંગ્રહે મુક્ત થવું જોઇએ. પહેલા બે ભાગોમાં જે ટીકા અતિ વિસ્તારથી આપવામાં આવી હતી તે આ ભાગોમાં બંધ કરી છે તે યોગ્ય કર્યું છે. રા. નારાયણદાસ આ કાવ્ય મણિમાલા પુરી કરવા શક્તિમાન્ થાય એમ અમે ઇચ્છીશું.

ગુજરાતી ત્રીજી ચોપડી--સંયોજકઃ રા. છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી, પ્રકાશકઃ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, મૂલ્ય રૂ. ૦-૬-૬.

ગુજરાત વિદ્યાપીઠ આપણાં બાલકો માટે જે જે પાઠ્ય પુસ્તકો તૈયાર કર્યે જાય છે તેમાં સરલતા, ઉપયોગિતા અને નવીનતાનો યોગ્ય સમાવેશ થતો રહે છે. સરકારી, ત્રિવેદી અને વિદ્યાપીઠની આ વાચનમાલાઓ આપણા નાના વિદ્યાર્થીઓને જોઇતી વિવિધતા આપી શકે છે. આપણી ચિત્રકલાએ સાધેલો વિકાસ આ માલામાં આપવામાં આવતાં ચિત્રોમાં દેખાતો નથી એ એની એક મોટી ન્યૂનતા છે. હોપમાલા જેવાં ચિત્રો આ માલામાં આવે તે બીલકુલ ઇચ્છવા જેવું નથી. બાકી વિષયની પસંદગી, રચના અને શૈલી જોતાં તો આ માલા ઉંચી પ્રતિની છે.

ચણી બોર—સંપાદકઃ રા. જુગતરામ ચીમનલાલ દવે, પ્રકાશકઃ કિ. ઘ. મશરુવાળા. અમદાવાદ, મૂલ્ય રૂ. ૦-૫-૦

આ નાનકડા સુંદર પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ છે. ખાસ ગુજરાતમાં એણે સારી લોકપ્રિયતા સંપાદન કરી છે આ આવૃત્તિમાંના કાવ્યોને નવુ

ભાગમાં ગોઠવવામાં આવ્યાં છે. કેટલુંક નવું ઉમેરણ પણ કરવામાં આવ્યું છે. ગુજરાત આવા નમુનેદાર સંગ્રહને વધુ ને વધુ ઉત્તેજે.

દિવાંના: અનુવાદક: રા. રામુ પરમાનંદ ઠક્કર, યુગાંતર કાર્યાલય, સુરત.

શક્તિ હૃદય: લેખક: રા. રમણલાલ વસંતલાલ દેશાઇ, પ્રકાશક: રા. મોહનલાલ મનસુખલાલ શાહ, વડોદરા.

સુશીલાના પત્રો: સંપાદક અને પ્રકાશક: રા. ચીમનલાલ જેચંદ શાહ.

ભાગીરથીની ભૂલ: લેખક અને પ્રકાશક: રા મહેતા, મૂલ્ય રુ. ૨–૮–૦

પરાધીન ગુજરાત: લેખક: રા. નારાયણ વિસનજી ઠકકુર, પ્રકાશક: ગુજરાતી ન્યુસ પ્રીંટીંગ પ્રેસ. મુંબાઇ, મૂલ્ય રુ. ૪–૦–૦

રાજાધિરાજ: લેખક: રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી, પ્રકાશક: સાહિત્ય સંસદ્, મુંબાઇ, મૂલ્ય રુ. ૪–૮–૦

ઠીંગલી: અનુવાદક: રા. પ્રાણજીવન ત્રિ. પાઠક, પ્રકાશક: યુગધર્મ કાર્યાલય અમદાવાદ.

ચિત્રાંગદા અને વિદાય અભિશાપ: અનુવાદકો: રા મહાદેવ દેશાઇ તથા રા. નરહરિ પરીખ, પ્રકાશક: વકીલ બ્રધર્સ એન્ડ કો. મુંબાઇ.

ઇસ્લામના ઓલીઆ: સંશોધક અને લેખક: રા. સુશીલ પ્રકાશક: રા. મેઘજી હીરજી, મુંબાઇ, મૂલ્ય રુ. ૦–૮–૦

હીંદુસ્થાનમાં ક્ષયરોગ: લેખક: રા. મણિલાલ છોટાલાલ પરીખ. રાજકોટ, પ્રકાશક: એમ. સી. કોઠારી વડોદરા, મૂલ્ય રુ. ૧–૦–૦

પતિવ્રતા ગાંધારી: લેખક: રા. દેવજી ગોરધનદાસ, પ્રકાશક: રા. લાભશંકર જીવરાજ અમદાવાદ, મૂલ્ય રુ. ૦–૧૦–૦

વીર કથા: લેખક: રા. વસનજી રણછોડજી નાયક પ્રકાશક; રા. મણિભાઇ રણછોડજી નાયક. સુરત, મૂલ્ય રુ. ૦–૫–૦

સદ્બોધ વાર્તાવલી: લેખક: સ્વ. નારાયણ હેમચંદ્ર, પ્રકાશક: રા. જીવનલાલ અમરશી મહેતા, અમદાવાદ.

વીણા વિહારી (ભાગ ૨): લેખક: રા. સીતારામ જે. શર્મા, પ્રકાશક ઉપર મુજબ.

મેરી જર્મન યાત્રા: લેખક: સ્વામી સત્ય દેવ. પ્રકાશક: સત્યગ્રંથમાલા, અલમોડા.

મુક્તધારા: અનુવાદક: રા. શિવનારાયણ ત્રિવેદી, પ્રકાશક: પ્રકાશ પુસ્તકાલય કાનપોર.

ગુજરાતી બંગાલી શિક્ષક અને શબ્દકોષ: લેખક અને પ્રકાશક: રા. ઠક્કર દેવજી ગોવર્ધનદાસ પોરબંદર.

ઇંગ્લીશ પાઠમાલા: (છઠ્ઠા અને સાતમા ધોરણ માટે) લેખક અને પ્રકાશક: રા. પી. એમ. શાહ, લીંબડી મૂલ્ય રુ. ૧–૨–૦

સંક્ષિપ્ત હીંદુસ્તાની વ્યાકરણ: લેખક અને પ્રકાશક: રા. ટી. જે. દેસાઇ, મૂલ્ય રુ. ૦–૪–૦

ઉપર્યુક્ત પુસ્તકો અને અમને મળેલાં બીજાં પુસ્તકો તથા નાની મોટી સંસ્થાઓના વાર્ષિક અહેવાલો વગેરેની સમાલોચના અમે સ્થળ સંકોચને લઇ આ અંકમાં લઇ શકીએ તેમ નહીં હોવાથી વાચકો, લેખકો અને પ્રકાશકોની ક્ષમા યાચીએ છીએ; અને અનુકૂળતાએ સમાલોચના પ્રસિદ્ધ કરવાની આશા રાખીએ છીએ.



[પુસ્તક ૭] આષાઢ ૧૯૮૧ [અંક ૪

ગુજરાત અને યુગધર્મ

નિવેદન

'યુગધર્મ' માસિકમાં છેલ્લા ચાર માસથી જે નવી ઢબનું લખાણ અને ચિત્રો વગેરે આપવાં-માં આવ્યાં છે તે જોતાં ઘણા મિત્રોને એમ લાગતું હતું કે 'યુગધર્મ' અને 'ગુજરાત'નો આદર્શ અને સ્વરૂપ વધારેને વધારે નજીક આવતાં જણાતાં હતાં. તે વીશે સર્વ રીતે વિચાર કરતાં છેવટે અમે એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે આ બન્ને માસિકો એકત્ર કરવાથીજ ગુજરાતી પ્રજાની વધારેમાં વધારે સેવા થઈ શકશે; અને તેથી કરીને હવેથી અર્થાત્ શ્રાવણના અંકથી 'યુગધર્મ'ના ગ્રાહકોને 'ગુજરાત' માસિક મળશે, ને તેઓ આદરપૂર્વક વધાવી લેશે તેવી આશા રાખીએ છીએ.

વળી વાચકો જાણી ખુશી થશે કે 'યુગધર્મ'નાં કેટલાંક ખાસ તત્ત્વો પણ હવે કંઈક જુદી રીતે 'ગુજરાત'માં સામેલ કરવામાં આવશે. દાખલા તરીકે જેવી રાજકીય અને સામાજિક નોંધ 'યુગ-ધર્મ'માં ઘણું ખરું પ્રગટ થતી હતી તે પણ હવેથી 'ગુજરાત'માં આપવાનો ઇરાદો છે. તેમજ રાજકીય કે આર્થિક, ધાર્મિક કે સામાજિક વિષયમાં વિદ્વત્તાપૂર્ણ અને મનનીય લેખોને હાલ 'ગુજરાત'માં જોઈતું સ્થાન આપી શકાતું નથી તેનો લાભ વાચકવર્ગને આપવાને માટે વર્ષમાં ચાર વખત લગભગ સવાસો પાનનો 'ગુજરાત'નો અંક આપવાનું ધાર્યું છે. આમ આ બે માસિકોનો સંયોગ કેવળ સ્વરૂપમાંજ નહીં થાય પરંતુ તે બન્નેનાં ઉત્તમ તત્ત્વોનું મિશ્રણ થશે.

છેવટે 'યુગધર્મ' સાથે ખાસ સંકળાએલા લેખક વર્ગને પણ અમે વીનતી કરીએ છીએ કે તેઓ હવે 'યુગધર્મ'ને 'ગુજરાત' સ્વરૂપમાંજ કાયમ રહેલું ગણીને તે પત્રને પોતાનુંજ ગણી લેશે, અને અત્યાર સુધીમાં 'યુગધર્મ'ને જેવી સહાય કરી છે તેવીજ ભવિષ્યમાં—'ગુજરાત'ને પણ કરશે, એવી આશા છે.

આ બને ધારણાઓ પુરેપુરી સફળ થશે તો આ બને માસિકોની આસપાસ જે વિચારો અને લેખક મંડળો બંધાયાં છે તે બને એકત્ર થશે અને તેથી ગુજરાતની પ્રજાનાં ઇતિહાસ, સાહિત્ય અને સંસ્કૃતિને અનુરુપ એક સર્વોત્તમ માસિક મેળવવા તે ભાગ્યશાળી થશે.

અમારા બેના તંત્રીપણા નીચે નીકળતા માસિકના સંયોગથી અમે દસકા પર સંયુક્ત તંત્રી પદ નીચે કાઢેલા 'નવજીવન'ને 'યંગ ઇંડીયા'નુ સ્મરણ થયા વિના રહેતું નથી; એથી વધારે સંતોષ એ થાય છે કે જે સંસદના અમે બને સભ્ય છીએ તેનો હેતુ ગુજરાતના સાહિત્ય ને સંસ્કારનો વિકાસ—પાર પાડવાનાં બે સાધનોને અમે આજે એક વ્યક્તિત્વ આપી શકીએ છીએ. અને આશા રાખીએ છીએ કે ગુજરાતના શિષ્ટ સંસ્કારને સતેજ કરવા, તેના ભૂતકાલનું રહસ્ય પારખવુ, તેના જીવનમાં સાંસ્કારિકની અસ્મિતા પ્રગટાવવી, અને તેના વર્તમાનને નવ રંગે મઢવું—આ પરમ આદર્શ વ્યક્ત કરવા ને વિસ્તારવા સંસદ્ અલ્પ કે પછી અણઘડ એવા જે કૈં પ્રયત્નો કરી રહી છે તેમાં આ પ્રયોગ થોડે અંશે ઉપયોગી નીવડશે.

જેઠ વદ ૧૨ સંવત્ ૧૯૮૧.	કનૈયાલાલ માણેકલાલ મુનશી ઇંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક

આભને આરે ચાંદલો

લેખક:

રા. ન્હાનાલાલ
દલપતરામ કવિ.

ચિત્રકાર:

રા. ગોરક્ષકર.

આભને આરે ચાંદલો

લેખક:

રા. ન્હાનાલાલ
દલપતરામ કવિ.

ચિત્રકાર:

ગ. ગોરક્ષકર.

આભને આરે ચાંદલો, હો નણદલ નેહનમણાં!
કાંઇ રસનો ઉગ્યો રસરાજ! હો નણદલ નેહનમણાં!
ચોકમાં ચન્દની ઢોળાણી, હો નણદલ નેહનમણાં!
કાંઈ આવોને ઝીલવાને કાજ; હો નણદલ નેહનમણાં! ૧.

વીરા ત્હમારા વેગળા, હો નણદલ નેહનમણાં!
જાણે આકાશઆરાના ચન્દ્ર; હો નણદલ નેહનમણાં!
વીંધી આઘેરી વાટડી, હો નણદલ નેહનમણાં!
ઉરે ઓલે એના પડછન્દ; હો નણદલ નેહનમણાં! ૨.

ઝાંખી ઝાંખીને હું થાકી, હો નણદલ નેહનમણાં!
એ તો હૈયે-લલાટે, ત્હો ય દૂર; હો નણદલ નેહનમણાં!
અંગ અડકે, ના ઝલાયે, હો નણદલ નેહનમણાં!
એવાં પ્રીતમની ચન્દનીનાં પૂર; હો નણદલ નેહનમણાં!
એવા વ્હાલાની વાંસળીના સૂર; હો નણદલ નેહનમણાં! ૩.

પ્રાણ તો મ્હારા પોયણાં, હો નણદલ નેહનમણાં!
રાતે ઉઘડે, ને દિવસે પ્રશાન્ત; હો નણદલ નેહનમણાં!
ઝીલું એ ચન્દ્રની ચન્દની, હો નણદલ નેહનમણાં!
મ્હારા ઉરની અગાસીને એકાન્ત; હો નણદલ નેહનમણાં! ૪.

વીરા ત્હમારા વેગળા, હો નણદલ નેહનમણાં!
મીઠી મોહિની વરસે મહારાજ; હો નણદલ નેહનમણાં!
હૈયાના ચૉકમાં ચન્દની, હો નણદલ નેહનમણાં!
કાંઈ આવો એ ઝીલવાને કાજ; હો નણદલ નેહનમણાં! ૫.



સ્વપ્નદ્રષ્ટા

લેખકઃ

રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,
બી. એ., એલએલ. બી., એડવોકેટ;
પ્રમુખ, સાહિત્યસંસદ્.

ચિત્રકારઃ

શ્રીમાન્ પુરુષોત્તમ,
સભ્ય, સાહિત્ય સંસદ્.

અને

રા. રવિશંકર રાવળ

આગલાં પ્રકરણોનો સાર

પ્રકરણ પહેલું

આણંદના સ્ટેશન ઉપર મુંબાઇના આગળ વધેલા બૅરીસ્ટર અને ધારાસભાના સભ્ય ના. જગમોહનલાલને તેમના બાલમિત્ર ને ભાવિ વહેવાઈ રા. બ. પ્રમોદરાયને મેળાપ થાય છે. તેઓ સાથે વડોદરે જાય છે. રા. બ. પ્રમોદરાયનો પુત્ર સુદર્શન વડોદરા કોલેજમાં અભ્યાસ કરે છે. તેને સ્વદેશભક્તિની ધુન લાગી છે. તે અનેક સ્વપ્નો રચે છે. તેને મળવા તેઓ બંને કોલેજ રેસીડંસીમાં જાય છે. પરંતુ તે પો. ઘોષના ભાષણમાં ગયો છે એટલે રા. બા. પ્રમોદરાય [illegible] બેસે છે અને ના. જગમોહનભાઇ તેમના સાળા રાજાભાઇને ત્યાં રા. બ. ને અને સુદર્શનને જમવાનું નિમંત્રણ આપી જાય છે.

થોડી વારે સુદર્શન આવે છે અને પિતા પુત્ર મળે છે. અને થોડી વાર દેશની પરિસ્થિતિ વીશે વિવાદગ્રસ્ત ચર્ચા ચાલે છે. અંતે રા. બ. સુદર્શનને લેઇ નામદારને તથા તેમના કુટુંબને—સુલોચનાને, તેની ભાવિ પત્નીને—મળવા માટે રાજાભાઇને ત્યાં જવા તૈયાર થાય છે. સુદર્શન ક્યાવાતે મને, પોતાના મિત્રોને રાત્રે સમયસર આવવાનું કહી જાય છે.

પ્રકરણ બીજું

રાજાભાઇને ત્યાં રાવબહાદુરની મોઝીલી દીકરી-સુલોચના—આજે તેને ભાવિ પતિ મળવા આવનાર હોઇ તેનો વિચાર કરતી બેઠી છે. મુંબાઇ વિના અન્ય કોલેજના વિદ્યાર્થીઓ માટે તેને માન નથી; તેમાંએ પુસ્તકપંડિતો, માટે તો જરાએ નહીં. સુદર્શનનો વિચાર આવતાં તે તેને 'બોથીયું' ગણી હસી કાઢે છે.

પ્રમોદરાય અને સુદર્શન ત્યાં આવી પહોંચે છે. વડીલો કેટલાંક અગત્યનાં કામમાં રોકાય છે અને એક ખંડમાં સુદર્શન અને સુલોચના-ભાવિ વરવહુ-અતડાશથી એકમેક સામે જોઇ રહ્યાં છે. આખરે સ્પષ્ટ વાર્તાલાપ શરુ થાય છે, અને સુદર્શન સુલોચનાને પોતાનું જીવન ધ્યેય સમજાવતાં એકમેકનો પાટો નહીં ગોઠે અને તેની સાથે લગ્ન નહીં કરવાનું સુલોચના પાસેથી વચન લે છે.

જમતાં જમતાં પ્રચલિત રાજ્યનીતિ અને દેશસ્થિતિ વીશે વાર્તા વિનોદ શરુ થાય છે. સુદર્શન અનિચ્છાએ એક બે પ્રશ્નોના ઉત્તર આપે છે.

સાંજના રાવબહાદુર અને પ્રમોદરાય પોતપોતાને સ્થળે વદાય થાય છે.

સુદર્શન છુટકારાનો દમ ખેંચતો પોતાની રુમ ઉપર પાછો જાય છે. રસ્તામાં પોતાની સ્થિતિ વીશે વિચાર કરતાં કરતાં હીંદની સ્થિતિ વીશે વિચાર કરવા માંડે છે અને હીંદ દેવીની મૂર્તિને સેવાની આજ્ઞા કરતી જુવે છે. થોડી વારે આ સ્વપ્નમાંથી જાગૃત થઈ તેના મિત્રોને જઇ મળે છે અને તેના મિત્રમંડળ સાથે સાંકેતિક સ્થાને—ભીમનાથના તળાવે—મળવા તૈઆર થાય છે.

પ્રકરણ ૩ જું

સુદર્શનની માનસિક સ્થિતિ સમજવા આશરે વીસ વર્ષ પાછળ નજર નાખવી પડે છે. સુદર્શનનું બાલજીવન કોઈપણ જાતના ચમત્કાર વિના, ભાનુશંકર મહેતાજીની નીશાળે પાટી પર ધુળ નાખ્યાના દિવસથી શરુ થાય છે. તેને આઠ વર્ષે યજ્ઞોપવિત આપી બ્રહ્મચારી-બ્રાહ્મણ-બનાવે છે; અને તેને લાગે છે કે તે કૌશિકાદિ ઋષિવરોની સાથે બેસવા યોગ્ય બન્યો છે. નાટકો જોતાં ઈતિહાસ વાંચતા તત્કાળના વિશ્વનાયકો તેમની ભાવના-સાથે તેને મૈત્રી થાય છે; અને તેને તેની મદદથી તેઓ પોતાનું કાર્ય સાધતા લાગે છે.

મુસલમાન રીયાસત વાંચતાં હીદુ મુસ્લીમ વિરુદ્ધ ઝનુનથી તે ઉશ્કેરાઇ જાય છે. પરંતુ બડેમીયાંકાકા વગેરેની તેના પ્રતિની પ્રીતિ જોતાં તે ઓસરી જાય છે. આ રીતે તે નાનપણથી ઉચ્ચાભિલાષિત સ્વપ્નો સેવતો દિવસે દિવસે મોટો થતો જાય છે.

(હવે આગળ વાંચો.)

પ્રકરણ ૪ થું

અધમતાનો આસ્વાદ

૧

એક દહાડો સાંજના સુદર્શન પ્રમોદરાય જોડે ગાડીમાં બેસી આવતો હતો, અને પાછળથી એક અંગ્રેજ ઘોડેસ્વાર આવતો જણાયો.

જ્યારે સુદર્શન ગાડીમાં બેસતો ત્યારે તેનાં સ્વપ્નાંઓનો વેગ વધતો; અને પરિવર્તનો ઝપાટાબંધ થતાં. તે મુંગે મોઢે બધું જોયા કરતો, અને બોલતો થોડું. એની નજરે તો ગાડીની આસપાસ દોડતી એની સેનાની ટુકડીજ દેખાતી; અને રસ્તે જતા બધા તેની આજ્ઞા લઇ કોઇ એક મહાપ્રયોજન સાધવા ધસ્યા જતા. સુદર્શને એ આવતા ઘોડેસ્વારને ક્યારનો જોયો હતો; અને તેના બાલ-મિત્ર "આઇવેનહો"નો સંદેશો લઇ આવનાર

અનુચર તરીકે તેને ક્યારનોએ ઓળખ્યો હતો.

રાવ બહાદુરનો એક હાથ પાઘડી ઠીક કરવા ગયો. બીજા હાથે તેણે કોટ ખેંચી સીધો કર્યો. તેણે સુદર્શનનો હાથ દાબી માનમંદ સ્વરે કહ્યું: "કલેક્ટર સાહેબ આવે છે. સલામ કરજે."

તેના રોફીલા પિતાને આવે સ્વરે બોલતાં જોઈ તે અજાયબ થયો. તેણે તેના પિતા તરફ જોયું. વિશ્વામિત્રને મળતી વખતેજ જે નમ્રતા તેના મુખ પર રહેતી તેવી પ્રમોદરાયના મુખ પર છવાઈ ગઈ હતી. એક માનભર્યું હાસ્ય હસી, ગાડીમાં પણ નીચા વળી તેણે ઘોડેસ્વારને સલામ કરી. સુદર્શને "આઈવેનહો" ના અનુચર તરફ જોયું; બાપે 'સલામ કર' કાનમાં કહ્યું તે સાંભળ્યું; અને યંત્રની માફક હાથ ઉંચક્યો. માથું નમાવી ઘોડેસ્વારે સલામ ઝીલી, ને પાસે આવી ઘોડો ધીમો પાડ્યો.

"હલો પ્રમોદરાય!" તેણે સુદર્શનને તોછડો લાગે એવે અવાજે કહ્યું; "આ તમારો છોકરો કે?

"હા સાહેબ! મારો એકનો એક છોકરો, સાહેબ!" પ્રમોદરાયનું મુખ દર્પથી ચમકી રહ્યું.

"પ્રમોદરાય" સાહેબે કહ્યું; "મીસીસ સ્મીથનો કાલે જન્મદિવસ છે. તમે આવજો સવારે નવ વાગે"

"હા સાહેબ. ઘણીજ ખુશીથી."

"અને આ તમારા છોકરાને પણ લાવજો" કહી જવાબની વાટ જોયા વગર ઘોડાને એડી મારી કલેક્ટર સાહેબ ચાલી ગયા. ને છોકરાને જોતાંવાર સાહેબે નોતરું આપ્યું તેને પ્રમોદરાય ગર્વથી જોઈ રહ્યા.

પણ તે છોકરાના હૃદયમાં આગ ઉઠી હતી. તેના પિતાના સ્વરૂપ ને સ્વરમાં થએલું પરિવર્તન-પેલા અંગ્રેજની બોલવાની ને નોતરવાની રીત-એ બધાએ તેની સ્વપ્નસૃષ્ટિમાં ધરતીકંપ કરી મુક્યો હતો. ન સમજાય એવો, ન કાબુમાં રહે એવો-ક્રોધ તેના નાના શરીરમાં વ્યાપી રહ્યો હતો.

તેણે તેના પિતા તરફ ધ્યાનથી જોયું. ઋષિઓની મહત્તા ને અંગ્રેજી ગૌરવના તે સ્તંભ નહોતા-પણ અંગ્રેજ અમલદારના એક માત્ર નોકર હતા. ને પ્રતાપીને દુર્જય અધિકારી નહોતા, પણ આ 'આઇવેનહો'ના અનુચર આગળ તો નાનકડા ને નિર્જીવ પરાધીન મનુષ્ય હતા. પાઘડી ઠીક કરવા મુકેલો હાથ; કોટ સીધો કરવા બેરવેલાં આંગળાં; સલામ કરવાની તેણે કરેલી આજ્ઞા; દરેક વાક્ય સાથે મેળવેલું નમ્રતાભર્યું હાસ્ય ને ઉમેરેલો 'સાહેબ' શબ્દ-આ બધાના ડામ તેના હૈયામાં પડ્યા. આ તેના પિતા-જેને તે પૂજતો હતો તે!

અત્યાર સુધી તેણે ઘણી વખત, દૂરથી અંગ્રેજોને જોયા હતા, અને પોતાના સામ્રાજ્યમાં તેઓ છે એમ માની ગર્વ લીધો હતો. પણ તેમની સાથેના આ પહેલે પરિચયે, તેનો આત્મા ઘવાઈ ગયો લાગ્યો. આ સાહેબ તિરસ્કારથી તેમના તરફ જોતો હતો; બેદરકારીથી નિમંત્રણ આપતો હતો. તેની આખી રીતભાતમાં નફ્ટ ગુલામ ખરીદનારની બેપરવાઈ હતી. તેને મન અંગ્રેજ એટલે સુશિલ, સ્વાતંત્ર્યશોખી, ખુશમીજાજી શિષ્ટાચાર ને સાલસાઈભર્યો ગૃહસ્થ. આ અંગ્રેજને, જોઈ તેને ક્રૂર બીઆં-દ-બ્વા ગીલબેર સદેહે આવેલો લાગ્યો. તે મુંગો મુંગો ક્રોધથી જગી રહ્યો.

તે ઘેર આવ્યા અને પ્રમોદરાયે ગંગાભાભીને સહર્ષ કહ્યું; "લે આ તારો છોકરો તો જબરો છે. આજે સાહેબે એને જોયો એટલે તરત તેને કાલે બંગલે બોલાવ્યો."

"એમ! ઓહો" ગંગાભાભીએ કહ્યું. અને પિતાપુત્રમાં જેનું જીવન સમાયું હોય એવી સ્ત્રીના મુખપરજ દેખાતું ગર્વ ને મમતાભર્યું હાસ્ય તે હસી. "મોરનાં ઈંડા કૈં ચીતરવાં પડે?" બંને હસ્યાં; પણ સુદર્શનને પોતે માખીના ઈંડા જેવો વધારે લાગ્યો.

પ્રમોદરાયે તેનાં સારામાં સારાં કપડાં કાઢવાનું ગંગાભાભીને કહ્યું. સુદર્શનને ઠમકમાં આવ્યાં. તેને 'રતનબાઇ' નો વેષ પહેરાવી ઠમકામાં ચલાવવા પ્રમોદરાય લઈ જતા હતા. જ્યારે રાતના તેને પ્રમોદરાયે કેમ બોલવું, કેમ ચાલવું, કેમ સલામ કરવી એ શીખવવા માંડ્યું ત્યારે 'રતનબાઇ ઠમકામાં ચાલે' એમ તેના કાનમાં અવાજ થયાજ કર્યા. તેણે બાપના બોલ પર ધ્યાન આપ્યું નહીં, ને કલેકટરને ત્યાં જવાની આનાકાની કરવા માંડી. પ્રમોદરાયે ગુસ્સે થઇ તેનો કાન આમળ્યો, અને તૈયાર થવાનો હુકમ કર્યો.

તે એકલો પથારીમાં જઇ રડવા બેઠો. તેના પિતા પરાશ્રિત નોકર હતા; પોતે 'રતનબાઇ' હતો; વિશ્વમાં તેમને માટે સ્થાન નહોતું. શું તેના સ્વપ્નમિત્રો તેને છોડી ગયા?

૨

બીજે દહાડે તેને ફક્કડ કપડાં પહેરાવવામાં આવ્યાં તે મુંગે મોઢે તેણે પહેર્યાં; પણ શરમથી તેનું મોં લાલચોળ થઇ ગયું. તેના સ્વપ્નમિત્રો ચારે તરફથી તેની ઠેકડી કરતા હતા: "કેવો સરસ લાગે છે?" ગંગાભાભીએ કહ્યું. "રતનબાઇ જેવો" સુદર્શને કહ્યું. મા તેનો અર્થ સમજી નહીં ને મુંગી રહી. ગર્વભેર પ્રમોદરાય દીકરાને સાથે લઈ ગાડીમાં બેસી કલેકટરને બંગલે ગયા.

ગામની બહાર, નદી કીનારે ગામના રાજ્યકર્તાઓ માટે સુઘડને સરસ બંગલાઓનું પરું હતું. ત્યાં રસ્તાઓ પર રોબરો ફરતા, પાણી છંટાતાં-ને બંને બાજુ પર ધ્યાન દઇ ઝાડો ઉછેરાતાં. આ પ્રદેશ મ્યુનીસીપાલીટીના સભ્યોનો માનીતો હતો.

સુદર્શન આટલે દૂર ફરવા આવતો નહીં; એટલે આ સાહેબપરું જોઇ તે અજાયબ થયો. જો તેની માનસિક સ્થિતિ સારી હોત તો આ જગ્યા જોઇ તેની કલ્પના શક્તિ ઉત્તેજાત; પણ અત્યારે તો તે મંદ થઇ પડી. તેમની ગાડી બંગલાના કંપાઉંડની બહાર ઉભી રહી અને તેઓ ઉતર્યાં. દરવાજા આગળ ઉભેલા પોલીસે રાવબહાદુરને સલામ કરી. ઘરથી આટલે દૂર રસ્તા પર ઉતરી પડવું સુદર્શનને વિચિત્ર લાગ્યું.

"બાપાજી! ગાડી અંદર નથી લેવી?"

"ના. અંદર લઇ જવાનો હુકમ નથી." કહી રાવબહાદુરે અંદર જવા માંડ્યું. સુદર્શન તેના ઉગ્ર સ્વભાવના પિતાને સારી રીતે ઓળખતો હતો. પરોણા થઇને આવવું, અને આમ રસ્તા પર ઉતરવું એથી એના પિતા જરુર ગુસ્સે થવાના એમ તેને લાગ્યું. તેણે બીતાં બીતાં પ્રમોદરાય તરફ જોયું તો તેના મુખ પર સૌમ્ય હતું. એક વિચાર તેને સ્ફુર્યો. જો બીજા કોઇએ તેના પિતાને આમ બહાર ઉતરવાનો હુકમ કર્યો હોત તો તે તેને ઘેર કદી જાત નહીં; પણ આ સાહેબ હતો, ને તેના તે નોકર હતા તેથી આ અવજ્ઞા વેઠી લેતા હતા. તેના પિતાને માટે તેને શરમ થઇ આવી અને ત્યાંથી નાસી જવાનું મન થયું.

વગર અવાજે પગલાં માંડતા તે અંદર ગયા. એટલામાં પગથીઆં આગળ એક સીપાઇ મળ્યો. તેણે રાવબહાદુરને સલામ

કરી ઉભા રહેવાનું સુચવ્યું ને તે અંદર કહેવા ગયો. તે થોડી વારે પાછો આવ્યો અને તેણે ઓટલા પર બે ખુરસી નાખી આપી. તેમને

માભાઈ શેઠ આવ્યા.

બેસવાનું કહ્યું. "સાબ કામમે હય" તેણે કારણ આપ્યું.

સુદર્શનનું અભિમાન ઘવાયું, સતેજ થયું હતું; તેની અવલોકનશક્તિ તીવ્ર થઈ હતી; અને તેની અસહિષ્ણુતા વધી પડી હતી. સીપાઈની વર્તણુકમાં તેને અપમાન દેખાયું. સાહેબે ઓટલા પર બેસાડયા તેમાં અવગણના દેખાઈ. તેના પિતા તો સૌમ્યની મૂર્તિ હતા. તે હંમેશા કહેતા કે તેને તો સાહેબલોકો જોડે ઘણું સારું બને છે. શું આ સારાપણું?

થોડીવારે પેલો ઘોડેસ્વાર હાથમાં બીડી રાખી આવ્યો અને રાવબહાદુરે નીચા નમી સલામ કરી. સલામ કરતાં તેના બાપ કેટલા નીચા નમ્યા તે સુદર્શને સૂક્ષ્મતાથી નોંધ્યું; ને પોતે પણ સલામ કરી. તે વખતે પણ પોતાની જાતને 'રતનબાઈ' કહ્યા વગર તેને નહીં ચાલ્યું.

"હલો માસ્ટર! કેમ છે?" સાહેબે તેને વાંસા પર થાબડ્યો.

"સારું છે" તેણે કહ્યું. રાવબહાદુરે તેને ઠોકી ઠોકી શીખાવ્યું હતું કે સાહેબને "થેંક્યું" કહેવું, પણ તેનાથી તે શબ્દો ઉચ્ચારાયા નહીં.

"શું ભણે છે?"

"મેટ્રીકમાં છે" પ્રમોદરાયે ઉમેર્યું.

"તમારી 'સેકંડ લેંગ્વેજ' શી છે?"

"સંસ્કૃત" સુદર્શને કહ્યું.

"કેમ? તમે પણ રાવબહાદુરની માફક ડેપ્યુટી કલેક્ટર થશોને?"

સુદર્શનને પુછવાનું મન થયું, 'શું તમારી ખુશામત કરવા?' પણ એ જવાબ દે તે પહેલાં 'મડમ સાહેબ' આવ્યાં.

"હલો રાવબહાદુર!" તેણે તીણી ચીસ પાડી કહ્યું. મીસીસ સ્મીથ ઉંચાં, સુકાં ને ફીક્કાં હતાં. તેના લાંબા હાથની કહોણીઓ ખરેખર કોણ-વાળી હતી. પ્રમોદરાય ઉઠયા ને મુગલાઇ જમાનાને શોભે એવી સલામ કરી. સુદર્શનને એ સલામ કરવાની રીત તરફ તિરસ્કાર આવ્યો. તેણે પોતે તો માત્ર કપાળે હાથજ અરકાડયો.

"મારી મુબારકબાદી. સાલમુબારક" હસીને પ્રમોદરાયે કહ્યું; "આ લેશો?" કહી રાવબહાદુરે ગજવામાંથી એક ડબી કાઢી નજરાણું ધર્યું.

"How lovely (કેવું સરસ)" મીસીસ સ્મીથે ચીસ પાડી નઝરાણું સ્વીકારતાં કહ્યું. તેના મુખ પર હાસ્ય છવાઇ રહ્યું. તેણે ડબ્બી ઉઘાડી એક નાની પહોંચી કાઢી ને આનંદથી હાથ પર મુકી. "જોન! જરા જુઓ તો ખરા વહાલા! Isn't Rao Bahadur a dear (રાવબહાદુર કેવા પ્રિયજન છે!)" તરત તેણે સુદર્શનને જોયો ને મોંનો એક કૃત્રિમ ચાળો કરી તેના સામે જોયું. "આ કોનો છોકરો છે?" તેણે પુછ્યું; અને ગુજરાતી ભાષાનું જ્ઞાન અતાવવા 'ચોકરા' શબ્દ વાપર્યો. 'તમારો, નહીં?"

"હા, મડમ!" હસીને પ્રમોદરાયે કહ્યું.

જરા તિરસ્કારભર્યાં ઉચ્ચારણ સાથે બોલાએલા 'ચોકરા' શબ્દે સુદર્શનના મગજમાં ઝાળ પ્રગટાવી હતી. "અહીંઆં આવ. શરમા નહીં." મીસીસ સ્મીથે કહ્યું. પણ શું કરવું તે સુદર્શનને સુઝે તે પહેલાં તો એક નવા આવનારે બધાનું ધ્યાન ખેંચ્યું.

સુદર્શને તેને તરત ઓળખ્યા. વૃદ્ધ રાવબહાદુર માધવલાલ પ્રમોદરાયના મિત્ર, રીટાયર્ડ થએલા ડેપ્યુટી કલેકટર, મ્યુનીસીપાલીટી, લોકલ બોર્ડ વગેરે વગેરે સરકારી સંસ્થાના પ્રમુખ, કાઉન્સીલના સભ્ય અને સરકારના માનીતા હતા. આખું ગામ તેમની સહે નીચે દબાઇ રહેતું, ને તેમના છાંયડામાં સુકાઇ રહેતું. અને દરેક વીદાય થતો કલેકટર આવતા કલેકટરને આ કીંમતી મદદનીશનો વારસો આપી જતો. તેણે આવીને સાહેબને મડમ જોડે લળી લળીને હાથ મેળવ્યો; પ્રમોદરાય સાથે પણ હાથ મેળવ્યો; ને સુદર્શનને 'કેમ દોસ્ત' કહી તેની હસ્તીની નોંધ લીધી.

રાવબહાદુર છુટથી વાત કરતા દેખાતા; પણ સુદર્શનને તરત લાગ્યું કે મિત્રભાવનો આડંબર કરતી તેની વાતચીતમાં ખુશામત સમાઇ હતી. દરેક વાકયમાં સાહેબ કે મડમને છુપો કે દેખીતો ધન્યવાદ હતો. દરેક હાસ્યમાં સમાનતાનો આડંબર ને દીનવૃત્તિનો પડઘો હતો.

સુદર્શન કેટલાં વર્ષ થયાં આ ગ્રહસ્થની પ્રતિષ્ઠાથી અંજાઇ રહ્યો હતો. તે સદા સરળ, માયાળુ, મોટા દીલના ને ગૌરવશીલ તેને લાગતા હતા. અત્યારે તેની વર્તણુંક જોઇ તેને શરમ આવી. આના પ્રમાણમાં તેના પિતાની રીતભાત તેને ગૌરવભરી ને સીધી લાગી.

માધવલાલે પણ મુબારકબાદી ને નજરાણાની પુષ્ટિ આપી અને મીસીસ સ્મીથે એના નઝરાણાને 'lovely' શબ્દે વધાવ્યું અને તેમને પણ 'dear' ના વર્ગમાં મુકી દીધા. અને ડોસાએ ગામના ગપાટા ને સાહેબને રુચિકર વાતો કહેવા માંડયાં. સાહેબ ને મડમની મીઠી વાતમાં ડોસા ન કળે એવી ઠેકડીનો પડઘો સુદર્શનને કોણ જાણે કેમ સંભળાયાજ કર્યો.

એટલામાં સીપાઇ પાછો દોડતો આવ્યો. કંપાઉંડની બહાર વાટ જોતા મહાભાઇ શેઠે પોતાનો કાર્ડ મોકલ્યો હતો.

સાહેબે તેનો કાર્ડ જોયો "Oh! this eternal Mabhai" (અરે પાછો આ હંમેશનો માભાઇ!) મોઢું કટાણું કરી તિરસ્કારથી કાર્ડ પર વાંચ્યું:

"**Sheth Mabhai.**

Land-lord and Big

Leaf-Dish and Cup Merchant"

"રાવબહાદુર! આ Leaf Dish શું છે?" મડમે હસીને પુછ્યું.

"જુઓની મડમ!" માધવલાલે કહ્યું; "અમારે ત્યાં ગરીબ લોકો જમવા માટે પાતરાંની થાળી કરે છે. તેને અમે પતરાળી P-a.t-r-a-li કહીએ છે. વાડકા હોય તેને પડીઓ કહીએ. P-a-d-i-o. માભાઇ પતરાળી પડીઆના મોટામાં મોટા વેપારી છે" સાહેબ ને મડમ બંને હસ્યાં.

સુદર્શન માભાઇ શેઠને સારી રીતે ઓળખતો હતો. જીલ્લામાં એ ગામના તે ધણી હતા અને ત્રણ પેઢીના મોટામાં મોટા પતરાળી પડીઆના વેપારી હતા. તે મોટી હવેલીમાં રહેતા ને મોટા ઘોડાની ગાડીમાં ફરતા. થોડો વખત થયાં રાવબહાદુર માધવલાલે તેને જાહેર જીવનનો સ્વાદ ચખાડવા કલેકટર સાહેબની પૂજા શીખવી હતી; અને પરિણામે મ્યુનીસીપાલીટીના સભ્ય અને ત્રીજા કલાસના વગર પગારીઆ માજીસ્ટ્રેટ તે થયા હતા. હવે તેમના અંતરમાં રાવસાહેબ-ગામના ટીખલીખોરોની ભાષામાં 'રાબછાસ'-થવાની મહત્ત્વાકાંક્ષા પ્રગટી હતી.

"સાહેબ! મેં એને કાલે કહ્યું હતું કે મડમ સાહેબનો આજે જન્મદિવસ છે." માધવલાલે કહ્યું.

"ઠીક. એ તમારો મિત્ર છે. સીપાઇ ઉસ્કુ બોલાવ" બીકથી ધબકતે હૈયે સુદર્શન દરવાજા તરફ જોઇ રહ્યો.

૩

માભાઇ ઠીંગણા, અને રંગે 'પાકા કાળા પહાણ' જેવા હતા. તેમનું ઠુંઠું નાક, બાડી આંખો વચ્ચે શીળીના ચાઠાંવાળા મુખમાં બીરાજતું. આંખનો રંગ સદાએ ડોળાએલો રહેતો; કાળા હોઠ પર સતત સેવેલા ધુમ્રપાનથી કથાણાં પડ્યાં હતાં. મોટાં ભવાં ને અનેકધારી મુછો આ મુખની શોભાનાં છેલ્લાં તત્ત્વો હતાં. કસુંબી દક્ષણી પાઘડી તેમના શિર પર શોભતી. હાથીદાંતનો, પીળો પડી ગએલો ઉભો કોલર તેમના કોટમાંથી ડોકીયું કરતો; અને તેના પર વીંટાળેલી, ઘરની ભરેલી ઉનની લીલી ટાઇ જાણે સીધા રહેવું કે નહીં એવો સંશય થતો હોય એવી વર્તણૂક બતાવ્યા કરતી. નવો ચળકતા કોટીંગનો ખોદ્દલ કોટ સુકકું શરીર ઢાંકવા મોટો કરાવેલો હોવાથી કોથળાનુ સ્મરણ કરાવતો. અને ડકની સાંકડી પાટલુનના છેડા જરાક મોટા અને દોરીને બદલે રબરથી અલંકૃત હોલબુટમાં નીકળપેસ કરતા.

તેમના મુખપર યત્નશીલ ને ખુશામતીયા હાસ્ય હતું. તેમની ચાલવાની ઘાટીમાં નબળી કમ્મર, ને જોર વગરના પગની મદદથી બને તેટલી છટા લાવવાનો ઇરાદો દેખાતો, અને એ ઇરાદો માંદો માણસ આખરે અને સભ્યતાને ખાતર પુરુષ કહેવાતા માણસ બંનેને છાજે એવી લચકાતી ચાલમાં વ્યક્ત થતો.

માભાઇ શેઠ આવ્યા. માનવ સામાન્યતાનાં જે દૂષણ હોય, અજ્ઞાનનાં જે ચિન્હો

હોય, અને ખુશામતનાં જે લક્ષણ હોય તે બધાં આ જમીનદારોના અગ્રણીમાં દેખાતાં, અને પ્રકૃતિએ રખેને પોતે પાછળી રહી જાય એવી બીકે પોતાના તરફથી પણ તેને તિરસ્કરણીય કરવામાં બનતું કર્યું હતું. લક્ષ્મી અને અંગ્રેજ સરકાર બેનાજ તે લાડીલા હતા.

આ લાડીલાના હાથમાં એક કાળો ડબ્બો હતો.

આવતાં વાર મામાઇએ ડબ્બો નીચે મુકયો. અને જાણે હાથ પર ધૂળ પડી હોય તેમ જોરથી હાથ પર હાથ ઘસ્યા. તેમના હોઠ ને શરીર રીઝવવાની ઇચ્છાથી, અમળાયાં કરતાં હતાં.

સ્મીથ આ ગ્રહસ્થ તરફ જોઇ રહ્યા—તિરસ્કારભરી નજરે. મીસીસ સ્મીથે મોઢા આગળ હાથ દઇ હસવું સંતાડ્યું. માધવલાલે હેતાળ પિતાના વાત્સલ્યથી જોયા કર્યું. પ્રમોદરાય, ગંભીર ને સખત, બીજી તરફ જોઇ રહ્યા. અને સુદર્શન નીચેથી ઉંચુ જોઇ શકયો નહીં. એને એકદમ ભાન આવ્યું કે મામાઇ તેનો હતો—સ્મીથ પારકો હતો. મામાઇનો દેખાવ, વર્તણુંક ને અમળાટ એની પોતાની અધમતાના પુરાવારુપ હતાં. બળતા અંગારની માફક તેને શરમ પ્રજ્વાળી રહી.

થોડી વાર સ્મીથે જોયા કર્યું ને મામાઇને ખુરસી સરખી પણ આપવાને સીપાઇને કહ્યું નહીં.

"વેલ!" પાંચ મીનીટ ક્ષોભજનક શાંતિ પછી કલેકટરે કહ્યું.

"Good morning Sahib—Good morning Madam Sahib", દરેક શબ્દે નીચા નમી નમી ભાંગ્યાતુટ્યા અંગ્રેજીમાં મામાઇએ કહ્યું; "I hear—to-day Madam's birthday. Great Joy. I came. Madam Sahib—noble woman, Mother of people. I honour give—no flattery" (સવારની સલામ સાહેબ સવારની સલામ. મડમ સાહેબ. મેં સાંભળ્યું આજે મડમનો જન્મ દિવસ. ઘણો આનંદ હું દોડતો આવ્યો. મડમ સાહેબ ઉમદા સ્ત્રી. લોકોની મા. હું માન આપું છું. ખુશામત નહીં).

આ અંગ્રેજી ભાષાનો અનુપમ પ્રયોગ કરી મામાઇ શેઠ, તેની શું અસર થાય છે તે જોવા, જોઇ રહ્યા. પણ એટલામાં બે પટાવાળા એક મોટો ભારી ફળનો કંડીઓ ઉંચકી લાવ્યા. તે જોઇ મડમ સાહેબ પલળ્યાં. "ઓ! એ ટુમારા હય" ઉત્સાહમાં ઉભા થઇ જતાં મીસીસ સ્મીથે કહ્યું.

મામાઇ શેઠ આ મહેરબાની જોઇ લળી લળી અમળાયા. "Yes Madam Sahib all garden—your humble servant, all fruit—your humble servant, all under your honour's feet, great joy. Madam Sahib birthday." (હા મડમ સાહેબ. બધો બાગ તમારા નમ્ર સેવકનો. બધાં ફળ પણ તમારા નમ્ર સેવકનાં. બધાં તમારા ધન્ય ચરણે. ઘણો આનંદ. મડમ સાહેબનો જન્મદિવસ).

મડમ સાહેબે કંડીઆનું ઢાંકણું ઉઘાડ્યું ને આનંદની ચીચીઆરીથી વાતાવરણ ગાજી રહ્યું. "Oh lovely! lovely! de-lightful!" તેણે કહ્યું. અને આ આનંદના ભાગીઆ હોય એમ દેખાવા બધા એક જાતનું કૃત્રિમ હાસ્ય મોઢા પર આણી જોઇ રહ્યા. રાવબહાદુર, માધવલાલ વૃદ્ધ દરબારીના અધિકારથી ખડખડ હસ્યા. મામાઇ શેઠ યાંત્રિક ઢબથી હસી રહ્યા.

એકદમ સ્મીથે મોટી તાળી પાડી ને મોટે સાદે બુમ મારી "યુ જમાદાર! ગદ્ધા! બેવકુફ! કુરસી લાવ. દેખતા નહીં. મામાઇ

ગુજરાત] [આષાઢ ૧૯૯૧

સામેથી દલાલ વકીલ......મલકાતા આવી લાગ્યા.

—નેપથ્ય

—પૃષ્ઠ ૭૨૮

લુટ લીધી.

"અરે કંટાળો દેતો કોંગ્રેસવાળો" સખત તિરસ્કારથી સ્મીથ જોઇ રહ્યા. મીસીસ સ્મીથે ખભાં ઉંચકયાં. નવો આવનાર પ્રતિષ્ઠિત વકીલ હતો પણ થોડા વખત પર કલેકટર પૂજાની તે અવગણના કરતો હોવાથી સાહેબના દફતરમાં તેનું નામ નહોતું.

"કોણ દલાલ!" માધવલાલે કહ્યું. "એ હવે આપની પાસે આવવા લાગ્યો છે. All roads lead to Rome (બધા રસ્તા લીધે આખરે તો રોમજ જવાય). કોંગ્રેસમાં તો ઘણા વર્ષ પર ગયો હતો."

"પ્રમોદરાય વધારે જાણે છે" સ્મીથે કહ્યું; "એને સરકારી વકીલ થવું છે, તેમાં આંટા મારે છે. બે ત્રણ વખત તો મેં મળવાની પણ ના પાડી. આજે હવે એને એનું સ્થાન બતાવું છું." સ્મીથ કચવાઇ અને ક્રોધથી ઉઠયા અને ના મોં પર અપમાન થાય ને લાગણી દુખાય વા દરેક ભાવ આવ્યા. "ઉરકુ બોલાવ."

સ્મીથ ત્યાંથી ઉઠયા ને ઓટલા પર પોર્ટીકો આગળ જઇ ઉભા. બે ગમ પટાવાળાની હાર ઉભી હતી. દૂર ઓટલા પર માનીતું મંડળ જોઇ રહ્યું હતું. સાહેબ ટટાર, કેડે હાથ દઇ, મોઢું અપમાનકારક કરી ઉભા રહ્યા; અને સામેથી દલાલ વકીલ નવો આલપકાનો કોટ, સફેત સ્ટોકીંગ, ને સફેત દુપટ્ટામાં મલકાતા મલકાતા આવી લાગ્યા. જે કૃત્રિમને અધમ હાસ્ય આ બંગલામાં પેસતાં દરેક દરબારીના મુખ પર પ્રસરતું એ તેમના મુખ પર પણ પ્રસર્યું હતું.

એકદમ વીજળીનો કડાકો થાય તેમ સ્મીથ ગાજ્યોઃ "What do you want?" (શું જોઇએ છે?) "Good Morning Sir! નમીને, હસીને દુપટ્ટો ઠીક કરતા સરકારી વકીલ થવાના હોંસીલાએ કહ્યું." Nothing Sir! I came to see you Sir! (સવારની સલામ સાહેબ. કૈં નહીં સાહેબ હું તમને જોવા-મળવા આવ્યો.

સ્મીથનું છ ફુટીઆ શરીર લશ્કરની કવાયતમાં હોય તેમ ટટાર ને નિશ્ચેષ્ટ થઇ ગયું. તેણે એકદમ બંને હાથ માથા પર સીધા ઉંચા કર્યા.

"Well here I am. See me. Did you? Now good morning" (આ હું રહ્યો. જોઇ લે. જોયો? ચાલ હવે સાહેબજી) કહી સ્મીથ તિરસ્કારથી ગોળ ફરી, લાંબે ડગલે ત્યાંથી ચાલ્યો ગયો.

સીપાઇઓની હસાહસમાં, માધવલાલ મીસીસ સ્મીથ ને માભાઇના દૂરથી સંભળાતા અટ્ટહાસ્યમાં, માનભંગ વકીલ સાહેબ અક્કડ કપડાંના દયાજનક દમામમાં અલ્પતાનો અનુભવ કરતા, ઘણા વખત થયાં સેવેલા સરકારી વકીલના પદનાં સ્વપ્નાંઓને અદષ્ટ થઇ જતાં જોતા હતા......

જ્યારે સ્મીથ દલાલને મળવા ગયો ત્યારે પ્રમોદરાય માભાઇ તરફ ફર્યા.

"શેઠ આ બધું શું કામ લાવ્યા?" "Special day-special honour"(ખાસ દિન ને ખાસ માન) માભાઇએ સૂત્ર ઉચ્ચાર્યું.

"અરે પણ ખરાબ દેખાય. ચહા તો અહીંઆં સાહેબ આપશે." પોતાના દેશીનું પરાક્રમ જોઇ પ્રમોદરાય પણ શરમાવા લાગ્યા હતા.

માભાઇ શેઠે જરાક તોરમાં જોયું. "મારા હાથની ચહા મડમ સાહેબ ક્યારે પીવાનાં છે?"

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૩૯૯]

સુવાસ

લેખક:

રા. કાશ્મલન

—o—

કહીંથી સુવાસ વાસ આવી,
　　　　　ઓ સખી!
કહીંથી સુવાસ વાસ આવી?
મીઠી મધુરી મન ભાવી
　　　　　ઓ સખી!

કહીંથી સુવાસ વાસ આવી?
કુસુમે નથી, નથી કુંજ કો,
નથી કો નતાંગિની વેલડી;
મધુમત્ત, મધુભૃત પ્યાલીએ,
દૂર દૂર સંચરીએ અલિ!
શીળી શીળી કહીંથી લહેરે આવી!
　　ઓ સખી! કહીંથી સુવાસ. ૧

ગમે તેમ થાય પણ કાકા સાડાસાત વાગે ઘેર આવનાજ. સૂર્યોદયને બે ઘડી થઇ ગઇ હોય એટલે પથરા પર કુટેલા દાંતણની ચીરી એમની વિધવા દીકરી વીજી તૈયાર રાખતી તે તે કરતા. ખરી રીતે તો એમના જેવા વયોવૃદ્ધ માણસે બારોબાર ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા જવું જોઇએ અને પોરશી કે સાડ પોરશી કરવી જોઇએ, પણ ઘડપણને લીધે એમના પેટના કુકડા સાડાસાત વાગ્યા પછી રાહ જોતી પડે તો કકળાણ કરી મુકતા, એટલે નિરુપાયે કાકાને એ પુણ્યનું ભાતું બાંધવું રહી જતું.

વીજી એમને માટે બે તાવડીઓમાં ચા ને દુધ તૈયાર કરતી તે બંનેને પાસે મુકી, એક મોટા ચમચા અને અસલી ખાસડીઆ કાચનાં ચલાણાં લઇ, કાકા પાટલો નાખી એક પગ ટેકણીઆ પર ટેકવી ઉભા પગ રાખી બેસતા. વીજીને માટે થોડી ચામાં એક ચમચો દુધ નાખી બાકીનાં બધા ચા દુધ તેઓ પીતા, અને તાવડીને ચોટેલી મલાઇ ચમચાથી ઉખેડી ઉખેડીને ચાટી જતા. એ રીતે વાસણ માંજનારના પોણા પરિશ્રમને બચાવવાનું શુભ કાર્ય પણ એમનાથી થઇ જતું.

તે પછી તેઓ આઠમ ચૌદસ જેવી મોટી તિથિ હોય તો અપાસરે જતા અને મુનિ મહારાજની સામે સૌથી આગળની જગા પર જઇ બેસતા. મહારાજના વાકયે વાકયે જી હાહાહાહાહાય, કરતા. કોઇક ઉંઘતા શ્રોતા તેથી ચમકતા અને કેટલાક ભાવિ જીવોનો ઉત્સાહ તેથી દ્વિગુણિત થતો. એમને પોતાને પોસો કે પચખ્ખાણ કરવામાં અંતરાય કર્મ આડે આવતાં પણ બીજા બધાંને તે કરવાનો ઉપદેશ આપવાનું તે ચુકતા નહીં. એમના ઉત્સાહથી પ્રસન્ન થઇ પોસાતીના લાડુ એમને ત્યાં મફત મોકલાવવાનું તે પોળના પંચે નક્કી કર્યું હતું.

પણ સાધારણ દિવસોમાં તેમનો કાર્યક્રમ જુદો હતો. ન્યાતના મોટા મોટા શેઠીઆઓને ત્યાં એમની બેઠક હતી, અને એમને આભારી કરવા અને સંગાથ આપી એમની શોભામાં અભિવૃદ્ધિ કરવા, એમને લઇ ગાડીમાં બેસી ન્યાતીલાને ત્યાં ભાયડાના પાથરણામાં જવામાં એમનો ઘણો વખત જતો. રસ્તામાં ને પાટે બેમા કાકાની જીભ એક સરખી ચાલતી. કંઇ ઉદ્ધત જુવાનીઆઓની એટલામાં ખબર લેવાઇ જતી; કંઇક ઘરો ચવાઇ જતાં, કે તેમની લાગવગના ઉપયોગથી પોતાના કેટલાક આશ્રિતો ને સગાઓને ઠેકાણે પાડવાની ગોઠવણ માટે પણ આવીજ વખતે બે અક્ષર વચ્ચે આવી જતા. પાટે જતા ત્યાં પણ આની આજ વાતો સંભાતી. વાનમાં ને વાતમાં શેઠોનો પ્રભાવ વધારી તે દ્વારા તે પોતાનો પ્રભાવ પણ વધારતા. બદલામાં વગર માગે થોડી ઘણી શેરની દલાલી શેઠીઆઓ તેમને કરાવી આપતા. આ બધાને લીધે કાકાનો કોરડો બધા પર વગર તરદીએ ચાલતો. કેટલાક એમનાથી બીતા. કેટલાક એમને કામના માણસ ધારતા. કેટલાક એમનો પ્રસંગસર ઉપયોગ કરવાનું ધારતા કાકાની જીભ કાતર જેવી હતી છતાં એમાં એક પ્રકારનો જાદુ હતો. એનાથી એ જોઇએ તેને ઉચો કે નીચો બનાવી શકતા. ને તેથી કોઇ એમને બનતા સુધી છેડતા નહીં.

સવારના પાથરણું નહીં હોય તો કોઇને ત્યાં જમણવારના પકવાન ચાખવાનું કોઇના ચાંલ્લા કરાવવાનું કે કોઇ માંદા સાજાને જોવા જવાનું કાર્ય એમને માથે રહેતુંજ. આ બધા કાર્યથી કાકા અગીઆર વાગતાં પહેલાં કદી પરવારતા નહીં. ઘેર જઇ પહેલું કામ વીજીને

કે કારણસર વઢી નાખવાનું હતું. વઢતાં વઢતાંજ એ ધીમેધીમે બધી નવાજુની કહી નાખતા. ને છેવટ વીજી નાની કુંડીમાં ચાર લોટા પાણી મુકે તે દીલ પર ઢોળી ખોળીઉં પવિત્ર કરી ચાર હાથનું કંતાન પહેરી કાકા પૂજા કરવા જતા. સુખડ, બરાસ ને કેસર કાકા દહેરાસરનાંજ વાપરતા. ત્યાં પડેલી છાબડીમાંથી એક ડમરાંની કળી ને એક ખરી ગએલા પાંદડાંનું ગુલાબ લઇ કાકા જીનેશ્વરને બે ટીકી કરી લેતા. બદામના આકારનું પોતાના કપાળમાં મોટું ટીલું કરવાનું કાકા ભુલતા નહીં. અથવા ઘણી ઉતાવળ હોય તો તે કરવા માટેજ તે ત્યાં જતા. પૂજા કર્યા વગર ચાલી શકે પણ ટીલું કર્યા વિના નહીં ચાલી શકે; કારણ કે ઉત્તમ અવતાર શ્રાવકનો અને તેમાંએ પવિત્ર નરદેહ મળ્યો તેને તે ચિન્હ ન હોય તો બીજાઓ ઓળખી કેમ શકે ! ઘેર આવી, વીજી એમને માટે એક મેલો ચાકળો નાખી બાજઠ પર થાળી પીરસતી ત્યાં રસોડાની ઓરડીની બહાર જમવા બેસતા પાટલા પર બેસતાં એમનાં ઘરડાં હાડકાં દુખતાં.

વીજી બાપાનો સ્વભાવ જાણતી. કોઇ વાર એ કહે તે બધું સાંભળી રહેતી; કોઇ વાર છણકા કરતી. નાનપણામાં વિધવા થએલી હોવાથી એ પણ વ્રત પચ્ચખાણ થાય તેટલાં કરી આ ભવનું સાર્થક કરતી. એ સુઘડી હતી. એના દાંત લાલ હતા. ને હસતી ત્યારે છેક ઉપરના પેઢાં સુદ્ધાં દેખાતાં. ગાલના ને ગળાનાં હાડકાં બહુ ભયંકર રીતે દેખાતાં તોપણ બહુ ઉમ્મર થઇ ન હોવાથી થોડી થોડી જુવાની

તે લાકડી લઇને વાંકાવાંકા પણ ઝટઝટ ચાલતા.

મોં પરથી દેખાયા વિના રહેતી નહીં.

એક દસ વર્ષનો છોકરો મુકી એનો વર મરી ગયો હતો. લાલ છોકરો પંદરેકનો થયો

હતો. તે નીશાળે અંગ્રેજી ચોથા ધોરણમાં ભણતો. કોઇક દહાડો બાપની લાગવગના ઉપયોગથી કોઇક શેઠની મીલમાં કારકુની કરવા બેસાડી પચીસ ત્રીસ રુપીઆ લાવતો કરવાની એની ધારણા હતી. બાપની માફક એ પણ બૈરાના અપાસરામાં કે આભડવામાં ને ડાધુ વખતે પટલાઇ કરવાનું ને આગેવાની બતાવવાનું ચુકતી નહીં. બૈરાંની પૂજામાં સૌથી વધારે તાળીઓ તે પાડતી; જો કે એનો દેખાવ એનો ભાર કોઇ ઠેકાણે ભાગ્યેજ પડવા દેતો.

જમી પરવારી બેમાકાકા પરસાળમાં પાટે બેસી બોખા મોંમાં સોપારી ચાવતા બેસતા. ચોકની જાળીમાંથી આવતો તડકો એમના કાળા કરચલીવાળા શરીર પર રુપેરી ચાઠાં પાડતો. થોડી વારે તે ઓરડામાં જઇ પાટીના ખાટલા પર કાળી પડતી જતી ગોદડીઓમાં ભરાઇ જતા અને કલાકેક ખુબ નસ્કોરાં બોલાવી ઉંઘતા.

એક વાગે કાકા ફરી અંગરખો ને ધોળી પાઘડી પહેરી સજ્જ થતા. અને લાકડી ઠોકતા ઠોકતા ચૌટા તરફ રવાના થતા. થોડી વાર ચૌટામાં ફરી, કોઇ શેઠીઆનીવતી થોડા ઘણા સોદા કરી શીયાળા શીવાય બીજી ઋતુમાં કપડાં કાઢી કોઇની દુકાને બેસતા, ને ગામગપાટા હાંકતા કે એક ખુણામાં પડ્યા પડ્યા ઝુંકતા. ગમે તેવા વાતોના રસમા હોય કે ઉંઘમાં હોય, તોપણ પોણા ત્રણ થતા પહેલાં કાકા એકદમ હોંશીઆર થઇ જતા, અને બે પૈસાનું ખર્ચ બચાવવા કોઇને ત્યાં ચાનો વખત થતા પહેલાં જઇ પહોંચતા. આ વખતે ન આવી પહોંચ્યા હોય તોપણ એક બે ઠેકાણે તો બેમા કાકાની ચહા રાખીજ મુકાતી. નહી તો એમને માટે ફરી મુકાતી. બેમા કાકાને પણ દિવસમાં ત્રણ વાર ચહા પીવા તો અચુક જોઇતીજ, નહીં તો એ મરવા પડતા. અમદાવાદી પાતરાંની પૈસાની પચીસ બીડીના પણ એ ભકત હતા. હુક્કો એમને પારકે ઘેર પીવામાં ખુબ મજાહ પડતી. ને આટલે વર્ષે પણ દરેક જાતના પીણા ને વ્યસનની લહેર પારકે પૈસે થતી હોય તો તે જીરવી શકતા.

સાંજે સાડાપાંચ વાગે કાકા ઘેર જઇ વાળુ કરતા. એમને ઘેર કદી કંદમુળ થતાં નહીં. રાત્રિભોજન ન કરવાનો નિષેધ કાકા ઘેર કદી તોડતા નહીં. વાળુ કર્યા પછી પાછા એનાએજ અંગરખાની બાંય તે ચડાવતા. લાકડી ઠોકતા ઠોકતા પાછા મંદિરમાં જતા, આરતી ઉતારતા, ઘંટ વગાડતા અને ગોઠીને કૈં ને કૈં કસુર માટે ધમકાવતા. ત્યાંથી સીધા એ વારા પ્રમાણેના કોઇ શેઠને ત્યાં જતા. એમનીજ વાટ જોઇ ઉભા રહેલા શેઠો એ આવે કે તરત એમને મોટરમાં બેસાડી દેતા અને મોટર કાંપ (કૅમ્પ), શાહીબાગ કે નદીપાર હંકાતી. સાંજનો આ સમય કાકાની જીંદગીમાં સૌથી અગત્યનો હતો. એમના જેવા વયોવૃદ્ધ ધર્મધુરંધરને નિર્લેપ રહીને આ વખતે ઘણાં પાપો કરવાં પડતાં. રાત્રિભોજન એમને ચણામમરા કે જેને તે ડબ્બલ રોટી કહેતા તે કે બટાકાથી ખાઇને રોજ કરવું પડતું. કૈંક અપેય પદાર્થ પણ કોઇ એમના ગળામાં રેડી દેતું. પણ જનકવિદેહી જેવી એમની નિર્વિકારતાને લીધે જુવાનીઆઓ જેથી ભ્રષ્ટ થાય કે અભડાય એવી વસ્તુઓ પણ પ્રાપ્ત ધર્મ તરીકે એ સ્વીકારતા; અને તેથી તે એમની પવિત્રતાને રજ માત્ર ડાઘ લગાડવાને સમર્થ થતી નહીં. એમને પાપ કદી લાગતું

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૪૦૫]

ગધેડીઆં ખેતર

પર

આનરસિંહ નટવર

સંપાદક:
રા. મુનિકુમાર મણિશંકર ભટ્ટ
ચિત્રકાર
રા. કલાનિધિ

આ નરસિંહ નટવર નામની જૂની પ્રત જેમાં કેટલાક કાવ્યો તો તમાકુપત્ર ઉપર બાળબોધ લિપિમાં છે અને જે જૂનાં દફતર શોધતાં મને હાથ લાગી છે. ઉક્ત લેખ વાંચતાં જણાશે કે કોઈ ગામડાની ધાર જેની ઉપર એક શિવાલય છે તેની પાસે આવેલ કોઈ ગધેડીયું ખેતર; જેનો ઉપયોગ રેસકોર્સ તરીકે થાય છે તે વીશે બધાંજ કવિઓએ કાવ્યો કરેલાં છે. આવાદ આવીજ જગ્યા ભાવનગરમાં છે. જો કાવ્યના વિષયનું સ્થાન અને આ જગ્યા બીજી કોઈ સ્થાનનિર્ણય કરે તો ઇતિહાસ તેમજ ભૂગોળ ઉપર લેખ ઘણું અજવાળું પડે: એટલું જ નહીં પરંતુ આદ્ય કવિ નરસિંહ મહેતાથી માંડીને નટવર એમ [illegible] પર્યંત બધાજ કવિઓ ભાવનગર આવ્યા હતા તેમ સિદ્ધ થતાં ઉપરાંત નરસિંહ મહેતાના જમાનામાં પણ તે દુર્વેષ્ટિત મકાનથી હતી એમ પણ સિદ્ધ થાય.

નરસિંહ મહેતા:— પ્રભાતીઉં.

ઉઠી પ્રાતઃ સમે બહાર હું નીસરું, એક ખેતર દીસે ગોમતું ત્યાં,
ખગ પશુ ત્યાં ચરે, શ્વાન પામે ભસે, રુદ્રનું એક મંદિર દીસે ત્યાં.
પૂર્વમાં ધુમ્મસે, જોગી જેવો વડો એક અખંડ મહા તેજ વાળો,
પશ્ચિમે દુઃખીને દર્દીનાં વૈદ્ય ઔષધ કરે પ્રીતથી તે નીહાળો.
દક્ષિણે ધર્મ ને અર્થ ને કામ ના માર્ગ ત્રણ આવતા કેર શીખા,
ઉત્તરે હાકકાંધીશ સમ રાજના દુર્ગ દેખાય જે રાજ કીધા.
આમ ગધાડીયાં ખેતરે જે દીસે તે સઘળું ચાખીએ જુજવું હોય,
હેરી જો ચઢે બળિરામની આરીશા નો ત્યાં રુદ્રની મૂર્તિ જોય.

ભક્ત નરસિંહ ભણે શામળા સ્વામીને વીનવીને કાટિધા હાથ જોડી,
આપનાં દરસ જો ખેતરે થાય તો આવું હું સરખડી દોડી દોડી.

મીરાંબાઈ:— પદ

તારી કૃતિ ન્યારી દીસે ગિરધારી,
રચના સમજી જાઉં વારીરે.
વચ્ચે છે ખેતર મોટું, બે બાજુ મારગ લાંબા,
ભક્તિને નીતિ સમા ભારી રે.—તારી કૃતિ.
ગધાડીયાં ખેતરમાં છે, કાંટા મોટા રે ભાઈ,
પગે ચાલી જાતાં લાગે કારી રે.—તારી કૃતિ.
જીવનના ખેતરમાં, અવગુણના કાંટા એવા,
કાંનો સુજ નાખો વિદારી રે.—તારી કૃતિ.
મારગો ઓછાં છે એમાં સાચે મારગડે ભાઈ,
મારી મતિ જાય હારી રે.—તારી કૃતિ.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
જીવને તો ભક્તિ વાટ સારી રે.—તારી કૃતિ.

શામળ ભટ્ટ:— છપ્પો

મોટું ખેતર એક છેક છુટું અહીંઆં છે,
ત્યાં, નરવરના ટેક સમા, રસ્તા આવ્યા છે.
ગધેડીઆંનું નામ, ધામે છે અશ્વો કેરું,
સાગરનુ જ્યાં સલિલ દૂરે ભાસે છે ઘેરું.
ઉગ્યું છે ત્યાં ઘાસ ચાસતો પાસજ ભાસે,
શ્વાસ અશ્વતો ત્રાસ ભાસતો જન આવાસે.
એવું ખેતર જ્યાં દીસે ઇશ્વિર કેરું ધામ છે,
શામળ રુડી જગ્યા તણું કેવું કુડું નામ છે?

પ્રેમાનંદ:— કડવું–પદ (રાગ મારુ)

જેવું ખેતર આજ દેખાય, તેવું પહેલાં નહોતું ભાઈ
પે'લાં ત્યાં ઘાસ ઉગેલું લીલું ચરતું ગર્દભ ટોળું રસીલું.
એક દિન એ ક્ષેત્ર વીશાળ જોઇતેજ લોભાયો ભૂપાલ,
વાત નર્મ સચિવને કરે, એક છુટો નવો ઉર ધરે.
આ દીવાનજી ખેતર સારું જોઇ મોહ્યું છે મન તો મારું,
મેદાન અહીં કરાવોને મોટું, ગર્દભો ચરે અહીંઆં તે ખોટું.
અહીં અશ્વોની ક્રીડા થાય, અહીં સ્વારોની શરતો દોડાય,
અહીં રસ્તા બે મોટા કરાય, એવી આપે છે આજ્ઞા એ રાય.

પછી માણસો બોલાવ્યા વેરે, બીજી વસ્તુ આપી એક શેઠ,
તેથી ગધેડીયું ક્ષેત્ર આજ, ખુદે ખુબ ખાંતે હય રાજ;
અને રસ્તા બનાવ્યા જે, સારા ઉપરે ચાલે લોકો નીરધારા,
વળી રાજા કેરી સ્તુતિ ગાય, શોળીઓની સહુ કન્યાય.
સંવત ઓગણી એંશીની સાલ એવું પ્રાક્રમ કીધ ભૂપાલે;
તેના કથા સુણવાનું પુણ્ય, પામે તે નર સાચો ધન્ય.

શુરવીર જનની વાતમાં સાર મળેજ અપાર,
તેથી રચવા આ કથા મનસુખે નીરધાર.
ગધેડીઆ ખેતર તણી કર્ત્તાએ રચના કરી,
ભટ પ્રેમાનંદ નામ મિથ્યા શ્રોતા બોલો શ્રી હરિ.

અખો:—

છપ્પય

ગધેડીઆં ખેતરનું નામે,
અશ્વોને ફરવાનું ધામ.
નામ તથા કામોમાં ભેદ,
તેથી ઉપજે દીલમાં ખેદ.
નામજ લીધે શું રે થયું?
કામ શું અધુરું તેથી રહ્યું?
નામ તણો જે કરે વિચાર,
તેના કામે હોય શું સાર.
અખો કહે તું નામજ છોડ,
કામ આપે ત્યાં સત્વર દોડ.

ભોજો:—

ભજન

ભાઈઓ વાત સાંભળો મારી ઉરમાંહી ખુબ વીચારી,
આ જગકેરા ઢંગ ન્યારા તેથી ઉચરવાના ન આરા.
એક ગધેડીયું ખેતર હોય ઉપર દોડે ત્યાં ઘોડાઓ સોય,
જેનું નામ છે અમરતલાલ તે મર્યુંજ પામનો કાલ.
સહુ નામ તણી જુઠી માયા એક સાચા છે વિઠ્ઠલ રાયા,
ભોજો ભગત ભણે તે તું ભજને બાજી વાતો સકલને તજને.

દયારામ:—

પદ

જેણે ખેતર ગધેડીયું ન જોયું રે ભાઈ તેણે જીવતરમાં સહુ ખોયું,
જીવીને જેણે આવું ખેતર ન દીઠું તેનું પાપ જાશે કેમ ધોયું?—ભાઈ



આણી પારે નગરી ભારે ઓલીપારે અરણ્યમાં
વચ્ચે નંદકિશોર ધામ સોયું રે.—આ

રાધાને કહાન જેવાં વ્રજમાં વિહાર કરે
તેવું ખેતર આ મારગડામાં પ્રોયું રે.—આ

દયા પ્રીતમ ને મન જીવન છે ખેતર એવું
જેણે જાણ્યું તેણે જોયું રે.—આ

દલપતરામ:—

મનહર છંદ.

ગધેડીઆં ખેતરમાં તેતરનાં ચેતરને,
નેતર હલાવતો કો મહેતાજી જોઈને.

અચંબા અપારથી વિચાર નિરાધાર કરી,
સાર તણા ગારમાં મતિજ બેઠો ખોઈને.

કૃતિ જગપતિ તણી ગતિની જે થતી જી,
પતીજ તેની તથાપિ હતી નહીં કોઈને.

ઘરાને કદાપિ વીસનખા જો નમાવે શીશ,
નિશદિન તેને નહીં બેસવાનું રોઈને.

નામ તો ખરોનું તોએ અહીં છે હયો ને નઠે
કેમકે ગધેડાં ગયાં સેવા દેવા મોઈને.

દકાને તો સ્વેચ્છા નહીં દાખે દલપતરામ
દાંડિયો ઉડાડે રોજ રમતમાં મોઈને.

નર્મદાશંકર:—

લાવણી.

આ ક્ષેત્ર નેત્રને આજ ભમાવે પુર,
બસ લહો અશ્વ પર સ્વાર થઈ સહુ શુર.

કેટલાક લઈ બોલ રમે છે દંડુકી,
કેટલાક કવાયત કરે સાથે લઈ સાથી.

કેટલાક હય લઇ ભરીને બંદુક તાકે,
કેટલાક બીકણુ રહ્યા બેસી છે થાકે.
અશ્વ તણા ખદવા થકી થાય ઇંટના ચુરા.
—બસ લદો.

નામ જે ગર્દભ તણું ખેતરને દેવાયું,
તે મહીંનું અપમાન ખરું અશ્વોને થાયું.
અશ્વજ પ્રાણી ખરે મર્દનું જગે દીસે,
અશ્વજ ભૂષણુ ખરું મર્દનું રાજની વીશે.
અશ્વ વિના નર્મદ સહુ જગે સાજ અધુરા,
બસ લદો અશ્વ પર સ્વાર થઇ સહુ શુરા.
આ ક્ષેત્ર નેત્રને આજ ભમાવે પુરા.

બાળાશંકર:—

શોધ.

ગઝલ

નઝર નાખું હવે જ્યારે ગધેડાંઆં ખેતરે ત્યારે,
ગીરફતારી બને મારી અચંબામાં અતિ ભારી.
ખરેખર નામ શું આવું તુરગદળ માટ છે ભાખ્યું,
ન કાં એ તો તખલ્લુસ છે શું અશ્વોને અહીં આપ્યું?
અરે શું અશ્વ આંહીના બધાએ છે ખરા જેવા,
ખરોના કાછનો દીસે ખરે હીસાબ કોડીનો.
નહીં તો શું કરે આવું હયો ગદ્ધા બનાવાનું,
છતાં તું ના કદિ તેની રુડી બુદ્ધિ હીણી ગણજે.
બનાવ્યું વિશ્વ છે જેણે બનાવ્યું નામ પણ તેણે,
નીહાળી બાલ આ શરતી નિજાનંદે મજા લેજે.

મણિલાલ:—

પરમ માયા.

ગઝલ

અહા હું એકલો ગદ્ધા તણે ક્ષેત્રે સુનો ભટકું,
અને એ નામને સમજી વિચારોમાં નહીં અટકું.
દીસે છે આંહીં તો અશ્વો, ગધેડાં નામ છે શાથી,
સવાલો એ થતા ત્યાં તો વિચારોમાં અધર લટકું.
અરે જો જાઉં સેનામાં બદલવા નામ સમજાવું,
અધિકારી તણે હૈયે નકી તો હું બહુ ખટકું.
પરંતુ એહ શા માટે વીસારું ઇશને હું કાં,
ખરે પરમેશની માયા તણું આતો નવું ચટકું.

હરિલાલ ધ્રુવઃ—

એક અભિનવ દર્શન.

સ્રગ્ધરા

ધુ ધુ ધુ ધુ ધુધવતો જલદ પટલ શો વારિધિ પેલી પારે!(?)
ને આંહી અશ્વ કેરી પદધુલિ ઉડતી પ્રાણી સંતાપ ભારે!
માથે મંદિર કેરૂં ધવલ તિલક લૈ ચાડીકા ધાર ઉભી!??
ડુબી લાલિત્યમૂર્તિ જનપદરવની જોઇને આ સુભૂમિ!

નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆઃ—

પ્રેમનું સ્વરૂપ.

(ખંડ હરિગીત.)

એકદા અહ! કારમા!
સ્વપ્ન દર્શન અવનવાં,
દિવ્ય નેત્રે ઝાંખીયા,
તે ચીતર્યાં કદિ જાય ના.

(વંશસ્થ)

નમ્યું જ જે ક્ષેત્ર ગધેડીઆને,
વિશાલ ભુરૂં નભ જે ચુમી રહ્યું,
જાણે કરે ચિંતન ગૂઢ ઉંડા,
કે વિશ્વ સંકેત ઉકેલવાને

(વસંત તિલકા)

આ શાંતિ ખેતર તણી અતિ દિવ્ય ભાસે,
હેનો સકે કરી વિચાર જ અજ્ઞતા શે?
ને ગાન આ ઉદધિનું દૂર થાય ધેરૂં;
ને રૂપ થાય ઉરના ગિરિનું ગભીરૂં.

(અનુષ્ટુપ)

ક્ષેત્ર ને ગિરિ ને પેલો દૂર ગાય સમુદ્ર જે,
એક પ્રેમ તણા ભાસે સ્થાયી સૌ સ્વરૂપોજ તે

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૩૮૭]



સ્નેહસદન*

લેખકઃ
રા. શાંતિલાલ ગુલાબદાસ તેલાટ
ચિત્રકારઃ
રા. દમન મહેતા

૧

ગુજરાતમાં ઘણા થોડા લોકો હશે કે જેણે શ્રીકાંત દલાલનું નામ નહીં સાંભળ્યું હોય. અઢળક સમૃદ્ધિના ભોકતાઓ અનેક હશે; વીલે પારલેમાં 'વીલા' ઘણાએ બંધાવ્યા હશે; પણ શ્રીકાંત દલાલનું સ્થાન તો તદ્દન અનેરુંજ હતું. ગુજરાતમાં એકે વર્તમાનપત્ર કે માસિક એવું નહીં હોય કે જે શ્રીકાંતની નવલકથાઓ અને તેની શૈલીનાં ગુણગાન કરવામાં પછાત રહ્યું હોય.

લોકો કહેતા કે નસીબદેવીના તેના પર ચારે હાથ છે. દર વર્ષે તેનું એક પણ પુસ્તક બહાર પડવાનુંજ હોય; વાર્તા લખવી એ કેમ જાણે તેનો ધંધો નહીં હોય! અને બહાર પડતાંની વારજ શ્રીકાંત દલાલની નવલકથાઓ ખપી જતી.

શ્રીમંત વર્ગના કેટલાક લોકો જ્યારે આખો દિવસ મુંબાઇના ધંધામય વાતાવરણમાં ગાળતા ત્યારે શ્રીકાંત "સ્નેહસદન" ના એક અભ્યાસગૃહમાંજ આનંદ માનતા. થોડે દૂર વીલેપારલેનું સ્ટેશન અને દર પાંચ પાંચ મીનીટે ટ્રેનોની આવજા એમના કાર્યમાં બીલકુલ અંતરાય ન હતાં. સ્ટેશનથી ત્રણ મીનીટના રસ્તા પર આવેલો એક બંગલો તે "સ્નેહસદન." બંગલાના સુંદર ઉદ્યાનમાંથી ગુલાબ અને મોગરો સુવાસ ફેલાવી રહ્યાં હતાં. શ્રીકાંતની પુત્રી-એકનું એક સંતાન-સ્નેહલતા આ નાનીશી વાડીની માલણ બની રહી હતી. બંગલો છ ખંડમાં વિભક્ત થયો હતો. પૂર્વ દિશા તરફનો એક નાનો ખંડ તે શ્રીકાંતનું અભ્યાસગૃહ. અભ્યાસગૃહ પુસ્તકોથી ને શોભાયમાન કબાટોથી અલંકૃત થઇ રહ્યું હતું. એક બાજુ ટેબલ પર છેલ્લામાં છેલ્લાં માસિકો-અંગ્રેજી તથા ગુજરાતી-જોનારનું મન આકર્ષતાં. દીવાલ પર સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી, સ્વ. કલાપી, સ્વ. કાંત અને ગાંધીજીની છબીઓ નજરે પડતી. એક ખુણામાં

* ઇંગ્લીશ પરથી સૂચિત.

"અજવિલાપ"નું મનોહર પણ હૃદયસ્પર્શી ચિત્ર લટકી રહ્યું હતું. ટુંકમાં તે ખંડમાં સાહિત્ય અને કલાનું અદ્વિતીય મિલન થઇ રહ્યું હતું. આવા આદર્શ વાતાવરણમાં શ્રીકાંત દલાલની ગગનસ્પર્શી અને હૃદયચુંબિત ભાવનાઓથી સિદ્ધ નવલકથાઓ યોજાતી.

રવિવાર હોવાથી "સ્નેહસદન" નું આંગણું રંગબેરંગી સાથીઆઓથી શોભી રહ્યું હતું; અને રંગોળીથી યોજાએલું "ભલે પધારો" મહેમાનોનું સ્વાગત કરતું. સાડા આઠનો સમય થયો. લોકલ ટ્રેનની સીટીએ શ્રીકાંતને ધ્યાનનિદ્રામાંથી જગાડ્યા. મુંબાઇથી આવતી લોકલે "સ્નેહસદન" માં એક મહેમાન આણ્યો. "અરુણ" પત્રના પ્રતિનિધિ રમેશને સ્નેહલતાએ સત્કાર્યો. દર રવિવારે કોઇને કોઇ પ્રતિનિધિ તો શ્રીકાંતની મુલાકાતે આવેજ. સ્નેહલતા તો ટેવાઇ ગઇ હતી. તે રમેશને અભ્યાસગૃહ બતાવી પોતાના જળ-સેંચનના કાર્યમાં નિમગ્ન થઇ.

* * *

"મારા વિજયનું રહસ્ય?" શ્રીકાંતે રમેશને કહ્યું; "મારા વિજયનું રહસ્ય તદ્દન સાદુંજ છે. મારું કાર્ય એજ મારો આનંદ, સવારના સાત વાગે કે તરતજ આ ખંડમાં પુરાઇને કોરા કાગળ અને સાહીનો સદુપયોગ કરવા માંડું છું. મારા પહેલા લેખ પછી કોઇ પણ દિવસ આ કાર્યમાં ભંગ પડ્યો નથી. તે છતાં—" અશ્રુપૂર્ણ નયને સ્વર્ગસ્થ પત્નીની છબી તરફ નીહાળીને, "હું પણ દુઃખથી મુકત નથી, અને આ દુનીઆમાં કોણ સુખી છે? મારા કાર્યમાંથીજ હું આનંદ અને આશ્વાસન મેળવી રહ્યો છું. મારું કાર્ય," થોડા લખેલા, થોડા કોરા ફુલ્સકેપ કાગળ તરફ બતાવીને, "અને મારી લતા."

આ સાદાઇ રમેશને આંજવા બસ હતી. ચાહ પાણી થયા પછી શ્રીકાંતે સ્નેહલતાને રમેશ જોડે ઓળખાણ કરાવ્યું અને કહ્યું; "લતા, એમને દીવાનખાનું બતાવ, હું હમણાંજ આવું છું."

સ્નેહલતા રમેશને દીવાનખાનામાં લઇ ગઇ અને બેસવાને આસન આપ્યું. રમેશ અનિમિષ નયને કીંમતી ફરનીચર સામે જોઇ રહ્યો. જ્યાં જ્યાં નજર કરો ત્યાં જોન રોબર્ટસની કારીગીરી જોઇ રમેશ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. એટલામાં શ્રીકાંત આવ્યા. એમની ચાલાક આંખોએ રમેશની દૃષ્ટિમાંનું આશ્ચર્ય નીહાળ્યું; બે ઘડી મલકાયા.

"મી. રમેશ! મેં ઘણો પ્રવાસ કર્યો છે,- મારી કૃતિઓ સાક્ષી પુરશે, પણ મને અહીં જેવો આનંદ તો કયાંએ નહીં મળ્યો. આ શાંત ગામડામાં મારા ઉન્નત વિચારો કાગળ પર ઉતરે છે. અહીંનું વાતાવરણ તદ્દન શાંત અને..."

"અને કવિતામય છે" રમેશે વાક્ય પુરું કર્યું.

"ખરી વાત છે," ગંભીર સ્વરે શ્રીકાંતે ટાપસી પુરી.

ઘડીઆળમાં દસના ટકોરા થયા.

"માફ કરજો, હું આપની તથા મીસ સ્નેહલતાની રજા લઇશ," ઘડીઆળ તરફ જોતાં રમેશે કહ્યું. "હું આપનો તથા મીસ લતાનો ઘણોજ આભારી થયો."

"એમાં શું? આ તમારોજ બંગલો છેને. વારુ, પણ તંત્રી મહાશયને કહેજો કે આ મુલાકાતથી મને ઘણો આનંદ થયો, છે. હજી સુધી પણ મારા અને મારા લેખો પર

તંત્રીશ્રી એક સરખી મમતા રાખતા આવ્યા છે. ચાલો, સાહેબજી! પણ મને પ્રુફ્સ નક્કી મોકલાવજો."

"સાહેબજી," કૃતજ્ઞ સેવકની માફક રમેશે રજા લીધી.

બીજા દિવસના "અરુણ"માં શ્રીકાંત દલાલનાં ગુણગાન તથા છબી પ્રગટ થયાં!

૨

શ્રીકાંત દલાલના ગૃહજીવનના આ દર્શન પછી જો તમને કહેવામાં આવે કે શ્રીકાંત એક દંભી સાહિત્યક હતો તો શું તમે આશ્ચર્યોદધિમાં ગરકાવ થયા વિના રહેશો? અને હતું પણ તેમજ. સાહિત્યાકાશમાં શ્રીકાંતરુપી રાહુએ સાહિત્યચંદ્રને ગ્રહ્યો હતો. રમેશ જોડેની મુલાકાત વખતની વાતચીતમાં બીલકુલ તથ્યાંશ ન હતું. સદ્ગત પત્ની માટે જેટલો સ્નેહ રમેશ પાસે દર્શાવ્યો હતો તેટલોજ ધિક્કાર તેને માટે તેને હતો. કોઈ પણ દિવસ પતિપત્ની સુખે રહ્યાં ન હતાં. સ્નેહલતાને તો એ એના માર્ગમાં કંટક સમાન ગણતો. અને એના "વિજયનું રહસ્ય!" તો આપણે આગળ ઉપર કળીશું.

સ્નેહલતા આ નાનીશી વાડીની માલણ બની રહી હતી

નહીં...શ્રીકાંતને બીલકુલ અન્યાય ન થવો જોઇએ. વીસ વર્ષ પહેલાં, શ્રીકાંત અને જગદીશ બી. મહેતા બંને સાથે રહેતા હતા. ત્યારે તેણે એક "સ્નેહસૃષ્ટિ" નામે નવલકથા લખી હતી. મિત્રોની પરીક્ષામાં તે નાપાસ થઇ; પછી પ્રગટ કરવા જેવી તો કયાંથી હોય?

અને શ્રીકાંત તથા જગદીશ બંનેને સાથે માલમ પડયું કે તેઓનાં મન પડોસમાં રહેલ

મોહન માયા

(હાસ્યરસપ્રધાન ત્રિઅંકી નાટક)



લેખક:

અધ્યાપક ખુશાલ તલકશી શાહ

સભ્ય, સાહિત્યસંસદ

ચિત્રકાર:

રા. શિવરાવ સજીપ,

એ એમ.

મુખ્ય પાત્રો

પુરુષવર્ગ

અંબાલાલ શેઠ	અમદાવાદમા રહેતા મુંબાઇના એક ગાંધીઘેલછામાં ગરકાવ થએલા વિધુર ધનાઢ્ય.
નરોત્તમદાસ	અંબાલાલ શેઠનો જમાઇ, મધુરીનો વર.
સારાભાઇ	અંબાલાલ શેઠનો તદ્દન યુરોપીઅન થઇ ગએલો પુત્ર
મોહનદાસ	નરોત્તમદાસનો બાલમિત્ર.
જીવરાજ	અમદાવાદના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ, નરોત્તમનો સહાભ્યાસી.
સરદાર હીરાસિંહ ...	પંજાબનો એક અગ્રેસર તાલુકદાર.

શીવાય નાનાલાલ કવિ, રવીંદ્રનાથ ટાગોર, સી. એફ. એંડ્રૂઝ, મોહનદાસ ગાંધી. અનુપરાય ભોમીઓ.

આગલા પ્રવેશોનો ટુંક સાર

ગાંધીભક્ત શેઠ અંબાલાલના બંગલામાં અનુ ભોમીઓ પ્રેક્ષકોને ગાંધીજી, ટાગોર અને કવિ નાનાલાલની પ્રતિમાઓ સંબંધી વિગત જણાવી રહ્યા છે. તેટલામાં શેઠનો પુત્ર સારાભાઈ જે પારીસમાં ઝવેરીની પેઢીમાં મેનેજર તરીકે કામ કરે છે તે આવી પહોંચે છે, અને પોતાની નાની બહેન પુષ્પા સાથે વાતો કરી પિતાની પોતાના તરફ કેવી વૃત્તિ છે તે જાણવા પ્રયાસ કરે છે, અને મધુરી અને નરોત્તમના જીવનકલહની વાતચીત કરી પોતાની મહત્તાનાં બણગાં ફુંકી, ગુપ્ત રહેવા ત્યાંથી ચાલ્યો જાય છે. અંબાલાલ પુષ્પા સાથે પ્રેક્ષકોના પોતાના તરફના સારા નરસા વિચારો માટે વાતચીત કરે છે ત્યાં પ્રેક્ષકોથી કંટાળેલી માયાવતી ખીજવાએલી આવે છે. વચમાં પ્રેક્ષકો આવતાં પુષ્પા ગભરાઈને ચાલી જાય છે, અને પાછળથી નરોત્તમ પણ ઉશ્કેરાઈને આવે છે અને માયાવતી અને નરોત્તમ બને અંબાલાલ સાથે પ્રદર્શનથી થતા પ્રેક્ષકોના કંટાળા બાબત રસભરી ચર્ચા કરે છે; છતાં અંબાલાલ પોતાની ઉદારતાનો ડોળ છોડતો નથી, એટલામાં જીવરાજ વૈદ્ય આવે છે. જીવરાજની રૂબરૂમાં નરોત્તમ અંબાલાલ તથા માયાવતીની પ્રણાલિઓને પ્રબળ રીતે દાંભિક ઠેરવે અને જીવરાજ સહિત ચાલ્યો જાય છે. એટલામાં ગાંધીજી તથા રવિબાબુનો વિરોધી હીરાસિંહ આ ...ાં તેમની વચ્ચે કેટલોક વાદવિવાદ થતાં અંતે તે ખીજાઈને ચાલ્યો જાય છે. પુષ્પા ને મધુરી હાસ્યવિનોદ કરતાં હોય છે ત્યાં નરોત્તમ આવે છે, પુષ્પા જાય છે અને નરોત્તમ મધુરીને પરસ્પરની પ્રણયગ્રંથિ દૃઢ કરવા સમજાવે છે, પણ વિચારની વિરુદ્ધતા પડતાં મધુરી નરોત્તમને તિરસ્કારી પુષ્પા સાથે ફરવા ચાલી જાય છે, એટલામાં નરોત્તમનો જુનો મિત્ર મોહન વિશ્વની યાત્રા કરતો આવી તેને મળે છે એની વાતચીતમાં નરોત્તમ તેને પોતાની જીવનની વાત કહેવા માંડે છે. તેમાં મધુરી તથા ટાગોર સંબંધી કેટલીક વાતચીત ચાલે છે. એટલામાં ટાગોરનો પત્ર તથા ફોટો આવતાં નરોત્તમ ખીજાય છે. છેવટે મોહનની ખુબીથી બને મધુરીને વશ કરવાની માર્મિક પેરવી રચે છે. અંબાલાલ સહકુટુંબ બહારથી ફરીને આવે છે. અને ઢોંગ કરી સુતેલો નરોત્તમ આળસ મરડી બેઠો થાય છે. તે અરસામાં ટાગોરરૂપે મોહનની અચાનક પધરામણી થાય છે. ટાગોર-મોહનની આય અને આંગ્લમિશ્રિત પદ્ધતિએ આગતાસ્વાગતા શરૂ થાય છે. નરોત્તમ પણ તેમાં ભાગ લે છે. જમણ પહેલાં નરોત્તમ અને ટાગોર—મોહન—પોતાના કીસ્સાને કેમ પાર પાડવો તે સંબંધે ચર્ચા કરે છે ત્યાં પુષ્પા આવી નરોત્તમને આરોગ્ય ભુવનમાં કંઈ રહી જતી ખામીઓ શોધવાનું કહે છે. નરોત્તમ જોવા જાય છે. પુષ્પા અને ટાગોર—મોહન—એકલાં પડતાં સૌંદર્ય કોને કહેવું. કેમ પારખવું વગેરે વાતચીત કરે છે. તેવામાં પુષ્પાનાં ફોઈ—માયાવતી આવે છે અને પુષ્પા ભોજનખંડમાં જાય છે. ટાગોર—મોહન—માયાવતી અને નરોત્તમ વગેરે વચ્ચે સૌંદર્ય વીશે વધુ ચર્ચા ચાલે છે. થોડીવારમાં સર્વે ભોજનગૃહમાં જમવા બેસે છે, જમતાં જમતાં લલિત કલા ઉપર ચર્ચા ચાલે છે. જમણ પુરું કરી સર્વે આરામગૃહમાં મુખવાસ લેવા બેસે છે. અહીં અસહકાર, રાષ્ટ્રીય શિક્ષણ અને પંચવિધ બહિષ્કારને લગતી સામાન્ય ચર્ચા ચાલે છે. અંબાલાલ શેઠ વાદવિવાદમાં નહીં પહોંચી શકવાથી કંટાળી બાગમાં ફરવા જાય છે. થોડી વારે સંગીતનો જલસો શરુ થા[illegible] સંગીતના વાતવરણથી ઉત્પન્ન થએલા મૌનથી માયાવતી કંટાળે છે અને તે તોડે છે. ત્યારબાદ કાવ્ય અને તેના અર્થ ઉપર ચર્ચા ચાલે છે. વળી પાછું સંગીત શરૂ થાય છે. અંતે કૃતિની સ્વતંત્રતા ઉપર સંવાદ થતાં નરોત્તમ મોહન સાથે ગુસ્સે થઈ ચાલ્યો જાય છે અને સૌ સમય થતાં વીખરાય છે. બીજે દિવસે સવારમાં મોહન અને નરોત્તમ મળે છે. અને હવે બાજી કેમ પાર પાડવી તે વીશે વિચાર કરે છે. નરોત્તમના સસરા ઉપર બરોબર હુમલો કરવા મોહનને શીખામણ આપી નરોત્તમ ચાલ્યો જાય છે ત્યાં પુષ્પા આવે છે અને પુષ્પા તથા મોહન વચ્ચે સ્ત્રી પુરુષના સંબંધ છે અને પ્રજોત્પત્તિ વીશે સંવાદ થાય છે. મોહનના કેં પ્રણયાવેશભર્યાં વાક્યોથી પુષ્પા કોપિત થઈ ચાલી જાય છે. ત્યાં નરોત્તમ આવે છે અને વળી પાછું ટાગોર-કામણ દૂર કરવા બધાજ યત્નો આરંભવા મોહનને ખુબ ઠોકી ઠોકીને કહે છે. નરોત્તમ મોહનને ટાગોર ચીતમ ફુકે

છે વગેરેનું અંબાલાલના કુટુંબને યથાસ્થિત ભાન કરાવી કંટાળો ઉપજાવવા કહે છે અને ચીલમ પણ આપે છે. મોહન આ પસંદ નથી કરતો અને તે ચીલમ ભાંગી નાંખે છે. તે અરસામાં માયાવતી આવે છે અને મોહન તથા માયાવતી વચ્ચે ઉંઘમાં ધીર વાગવા વીશે અનિષ્ટ સંવાદ શરૂ થાય છે. આખરે માયાવતી ચીડાઇ ચાલી જાય છે, અને અંબાલાલ આવી લાગે છે. મોહન અંબાલાલ સાથે ગાંધી નીતિ વીશે હસ્ચેદક ચર્ચા ચલાવે છે અને તે પણ ચીડાઇ, બીજે દિવસે ગાંધીજીની હાજરીમાંજ વધુ ચર્ચા ચલાવવાનું નક્કી કરી છુટા પડે છે. ત્યાં મધુરી આવી લાગે છે અને મધુરી તથા મોહન વચ્ચે વાર્તાલાપ શરૂ થાય છે. કેટલોક સમય ટાગોરના ઉત્તમોત્તમ કાવ્યોની અને તેની મૌલિકતાની ચર્ચા ચાલે છે. ત્યાં પુષ્પા પુષ્પ છાબ લઇ આવે છે, અને નરોત્તમ ડૉ. જીવરાજને મદદ કરવા પ્રયોગશાળામાં જાય છે. કંઇક કામ પ્રસંગે પુષ્પા પણ જાય છે; મધુરી સંગ્રહસ્થાનમાંથી લઇ આવેલો એક જુનો પત્ર મોહન આગળ રજુ કરે છે અને 'ર' એ તેની પ્રિયાને લખેલો હતો એમ જણાવે છે. હેમ પ્રેમનો સંબંધે ચર્ચાય છે મધુરીને આ ચર્ચામાંથી ટાગોરને હેમ ભક્ત, દંભી અને આસક્તિવાન્ પુરુષ એમ છાપ પડવી શરૂ થાય છે એક વખત તો મધુરી ચીડાઇ પણ જાય છે, તેટલામાં પુષ્પા નવાં પુષ્પો લઇ આવે છે અને વાત પલટાય છે. મોહન પુષ્પાને રીઝવવા અને મધુરીને અણગમો ઉપજાવવા વ્યંજનાનો આશ્રય લે છે. અને તે દ્વારા પુષ્પાને ઠસાવે છે કે તે મધુ કહે છે તેમ લક્ષ્મીનો ભક્ત નથી; પરંતુ ભાવનો ભુખ્યો છે. વાર્તાલાપની વચ્ચેજ નરોત્તમ એકાએક પત્ર મુકવાને બહાને અંદર આવે છે. ટાગોરની સ્વાર્થી પ્રેમવૃત્તિથી મધુ નરોત્તમની સ્નેહભક્તિ પારખી શકી છે; તે તેને જોતાં એકાએક ઊર્મિવશ થઇ નરોત્તમને બાઝી પડે છે. દરમ્યાન નરોત્તમ સંજ્ઞાથી મોહન પાસેથી આનું કારણ કળી જાય છે. ઊર્મિ ખંતમ થતાં મધુરી ત્યાંથી છટકી જાય છે અને નરોત્તમ તેની પાછળ પડે છે. અહીં પુષ્પા મોહનને નરોત્તમ તથા મધુના સુયોગ કરાવી આપવા પ્રાર્થના કરે છે. મોહન તેના અમોઘ ઉપાય તરીકે કેટલીક આનાકાનીને અંતે પુષ્પાને તેની સાથે પરણવા જણાવે છે. પુષ્પા આ અણધારી માગણીથી વિસ્મિત થાય છે. ત્યાં અંબાલાલ શેઠ મોહનને સંગ્રહસ્થાન બતાવવા તેડવા આવે છે. અને બન્ને જાય છે.

(હવે આગળ વાંચો.)

પુષ્પા એકલી વિચાર કરતી ઉભી છે. મોહનના છેલ્લા શબ્દો હજુ કાનમાં ગાન કરી રહ્યા છે. બાગમાંથી સરદાર હીરાસિંહ આવે છે

હીરાસિંહ

માફ કીજીયે, બાઇ સાહીબા...

પુષ્પા

કેમ સાહેબ?

હીરાસિંહ

શેઠ અંબાલાલજીકો મય મીલને ચાહતાહું.

પુષ્પા

બેસો, હું બાપાને ખબર કરું.

[હીરાસિંહ બેસે છે.]

હીરાસિંહ

ગઇ કાલ મયં સીર્ફ ગાંધીજી તલાશ કી. આજ સુનાહય કે ટાગોર...

પુષ્પા

કોણ રવિંદ્રનાથ ટાગોર? એતો આજ અહીં છે.

હીરાસિંહ

[એકદમ ઉભો થાય છે.] વો ઇધર હય!

પુષ્પા

જી હા. ગઇ કાલ સાંજથી અહીં પધાર્યા છે, અને અમને અનુગ્રહિત કર્યાં છે. [મોહન જમણે દરવાજેથી આવે છે.] આ રહ્યા, કવિરાજ! [મોહનને] આ ગૃહસ્થ આપને શોધતા લાગે છે.

મોહન
[વિસ્મય ચકિત] મને!

પુષ્પા
જી હા,—હું બાપાને બોલાવા જાઉં છું.
[જાય છે.]

હીરાસિંહ
કહાં ગયા મેરા હરિ?

મોહન
[આ કોઇ ગાંડો હશે] હરિ તો નઝર નહીં આતા.

મોહન
[એને પંજાબી સીઆરામાં જોઇ હીંદુસ્તાનીમાંજ બોલે છે.] કયા ફરમાન હય, જનાબ?

હીરાસિંહ
[ભયંકર અવાજે] મય હીરાસિંહ!

મોહન
જીહાં! [એનો અવાજ એપરવા છે]

હીરાસિંહ
[બહુજ વધારે ભાર દઇ] કેપ્ટન હીરાસિંહ

મોહન
બહોત ખુશ! કેપ્ટન સાહબ! ફરમાઇએ!

હીરાસિંહ
[બીયામણો] અજી, માલુમ નહીં, આપકો!

હીરાસિંહઃ [એકદમ ઉભો થાય છે] નો ખબર હય?

મોહન
બીલકુલ નહીં.

હીરાસિંહ
[ડરામણો] મેરા બેટા......

મોહન
જી......

હીરાસિંહ
કયું આપ? તુમે [illegible] ફેશનીકાલ કરવાયા—ગુનાહગાર બનાયા [illegible]ગાર કીયા,—બદનામ કીયા!!

મોહન
[હવે વાત યાદ આ[illegible] .રોતામે ટૂંક

કહ્યું હતું ખરું.] ઓ......

હીરાસિંહ

[તેના ચાળા પાડે છે.] ઓ... અભી યાદ આયા ?

મોહન

જી હાં. મગર ઇસમે મેરા કયા કસૂર ? [જમણે દરવાજેથી અંબાલાલ અને નરોત્તમ આવે છે.]

અંબાલાલ

[સરદારને જોઇ મુંઝાય છે.] સરદાર હીરાસિંહ !

નરોત્તમ

[એ પણ આ આફત જોઇ અકળાય છે.] ઓ બાપ !

હીરાસિંહ

[અંબાલાલ સાથે હસ્તમેળાપ કરવા જાય છે.] શેઠજી......

[એક સામટા બોલે છે.]

અંબાલાલ

[હસ્તમીલાપ] જી, સરદાર ? તબીયત ખુશ ?

હીરાસિંહ

જી હાં. [મોહન તરફ ડરામણો દૃષ્ટિપાત કરે છે.] ઓર ફીર આજ આપકે ઘર આનેસે ઓર ખુશી હુઈ હય.

મોહન

[નરોત્તમને આસ્તેથી] હવે, આ બલામાંથી કેમ નીકળવું ?

નરોત્તમ

[અવાજ મંદ સ્વરે] મને પણ એજ ચિંતા થાય છે. એની ડાગળી ચસકી લાગે છે. છોકરાનો ઘા બહુ સાલતો લાગે છે. લાંબો સમય કેદમાં રહ્યો છે. શું કરી નાખે તે કૈં કહેવાય ?

અંબાલાલ

જી, સરદાર ! મેં મેરા જમાઇ પ્રોફેસર નરોત્તમ સે પયછાન કરાઉં ! [નરોત્તમ અને હીરાસિંહ હસ્તધૂનન કરે છે.]

નરોત્તમ

ઓર સરદાર સાહબ ! મય અપની તરફસે મેરા બાલમિત્ર મોહનદાસકી પયછાન કરાઉં–સર માધવદાસ કા બેટા, સર મોહનદાસ, તીસરા બેરોનેટ.

અંબાલાલ

[અજાયબી] હે કોણ ?

હીરાસિંહ

યે કયા બકતે હો, સહાબ ?

નરોત્તમ

સુના નહીં, સરદાર ?

હીરાસિંહ

મગર ઇસકા નામ ઇત્કાબ સર મોહનદાસ નહીં હય......

નરોત્તમ

[આશ્ચર્યનો ડોળ] નહીં ? મય તો માનતા થા.

હીરાસિંહ

જી નહીં ! યહ તો રવીંદ્રનાથ ટાગોર હય.

નરોત્તમ

[અજાયબીના ડોળમાં] મય તો ઇસકો મોહન નામ સે પયછાન રહા હું–[મોહનને] તું ટાગોર છે, મોહન ?

મોહન

[મજાકમાં.] એવુંજ કૈંક લાગે છે,–નહીં કે ? કેપ્ટન સાહેબ કહે છે કે ગાંધીજી અને મેં મળી એના એકપુત્ર દીકરાને દેશવટો દીધો, દેશનીકાલ કરાવ્યો.

[વધુ માટે

સુરેંદ્ર

તો પછી કલાના આવા સુંદર પત્ર વીશે તારો આવો છાછરો અભિપ્રાય જાણી મને આશ્ચર્ય થાય છે.

રમણલાલ

ખરી વાત કહું? આ બંગાળના ચિત્રકારો હાથ, પગ તથા શરીરના અવયવોને એવા તો મરડી મચડીને વાંકાચુકા કરી નાખે છે કે તેમનાં ચિત્રો કોણ પસંદ કરતું હશે તેનોજ મને તો વિચાર થાય છે!

સુરેંદ્ર

ખરેખર? ત્યારે તેમણે શું કરવું જોઇએ! તારા ડ્રૉઇંગ માસ્તરની પેઠે મોડેલો રાખી તે ઉપરથી નકલ કરવી જોઇએ નહીં વારું?

રમણલાલ

ભલે, તેઓ કલ્પના, આંતરશક્તિ વગેરે ઉપર દૃષ્ટિ રાખે પણ આંખને આવું વિચિત્ર લાગે તેવું ચીતરવાથી શો લાભ?

સુરેંદ્ર

નરી આંખને વિચિત્ર લાગે છે તેજ કલાની આંખને સુંદર દેખાય છે એ તને ક્યાં ખબર છે? નરી આંખનેજ સંતોષ આપવો હોય તો પછી એક કેમેરો લાવી છબી આબેહુબ પાડી લેવામાં શી હાનિ! એ પણ કલાની પરાકાષ્ઠા ગણવી જોઇએ.

રમણલાલ

હું એમ ક્યાં કહું છું? પરંતુ "જેવું હોય તેવું" પદાર્થ, મનુષ્ય, પ્રકૃતિ, પ્રાણીનું તો ચિત્ર આલેખવું જોઇએ એટલું તો તું પણ કબુલ કરશે.

સુરેંદ્ર

ખરું જોતાં રૂપ જેવું હોય તેવું આ—લેખન કરવું એનેજ કલા કહી શકાય.

રમણલાલ

કેવી રીતે?

સુરેંદ્ર

"જેવું હોય તેવું" આબેહુબ આલેખન કરવાને "કલા"નું નામ આપવું એના જેવી બીજી મુર્ખાઇ કયી! એને તો "નકલ" નામ આપવું જોઇએ.

રમણલાલ

પરંતુ, એટલું તો તું પણ કબુલ કરશે કે ચિત્ર અને જીવન વચ્ચે સામ્ય હોવું જોઇએ; જીવન અને ચિત્ર બંને વચ્ચે સંવાદ હોવો જોઇએ; નહીં તો પછી ચિત્રની અગત્ય પણ શી?

સુરેંદ્ર

આ વળી બીજો પ્રચલિત વહેમ છે. આપણા ગુજરાતની વ્યાપારી બુદ્ધિમાં કલા માટે જે સૌંદર્યગ્રાહક સૂક્ષ્મ શક્તિઓ જોઇએ છીએ તે કોણ જાણે ક્યારે જાગશે! આબેહુબ માણસના જેટલા કદવાળું (portrait) મોટું ચિત્ર દોરી લઇ જાઓ એટલે ગમે તેવો શિક્ષિત ધનવાન્ હશે તે ખુશ થઇ જાય છે! કેટલી કલાહીનતા આપણામાં આવી ગઇ છે! "જેવું હોય તેવું" ચીતરવાને "કલા"નું પવિત્ર નામ આપતાં પણ આપણા મુંબાઇના પદ્દત મૂર્ખો અચકાતા નથી. એવા ફોટોગ્રાફીક નમુનાઓ અને નકલોને તે વળી "કલા" કહેવાની હશે! એમ હોય તો કેમેરાના જેવો કોઇ પણ કલાવિધાયક નથી. વળી તું આ નવું તુત લાવ્યો કે ચિત્ર અને જીવન વચ્ચે સામ્ય હોવું જોઇએ. જીવન જેવું આપણે હમણાં ગાળી રહ્યા છીએ તે ગ્રામ્ય, ક્ષુદ્ર, પતિત, પરતંત્ર અને નિર્માલ્ય જીવનનું સામ્ય ચિત્રમાં આંકવાને "કલા" કહી શકાય ખરી! કેવી

કેવી ખોટી માન્યતા તું લઈ બેઠો છો! જીવન જેવું હોય તો બારીએ બેસીને રસ્તા ઉપર જે આવ-જા થયા કરે છે તે શા માટે ન જોવી? કે જેથી "આબેહુબ" જેવું હોય તેવું"-જ આપણે "પ્રત્યક્ષ"-નરી આંખોએ જોઈ શકીએ?

રમણલાલ

તું કોઈ વાર તારા વિચારોથી એટલો અંધો દોરાઈ જાય છે કે બીજાના મતની સારી બાજુ તારી નજરે ભાગ્યેજ ચઢે છે. જો આ "વિશ્વામિત્ર અને મેનકા" રવિવર્માની પીંછીનો એક અદ્ભુત પ્રસાદ નથી? ક્યાં એણે કલ્પનાનો ઉપયોગ નથી કર્યો? પરંતુ એનું ચિત્ર આબેહુબ છે.

સુરેંદ્ર

માફ કરજે, મને રવિવર્માનાં ચિત્રો મફત આપવામાં આવે તોએ તેમને હું મારી ભીંતોએ લટકાવવામાં મારી કલાની કદર તથા રસિકતાને મોટામાં મોટું અપમાન સમજું છું. 'વિશ્વામિત્ર અને મેનકા'માં શી કલ્પના છે? અને તો જરાએ દેખાતી નથી. રસ્તામાં જતા કોઈ પણ બાવાને ઉભો રાખી એવું ચિત્ર દોરી શકાય. માફ કરજે, રવિવર્માની કૃતિઓને "કલા"નું નામ આપવું એજ આપણી કલાહીનતાની મોટામાં મોટી નાબીતી છે.

રમણલાલ.

આજે રોજની પેઠે તેં તારા અભિપ્રાયોને સત્યો તરીકે જાહેર કરવા માંડ્યા છે ખરા, પરંતુ બીજાઓના અભિપ્રાયોની પણ તને જાણ હશે એમ ધારું છું. રવિવર્માનો કાળ એ-

સુરેંદ્ર

કલાના ક્ષેત્રમાં ભારતની પડતીનો આડો આંક આવ્યો હતો તેનો પુરાવો છે. સાહિત્યમાં, સામાજિક આદર્શોમાં, રાજકીય સંસ્થાઓમાં, ધર્મમાં, તત્વજ્ઞાનમાં સર્વ બાબતોમાં યુરોપ આપણાથી ચઢીયાતો છે એવી ઈંદ્રજાલમાં આપણો કેળવાએલો ગણાતો વર્ગ પડ્યો હતો તે મૂર્છાની અવસ્થામાં રવિવર્માનાં ગ્રામ્ય નરનારીઓનાં ચોકાંઓ 'કલા'ને નામે સ્વીકારાયાં. વળી, ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં તેની ખોટના નીશાન તરીકે કદાચ રવિવર્માને સ્થાન મળે પરંતુ, ભારતીય કલાના વિકાસમા તો તેનું નામ સુદ્ધાં પણ ભાગ્યે કોઈ જાણશે એ ધ્યાનમાં રાખજે.

રમણલાલ

તું તારા અભિપ્રાયો વીશે એવી અડગ શ્રદ્ધા ધરાવે છે કે જાણે તે કહ્યું એટલે બ્રહ્માનુંજ વાક્ય, કેમ ખરુંને?

સુરેંદ્ર

હું એમ ક્યાં કહું છું? તું મજબુત દલીલો મારી આગળ રજુ કરે તો હું મારા અભિપ્રાયો બદલવાને તૈયાર છું. અને મારી દલીલના ઉત્તર ન અપાય તો સામાને બદલવાને ફરજ પાડવી એ મારો હક્ક સમજું છું.

રમણલાલ

રવિવર્માની "કલા" (હું "કલા" શબ્દ વાપરું છું) યુરોપના ધોરણોને સ્વીકાર છે માટે તમારા સ્વદેશી જુસ્સાને ધક્કો લાગ્યો હોય એમ જણાય છે. હું પણ દેશભક્તિનો ઇજારો નહીં તોપણ હીસ્સો ધરાવવાનો હક્ક કરું છું, પરંતુ રસ જેમ દેશ, કાલ તથા સંજોગોથી અબાધિત છે તેમ "કલા" પણ એ ત્રણેથી બાધત નથી એવો મારો અભિપ્રાય છે. અર્થાત્, કલામાં "આ કલા" ને "તે કલા" કરતાં "કલા" શબ્દજ વાપરવો યોગ્ય છે.

સુરેંદ્ર

અને હું રવિવર્માની કીમત "કલા"ની

નહીં કે ભારતીય કલાની દૃષ્ટિથી આંકુ છું. વળી સર્વ સામાન્ય કલાનું અસ્તિત્વ સ્વીકારવા ઉપરાંત પ્રત્યેક સંસ્કૃતિની કલામાં તેનું પોતાનું વિશિષ્ટત્વ તથા વ્યક્તિત્વ હોય છે એ પણ તારે સ્વીકારવું જોઇએ. એ વળી જુદો વિષય થયો. આપણા વાદનો પ્રશ્ન હમણાં તો એ રહ્યો કે "કલા" એટલે શું! તું મને તે વીશે તારા વિચારો જણાવે તો મને આપણા બંનેનાં દૃષ્ટિબિંદુઓની સમજણ પડે.

રમણલાલ

"કલા"નો વિષય અતિ વ્યાપક છે એટલે આપણે હમણાં "ચિત્ર કલા" ઉપર-જ આપણી દૃષ્ટિ રાખીશું; અલબત્ત, 'કલા'ના અંતિમ આદર્શના ઉપર કલાના સર્વે રૂપોનો આધાર છે.

સુરેંદ્ર

"ચિત્ર કલા" જોડે કલાને બાંધી રાખવી એ અયોગ્ય છે. જો "કલા"નો ખ્યાલ પ્રથમ બાંધી શકાય તો પછી તે ગમે તે રૂપમાં વ્યક્ત થાય એ ગૌણ બાબત છે; સંગીત, સાહિત્ય, કવિતા, ચિત્ર, શિલ્પ, નાટ્ય, નૃત્ય ગમે તે વિષયમાં એકજ "શક્તિ" (Art Inpulse) વ્યક્ત થાય છે. હવે કલા શું તે તું જણાવશે?

રમણલાલ

હું પણ તે સ્વીકારું છું. સામાન્ય રીતે "કુદરતનું પ્રતિબિંબ" આંકવું એ કલાનું કાર્ય છે.

સુરેંદ્ર

કઇ કુદરતનું! કુદરત યાને પ્રકૃતિ બે પ્રકારની ગણી શકાય. પ્રથમ તો મનુષ્યથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવનાર બાહ્ય જગતની બનેલી કુદરત, જેમાં વન, સરોવર, સમુદ્ર, આકાશ, ચંદ્ર, સૂર્ય, તારા વગેરે વગેરેનો સમાવેશ થઇ શકે.



પનીઆરી, ચોટલો ઓળતી સ્ત્રી અને બાળકની સંભાળ લેતી સ્ત્રી.

રમણલાલ

અને બીજી?

સુરેંદ્ર

અને બીજી કુદરતને આપણે "સ્વભાવ" કહીએ છીએ. "સ્વાભાવિક" પ્રેરણા દ્વારા માણસ જે કલા વ્યક્ત કરે તેને આપણે "કુદરત અથવા સ્વભાવ"નું કાર્ય કહી શકીએ; અર્થાત્ કોઇ પણ પ્રકારના સંસ્કાર કેળવણી કે બુદ્ધિજન્ય વિકાસની સાહાય્ય લીધા વિના સ્વભાવમાંથી આપો-આપજ સ્ફુરે તેને આપણે "સાહજિક કે સ્વાભાવિક" એવું વિશેષણ આપી શકીએ. આ બંને



પાર્વતીનું મૃત્યુ અને શંકરનો શોક.

પ્રકારની પ્રકૃતિની વ્યાખ્યા સ્વીકારતાં 'કલા' એ પ્રકૃતિનું પ્રતિબિંબ નથી એ એમ સ્પષ્ટ જણાશે. પદાર્થોમાં પોતાનામાં સૌંદર્ય કે કુરૂપતા એમાંથી કશુંજ હોતું નથી. પ્રકૃતિના પદાર્થોમાં એવી કશીજ વિશિષ્ટતાઓ નથી મનુષ્ય પોતાના સ્વભાવ દ્વારા તેમના પ્રત્યે જોઇને તેમનામાં સુંદરતા અથવા કુરૂપતા જુવે છે. અર્થાત્ એ બંને અધ્યાસોનો મનુષ્ય પોતાનામાંથી પ્રકૃતિ ઉપર અધ્યારોપ કરે છે. 'સુંદર સરોવરને કાંઠે" એક રસિક વૃત્તિવાળા મનુષ્યને જે દેખાશે તે ત્યાં આગળ ઢોરાં ચરાવતા ભરવાડને નહીં દેખાય. સૌંદર્ય એ જોનારની દૃષ્ટિમાં રહેલું છે એટલે પછી "કુદરતનું પ્રતિબિંબ" પાડવાનું ક્યાં રહ્યું!

રમણલાલ

પરંતુ પ્રકૃતિના પદાર્થોનું તો એ પ્રતિબિંબ પડે કે નહીં?

સુરેંદ્ર

નહીંજ? પ્રકૃતિના પદાર્થો તો માત્ર પ્રેરક જેવા છે. એક માણસ તેમાં એક વસ્તુ જુવે છે, બીજો બીજી નીહાળે છે. કલા એ પ્રતિબિંબ નથી. પરંતુ સર્જન છે.

રમણલાલ

પરંતુ માણસો જે પદાર્થો જુવે છે તેના ઉપરથી એ સર્જન થાય છે એટલું તો ખરું કે નહીં ?

સુરેંદ્ર

નહીંજ. માણસો જે નથી જોતા તે ઉત્પન્ન કરવામાં અને તે આલેખવામાં કલાની ખુબી છે; સામાન્ય માણસો શું જુવે છે ? નહીંજ. કલા વિધાયક આવે છે અને તે જનસમાજને દષ્ટિ આપે છે ત્યારે માણસો જોતાં શીખે છે. કવિના અંતરમાં જે દષ્ટિ ખુલે છે તે તેની કૃતિનું કારણ હોય છે અને જેઓ તે કવિતા ગાય છે તેમને તે દષ્ટિ પ્રાપ્ત થાય છે. સંગીતના સાચા કલાવિધાયક (ઉસ્તાદ) ના અંતરના અગાધ ઉંડાણના મૌનમાં દિવ્ય ધ્વનિનાં આંદોલન આવે છે. અને તેનાથી તેનો સ્વર કંપે છે. જેઓ એ સ્વરનુ શ્રવણ કરે છે તેઓ અજાણ્યે અંતરમાં ડુબકી ખાઇ તે દિવ્ય આંદોલનો અનુભવે છે. ચિત્રકાર (ફોટોગ્રાફર નહીં) સૌંદર્ય નીહાળે છે અને ચિત્રનું આલેખન કરી તે વ્યક્ત કરે છે; રસિક જોનાર, જો તેનામાં રસવૃત્તિ ઉચ્ચ પ્રકારની હોય તો, ચિત્રકારની અનોસૃષ્ટિને પામે છે. કેમ ખરું કે નહીં ?

રમણલાલ

પરંતુ માનસિક ચક્ષુથી જોવા માટે બંગાલના ચિત્રકારો પેઠે શરીરને ચચડવાની ખાસ જરુર ખરી ?

સુરેંદ્ર

બસ આજ આપણી ગ્રામ્યતા બતાવે છે. ચિત્રકલામાં "રૂપ"નું આલેખન કરવામાં આવે છે એટલું તો તું કબુલ કરશે. હવે "રૂપ" જોનાર કોણ ? એ બે પ્રશ્નો રહે છે. કોઇ પણ ઇંદ્રિયથી જેનું આપણને ભાન થઇ શકે તે સર્વ રૂપમયજ છે. એતો તદ્દન સ્પષ્ટ છે. "રૂપ" વિના આવિર્ભાવ નથી. ઉપનિષદોએ કહ્યું છે કે अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बहिश्च !" વિશ્વ પણ "રૂપ" છે. રૂપ અનંત છે. તેનો પાર નથી. માણસના શરીરના આપણી આર્યાવર્તની ચિત્રકલામાં જુદા જુદા ભાગો પાડયા છે. જેવાં કે હ્રસ્વ, દીર્ઘ, (લાંબુ અને પાતળુ) સ્થૂલ, (જાડુ) ચતુરસ્ર (સ્વર), શુક્લ–સફેદ, કૃષ્ણ (કાળું), રક્ત (રાતું), પીત (પીળું), કઠિન, ચિક્કણ, શ્લક્ષ્ણ, પચ્છિલ (પીંછાના જેવું, મોસા જેવું) મૃદુ–દારુણ વગેરે વગેરે આ કંઈ પુરેપુરી નોંધ નથી પરંતુ મનુષ્યરૂપના કેટલાએ પ્રકારો હોઈ શકે તેનો કંઈક ખ્યાલ આવશે.

રમણલાલ

પરંતુ જેવું હોય તેવું અર્થાત આપણી પાંચ ઇંદ્રિયોદ્વારા જે કૈં જાણી શકાય તે રૂપને આલેખવું જોઇએ ખરું કે નહીં ?

સુરેંદ્ર

મારું કહેવું પુરેપુરું સાંભળી લીધું હોત તો તું આ પ્રશ્ન કરતજ નહીં. વળી, પાંચ ઇંદ્રિયોદ્વારા જેના સંબંધમાં આપણે આવીએ છીએ તે સર્વ કેવળ ઇંદ્રિયોદ્વારા જાણવું એનું નામ "કલા" નથી. ઇંદ્રિયોની સામગ્રીનો ઉપયોગ કરનાર તો "કાન" તથા "અંતર આત્મા" છે; એટલે આંતરદષ્ટિ વડે પદાર્થને જોવા જોઇએ. ધારો કે આપણે કેવળ સ્થૂલ દષ્ટિથી અથવા તો નરી આંખોથી પદાર્થ વચ્ચે રહેલો બાહ્યભેદ અથવા તો રૂપનાં સ્થૂલ સ્વરૂપમાં જે ભેદ છે તે આપણે જાણી શકીએ છીએ. બધાની સ્થૂલ ઇંદ્રિયો એકજ પ્રકારનું જ્ઞાન મેળવવાની. કારણ કે મોડું,

જાડું, પાતળું એ તો સર્વને સરખું જણાવવાનું. ધારો કે એક સ્ત્રીને આપણે જોઇએ છીએ; તમે, હું, ને રસ્તે જતો માણસ સર્વે એકજ રૂપને જોઇશું. તેને જોઇને તમે કાગળ ઉપર આલેખન કરો. એટલે એકજ રૂપનું આલેખન થવાનું; પછી તમે કરો કે ગમે તે કરે. હવે ધારો કે એક સ્ત્રીનું ચિત્ર આલેખવાને બદલે આપણે એ ત્રણ સ્ત્રીઓનું ચિત્ર આલેખવું છે. તમે પાણીનું બેડું લાવતી પાનીઆરી ચીતરો. અથવા તો પોતાનો ચોટલો ઓળતી, આરસી સામે જોતી કે બાલકની સંભાળ લેતી માતા આલેખવાને પ્રયત્ન કરો; પરંતુ જો સ્થૂલ દૃષ્ટિથી રૂપનું આલેખન કરો તો પ્રત્યેક ચિત્રમાં એકજ પ્રકારની સ્ત્રી જણાશે. ચિત્ર જોઇને કોઇ એમ નહીં કહી શકે કે પાણી લાવનાર સ્ત્રી "નોકર" છે અને શણગાર કરનાર સ્ત્રી ગૃહની બાલિકા છે. અલબત્ત, તમે ચિત્રની તળે "પનીઆરી" "પુત્રી" "માતા" એમ લખો તો જુદી વાત છે. છતાં પણ બાળકની સંભાળ રાખનાર સ્ત્રીને માતા નહીં કહી શકાય; કારણ કે "આયા" પણ તે કામ કરે છે. વાળ હોલનાર સ્ત્રી પુત્રીજ હોવી જોઇએ એવો નિયમ નથી. માતા પણ પોતાનો ચોટલો ગુંથે છે. પાણી લાવનાર સ્ત્રી "નોકર" હોવી જોઇએ એમ પણ નથી કારણ કે ગૃહસ્થની છોકરી પાણી ભરવાનું કામ કરે છે.

ત્યારે હવે ચિત્રકાર શું કરશે? એક સ્ત્રીને ફાટલાંતુટલાં ગરીબાઇને છાજે એવાં લુગડાં અને બીજીને કીંમતી લુગડાં પહેરેલી ચીતરવાથી "નોકર" અને "શેઠાણી"નો ખ્યાલ આપવાને યત્ન કરશે. પરંતુ "માતા"ને કેવી રીતે આલેખશો? એ કામમાં એકાદ સ્ત્રીને બાળક વળગાડી દેવાથી "માતા" ચીતરી એમ કહી શકાય ખરી કે? વળી ફાટલાંતુટલાં કપડાં વાળી સ્ત્રી "નોકર"જ હોવી જોઇએ એવો નિયમ છે ખરો? ગરીબ કુટુંબની "ભાર્યા" કાં ન હોઇ શકે? આ ઉપરથી હવે તને જણાયું હશે કે કેવળ સ્થૂલ ઇંદ્રિયોનો આશ્રય લઇ કલાવિધાન કરવા જતાં (યત્ન કરતાં) ફક્ત જુદા જુદા વેષમાં અને શરીરના જુદા પ્રમાણવાળી જાડી, પાતળી, ઉંચી નીચી પણ સ્ત્રીજ આલેખાશે. નરી આંખે તમે રૂપમાં રહેલા આત્માને જોઇ નહીં શકો એ તો નક્કી! કપડાં પહેરીને "માતા" "નોકર" વગેરેનો વેષ લઇને જાણે જુદી જુદી વેષધારી સ્ત્રીઓનું ચિત્ર આલેખ્યું હોય એમજ તમારી રસવૃત્તિને લાગશે. આ પ્રમાણે નરી આંખે આપણને રૂપની વિવિધતા માત્ર જણાશે; પરંતુ સર્વ "રૂપ"માં રહેલું "સત્ય"–તેનો "આત્મા"–નહીં જણાય.

રમણલાલ

પરંતુ એ પ્રમાણે તું જેને "રૂપનું સત્ય" અને "રૂપનો અંતરાત્મા" કહે છે તે કેવી રીતે જણાય? મને કૈં સમજણ પડતી નથી; વળી, "પ્રકૃતિનું પ્રતિબિંબ" કલા છે એ વિચારને તારા વિચારો મળતા આવતા હોય એમ લાગે છે, કારણકે આ સર્વ પ્રકૃતમાં હોય છે.

સુરેંદ્ર

પ્રકૃતિના પ્રતિબિંબ વીશે વળી આગળ કહીશ. એ વિચાર ખોટો તથા અપૂર્ણ છે. હમણાં તો "રૂપમાં રહેલું સત્ય" જોનાર કોણ છે તેનો આપણે વિચાર કરીશું. એકજ સ્ત્રીનું રૂપ મને "માતા" તરીકે, મારા પિતાને "પત્ની" તરીકે તેના પિતાને 'પુત્રી' તરીકે, બીજા કોઇને "બેનપણી" તરીકે

જણાય છે, એ તો તું કબુલ કરશે. હવે એવા રૂપને આપણે નરી આંખે જોઇને આલેખીશું તો તે ફક્ત ચીજ હશે. પરંતુ "માતા," "ભગિની" વગેરે, ભેદ કરવા માટે આપણે આપણા "મન"નો ઉપયોગ કરીએ છીએ. સર્વે ઇંદ્રિયોમાં "મન" શ્રેષ્ઠ છે. ખરી દૃષ્ટિ "મન"—છે. "મન"ને બાજુએ મુકી કેવળ ચર્મચક્ષુ ઉપર આધાર રાખી રૂપનું આલેખન કરવું એને "કલા" ન કહી શકાય. એ તો ગૌણ રૂપ છે. પ્રત્યેક રૂપમાં "રુચિ"—અર્થાત્ "સૌંદર્યની જ્યોત" હોય છે. તે આપણે મનદ્વારાજ જોઇ શકીએ, કારણકે મનમાં પણ "રુચિ" હોય છે. પદાર્થમાં અને મનમાં રહેલી રુચિ ભેગી થતાં સૌંદર્યનું ભાન થાય છે. અને એ બે રુચિઓમાં ભેદ પડતાં કુરૂપતા જણાય છે. આગળ પણ હું કહી ગયો કે પ્રકૃતિમાં તો અનંત રૂપો માત્ર આવી રહેલાં છે. સૌંદર્ય અથવા કુરૂપતાનું ભાન આપણા પોતાના મનમાં છે એટલે ચિત્રકલામાં રૂપનો ભેદ આલેખવાને કેવળ ચર્મચક્ષુ નહીં પરંતુ મનઃચક્ષુનો, ઉપયોગ કરવાની જરુર છે. મન એ મુખ્ય નિયામક છે.

રમણલાલ

પરંતુ આમાં બંગાળાના ચિત્રકારોનાં કદરુપાં ચિત્રમાં કલા રહેલી છે એવું તો તમે કોઇ પણ ઠેકાણે જણાવ્યું નહીં. તમો કહો છો કે મનથી આપણે રૂપને જોઇને મન દ્વારા જે દેખાય તેનું આલેખન કરવું. હું પણ તે કબુલ કરું છું. જો કે માણેકલાલ માસ્તર તો મોડલ ડ્રોઇંગ, શેડીંગ, સ્કેચીંગ તથા ડીઝાઇનની ખુબી ઓર છે એમ જણાવે છે; પરંતુ તારી દલીલ સાંભળ્યા પછી હું એટલું કબુલ કરું છું કે આપણે રૂપને મનથી જોવું જોઇએ અને મનમાં જે ભેદ જણાય તે આલેખનમાં વ્યક્ત કરવા યત્ન કરવો જોઇએ. પરંતુ આ બંગાળના ચિત્રકારોના ચિત્રોમાં તો પ્રમાણ પણ નથી. વળી મનની દૃષ્ટિએ શું આવી વિચિત્રતા જણાતી હશે!

સુરેંદ્ર

પ્રથમ હું મન શું જોઇ શકે છે તેનો ખ્યાલ આપી પછી "પ્રમાણ" શું છે તેનો વિચાર કરીશ. "રૂપમ્"ના પાંચમા અંકમાં નંદલાલ બોઝનું પાર્વતીનું મૃત્યુ અને શંકરનો શોક" એ ચિત્ર તેં જોયું હશે!

રમણલાલ

હા મેં જોયું છે. અલબત્ત એ જોઇને મને અડધા કલાક સુધી વિધવિધ વિચારો આવ્યા કર્યા.

સુરેંદ્ર

આવવાજ જોઇએ! "કલા" તે એનું નામ. રવિવર્માના અનુયાયી એક ચિત્રકારે "શંકર" દોર્યા છે. તે ચિત્ર પણ તેં જોયું હશે?

રમણલાલ

હા! જેમાં અમારી ન્યાતના ગોર સદાશિવ મહારાજને બેસાડીને તેનોજ સ્કેચ લીધો હોય નહીં એવો મજબુત સંશય મને હંમેશાં રહ્યાજ કરે છે.

સુરેંદ્ર

તેજ શંકરની શંકરતા તેનામાં ક્યાં છે? તેના ચિત્રમાં શંકરત્વ નથી માટે "રુદ્રાક્ષ" "નાગ" "ભસ્મ" વગેરે સામગ્રીને ખુબ મહત્વ આપી તેનું શંકરત્વ દર્શાવવાનો (Desperate) સાહસિક પ્રયત્ન ચિત્ર દોરનારે કર્યો છે. છતાં અંતર ચક્ષુ બંધ હોવાથી શંકરનો ભાવ જોનારનામાં ક્યાં જાગે છે!

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૪૦૭]



અદ્ભુત શિલ્પકૃતિ : તાજમહાલ.

—કલા અને તેનાં અંગ.

પિતાનો તો દરેક અર્થમાં પુત્રજ ગણાય. પુત્રની બુદ્ધિ કેટલી! તેનો અનુભવ કેટલો! તેને છાયા મળે, પછી શા માટે તે છાયાનો તિરસ્કાર કરવો? વડીલોની છાયા એના ભાગ્યનું ચિન્હ છે. એ છાયામાં ભલે તેઓ ફાલે, ફુલે, પાંગરે—સ્વતંત્ર વ્યક્તિત્વ સહકુટુંબની સંસ્કારિતા નષ્ટ કરે છે—આવું આવું ઘરડાઓ બોલતા નહીં તોએ માનતા તો ખરાં—ને મધુરી! એક તો તે સ્ત્રી રહી અને બીજું તો તે અજ્ઞાન વહુવારુ. સાસુ સસરા વહુવારુને શા માટે વાંછે? કુટુંબમાં એક સહકાર્યકાર વધે અને કુટુંબની વૃદ્ધિનું અંગ થાય. સાસુસસરાના મને સારી વહુ એટલે ઘરમાં સશકત રહી કામ કરે, બે બે વર્ષે છોકરાઓને જન્મ આપે, સામે બોલે નહીં ને દબાએલી રહે! આ જાતના રુઢ થએલા, વર્ષોના અને સદીઓના એકજ પ્રકારના વિચારોના વરસાદોથી સીંચાએલું મુળીઆઓનું છેદન કેટલું દુસ્તર!

૪

ચંદ્ર એક દિવસ સાંજે વહેલો ઘેર આવ્યો. પિતાશ્રી બહાર ગયા હતા. માતુશ્રી અને ઘરનાં બૈરાઓ દર્શને ગયાં હતાં. મધુરી નાની રસિકમણીને હીંચકો નાખતી હતી અને હાલરડું ગાતી હતી. ચંદ્ર ઘરમાં આવ્યો અને ખુરશીમાં બેઠો. બૈરીએ આવકારના શબ્દો નહીં કહ્યા. પતિને તેની ગણના નહોતી. પત્ની એવો આવકાર દેવાનું શીખી નહોતી. પતિએ પાસે પડેલું એક માસિક ઉપાડયું. તે સાહિત્યનો ખાસ શોખીન નહોતો છતાં તેણે પાનાંઓ ઉથલાવવા માંડયાં. એક સ્થળે શબ્દો વાંચ્યાઃ "પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ખીલવવું એ દરેક મનુષ્યની ફરજ છે." ટેબલ ઉપર પડેલા પોતાના નાના ભાઇના શબ્દકોષમાંથી તેણે વ્યક્તિત્વનો અર્થ ખોળ્યો, અને આખા વાક્યનો અર્થ બેસાડયો. તેને આ વાંચનમાં કૈં નવીનતા લાગી. વાંચવાની પ્રેરણા તો વધતીજ ચાલી. પાછું વાંચ્યુંઃ "દંપતિજીવનમાં સ્વતંત્રતા, સમાનતા અને સ્નેહ જરુરનાં છે." તેણે આંકણી કીધી. આમાંથી તેના દંપતિજીવનમાં શું શું હતું? સ્વતંત્રતા વિનાના, સમાનતા વિનાના ને સ્નેહ વિનાના જીવનમાં શું શું હતું? તેનું જીવન શું એળે ગયું? ચંદ્રે એક નીસાસો નાખ્યો અને હાલરડું ગાતી મધુરી તરફ નજર નાખી. પરણી ત્યારે તે કેવી હતી અને હવે કેવી છે? તે પરણી ત્યારે ખુબસુરત હતી. લોકો તેને પરી કહેતાં. ચંદ્રને તે ધ્યાનમાં આવ્યું. આજે મધુરીના મોંની લાલી ગળી ગઇ હતી. બે ગાલમાં બે ખાડા પડયા હતા. હોઠો ઉપર ફીકાસ હતી. આંખમાં ધડપણ હતું. પાતળા પગ કમ્મરમાંથી નીચે લટકતા હતા. પેટ ઉપર કરચલીઓ પડેલી હતી. ચંદ્રે પાછો નિઃશ્વાસ નાખ્યો અને પાછી નજર માસિકના અક્ષરો ઉપર ગઇ. તેણે વાંચ્યું: —"સ્વતંત્રતા અને સ્નેહ સ્રીને અને પુરુષને માનસિક અને શારીરિક શકિત આપી શકે છે." મધુરીએ સ્નેહ નહોતો જાણ્યો સ્વતંત્રતાનાં તો તેને સ્વપ્નો પણ નહોતાં. ચંદ્રની આંખે આજે જ્ઞાનનું તેજ આવતું ગયું. ઘણા કાળના ભુલાએલા આદર્શો શું યાદ આવતા હતા? અજ્ઞાનનાં પડળો શું અકસ્માત્ ઉઘડી ગયાં! તે શું અત્યાર સુધી સ્વપ્નદ્રષ્ટા હતો કે હવે તેણે સ્વપ્નો જોવા માંડયાં? ઉંઘમાંથી તે ઉઠયો કે ઉંઘમાં તે વધુ પડયો? તેની નજર મધુરી ઉપર પડી. મધુરીની આંખો સામે મળી. ઉંડી ગએલી આંખોમાં રસિકતા નહોતી;

સ્વતંત્રતા નહોતી; ચંચલતા નહોતી; પરંતુ મધુરતા તો હતીજ. તેણે દસ વર્ષે એ પતિની આંખોમાં અજબ અસ્વાભાવિકતા પારખી. શાંત નિર્મલ આંખોમાં આજે જાદુ હતો. તે આંખોમાં સ્નેહવાંછનાની દયામયતા હતી. તેમાં કુમારત્વની કુમાશ હતી. મધુરીએ આંખ મળતાં પોતાની આંખો નીચી ઢાળી દીધી. જાણે કે પણ નવીન ન બન્યું હોય તેમ તેણે "હાલો મણી" કહી ધીમેથી ઝોળીને થાપડ મારી ... અને ત્યાં તો તેની સાસુ દર્શનેથી પાછી ફરી.

૬

રસિકતાને ઉંમર સાથે અને નવીનતા સાથે સંબંધ છે પણ હંમેશ નહીં. વનમાં તપ કરતો યોગી, તપમાં માનતો, સ્ત્રી જાતને માયા ગણતો, એક દહાડો કોટિ વર્ષોનાં તપને હસી કાઢી સ્ત્રીની સુંદરતા ઉપર મોહી વનમાંથી ચાલી નીકળે છે. અજ્ઞાનતાનાં વાદળ એક નાના રવિબિંબથી ઓસરાઈ જાય છે અને તેએ તુરત ગુલામીમાંથી સ્વતંત્રતા માટે એક દિવસમાં તૈયાર થાય છે.

૭

ચંદ્ર હવે ઉંચી કોટિના લેખ વાંચતો અને કવિતાના આદર્શ કરતો. તેના જીવનમાં નવીનતા જન્મી. મધુરીએ તાણી તાણી બાંધેલા કેસ તેને નહીં ગમતા. મધુરીના લુગડામાં તેને શરીર ઢાંકવા સાથે પસંદગીનો સવાલ મુક્યો. મધુરીની શારીરિક કાળજી તેણે કરવા માંડી. ઘરનું સંસારતંત્ર તેને ગુલામગીરીનું લાગવા માંડયું. મધુરીએ પતિના બદલાએલા આદર્શ દેખ્યા. નવો માર્ગ શું હશે તે તેણે કલ્પ્યો. પતિ સાથે તેણે પણ નવીનતામાં ઝંપલાવ્યું. પચીસ વર્ષની કુમાર ઉમરની મધુરીને તેણે આદર્શ શીખવવા અબોલ પ્રયત્ન શરુ કર્યો. અબોલ રીતે મધુરીએ ઝીલ્યા તેના અંતરાત્માએ નવા ઘંટનાદ સુણ્યા.

પ્રયાસ બહુ ધીરો હતો. તેઓના શુષ્ક જીવનમાં અમૃત રેડાતાં બહુ વખત લાગ્યો. તેઓએ છતાંએ પોતાનો પંથ વાળ્યો. માનસિક દ્રષ્ટિબિંદુ ફેરવ્યું. પગલાં વાળ્યાં. તેઓ મનુષ્ય હતાં. જીવન પ્રશ્નો કૂટ હતા છતાં ન સમજાય એવા નવીન તો નહીં હતા. રસ તેઓએ માણ્યો નહોતો. તે માણવા તેઓને અવકાશ નહોતો મળ્યો. પરંતુ તેઓ સાવ મૂઢ નહોતાં. મધુરીમાં થોડા પણ ઉચ્ચ સંસ્કાર તો હતાજ. બીજ વીકસ્યાં નહોતાં એટલુંજ; રસ જાણ્યા પછી રસ માણવાની શકિત તો તેઓમાં હતીજ.

શું એક વખત શુષ્ક થએલા આત્માઓના અંતરમાં કાળાંતરેએ રસ નહીં રેડાય? શુષ્કાત્મોબદ્ધ થએલાઓને રસિકતાનો રસ્તો સુઝેજ નહીં શું? આત્મા કેમ ઉચ્ચ જીવનની શોધ માટે પ્રયાસ કરતો નહીં હોય અને માર્ગે મળતાં શુષ્કતાનાં દ્વાર કેમ નહીં આપોઆપ ઉઘડી જતાં હોય? કેટલા ગુણો અને લાગણીઓ મનુષ્ય હૃદયમાં ઘણા કાળ સુધી દબાએલાં રહે છે અને એ ગુણ અને લાગણી તેનામાં નથી એવો ભાસ આપવા છતાં કોઇ પ્રસંગે તે ગુણ અને લાગણીનો અવિર્ભાવ થતાં તે ભડકા સાથે પ્રકાશી ઉઠે છે. મધુરી અને ચંદ્રના જીવનમાં નવી રસિક લાગણીનો ભડકો ભભુકયો.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૪૧૭]

પુણ્ય ધામે અમ તાત રે

લેખકઃ
સ્વ. કનુબહેન દવે

પુણ્ય ધામે અમ તાત રેઃ
  પ્રભુ તારા—
    પુણ્ય ધામે અમ તાતરે.

સેવા કરતા ને મીઠા મેવા આરોગતાઃ
હૈયામાં હરખ ન માય રે;
  પ્રભુ તારા—
    પુણ્ય ધામે અમ તાત રે.

સૂર્ય શી કાંતિ ને ચંદ્ર શી શાંતિ ધરીઃ
(એ) તાપસી અણમુલા સુહંત રે;
વેણું વાગે પ્રભુ, તારી આકર્ષતીઃ
થૈ થૈ થૈ એ નાચંત રે;
  પ્રભુ તારા—
    પુણ્ય ધામે અમ તાત રે.

શુદ્ધ બ્રહ્મ ગાજે ને ચિતડાં રાચેઃ
કલ્યાણ મંત્ર વહંત રે;
આંદોલનો એ અવનવાં કૈંઃ
અમ શિર ઢોળે અનંત રે;
  પ્રભુ તારા—
    પુણ્ય ધામે અમ તાત રે.

પીડિત હૃદય*

પત્ર ૧ લો

લેખક:
ગ. બંસી.

પ્રિય.........

તારો પત્ર મળ્યો. હું તને શું લખું? દીલમાં એક ચિર-નિરંતર આગ લાગી રહી છે તે તને કે કોઈને શી રીતે જણાવી શકું? પેલું તો તને યાદ છેને--For me heaven is empty. મારે માટે તો સર્વત્ર શૂનકારજ છે. પણ આ કે હું તને ફરીઆદ કરતો નથી.

* * *

તું લખે છે કે "સોનું છે તેને ખરીદ કરનારાઓને આપણે આજીજી કરતી નથી"; પણ મારી તો એવી ઇચ્છા છે કે હું તેમના ચરણની રજ માથે ચઢાઉં, તેમનો ગુલામ થઈને રહું. અરે! કદાચ મેં પર ગુસ્સો કરે તો તેપણ સહન કરું.

તને એમ લાગે છે કે.........ની મને જરીકે દરકાર છે અથવા......સત્કાર કરે કે ન કરે એની મને તનીક પણ પરવા છે! ના. લાખ લાખ વાર ના. × × × જે વસ્તુને માટે મારો પ્રાણ ભડકે બળ્યા કરે છે, જેને માટે મારું રોમેરોમ સતત પ્રતીક્ષા કરે છે, તે વસ્તુ પૈસો નથી, કીર્તિ પણ નથી. પ્રભુ ઇશુ અને ભગવાન બુદ્ધની કીર્તિની પણ હું સ્પર્ધા કરતો નથી. કારણ કે કીર્તિનું મૃગજળ મેં જોયું છે અને જાણ્યું છે કે એમાં કશો સાર નથી, કશોએ અર્થ નથી. તેનું કારણ કહું? × × × ×'

જે નિષ્ઠુર મહારાણીને માટે, જે પ્યારી

* એક અપ્રસિદ્ધ પુસ્તકમાંનો એક પત્ર.

કાવ્યસ્રોતે ખબરદારના કવિજીવનને પ્રથમ દીક્ષા આપી. આશાજનક કવિજન 'કાવ્યરસિકા'-માં એ દીક્ષાને ઘણેક અંશે અનુસર્યો. પણ પાસેના અને સાથેના નર્મદના પ્રચંડ પ્રવાહમાં એનાથી તણાયા વગર નજ રહેવાયું; નવકવિ એ પ્રવાહમાં તણાયો. ત્યાં એને પૂર્વ અને પશ્ચિમના એકત્ર થએલા કાવ્યસૌંદર્યનાં પુર લઇ વહી જતી નવીન સરિતાઓ મળી. નરસિંહરાવ, મણિલાલ, બાલાશંકર, હરિલાલ, કલાપી વગેરેની નીરનીરાળી રસસરિતાઓ આપણા નવીન કાવ્યમહેરામણમાં મળે છે. આ મીઠા મહેરામણમાં કાવ્યદેવીની કૃપાવર્ષાના ગાઇ બિંદુથી બંધાઇને નીપજેલા મોતી જેવા રા. ખબરદાર છે. એ મોતીમાં જુદી જુદી સરિતાઓનાં જળોની ઝલક છે. છતાં એનાં પોતાના વ્યક્તિત્વનાં તેજપુર્યાં પાણીએ છે. નાનાલાલના નવીન, પ્રચંડ અને નિર્મલ કાવ્યધોધ નીચે પ્રેમથી અને પ્રતિસ્પર્ધાથી બેસીને એ મોતી ખુબ નાહ્યું છે અને ધોવાયું પણ છે. એ મોતીમાં કદી નહીં વીસાય એવી તેજદાર પ્રભા દીપી રહી છે.

આપણા નવીન કાવ્યસાહિત્યના વિકાસ ક્રમાનુસાર ખબરદારની કાવ્યસૃષ્ટિએ ખીલતી રહી છે. આ સાષ્ટમાંની પહેલી 'કાવ્યરસિકા' અને બીજી 'વિલાસિકા' એક બીજા સાથે સરખાવીશું તો બીજી ચઢતે વિકાસક્રમે પ્રફુલ્લ અને પ્રૌઢ, મદમાતી, લચકાતી કે લહેરાતી સ્પષ્ટ રેખાંકિત થશે. પછી 'પ્રકાશિકા' અને ત્યાર પછી 'ભારતનો ટંકાર'. એ આ કવિના કાવ્ય વૈભવનો ખીલે જતો વિકાસ. 'સંદેશિકા' એ કવિનો હમણાં પ્રસિદ્ધ થએલો સંગ્રહ. આ સંગ્રહોમાં ઉત્તરોત્તર ખીલતી ખીલતી ખબરદારની કાવ્યસુંદરી પોતાના, મનોહર, મનોભર, સુંદર અને શાંત પ્રૌઢાના સ્વરૂપની પ્રાપ્તિ કરે છે. ગુજરાતના આ કવિવરોની કાવ્યસુંદરીઓ ટોળે મળી ગરબે ઘુમતી હશે તો તેમાં ખબરદારની આ કાવ્ય સુંદરી ઝટ ઓળખાઇ આવશે. ગુર્જર સુંદરી સંઘમાં તેર સદીઓથી મહાલતી છતાં પારસી સુંદરીના ગણ્યાગાંઠ્યા સંસ્કાર સાચવી રહેલી એ સર્વાંગ ગુજરાતી બની ગએલી લાગશે. દેહે, આત્માએ, જીવને અને આદર્શોએ એ ગુજરાતની ગુજરાતણજ જણાશે.

"હીંદુ મુસલમીન પારસી સર્વે માત! અમે તુજ બાળ;
અંગ ઉમંગ ભરી નવરંગે કરીએ સેવા સહુ કાળ!
અમારી ગુણવંતી ગુજરાત!"

ગુજરાતના એક બાળક તરીકે આવી ભાવનાઓ ગાનાર કવિ એક રીતે પારસી હોવાથી પોતાની કવિતાને વિશેષ ગુણવંતી કરે છે. પારસી ગુજરાતીએ ભાષાની અને પદ્યરચનાની દૃષ્ટિએ આપણી શિષ્ટતાને છંછેડી મુકી છે. આ કવિવરનો આ બાબતમાં ઇષ્ટ અપવાદ આપણી શિષ્ટતાને ઉલટો ઘણે અંશે આનંદ આપે છે. તેર તેર સદીઓ વીતી છતાં શુદ્ધ ગુજરાતી નહીં શીખી શકનાર આપણા આ ગુજરાતી બંધુઓની ગુજરાતી ભાષા શીખવાની શક્તિની મંદતા વીશે આપણે આશ્ચર્ય પામીએ છીએ. છતાં એક મલબારી કે એક ખબરદાર જેવાને જ્યારે આપણા કાવ્યસાહિત્યમાં ભાષા અને પદ્યરચના સંબંધમાં અસામાન્ય વિજય મેળવતા જોઇએ છીએ ત્યારે આપણું આશ્ચર્ય બાજુએ જતું રહે છે અને તેનું સ્થાન આનંદ લઇ લે છે. આ સાથે એક બીજો વિચાર પણ સ્ફુર્યા વગર નથી રહી શકતો. ગુજરાતી કાવ્યકલામાં લીન થએલો આ કવિવર એ કાવ્યકલામાં શુદ્ધ પારસી સંસારનાં જીવન, કવિતા, તત્ત્વજ્ઞાન

વસંતની શોધમાં આપણે કવિવર સંગે જઈએ. એ કહે છેઃ

લાવો પીચકારી ભૈયા!
લાવીને અબીર ગુલાલ;
સ્નેહે છાંટો રસ છૈયા!
એ સુંદરી કેરા ગાલ!
પ્રિય કોકિલ, મોર બપૈયા!
ગાયો નાચો રસતાલ:
લેશો નવપુષ્પિત અહીંઆં,
આ વસંતની વરમાળ?

કવિનો સ્થૂલ કે સૂક્ષ્મ, વસંતઘેલો પણ તાદૃશ આત્મા આ ઋતુરાજમાં પ્રફુલ્લતા પામી ગયો છે. હીંદના ઉલ્લાસમય વાતાવરણનું કવિ આ કેવું રસદાર ચિત્ર આલેખે છે?

'વસંતના ભણકા'માં પણ કવિનું હૃદય થનથનાટ નાચી રહેલું પ્રત્યક્ષ થાય છે. પણ 'ગુજરાતનો યજ્ઞકુંડ,' 'ખાંડાની ધારે,' 'દેવીનું ખપ્પર,' 'જીવન સંધ્યા,' 'અગોચર ધામ,' અને 'માટીનું મુલ' એ કાવ્યોની રસઝીલ ઝીલતાં તો ખરા કવિહૃદયના ગાઢ સામીપ્યમાં આપણે આવી જઈએ છીએ. 'દુખડાં દેતી'માં કૃષ્ણ ગોપીનું પેલું જુનું તેટલુંજ નવીન મનોહર ચિત્ર ખડું થઈ રહ્યું છે.

પણ કવિની કાવ્યદેવીના સુરોથી છલકાતા આ કાવ્યોમાં કયું સારું અને કયું નહીં એ પ્રશ્નમાં પડવા મન થતું નથી. એકેએક કાવ્ય વાંચવા જતાં ખબરદારની ને કાવ્યદેવીની દીલ્લગીમાંથી આપણે કંઈ ને કંઈ પામીએજ છીએ. એમનું કવિત્વ એમના પાછલા સંગ્રહો કરતાં આ સંગ્રહમાં દેખીતી રીતે વિશેષ પુલ્યુંપાંગર્યું છે. નરસિંહરાવભાઈએ કવિના 'વિલાસિકા'ના સમભાવી અને સમર્થ અવલોકનમાં જોઈએ તેટલો પુરો ન્યાય એ કાવ્યોની સમીક્ષામાં રજુ કર્યો છે. આ સંગ્રહ 'વિલાસિકા'ની એ ગુણાવલિઓમાં સંગીન વધારો કરશે. સહજ દૂર નજ થઈ શકે તેવી પારસી શબ્દોની છાંટને સુંઘવાનું દીલ થતું નથી. રા. ખબરદાર આપણા એક માનીતા કવિ તરીકે એમનું સ્થાન ચિરકાળ સાચવી રહેશે તો તેના પુરાવા તરીકે આ 'સંદેશિકા' અત્યુત્તર આપ્યા કરશે. કવિની કાવ્યદેવી એમાં મીઠા, મધુરા, ઘેરા અને ગંભીર કાવ્યભાવો ગાઈ રહી છે. એ માગી મુક્તિ અપાવે એવી છે. જીવનની વર્તમાન અને ભાવિ સુંદરતાઓનાં પાન એ પાયા કરે એવી છે. છેલ્લે કવિના બે કાવ્યોમાંથી થોડા ઉતારા કરીશું:

તો આ અંધારે નભગંગને રે!
જોતાં તારકશું જડું તીર જો:
ઉતરતા જીવનના પંથમાં રે!
ધર્મ અને શ્રદ્ધામાં ધીર જો:
સખી! કે એ અંતર્બલ આપતું રે!

સખી! આ વનલીલામાં નાચતાં રે!
પંખીડાં રેલે રસરેલ જો,
ને આ ઝરણાં દોટે કુદતાં રે!
એમ હતા મુજ બાળકખેલ જો!
સખી! તોએ આજે વધુ વાલીડાં રે!

સંધ્યા મેઘે રંગ રમી રામે રે!
ને આથમે તેજેતું તેજ જો!
સંકેલાશે તેમ જીવન જ્યારે!
પ્રભુજીની પ્રભુતામાં એજ જો,
સખી! ત્યારે પણ એ કંઈ દોરશે રે!

(જીવન સંધ્યા)

× × ×

કાશી મથુરાં કે મક્કા મદીના
મજલો દઈવને માટઃ
ખોલો ખોલો જરા આભથી માગો ત્યાં
પ્રજાશે સ્વર્ગના પાટ રે!
મોંઘું મળશે અગોચર ધામ!

અંતર સ્વર્ગના પાસેવ પકડી
ધરજો અખંડ એક આશ:
રેતી જગતમાં ઝીલશી ને ભરશી
આત્મા હડેરાં હાસ રે!
જોઈ મીંધું અગોચર ધામ!

(અગોચર ધામ.)

આવી આવી પંક્તિઓદ્વારા આ સંદેશહારક કવિવરના કાવ્યાત્માનો પ્રકાશ અમર રહેવો જોઇએજ.

મત્સ્યગંધા અને ગાંગેય તથા બીજાં ચાર નાટકો—લેખકઃ રા. બટુભાઇ લાલભાઇ ઉમરવાડીઆ, પ્રકાશકઃ યુગાંતર કાર્યાલય, સુરત, મૂલ્ય રૂ. ૧-૮-૦.

પ્રવર્તમાન ગુજરાતના સર્જનાત્મક સાહિત્યકારોમાં રા. બટુભાઇ ઉમરવાડીઆને એક પ્રતિષ્ઠાભર્યું સ્થાન ઘટે છે. પૂર્વ અને પશ્ચિમની સાહિત્યનદીઓના સંગમસ્થાને ઉભા ઉભા એ આપણું જુનું અને નવું, ત્યાંનું જુનું અને નવું સાહિત્યધન એમની નવીન, લાક્ષણિક ને વ્યક્તિગત શૈલીમાં સુઘડ અને સુગ્રથિત કલામાં ઉતારી રજુ કરવાનું સામર્થ્ય ધરાવે છે. સમર્થ અને સફલ કલાકારની અસામાન્ય અને અપૂર્વ કલાને એ એમના રસિક હૃદયવૈભવથી મનાવી પોતાની કરી શકે છે. એમનું અને એમની કલાનું તાદાત્મ્ય આપણને અત્યાર સુધીમાં થોડી છતાં એકંદરે બધીએ સરસ સાહિત્યકૃતિઓ અર્પે છે. ગુજરાતના રસિકોએ આ કૃતિઓથી પોતાનું રંજન કર્યું છે. એને માટે એમનામાં સ્નેહ લાગ્યો છે.

આ કૃતિમાં રા. બટુભાઇ ઉમરવાડીઆ એક નાટ્યકાર તરીકે આપણી આગળ ઉભા રહે છે. એ ગ્રંથમાં પાંચે નાટકોના એમના દૃષ્ટિબિંદુને—નાટકોનાં સ્વરૂપ અને પ્રકારને—એ સ્પષ્ટ કરે છે.

જુના અને નવીન જગતમાં તેના મહાકાલના પ્રાચીન અને અર્વાચીન વિકાસમાં એ વિહાર કરી આ પાંચ કૃતિઓ ઘડે છે. 'સોમ' પ્રાચીન કાલના સંસ્કાર અને વાતાવરણને પુનર્જન્મની પરંપરાદ્વારા અર્વાચીન કાલમાં સંક્રમણ કરાવે છે. 'મત્સ્યગંધા' મહાભારતકાલનું પ્રતિબિંબ તાજું કરે છે. 'મહમ્મદ' આપણા ઇસલામી બંધુઓના ધર્મોદયકાલનું. બાકીનાં બે 'હંસા' અને 'દાંપત્ય' આપણા સમાજનું આધુનિક—પૂર્વ પશ્ચિમના સંમિશ્રિત આચારવિચારનું—ચિત્ર ખડું કરે છે. કલાકારની રસસમૃદ્ધિ આમ સ્થલ અને કાલની આવી આવી સરહદો સુધી ફરી આવી એના ગુજરાતના વર્તમાનમાં આવી ઉભી રહી છે.

પાંચે કૃતિઓ પહેલેથી છેલ્લે સુધી વાચકને અખંડિત રસપ્રવાહમાં ખેંચી જશે. 'સોમ' સૌથી વિશેષ પોતાના રસપ્રવાહમાં ખેંચશે. જુની હો કે નવીન પણ સૌંદર્યની અચલ ભાવના તમને અસ્પષ્ટ છતાં અસામાન્ય દર્શન દઇ ચકિત કરી આકર્ષશે. એની અસ્પષ્ટતા ઘડી પછી શમી જશે. તમને એ કોઇ સ્થળે ક્ષણેક થોભી પૂર્ણ રેખાન્વિત દીસશે. તમે તેની પાસે જશો, ત્યાં એ છટકશે. પણ તમે એની પુઠે ચાલ્યાજ જશો. એને પકડશો અને એમાં એકરૂપ થશો.

ગંગાપુત્રની જીવનરેખાઓ તાદૃશ ઉઠી રહી છે. જાણે એ કાલના એ યુવકવીરનો ઉછળતો પ્રેમ અને એની સુંદરીભક્તિ આજેએ મચૌટ દેખી શકીએ છીએ. પ્રેમ મટી સ્વાર્પણ થાય છે; સુંદરીભક્તિને સ્થાને માતૃપ્રેમ

જોઇ–રાજનીરમાંથી ત્યાગી, જોગી ભીષ્મ જોઇ–એ મહાભારતજીના છતાં જાણે . એ વૃદ્ધ વીરકેસરી કુરુકુળના દાદા આજેએ આપણી સામા આવી ઉભા છે.

પયગંબર સાહેબનો દેશકાળ પણ કલાકારે સરસ અને સચોટતાથી ચીતર્યો છે. વાતાવરણ પુરું પ્રતિબિંબિત થઇ રહ્યું છે. ઇરાની સાહિત્યની રસધારા ગુજરાતી ફુવારામાંથી ઉડી રહી છે. ધર્માંધતાની સંકુચિત માનવ દૃષ્ટિએ જ્યારે પાસેની ઘેરી લેતી દીવાલોની મર્યાદાઓ બહાર જઇ વીશાળતામાં વ્યાપી શકશે ત્યારે આપણે અને આપણા આ ઇસલામી બંધુઓ આવી કૃતિનાં રસજસ એકજ આરે એકજ પાત્રમાંથી સાથે પીશું.

આપણા સામાજિક ચિત્રોમાં નાટ્યકાર નવીન સંપ્રદાયના સ્થાનનું સૂચન કરે છે. 'હંસા' અને 'દાંપત્ય'નાં પાત્રો આ "નવીન" આચારવિચારની આછી છતાં જણાઇ આવે એવી રેખાઓ એ અંકિત કરે છે. આપણા આધુનિક સંસારના પ્રગલ્ભ છતાં ભીનાં અને સંયમસંતુષ્ટ 'બ્રેક' રુપ બલોનાં સચોટ રેખાચિત્રો એ આલખે છે.

રા. બટુભાઇની સાહિત્યપ્રેરણા અંગ્રેજી સાહિત્યમાંથી જડશે. પણ તે સાથે આપણા સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યની નીતરેલી સુંદરતાઓ પણ એમાં એકમેક થઇ ગઇ છે. એમની કૃતિઓ એમના નીરાળા વ્યક્તિત્વ જેવી નીરાળી, સ્વતંત્ર અને અપૂર્વ બની રહી છે. ભાષા ઉપર એમનું પ્રભુત્વ પહોંચી વળ્યું છે. સાહિત્યશોભન શબ્દાવલિઓના આછા અને ગાઢ, સરલ અને સીધા, સચોટ અને અસરકારક સ્વરૂપોમાં એમની કલા આકર્ષક અને સુંદર રીતે ઉઠી આવી છે. એ આપણને રસાર્દ્ર કરી શકે છે. એના રસિક અને સૂક્ષ્મ ગ્રથનના પ્રતાપે આપણે એમની કૃતિઓના રસીઆ થઇ શકીએ છીએ. એમની કલા આમ દૃઢ બની જામતી જાય છે અને વિકાસ પામે જતી આપણી રંગભૂમિને માટે ઉપયોગી ઉદ્ધારસામગ્રી લઇ એને એકાદ ભૂમિકા ઉંચે લઇ જવાની શક્તિ ધરાવે છે.

આમ છતાં નાટ્યકારની કૃતિઓનું સૂક્ષ્મ રસાસ્વાદન કરતાં આપણી કલાના ઉપભોગની રસિકતાની આપણી તૃષા છીપી શકતી નથી. રસના કે કલાના શિખર ઉપર આકર્ષતો આકર્ષતો એમનો સાહિત્યપ્રવાહ આપણને લઇ જાય છે. આપણે ઉંચે ઉંચે ચઢ્યા અને સ્વર્ગીયપ્રવાહ સૌંદર્યની સમીપ આપણે આવી ગયા એમ ભાન થાય છે. હૃદયને હલમલાવી નાખનાર અને આત્માને ઉલ્લાસમય કરનારું છેલ્લું રસબિંદુ ક્યાં અને ક્યું હશે એ અનુભવવા આપણે અધીરે હૈયે અને વગર શ્વાસ મુકે ઉત્સુક બની રહીએ છીએ. કલાકાર એ રસતૃપ્તિના છેલ્લા અથવા શ્રેષ્ઠ બિંદુને પકડું પકડું કરવા મથન કરી રહ્યો છે. ક્યાં એને પકડવુ એ વિચારે મુગ્ધ અને અધીરો બની એ આગળ પાછળ, ઉપર નીચે, ગોળ ચક્રાકાર ફરવા માંડે છે. આપણે એની પાછળ પાછળ ચાલ્યા કરીએ છીએ; છેવટે આપણે અનુભવીએ છીએ કે ધાર્યું નીશાન સર કરવા કૈંક એ પુરેપુરા સમર્થ નથી. કલાના સૂક્ષ્મ ઉપભોગના રસભર્યા અંતર્ગર્ભને પ્રાપ્ત કરતાં એ ઓછા કે અધુરાશથી સંતુષ્ટ થઇ આપણને પણ સંતુષ્ટ બનાવે છે. આવી કૈં ઉણપ કલાકારની અમને લાગે છે. પણ તે દૂર થવાનાં ચિન્હો પણ અમને પાસે અને સ્પષ્ટ જણાઇ ચુક્યાં છે. અને આ પ્રતિભાશાળી અને આશાજનક સાહિત્યના સર્જનહારને માટે પ્રેમ અને આનંદના ભાવો અનુભવતા રહેવાને અમે હમેશાં મગરુર રહીશું.

રઢીઆળી રાત—સંગ્રાહકઃ રા. ઝવેરચંદ મેઘાણી, પ્રકાશકઃ રા. અમૃતલાલ દલપતભાઈ શેઠ, રાણપુર, મૂલ્યઃ રૂ. ૦–૮–૦

ભૂતકાળના ગુજરાતની રમણીઓનાં રમ્ય હૃદયોના રસને આ પાત્રમાં વેળાસર પીરસનાર રા. ઝવેરચંદ મેઘાણીને અમે અંતરનાં અભિનંદન આપ્યા વગર રહી શકતા નથી. આપણાં લોકગીતોનો મહાસાગર આપણી માતૃભૂમિના પદકમળોને ધોતા અને સનાતન સંગીત બજાવી રહેલા મહાસાગર જેટલોજ વીશાળ અને સુરેસુરે સંગીતમય છે. ભૂતકાલને વશ થઇ રહેલો છતાં એના ભણકારાદ્વારા એના સુરો પુરાઅધુરા આપણને આકર્ષી રહ્યા નથી? પણ એમની સાથે હૃદયની મૈત્રી સાધી એમને પકડનાર સંગ્રાહક સાહિત્યકારો આપણે ત્યાં કેટલાક છે? આપણી સુશિક્ષિત સુંદર જાતિએ પણ એમની આ પૂર્વજ ગુજરાતણોના હૃદયસૌંદર્યના રસને એકઠો કરી નવગુજરાત આગળ કેટલીકે પીરસ્યો છે? લોકગીતોનો આપણો અઢળક રસવૈભવ આમ નમેરા કાળને હાથે આપણે હજી કેટલા વખત સુધી વેડરી મારવા દઇશું?

પણ આપણા પ્રાચીન સાહિત્યના આ અમોલા અંગ માટે લોકગીતોના રસિક કે રસિકાઓને અમે વધુ વાર ઉપાલંભ નહીં આપી શકીએ. એના સંગ્રહોની—જો કે —ન્યુનતર સંખ્યા આપણી આગળ ક્યારનીએ ઉભી થઇ ગઇ છે. આપણા ગ્રામ્ય અને નાગરિક જીવનનાં લોકગીતો આપણી આગળ પુસ્તકસ્થ થઇ એક પછી એક પ્રત્યક્ષ થવા લાગ્યાં છે. અને આપણા નવજીવનને આ રસસંચય પરત્વે આપણામાં જે રસ ઉત્પન્ન કર્યો છે તે ચાલુ રહેશે તો આપણો એ મહાસાગર સામટો અને પુરસુરે એનું મધુર સનાતન સંગીત રજુ કરશે અને આપણા પ્રવર્તમાન જીવનક્રમમાં આપણો ભૂતકાલ સફલતાથી સંક્રાંત થશે એમાં સંશય નથી. રા. મેઘાણી આ સંગ્રહના 'પરિચય'માં કહે છેઃ—

“આખું વાતાવરણ આ લોકગીત અને લોકસાહિત્યની ઝંખનાથી ભરાઇ ગયું છે. લોકયુગ બેસું બેસું થાય છે, જગત્ બીજી વાતોથી થાક્યું છે શિષ્ટ જીવનની અને શિષ્ટ સાહિત્યની કૃત્રિમતાએ અને આડંબરવશતાએ લોકોને નિરાશ કર્યા છે. એ પરદેશી વસ્તુ મુકીને પ્રજા પોતાનું જુનું રસપાત્ર શોધી રહી છે. ઠેર ઠેર લોકગીતો ગાવાનો નાદ લાગતો જાય છે. શાળા ને શેરીના બાળકો લોકગીતો સાંભળતાં ડોલી ઉઠે છે.”

સંગ્રાહકને લોકગીતોની આવી લગની લાગી રહી છે. એમનો એ બાટેનો હેતુપૂર્વક પક્ષપાત અમનેએ ગમ્યો છે. પણ એકજ અંગને પુરોભાગે મોટે પલાંઠે બેસાડી બીજાં અંગોને પશ્ચાદ્ભૂમિમાં કોણી મારી હડસેલી મુકવાની એમની એકતરફી અતિભક્તિ અમને જરા વધારે પડતી લાગે છે. શિષ્ટ જીવન અને શિષ્ટ સાહિત્ય લોકગીતને અને લોકસાહિત્યને પોતાનાંજ ગણે છે. અને લોક યુગના વિકાસક્રમમાં એક જેટલું બીજાને પણ પુરતું સ્થાન છે.

સ્વ૦ બાલાબહેનનો, નર્મદકવિનો અને બીજા સંગ્રાહકોના લગ્નગીતના સંગ્રહો, સ્વ. રણજીતરામનો 'લોકગીત' સંગ્રહ વગેરે આપણા લોકગીતના મહાસાગરનાં થોડાં પણ સુંદર બિંદુઓ છે. આ સંગ્રહ આ પછી એક અગત્યનો ઉમેરો છે અને રા. મેઘાણીએ ઉલ્લેખેલા સંશોધકો અને મનોરથો જોતાં

તો આપણે બીજાં ઘણાં ઘણાં રસબિંદુઓની ચાતક પેરે વાટ જોતા રહીશું.

રા. મેઘાણીએ આ સંગ્રહમાં આ 'રીશાળ ગીતસૃષ્ટિના ખુણાનો'જ સમાવેશ કર્યો છે —રાસડાઓનો. રાસડાઓના દેહાત્મા અને સ્વરૂપનું એના ઇતિહાસ અને ભાવિનું એમણે 'પરિચય'માં યથાર્થ અને સૂક્ષ્મ રસિકતાથી નિરુપણ કર્યું છે. 'પરિચય' સાથે પરિચય કરવાથી આપણા આ સાહિત્યના અંગ સાથે આપણે ગાઢ પ્રેમથી ભેટી જઇએ છીએ.

આવા સંગ્રહોની તૈયારીઓમાં આપણી વિદ્વાન્ બહેનોનો સહચાર ઘણોજ ઉપયોગી થઇ પડે. આપણા જીવનની સુખી કે દુઃખી પ્રસંગમાલાઓ ગુંથવામાં અને એને ફુલડે ફુલડે હૃદયરસની વૈભવવિપુલતા રેલવવામાં એ યોગ્ય રસમાલણો થઇ શકે. આપણા પુરુષ વર્ગની દૃષ્ટિથી નીરાળી છતાં જોઇતી કલામય સામગ્રીથી એ આ સાહિત્યની અને ગીતની સૃષ્ટિનું રસિક વર્ગીકરણ કરશે. રાસડાઓની એ વિધાત્રીઓ કવિ નાનાલાલ કરતાં પણ કદાચ વિશેષ રસિક નાના નાના કે મોટા મોટા રાસ ઘડશે. અને સ્ત્રીજનને સ્વાભાવિક નૃત્યકલા અને અભિનયકલાથી ગરબે રમીને ગાશે અને ગવરાવશે. આપણા સ્ત્રીજીવનની પુનર્ઘટનામાં આમ રાસડા અને તેને અંગે ખીલતી લલિત કલાઓ માટે ઉજ્જવળ ભાવિ છે. એ ભાવિ આવી ઘણીએક રઢીઆળી રાતો ઉપરાંત આપણા વિસ્તરતા જીવનક્ષેત્રોને સુરસભર્યાં રસગીતોથી રેલી નાખશે.

સગ્રાહકે પ્રત્યેક રાસને શીર્ષક આપી એના ઉદ્દેશ ને સ્વરૂપને ટુંકામાં પણ રસિક રીતે ટિપ્પણો આપી સમજાવ્યું છે. લોક શબ્દોનો એક નાનો કોષ પણ ઉપયોગી થઇ રહે એવો છે. આ સાહિત્યની આ નાની સુની સેવા નથી.

સાંપ્રત કાલમાંએ આપણાં રસિકહૃદયો આવા રાસોની ગુંથણી ગુંથવાનું ભુલી શક્યાં નથી. કાલે કાલે પ્રજાજીવનના ઉદ્રેકકાલે કે નવરસમાંના એકની ભરતી કાલે એ આપણા જીવનક્ષેત્રમાં સ્થળેસ્થળ અને પ્રસંગેપ્રસગે પ્રત્યક્ષ થતા જાય છે.

પણ નવીન કરતાં જુના રાસડાઓ કે લોકગીતો આપણા ગુજરાતના વાતાવરણમાં હજીએ ઘણુંઘણું વિવિધ સ્વરૂપે ગુંજી રહ્યાં છે. સ્ત્રીઓના ગરબા ગરબીઓ ઉપરાંત તિથિઓ, વાર, મહીના, ઋતુઓ, હાલરાં કે શોકગીતો હજી કેટલી બધી વિવિધતામાં પુસ્તકસ્થ થવા બાકી છે ? ગુજરાતની ઢાઢણો, વડારણો, નર્તકીઓ, ભક્તાણીઓ, જોગણો કે વેરાગણો કેવાં વિવિધતાભર લોકગીત આપી શકે એમ છે? પેલી ભીખારીબાલાએ કોઇ કાળે આંગણે આવી કેવું ગાઇ જાય છે ?

એ સુડા પંખી! એ સુડા પંખી! મારી માતાને જઈ કહેજે કે લાડકી દીકરી ફરે પરે!...

× × ×

આપણા લોકગીતોના મોટા ભીનારા બંધાય એટલું બધું દ્રવ્ય ગુજરાત ધરાવે છે. કદરદાન રસિકતાને અભાવે 'આપણા ભરથરીઓ અને બજાણીઆઓ એમની સારંગીઓ કે પીપીઓને ફુટવા દઇ અદૃશ્ય થતા લાગે છે. ધીમા ઢોલક સાથે કાઠીઆવાડના લગ્નોત્સવોને રસભર કરનાર વડારણોએ સંગીતગ્રન્થ બનતી જાય છે. વગર શાળાએ આપણાં હૃદયો ઘડતી આવી ઐતિહાસિક પુરાણી સંસ્થાઓ મરણવશ થતી જાય છે. આ બધું આપણે

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૪૨૦]

ગુજરાત અને યુગધર્મ

ના

ગ્રાહકો માટે થએલી ગોઠવણ

'ગુજરાત' અને 'યુગધર્મ' એક થવાથી, ગ્રાહકો માટે બનેનું લવાજમ વગેરે ધ્યાનમા લઇ નીચેની ગોઠવણ કરવામાં આવી છેઃ—

૧. 'યુગધર્મ'ના ગ્રાહકોને 'ગુજરાત'નો શ્રાવણ સુદ ૧ પર પ્રગટ થતો અંક અને ત્યાર પછીના અંકો તેમણે લવાજમ જે સમયનું આપ્યું હશે તે પુરો થતાં સુધી મળશે.

૨. 'ગુજરાત' અને 'યુગધર્મ'ના જે સામાન્ય ગ્રાહકો છે તેમને ગુજરાતના અંકો તેમનું ગુજરાતનું લવાજમ પુરું થયા પછી પણ યુગધર્મના બાકી રહેલા લવાજમના સમયના પ્રમાણમાં ગુજરાત વગર લવાજમે મળશે.

દરેક ગ્રાહકને પત્રથી સૂચના કરવામાં આવશે.

'ગુજરાત' કાર્યાલય,

૧૦–૧૪, બેકહાઉસ લેન, મેડોઝ સ્ટ્રીટ, કોટ–મુંબાઇ ૧.

સ્વ. દેશબંધુ દાસ

ચિત્તરંજન દાસ—દેશબંધુ સદ્ગત થયા, કમભાગી હિંદનો અણીને વખતે જે સુકાની પર બધો આધાર હતો તે છોડીને ચાલ્યો ગયો. સાહિત્યક, ધારાશાસ્ત્રી, દેશભક્ત ને વીર—તેના જીવનમાં માનવતામાં અવનવા રંગો ચમકતા. ઇ. સ. ૧૯૧૯ થી, તે કોંગ્રેસમાં આવેલા. નવચેતનની તે મૂર્તિ હતી. તેણે બીસેંટનો ઉત્સાહ ઝીલ્યો; મોંટેગ્યુના સુધારાને હીસાબ વગરના ઠેરવ્યા; પંજાબમાં આદરવામાં આવેલી ડાયરશાહીને છતી પાડી; અને ગાંધીજીએ પ્રકટાવેલા ક્ષણિક ઉત્સાહનો ઉપયોગ કરી જ્યારે મહાત્મીય મુત્સદ્દીગીરી ચરખામાં વિરામ પામી ત્યારે સ્વરાજ્ય પાર્ટીની સ્થાપના કરી હિંદી મુત્સદ્દીગીરીની ધજા ફરકાવ્યા કરી.

એની બુદ્ધિ ચંચળ અને સૂક્ષ્મ હતી; એનું વાક્પાટવ સીધું અને સચોટ હતું; એનું વ્યક્તિત્વ પ્રતાપી હતું; હીંમત અડગ હતી; ધીરતા દુઃસહ હતી. સૌંદર્ય નિઃસીમ ને આત્મત્યાગ ભગીરથ હતો; ત્રણ વર્ષના ટુંકા સમયમાં એણે મરતી કોંગ્રેસ સજીવન કરી; કાઉન્સીલો કબજે કરી; ડાયર્કીને પુરી કરી. બંગાળમાં તે રાજાનો પણ રાજા હતો. ત્યાંની કાઉન્સીલ અને કોરપોરેશન પર એક ચક્રે રાજ્ય કરતાં પોતાની રચેલી રાજ્યસત્તામાં પણ બ્રીટીશ સલ્તનતને તેણે અલ્પતાનો અનુભવ કરાવ્યો. જીવનમાં અમીરી મેળવવી તે અઘરી વાત છે; અમીરી છોડી ફકીરી લેવી એ તેથી પણ અઘરું છે; પણ આવી ફકીરી લઇ અમીરોને દુર્લભ એવી સત્તાથી સત્તાધીશોને ડારવા એ કોઇ વીરલોજ કરી શકે. એ પ્રકારનો વીરલો હતો દેશબંધુ દાસ; અને એ બહાદુર હૃદય, તીક્ષ્ણ બુદ્ધિ; તે અચુક મુત્સદ્દીપણું ફરી મળવાનાં નથી!

સુરત કલાપ્રદર્શન

આવતા ઑક્ટોબર માસમાં સુરતમાં ગુજરાત કલાપ્રદર્શન ભરવાનું નક્કી થયું છે. અને

તે પ્રદર્શન ભરવા માટે નવાબજાદા મીર હાફીસુદ્દીન ખાનના પ્રમુખ સ્થાન નીચે એક કમીટી નીમવામાં આવી છે. અમદાવાદમાં રા. રવિશંકર રાવળ ના તંત્રી પદ નીચે અને મુંબાઇમાં ગણપતરાવ્ મહાગયુંછે. અને આશા છે કે આ ફેરફારથી 'ગુજરાત'ની ઉપયોગિતામાં વધારો થશે. રા. ઇંદુલાલ અને 'યુગધર્મ'ના લેખક મંડલના સહયોગથી 'ગુજરાત'નાં વૈવિધ્ય અને સમૃદ્ધિ વધશે એવી અમને આશા છે. 'યુગધર્મ'ના

સ્વ. દેશબંધુ દાસ

જન્મ: ઈ. સ. ૧૮૭૦] [મૃત્યુ ઈ. સ. ૧૯૨૫

ત્રે વગેરેની મદદથી મદદનીશ મંડળો સ્થપાયાં છે. આશા છે કે ઉત્સાહી ગુજરાતીઓ આ કામને ફ્તેહમંદીથી પાર ઉતારશે.

ગુજરાત અને યુગધર્મ

આ મહીને 'યુગધર્મ' 'ગુજરાત' જોડે જોડાઇ

સહાયક રા. કાંતિલાલ નરોત્તમદાસ દેસાઇ પણ સંસદના કાર્ય સાથે તાદાત્મ્ય સાધી 'ગુજરાત'ના તંત્રીમંડલ સાથે સહયોગ સાધવા ઇચ્છા રાખે છે; તેથી પણ 'ગુજરાત' ભાગ્યશાળી નીવડયું છે એવી અમારી માન્યતા છે.

સેંકડો ગંદીલાં મોઢાં અને સડેલા દાંત જાતે તપાસી તેનો અભ્યાસ કર્યો છે. મોઢાં અને દાંતને સ્વચ્છ રાખવા માટેની જરુરીઆત આ યુગમાં સર્વ કોઈ મુક્તકંઠે સ્વીકારે છે અને તે દિશામાં ચોક્કાં પગલાં પણ લે છે. એ દિશામાં વધુ વ્યવહારુ જ્ઞાન મેળવવા ઇચ્છનારને ગ્રંથકર્તા પાસેથી એમનું એકાદ પુસ્તક મંગાવી વાંચવાની ભલામણ કરીએ છીએ.

જૈનો અને માધ્યમિક શિક્ષણઃ લેખકઃ અને પ્રકાશકઃ રા. નરોત્તમ બી. શાહ મુંબાઇ જિજ્ઞાસુ જૈનભાઇઓને પોસ્ટેજ મોકલવાથી મફત આપવામાં આવે છે.

જૈન જ્ઞાતિમાં માધ્યમિક કેળવણીના પ્રચારની આવશ્યકતા, તેને કાર્યમાં પ્રત્યક્ષ કરવાની યોજના વગેરે વિષયો આ નાનકડા પુસ્તકમાં એક સમાજ સેવકના દૃષ્ટિબિંદુથી ઉકેલવામાં આવ્યાં છે.

માલિનીઃ અનુવાદક અને પ્રકાશકઃ રા. ભક્ત નરસિંહભાઇ રામભાઇ વિશ્વભારતી, શાંતિનિકેતન. મૂલ્ય. રુ. ૦-૫-૦.

કવિવર રવીંદ્રનાથ ઠાકુરની એક બંગાલી નાટિકાનું સરળ ભાષામાં શાંતિનિકેતનમાં અભ્યાસ કરતા એક ગુજરાતી વિદ્યાર્થીએ કર્યું છે.

ક્રાંતિની જ્વાલાઓઃ લેખકઃ રા. લતીફ પ્રકાશકઃ કચ્છ પ્રકાશક મંદિર મુંબાઇ મૂલ્યઃ નથી લખ્યું.

શ્રી નર્મદા આશ્રમ શુકલતીર્થ, ભરુચ, પ્રકાશક; માનદ મંત્રીઓ, રા. ગંગાદાસ ઇશ્વરભાઇન પટેલ અને રા. હિરજીવન કાલિદાસ મહેતા.

શાળાની શિક્ષણ પ્રણાલિ અને કાર્ય સંબંધી માહીતી આમાંથી મળી રહે છે.

જીંદગી લેખક અને પ્રકાશકઃ રા. મુશફ્અલી હસનઅલી લાકડાવાલા કરાંચી. મૂલ્ય રુ. ૦-૨-૦.

શ્રી સરસસ્વતી પુસ્તકાલયનો સાતમો રીપોર્ટ તા૦ ૧-૧-૨૪ થી ૩૧-૧૨-૨૪ સુધીનો અહેવાલ. પ્રકાશકઃ માનદ મંત્રીઓ શ્રી સ. પુ. દરીઆપુર, અમદાવાદ.

સ્ત્રીબોધનું પાંચમા વર્ષનું બાલક (સિંહાસન બત્રીસી તથા રામાયણની વાતો સાથે) તંત્રીઓઃ પુતળીબાઇ કાબ્રાજી તથા કેશવ-પ્રસાદ છોટાલાલ દેસાઇ પ્રકાશકઃ જીવનલાલ અમરશી મહેતા. અમદાવાદ. મૂલ્યઃ ૧-૮-૦.

શ્રી બાળ સુધારક જૈન વ્યાયામ શાળા ભરુચ ચતુર્થ વાર્ષિક રીપોર્ટ. પ્રકાશકઃ મંત્રી શ્રીબાળ હિતેચ્છુ મંડળ ભરુચ.

પ્રભુતાને પંથે અનુવાદક અને પ્રકાશકઃ રા. વિષ્ણુપ્રસાદ ત્ર્યંબકલાલ દેસાઇ. મૂલ્ય રુ. ૦-૬-૦.

મી૦ ટ્રાઇન નામના ભગવદ્પુરુષના 'થોટસ્ ફ્રોમ ટ્રાઈન' નામના પુસ્તકનો સરળ અનુવાદ છે.

શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મહાસભાનું સંવત ૧૯૮૧-૮૧ ની સાલનુ વાર્ષિક નિવેદનઃ પ્રકાશકઃ મંત્રીઓ પુ. મા. વૈષ્ણવ મહાસભા અમદાવાદ.

રાંદેર મેહરીશે ઇસલામ કુતુબખાનાનો ૧૯૨૪ ની સાલનો અહેવાલઃ પ્રકાશકઃ માનદ મંત્રીઓ મે. ઇ. કુ. રાંદેર.

શ્રી વાંકાનેર બંધુ હિતવર્ધક સમાજનો ત્રીજો રીપોર્ટ તા૦ ૧-૪-૨૪ થી તા૦

૩૧-૧૨-૨૪ સુધીનો વાર્ષિક અહેવાલ પ્રકાશકઃ શ્રીબંધુ હિતવર્ધક સમાજ વાંકાનેર.

શ્રી વાડાશીનોર હિતેચ્છુ મંડળનો સાત વર્ષનો રીપોર્ટ પ્રકાશકઃ વ્યવસ્થાપક શ્રી વાડાશીનોર હિતેચ્છુ મંડળ.

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લીમીટેડ વડોદરા વ્યવસ્થાપક મંડળનો પ્રથમ વાર્ષિક રીપોર્ટ, પ્રકાશકઃ રા. ભાઇલાલભાઇ ખુશાલભાઇ પટેલ, મંત્રી.

જગતમરના ક્રાંતિઉત્ક્રાંતિના ઇતિહાસની આ નાનકડી અપદ્યાગદ્યમાં આલોચના છે.

રમલશુકનાવળી, પ્રકાશકઃ ગ. ગૌરીશંકર જીવનરામ અપેકા; મળવાનું ઠેકાણું ગ. તરંગી 'ગુજરાતી' છાપખાનું મુંબાઇ. મૂલ્ય રૂ. ૦-૨-૦

રસિક વાર્તા તો પુસ્તકના પ્રકાશક જણાવે છે કે નેપોલીઅન બોનાપાર્ટે પોતાની લડાઇઓમાં આ રમલ શુકનાવળીનો લાભ લીધો હતો! ભવિષ્યના જિજ્ઞાસુઓને આ પુસ્તકદ્વારા ખાત્રી કરવા ભલામણ છે.

ઇશ્વર કોનો છે? લેખકઃ અને પ્રકાશકઃ ઠક્કર દેવજી ગોરધનદાસ, મુંબાઇ ૪ મૂલ્ય રૂ. ૦-૮-૦

એક નાનકડી સામાજિક વાર્તા છે.

નિર્ભાગી ગુલાબ અને નવી વાડીની નામીચી નંદુ લેખક અને પ્રકાશકઃ ભાડુતી સાસુનો મોજીલો જમાઈ જે. માસ્તર મુંબાઇ, મૂલ્ય રૂ. ૦-૮-૦.

સમાજ સેવકઃ પત્રિકા ૧૮ મી પ્રકાશકઃ વ્યવસ્થાપક રા. ગોકુળદાસ હીરજી ઠક્કર. જામનગર.

સૂચિપત્રઃ આર વનમાળીદાસનું ૧૯૨૫ ની સાલનાં પુસ્તકોનું સૂચિપત્ર.

શ્રી નીતિ વાચનમાળા મણકો ૩ જો. સંગ્રાહક, અનુવાદક અને પ્રકાશકઃ રા. શાસ્ત્રી ગંગાશંકર મંછાશંકર સુરત. મૂલ્ય રૂ. ૦-૨-૦

સંક્ષિપ્ત હીંદુસ્તાની વ્યાકરણ કર્તાઃ ડી. જે. દેસાઇ, લીંબડી. મૂલ્ય રૂ. ૦-૪-૦

વિધવાવિવાહ સાહાય્યક મંડળી લાહોરનો વાર્ષિક અહેવાલ અને વિધવાવિવાહને ઉપયોગી સાહિત્ય પ્રકાશકઃ મંત્રી વિ. વિ. સા. મંડળી, લાહોર.

મુદ્રણકળાનાં મુખ્ય અંગ

સુંદર અને આકર્ષક કામ	અનુભવી કામદારોની સેવા
ઓર્ડરોની તાત્કાલિક બજાવણી	કેળવાએલા વ્યવસ્થાપકોની દેખરેખ
નવાં ને સંપૂર્ણ સાધનો	ને સૌથી કીફાયત ભાવ.

આ સર્વનો સામટો લાભ લેવો હોય અને પુરેપુરો સંતોષ પામવો હોય તો તમારું સઘળી જાતનું ગુજરાતી તેમજ અંગ્રેજી છાપવાનું કામ

સાહિત્ય પ્રેસ—

માં આપો

ભાતભાતનાં અતિ મનોહર ને મજબુત 'બાઈંડીંગ' એ અમારી સ્પેશ્યાલીટી છે.

આજેજ ઓર્ડર આપો એટલે હંમેશ આપશો

એક વખત કામ આપો એટલે અનેક વખત આપવાનું મન થશે.

મેનેજર, **સાહિત્ય પ્રેસ,**

નં. ૧૦-૧૪, એકહાઉસ લેન, મેડોઝ સ્ટ્રીટ,

કોટ, મુંબાઇ નં. ૧.

ગધેડીઆં ખેતર

[અનુસંધાન પૃષ્ઠ ૩૪૦ થી]

કલાપી:—

મને જોઈને દોડી જતા અશ્વોને

(મંદાક્રાંતા

રે ! રે ! થોડાં સુખથી ચરજો ઘાસ વા કાંઇ ખાજો !
શાને આવા મુજથી ડરીને ખેલ છોડી ખસો છો ?
ના ના આવું અવર કહીં છે ક્ષેત્ર કો રાસભોનું,
જેમાં અશ્વો રસહીન ધરા ખુબ ખુંદે ખરીથી.
મે ના વા'લાં ! પશુ હૃદયનાં દુઃખ છે કાંઇ જોયાં,
તેથી હું તો સમજી ન શકું કાંઇ દુઃખો તમારાં;
બાપુ ! કિંતુ સુખથી અહીંઆં ખુબ દોડો ફરોને,
ભુલી દુઃખો અવર સહુને ક્રીડ કૈં આચરોને.
છે આનંદે વધુ વિમલતા કૈંક દુઃખાર્ત્તનાથી,
માટે અશ્વો વધુ ભરી ચપલતા ભાઇ કૈં રાસભોથી;
માટે અશ્વો તણું બની જવા સ્થાન આ ક્ષેત્ર આખું,
ભાસે નીમ્યું કુદરત થકી એમ નક્કીજ એવું.
ના છે કૃત્યો હયયમ બીજાં તેજી કો માનવીનાં;
તેના વિના જગતપર તો કોણ છે દુઃખી એવું !
એવું જોઇ સુખથી ચરજો ઘાસ વા કાંઇ ખાજો !
ને ના આવા મુજથી ડરીને કોઇ દિ ભાગી જાજો.

નાનાલાલ:—

સૃજનજાતું (¹) સર્જનજાતું દૃશ્ય

ઉદધિનો કાંઠે હતો,
ને કાંઠા ઉપર તે ખેતર હતું—
જાણે સહસ્રાક્ષની સુવર્ણ રેશા.
આસપાસ અંધારાં ઉગતાં,
ને મહાસમાજની ફોરમ પમરતી;
પશ્ચિમના મંદિરની ઉપરથી જોતાં,
આગળ હરપીતાલ દેખાય છે ખરું ?
જનતાના ચૈતન્યને એ મહત્ આરે,
શૂન્યમુખ ચિદાકાશ શો હું ઉભો હતો;
ને અંતરમાં વિચારો કૈંક ઘોળતો.

ચહા પીધા પછી જગદીશ અને શ્રીકાંત અભ્યાસગૃહમાં ગયા.

"આનો અર્થ શો ?" શ્રીકાંતે તોછડાઇથી પુછ્યું; "શા માટે અહીં આવ્યો છે?"

બે ત્રણ મીનીટ અભ્યાસગૃહમાં શાંતિ પ્રસરી રહી.

"મારો વિચાર તારા પાપને પ્રકાશમાં આણવાનો હતો, પણ નહીં, એ વિચાર મેં બદલ્યો છે. પંદર વર્ષ વીત્યા પછી મને કોઇ ઓળખી શકે તેમ નથી અને તેથી હું અહીંઆંજ–તારે ત્યાં–રહેવા વિચાર ધરાવું છું. મારે ફક્ત એકજ ઓરડી જોઇશે. દર મહીને તારે મને દોઢસો રુપીઆ અને મારે તને પ્રતિવર્ષે એક નવલકથા લખી આપવી." ઠંડે કલેજે જગદીશે જવાબ વાળ્યો, અને પાસે પડેલા સીગરેટ બૉક્સમાંથી સીગરેટ લઇ ધુમાડા કાઢવા લાગ્યો.

જગદીશની આ ઠંડી વર્તણુંકથી શ્રીકાંત ... રે છંછેડાયો અને ત્રાડ પાડી ઉઠયો; "જગદીશ! શા માટે હેરાન થાય છે? પોલીસને ખબર આપું કે તરતજ તારા હાથમાં બેડી પડશે અને બે ત્રણ વર્ષ માટે ઠેકાણે જશે. નાહક હેરાન શા માટે થાય છે? જ્યાંથી આવ્યો ત્યાં સીધો ચાલ્યો જા."

જવાબમાં જગદીશ ખડખડાટ હસ્યો,–"હું તો બેજ વર્ષ ઠેકાણે જઇશ પણ તારી શી વલે થશે? શ્રીકાંત દલાલને નામે નવલકથા કેવી રીતે ખપશે?"

"જગદીશ, તું અગ્નિ જોડે રમત કરે છે. હજી પણ સમજ" અભ્યાસખંડમાં આંટા મારતા શ્રીકાંતે કહ્યું. "...ધાર કે હું તારી શરત સ્વીકારું પણ તું મને ભવિષ્યમાં હેરાન તો નહીં કરેને?"

"બીલકુલ નહીં. ગુજરાતી ભાષાના પ્રખર વિદ્વાન્ રા. શ્રીકાંત દલાલને તે કોણ હેરાન કરી શકે?" શાંત સ્વરે જગદીશ બોલ્યો. "ત્યારે તું શરત સ્વીકારે છે?"

શ્રીકાંત જમાનાનો ખાધેલો હતો. શરત સ્વીકારવામાંજ તેણે લાભ જોયો.

"લતા, ઓ લતા"...સુંદર સ્નેહલતા બહાર આવી.

"આ મારા મિત્ર અહીં આપણી સાથેજ રહેશે. એમને માટે એક ખંડની વ્યવસ્થા કર" શ્રીકાંતે સ્નેહલતાને કહ્યું.

"શ્રીકાંત મને હમણાં બસોનો ચેક લખી આપ. મેં મારું નામ બદલવાનો વિચાર કર્યો છે. ચેક 'વિશ્વેશ. બી. મહેતા' ને નામેજ લખજે" જગદીશે–વિશ્વેશે કહ્યું; "હું હમણાં મારા મિત્રના પુત્રને તેડવા મુંબાઇ જાઉં છું."

ઉદ્વિગ્ન શ્રીકાંત વિશ્વેશને સ્ટેશન તરફ જતો નીહાળી રહ્યો.

૪

છ અઠવાડીઆં થયાં પણ જગદીશે–વિશ્વેશે ત્યાર પછી દેખાવ દીધો નહીં. શ્રીકાંતની ચિંતા વધતી ગઇ. ઓચીંતો એક દહાડો વિશ્વેશ એક વીસ વર્ષના યુવક સાથે આવ્યો.

"શ્રીકાંત! માફ કરજે. કેટલાક અનિવાર્ય સંજોગોને લીધે મારાથી તારે ત્યાં ન આવી શકાયું," વિશ્વેશે મંગળાચરણ કર્યું; "અને આ મારા સદ્ગત મિત્રનો પુત્ર વિનોદ" યુવક તરફ દૃષ્ટિ કરી કહ્યું.

યુવક વિનોદ જરા શરમાળ દેખાતો હતો. એના પાલક પિતા વિશ્વેશને માટે એને ઘણુંજ માન હતું; પણ કોણ જાણે શાથી તે હંમેશાં ઉદ્વિગ્ન અને વિચારમગ્ન રહેતો.

વિશ્વેશે આનું કારણ શ્રીકાંત તથા સ્નેહલતા પાસે વ્યક્ત કર્યું. "ગરીબ બીચારો

વિનોદ તેના પિતાના અચાનક મૃત્યુ પછી હંમેશાં ઉદાસજ રહે છે. એ આનંદમાં રહે એ સારુ તો એને અહીં મારી સાથે લેતો આવ્યો. "વિનોદ!" યુવક તરફ ફરી તેણે કહ્યું; "આ તારુંજ ઘર સમજજે. તારે તો અહીં મારી સાથેજ રહેવાનું છે. મારો અને તારા પિતાનો મૈત્રી સંબંધ તો......" વિશ્વેશથી વધુ બોલાયું નહીં. એની આંખમાં ઝળઝળીઆં આવ્યાં.

શ્રીકાંતે સંકુચિત નજરે વિનોદ તરફ જોયું; પણ સ્નેહલતાને તો વિનોદની ઘણીજ દયા આવી.

દિવસ પર દિવસ વીતવા લાગ્યા. સ્નેહલતા વિશ્વેશ તથા વિનોદ જોડે હળી ગઇ. વિશ્વેશને તે 'કાકા' કહીને સંબોધતી; કોણ જાણે કેમ પણ વિનોદ હોય તો તે શરમાઇ જતી.

વિનોદ હજુ પણ ખિન્ન રહેતો. આખો દિવસ તે વિશ્વેશના ખંડમાં બેસી રહેતો અને વાંચ્યા કરતો. કોઇ વખતે સ્નેહલતા છુપાઇને તેના નિઃશ્વાસ સાંભળતી. ઘણીએ વખત તેની મુખમુદ્રા પરના ભાવો વાંચવાને લતાએ વિચાર કર્યો; પણ હીંમત નહોતી ચાલતી; શરમ આડે આવતી.

શ્રીકાંત પણ વિનોદ તરફ ભાવપૂર્ણ નયને જોતો. સંશયનું સ્થાન અનુકંપાએ લેવા માડયું હતું. એક વખત તો વિશ્વેશને કહ્યું;" "વિશ્વેશ! વિનોદને આમ એકલો શા માટે રહેવા દેતો હશે? એકલવાયો રહેવાથીજ એ ઉદાસ રહે છે. એનો વિચાર હોય તો મારા મિત્રની ઑફીસમાં બેસાડી આપું. મનુષ્યે કંઇપણ કામ તો કરવુંજ જોઇએ.

"તમારી માફક" આંખના ચમકારાની સાથે જવાબ મળ્યો.

સમય વિચારી શ્રીકાંતે વાત પડતી મુકી. ત્રણ વસંત વીતી ગઇ.

૫

વિશ્વેશ હજી સુધી વચનભંગ થયો નહતો. શ્રીકાંત દલાલની છેલ્લી નવલકથા "લવંગિકા" એ તો નવલકથા સૃષ્ટિમાં કોલાહલ કરી મુકયો. મનોહારક વસ્તુ અને શિષ્ટ શૈલી પછી પુછવુંજ શું? ૭ મહીનામાં બીજી આવૃત્તિએ વિશ્વનાં દર્શન કર્યાં. શ્રીકાંતનો તો હર્ષ માતો નહતો. તેનું અંતઃકરણ વિશ્વેશને અભિનંદન અર્પી રહ્યું.

"અરુણ" માં "સમાલોચના" ના શીર્ષક હેઠળ નીચેનો લેખ પ્રસિદ્ધ થયોઃ "પ્રસિદ્ધ નવલકથાકાર રા. શ્રીકાંત દલાલની "લવંગિકા" નો ગુર્જર આલમને પરિચય કરાવતાં અમોને આનંદ થાય છે. આધુનિક લેખકોમાં રા. શ્રીકાંત દલાલનું સ્થાન નિર્વિવાદ ઉંચું છે; અને 'પ્રેમનો પ્રવાહ,' 'કલંકમય ચંદ્ર' વગેરે પુસ્તકો એની સાક્ષી પુરશે......પરંતુ આ નવલકથાથી તો રા. દલાલે નિઃશંક પોતાનું નામ અમર કર્યું છે. એમની શૈલીનો ગુજરાતી આલમને પરિચય કરાવવો એ તો મોરનાં ઇંડા ચીતરવા બરાબર......રા. દલાલ જેવું રત્ન સાંપડવા માટે ગુજરાતના અહોભાગ્યજ સમજવાં...રા. દલાલે એક યુગ સ્થાપ્યો એમ કહીએ તો બીલકુલ અતિશયોક્તિ નહીં ગણાય. આ યુગને "શ્રીકાંત યુગ" શા માટે ન કહેવો ?... ....અંતમાં રા. દલાલને "અરુણ" તથા ગુર્જર જનતા તરફથી અભિનંદન."

સ્નેહલતાને પિતાના દંભી જીવનની માહીતી સરખી પણ ન હતી. "અરુણ" લઇ દોડતી દોડતી તે વિનોદ પાસે ગઇ અને પિતાનાં યશોગાન વંચાવ્યાં.

..વાંચીને વિનોદે મંદ સ્મિત કર્યું.

સ્નેહલતાએ અઢારમી વસંતને આંગણે પગમુકયો. તે "બાલા મટી યૌવના" થતી ગઇ તેમ તેમ તેના પિતાની ચિંતા વધતી ગઇ. શ્રીકાંત સ્નેહલતા તરફ જોઇ રહેતો અને તેની દૃષ્ટિમાં વાત્સલ્યની આછી રેખા પ્રકટવા માંડી હતી. જાણે કેમ કોઇએ ભુરકી ન નાખી હોય તેમ લતા, રમતીઆળ લતાની પ્રકૃતિ બદલાતી જતી હતી. વિશ્વેશ કાકાના ખંડમાં દોડતી દોડતી જાય અને વિનોદને જુવે તો ઘડીભર અવાક્ બની ઉભી રહેતી. સ્નેહ અને સૌંદર્યની પ્રતિમા સમી સ્નેહલતાએ હવે નવુંજ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઉદ્યાનમાં કોકિલા ટહુકતી અને ખીજીને કહેતી "જોઇ લે, આ યૌવનવસંતના સમીરનો પ્રતાપ."

પ્રકૃતિદેવી આ ફેરફાર અધુરો કેમ રાખી શકે? વિનોદમાં પણ પરિવર્તન ચાલી રહ્યું હતું. એક વખતનો શરમાળ અને વિચારમગ્ન વિનોદ હાલમાં બહુબોલો અને આનંદી જણાતો; કેમ જાણે લતાએ અને વિનોદે પરસ્પરની પ્રકૃતિ બદલી નહીં નાખી હોય!

વિશ્વેશ અને શ્રીકાંત આ પરિવર્તન કળ્યા. શ્રીકાંત સાવધાન બન્યો. "શું લતા ખરેખર વિનોદને ચહાતી હશે?...એમ નહીં બને. મારી લતા એક નિર્માલ્ય વૃક્ષને નહીં વીંટળાય." ગમે તે હો પણ શ્રીકાંતની દૃષ્ટિને વિનોદ કંટક સમાન લાગ્યો. વિનોદ શ્રીકાંત જોડે હસી હસીને વાત કરવા પ્રયત્ન કરતો. પણ વિશ્વેશે જોયું કે શ્રીકાંતના વદન પર નિરાશા અને ક્રોધની છાયા પ્રસરતી હતી.

સંધ્યા સમય થવા આવ્યો હતો અને દક્ષિણાનિલની સુરભિ પ્રસરી રહી હતી. શ્રીકાંત ખંડમાં વિચારમગ્ન બેઠો હતો. વિશ્વેશે પ્રવેશ કર્યો. શ્રીકાંત ચમકયો.

"શ્રીકાંત! હું અગત્યની વાત કરવા માગુ છું" વિશ્વેશે ખુરસી ખસેડતાં કહ્યું.

"અગત્યની વાત!" શ્રીકાંતે વહેમી નજરે વિશ્વેશ તરફ જોયું.

"હા. લતાના સુખનો આધાર આ વાત પરજ છે. તને લતામાં થતું પરિવર્તન માલમ પડતું નથી? તારી નવલકથાની નાયિકાઓમાં તો તું બધાં પરિવર્તન નીહાળી શકે છે." વિશ્વેશથી સ્મિત કરી દેવાયું. "હું એમ કહેવા માંગું છું કે તારી એકની એક પુત્રીના સુખ ખાતર વિનોદ જોડે એનો વિવાહ કરવો; કેમ ચમકયો?"

"વિશ્વેશ, જીભને કાબુમાં રાખ. જેમ આવે તેમ બોલતાં શરમાતો નથી? લતાનો વિવાહ વિનોદ સાથે! ખાંડ ખા ખાંડ. કયાં એક સંસ્કારી કન્યા અને કયાં એક આળસુનો પીર!" દૃઢ સ્વરે શ્રીકાંતે પ્રત્યુત્તર આપ્યો.

બારણાની ફાટમાંથી બે ચળકતી આંખો આ નીહાળી રહી હતી. એક નિઃશ્વાસ સંભળાયો.

"શ્રીકાંત, તું વિનોદને અન્યાય કરે છે. વિચાર કરીને જવાબ આપ. લતાને ખાતર તો વિચાર કર."

"વિશ્વેશ! તું અણુઘટતી છુટ લે છે. કામધંધા વિનાનો વિનોદ તે લતાને લાયક પતિ! ભલે તે સારા કુળમાં જન્મેલો હોય પણ એ કંઇ લતા માટે લાયકાત કહેવાય નહીં. આખો દિવસ વાંચ્યા કરે એવો જમાઇ તો મને ન પાલવે. તુંજ કહે કે વિનોદ જેવા રઝળતા યુવકને તું તારી કન્યા આપે?"

"શ્રીકાંત! વિનોદ કામધંધા વિનાનો નથી. હું તને ખાત્રી આપું છું." કમળાની છબી તરફ નીહાળતાં વિશ્વેશે કહ્યું.

"તું તો ગાંડો થયો છે. ચાલ, આવી વાત ભવિષ્યમાં ન કરતો. મારે મુંબાઇમાં મીટીંગમાં જવાનો વખત થવા આવ્યો છે" અભ્યાસગૃહની બહાર જતાં શ્રીકાંતે કહ્યું.

સ્નેહલતાની—અભ્યાસગૃહના બહારના ખુણામાં ઉભેલી સ્નેહલતાની આંખમાંનાં આંસુ વિશ્વેશની દૃષ્ટિએ પડયાં.

સ્નેહલતાની—કમળાના રત્નની-વિશ્વેશને દયા આવી. બીજી વખત શ્રીકાંત જોડે વધારે મક્કમ થવાનો વિચાર કર્યો.

૭

શીઆળો પુર બહારમાં હતો અને પ્રખર પવન લોકોની પ્રકૃતિમાં સુધારો—બગાડો કરી રહ્યો હતો. વિનોદ મેલેરીઆનો ભોગ થઇને પડયો. વિશ્વેશ અને સ્નેહલતા તેની સારવારમાં ગુંથાયાં.

"લવંગિકા" પ્રસિદ્ધ થયા પછી પ્રકાશકની માગણી ફરીથી વધતી ચાલી. સબળ સાહિત્યક શ્રીકાંત દલાલની વાનગી ચાખવા જનતા તત્પર થઇ રહી હતી. શ્રીકાંતની અસ્વસ્થતાની વાત ફરીથી સાહિત્યઆલમમાં પ્રસરી. બરાબર વખતસરજ શ્રીકાંતને માંદા પડવાની ટેવ હતી! કેટલા દિવસ સુધી માંદા રહી શકે? વધુમાં વધુ અઠવાડીયુ. અઠવાડીયા પછી વિશ્વેશને શ્રીકાંતે અભ્યાસગૃહમાં બોલાવ્યો.

"વિશ્વેશ! 'લવંગિકા' પ્રસિદ્ધ થયે વર્ષ પુરું થવા આવ્યું છે. હું આશા રાખું છું કે તું વચનભંગ તો થવા માગતો નથીજ" શ્રીકાંતે મંગળાચરણ કર્યું.

વિશ્વેશ હસ્યો. ઠીક લાગ આવ્યો હતો.

"શ્રીકાંત! લાચાર છું. 'કામધંધા વિનાનો રઝળતો યુવક' કેવી રીતે નવલકથા લખી શકે?" હાસ્યમિશ્રિત ગાંભીર્યથી વિશ્વેશે જવાબ આપ્યો.

"વિશ્વેશ! ચાલાકી રહેવા દે. 'કામધંધા વિનાનો રઝળતો યુવક' અને આ વાતને શું લાગે વળગે છે? વસંત ગ્રંથમાળાનું દસમું પુષ્પ ફેબ્રુઆરીમાં બહાર પડવુંજ જોઇએ" શ્રીકાંતે તોછડાઇથી વાત કરવી શરુ કરી.

'શ્રીકાંત! હું ખરુંજ કહું છું. કોઇ પણ વાર્તાનું લખાણ હવે તને મળી શકશે નહીં. લેખક મેલેરીઆ અને "લવેરીઆ"નો ભોગ થઇ શય્યાવશ છે."

"તદ્દન જુઠું. તું તો અહીં જીવતો જાગતો બેઠો છે. મેલેરીઆ અને "લવેરીઆ" વળી શું? યાદ કર "ભારત બેંક"નો ગોટાળો. કેમ ચક્કી પીસવાનો વિચાર કર્યો છે કે શુ" શ્રીકાંત વધારે છેડાયો.

નાનાશા અભ્યાસ ખંડમાં શાંતિ પ્રસરી. વિશ્વેશના હાસ્યધ્વનિએ શાંતિનો ભંગ કર્યો.

"શ્રીકાંત! પોલીસને ખબર આપશે તો હું તો બેજ વર્ષ જેલમાં જઇશ, પણ તારું શું થશે તેનો કંઇ ખ્યાલ આવે છે? સાહિત્યસૃષ્ટિમાં જાહેર થશે કે શ્રીકાંત દલાલ મહા પ્રપંચી અને દંભી છે. તારી કીર્તિની ઇમારતના પાયાને જડમુળથી ઉખેડવાનો પ્રસંગ આવશે. કેમ, મારબાવડીમાં ખબર આપવી છેને?" વિશ્વેશે શાંત ચિત્તે પરખાવ્યું.

શ્રીકાંતના વદન પર ભયની રેખાઓએ પ્રાધાન્ય મેળવ્યું. "શ્રીકાંત યુગ" (1)નો વિધાતા ગરીબ ગાય જેવો બની ગયો. વિશ્વેશે આ ફેરફાર જોયો.

"હં, શ્રીકાંત! આપણે નાહક વિષયાંતર કર્યો. ભવિષ્યમાં તને એક પણ નવલકથા

મારા તરફથી નહીં મળી શકે. લેખક, મેં કહ્યું તેમ, અવ્યાવશ્ય છે."

"વિશ્વેશ! જગદીશ, મને કૈંપણ સમજ પડતી નથી. લેખક અને મેસેરીઆ એ બધું શું? જરા ખુલાસો તો કર" શ્રીકાંત ઠેકાણે આવતો હતો.

"તારી છેલ્લી નવલકથાનો લેખક હું નથી. તારાજ શબ્દોમાં કહું તો લેખક કામધંધા વિનાનો અને રઝળતો યુવક છે. હવે તો તું સમજ્યો હશે."

શ્રીકાંતના મુંઝવાએલા મગજ પર પ્રકાશની રેખા પડી. ઘડીભર સ્મૃતિપટ પર વિનોદની આકૃતિ જોઇ રહ્યો.

"શું વિનોદ 'લવંગિકા'નો પ્રયોજક?" મહામહેનતે શબ્દો ઉચ્ચાર્યા.

"હા, વિનોદ 'લવંગિકા'નો લેખક. એ કામધંધા વિનાનો નથી. ગુજરાતી સાહિત્યનો એક ઝળકતો સીતારો છે......હું મદિ પડયો. મારાથી તને વચન અનુસાર નવલકથાનું લખાણ મોકલાવાત નહીં પણ વિનોદે મારી—અને તારી પણ—આબરૂ સાચવી. તું જોઇ શકશે કે વિનોદની લેખિની ઘણીજ પ્રબળ છે. તેની શૈલી મોહક છે. તેજ મને કહ્યું હતું કે 'લવંગિકા'નો સૌથી વિશેષ ઉઠાવ થયો."

વિશ્વેશ,—જગદીશ, શ્રીકાંતના વદન પર વિષાદની છાયા જોઇ શકયો.

"જગદીશ, મિત્ર! મને માફ કર. હું ન પીછાણી શકયો." તેના સ્વરમાં આંસુ હતા.

"શ્રીકાંત, કાંત! ગઇ ગુજરી વીસરી જા. તારી લતાના—તારી કમળાની એકની એક પુત્રીના—ભવિષ્યનો વિચાર કર. ગુજરાતના શિષ્ટ લેખક અને લતાનું સંમીલન થવા દે."

"જગદીશ! એમજ થશે. લતા અને વિનોદ વસંત પંચમીને દિને લગ્નગ્રંથિથી જોડાશે... ...અને મારે આ ખોટી કીર્તિ જોઇતી નથી. સાહિત્યવિશ્વમાંથી શ્રીકાંત દલાલનું નામ હવે હંમેશને માટે અદ્રશ્ય થશે. સાહિત્ય રસિકજનો ભલે જાણે કે "શ્રીકાંત યુગ"ના વિધાતા સાહિત્યસૃષ્ટિમાંથી વાનપ્રસ્થ થયા છે. અને મને ખાત્રીજ છે કે વિનોદને—'લવંગિકા'ના લેખકને—તેઓ નક્કી તેના સસરાના આસને સ્વીકારશે." શ્રીકાંત વધુ બોલી ન શકયો. એની આંખમાંથી અશ્રુધારા વહી રહી હતી.

જગદીશ પણ આ દ્રશ્ય ન જોઇ શકયો. તેનો રુમાલ આંસુથી તરબોળ થઇ ગયો.

૮

સ્નેહલતાની સારવારથી વિનોદ તદ્દન સારો થઇ ગયો.

સંધ્યા સમય થયો હતો. વિનોદ "સ્નેહ-સદન"ના બગીચામાં ફરીને પ્રકૃતિ દેવીની લીલા નીહાળી રહ્યો હતો. બધે ફરી વળ્યો પણ વાડીની "માલણ" દ્રષ્ટિએ પડી નહીં. અંતે થાકીને એક બાંકડા પર બેઠો.

વિનોદ ચમકયો...એક સુમન માળાએ વિદ્યુતવેગે આવીને તેના કંઠને આલિંગન કર્યું. રુપાની ઘંટડીનો રણુકાર સંભળાયો. "માળા સ્વીકારશો!"

વિનોદ હસ્યો. ધીમે પગલે સ્નેહલતા પાસે ગયો અને તેનો હાથ દાબ્યો. લતા શરમાઇ ગઇ. નીચું જોયું.......અને પછી?

......ચાર આંખો ચમકી.

મોહન-માયા

[અનુસંધાન પૃષ્ઠ ૩૫૦ થી]

અંબાલાલ

[નાટક ભજવાય છે તે સમજ્યો. પણ તેનું રહસ્ય જાણી નથી શકયો. છતાં વાતમાં ભાગ લે છે.] આપકી ગેરસમજ હોતી હય, સરદાર સાહીબ!

હીરાસિંહ

બેઅદબી માફ કરના, શેઠજી! આપકા માયના મય અચ્છી તરાહ સમજ ચુકા. ટાગોર અપના મહેમાન હય; આપ ઉસકો બરબાદ કરને નહીં ચાહતા. વો બીલકુલ ઠીક.

મોહન

[કટાક્ષમાં] મુઝે બરબાદ?

હીરાસિંહ

[અંબાલાલને] મગર એસા ફરેબસે આપ સરદાર હીરાસિંહકો નહીં ફસાઓગે! યેહ શખ્સ ખરેખર ટાગોર હય. હરેક બાતમેં ચોરી બતાતી હય. [દલીલના ડોળથી] અચ્છા, યેહ તો બતાઓ કે જો યહ ટાગોર ન થા તો આપ ઔર પ્રોફેસર સાહેબ જબ દાખલ હુએ તબ કયું ગભરાયે લગતે થે? [જમણે દરવાજેથી માયાવતી આવે છે. હીરાસિંહને જોઇ ગભરાટમાં બુમ પાડે છે.] ઔર અભી યહ અપની બેન કયું ગભરાઇ દીસંતી હય?

અંબાલાલ

[માયાવતીને ઇશારત કરે છે.] આપકો આજ ફીર દેખને લીયે ઉસકો હયરત-આનંદ-હુઆ ઇસ લીયે...કેમ નહીં, માયા બહેન?

માયાવતી

જી હાં...હાં......[બહુજ ગભરાએલી]

હીરાસિંહ

[મોહનને] અચ્છા, ઝનાબ! તો આપ કહતે હોકે આપકા નામ ઇલ્કાબ સર મોહનદાસ માધવદાસ બેરોનેટ હય-યાને રવીંદ્રનાથ ટાગોર કવિરાજ નહીં.

મોહન

[ટંકોરમાં] આપ જૈસે ગ્યાની આદમી મેરેકો ખુદ મુઝસેભી જાદતી પયછાનતે હો તો ફીર પુછના કયું?

હીરાસિંહ

અચ્છા. હમકો સીર્ફ એકજ પુરાવા દો...

મોહન

પુરાવા? કયા પુરાવા? કયસા પુરાવા?

હીરાસિંહ

[પોતાનો નામાંક્તિ કાર્ડ-નામ પત્ર-આપે છે.] યે મેરા પતા. આપકા બતાઓગે? (બન્ને સામટાં બોલે છે.)

માયાવતી

[ગભરાટમાં] ઓ પ્રભો!

અંબાલાલ

રવિબાબુ નામપત્ર...

મોહન

[ખુશ ખુશાલ નામ-પત્ર કાઢી આપે છે.] લીજીયે, ઝનાબ!

હીરાસિંહ

[વાંચે છે.] સર મોહનદાસ, માધવ મહાલ-રીજરોડ મુંબાઇ.

માયાવતી

[આસ્તેથી અંબાલાલને] આ શું?

અંબાલાલ

નવા ઝમાનાની નવી નવાઇ [હીરાસિંહને] કયું સરદાર! અબ ખાતરી હુઇ?

હીરાસિંહ

ખાતરી યાને ખાના ખરાબી. સમજ

નહીં આતી કયા તદબીર હય! અચ્છાં, સાહેબાન, ખુદા હાફીઝ! [જવા માંડે છે બાગમાંથી દાક્તર જીવરાજ આવે છે.]

જીવરાજ

[મોહનને] કેમ, કવિરાજ!

હીરાસિંહ

[એકદમ પાછો ફરે છે] કયા કહા?

જીવરાજ

અંબાલાલ શેઠનું સંગ્રહાલય જોયું કે, બાપુજી? [જમણે દરવાજેથી મધુરી અને પુષ્પા આવે છે. તેમને જોઇ બીચારા નરોત્તમના તો હોસકોસ ઉડી જાય છે.]

હીરાસિંહ

[જીવરાજને. સલુકાઇથી] માફ કરના સરકાર! મગર કહો તો સહી આપ કવિરાજ રવીંદ્રનાથ ટાગોર કો પયછાનતે હો?

જીવરાજ

[હસે છે] યહ સવાલ ભી મુઝે પુછા! ઔર મય ઉસકા જીંદગી ભરસે તબીબ!

હીરાસિંહ

[ગુસ્સાના ઝોમમાં] આપ સબ મુજ કંગાલ પર હસ રહે હો, કયુ?

મધુરી

[નરોત્તમને આસ્તેથી] આ શું છે, વળી?

અંબાલાલ

[હીરાસિંહને] ઇધર આવો, સરદાર સાહેબ, મય આપકો સમજાઉં.

નરોત્તમ

[એવડો વેષ સામટો ચાલુ રાખે છે. ને માયાવતી પુષ્પા મધુરીને આસ્તેથી કહે છે]

આ સરદાર બારો ઝેર થઇ ગયો છે. એના એના એક દીકરાને સરકારે ફોજમાં બેદીલી ફેલાવવાના ગુનાહ માટે દેશપાર કર્યો છે. સરદાર એમ માને છે કે ગાંધીજીના શિક્ષણથી અને કવિરાજના દાખલાથી છોકરામાંએ અસહકારની ધુન જાગી. એટલે એને બાપુજીને ઠાર મારવા વિચાર છે. બાપુજી બચી ગયા. કોઇ ભળતું નામ દઇ નવા આદમી થઇ પડયા છે.

પુષ્પા

[ગુસ્સામાં] અશકય! એમ હોયજ નહીં.

મધુરી

[આ છેલ્લો નિઃશ્વાસ] હીંમત પણ નહીં? હરિ, હરિ!

માયાવતી

એની તો વાત મુક મધુ!

જીવરાજ

[બીજા લોકો વાત કરે છે એટલામાં મોહન પાસે સમજુતી શોધે છે.] પણ, આ શું તુત છે?

મોહન

[એવેજ મંદ સ્વરે] નરોત્તમે તમને હીરાસિંહની કહાણી નથી કહી?

જીવરાજ

[ચમકયો.] ઓ તારી! [જરા રહી અંબાલાલ અને હીરાસિંહ પાસે સમજુતી કરાવવા જાય છે.]

નરોત્તમ

[આસ્તેથી] મોહન આ પણ ઠીક લાગ આવ્યો. મારી સ્ત્રી હવે તને બીકણ —બાયલો સમજવા લાગી છે.

મોહન

[ઉશ્કેરાય છે.] બાયલો! હું બીકણ?

અંબાલાલ

[મોટથી] અભી આ ગયા સમજ કે બીચમે, સરદાર!

હીરાસિંહ

[ઢીલો] બીલકુલ નહીં. [મોહનને] કરદો, ઝનાબ કબુલ કરદો કે......

મોહન

[પુષ્પાની હાઝરીમાં નામર્દ વેપ કેમ સજવાય ?] જી મય ઝમાનાસે કબુલ કર રહા હું કે આપ આદમી નહીં મગર હેવાન હો.

હીરાસિંહ

[ક્રોધાંધ] ક્યા કહેતે હો !

મોહન

દેખતે નહીં હો કે યહાં સબ લોગકો આપકી હાઝરીસે બેચેની હોતી હય! માના કે આપકો ગેરઈન્સાફ હુવા હય. વો ક્યા જગમેં સબકો સુનાનેકી જરૂરત હય !

હીરાસિંહ

મય તેરેકો બતાઉંગા શયતાન!......

મોહન

ઇધર ઓરત લોગકી હાઝરીમે! [ખડ ખડાટ હસે છે.] યહ નઇ કીસમકી બાહાદુરી-આજ તક ન દેખાથી.

હીરાસિંહ

તો ઓ... ખુદા...

મોહન

બાહેર જાઓ. રાસ્તા પકડો. કીસ દુસરી દફે ઇસાહેદી જગે આપ ચાહે તો તરાહ બના દઉંગા કે બાહાદુર લોગ ગાલીયાં નહીં દેતે. ઓરત લોગકે પાસ બડાઇ નહીં હાંકતા, ઉસમે ભી કુચ્છ જવામર્દી હોતી હય ?

હીરાસિંહ

દેખા જાયગા-દેખા જાયગા [ગુસ્સામાં જાય છે.]

પુષ્પા

[આસ્તેથી બહેનને અને ફોઇને] જોયું ?

મેં નહોતું કહ્યું કે એ બીકણ હોઇ શકેજ નહીં ? [જમણે દરવાજેથી જાય છે.]

અંબાલાલ

આ જરૂર કૈંક તોફાન જગાવશે. લાવ હજુ બને તો એને સમજાવું.

જીવરાજ

એ જોખમકારક આસામી લાગે છે. મહારમાજીને પણ કૈંક અણધારી ઉપાધિ કરે એવો છે. કલેકટર સાહેબને ખબર કરવી જોઇએ. [બંને જણ જાય છે. મધુરી અને માયાવતી પણ એજ વીચારવા જાય છે.]

નરોત્તમ

પણ આ તેં કેવો આટો બાફવા માંડયો છે?

મોહન

તને કૈં એમાં લાગે વળગે નહીં.

નરોત્તમ

પણ આથી તો તું એક શુરવીર નરરત્ન હીરા જેવો લાગીશ.

મોહન

બીકણ બાયલા કરતાં એ શું ભુંડું છે?

નરોત્તમ

પણ તું ભુલે છે ભાઇ! મારો કૈંક વિચાર-મધુરીનો કૈંક ખ્યાલ?

મોહન

અને મારો કૈંક વિચાર? પુષ્પાનો કૈંક ખ્યાલ?

નરોત્તમ

હેં ! શું ?

તૃતીયાંક સમાસ.

[આ રસિક નાટકનો વિશેષ ભાગ આવતા અંકમાં.]

તનમનની મહેનત કરનારાં!

ઝંડુનું

નમુનેદાર ચાટણ

કેસરી જીવન

સુશોભિત—સુવાસિત—સ્વાદિષ્ટ—પૌષ્ટિક

રસાયનરૂપ લીલાં રસદાર આમળાં સાથે રસસિંદુર અભ્રક, કેસર, કસ્તુરી અને બીજાં દીપન પાચન તથા પૌષ્ટિક ઔષધો મેળવી બનાવેલું

મહારસાયન

તમે વાપર્યું કે ?

તમે

માંદાં હો કે સાજાં હો
નબળાં હો કે સબળાં હો
નાનાં હો કે મોટાં હો
સ્ત્રી હો કે પુરૂષ હો
તમે જે હો તે

ઝંડુના કેસરી જીવનનો એક પોટ

આજેજ લઇ જાઓ: આજેજ મંગાવી લ્યો:

તનમનની મહેનત માટે તૈયાર થવા માંડો

ઝંડુ : : :
ફાર્માસ્યુટિકલ : :
વર્ક્સ, લી० : :

કારખાનું: એલ્ફીન્સ્ટન રોડ, મુંબાઇ ૧૩

મુખ્ય દુકાન: કાલબાદેવી રોડ, મુંબાઇ ૨

કેસરી જીવન—રતલ ૧ ના રૂ. ૫, રતલ બાના રૂ. રાા, બાનો રૂ. ૧ાા

કેસરી જીવનનું માહિતી પત્ર તથા આયુર્વેદિક દવાઓનું સુચીપત્ર તાકીદે મંગાવો

સ્વપ્નદ્રષ્ટા

[અનુસંધાન પૃષ્ઠ ૩૨૮ થી]

પ્રમોદરાય મુગા થઈ ગયા. સુદર્શને પિતા તરફ ઉપકારની દૃષ્ટિએ જોયું. આ લપસાવતા માખણુક્ષ-અગાધ સાગરમાં માત્ર એજ સ્થિર બિંદુ દેખાતું હતું.

સાહેબ દલાલને વીદાય કરી પાછા આવ્યા અને તેણે આરામ ખુરસી પર નીરાંતનો આડંબર કરી લંબાવ્યું. શું અને કેવી રીતે બોલવું તે નક્કી કરવા હીંડીઓ-વાવવા તત્પર થતો ખેડુત વાદળ સામું જુવે છે તેમ-અંગ્રેજો તરફ જોઇ રહ્યા.

"Well-served" (ઠીક આપી) મીસીસ સ્મીથે દાંપત્ય ભાવે સહાનુભૂતિ દર્શાવી.

"આ જાતના માણસો મારે નહીં જોઇએ. ઠીક. માભાઇ! હવે તમારી ચહાનું શું?"

"Yes Sir, Yes Madam Sahib" માભાઇ એકદમ ખુરસી પરથી ઉભા થઇ ગયા ને સ્ટવ તરફ ધસ્યા. My tea ready five minutes (મારી ચહા પાંચ મીનીટમાં તૈયાર)

"ઉપકાર થયો." મીસીસ સ્મીથે કહ્યું; "પણ હુંજ ચહા મંગાવું. તમારે કરવાની જરુર નથી. બોય ચહા લાવ."

No! No! No! Madam Sahib! my tea, my milk, ready my hands special day, special honour-must take my tea. Your tea-thanks. but my tea take, Mehrbani On poor servant. me. My tea Madam Sahib. "અમળાતાં અમળાતાં માભાઇ શેઠે બોલ્યા કર્યું". (ના, ના, ના. મડમ સાહેબ! મારી ચહા, મારું દુધ ને મારે હાથે તૈયાર. ખાસ દિવસ, ને ખાસ માન. મારીજ ચહા લેવી. તમારી ચહા માટે ઉપકાર. પણ મારી ચહા લો ને ગરીબ સેવક પર મહેરબાની કરો. મારી ચહા મડમ સાહેબ.)

પણ મીસીસ સ્મીથ મક્કમ નીકળ્યાં. માભાઇ શેઠે પોતે વહોરેલી સેવાવૃત્તિ મડમને પણ સાલી ને આખરે સમાધાન થયું. શેઠની સામગ્રી મડમે પોતાના બોયને આપી; ને બોયે આણેલી ચહા માભાઇએ બધાને પીરસી. ગામના ગપાટા અને સાહેબની ખુશામત વચ્ચે અડધો કલાક ચાલ્યો ગયો. ચહા પુરી થતાં બધાએ રુખસદ લેવા માંડી. માભાઇ શેઠે અમળાઇ અમળાઇ કુર્નીસો બજાવી; અને અંગ્રેજી ભાષાની કતલ ચાલુ રાખી પોતાની પ્રતિભાની છાપ પાડી. જતી વખતે સ્મીથે હસીને તેનો વાંસો થાબડયો ને શેઠના હર્ષનો પાર ન રહ્યો.

"You are a downright"– સાહેબે અચકાઇને શબ્દ બદલ્યો; a rotter; Well we will expect you on Mrs. Smith's next birthday." (તમે ખરેખર...'રોટર' છો. ઠીક મીસીસ સ્મીથની આવતી વર્ષગાંઠે તમારી આવવાની આશા રાખીશું.)

પછી પ્રમોદરાયનો વારો આવ્યો.

"પ્રમોદરાય! તમારો છોકરો તમારા જેવોજ ડાહ્યો છે." કહી મીસીસ સ્મીથે સુદર્શનની હડપચી આંગળી વડે ઉંચકી. "મને લાગે છે કે માભાઇ શેઠે એને ગભરાવી મુકયો છે."

કપાળ પર હાથ મુકી, પોતાની સલામ બજાવી સુદર્શને રજા લીધી.

આવતી વખતે બધા માધવલાલની ફૈટનમાં આવ્યા. માભાઇ શેઠ 'રોટર-રોટર' શબ્દ ગોખતા હતા. એ શબ્દ સુધી તેમનું અંગ્રેજીનું જ્ઞાન પહોંચ્યું નહોતું; પણ એમાં રાજાને આવતે જન્મ દિવસે તેમને 'રાવસાહેબ'

બનાવાની શક્તિ હતી કે કેમ તેનો તે વિચાર કરતા હતા.

૫

'સુદર્શન બેભાન અવસ્થામાં ઘેર આવ્યો. આખો પ્રસંગ તેને પ્રાણઘાતક થઈ પડયો.

ગઈ કાલનું નિમંત્રણ તેને સાલતું; તેના પિતાની પરાધીનતાથી તે ઘવાયો; કંપાઉંડ બહાર ગાડી મુકી અંદર જવાના અનુભવે તેને કચવ્યો; અને તેના પિતાની અને માધવલાલની ખુશામત ભરી રીતભાતે તેને ક્રુદ્ધ કર્યો. પણ માભાઈ શેઠનાં રુપ, રંગ ને રીત; તેની ખુશામત ને બોલી ચાલી; દલાલ તરફ સ્મીથની વર્તણુંક—આ દરેક વસ્તુએ તેના ગૌરવ ને અભિમાન પર જીવલેણ ઝટકા માર્યા હતા. એ ઝટકાના જોરથી તેનો ગર્વ નિશ્ચેતન થઇ પડયો હતો.

તેને એક ભાન રહ્યું. તેનો ને તેના પિતાનો ગર્વ, તેની ને તેના પૂર્વજોની મહત્તા, તે માત્ર તેની ખોટી કલ્પના હતી. તે બધા દેશીઓ–માધવલાલ, પ્રમોદરાય, તે–માત્ર જુદે જુદે સ્વરૂપે માભાઈ શેઠ ને દલાલ વકીલ હતા. તાજા શીખેલા સંસ્કૃત શબ્દોથી તેના મગજમાં એક ચિત્ર ઉભું થયું. એ બધાં

"लाङ्गूलचालनमधश्चरणावपातम्,
भूमौ निपत्य वदनोदरदर्शनं च !"

ની ક્રિયામાં જીવન વીતાવતા હતા. તેની પીડિત કલ્પનાશક્તિએ મોટી શ્વાનસૃષ્ટિ ઉભી કરી. તે બધા સ્મીથને બંગલે જતા હતા. માભાઈ શેઠ જેવા બંગલામાં બેસી ચહા પી પુછડું પટપટાવતા હતા; દલાલીઆ શ્વાનો બંગલામાં ન જઈ શકવાથી હૃદયભગ્ન બની બહાર પુછડી હલાવતા હતા; અને ઓટલા પર બેસી ચહા પીવાના લહાવા માટે એકમેકની સાથે ઘુરકતા હતા.

પરશુરામ ને, સગર, ભીષ્મ ને કૃષ્ણ, ચાણક્ય ને શીવાજી, વાદળાંમાં દેખાતા મેઘ–મહાલયો હતા. ક્રોમવેલ, ચેથામ, જોન ઓફ આર્ક, નેપોલીઅન પારકા વીરો–સ્મીથના વીરો મૃગજળ જેવા હતા. તે પોતે તો માત્ર નાનકડો માભાઈ હતો. તે તેની માફક પુંછડી પટપટાવતો. તેના સંબંધીઓ પારકા પાસે ભીખ માગી જીવતા હતા, પારકાના પગ ચાટી નાચતા હતા; તેમની માનવતા પારકાના ટુકડા ખાઈ જીવવામાં સમાઇ હતી, માભીની નહીં, 'રતનબાઇ'ની નહીં પણ તેનાથી પણ નિર્જીવ એવી માભાઇ શેઠની પરાધીન અધમતાના આસ્વાદમાં એમના જીવનનું સાફલ્ય હતું.

ભગ્નગૌરવ સુદર્શનને આમ શરમના ઉંડાણમાં પડવા પડયા તરફડીયાં મારવાનું પણ જોર રહ્યું નહીં. તેનાથી ઉંચું જોવાયું નહીં. તેનાં પ્રિય પુસ્તકોને, તેના પતિત, ને રોગિષ્ટ સ્પર્શથી તે કલુષિત કરી શકયો નહીં. તેના સ્વપ્નમિત્રોના પવિત્ર ગૌરવને તેના અધમ ને અસ્પર્શ્ય સહચારથી ગ્રસ્ત તે કરી શકયો નહીં તે નિર્માલ્ય, અધમ, ખુશામતીઓ પરાધીન મનુષ્ય જંતુ હતો. તેના જેવાની અધમતા જગજાણીતી હતી. આ અધમતાનું કલંક દશે દિશામાં પ્રસારતો સૂર્ય રોજ ઉગતો હતો; અને ત્રણે ભુવનમાં એવું સ્થાન નહોતું કે જ્યાં ભરાઇ તે પોતાની અલ્પતાની શરમ છુપાવી શકે.

પોતાની જાતને અને જાતવાળાને ધીક્કારતો સુદર્શન આખો દહાડો માથું દુઃખવાનું બાનું કાઢી સુઇ રહ્યો. એની આંખમાંથી ઘણી વાર આંસુ વહેતાં, ઘણી વાર એને ફુસકાભેર રડવાનું મન થતું. આ નિર્જીવતા અનુભવતાં એણે અનેક વાર મૃત્યુને પણ નિમંત્ર્યું.

પણ રાતે તેની અકળામણનો પાર રહ્યો નહીં; અંધકારનો પ્રતાપ તેની અધમતાને પણ ક્ષુદ્ર ને નિર્જીવ કરી રહ્યો. તેને ક્રમે કરી ઉંઘ આવી નહીં...

આજે દરેક રસ્તેથી કુતરાંઓ, જીભ બહાર કાઢી દોડી આવતા હતા. ચારે દિશાં પટપટતી પુંછડીઓથી ઉભરાતી હતી. પુંછડીઓ રેલના પાણીની માફક આગળ ધસી આવતી. કેટલાંક પુંછડીવાળા પાઘડી પહેરેલા, કેટલાક ટોપી ઘાલેલા હતા; પણ બધા તેના તરફ આવતા હતા. તે અંધારી શ્વાનમય સૃષ્ટિમાં પણ માધવલાલની, માણેકલાલના, ભાઈને તેના પિતાની પુછડીઓને પારખી શકતો. ઘણાંખરાં સુક્કાં, હાડકાંના માળા જેવા, મરવાને વાંકે જીવતાં ક્રમકમાટ ઉપજાવે એવા રંગના અમદાવાદી પોળોનાં ગંદાં કુતરાં જેવાં હતાં.

આસપાસ કુતરાંઓ ભરાઇ ગયાં હતાં અને તેમનો સમૂહ ક્ષિતિજ પર તારા ચમકતા ત્યાં સુધી વિસ્તરતો.

વચ્ચે તે ઉભો હતો. તેને પોતાને પણ જોરથી હાલતી પુંછડી હતી. તેની કમ્મરે ને પગે 'રતનબાઇ'ની ઘુઘરીઓ બાંધેલી હતી. તે ઘુઘરીને રણકારે બધા ખેંચાઇ આવતા ને લટકતી જીભે ને પટપટતી પુંછે આગળ લઇ જવા પ્રાર્થના કરતા. કોઇ ઠેકાણે-કયાં તે સ્પષ્ટ નહોતું-તે બધા જવા માગતા હતા; અને ત્યાં જવાના રસ્તાની માત્ર તેનેજ ખબર હતી. તેના હૈયામાં ડુમો ભરાયો હતો. તે એકલોજ રસ્તો જાણતો હતો છતાં તેને તે રસ્તો દેખાડવો નહોતો.

સમૂહ વધતો હતો. આકાશમાં પણ પુંછડીઓ, જીભો, આંખો ઉડતી હતી. બધા તેની પ્રાર્થના કરતા હતા.—સાથે તેને ગભરાવવા ઘુર્ઘુરતા. બધા જ્યાં જવા માગતા હતા તે રસ્તો તેજ જાણતો! તે ચાલવા લાગ્યો પણ ચલાયું નહીં: તેણે બોલવા માંડ્યું પણ બોલાયું નહીં. તેની પુંછડીમાં હાલવાનું જોર પણ ઘટવા માંડ્યું.

કોઇ ઠેકાણે કૈં અવાજ થયો ને બધા બીધા. બધાએ ભયથી વ્યાકુળ બની એક-બીજા પર કુદવા માંડ્યું. ફરી અવાજ થયો ને નાસરકું પડ્યું. ચોમેર બધા દોડવા માંડ્યા. કોઇનો જીવ ઠેકાણે નહોતો. કોઇની પુંછડી પગ બહાર દેખાતી નહોતી. એકમેક પર કુદતા, એક બીજાને પાછળ નાખતા બધા નાઠા, ...ને વીશાળ પર્વતોના ગહ્વરોમાં તે સંતાવા લાગ્યા.

પણ તેને માટે કયાંય પણ સ્થાન નહોતું. જ્યાં તે જતો ત્યાં અનિર્વાચ્ય ભય દેખાતો. ચારે તરફથી રસ્તો ઘેરાઇ જતો ને તે પાછો ફરતો. તે બેસી શકતો નહીં, પુછડી હલાવી શકતો નહીં. તેની નજરે કોઇ બીજું દેખાતું નહીં છતાં તેને મુંઝવણ થતું. તે દોડ્યો ગાઉનાગાઉ સુધી—યુગનાયુગ સુધી; પણ ન ભય મટ્યો, ન દોડવાનું છુટ્યું, ન વખત ખુટ્યો. દિશાઓ તેને સ્થાન આપતી નહીં, ગિરિઓ તેને આશ્રય દેતા નહીં, નદીઓનાં જળ તેને ડુબવા દેતાં નહીં. તેણે કૈં કર્યું હતું—એવું કે જેથી વિશ્વે તેનો બહિષ્કાર કર્યો હતો. ભયંકર શાપનો માર્યો અનંત કાળ સુધી તે પુછડી પગ નીચે રાખી દોડયાજ કરતો...કારણ સમજાતું નહીં...આખરે સમજાયું...તેણે માણેકશેઠની ગાયનું દુધ ઢોળી નાખ્યું હતું; અને તે અપરાધની ક્ષમા આપવાની ક્ષીરસાગરવાસીની પણ મગદુર નહોતી......

સુદર્શન ધ્રુજતો, પરસેવાથી ભીંજાયલો બેઠો થઇ ગયો ને આંખો ચોળવા લાગ્યો.

દીવેલના ઝીણા દીવામાં પાછી પુછડીઓ પટપટતી દેખાઇ; પણ થોડી વારમાં તેણે ગંગા ભાભી અને પ્રમોદરાયને પોતપોતાની પથારીમાં સુતેલાં દીઠાં. યમથી પણ વધારે ભયંકર એવાના ત્રાસથી કાંપતો તે મોઢે માથે ઓઢ્ઢું વીંટાળી પડી રહ્યો.

સવાર પડી ત્યારે રાતનો ત્રાસ જતો રહ્યો હતો, પણ અધમતાનું ભાન વધારે તીવ્ર થયું હતું. સેંટ હેલેનામાં ઝુરતા વિશ્વવિજેતા નેપોલીઅનની ઝનુનભરી નિરાશા તેના હૃદયમાં ઘર ઘાલી બેઠી હતી. સુદર્શનમાં હીંમત હતી એટલે તેણે તરત આ નિરાશાની સીમા ને ઉંડાણ શોધવા માંડયાં. સગરથી તે શીવાજી સુધી જેણે દિગ્વિજયનો ગૌરવ ધાર્યો હતો તે આજે માલાઇ શો કેમ બની ગયો ? એને પોતાની બાલકબુધને મર્યાદા લાગી; તેના અભ્યાસમાં, વિચારમાં ને સ્વપ્નમાં આ પ્રશ્નનું નિરાકરણ તેને મળ્યું નહોતું.

ગઇ કાલના પ્રસંગોમાં તેને સ્મીથનો વાંક ઝાઝો દેખાયો નહીં. ઉગ્ર પ્રમોદરાય નમ્ર થાય પ્રતિષ્ઠિત માધવલાલ ખુશામત કરે; પૈસાદાર મામાભાઇ વિદુષકની હાસ્યજનક અધમતા બતાવે; વિદ્વાન્ દલાલ લાલચનો માર્યો નાક ઘસે–પછી સ્મીથ બીજું શું કરે ? તે મજબુત, સ્વતંત્ર સત્તાશીલ હતો; આ બધાને મજબુત, સ્વતંત્ર ને સત્તાશીલ થતાં કોણ અટકાવતું હતું ? એ બધા આવા નિર્માલ્ય, પરાધીન, બાપડા, બીચારા, પુંછડી પટપટાવતા કેમ થયા ?

એના પાદરીકૃત હીંદના ઇતિહાસ તરફ તે ફર્યો; અને સિંહગઢથી સ્મીથના બંગલા સુધીની હીંદની કારકીર્દી સમજવાનો પ્રયત્ન કર્યો. પાદરીએ અંગ્રેજી ગર્વથી ઇતિહાસ લખ્યો હતો, અને દેશીઓની શકિત ને ન્યાય કે લાગણીને માન આપવાની પરવા કરી નહોતી. તેને મન હીંદીઓ એટલે જંગલી ને નિર્વીર્ય પ્રજા; અંગ્રેજો એટલે દેવના દૂત; અને ઇતિહાસ એટલે કાળા રાવણ પર મેળવેલા ગોરા રામના વિજયનું રામાયણ. સુદર્શને આ અધમતાનું વિષ, ઘુંટડે ઘુંટડે પીધું. દરેક પાને હાર, નિર્વીર્યતા ને અવ્યવસ્થા મૂર્તિમાન્ થયાં; કંપની આવી; પટા લીધા. થાણાં થાપ્યાં. દેશીઓને દેશ વિરુદ્ધ તૈયાર કર્યા; દેશી રાજાઓને માંહો માંહ્ય લઢાવ્યા; પ્લાસીના ક્ષેત્ર પર પરદેશી કંપનીએ સ્વદેશી લોહી વડે સત્તા ખરીદી; મૈસુર પડયું; અવધ પડયું; બંગાલ પડયું; અંધારામાં ગભરાતા સૈનિકોની માફક દેશીઓએ દેશીઓનાં ગળાં કાપ્યા કર્યાં. મુગલ સલ્તનતનું ભભકભર્યું ગૌરવ ધુળ ભેગું થયું. મરાઠી સત્તા નબળા પાયાનો ભોગ થઇ પડવા લાગી. ખડકી ને ક્ષેત્રે વેપારી કંપની હીંદની ધણી થઇ. સત્તાવનના બળવે અંગ્રેજી સલ્તનત મુગલાઇ સિંહાસને ચઢી. અને સુદર્શન ફાટેલી આંખે, શરમથી કંપાયમાન્, પરાજયની તીવ્ર વેદનાથી તડફડતો હાથમાંથી પુસ્તક ફેંકી ભોંય પર ફસડાઇને પડયો; અને દેશની અધમતાનું લાંછન ઉનાં આંસુથી ધોવાને નિષ્ફલ પ્રયત્ન કરી રહ્યો.

૬

નિરાશાના પાતાળમાં સુદર્શન દબાયો હતો છતાં તેની કલ્પનાનું પ્રાબલ્ય, અને નિરીક્ષણ શક્તિની સૂક્ષ્મતા ઘટ્યાં નહીં. શરમની તીવ્રમાં તીવ્ર વેદના તે અનુભવતો હતો છતાં પોતાની અલ્પતાનું સ્પષ્ટીકરણ અને તેના મૂલનું સંશોધન તેણે જારી રાખ્યું.

પોતાની અલ્પતાનું સ્પષ્ટીકરણ તેણે આટલી ઉમ્મરના છોકરાના નિર્ભય અવિચારથી કર્યું. તેણે જોયું કે તે–અને તેના જેવા બધા–

નિર્જીવ હતા; ને તેથી તેમણે પ્લાસી ને ખડકી આગળ હીંદ ખોયું. અને ઘેટાંનાં ટોળાં હંકાય તેમ તે બધા હંકાતા હતા.

કેટલાક પ્રશ્નો તેના કાનમાં હમેશાં સંભળાવાજ કર્યા; તે પોતે ને બધા માભાઇઓ કેમ હતા? સ્મીથ સત્તાધારી કેમ હતો? પ્લાસી ને ખડકી આગળ તે કેમ હાર્યો? સ્મીથ કેમ જીત્યો? ઈંગ્લાંડે હીંદ કેમ જીત્યું? હીંદે જઇ ઈંગ્લાંડ કેમ ન જીત્યું? ભયંકર પ્રશ્નો! આ ઇતિહાસ, સમાજશાસ્ત્ર, રાજકીય વિકાસના ગહન પ્રશ્નોનું અજ્ઞાનની ધૃષ્ટતાથી તેણે નિરાકરણ માગ્યુ. ત્રિકાલજ્ઞને પણ દુષ્પ્રાપ્ય એવું આ નિરાકરણ ન થતાં તે જીદે ભરાઇ વધારે ઉંડો અભ્યાસ, નિરીક્ષણ ને સંશોધન કરવા બેઠો.

થોડે દિવસે તે તેના પિતા જોડે ત્યાંની કલબમાં ગયો. તેના માધવલાલ પ્રમુખ, માભાઇ શેઠ ને દલાલ આગેવાન સભ્ય હતા. એ કલબ માત્ર એક બીજાને સરકારી મહેરબાનીમાં આગળ પાડવા, કે પાછળ રાખવાના મુદ્દા પર રચાઇ હોય એમ સુદર્શનને લાગ્યું. ત્યાંના વાતાવરણમાં ખુશામત, સ્વાર્થ, ઈર્ષા ને અધમતા હતાં. ત્યાંની દૃષ્ટિ જજ, કલેકટર, સુપ્રિન્ટેંડંટ પર અનિમિષ નયને, પૂજ્યભાવથી ઠરી હતી. ત્યાં જવાથી તેને માભાઇઓની મનોદશાની કંઇક સમજ પડવા લાગી

એના ગામમાં થોડા મહીના રહીને વાઇસરૉયની પધરામણી થઇ. ગામમાં આ મહોત્સવ પુર ભપકાથી ઉજવાય માટે એક કમીટી સ્થપાઇ. માધવલાલ પ્રમુખ હતા; માભાઇ મંત્રી હતા અને તેના પિતા ઉત્સાહ પ્રેરક હતા. બધા મળ્યા ને પૈસા ઉઘરાવાયા. તોરણો બંધાયાં. ને એક દહાડો નવ વાગે ચાર ઘોડાની ગાડીમાં એક ગોરો સાહેબ ગામ વચ્ચે ઘોડા દોડાવી ગયો. બંને ગમ પોલીસોએ લોકોને ખાળી રાખ્યા, છોકરીઓએ ગીત ગાઇ, ફુલ ઉરાડયાં. સભા થઇ ને ઈનામો વહેચાયાં. રાતના કલેકટરના બંગલા આગળ દારુ ગોળો છુટયો.

જ્યારે આખું ગામ મહોત્સવની મઝાહ લેતું હતું ત્યારે સુદર્શન હોઠ પર હોઠ બીડી અપાર કચવાટ અનુભવતો હતો.

એના પિતાના હાથમાં મહોત્સવનું તંત્ર હતું; અને કેવી રીતે આ ભપકો ને માન અપાયાં હતાં તે પોતે જોઇ શકતો. અને સ્મીથને સારું લગાડવા માટે ઉત્સાહ પ્રગટાવવાના જે પ્રયત્નો થતા હતા તે પોતે જોતો, ને સાંભળતો. અને શરમનો માર્યો, આંખ પર હાથ દઇ, નીસાસા મુકતો.

તે દહાડે તેનો અંગ્રેજી ઇતિહાસનો ખ્યાલ બદલાયો. ક્રોમવેલ ને ચેથામે જે સત્તા રચી હતી તે આ બેચાર અંગ્રેજોની હતી; અને આ બેચાર અંગ્રેજો લાખો માભાઇઓ પર રાજ્ય કરતા. કમકમાટથી તે 'એમ્પાયર ઇતિહાસ' તરફ જોઇ રહ્યો. એ પરમ મિત્રે તેને છેહ દીધો હતો. જેને વાંચીને તે રાચતો, જેના વીરો તેના મિત્રો હતા, તે આજે પારકાની કથા લાગી. એ વિજયકથામાં તેનો ભાગ માત્ર બહાર ઉભા રહી સાંભળવા પુરતોજ હતો. એ કથાનો મહોત્સવ તે પોતે તૈઆર કરતો–પણ પારકા ઉજવતા.

પણ છતાં એ ઇતિહાસનું આકર્ષણ હતું તેવુંને તેવુંજ રહ્યું. એ વાંચવાથી તેને પોતાના લોકોની નીર્બળતાનું ભાન વધારે ને વધારે થતું. એની બાલ ન્યાયવૃત્તિ એને સચોટતાથી કહ્યા કરતી કે અંગ્રેજો મહાન્ હતા તો તે મહત્ત્વને લાયક હતા તેથી; અને તે બધા નિર્માલ્ય હતા તો તે દુર્દશા માટે તે પોતેજ જોખમદાર હતા. અને ક્રૂર ·. પક્ષપાતથી

તેણે અંગ્રેજોની મહત્તાની પ્રશંસા વાંચ્યા કરી, અને તેના ભારથી પોતાની જાતને રસ લઇ કચરાતા દીઠી. પોતે આવો હતો ત્યારે કેની? શા માટે દૈવી ન્યાયની તુલાને બરોબર ઝોક મળવા ન દેવો?

એ પોતાના બધા માણસો તરફ તિરસ્કારથી જોવા લાગ્યો. આ બધા શા માટે ગર્વ ધરતા હતા? શા માટે પોતાને સુખી માનતા હતા? આવી દુર્દશામાં પડયા છતાં માધવલાલ પ્રતિષ્ટાથી, પ્રમોદરાય સત્તાથી, માભાઇ ધનથી શા સારુ રાચતા હતા? આ નફ્ટાઇ જોઇ તેનો પીત્તો ઉછળી આવતો. આવી નફ્ટાઇ કેમ આવતી હશે?

તે કૌશિક વંશજ આજે આવો નિમાલ્ય હતો છતાં અત્યારસુધી ગર્વ કેમ ધરતો હતો? કોણે એના મગજમાં એ ગર્વ પેદા કર્યો? શું માણસે ખોટી વાતોથી એ ધુન પેદા કરી? શું તેની માએ વાર્તાઓ કરી એ પોષી? શું એના ગોરે જનોઇ દઇ એ ભ્રમ પેદા કર્યો? એને એની ખરી સ્થિતિનું ભાન અત્યાર સુધી કેમ થયું નહીં? અત્યાર સુધી પાણીપત, પ્લાસી ને ખડકીની વાત કોઇએ કેમ કરી નહીં? અને તેના પિતા બધાથી મોટા હતા એ ભ્રમ કેમ પેદા થયો? સ્મીથ મોટો સત્તાધિકારી હતો; તેને વધારે પગાર મળતો. પેલો વાયસરોય આખા દેશનો રાજા હતો. તેને લાખો રુપીઆ મળતા. એના પિતા કોઇ દહાડો સ્મીથ કે વાયસરોય થવાના નહીં. અને છતાં તેની આસપાસના લોકો તેને 'દેવ' ને 'રાજા' ને 'અન્નદાતા' કહી બોલાવતા. તેના પિતા ગામને ન્યાતમાં પૈસાવાળા ને સત્તાવાળા હતા તેથી આ ભ્રમ થતો? ચારસો ઘરની નાનકડી ન્યાતના ભુખડી બારસને અભણ સમૂહ પર સત્તા ચલાવી રહેલા પુરુષોમાં તેના પિતા અગ્રગણ્ય હતા તેથી? જ્યારે લોકો પ્રતિષ્ઠાને મહત્તાની વાત કરતા ત્યારે માત્ર એ ચારસો ઘરને ઉદ્દેશીને બોલતા? સુદર્શન કચવાટથી દ્વેષથી આવા પ્રશ્નો પોતાને પુછી રહ્યો. દરેક ગામમાં પચાસ સો ન્યાતો હતી; ને દરેક ન્યાતમાં દશ પંદર 'રાજા' ને દેવ હતા. એવા અગણિત ગામો મળી હીંદ થતું. હીંદ જેવા અનેક દેશો દુનીઆમાં હતા. અને એ બધા પર એક ખુણે પડેલા નાનકડા ટાપુના પુત્રો—ક્રોમ્વેલ ને ચેથામના વારસો—થોડાક સ્મીથો જઇ સત્તા ચલાવતા. અને છતાં આ દરેક ન્યાતના 'દેવ' ને 'રાજા', અજ્ઞાનતાના અંધારામાં, અભિમાનથી છાતી કેમ ફુલાવતા હતા?

ને આ ભ્રમણા માભાઇ શેઠો ઉભા કરતા હતા? શું દરેક જણ સ્મીથની મહેરબાનીને ધોરણે પોતાની મહત્તા માપતું હતું? શું સ્મીથની મહેરબાનીને જે વધારે પ્રિય હોય તે વધારે મોટો?

સુદર્શનના હૃદયમાં ઝાળ ઉઠતી અને ભ્રમમાં ભટકતા આંધળાની આંખો ઉઘાડી તેમની અધમતાનું દર્શન કરાવવાની ઝંખના પ્રગટતી.

[આ રસિક વાર્તાનો વિશેષ ભાગ આવતા અંકમાં.]

ખેમાકાકા

[અનુસંધાન પૃષ્ઠ ૩૩૪ થી]

નહીં ને લાગે તો ફરી પોતાના માથા પર એ રાખતા, નહીં.

કાકાને પાનાં રમવાં બહુ ગમતાં. ઘણું ખરું એ હારતા પણ વધારાની શારીરિક સ્ફુર્તિનો વ્યય કોઇ પણ પ્રકારે માણસે કરવોજ પડે છે એ ન્યાયે વૃદ્ધાવસ્થામાં પણ સચવાઇ રહેલી શરીર કરતાંએ વધારે એમની માનસિક શક્તિને તકરારમાં વ્યય કરવાનું સાધન મળતું. એમનું આખું અંગ ફુલી ઉઠતું, એમની પીળી આંખો ચકળવકળ થતી, એમના કાળા હોઠ ફાટતા અને મોટાં નસકોરાં ફુલી ઉઠતાં. એ વખતે એમના શબ્દો શબ્દો કરતાં વાઘના ઘુરઘુરાટ જેવા વધારે લાગતા. એમના આ સ્વરૂપનાં દર્શન પર બધા એટલા બીહા રહેતા કે તે તેમને ધારણ કરાવવા માટે કૈં કૈં ઉપાયો રચાતા. કાકા પણ ઘણી વાર અજાણતાં અને કોઇ વાર જાણી જોઇને પોતાનું આ રૌદ્ર સ્વરૂપ કરી સર્વના આનંદમાં અભિવૃદ્ધિ કરતા.

એ વસ્તુ શીવાય એમને કોઇ ડરાવી શકતું નહીં. એક બીલાડી ને બીજું મોત. બીલાડી એમને નહોતી ગમતી કારણ કે એમના જેવીજ આંખો એણે પચાવી પાડી હતી. મોત એમને ડરાવતું તે એમના પોતાના પુરતુંજ. એમને માટે મૃત્યુનો સંભવ સુદ્ધાં કોઇથી બતાવી શકાય નહીં. મોત બીજાઓને લઇ જતું ત્યારે એના તરફ એ વખાણની નજરે જોતા. અને મરનારને એ ચાર ગાળો ચોપડી આપતા. જો કે એમના કુટુંબીઓને દીલાસો આપતી વખતે એમના જેવા આશ્વાસનના શબ્દો કોઇકનેજ વાપરતાં આવડતું.

એમને ગળ્યું ખાવાનો બહુ શોખ હતો. તીખું પણ એમને ઠીક લાગતું ને કડવું વસ્તુઓને એ ખંડાવી ખંડાવીને કે ગાયની માફક વાગોળી વાગોળીને હોંસ લઇ રસભેર ખાતા. ગાળો ને વખાણનો જથ્થો એમની પાસે ઘણા મોટા પ્રમાણમાં તૈયાર રહેતો. એમની સ્વાદેંદ્રિયના સંતોષ કે અસંતોષ પ્રમાણે તેનું લહાણું કરતા.

આજકાલના જુવાનીઆની ધર્મભ્રષ્ટતા અને એમનાં ફાટી જવાની બીકે એમનું અંતર સદા બળીને ખાખ થતું. એમને વખત કવખતે ચાંટા પાડી કે ગાળો દઇ શીખામણ આપવાનું તે ચુકતા નહીં. એમની આટલી મહેનતના બદલો, જુવાનીઆને એ વાગ્ધારાના શ્રવણથી જે આનંદ થતો તેનાથી વળી જતો.

આટલા બધા સદ્ગુણોમાં એમને માત્ર એકજ કુટેવ હતી. કોઇ ખરાબ ચોવડીઆમાં એમને કોઇએ મદિરા પ્રતાપ લગાડયો હતો. એ પોતે એ ખોટું કાર્ય છે એમ જાણતા છતાં એમનાથી એનાથી છુટાતું નહીં. ને તેથી 'સોનાની થાળીમાં એક લોઢાની મેખ તો હોય એમ જાણી મન વાળતા. સાધારણ રીતે એમની આ ઇચ્છાનો સંતોષ વગર તસ્દીએ બહોળું મિત્રમંડળ હોવાને લીધે થઇ જતો. પણ ન થતો તો માથે પાઘડી પર ખેસ નાખી મોં ઢાંકી એ દેવીના દ્વારમાં જઇ પહોંચતા. ઘેર આવતી વખતે પણ એજ ખેસથી યત્નપૂર્વક એનું આચ્છાદન કરતા. આથી કોઇની આંખની શરમમાંથી એ બચી જતા. અને ટીટોડીની માફક કોઇ એમને જોતું નથી એમ માનવાનો એમને સંતોષ મળતો.

કાકા જુના જમાનાના છતાં ,માનવ અંતરમાં ભરેલી નબળાઇઓ તરફ પણ ઘણી અનુકંપા રાખતા. કોઇ લહેરી જુવાનના કે

રુપાળી યુવતિના દુઃખ તરફ એ ઘણી સહાનુભૂતિ દર્શાવતા. અને પોતાનાથી બને તો તેમનાં દુઃખ ફેડતા. એવાઓને ઉપયોગી બનવા પોતાના ચાલતા માર્ગમાંથી પણ ઘણી વાર એ દૂર ખસતા. આવા એમના પરોપકારી સ્વભાવને લીધે એમણે ઘણે સ્થળે કૃતજ્ઞતાનાં અંકુર વાવ્યાં હતાં.

એમનું વ્યક્તિત્વ ઘણું અનોખું છતાં ઉપયોગી હતું. એમણે પશ્ચિમનું 'supermanhood' પણ કૈંક અંશે જીવનમાં સિદ્ધ કર્યું હતું. એમણે વિધિના જેટલી શક્તિ જનોને તારવામાં નહીં તો ડુબાડવામાં તો દાખવીજ હતી. 'પોતે ઘણા ચુસ્ત મતવાદી છતાં નવાઓની નીબં'-ળતામાં પણ એ રંગાઇ શકતા. અને એ રીતે પોતાની માનવતાનું એ ભાન કરાવતા.

એવા અપૂર્વ જનના વિસ્મૃત થએલા ચિત્રની ઝાંખી કરાવતાં સંતોષ અનુભવવો એ કૈં વધારા પડતું કહેવાય ?



આજેજ મંગાવો.

સ્વામી રામતીર્થનું જીવનચરિત્ર. (સંપૂર્ણ).

સાહિત્ય પ્રેમીઓને અપ્રતિમ અવસર! એક આદર્શ દેશ-સંન્યાસીનું રસમય જીવન! 'રામબાદશાહ'ના નામથી પૌર્વાત્ય તથા પ્રાશ્ચાત્ય દેશોમાં વિખ્યાત એવા સ્વામી રામના આ જીવનને કયો સાચો હીંદીવાન નહીં વાંચે ?

કીંમત: રૂ. ૩. વી. પી. તથા પોસ્ટેજ જુદું.

વિધાતા વિપદ. અતિ રસિલું અને હૃદયભેદક કાવ્ય.

કીંમત: રૂ. ૦-૮-૦.

બહારગામવાળાએએ મેહેરબાની કરીને ૧૦) આનાની ટીકીટો મોકલવી

ઉપર લખેલાં બંને પુસ્તકો લેનારને રૂ. ૩. વી. પી. તથા પોસ્ટેજ જુદું.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

નં૦ ૨, કાલબાદેવી રોડ, મુંબાઇ.

કલા અને તેનાં અંગ

—:૦:—

[અનુસંધાન પૃષ્ઠ ૩૯૨ થી]

શંકર આપણા પુરાણના ત્રિદેવોમાંના એક દેવ છે. જીતેંદ્રિય તપસ્વી અને યોગીની ભાવના જગતનું કલ્યાણ કરવાની વૃત્તિ અને શક્તિ, સર્વ અશુભનો નાશ કરવાની રુદ્રતા તેનામાં કલ્પાએલી છે. એમની ધ્યાન ગંભીરતા, હિમાલયના કૈલાસની ગહનતા, ઉચ્ચતા, શાંતિ અને અપ્રાપ્યતા જોડેજ સરખાવવામાં આવે છે. વિશ્વમાં કાર્ય કરી રહેલી વિનાશ શક્તિ–રુદ્રશક્તિનું તે સ્વરૂપ છે. વળી રજપુત સમયનાં શંકરનાં ચિત્રોમાં તેને દાઢી મુછો-વાળા વૃદ્ધ તરીકે કલ્પી જુવાન પાર્વતીને તેમની ગૃહપત્ની તરીકે આલેખવામાં આવી છે, છતાં શંકરનો ભાવ તેનામાં કયાં છે? "પાર્વતી" પણ સામાન્ય સ્ત્રીજ છે. આનું નામ "કલા" નથી. હવે નંદલાલ બોઝનું ચિત્ર જુવો. દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં શંકરનું અપમાન થતાં પાર્વતી મૃત્યુ પામે છે તે પુરાણ પ્રસંગનું કેવું અદ્દભુત આલેખન છે! પાર્વતીનું શબ લઇને શંકર આખા વિશ્વમાં શોકાકુળ થઇ રખડે છે એવી આખ્યાયિકા પણ છે. પરંતુ નંદલાલે એ પ્રસંગમાં એવી ઉમદા ક્ષણની કલ્પના કરી છે કે તેને જોતાંજ પાર્થિવ જગતનાં બંધનોથી પર થઇ જવાય છે. મૃત પાર્વતીનું શબ ખોળામાં પડેલું છે. તેના મસ્તક ઉપર કોમળતાથી પોતાનો એક હાથ મુકી, ધરણી ઉપર બીજે હાથે ટેકો દઇ એ બંનેની વચમાં ધારણ કરવામાં આવેલું કપાટવક્ષતનુ! કેવી (Majestic grandeur–) દિવ્ય ભવ્યતા! પોતાની મૃત પત્નીના શબ ઉપર રડારોળ કરતો આ મનુષ્ય નથી. માનુષી લાગણીઓના ઉભરાઓ તથા માનુષી સંબંધ સ્વીકારતો લાગણી પ્રધાન કવિ.; પણ નથી! મૃત્યુથી ચકિત થએલો બળવાન પુરુષ નથી. આ તો દેવાધિદેવ શંકર: પોતાની રુદ્રશક્તિનો વિનાશ થતાં મૃત્યુ શું?—"મારી શક્તિ ક્યાં ગઇ?" એવાં વિચારની ગહન સમાધિમાં પડી ગયા છે કે શું? નથી નાગોની, ફેણની કે ચંદ્રલેખાની ઉપાધિ! નાગને લીધે આ મૂર્તિ "શંકર" છે એવી સમજુતી તમને મળતી નથી. ચિત્ર જોતાંજ શંકરનું શંકરત્વ મનમાં પ્રગટે છે. ચંદ્રલેખા, નાગ વગેરે ગૌણ થઇ રહ્યાં છે! એ ધ્યાનની ગહનતામાં લીન થએલા શંકર તાંડવનૃત્ય કરી વિનાશ કરનાર શંકરની પ્રસ્તાવના તો નથી? મુખમુદ્રામાં અગાધ શાંતિ અને મૌન વિરાજે છે, તથા ધ્યાનની ગહનતા એવી તો ઉંડી છે કે મનુષ્યથી તેની કલ્પના પણ ભાગ્યે થઇ શકે! રમણલાલ'! રંગ, પીંછી અને લીટીની મેળવણી ક્ષુદ્ર નાશવંત કાગળ ઉપર કરીને ચિત્રકાર આપણને ક્યાં લઇ જઇ શકે છે તે જોયું?

રમણલાલ

ખરેખર! આ વિશ્વથી પર કોઇ ભાવનામય પરાત્પર દિવ્ય જગતમાં તે આપણને લઇ જાય છે.

સુરેંદ્ર

અને અહીં તારો "પ્રકૃતિનાં પ્રતિબિંબ"ને કલાના કાર્ય તરીકે ગણાવવાનો આગ્રહ કેટલો અસત્ય છે તે પણ જણાઇ આવશે. આ દિવ્યતા પ્રકૃતિમાં કોઇ સ્થળે નથી, તથા આ ચિત્ર પ્રકૃતિમાંથી કોઇપણ વસ્તુ પદાર્થ કે અસ્તિત્વનું પ્રતિબિંબ નથી. કલાવિધાયકના આંતરજીવનમાં-થી આ એક અદ્દભુત સર્જન છે અને સર્જન કરવું એ કલાનું કાર્ય છે.

રમણલાલ

સારું. પ્રકૃતિના પ્રતિબિંબને, જેવું હોય તેવું આલેખવાને તથા–જીવનના પ્રતિબિંબને કલા તરીકે ગણવાના વિચારને તેં તોડી પાડ્યા તો હવે, તારો પોતાનોજ "કલા"નો ખ્યાલ જણાવે તો સારું. હજી વર્તમાન બંગાળી તથા પ્રાચીન હીંદના ચિત્રકારોમાં પ્રમાણ તથા શરીર રચનાની ખામીને કલાની ઉત્તમોત્તમ નીશાની તરીકે હું સમજી શકયો નથી.

સુરેંદ્ર

પ્રથમ એનેજ વીશે તને જણાવવુ ઠીક લાગે છે. પછીથી વળી કલા વીશે વિચાર કરીશું. આગળ "આંતરદૃષ્ટિ" અથવા તો "મન" દ્વારા રૂપને જેવું જોઇએ એ તો હું જણાવી ગયો છું. એ પ્રમાણે જે મનથી જોવામા આવે તેમાં રહેતું સત્ય આપણને "પ્રમાણ" આપણને રૂપનું "પ્રમાણ", માપ, અંતર અથવા તો સમીપતા તથા શરીર રચનાનું જ્ઞાન તથા perspective–જેવું હોય તેવુંજ આલેખવાની કળા–આપે છે, ભુરો સમુદ્ર આપણને અપરિમેય લાગે છે; એ અનંત સમુદ્રને કાગળના એક કાપલી ઉપર શી રીતે લાવી મુકવો! આખા કાગળને ભુરા રંગથી રંગી દઇને આપણે "આ સમુદ્ર છે" એમ કહીએ તો આપણને કોઇ ગાંડામાં ગણી કાઢે; કારણ કે ભુરા ચીંથરા જેવો કાગળનો ટુકડો સમુદ્રની ગહનતા અને અપરિમેયતા જે આપણી દૃષ્ટિ સમક્ષ અને દૃષ્ટિની પણ પાર આવી રહેલી છે તેનો આપણને જરાએ ખ્યાલ આપી શકતો નથી. હવે, આ પ્રયત્નમાં આપણા મનની પ્રમાશકિત યાને "માપનારી શકિત" આપણને મદદ કરે છે. પ્રથમ તો સમુદ્રના અગાધ પટને આકાશ તથા કીનારા વચ્ચે સુધી તેનું માપ તે કાઢે છે. તથા હવા અને પૃથ્વી વચ્ચે સમુદ્રે કેટલી જગ્યા રોકી તે એ શકિત નક્કી કરે છે. એ પ્રમાણે માપ નક્કી કરી આપણી "પ્રમાશકિત" સમુદ્ર કીનારાના રેતાળ પ્રદેશના રંગ અને આકાશના સૂર્યમય સુવર્ણ તેજથી ભરેલા પ્રદેશના રંગ વચ્ચે બરાબર ભેદ પાડે છે, એટલુંજ નહીં પરંતુ પ્રત્યેકના રંગનું આછા કે ઘાડાપણું પણ તે શકિત નક્કી કરે છે. વળી, આકાશ, પૃથ્વી અને સમુદ્રનાં રૂપ અને રંગના સર્વે ભેદો તે આલેખે છે. આ પ્રમાશિકત આપણે જે જે રૂપો જોઇએ છીએ તેનાં વિધવિધ પ્રમાણ. આકાર તથા કદ નક્કી કરે છે, એટલુંજ નહીં પરંતુ તે રૂપમાં ચલનપણું અથવા સ્થાવરતા, શાંતિ અથવા તો અશાંતિ વગેરેનું માપ પણ તે નક્કી કરે. ઉદાહરણ તરીકે એ શક્તિ આકાશનાં વાદળાંઓ સમુદ્રનાં મોજાંઓ, કીનારાની રેતી વગેરેનું પ્રમાણ લે છે એટલુંજ નહીં, પરંતુ અનંત અને અપરિમેયને પણ તે માપી શકે છે એટલુંજ નહીં, પરંતુ વિચાર તથા ભાવનું નિદર્શન પણ તે આપણને બરાબર થયું છે કે નહીં તેની સમજુતી આપે છે! રંગના મિશ્રણની સમજુતી. પણ તે આપણને આપે છે! આ શક્તિ પ્રકૃતિમાં આપણને સર્વ પ્રાણીઓમાં રહેલી જણાય છે. બાળક પણ સંગીત ગાય છે ત્યારે શરૂઆતમાં તેનો. સ્વર ઉંચો નીચો જતો રહે છે પરંતુ પ્રમાશકિત કામે લાગતાં તે શુદ્ધ સ્વર કાઢી શકે છે. બીલાડી ઉંદરને કે પક્ષીને પકડવાને જલંગ મારતા પહેલાં પોતે જે અંતર કુદવાની હોય છે તેનું બરાબર માપ લે છે પછી પણ બીલાડીની છલંગની હદબહાર રહેવાનો પ્રયત્ન કરે છે. વળી, પતંગીયું પક્ષીની ઝડપમાં ન આવે એવી તજવીજ આપોઆપ કરતુંજ હોય છે!

અદ્ભુત શિલ્પકૃતિ—તાજમહાલની અવર્ણનીય ખુબી તેના શિલ્પીની અદ્ભુત પ્રમાશકિતમાં રહેલી છે. તેના માપમાં યતિકચિત્ પણ ફેર કરો તો આખા શિલ્પની ખુબી નષ્ટ થશે! દીલ્હીના શહેનશાહ શાહજહાનનું પ્રણય સ્વપ્ન તેના વિના આવી મનોહરતા ધારણ કરી શકતજ નહીં. સર્વ મનુષ્યમાં આ શક્તિ રહેલી હોય છે. કરોળીઓ જેમ પોતાની જાળમાં બેસી જાળમાં કોઇ પણ સ્થળે કેવા પ્રકારનું જંતુ આવેલું છે તથા તેનો ભાર જાળ ઝીલી શકશે કે નહીં, તે કેટલે દૂર છે વગેરે માહીતી વગર પ્રયત્ને મેળવે છે તેમ આપણા મનમાંથી પ્રમાશક્તિનુ જાળું આજુબાજુ પ્રસરેલુંજ હોય છે અને જેવો પદાર્થ કે રુપ તેમાં આવે છે કે તુર્ત તેને વીશે સર્વ માહીતી તે આપણને તારથી પહોંચાડવા મંડી પડે છે. હવે તને સમજાયું હશે કે પ્રમાશક્તિ આપણને કેવળ ઇંચ ફુટનું માપ આપીને અટકથી નથી; પરંતુ રૂપના બાહ્ય તેમજ આંતર બંને તત્ત્વોની આપણને માહીતી આપે છે.

રમણલાલ

તારું કહેવું મને સમજાય તો છે પરંતુ હજી બંગાળના ચિત્રકારો—

સુરેંદ્ર

તને બંગાળના ચિત્રકારોના કંઠાળાનો રોગ થયો લાગે છે.

રમણલાલ

તને તેમના મોહનો વ્યાધિ કાં ન હોય?

સુરેંદ્ર

હજી મારું કહ્યું પુરેપુરું સાંભળી લઇને તું બોલ્યો હોત તો હું તારી દલીલમાં કેટલી વજુદ છે તે વીચારત. ચિત્રકામમાં ફકત આ પ્રમાણથી ચાલતું નથી. પ્રમાણ જોડે ભાવનું આલેખન પણ યથાર્થ થવું જોઇએ. પ્રમાણ ઉપર ભાવની અસર ઘણી થાય છે એ પણ તું જોશે. હવે ભાવને લાગણી, ચિત્તનો ક્ષોભ અને તેને પરિણામે થતો વ્યંગ્ય કહી શકાય.

રમણલાલ

પરંતુ ચિત્રમાં ભાવ શી રીતે મુકી શકાય?

સુરેંદ્ર

એજ કલાની ખુબી છેને! ભાવના કાર્યને પરિણામે રૂપ વિધવિધ પ્રકારના વિકારોને વશ થાય છે. તેમને આલેખવાથી કલાવિધાયક ભાવનું આલેખન કરી શકે—ભાવમય સ્થિતિ અનુભવાય છે. ને આપણે આવેશ, લાગણી વગેરેનાં નામો જુદાજુદા અર્થમાં આપીએ છીએ. મૂ એટલે થયું અને ભાવ એટલે થવાની ક્રિયા. સ્વાનુભવદ્વારા થતા રસના અનુભવ તે ભાવ કહી શકાય હવે ભાવ મનુષ્યની ત્રણ પ્રકારની ઇંદ્રિઓમાં પરિવર્તન કરી મુકે છે. પ્રથમ તો પંચજ્ઞાનેદ્રિયમાં અર્થાત્ નેત્ર, કરણ, નાસિકા વગેરેમાં. પાંચ કર્મેદ્રિયોમાં પણ તે પરિવર્તન કરી તે દ્વારા પ્રગટ થાય છે. અર્થાત્ વાચા, હસ્ત, પાદ (ક્રિયા ગતિ) વગેરે દ્વારા એનું પરિવર્તન અંતરનાં કરણોમાં થાય છે, તે સૂક્ષ્મ હોય છે. મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત વગેરેમાં ભાવ આતર પરિવર્તન કરે છે. સામાન્ય અવસ્થામાં મન શાંત તથા નિસ્પંદ હોવું જોઇએ; પરંતુ તેમાં જે ક્રિયા ચાલતી હોય છે, અને ભાવની અસર પ્રાણીમાત્રને થાય છે, વસંતમાં ખીલી નીકળતી કુંપળોના વિધવિધ રંગોમાં, નવીન ઉગતી વનસ્પતિમાં રહેલી અજ્ઞાન શકિતમાં, પવનના તોફાનમાં ઝુલતી વૃક્ષની ડાળીઓમાં સમુદ્રનાં મોજાંના ગંભીર નાદમાં અને

સુંદર ઝરાના મૃદુ સંગીતમાં, મનુષ્યની ચાલ તથા આ બેસવાના પ્રકારમાં, ભ્રકુટિના ભંગમાં, પાંપણોની મીટમાં, ઓષ્ઠના સ્પંદનમાં, નેત્રમાં આવેલા અશ્રુજલને લુછી નાખવાની રીતમાં—આપણે ભાવને વિધવિધરૂપે અને પ્રકારે વ્યક્ત થતો જોઇએ છીએ. હવે આપણી સ્થૂલ ઇંદ્રિયો વડે આપણે ભાવને આડકતરી રીતે જ જાણી શકીએ. અર્થાત્ રૂપમાં ભાવને લીધે જે બાહ્ય વિકાર થાય છે તે દ્વારા આપણને ભાવનું સૂચન થાય છે. એ પ્રકારના ફેરફારને "ભંગ" પણ કહેવામાં આવે છે. પરંતુ એ સર્વની પાછળ કાર્ય કરી રહેલા ભાવને તો આપણે કેવળ મન દ્વારાજ જાણી શકીએ એ તદ્દન સ્પષ્ટ છે. પ્રભાતમાં મધુર સંગીત કરી રહેતાં પક્ષીઓ કોના આગમનની ખબર લાવે છે? આકાશનાં વાદળના ગડગડાટ સમે કોનો રથ વેગપૂર્વક ગમન કરી રહ્યો હશે? એ પ્રશ્નનો ઉત્તર મનજ આપી શકે, નેત્રો નહીં! વળી, મનની શકિત એવી તો અપૂર્વ છે કે તે પોતાનો રંગ સમસ્ત પ્રકૃતિ ઉપર ચઢાવી દઇ શકે છે. કરુણરસથી પૂર્ણ મનાવસ્થા હોય તે સમયે આનંદદાયક વસંતની બહાર પણ કરુણરસથી ભરેલીજ જણાવાની આ જાદુઇ પરિવર્તન આપણું મન કરી શકે છે. રૂપમાં જે બાહ્ય વિકાર યાને ભંગ થાય છે તે તો ભાવનુ સ્થૂલ સ્વરૂપ માત્ર છે. એટલે વ્યક્ત થએલા ભાવના સ્વરૂપની પાછળ જે અવ્યક્ત ભાવમય સૃષ્ટિ આવી રહેલી છે તેનો સ્વાનુભવ થયા વિના આપણે તે ભાવનુ યથાર્થ આલેખન નહીં કરી શકીએ; અને એ આખી સૃષ્ટિ કેવળ સૂચનદ્વારા જોનારના મનમાં ઉત્પન્ન કરવામાં કલાવિધાયકની ખુબી રહેલી છે. વ્યંગ્યદ્વારા સૂચનો કેવી રીતે કરવાં એ કલા વિધાયકોને માટે મોટો પ્રશ્ન છે. ઉદાહરણ તરીકે એક ભિક્ષાપાત્ર આલેખવું હોય તો ફક્ત ભિક્ષાપાત્ર દોરવાથી ભિક્ષાનો ભાવ ઉત્પન્ન નહીં કરી શકાય; કારણ કે અસ્વચ્છતાની ટેવવાળા માણસનું તે કેમ ન હોય? હવે ભીખારીનું ચિત્ર દોરવાથી આપણે કદાચ તે મુશ્કેલી દૂર કરી શકીએ, પરંતુ એ પ્રમાણે કરવા જતાં એ "ભિક્ષા પાત્ર" નું નહીં પરંતુ ભીખારીનું ચિત્ર થઇ જવાનો ભય છે. આવે પ્રસંગે આપણે વ્યંગ્યનો ઉપયોગ કરી ભીખારીત્વનું સૂચન કરવાને પ્રયત્ન કરવો પડે છે. પ્રથમ તો ભીખારીને ચિત્રમાંથી બાતલ કરી તેની દશાનું સૂચન કરનાર ફાટ્યાં તુટ્યાં કપડાનો કટકો, થોડા ઘણા પૈસા વગેરે આલેખી આપણો હેતુ સાધી શકીએ; અથવા તો ધનવાનના ઘરના આરસપહાણના પગથીઆની પાસે થોડે દૂર ભિક્ષાપાત્ર ચીતરી બંને વચ્ચે રહેલા વિરોધદ્વારા સૂચન કરવાની શક્તિ પણ મહાન્ હોવાની.

રમણલાલ

હવે, બંગાળના આધુનિક તથા પ્રાચીન હીંદના ચિત્રકારો રૂપને શા માટે આવું વિચિત્ર કલ્પે છે તેનો મને કૈંક ખ્યાલ આવી શકે છે ખરો; પરંતુ તુજ મને તે સમજાવે તો સારું.

સુરેંદ્ર

હવે તેનાજ ઉપર આવું છું. આપણી કળામાં કેવળ માનુષીભાવનો નહીં પરંતુ દૈવી, પરાત્પર ભાવો તથા રાક્ષસી અને આસુરી ભાવોનું આલેખન કરવામાં આવે છે. કવિતામાં કે ચિત્રકલામાં સર્વેમાં એ જણાઇ આવે છે. નંદલાલના શંકરનુ ચિત્ર તો તેં જોયું છે એને વીરી વધારે ક્હેત પરંતુ એકજ સારું ચિત્ર લઇ તેના ઉપર સર્વે દલીલો કરવામાં આવે છે એમ તને લાગે માટે એને મુકી બીજુંજ

ચિત્ર લઇશ. પરંતુ તું પોતે આગળ જણાવેલા વિચારો લાગુ કરી ફરીને એ ચિત્ર જોશે તો તને ઘણી સમજણ પડશે. મદ્રાસમાં પુજાતા "નટરાજ"ની મૂર્તિઓ તથા ચિત્રો તો તેં જોયાં હશે.

રમણલાલ

પેલા એક પગ ઉપર ઉભેલા વાંકાચુંકા વળી ગએલા શંકરની મૂર્તિ કેની ?

સુરેંદ્ર

હા, તેજ! શંકરના કયા સ્વરૂપનું આલેખન છે તે તું જાણે છે! વિશ્વમાં નૃત્ય કરી રહેલી વિનાશ અને સરજન કરી રહેલી વિરાટ્ શક્તિનું તે સ્વરૂપ છે! જડ તથા ચેતન સર્વ વિશ્વમાં તે શક્તિ નૃત્ય કરતી જણાય છે. અને પદાર્થ માત્રને તે નચાવી મુકે છે! પગતળે રાક્ષસરુપી અશુભને કચરી નાખી, વિશ્વભરમાં અતુલ શક્તિથી, સૌંદર્યથી ખેલી રહેલી નૃત્યમયી શક્તિનું કેવું ભવ્ય તથા સુંદર આલેખન છે! મૂર્તિમાં અને તેના ચિત્રમાં કેવી અદ્‌ભુત "ધારણા" સમતોલપણું તથા તેનીજ સાથે અનંત શક્તિની ક્રિયા આપણને આવી રહેલી જણાય છે? વિનાશ તથા મૃત્યુ ચારે બાજુ પ્રસારતી એ શક્તિ સર્વ કલ્યાણ મંગળદાતા પણ છે! એ દિવ્ય શક્તિના આલેખનમાં જીવનનો તથા શક્તિનો ધોધ વહેતો જણાય છે છતાં સમતોલપણાનો ભંગ થતો નથી; એનામાં અનંત શક્તિનું આલેખન છે; પરંતુ વિશ્વના પાલન માટે પ્રયત્ન કરવાની તેને જરુર પડતી નથી. કેવું સાહજિકત્વ તેનામાં દેખાય છે? ચાર હાથમાં ચાર હાથમાં અભયદાતૃત્વ વગેરેનું સૂચન તથા અંગના મરોડમાં તાલબદ્ધતા, મુખમુદ્રામાં ગંભીર, આનંદયુક્ત શક્તિ સાથે દિવ્ય સમતા—ચારે બાજુ વીખરાએલો જટાકલાપ તથા ઉડતા અંગવસ્ત્રથી સુચવાએલી નૃત્યની સતત ક્રિયા એ સર્વ અશુભરુપી રાક્ષસના ઉપર વિજય મેળવતા નટરાજ–તાંડવનૃત્ય કરી રહ્યા છે. કેટલીક વાર ગ્રીક કલા ઉપર મોહી પડેલાઓ આવી સર્વે આર્યાવર્તની કલાને વિચિત્ર, અતિશયોક્તિભરેલી તથા અમાનુષી ગણે છે—અને તે ખરું છે. આર્યકલા માનુષી નથી. દેવતાઓનો તથા ઇશ્વરત્વનો ખ્યાલ મનુષ્યત્વતા ઉપર રચાએલો નથી. ગ્રીક કલામાં દેવતાઓની મૂર્તિઓ મનુષ્યના શરીરની બૃહદ્ આવૃત્તિઓજ છે. જ્યારે આર્યાવર્તમાં દેવત્વનો તથા ઇશ્વરત્વનો ખ્યાલ આધ્યાત્મિક હોઇ તેની સુંદરતા પારખવા માટે જોનારમાં ઉચ્ચ પ્રકારની રસવૃત્તિની અપેક્ષા કરે છે. માનુષી વાસના અને શરીરનાં રૂપરંગથી રાચવું હોય તો રવિવર્માનાં ચિત્રોને બીજો કોઇપણ ચિત્રકાર ભાગ્યેજ પાછળ હઠાવી શકે! આજકાલના આપણા જનસમાજમાં એની કદર થાય છે તે આપણી રસવૃત્તિની દશાનું સૂચક છે! આ તો વળી વિષયાંતર થઇ ગયો.

રમણલાલ

ખરેખર! પ્રથમ તો હું એ મૂર્તિને વિચિત્રજ ગણતો હતો, પરંતુ હવે મને એમ લાગતું જાય છે કે હજારો વર્ષો સુધી આપણી શિલ્પકલાએ આવી મૂર્તિને જીવંત રાખી છે તે તદ્દન અકસ્માતનું પરિણામ તો હોઇ શકે નહીં, આપણી કલા સામાન્ય જીવનના પ્રવાહથી એટલી તો ઉંચે ઉડે છે કે આજકાલના કેળવાએલા લોકોને એ તદ્દન જૂદીજ દુનીઆ લાગે છે.

સુરેંદ્ર

અને તે વિશ્વ જુદુંજ છે! ત્યાં "નટરાજ"

નાં સ્વપ્ન જોનાર ગાંડાતુર ભક્ત શિલ્પીઓ આવી રહેલા છે એટલુંજ નહીં પરંતુ "રાધા અને કૃષ્ણ"ના—(મનુષ્યના આત્માના અને પુરુષોત્તમના આત્મના)—મિલનકુંજના તથા વિશ્વમાં અખંડ વિરાજતા તથા ગાંજતા દિવ્ય રાસના, "પ્રજ્ઞાપારમિતા"ને માનસિક ચક્ષુઓ વડે નીહાળનારા, "બુદ્ધ" ભગવાનના ધ્યાનની ગંભીરતા અનુભવી તેની મૂર્તિમાં નિર્વાણની નિસ્પંદ નિષ્ક્રિય મુક્તિનુ આલેખન કરનારા તથા "તારા," "ગણેશ," "કાર્તિકેય," "ઇંદ્ર," "સૂર્ય," વગેરે વિશ્વનું પાલન કરનારા દેવોની ઝાંખી કરનારા કલાવિધાયકોનું તે વિશ્વ છે. આજકાલના વેપારી, વાસનાપીડિત અને સૌંદર્યહીન યંત્રના મૂર્તિપૂજકો તે દિવ્ય ધામમાં સહેલાઇથી ન પ્રવેશ કરી શકે એમાં શું આશ્ચર્ય ?

હવે તેં જોયું હશે કે આર્યકલા મનુષ્ય શરીરની રચનાના શાસ્ત્રને પોતાના નિશ્ચલ ધોરણ તરીકે સ્વીકારતી નથી. "ભાવ"ના આલેખનમાં, મનુષ્ય શરીરમાં પરિવર્તન કરવાની છુટ કલાવિધાયક લે છે અને જે દિવ્ય ભાવનાનુ આલેખન કરવાનો પ્રસંગ હોય છે તે ભાવ શરીરદ્વારા વ્યકત થતાં માનુષી શરીરની રચનાના સર્વ નિયમોને તે વટાવી પોતે વ્યક્ત થાય છે. પ્રાચીન ઉદાહરણો મુકી હું વર્તમાન કાળમાંથી એક બે ઉદાહરણ લઇ તને આ સત્ય બતાવીશ. અસિતકુમાર હળદાર નામના એક ચિત્રકારે "રાસલીલા"નું ચિત્ર દોર્યું છે. તેમાં દોરેલાં કૃષ્ણ તથા ગોપીકાઓનાં જોડકાંઓ જોતાં જણાશે કે, આપણી દૃષ્ટિ જોઈ શકે તો, એ ચિત્ર ઘણુંજ સુંદર છે. ગોપીઓનાં શરીર વાંકાંચુંકાં હોવા છતાં ગસના છંદને અનુરુપ શારીરિક છંદ જાણે એમના શરીરદ્વારા પ્રગટ ન થતો હોય એમ લાગે છે! વળી, આખા ચિત્રમાં ગોપી અને શ્રીકૃષ્ણનો સંબંધ કેવી દિવ્ય આધ્યાત્મિક ભૂમિકા ઉપર આવી રહેલો છે એમ આપણને સ્પષ્ટ જણાઇ આવે છે. એ ચિત્રમાં શ્રીકૃષ્ણને સ્પર્શ કરવાને ઉત્સુક ગોપીકામાં પણ અધમ કામવાસના જણાતી નથી અને એ ગોપીકાની જમણી બાજુએ આવેલી ગોપીકા દિવ્યરાસના આનંદમાં મસ્ત થઇ નિમિલીત નેત્રે રાસમાં નાચે છે! એના શરીરમાં તથા મુદ્રામાં છટનું કેવું અદ્ભુત લાવણ્ય પ્રગટી રહ્યું છે! કેવળ નિમિલીત નેત્રે આનંદ ભક્તિથી ભરપુર હોવા છતાં સર્પની પેઠે એની નૃત્યક્રિયા પુર જોસમાં ચાલુ છે! એનું ચીર તથા કંદનો હાર પગનો તથા નીચલા ભાગોનો મરોડ તે સુચવે છે. શરીરની શાસ્ત્રીય રચનાને અનુસરવાનું નામ કલા નથી; સમજ્યો? બીજાં અનેક દૃષ્ટાંતો આપી હું તને આ સિદ્ધાંત સત્ય ઠરાવી આપી શકું, પરંતુ સુંદર ચિત્રોને જોઇ મુંગે મોઢે એમની ઉજાણી અંતરમાંજ કરવાને બદલે તેમના વીશે આનુ લાંબું લાંબું વિવેચન કરવાનો મને ભારે કંટાળો આવે છે. આંબાના વનમાં જઇ કેરી ખાવાને બદલે કોઇ તેની મધુરતાનું વિવેચન કરે તે કેવું વિચિત્ર!

રમણલાલ

પણ ભાઇ! તમે એકલપેટા જણાઓ છો. તમે તો કેરી ખાધી છે પરંતુ બીજાને સ્વાદ ચખાડવો તો જોઇએને!

સુરેંદ્ર

એમ કે સ્વાદ ચખાડાતો હશે? સ્વાદેંદ્રિય કેળવાતાં આપોઆપ બધું સમજાઇ આવશે.

રમણલાલ

પરંતુ હજી મારી સ્વાદેંદ્રિય–રસેંદ્રિ–કેળવાતાં જરા વાર છે, ત્યાં સુધી તારાં વિવેચનો સાંભળીને મને કોઇક વાર પ્રશ્ન થઇ આવે છે કે તું પોતેજ કેમ ચિત્ર દોરવાની શરુઆત કરતો નથી?

સુરેંદ્ર

"કલાવિધાયક" અને "રસપાન કરનાર" બંને એક વ્યક્તિમાં ભેગાં મળવાંજ જોઇએ એવો નિયમ નથી. પણ એ વિષય હમણાં બાજુ ઉપર મુકી "કલા શું?" તે વિષય ઉપર આપણે આવીએ.

રમણલાલ

હજી તેને વાર છે. પ્રથમ તો તે "ભાવ"નું આલેખન કરવા છતાં ચિત્ર સુંદર ન થાય તો?

સુરેંદ્ર

"ભાવ" એ કૈં સર્વસ્વ નથી. કલામાં –સર્વ પ્રકારની કલામાં "લાવણ્ય" અનિવાર્ય-પણે આવશ્યક છે. પ્રત્યેક વાનીમાં જેમ મીઠાની જરુર પડે છે તેમ પ્રત્યેક ચિત્રમાં લાવણ્ય જોઇએ. કારણ કે જો કેવળ ભાવને વશ થએલાં રૂપો ચીતરવામાં આવે તો ભાવની ઉન્મત્તતા તથા અતિશયતા આલેખવાનો પ્રસંગ આવે અને તેમ થતાં ચિત્રની ખુબી ખંડિત થવાની. સંયમ તથા સૌંદર્ય વિનાનું ભાવનું આલેખન ભાગ્યેજ સંતોષદાયી હોઇ શકે. આલેખનમાં લાવણ્ય લાવતાંજ સર્વ અતિશયોકિત, શરીરના ભંગોની કુરૂપતા વગેરે દૂર થઇ જઇ તેને ઠેકાણે સુંદરતા પ્રગટ થાય છે. મોતીમાં શ્વેતપણા ઉપરાંત જે "ચળકાટ" હોય છે તેની જોડે લાવણ્યને ઘણી વાર સરખાવવામાં આવે છે. એ તેજ યા પાણી વિના મોતની કીંમત શી? તેવીજ રીતે રંગ, પ્રમાણ, ભાવ વગેરે સર્વે ચિત્રમાં હોવા છતાં લાવણ્ય વિના તે નિરર્થક લાગે છે. રસોઇમાં મીઠું જો પ્રમાણસર હોય તો સ્વાદમાં અનુપમ ઉમેરો કરે છે, પરંતુ વધારે હોય તો રસોઇ બેસ્વાદ કરી મુકે છે; તેજ પ્રમાણે લાવણ્યનું પણ સમજવું. લાવણ્યની અતિશયતા લાવવા જતાં કૃત્રિમતા અને પ્રયત્ન જોનારને સ્પષ્ટ લાવણ્યમાં પવિત્રતા અને સંયમ બંને સમાએલાં હોય છે. કાળી કસોટી ઉપર જેમ સુવર્ણરેખા તથા ઝીણા ઘુમટાની કોરમાં આવેલી સોનેરી રેખા ચળકે છે તેમ જે રૂપનો સ્પર્શ કરે છે અથવા જે રૂપને ઢાંકે છે તેના ઉપર લાવણ્ય પોતાનો સંસ્કાર મુકે છે. "લાવણ્ય" કદી પણ પોતાની જાતને જાહેર કરતું નથી. તે મધુર અને નમ્રજ હોય છે. સૌંદર્ય અને મહાનુભાવતા તેનામાં હોય છે; તથા કલામાં સૌથી વધારેમાં વધારે કાર્ય તેને કરવાનું હોય છે; તોપણ લાવણ્ય સૌથી ઓછું આગળ પડે છે.

મેં મોડર્નરીવ્યુના ૧૯૧૪ ના એપ્રીલના અંકમાં આપણા લેખકો મનુષ્ય શરીરના જુદા જુદા ભાગોને પ્રાચીન સમયમાં જે ઉપમાઓ આપતા હતા તે કેવી સકારણ છે તે સિદ્ધ કરનારો એક લેખ આપ્યો હતો તે તમે વાંચ્યો છે?

રમણલાલ

હા. 'Indian Artistic Anatomy' નો ખરું?

સુરેંદ્ર

હા.

રમણલાલ

મને એમાં બહુ સમજણ પડી નહીં.

સુરેંદ્ર

આપણા ચિત્રકારો "લાવણ્ય"નું આલેખન કરવા ઉપરાંત "સાદૃશ્ય"માં પણ માને છે.

રમણલાલ

"સાદૃશ્ય" એટલે શું?

સુરેંદ્ર

કવિતામાં "ઉપમા" અને અલંકાર આવે છે તે તો તું જાણતો હોઇશ.

રમણલાલ

હા. અમારે કાવ્ય પ્રકાશમાં 'ઉપમા

સાદૃશ્યમાન્ ભેદે'—ભેદનું અસ્તિત્વ હોય ત્યાં સરખાપણાનું ભાન થતાં ઉપમા અલંકાર થાય છે. અર્થાત્ સરખાવવામાં આવેલી વસ્તુઓમાં બંનેને સામાન્ય એવો ગુણ આવેલો હોવો જોઈએ. "સિંહના જેવો હીંમતવાન યોદ્ધો"—એમાં "હીંમત" એ બંનેમાં મળી આવતો સામાન્ય ગુણ છે. બીજા બધા ગુણોમાં ભેદ સ્પષ્ટ છે.

સુરેંદ્ર

એને આપણે "સાદૃશ્ય"—કહીશું. હવે ચિત્રકારો પણ "સાદૃશ્ય"નો ઉપયોગ કરી ગુણનું યા તો પ્રકૃતિનું સરખાપણું જોનારના મનમાં તાદૃશ્ય કરવાનો પ્રયત્ન કરે છે. ચરણને કમળની ઉપમા ઘણી વાર સાહિત્યમાં અપાએલી જોવામાં આવે છે. ચિત્રકાર ચરણને કમળના જેવા આલેખી જોનારના મનમાં કમળનો ભાવ ઉત્પન્ન કરે છે. એ બને પદાર્થના બાહ્ય સ્વરૂપમાં સરખાપણું હોય છે ખરું પરંતુ તે બંનેને ચિત્રકાર બરાબર "સરખાં" આલેખતો નથી. કારણકે તેમ કરવા જતાં જોનારના મનમાં જે સુચના ઉત્પન્ન કરવાનો હેતું હોય છે તે સિદ્ધ થઇ શકતો નથી. રૂપ અને પ્રકૃતિ બંનેમાં સરખાં હોય એવા પદાર્થો કુદરતમાં ભાગ્યેજ મળી આવે છે. પરંતુ ખરેખરું સાદૃશ્ય કેવળ રૂપનું નહીં અતરના સ્વભાવનું હોય છે. સ્ત્રીના ચોટલાને નાગની ફેણની ઉપમા આપવામાં આવે છે, પરંતુ સ્ત્રીના મસ્તક ઉપર નાગની ફેણ ચીતરતાં જણાઇ આવશે કે એ રૂપનું સાદૃશ્ય ગુણનું સાદૃશ્ય ઉત્પન્ન કરવા માટે અશક્તિમાન છે. આગળ કહેવામાં આવ્યું છે કે કેવળ રૂપનું નહીં પરંતુ ભાવનું તથા અંતરનું સાદૃશ્ય એજ ખરું સાદૃશ્ય છે. દેવનાં ચરણોને કમળ-રૂપે ચિત્રકાર આલેખતો નથી; પરંતુ કમળને ચરણ આગળ મુકે છે જેથી કમળ પ્રત્યેનું આપણા મનનું આકર્ષણ દેવના ચરણ પ્રત્યેના આકર્ષણનું સૂચન જોનારના મનમાં કરે છે.

વળી, સૌથી ઉચ્ચ પ્રકારનું સાદૃશ્ય તો એથી પણ જુદું છે. વીણાના તાર જ્યારે આપણા અંતરના સંગીત જોડે સંવાદી બને છે ત્યારે સંગીતમાં ખરેખરું "સાદૃશ્ય" જામે છે. ચિત્રકામમાં પણ ચિત્રકારનું મન જે કૈં જુવે છે યા તો અનુભવે છે તેને અનુરુપ રેખા, રંગ અને રૂપ દોરાય ત્યારે ખરું "સાદૃશ્ય" જામે છે. અર્થાત્ કેવળ બહારનું—રૂપનું—સરખાપણું એ ખરું 'સાદૃશ્ય' નથી.

રમણલાલ

હું કોઇક વાર મારા મનમાં ચિત્ર ઉભું થાય છે તેને દોરવાનો પ્રયત્ન કરું છું એટલે તો મારો હાથ થરથરે છે. મને ઘણી વાર પરસેવો પણ થઇ જાય છે. એક દિવસ મને સ્વપ્નું આવ્યું હતું તેમાં મેં એક ગાંધર્વને જોયો હતો. મને તેનું રૂપ આબેહુબ હજી પણ યાદ છે. પરંતુ બીજે દિવસે હું તેનું ચિત્ર દોરવા બેઠો ત્યારે મારાથી દોરીજ શકાયું નહીં. મેં માણેકલાલ માસ્તરને પુછ્યું કે રોજ મોડેલ દોરતાં કે shading કરતાં મારો હાથ જરા પણ કાંપતો નથી, પરંતુ એ ચિત્ર દોરતાં કેમ કાંપે છે? તેમણે જણાવ્યું કે એવાં સ્વપ્નાંઓ દોરેથી શો લાભ? પહેલાં તું મોડેલ, memory, design વગેરેમાં હાથને કેળવ, ત્યાર પછી હાથ નહીં થરથરે!

તારા માણેકલાલ માસ્તરને કલા કરતાં પૈસાની વધારે દરકાર છે એટલે એમને આ બાબતમાં કેવા પ્રકારનું જ્ઞાન છે તે જાણવાની હું દરકાર કરતો નથી. જ્યાં કળાનો ઉપયોગ ધનની ગુલામી કરવામાં થાય છે ત્યાં તે દેવીનો પ્રસાદ ભાગ્યેજ ટકે છે! પરંતુ

ગાંધર્વનું ચિત્ર દોરતાં હાથ થરથરે છે એનું કારણ તું સમજ્યો? આનું કારણ એ છે કે કાગળ ઉપર એવું ચિત્ર દોરવાને આપણે પ્રયત્ન કરીએ છીએ. કે તુર્તજ તે કાગળ, કાગળ મટી જઈ આપણા આંતરસ્વભાવનું–આપણા અંતર આત્માનું દર્પણ થઇ રહે છે! આખું વૃક્ષ જેમ બીજમાં સમાએલું હોય છે તેમ ચિત્રકારની આખી મનોસૃષ્ટિ તેના ચિત્રમાં હોય છે. એટલે એ કાગળ ક્ષુદ્ર મટી જઇને આપણા મનના ઉપર પડેલાં રૂપ, પ્રમાણ, ભાવ વગેરે આલેખવાનું અદ્‌ભુત સાધન થઇ રહે છે. માટે આપણો હાથ થરથરે છે.

રમણલાલ

ત્યારે મારો હાથ થરથરતો હતો તે ઠીક થયું એમ?

સુરેંદ્ર

એમ નથી! એ કાગળને માટે એક પ્રકારની માનની લાગણી ચિત્રકારના મનમાં હોવી જોઇએ ખરી; પરંતુ એ ક્ષોભ તેણે જીતવો કેવળ આવશ્યક છે. જેમ પ્રથમ ભાષણ કરનાર કાંપે છે તેમ નવીન ચિત્રકારનો હાથ થરથરે છે; પરંતુ ચિત્રકારે હાથને સ્થિર કરવો એ બહુજ અગત્યનું છે. પીંછી યા પેન સ્થિરપણે આગળ ચાલવી જોઇએ. આ ક્રિયાને "વર્ણિકા ભંગ" કહેવામાં આવે છે. આરામ તથા વિશ્વાસપૂર્વક પીંછી યા પેનસીલ ચલાવવાની શક્તિ મેળવવી એ ચિત્રકારને માટે અનિવાર્ય છે. ભાઇ રમણ! નેત્રનું સંપૂર્ણ વર્તુલ દોરવા માટે, યા તો ગરદનની નાજુક કમાન આલેખવા માટે, અથવા તો હાસ્ય કરતા કે શોક દર્શાવતા ઓઠ આલેખવા માટે ચિત્રકારની આંગળીઓએ કેટલી ત્વરા, કેટલો નિશ્ચય, કેટલી સ્પર્શની નાજુકાઇ મેળવવી જોઇએ તેનો વિચાર કર! તલવારપટામાં ઉસ્તાદ ખેલાડી કાચા સુતરની આંટીને અથવા તો રુના તકીઆને બે ભાગમાં કાપવામાં પોતાની ઉસ્તાદીની પરાકાષ્ટા માને છે! તલવાર ધારે તો લોઢાને પણ છેદી શકે!) તેમ ચિત્રકળામાં પણ "વર્ણિકા ભંગ"નું સમજવું. કાગળ ઉપર કે ચિત્રપટ ઉપર પીંછીને આમથી તેમ કુદાવતો અને ફેરવતો ચિત્રકાર થોડા સમયમાં તેના રંગોને આનંદના કે શોકના અશ્રુના રૂપમાં ફેરવી મુકી જોનારને તે ભાવમય કરી મુકે છે! સંગીતમાં જેમ મંદ અને તીવ્ર સ્વર હોય છે તેમ ચિત્રકળામાં પીંછીના ટચકા હોય છે. એક કુમારિકાનું ચિત્ર દોરતાં તને જણાઇ આવશે કે તેના રૂપની રેખા દોરતાં જુદે જુદે સ્થળે તારે પીંછી ઉપર જુદા જુદા પ્રમાણમાં ભાર દેવો પડશે. કપાળની રેખા હાથી દાંત જેવી મજબુત હોય છે ત્યાં તારે પણ પીંછીને ઝીણી, સીધી મજબુત અને અક્કડ રાખવી પડશે; ગાલ આગળ જતાં એજ લીટીએ પણ નરમ થઇ નિશ્ચિત લીટીને બદલે વીખરાઇ જવું પડશે. ગરદન આગળ આવતાં પીંછી ઉપર અતિશય ભાર દેવો જોઇએ નહીં અથવા તો અતિશય હલકો હાથ પણ રાખવો જોઇએ નહીં. આ પ્રમાણે કપાળથી ગળા સુધી એકજ રેખા હોય છે તોપણ તેમાં એકજ સરખો ભાર દેવામાં આવતો નથી એટલુંજ નહીં, પરંતુ રેખાની જાડાઇ પણ એક સરખી હોતી નથી!

વળી "વર્ણિકાભંગ"માં રંગમિશ્રણ તથા રંગના ઉપયોગનું જ્ઞાન પણ હોવું જોઇએ. કારણ કે ચિત્રકામમાં હર્ષ શોક, વગેરે રંગદ્વારા આલેખાય છે. વળી, ખરું રંગમિશ્રણ કરનાર ચિત્રકારનું મન છે. પદાર્થનો ખરો રંગ યાને વર્ણ મન જુએ છે. આપણાં નેત્રો આપણને ફક્ત પદાર્થનો રંગ કેવો

છે તેનું જ્ઞાન આપે છે. એમાં પણ તે ઘણી વાર ભુલ કરે છે. પરંતુ આપણું મન આપણને વર્ણના વિભાગો, તેમના મિશ્રણનું જ્ઞાન આપે છે. નેત્ર કેવળ રંગનું સ્થૂલ સ્વરૂપ જુએ છે પરંતુ મન, વર્ણમાં–રંગમાં–રહેલું સંગીત; રંગની મીઠી સુવાસ અનુભવે છે ! ઋતુ અનુસાર અને મનની સ્થિતિ પ્રમાણે વર્ણમાં વિકારો થયાજ કરે છે.

રમણલાલ

તું કહે છે તે ખરું, પણ એ ૭ ાણે કેવી રીતે થઇ શકે ! હું તો બહુ પ્રયત્ન કરું છું તોપણ આ સહેલાં ચિત્રકામો પણ સરસ રીતે કરી શકતો નથી. થોડા દિવસ ઉપર આજવા * તળાવ ઉપર બેસી સ્કેચ લેતો હતો તે વખતે સૂર્યાસ્તના રંગનું મિશ્રણ બરાબર ન થયું તે નજ થયું–અને એટલામાં તો રંગો બદલાઇ ગયા.

સુરેંદ્ર

ખરું છે. વર્ણિકાભંગનુ જ્ઞાન, મારી પેઠે કલાનું જ્ઞાન મેળવવાથી યા તો રસવૃત્તિને કેળવવાથી કદી પણ નજ મળે. એ તો પીંછી પેન્સીલ તથા રંગ લઇને બેસે તોજ મળી શકે. વર્ણિકાભંગના અર્થાત્–"રેખા, રંગ અને પીંછીનો ઉપયોગ કરનારા "ઉસ્તાદો પુષ્પ ઉપર પડતા સૂર્યના તેજનું પણ આલેખન કરી શકે છે એટલુંજ નહીં, પરંતુ પ્રભાતે, મધ્યાન્હે અથવા તો સાયંકાલે જણાતા સૂર્યની ઉષ્ણતાનું પણ માપ ચિત્રમાં દર્શાવી શકે છે ! ધારો કે તમે "દમયંતી સ્વયંવર"નું ચિત્ર દોરવાનો પ્રયત્ન કરો છો. તેમાં દમયંતી, તેની દાસીઓ, રાજાઓ, તેને પરણવાની ઇચ્છાથી આવેલા દેવો વગેરેના રૂપનું આલેખન કરવું બસ નથી; પરંતુ તમારે પુષ્પ માળાની સુગધીને પણ રંગદ્વારા દર્શાવવી જોઇએ ! તથા ત્યાં આગળ બળતા દીપકોની ઉષ્ણતા તથા તેમનું તેજ બને તમારે બતાવવાં જોઇએ. આ બધાં વર્ણ-મિશ્રણો મન કરે છે. ખરું જોતાં રંગની પેટીમાં આવેલા રંગોમાંથી કયા જોડે કેટલા પ્રમાણમાં પોતાના અંતરના રંગો ભેળવવા એનો નિકાલ હમેશાં મનજ કરે છે. આપણી બદલાતી મનોદશા જુદા જુદા રંગોને જે વિધવિધ કીંમત આપે છે તે કોમળ ભેદોને પારખવાથી "વર્ણિકાભંગ"નું જ્ઞાન મેળવી શકાય છે.

રમણલાલ

આજે છેક સાંજ પડી ગઇ! ચાલ દોસ્ત સુરેંદ્ર! આપણે વખત સર વ્યાયામ મંદિરે જઇ પહોંચીએ; આજે તેં ચિત્રકલા વીશે કેટલીક સરસ માહીતી આપી છે, પરંતુ કલા શું એ પ્રશ્ન તો અધુરજ રહ્યો છે. [ઉભો થાય છે].

સુરેંદ્ર

હા, આપણે વળી બીજે કોઇ વખતે તેના વીશે વાત કરીશું. હમણાં તો અખાડે જવાનો વખત થઇ ગયો છે એટલે ચાલ આપણે વખતસર જઇ પહોંચીએ.

રમણલાલ

[કપડાં પહેરતાં પહેરતાં] તેં આજે શું શું કહ્યું, જો ગણાવી જાઉં–રૂપનું જ્ઞાન–પ્રમાણનું જ્ઞાન, એટલે ભાવનું આલેખન, લાવણ્યની અગત્ય સાદૃશ્ય શું અને છેવટે રંગમિશ્રણ અને ચિત્રકામ અથવા તો વર્ણિકાભંગ–એટલું મને યાદ છે. બાકીનું તો ચિત્રો જોઇશ એટલે મને તુર્ત યાદ આવશે. ચાલ જઇએ.

બંને જાય છે.

* વડોદરા શહેરને પાણી પુરું પાડતું; શહેરથી બાર મૈલ દૂર તળાવ છે.

સ્વતંત્રતા માટે

[અનુસંધાન પૃષ્ઠ ૩૯૭ થી]

૮

મધુરીના મધુને ન્યુમોનીઆ થયો. મધુ સર્વને વહાલો હતો. દાક્તરોએ આશા છોડી હતી. દરેક શ્વાસે તેનો જીવ ઉડતો હતો. આંખો કાચ થવા આવી હતી. આખું કુટુંબ ડુસકાં ભરતું આસપાસ ભરાયું હતું.

"મધુરી શ્રીનાથજીની યાત્રા કરવાની બાધા રાખતી. બાલકૃષ્ણલાલજીની કૃપાએ કરી મધુ સારો થઇ જશે" કાકીએ મધુરીને સલાહ આપી. પોતાના દીકરા માટે મધુરીએ બાધા રાખી.

મધુ સારો થયો અને તેને લેઇ મધુરી અને ચંદ્ર યાત્રા કરવા નીકળ્યાં.

૯

તેઓ શ્રીનાથજી ગયાં ત્યાંથી તેઓ આગ્રા ગયાં. આગ્રામાં આવ્યાં ત્યારે પુનેમ હતી. તેઓ તાજ મહાલનાં દર્શને ઉપડયાં. રુપેરી ચાંદની જમુના તટે ઝળહળી રહી હતી. ઇમે તાજના બુરજો આકાશને અડકવાનો પ્રયત્ન કરતા. ચંદ્ર અને મધુરી બેઠાં. જનમો સુધી નહીં અનુભવેલો અનુભવ તેઓએ કીધો. જનમો સુધી નહીં નાચેલી લાગણીઓ તેઓમાં નાચી. નવા પરણેલાનો ઉસ્સાહ તેઓના હ્રદયમાં જાગ્યો. ઘણે વખતે આજે સ્નેહીઓ મળ્યાં હોય તેમ તેઓને લાગ્યું. મધુરીના શ્વેત ફીક્કા મુખ ઉપર ચાંદની કુદતી હતી. ચંદ્રે પોતાના હાથમાં પોતાનું માથું ડાબ્યું અને તેની આંખેથી આંસુ નીતરવા લાગ્યાં. મધુરી કોઇ દહાડો રીસામણાં મનામણાં શીખી નહોતી. પતિએ રીસામણાં મનામણાં તેને કોઇ દહાડો શીખવ્યાં નહોતાં. મધુરીએ કોઇ દહાડો પણ ચંદ્રને આવા રસિક વાતાવરણમાં રોતો અનુભવ્યો નહોતો. અને આંસુ લુછવાનો કોઇ દહાડો, પણ તેને પ્રસંગ આવ્યોજ નહોતો. પતિને કોઇ દહાડો પણ તેને રડવાનું કારણ પુછવા સમયવારો નીકળ્યોજ નહોતો. તેએ આ વખત તો રડવાનું કારણ પુછવુંજ જોઇએ. પત્નિ તરીકે તેની ફરજ હતી કે તેનાં આંસુ તો તેણે લુંછવાજ જોઇએ. અરે પરંતુ મર્યાદા રાખવી પત્નિને નહીં ઘટે? જગત્ હસશે, પેલો હસતો ચંદ્ર સાસુને જઇને કહેશે. સમાજ ઠેકડી કરશે. સાસુ ધમકાવશે. પણ આજે તો અહીંઆં કોઇ નહોતું. તે અને ચંદ્ર. પાસે નાની રસિકમણી ઉંઘતી હતી. જરા દૂર મસ્તીખોર મધુ રમતો હતો. મધુરીના શરીરે સ્વેદબિંદુ ફુટયાં. ભવોભવના અનુભવ એક પળમાં થઇ ગયો. મધુરીએ પોતાનો હાથ ચંદ્રના માથા ઉપર મુકયો. ચંદ્રના વાળ તેણે કોઇ દહાડો હોળ્યા નહોતા. એમાં તેણે કોઇ દહાડો તેલ નહોતું નાખ્યું. એના વાળ બરછટ હતા. એમાં પોતાનોજ વાંક મધુરીએ જોયો. "પણ "એ" ઘેર કયે દહાડે એકલા બેઠા? કયે દહાડે વાળ હોળવાનું કહ્યું? રાતના બેસી કયે દહાડે વાતો કરી! તેઓને વ્યકિતગત સુખ દુઃખ તો હતાંજ; ને હોય તો તેઓએ પોતાનાં સુખદુઃખ રડયાંજ કયારે? સવારે પાંચ વાગે ઉઠવું અને બાર વાગે સુવું! સ્નેહસંતોષ કે આત્મ સંતોષ માટે તેઓને વખત કયાં મળ્યો? સાસુ સસરાના એકલવાયા રાજ્યના, સહકુટુંબની ગુલામીમાં, વડીલોની રખાતી ભય–પ્રધાન આમન્યામાં, તેઓમાં સ્નેહસ્વતંત્રતા જન્મજ શેની પામે? ચંદ્રનું મોં મધુરીએ ઉંચકયું. 'કેમ રડો છો?" તેણીએ અસંત સ્વાભાવિક પ્રશ્ન, એક હાથે ચંદ્રનું મોં ઉંચું

રાખી બીજે હાથે પોતાની આંખના આંસુ લુછતાં, ચંદ્રને પુછયો આંખમાનાં આંસુ લુછતાં તેણે જવાબ આપ્યો; "એ તો અમસ્તો," અને જવાબ આપતાં આપતાં તે લુખ્ખું હસ્યો. પછી તેઓની જીવનના પ્રણય-અભિનયની ગોષ્ઠીઓ ચાલી. પ્રતિજ્ઞાઓ થઇ; રસિક સ્નેહનાં પારાયણ મંડાયાં.

તાજ મહાલે પોતાની સાર્થકતા સાધી. દંપતિને પોતાની ગોદમાં લઇ તેને પ્રણયી બનાવ્યાં.

૧૦

મધુરી અને ચંદ્ર પાછાં ઘેર આવ્યાં. નવા જીવનનો રસ વાતે વાતે ઉભરાઇ જતો હતો. પૂર્વ ગૃહજીવન હવે કલુષિત લાગવા માંડ્યું. ઘરમાં હવે ઝીણી ઝીણી વાતોમાં સાસુ સસરાને બોલવાવારો આવ્યો. સાસુનો દાબ હવે ત્રાસ જણાયો; ઘરની ધમાલમાં તે પતિ સાથે એકલવાયાપણું શોધતી. પતિ સાથે નાટકમાં જવાની તે ઉમેદ ધરતી. તે ફરવા જવા તલપતી. સાસુના ગુલામત્વ સ્વીકરાવનારા શબ્દો સામે તે ધુરકતી. પોતાનુએ કૈં વ્યક્તિત્વ છે એમ તેને સમજાયું. દીયેર જેઠના શબ્દો કાંટા જેવા લાગતા. ચંદ્રે પણ પોતાની સ્ત્રીમાં આત્મા જોયો. હાડકા અને માસ ઉપરાંત પણ તેમાં કૈં છે એમ સમજાયું. ચોરી છુપીથી તે એકાંત શોધતો. સાથે મળતાં તેઓથી હસાઇ જતું. હાથમાં હાથ ઝલાઇ જતો. આંખમાં આંખ ઢળતાં શરમાઇ જવાતું. રાતના ઉજાગરા થતા. કાલિદાસ અને જયદેવ વંચાતા અને અનુભવાતા. આત્માએ આત્માને ઓળખ્યો. ચંદ્ર પોતાની સ્ત્રીને શણગારવાંમાં, શોભાવવામાં મોઝ માનતો. બાપનો પુત્ર મટી બાપનો મિત્ર બનવા તે તલપ્યો. મા, બાપ અને વડીલો પાસે પત્નીનો પક્ષ તાણવા માંડયો.

આ નવીન વિચિત્રતા સહાધ્યાયીઓને નહીં સમજાય એવી નહોતી!

૧૧

આજે "પ્રણયકુંજ" નામના નવા નાટકમાં સૌ જવાનાં હતાં. પત્નીને મુકી ચંદ્રે જવાની ના કહી. "એ બાયલાપણું છોડ!" બાપે બુમ મારી. ચંદ્રને ટાણો વાગ્યો. "આજે કેટલો વખત થયાં હું જોઉં છું. બૈરી પાછળ ભમ્યા કરે છે. પણ છોકરાનો બાપ થયો. હવે તો સમજ!" ચંદ્રને જવાબ આપવાની ટેવ નહીં હતી અને જવાબ આપવા જેવો તેને આ પ્રસંગ હતો. તે મુંગોજ રહ્યો.

"જા! ગાંડા મુક" બાપે ફરી બુમ પાડી.

કુટુંબના સહકારીઓ આ નાટકની મોઝ અનુભતાં હતાં. ચંદ્રે આંખ ઉંચી કરી. એની મા એને આંખથી ઠપકો આપતી હતી. અણસમજુ છોકરાં આસપાસ મોં ઢાંકી હસતાં હતાં. મધુરી રસિકમણીના વાળ ઓળતી હતી.

"બાપા! મેં બહુ સાંભળ્યું. મારે આ ગુલામગીરી ક્યાં સુધી સહન કરવી?" ચંદ્રથી જવાબ અપાઇ ગયો. આવા જવાબની બાપને આશા નહોતી. માની આંખમાંથી અગ્નિ ઝરતો હતો. વાંક વહુનો વસ્યો, એણેજ બિચારા ચંદ્રને બગાડયો.

"તું કોની સાથે વાત કરે છે તે ખબર છે, હરામખોર?" બાપા સમજતા કે પોતે તો પોતાના દસ વર્ષના છોકરાનેજ ધમકાવતા નહીં હોય! આ શબ્દે ચંદ્રની આંખમાં અભિમાનનાં ઓજસ્ અંજાયાં.

"બાપા! આ જાતની વર્તણુંક હું નહીં સહન કરું.

વચ્ચે કોઇની બોલવાની હીંમત હતીજ નહીં. બાપ તો શાંત પ્રકૃતિના હતાજ નહીં અને કોઇ દહાડો પણ કોઇ એની સામે બોલી શકયું હતુંજ નહીં. બધાને તેઓએ ધ્રુાકમાં રાખ્યાં હતાં—અને ચંદ્ર દબાઇ ગયો હતો. આજે ધ્રુતી પ્રકાશી ઉઠયો. રોષ ભભુકયો. શું થશે તેની આજે તેને દરકાર નહોતી. "હરામખોર અને મૂર્ખા" શબ્દો તો તેને માટે દરરોજના વપરાશના હતા. એક દહાડો પણ બાપે તેને હાંઝવા નહોતો દીધો. એક દહાડો પણ મધુરીને માએ સુખેથી બેસવા નહોતી દીધી. માબાપને પોતા માટે પ્રેમ હશે. વહુ તો તેઓને મન ચાકરડું અને રમકડું હતું. માબાપે તેઓને અત્યાર સુધી ગુલામીમાં જકડયાં હતાં. આજે આમન્યાનાં બંધ દ્વારો ખુલી ગયાં હતાં. આજે હૃદયમાં સ્વતંત્રતાની હાકલ પુરેપુરી જાગી હતી. આજે જીભનાં તાળાં ઉઘડયાં હતાં.

"ચંદ્ર! નીકળ." બાપે ઘાંટો પાડયો. તેની આંખમાંથી અગ્નિ પ્રકાશતો હતો. ઘાંટો ફાટી જતો. તેની રુંવાટીઓ ઉભી થતી.

ચંદ્રે! મનમાં નિશ્ચય કીધો. જમીન ઉપર પગ ઠોકયો. "સારે હું અને મારી પત્ની જઇશું." શાંતિથી ચંદ્રે જવાબ આપ્યો.

વાતાવરણ હવે પુરેપુરું ગંભીર બન્યું હતું. જેને અંતરમાં લાગતું તે રડતાં, કુટુંબનું શું થશે જાણી ઘણાને લાગતું. સવારે હવે વહેલા ઉઠવું પડશે એમ કેટલાઓને લાગ્યું; હવે કમાવાની ફીકર પડશે એમ નવરાઓને લાગ્યું.

"જા! નીકળ! તારું કાળું કર!"

એક પ્રેમભીનો શબ્દ વખત સાચવત. દુદુંભિ નાદ વાગી ચુકયો હતો.

નીચું નાખી બાપ ખુરશીમાં બેઠા હતા. ચંદ્રે મધુરીને ઉઠવા સૂચન કીધું. બારણા પાસે તેઓ યાંત્રિક રીતે વળ્યાં. મધુરીની આંગળીએ મધુ હતો, કંઠે રસિકમણી હતી, આંખે આંસુ હતાં.

"અમે જઇશું" ચંદ્રે શાંતિથી રજા માગી. બાપની આંખમાંથી ક્રોધ વર્ષતો હતો. મા રડતી હતી. બધાની આંખમાં ઝળઝળીઆં આવ્યાં હતાં.

બારણામાંથી બહાર તેઓ નીકળી પડયાં.

હજુ વખત છે.

ઇન્કમટેક્ષ બચાવવા માટે મળો.

પ્રાણલાલ અમૃતલાલ વૈદ્યની કું.

ઇન્કમટેક્ષના અનુભવી.

પહેલો માળ, લાલસિંગ બીલ્ડીંગ, મંગળદાસ મારકીટ પાસે, મુંબાઇ.

નવું સાહિત્ય

[-]

[અનુસંધાન પૃષ્ઠ ૩૭૮ થી]

કેટલા આર્ત સ્વરે માગી ને વાંછી રહ્યા છીએ? આપણી નવીન કવિતાએ એ ગીતોના ઢાળમાં પોતાના સુંદર રસને સ્થાયી ઢાળવા કેટલી બધી ઉત્સુક દીસે છે?

રા. ભાઇ-મેઘાણીનો પ્રયાસ અમે આવા વખતે પુનઃ વધાવીએ છીએ. અને એક પછી એક આવા સંગ્રહ—માત્ર કાઠીઆવાડના-જ નહીં, વિવિધતા આપતા મહાગુજરાતના—એ આપણને નજર કરશે તો આપણા અંતરના આભારના એ આનાથીએ વિશેષ હકદાર થશે એ નિઃસંશય છે.

ટેબલ નં. ૫

ગુજરાતી પ્રોસપેક્ટસ મંગાવી વાંચી જુઓ. એ ટેબલ નીચે વીમો લીધાથી હયાતીમાં અને વળી હયાતીબાદ વીમાની રકમ મળે છે. તે શીવાય અનુકુળ પડતા બીજા લાભ પણ હોય છે તે વાંચી જોવાથી બરાબર સમજાશે.

ત્રણ વર્ષ પ્રીમીયમ ભર્યાં પછી જ્યાસુધી સરંડરવેલ્યુ પહોંચે ત્યાંસુધી પોલીસી રદ બાતલ થવાનો સંભવ નથી એટલે અડીઓપટીના પ્રસંગે તેનો લાભ લેવાથી પ્રીમીયમ ભરવા બીજા કને ઉછીના નાણાં લેવા પડતા નથી.

સુરત એજન્ટસ:	અમદાવાદ એજન્ટસ:	વડોદરા એજન્ટસ:
મહેતા બ્રધર્સ.	ત્રિવેદી એન્ડ કંપની.	એમ. એમ. ભટ્ટ.

ધી બ્રાટાનીઆ લાઇફ એસ્યુરન્સ કંપની, લીમીટેડ.

હેડ ઓફીસ: ૩૭-૩૯, ફોરબસ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબાઇ.



પુસ્તક ૭] શ્રાવણ ૧૯૮૧ [અંક ૫

ગુજરાત અને યુગધર્મ

ગુજરાતે સંસ્કારનો નવો યુગ આરંભ્યો છે. તેની સંસ્કૃતિની મહત્ત્વાકાંક્ષા વધી ગઈ છે. તે સામગ્રીઓથી સમૃદ્ધ બન્યું છે.

એના પુરુષત્વમાં ત્યાગ છે, ઉત્સાહ છે, ઉંડી વ્યવહારિકતા ને ઉંચી અભિલાષા છે. એમાં વ્યવસ્થાશકિત છે ને સ્વાતંત્ર્યપ્રેમ છે; મુત્સદ્દીપણું છે અને નિશ્ચલતા છે; ભાવનાશીલતા છે અને સેવાધર્મ ને પ્રેમ છે; અને ભગીરથ તપથી માનવતા વિકસાવવાની હોંસ છે.

એના સ્ત્રીત્વમાં ફુલની સુકુમારતા છે, ને છતાં સતીની અડગતા છે. એમાં રસિકતા છે ને સરક્ષક વૃત્તિ છે; કાવ્યમયતા છે ને તે વ્યવહારિક છતાં બુદ્ધિ સતેજ છે; ધર્માંધતા નથી છતાં, શ્રદ્ધાળુ હૃદયની શકિત છે; એમાં પુરુષના સમાન થવાની હોંસ છે, છતાં પુરુષને પડખેજ ઉભા રહેવાનું ડહાપણ છે; નવાનવા ઉલ્લાસો છે, છતાં દુઃખ સહન કરવાની હીંમત છે. અને પુરુષો ને સ્ત્રીઓમાં વિશુદ્ધ પ્રેમની જ્યોત જાગવા માંડી છે.

ગામેગામમાં નવયુગનું ચેતન પ્રસરી રહ્યું છે—ઘેરઘેર નવા સસ્કારનો સંચાર થાય છે.

જાણ્યેઅજાણ્યે બધા એક ને અવિભકત ગુજરાતનાં અંગ બને છે; અને જેમ અંગેઅંગની એકતાનતા પરથીજ આત્મા પરખાય છે તેમ ગુજરાતી સંસ્કૃતિના પ્રતાપી આત્માની સાક્ષી દે છે. કાર્તવીર્ય ને પરશુરામની આ ભૂમિ આર્યસંસ્કૃતિનો વિજયધ્વજ લઇ ઉભી છે; અને આર્યત્વનાં સનાતન તત્ત્વો મહત્ત્વાકાંક્ષા ને વીરતા; સ્વમાન ને સ્વાશ્રય; શુદ્ધિ, સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા; તપ, શકિત ને સંયમ; પિતૃભકિત ને જીવદયા; શબ્દબ્રહ્મની સર્વાંગસેવા; અને પ્રેમ–નિર્મલ ને નિરકુંશ–આ પુરાણા નવ-આર્યાવર્તની પ્રેરણાથી દસે દિશામાં પ્રસરશે.

—'ગુજરાત–એક સાંસ્કારિક વ્યક્તિ'માંથી

શ્રી કૃષ્ણ—જગદુદ્ધારક

અનુવાદક:

રા. પુરુષોત્તમ વિશ્રામ માવજી

સભ્ય, સાહિત્ય સંસદ્.

ચિત્રકાર:

રા. ઘારીરામ કોટવાલ

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ।
पार्थोवत्सः सुधीर्भोक्तादुग्धंगीतामृतं महत् ॥
वसुदेव सुतंदेवं कंसचाणूर्मर्दनम् ।
देवकीपरमानंदं कृष्णं वंदे जगद्गुरुम् ॥

જન્માષ્ટમીનો દિવસ આખા ભારતવર્ષમાં અતિ પવિત્ર, ઉત્સવ યોગ્ય અને ગૌરવનો દિવસ ગણાય છે. આજ પાંચપાંચ હજાર વર્ષ વીતાં, સદીઓ વહી ગઇ, છતાં ભારતવાસીઓના હૃદયમાં અજરામર શાશ્વત્ રાજ્ય કરી રહેલા મહા યોગેશ્વર શ્રી કૃષ્ણચંદ્રનો જન્મ દિવસ આનંદનો દિવસ છે. પાંચ હજાર વર્ષ પૂર્વે શ્રાવણ વદી અષ્ટમીની મધ્યરાત્રે સનાતન ધર્મનો પુનરોદ્ધાર કરવા, સાધુજનોને રક્ષવાના ઇષ્ટ હેતુથી એક મહાન્ અનુપમેય યોગેશ્વરનો જન્મ થયો. અવતારહેતુ ફલિભૂત કરી આ મહાન્ આત્મા આત્મરૂપ પામતાં તેમના તરફ ઉપકારની લાગણી આર્ય્યે હૃદયમાં વિશેષ જોરથી સ્ફુરવા લાગી, અને શ્રી દ્વારકાધીશ કૃષ્ણ પરબ્રહ્મના પૂર્ણાંશ તરીકે ઓળખાવા તથા પુજાવા લાગ્યા.

શ્રી કૃષ્ણના જન્મની વેળા કલ્પતાં કવિએ અતિ ઉચ્ચ પ્રકારનું ચાતુર્ય વાપર્યું છે; જેથી સમગ્ર કાવ્યનો ભાવાર્થ શું હશે તેનો વિચારી વાચકને તર્ક કરવા તે સાધનરૂપ થઇ પડે છે. મધ્યરાત્રે બાર વાગે જ્યારે આકાશ નિર્મલ હતું, નક્ષત્ર ગણોનો ઉદય થઇ દસે દિશાઓ પ્રસન્ન દેખાતી હતી, યમુનાનો પ્રવાહ શાંત વહેતો હતો, સરોવરો પ્રફુલ્લ કમળોથી શોભી રહ્યાં હતાં, વનશ્રીએ સુંદર આત્મપ્રસાધન કર્યું હતું, મધુર સુવાસિક પુષ્પો ઉપર રસિક ભૃંગો ગુંજારવ કરી રહ્યા હતા, મંદમંદ કુસુમ-

પડેલી છે; અને સર્વત્ર ખરા મનુષ્યોની જરુર છે; હીંમત, વીરશ્રી, સત્ય અને પ્રેમવાળા ખરા મનુષ્યોએ અધ્યાત્મિક આત્મજીવનની સત્યતા પર પ્રજાતંત્ર બાંધવાને જાગ્રત થવાની જરુર છે.

શ્રી કૃષ્ણે જગને મુરલીને નાદે નચાવ્યું; તેજ શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રની રણભૂમિ પર દૈવીજ્ઞાન "શ્રીમદ્ ભગવદ્ ગીતા" ગાયું–કેવળ રણક્ષેત્રમાં હતાશ થએલા અર્જુન માટે આ અદ્‌ભુત ઉપદેશામૃત પણ સદા સર્વદા અખિલ જગ માટે છે. રણક્ષેત્રમાં શ્રી કૃષ્ણે શીખવ્યું–'આત્મસાધક જ્ઞાનીનું જીવન જગથી વિરક્ત થવાનું નથી પણ જગમાં રહી ખરા સાંસારિકનું છે–વિરક્ત થઇ જગ તજી અરણ્યવાસ કરવાનું નથી પણ કર્મના ક્ષેત્રમાં ખરા સાધક તરીકેનું છે.' તે કહે છે કે–જે કર્તવ્ય કર્મ છે તે ફળની ઇચ્છા વગર કરવાં જોઇએ. સર્વ દિવ્ય શક્તિઓ પોતે પ્રાપ્ત કરી વિશ્વ પ્રત્યે તેમને વહેવડાવવી એ માણસના જન્મનું સાર્થક છે. વ્યક્તિએ પોતાની માનસિક, શારીરિક કે અધ્યાત્મિક પ્રગતિ એકલપેટા રહીને કરવાની નથી પોતાના બીજા ભાઇઓની દરકાર કર્યા વિના તેણે પોતાનું જીવન ગાળવાનુ નથી. તેમજ તેણે સમાજ કે સમષ્ટિની ખાતર પોતાનો આત્મવિકાસ અટકાવવો એ પણ ઇષ્ટ નથી. ખરું જોતાં તેણે મનુષ્ય જાતિની ઉત્તમોત્તમ શક્તિઓ પોતાનામાં ખીલવીને વિચારદ્વારા, કર્મદ્વારા અને સર્વ કર્મોદ્વારા તે શક્તિઓને ચારે તરફ વહેવડાવવી જોઇએ જેથી કરીને આખી મનુષ્ય જાતિ પોતાનામાં રહેલી સર્વ શક્તિઓનો સંપૂર્ણ વિકાસ કરવાને લાયક થાય. *

રણક્ષેત્રમાંથી શ્રીકૃષ્ણે ગીતામાં આપેલ બોધ મુદ્રાલેખ પ્રમાણે યાદ રાખવાનો છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।

(ભ. ગીતા.)

સાચા ગુરુ પોતાને ગુરુ તરીકે ઓળખાવતાજ નથી. પ્રભુના સાધનરુપે તેઓ મનુષ્યને જગાડે છે. તેમનામાં તો બાળક જેવી સરલતા હોય છે. શ્રીકૃષ્ણમાં બાળક જેવી સરલતા હતી; તે તેણે દાખલાથી અને બોધથી શીખવ્યું કે 'કર્મ' એ મનુષ્ય જીવનના હેતુના સાફલ્યનું અતિ અગત્યનું ઉપયોગી ને જરુરી સાધન છે. જીવનું તે કર્મ કરવા; અને પ્રજાની, સમાજની વ્યક્તિ તરીકે બાહ્ય જીવનની સાર્થકતા સાધ્યા વગર આંતરજીવનના સદ્‌ગુણો ઉદ્‌ભવવાની કોઇએ આશા રાખવી નહીં." જગમાં દરેક વ્યક્તિને શ્રીકૃષ્ણે કર્મ શું તે અને તે કર્મમય જીવન શીખવ્યું. પણ તે મહાન્ યોગેશ્વરે આપણને કર્મનુ શિક્ષણ આપતાં સાવચેતી રાખી આ ઉપદેશ કર્યો છે કે 'આપણું કર્મ' એ જડવાદ દર્શાવનાર આકાંક્ષા અને સત્તાને અહંતાયુક્ત સ્થૂલ જીવનનું ન હોવું જોઇએ પણ અતિ ઉચ્ચ નિર્મલ આત્મા એટલે અચલ પ્રેમમય હોવું જોઇએ. આ આપણું કાર્ય ગહન ગૂઢ છે તે પ્રદર્શિત કરી શકાતું નથી. તે અતિ ઉચ્ચ આત્મા; અને તેથી તે મહાન્ તત્ત્વ તથા જગતના સ્થૂલ જીવન વચ્ચે ઝગડો જામી રહે છે.

* "આપણે માટે સૌથી પહેલી જરુરીઆત એ છે કે ભૂતકાલમાં સ્થાપન થએલી વસ્તુ સ્થિતિ પ્રત્યેથી આપણી આંતરદષ્ટિ

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૪૬૧]

* પૂર્ણયોગ ભા. ૧ લામાંથી ઉતારોઃ અરવિંદ ઘોષ.



શતરંજનો શોખ

લેખક:

અ. હરિલાલ મુળશંકર મુલાણી

ચિત્રકાર:

રા. શરમાળ

૧

વાજીદઅલી શાહનો સમય હતો. લખનૌ વિલાસિતાના રંગમાં ડુબી ગયું હતું. નાનાં મોટાં, અમીર કે ગરીબ, બધાંજ વિલાસિતામાં ડુબેલાં હતાં. કોઇ નૃત્યગાનની મીજલસ સજાવતું હતું, તો કોઇ અફીણનાં ઝોકાં ખાવામાં મજાહ લેતું હતું. જીવનના પ્રત્યેક વિભાગમાં આમોદપ્રમોદનું પ્રાધાન્ય હતું. શાસન વિભાગમાં, સાહિત્ય ક્ષેત્રમાં, સામાજિક વ્યવસ્થામાં, કલાકૌશલમાં, ઉદ્યોગ ધંધામાં, આહારવ્યવહારમાં, સર્વત્ર વિલાસિતા વ્યાપી રહી હતી. રાજકર્મચારી વિષયવાસનામાં, કવિગણ પ્રેમ અને વિરહના વર્ણનમાં, કારીગર ગોટાકીનારી અને ચીકન બનાવવામાં, અને વેપારીઓ સુરમો, અત્તર, કાજળ અને એવી ચીજોનો રોજગાર કરવામાં લાગેલા હતા. બધાની આંખોમાં વિલાસિતાનો મદ છાયો હતો. સંસારમાં શું થઇ રહ્યું છે એની કોઇને ખબર ન હતી. કુકડાં લઢી રહ્યાં છે; તીતરની લઢાઇ માટે જોડીઓ પળાઇ રહી છે; ક્યાંક ચોપાટ બીછાવી છે; "પોબાર"ના અવાજ થઇ રહ્યા છે. ક્યાંક શતરંજનો ઘોર સંગ્રામ આરંભાયો છે. રાજાથી લઇને રંક સુધી સૌ આજ ધુનમાં મસ્ત હતાં, એટલે સુધી કે ફકીરને પણ પૈસો મળતો તેની રોટલી ન લેતાં અફીણ લેતા કે મદ્ય પીતા. શતરંજ, પાનાં, પાસા ખેલવાથી બુદ્ધિ તીવ્ર

થાય છે, વિચાર શક્તિનો વિકાસ થાય છે, ગુંચવણવાળા પ્રશ્નો ઉકેલવાની ટેવ પડે છે, એવી દલીલો આગ્રહપૂર્વક રજુ થતી હતી. (આવા સંપ્રદાયના લોકોથી દુનીઆં હજી પણ ખાલી નથી) એટલે મીર્જા સજ્જાદઅલ્લી અને મીર રોશનઅલ્લી પોતાનો અધિકાંશ સમય બુદ્ધિ તીવ્ર કરવામાં વ્યતીત કરતા હતા, તો કોઇપણ વિચારશીલ પુરુષ એમાં વાંધો લઇ શકે તેમ નહોતું. બંનેની પાસે મોટી જાગીરો હતી. આજીવિકાની ચિંતા નહોતી. ઘરમાં બેઠા ચેન કરતા હતા. બીજું કરે પણ શું? સવારમાં બંને મિત્રો નાસ્તો કરી શતરંજ બીછાવી બેસી જતા; મહોરાં ગોઠવવામાં આવતાં અને લડાઇના દાવપેચ શરુ થઇ જતા. પછી ભાન નહોતું રહેતું કે ક્યારે બપોર થયા—ક્યારે રોંઢો થયો ને ક્યારે સાંજ પડી! ઘરમાંથી કહેણ આવતું કે જમવાનું તૈયાર છે. અહીંથી જવાબ મળતો કે "ચાલો આવું છું, દસ્તરખાન* બીછાવો." છેવટ બબરચી કંટાળીને બહારના ઓરડામાંજ ખાવાનું મુકી જતો, અને બંને મિત્રો બંને કામ સાથે સાથેજ કરતા. સજ્જાદઅલ્લીને ત્યાં કોઇ મોટેરું ન હતું એટલે તેને ત્યાંજ બાજી મંડાતી હતી. પણ એનો અર્થ એમ નહીં કે એના ઘરનાં બીજાં માણસોને આ વાત રુચતી હતી. ઘરનાંનું તો કહેવુંજ શું, મહોલ્લાભરના માણસો અને ઘરનાં નોકરચાકર પણ હંમેશ દ્વેષપૂર્ણ ટીકા કર્યા કરતા હતા. "બહુ ખરાબ રમત છે. ઘરમાં તોબા પોકરાવે છે. ખુદા ન કરે કે કોઇને એની લત લાગે. આદમી ધરમ-કરમ ક્યાંનો રહેતો નથી. ન ઘરનો, ન ઘાટનો એ બુરો રોગ છે." મીર્જાની બેગમ સાહેબાને તો એની એટલી ચીડ હતી કે વાતવાતમાં પતિને સંભળાવતી હતી. પણ એને એવો અવસર ક્વચિતજ મળતો હતો.

બેગમ: "શું એ અલલટ્ટુ છે?"

* મુસલમાન લોકો ગલીચા જેવું બીછાવી તેના પર બધા જમવા બેસે છે તેને દસ્તરખાન કહે છે.

એ હજી તો ઉઠી ન હોય ત્યાં પણ બાજી બીછાવાઇ જતી, અને રાતે એ સુઇ જતી ત્યારે માંડમાંડ મીર્જાજી ઘરમાં પધારતા. એકઠો થએલો ગુસ્સો એ નોકરો ઉપર ઉતારતી હતી. "શું, પાન માગે છે? જા, કહે અંદર આવીને લઇ જાય. ખાવાની પણ ફુરસદ નથી? ખાવાનું લઇ જઇ ઝાંસો એના મોં આગળ—ચાહે પોતે ખાય કે કુતરાંને નાખી દે." પણ રૂબરુમાં એપણ બહુ બોલી શકતી નહોતી. એને પોતાના પતિ કરતાં મીર સાહેબ પર વધારે ગુસ્સો ઉપજતો. એણે એનું નામ "મીર બીગાડુ" રાખ્યુ હતું. કદાચ મીર્જાજી પત્ની પાસે પોતાની સીદ્ધાઇ બતાવવા બધો વાંક મીર સાહેબ ઉપરજ ઢોળી નાખતા.

એક દિવસ બેગમ સાહેબાના માથામાં દરદ થવા લાગ્યું. એણે દાસીને કહ્યું: "જઇ મીર્જા સાહેબને બોલાવી લાવ. કોઇ હકીમને ત્યા જઇ તે દવા લઇ આવે. જા, દોડ જલ્દી." દાસી ગઈ, એટલે મીર્જાજીએ કહ્યું, "ચાલ હમણાં આવું છું" બેગમ સાહેબાનો મીજાજ તો ગરમ હતોજ. એટલી બધી વાત કે એનું માથું દુખતું હોય ને પતિ શતરંજ રમ્યા કરે? ચહેરો લાલ થઇ ગયો. દાસીને કહ્યું "જઇને કહે કે હમણાંજ ચાલો નહીં તો એ પોતેજ હકીમને ત્યાં ચાલી જશે." મીર્જાજી બહુજ રસભરી બાજી રમી રહ્યા હતા. બેજ કીસ્તમાં મીર સાહેબનો મહોરો મહાત થઇ જતો હતો. તે ખીજાઇને બોલી ઉઠયા "જીભમાં જોર બહુ આવ્યું છે કે? જરાક સબુર નથી થતી?"

"હવે ત્યારે જઇને જરાક સાંભળી તો આવો. સ્ત્રીઓ તો નાજુક તબીઅતનીજ હોય." મીર સાહેબે સલાહ આપી.

"હાં હાં! ચાલ્યો કેમ જાઉં? બે કીસ્તમાં તો તમારો મહોરો મહાત થાય છે?"

"જનાબ, એવે ભરોંસે ન રહેશો! એવી ચાલ વીચારી છે કે તમારાં મહોરાં ધર્યાં રહે ને મહાત થઇ જાય. પણ હવે જઇ આવો, શીદ અમથું એનું દીલ દુખાવવું?"



નોકર: "ઠીક જાઓ—ખબર આપીશ."

"હું મહાત કર્યા વિના જવાનોજ નથી." મીર્જાએ નિશ્ચલતા દાખવી.

"ત્યાં સુધી હું ચાલવાનોજ નથીતે, જાઓ જઇને વાત સાંભળી આવો." મીર સાહેબે હઠ પકડી.

"અરે ભાઈ, જવું પડશે હકીમને ત્યાં, માથું તો રાખેએ નહીં દુખતું હોય—મને હેરાન

કરવાનાં બહાનાં છે બધાં."

"એ જે હોય તે, પણ એની બરદાસ તો કરવીજ પડવાની."

"વારુ, એક ચાલ ચાલી લઉં." વળી પાછું મીર્ઝાને મન થઇ આવ્યું.

"એક પણ નહીં. આપ અંદર નહીં જઇ આવો ત્યાં સુધી હું મહોરાંને હાથેએ અડાડવાનો નથી."

મીર્ઝા સાહેબ લાચાર થઇને અંદર ગયા. તો બેગમ સાહેબાએ ભમ્મર ચઢાવી જરા દર્દભર્યા અવાજથી કહ્યું: "તમને મુઇ શતરંજ એટલી વહાલી છે કે કોઇ ભલેને મરી જાય તોએ ઉઠવાનું નામ ન લો; તમારા જેવા તે કોઇ માણસ હશે?"

"શું કહું? મીર સાહેબ માનતાજ નહોતા. બહુ મુશ્કેલીથી પીછો છોડાવીને આવ્યો છું." મીર્ઝાજીએ મીર સાહેબને માથે ઢોળી પાડ્યું.

"શું એ પોતે અલલટપ્પુ છે એવા બીજા બધાને સમજે છે કે શું? એનેએ બાયડી છોકરાં તો છે કે નહીં? કે બધાને સાફ કરી નાખ્યાં?" કંટાળીને બેગમ સાહેબાએ કહ્યું.

"એવો લપ્પી આદમી છે! જ્યારે આવે છે ત્યારે મારે પણ વિના છુટકે એની સાથે બેસવુંજ પડે છે." નિર્દોષ બની મીર્ઝાજીએ જણાવ્યું.

"ધુતકારી કાં નથી નાખતા?"

"મારા બરોબરીઓ છે! ઉંમરમાં, હોદ્દામાં મારાથી બે ચંદાવા ચઢતો છે, એટલે માન રાખવુંજ પડે છે."

સવારઃ "કહી દીધે વળે એમ નથી. હું કાલે આવીશ."

"તો હુંજ ધુતકારી કાઢું છું. નારાજ થવાનો હોય તો ભલે થઇ જાય. કોઇ કોઇનો રોટલો થોડોજ ચલાવી દે છે? રાણી રુઠેગી, અપના સુહાગ લેંગી; હીરીઆ! જા, બહારથી શતરંજ ઉઠાવી લાવ. મીર સાહેબને કહે કે મીઆં આજ હવે રમશે નહીં, આપ ઘેર પધારો." રોષપૂર્ણ બેગમ સાહેબાએ હુકમ કર્યો.

"હાં હાં—એવો ગજબ ન કરતી! કજીઓ કરાવવા ધાર્યો છે કે શું?

ઉભી રહે હીરીઆ, ક્યાં ચાલી?" આંગળીથી મીર્જાએ હીરીઆને મનાઇ કરી.

"જવા કેમ નથી દેતા? મારા સમ એને રોકો તો. એમ? એને રોકી એમ મને રોકો જોઇએ—" એમ કહી બેગમ સાહેબા ધુંવાપુંવાં બની દીવાનખાના તરફ ચાલી.

બીચારા મીર્જાજીનો રંગ ઉડી ગયો. બીબીને કાલાવાલા કરવા લાગ્યા. "ખુદાના કસમ છે તને જો તું ત્યાં જાય તો–હુંજ મરું."

પણ બેગમ સાહેબાએ કૈંજ ન સાંભળ્યું. એકદમ બારણાં સુધી તો તે ગઇ. પણ એકાએક પરપુરુષ સામે જતાં પગ થંભી ગયા. અંદર નજર નાખી. સુભાગ્યે ઓરડો ખાલી હતો. મીર સાહેબે બે ચાર મહોરાં ઉલટપાલટ કરી નાખ્યાં હતાં ને પોતાની સીદ્ધાઇ બતાવવા ઓરડાની બહાર વરંડામાં આંટા મારતા હતા.

બસ પછી પુછવું શું? બેગમ સાહેબાએ જઇ શતરંજ ઉલટાવી નાખી. મહોરાં કૈંક પાટ નીચે તો કૈંક બહાર ફેંકી દીધાં ને બારણાને અંદરથી બંધ કરી સાંકળ દઇ દીધી. મીર સાહેબ બહાર તો હતાજ; મહોરાં બહાર ફેંકાતાં જોયાં, કૈંક ચુડીઓનો ખણખણાટ પણ સંભળાયો; એટલામાં બારણું બંધ થયું એટલે સમજ્યા કે બેગમ સાહેબા ગુસ્સે થયાં છે. તે ચુપચુપ ઘેર ચાલ્યા ગયા.

મીર્જાએ કહ્યું: "તેં ગજબ કર્યો."

"હવે મીર સાહેબ અહીં આવશે તો ઉભાને ઉભા પાછા કાઢીશ. આટલો પ્રેમ ખુદામાં જોડત તો શું ગરીબ થઇ જાત? આપ તો શતરંજ ટીચો અને હું અહીં ચુલાચક્કીની ચિંતામાં માથું દુખવું? લઇ જાઓ છો હકીમને ત્યાં કે હજી પણ મરજી નથી?" બેગમે કહ્યું.

મીર્જા ઘેરથી નીકળ્યા. પણ હકીમને ત્યાં જવાને બદલે સીદ્ધા મીર સાહેબને ત્યાં પહોંચ્યા. અને બધી વાત કહી. મીર સાહેબે કહ્યું: "હું તો મહોરાં બહાર ફેંકાતાં જોઇનેજ મામલો સમજી ગયો હતો. આપણે તો રસ્તોજ માપ્યો. બહુ તેજ સ્વભાવની જણાય છે. પણ તમે એને આટલી બધી માથે શું ચઢાવી છે? એ તો કૈં ઠીક નહીં. તમે બહાર શું કરો છો એની એને શી પંચાત? ઘરની વ્યવસ્થા રાખવાનું કામ એનું. બીજી વાતોનો એને શું સંબંધ?—"

વાત અધેથી પતાવતાંજ મીર્જાજીએ કહ્યું: "ખેર હવે તો કહો કે હવેથી ક્યાં બેસીશું?"

"એની ચિંતા શી છે? આટલું મોટું ઘર પડ્યું છેને. બસ અહીંજ જમાવો."

"પણ બેગમ સાહેબાને કેમ મનાવીશ? ઘેર રહેતો તોએ આટલો ગુસ્સો કરતી, તો અહીં બેસવા માંડીશ એટલે તો કદાચ જીવજ કાઢી નાખશે." મીર્જાએ ચિંતા દર્શાવી.

"અરે બકવા દોને બકે એટલું! બે દિવસમાં ધણીએ ઠેકાણે આવી જશે. હા, તમે જરા એટલું કરજો. આજથી જરા આંખ ફેરવીને વાત કરજો." સન્મિત્રે સ્ત્રીપ્રતિ કેમ વર્તવું તે શીખવ્યું.

૨

મીર સાહેબની સ્ત્રી, કોઇ અજાણ્યા કારણ સર, મીર સાહેબનું ઘરથી દૂર રહેવુંજ પસંદ કરતી હતી. એટલા માટેજ એ એના શતરંજના શોખ સંબંધી કદી પણ ટીકા કરતી ન હોતી; એટલુંજ નહીં, પણ ક્યારેક મીર સાહેબને જતાં અસુરું થઇ જતું તો સંભારી

ગુજરાત] [શ્રાવણ ૧૯૮૧

બન્નેએ પેંતરા બદલ્યા; તલવારો ચમકી

— શતરંજનો શોખ —પૃષ્ઠ ૪૯૧

ઉભી રહે હીરીઆ, ક્યાં ચાલી ?" આંગળીથી મીર્જાએ હીરીઆને મનાઇ કરી.

"જવા કેમ નથી દેતા? મારા સમ એને રોકો તો. એમ ! એને રોકી એમ મને રોકો જોઇએ—" એમ કહી બેગમ સાહેબા ધુંવાંપુંવાં બની દીવાનખાના તરફ ચાલી.

બીચારા મીર્જાજીનો રંગ ઉડી ગયો. બીબીને કાલાવાલા કરવા લાગ્યા. "ખુદાના કસમ છે તને જો તું ત્યાં જાય તો—હું જ મરું."

પણ બેગમ સાહેબાએ કૈંજ ન સાંભળ્યું. એકદમ બારણાં સુધી તો તે ગઇ. પણ એકાએક પરપુરુષ સામે જતાં પગ થંભી ગયા. અંદર નજર નાખી. સુભાગ્યે ઓરડો ખાલી હતો. મીર સાહેબે બે ચાર મહોરાં ઉલટપાલટ કરી નાખ્યાં હતાં ને પોતાની સીદ્ધાઇ બતાવવા ઓરડાની બહાર વરંડામાં આંટા મારતા હતા.

બસ પછી પુછવું શું? બેગમ સાહેબાએ જઇ શતરંજ ઉલટાવી નાખી. મહોરાં કૈંક પાટ નીચે તો કૈંક બહાર ફેંકી દીધાં ને બારણાને અંદરથી બંધ કરી સાંકળ દઇ દીધી. મીર સાહેબ બહાર તો હતાજ; મહોરાં બહાર ફેંકાતાં જોયાં, કૈંક ચુડીઓનો ખણખણાટ પણ સંભળાયો; એટલામાં બારણું બંધ થયું એટલે સમજ્યા કે બેગમ સાહેબા ગુસ્સે થયાં છે. તે ચુપચુપ ઘેર ચાલ્યા ગયા.

મીર્જાએ કહ્યું: "તેં ગજબ કર્યો."

"હવે મીર સાહેબ અહીં આવશે તો ઉભાને ઉભા પાછા કાઢીશ. આટલો પ્રેમ ખુદામાં જોડત તો શું ગરીબ થઇ જાત ? આપ તો શતરંજ ટીચો અને હું અહીં ચુલાચક્કીની ચિંતામાં માથું દુખવું ? લઇ જાઓ છો હકીમને ત્યાં કે હજી પણ મરજી નથી ?" બેગમે કહ્યું.

મીર્જા ઘેરથી નીકળ્યા. પણ હકીમને ત્યાં જવાને બદલે સીદ્ધા મીર સાહેબને ત્યાં પહોંચ્યા. અને બધી વાત કહી. મીર સાહેબે કહ્યું: "હું તો મહોરાં બહાર ફેંકાતાં જોઇનેજ મામલો સમજી ગયો હતો. આપણે તો રસ્તોજ માપ્યો. બહુ તેજ સ્વભાવની જણાય છે. પણ તમે એને આટલી બધી માથે શું ચઢાવી છે ? એ તો કૈં ઠીક નહીં. તમે બહાર શું કરો છો એની એને શી પંચાત ? ઘરની વ્યવસ્થા રાખવાનું કામ એનું. બીજી વાતોનો એને શું સંબંધ ?—"

વાત અધેથી પતાવતાંજ મીર્જાજીએ કહ્યું: "ખેર હવે તો કહો કે હવેથી ક્યાં બેસીશું ?"

"એની ચિંતા શી છે ? આટલું મોટું ઘર પડ્યું છેને. બસ અહીંજ જમાવો."

"પણ બેગમ સાહેબાને કેમ મનાવીશ ! ઘેર રહેતો તોએ આટલો ગુસ્સો કરતી, તો અહીં બેસવા માંડીશ એટલે તો કદાચ જીવજ કાઢી નાખશે." મીર્જાએ ચિંતા દર્શાવી.

"અરે બકવા દોને બકે એટલું ! બે દિવસમાં ધણીએ ઠેકાણે આવી જશે. હા, તમે જરા એટલું કરજો. આજથી જરા આંખ ફેરવીને વાત કરજો." સન્મિત્રે સ્ત્રીપ્રતિ કેમ વર્તવું તે શીખવ્યું.

૨

મીર સાહેબની સ્ત્રી, કોઇ અજાણ્યા કારણસર, મીર સાહેબનું ઘરથી દૂર રહેવુંજ પસંદ કરતી હતી. એટલા માટેજ એ એના શતરંજના શોખ સંબંધી કદી પણ ટીકા કરતી ન હોતી; એટલુંજ નહીં, પણ ક્યારેક મીર સાહેબને જતાં અસુરું થઇ જતું તો સંભારી

પણ આપતી. આથી મીર સાહેબને ભ્રમ થઈ ગયો હતો કે પોતાની સ્ત્રી અત્યંત વિનયશીલ અને ગંભીર છે. પણ જ્યારે દીવાનખાનામાં બાજી બીછાવાં લાગી, અને મીર સાહેબ આખો દિવસ ઘેર પડી રહેવા લાગ્યા ત્યારે તેમની પત્નીને ઘણું કષ્ટ થવા લાગ્યું. એની સ્વતંત્રતામાં વિઘ્ન પડવા લાગ્યું. આખો દિવસ બારીમાંથી બહાર ડોકીઉં કરવા તે તડપી રહેતી.

વળી નોકરો પણ અંદરઅંદર બબડવા લાગ્યા. આજ સુધી દિવસ આખો પડ્યા પડ્યા માખીઓ મારતા હતા. ઘરમાં કોઇ આવે-જાય એની કશી પંચાત ન હતી. હવે આઠે પહોરની આફત થઇ ગઇ. ઘડીમાં પાન લાવવાનું તો ઘડીમાં મીઠાઇ; અને હુક્કો તો કોઇ પ્રેમીનાં હૃદયની માફક-અહર્નિશ બળ્યાજ કરતો. એ લોકો બેગમ સાહેબાને જઇ કહેતાઃ "હજુર! મીઆંની શતરંજ તો અમારો જીવ લે છે. આખો દિવસ દોડીદોડીને પગમાં તો છાલાં પડી ગયાં; આ તે કેવી રમત કે સવારથી બેસે તે સાંજ સુધી ઉઠેજ નહીં! જીવ બહેલાવવા ઘડી બે ઘડીની રમત છે. ખેર, અમે તો કૈં ફરીઆદ નથી કરતા. ચાકર ઠર્યા એટલે જે હુકમ થાય તે પાળીશું. પણ આ રમત ભારે ખરાબ છે; એના રમનારા ક્યારેએ સુખી નથી થતા. ઘર પર કોઇ નહીંને કોઇ આફત આવી પડે છે. એટલે સુધી કે એકની પાછળ આખા મહોલ્લાના મહોલ્લા ઉજ્જડ થઇ જતા જોયા છે. હજુરનું લુણ ખાઇએ છીએ, એટલે માલેકની નિંદા સાંભળતાં જીવ બળી જાય છે. પણ શું કરીએ?"

જવાબમાં બેગમ સાહેબા કહેતીઃ "હું તો પોતેજ એ પસંદ નથી કરતી. પણ તમારા શેઠ કોઇનું સાંભળે ત્યારેને?"

મહોલ્લાના બેચાર જુના વિચારના માણસો અંદરઅંદર વિચારવા લાગ્યા, "જરુર કૈંક માઠું થવાનું લાગે છે. આપણા જાગીરદારોની આવી સ્થિતિ છે એટલે દેશના રખવાળ તો હવે એક ખુદા છે! આ બાદશાહી શતરંજને હાથે નષ્ટ થવાનાં ચિન્હો ખરાબ છે."

રાજ્યમાં હાહાકાર મચી રહ્યો હતો. પ્રજા ધોળે દિવસે લુંટાતી હતી. કોઇ ફરીઆદ સાંભળનાર નહોતું. ગામડાંઓની બધી સમૃદ્ધિ લખનૌમાં ખેંચાઇ આવતી હતી અને એ વેશ્યાઓમાં, ભાંડોમાં, અને વિલાસિતાનાં અન્ય અંગોની પૂર્તિમાં ઉડી જતી હતી. અંગ્રેજ કંપનીનું ઋણ દિન-પ્રતિદિન વધે જતું હતું. કામળી દિવસેદિવસે ભીંજાઇ ભારે થતી જતી હતી. દેશમાં સુવ્યવસ્થાના અભાવે વાર્ષિક કર પણ વસુલ થતો નહોતો. રેસીડેંટ વારંવાર ચેતવણી દેતો હતો પણ અહીં તો લોકો વિલાસિતાના નશામાં ચકચુર હતાં.

મીર સાહેબના દિવાનખાનામાં શતરંજ રમાતાં કૈં મહીનાઓ ચાલ્યા ગયા. નવા નવા નકશાઓ શોધાતા, નવાનવા કિલ્લા બંધાતા; નિત્ય નવી બ્યૂહરચના થતી. ક્યારેક રમતાં રમતાં તકરાર પણ થઇ જતી "તું-તાં-શું-શાં" થઇ જતું પણ થોડી વારમાંજ પાછા બંને મિત્રો મળી જતા. ક્યારેક તો બાજી ઉઠાવી પણ નાખતા ને મીર્જાજી ગુસ્સે થઇ પોતાને ઘેર ચાલ્યા જતા; જ્યારે મીર સાહેબ ખીજાઇને પોતાના ઘરમાં જઇ બેસતા. પણ એક રાત ઉંઘ કાઢ્યા પછી મનનો બધો મેલ ધોવાઇ જતો ને પ્રભાતમાં બંને મિત્રો દિવાનખાનામાં આવી પહોંચતા હતા.

એક દિવસ બંને મિત્રો બેઠાબેઠા શતરંજ-

ઉભી રહે હીરીઆ, ક્યાં ચાલી ?" આંગળીથી મીર્જાએ હીરીઆને મનાઇ કરી.

"જવા કેમ નથી દેતા? મારા સમ એને રોકો તો. એમ ? એને રોકો એમ મને રોકો જોઇએ—" એમ કહી બેગમ સાહેબા ધુંવાંપું વાં બની દીવાનખાના તરફ ચાલી.

બીચારા મીર્જાજીનો રંગ ઉડી ગયો. બીબીને કાલાવાલા કરવા લાગ્યા. "ખુદાના કસમ છે તને જો તું ત્યાં જાય તો—હુંજ મરું."

પણ બેગમ સાહેબાએ કંઇ જ ન સાંભળ્યું. એકદમ બારણાં સુધી તો તે ગઇ. પણ એકાએક પરપુરુષ સામે જતાં પગ થંભી ગયા. અંદર નજર નાખી. સુભાગ્યે ઓરડો ખાલી હતો. મીર સાહેબે એ ચાર મહોરાં ઉલટપાલટ કરી નાખ્યાં હતાં તે પોતાની સીદાઇ બતાવવા ઓરડાની બહાર વરંડામાં આંટા મારતા હતા.

બસ પછી પુછવું શું? બેગમ સાહેબાએ જઇ શતરંજ ઉલટાવી નાખી. મહોરાં કંઇક પાટ નીચે તો કંઇક બહાર ફેંકી દીધાં ને બારણાને અંદરથી બંધ કરી સાંકળ દઇ દીધી. મીર સાહેબ બહાર તો હતાજ; મહોરાં બહાર ફેંકાતાં જોયાં, કંઇક ચુડીઓનો ખણખણાટ પણ સંભળાયો; એટલામાં બારણું બંધ થયું એટલે સમજ્યા કે બેગમ સાહેબા ગુસ્સે થયાં છે. તે ચુપચુપ ઘેર ચાલ્યા ગયા.

મીર્જાએ કહ્યું: "તેં ગજબ કર્યો."

"હવે મીર સાહેબ અહીં આવશે તો ઉભાને ઉભા પાછા કાઢીશ. આટલો પ્રેમ ખુદામાં જોડત તો શું ગરીબ થઇ જાત ! આપ તો શતરંજ રમો અને હું અહીં ચુલાચક્કીની ચિંતામાં માથું દુખવું ! લઇ જાઓ છો હકીમને ત્યાં કે હજી પણ મરજી નથી ?" બેગમે કહ્યું.

મીર્જા ઘેરથી નીકળ્યા. પણ હકીમને ત્યાં જવાને બદલે સીધા મીર સાહેબને ત્યાં પહોંચ્યા. અને બધી વાત કહી. મીર સાહેબે કહ્યું: "હું તો મહોરાં બહાર ફેંકાતાં જોઇનેજ મામલો સમજી ગયો હતા. આપણે તો રસ્તોજ માપ્યો. બહુ તેજ સ્વભાવની જણાય છે. પણ તમે એને આટલી બધી માથે શું ચઢાવી છે ? એ તો કંઇ ઠીક નહીં. તમે બહાર શું કરો છો એની એને શી પંચાત ! ઘરની વ્યવસ્થા રાખવાનું કામ એનું. બીજી વાતોનો એને શું સંબંધ ?—"

વાત અધેથી પતાવતાંજ મીર્જાજીએ કહ્યું: "ખેર હવે તો કહો કે હવેથી ક્યાં બેસીશું ?"

"એની ચિંતા શી છે ? આટલું મોટું ઘર પડયું છેને. બસ અહીંજ જમાવો."

"પણ બેગમ સાહેબાને કેમ મનાવીશ ! ઘેર રહેતો તોએ આટલો ગુસ્સો કરતી, તો અહીં બેસવા માંડીશ એટલે તો કદાચ જીવજ કાઢી નાખશે." મીર્જાએ ચિંતા દર્શાવી.

"અરે બકવા દોને બકે એટલું ! બે દિવસમાં ધણીએ ઠેકાણે આવી જશે. હા, તમે જરા એટલું કરજો. આજથી જરા આંખ ફેરવીને વાત કરજો." સન્મિત્રે સ્રીપ્રતિ કેમ વર્તવું તે શીખવ્યું.

૨

મીર સાહેબની સ્રી, કોઇ અજાણ્યા કારણસર, મીર સાહેબનું ઘરથી દૂર રહેવુંજ પસંદ કરતી હતી. એટલા માટેજ એ એના શતરંજના શોખ સંબંધી કદી પણ ટીકા કરતી ન હોતી; એટલુંજ નહીં, પણ ક્યારેક મીર સાહેબને જતાં અમુરું થઇ જતું તો સંભારી

બનેએ પેંતરા બદલ્યા; તલવારો ચમકી.

—શતરંજનો શોખ —પૃષ્ઠ ૪૯૬

ગમી નહોતી; એની મહેનત તરફ પણ ઇશ્વરે જોયું નહીં.”

“શાનું જુએ? ચંદન પરણીને આવી ત્યારથી જંપીને બેઠી નથી, એકે દિવસ ચંદ્રકાંતે એને હસીને બોલાવી નથી, અરે એની સામે પણ જોયું નથી.”

“થયું તે થયું, પણ હમણાં આઠેક દિવસથી તો એ બધાનો એણે ખંગ વાળ્યો કે નહીં?”

તે લોકોએ, એટલે ઇચ્છાથી ધાન ફેંક્યું કે કશી ચીજ પતરાળીમાં એને યોગ્ય ઠેકાણે ન રહી.

“તમે શું જાણો છો? મરતી વખતે બીચારીએ એમને બોલાવ્યા—એકાંતમાં તેડ્યા, તોએ ન ગયા. એ તે માણસ કે પથ્થર? દેખાડો તો કોઇ ગમે તે કરે.”

“શું મોઢું લઇને જાય? જીવનભર દુઃખ આપેલું એટલે ક્ષમા માગવા પુરતી હીંમત પણ ક્યાંથી લાવે?”

“ભાઇબંધનો બચાવ કરો. પણ ચંદન બીચારી બહુ ભલી. કોઇ મારા જેવી મળી હોત, તો પાંશરા થાત. નાનપણમાં ચંદનનાં લગ્ન ચંદ્રકાંત જોડે થયાં તેમાં ચંદનનો શો વાંક?”

“ચંદન એમને ગમતી નહોતી. પણ તારા જેવી મળી હોત, તોએ શું કરત? તું ક્યાં ઓછી ભલી છું?”

“ભલી કોની સાથે? તમારી સાથે. શા માટે? પુછો તમારા દીલને; પરણીને આવી ત્યારે હું તમારા કરતાં છ વર્ષે મોટી હતી. કેવું કજોડું! અને વળી અભણ; તે છતાં, તમે મને નભાવી એટલુંજ નહીં, પણ ચઢાવી, ભણાવી ગણાવી. તમારા જેવા વર થોડા હશે; તમારા જેવા માટે શરીરની ચામડી ઉતારી આપવી પડે તોએ તે પુરતો બદલો ન કહેવાય.”

“શાંતા! તેં છ વર્ષના કજોડાની વાત પાછી કાઢી; પેલી વાત તને સાંભરે છે કે?” એટલું કહી અમે બંને ખડખડ હસી પડ્યાં. શાંતા પાકટ ઉમરની, એટલે એના વાળ જલદી ધોળા થએલા ને ગાલે ખાડા પડેલા. મુંબાઇમાં આવ્યા પછી મારા કોઇ પારસી મિત્ર મને મળવા આવેલા. હું ઘેર નહોતો એટલે એ શાંતાને સંદેશો આપી ચાલ્યા ગયા. સંદેશો કેવો? “માજી, તમારા દીકરાને કહેજો કે હોરમસજી આવ્યા હતા.” એ શબ્દો અમારી કાયમની મશ્કરી હતા. પછી જ્યારે હોરમસજીએ એ વાત જાણી ને શાંતા જોડે ઓળખાણ પડ્યું, ત્યારે માફી માગેલી. પરંતુ, એ શબ્દો મને હમેશાં યાદ આવતા.

એનું સ્મરણ અત્યારે કરતાં શાંતા બોલી ઉઠી, “માજી જેવી જણાતી, જેનાં ડાચાં બેસી

ગએલાં હોય એવી ધોળા વાળવાળી ડોસીને તમે હજી ચાહો છો, એ કૈં જેવું તેવું આત્મસમર્પણ નથી."

"તેમાંજ તું પ્રેમયજ્ઞમાં આહુતિ અર્પવા તૈઆર છું. ચાલ, ખુશામત કરવી જવા દે. આપણે હવે ચંદ્રકાંતને ઘેર જઈએ"

ચંદનના સ્વર્ગવાસ પછી છએક મહીના ચાલ્યા ગયા. પસ્તાવાને લીધે ચંદ્રકાંતનું શરીર લેવાઇ ગયું હતું; તેમાં વખતેવખતે શાંતા મહેણાં માર્યાં કરતી, ને ન કહેવાનું કહી દેતી; તેથી તેને ઘણું લાગી આવતું. ચંદ્રકાંત અને હું બાલસ્નેહી હતા. એની ઉમ્મર હાલ ત્રીસેક વર્ષની હતી અને એને છોકરુંછૈયું હતું નહીં.

આજ તેને મેં મારે ઘેર જમવા બોલાવ્યો હતો, કારણ કે શાંતાની વરસગાંઠ હતી. આપણા લોકો સ્ત્રીઓની વરસગાંઠ ઉજવતા નથી, પરંતુ મને શાંતા ખરેખર વહાલી હતી, એટલે હું એની વરસગાંઠ દર વર્ષે ઉજવતો હતો. બાલક વહુના વર થવા કરતાં આધેડને પરણવામાં સુખ છે. બાલક વહુની અતિશય સંભાળ લેવી પડે; એથી ઉલટું, આધેડ વહુ આપણી ઘણી સેવાચાકરી કરે, તેના અનુભવને લીધે તે આપણી માના જેટલી કાળજી રાખે. આવા કારણને લીધે શાંતા ઉપર મારો અગાધ પ્રેમ હતો. ઘરની, છોકરાંની, કશાની, મારે જરાકે ચિંતા કરવી પડતી નહીં. હું તો હંમેશાં નિર્દોષ બાળકની માફક જીવન જીવ્યા કરતો. મારો સંસાર શાંતાએ શાંત અને સુખી કર્યો હતો; તો હું એની વરસગાંઠ કેમ ન ઉજવું?

આજ અમે ઘણા પરોણાને નોતર્યા હતા, ગામના અને પરગામના. તેઓ બધાં—સ્ત્રી અને પુરુષો આવે તે પહેલાં મેં શાંતાને જરાક ઇસારો કર્યો.

"જો, શાંતા! તું હરહમેશ ચંદ્રકાંતને સતાવે છે, ડામે છે, તેવું કશું આજે કરતી ના. ગઇ ગુજરી ભુલી જા, ને તેને ભુલી જવા દે."

"વહાલા! મારો સ્વભાવ પડ્યો તેને હું શું કરું? સ્વભાવનું કૈં ઓસડ છે? અને ચંદન મને બહુ યાદ આવે છે."

"વહાલી! એ બધું ખરું, પણ આજે તારી વરસગાંઠ છે, ત્યારે તો જરા ડાહી, ગંભીર, ભારઝલી થા. એક દિવસ તો ચંદ્રકાંતને સુખેથી આપણી સાથે વાતે વળગવા દે."

"કબુલ, પણ મારે તમારી એક વાતની પરવાનગી જોઇએ છે."

"શી?"

"મારે તેમની સાથે ફરી વારનાં લગ્નની વાત કરવી છે. તે હજી ઘણા નાનો છે; અને લગ્નનાં તેમના કોડ પુરા થયા નથી. તેમનું પહેલું લગ્ન તેમણે માણ્યું નથી, તો ભલે તેઓ ફરી પરણે, એ વાત તો હું તેમની સાથે કરુંને?"

જાણે ખાતીજ ન હોય તેવી કોઈ અજબ રીતે માલવિકા જમતી હતી.

"કોઇ શોધી કાઢી છે કે શું!"

"એ તો પછીની વાત છે. પણ પહેલાં તેમના વિચાર જાણવા જોઇએ."

"ગાંડી! એ બંને બાબતો એકમેકની સાથે બહુ સંબંધ ધરાવે છે. જો હું તને કેટલીક હકીકત કહું.

૩

"અમે કોલેજમાં શીખતા હતા, ત્યારે એમનો ચંદન સાથે વિવાહ થએલો. એમના માબાપે એમને પુછ્યા વિના લગ્ન પણ લઇ નાખ્યું. તે વખતે એમને ખુબ લાગી આવેલું. એમણે મને કહ્યું: "ભાઇ! હીંદુનાં તે કૈં લગ્ન! ન મળે પ્રેમ કે ન થાય સંવનન; ગાયને દીકરી માબાપ દોરે ત્યાં જાય એવી કહેવત છે, પણ અહીં તો દીકરાને પણ ઘસડી જવાનો."

"ત્યારે તમારા વિચાર કેવા છે? તમે પ્રેમ હોય તો નાતબહાર પરણવા રાજી છો?"

"હા, યાર! મને જો તું કોઇ એવી કન્યા બતાવે, તો હું અબઘડી પરણી જઉં, ને મારાં માબાપને જીવનભર સાલે તેવો ધડો શીખવાડું."

"એટલી બધી તૈઆરી છે તો હમણાંજ હું તમને લાડી બતાવી દઉં છું."

"કેવી? મારે શીખેલી ને રુપાળી જોઇએ. પછી નાતબહાર જવામાં મને કૈં વાંધો નથી."

"તમારે જોઇએ તેવી સર્વગુણસંપન્ન રૂપરૂપની મણિ; ગુણનો ભંડાર; ભણતરમાં પાવરધી; પોર ગ્રેજ્યુએટ થશે."

ચંદ્રકાંતની અધીરાઇ વધી; તેના મોંમાં પાણી આવ્યું. તેની આંખો ચળકી, હોઠ ઉપર સ્મિત ફરક્યું, ગાલ ઉપર શરમના શેરડા પડયા, અને કપાળ સપાટ થઇ ગયું. હું શાંત બેસી રહ્યો. તેમતેમ તેની આતુરતા વધવા માંડી. તેણે ધીરજ ખોઇ દીધી ને પુછ્યું: "બોલની કોણ, કઇ?"

"તું આગ્રહથી પુછે છે, ત્યારે કહું છું, પણ જો બીચારીનું નામ ન વગોવાય. એવી વાત છાની રાખવામાં લાભ છે."

"હવે, બોલી મરને, ડહાપણ શું કામ ડોહોળે છે?"

"મીસ જયા પરમાર."

હું એ નામ બોલ્યો ને એણે નિઃશ્વાસ નાખ્યો. જયા તે વખતે જુનીઅર બી. એ. માં હતી; એનો જોટો આખી કોલેજમાં નહીં મળે. તે એવી હોંશીઆર ને બુદ્ધિશાળી હતી, એવી ચાલાક ને ચતુર, એવી ડાહીને સમજુ, એવી ઠરેલ ને શાણી હતી કે ન પુછો વાત. દરેક પરીક્ષામાં 'ફર્સ્ટ' કલાસ ફર્સ્ટ—' ભલભલા પુરુષ-વિદ્યાર્થીઓને હંફાવે: અને છતાં શરીરે નબળી નહોતી. એનું રૂપ સદા નવું-ખીલેલું રહેતું-રતિને લજાવે એવું; મન ન હોય, તોપણ એની તરફ જોવાનું મન થાય—જોઇ જવાય—એવી અકૃત્રિમ સુંદરતાની બક્ષીસ એને મળી હતી. એને મળવામાં એની સાથે વાતચીત કરવામાં દરેક વિદ્યાર્થી અહોભાગ્ય માનતો—મગરુર થતો. એ બધું ખરું, પણ એની વિદ્વતા પાછળ, એના સૌંદર્ય પાછળ, ભયંકર શાપ રહેલો હતો. એ શાપમાંજ ચંદ્રકાંતના નિઃશ્વાસનું કારણ રહેલું હતું. એનો દીર્ઘ નિઃશ્વાસ પુરો થયો ને એ બોલી ઉઠયો: "મીસ જયા પરમાર! હા કેવી સરસ, રુપાળી છોકરી! હું ઇચ્છું કે તે મારું ઘર અજવાળે પણ તે કેમ બને?"

"કેમ ચંદ્રકાંત! હમણાં તો તમે નાતબહાર પરણવાની વાત કરતા હતાને? બોલો આપણી

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૪૪૭]



મહારાજા સયાજીરાવ

તેમનું
જીવનકાર્ય તથા જીવનસંદેશ *

લેખક:

ડા. સુમંત મહેતા

આજથી પચાસ વર્ષ ઉપર આપણા મહારાજા સયાજીરાવ ગાયકવાડને બાર વર્ષની કુમળી વયે વડોદરા રાજ્યની ગાદી ઉપર બેસાડવામાં આવ્યા હતા. છ વર્ષ સુધી સતત્ અભ્યાસ કરીને અઢાર વર્ષની ઉંમરે સને ૧૮૮૧ ની સાલમાં તેમણે રાજ્યકારભાર પોતાને હસ્તક લીધો. ત્યારથી તે લગભગ આજ સુધી વડોદરાની પ્રજાની ઉન્નતિ માટે એમણે જે કાર્યો અને યોજનાઓ કરી છે, પ્રજાકલ્યાણ માટે તેમણે જે કાર્યો કરવાનો પ્રયત્ન આદર્યો છે તેમાંથી અને એક મહાન્ પુરુષના આશયો તપાસવાથી જે પ્રેરણા અને પ્રોત્સાહન આપણને મળી શકે તે મેળવવા માટે આજે આપણે ભેગા થયા છીએ. વડોદરા રાજ્યની પ્રજા પોતાનો આનંદ અને આભાર દર્શાવે તે સ્વાભાવિક છે. જે વ્યક્તિનું જીવનકાર્ય તથા જીવનસંદેશ આપણે તપાસવાને મળ્યા છીએ તેમને ઇશ્વરે અણધારી સત્તા આપી હતી અને ઉચ્ચ આશયો પણ આપ્યા હતા. આ બંનેનો સતત્ સદુપયોગ કરીને તેમણે વડોદરા રાજ્યને એક થોડા સમય માટે એક આદર્શ રાજ્ય (model state) બનાવ્યું હતું. મારી શક્તિ પ્રમાણે હું સાચું ચિત્ર આપની આગળ રજુ કરીશ. એ ચિત્રમાં તેજ તથા છાયા બંને જોવામાં આવશે, પણ હું પ્રમાણિકપણે માનું છું કે દરેક પ્રેક્ષકની ખાત્રી થશે કે તે છાયાને લીધે મહારાજાનું મહત્વ ઘટતું નથી. મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે તે હકીકત જો લક્ષમાં રાખીએ તો તેમના ચિત્રની છાયામાં એક પ્રકારની

* સયાજીરાવ મહારાજાના રાજ્યારોહણના સુવર્ણ મહોત્સવ પ્રસંગે નવસારીમાં આપેલું જાહેર ભાષણ. તા. ૨૭-૫-૨૫.

નરમાશ આવે છે અને તેજ વધારે ઝળકી ઉઠે છે. એ ચિત્રનો અર્થ આપને યોગ્ય લાગે તે કરજો. હવે વધારે લાંબી પ્રસ્તાવના કર્યા વગર આજના વિષય ઉપર આવું છું.

આપણા મહારાજા સાહેબની પ્રતિષ્ઠા આખા હીંદુસ્તાનમાં તેમજ પરદેશોમાં ફેલી હતી, તેમને એક વખત કેટલું સન્માન મળતું હતું તે બતાવવાને માટે ત્રણ પ્રસંગોનું વર્ણન કરવા માગું છું. એમની બાલ્યાવસ્થાની હકીકત તો આપ સૌ જાણતા હશોજ. ખાનદેશ જેવા પછાત તાલુકાની અંદર એક કેવલાણા નામનું નાનું સરખું ગામડું છે, તે ગામડામાં કાશીરાવ ભીખાજીરાવ નામનો એક પાટીલ રહેતો હતો. તે પાટીલના બીજા છોકરા ગોપાળરાવને દત્તક લઇને વડોદરાની ગાદીએ બેસાડવામાં આવ્યો હતો. દત્તક છોકરાઓને પૈસો અથવા સત્તા મળે એ તો સમજી શકાય એવી ચીજ છે; પણ તે અભણ છોકરો આખા હીંદુસ્તાનના ૭૦૦ રાજા મહારાજાઓમાં સર્વ શ્રેષ્ઠ નીવડે, તે નવી હીંદી પ્રજાનો એક આગેવાન ગણાય, અને જાપાન, અમેરીકા તથા યુરોપમાં પણ તેને માન તથા સત્કાર મળે એ નવાઇની હકીકત છે.

પહેલા ચિત્રને માટે આપણે એકદમ જઇશું ૧૯૧૨ની સાલમાં ભરાએલા દીલ્હી દરબારમાં.

બે હજાર અથવા તેથી પણ વધારે વર્ષ ઉપર આપણા પ્રાચીન આર્યાવર્તમાં એવી પ્રથા હતી કે જ્યારે કોઇ શક્તિવાન્ રાજા આસપાસના બીજા રાજાઓને તાબે કરીને સર્વ સત્તાવાન્ થતો ત્યારે તે 'મહારાજા' અથવા 'ચક્રવર્તી રાજા' કહેવાતો હતો. પોતાનું સર્વોપરીપણું જાહેર કરવા માટે અશ્વમેધ યજ્ઞ કરીને મોટી સભા ભરવામાં આવતી અને હજારો બ્રાહ્મણો, ઋષિમુનિઓ, પંડિતો, રાજાઓ અને અન્ય પ્રજા સમક્ષ તેમનું સાર્વભૌમિક સ્વામીત્વ પ્રકટ કરવામાં આવતું હતું. આજથી તેર વર્ષ ઉપર એટલે સને ૧૯૧૨ ની સાલમાં આવો ભવ્ય મેળાવડો દીલ્હીમાં મળ્યો હતો અને બ્રીટીશ સામ્રાજ્યના ચક્રવર્તી મહારાજા પંચમ્ જ્યોર્જ આગળ સેંકડો રાજામહારાજાઓ માથું નમાવતા હતા બ્રીટીશ સલ્તનતમાં કોઇ દિવસ સૂર્ય અસ્ત થતો નથી એવી એની સાર્વભૌમિક સત્તા ફેલાઇ રહી હતી; સત્તાના ગૌરવ અને ગર્વથી આભૂષિત અમલદારો બ્રીટીશ સામ્રાજ્યને દીપાવી રહ્યા હતા. આખા હીંદુસ્તાનના સેંકડો મહારાજાઓ, રાજાઓ અને નવાબો રેશમી તથા કસબી ચકચકાટ કપડાંઓમાં મહાલતા હતા અને ડોકમાં તથા હાથ ઉપર હીરા મોતી વગેરે ઝવેરાતથી એવા ઝળકી ઉઠતા હતા કે અફ્ઘાનીસ્તાનના નરવીર અમીરે તેમને વસ્ત્રાલંકારથી શણગારાએલી સ્ત્રીઓ સાથે સરખાવીને તેમના તરફ તિરસ્કાર બતાવ્યો હતો. આ ચકચકિત મંડળની અંદર એક પુરુષ તરફ દરેક માણસની નજર દોરાતી હતી; એનો પોષાક ઘણોજ સાદો હતો, એનું શરીર કદાવર નહોતું, પણ એના ભવ્ય ચહેરા ઉપર ઓજસ્ ચળકતું હતું. એના વિચારગ્રસ્ત મોં ઉપર ગાઢ ગંભીરતા છવાઇ રહી હતી. એના તપોબળ તથા ચારિત્ર્યબળથી આખું મંડળ અંજાઇ ગયું હતું. આ આકર્ષક મૂર્તિ, (the observed of all observers) તે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ હતા. જે હીંદીઓએ ૧૯૧૨ નો દરબાર નજરે જોયો હતો તેમને આ ચિત્રાલેખનમાં અતિશયોક્તિ જરા પણ નહીં જણાય. સામાન્ય આલમની નજરમાં મહારાજા સયાજીરાવ

સમ્રાટ્ જ્યોર્જની આગળ કે ગણત્રીમાં ન હોય, પણ પોતાના સ્વાભાવિક ચારિત્ર્યબળને લીધે, હીંદીઓમાં તેમજ યુરોપીઅનોમાં સર્વ કોઇની નજર એમના તરફ દોરાઇ જતી હતી.

બીજું ચિત્ર ૧૯૧૦ ની સાલમાં મેં નજરોનજર જોયું હતું. જાપાનના પાટનગર ટોકીઓમાં આખા જાપાનના મહાન પુરુષો એકઠા થયા હતા. ૧૮૭૦ ની સાલમાં જાપાનીઝ પ્રજામાં નવજીવન પ્રગટી નીકળ્યું તે વખતથી દેશને પ્રગતિને માર્ગે દોરનાર અનેક પુરુષો થઇ ગયા. તેમાં કાઉંટ ઓકુમા સમર્થ નેતા થઇ ગયો. આ મહાત્માના અધ્યક્ષપણા નીચે જાપાનના આગેવાનોએ આપણા મહારાજા સાહેબનો સત્કાર કર્યો. કાઉંટ ઓકુમાનું ટુંકું પણ ઉત્સાહ પ્રેરતું ભાષણ અને મહારાજા સયાજીરાવના તેવાજ ઉત્તરથી શ્રોતાજનો છક થઇ ગયા. ત્યાંનાં કેટલાંક વર્તમાનપત્રોમાં મહારાજાને હીંદના સમ્રાટ (Emperor of India) ની ઉપમા આપવામાં આવી હતી. યુરોપના કોઇ પણ રાજાને મળ્યું નહીં હોય એવું અતિમાન, સન્માન, મળ્યું હતું.

વડોદરાનરેશ: મહારાજા સયાજીરાવ

ત્રીજું છેક ૧૯૦૨ ની સાલનું છે. અમદાવાદ શહેરમાં મહાસભાની બેઠક મળવાની હતી, અને તેના પ્રમુખ બાબુ સુરેંદ્રનાથ બેનરજી હતા. આ સમયમાં બાબુ સુરેંદ્રનાથ ઘણાજ પ્રજાપ્રિય હતા; અને તેમની વક્તૃત્વ શક્તિથી ભલભલા માણસો અંજાઇ જતા હતા. તે દિવસોમાં આપણા મહારાજા હુન્નરઉદ્યોગનું પ્રદર્શન ખુલ્લું મુકવા માટે ગયા હતા તે વખતે તેમને જે માન સમસ્ત હીંદી પ્રજાએ આપ્યું

હતું તે ભુલી ન શકાય એવું હતું. ૨૦ લાખ માણસની વસ્તીવાળા વડોદરા રાજ્યના મહારાજાને એ માન નહોતું આપ્યું; પણ હીંદ દેશના એક નેતાને વધાવી લેવામાં આવ્યા હતા. ત્યાર પછીથી પણ જ્યારેજ્યારે એમનાં ભાષણો થતાં તેં આખા હીંદુસ્તાનમાં વંચાતાં હતાં. તેમાં હીંદી સરકારની રાજ્યપદ્ધતિ ઉપર ટીકા થતી હશે એવું માનવામાં આવતું હતું; અને તેમની રચનાત્મક ટીકાની અસર આખા હીંદુસ્તાનમાં થતી હતી. સયાજીરાવ મહારાજા મહાન્ પુરુષ છે, એમનામાં આકર્ષણ કરવાનું બળ છે. દરેક મહાન્ પુરુષમાં આ પ્રકારનું બળ હોય છે. એમની ચાલીસ પચાસ વર્ષની કારકીર્દીને પરિણામે વડોદરા રાજ્યની પ્રજાનું ભવિષ્ય ઘડાયું છે અને તેની સમાલોચના કરવા તથા મહારાજાને અભિનંદન આપવા માટે આજે આપણે ભેગા થયા છીએ.

બાર વર્ષના એક છોકરાએ માત્ર છ વર્ષ સુધી અભ્યાસ કરીને આખા વડોદરા રાજ્યની લગામ પોતાને હસ્તક લઇ લીધી અને મુખ્ય પ્રધાન સર ટી. માધવરાવ જેવા મુત્સદ્દી પુરુષને રજા આપી દીધી. અઢાર વર્ષની કાચી વયને માટે કેટલી હદપાર આત્મશ્રદ્ધા કહેવાય? કવિ ટેનીસને કહ્યું છે કે સ્વમાન, આત્મપરીક્ષા અને આત્મસંયમ, (self-reverence, self-knowledge and self-control) એ ત્રણ સદ્‌ગુણોને લીધે માણસની આત્મોન્નતિ થાય છે. આ ત્રણે ગુણો આપણા મહારાજામાં છેક નાનપણથી ખીલ્યા હતા. સયાજીરાવ મહારાજા સારી રીતે જાણતા હતા કે વડોદરા રાજ્યની રંગભૂમિ ઉપર તેમને અગત્યનો ભાગ ભજવવાનો છે.

મહાન્ પુરુષોનાં જીવનવૃત્તાંત તપાસીએ છીએ ત્યારે એક પ્રશ્ન પુછવામાં આવે છે કે આગેવાનને લીધે અમુક વાતાવરણ પેદા થાય છે કે આગેવાન તેવા વાતાવરણની પેદાશ છે! આપણે ત્યાં એવી માન્યતા છે કે राजा कालस्य कारणम्। રાજા વાતાવરણ અગર કાલને પેદા કરે છે, પણ ઘણા વિદ્વાન્ માણસો તેનાથી ઉલટું માને છે કે માત્ર કાલબળને લીધે અમુક પ્રકારનો રાજા ઘડાય છે. ઇ. સ. ૧૮૦૦થી ૧૮૧૫ ની સાલનું ફ્રાંસ તે નેપોલીઅન બોનાપાર્ટને લીધે કે નેપોલીઅન તે ફ્રેંચ મીલીટરીઝમ–લડાયક શક્તિ–નું બચ્ચું? ખરું જોતાં આ પ્રશ્નજ ખોટો છે. કવિ અને પેગંબર પોતાના જમાનાની આશા, આકાંક્ષાઓ, સ્વાભાવિક રીતે (intuitively) સમજી લે છે. તેમને કેટલેક અંશે ભૂત, વર્તમાન, અને ભવિષ્ય એ ત્રિકાલનું કંઇક દર્શન થાય છે; અને એ ત્રણે કાલની પરિસ્થિતિને અનુકૂલ થાય તે રીતે તેમના આશયો તથા કાર્યની દિશા નક્કી થાય છે. આગેવાનો વર્તમાન પ્રવૃત્તિથી દોરાય છે, તેમજ બીજી તરફથી તેને દોરે છે. આગેવાન અથવા નેતા સમાજને દોરે છે અને તેનાથી દોરાય છે. તે સમાજસુધારણાનુ કારણ છે, અને સાથેસાથે તેનુ પરિણામ છે. સામાજિક ફેરફાર, રાષ્ટ્રીય પરિવર્તન વગેરેના મુળ સિદ્ધાંતોનું તેમને સ્વાભાવિક ભાન થયું હોય એમ લાગે છે. જેમ કોઇ ટેકરી ઉપર ચડેલો માણસ ખીણમાં વસેલા માણસો કરતાં વધારે જોઇ શકે છે, તેમ તેને સુધારાના માર્ગનો વધારે ખ્યાલ હોય છે. એ માર્ગનુ દિશાસૂચન તેને આપણે જીવનમંત્ર કહીએ છીએ. આપણા મહારાજાને એ ભાન થયું હતું અને તેથીજ તે દેશના એક આગેવાન થયા હતા.

સયાજીરાવ મહારાજાની યુવાવસ્થામાં દેશનું કેવું વાતાવરણ હતું તે તપાસવાની

જરુર છે. પ્રારબ્ધવાદ અને પુરુષાર્થવાદના વિવાદ ટંટામાં આપણે નહીં પડીએ. ઇશ્વરે કે પ્રારબ્ધે શું નિર્માણ કર્યું હશે તે આપણે જાણી શકતા નથી. ગોપાળરાવ કાશીરાવ ગાયકવાડના વંશજો વીશે કેટલીક

વડોદરા રાજ્યના દીવાન સર મનુભાઇ મહેતા

સ્પષ્ટ અને કેટલીક અસ્પષ્ટ હકીકત આપણે મેળવી શકીએ છીએ, પણ જે ખાણમાં પથ્થર હોય છે તેમાં ક્વચિત્ એક હીરો પણ પાકે છે. હજારો છોકરાં કેળવણી લે છે તેમાંથી ભાગ્યેજ એક જુવાનીઓ નેતૃત્વને લાયક નીકળે છે. યુનાઇટેડ સ્ટેટસનો પ્રમુખ અબ્રહામ લીંકન જંગલની પર્ણકુટિમાં રહેતો હતો ત્યાંથી ધીમેધીમે રાજમહેલ (white house)માં ગયો; એટલુંજ નહીં પણ પણ દુનીઆના એક મહાન્ પુરુષ તરીકે પ્રખ્યાત થઇ ગયો. નેપોલીઅન બોનાપાર્ટ, ઓલીવર ક્રોમ્વેલ, ચીતોડનો મહારાણો પ્રતાપ, મહારાષ્ટ્રનો નરકેસરી શિવાજી છત્રપતિ, એ સર્વે પથ્થરની ખાણના હીરા હતા. મહારાજાની યુવાવસ્થાનું વાતાવરણ ઘણું વિચિત્ર હતું. બ્રીટીશ સલ્તનતની સત્તા આપી સમાજ પર ખુબ જામી ગઇ હતી અને પાશ્ચાત્ય અથવા અંગ્રેજી સંસ્કૃતિથી આપણો દેશ અંજાઇ ગયો હતો. જેટલું યુરોપીઅન તેટલું સારું એવી ભાવના ચારે બાજુએ ફેલાઇ રહી હતી. આપણી સમાજ અધોગતિના ખાડામાં પડી હતી પણ તેને સજીવન કરવાના ઇલાજો વીશે મતભેદ જાગ્યો હતો. કેટલાક સુધારકો પાશ્ચાત્ય સંસ્કૃતિનાં અનુકરણ કરવાની સલાહ આપી રહ્યા હતા અને બીજા સુધારકો આપણી પ્રજાને વધારે અનુકૂલ સ્વદેશીય ઇલાજો બતાવતા હતા. સ્વરાજ મેળવવા માટે જે રાજકીય પ્રવૃત્તિ ચાલી રહી હતી તેમાં દાદાભાઇ, વ્યોમેશચંદ્ર બેનરજી, રાનાડે તથા કાશીનાથ તેલંગ પ્રજાને જાગૃત કરી રહ્યા હતા. ૧૮૮૫ની સાલમાં મહાસભાની પહેલી સભા મુંબાઇમાં મળી હતી તેની અસર સયાજીરાવ જેવા બાવીસ વર્ષના નૌજુવાન ઉપર કેટલી થાય

તે આપ સહેજે સમજી શકશો. આપણી સમાજને અનિષ્ટ રૂઢિબંધનમાંથી મુક્ત કરીને પવિત્ર બનાવવાનો પ્રયાસ ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર અને રાનાડે કરી રહ્યા હતા; આપણી ધાર્મિક ભાવના વહેમ, અજ્ઞાન તથા જડતાના ડુંગર નીચે કચડાઇ ગએલી હતી તેનો ઉદ્ધાર કરવા માટે રામમોહનરાય, બાબુ કેશવચંદ્ર સેન, સ્વામી દયાનંદ સરસ્વતી અથાક પ્રચાર કરી રહ્યા હતા. સરકાર તરફથી પણ લોર્ડ રીપને સ્થાનિક સ્વરાજ્યની બક્ષીસ આપવાની તૈયારી કરી હતી. આવા પ્રગતિમય વાતાવરણમાં સયાજીરાવ મહારાજે વડોદરા રાજ્યના બહોળા કારભારનું કાર્ય ઉપાડી લીધું. પોતાના રાજ્યના બધા તાલુકામા ફરવાનુ શરુ કર્યું. વડોદરા શહેરના રાજમહેલોમા સુખશાંતિથી, એશઆરામમાં રહી શકત તેને બદલે અવિશ્રાંત મહેનત કરવા માંડી સારા સારા વિદ્વાન ગૃહસ્થોને મળીને, સારા પુસ્તકો વાંચીને તથા આખા રાજ્યમાં તેમજ હીંદુસ્તાનના ચારે ખુણામાં ફરીફરીને તેમણે પુષ્કળ જ્ઞાન મેળવ્યું, અને તે જ્ઞાનનો ઉપયોગ રાજસુધારણાર્થે કરવા માંડયો. ગાયકવાડ કુટુંબનો મુદ્રાલેખ "જીન ઘર જીન તખ્ત" તેમણે ખરો પાડયો. લગભગ ૧૮૯૫ની સાલ પછી એમણે પ્રજાહિતના પ્રશ્નો વીશે પોતાના અભિપ્રાય જાહેર કરવા માંડયા. કલકત્તા, અલ્હાબાદ, નૈનીતાલ, અલમોડા, બનારસ, આગ્રા, મુંબાઇ, અમદાવાદ, પુના, મદ્રાસ, દ્વારકા, જ્યાંજ્યાં એમને જવાનું થયું, જ્યાંજ્યાં એમને બોલવાનો પ્રસંગ મળ્યો, ત્યાં અનેક વિષય ઉપર પોતાના ઉન્નત વિચારો જાહેર કર્યા. હીંદુસ્તાનના અગ્રેસર મહારાજા તરીકે નહીં પણ દેશનો એક આગેવાન તરીકે એમની પ્રતિષ્ઠા જામી ગઇ. દેશહિતચિંતક તથા ધુરંધર કાર્યવાહક તરીકે એમને માન મળવા માંડયું. આજના જુવાનીઆઓને આ વર્ણનમાં વખતે અતિશયોક્તિ માલુમ પડશે, પણ ૧૮૯૫ થી ૧૯૧૧ સુધીના વખતમાં સયાજીરાવ ગાયકવાડ એક અગ્રેસર દેશભક્ત ગણાતા હતા અને Nation Builders એટલે દેશભક્તોની પંક્તિમાં એમને માનભરેલું સ્થાન મળતું હતું.

પ્રજા ઉદ્ધારના કામમાં સયાજીરાવ ગાયકવાડે શું કર્યું તેનું વિગતવાર વર્ણન ટુંક સમયમાં થઇ શકે નહીં. એમના કાર્યની સફ્ળતા અગર નિષ્ફળતા વીશે ચર્ચા કરતાં પહેલાં એટલું યાદ રાખવાનું છે કે એમના કાર્યને ઉપાડી લે એવું વાતાવરણ અમલદાર વર્ગમાં કે પ્રજાવર્ગમાં નહોતું. આજથી ત્રીસ વર્ષ ઉપર સરકારી હુકમો જાણે ઇશ્વરી નિયમો હોય એવા ગણાતા હતા. મહારાજા અગર સરકારની ભુલ બતાવવી એ સાહસનું કામ હતુ. આ સર્વસત્તાધારી મહારાજાએ પોતાના આત્મબળ અને આત્મવિશ્વાસના જોરથી અનેક સુધારાના પ્રયોગો શરુ કર્યા. પોતાની તથા સમાજની શક્તિની મર્યાદા લક્ષ બહાર રહી ગઇ તેની ટીકા આજે આપણે કરીએ છીએ, પણ માત્ર ત્રણ વર્ષ ઉપર આપણે એવીજ સ્થિતિ અનુભવી છે. મહાત્મા ગાંધીજીએ ત્રીસ કરોડ માણસને પ્રગતિને પથે ચઢાવી દીધા અને માત્ર દોઢ વર્ષની અંદર પ્રજાની રાજકીય સ્થિતિમાં જમીન આસમાન જેટલો ફેર કરી નાખ્યો; પણ ૧૯૨૨ માં પોતાની તેમજ પ્રજાની શક્તિની મર્યાદાનું પુરું ભાન થયું. દરેક પ્રજા છલકાતા ઉત્સાહ અને ઠોકરના અનુભવોને

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૫૦૩]



સ્વપ્નદ્રષ્ટા

લેખકઃ
રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,
બી. એ., એલએલ. બી., એડવોકેટ;
પ્રમુખ, સાહિત્યસંસદ્.

ચિત્રકારઃ
શ્રીમાન્ પુરુષોત્તમ,
સભ્ય, સાહિત્ય સંસદ્.
અને
રા. રવિશંકર રાવળ

આગલાં પ્રકરણોનો સાર

આણંદના સ્ટેશન ઉપર મુંબાઇના બેરીસ્ટર અને ધારાસભાના સભ્ય ના. જગમોહનલાલને તેમના બાલમિત્ર ને ભાવિ વહેવાઈ રા. બ. પ્રમોદરાયનો મેળાપ થાય છે. તેઓ સાથે વડોદરે જાય છે. રા. બ. પ્રમોદરાયનો પુત્ર સુદર્શન અભ્યાસ કરે છે. તેને સ્વદેશભક્તિની ધુન લાગી છે. તે અનેક સ્વપ્નો રચે છે. તેને મળવા તેઓ બંને કોલેજ રેસીડંસીમાં જાય છે. પરંતુ તે પ્રો. ઘોષના ભાષણમાં ગયો છે એટલે રા. બા. પ્રમોદરાય ત્યાંજ બેસે છે અને ના. જગમોહનલાલ તેમના સાળા રાજાભાઇને ત્યાં રા. બ. ને અને સુદર્શનને જમવાનું નિમંત્રણ આપી જાય છે.

થોડી વારે સુદર્શન આવે છે અને પિતાપુત્ર મળે છે. દેશની પરિસ્થિતિ વિશે વિવાદગ્રસ્ત ચર્ચા ચાલે છે. રા. બ. સુદર્શનને લઇ નામદારને તથા તેમના કુટુંબને–સુલોચનાને, તેની ભાવિ પત્નીને–મળવા માટે રાજાભાઇને ત્યાં જવા તૈયાર થાય છે. સુદર્શન કચવાતે મને જાય છે.

રાજાભાઇને ત્યાં રાવબહાદુરની મોટી દીકરી–સુલોચના–આજે તેને ભાવિ પતિ મળવા આવનાર હોઈ તેનો વિચાર કરતી બેઠી છે. સુદર્શનનો વિચાર આવતાં તે તેને 'બોચીયું' ગણી હસી કાઢે છે.

તે આપ સહેજે સમજી શકશો. આપણી સમાજને અનિષ્ટ રુઢિબંધનમાંથી મુક્ત કરીને પવિત્ર બનાવવાનો પ્રયાસ ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર અને રાનાડે કરી રહ્યા હતા; આપણી ધાર્મિક ભાવના વહેમ, અજ્ઞાન તથા જડતાના ડુંગર નીચે કચડાઇ ગએલી હતી તેનો ઉદ્ધાર કરવા માટે રામમોહનરાય, બાબુ કેશવચંદ્ર સેન, સ્વામી દયાનંદ સરસ્વતી અથાક પ્રચાર કરી રહ્યા હતા. સરકાર તરફથી પણ લોર્ડ રીપને સ્થાનિક સ્વરાજ્યની બક્ષીસ આપવાની તૈઆરી કરી હતી. આવા પ્રગતિમય વાતાવરણમાં સયાજીરાવ મહારાજે વડોદરા રાજ્યના બહોળા કારભારનું કાર્ય ઉપાડી લીધું. પોતાના રાજ્યના બધા તાલુકામા ફરવાનુ શરુ કર્યું. વડોદરા શહેરના રાજમહેલોમાં સુખશાંતિથી, એશઆરામમાં રહી શકત તેને બદલે અવિશ્રાંત મહેનત કરવા માંડી સારા સારા વિદ્વાન ગ્રહસ્થોને મળીને, સારા પુસ્તકો વાંચીને તથા આખા રાજ્યમાં તેમજ હીંદુસ્તાનના ચારે ખુણામાં ફરીફરીને તેમણે પુષ્કળ જ્ઞાન મેળવ્યુ, અને તે જ્ઞાનનો ઉપયોગ રાજસુધારણાર્થે કરવા માંડયો. ગાયકવાડ કુટુબનો મુદ્રાલેખ " છીન ધર છીન તખ્ત" તેમણે ખરો પાડયો. લગભગ ૧૮૯૫ ની સાલ પછી એમણે પ્રજાહિતના પ્રશ્નો વીશે પોતાના અભિપ્રાય જાહેર કરવા માંડયા. કલકત્તા, અલ્હાબાદ, નૈનીતાલ, અલમોડા, બનારસ, આગ્રા, મુંબાઇ, અમદાવાદ, પુના, મદ્રાસ, દ્વારકા, જ્યાંજ્યાં એમને જવાનું થયું, જ્યાંજ્યાં એમને બોલવાનો પ્રસંગ મળ્યો, ત્યાં અનેક વિષય ઉપર પોતાના ઉન્નત વિચારો જાહેર કર્યા. હીંદુસ્તાનના અગ્રેસર મહારાજા તરીકે નહીં પણ દેશના એક આગેવાન તરીકે એમની પ્રતિષ્ઠા જામી ગઇ. દેશહિતચિંતક તથા ધુરંધર કાર્યવાહક તરીકે એમને માન મળવા માંડયું. આજનાં જુવાનીઆઓને આ વર્ણનમાં વખતે અતિશયોક્તિ માલમ પડશે, પણ ૧૮૯૫ થી ૧૯૧૧ સુધીના વખતમાં સયાજીરાવ ગાયકવાડ એક અગ્રેસર દેશભક્ત ગણાતા હતા અને Nation Builders એટલે દેશભક્તોના પંક્તિમાં એમને માનભરેલું સ્થાન મળતું હતું.

પ્રજા ઉદ્ધારના કામમાં સયાજીરાવ ગાયકવાડે શું કર્યું તેનું વિગતવાર વર્ણન ટુંક સમયમાં થઇ શકે નહીં. એમના કાર્યની સફલતા અગર નિષ્ફલતા વીશે ચર્ચા કરતાં પહેલાં એટલું યાદ રાખવાનું છે કે એમના કાર્યને ઉપાડી લે એવું વાતાવરણ અમલદાર વર્ગમાં કે પ્રજાવર્ગમાં નહોતું. આજથી ત્રીસ વર્ષ ઉપર સરકારી હુકમો જાણે ઇશ્વરી નિયમો હોય એવા ગણાતા હતા. મહારાજા અગર સરકારની ભુલ બતાવવી એ સાહસનું કામ હતું. આ સર્વસત્તાધારી મહારાજાએ પોતાના આત્મબળ અને આત્મવિશ્વાસના જોરથી અનેક સુધારાના પ્રયોગો શરુ કર્યા. પોતાની તથા સમાજની શક્તિની મર્યાદા લક્ષ બહાર રહી ગઇ તેની ટીકા આજે આપણે કરીએ છીએ, પણ માત્ર ત્રણ વર્ષ ઉપર આપણે એવીજ સ્થિતિ અનુભવી છે. મહાત્મા ગાંધીજીએ ત્રીસ કરોડ માણસને પ્રગતિને પંથે ચઢાવી દીધા અને માત્ર દોઢ વર્ષની અંદર પ્રજાની રાજકીય સ્થિતિમાં જમીન આસ્માન જેટલો ફેર કરી નાખ્યો; પણ ૧૯૨૨ માં પોતાની તેમજ પ્રજાની શક્તિની મર્યાદાનું પુરું ભાન થયું. દરેક પ્રજા છલકાતા ઉત્સાહ અને ઠોકરના અનુભવોને

[વધુ માટે જુઓ પૃ૦ ૫૦૩]



સ્વપ્ન દ્રષ્ટા

લેખક:

રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,
બી. એ., એલએલ. બી., એડવોકેટ;
પ્રમુખ, સાહિત્યસંસદ.

ચિત્રકાર:

શ્રીમાન્ પુરુષોત્તમ,
સભ્ય, સાહિત્ય સંસદ.

અને

રા. રવિશંકર રાવળ

આગલાં પ્રકરણોનો સાર

આણંદના સ્ટેશન ઉપર મુંબાઇના બેરીસ્ટર અને ધારાસભાના ,સભ્ય ના. જગમોહનલાલને તેમના બાલમિત્ર ને ભાવિ વહેવાઈ રા. બ. પ્રમોદરાયનો મેળાપ થાય છે. તેઓ સાથે વડોદરે જાય છે. રા. બ. પ્રમોદરાયનો પુત્ર સુદર્શન અભ્યાસ કરે છે. તેને સ્વદેશભક્તિની ધુન લાગી છે. તે અનેક સ્વપ્નો રચે છે. તેને મળવા તેઓ બંને કોલેજ રેસીડંસીમાં જાય છે. પરંતુ તે પ્રો. ઘોષના ભાષણમાં ગયો છે એટલે રા. બા. પ્રમોદરાય લાંજ બેસે છે અને ના. જગમોહનલાલ તેમના સાળા રાજાભાઇને ત્યાં રા. બ. ને અને સુદર્શનને જમવાનું નિમંત્રણ આપી જાય છે.

થોડી વારે સુદર્શન આવે છે અને પિતાપુત્ર મળે છે. દેશની પરિસ્થિતિ વીશે વિવાદ[illegible] ચર્ચા ચાલે છે. રા. બ. સુદર્શનને લઇ નામદારને તથા તેમના [illegible]બને-સુલોચનાને, તેની [illegible] જવા માટે રાજાભાઇને ત્યાં જવા તૈયાર થાય છે. [illegible] જાય છે.

રાજાભાઇને ત્યાં રાવબહાદુરની મો[illegible]
હોઇ તેનો વિચાર કરતી બેઠી છે. સુદર[illegible]



[illegible]ર્ટ: ભુરા ઓવર કે.ટ અને ત્રિકોણી ટોપીમાં.

પ્રમોદરાય અને સુદર્શન ત્યાં આવી પહોંચે છે. વડીલો કેટલાંક અગત્યનાં કામમાં રોકાય છે અને એક ખંડમાં સુદર્શન અને સુલોચના–ભાવિ વરવહુ–અતડારાથી એકમેક સામે જોઇ રહ્યાં છે. આખરે સ્પષ્ટ વાર્તાલાપ શરૂ થાય છે. અને સુદર્શન સુલોચનાને પોતાનું જીવનધ્યેય સમજાવતાં એકમેકનો પાટો નહીં ગોઠે અને તેથી તેની સાથે લગ્ન નહીં કરવાનું સુલોચના પાસેથી વચન લે છે.

સાંજના રાવબહાદુર અને પ્રમોદરાય પોતપોતાને સ્થળે વિદાય થાય છે.

સુદર્શન રુમ ઉપર પાછો જાય છે. રસ્તામાં હીંદની સ્થિતિ વીશે વિચાર કરવા માંડે છે અને હીંદ દેવીની મૂર્તિને સેવાની આજ્ઞા કરતી જુવે છે. થોડી વારે આ સ્વપ્નમાંથી જાગ્રત થઈ તેના મિત્રોને જઇ મળે છે અને તેના મિત્રમંડળ સાથે સાંકેતિક સ્થાને–ભીમનાથના તળાવે–મળવા તૈયાર થાય છે. સુદર્શનનું બાલજીવન કોઈપણ જાતના ચમત્કાર વિના, ભાનુશંકર મહેતાજીની નીશાળે પાટી પર ધુળ નાખ્યાના દિવસથી શરૂ થાય છે. તેને આઠ વર્ષે યજ્ઞોપવિત આપી બ્રહ્મચારી–બ્રાહ્મણ–બનાવે છે; અને તેને લાગે છે કે તે કૌશિકાદિ ઋષિવરોની સાથે બેસવા યોગ્ય બન્યો છે. નાટકો જોતાં, ઈતિહાસ વાંચતાં તત્કાલના વિશ્વનાયકો–તેમની ભાવના–સાથે તેને મૈત્રી થાય છે; અને તેને તેની મદદથી તેઓ પોતાનું કાર્ય સાધતા લાગે છે.

મુસલમાન રીયાસત વાંચતાં હીંદુ મુસ્લીમ વિરુદ્ધ ઝનુનથી તે ઉશ્કેરાઇ જાય છે. પરંતુ બડેમીયાંકાકા વગેરેની તેના પ્રતિની પ્રીતિ જોતાં તે ઓસરી જાય છે. આ રીતે તે નાનપણથી ઇચ્છાભિલાષિત સ્વપ્નો સેવતો દિવસેદિવસે મોટો થતો જાય છે.

સુદર્શન તેના પિતા સાથે ફરવા જાય છે અને રસ્તામાં એક અંગ્રેજ ઘોડેસ્વાર મળે છે. તેના પિતા ઝટઝટ કપડાં ઠીકઠાક કરી લળી લળી સલામ કરે છે. ગોરો સવાર સલામનો ઉત્તર વાળે છે અને બંને બાપદીકરાને બીજે દિવસે તેની સ્ત્રીના જન્મદિવસ નિમિત્તે તેને ત્યાં જવાનું આમંત્રણ આપે છે.

ગોરા અમલદારને ત્યાં બીજા નાગરિકો માધવલાલ, માભાઈ અને દલાલ વગેરે આવે છે. પરંતુ ગોરા અમલદારની વિચિત્ર અને અભિમાનભરી વર્તણુક ને વાતચીતથી તેને પોતાનું, પોતાના પિતાનું અને બીજાઓનું ખરું સ્થાન શું છે તે સમજાય છે.

માધવલાલ, માભાઇ અને દલાલ તેમજ તેના પિતાના ખુશામતભર્યાં હલનચલનથી તેને પોતાના દેશીઓ ગોરી પ્રજા આગળ કટકા ટુકડા માટે પુંછડીઓ પટપટાવતા શ્વાનસમા લાગે છે. તેને પોતનું સ્વમાન હણાતું હોય એમ લાગે છે. અને તેનું હૈયું આ બધાથી અકળાઈ ઉઠે છે–તેના હૃદયમાં ડામ ઉઠે છે. તે તેના સ્વપ્નમિત્રો ઉપર, તેના પૂર્વજો ઉપર ઘણો ક્રોધ ચઢે છે.

(હવે આગળ વાંચો.)

પ્રકરણ ૫ મું

વિપ્લવ પ્રેમ

૧

વિ રૂરા હૃદયમાં સ્વપ્નાં ઉદ્ભવતાં નથી. ની ઉન્નત વિટલે સ્વપ્નાં વીહોણો સુદર્શન સ્તાનના અગ્રેસર મહાર. પરીક્ષામાં પાર પણ દેશનો એક આગેવાન તરીકે એની પ્રતિષ્ઠા જામી ગઇ. દેશહિતચિંતક તથા ધુરંધુર કાર્ય-

'રતનબાઇ'ને એક ઘુઘરી વધારે બંધાઇ.

આ સમયે સુદર્શન ગંભીર, એકલવાયો, ને થોડાબોલો થઇ ગયો હતો. નિર્જીવતાના શાક્તિએ તેનો બધો ઉત્સાહ લઇ લીધો હતો. પ્રજા છલકોલે પ્રયાસે મેટ્રીક થએલા મહારથીને કોઇ માને?

[વધુ

ઉમ્મર, ને અનુભવ સાથે તેની વ્યવહારી બુદ્ધિ વધી અને તેની તીવ્ર નજરે વસ્તુઓ ખરે સ્વરૂપે દેખાવા માંડી. અને પરીક્ષા પછીની રજા ચારે તરફ જોવામાં, અને તેટલુ વાંચવામાં ને સ્વપ્નાંઓના ભગ્નગોપુર ખંડીએરોમાં તેણે ગાળી.

નેપોલીયન બોનાપાર્ટ: ધુરા ઓવર કે.ડ અને ત્રિકોણી ટોપીમાં

અલ્પતાના વિષનો પુરેપુરો આસ્વાદ લેવાનો અવળચંડો ચટકો તેને થઇ આવ્યો; અને જે પુસ્તકો આ ચટકો પોષે તે તેણે વાંચવા માંડ્યાં. પોતાની અધમતા પોતાની નજરે જોવા કરતાં પારકી નજરે જોવાની તેને ઇચ્છા થઇ.

ઝનુની, દ્વેષી તૃપાર્તતાથી તેણે મેકોલેનું બંગાલી બાબુનું વર્ણન વાંચ્યું. હા! તે–માભાઇ–બાબુ હતા. તે જુઠા હતા, નિર્માલ્ય હતા, દગલબાજ હતા. પછી આર્ણંદ સ્ટેશન પર મળતી પાદરીઓની ટીકાથી સમલંકૃત, હીંદ વીશે ચોપડીઓ તેણે વાંચી. 'માનવ ધર્મશાસ્ત્ર', 'રામાયણ' ને 'મહાભારત'ની ટીકાઓમાં રહેલું વિષ તેણે અઘોરીની લિપ્સાથી પીધું. રામ નમાલો, ભીષ્મ નિર્વીર્ય, કૃષ્ણ લફંગો; બ્રાહ્મણત્વમાં નીતિ નહીં; યોગમાં શકિત નહીં; શાસ્ત્રોમાં સંસ્કૃતિ નહીં; અને ડહાપણ, વિનય, નીતિ ને સંસ્કૃતિ પેલેસ્ટાઇનના માછીના ગુરુ નેઝેરથના સુતારમાં! આ દષ્ટિબિંદુ જોઇ સુદર્શનનો જીવ રહેંસાઇ ગયો.

ટેલરે તેને પુરવાર કરી આપ્યું કે જેમ પીડાતી જનતાને બચાવવા ખ્રીસ્ત આવ્યો તેમ પીંડારી ને ઠગથી ત્રાસતા હીંદને બચાવવા અંગ્રેજો આવ્યા. અને રડીઆર્ડ કીપ્લીંગ અને કેટલાક અંગ્રેજી નવલકથાકારોની વાર્તાઓ વાંચી તેને ખાત્રી થઇ ગઇ કે હીંદમાં અપૂર્વ સાહેબ ને મેમસાહેબનાં જોડલાં વસે છે; ને બાકીના લુચ્ચા, આળસુ ને નીચ ખાનસામા, છોકરાઓ, પંખાકુલીઓ ને મદારીઓ સાહેબોને રીઝવવા અવતાર ધરે છે. અંગ્રેજી પત્રોમાં આવતાં ચિત્રો–જેમાં ભીખારીઓને ભાવિ હીંદીઓ તરીકે અને મદારીઓ અને રાજાઓને હીંદની વિશિષ્ટતા તરીકે ચીતર્યાં હતાં તેનું હળાહળ ઝેર તેણે પીધું. આ બધા રાષ્ટ્રીય બદનક્ષીકારો–વિજયના નીશામાં માત્ર પોતાના સંસર્ગમાં આવેલા થોડાક ક્ષુદ્ર મનુષ્યોને હીંદી ઠોકી બેસાડે છે–એ સત્યનું સુદર્શનને ભાન રહ્યું નહીં. એને તો પહેલાં એમજ લાગ્યું કે આ બધી ખરી વાત છે. તેના જંગલી ને નિર્માલ્ય પૂર્વજોએ અજ્ઞાન ને અંધકારથી પરિપૂર્ણ સંસ્કારો રચ્યા; તેના બાયલા ને નીચ સ્વમમિત્રોએ દેશને છિન્નભિન્ન કર્યો; અને લોભી બ્રાહ્મણ ને ખુની ઠગે બધાના પ્રાણ લેવાની તૈયારી કરી. કલાઇવ કલ્કી અવતાર લઈ આવ્યો; મેકોલેએ શુદ્ધપદનો માર્ગ બતાવ્યો. અને બ્રાહ્મણ ને ઠગથી વિનિર્મુક્ત થએલી અવની પર, તે બધા સંસ્કૃત થતા, સાહેબોની અમર છાયા નીચે અતુલ આનંદમાં જીવન વીતાવી રહ્યા હતા.

આ બધાં પુસ્તકો સામે ગોઠવી, તેમાંથી નીકળતું ઝેર પી પી તે ઘેલા જેવો થઇ ગયો. તે ધુરકતો, દાંત કચકચાવતો પડી રહેતો. અને ગત ને દિવસો એકગમ પીંડારીઓ, ઠગો, મદારીઓ ને પંખાકુલીથી શોભતાં સ્વપ્નાંઓ-ની વેદના સહ્યા કરતો; અને બીજીગમ એના ન્યાતીલાઓ તરફ, માભાઇ ને બીજા મોટા માણસ તરફ, તેના લોકોની નિર્જીવ રહેણી-કરણી તરફ તે ક્રૂર તિરસ્કારવૃત્તિની ઝનુન અનુભવ્યા કરતો. એને સંધ્યા કરવી ગમતી નહીં. કેટલી પેઢી સંધ્યા કરી પણ શુકરવાર શો વળ્યો? એને મહાદેવનાં દર્શન કરવાં ગમતાં નહીં. આટલી સદીઓ પૂજા કરી, છતાં તેણે શું ધાડ મારી? બધા તેના દુશ્મન હતા. બધા તેને કચરી રહ્યા હતા. એની સૃષ્ટિમાં ગૌરવનું એક બિંદુ નહોતું. જીવવામાં કંઈ રસ નહોતો.

એની માનવતાના અમેય ઉંડાણમાંથી એક કાળું, ઘોર, ભયાનક વાદળ ઉપડ્યું.

સંસારની રસીઅણુ ગમન હસી. "તમારા-થી તે કૈં બ્રહ્મચારી રહેવાય ? તમારા બાપા જરુર પરણાવશે. પણ કહો તો ખરા!" જરાક નીચું જોઈ છોકરીએ કહ્યું: "તમને પરણવું કેમ નથી ગમતું?"

"હું કોઈને ઓળખતો નથી. કોને પરણું?" વિચાર કરતાં સુદર્શને કહ્યું.

"એ તો તમારાં બા ઓળખતાં હશેને?"

"તેમાં મારે શું?" સુદર્શને ગાંભીર્યથી કહ્યું. અને દરેક બાબતમાં ઉમ્મર ઉપરાંતનું ગાંભીર્ય રાખવાની ટેવ પડી હોવાથી અણુજાણી છોકરી પરણવાની બીક તેને મોટી દેખાઈ ને તેનાથી બોલાઈ જવાયું: "હું તો તને ઓળખું છું."

છોકરી ખડખડ હસી; "હાય મા! મને કૈં પરણાય!" તે હસી. તેણે સુદર્શન તરફ બીકથી જોયું.

"કેમ નહીં?"

"હું કૈં તમારી ન્યાતની છું?"

"તેમાં શું?" જીદથી સુદર્શને કહ્યું.

"હુ તો બીજી ન્યાતની છું."

"તેમાં શું?" હોઠ પર હોઠ પીસી સુદર્શને ફરીથી કહ્યું.

"ન પરણાય. કૈં ગાંડા થયા છો?" કહી ગમન ચાલી ગઈ. આવડો મોટો છોકરો આટલું ન સમજે તે તેને વિચિત્ર લાગ્યું.

સુદર્શન ભયંકર વૃત્રના પંઝામાં હતો. ભયાનક વ્યગ્રતા તો તેના આત્મામાં હતી—અને આ છોકરીનું હાસ્ય અને તેણે જે નિશ્ચલતાથી નકાર વાળ્યો હતો તે એ બેથી તે પલ વાર જી ભરાયો. અંધકારનાં છેલ્લાં પાણી માથા પર ફરી વળે તે પહેલાં જીદને છેલ્લી ઠેસ વાગી ને તે ઉપર આવ્યો.

તે ગંગાભાભી પાસે ગયો. "બા! તમે કૈં મને પરણાવવાની વાત કરતાં હતાં. પણ મારે નથી પરણવું."

ગંગા ભાભી હસ્યાં. "તું આટલો મોટો થયો પણ કોઈ વખત તો એવી વાત કરે છે!"

"જો પરણાવવો હોય તો ગમન જોડે પરણાવજો" તેણે હુકમ કર્યો.

"અરે કૈં ગાંડો થયો છે?"...એના એજ શબ્દે તેના મગજમાં કડાકો થયો... વાદળ ફાટયું. તેણે દાંત પીસી પગ ઠોકયો ને ડોળા કાઢી કહ્યું: "હા, હા. હું ગાંડો થયો છું. હવે કૈં કહેવું છે? આ નહીં કર ને પેલું નહીં કર. હું કૈં માનવાનો નથી." કહી તે પગ ઠોકતો દાદર ચઢી ગયો.

૨

સુદર્શનની રગેરગમાં દેવદારુના વનોમાં થાય એવો સુસવાટ થયો. તેનું નાનું શરીર ઉગ્રતાથી કંપાયમાન્ થઈ રહ્યું. તેની આંખમાં ગાંડપણનાં તેજો ચમકયાં. તેના અંતરનાં હુડાણો તોફાની ઉછાળા મારી રહ્યાં. આ નિર્જીવ પ્રસંગથી તેના જીવનને લપેટી રહેલું ભયંકર વાદળ ગુંગળાવતી શુંઢ છોડી, તુટી પડયું. "મારા પૂર્વજો નમાલા; મારો દેશ દરિદ્ર; મારો ઇતિહાસ હીચકારો; મારો સંસાર સંકુચિત; મારી ન્યાત નાનકડી; મારા પિતા નોકર; મારા સંબંધીઓ કુતરાં; હું રતનબાઈ; હું લઢી શકું નહીં; હું વાઇસરોય થઈ શકું નહીં; હું શીવાજી થઈ શકું નહીં; હું સગર થઈ શકું નહીં; હું વિશ્વામિત્ર થઈ શકું નહીં; હું કુંવારો રહી શકું નહીં; હું ગમનને પરણી શકું નહીં; હું–હું–હું કૈં કરી શકું નહીં. બધાએ મારે માટે બધું તૈઆર કરી મુક્યું ને હું બધાના પગ ચાટી અવતાર પુરો કરું. હું નથી કરવાનો! મને કોઈ નથી; મારે પૂર્વજ

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૫૦૮]

વીજળી

લેખકઃ
રા. રસખાલ

ચૈત્ર તપ્યો, જગમાં ધખધખતો,
          વૈશાખે વાદળીઓ જામી;
જેઠ તણી આછી ઝાપટમાં,
          દિવ્ય અંગના હો દેખાણીઃ
અંગે જાણે ઉજ્વળહાર;
          વાદળમાં વીજનો ચમકાર. ૧

અષાઢના તોફાની મેઘો,
          સહુ વાદળમાં ફરફરતી;
સર્પસમી અહીંથી તહીં નાસી,
          નભમંડળમાં તરવરતીઃ
દિવ્ય શિખા તનથી ઝરનાર;
          વાદળમાં વીજનો ચમકાર. ૨

પ્રચંડ રણચંડીના જેવી,
          વાદળદળમાં ખેલે છે;
વગર વીચાર્યેઃ વગર નીહાળે,
          પડતું જ્યાં ત્યાં મેલે છે;
વાદળીઓ ભયથી તરનાર;
          વાદળમાં વીજનો ચમકાર. ૩

ક્ષણમાં દૂર જઇને બેસે,
ક્ષણમાં સર્વ સ્થળે પથરાય;
ક્ષણમાં તેજ તણા પલકારે,
તેજોજ્વળ વાદળ દેખાય:
ક્ષણમાં ભોંય પરે પડનાર;
વાદળમાં વીજનો ચમકાર. ૪

ધરતીનાં પડ વીંધી નાખી,
પર્વતનાં શિખરો ફોડે;
વૃક્ષ, પ્રાણીઓ બાળી દે ને,
મંદિરના ઘુંમટ તોડે:
પંચધાતુમાં લીન થનાર;
વાદળમાં વીજનો ચમકાર. ૫

કુદરતની તે દિવ્ય બાલિકા;
કુદરતનાં રહી ગાન કરે;
સ્વતંત્રાની મુખ્ય દેવી સમ,
પોતામાં મસ્તાન રહે:
ભવિષ્ય મેઘતણું કહેનાર:
વાદળમાં વીજનો ચમકાર. ૬

શિવશંભુ શર્માનું છેલ્લું વસીઅતનામું

સંપાદકઃ
રા. કેશવપ્રસાદ દેસાઈ,
સભ્ય, સાહિત્ય સંસદ.
ચિત્રકારઃ
રા. કલાનિધિ

[નોંધઃ વિચિત્ર વાત એ છે કે આ વસીઅતનામું ચાર ટુકડામાં મળ્યું છે એક ટુકડો હેગીંગ ગાર્ડન મુંબાઇમાંથી, બીજો અમદાવાદ નગીનાવાડીમાંથી, ત્રીજો આબુના પહાડ પરથી અને ચોથો દ્વારકાના મંદિરમાંથી. અસલ ટુકડા મેં સાચવી રાખ્યા છે—સંપાદક.]

હું શિવશંભુ શર્મા, રહેવાશી પૃથ્વીપટનો, આ વસીઅતનામું પૂર્ણ સાવધાનીમાં કરી આપું છું. આ વસીઅતનામું કરવા માટે યમદ્વારથી તેડું આવવાની રાહ મેં જોઇ નથી. પૂર્ણ જુવાનીમાં અને સંપૂર્ણ તંદુરસ્તી છે, તે સમયે, આ જગતમાં જે જે મીલકતમાં, મારો ભાગ, હીસ્સો કે ભોગવટો છે, તે સઘળાની વ્યવસ્થા કરવાના હેતુથી આ વસીઅતનામું મારી સંપૂર્ણ રાજીખુસીથી મેં કર્યું છે.

૨. આ સંસારમાં, કાયદાશાસ્ત્રીઓ તેમજ અર્થશાસ્ત્રીઓ જે ચીજને પૈસો, પુંજી યા મીલકતને નામે ઓળખે છે, તે તો મારી પાસે અત્યારે બેસુમાર છે. પરંતુ તે ચીજને હું મારા મનથી વીસાત વગરની તેમજ ખાસ સુખદાયી નહીં તેવી ગણતો હોવાથી તે સંબંધી કંઈપણ વ્યવસ્થા હું કરતો નથી. જેઓ એ તુચ્છ ચીજને પ્રિય ગણતા હશે તેઓ જો લઈને તે ત્રીજે ઘેર ભરે તો તેમાં મારે જરાએ વાંધો નથી.

૩. આ પૃથ્વી ઉપર આ અવતારે મારો જીવવાનો હક્ક છે, તે કાયદા મુજબ ફક્ત આજીવન હક્ક—Life Interest—હોઇને, તેની વ્યવસ્થા વસીઅતનામાથી કરવાનો કાયદેસર હક્ક મને પ્રાપ્ત થતો નથી. એટલે મારા જીવવાના હક્કની વ્યવસ્થા હું કરી શકતો નથી, તે માટે બહુજ દીલગીર છું.

૪. બાકીની ચીજોમાંથી, આ પૃથ્વી પર જુદીજુદી ભાષાઓમાં સાહિત્યના, તેમજ વદાસ-

ઉગેલું અચુક, ઉગાનું, આળસ નહીં,
ચળુ ન પડે ચુક, કમણે કાશપ–રાઉત. ૩

[હે કશ્યપના કુમાર! તમારે ઉદય થવામાં આળસ છે! આજ કોટિકોટિ વર્ષો વીત્યાં, પણ કદીએ તમારા ઉદય–કાળમાં એક ઘડિનીએ ચુક નથી પડી. સદાએ અચુક ક્ષણે ઉગતા આવ્યા છો.]

તેજ પંજર, તિમ્મર–ટળાણુ, ભયા કાશપ કુળ–ભાણુ,
અપલાં વેળા આપને રંગ, દો સુરજ રાણુ. ૪

[કશ્યપ કુળના હે ભાનુ! તેજના પુંજ! હે તિમિરના ટાળણહાર! હે સુરજ રાજા! કસુંબાની અંજલિ લેવાને આ સમયે અમે આપનેજ રંગ દઈએ છીએ. આપના નામનો ધન્યવાદ ગજાવી અમે અરીણ પીએ છીએ]

સામ સામા ભડ આફળે, ભાંગે કેતારા ભ્રમ્મ,
તણુ વેળા કાશપ તણા (તમે) સુરજ રાખો શરમ્મ. ૫

[સામ સામા શુરવીરો લટી રહ્યા હોય, ભલભલા વીર પુરુષોની આબરુ પણ ધુળ મળતી હોય, તેવે, યુદ્ધને ટાણે હે સુરજ! હે કશ્યપના (પુત્ર)! તમે મારી ઇજ્જત રાખજો. અને મરદની રીતે મરવાની સુબુદ્ધિ દેજો. પીઠ દેખાડવાનો પાપી વિચાર કરવા ન દેજો]

તું ઉગાં ટળીઆં તમ્મર, ગૌં છુટા ગાળા,
તસગર ભે ટાળા, દન કર કાશપદેવાઉત. ૬

[હે કશ્યપ દેવના કુંવર! તું ઉગતાં તો તિમિર ટળ્યાં, ગાયોની ડોકેથી ગાળા છુટ્યા અને તસ્કરોના ભય ભાંગ્યા. દિવસ થયો.]

અળ પર ઉગંતાં અરક, ઓળસ તું આંધાર,
થે ઝાલર ઝણકાર, દીઓળે કાશપ દવાઉત. ૭

[હે અર્ક! પૃથ્વી ઉપર તારો ઉદય થતાં તો અંધકાર ઉતરી ગયા, અને દેવાલયોમાં ઝલરના ઝંકાર થયા.]



તારાં અંજવાળાં તણો મેમા કાંઉ મા'રાજ,
અપણું ચારણુ આજ, કીં રે' કાશપરાઉત. ૮

[હે મહારાજ! તારા પ્રકાશનો મહિમા તે હવે મારે કેટલોક ગાવો? તું આવો મહિમાવંત છતાં શું આજ આ ગરીબ ચારણ એક ભેંસ વિનાનો રહેશે? અરે રહે કદી!]

સુરજ સાંભળતલ થીયો જગની રાવ જકે,
ચારણુ છાશ પખે કીં રે કાશપરાઉત. ૯

[આખા જગતની રાવ સાંભળનાર જ્યારે સૂર્ય જેવો દાતાર બેઠો હોય, ત્યારે તું ચારણ છાસ વિના રહે કદી? ચારણને છાસ ખાવા જરુર। એક દુઝાણું સુરજ દેશે.]

સવારે ઉઠે કરે કરે સુરજની આશ,
(એને) ગોરસ રસ ને ગ્રાસ, દેશે કાશપ દેવાઉત. ૧૦

[સવારે ઉઠીને જે સૂર્યની આશા કરશે તેને ગોરસ, બીજાં રસવાળાં ખાદ્યો, અને ગરાસ એ કશ્યપનો કુમાર બક્ષશે.]

ચોખા મગ તલ ચણુયા, બાજર ઘઉં બોળા,
સુરજ સવરોળા, દેજે કાશપ દેવાઉત. ૧૧

[હે કશ્યપ દેવના કુમાર, હે સવરોળા (કૃપાવંત) સૂર્ય! મને ચોખા, મગ, તલ, ગોળ, ચણા ને બહોળો ઘઉં બાજરો દેજે]

સુરજથી ધન સાંપડે, સુરજથી ધણ્ય હોય,
સુરજ કેરે સમરણે, દોખી ન લંજે કોય. ૧૨

[સૂર્યની મહેરથી દ્રવ્ય મળે, સ્ત્રી મળે, અને એનું સ્મરણ કરીએ એટલે દુશ્મન પણ ધક્કા ન કરી શકે.]

સુરજ ને શેષનાગ, બેય ભોવડ કહેવાય,
એકે ધરતી સર ધરી, એક ઉગ્યે વેણું વાય. ૧૩

[સૂર્ય અને શેષનાગ, બંને સરખા શક્તિવંત કહેવાય. કેમકે શેષનાગ ધરતીને શિર પર ઉપાડે છે, તો સૂર્ય ઉદય થઇને એ પશુ પંખીને એવું પોષણ આપે છે કે એનો ઉદય થતાંજ ગોવાળીઆ બંસી બજાવતા બજાવતા ગાયોને ચારવા જાય છે.]

કે' દાદર કે' ડાકલાં, કે પુંજે પાખાણ,
રાત ન ભાંગે રાણુ, કમણે કાશપરાઉત. ૧૪

[કોઇ 'મનુષ્યો કાજળી કરીને અમુક દેવતાનું આરાધન કરે; કોઇ વળી ડાકલાં વગાડીને વિકાલ દેવદેવીઓને ઉપાસે; કોઇ પથ્થરોને પુજે. પણ હે કશ્યપના કુમાર! તમારા વિના અન્ય કોઇ દેવની મગદુર નથી કે રાત્રિને ભાંગી શકે.]

સુરજ પ્રત્યક્ષ દેવ હે, નર વંદે પાખાણ.
ઈસર કે' ઉમૈયા સુણો, એનાં લોક અજાણ. ૧૫

[શંકર કહે છે કે હે ઉમીઆજી! સાભળો, સુરજ સરખા પ્રત્યક્ષ દેવને છોડીને પથ્થરને પુજનારાં મનુષ્યો તો અજ્ઞાન છે.]

હૃદય પલટો

લેખક:
રા. ધૂમકેતુ

ચિત્રકાર:
રા. રવિશંકર રાવળ

—o—

૧

હિમાલયે અનેક બચ્ચાંને પોતાની આંગળીએ વળગાડ્યાં છે. બધાંજ બચ્ચાં સુંદર ને રસભર્યાં લાગે છે. જાબલી નામે એક પહાડી ગામ, હિમાલયની તળેટીના ડુંગરાઓમાં છે. મેળામાં જતા કોઇ નાના બચ્ચાની માફક અનેક શણગાર ધરીને તે ઉભું છે. ખાર્રીલી નાગણની માફક અનેક વળાંક લઇને ફરતી કાલકા સીમલા રેલ્વેની લાઇન, એના ઉપરના ડુંગરાઓમાંથી ચાલી જાય છે. જાબલીની એક તરફ રમણીય ઝરાઓ અખંડ વહન કર્યા કરે છે. બીજી તરફ 'જલધિ-જલના તરંગ' જેવા અનેક ડુંગરાઓ પર 'કેલુ' અને 'બરાસ'નાં સુંદર રાતાં પુષ્પોવાળાં વૃક્ષો, * 'કૈંથ', 'ચાળો' ને 'કન્નોર'ની વચ્ચે વચ્ચે ડોકીઆં કરે છે. ગગનસ્પર્શી દેવદારુનાં વૃક્ષોથી એક તરફની ખીણ ભરાઇ ગઇ છે તો બીજી તરફ 'મજનુ' પોતાની લાંબી લાંબી ડાળીઓ છેક જમીન સુધી લંબાવીને ધરતીને ચુંબન કરતાં કરતાં હારની હારમાં નદીને કાંઠે ઉભાં છે. ભારે ઘાડી છાયાવાળા 'મોરુ' નામે વૃક્ષોથી, વચ્ચેવચ્ચે આવેલાં મેદાનોના કકડા છવાઇ ગયા છે. અહીંઆં પહાડી લોકો, ડુંગરે ડુંગરે પોતાનાં પહાડી ગીતો ગાતા, ફર્યા કરે છે. તળેટીમાં મધુર અવાજો થાય છે. પહાડોમાંથી ગંભીર પડધા આવે છે, અને પગદંડીએ પગદંડીએ બંસીના ઘેરા સુર છુટે છે.

હજી તો વૈશાખના ધુમ તાપથી, દીલ્હી આગ્રાના લોક, પોતાના ઘરમાં શેકાતા હતા, તે વખતે જાબલીના ડુંગરાઓ પર વાદળાં છવાઇ ગયાં. ગોટે ગોટા, વાદળાં, વનરાજિઓની વચ્ચે ફરવા લાગ્યાં. ને મુળે સુંદર હતું, તે દૃશ્ય આજે અત્યંત સુંદર બની ગયું. ધીમેધીમે વરસાદ પડવો શરુ થયો હતો; પોતાના ઘાસના ભારા લઈ લઇને પહાડી સ્ત્રીઓ ઝપાટાબંધ ઘર તરફ વળી રહી હતી. વાદળાં ઘેરાતાં હતાં, સાંજ પડતી હતી, ગાયો પાછી વળી રહી હતી; ને બંસીવાળાં અનેક

* આ બધાં પહાડી ઝાડોનાં નામ છે.

પહાડીઓ બંસી હાથમાં રાખી લઇ સાવ-ચેતીથી પણ ઝડપથી પગદંડી ઉતરતા હતા.

૨

શીમ બધી ઘર તરફ ચાલી રહી હતી, છતાં, સૌથી ઉંચેના ડુંગર ઉપર, એક સ્ત્રી, પોતાના ભારાને અઢેલીને નીરાંત બેઠી હતી.



છોકરો એકીટસે પણ ચિંતાભરેલાં નેને નીહાળતો ઉભો રહેતો.

વરસાદની દરકાર ન હોય, ને ઘેર જવાની ઉતાવળ ન હોય, તેમ, ભારા પર કોણી ટેકાવી-ને તે આડી પડી હતી અને પોતાની હથેળી પર માથું રાખ્યું હતું. એક પગ લાંબો કરી, બીજા પગને સાથળ નીચે દાબી, તે તદ્દન બેદરકાર ભરેલી રીતે, સામેના અનેક ડુંગરાઓ પર આંખ ફેરવી રહી હતી; અને વચ્ચેવચ્ચે જરાક જેટલો અવાજ આવતાં, ઉપરની પગદંડી ઉપર નજર કરી લેતી હતી. તે કોઇની રાહ જોઇ રહી હતી. જેની રાહ જોતી હતી, તે હજી આવેલ નથી, એમ જોઇને તેણે નીરાંતે શરીરને જરા વધારે લંબાવ્યું; તેના માથા પર ને ગાલ પર, હાથ પર ને પગ પર વરસાદની ઝીણી છાંટ પડવા લાગી વરસાદને જાણે હાથથી ધકેલી કાઢતી હોય તેમ તેણે પોતાનો હાથ લાંબો કરીને હવામાં ચારે તરફ ફેરવ્યો.

“અંહ, દૂર થાઓ. ભારે મેઘ તુટે કે વીજળીના કડાકા થાય, પણ આજે તો એને મળીનેજ જવું છે ”

કુદરત એના હૃદયને પારખી ગઇ હોય તેમ ફરવા લાગી. આકાશમાં વાદળા છુટાં પડતાં હતાં; અને ડુંગરા પરથી અનેક વાદળાંઓ ઉંચે ચઢતાં હતાં. સ્પર્શ કરવા માટે કે જોવા માટે એક વાદળું આ જુવાન બેદરકાર અભિમાની સ્ત્રીને પણ વીંટાઇ વળ્યું હતું. તે વખતે ઉપરની પગદંડી ઉપર પગરવ થયો: જરાક ધેરો બંસીનો અવાજ સંભળાયો; અને

"કુંતી! *રાજી બાજી બી તુસે?" એમ બોલતો, એક જુવાન નીચે ઉતરવા લાગ્યો.

આવનાર જુવાનનો ચહેરો રુપાળો રસભર્યો અને મોહક હતો. બહુ લાંબુ નહીં, તેમ અત્યંત ટુંકું નહીં, એવું સીધું કસાએલું પાતળું શરીર, સાદી ચોરણી, કોટ ને સાફામાં વધારે રુપાળું લાગતું હતું. એક 'હીલસ્ટીક'નો આધાર લઇને તે ચાલતો હતો.

આવીને તરત તે નીચે બેસી ગયો. કોઇ શહેનશાહ બાનુ જરાક આંખ ફેરવે તેમ આંખ ફેરવીને કુંતી હોઠે આવેલું સ્મિત દબાવી ગઇ; પણ તેનાથી બોલાઇ તો ગયું "રાજી તુસે? બીરપાલ!"

બીરપાલ કુંતીની પાસે વધારે ઢળતો આવ્યો. કાળા પર મેટાની તંગ ઉરબ્બ ચોરણીવાળો પગ કુંતાએ થોડો સમાર્યો: તેના પગમાં પહેરેલી 'પંજેબ' જરાક મધુર અવાજ કરીને છાની થઇ ગઇ: મદભરેલા તેનાં નેણ બીરપાલ તરફ ફર્યાં.

અને કુંતીના ખોળામાં માથું નાખી, તે આંખો મીંચીને શાંત પડી રહ્યો.

"ઇતની દેર કયું હો ગઇ?"

પોતાની 'હીલસ્ટીક' ઘાસના ભારાને અઢેલીને મુકી દઇ, બીરપાલ હજી વધારે પાસે સર્યો. તેણે ધીમેથી, હેતથી, માનથી, કુંતીનો હાથ હાથમાં લીધો.

"કુંતા! આજે જરા દેર હો ગઇ!"

બીરપાલ એટલા વિનયથી બોલ્યો કે કુંતી હસી પડી. કુંતાએ આછા મલમલનું ફુલ ગુલાબી પહેરણ પહેર્યું હતું, અને તેના પર ગાઢા વાદળી રંગનો ખુલ્લા મોંનો મખમલનો તંગ કબજો હતો. કસી કસીને પહેરેલો કબજો તેના યૌવનને કૈં ઓર પલટો આપી રહ્યો હતો. ધોળાં બટનની હાર, આછી આસ્માની-લવંડર કલર જેવી-રંગની ઓઢણીમાંથી, સ્પષ્ટ દેખાતી હતી. કુંતી વધારે ને વધારે હસતી ગઇ. તેના બાલ પર ચોટેલાં થોડાંક વરસાદનાં બિંદુ મોતીની સેર જેવાં લાગતાં હતાં. તેમને ખંખેરી કાઢવામાં બીરપાલ ગુંથાયો.

બને જણાં વાદળાંના ગોટેગોટામાં ફરી છુપાઇ ગયાં. છેટેછેટે જાબલીના ઘરનાં છાપરાં પર ઉગેલું ઘાસ દેખાતું-ન દેખાતું હતું.

"તું સીમલા કયારે જાય છે, બીરપાલ!"

"હવે બે અઠવાડીઆં પછી!" બીરપાલે કુંતીના બાલની એક લટ સમારતાં ઉત્તર આપ્યો. તેણે પોતાના ખીસ્સામાંથી સીગારેટ કાઢીને કુંતીને આપી. એક પોતે સળગાવી. ધુમાડાના ગોટેગોટા વાદળાં સાથે મળી જવા લાગ્યા.

"મને સાથે તેડી જશે કે હું પછી આવું?"

"જેમ તારી મરજી."

કુંતી વિચારમાં પડી ગઇ. તેની સામે ઉભેલા કેલુ અને બરાસના રાતાં ફુલ તેને 'મદનો અને ઇશ્કનો પ્યાલો પાઇ' રહ્યાં હતાં.

* હું રાજી છું=હું મજામાં છું. તુસે-તું. પહાડી લોકો બોલે છે.

તે સંતાપ બેઠી થઇ ગઇ. તેનું મુલાખ જરાક ધ્રૂજ્યું. તેણે બીરપાલ સામે તીરછી આંખે જોયું.

"બીરપાલ! તું મને છેવટની ઘડી સુધી નીભાવી શકીશ કે?"

"સુરજ અને ચંદ્રની સાક્ષીએ!"

"અને મારો મીજાજ?"

"પ્રેમથી જાળવીશ."

કુંતીએ તેને ફરી ધ્રુજાવ્યો: "મારા જેવી ઓરત તેં જોઇ નથી હોં! તું આગને અડકી શકીશ?"

બીરપાલે કુંતીના માથાને હાથમાં લઇ તેને પોતાના ખોળામાં સુવાડી દીધું. એક હાથે મુલાખ સમારી, તેના હોઠ પર હાથ ફેરવ્યા; "કુંતી! તું આટલી તીખી કેમ છે? હું તને સુરજ અને ચંદ્રની સાક્ષીએ પાળીશ." અને બીરપાલે પોતાનું મોં નીચું નમાવ્યું: પણ કુંતીએ બે હાથથી મોં ઢાંકી દીધું હતું.

તે દિવસે છેક મોડેથી, એક ત્રુટલ-ફુટલ જેવા ઝુંપડામાં પોતાના ભારા સહિત કુંતીએ પ્રવેશ કર્યો.

૩

પહાડી લોકો મુળે ગરીબ તો છેજ. પણ કુંતીનો પતિ તીલકુ વધારે ગરીબ હતો. હાડકાંના માળખા જેવા બે પહાડી નાના બળદ લઇ, તે સવારમાં પોતાના ખેતરમાં જતો. એના ખેતરને કાંઠેકાંઠે એક બે સુંદર ઝરા વહેતા હતા અને એનાં પાણી ધોરીઆ મારફત ખેતરમાં વાળી લીધાં હતાં. પોતાના ખેતરમાં મકાઇ અને ઘઉં પકાવીને તીલકુ ગુજરાન ચલાવતો. કયારેક ધરમપુર, સોલન કે સીમલા સુધી મજુરીએ ચાલ્યો જતો. અને ઉનાળાના દિવસોમાં, જ્યારે સીમલા ભરાઇ જતું, ત્યારે ત્યાં જઇને તે નોકરી કરી આવતો. પણ એટલું છતાં, હજી એના ઘર પર પતરાંને બદલે ઘાસનું છાપરું હતું. અને એના પર રાતી માટી પાથરી ઉપર છો જેવું કરી દીધુ હતું. એ ઉપર કેટલાક સુંદર ફુલછોડ તીલકુએ વાવ્યા હતા. અને કુંતીએ ઘરની માર ઉપર ગેરુનાં ચિત્રો કાઢ્યાં હતાં. છતાં, આખા જાબલીમાં એ ઘર સૌથી ગરીબ હતું.

તીલ કુ એક વખત સીમલા તરફ ગયો ત્યારે ત્યાં આસપાસથી કુંતીને પરણી લાવ્યો હતો. એના જેવા ઠંડી પ્રકૃતિના માણસે આ ભારે ભુલ કરી હતી. દીલ્હી, આગ્રા, પતીઆલા, નાભા, ફરીદકોટ, વગેરે સ્થળોના જમીનદાર રાજામહારાજાઓના નોકરોની સાથે કુંતી ઉછરી હતી. એણે સારું જીવન અને દુઃખના દિવસ જોયા હતા નહીં; એણે પુરુષોને પોતાની આસપાસ નાચતા ને નમતા જોયા હતા. એ પહાડની છતાં અનેક રીતે પહાડી મટી ગઇ હતી. એણે ધોળું ઘાસ કે 'કમરોડી'* ના ભારા લઇને બબ્બે હજાર ફીટની ઉંચાઇએથી, પાણીના ધોધની માફક પગદંડીએ ઉતરવાની મજા ભોગવી ન હતી. મોટો લાંબો ઝભ્ભો પહેરેલી અંગ્રેજ લોકની આયાઓની સાથેસાથે એ પણ ફર્યા કરતી. એનો બાપ નોકર હતો. મા પણ કોઇ 'લાટસાબ'ને ત્યાં 'આયા' તરીકે હતી. અને પોતાના મુળ પંહાડી સ્વભાવને તો હવે તેઓએ લગભગ વીસરી દીધો હતો. કુંતીનો વિવાહ તીલકુ સાથે થયા પછી થોડા વખતે તેનાં માતાપિતા

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૫૧૭]

* એ પણ ઘાસ છે.



મોહન માયા

(હાસ્યરસપ્રધાન ત્રિઅંકી નાટક)

લેખક:
અધ્યાપક ખુશાલ તલકશી શાહ
સભ્ય, સાહિત્યસંસદ

ચિત્રકાર:
રા. શિવરાવ સદીપ,
એ. એમ.

મુખ્ય પાત્રો

પુરુષવર્ગ

અંબાલાલ શેઠ...	...	અમદાવાદમાં રહેતા મુંબાઇના એક ગાંધીઘેલછામાં ગરકાવ થએલા વિધુર ધનાઢ્ય.
નરોત્તમદાસ	... ...	અંબાલાલ શેઠનો જમાઇ, મધુરીનો વર.
સારાભાઇ ...	... ...	અંબાલાલ શેઠનો તદ્દન યુરોપીઅન થઇ ગએલો પુત્ર.
મોહનદાસ	... ...	નરોત્તમદાસનો બાલમિત્ર.
જીવરાજ ...	... ...	અમદાવાદના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ, નરોત્તમનો સહાધ્યાસી.
સરદાર હીરાસિંહ	...	પંજાબનો એક અગ્રેસર તાલુકદાર.

સીવાય નાનાલાલ કવિ, રવીંદ્રનાથ ટાગોર, સી. એફ. એંડ્રુઝ, મોહનદાસ ગાંધી, અનુપરાય બેભીઓ.

સ્રીવર્ગ

માયાવતી...	... ...	અંબાલાલ શેઠની બહેન—કવિકલાઘેલી ભામિની.
મધુરી	... ...	અંબાલાલ શેઠની મોટી દીકરી, નરોત્તમની પત્ની.
પુષ્પા	... ...	તેની નાની બહેન.

નોકર, ચાકર ઇત્યાદિ.

આગલા પ્રવેશોનો ટૂંક સાર

ગાંધીભક્ત શેઠ અંબાલાલના બંગલામાં અનુ ભોમીઓ પ્રેક્ષકોને ગાંધીજી, ટાગોર અને કવિ નાનાલાલની પ્રતિમાઓ સંબંધી વિગત જણાવી રહ્યો છે. તેટલામાં શેઠનો પુત્ર સારાભાઈ જે પારીસમાં ઝવેરીની પેઢીમાં મેનેજર તરીકે કામ કરે છે તે આવી પહોંચે છે, અને પોતાની નાની બહેન પુષ્પા સાથે વાતો કરી પિતાની પોતાના તરફ કેવી વૃત્તિ છે તે જાણવા પ્રયાસ કરે છે, અને મધુરી અને નરોત્તમના જીવનકલહની વાતચીત કરી પોતાની મહત્તાનાં બણગાં ફુંકી, ગુપ્ત રહેવા ત્યાંથી ચાલ્યો જાય છે. અંબાલાલ પુષ્પા સાથે પ્રેક્ષકોના પોતાના તરફના સારા નરસા વિચારો માટે વાતચીત કરે છે ત્યાં પ્રેક્ષકોથી કંટાળેલી માયાવતી ખીજવાએલી આવે છે. પાછળથી નરોત્તમ પણ ઉશ્કેરાઈને આવે છે. પ્રેક્ષકોથી થતા કંટાળા બાબત ચર્ચા કરે છે; એટલામાં જીવરાજ વૈદ્ય આવે છે. જીવરાજની રૂબરૂમાં નરોત્તમ અંબાલાલ તથા માયાવતીની પ્રણાલિઓને પ્રબળ રીતે દાંભિક ઠેરવે છે અને જીવરાજ સહિત ચાલ્યો જાય છે. એટલામાં ગાંધીજી તથા રવિબાબુનો વિરોધી હીરાસિંહ આવતાં તેમની વચ્ચે કેટલોક વાદવિવાદ થતાં અંતે તે ખીજાઈને ચાલ્યો જાય છે. પુષ્પા ને મધુરી હાસ્યવિનોદ કરતાં હોય છે ત્યાં નરોત્તમ આવે છે. અને મધુરીને પરસ્પરની પ્રણયગ્રંથિ દૃઢ કરવા સમજાવે છે, પણ વિચારની વિરુદ્ધતા પડતાં મધુરી નરોત્તમને તિરસ્કારી પુષ્પા સાથે ફરવા ચાલી જાય છે. નરોત્તમનો જુનો મિત્ર મોહન વિશ્વની યાત્રા કરતો આવી તેને મળે છે એની વાતચીતમાં નરોત્તમ તેને પોતાની જીવનની વાત કહેવા માંડે છે; એટલામાં ટાગોરનો પત્ર તથા ફોટો આવતાં નરોત્તમ ખીજાય છે. છેવટે મોહનની ખુબીથી બંને મધુરીને વશ કરવાની માર્મિક પેરવી રચે છે. અંબાલાલ સહકુટુંબ બહારથી ફરીને આવે છે, અને ઢોંગ કરી સુતેલો નરોત્તમ આળસ મરડી બેઠો થાય છે. તે અરસામાં ટાગોરરૂપે મોહનની અચાનક પધરામણી થાય છે. જમણ પહેલાં નરોત્તમ અને ટાગોર-મોહન પોતાના કીસ્સાને કેમ પાર પાડવો તે સંબંધે ચર્ચા કરે છે ત્યાં પુષ્પા આવે છે; નરોત્તમ આરોગ્યભુવનમાં જાય છે. પુષ્પા અને ટાગોર-મોહન એકલાં પડતાં સૌંદર્ય કોને કહેવું, કેમ પારખવું વગેરે વાતચીત કરે છે. થોડીવારમાં સર્વે ભોજનગૃહમાં જમવા બેસે છે. જમતાં જમતાં લલિત કલા ઉપર ચર્ચા ચાલે છે. જમણ પુરું કરી સર્વે આરામગૃહમાં મુખવાસ લેવા બેસે છે. અહીં અસહકાર, રાષ્ટ્રીય શિક્ષણ અને પંચવિધ બહિષ્કારને લગતી સામાન્ય ચર્ચા ચાલે છે. અંબાલાલ શેઠ વાદવિવાદમાં નહીં પહોંચી શકવાથી કંટાળી બાગમાં ફરવા જાય છે. થોડી વારે સંગીતનો જલસો શરૂ થાય છે. ત્યાર બાદ કાવ્ય અને તેના અર્થ ઉપર ચર્ચા ચાલે છે. અંતે કૃતિની સ્વતંત્રતા ઉપર સંવાદ થતાં નરોત્તમ મોહન સાથે ગુસ્સે થઈ ચાલ્યો જાય છે અને સૌ સમય થતાં વીખરાય છે. બીજે દિવસે સવારમાં મોહન અને નરોત્તમ મળે છે. અને હવે બાજી કેમ પાર પાડવી તે વીશે વિચાર કરે છે. નરોત્તમ ચાલ્યો જાય છે ત્યાં પુષ્પા આવે છે અને પુષ્પા તથા મોહન વચ્ચે સ્ત્રી પુરુષના સંબંધ અને પ્રજોત્પત્તિ વીશે સંવાદ થાય છે. મોહનના કૈં પ્રણયાવેશભર્યાં વાક્યોથી પુષ્પા કોપિત થઈ ચાલી જાય છે. ત્યાં નરોત્તમ આવે છે અને વળી પાછું ટાગોર-કામણ દૂર કરવા બધાજ વલો આરંભવા મોહનને ખુબ ઠોકી ઠોકીને કહે છે. નરોત્તમ મોહનને ટાગોર ચીલમ ફુંકે છે વગેરેનું અંબાલાલના કુટુંબને યથાસ્થિત ભાન કરાવી કંટાળો ઉપજાવવા કહે છે અને ચીલમ પણ આપે છે. મોહન આ પસંદ નથી કરતો. તે અરસામાં માયાવતી આવે છે અને મોહન તથા માયાવતી વચ્ચે ઉંઘમાં પેશાબ થવા વીશે અનિષ્ટ સંવાદ શરૂ થાય છે. આખરે માયાવતી ચીડાઇ ચાલી જાય છે, મોહન અંબાલાલ સાથે ગાંધી નીતિ વીશે ઉચ્છેદક ચર્ચા ચલાવે છે અને તે પણ ચીડાઇ, બીજે દિવસે ગાંધીજીની હાજરીમાંજ એ ચર્ચા ચલાવવાનું નક્કી કરી છુટા પડે છે. મધુરી આવી લાગે છે અને મધુરી તથા મોહન વચ્ચે વાર્તાલાપ શરૂ થાય છે. કેટલોક સમય ટાગોરનાં ઉત્તમોત્તમ કાવ્યોની અને તેની મૌલિકતાની ચર્ચા ચાલે છે. મધુરી સંગ્રહસ્થાનમાંથી લઈ આવેલો એક જુનો પત્ર મોહન આગળ રજુ કરે છે અને 'ર' એ તેની પ્રિયાને

લખેલો હતો એમ જણાવે છે. મધુરીને આ ચર્ચામાંથી ટાગોર હેમ ભક્ત, દંભી અને આસક્તિવાન પુરુષ છે એમ લાગે છે. આ વાર્તાલાપની વચ્ચેજ નરોત્તમ એકાએક પત્ર મુકવાને બહાને અંદર આવે છે. ટાગોરની સ્વાર્થી પ્રેમવૃત્તિથી મધુ નરોત્તમની સ્નેહભક્તિ પારખી શકી છે; તે તેને જોતાં એકાએક ઉર્મિવશ થઇ નરોત્તમને બાઝી પડે છે. ઉર્મિ ખતમ થતાં મધુરી ત્યાંથી છટકી જાય છે અને નરોત્તમ તેની પાછળ પડે છે. અહીં પુષ્પા મોહનને નરોત્તમ તથા મધુનો સુયોગ કરાવી આપવા પ્રાર્થના કરે છે. મોહન તેના અમોઘ ઉપાય તરીકે કેટલીક આનાકાનીને અંતે પુષ્પાને તેની સાથે પરણવા જણાવે છે. પુષ્પા આ અણધારી માગણીથી વિસ્મિત થાય છે. ત્યાં અંબાલાલ શેઠ મોહનને સંગ્રહસ્થાન બતાવવા તેડવા આવે છે. અને બંને જાય છે. એટલામાં ટાગોર અંબાલાલને ત્યાં છે, તેમ હીરાસિંહને ખબર પડતાં શોધ કરતો તે આવી ચઢે છે. અને ટાગોરને બધી મંડળી દેખતાં તીરસ્કારે છે નરોત્તમ તેને યુક્તિપ્રયુક્તિથી આ ટાગોર નથી પરંતુ સર મોહનદાસ માધવદાસ બેરોનેટ છે એમ સમજાવે છે. મોહન તેને અન્ય પ્રસંગે હાથોહાથ આવી જવાનું જણાવે છે અને ગુસ્સામાં ને ગુસ્સામાં હીરાસિંહ આખરે ચાલ્યો જાય છે. અંબાલાલ જતાં નરોત્તમ મોહનને હીરાસિંહ સાથે લડવાનું મુકી દેઈ પલાયન કરવાની સલાહ આપે છે.

(હવે આગળ વાંચો.)

ચતુર્થાંક

—o—

[સમય: તેજ દિવસે સંધ્યાકાળનો; સ્થળ. પ્રથમાંકનું.]

નરોત્તમ

પણ તું સમજતો નથી કે.....

મોહન

હું તો બરાબર સમજું છું, ભાઇ! કે તારી ગરજ સરી એટલે વૈદ્ય વેરી; અને તેથી મને કાઢી મુકવા તૈઆર થયો છે.

નરોત્તમ

એમ નહીં; પણ જરા અહીં તારી સ્થિતિનો ખ્યાલ કીધો? સાંજની ગાડીમાં તો ટાગોર–ખુદ ટાગોર–અહીં આવવાનો છે. સાથે એંડ્રુઝ હશે; અને કદાચ ગાંધીજી પણ હશે પાછી?

મોહન

તે થવાનું હશે તે થશે

નરોત્તમ

પણ આ સુધરેલી બાજી બધી બગડશે. તું હમણાં અહીંથી છ–પાંચ કરી જા; તો હું સ્ટેશને જઇ મોકલણ કરી દઉં કે કવિરાજ આજ તો અહીં આવેજ નહીં; અને મારી મધુરીને મેં સમજાવી છે. અમે આ ભુતાવળમાંથી રાત્રેજ ચાલ્યા જઇએ. મેલમાં મુંબાઇ–એટલે ટાગોરને મળી બોપાળું જાહેર કરવાનું જોખમ નહેજ નહીં. મધુરી આવવા આતુર છે. મે એને વીલાયત લઇ જવાનું પણ કહ્યું છે. પછી બધું ઠીક રહેશે.

મોહન

હા, પણ એ ગોઠવણમાં તેં મારો કંઈ વિચાર કર્યો?

નરોત્તમ

તારો તો સૌથી પહેલાં. જો પેલો હીરાસિંહ જરુર કંઈ ન કરવાનું કરી બેસશે. અને મારા સસરાજી અમલદારી, એટલે પોલીસનો આશ્રય લેવાય નહીં. તેમ મેં એમને વળી બીવરાવ્યા છે કે આપ તો અહીં ગુપ્ત રહેવા માગો છો અને પોલીસને ચેતાવવાથી તો આપણે ઉલટું ટાગોરનું અપમાન કર્યા જેવું થાય.

મોહન

તો મેં કંઈ ચુડી પહેરી છે? [હસે છે.]

નરોત્તમ

તો ઉલટી પીડા. તને કૈં વાગે-જખ્મી થાય-તો તો અંબાલાલ શેઠ જરુર તને અહીંજ રાખી સારવાર કરવા લાગે. અને તેથી તો તારો કેસ ઉલટો વધારે આકર્ષક બને. સ્વતંત્રતા માટે, દેશદાઝ માટે તું આવા હેવાન સાથે લઢે તો......

મોહન

[અંતીમ મનોવ્યથાના આવેશમાં.] સૌથી સારું અને તને માફક આવે તે એટલુંજ કે હું જખ્મી ન થાઉં-પણ ઠાર થઇ જાઉં. એટલે બધી કાસળ એક સામટી પતે, નહીં કે?

નરોત્તમ

[સ્વાર્થાંધ] એ રસ્તાનો પણ મેં ખ્યાલ કર્યો, પણ તે નહીં પરવડે. કારણ તારી મરણ પત્રિકા જોઇએ. તારું ખુન થાય તો મારાથી કૈં તને ટાગોરને નામે અગ્નિદાહ કરાય?

મોહન

[ચીઢાઇને] ત્યારે મારે કરવું શું!

નરોત્તમ

હું તને કહું છું તેમ-વીદાય-પલાયનમ્, પંજેમાપ-૭ પાંચ ગણ.

મોહન

એટલે લોકો કહેશે કે હું હીરાસિંહથી બીહી ગયો!

નરોત્તમ

છો કહે. મારી સ્ત્રી પર કૈંક અમર બદલાવા માંડી છે તે નહીં બદલે તેટલો લાભ સમજવો; એ તને સદાની ધીક્કારતી રહેશે.

મોહન

પણ મને તે નહીં પરવડે.

નરોત્તમ

કેમ વારું?

મોહન

એ જો એમ ધારે તો પછી મારાથી પુષ્પાનું માગું કરાય કે?

નરોત્તમ

[હસે છે.] વળી એ ગાડું ચલાવ્યું! મશ્કરી જવા દે, મોહનભાઈ!

મોહન

હું બીલકુલ મશ્કરી નથી કરતો.

નરોત્તમ

ત્યારે, ખરેખર, તું પુસીને ચહાતા શીખ્યો છે?

મોહન

[અતિ-અતિ ગભીર] હા.

નરોત્તમ

[ખડખડાટ હસે છે.] કેવી ગંમત! અઇ કાલે તો તને એના નામની પણ ખબર નહોતી. હા! હા!! હા હા!! હા હા હા!!!

મોહન

[ચીડાએલો] પણ આજે એને હું સારી રીતે પીછાનું છું.

નરોત્તમ

Found an affinity for your soul, eh? (અતિમક યોગ સાધવા માંડયો!)

મોહન

Yes. (હા.)

નરોત્તમ

પણ પુષ્પા? એનું શું? એ પણ એવીજ રીતે એકદમ ચહાતા શીખી ગઇ કે? [જરા ગંભીર બન્યો] તેં પણ ભલા માણસ કેવું અશુભ ચોઘડીઉ શોધ્યું છે? એની ફોઇ તારા પર ગુસ્સે છે. એની બેન તને તિરસ્કારે છે. એનો બાપ તને મૂર્ખ માને છે. એવે ટાણે તારાથી માગું કેમ થાય!

મોહન

એટલી હદ સુધી વાત પહોંચી છે! તેં કેમ જાણ્યું!

નરોત્તમ

એ સૌ કુંદ્યએ મને પોતાના મનોભાવ કહ્યા, એટલે.

મારો સ્નેહ મુળથી હતો તે આજની તારી અનન્ય સેવાથી સુદૃઢ બન્યો છે. પુષ્પા લેડી મોહનદાસ બને તો મને તો આ જગતમાં બાકી કંઈ ઇચ્છવા જેવુંએ નથી રહેલું; પણ હાલપડીએ તો એ ખ્યાલ પણ અશક્ય છે.

અંબાલાલ: [કુંજીઓ સમજી અટકાવવા વચ્ચે પડે છે.] આ શું છે?

મોહન

વારુ, તારો મનોભાવ?

નરોત્તમ

અરે, યાર! એનો કંઈ સવાલ હોય!

મોહન

સદંતર?

નરોત્તમ

હા, સદંતર. જો તારે મારું કરવુંજ

હોય, તો તારે સર જગમોહનદાસ બેરોનેટ તરીકે છતા થયા વિના ચાલશેજ નહીં. આ ભોપાંળુ જાહેર થાય કે મારી સ્રી તને અને મને આવી ઠગાઇ કરી તે માટે જન્મભર માફ કરેજ નહીં. અને હતી તેના કરતાં દસગણી વધારે ટગોરના મોહપાશમાં ફસાશે. મારે અને એની વચ્ચે એ તુટેલી સાંકળ કદી પાછી સાંધાવાનીજ નહીં. તારી કરેલી મહેનત સૌ નિષ્ફલ!

મોહન

મેં તને કૈંક સેવા કરી તેના બદલામાં...

નરોત્તમ

હું એ સેવાનું ઋણ ભુલવા નથી ચાહતો એટલે તો આમ કહું છું. મારા સંસારસુખનો તું કર્તા–હું તને કેમ...... [ગુસ્સામાં] પણ તારા સુખનો અહીં સવાલ નથી.

મોહન

એટલે!

નરોત્તમ

દુનીઆમાં પુષ્પા કૈં એકજ નથી.

મોહન

[ગંભીર] મારે માટે તો બસ એકજ પા છે.

નરોત્તમ

માર તોપ...

મોહન

તોપ કેવી?

નરોત્તમ

તું અહીં આવ્યોજ ન હોત તો તેં કદી પુષ્પાને જોઇ હોત કે? અને પુષ્પાને ન મળ્યો હોત તેથી શું કદી પરણતજ નહીં?

મોહન

[અતિ ગંભીર સ્વરે.] આટલાં વર્ષ ફર્યો–આટલા દેશ જોયા–છતાં સરોવરમાં કમળ ખીલે તેમ લેશ માત્ર પ્રેમરસે હું ભીંજાયો નહીં;–અને આજ એક દિવસમાં...... [દુઃખનો એક નિઃશ્વાસ.] પણ તું પોતે હવે સુખી થયો એટલે દુઃખીનું દુઃખ કેમ સમજે?

નરોત્તમ

[હજુ મશ્કરી કરે છે.] જગતમાં પ્રેમ-લગ્ન આમજ પ્રગટતાં હશે?

મોહન

તું ભલે હસ. ખરો, શુદ્ધ, આંતરિક પ્રેમ પ્રગટવાને દીર્ઘ સહવાસની અગત્ય નથી. પણ અહીં એ પ્રશ્નજ નથી. હું પુષ્પાને ચાહું છું, અને–એ [મુખારવિંદ આનંદતેજે ખીલે છે.] મારી પક્કી નિષ્ટા છે કે એ પણ મને ચાહે છે. અમારે પરણવું છે. હું તને એટલું સખિ-કૃત્ય કરવા અરજ કરું છું કે તારે અંબાલાલ શેઠ પાસે માગું કરવું.

નરોત્તમ

એમ? [ગુસ્સામાં] જા, ત્યારે હું પણ કહું છું કે તારાથી પુષ્પાને નહીં પરણાય.

મોહન

અને હું પણ તને સાફ–સાફ કહું છું કે અમે વર્યાં છીએ અને પરણીશું.

નરોત્તમ

[રોષમાં ઉન્મત્ત બનેલો] નહીં, કદી નહીં, હરગીઝ નહીં.

મોહન

નહીં કેમ? [જમણે દરવાજેથી અંબાલાલ આવે છે.]

નરોત્તમ

તે જોજે.

મોહન

જોયું છે—[બંને હાથોહાથ આવી જાય છે.]

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૫૨૪]

પુષ્પા: મધુ બહેન !

શતપથ બ્રાહ્મણમાંની એક નવીન કથા

લેખક:
રા. નરસિંહરાવ ભોળાનાથ,
બી. એ., સી. એસ.

મ્હારા એક મિત્ર દાર્જીલિંગ ગયા હતા. ત્હાં હેમને એક ટિબેટનો રહેવાસી મળ્યો. ત્હેની પાસે અગમ્ય ભાસતી લિપિમાં ભૂર્જપત્ર ઉપર લખેલું પુસ્તક હતું. કુતૂહલને લીધે મ્હારા મિત્રે તે વેચાતું લઈ લીધું. અને આ વિષયમાં મ્હને પ્રવીણ માનીને મ્હારા ઉપર મોકલી દીધું. મ્હને પણ એ લિપિ અગમ્ય હતી, તેથી એ વિષયના વિશારદ મ્હારા એક મિત્ર કને એ ઊકેલાવ્યું, તો જણાયું કે શતપથ બ્રાહ્મણનું એ પુસ્તક હતું. ભાષા સંસ્કૃત જ હતી. પણ આજ સુધી પ્રસિદ્ધિમાં ના આવેલા હેમાં કેટલાક ભાગ હતા. હેમાં એક કથા રમૂજી હતી તે મ્હારા લિપિશાસ્ત્રવિશારદ મિત્રે મ્હને નાગરી લિપિમાં ઊતારી આપી. મૂળ સંસ્કૃત આપીને આ લેખમાં ભાર ઉમેરવાની જરૂર નથી. એ કથાનું ગુજરાતીમાં ભાષાન્તર જ આપુંછું:

રત્નકૂપના મંડૂકોની કથા.

એક સમયે વિશ્વામિત્ર ઋષિ બ્રહ્મારણ્યમાંના એક વિશાળ વટવૃક્ષની નીચે બેશીને સન્ધ્યાવન્દન કરવાને અર્થે પધાર્યા. સમીપમાં એક સાધારણ કદનો કૂપ હતો. ત્હેમાં ઋષિયે કમંડલુ ફેંક્યું; તપોબળે તે પણીભરેલું ઉપર ચાલી આવ્યું; એકવાર, બેવાર, ત્રણવાર, એ પ્રકારે વ્યાપાર ચાલ્યો. પ્રથમના કમંડલુજલ વડે ઋષિયે ચરણ ધોયાં; બીજી વારના જલ વડે હસ્ત ધોયા; ત્રીજી વારના જલનો ઉપયોગ આચમન કરવાને તથા ભર્ગોનિધિ ભગવાન્ ભાસ્કરને અર્ઘ અર્પવા માટે કલ્પ્યો હતો. પરંતુ—એ ત્રીજા કમંડલુજલમાંથી એક દેડકો ઉછાળ લઇને કૂદી પડ્યો, અને "ડરાં, ડરાં" ઉચ્ચાર કરવા લાગ્યો. દયા, કુતૂહલ, ઇત્યાદિ ભાવથી પ્રેરાયલા ઋષિયે દેડકા ઉપર મન્ત્રેલું પાણી છાંટ્યું, એટલે હેનામાં માનવ જેવી વાચા પ્રગટ થઈ. દેડકાએ ઋષિનો આભાર માનીને કહ્યું:

"હે ભગવન્! મ્હારો વૃત્તાન્ત આપ ત્રિકાલદર્શીનાથી અજ્ઞાત નહિં જ હોય; પરંતુ મ્હારી એક પ્રાર્થના છે તે સ્વીકારશો.

આ સમીપના કૂપમાં મંડૂકમંડળ હમારું વસે છે. હું ગંગદત્તનામા મંડૂકરાજ છું. હમે મંડૂકો આખા જગત્‌માં ઉચ્ચ અધિકારી બ્રાહ્મણો છિયે. વેદમાં પણ હમારે વિશે કહેલું છે કે:—

અંતે ઋષિયે શાપ દીધો: "હે ધૃષ્ટ, અલ્પજ્ઞ, મંડૂક! ...."

संवत्सरं शशयाना ब्राह्मणा व्रतचारिणः ।
वाचं पर्जन्यजिन्वितां प्र मंडूका अवादिषुः ॥
ब्राह्मणासो अतिरात्रे न सोमे सरो न पूर्णमभितो वदंतः।
ब्राह्मणासः सोमिनो वाचमक्रत ब्रह्म कृण्वंत ः
परिवत्सरीणं ॥ §

હમારો વેદપાઠ સમઝનારા હમારી માંડૂક્ય શાખાના મંડૂકો જ છે. ટૂંકામાં, આ કૂપમાં હમારા જેવાં મંડૂકરત્નો પાકે છે, તેથી 'બ્રહ્મારણ્યનો રત્નકૂપ' એ નામથી હમારો કૂપ સુપ્રસિદ્ધ છે, તો પ્રાર્થના એટલી જ છે કે ભવિષ્યમાં ઋષિમંડળ સત્રનો સમારમ્ભ કરે તે સમયે આ રત્નકૂપનાં મંડૂકરત્નોને નિમન્ત્રણ કરશો."

વિશ્વામિત્ર ઋષિ પ્રથમ તો હસવા લાગ્યા હતા; પણ દેડકાની ધૃષ્ટતાની સાથે ઋષિનો કોપ પણ વધતો ગયો; અંતે ઋષિયે શાપ દીધો:

§ ઋગ્વેદ મંડલ ૭ માના સૂક્ત ૧૦૩ ના ૧, ૭, ને ૮ મા મન્ત્રો જુવો.—ન. ભો.

"હે ધૃષ્ટ, અલ્પજ્ઞ, મંડૂક! મ્હારા પ્રતિસ્પર્ધી †વશિષ્ઠના સૂક્તને પ્રમાણભૂત ઠરાવનારા દામ્ભિક મંડૂક! તું અને ત્હારા કૂપમાંના સર્વ મંડૂકો કલિયુગમાં માનવયોનિમાં જન્મ લેશો, છતાં ત્હમારી કૂપમંડૂકી વૃત્તિ ત્હમને છોડશે નહિં; અપિ ચ, ત્હમે મંડૂક થઈને બ્રાહ્મણત્વનો દાવો કરોછો, તેથી ઉલટો ક્રમ આદરીને, ત્હમે બ્રાહ્મણજાતિમાં જન્મશો છતાં ત્હમારું બ્રાહ્મણત્વ તજશો, મ્લેચ્છના સંસર્ગી થશો અને એ સંસર્ગનો ગર્વ ધરશો; મ્લેચ્છભૂમિને વારાણસી જેવી પવિત્ર માનીને પૂજશો, ત્હાં તીર્થયાત્રા કરશો; ત્હમે પંચનદમાં શૈલૂષનગર નામના પુરમાં વસશો, અને ત્હેને ત્હમે અત્યારના માંડૂક્ય ગર્વ વડે પંચનદની રત્નભૂમિ ઠરાવવાને મથશો."

બિચારો દેડકો ગભરાયો; શાપનો અનુગ્રહ માગ્યો. વિશ્વામિત્રે કરુણા કરી, અને—

આટલેથી એ પુસ્તક ખંડિત છે, તેથી બાકીનો કથાભાગ અજ્ઞાત રહેશે.

† संवत्सरं शशयाना: ઇત્યાદિવાળા સૂક્તના ઋષિ વશિષ્ઠ કહેવાય છે.—ન. ભો.

આશાતારક

લેખક
બહેન જ્યોત્સ્ના શુક્લ

હા ! શૂન્ય આજ જગ આ સઘળું જણાયે,
ગ્લાનિ, વ્યથા સકળ સૃષ્ટિ મહીં ભર્યાં છે,
ઉભા રહી સ્થિર તરુવર જો રડે છે,
ના પર્ણ એક પણ આજ જરીક હાલે

રે ! રે ! અરે ! પ્રખર આ ઉકળાટ શાનો ?
આ શીતકાલ મહીં એ ઋતુ ગ્રીષ્મ જેવો !
ક્યાં તે અનિલ ? ગગને શીતચંદ્ર ક્યાં છે ?
ક્યાં મેઘમાળ મહીં તારક રે ! છુપ્યા છે ?

આ 'સુભગા રજની' કેમ કહી શકાય,
હા ! ચંદ્રિકા, શશી ક્ષીણ દીસે ન ક્યાંય;
ના છે પ્રકાશ નવ ચેતન ક્યાંય આજે,
'નિ મમ' એ વિરહ વ્યાકુલ આજ દીસે.

નિસ્તબ્ધ એ સકળ દૃશ્ય નીહાળતાં હું,
    આશ્ચર્ય પામું કદી દુઃખ મહીં ડુબું છું;
માંગલ્ય, પ્રેમ પ્રભુરક્ષિત વિશ્વ હોય,
    તો કેમ સૃષ્ટિ સહુ આમ રડી રહી છે!

આ ઝાડ, પાન, નદી, સાગર પ્રાણી સર્વે
    રે! નિત્ય રુદન ભર્યાં મુજને દીસે છે;
શોધે ચહે પ્રતિપળે ન કદી મળે જે,
    આશાતટે તપ તપી જીવનો ગુજારે.

* * *

આવી વ્યથા અનુભવું દૂર દૃષ્ટિ નાખું,
    આ અંધકાર પટની પણ પાર જોઉં;
ત્યાં તો અહો! ક્ષિતિજમાં હસતો નીહળ્યો,
    પેલો પ્રકાશમય તારક મેં રુપાળો.

પૈસા છે?*

લેખક:
સૌ. બ્હેન લીલાવતી,
સભ્ય, સાહિત્ય સંસદ્.
ચિત્રકાર:
રા. ગોરક્ષકર

પ્રાંતીજ લાઇનમાં છેક છેલ્લું એડબ્રહ્મા કરીને એક ગામ છે. ત્યાં હાથમતી નદીનાં વેગભર્યાં નીર ધસારાબંધ વહે છે. ગામમાં બ્રહ્માની ચતુર્ભુજ મૂર્તિ છે તેના દર્શને ઘણે દૂરથી લોકો આવે છે. ગામથી ગાઉ બે ગાઉ દૂર સરસ્વતી માતાનું મંદિર છે ત્યાં પણ ગામમાં આવેલા લોક દર્શને જવાનું ચુકતા નથી.

એ ગામમાં નદીથી થોડે દૂર એક ધર્મશાળા છે. ત્યાં ગામ ગામના જાત્રાએ આવેલા લોક એમનો પડાવ નાખે છે. ધર્મશાળામાં સારી સોઇ છે અને ઘણાં કુટુંબો રહી શકે તેવી ઓરડીઓ છે. ધર્મશાળાના મહેતાજી જાત્રાળુઓને દરેક પ્રકારની સગવડ એવી સરસ કરી આપે છે કે એમના ઉપર લોકોની પ્રસન્નતાનો પાર રહેતો નથી.

એ ગામમાં ને એજ ધર્મશાળામાં પ્રસંગવશાત્ અમારે ઉતરવાનું થયું. રાત્રિએ જમી પરવારીને અમારું મંડળ ગપ્પાં મારતું હતું ત્યાં મહેતાજી આવીને બેઠા. "કેમ શેઠ સાહેબ! બહેન! આપને કોઇ જાતની તસ્દી તો નથી પડીને?"

અમે બધાંએ મહેતાજીની સગવડ કરી આપવાની રીતનાં વખાણ કર્યાં અને શીઆળાનો દહાડો હોવાથી સ્ફૂર્તિ આણવાને માટે ચહા પીવાતી હતી તે લેવાનો મહેતાજીને આગ્રહ કર્યો.

> ## ઈંદુ કુમાર
> અંક બીજો
> લેખક:
> રા. નાનાલાલ દલપતરામ કવિ
> એમ. એ.
>
> —:—
>
> રા. કવિને ઈંદુકુમારનો વિશેષ ભાગ પ્રગટ કરવા મોકલવા માટે વીનંતી કરી હતી; પરંતુ હજુ સુધી એનો જવાબ ન મળવાથી ઈંદુકુમારનો વિશેષ ભાગ અમે આપી શક્યા નથી, માટે 'યુગધર્મ'ના વાચકવર્ગની ક્ષમા યાચીએ છીએ.
>
> —તંત્રી

* સાંભળેલી વાર્તા પરથી.

વાતમાં ને વાતમાં એમણે ત્યાં રહેતા એક સાધુરાજની વાત કહી. તે વાત એમના શબ્દોમાં તો નહીં પણ એમના શબ્દોએ મારા મનમાં જે ચિત્ર ખડું કરેલું તે પ્રમાણે આપવા હું પ્રયત્ન કરું છું. વાત સાંભળે વર્ષો થયાં. કદાચ તેમાં આવતા રંગો ઝાંખા કે જાડા થયાએ હશે. કોઇ યાત્રાળુએ એ વાત જુદી રીતે સાંભળી હશે કે યાદ રાખી હશે તે મારા પર ખોટી વાત લખવાનો આરોપ નહીં આણે એવી આશા રાખું છું.

× × × ×

થોડા વર્ષ પર એક જુવાન સાધુ એ નદીને તીરે વસતો હતો. બીજા સાધુઓની માફક તે ઉઘાડો પડી નહોતો રહેતો; પણ એક ખેતર લઇ તેમાં તેણે નાની સરખી ઇંટ-મરોડાંની ઝુંપડી બનાવી હતી તેમાં તે રહેતો. તેણે પોતાના ખેતરની આસપાસ વાડ ભરી લીધી હતી અને નદી તીરે સ્નાન કરવા જવા સીવાય તે તેના બહાર નીકળતો નહીં અને તારાસ્નાન કરતો હોવાથી કોઇની નજરે તે ભાગ્યેજ પડતો.

તે કોઇની સાથે વાત કરતો નહીં કે કોઇની પાસે કૈં માગતો નહીં. લોકો એને માટે કૈં ભેટ લાવતા તો તે આંગણામાં મુકી જતા. એના આવા વર્તનથી ધીરેધીરે લોકોમાં એની પાસે કંઇ ચમત્કાર છે એવી માન્યતા દૃઢ થતી જતી હતી.

એની ખ્યાતિ આખા ગામમાં હતી ને કદી જો એ પ્રસન્ન થાય તો ધાર્યું કરી આપે એવું લોકો માનતા. જાત્રાળુના કાન પર સૌથી પહેલી વાત એનીજ પડતી. કોઇ એને નહોતા ઓળખતા છતાં સૌ એને ઓળખવાનો દાવો કરતા.

કોણ જાણે કયાંથી એક વાત સૌથી છેલ્લી છતાં નવા સાંભળનારના કાનમાં કહેવાયા વિનાની રહી જતી નહીં. એનાં રૂપરંગ, રીતભાત, બળ ને પ્રતાપની વાત કર્યા પછી વાત કરનાર ધીમે સ્વરે કહેતો: "પણ તમે જાણો છો કે એ કેમ સંન્યાસી થયો છે? એ સૌથી રુપાળી સ્રીને ચાહતો હતો. પણ તે કોઇ બીજાને પરણી ગઇ એટલે તેની પાછળ એણે ભેખ લીધો. ભાઇ! રાજા ભર્તૃહરી કહી ગયો છે કે 'यां चिंतयामि सततं मयि सा विरक्ता'. દુનીઆનો ક્રમજ એવો ચાલે છે. એ તો એનું નસીબ જોર કરતું તે કોઇ સદ્ગુરુ અવધુત એને મળી ગયા ને સત્પથે ચઢાવ્યો."

આ વાત કયાંથી આવી તે કોઇ જાણતું નહીં. તે રુપાળી સ્રી કોણ હતી, કયાંની હતી, સદ્ગુરુ એને ક્યાં મળ્યા, કેમ મળ્યા તેની કોઇને કશીજ ખબર નહોતી. પણ આથી એક પ્રકારના ભેદ અને અદ્ભુતતાનું વાતાવરણ તે સાધુની આસપાસ વીંટાયું હતું. સૌ તેની વાત ધીમે સાદે કરતા. સૌ તેના તરફ ભય, આશ્ચર્ય અને પ્રશંસાની મિશ્રિત દૃષ્ટિએ જોતા. એને પગલે ગામમાં સુખાકારી ચાલતી એવી સૌની માન્યતા હતી. ગામ લોક એના પોષણને અર્થે પૈસા ભેગા કરતા. જાત્રાળુઓ એની વાત સાંભળી એને નિમિત્તે કૈં ને કૈં આપી જતા ને સૌ વગર બોલ્યે એના દ્વારમાં એના પોષણનાં સાધન મુકી આવતા.

એ સાધુની જીંદગીનાં પાંચ વર્ષો આમને આમ વીતી ગયાં. એણે ખેતરમાં એકલે હાથે વાડી ઉગાડી હતી અને ઝાડ રોપ્યાં હતાં. એની ઝુંપડી ઝાડોની ઘટામાંથી બહુ થોડીજ બહારથી દેખાતી. એ ઝુંપડીને કોઇએ અંદરથી જોઇ ન હતી. એ ન હોય તોપણ કોઇની હીંમત અંદર જવાને ચાલતી નહીં.

એ સાધુ કોઈકોઈ વાર રાત્રિની શાંતિને એના દર્દભર્યાં ગાનથી મીઠી બનાવતો. દૂરથી એનો અવાજ ચાડો, મીઠો ને રણકતો લાગતો. ને ત્યાંથી પસાર થતો કોઈ રડ્યોખડ્યો માણસ એ સ્વરના મોહમાં સ્તબ્ધ થઈ ઊભો રહેતો. કોઈ

હું ગુનેહગાર છું.

ર એ કે તંબુરાપ વગાડતો હે.પ એવું
ાગતું; ને તેનો અણુઅણાટ દૂર સુધી પ્રસરી
હતો.

જેમણે એને જોયો હતો તે એનું વર્ણન આ પ્રમાણે કરતા: એનું શરીર ઉંચું હતું ને વાન ગોરો હતો. એણે દાઢી ઉગાડી હતી; તેના કાળા ભમ્મર રંગને લીધે એનું મુખ ખુબ સફેદ અને ફીક્કું લાગતું. એ માત્ર ગળાથી નીચે સુધીની એક શ્વેત કફની પહેરતો.

કોઇ દિવસ નહીં ને એક દિવસ એને એવું સુઝયું તે બપોરે એ ખેતરો તરફ બહાર ફરવા નીકળ્યો. જે માણુસ કોઈ દિવસ બહાર ન નીકળે તેને આમ બહાર નીકળવું એ કૈં સરજતના ચમત્કાર વિના બને? ચાલતાં ચાલતાં એ ઘણાં ખેતરો રખડયો. ને ઢોરો ચારતા છોકરાઓની સાથે વાતો કરવા પ્રયત્ન કર્યો. છોકરા બીચારા સાધુ મહારાજને બોલતા જોઇ ગભરાઇને નાસી જતા. છેવટે થકીને અમે રહેતા હતા તેજ ધર્મશાળાની નજીક થોડે દૂરના એક ખેતરમાં એક ઝાડના થડને અઢેલીને બેઠો. થાકથી આંખો એ સહેજ મીંચાઇ ગઇ.

એણે આંખો ઉઘાડી ત્યારે એની નજરે કે નવું-
જ—ઘણા વખતથી અપરિચિત એવું દશ્ય
પડયું.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૫૨૭]

હીંદી વજીરઃ લોર્ડ બર્કનહેડ.

સામયિક નોંધ*

૧

લેખક:
રા. ઈંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક,
સભ્ય, સાહિત્ય સંસદ.

આપણામાં કહેવત છે કે ચમત્કારથી નમસ્કાર. આ સૂત્ર જેમ ખાનગી જીવનમાં તેમ રાજકીય લઢતમાં પણ લાગુ પડે છે. છેલ્લાં વીસ વરસના ઇતિહાસ પરથી તે અહલ પુરવાર થાય છે. બંગાળના ભાગલા વખતે (૧૯૦૫-૭) અને હોમરુલની ચળવળમાં (૧૯૧૬-૧૭) પ્રજાએ જે સંઘશક્તિ દેખાડી તેથીજ ૧૯૦૯ ને ૧૯૧૯ના સુધારા મળી શક્યા. પણ દેશમાં ગંભીર તુટ પડે ને કે આંદોલન હોય નહીં ત્યારે જે સરકાર પાસેથી કે પણ આશા રાખે તેને પસ્તાવું જ પડે.

બર્કનહેડથી નિરાશ

આ ઉપરથી સહેજે સમજાશે કે દેશની હાલની સ્થિતિમાં રેડીંગ-બર્કનહેડની મસલત પરકે આશા રખાય એમ હતુંજ નહીં.

દરેક જણે બહીભર શાંતિથી વીચારવું જોઇએ કે આ સંબંધમાં મોટી આશા રાખવાનું કંઇએ કારણ હતું ખરું? આપણું મુખ્ય રાજકીય મંડળ તે મહાસભા. પણ તેમાં દાખલ થવાનાજ ધોરણ સામે સ્વરાજવાદીઓએ—ખાસ કરીને મહારાષ્ટ્ર પક્ષે બળવો નહોતો ઉઠાવ્યો? તેમ શ્રીયુત લાલા લજપતરાય જેવા મોટા અગ્રેસરે ખુદ મહાસભાનોજ અસ્ત થએલો છે એમ ઉઘાડેછોક નથી જણાવ્યું? આપણે ધારાસભાઓને અને સુધારાને તોડવાની ચળવળ કરી. પણ હીંદી ધારાસભાની છેલ્લી બેઠકમાં સ્વરાજવાદીઓ અને બીજા રાષ્ટ્રીય પક્ષોની વચ્ચે પહેલાંના કરતા પણ વધારે તુટ નહોતી પડી?

વળી બંગાલ અને મધ્ય પ્રાંતમાં પ્રધાનો ખલાસ થયા છે. પણ તેમાંથી નાગપુર અમરાવતીના રાજપુરુષો તો અંદરખાનેથી પહેલી

* સામયિક નોંધના મથાળા નીચે પ્રગટ થતા અભિપ્રાયો માટે તંત્રી જવાબદાર નથી.

તકે પ્રધાનપદ સ્વીકારવાને માટે તલપી રહ્યા છે એ કોણ નથી જાણતું? એટલે રહ્યું એકલું બંગાલ. પણ એકજ પ્રાંતમાં આવી અડગ રાજનીતિ ચલાવવામાં આવે તેથી શું બ્રીટીશ સિંહ ડરી જાય અને આપણને સ્વતંત્રતાની વિજયમાળ આરોપવાને તત્પર બને?

વળી આપણા હીંદુ-મુસલમાનના ઝગડાનું શું? સન ૧૯૨૧-૨૨ માં જે સર્વે અગ્રેસરો એકજ રાષ્ટ્રીય સૈન્યમાં સાથે સાથે લડતા હતા, તેમાંના કેટલાએ આજે હીંદુ-મુસલમાનનાં સામસામાં દળમાં વહેંચાઈ ગયા છે મૌ. મહમદઅલી ને ડૉ. કીચલુએ ઇસ્લામનો ઝંડો ફરકાવ્યો છે, અને પં. માલવીઆજી અને લાલા લજપતરાયને હીંદુઓનુ સંગઠન કરવાની ગંભીર જરુર લાગી છે. અને મી. જીણા જેવા એક વખતના રાષ્ટ્રદળના સરદારજ જ્યારે આપણો દેશ એક રાષ્ટ્રજ નથી એમ છચોક જણાવે અને તેનુ રાષ્ટ્રીય સંગઠન થતાં પહેલાં કોમી સંગઠન કરવાની વાયડી સલાહ આપે ત્યારે તો ઘડીભર લોર્ડ રોલીનસનનાં વચનોની સામે ઉપજેલો ક્રોધ ઓસરી જાય છે અને આપણા દેશના કમનસીબની પુરી ખાત્રી થાય છે.

હીંદના વાઇસરોયઃ લોર્ડ રેડીંગ.

આવી સ્થિતિમાં લોર્ડ રેડીંગ વીલાયત જવા તૈયાર થયા તે ઉપરથીજ આપણા કેટલાએ દેશી ભાઇઓના અને તેમના ભલભલા અગ્રેસરોના દીલમાં ઓચીંતી આશા પ્રકટી ઉઠી. આપણાં દીલ કેટલાં વેવલાં અને વિહ્વલ છે કે આપણે સભાઓમાં હજારો વાર ગર્જનાઓ કરીએ છીએ કે ઇંગ્લંડ ઉપરથી ને તેના રાજપુરુષો ઉપરથી અમારો સદંતર વિશ્વાસ ઉઠી ગયો છે અને તેમની પાસે કંઇ પણ આશા રાખતા નથી; અને છતાં પણ ઝાડનું એક પાન પણ હાલે અથવા આકાશમાં એક નક્ષત્રની સ્થિતિ જરાક પણ બદલાય એટલે તરતજ આશાના ઉમળકાથી આપણાં દીલ ઉછળાઇ જાય છે! દેશબંધુ દાસ જેવા મહાપુરુષના દીલમાં પણ રેડીંગ સાહેબના

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૫૩૮]

કેટલાક સંગીતાચાર્યો

ઝકરુદ્દીન, ફત્તેહલાલ, મનુરામ, શાન્તારામ, આદિત્યરામ, મૌલાબક્ષ, કાદમહુસેન, ઘસીટખાન.

('સ્મરણમુકુર', લેખાઙ્ક ૨૮મો).

લેખક:

રા. નરસિંહરાવ ભોળાનાથ,
બી. એ., સી. એસ.

સંગીતના વિષયમાં મ્હારો અધિકાર શો? ત્હમે પૂછશો. ના પૂછતા હો, તો કહુંછું કે પૂછો. કેમકે આ સંસારમાં બહુ વાર થોડી મૂડીએ ઘણો વ્હેપાર ચાલેછે. આ બાબતમાં મ્હારુ પણ સ્થાન હેવું જ છે ત્હેમાં મ્હારો દોષ નથી. હું કહુંછું છતાં લોકો માનતા નથી, કે સંગીતમાં મ્હારે વિશે જે નિપુણતા મનાયછે, તે થોડી મૂડી ઉપર જ સ્થપાઈછે. કાંઈક સૂરમાં ગણતર .રાગ. ગાઈ જાણું, સંગીતશાસ્ત્રનાં કેટલાંક અંગો વિશે બહિરંગ જ્ઞાન ધારું, એકાદ બે ચર્ચાઓ એ શાસ્ત્રના વિશિષ્ટ અંગને લગતા પ્રશ્ન ઉપર કરી;— આ પાયા ઉપરં કીર્તિમન્દિર ચણાય ખરું? છતાં, "ભટનું ભોપાળું" નાટકમાં ભોળાભટને કુમાલે અને હરિયાએ માર મારીને કબૂલ કરાવ્યું હતું કે "મિયાં સાહેબ, હું વૈદ છું, જોષી છું, ગાંધી છું, ગવંડર છું, હજામ છું, કલેકટર છું, મોચી છું, કહો તે છું,"— એમ બળાત્કારે કબૂલ કરાવવું હોય તો કહુંછું કે હું સંગીતશાસ્ત્રી છું. બાકી સત્ય વાત તો આટલી છે: બાલ્યકાળમાં થોડુંક શિક્ષણ સંગીતનું લીધું, પછી થોડોક અભ્યાસ રાખ્યો; બસ. પછી ગણેશ ગોપાળ બર્વેના "શ્રુતિસ્વર સિદ્ધાન્ત" નામના નિબન્ધનું અવલોકન કરવાનું મ્હને સોંપાતાં એ પ્રશ્નને લગતા નાદ-શાસ્ત્રાદિકનો ખાસ અભ્યાસ કરીને અવલોકન લખી બર્વેના વાદની પોકળતા ઊઘાડી પાડી. અંગ્રેજીમાં એ જ પ્રશ્ન ઉપર Modern Review માં ચર્ચા પ્રગટ કરી. આ મૂડી. બાંધીને ઈ. સ. ૧૯૧૬ ના માર્ચમાં ૨૦ મી થી ૨૪ મી- સુધી સંગીત પરિષદ્ વડોદરામાં ભરાઈ તે વખતે એ જ પ્રશ્ન ઉપર નિબન્ધ વાંચ્યો. રા. ભાતખાંડે જેવા સંગીતશાસ્ત્રી જોડે ખાનગીમાં તે પૂર્વે ચર્ચાઓ કરેલી. આ ઉપરાંત મ્હારા બાલ્યકાળથી માંડીને મ્હારા પિતાને પ્રતાપે સારા સારા સંગીત કલાકારો-

નાં ગાયનવાદન સાંભળવાનો લાભ મળ્યો. આ મ્હારી અધિકારસામગ્રી.

આમ હમણાં છેવટના વાક્યમાં સૂચવેલા અનુભવો આજના મુકુરમાં પ્રગટ કરવાની ઉમેદ છે. વડોદરાની સંગીતપરિષદ્‌માં હિન્દુસ્તાનનાં જુદાં જુદાં દેશી રાજ્યોમાંથી પ્રખ્યાત ગવૈયા આવેલા ત્હેમાંનો એક સર્વોત્તમ મ્હને લાગેલો ત્હેને પ્રથમ લાવું: ઉદેપુરનો પ્રખ્યાત ગવૈયો ઝકરુદ્દીન ખાન. પરિષદ્‌ને પ્રથમ દિવસે રાત્રે રાજમહેલમાં સંગીતનો મેલાવડો થયો તે પ્રસંગે ઝકરુદ્દીને તથા હેની જોડમાં રાખેલા હેના ભત્રીજાએ ગાયું તે તો આકર્ષક ના લાગ્યું. એક જ રાગમાં પુષ્કળ વખત રોકયો, ને તે પણ એક જ સ્વરપંક્તિમાં રમ્યા કરીને કંટાળો આપ્યો. એથી પણ અધિક-કંઠના ઊંડાણમાંથી હા-હા-હા-હા-એમ અતિમન્દ્ર સ્વરો કરતાં પણ વિશેષ અમધુર સ્વરો, જાણે પોતે હસતા હોય કે ભસતા હોય એમ કાઢીને સભા સર્વને હસવું જ આવે એમ કર્યું. બાકી પછીથી આલાપમાં તેમ જ એક ધ્રુપદ ગાયું ત્હેમાં કેટલાક વિસંવાદી સ્વરોની રચનામાં ખૂબી ઠીક બતાવી હતી. મન્દ્ર સપ્તકના સ્વરો લેવામાં પણ પ્રવીણતા દર્શાવી. પરંતુ aesthetic (રસિકતાની) દૃષ્ટિયે તો ઊનતા લાગી.

પણ, એ જ ઝકરુદ્દીનને બે દહાડા પછી સાંભળ્યા તે વખતે અદ્‌ભુત રૂપાન્તર જ થઈ ગયેલું લાગ્યું. પરિષદનો ચર્ચાદિક કાર્યક્રમ પૂરો થયા પછી સંગીતના પ્રયોગ થયા, ત્હેમાં ઝકરુદ્દીને ભૈરવી ધ્રુપદમાં અને વડોદરાના ફૈયાઝ હુસેને ખ્યાલમાં ગાઈ બતાવી તે ઉત્તમ કલામય હતી; એ સંગીતવિધાન હૃદયને આનન્દલોકમાં ઊપાડી જાય હેવું હતું. પણ એથી પણ વિશેષ સાંઝે જ્યારી સંગીતપ્રયોગ થયા તે વખતે તો ઝકરુદ્દીને હદ જ કરી; પોતાના કરતાં પણ ચઢી ગયો. શું ઉન્નતભૂમિમાં વિચરતું સંગીત હતું! પરભૂમિમાં વસતાં પ્રિયજનોની પાસે એ સંગીત પોતાની પાંખો ઉપર ચઢાવીને મ્હને લઈ જતું લાગ્યું; આ જીવનમાં દૂર વસેલાં પ્રિયજનોની સંમુખ પાછો મ્હને સ્થાપ્યો. "હે પ્રભુ! આ કેવી ઉન્નત, મધુર, હૃદયવેદના!"—એમ ઉદ્‌ગાર થયો.

એ પ્રસંગે દ્રાવિડ સંગીત પણ ઉમદા સાંભળ્યું. પંચાપ્પા કૈશી નામના મદરાસના સંગીતશાસ્ત્રીએ ગાયું અને વાયોલિન વગાડયું તે પણ દિવ્યતાનાં દર્શન કરાવનારું હતું.

બધા ગવૈયાઓ કને જુદા જુદા રાગનું સ્વરયંધારણ કહેવડાવ્યું ત્હેમાં ઝકરુદ્દીનની સર્વોત્તમતા હેના સ્વરની અતીવ શુદ્ધતાને લીધે સ્થાપિત થતી હતી. સ....રિ....ગ...મ...... એમ પ્રત્યેક સ્વર સ્વતન્ત્ર, પરસ્પરમાં સરી ના જતો, કમ્પદોષ વિનાનો, શુદ્ધ. ચોખ્ખા નાણાના રણકારવાળો, કંઠમાંથી નીકળતો હતો.

આ તો મ્હારા જીવનકાળના આ છેડાનો અનુભવ. આરમ્ભમાં હવે જાઉં. મ્હારા બાલ્યકાળના ઉસ્તાદોનું દર્શન કરાવું:

ફત્તેહલાલ—અમદાવાદ પ્રાર્થનાસમાજના ગવૈયા તરીકે અનેક વર્ષો, મરણ સુધી, જે જાણીતા હતા, તે પ્રાર્થનાસમાજની પૂર્વે પણ હમારા કુટુમ્બમાં ગવૈયા તરીકે અતિ પરિચિત હતા. સંગીતનું શિક્ષણ સર્વથી પ્રથમ મ્હેં ફત્તેહલાલ કને જ લીધું. પરંતુ, સંગીતકલાનાં આદિ બીજ વવાયા છતાં, મ્હને એ શિક્ષણથી ખરો લાભ ના થયો. કારણો અનેક: એક તો, મ્હને ફારસી શીખવવા આવનારા એક ઓઢરઅલી નામના સૈયદ કુટુમ્બના મુનશીની શીખવવાની પદ્ધતિ અસલી તરેહની હોવાથી

જેમ મ્હને ફારસી ભાષા ઉપર કંટાળો આવ્યો (ફારસીની લિપિપદ્ધતિ પણ એ કંટાળામાં ઉમેરો કરે હેવી—તે વળી જુદું કારણ!) તેમ, આ સંગીત શીખવવાની પદ્ધતિ પણ તદ્દન જૂના રૂઢ પ્રકારની હતી; તે સાથે એ ઉસ્તાદની પણ પ્રવીણતા મર્યાદિત હતી; ત્રીજું, મ્હારી વિમુખતા;—ફત્તેહલાલ તાલીમ આપવા આવે અને નહારા નિશાળિયાને જેમ ભણવાનો કંટાળો આવે તેમ, મ્હને પણ કંટાળો જ શરૂ થાય. આ ઉપરાંત ફત્તેહલાલ ઘરના કુટુમ્બી જેવા અતિ પરિચિત હતા—ન્હાના હતા ત્યારથી–એટલે હેમના વક્કર પણ ઓછા હતા. એ બિચારા કહેતા કે–હમે તો ત્હમારે મન "ઘરકી મુરગી દાલ બરાબર" છિયે [ગવૈયા હિન્દુ કરતાં મુસલમાન વધારે તેથી ફત્તેહલાલને મુસલમાન ગવૈયાઓના સંપર્કને લીધે આ કહેવત પરિચિત થયેલી; બીજૂં કંઇ નહિ. વાત કરતે ઉશ્કેરાઈને બોલે, ગુસ્સે થાય તો એ હિન્દુસ્તાનીમાં ગુસ્સે થતા.] ફત્તેહલાલ કને શીખવા કરતાં હેમને બનાવવા, રમૂજો કરવી, એ વધારે હમારે બધાને પ્રિય હતું. રોજ બજારમાંથી શાક લઈને હમારે ઘેર (પોતાને ઘેર જતા પ્હેલાં) ફત્તેહલાલ આવે, તો ફળાં કે હેવું હોય તે હમે લૂંટી ખાઇયે–હમે એટલે છોકરાં. એક વાર મ્હારા બન્ધુ કૃષ્ણરાવે ફત્તેહલાલને કહ્યું: "ત્હમારે સારાં આંખ્યને ઠંડક આપે હેવાં ચશ્માં જોઇતાં હોય તો બરફનાં ચશ્માં પૂછીને લેજો." એ કહેઃ "હેં? બરફનાં ચશ્માં થાય?" મનુભાઈ (=કૃષ્ણરાવ) કહેઃ "હા, હા! સો વરસ સુધી બરફ રાખ્યો હોય તે પથ્થર જેવો થઈ જાયછે." બિચારાએ માન્યું, ને બજારમાં બોરાની દુકાને બરફનાં ચશ્માં માગ્યાં, તો હેમને હસી કાઢ્યા. ને કહ્યું: કોઇયે ત્હમને બનાવ્યા લાગેછે. તંબૂરો લઇને ગાવાના અધિકારી થયા તે પ્હેલાં ફત્તેહલાલ એક વાર બેસતા વર્ષને દહાડે હમારે ઘેર સારંગી લઈને ગાઈ, બ્હોણી લઈને બીજા ગૃહસ્થ ગજાનન (ગજાનંદ?) ફોજદારને ઘેર ગયા. ગલેફમાંથી કાઢવા જાયછે તો સારંગીના ગજને બદલે સાવરણીનું ઠૂંઠું!—મ્હારા એક મ્હોટા બન્ધુ આપારાવે આ તોફાન કર્યું હતું.–બધા ખડખડ હસ્યા અને ફત્તેહલાલે કહ્યું: હું લાખા પટેલની પોળે હવેલીએ થઈને આવ્યોછું. બધાએ જાણ્યું ક્ય્હાં તોફાન થયેલું તે. બેસતા વર્ષને દહાડે એક વાર સૂરણ ખવડાવ્યું ને મ્હા આપ્યો ત્યારે મ્હામાં ક્વુઇનીન નાંખીને આપ્યો.—આમ અનેક તરેહની રમતોના ભોગ બનનારા ફત્તેહલાલ તરફ ઉસ્તાદ તરીકે માન મ્હને શી રીતે ઊપજે?

છતાં મ્હને પણ તાલીમ આપી અને મ્હારા બન્ધુ કૃષ્ણરાવને પણ થોડાં વર્ષ પછી ફત્તેહલાલે જ તાલીમ આપેલી; અને કૃષ્ણરાવ કુશલ ગાયક બન્યા. वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे, છતાં ફળ જુદાં જુદાં થવા માટે ભવભૂતિયે દૃષ્ટાન્ત આપ્યુંછે કે प्रभवति शुचिर्बिम्बोद्ग्राहे मणिर्न मृदां चयः એ કારણ અહિં પ્રવૃત્ત થયું હશે! કાંઇક અંશે ખરું. અને કાઇંક એમ પણ હતું કે મુંબાઈમાં હમે કોલેજમાં ભણતા હતા ત્યારે શાન્તારામ ભિકંભટ નામના એક ગૃહસ્થ સંગીતવિધાયકનો હમને નિત્ય પરિચય હતો, ત્હેની કનેથી કૃષ્ણરાવને મ્હારા કરતાં વિશેષ કલાજ્ઞાન મેળવવાના પ્રસંગ થયા હતા. પછીથી કૃષ્ણરાવે આપબળથી કળા વધારે કેળવી તે તો છે જ.

એ શાન્તારામની સંગીતકળા ખરેખરી અદ્ભુત હતી. મીંડ, ગમક, ઇત્યાદિ કળા-

શૃંગારની ખૂબી; તાન, ઊપજમાં, વિચિત્રતા અને માધુર્યપૂર્તિ; ગાન સાથે સંગીત પરત્વે તેમ જ અર્થ પરત્વે (કાંઈક અંશે) રસનિષ્પાદન; ઈત્યાદિ ચારુતા શાન્તારામ કને જ હમે દીઠી. શાન્તારામ પોતાના બાપના વખાણ કરતે કહેતા "હેમનો અવાજ આવડો મ્હોટો છે"–કહીને બે હાથ દોઢ ફૂટ દૂર રાખીને અભિનય કરી બતાવતા. ભિકંભટજી હરિકીર્તન કરતા હતા એમ કહેતા. તે તો ભલે પણ ભિકંભટ જુદી જુદી વર્ણશ્રુતિ લઈને તે ઉપર તાનની રચના હેવી તો કરતા કે સૌન્દર્યની પ્રત્યક્ષ છબી ખડી થતી. મુંબાઈમાં પરિચય થયા પછી, અનેક વર્ષે, મ્હારા પિતાના મરણ પછી, હું વાંદરામાં રત્નાગિરિથી રજા ઉપર આવેલો ત્હારે ગણતર મિત્રોને બોલાવીને શાન્તારામ કને ગાયન કરાવ્યું હતું. (પ્લેગને લીધે શાન્તારામ મુંબાઈથી ન્હાશીને વાંદરે હમારી પડોશમાં આવીને રહ્યા હતા.) તે વખતે

ફત્તેહલાલ—પ્રાર્થનાસમાજના ગવૈયા.

મ્હારા પિતાને મળવા આવતા ત્યહારે એટલું તો કહેતા કે–"હમારા ઘરમાં રોજ ચાર નારળ જોઈયે છિયે, ચાર, શેઠજી!"–વખતે 'નારળ'નો પ્રતાપ મ્હોટા અવાજ બનાવવાનો હશે. અસ્તુ. ગુજરાતની ગરબીઓ શાન્તારામ ગાતા તે વખતે તો ખરેખરી અદ્ભુતતા કરી નાંખતા! "લીધી સહેલી હરિયે વિચારી પંખસ નિજ આયા રે"–એ પદ ગાતાં ત્યહારે આ પંક્તિ ઉપર સૌન્દર્યમન્દિર હેમણે અદ્ભુત રચ્યું હતું. એ સ્વપ્નસૃષ્ટિ હતી છતાં વારંવાર મ્હને દેખા દેછે. તાજમહાલની સ્વપ્નસૃષ્ટિ પથ્થરમાં કાયમ રહીછે,–ભલે; આ સ્વપ્નસૃષ્ટિ મ્હારા હૃદયમાં સંસ્કારબળે, રસવૃત્તિના દૃઢ પાયા ઉપર કાયમ રહીછે.–આ પ્રસંગે એક રમૂજ થઈ હતી. ચ્હા બધાને વ્હેંચાયો. શાન્તારામે ચ્હાનો પ્યાલો હાથમાં લીધો, અને ગાતા હતા

તે ગાયા કર્યું—આંગળી બોળી જોઈને, મ્હા હજી ગરમ છે એમ ખાતરી કરી લઈને, પ્યાલો અદ્ધર હાથમાં રાખીને ગાવાનું ચાલૂ રાખ્યું; ગાવાની ધૂનમાં હાથનાં મન્દ આંદોલનો કરતા હતા; હમણાં ગ્હા ઢોળાશે, હમણાં ગ્હા ઢોળાશે; હમે ચેતવ્યા; પણ સાંભળે કોણ? તાન ઊપજની કલારચનામાં તલ્લીન ગાયક હતો!

હું તો રત્નાગિરિ નોકરી ઉપર ગયો. મ્હારું કુટુમ્બમંડળ વાંદરે જ રહ્યું. શાન્તારામ રોજ સાંઝે ફરવા જતે હેમની કને આવતા; ગાઈ સંભળાવતા; મ્હારા પુત્ર નલિનકાન્તને સંગીતકલામાં પ્રવેશ કરાવતા; નલિનની ચાલાકી જોઈ લીધી એટલે ગાયકનું દૂષણ—કસબચોરીનું—એક વાર પ્રગટ થયું. નલિનને એક અમુક રાગની ચીજ જોઈતી હતી; શાન્તારામે હા કહી; નોટબુકમાં છે તે હું લખી આપીશ, એમ વચન આપ્યું; "મ્હારા ગળામાં હાર રહેતો હોય, તો ત્હમને શા માટે ના આપું?" એમ કહે જતા; પણ એ નોટબુક કદી બતાવી નહિં!

પાછા ફત્તેહલાલ તરફ વળિયે. આ લેખ સાથે આપેલી હેમની પ્રતિકૃતિ જુઓ. હેમની પાઘડીની આકૃતિ વિલક્ષણ જણાશે. પણ વધારે વિલક્ષણતા તો એ હતી કે હેમની ગંધર્વની નાતમાં દરેક જણ પાઘડી જુદા જુદા ઘાટની બાંધે. ઘાટનું મૂળ પાયારૂપ બંધારણ તો એક જ; પણ પછી ભિન્નતા આવે; ચોમાસામાં બિલાડીની ટોપો નીકળે છે ત્હેવો ઘાટ મૂળ રૂપ, પછી એ ટોપોના જુદા જુદા આકાર હોયછે, તેમ આ પાઘડીઓનું પણ. હેમના સસરા મનુરામ પ્રાર્થના-સમાજમાં હેમના સંગીત વખત સારંગી હમેશાં વગાડતા હતા. સારંગી તો મનુરામની જ!—હેમની પાઘડી વળી જુદી નિકૃતિની, ગંધર્વની નાત જ સાત દસ ઘરની; સુરતમાં બે ચાર ઘર; ખંભાતમાં થોડાંક, સુરતમાં ફત્તેહલાલનો કાકો નગીનદાસ (નગીનો કહેતા,-દાસ, રામ, જે હોય તે) હતો ત્હેણે સુરતમાં એક વાર મ્હારા પિતા અને મિત્રમંડળ આગળ—"શેર બજારે આ શું કર્યું? વાળ્યો દુનિયાંનો દાટ!" એ પદ અજબ કળાથી ગાયું હતું. મનુરામની સારંગી મ્હેં વખાણી, પણ હિમ્મત કરીને એક સૂરતનો ગંધર્વ હતો ત્હેની સારંગી પણ ત્હેવી જ; મનુરામ અને હિમ્મત બે જણાને એક વાર પ્રાર્થના-મન્દિરમાં આણેલા; ફત્તેહલાલ પ્રાર્થનામાં સંગીત ગાતા હતા, અને બે બે સારંગીઓ વાગતી હતી તે વખતે આખું ભક્તવૃન્દ ચિત્રવત્ સ્થિર થઈ રહ્યું. હજી મ્હને યાદ છે. ગાયનના શબ્દો ગવાય, પછી સારંગીઓ બંને તે સ્વરપંક્તિ પુનઃ ઊપાડી લઈને વગાડે તે વખતની સ્વરઘટના અવર્ણ્ય હતી.

ગંધર્વની નાતની ખૂબી વ્યક્તિપરત્વે ભિન્ન પાઘડી એ મ્હેં કહી. બીજી વિશિષ્ટતા એ નાતની એ હતી કે એક સ્ત્રી જીવતી હોય તો બીજી કરાય નહિં એ રિવાજ. મેઈનકૃત હિન્દુ લૉ (Hindu Law) માં એ વિશે ઊલ્લેખ છે કે અમદાવાદના ગાયકવર્ગની નાતમાં અને વડનગરા નાગરોમાં એક પત્નીનો રિવાજ છે.† ફત્તેહલાલને પુત્ર નહોતો છતાં આ નિયમને એઓ દૃઢતાથી તાબે રહ્યા હતા. એક કોઈક રસ્તામાં તજેલા શિશુને દયાભાવથી ઊપાડી લાવીને હેમણે ઉછેરી મ્હોટી

† Hindu Law, Mayne IV, § 92; ત્હેમાં બારૉડેલ તથા મંડળિકમાંથી પ્રમાણસૂચન આપ્યાં છે: 2 Bor. 524 (572), અને V. N. Mandlik, 406.

કરી પુત્રવત્ રાખેલો હેતું મ્હારે નામે નામ પાડયું હતું: નરસિંગરાવ;—જાણીનેજ, કાંઇક ગર્વથી. એ તો હવે ગુજરી ગયો છે.

ફત્તેહલાલ અસલ તબલચી હતા. પાછળથી તંબૂરો લઈને ગાનારા 'ઉસ્તાદ'ની પદવીએ આપબળે ચઢ્યા. તે રૂપાન્તરના આરમ્ભકાળમાં એક ઠેકાણે નાયનારીની પાછળ કમ્મરે તબલો બાજું બાંધીને વગાડવા ઊભેલા મ્હારા વડીલ બન્ધુ આપારાવે પકડ્યા અને ઠપકો દીધો કે ઉસ્તાદ થઈને હજી આ ધંધો કરોછો? ત્ય્હારથી પ્રતિજ્ઞા લીધી. પછીથી તો પ્રાર્થનાસમાજના ગવૈયા થયા તે બધો સમય કેવળ ઉસ્તાદ જ રહ્યા. પ્રાર્થનાસમાજના આરમ્ભકાળથી પોતે મરણ પામ્યા ત્ય્હાં સુધી-લગભગ ૩૫ વર્ષ સુધી એજ પ્રાર્થનાસમાજના ગવૈયા રહ્યા. એ ગુજર્યા પછી હેમની વિધવાએ પ્રાર્થનાસમાજને ૧૦૦) રૂ. દાન કર્યું હતું. પ્રાર્થનાસમાજ અને ફત્તેહલાલ એ બે અવિયોજ્ય વસ્તુ અને કલ્પના હતાં. પ્રાર્થનામાળાના સંગીતભાગની રાગની અનુક્રમણિકા મ્હારા પિતાએ તૈયાર કરાવી ત્ય્હારે રાગનાં નામ વગેરેનો નિર્ણય કરવામાં ફત્તેહલાલની મદદ મુખ્ય હતી. પછી કોઇ કોઇ સ્થળે ગપ્પો પણ હેમણે મારી હશે.

પ્રાર્થનાસમાજમાં જોડાયાની પૂર્વે દક્ષણી નાટકમંડળીઓ ગુજરાતમાં આવવા માંડી ત્હેના અનુકરણમાં ફત્તેહલાલે એક નાટકમંડળી કાઢી હતી. પોતે સૂત્રધારને સ્થાને ઊભા રહેતા;—સૂત્રધાર તે સંસ્કૃત નાટકોમાં પ્રસ્તાવનાના દસ્યમાં આવીને લુપ્ત થાયછે અથવા હાલની મિશ્ર સ્વરૂપની ગુજરાતી રંગભૂમિમાં આવેછે ત્હેવા નહિં; પરંતુ અસલની દક્ષણી નાટકમંડળીઓમાં આખા નાટકનો ખેલ ચાલે ત્હેમાં ગ્રીક કોરસના જેવું સ્થાન લેનાર, પદ્યપંક્તિયો ગાયકગણ ગાય અને નટ તે ફરી ગદ્યમાં બોલે, હેવા સૂત્રધાર. ફત્તેહલાલનો વાસ, પાડોશી સંબન્ધ, ભવૈયાઓ જોડે હતો. ભવૈયાઓમાંથી ચૂંટી કાઢીને નટવર્ગમાં દાખલ કર્યા હતા-મહીપતરામભાઈયે ભવૈયાઓની ભવાઈ વખતની અશ્લીલતા કાઢવાનો પ્રયત્ન બહુ કરેલો; પૂર્ણ સાફલ્ય મળેલું નહિં. ફત્તેહલાલે, અજાણતાંજ, એ અશ્લીલતા આમ ભવૈયાઓને નાટકના ચીલામાં નાંખીને પૂર્ણ રીતે. તેટલા વખત પૂરતી તો, કાઢી નાંખી. બાળકના હાથમાં હાનિકારક ચીજ કે રમકડું હોય તો તે તદ્દન છીનવી લેવાને બદલે બીજું સારું રમકડું આપિયે છિયે તેમ આ પ્રકાર બન્યો હતો. પરંતુ એ રમકડું જલદી જ ભાગી ગયું હતું; કારણો અનેક હતાં. એક કારણ એ હતું કે જોવા આવનારામાં શેઠિયાવર્ગમાંના ફત્તેહલાલના આશ્રયદાતાઓ, આપણે તો ઘરના જ કની-કરીને, વગર ટિકિટે આવતા હતા. જગજીવનદાસ ખુશાલદાસ નામના કાયસ્થ ગૃહસ્થ અમદાવાદમાં ડેપ્યુટી કલેક્ટર હતા તે ફત્તેહલાલને આ કામમાં પૂર્ણ આશ્રય આપતા હતા. હેમણે પોતાની પાસે બેઠેલા એક શેઠિયાને કહ્યું (ફત્તેહલાલે ખાનગીમાં પેલી વગર ટિકિટે આવવા બાબત ફરિયાદ કરેલી તેથી કહ્યું):—"—ભાઇ શેઠ! રામભાઉની નાટકમંડળી વખતે તો લાલ રંગની ટિકિટો હતી, આ ફત્તેહલાલે લીલા રંગની કાઢીછે, મ્હારી જુવો આ રહી; ત્હમારી કે'વા રંગની છે?"—શેઠ શરમાઈ ગયા. કાંઇ બ્હાનાં કાઢ્યાં. ટિકિટ ખરીદ કરી.

બીજું કારણ ભવૈયાની નાટક ભજવવા માટે અયોગ્યતા, અશિક્ષિત દશાને લીધે, અને શિક્ષણ આપીને તૈયાર કરવાનું ફત્તેહલાલમાં અસામર્થ્ય. (હવે તો ગુજરાતી રંગભૂમિ ઉપર પ્રવીણ નટો—અને સાધારણ નટો પણ—એ

ભવૈયા (=તરગાળા) વર્ગમાંથી જ ઘણે ભાગે પ્રાપ્ત થાયછે). એ અશિક્ષિતતાનો એક રમૂજી દાખલોઃ દક્ષણી નાટકમાં પતિના મરણ વખતે પત્નીના વિલાપમાં "શિવ! શિવ! પ્રાણનાથ!" એમ ઉદ્‌ગાર સાંભળેલો, તેજ વચન આ ભવૈયાનટે પાર્વતી બની પોતાના પુત્ર ગણપતિનું માથું શિવે કાપી નાંખ્યાથી વિલાપ કર્યો ત્ય્હાં પણ વાપર્યુ: "શિવ! શિવ! પ્રાણનાથ!''

ત્રીજું કારણ: ફત્તેહલાલ કને નાટક વસ્તુનું ભંડોળ કશું નહિં. એકનું એક નાટક ભજવતા હતાઃ ઓખાહરણ. પોતે પ્રેમાનંદ-કૃત ઓખાહરણની કથા ગાતા હતા–બહુ સારી ગાતા હતા; તેટલી સામગ્રી જ હેમનું ધન હતું. ને ઉપરાંત નાટકના રૂપમાં કથાને ફેરવવાની કળા પણ હેમનામાં નહિં.

ફત્તેહલાલ બાલ્યકાળમાં નગરશેઠને ઘેર પોતાના વડુવા સાથે જતા, વડુવા ભજનો તવનો પૂજા વખતે ગાતા; જૈન ભોજકોને સ્થાને. તે વડુવા ગુજર્યા પછી એ સ્થાન નગરશેઠને ઘેર ફત્તેહલાલને (નગરશેઠ પ્રેમાભાઈ તો 'ભાણિયો' કહીને જ બોલાવતા; તે 'ભાણિયા'ને) મળ્યું. પછી પ્રેમાભાઈ શેઠના ભાણેજો–હઠીસિંગના વંશજો–ને ત્ય્હાં, વગેરે શેઠિયાવર્ગમાં હેમનો પ્રવેશ થયો. એમ કરતે ભવૈયાઓનો સંપર્ક બહુધા નીચ વર્ગમાં રહેતો, તેથી ઉચ્ચ કક્ષામાં ફત્તેહલાલ પરિક્રમણ કરતા હતા. આ સંજોગને લીધે સરકારી અમલદારોના સંપર્કનો પણ શોક ફત્તેહલાલને બહુ હતો; મ્હારે ઘેર ફલાણા સાહેબ આવ્યા, એમ ગર્વનું કારણ પ્રાપ્ત કરવાનો મોહ આ વાતમાં પ્રેરકવૃત્તિરૂપ હતો. બીજું કારણ પોતાની ભવૈયા પાડોશીઓમાં છાપ પાડવી–હેમને ઘેર તો ફલાણા અમલદાર આવેછે!–ભવૈયાઓ સંગીતનું કાંઈક શિક્ષણ મેળવવાની આશાએ ફત્તેહલાલને ઘેર વગર પગારે સેવા કરતા, ચલમો ભરી આપે, ચ્હા આણી આપે, ઇત્યાદિ. પરંતુ એક ભવૈયા પાડોશી સાથે જમીન બાબત ટંટો થયેલો, કોર્ટે ચ્હડેલા, તેથી આમ છાપ પાડવાનો મોહ હેમને હતો. આ મોહને અંગે બે રમૂજી બનાવો નોંધું: સત્યેન્દ્રનાથ ટાગોર અમદાવાદમાં ડિસ્ટ્રિક્ટ જજ હતા તે વખતમાં પ્રાર્થના સમાજમાં વ્યાખ્યાનો આપી, બ્રાહ્મસમાજનાં સંગીતો મ્હારા પિતા કને ભાષાન્તરમાં ઊતરાવી, વગેરે કરીને બહુ સહાયતા આપતા હતા. ફત્તેહલાલને ટાગોર સાહેબ પોતાને બંગલે સંગીતશિક્ષક તરીકે બોલાવતા હતા. આ સંબન્ધને જોરે ફત્તેહલાલે ટાગોર સાહેબને પોતાને ઘેર આવવાને નિમંત્રણ કર્યું. આવ્યા. હમે–મ્હારા પિતા, હું, બન્ધુ કૃષ્ણરાવ વગેરે, પણ હતા. ફત્તેહલાલે સારમંડળ (= સ્વરમંડળ;) ફારસીમાં જે'ને કાનૂન કહેછે તે વગાડયું. (કાનૂન, સિતાર, એ બે હેમનાં વાદ્ય હતાં; તબલા તો બાતલ કરીશું). પછી ટાગોર સાહેબને કહ્યુંઃ "સાહેબ! ચ્હા તૈયાર કરાવ્યોછે. પીશો?"–પ્રથમથી આ વાત થયેલી જ નહિં. ટાગોર સાહેબે ડોકા વડે ના જ કહી બિચારાનો ચ્હા બગડયો. હમે પણ ચ્હા વિનાના રહ્યા!

બીજો બનાવ, વધારે રમૂજી. સ્મોલ કાઝ કોર્ટના જજની જગાએ મિ. ખરસેદજી માણેકજી ખરસેદજી હતા. હેમની જોડે પણ ફત્તેહલાલે પરિચય થોડો ઘણો સાધેલો. એક વાર હેમને પોતાને ઘેર આવવાનુ નિમંત્રણ આપવાને ગયા. સિપાઈ જોડે કહાવ્યુંઃ ફત્તેહલાલ આવ્યાછે. સિપાઈ પાછો આવ્યોઃ સાહેબ પૂછેછે–"ફત્તેહલાલ સો ક્યા!" જવાબ મોકલ્યોઃ "પ્રાર્થનાસમાજમાં

ગવૈયા છે તે." (તો તો ખરસેદજી નામ વગેરેથી ફત્તેહલાલને ઓળખે ખરા). પાછો સિપાઈ સવાલ લાવ્યોઃ "પ્રાર્થના-સમાજ સો ક્યા?" ગોગ્ય ઉત્તર કહાવ્યો. પાછો સિપાઈ સવાલ લાવ્યોઃ "ક્યા કામ હૈ?" જવાબ કહાવ્યોઃ "આપકું ઇજન (=નિમંત્રણ) દેનેકું આયે હૈ." પાછો સવાલ આવ્યોઃ ઇજન સો ક્યા?"—ફત્તેહલાલ કંટાળીને ચાલી ગયા!

ફત્તેહલાલની કનેથી હું પૂર્ણ કલાલાભ ના પ્રાપ્ત કરી સક્યો હેનાં અનેક કારણો મ્હેં બતાવ્યાં. હેમની જ્ઞાનમર્યાદા એ મુખ્ય કારણ હતું જ. ભૈરવી, ખમાચ, સોરઠ, મલ્હાર, જયજયવંતી, બિહાગ એ મુખ્ય રાગ હેમના હતા. બીજા રાગ ઘણામાં પ્રવેશ પૂરો હેમનો નહોતો. કહાનડો ગાવાનું કહિયે તો "કહાં નડા?" કહીને શ્લેષની રમતમાં વાત ઊડાવે બાકી આવડતો ખરી; બધાએ કહાનડા નહિં આવડતા હોય; દરબારી કહાનડો અને બાગેસરી (વાગીશ્વરી) કહાનડો આવડતા હતા ખરા. બીજા રાગ પણ આવડતા, ભૈરવ, ટોડી, પીલુ, જંગલો, સારંગ, બિભાસ ઇત્યાદિ ઇત્યાદિ. પણ એ રાગ ઉપર પ્રભુત્વ ઓછું. તેમ વળી હેમનું ગાયન સાદું; મીંડ, ગમક, તાનની સૂક્ષ્મકળા, વગેરે નહિં. તાન પણ સાધારણ. અને, મ્હારા બન્ધુ બાબારાવ કહેતા કે, કોઇ પણ રાગ ફત્તેહલાલ ગાય ત્હેમાં તાન લેતી વખતે ખમાચના સૂર આવી જતા હતા. વળી, મ્હેં ખાસ જોયું હતું કે, ધ્રુપદ, (ચૌતાલ ધ્રુપદ) ગાતાં હેમાં મીંડ, ગમક, આવે, પણ તાન પલટા અસ્થાને જ ગણાય, છતાં ફત્તેહલાલ ધ્રુપદમાં તાનપલટા આણી દુષિત કરતા, ગાયકવર્ગમાં જેને અતાઈ કહેછે, ત્હેવા અતાઇ એ ન્હોતા. તેમ પ્રભુત્વધારી ઉસ્તાદ પણ ન હોતા. એકાદ વાર અનુકૂલ કલારસિક મંડળમાં ફત્તેહલાલે પણ ઉસ્તાદને શોભે હેવી બ્હાર કરેલી મ્હને યાદ છે. મર્દાની, મીઠો, અવાજ એ ગુણ હતો. અને ગાતે મુખમુદ્રા લગીર પણ બગાડતા નહિં. सूर प्रथम साध, तब शुद्ध अंग, शुद्ध मुद्रा એ કહાનડાનું ધ્રુપદ મ્હને ફત્તેહલાલ શીખવતા ત્હેમાંની શુદ્ધ મુદ્રા એ હેમનો ગુણ હતો.

મનુરામ

મુખમુદ્રા બગાડવાની કળા જોઇયે તો ફત્તેહલાલના સસરા મનુરામની. આંખ્યો ચૂંચળી કરી નાંખે, ગાલ, કપાળ, દાઢી —આખા મુખને વાંકી ચૂંકી કરચોલીઓ પાડી દે!—અને હેમાંથી સ્વરરચના, ગાનલહરી અદ્‌ભુત સુન્દર કાઢે! સસરા જમાઈને બનાવ નહોતો; ખાનગી કારણ—સસગને વારસ કોઇ ના મળે—ને જમાઈ બધું લઈ જશે એ ધાશકો! ગાયક તરીકે વિરોધ —"હેને શું આવડેછે?" એ મનુરામની તિરસ્કારદૃષ્ટિ; અને તે સાધાર. ફત્તેહલાલની આવડ થોડી જ; મનુરામ ખરા ગવૈયા. (સારંગિયા ઉત્તમ તે તો હું કહી ચૂક્યોછું). ફત્તેહલાલ નિયમિત તાલીમ મ્હને આપતા'તા ત્હેવામાં મનુરામ મ્હને કહેઃ—"હણુમાં ત્હમને શી તાલીમ આપેછે?" ('હમણાં'માં વ્યત્યય કરીને 'હણુમાં' જ ઉચ્ચાર એ કરતા. પ્રિન્સિપાલ વર્ડ્સ્વર્થ જેવો વિદ્વાન્ phenomenon (ફિનોમિનન)નો ઉચ્ચાર 'ફિનોનિમન' કરતો, તો પછી બિચારા અર્ધ-શિક્ષિત મનુરામને શું હસવું?) મ્હેં કહ્યું;— શું ચાલેછે તે. તો કહેઃ મ્હારી કને ત્હમે બે જ દહાડા તાલીમ લ્યો તો ખરા?" ફત્તેહલાલની સંમતિથી તેમ કર્યું. અને ખરે!—બે તાલીમમાં જ મ્હને મનુરામે અજબ લાભ

તનમનની મહેનત કરનારાં!

ઝંડુનું

નમુનેદાર ચાટણ

કેસરી જીવન

સુશોભિત—સુવાસિત—સ્વાદિષ્ટ—પૌષ્ટિક

રસાયનરૂપ 'લીલાં રસદાર આમળાં સાથે રસસિંદુર, અભ્રક, કેસર, કસ્તુરી અને બીજા દીપન પાચન તથા પૌષ્ટિક ઔષધો મેળવી બનાવેલું

મહારસાયન

તમે વાપર્યુ

કે ?

તમે

માંદાં હો કે સાજાં હો
નબળાં હો કે સબળાં હો
નાનાં હો કે મોટાં હો
સ્ત્રી હો કે પુરૂષ હો
તમે જે હો તે

ઝંડુના કેસરી જીવનનો એક પોટ

આજેજ લઇ જાઓ: આજેજ મંગાવી લ્યો:

તનમનની મહેનત માટે તૈયાર થવા માંડો

ઝંડુ : : :
ફાર્માસ્યુટિકલ : :
વર્કર્સ, લી૦ : :

કારખાનું : એલ્ફીન્સ્ટન રોડ, મુંબાઇ ૧૨

મુખ્ય દુકાન : કાલબાદેવી રોડ, મુંબાઇ ૨

...ા રૂા. ૫, રતલ ના ના રૂા. ૨ાા, નાનો રૂા. ૧ાા

તથા આયુર્વેદિક દવાઓનું સુચીપત્ર તાકીદે મંગાવો

શતરંજનો શોખ

—૦—

[અનુસંધાન પૃષ્ઠ ૪૩૨ થી]

આ તરફ રાજનૈતિક દશા ભયંકર થતી તી હતી. કંપનીની ફોજ લખનૌ તરફ ચઢી ાાવતી હતી. શહેરમાં ગભરાટ ફેલાયો હતો. કો બાળબચ્ચાં લઈને ગામડામાં ભાગવા ાગ્યાં હતાં. પણ આપણા બે ખેલાડીઓને તેની કશી પણ પરવા નહોતી. બે લોકો રથી નીકળતા તે ગલ્લીઓમાં થઈને આવતા. ારી રસ્તે ચાલવાથી રખેને બાદશાહનો ીપાઈ જોઈ જાય ને નાહકના નોકરી પર કડી જાય! હજારો રૂપીઆની આમદાનીવાળી ગીર તેઓ મફતમાંજ પચાવવા ધારતા હતા.

એક દિવસ બંને મિત્ર મસજીદના ખંડીએરમાં બેઠાબેઠા શતરંજ ખેલતા હતા. ીર્જાની બાજી કૈંક નરમ હતી. મીર સાહેબ એને કીસ્ત પર કીસ્ત આપી રહ્યા હતા. એટલામાં કંપનીના સૈનિકો આવતા તેમની દૃષ્ટિએ પડ્યા. આ ગોરા લોકોની ફોજ લખનૌ પર અધિકાર જમાવવા જતી હતી.

મીર સાહેબ બોલ્યા: "અંગરેજી ફોજ આવી છે, ખુદા બચાવે!"

"આવવા દો આવતી હોય તો. કીસ્ત બચાવો—આ કીસ્ત" મીર્જાને પ્યારાં કીસ્તની દરકાર પડી હતી.

"જરા જોવું જોઈએ. અહીં ઓથે ઉભા રહીએ."

"જો જો. હવે ઉતાવળ શી છે? બીજી કીસ્ત."

"તોપખાનું પણ છે. પાંચેક હજાર માણસ લાગે છે. કેવા પડા છે! ચહેરા જોતાં ડર લાગે છે!"

"જનાબ, બસ્યા ન કરો, એવી ચાલાકી કોઈ બીજા આગળ વાપરજો—આ કીસ્ત." શતરંજના શોખીને કહ્યું.

"તમે પણ અજબ માણસ છો. અહીં તો શહેર પર આફત આવી છે ને તમને કીસ્ત સુઝે છે! શહેર ઘેરાઈ ગયું તો ઘેર કેમ જવું એનો વિચાર છે?"

એ વિચાર ઘેર જવા ટાણે થઈ રહેશે; આ કીસ્ત—બસ હવેની શહમાં મહાત છે."

ફોજ ચાલી ગઈ, દસ વાગ્યાનો સમય હતો. ફરી બાજી બીછાઈ ગઈ.

"આજે ખાવાનું શું કરશું?" મીર્જાએ પુછ્યું.

"અજી, આજ તો રોઝા છે, તમને બહુ ભુખ લાગી ગઈ શું?" મીરે ઉત્તર આપ્યો.

"નારે, શહેરમાં કોણ જાણે શું થતું હશે!"

"શહેરમાં કૈં થતું નહીં હોય. લોકો ખાઈપીને સુતાં હશે: હુજુર નવાબ સાહેબ પણ આરામ કરતા હશે."

બંને સજ્જનો ફરી રમવા બેસી ગયા. બપોરના ત્રણ વાગી ગયા. આ ફેરે મીર્જાજીની બાજી નબળી હતી. ચારનો ડંકો વાગ્યો ને પેલી ફોજનાં પાછા ફરવાનાં પગલાં સંભળાયાં. નવાબ વાજીદઅલી પકડાયા હતા અને અંગ્રેજ સેના એને કોઈ છુપે સ્થળે લઈ જતી હતી. શહેરમાં ન ક્યાંએ હલબલાટ મચ્યો હતો ન ક્યાંએ હતી મારફાડ. લોહીનું એક ટીપું પણ પડ્યું ન હતું. આજ સુધી કોઈ પણ સ્વાધીન દેશ આટલી શાંતિથી, આવી રીતે લોહી વહ્યા વિનાજ, પરાધીન થયો નહીં હોય. આ એવી અહિંસા નહોતી કે જેના વડે દેવો પ્રસન્ન થાય છે; આ એવું કાયરપણું હતું કે જેના પર કાયરમાં કાયર

માણસ પણ આંસુ સારે છે. અવધના વિશાલ દેશનો નવાબ બંદીવાન થઇ જતો હતો અને લખનૌ એશની નીંદમાં મસ્ત હતું. આ રાજનૈતિક અધઃપતનની છેલ્લી સીમા હતી.

"હુજુર! નવાબ સાહેબને જુલ્મીઓએ કેદ કરી લીધા છે" મીર્જાએ સમાચાર આપ્યા.

"હરી, આ લો શહ." તાનમાં ને તાનમાં મીરે ઉત્તર આપ્યો.

મીર્જાંથી સહન ન થયું. તેને નવાબની દુવા આપીને તે બોલ્યો: "મહેરબાન! જરા સબુર કરો. આ વખતે આમાં મન ચોંટતું નથી. બીચારા નવાબ સાહેબ અત્યારે લોહીનાં આંસુ પાડતા હશે."

"પાડેજને; આવો આરામ ત્યાં કયાંથી મળવાનો? આ કીશ્ત."

"કોઇનોએ વખત એક સરખો જતો નથી. કેવી દુઃખજનક હાલત છે?" મીર્જાંથી સહન નહોતું થતું.

"હાસ્તો—છેજને. આ લો ફરી કીશ્ત; બસ હવેની કીશ્તમાં હાર છે. બચો તેમ નથી."

"ખુદાના કસમ, તમે બીલકુલ લાગણીહીન છો. આટલું બધું કષ્ટ જોતાંએ તમને દુઃખ નથી થતું? હાય ગરીબ વાજીદઅલ્લી શાહ!"

રંગે ચઢેલો મીર આનંદાવેશમાંજ બોલી ઉઠ્યો: "પહેલાં તમારા બાદશાહને તો બચાવો પછી નવાબ સાહેબનો શોક કરજો, આ કીશ્ત અને મ્હાત. લાવો હાથ," બાદશાહ ને લઇને સેના અર્બિમ આમળથી નીકળી ગઇ. એ ગઇ કે તુર્તજ મીર્જાએ બાજી ફરી બીછાવી દીધી. હારેલો જુગારી બમણું રમે.

મીરે કહ્યું: "આવો, નવાબ સાહેબના શોકમાં એક મરસીયો ગાઇ લઇએ." પણ મીર્જાં સાહેબની રાજભક્તિ હાર ખાતાં લુપ્ત થઇ ગઇ હતી. હારનો બદલો લેવા એ અધીર થઇ રહ્યા હતા.

૪

સાંજ પડી. ખંડીએરમાં ચામાચીડીઆં બોલવા લાગ્યાં. વડવાગળાં આવીને પોતાના ગોખમાં ભરાઇ બેઠાં પણ બંને મિત્રો તે. અડંગા લગાવીને બેઠા હતા; જાણે બે લોહીના તરસ્યા વાઘ એક બીજા સાથે લડી રહ્યા હોય. મીર્જાંજી ત્રણ બાજી લગોતાર હારી ચુક્યા હતા; આ ચોથી બાજીનો રંગ પણ સારો ન હતો. વારંવાર જીતવાનો નિશ્ચય કરીને સંભાળી સંભાળીને ખેલતા હતા. પણ એક નહીં તો બીજી ચાલ એવી કઢંગી આવી પડતી હતી કે બાજી બગડી જતી હતી. દરેક હાર ખાતી વખતે તેને ટાળવાની ઇચ્છા પ્રબળ થતી જતી હતી. પેલી બાજુ મીર સાહેબનો ઉમંગ માતો નહોતો; ગઝલો લલકારતા જાય ને ચમટીઓ વગાડતા જાય; જાણે કેમ કોઇ છાનો ખજાનો મળી ગયો ન હોય! મીર્જા સાહેબ સાંભળી સાંભળીને મનમાં ધુંધવાય અને હારની ગ્લાનિ છુપાવવા તેને "વાહ વાહ"થી વધાવતા હતા. પણ જેમજેમ બાજી નબળી પડતી જતી હતી તેમતેમ ધૈર્ય હાથથી જતું હતું: એટલે સુધી કે હવે તો એ વાતવાતમાં ખીજાવા માંડ્યા.

"જનાબ! આપ ચાલ બદલ્યા ન કરો. એક ચાલ ચાલ્યા ને વળી બદલી નાખી એ શું! જે ચાલવું હોય તે બસ એક વારજ ચાલ્યા કરો. મહોરાં પર આપ હાથ કેમ રાખો છો! મહોરું છોડી

… જ્યાં સુધી ચાલ ન સુઝે ત્યાં સુધી મહોરાંને અડશો નહીં. એક એક ચાલ અરધે અરધે કલાકે ચાલો છો; એમ નહીં ચાલે. જેને એક ચાલ ચાલવામાં પાંચ મીનીટથી વધારે લાગે એ મહાત થયો ગણાય. વળી ચાલ બદલી? ચુપચાપ મહોરું પાછું ત્યાંજ મુકી દો."

મીર સાહેબનો વજીર માર્યો જતો હતો. એણે કહ્યું: "હું ચાલ્યો'તોજ કયાં?"

"તમે એક ચાલ ચાલી ચુકયા છો. મહોરું ત્યાંજ મુકી દો. એજ ઘરમાં" મીર્જાએ હાથ લાંબો કરી ઘુંટણો પર ઉભા થતાં કહ્યું.

"એ ઘરમાં શીદ મુકું? મેં હાથમાંથી મહોરું છોડયું'તુંજ કયારે?"

"તમે તો મહોરું કયામત સુધી ન છોડો તો શું ચાલજ ન થાય? વજીર માર્યો જાય છે એટલે ધાંધલ કરવા લાગ્યા."

"ધાંધલ તો તમે કરો છો. હારજીત તો તકદીરથી થાય છે; ધાંધલ કરવાથી કોઇ જીતતું નથી."

"તો આ બાજીમાં તમારી હાર થઇ."

"મને હાર શેની મળી?" મીરે પુછયું.

"તો આપ મહોરું જ્યાં એ પહેલાં હતું એજ ઘરમાં મુકી દો." મીર્જાએ બેપરવાઇથી જવાબ આપ્યો.

"ત્યાં શું કામ મુકું? નથી મુકતો."

"કેમ નહીં મુકો? મુકવુંજ પડશે."

તકરાર વધવા લાગી. બંને પોતપોતાની હઠ પકડી બેઠા હતા. ન આ દબાતો કે ન પેલો. અપ્રાસંગિક વાતો થવા લાગી. મીર્જાએ કહ્યું: "બાપદાદા કોઇ દી શતરંજ રમ્યા હોય તો એના કાયદા જાણોને. એ લોકો તો ઘાસજ વાઢતા; તમે શતરંજ શું રમી જાણો! અમીરી તો ઓર વાત છે. જાગીર મળવાથી કોઇ અમીર' નથી થઇ જતું."

મીરે કહ્યું: "શું! ઘાસ તો તમારા બાપ વાઢતા હશે. અહીં તો કૈંક પેઢીઓથી શતરંજ રમતા આવીએ છીએ."

"હવે જાઓ જાઓ; ગાજીઉદ્દીન હૈદરને ત્યાં બાવર્ચીનું કામ કરતાં કરતાં ઉમ્મર વીતી ગઇ ને આજ અમીર કહેવાવા નીકળ્યા! અમીર થવું કૈં સહેલ નથી!" મીર્જાએ શરુ કર્યું.

"શીદને પોતાના ઘરડાઓના મોં પર મેસ ઘુંસો છો? એ લોકોજ બાવર્ચીનું કામ કરતા હશે. અમે તો હમેશાં બાદશાહના દસ્તરખાને પર જમતા આવ્યા છીએ."

"હવે ચાલચાલ ઉલ્લુ! મોટીમોટી વાતો ન કર." મીર્જાએ મીર્જાજ ખોવા માંડયો.

"જીભ વશ રાખો નહીં તો બુરું થશે. હું એવી વાતો સાંખી રહું તેમ નથી. અહીં તો કોઇએ આંખ બતાવી તો આંખજ કાઢી લઉં એમ છું; છે હોંસ?"

"તમારે મારી હોંસ જોવી છે? તો આવો આજ હાથોહાથ થઇ જાય. આ પાર કે પેલે પાર." મીર્જાએ તલવાર પર હાથ નાખ્યો.

"તો અહીં તારાથી ડરે છે કોણ?"

બંને દોસ્તોએ કમ્મરેથી તલવાર કાઢી. નવાબી જમાનો હતો. બધા તલવાર, જમૈયો કટાર વગેરે બાંધતા હતા. બંને વીલાસી હતા, પણ કાયર નહોતા. એમના રાજનૈતિક ભાવનું અધઃપતન થઇ ગયું હતું. "બાદશાહને માટે બાદશાહત માટે શીદ મરવું?" પણ વ્યક્તિગત વીરતાનો અભાવ નહોતો. બંનેએ

પેંતરા બદલ્યા; તલવારો ચમકી, ખચ્ચ ખચ્ચ અવાજ થયા. બંને જખમી થઇ પડ્યા અને બંનેએ તડપી તડપીને ત્યાંજ પ્રાણ મુકયા.

પોતાના બાદશાહને માટે જેમની આંખોમાંથી એક આંસુનું ટીપુંએ ન પડ્યું એજ બંને પુરુષોએ શતરંજના વજીરની રક્ષામાં પોતાના પ્રાણ આપ્યા.

અંધારું થવા લાગ્યું હતું. બાજી બીછાવેલી પડી હતી. બંને બાદશાહો પોતપોતાના સિંહાસન પર બેઠાબેઠા જાણે કેમ આ બે વીરના મૃત્યુ પર આંસુ સારતા હતા!

ચોતરફ સુમસામ હતું. ખંડીએરની ભાંગી તુટી કમાનો, ઝીર્ણ થઇ ગએલી દીવાલો, અને પડી ગએલા મીનારાઓ આ દૃશ્ય જોઇ સાંજના પથરાતા અંધકારમાં જાણે કંપી ઉઠતા હતા! *

* શ્રીયુત 'પ્રેમચંદ'ની એક હીંદી વાર્તા ઉપરથી.

હજુ વખત છે.

ઇન્કમટેક્ષ બચાવવા માટે મળો.

પ્રાણલાલ અમૃતલાલ વૈદ્યની કું.

ઇન્કમટેક્ષના અનુભવી.

પહેલો માળ, લાલસિંગ બીલ્ડીંગ, મંગળદાસ મારકીટ પાસે, મુંબાઇ.

અનુલોમ વિ. પ્રતિલોમ

[અનુસંધાન પૃષ્ઠ ૪૩૮ થી]

બ્રાહ્મણની નાતમાં પણ એવી છોકરી તમને કદી મળશે ખરી ?"

"ના ભાઇ, ના. પણ તેટલા માટે હું શું જ્યાને પરણું ? જ્યા કોણ ? હજામ; એ મારાથી ન બને."

"સુધારાની ખોટી વાતો કરનાર એ મહાત્મા બુદ્ધ ! આટલી હીંમત ચાલતી નથી ?"

"એમાં હીંમતનો સવાલ નથી. નાતબહાર હું ખુશીથી પરણું, પણ મારે તો ઉંચી નાતની કન્યા જોઇએ—મારાથી હુંચી હોય, તો વાંધો નહીં."

"એ તો પ્રતિલોમ લગ્ન—શાસ્ત્ર વિરુદ્ધ. તમે જો જ્યાને સ્વીકારો તો તે અનુલોમ લગ્ન શાસ્ત્ર પ્રમાણે થાય."

"શાસ્ત્ર બાસ્ત્ર આપણે ન સમજીએ. મારે તો મારાથી ઉંચી નાતની કન્યા જોઇએ."

"કહેવત છે કે રત્ન તો ઉકરડેથી લાવીએ. હજામની નાતમાં જ્યા ભલે પાકી; પણ તેના જેવું રત્ન બીજી નાતમાંથી સાંપડે એમ નથી, તો પછી તેને પરણવામાં કંઈ હરકત નથી."

"ભલે કુંવારો રહું; કે બાપાપે નાતમાંથી પકડી આણેલું ઝોડ મને વળગાડે; પરંતુ જ્યા જેવી હલકી નાતની છોકરીને તો હું નહીં પરણું."

આટલી વાત શાંતાને હું કહી રહ્યો છું, તેવામાં ચંદ્રકાંત આવી પહોંચ્યા.

૪

મારી વહુ ઉઠી અંદર તૈયારી કરવા ગઇ. લગ્નની વાત તાજી હોવાથી મારા મનમાં ઘુમી રહી હતી. એ મૈળાઇ રહેલી વાતે ,બહાર પડવા પ્રયત્ન કર્યો;.ને જે ચોખો શાંતા ચાંપી જોવાની હતી, તે મારે ચાંપવો પડ્યો. શાંતાને ઘરમાં જતી જોઇને ચંદ્રકાંતે મને પુછ્યું, "હું કે પહેલો પડ્યો છું ? ભાભી સાહેબ કે બહુ કામમાં છે ? એમને એટલી બધી તસ્દી લેવાની કે જરુર ?"

"બહાર ગામના મહેમાન પણ હમણાં આવી પહોંચશે. વારું તમારા ભાભીસાહેબની વાત જવાદે, પરંતુ અમારાં ભાભીસાહેબને હવે કયારે આણશો ?"

"તારી ભાભી એમ કે ઓછી વાટમાં પડી છે ? નાતમાં સારી ઉમ્મર લાયક કન્યા મળે નહીં ને નાત બહાર જવું નહીં; વળી તારી માફક હું કે ઓછો સંતોષી છું, કે જે મળ્યું તેનાથી ચલાવી લેવાય. હં, પણ દોસ્ત ! કહેજે તને મારાં ભાભીથી આટલો બધો સંતોષ કેમ છે—એમનામાં એવું શું કામણ છે ? નથી રૂપ, નથી શિક્ષણ. નથી જુવાની; છતાં તું હંમેશ એને વશ કેમ રહે છે ?"

"ચંદ્રકાંત ! લગ્ન વીશે તારા ખ્યાલમાં ને મારા ખ્યાલમાં ફેર છે. મને કદી બાહ્ય સૌંદર્યે આકર્ષ્યો નથી. કોઇ સુંદર ચિત્ર કે દશ્ય જોઇ રહીએ, તેમ કદાચ કોઇ અતિ રુપાળી સ્ત્રીને મેં જોઇ હશે; પરંતુ તેથી વિહ્વલ કે વિકારવશ હું કદી થયો નથી. તારી ભાભી રુપાળી નથી એ ખરું, પણ તે બેડોળ ઓછીજ છે ? સામાન્ય રીતે ઘાટીલી, સુડોળ, કામણગારી તેની મુખાકૃતિ આપણું દીલ હારે તેવી છે. પણ તેના ગુણ ? તેથી અવધિ. અતિશય કહ્યાગરી, મારો બોલ કદી ન ઉથામે—અણસમજુ કે કમઅક્કલની એ તાબેદારી નહીં; પણ મારામાં વિશ્વાસભરી શ્રદ્ધા. હું કામ ઉપરથી થાક્યોપાક્યો ચિંતા-

ભર્યો ઘેર આવું ત્યારે ઘરની કશી ચિંતાજ નહીં. મારે જોઇએ તે સર્વ ચીજ તૈયાર, ન કૈં દાદ કે ફરીઆદ, પણ જ્યાં ફરું ત્યાં–પત્નિમાં, બાળ બચ્ચામાં, નોકરચાકરમાં સર્વત્ર હાસ્ય, સ્નેહ ને સુખનુ સામ્રાજ્ય! ઘેર આવીને જો હું સ્વર્ગનો લહાવો લઈ શકું તો પછી તેની અધિષ્ઠાત્રી દેવી મને પ્રાણથી પણ અધિકો પ્રિય હોય એમાં શી નવાઇ? ચંદ્રકાંત! તું તારો મોહ છોડ ને ધરરખુ સામાન્ય ને વરરખુ સ્ત્રીને પરણી જા."

"ભાઈ! વાતો કરવી સહેલી છે, પણ ઘેર ઘેર કૈં શાંતાભાભી પાકતાં નથી. અને આપણે કૈં તારા જેવા મહાત્મા નથી કે સૌંદર્યને વેડરી જવા દઇએ."

એટલામાં શાંતા બહાર આવી ને કહેવા લાગી કે પરોણા બહાર આવવા માંડયા છે.

૫

શાંતાની વરસગાંઠને દિવસે પણ શાંતા ઠરીઠામ બેસી શકી નહીં કે હું ન કૈં કાળજી લઇ શકયો. પુષ્કળ મહેમાનોને નોતરવાની અને સૌને માટે સાથે ભાણું નાખવાની અમે ગંભીર ભુલ કરી હતી. મુંબાઇનાં અને બહારનાં મળીને પચાસેક મિત્રો હતાં. હોરમસજી અને શીરીન, સર ઇબ્રાહીમ અને લેડી શરીફા, જગમોહન અને શોભના, કુમુદ અને કુસુમ એ બહેનો, ત્રિવેદી ને મહેતા પ્રોફેસરો, તંત્રી દીક્ષિત અને અધિપતિ બલસારા, સુધારક રાનડે અને તેમની પુનર્વિવાહની પત્ની પાર્વતીબાઇ વગેરે મુંબાઇના મહેમાનો હતાં. બહાર ગામમાંથી આવનારમાં શાંતાનાં પીઅરીઆં ને મારાં ભત્રીજા ભત્રીજીઓ હતાં; તેમની સાથે માલવિકા આવી હતી.

માલવિકા મારા મિત્ર પુષ્કરરાયની એક પુરી બેટી હતી. તેની મા તેને નાનપણમાં છેક નાની મુકી મરી ગઇ હતી. પુષ્કરરાય નાગર, ને 'નાગર ભરાવે ગાગર' એ રાહે અથવા તેમની ઇચ્છા નહીં હોય, તેથી ફરી પરણ્યા નહીં. તેમના ઘરમાં કોઇ નજીકની સગી બાઈ ન હોવાથી માલવિકા અમારે ઘેર રહી ઉછરી હતી. શાંતાએ તેને દીકરીને પેઠે લડાવી હતી; અને હમણાં તે વડોદરાની સ્ત્રીઓની બોર્ડીંગમાં રહી અભ્યાસ કરતી હતી. ચાર પાંચ વર્ષથી તે મુંબાઇ બહાર હતી; અત્યારે તે ઓળખાય એવી નહોતી રહી. કન્યા મટી સ્ત્રી થઇ હતી.

પરોણાઓનું એકમેકનું પરસ્પર ઓળખાણ કરાવવામાં આવ્યું. ચંદ્રકાંતનું ઓળખાણ શાંતાએ માલવિકા જોડે કરાવી દીધું. તે ક્ષણથી ચંદ્રકાંતને માલવિકામાં કૈં ઓર રસ પડતો જણાયો. ચંદ્રકાંતે વાતમાં કૈં ભાગ લીધો નહીં, પણ તેણે માલવિકાની દરેક ક્રિયા નીહાળ્યા કરી. શાંતાને પીરસવામાં માલવિકા મદદ કરતી હતી. તેની પીરસવાની કળા ને ચતુરાઇથી તે મુગ્ધ થયો; તેટલોજ મુગ્ધ તે તેની જમણ વખતની હાવભાવથી થયો. હું દૂરથી બંનેને જોઇ રહ્યો હતો. માલવિકા તે તો માલવિકાજ. કોળીઓ કયારે મોંમાં ગયો, મોંએ કયારે ચાવ્યો વગેરે કશું ન જણાય–જાણે ખાતીજ ન હોય તેવી કોઇ અજબ રીતે માલવિકા જમતી હતી. કોઇ પણ એ રીતથી મુગ્ધ થાય, તો ગરીબ બીચારા ચંદ્રકાંતનું શું ગજું?

અને માલવિકાનું રૂપ! કોઇ સરોવરની આસપાસ લીલાંછમ ઝાડ હોય, ને તેનો પડછાયો પાણીમાં પડવાથી પાણી લીલું–સોનેરી થયું હોય, ને તેની અંદર તરતનુંજ લાલ કમળ ખીલ્યું હોય, એ તમે જોયું છે? શરદ પુનમની રાતે દિવસનાં વાદળાં દૂરદૂર જતાં

રહે, ને રઢીઆળી રાતે ચાંદાનું આખું સોનેરી બિંબ પોતાની આસપાસ આછા વાદળાનું ગોળ કુંડાળું રચી રહે અને તે કુંડાળાની આરપાર—પૃથ્વી ઉપર રુપેરી ચાંદનીનું અમૃત —બરફ જેવું સફેદ, દુધ જેવું લહેજતદાર અને પહેલી વર્ષા જેટલું શીતળ અમૃત રેડી રહે, એ વખતનો ચંદ્રિ અને ચાંદની તમે અનુભવ્યાં છે? ઘુનકારભરી આખી રાત ઉજાગરો કર્યા પછી પરોડમાં બાગમાં લટાર મારતાં ઝાકળ ભરેલી કોઈ અડધી વીકસેલી ગુલાબની કળીને તમે કદી પુરી વીકસતી નીહાળી છે? એ કમળ, એ ચાંદો ને એ ગુલાબ—એ ત્રણેનું સામટું રૂપ અત્યારે માલવિકામાં ઊભરાઈ રહ્યું હતું. પિતાના ગર્વથી હું તે જોઈ રહ્યો હતો, ને માતાના લાડથી શાંતા તેનો સાક્ષાત્કાર કરતી હતી. અમારી બંનેની આંખ મળી ને અમે પ્રફુલ્લ મનથી હસ્યાં—ને બંનેએ એક સામટાં ચંદ્રકાંત તરફ જોયું, ને તેની દૃષ્ટિને માલવિકા તરફ સ્થિર થએલી જોઈને અમે બંને ફરી હસ્યાં. અમે બંનેએ સાથે અનુમાન કર્યું.

માલવિકાએ સાદાઈનો વાઘો સજ્યો હતો; નિર્દોષ સફેદાઈમાં તે સજ્જ થઈ હતી. ધોળી રેશમી ચોળી અને સફેદ મલમલનો ગાળો તેની શ્વેત સુંદરતાને ઢાંકતાં છતાં તેને મળી જતાં હતાં; અને સ્મિત વખતે તેમની ખુલ્લી મુખકળી સંગેમરમર જેવા તેના દાંતને સફેદાઈની હરીફાઈમાં ઉતારતી હતી. ધવલતાની અંદર ભાત પાડતો માત્ર તેનો ચાંલ્લો હતોઃ નહીં મોટો ને નહીં નાનો કંકુનો ચાંલ્લો, એના મુખ ઉપર અને એની આંખોમાં જે પ્રભાવ અને બુદ્ધિનાં તેજ અને ચમકાટ તરવરતાં હતાં, તેને ઓર વધારે ખીલવી રહ્યો હતો.

પોતાના અસાધારણ સૌંદર્યથી માલવિકા અજાણી નહીં હોય; કેમકે એણે એકાદ બે ફેરા નીચી નજર રાખીને આસપાસ જોયું હતું, અને તેની નજર એક વખત ચંદ્રકાંત ઉપર ઠરી હતી. ચંદ્રકાંતનું રૂપ હતું પણ રૂપ કરતાં ઠસ્સો વિશેષ હતો. છેક આધુનિક પ્રથા પ્રમાણે દાઢી મુછ તમામ રોજ બોડી નાખીને પાલીસ કરેલું મોઢું તે રાખતો; જાણે કે હમણાંજ અમેરીકાથી આવ્યો ન હોય!

બધાં જમી રહ્યાં ને વાર્તા વિનોદ કરી છુટાં પડ્યાં. સૌથી મોડો જનાર ચંદ્રકાંત હતો. તે દિવસ પછી પણ ઘણોખરો તે રોજ આવતો, ને માલવિકા, જે અમારે ઘેર, (વૅકેશન) રજાઓ ગાળતી હતી, તેની સાથે વાતચીત કરવાનો પ્રસંગ પાડ્યા કરતો હતો. પહેલાં હંમેશાં તે અઠવાડીઆમાં એકાદ વખત આવતો; હાલ તે રોજ આવતો. એક રવિવારે લો તે અમને સર્વને નાટકમાં પણ લઈ ગયો. નાટકમાંથી ફેર આવ્યા બાદ માલવિકા રસોડામાં મગ્ન હતી, તે તક સાધીને ચંદ્રકાંતે શાંતાને કહ્યું: "ભાભી! મારા ભાઈ અને તમે મને રોજ પરણવાનું કહેતાં હતાં. મેં કન્યા શોધી કાઢી છે, પણ તે કહે છે કે શાંતાભાભી કહે તો પરણું."

ન સમજ્યાનો ડોળ કરી શાંતાએ જવાબ વાળ્યોઃ "શાંતા ભાભીને શું છે? ને શું કરવા ના કહે? પણ તમારી તે કન્યા ઘની ને હું ઓળખતી નથી મેં દીઠી નથી."

"બોલો, ત્યારે તમે મને મદદ કરશો!"

"હા."

"લો, ત્યારે કહી દઉં છું. તમારી આ માલવિકાએ મારૂં મન હરી લીધું છે. તમે તેને સમજાવો."

મશ્કરી કરવાને ઇરાદે તથા પ્રેમનું માપ કાઢવાની ઇચ્છાથી એકદમ હાવરી થઈ શાંતા

બોલી: "માલવિકાને કુંવારાં રહેવું છે."

એ શબ્દો સાંભળીને ચંદ્રકાંત નિરાશ થઇ ગયો. રહુંરહું થતું તેનું મેં ઢાંકવાનો એણે પ્રયત્ન કર્યો. કરુણ રસની અવધિ થઇ ગઇ જાણીને મેં મુશ્કેલીની દિશા બદલતાં કહ્યું: "ચંદ્રકાંત! માલવિકા નાગરની છોકરી, આપણે બ્રાહ્મણ. એનો બાપ માને કેમ? માલવિકાનું મન કદી શાંતા મનાવે, પણ આવું પ્રતિલોમ લગ્ન એનો ધર્મિષ્ઠ બાપ કોઇ કાળે પણ ન સ્વીકારે."

જરાક સધીઆરો મળતાં ચંદ્રકાંતના જીવમાં જીવ આવ્યો, તેથી તે બોલી શકયો: "ભાઇ તમે ધારશો, તો પુષ્કરરાય માનશે. મારું જીવન હું તમારા બંનેના હાથમાં મુકું છું. મારો કે જીવાડો"

એ શબ્દો સાંભળી શાંતાએ માલવિકાને બુમ પાડી. તે આવી પહોંચતાં શાંતાએ તેને ઉદ્દેશીને કહ્યું:

"જો છોકરી! તારો વિવાહ આ ચંદ્રકાંત જોડે કર્યો છે. બોલ તને પસંદ છે કે?"

માલવિકા શરમની મારી કંઈ બોલી નહીં, પણ એના મોં ઉપર પ્રસન્નતાનાં ચિહ્ન સ્પષ્ટ દેખાયાં; એટલે "ચાલો, આપણે પુષ્કરરાયને કાગળ લખીએ" કહી, અમે એ બેને એકલાં મુકી બીજા ખંડમાં ચાલ્યાં ગયાં. પુષ્કરરાયને બધી હકીકત લખીને સમજાવી; અને તેમને કબુલ હોય, તો મુંબાઇ આવી લગ્ન કરી આપવા બેઐએનું લખી નાખ્યું.

૬

પુષ્કરરાય આવ્યા ચંદ્રકાંત અને માલવિકાનાં લગ્ન સાદી રીતે અને સારી રીતે થઇ ગયાં. પુષ્કરરાય પાછા જવાના હોવાથી ચંદ્રકાંત અને માલવિકા તેમને મળવા આવ્યાં હતાં. શાંતા પણ આવીને અમારી સાથે દીવાનખાનામાં બેઠી. અકારણ સર્વત્ર શાંતિ છવાઇ. કોઇ બોલતું નહોતું. એકાએક પુષ્કરરાયે મને ઉદ્દેશીને કહ્યું: "મારી એકની એક દીકરી ઠેકાણે પડી. હવે મારે કશી ચિંતા નથી. જો તમારી ઇચ્છા હોય તો મારા જીવનનો ભેદ હું ખુલ્લો કરું."

જીવનનો ભેદ! પુષ્કરરાય અને હું બાળલંગોટીઆ દોસ્તદાર; તેમના જીવનમાં ભેદ હોઇજ કેમ શકે? નાસ્તિકવૃત્તિમાં આવી જઇ હું બબડયો: "તારા જીવનનો ભેદ! પુષ્કર, અલ્યા! ગાંડો થયો છું? મગજ ઠેકાણે છે કે નહીં! કે કોઇ નવલકથાનું વસ્તુ ગોઠવવા બેઠો છું?"

પુષ્કરરાય નવલકથાકાર હતો; એણે આગળ ચલાવ્યું: "હા, મારા જીવનનો ભેદ. તે તમે જાણશો, ત્યારે કદાચ મને લજી દેશો; અને કદાચ ચંદ્રકાંત પસ્તાશે. જુઓ સાંભળો: હું નાગર નથી પણ કણબી છું."

આ શબ્દો સાંભળી અમે આશ્ચર્યચકિત થઇ ગયા પુષ્કરરાયની બોલી ચાલી, પહેરવેષ, રીત રીવાજ, ઢબછબ, એ સઘળું ચુસ્તમાં ચુસ્ત નાગરની સંસ્કારિતાને ઢંકાવે. માલવિકાનો રૂપભંડાર અને કોમળ તથા ઋજુ હલનચલન કણબણનો ભાગ્યેજ ભાસ કરાવે. અમે દિગ્મૂઢ અને અવાચક બન્યાં: ચંદ્રકાંત તો હેબતાઇ ગયો. પુષ્કરરાયે વધુ ભરમ ખુલ્લો કરવા માંડયો: "હું મહુધાનો કણબી છું, અને પેટલાદમાં નાગર થઇને રહ્યો છું. એમ કરવાનો હેતુ છે. હું નાનો હતો, ત્યારે બ્રાહ્મણને ત્યાં જમવા ગયો. તે દિવસે તે લોકોએ એવી રીતે પીરસ્યું—એટલે કુવેથી ધાન ફેંકયું કે ભાતના દાણા મારા ધોતીઆં ઉપર વેરાયા, દાળથી મારું પહેરણ ખરડાયું, ને કશી ચીજ પતરાળામાં એને યોગ્ય ઠેકાણે ન રહી. તે દિવસથી બ્રાહ્મણ માત્ર પ્રત્યે મને તિરસ્કાર આવ્યો.

ને વેર લેવાનું મેં નક્કી કર્યું. જ્યાં ને ત્યાં બ્રાહ્મણોને અભડાવવા કે વટલાવવા કે મૂર્ખ બનાવવા એ મારો ધંધો થઇ રહ્યો. એ મુરાદ પાર પાડવાના ઇલાજ હું શોધવા લાગ્યો. તેવામાં હીંદુ મંદિરોમાં અને અન્યત્ર ઉંચી નાતો નીચી નાતો પ્રત્યે જે ઘાતકી રીતે વર્તે છે, તે રીત તરફ મને અણગમો ઉપજ્યો; અને મેં ઉંચામાં ઉંચી નાતનો હોવાનો ઢોંગ કરવા માંડયો. એ વેષમાં હું ફાવતો ગયો. મારી બૈરી નાનપણમાં મરી ગઇ, તમારું ઓળખાણ થયું ને માલવિકા તમારે ઘેર રહી, એટલે મારો વેષ પકડાઇ જવાની બીલકુલ ધારતી રહી નહીં. સેંકડો ચુસ્ત બ્રાહ્મણોને મેં વટાળ્યા છે, ને હજારોનું અપમાન કર્યું છે. બ્રાહ્મણોએજ દેશની પડતી આણી છે."

પુષ્કરરાય જરા થાક ખાવા અટક્યો, એટલે મેં પુછ્યું: "પણ તું એટલેથી કેમ અટક્યો નહીં?"

"અટકે શું કપાળ? એવામાં એક એવો બનાવ બન્યો કે મારાં રુંવેરુંવાં ઉભાં થઇ ગયાં. મહુધાનો હજામ નાથીઓ મુબાઇ રહેવા ગયો હતો; તે મારો ઓળખીતો હતો અને તેનો ધંધો ગમે તે હોય, પણ તે ખરેખરો સજ્જન પુરુષ હતો. બે પૈસા એ કમાયો, ને બાયડી ગુમાવી બેઠો. લાડકવાયી એકની એક પુત્રીને એણે ખુબ કેળવી. એ છોકરી બી. એ. માં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવી. તમારી ભેડેજ ભણતી હતી. હું તો અમદાવાદ ભણતો, પણ તમે બધા એલ્ફીન્સ્ટનમાં હતા. કેવી સુંદર છોકરી, ને કેટલી બધી હોંશીઆર! તે છતાં એ જવાને કોઇ પરણ્યું નહીં. ન તો કોઇ નાતનાએ એનો સ્વીકાર કર્યો ઉપડી મએલી ગણીને; કે ન તો કોઇ પરનાતનાએ—શાસ્ત્ર વિરુદ્ધ કે રીવાજ વિરુદ્ધ લગ્ન માનીને. પરિણામમાં હાલ તે કોઇ ખ્રીસ્તીના ઘરને અજવાળી રહી છે. આ તમારો હીંદુ ધર્મ ને અનુપમ–અપ્રતિમ નાત બંધારણ. ભણેલી સ્ત્રીએ પરણવું હોય, તો પોતાનો બાપીકો, વહાલો ધર્મ તજી દેવો! આ બનાવે મારો નિશ્ચય દૃઢ બનાવ્યો—"

"ત્યારે હવે તમે આ ભરમ કેમ ખુલ્લો કરો છો?" શાંતાએ વચમાંજ પુછ્યું.

"ભાભી! હવે ખુલાસો કરવાનો વખત બરોબર આવ્યો છે."

"કેમ?" શાંતાએ સવાલ કર્યો.

"કેમકે એક બ્રાહ્મણશ્રેષ્ઠ—કહેવાતા બ્રાહ્મણશ્રેષ્ઠે હલકા કુલના કણબીની કન્યાનું પાણિગ્રહણ કર્યું છે."

પિતાનું હેત તે વીસરી ગયો. સખ્તાઇમાં હોઠ પીસીને તેણે ઉમેર્યું: "હાસ! આજે મારી પ્રતિજ્ઞા સફળ થઇ છે. મેં બ્રાહ્મણોને નીચે ખેંચી પાડ્યા છે" શાંતાએ મૃદુ ઠપકો આપ્યો: "ભાઇ, એમ મા બોલો. માલવિકા તમારી દીકરી ને ચંદ્રકાંત તમારા જમાઇ—જેવા છે તેવા તમારા જમાઇ."

ચંદ્રકાંત ઠરી ગયો હતો, તે શાંતાના આ શબ્દોથી ઉત્સાહમાં આવી ગયો ને બોલ્યો: "કંઇ ફીકર નહીં. માલવિકા જેવી પત્ની મેળવતાં જેટલો આત્મભોગ આપવો પડે તેટલો આપવા હું તૈયાર છું."

પ્રસન્ન થઇ પુષ્કરરાયે કહ્યું: "ચિરંજીવ રહો. તમારા જેવો એકાદ સમજુ બ્રાહ્મણ કદાચ દેશને ઉદ્ધારશે."

આ શબ્દો સાંભળી મેં ચંદ્રકાંતને ઉદ્દેશીને કહ્યું:—"બચ્ચા! ફુલાઇ ન જા. જરા તને સાંભરે છે? માલવિકાને તેં નાગરની છોકરી જાણી સ્વીકારી છે. હવે, પડ્યો ત્યારે ખોટા નમસ્કાર ન કર."

ચંદ્રકાંતે જવાબ આપ્યો: "મને સુધરવા-
ા હક્ક નથી? માલવિકા મારી ધર્મપત્ની છે;
વે તેની ગમે તે વાત નીકળે તોએ શું?
ણાઃ जारथानं गुणिषु न च लिङ्गं न च वय: ।"

એ સાંભળી શાંતાએ ઉમેર્યું:

"न च ज्ञाति: ।"

એ સાંભળી અમે સૌ હસી પડ્યા; પણ
ાંતાએ બોલ્યાજ કર્યું: "કે નહીં દીઅરજી!
રત્ન તો ઉકરડેથી પણ લવાય. અને
રત્ન તે કેવું! માલવિકા કે ઓછી
ફરીફરીને મળવાની છે?" એમ કહી
શાંતાએ લાડનો તમાચો ચંદ્રકાંતને ગાલે
માર્યો; અને ઉમળકાભેર માલવિકાને ખોળામાં
સુવાડી તેને બચ્ચીઓથી ગભરાવી નાખી.
માલવિકા શાંતાને ગળે વળગી પડી આટલુંજ
ગણગણી: "ઓ મારી શાંતાબા!"



મહારાજા સયાજીરાવ

—o—

[અનુસંધાન પૃષ્ઠ ૪૪૪ થી]

ધીમેજ આગળ વધે છે. ધીરા, મીઠા, શાંત, સુધારાની વાતો માત્ર અક્કલ વિનાના માણસો કરે છે. દરેક દેશ અને દરેક પ્રજાનો અનુભવ તેનાથી જુદો છે. પ્રગતિનો માર્ગ સીધો નથી પહાડ ઉપર ચઢવાના રસ્તાની માફક આમતેમ ચકાવામાં (spiral) ફરે છે, પણ એકંદરે ઉંચો ચઢતો જાય છે.

સયાજીરાવ મહારાજે પ્રજા કલ્યાણ માટે શું કર્યું તેનું દિગ્દર્શન કરીએ. દરેક પ્રજા તેમજ વ્યક્તિની પ્રગતિનો પાયો કેળવણી ઉપર રચાય છે, તેથી મહારાજાએ કેળવણીનો ખુબ પ્રચાર કર્યો. જાપાનના મીકાડોની એવી અભિલાષા હતી કે પોતાના રાજ્યમાં એક પણ ગામડું નીશાળ વગરનું રહી જાય નહીં; અને એક પણ કુટુંબમાં નિરક્ષર માણસ રહે નહીં. જાપાનની પ્રજાનું આત્મબળ આપણા કરતાં એટલું બધું ઉત્તમ હતું કે મીકાડોની અભિલાષા પરિપૂર્ણ થઇ છે. હીંદી સરકાર તથા બીજાં દેશી રાજ્યોથી આગળ ધસી જઇને ગાયકવાડ મહારાજે પ્રાથમિક કેળવણી મફત અને ફરજીઆત કરી દીધી. આજે આપણે કુલ આવકનો સાતમો ભાગ એટલે લગભગ ૩૦ લાખ રૂપીઆ કેળવણી પાછળ દરેક વર્ષે ખર્ચીએ છીએ કેળવણીમાં સુધારો થતો જાય અને મોટી ઉમ્મરની પ્રજામાં જ્ઞાનનો ફેલાવો થાય એ હેતુથી લાયબ્રેરીઓ કઢાવામાં આવી. એમ કહેવાય છે કે આપણે ત્યાં જે વ્યવસ્થા પુસ્તકાલયો માટે થઇ છે તેવી આખા હીંદુસ્તાનમાં ક્યાંઇ ઠેકાણે થઇ નથી.

દરેક પ્રકારનુ શિક્ષણ સ્વભાષા મારફત અપાવું જોઇએ એ સિદ્ધાંત આજથી ૩૦ વર્ષ ઉપર આપણે ત્યાં સ્વીકારાયો હતો. વડોદરામાં એક વર્નાક્યુલર કોલેજ હતી, કલાભુવનની યોજના પણ સ્વભાષાદ્વારા શિક્ષણ આપવા માટે થઇ હતી. રાજ્યનાં બધાં લખાણ ગુજરાતી ભાષામાં થાય એવા સ્પષ્ટ હુકમ મહારાજાએ કર્યા છે. જો આ હુકમોનો અમલ બરાબર થયો ન હોય તો ગેરઅમલનાં કારણો સબળ છે કે નહીં તે આજે તપાસવાની જરુર નથી, પણ તેનો દોષ મહારાજાને શિરે નથી.

બીજો મોટો સુધારો સ્થાનિક સ્વરાજ્યનો છે. ઠેઠ ગામડાંથી માંડીને તાલુકા તથા પ્રાંતનો સ્થાનિક વહીવટ પ્રજાને સોંપાયો છે. પ્રજાએ એ કામ ઉપાડી લેવાને કેટલી તત્પરતા બતાવી છે એ પ્રશ્ન નીરાળો છે. તેમાં અમલદારોએ કેટલી મદદ કરી, કેટલી મુશ્કેલીઓ ઉભેરી તે આજે નહીં તપાસીએ., આ બધી પંચાયતો, મ્યુનીસીપાલીટીઓ અને ધારાસભા એ સર્વ સંસ્થાઓ સંપૂર્ણ રીતે ખીલે તો આપણને રામરાજ્ય મળી જાય. રામરાજ્ય અને સ્વરાજ્યમાં બહુ તફાવત નથી. સ્વરાજ્યમાં રાજાને સ્થાન હોઇ શકે છે.

ત્રીજો સુધારો વ્યવસ્થિત રાજકારભારનો છે. જે દેશમાં નિયમ નિબંધો બરાબર સ્પષ્ટ ન હોય ત્યાં નોકરશાહીનો જુલમ હોય છે. અચોક્કસ નિયમોને લીધે અન્યાય તથા લાંચનું જોર વધી જાય છે. આપણે ત્યાં બધા નિયમોને સુધારીને (codification of Rules and Regulations.) રાજકારભાર ચોખ્ખો કરવાનો પ્રયત્ન થયો. એ કારભારને માટે સારા સારા માણસોને નોકરીમાં રાખવામાં આવ્યા. સગાવહાલા, આશ્રિતો તથા ખુશામતીઆ માણસોને નોકરીમા રાખવાને બદલે લાયક માણસોને નોકરીમાં

રાખવાનું શરુ થયું.

ચોથો સુધારો ન્યાય ખાતાનો હતો. આપણી મહાસભા કેટલાં વર્ષોથી માગણી કરે છે તેનો અમલ કરીને તેમણે ન્યાય ખાતાં અને કારભાર ખાતાંને જુદાં પાડ્યાં અને ન્યાયખાતાંને સ્વતંત્ર બનાવ્યું. આ સીવાય આખા રાજ્યમાં રેલ્વેનો ફેલાવો કરી દીધો દવાખાનાની સગવડ પણ ઘણી વધારી દીધી અને પ્રજાનું આરોગ્ય વધારવાને માટે ઘણી કાળજી બતાવી.

ઉપર વર્ણવેલી બાબતો અને તે ઉપરાંત રાજકારભારની બીજી ઘણી બાબતોમાં સુધારા કર્યા, પણ તે ઉપરાંત સામાજિક સુધારામાં મહારાજાએ ઘણો સંગીન પ્રયાસ કર્યો હતો. બાલલગ્ન અટકાવવા માટેનો પ્રયાસ ગમે તેટલો નિષ્ફલ ગયો હોય તોપણ ઘણોજ અગત્યનો હતો. અસ્પૃશ્ય ગણાતી અંત્યજ કોમો માટે ખાસ નીશાળો, ખાસ વસ્તિ ગૃહો, ખાસ નિરીક્ષકો, ખાસ શિષ્યવૃતિઓ, નોકરીમાં રાખવા માટે ખાસ સવલતો રાખવામાં આવી. અંત્યજોદ્ધારને માટે શ્રીમંત મહારાજાનું નામ અમર રહેશે. ઐહિક લગ્નનો કાયદો, બાળકોને બીડીના વ્યસનમાંથી બચાવવાનો કાયદો, પુરોહિતોને શિક્ષણ આપવાનો કાયદો, ન્યાતના બંધારણને સુધારવા માટે થએલો પ્રયત્ન વગેરે બાબતો સામાજિક સુધારા તરફની પ્રવૃતિનો કંઇક ખ્યાલ આપે છે. વડોદરા શહેરમાં રોટી વ્યવહારની છુટ વર્ષો થયાં જોવામાં આવે છે, અને એ શહેરનું સામાજિક જીવન સાદું, ચોખ્ખું અને નિડર ગણાય છે.

ક્યાં ૧૮૮૧ ની સાલનું વડોદરા અને ક્યાં ૧૯૧૧ ની સાલનું વડોદરા! આ બધા સુધારાનો જાદુગર આપણા સયાજીરાવ મહારાજા હતા.

આપણા મહારાજાનું એક ચિત્ર ગુજરાતના કવિવર નાનાલાલ કવિએ ચીતર્યું છે તેની શરુઆત નીચે પ્રમાણે કરી છેઃ—"છાયા વિનાનું તેજ કોઇએ દીઠું છે? જગતનો મધ્યાહ્ન તપતો હોય છે ત્યારે એ જગતમાં પડછાયાઓ નથી હોતા? સૂર્યમાં સૂર્યધાબાં છે, અને પૃથ્વીનો ગોલાર્ધ નિરંતર અંધકારમાંજ હોય છે. વિશ્વમાં દિવસ અને રાત્રિ ઉભય છે. પરાજય નજ દીઠા હોય તેવો અજીત વિજયનોબતજ સુણનારો સેનાપતિ માનવ ઇતિહાસે દીઠો નથી. આવા કુદરતી નિયમને લીધે કોઇ પણ મનુષ્યની તુલના જમે ઉધારના સરવૈયાથીજ થઇ શકે. એકતરફી ચિત્ર દોરવાને લીધે અસત્ય જણાઇ આવે છે, અને દરેક વિચારશીલ માણસને અસત્ય તરફ અણગમો થાય છે."

કોઇપણ ચિત્રમાં છાયા તરફ નજર નાખીએ નહીં તો તે કુદરતની વિરુદ્ધ અને ખોટું જણાય છે. અને તેજની સાથે છાયા ચીતરવી જરુરની છે.

જે વાતાવરણમાંથી મહારાજાએ ઉન્નત આશયો મેળવ્યા અને ખીલવ્યા તેજ વાતાવરણમાંથી તેમના દોષ ઉત્પન્ન થયા છે. આત્મશ્રદ્ધા એ અત્યંત જરુરી ગુણ છે પણ બીજા તરફ અશ્રદ્ધા એ ભારે નુકશાનકારક અવગુણ કહેવાય. વડોદરામાં પરસ્પર અશ્રદ્ધાનું વાતાવરણ ફેલાઇ રહ્યું છે તેનું મુળ મહારાજા પોતે છે. વ્યવસ્થિત કારભાર તથા ચોખ્ખા ન્યાયને લીધે વડોદરા નોકરશાહીમાં સ્વતંત્રતા ખુબ કેળવાઇ છે. ક્યાં જુના જમાનાની ખટપટો અને ખુશામત; ક્યાં ત્રીસ વર્ષ ઉપરની ગુલામગીરી અને જોહુકમી અને ક્યાં હાલનુ સ્વતંત્ર-

સ્વમાનતું વાતાવરણ ? પણ આ સ્વતંત્રતાના ગેરઉપયોગને લીધે જરૂરી શીસ્ત (Discipline) રહ્યો નથી અને ઉપલા અમલદારના હુકમોનો અનાદર કરવામાં મોટાઇ મનાય છે.

તેની સાથે એક નવીન પ્રકારની ખુશામત પેદા થય છે. નોકરીમાં લાયક માણસોનેજ દાખલ કરવાની પદ્ધતિ ઘણી આવશ્યક છે, અને તેને માટે બંગાળા, મદ્રાસ, ઉત્તરહીંદુસ્તાન, મહારાષ્ટ્ર વગેરે અનેક દેશોમાંથી સારા સારા હીંદીઓને વડોદરાનો અમલ સોંપવામાં આવ્યો હતો; પણ આ પરદેશી નોકરશાહીને સ્થાનિક અભિમાન ન મળે, જો તે માણસો થોડા સમય પછી ગુજરાતી બની જાય નહીં, ગુજરાતના જીવનમાં એકરસ ન બને, તો વિદેશી રાજ્યના બધા ગેરફાયદા દાખલ થાય છે. એ ભયંકર સ્થિતિ વડોદરા રાજ્યમાં ઉત્પન્ન થય છે. જો લાયકાતને બદલે મહેરબાની અને આશ્રયનું તત્ત્વ દાખલ કરવામાં આવે તો તે નોકરશાહી અત્યંત નુકશાનકારક બની જાય. આજે આશ્રય અને મહેરબાનીના તત્ત્વથી દૂર રહી શકાયું નથી અને તેથી નાલાયક માણસો નોકરીમાં દાખલ થઇ શકયા છે. ગમે તેવા મહાન પુરુષ ગાદી ઉપર હોય. ગમે તેવા વિદ્વાન અને બાહોશ દીવાન હોય તોપણ તે આવા નાલાયક નોકરો રાખીને સારો રાજકારભાર શી રીતે ચલાવી શકે ?

મહારાજા સાહેબ ગાદીનશીન થયા તે વખતે જુદીજુદી કોમો વચ્ચે દ્વેષ અને અદેખાઇના વરસાદ વરસતા હતા. તેને નાબુદ કરવા માટે મહારાજાશ્રીએ અનેક ઉપાયો હીંમતભેર લીધા; અને અયોગ્ય સત્તા ઝુંટવી બેઠેલા માણસોની સત્તા તોડી પાડી. પણ જે ઉપાયો લેવા પડયા તેની છાપ એમના સ્વભાવ ઉપર પડી રહી છે. ત્રીસ વર્ષ દરમ્યાન આપણે હીંદી થયા છીએ. ધર્મ તથા કોમનો ભેદ ભુલવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ' તે સ્થિતિએ મહારાજા પહોંચી શકયા નથી. હજી પણ કોમો વચ્ચે સમતોલપણું સાચવવાનો પ્રયાસ કરે છે અને આવા પ્રયાસોનું પરિણામ તો દરેક દેશમાં એકજ આવ્યું છે કે કોમી એખલાસ વધવાને બદલે ઓછો થાય છે અને વેરભાવ વધે છે.

પ્રજાવર્ગમાં તેમજ અમલદારવર્ગમાં અશ્રદ્ધા હોવાને લીધે તેમણે લગામ ખુબ પકડી રાખી હતી. ઘોડો તેજ હોય કે મંદ હોય પણ લગામ હંમેશ તંગ રાખવાને લીધે તે શિથિલ થયા વિના રહેતો નથી. એ બંને વર્ગો જવાબદારી લેતાં અચકાય છે, ગભરાય છે. મહારાજાની તીવ્ર ઇચ્છા છે કે એ વર્ગો વધારે જવાબદારી લે. જવાબદારી લેવા માટે અનેક હુકમોમાં સલાહ અને ટીકા કરી છે અને ભાષણો આપ્યાં છે, પણ લગામ છુટી મુકી નહોતી. એટલે પ્રજા તેમજ અમલદારને જવાબદારીની ચમક લાગી છે. આવી વસ્તુસ્થિતિ હોય ત્યાં બધી સત્તા એક હથ્થુ થઇ જાય તેમાં શી નવાઇ? એ તો સ્વાભાવિક પરિણામ હોયજ. એવી એક હથ્થુ સત્તા રાખવાને લીધે રાજ્યમાં સ્વતંત્ર મતના સત્યવક્તા અને હોંશીઆરીથી જવાબદારી ઉઠાવનાર માણસોને ઉત્તેજન મળ્યું નથી. સ્વતંત્ર મનનો દઢ સંકલ્પવાળો મક્કમ વિચારનો અમલદાર ગમે તેટલો કાબેલ હોય પણ એવા માણસો માટે વડોદરામા સ્થાન નથી. સમર્થ માણસોને મહારાજા સહન કરી શકતા નથી એ જાણીતી વાત છે.

જે આગેવાનને પ્રજા તરફની કે પોતાના નોકરોની મદદ ન હોય તેની સ્થિતિ કફોડી થાય એ સ્વાભાવિક છે. મહારાજાશ્રીએ એક પછી બીજો સુધારો દાખલ કરવાનો પ્રયત્ન

કર્યો. એક જમણ પચી શકે ત્યાર પહેલાં બીજું જમણ ખવડાવ્યું. અને પ્રજા તેને પાચન કરી શકી નહીં, તેમાં પ્રજાનો દોષ કોણ કાઢશે? વડોદરા રાજ્યને મશ્કરીમાં સુધારાની પ્રયોગશાળાની ઉપમા આપવામાં આવી, પણ તે પ્રયોગશાળા શી રીતે કહેવાય? નિષ્ફલ પ્રયોગો, અધુરા પ્રયોગોથી જ્ઞાનમાં વધારો થઇ શકતો નથી; તેવા પ્રયોગોથી પ્રજાની કે દેશની પ્રગતિ થઇ શકતી નથી. આવા કારણોને લીધે મહારાજા સાહેબના શુભ પ્રયાસોનું પરિણામ સારું આવ્યું નહીં. કમનસીબની વાત એ હતી કે પરિણામ વધારે સારું આવી શકેજ નહીં એ મહારાજાના લક્ષમાં આવ્યું નથી.

૧૮૯૫ થી ૧૯૧૧ એ વર્ષો દરમ્યાન આપણા મહારાજાની કારકીર્દી પુર જોસમાં વહેતી હતી. તે સમયના પાછલા ભાગમાં પ્રજાની નાડ તેમના હાથમાં રહી નહોતી. પ્રજાની શક્તિનુ માપ તેમની પાસે રહ્યુ નહોતું તેથી પોતાને મનપસંદ ઇલાજો લેવાતા હતા. વડોદરા શહેરમાં નાના મોટા બાગો કરવામાં આવ્યા તેથી પ્રજાને અત્યંત સુખ થયું છે, પણ ગામની વચમા આવેલા જ્યુબીલી બાગમાં બીલીઆર્ડ રમવાની યોજના થઇ ત્યારે ફ્રાંસના એક રાજકુમારે પુછેલો પ્રશ્ન સાંભરી આવે છે. ફ્રેંચ રેવોલ્યુશન (ફ્રાંસના બંડ)ની પહેલાં આમ વર્ગ ભુખે મરતો હતો અને બજારમાં રોટલા મળી શકતા નહોતા. જ્યારે રાજકુમારે સાંભળ્યું કે રોટલા મેળવવાની મુશ્કેલી છે ત્યારે તે બીચારાએ પોતાના બાપને પુછ્યું કે જો લોકોને રોટલા મળતા નથી ત્યારે 'કેક' (મીઠી પુરી) કેમ ખાતા નથી? આપણે ત્યાં વડોદરામાં સુંદર ચિત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પણ પ્રજામાં કલા પ્રત્યે શોખ નથી. પુર્ણિમાની રાત્રે કમાટી બાગમાં સ્વપ્નસૃષ્ટિ જેવું સૌંદર્ય જોઇ શકાય છે, પણ ત્યાં રાત્રે કવચિતજ કોઇ માણસો નજરે પડે છે.

હવે હું છાયાનો કાળો રંગ વધારે પુરવા ઇચ્છતો નથી. છાયાનો રંગ પુર્યો ન હોય તો ચિત્રમાં અસત્યનું તત્ત્વ આવી જાય. સત્ય સીવાય સૌંદર્ય હોયજ નહીં. અસત્ય ઢાંકી રાખવામાં કૈં લાભ નથી. આજે જે ચિત્ર તમારી આગળ રજુ કરું છું તેમાં તેજ તેમજ છાયા છે. કવિ નાનાલાલ કહે છે કે "મોટા પર્વતોમાં મોટી ખીણો હોય છે" તેજ પ્રમાણે આ મહાન્ પુરુષમાં મોટા સદ્‌ગુણો છે અને મોટા દોષ છે. દોષોને લીધે એમના કાર્યની કે મહાન્ આશયોની મહત્તા ઓછી થતી નથી. સર્વ કાળને માટે એ મહાન્ પુરુષોની પંક્તિમાં મુકાશે.

વડોદરાની તેમજ આખી હીંદી પ્રજાને એમનો સંદેશ એકજ હોઇ શકે. હીંદી પ્રજાને ઉન્નતિને માટે નિષ્કામ વૃત્તિથી સતત્ મહેનત કરવી એજ દરેક હીંદીનો ધર્મ છે. કાર્યક્ષેત્ર ઘણું વિશાલ છે, પણ જો દરેક માણસ પોતાની શક્તિ પ્રમાણે પોતાની ફરજ અદા કરે તો એ દેશ ઉન્નતિની ટોચે પહોંચી જાય જો ત્રીસ ચાળીસ વર્ષમાં જાપાનનું પરિવર્તન થઇ જાય તો તેટલા વખતમાં આપણે ત્યાં સુધારો કેમ ન થાય? આપણા દેશને આપણે ધર્મનું. (ધર્મ શબ્દને બહુજ બહોળા અર્થમાં વાપરું છું) પાલન કરે તો હીંદી પ્રજા આખી દુનીઆની પ્રજાને સત્ય તથા અહિંસા, પ્રેમ ભક્તિના પાઠ ભણાવી દેશે. યુરોપ અને અમેરીકાનાં વૈર અને તૃષ્ણા ઓછાં થઇ જશે અને માત્ર હીંદુસ્તાનમાં નહીં પણ આખી પૃથ્વી ઉપર ભ્રાતૃભાવ અને પ્રેમ ફેલાઇ રહેશે.

સંપૂર્ણ પૂજ્યભાવથી સયાજીરાવ ગાયકવાડને હું અભિનંદન કરું છું.

શિવશંભુ શર્માનું છેલ્લું વસીઅતનામું

[અનુસંધાન પૃષ્ઠ ૪૫૪ થી]

૧૦. પ્રેમી યુગલો, રમણ રમણીઓ, અને નવાં પરણેલાં વરવહુને, હું તેમની કાલ્પનિક સૃષ્ટિ, સર્વ હક્ક સહિત, સોંપું છું. તેમના પ્રેમને કે પ્રેમીને ઉપમા આપવા માટે સૂર્યચંદ્રથી માંડીને પગની રજ સુધીની સર્વ ચીજો વાપરવાનો તેમનો અધિકાર હું સ્વીકારું છું. એકબીજાને ભેટ આપવા માટે ગુલાબનું ફુલ કે કાચી કળી પણ લેતાં તેમને કોઇએ અટકાવવાં નહીં એવું ફરમાવું છું. વળી તેઓ એકાંત કુંજોમાં કે અગાસીમાં પ્રેમપૂર્ણ આલાપ કરતાં હોય, વચનો આપતાં હોય, કે અલંકારોનો ઉપયોગ કરતાં હોય, તે સમયે કોઇ પણ બાલકે ત્યાં બાલચેષ્ટા ન કરવી એવું સખત ફરમાન કાઢું છું. કદાચ કોઇ પુખ્ત વયનાની નજરે આવું યુગલ ચઢે તો તેમણે તરત આઘાપાછા થઇ જઇને, પોતાના તે કાળનું સ્મરણ કરી, એ પળ મોજ માણવાની રજા આપું છું.

૧૧. યુવાન પુરુષો, જેઓનાં ટોળાં—બહાદુર પણ ઉન્મત ટોળાં—ઠેરઠેર જોવામાં આવે છે. તેમને ધમાધમ અને ઘોંઘાટવાળી, સ્પર્ધાની સર્વ રમતો સોંપતો જાઉં છું. તેમને કાયરતાનો તિરસ્કાર તથા આત્મબળમાં વિશ્વાસ રહો એમ ઇચ્છું છું. તેઓ ઉતાવળીઆ તથા તોફાની છે, તોપણ ચિર કાલ ટકી રહે તેવી મૈત્રીનો અધિકાર હું તેમને આપું છું. શિષ્ટ સાહિત્યનાં કે નાટકનાં કાવ્ય કે ગાયનો ફરતાં ફરતાં લલકારવાનો, ફાંકડાં કપડાં પહેરવાનો, સુંદર ચોટલો, ઠસ્સાદાર ચાલ, વગેરેનો સ્વતંત્ર અને અબાધિત હક્ક હું આ સર્વ યુવક–યુવતીઓને બક્ષું છું.

૧૨. જેઓ બાલક નથી, કુમાર નથી યુવક નથી કે રમણ નથી, તેઓને હું તેમનાં જુનાં સ્મરણનો હક્ક સોંપતો જાઉં છું; ભોજા ભગતના ચાબખા, અખાની કવિતા, ભગવદ્-ગીતા કે યોગવાસિષ્ઠ વાંચવાનો, અગર તો તેમના બીજા કોઇ પ્રિય જુના લેખક હોય તેનાં પુસ્તકો ફરીફરી વાંચવાનો, અને તેમ ન બને તો, અર્ધ જાગ્રત સ્થિતિમાં તેનાં પાનાં ઉથલાવવાનો, કે દેવસ્થાનમાં જઇ તેજ સ્થિતિમાં કથા સાંભળવાનો સ્વતંત્ર અધિકાર તેમને સોંપું છું. પોતાનાં પૌત્રો અને દોહિત્રોને આંગળીએ વળગાડી મેળામાં લઇ જવાનો હક્ક પણ હું તેમને બક્ષું છું. દાદાઓ જ્યાં સુધી બાલકોને રમાડવાની ઇચ્છા કરે ત્યાં સુધી યુવાન માતા-પિતાઓએ તેમની વચમાં આવવું નહીં એવું ફરમાવું છું. વળી જેઓ બાલક નથી, કુમાર નથી, રમણ નથી કે યુવક નથી અને જેઓ ઉતરતી અવસ્થાને પ્રાપ્ત થયા છે, તેમને આ દુનીઆ અને તેમાંનું ધન્ય જીવન કેવું દુર્લભ છે, તેનું અનુભવસિદ્ધ જ્ઞાન આપી જાઉં છું.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

આ લખાણ મેં મારી રાજીખુશીથી, અને સંપૂર્ણ સાવધાનીમાં કર્યું છે. કારણ કે મેં મારા છેક અંતકાલના સમયની કે જે સમયે માણસનું ચિત્ત, આલોક કરતાં પરલોકમાં વિશેષ હોય, તે સમયની રાહ જોઇ નથી.

સ્વપ્નદ્રષ્ટા.

[અનુસંધાન પૃષ્ઠ ૪૪૦ થી]

નથી. બાપ નથી—મા નથી—બૈરી નથી. હું બ્રાહ્મણ નથી—હું હીંદી નથી. ના—ના—ના. હું તે હું જ છું. હું કોઇનું રચેલું સ્વીકારવાનો નથી. હું કોઇનું કહેલું માનવાનો નથી. હું બધું તોડી નાખીશ. મને ચારે તરફથી કચરવા માંડ્યો છે પણ હું નહીં કચરાઉં. હું સર્જી નહીં શકું પણ ભાંગીશ તો જરુર. હું કોઇનો બંધાયો નથી. હું મરીશ ભલે પણ બધું તોડી, ફોડી મેદાન કરીશ."

તેનું ગુંગળામણ જતું રહ્યું. આંધીની વિનાશકતા સ્વભાવ ને સંસ્કારનાં મુળ ઉખેડી રહી. પ્રલયની મુશળધારો બધું ધોઇ વહી જવા લાગી. છોકરવાદી ક્રોધ તેને પ્રેરી રહ્યો. તે તેના ટેબલ પાસે ગયો ને ઇતિહાસ ને વાર્તાનાં પ્રિય પુસ્તકોને ટેબલ નીચે નાખ્યાં. "દગલબાજ! ત્યાં પડી રહો. મને હવે તમારી જોડે લેવાદેવા નથી" તેનું નાનું શરીર ચઢાવેલા ચાપ સમુ, ખેંચાએલું હતું; અને શર છોડવાને, અધીરાઇથી જરા જરામાં કાંપી ઉઠતું. તેના હૃદયનાં તોફાને હાસ્યજનક ઘેલછાનું સ્વરૂપ લીધું.

મોટે ડગલે તે પડોસના મંદિરમાં જઇ પહોંચ્યો. મહાદેવની પ્રાર્થના કે તેને ફરીઆદ કરવાની તેને જરા પરવા નહોતી. ને ધૃષ્ટતાથી તેના દેવાધિ દેવ પાસે ગયો.

"અહીંઆં બેઠાબેઠા શું કરો છો? કેટલાંએ વર્ષ થયાં તમારી પૂજા કરી, તમને રીઝવ્યા, તમારી આરાધના કરી; છતાં આખરે અમારી ને તમારી આ દશા! વૃદ્ધ ને નિર્માલ્ય થએલા દેવ! તમારા જેવા અશક્તની પૂજા આજથી હું કરવાનો નથી. તમે મારા દેવ નહીં—હું તમારો ભક્ત નહીં. તમે તમારે રસ્તે ને હું મારે રસ્તે." એટલામાં તેની નજર તેના જનોઇ પર પડી ને તેણે ડોળા ધુરકાવ્યા. તેણે એકદમ જોરથી જનોઇ કાઢી નાખ્યું—અને આટલાં વર્ષ જેને પવિત્રમાં પવિત્ર ગણ્યું હતું તેને તિરસ્કારથી જોઇ રહ્યો. 'દોરડા! ધાગા! આજથી તને સેવવાનો નથી" તે ખડખડ હસ્યો. "बलमस्तु तेजः! બલ ને તેજ મારામાં—અમારામાં. ના—ના—ના. તને સેવ્યું ને બલ ગયું, તેજ ગયું. તને પામીને અમે શું સાધ્યું? જ્યારે ખડકીમાં પેસવા દાર્યો ત્યારે તું ક્યાં ગયું હતું? જા—જા—જા," કહી તેણે અસાધારણ જોરથી તે તોડી નાખ્યું; ને પાછું જોયા વગર મંદિરમાંથી તે ચાલ્યો ગયો. એનાં પુસ્તકો, એના દેવ, ને એના યજ્ઞોપવિતની ગુલામગીરી ફેંકવાથી તેને જરાક વાતાવરણમાંથી ગુંગળાટ ઓછો થયો લાગ્યો. તેનાથી હવે શ્વાસ જરાક લેવાતો થયો. તે પાછો પોતાને ઘેર ગયો ને પ્રમોદરાયના દીવાનખાનામાં જઇ તેના ટેબલ તરફ જોઇ રહ્યો.

"તમને પણ અમે આવકાર દીધો. તમારી નોકરી કરી. ને છતાં અમારી આ દશા! જાઓ," તુમારના ઢગલાને અંગ્રેજી સત્તાના પ્રતિનિધિ ગણી તેણે સંબોધ્યા. "જહાનમમાં......! આજથી હું તમારો ગુલામ નથી. થાય તે કરી લો. હું જોઇ લઇશ." તેણે મુઠીઓ વાળી કહ્યું.

એકદમ તેણે સામા પડેલા આરસામાં પોતાની ફરફરતી શિખા જોઇ. એકદમ તેને દ્વેષની ઝનુન આવી. તેણે ટેબલ પરથી કાતર લઇ એક ઝટકે બ્રાહ્મણત્વનું બીજું ચિન્હ કાઢી નાખ્યું.

તેને હવે ઠીક લાગ્યું. હવે તે સ્વતંત્ર હતો. કોઇનો બંધાએલો નહોતો. તે ત્રીજે માળે અગાસી પર જઇ વિનાશશક્તિથી ચારે તરફનાં છાપરાં જોઇ રહ્યો.

દરેક છાપરા નીચે અલ્પતા, અધમતા, માલાબાઈપણું, અંધકાર તેને દેખાયાં. નાનાં માણસો જેવાં જીવડાં ચોમાસાના લીલા પથ્થરે જેવાં ગંદાં છાપરાં નીચે ચાલ્યાં જતાં હતાં. દરેક પથ્થરની નિશ્ચેતન અડગતા ગભરાવ્યા કે કર્યા કરતી. એક પથ્થરને ત્રાસે તે જનોઈ પહેરતા; એક પથ્થરને ત્રાસે તે મંદિરમાં જતા, એક પથ્થરને ત્રાસે તે પરણી બેસતા; એક પથ્થરને ત્રાસે એકબીજાને રીઝવતા; એક પથ્થરને ત્રાસે તે માલાબાઈ શેઠ બની ચા કરતા જતા; એક પથ્થરને ત્રાસે તે તેમજ વળગી રહી, પેઢી-ધર ચાલી આવતો નિર્જીવ ધંધો કરતા. પથ્થરો અગણિત હતા. પથ્થરોની છાયા દરેક જીવન પર વીસ્તરતી. એક પણ પથ્થરના ગભરાટ વિના કોઈ જીવતું નહોતું. તેણે એકલાએજ એ બધા પથ્થરોને પડકારો કર્યો હતો. તેણે એકલાએજ એ પથ્થરોની છાયાને તીરસ્કારી, વ્યોમ નીચે એકલા રહેવાનો નિશ્ચય કર્યો હતો. તે એકલો હતો. પથ્થરો અનેક હતા. તે તેને ડારતા અને છતાં પોતે નીડર હતો. તેણે છાપરાંઓ સામે મુઠી હલાવીઃ "દરેક પથ્થરના તોડી, ફોડીને ભુકા કરીશ" તે બબડયો. "હું એકલો–એકલો બસ છું. મેં એકલાએ તમારી સહેમાંથી નીકળી જવાની હીંમત કરી છે. હું એકલો તમને પુરો પડીશ" અને દરેક છાપરાંને કેમ તોડવાં તેનો તે વિચાર કરી રહ્યો.

તેનું છાપરું બધાથી ખરાબ હતું. તેની નીચે, તેણે અલ્પતાનો આસ્વાદ ચાખ્યો હતો. તેણે સંધ્યા કરી હતી. તેનું બ્રાહ્મણજીવન ગયું હતું–તેની સ્વપ્નસૃષ્ટિનો વિનાશ થયો હતો. બધા પથ્થરોમાં આ પથ્થર વિવિધરંગી, વધારે ત્રાસદાયક હતો. તેનાથી તે આજે છુટયો હતો. તેની નીચેથી નીકળી તે દૂર જઈ સામે બેઠો હતો. આ પથ્થરને તોડી પોતાની નવી સ્વતંત્રતા ઉજવવાનો તેણે સંકલ્પ કર્યો. આ પથ્થર તોડવો સહેલ લાગ્યો. તે એકદમ ઉઠયો ને એક છલંગ મારી તે પથ્થર પર–છાપરા પર જઈ બેઠો. હવે આ દુષ્ટ પથ્થરની ઉપર તે હતો–નીચે નહોતો. તેણે નીચા વળી પથ્થર તોડવો શરુ કર્યો. તેના હાથમાં પથ્થરના કકડા ઝપઝપ આવવા લાગ્યા ને તેને દૂર ફેંકતાં તેની કચ્ચરો થવા લાગી. તેને વિજય ઘેલછાનો નીશો ચઢયો લાગ્યો. તેણે ઝપઝપ પથ્થરના ચુરો કરવા માંડયા......

પ્રમોદરાય સાંજે ઘેર આવ્યા. તે ટેબલ પર સુદર્શનની શિખાના પડેલા વાળ જોઈ તેમના ગુસ્સાનો પાર રહ્યો નહીં. શું છોકરો એટલો ફાટી ગયો કે તેણે શિખા કાપી નાખી? ઉગ્ર રાવબહાદુરે 'સદુ! સદુ!' કહી બુમ પાડી પણ જવાબ આવ્યો નહીં. પણ એટલામાં છાપરા ઉપર કોઈ નળીઆં કાઢતું સાંભળ્યું. તેને સમજ પડી નહીં ને તે ગુસ્સે થયા; તે એકદમ અગાસીમાં ગયા ને જોયું તો સુદર્શન નળીઆં ઉંચકી ઉંચકી ચારે તરફ ફેંકતો હતો ને હસતો હતો. "સદુ! શું કરે છે?"

જવાબમાં એક મોટું નળીઉં તેમની પાસે આવી પડયું, ને સુદર્શન ખડખડ હસવા બેઠો. રાવબહાદુરે તેને પાસે બોલાવ્યો પણ તે આવ્યો નહીં; આખરે રાવબહાદુર છાપરા પર ચઢયા ને મહામહેનતે સુદર્શનને પકડયો.

તેણે જેવો સુદર્શનને પકડયો કે તે લોચો થઈ તેના હાથમાં પડયો. રાવબહાદુરે ચિંતા-ગ્રસ્ત થઈ તેને માથે હાથ મુકયો. સુદર્શનનું માથું અંગારાની માફક ધીકતું હતું.

૩

પરીક્ષાનો શ્રમ, નિરાશા, ને ચિંતા એ

એ મળી સુદર્શનના નાજુક શરીર ને મગજ પર અસહ્ય બોજો નાખ્યો હતો એટલે ઘણા દહાડા સુધી તે માંદો રહ્યો; અને તેની ચિંતામાં માબાપ તેનાં છેલ્લાં પરાક્રમો વીસરી ગયાં, અને તેને પરણાવવાનો વિચાર તરત તો માંડી વાળ્યો.

જ્યારે માંદગી ગઈ ત્યારે સુદર્શનનો સ્વભાવ બદલાઈ ગયો. તે જિદ્દી ને ચીઢીઓ થઈ ગયો. તે એકલોજ હતો, અને એકલે હાથે બધાનું ખંડન કરવાનું છે એ ખ્યાલ માબાપના વહાલસોયા લાડમાં કે સંબંધીઓની હેતાળ પરવસીમાં પણ ગયો નહીં; અને માંદા માણસની રોગિષ્ટ એકાગ્રતાથી તેને મલાવ મલાવ કર્યા કર્યો. અને જેમ જેમ તે સારો થયો તેમ લડાયેલા છોકરાની સુંવાળી મનોદશાને બદલે આજન્મ બંડખોરની કઠણ, એકાગ્ર ને ઝનુની મનોદશા તે અનુભવવા લાગ્યો.

તેની તબીઅત ઉમર, માતપિતાનો સ્નેહ વગેરે અનેક કારણોથી તેને વડોદરા કોલેજમાં મોકલવામા આવ્યો. બોર્ડીંગનુ નવું જીવન, બીજા છોકરાની સોબત, અને સ્વતંત્ર જીવનનાં વિધવિધ આકર્ષણોએ પહેલાં તો તેને મુગ્ધ કર્યો; પણ થોડા વખતમાં એ મોહ ઓછો થયો અને પહેલાંની વૃત્તિઓ સતેજ થઈ.

સારી થએલી તબીઅત ને સ્વતંત્ર બનેલા વાતાવરણમાં એને નવો પ્રકાશ ને નવી શક્તિ મળ્યાં. એને પોતાનું જ્ઞાન અલ્પ, નિરીક્ષણ અલ્પ, દૃષ્ટિમર્યાદા સંકુચિત અને બુદ્ધિ નિષ્પ્રયોજન લાગી—એને જો જુની સૃષ્ટિના સ્તંભો ઉખેડવા હોય તો તે સૃષ્ટિનું, તેની રચનાનું, તેના પાયાનું, ને તેની ભાવનાનું પુરેપુરું જ્ઞાન મેળવવું જોઈએ; અને વિનાશનાં સાધનો, પદ્ધતિ, અને ક્રમ નક્કી કરવાં જોઈએ. માત્ર ઇચ્છાથી કાર્ય નહીંજ સધાય એ તેને ખાત્રી થઈ ગઈ.

વડોદરા કોલેજનું પુસ્તકાલયને વાંચનગૃહ તેની પહેલી ઉમેદ બર લાવવામાં ઉપયોગી થયાં; અને પ્રીવીઅસ કલાસના છોકરાને ન સમજાય એવા વિષયો ને વિચારમાં તે ગરકાવ થઈ રહ્યો. આ બધું વાચન વિદ્વત્તા પ્રાપ્ત કરવા માટે નહોતું, પણ વિનાશવૃત્તિ સબલ ને સમૃદ્ધ કરવા માટે હતું. કોઈને ખ્યાલ નહોતો કે આ નાનકડો, છોકરી જેવો પંદર વર્ષનો બાલક દિવસ ને રાત શ્વાસ ખાધા વિના વાંચ્યા કરતો હતો તે પોતે જાતે સામાજિક વિજ્ઞાન શાસ્ત્રી બનવા અને પોતાને સામાજિક ડાયનેમાઈટ બનાવવાના દ્વિવિધ પ્રયોજનથી પ્રેરાઈ રહ્યો હતો; અને એની કલ્પના આગળ સદાએ સમાજ, સત્તા ને ધર્મના જુલમી પથ્થરોનો કચ્ચરઘાણ—એજ પરબ્રહ્મ પ્રાપ્તિરૂપે રમ્યા કરતો હતો.

પણ આ વખતે એના ઘણાખરા સમમિત્રોનો પરિચય એણે છોડ્યો હતો. એને લાગ્યું કે એના કેવલ ને શુદ્ધ વિનાશક પ્રયોગોમા તે ઘણી સહાનુભૂતિ દર્શાવતા નહોતા; એટલે એ પોતેજ તેમના તરફ બેપરવા થઈ ગયો હતો.

પ્રાચીનોમાં માત્ર ભગવાન્ ઔર્વ તેની પડખે ર્હ્યા. કુલ ને સંસ્કૃતિના ઉચ્છેદક વીતિહવ્યોનો ગર્ભમાંથી દ્વેષ કરનાર મહર્ષિ, જેણે જીવનભર ઝનુન સેવીને સમુદ્રો સુધી વેરવહ્નિની જ્વાલા પ્રસારી, તે અડગ દ્વેષ્ટા એની નિરુત્સાહી પળોમાં એને ઉત્તેજન આપતા. તેમનું ઉંચુ ને સુકલકડી શરીર, તેની સફેદ, લાંબી ને વિકરાલ દાઢી, તેની અંગારા સમી દઝાડતી આંખો, ને તેના સખત ને ક્રૂર મુખનો ભયાનક ભાવ તેના નિરુત્સાહ પડતા હૃદયને હંમેશા પ્રેરતા.

અર્વાચીનોમાં પણ તેને માત્ર એક મિત્ર

રહ્યો: અંગ્રેજોનો કટ્ટો વેરી નેપોલીઅન. નાના ઇતિહાસમાં આપેલી તેની આછી રુપરેખાઓએ તેને આકર્ષ્યો હતો; ને તેની ભવ્ય મુખાકૃતિએ તેને મુગ્ધ કર્યો હતો. જેવો તે કોલેજમાં ગયો એટલે હાથમાં આવેલા પૈસાનો પહેલો ઉપયોગ તેણે મુંબાઇના પુસ્તક વેચનારા પાસે તેનું જીવનચરિત્ર મંગાવવામાં કર્યો. પુસ્તક વેચનારાએ તેને એબટનું 'નેપોલીઅન' મોકલી આપ્યું.

એબટનું "નેપોલીઅન" ખોટું હોય, અતિશયોક્તિભર્યું હોય કે ભક્તિસ્તોત્રોથી ભરપુર હોય; પણ ગીતાની માફક, પ્લુટાર્કની માફક એનામાં માનવતા પ્રેરવાનું પરમ લક્ષણ છે. તેમાંથી ફ્રેંચ સમ્રાટનું વ્યક્તિત્વ સુરેખ ને સ્પષ્ટ બહાર પડે છે. તેની મદદથી તેની પરાક્રમી કારકીર્દિમાં સહયોગ સાધતા હોઇએ એવો ભ્રમ પેદા થાય છે. સુદર્શને તે વાચવા માંડ્યું; અને જેમ જેમ તે પુસ્તકને એકાગ્ર ભાવે વાંચતો ગયો તેમ તેમ તેમાં વર્ણવેલી જીવનની મહત્તાની ધારાઓ તેને નવરાવી રહી, પલાળી રહી અને તેની માનવતાનો જુનો ઘાટ ફેરવી નવે ધારે ઘડવા લાગી.

આ પુસ્તકનાં પાનાં પર ખીચોખીચ પથરાઇ રહેલા ઝીણા ટાઇપમાંથી—સુવ્યવસ્થિત ઉદ્યાનમાં ઉગેલી નાની. ઝીણી ઘાસમાં સર્જનકાલથી શાંત થઇ સુતેલા કોઇ મહાન્ દેવની દેહરેખા ઉઠેલી દેખાય, તેમ—એક આકૃતિ—નીતરી તે ભુરા ઓવરકોટ ને ત્રિકોણી ટોપીની, બખ્તરથી દુર્જય ને જામાથી તેજસ્વી એવી શોભામાં—નીચી ને જાડી—માનવજીવનના પ્રતાપી પ્રાતઃકાલના આદર્શ સરખા અર્વાચીન મહાવીરની. હાથો છાતી પર, તમીઅતવાળી તેણે રાખ્યા હતા. આરસશા સફેત મુખને, દેવોને દુર્લભ એવી શાંતિ, અમર્ત્યોના પ્રતાપે ઓપતી. સુરેખ હોઠ નિશ્ચલતાથી બીડેલા હતા. નાકનું નાંદીવ ગગનવેધી આકાંક્ષાએ ખેંચાઇ રહ્યું હતું. અચલ ભાલ પર ઉગ્ર એકાગ્રતા ત્રીજી આંખની જ્વલંત વિનાશકતામાં વીરાજતી. અને ઉંડી આંખોની ભવ્ય સ્થિરતામાં સર્જન ને સંહારની વહ્નિજ્વાલના વિવિધ રંગોમાં ઝગઝગતી એકાગ્ર માનવતાની જ્યોત્ જણાતી. અને જેમ જેમ તેનું વ્યક્તિત્વ સુદર્શનની આગળ વિકસતું ગયું તેમ તેમ તેણે નેપોલીઅનને તેનાં પરાક્રમો ફરીથી કરતો જોયો. તેની વિજયી આજ્ઞાથી ટુલોન ને લોદીનાં ક્ષેત્રો ગાજ્યાં: તેના ભયંકર ઉત્સાહે ઇજીપ્ત ને સીરીઆના રણોની બળતી વિષમતા ડારી; ને આલ્પ્સનાં હિમગ્રસ્ત શિખરોને મહાત કર્યાં. ત્રિપુરારિના ત્રિગુણાલિત પ્રતાપે તેણે જીના, મેરેંગો ને ઓસ્ટરલીટ્ઝનાં તાંડવ ખેલ્યા; અને મોસ્કોથી પાછા આવતાં પરાજયમાં વિજેતાની મહત્તા દાખવી. વોટર્લુએ તે પડ્યો; સેંટ હેલેનામાં તે અભંગ ગૌરવથી સડયા કર્યો. ફ્રાંસનો તે આત્મા, આદર્શ ને વિધાતા બન્યો. યુરપને તેણે સંહાર્યું; અને નવો પ્રાણ અર્પી—તેને ફરીથી જીવિતદાન દીધું. ફરીથી તે જીવ્યો, ઘુમ્યો, ગાજ્યો—સૃષ્ટિ ભરના એકાકી સમ્રાટની અવર્ણનીય ભવ્યતાથી; અને સુદર્શનના સ્વપ્નાં સમૃદ્ધ કરી, તેની માનવતાને નવા તેજે તેણે ચમકાવી.

૩

નાજુક સુદર્શનના એકલવાયા જીવનમાં આવાં સ્વપ્નાં માટે સ્થાન હશે તે તેના ગોઠીઆઓ ભાગ્યેજ ધારતા. તે આકર્ષક હતો. બુદ્ધિશાળી દેખાતો. એટલે સોબતથી થતા લાભ એને મળ્યા નહીં ને તેનાથી થતા પરિચયે તેના સ્વપ્નાં પર આક્રમણ કર્યું નહીં. કોઇ વાર તેને જુદીજુદી ધુન થઇ આવતી; નહીં તો ખિન્નતા તેનું અંતર દાબી દેતી.

કૉલેજનો અભ્યાસ અને વિનાશકતા સમૃદ્ધ કરવા આદરેલા અનેક વિષયના વાચનથી તેને કોઇપણ પ્રકારની મનોદશા લડાવવાનો વખત રહેતો નહીં. તેને કોઇ પણ રમત આકર્ષતી નહીં; અને શારીરિક વિકાસની તેને પરવા નહોતી. જ્યારે ક્રીકેટની મેચ કે ટેનીસની ટુર્નામેંટ ચાલતી હોય ત્યારે સુદર્શનને બગલમાં ચોપડી લઇ કૉલેજના કોઇ ઘુમ્મટ તરફ એકાંત શોધવા જતો જોવાની એના સહાધ્યાયીઓને ટેવ પડી ગઇ. ઘુમ્મટની નીચે પડયોપડયો, નહીં તો અગાસીમાં ફરતોફરતો તે વાંચ્યા કરતો, કે સ્વપ્નાં જોયાં કરતો.

કૉલેજમાં ગયા પછી બેએક મહીને તેને રામલાલ દેસાઇની ઓળખાણ થઇ. રામલાલ જે કૉલેજમાં તેના ને તેના પિતા ભુખણદાસના આગલા અક્ષરોથી "આરબી" કે "અરબ્બી" નામે ઓળખાતો તે સીનીઅર બી. એ. માં હતો. તેને આ નાનકડા છોકરા તરફ આકર્ષણ થયું.

"આરબી"નું અંતર નિર્મલ ને ઉત્સાહ સર્વગ્રાહી હતા. પ્રમાણિક ને નિખાલસ, તે બધા તરફ સ્નેહાળતાથી જોતો; અને ઉંડા ભાવો અનુભવવાને અશક્ત છતાં આછા ભાવને સ્થિર ને શાશ્વત સ્વરૂપે ટકાવી રાખવામાં નિપુણ હતો. એનો ઉત્સાહ ગગનને સ્પર્શતો નહીં, પણ કદી અસ્ત થતો નહીં. જિજ્ઞાસાની મર્યાદામાં જીવનનાં બધાં ક્ષેત્રો ને પ્રશ્નો તેને મન આવી જતા; અને દરેક વિષય પર તેનું જ્ઞાન થોડું પણ ચોક્કસ હતું. તે પુસ્તકો કરતાં છાપાંનો ભક્ત હતો; અને માનવજીવનની અને ખાસ કરી હીંદની દરેક પ્રવૃત્તિ પર કૈં ને કૈં છોકરાઓને નવું કહી શકતો. ઇશ્વર ને ધર્મ, લોકશાસન ને સ્ત્રી સ્વાતંત્ર્ય, ન્યાત ને વિધવાલગ્ન, અંગ્રેજી સત્તા ને સ્વદેશી અભિલાષા–બધા પર તેના અભિપ્રાયો આગળ પડતા હતા. તે પ્રો. જગજીવન શાહની પ્રેરણાથી એ બંધાયા હતા એમ કેટલાક માનતા હતા; છતાં પ્રગતિના પયગંબરની પદવી વડોદરા કૉલેજના વિદ્યાર્થીઓ તેને આપતા હતા. વિદ્યાર્થીઓમાં જે પ્રગતિવાદનો પંથ હતો તેનો તે નેતા હતો; અને ડીબેટીંગ સોસાયટીમાં જુના વિચારોને તિરસ્કરણીએ ઉડાવવામાં મુખ્ય ભાગ લેતો.

"આરબી"ના સંસર્ગમાં આવતાં સુદર્શનને પોતાનું અધુરાપણું દેખાયું. દેશસુધારણાની પ્રવૃત્તિઓ ચારે દિશામાં ચાલી રહી હતી તેનાથી તે અજ્ઞાત હતો; અને "આરબી" છટાથી કોંગ્રેસ ને સમાજસુધારા કોનફરંસ, બ્રહ્મસમાજ, આર્યસમાજ ને થીઓસોફી; કેનીંગનો ઢંઢેરો, રીપનની રાજનીતિ ને કર્ઝનની કારકીર્દી વીશે વાતો કરી શકતો હતો. સુદર્શન ને "આરબી" એક બીજા તરફ આકર્ષાયા; અને ટુંકા વખતમાં એ બે વચ્ચે ગાઢી દોસ્તી બંધાઇ ગઇ.

સુદર્શનને પોતાના જ્ઞાનનું અધુરાપણું સાલ્યું. "આરબી" સાથેની વાતચીતમાં પોતાની દૃષ્ટિબિંદુની સંકુચિત મર્યાદા તેને સ્પષ્ટ દેખાઇ. ઝનુનથી તે મર્યાદા વીકસાવવા તે મંડયો. અને તત્ત્વજ્ઞાનનાં ન સમજાય એવાં પુસ્તકોથી ક્રમિક સાહિત્યના ચાલુ પ્રશ્નો સુધી દરેક વાતચીતના વિષય પર જ્ઞાન મેળવવું શરુ કર્યું.

અને જેમજેમ જ્ઞાન વધ્યું તેમતેમ તેની વિનાશપ્રધાન દૃષ્ટિએ માનવ જંતુઓને ત્રાસ દેતા પથ્થરોનું સ્પષ્ટિકરણ કરવા માંડ્યું. અને ત્રીણવટ ને સર્વગ્રાહ્યત્વથી તેણે બધા વિષયોના વર્ગ પાડયા. "આરબી" આ પ્રયોગ જોઇ રહ્યો; અને પોતે ઉભું કરેલું ભૂત શું કરશે ને શું નહીં કરે તે વિચાર કરવા લાગ્યો. તેના પ્રગતિવાદમાંથી સુદર્શનનો

વિનાશવાદ કેમ પ્રગટયો તે વિચાર કરતાં તે કમકમી ઉઠયો.

સુદર્શને ત્રાસદાયક પથ્થરોની પંકિતઓ કરી.

માનવ સાહસ ડારતા, ને નિર્બલતાને પોષતા, મહેરબાની અને ક્રોધના દ્વંદ્વથી મનુષ્ય જીવનને હેરાન કરતા ઇશ્વરને તેણે પહેલી પંક્તિમાં પહેલો મુકયો. એણે ઘણું વાંચ્યું, ઘણું વીચાર્યું; પણ એક ભયાનક કલ્પના સીવાય તે બીજું હોય તેમ ભાસ્યું નહીં. એના ત્રાસથી મનુષ્યો કાંપતાં અને પોતાના અંતરને કચરી, તેની કાલ્પનિક મહેરબાની માટે ગુલામોની અધમતાથી તરફડીઆં મારતાં જણાયાં

આ પંક્તિમાં બીજો પથ્થર તે આત્મા. આત્માએ સ્વર્ગ ને નર્ક વચ્ચે હીંચવાની નિર્બલતા પેદા કરી; પુનર્જન્મની લાલચથી લોલુપતા આણી; પોતાની બખોલોમાં મનુષ્ય જંતુને સડવા દીધા દેખાયા. આ બખોલો ધર્મની સંસ્થાને નામે, પરલોકનો લોભ બતાવી પોતાનો અંધકાર વીસ્તારી રહી હતી. અને સડયા કરતા જંતુઓ હીંમતને અભાવે, પોતાની કાયરતાને વિધિ કે નીતિ જેવા રુપાળે શબ્દે ઢાંકતા હોય એમ લાગ્યું. પણ આ બંનેથી ભયાનક, વિશાલતામાં, ત્રાસદાયક એવો ત્રીજો પથ્થર તેણે આ પંક્તિમાં મુકયો. તેને એ 'અધમતાનો મહાપાષાણ' કહેતો. તે એકેએક સિદ્ધાંતનુ સ્વરૂપ લેતો; અને તે સિદ્ધાંતને સુદર્શન સમગ્ર મહત્તાનો સિદ્ધાંત કહેતો. આ સિદ્ધાંતનું તે આ પ્રમાણે સ્પષ્ટિકરણ કરતો.

એક વ્યક્તિની મહત્તા તેને આદરણીય–પ્રેરક–પૂજ્ય લાગી. એવી વ્યક્તિની ભક્તિમાં તેને ખરી માનવતા જણાઇ. પણ એક વ્યક્તિ મહાન્ થઇ એટલે તે પ્રકારની બધી વ્યકિતઓનો વર્ગ કરી, તે વર્ગ મહાન્ છે એમ માની બેસવું એ એકજ ક્રિયામાં મનુષ્યજીવનનાં બધાં દુઃખ ને બધી અધમતા સમાઇ જતી લાગી. મહાન્ ગણાતા માણુસોની આ સમગ્ર મહત્તાના મહાપાષાણ નીચે આખી દુનીઆ તેણે અધમ જીવન વીતાડતી જોઇ.

એક પુરુષ ખરો વીર નર નીકળ્યો; તેને રાજા ગણી પુજ્યો. તે પૂજા તેને સાર્થક લાગી. પણ એ પૂજા તેટલે અટકી નહીં. એક રાજા પુજવા લાયક માટે જે રાજા કહેવાયો તે પુજવા લાયક એ ભ્રમ પ્રસર્યો–ને પથ્થર પ્રગટયો. મનુષ્ય જંતુ તેની નીચે ભરાવા માંડયાં. રાજ્યપદ એ દૈવી સત્તાનું સ્થાન–એ માન્યતા પ્રગટી; ને પથ્થર મહાપાષાણ થઇ રહ્યો. અને રાજકીય અધમતાની શરુઆત થઇ.

કૌશિક મહાન્ હતાઃ મંત્રદ્રષ્ટા, સંસ્કારદ્રષ્ટા હતા. તેણે બ્રાહ્મણત્વ જન્માવ્યું. તે અર્ધ્યાર્હ હતા. તેના પછી બીજા ઘણા પૂજાર્હ બ્રાહ્મણો થયા. પણ બ્રાહ્મણયોનિમાંજ મહત્તા છે; અને તેથી જ્યાં જ્યાં બ્રાહ્મણ છે ત્યાં ત્યાં મહત્ત્વ છે–આ સમગ્ર મહત્તાના ભ્રમે વર્ણાશ્રમનો મહાપાષાણ રચ્યો. અને સામાજિક અધોગતિની શરુઆત થઇ.

એક પુરુષ સ્ત્રીથી વધારે બળ ને વ્યવસ્થાવૃત્તિ વાળો હતો. સામાન્ય રીતે ઘણા પુરુષો સ્ત્રીથી બળ ને વ્યવસ્થામાં ચઢે છે અને તેટલે અંશે પૂજ્ય હોય છે. પણ પછી સમગ્ર મહત્તાનો સિદ્ધાંત આવ્યો. જ્યાં જ્યાં પુરુષત્વ ત્યાંત્યાં પૂજ્યતા. આ મહાપાષાણ તે સંસાર; ને તેની નીચે સ્ત્રીઓનાં સુખ ને સ્વાતંત્ર્યનુ વળેલું સત્યાનાશ.

ઘણા પુરુષથી ઘણી સ્ત્રી વધારે સુકુમાર, ભાવપ્રધાન ને સ્નેહાળ છે–અને તેટલે

અંશે સુખ ને શાતાની વિધાત્રી ખરી. પણ આ સિદ્ધાંતે અંધશ્રદ્ધા પ્રગટાવી કે જ્યાં સ્ત્રી ત્યાં સુખ; અને ગૃહજીવનનો મહાપાષાણ સ્થાપ્યો કે સ્ત્રી વિના જીવન નહીં. અને આ પથ્થર તળે પુરુષ જંતુઓ વિરામ કરવાને, ચોંટી રહ્યા.

એક ધનાઢય કોઇકને સમૃદ્ધ કરે એ ખરી વાત ને તેથી તે ઉપકારને પાત્ર; પણ તેમાંથી ખોટી માન્યતા પ્રગટી કે સમગ્ર ધનિક વર્ગ જનતાને સમૃદ્ધિથી સુખ દેનાર ને તેથી તેના માનને પાત્ર. આથી ઉદ્ભવ્યો ધનવાદનો મહાપાષાણ; ને નિર્ધનતાની કાલ્પનિક અધમતામાં ગરીબોએ તેની છાંયમાં ક્ષુદ્ર જીવન પુરું કરવા માંડયું.

કલાઇવ જબરો હતો, કેનીંગ મુત્સદ્દી હતો. મેકોલે ને રીપન ઉદાર હતા; કર્ઝન કાર્યદક્ષ હતો. પણ આ ખરું દૃષ્ટિબિંદુ ભુલી 'મહાપાષાણ' પ્રગટ્યો—ગોરા એટલે ગુણશાળી. અને આ ખ્યાલે મારામારીઓ પ્રગટયા; ને જાતીય અધમતાનો પ્રારંભ થયો.

આમ જીવનના દરેક પ્રશ્નોનું ક્રૂરતાથી તેણે પૃથક્કરણ કર્યું ને દરેકમાં આજ રહસ્ય તેને દેખાયું. જે દરેક પ્રકારની નિર્જીવતા તેને ચારે તરફ પ્રસરતી જણાઇ તેનું મૂલ કારણ એજ લાગ્યું કે આ કાલ્પનિક મહાપાષાણથી સ્ત્રી ને પુરુષો ત્રાસતા હતા. અને છતાં તેના ઝાંપડાની મર્યાદામાંજ સુખ માનતા હતા. આ પથ્થરના વિનાશમાંજ સુખ, સ્વાતંત્ર્ય ને માનવતા તેને દેખાયાં.

પણ આ વિનાશ કંઇ સહેલો લાગ્યો નહીં. આ ભયંકર મહાપાષાણ અદ્દભુત ચીકાસથી ચોંટી રહ્યો હતો. એક પથ્થર છે માટે પવિત્ર છે; તે પડ્યો છે માટે જરૂરી છે, ને જશે તો સૃષ્ટિ તુટશે—આ મનુષ્ય હૃદયના ખોટા ખ્યાલોથી આ ચીકાસ આવતી તેને દેખાઇ.

ઇશ્વર વીહોણો તે નિડર થયો; આત્મા વીહોણો તે નિર્લોભ થયો; સમગ્ર મહત્તાની બેપરવાથી તેનો પૂજ્યભાવ ગળ્યો. નિડર, નિર્લોભ ને માનહીણો આ બાલક. ડોન ક્વીક્ઝોટના ઉત્સાહથી, આ ત્રણે પથ્થરોનો વિનાશ સાધવા તૈઆરી કરી રહ્યો.

૪

એટલામાં ગુજરાતમાં અમદાવાદની અઢારમી કોંગ્રેસના વાંજાં વગડવા માંડયાં.

"આરબી"નો ઉત્સાહ અપરિચિત જુસ્સાથી ઉછળવા માંડયો. તેણે ફીરોજશાહ મહેતા, દીનશાહ વાછા ને રાનડેને જોયા હતા; ગોકળદાસ પારેખ, ચીમનલાલ સેતલવાડ ને અંબાલાલ સાકરલાલ જોડે વાતચીત કરી હતી. ઘણા ખરા કોંગ્રેસના આગેવાનો વીશે અનેક કથનીઓ તેણે સાંભળી હતી. તેણે કોંગ્રેસના આગલા પ્રમુખોનાં કેટલાંક ભાષણો વાંચ્યાં હતાં.

તેણે રુમેરુમે જઇ કોંગ્રેસની કથા શરુ કરી અને બધા છોકરાઓનાં હૃદયો કોંગ્રેસની ભક્તિથી ઉછળી રહ્યાં. દિવસ ને રાત ભણવાનું છોડી તેનાં ગપ્પાં મારવામાં "આરબી" ને તેના મિત્રોએ વખત ગાળવા માંડયો.

સુદર્શન એ અરસામાં બે ચાર વખત અમદાવાદ જઇ આવ્યો, અને કોંગ્રેસની તૈઆરી ને ધમાલ આંખે જોઇ. એના ઉત્સાહનો પણ પાર રહ્યો નહીં. જાણે મોક્ષનો દિન ઉગવાની તૈઆરી હોય એમ તે કોંગ્રેસની બેઠકની વાટ જોઇ રહ્યો. "આરબી"એ એક નવું તોફાન ઉભું કર્યું. કોણ જાણે કયાંથી તે કોંગ્રેસના સ્વયંસેવક થવાની અરજીનાં ખોખાં લઇ આવ્યો ને બધાને વહેંચ્યાં. કોંગ્રેસમાં વોલંટીઅર થવું એટલે કોંગ્રેસ જોવી ને જાણવી; તેમાં મદદરુપ થવું ને દેશસેવા કરવી; નેતાઓને જોવા ને સેવવા. "આરબી" પોતે સૈનિકો ભેગા કરવાનો

અમલદાર બની ગયો; તે નિરુત્સાહીઓને ઉભા કરવામાં રોકાયો.

સુદર્શનને જાણે તેમાં સ્વપ્નસિદ્ધ કરવાનો સમય હાથ લાગ્યો હોય એમ લાગ્યું. દેશને ઉન્નત ને સ્વતંત્ર કરવાનો યત્ન તેના ગામમાં થવાનો હતો. જે લક્ષ્ય એનું હતું તે હજારો હીંદી સાધવા ભેગા મળવાના હતા. પલ વાર તેની વિનાશવૃત્તિ તે વીસરી ગયો. એ યત્નમાં જોડાવા તેણે પણ સ્વયંસેવક થવાની અરજી કરી.

તેણે અરજી કરી છે તે વાત તેના પિતાને તેણે લખી. પ્રમોદરાય ગુસ્સે થયા. સરકારી નોકરના દીકરાની મગદુર શી કે કોંગ્રેસમાં જાય! સુદર્શને પત્રો લખ્યા ને પગ ઠોક્યા; તે રડ્યો ને કકળ્યો; પણ રાવબહાદુર એકના બે થયા નહીં. આખરે સમાધાન થયું ને સુદર્શનને પ્રેક્ષક તરીકે જવાની રજા મળી. તેને પોતાના તરફ તિરસ્કાર ને પિતા તરફ ગુસ્સો આવ્યો. ગુસ્સામાં તેણે 'આરબી' પાસેથી અરજી પાછી લઇ ફાડી નાખી; અને પોતે 'જાનબાઈ' છે કહી પરાધીનતાની વેદના અનુભવતાં, તેણે બીજા સ્વયંસેવકોને દેશના ઉદ્ધારાર્થે આગળ ધસતા જોયા.

૧૯૦૨'નાં શાંત, જાડા, શુષ્ક ને વ્યવહારુ અમદાવાદને દેશ ભક્તિએ ઘેલું કરી નાખ્યું. એક પ્રચંડ રાષ્ટ્રીય ઊર્મિ તેની રગેરગમાં પ્રસરી રહી. તેની ગંદી, ગુંચવાડીઆ પોળોમાથી ખભે કોથળી લઇ નીકળતા ગુમાસ્તાને બદલે ઉત્સાહી શહેરીઓ કપડાં ઠેંકારી, રાષ્ટ્રસત્ર શોભાવવા નીકળી પડયા. અહમદશાહનું પાટનગર થોડા દહાડા રાષ્ટ્રનું પાટનગર બની ગયું.

સુદર્શનનાં સ્વપ્નાં નવે પ્રકાશે રંગાયાં. બધા હીંદીઓ માલાભાઈશેઠ નહોતા; બધા હીંદીઓ પુછડી નહોતા પટપટાવતા. હજારો સ્વદેશ દાઝે જલતા હતા; હજારો સેવા કરવાને ભોગ આપવા તૈયાર હતા. લોકની ફીકર કરનાર દેશની ઉન્નતિ ઝંખનાર તે એકલો નહોતો; પણ અનેક બાહોશ, વિદ્વાનને અનુભવી નેતાઓ સુકાન પર બેસી દેશના જીવનની નાવ હંકારી રહ્યા હતા. તે ખુશી થયો કે તે એકલો નહોતો; તે દીલગીર થયો કે આ બધા આગળ પડેલા મોટા હતા ને તે પોતે નાનો હતો ને પાછળ પડી જવાનો. જીવનમાં પહેલી વાર તેણે લોકોની આટલી મોટી ઠઠ જોઇ અને ઠઠમાંજ પ્રગટતા ઉત્સાહને ભાવની દુર્જય વૃત્તિ તેણે અનુભવી. તેની નજરે આ બધા માણસો દેવ હતા; અને દેશનું સ્વાતંત્ર્ય સાધવા ભેગા મળતા હતા. તે દિવસે તેને લાગ્યું કે આ દેશમાં, ને આ સમયમાં જીવવું એ પણ લહાવો હતો.

પ્લેટફોર્મથી છેક દૂર તે મંડપમાં આવીને બેઠો; ને હજારો હાલતાં માથાં પર થઇ ચારે તરફ જોઇ રહ્યો. આ મોટી મેદનીમાં, આ વિશાલ મંડપમાં તેને અલ્પતાનું ભાન થયું; અને જે દેશને ખાતર આ બધા ભેગા મળ્યા હતા તેને માટે પૂજ્ય બુદ્ધિ પ્રગટી. આપણે આપણા લોકો, આપણો ધર્મ, આપણો દેશ આ સંજ્ઞાઓથી તે પરિચિત હતો; પણ પહેલી વાર તે બધાં કેંદ્રસ્થ થયાં અને એક સર્વગ્રાહી ને પરમસંજ્ઞા–મારો સ્વદેશ–તેના મગજમાં ઉદ્ભવી. વાતાવરણ કાંપ્યું–અને જીવંત પ્રતાપશી ધબકતું હીંદ પલ વાર તેણે જોયું. અસંખ્ય માણસના ગડબડાટમાં પણ કરોડોને એકત્ર કરતું પરમ બંધન તેને બાંધી રહ્યું......

એકદમ શોરબકોર ગગનભેદી રહ્યો. દસ હજાર માણસો ઉભાં થઇ ગયાં. હજારો હાથમાં રુમાલો ફરફરી રહ્યા. હજારો અવાજો હુરેહુરે પોકારી રહ્યા.

સુરેંદ્રનાથ બેનરજી મંડપમાં આવ્યા.

સુદર્શને છાતી પર હાથ દીધો. તે ઉભો રહી શક્યો નહીં. વચલા રસ્તા પર અનેક પુરુષોમાં એક કાળા ઝભ્ભાવાળો પુરુષ લાંબાં ડગ ભરી ચાલતો હતો. તે મુખમુદ્રા, તે દાઢી ને કપાળ સુદર્શનને ચિત્રદ્વારા પરિચિત હતાં. તેજ સુરેંદ્રનાથ—'આરબી'નો હીંદી મેઝીની—કોંગ્રેસનો અવતાર......

સુદર્શન કૈં જોઇ શક્યો નહીં. સાંભળવાની તેનામાં શક્તિ રહી નહોતી. મસ્તકોના સમુદ્રની પેલે પાર બેઠેલી એક વ્યક્તિ પર તે આંખ ઠારી રહ્યો હતો. તે વ્યકિત તેને મન માનુષી નહોતી—દૈવી હતી; તે કલકત્તાના પ્રોફેસર ને નેતાની નહોતી-પણ જે સ્વદેશનું તેને પલ વાર પહેલાં ભાન થયું હતું તેની. હીંદ–કાળા ઝભ્ભા ને દાઢી ચશ્માથી શોભતું હીંદ સિંહાસને બીરાજ્યું હતું

આ જમાનો ૧૯૦૨ ના સુરેંદ્રનાથ બેનરજીનુ સ્થાન બાળ હૃદયમાં શું હતું તે ભાગ્યેજ સમજી શકે. સુરેંદ્રનાથ પછી તિલક, તિલક પછી બીસેંટ, બીસેંટ પછી ગાંધીજી એમ લોકપ્રિયતાનો ઇજારો વારા ફર્યો છે. આ પહેલા ઇજારદારનો મોહ કૈં અદ્દ્ભુત હતો; અને છેલ્લા ત્રણ–પત્રકાર, વિદેશી ને સ્વદેશી મહાત્મા–કરતાં પ્રોફેસર પર વિદ્યાર્થી વર્ગની ભકિત સ્વાભાવિક રીતે વધારે હતી.

સુદર્શન માત્ર સામાન્ય વિદ્યાર્થી નહોતો; પણ બાલપણથી સ્વપ્ન જોવાની એને કુટેવ હતી. સુરેંદ્રનાથ તેની આંખે સ્વદેશનેતા દેખાયા નહીં પણ 'સ્વદેશની મૂર્તિ' દેખાયા. એટલામાં ગાન સંભળાયું:-

ગાઓ ભારતનો જય,
શું ભય–શું ભય......

અને એની વૃત્તિઓ બધી એ ગાનના પ્રવાહમાં તણાઇ ગઇ. તેની રગેરગ ગુંજવા લાગી: "શું ભય! શું ભય!"

અને અંબાલાલ સાકરલાલનું ન સંભળાય એવું ભાષણ–થોડાંક અસ્પષ્ટ ભાષણો–ને દૂરથી આવતો, ગર્જતો, ગંભીર શબ્દ પ્રવાહનો ઘુઘવાટ તેના આત્માને મુગ્ધ કરી રહ્યો. "Fellow--Delegates, Ladies and Gentlemen, I thank you for the great honour—" તેણે સાંભળ્યું ન સાંભળ્યું; તે સમજ્યો ન સમજ્યો. ઉંચે શ્વાસે તે જોઈ રહ્યો, હસ્યો, હરખાયો, તાળા પાડી રહ્યો. અને સાડા ત્રણ કલાકે જ્યારે આ બેભાન અવસ્થામાં જાગ્યો ત્યારે શું થઇ ગયું તે પણ તેને સમજાયું નહીં.

[આ રસિક વાર્તાનો વિશેષ ભાગ આવતા અંકમાં]

હૃદય પલટો

—:૦:—

[અનુસંધાન પૃષ્ઠ ૪૫૯ થી]

મૃત્યુ પામ્યાં. અને તે જાબલીમાં તીલકુ સાથેજ રહેવા આવી.

પણ એણે પહાડી ગુણુ ખોયો હતો. ડુંગરાઓ મજા આપે એવું કસરતબાજ શરીર કે પ્રકૃતિ તેણે ગુમાવ્યાં હતાં. તેણે તો સીમલામાં ખુબ સીગારેટ ફુંકી હતી. અનેકને હસાવી ફોસલાવીને 'અમૃતી' કે બંગાળી સંદેશ ઉડાવ્યાં હતાં. અને કોઇ કોઇ બાબુના "દીલની આગ"ને જરા ઠંડી કરવા મચ્છીનું શાક પણ ઉડાવી આવતી. એને જાબલીમાં તીલકુના સાદા ઘરમાં અને પાછું તીલકુ જેવા સાદા માણુસ સાથે જીવન ગાળવાનું અકારું થઇ પડ્યું. સવારે ઉઠવું ને મુડદાલ જેવા બળદ હાંકી ડાંગરના ખેતરમાં જવું. પાસેના ઝરામાંથી પાણી લાવવું; આલુનું શાક કરવું ને રોટલા કરવા. વખતે ઘાસના ભારા લેવા ડુંગરાઓની પગદંડીએ ચઢવું. કુંતીને આ જીવન ફાવ્યું નહીં. એને તો સીમલા રંગેરંગમાં રમી રહ્યું હતું. 'ડાબી બાંય' 'ડાબી બાંય' કરતી દોડતી રીક્ષાઓ, બેંડવાજાં ને યુરોપીઅનના નિર્લજ્જ નાચ, રોફબંધ ચાલતા લાટસાહેબો ને મેમસાહેબો કુંતીની આસપાસ ગુંજારવ કરતા અનેક પુરુષો, આવું આવું એના જીવનનાં સંસ્મરણોમાં ભર્યું હતું. હવે એને આ ઘર પોષાય તેમ હતું નહીં, છતાં તેણે સુખે દુઃખે સાત આઠ વર્ષ તો કાઢ્યાં. તે દરમીઆન તેને એક પુત્ર થયો. આજે તે પણ લગભગ સાત વર્ષનો હતો. કુંતીનો મદભર્યો અત્યંત રમણીય ચહેરો આ છોકરાને વારસામાં મળ્યો હતો. રાજવંશી ગૌરવ-અકારણુ અને અસ્થાને-આ ગામડીઆના છોકરામાં પ્રગટ થયું. પોતાની માને માટે મરી પડે એટલો બધો પ્યાર પણ એનામાં આવ્યો. એની મા ભારો લઇને પગદંડીએથી ઉતરતી હોય, ત્યારે છોકરો એકીટસે પણ ચિંતાભરેલાં નેને એને કલાકોના કલાક અગાઉથી નીહાળતો ઉભો રહેતો. પણ જેટલી પ્રીતિ છોકરાને હતી, તેટલીજ બેદરકારી માંને હતી. કુંતીનો વિલાસી, અભિમાની, તીખો સ્વભાવ તીલકુની ગરીબીથી વધારે તીખો બન્યો હતો. તે તીલકુને ઘણી વખત ધમકાવતી; છોકરાને પણ ઝાપટી કાઢતી. બંનેને રડતા મુકી, પોતે નીરાંતે સીમારેટ ફુંક્યા કરતી.

પણ એનો છાકરો દોલત માયાભર્યો હતો. તે આવીને છેવટે માને વળગી પડતો. અને એના હાથ પર, પગ પર, ગાલ પર, બાલ પર, ચુંબનોનો વરસાદ વરસાવી મુકતો. પોતાની વહાલસોઇ રીત પ્રમાણે વારંવાર પુછ્યા કરતોઃ 'બોલની મા તું કેમ બોલતી નથી?

અને કુંતી હસીને તેને તેડી લેતી. એ વખતે કુંતી તો અકસ્માતજ બોલતી, પણ સાચા વહાલમાં, માણુસથી કયારેક ભવિષ્યવાણી બોલાઇ જવાય છે. 'બેટા! મને ઉગારશે-તારશે એમ લાગે છે' અને સજળ નેને મા દીકરો એક બીજાની 'હુક'માં ઘણાઘણા કલેશના પ્રસંગો ભુલી જતાં હતાં.

પરંતુ કાલકા સીમલા રેલ્વે દિવસમાં બે ચાર વખત નીકળતી, ત્યારે તેની સીસોટી વાગતાં, કુંતીનું મન સીમલામાં જઇ બેસતું. રૂપાળાં લુંગડાં, નાજુક ઘરેણાં, ચોખ્ખા હાથ પગ, ને રૂપરૂપના અંબારને વખાણુનારા-પુજનારા-એની પાસે નાચનારા અનેક પુરુષો-

આ બધું કુંતીથી કયારેએ ભુલાતું નહીં. ખરી રીતે તો તે એજ જીવન જીવતી. અને હાલનુ એનું જીવન ઉપરટપકાનો વ્યાપારજ હતો. છેલ્લા વર્ષમાં તો તીલકુ પણ ભયંકર ઘસારો ખમી રહ્યો હતો. મજબુત પહાડી શરીર ઘસાતું હતું. તે મુશ્કેલીથી જેમતેમ, ચલાવતો હતો. પણ હવે તેનું શરીર ટકે તેમ હતું નહીં. દોલત આ બધું ચિંતાથી જોયા કરતો, ને ન ખમાય ત્યારે કોઈ ઝાડ નીચે રોઈ, ઝરણામાં આંખો ધોઈ, પાછો આવીને બાપની પથારી પાસે બેસી જતો.

૪

પહાડી સ્ત્રીઓ સાધારણ રીતે રુપાળી હોય છે. પણ તેમનાં શરીર, ટુંકાં હોવાથી, તેઓના રૂપમાં, એક જાતની ખામી રહી જાય છે. કુંતીના માબાપ પહાડી હતાં, પણ તેમનો પહાડનો વાસ મેદાન જેવોજ હતો છેક હિમાલયના કાંઠા પર તળેટીમાં તેઓ રહેતાં, ને પાછળથી સીમલા આવી રહેલાં. એટલે કુંતીનું શરીર, અત્યંત ઘાટીલું 'ગોરાંદે' જેવું હતું. એના રૂપમાં તેજ, તીખાસ, મદ, અને મસ્તી ભર્યાં હતાં. આંખ ફેરવે ત્યાં પુરુષ મુજી ઉઠે અને ફેરવેલી આંખ એવી રુપાળી લાગે કે તે છેવટ નમતો–ભજતો કુંતીના બાલ સમારવા બેસી જાય કે પગજેબને વારંવાર પગમાં ફેરવવા લાગે.

કુંતીના આ નજરના ચમત્કારથી, પુરુષો–કેટલીક વખત તો 'મોટા કહેવાતા' માણસો–પગમાં ને પગમાં પડ્યા રહેવા લાગ્યા. એની સ્થિતિ પ્રમાણે એ વૈભવની છોળ વચ્ચે રહેતી. 'પડઘાવાલે ચાદર'ના સુનેરી ને રુપેરી ભરત ભરેલ મખમલના કબજાના, અનેક રંગી ઓઢણીઓના, એની પાસે વગર માગે ઢગ થઈ જતા. પછી એ જાખલીમાં ગઈ, પણ એના જીવનનાં સંસ્મરણોમાંજ એ જીવવા લાગી. એને પતિની પરવા ન હતી અને દીકરાની દરકાર ન હતી. ખરી રીતે તો દોલત એને ભારરુપ હતો: એણે જીવનના એવા એવા રસાસ્વાદ લીધા હતા કે સુખી ગૃહિણી કે મમતાળુ માતા થવાની શક્તિ એણે ગુમાવી હતી. વિલાસી, વૈભવશાળી ને સત્તાપ્રિય અભિમાની સ્ત્રી તરીકેજ એનું જીવન ઘડાઈ ચુકયું હતું.

એટલામાં એને બીરપાલ મળ્યો. મુળ તો એ પણ પહાડી હતો. પણ પોતાના અનેક ભાઈઓ પર 'રોફ' બજાવી શકે એવો 'યુનીફોર્મ' તેણે મેળવ્યો હતો. ધીમેધીમે એની લાલ-પાઘડીમાંથી સોનેરી કલગી ફુટી: જમાદાર બન્યો: અને હવે એ સત્તાધીશની ઢબથી, ઘણી વખત, પોતાના હોલબુટમાં નેતરની સોટી પછાડતો, આમતેમ ફરતો દેખાતો. જાખલીની આસપાસ એનું રહેઠાણ હતું. એટલે એ રજા પર આવ્યો ત્યારે જાખલીના ડુંગરાઓમાં આ બન્ને ઘણી વખત મળતાં. અને એ પરિચયે પ્રીતિનું સ્વરૂપ લીધું. કુંતીએ પોતાના કંગાલ ઘરને છોડી, તેની સાથે જવાનું કબુલ્યું. અને બીરપાલના સીમલા ગયા પછી એક અઠવાડીએ તે ઘર છોડી ચાલી નીકળી. જાખલીનાં કંગાળ સાથે ઘરો પાછળ રાખી તે સીમલા તરફ આકર્ષાણી.

૫

જે દિવસ કુંતી ઘર છોડવાની હતી, તે દિવસ તેણે હંમેશ કરતાં વહેલી રસોઈ કરી લીધી હતી. મુંગા બળદ, અરધું બોલે તેવાં ઝાડ, કે જડ પથ્થર કોઈનું આ હેરફાર તરફ લક્ષ્ય હતું નહીં. માત્ર એક દોલત જોઈ રહ્યો

હતો કે મા ઝપાટાબંધ કામ ઉકેલે છે. તે દિવસે તો તેણે જાડો ઘઉંનો રોટલો ને આલુનું શાક દોલતને બોલાવીને પ્યારથી પીરસ્યાં છે.

આ છોકરો પ્રેમમૂર્તિ જેવો હતો. આજે માને આટલું કરતી જોઇને તેની આંખમાં આંસુ આવ્યાં. કુંતીએ તે જોયાં. તેનું મન પણ ડગ્યું. પણ બીજી ક્ષણે–પ્રેમનો, નશો ને મદનું ઘેન વ્યાપી ગયાં: રુપાળા સુગંધી કેશને અત્તરવાળા હાથથી સમારતો બીરપાલ–વિલાસની મૂર્તિ જેવો–એની સામે ખડો થઇ ગયો. છોકરાનાં આંસુ હીનાથી રંગેલ પાનીની કલ્પનામાં ભુંસાઇ ગયાં. ઘડીભર આવેલો પલટો તરતજ વળી ગયો. એક ખુણામાં દુઃખથી રીબાતો તીલકુ પડયો હતો. તેના તરફ દૃષ્ટિ કરી કુંતીએ તરત ભ્રમર ચઢાવી. હજી તો મા એની એજ છે એ પ્રત્યાઘાતથી નિરાશ બનેલો દોલત. આલુનુ ફોડવુ નીચે પડી ગયું હતુ એ કુંતી દેખે તે પહેલાં ઉપાડીને ઝડપથી મોંમાં મુકી પરાણે પરાણે રોટલો ચાવવા લાગ્યો.

તે રાત્રે કુંતી ઉપડી ગઇ. સવારે જ્યારે પાંચ વાગે પ્રકાશ થવા લાગ્યો, ત્યારે તીલકુ પોતાના નબળા બળદ છોડી ખેતર ભણી રવાના થયો. કુંતીને બોલાવવાની તો હીંમત ચાલી નહીં, પણ દોલતને બોલાવ્યો. છોકરે, બાપનું નબળું શરીર જોતાં, તેણે જે કહ્યું તે સાંભળ્યું. અને પછી પાછો પોતાની પથારીમાં થોડી વાર લોટતો પડયો.

પણ દોલતના જીવનમાં ગઇ કાલથી એક ભારે ફેરફાર થઇ ગયો હતો. મા હમેંશને માટે બદલાઇ ગઇ કે શું–અને તેણે કેવા પ્યારથી આલુનુ શાક પીરસ્યું હતું–એ વાત પર ચિંતન કરતા, આજે એને બાચારાને સોનેરીસ્વપ્ના જેવી રાત્રિ વીતી ગઇ હતી. સવારમાં ઉઠીને હસતા મુખની મા જોશે–એ વિચારથી તે આનંદી બન્યો હતો. તે ધીમેથી ઉઠયો. અને જરા પણ અવાજ ન થાય તેમ, માની પથારીમાં એને સુતેલી નીહાળવા ચાલ્યો. અંગુઠા પર ને અંગુઠા પર સાવચેતીથી માની પથારી સુધી ગયો. માથું છેક નીચે નમાવ્યું: શ્વાસ રુંધ્યો. છીંક આવવાની શઇ તેને બગાસામાં ફેરવી નાખી, અને આંખો ખોલીને પથારીમાં જોયું. પથારીમાં બકરાના વાળનો ખડબચડો ધાબળો પડયો હતો. અને મા ત્યાં હતી નહીં!

દોલતે વીચાર્યું કે કદાચ વહેલી ઉઠીને મારે માટે આલુનું શાક તૈયાર કરતી હશે. પણ તેની સામેજ ગાત્ર ઠંડાં કરે તેવો ટાઢો ચુલો કૈં પ્રકાશ વિના એમ ને એમ સુતો હતો. હવે? બાળક તો પરમ આશાવાદી હોય છે. તેણે વીચાર્યું કે મા પાણી ભરવા ગઇ હશે. તે બહાર નીકળ્યો. એક શેવાળવાળો ઘડો ને એક જુનું માટલું–પોતાના ઘરનાં બંને વાસણો એમ ને એમ બહાર પડ્યાં હતાં. એ નિરાશામાંથી પણ છેવટનો આશાનો અંકુર ફુટયો. ચોક્કસ મા ધોવા ગઇ છે. 'કેવી!' તે મનમાં ને મનમાં મલકાયો. 'હું ભેગો જાઉં છું. માટે આજે વહેલી ચાલી ગઇ. હવે તો એ આવે ત્યારે ભેગો ન તેડી જવા માટે મારે વહેલું વહેલું આલુનું ઉનું શાક કરાનું!–' દોલત આ વિચાર આવતાં મનમાં મોટેથી હસી પડ્યો. ને આ દંડ ભારે થશે; એવા રમુજી વિચાર કરતોકરતો, ફરીને તે તો પોતાની પથારીમાં પડી ગયો. માએ કાલે જરા માયા બતાવી હતી, ત્યાં છોકરાએ પોતાના લાડની વિચારમાળા, મનમાં ગોઠવી દીધી હતી. પણ સવારે ઉઠીને, તે મજનુના ઝાડ નીચે ઝરાકાંઠે ઉભો ઉભો રોતો ને પાણીની

ઝાલકથી ધોવાતાં આંસુ, ફરીફરી ઉભરાશે, એ વાતને એના બાળક દીલને ખ્યાલ પણ ન હતો.

૬

આ બનાવ પછી સાત લાંબાં વર્ષ વહી ગયાં. અને તે દરમ્યાન તો જાખલીમાં પણ શું શું બની ગયું? એક ઘર પડી ગયું. એક કુટુંબ શહેરમાં ભાગી ગયું. તીલકુની માસીની દીકરી પણ કુંતીની પેઠેજ નાસી ગઇ. અને તીલકુ પોતે મરણ પામ્યો. પોતે જેવો ઠંડા હતો, તેવીજ ઠંડી પ્રકૃતિથી, એણે દોલતને મરતાં મરતાં આશ્વાસન આપ્યું હતું. "હશે બેટા! આપણો લેણુદેણીનો એવો સંબંધ. હવે આ ઘર સાચવો ને હમણાં ઢોલાકાકા સાથે કામ કરતો જા."

કુંતીની ધાક વૃદ્ધ માણુસને છેક મૃત્યુ સુધી સાથે રહી હતી. તેણે દોલતને કહ્યું હતું કે "જો જે બેટા! વળી તારી માને કેંતો નહીં કે હું ધખ્યો છું. નહીંતર વળી એ ખીજશે. એમ કહેજે કે હશે માણુસનો દેહ છે તે ભુલ થાય"

બીચારો તીલકુ એ રીતે મરણ પામ્યો. દોલત તે દિવસે પણ એના પલા પ્યારા મજનુ વૃક્ષની નીચે જઇને રોયો. સામેની પગદંડીઓ પર એની મા ઘાસનો ભારો લઇને આવતી ને પોતે અહીં ઉભો નીહાળતો, એ એને સાંભરી આવ્યું! એની માનું ગોરુંગોરું મોં એને ફરી સાંભર્યું. એને સાંભર્યાં માનો ખોળો ને માથા પર ફરતો હાથ. આજે વગડામાં ને એકાંતમાં એ ખુબ રોયો. ઘણાએ કુંતીના રૂપને જોયું હશે, પણ કોઇએ, એને ઇશ્વર જેવું પવિત્ર નહીં માન્યું હોય. આજે પોતાની નફટ વેશ્યા જેવી માના પવિત્ર રૂપને સંભારી સંભારીને આ છોકરો ફરી ફરી રડયો. અરે! જ્યાંજ્યાં પ્રેમની સાચી સગાઇ હોય છે, ત્યાં ઇશ્વર પોતે હાજરાહજુર દેખાય છે.

દોલત પોતાની માનું, આજે એજ વખતે થએલું મહાપતન દેખતો હશે કે નહીં તે કહેવું તો અશક્ય છે પણ અકસ્માત્ બે બનાવ સાથે બનતા હતા. જે વખતે દોલત માને સંભારીને રડતો હતો, તે વખત ઝેરીલી નાગણની માફક છંછેડાએલી કુંતીએ બીરપાલને પણ છોડયો હતો. આ તેજીલા સ્વભાવને બીરપાલ પણ જાળવી શક્યો નહીં અને પુરુષ પ્રત્યેના ધિક્કારમાં કુંતીએ પ્રતિજ્ઞા મૂકી કે હવેથી મારે કોઇ પુરુષ ધારવોજ નથી. પુરુષને કુતરાની માફક નચાવવાની મજાજ લેવી છે. અને એ મજા લેવા તરફ તે વળી ગઇ.

૭

ઘણી વખત મોજશોખ નબળાનું નહીં પણ થાકનું પરિણામ હોય છે. બાપના મૃત્યુ પછી થોડે વખતે દોલત પોતાનાં ઘરબાર છોડી, ખેતર બળદ વગેરે ઢોલાકાકાની સંભાળમાં મુકી, પોતે સીમલા આવ્યો હતો. વાંસો ફાટી જાય તેવાં તોતીંડ લાકડાં જંગલમાંથી લઇને તે છેક સાંજે પાંચ વાગે પાછો વળતોઃ કે વખતે તે થાકથી લાકડાંને રસ્તામાં છોડી, ભુખ્યો ભુખ્યો ઘેર આવતો, ને બીજે દિવસે સવારે તે લેવા જતો. સવારના અગીઆર થયા હોય કે સાંજના પાંચ વાગ્યા હોય, ને હાથમાં ટેનીસરેકેટ લઇ ઇંગ્લીશ યુગલ ચાલ્યાં જતાં હોય, તો એ બીચારો, કલાક અરધો કલાક, છ સાત મણનો ભાર લઇ રસ્તા પર ઉભો રહેતો! ને બાગ જોગે કોઇ 'સોલ્જર'

ફરતો નીકળે તો એનેજ પહાડી ભાઇ જે સીપાઇ હોય, તે દોલતને કોઇ લાંબે રસ્તે જવા હુકમ કાઢે. એ લાંબો રસ્તો એટલે બબ્બે હજાર ફીટ ચઢવા ઉતરવાની અથાગ મહેનત. છેક સાંજે ઘેર જાય લોટ લાવે. રોટલો કરે. અને પછી ડરતો ડરતો જરાક વીજળીના દીવા જોવા નીકળે ! એનું શરીર પણ છેક મુડદાલ જેવું બની ગયું; ચહેરો લેવાઇ ગયોઃ અથાગ શ્રમથી શરીર ઘસાવા લાગ્યું. એણે સીમલાના ખુણેખુણા ખોળ્યા, આયાઓનાં જુથ જોયાં, અંગ્રેજનાં ગુલાબી છોકરાં આંખે ધરાઇ ધરાઇને જોતો ફર્યો, પણ ક્યાં એની ‘ગોરાંદે’ જેવી માનો પત્તો મળ્યો નહીં. મોટીબજાર પરથી ઘણી વખત સામેના ડુંગરા-પર વાદળાં બેસે તે એ જોઇ રહેતોઃ પગદંડી-ઓનો તો તેણે પોતાના મગજમાં નક્શો કાઢ્યો હતોઃ પણ જાબલીની જે પગદંડીથી મા આવતી, એવી એક પણ પગદંડી મળી નહીં. પંદર વર્ષનો જુવાન છતાં, આઠ વર્ષના બાળકની માફક એ માનું નામજ સંભાર્યાં કરતો. જમાના પહેલાંની રોમન સ્ત્રીના જેવા ગૌરવથી નીકળતી અંગ્રેજ લલનાઓ સામે, આ બીચારો બાઘામંડળ જેવો પહાડી જોઇ રહેતો. રજપુતાણી- જેવી શીખ સ્ત્રીઓ એમનાં ભાતભાતનાં લુગડાં પહેરી નીકળતી, પણ એ કોઇમાં એને પહેલો ચહેરો મળ્યો નહીં !

આજે દોલત સવારમાં ઉઠીને પોતાને માટે લાકડાં લાવ્યો. ને આઠ પહેલાં તો પાણી સારદા પહોંચી ગયો હતો. છેક સાંજે ઘેર વળ્યો ત્યારે મોટીબજારના રસ્તા પર ‘સાહેબલોક’ને ચાલતા જોઇ, આ પહાડીને સીપાઇએ કાઢી મુકયો ને તે ફરીફરીને ઘેર પહોંચ્યો ત્યારે એનું મગજ તદ્દન શૂન્ય બની ગયું હતું. એના પેટમાં લાહ્ય બળતી હતીઃ શરીર તપતું હતું; અને આરામ માટે-જરાક ચેન માટે-એનો જીવ તલપાપડ થઇ રહ્યો હતો. અને પૈસાથી વેચાતો મળે તેવો મોજ-શોખ ક્યાં હોય? જરાક આરામ માટે તલપતું મન સ્ત્રીઓ તરફ ચોંટ્યું એણે અચાનક પોતાનો પગ વેશ્યાવાડા તરફ ઉપાડયો. અને ધ્રુજતો ધ્રુજતો એ ત્યાં પહોંચ્યો.

ત્યાં માણસોની ઠઠ જામી હતી. કેટલાક ફરતા હતા. કોઇક કામનો ઢોંગ કરી ઉભા હતા. જુવાન અને પાપ વિનાનાં માણસો અથાગ શ્રમથી થકેલાઇને જ્યાં શાંતિ ન હતી, ત્યાં શાંતિ શોધતાં હતાં.

દોલતની નજર પડી ત્યાં, સામેના ખંડમાં એક લાવણ્યઝરતી સ્ત્રી બેઠીબેઠી સીગારેટ ફુંકતી હતી. દોલત ત્યાં ફર્યો; ફરી પાછો ફર્યો. પણ પેલીએ આવા ભીખારીદાસને પ્રોત્સાહન આપ્યું નહીં. દોલત બધી હીંમત ભેગી કરીને અંદર ગયો. એક તરફ પલંગ હતોઃ ને તેને ઢાંકવા માટે ચારે તરફ પડદા ટીંગાતા હતા. બે ચાર છબીઓ સામેની ભીંત પર ચોંટી હતી. ને એક સગડીમાંથી, કોલસા-નો મધુર તાપ ફેલાતો હતો. દોલતને એકદમ હુંફ આવતી હોય તેમ લાગ્યું. પણ એના મોંમાંથી એકેએ શબ્દ નીકળ્યો નહીં. આવા પ્રસંગનાં અનુભવી ચતુર સ્ત્રીએ પહેલ કરી. તેણે ભ્રકુટી ચઢાવી ધિક્કારથી પુછ્યુંઃ "તુમ કોન હો? ઇધર કયા કામ હે?"

દોલત બોલતાં ધ્રુજયોઃ "ઇધર મૈં...... ઇધર મૈંસ સોચા—"

આ રસ્સાદાર જુવાન સ્ત્રી હસી પડી. દોલત ભોંઠો પડીને ત્યાંજ ઉભો રહ્યો. તેણે દોલત સામે જોયું. તિરસ્કાર અને અભિમાનથી બોલીઃ "સુણલો? તુમ કીસીકુ ઢુંઢતે હો?

આદમી સબ કુત્તે જૈસે હો ગયે..." તેણે પાછળથી ઉમેર્યું.

આકાશમાં ઘનઘોર વાદળાં ચઢ્યાં હતાં. વીજળીના ચમકારા થવા લાગ્યા. પાસેના કોઈ મંદિરમાંથી એ ઘંટા સંભળાયા અને કોઈ લટાર મારતા મીયાંભાઈ,

"કો આસી હુવા હે તેત,
હમારે દીલ જલાનેકુ,
જીગરમેં લગ રહી હે આગ,
અલા તેરી બુઝાનેકુ—

એમ લાંબે રાગરે ગાતા ચાલ્યા ગયા. દોલત બાધામંડળ જેવો હતો. ત્યાં ને ત્યાં ઉભો રહ્યો

પાસેના ખંડમાંથી સારંગી અને તબલા સાથે મોહક આસ્વર સંભળાતો હતો:

"એક તો મેરી નવજુવાની
ફીર પુરાણી ચુડીઆં"

વચ્ચે વચ્ચે 'હાં હાં, જીતે રો' એવા ધરફા પુરુષના અવાજ સાથે એની એ ટેક ફરી ફરી ગવાતી હતી.

'ફીર પુરાણી ચુડીઆ'
'હાંજી ચુડીઆં......જી, તે રો'
'એક તો મેરી નવજુવાની

* * *

દોલત ધબ લઈને નીચે બેસી ગયો. તે મોટેથી બોલી ઉઠ્યો: "મૈં બૈઠંઘું. તુમ સજન હૈ સુંદર જી. તુમરો પ્યાર મૈંકણી બચુંલા"* "હમેરી પાસ તુમરેરે લીયે પ્યાર નહીં હૈ. તુમ ફીયરકે રહેનેવાલે હો બદરકલ!"

ક્યાં પોતે લઘરવઘર ભીખારી અને ક્યાં લાવણ્ય ઝરતી રેશમી ઝીકસતારાની સાડીમાં સજ્જ સામે બેઠેલ સુંદરી! વિશેષ સંભારતાં તેના પગ ઢીલા પડવા લાગ્યા. તેના બદન પર પરસેવો છુટ્યો. તે ચળકતા દીવાઓ સામે ને સતારા સામે જોઈ રહ્યો. પેલી સ્ત્રીએ તેની સામે જોઈ ફરી ક્રૂર હાસ્ય કર્યું. તેણે પોતાની મોતીની સેર સમારી; તંગ ઉરજ ચોરણીવાળો પગ લાંબો કર્યો: ને પાસેની લાકડી લઈ દોલત ઉપર ફેંકી: "સાલે કુત્તે! ક્યું ખડે રહા હે! કોઈ દુસરે કુત્તે ચલે જાયગેં!"

દોલતને ઘા લાગ્યો. તેની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં: તે અત્યંત ક્ષીણ દયાજનક અવાજે બોલ્યો: "મને ખબર નથી કે હું શું કામ આવ્યો છું; પણ મારું શરીર થાકી ગયું છે. અને મને આરામ જોઈએ છીએ."

"આરામ? ઇધર આરામ નહીં હૈ. ઇધર આગ જલ રહી હૈ."

દોલતને એક નિ:શ્વાસ મુક્યો: તેના મનમાંથી એક વિચાર વીજળીને વેગે પસાર થઈ ગયો: 'બદસ્કલ! હા, આ લઘરવઘર કપડાંને—ક્ષીણ શરીરને—બદસુરત શરીરને, માતા વિના કોણ ચાહે?—માતા વિના એવો નિર્મલ પ્રેમ ક્યાં મળે કે જે આ કુરૂપ શરીરને પ્રેમના સ્પર્શથી 'સજન હૈ સુંદર' બનાવી દે!—તેને પેલી પગદંડી, આમલી, પેલું મજનુનું ઝાડ, ઝરા—ઝરણાં અને મીઠુંમીઠું રુદન સાંભર્યાં: તે પોતાની ચુરેલ ધાબળી ખભા પર નાખી, વાંકી લાકડી લઈ બેઠો થયો તેના મોંમાંથી અચાનક શબ્દ નીકળી ગયો: "†ઇજા! ઇજા! ઇજા!"

* મૈંકણી=મને
બચુંલા=બચાવરો.
† માતા.

અને એ શબ્દ સાંભળતાંજ પેલી સ્ત્રી જાણે અનેક વર્ષ પાછાં હઠીને કૈં સંભારતી હોય તેમ દોલતને નીહાળતી ઉભીઃ તેને કોઇ પરિચિત ચહેરો નજરે પડ્યો. તે નરમ પડી ગઇ.

"તુમ કીધરકે રહનેવાલે?

"જાઅસી"...દોલતે શાંતિથી ઉત્તર આપ્યો.

અત્યંત દુઃખથી પેલી સ્ત્રીએ પોતાના માથા પર હાથ મુક્યો

દોલતે પોતાની લાકડી ખખડાવી. પાછા વળવાની તૈઆરી કરી. પેલી સ્ત્રી ઉતાવળે બોલી ઉઠીઃ 'ઠ્હરઃ ઠ્હર, જુવાન! તુમેરી જાત કી?'

"*જોના—

"નામકી?

"દોલત!

'હેં! દોલત? પેલી સ્ત્રી ફીક્કી પડી ગંઇ. તેની અતિ અમૂલ્યવાન, ઝીકસનારાની સાડી, જમીન પર રગદોળાવા લાગી. ને તે પાસે આવવા લાગી. 'ત્યારે તો તું'......તેણે ધ્રુજતાં ધ્રુજતાં ઉમેર્યું. દોલતનો ચહેરો એકદમ ફીક્કો પડવા લાગ્યો. તદ્દન શૂન્ય દશામાં હોય તેમ દોલત ભાનવિનાજ બોલ્યોઃ "તુમ મેરી મૌનારી! ઓ મૌનારી........"

"દોલત! મૈં તુમેરી મા કુંતી."—

વાક્ય પુરું થાય તે પહેલાં કુંતી દોડી. દોલત એની લાકડી પર અઢેલીને મુડદાની પેઠે ઉભો હતો, તે નીચે ઢગલો થઇ પડનો હતો. કુંતીએ દોડીને પડતા દોલતને બચાવી લીધો. પોતાના ખોળામાં લઇ લીધો. તેની શૂન્ય આંખ કુંતી સામે ટગરટગર જોયા કરતી હતી. તેણે થાકથી—નિરાશાથી—પ્રત્યાઘાત સહન ન થવાથી પોતાનું માથું કુંતીના ખોળામાં નાખી દીધું. કુંતી આજે જીંદગીમાં પહેલવહેલાં આ શૂન્ય આંખો જોઇને રડી. તેને નાનો દોલત અને તેનો પ્રેમ સાંભરી આવ્યાં; પગદંડી ઉપર નજર રાખીને કલાકના કલાક તે મજનુના ઝાડ નીચે થોભતો એ યાદ આવ્યું. એ અકારણ માત્ર તેને જોઇનેજ આનંદ પામતો તેની સ્મૃતિ ચઢી. તેની આંખમાંથી દડદડ આંસુ ચાલી નીકળ્યાં. જીવનનું બધું ઝેર એક ઘડીમાં સરી ગયું.

'દોલત! બેટા! મૈં તેરી માના કુંતી...'

આંસુથી બીજા શબ્દો ઢંકાઇ જતા હતા;

"મૈ તેરી માતા કુંતી...વેશ્યા જેસે કામ...."

દોલત એક વાર ફરીથી એના ખોળામાંથી બેઠો થયો.

અત્યંત પ્યારથી, તેણે કુંતીના હાથ પર, પાની પર, પગ પર, ચુંબન કર્યાં. "તું દુસરે કુછ નાઇ. તુમ મેરી મૌતારી! તુમ મેરી મા...તે ગાંડાની પેઠે—ચિત્તભ્રમની પેઠે લવતો હતો. "ઓ મૌનારી! તુમ સબન હે સુંદર છો. તુમ સબન હે કોમલ છો. તુમ સબન હે પવિત્ર છો."*

અને કુંતીના ખોળામાં માથું નાખી, તે આંખો મીંચીને શાંત પડી રહ્યો.

"બેટા! દોલત!"...કુંતીએ અત્યંત આર્તસ્વરે દોલતને બોલાવ્યો. "આલુકા શાક બનાઉં? બેટા! દોલત! દોલતે કંઇ જવાબ આપ્યો નહીં.

જબરા કડાકા સાથે આકાશમાંથી વરસાદ તુટી પડ્યો.

* ઓ મા! તું સર્વથી સુંદર છેઃ સર્વથી કોમળ છેઃ સર્વથી પવિત્ર છે.

[આ લેખનું અનુસંધાન પૃષ્ઠ ૪૫૮ ને બદલે ૪૬૨ વાંચવું.]

મોહન માયા

[અનુસંધાન પૃષ્ઠ ૪૬૯ થી]

અંબાલાલ

[કજીઓ સમજી તે અટકાવવા વચ્ચે પડે છે.] આ શું છે?

નરોત્તમ

[સસરાને જોઇ ચમકે છે. ફેરવી તોળે છે.] કે નહીંરે! એતો અમસ્તો વાદ.

મોહન

[એ પણ ચમક્યો. નરોત્તમની યુક્તિમાં ભળી જાય છે.] હાજી, રાજનીતિ સંબધી કે તકરાર ચાલતી હતી.

અંબાલાલ

તમારી બનેની બોલવાની રીત પરથી મને તો પળભર એવી બીક લાગી કે ઘણીજ વધારે મહત્વની તકરાર હશે [નરોત્તમને] જીવરાજને કોઇ દર્દીએ બોલાવ્યા, એટલે એ તો ચાલ્યા ગયા; પણ સમાધાન થઇ જશે ખરું. [મોહનને] વૈદરાજને પણ, કવિરાજ! આપના પ્રતિ અપૂર્વ ભક્તિ લાગે છે. બીચારાએ હીરાસિંહને બહુએ સમજાવ્યો, પણ હાલ તો પેલો સમજતોજ નથી. આપે એના હરિસિંહને જોએલો કે?

મોહન

[બેપરવા અવાજ] બીલકુલ નહીં. નામ પણ આજ સાંભળ્યું.

નરોત્તમ

એવા કેટલાએ બાળકો આમ બુદ્ધિભ્રષ્ટ થયા હશે? કેટલાએ કુટુંબમાં હોળી પ્રગટી હશે?

અંબાલાલ

પણ તેમાં કવિરાજનો શો દોષ!

નરોત્તમ

કવિરાજનો નહીં તો ગાંધીજીનો! મહાત્માએ માર્ગ બતાવ્યો તેનો કવિરાજે અમલ કરી બતાવ્યો. પોતાના ઇલકાબનો ઇન્કાર કરી અપૂર્ણ બુદ્ધિના અર્ધદગ્ધ બચ્ચાંઓને ભમાવવામાં પાદપૂર્તિ કરી.

અંબાલાલ

પણ દેશસેવામાં......

મોહન

દેશ સેવા તો થઇ કે નહીં, પણ ઘણાએ કુટુંબોમાં તો આ રીતે હાનિ પ્રગટી હશે. તેનો જવાબદાર કોણ? [પુષ્પા બાગમાંથી આવે છે.]

પુષ્પા.

કવિરાજ! આપને અંબ્યાસ તૈયબજી મળવા ઇચ્છે છે.

મોહન

[ગભરાયો.] તૈયબજી! મારે હાલ કોઇને... ..

પુષ્પા

હું જાણું છું. અને એમને પણ મેં જણાવ્યું કે આપ અહીં એકાદ દિવસ ગુપ્ત રહેવા ચાહો છો. પણ એણે તો જુની મીત્રાચારીના હક તરીકે.........

નરોત્તમ

[તેને હીમત આપવા, તેમજ સુચના કરવા.] એવા જુના મિત્રોને કે ના પડાય, કવિરાજ! ખાસ કરીને જ્યારે એમની આંખે બરાબર દેખાય નહીં અને કાને વૃદ્ધાવસ્થાને લીધે સંભળાય નહીં.

મોહન

[હવે નિર્ભય બન્યો. આંધળા-બહેરાને મળવામાં શી બીક?] બેશક નહીં. ચાલો, મીસ પુષ્પા! બતાવો ક્યાં છે મારો એ પરમપ્રિય મિત્ર!

પુષ્પા

આરોગ્ય ભુવનમાં બેસાડ્યા છે. આપની જોડે એક મીનીટનીજ ખાનગી વાત કરવી છે, એમ કહેતા હતા.

મોહન

વારુ ત્યારે. [જમણે દરવાજેથી જાય છે.]

અંબાલાલ

નરોત્તમ! આ હીરાસિંહના ઘોંટાળાનું કૈંક કરોને! હું તો હાર્યો. મારાથી પોલીસની સહાય પણ લેવાતી નથી, અને કવિરાજને ઇજા પહોંચે એમ થવા દેવાનું પણ નથી.

મોહન

ત્યારે હું કલેકટર સાહેબ પાસે જાઉં?

અંબાલાલ

[એની હરગબાજી સમજ્યો નહીં] તે તું તારે ફાવે તે કર. પણ......

પુષ્પા

[નવો વિચાર આવવાથી] મહાત્માજીને ચેતાવોને! ખરો રોષ તો હીરાસિંહને મહાત્માજી પર છે!

અંબાલાલ

જાણે આટલી ઉપાધિ પુરતી નહીં હોય, કેમ પુષ્પા! તારે શું ગાંધીજીને પણ આ ઘોંટાળામાં ફસાવવા છે?

પુષ્પા

ના, બાપા! પણ એમના ઉપદેશથી એમના મહત્વાકર્ષણથી, એમના તપોબળથી આ બીચારાનું દુભાએલું દીલ શાંત થાય.

અંબાલાલ

મારે પોતાને મહાત્માજીને ટાગોર ભેટાડવા આજ આમંત્રણ કરવું હતું; પણ આ નવી પીડા પડવાથી હું તો મુંઝાઇ પડયો છું. કૈં સુઝતું નથી.

પુષ્પા

નરોત્તમભાઇ! તમને મારી સૂચના કેવી લાગે છે?

નરોત્તમ

વીચારવા જેવી તો ખરી. પણ પહેલાં હું જાતે હીરાસિંહને મળી જોઉં?

અંબાલાલ

ના, ના, એના કરતાં તો મહાત્માજીને, પુષ્પા કહે છે તેમ, મળવું સારું. જરુર કૈં માર્ગ બતાવશે.

નરોત્તમ

વારુ ત્યારે, લો જઇ આવું. [નરોત્તમ બાગવાટે જાય છે.]

અંબાલાલ

અને દરમ્યાન હું પુસ્તકાલય ગોઠવી દઉં, અને ચિત્રશાલા જોઇ આવું. કવિરાજને હજુ એ બંને દેખાડવાનાં રહી ગયાં છે.

[પુષ્પા અત્યાનંદમાં ઉભી છે. તેને મધુરી આવવાનો પગરવ સંભળાયો નથી—એટલી બધી પોતાનાજ ખ્યાલમાં મશગુલ છે. મધુરી પાછળથી આવી પુષ્પાની આંખ દબાવે છે.]

પુષ્પા

મધુ બહેન! [મધુરીએ હાથ છોડયા.]

મધુરી

શા વિચાર કરતી હતી?

પુષ્પા

કહું? રીસ નહીં કરો?

મધુરી

કહેની બહેન! રીસ, તારા પર, બેબા!

પુષ્પા

——ને કહું તો મારી વાત છાની રાખશો કે?

મધુરી

હા, હા, હા. પણ કહેની આટલી વાર કેમ કરે છે.

પુષ્પા

લો; ત્યારે કહું. હું...ઉં–વિચાર કરતી'તી ...ઇ–કવિરાજના.

મધુરી

કવિરાજના?

પુષ્પા

અને એજ પળે કવિરાજ મારો વિચાર કરતા હશે. હવે સમજ્યાં મધુ બ્હેન? [આનંદોર્મિમાં હસે છે. બહેનને હર્ષભેર ચુંબન કરે છે.]

મધુરી

[આ નવું તુત જોઇ ગભરાઇ.] એ શું કહે છે? [ધબ લઇ કોચ પર બેસી જાય છે. મધુરી પણ બેસે છે.] તું એનો વિચાર કરતી હતી–અને.

પુષ્પા

[નીશાળમાં વ્યાકરણનો પાઠ ભણતી હોય તેમ મજાકમાં બોલે છે.] હાજી. હું એને ચાહું છું;–એ મને ચાહે છે;–અમે પોતાને ચાહીએ છીએ–પોતાને નહીં તો એકમેકને ચાલશે કે?

મધુરી

આ ભૂત કયાંથી જાગ્યું?

પુષ્પા

એ ભૂત નથી. સત્ય છે. મને તો ખબર નહોતી, મધુ બ્હેન! કે ગઇ કાલે જેને ઓળખતી પણ નહોતી તેને આજે [મધુરીને ખુબ જોરથી પકડી આલિંગન કરે છે, ચુંબન દે છે.] આમ કરવાનું કેમ મન થાય છે!

મધુરી

[હવે સમજી] પ્રભુ કરે ને તું કાલે ઓળખતી નહોતી, તેમ કાલે એને ભુલી જાય!

પુષ્પા

એને ભુલું ! [હસે છે.] આ જમાનામાં તો અશક્ય છે, અમે......

મધુરી

[ગુસ્સામાં.] પણ એ શું બોલી, બેની? એ નરાધમ સાથે કેવો સંબંધ!

પુષ્પા

[દુભાઇ] તમને એ નથી ગમતા, મધુ બ્હેન?

મધુરી

બીલકુલ નહીં–એ અધમતાની અવધી કોને ગમે?

પુષ્પા

[રડમસ] એમ ના બોલો, મધુ બ્હેન! મારે મન તો એ દેવાંશી પ્રેમમૂર્તિ છે.

મધુરી

[દયાર્દ્ર તેમજ ક્રોધાંધ] પણ–મારી બ્હેન–તું એ નીચને ઓળખે છે? એને નીતિ નથી, કોઇ જાતનો બાધ કે મર્યાદા નથી. મેં તો એની સાથે ઘડીએક ભાગ્યેજ વાત કરી હશે; પણ તેમાં જે ખરા ટાગોરની પીછાન થઇ તેથી મારી તો ખાત્રી થઇ છે કે મેં એના ગ્રંથો વાંચવામાં જબરી ગેરસમજુતી કરી છે.

[આ રસિક નાટકનો વિશેષ ભાગ આવતા અંકમાં]

પૈસા છે ?

—:૦:—

[અનુસંધાન પૃષ્ઠ ૪૭૭ થી]

એક સોળેક વર્ષની સુંદર છોકરી હાથમાંનું જામફળ કરડતી કરડતી એમની સામે જોતી હતી. એણે પાલવને ઝોળી જેવો કરી તેમાં બોર ને જામફળ ભરી છેડો ખભા પર ઉંચો નાખ્યો હતો. એની આંખમાં સાધારણ હીંદુ છોકરીઓ કરતાં વધારે ધૃષ્ટતા હતી. શીઆળાના આથમતા કિરણથી એના રતુમડા થએલા ગાલ રંગાયા હતા.

સાધુરાજની આંખો એના પર ઠરી. સૌથી રુપાળી સ્ત્રીએ એમને તીરસ્કાર્યા પછી પહેલ વહેલી એમણે સૌથી રુપાળી છોકરી પર નજર માંડી. બંને રૂપ જુદાં હતાં છતાં બંનેમાં જુદીજુદી સર્વોત્કૃષ્ટતા હતી.

બંનેએ પરસ્પર ટકટક જોયાં કર્યું. છોકરીની આંખમાં જિજ્ઞાસા હતી. સાધુની આંખમાં અપૂર્વ વસ્તુને જોતાં ઉપજતો અચંબો હતો. છોકરી થોડી વારે ખંચકાઇને પાછી ફરવા ગઇ. સાધુએ તેને બોલાવી.

"બહેન ! આમ આવ."

છોકરી જરા અચકાઇને ઉભી; "તમે-કોણ છો ? પેલા અહીંના સાધુરાજ કહે છે તેજ કે ?" તેણે બીતાં બીતાં છતાં હીંમત-ભેર પુછ્યું.

"હા, તેજ હું. તું કોણ છે ?"

છોકરી જરા આગળ આવી. બોળા ભરેલો પાલવનો છેડો ઉંચો નાખેલો હોવાથી ચણીઆ અને કબજાની કોર વચ્ચેથી એનું પોયણી-પત્ર જેવું પેટ જરીજરી દેખાતું. એણે ગોરા ગોળ હાથે જરા છેડો સમાર્યો.

"હું ! હું ભૂપતરાયની છોકરી" તેણે કહ્યું ને જરા વારે ઉમેર્યું. "અમો વડોદરાનાં છીએ."

સાધુને આ છોકરીમાં કૈં અજબ આકર્ષણ લાગ્યું. તે તેના ગૌરવથી અંજાયો ને તું...તું...તમે કરતાં એણે વાત વધારવા કહ્યું; "મને થોડાં બોર આપશો ?"

છોકરીએ ખભા પરથી છેડો લઇ બોળો ધર્યો. "તમારે જોઇએ તેટલાં લો." છોકરી-ની બીક તદ્દન જતી રહી હતી. નાનપણમાં કલ્પનાશીલ છોકરાંને જે જાતની સાહસ કરવા-ની વૃત્તિ થઇ આવે છે તેવી એને કૈંક થઇ "જામફળ પણ મીઠાં છે" તેણે કહ્યું.

"મને એક સારું જોઇને આપો" સાધુ-એ કહ્યું; અને છોકરીએ આપ્યું તે ફળ લેતાંલેતાં તેણે પુછ્યું: "તમારું નામ શું ?"

"માધવી."

"નામ તો સરસ છે. અહીં જાત્રાએ આવ્યાં છો ?"

"હા, મારા પિતાજીને અહીંના બહ્મજી પર બહુ વિશ્વાસ છે. અમે અહીં દર વર્ષે આવીએ છીએ." છોકરીને પણ સાધુમાં રસ પડવા માંડ્યો હતો.

"બ્રાહ્મણ છો ?" સાધુએ પ્રશ્ન પરંપરા લંબાવવા પુછ્યું.

"ના, બ્રહ્મક્ષત્રિય."

સાધુના અંતરમાં ઝણઝણાટ થયો. પોતાનીજ ન્યાત ! અચાનક તેને પોતાના નિરસ જીવન પર કંટાળો આવ્યો. તેણે પુછ્યું-પુછાઇ ગયું. "તમે પરણેલાં નથી લાગતાં."

છોકરી જરા શરમાઇ. "હજુ હું શાળામાં જાઉં છું."

"શું ભણો છો ?"

"સીક્સ્થ (છઠ્ઠા ધોરણ) માં છું. અમારા વડોદરામાં બધીજ છોકરીઓ ભણે છે." તેણે જરા ગર્વથી કહ્યું.

સાધુ તેના તરફ અનિમિષ નયને જોઇ રહ્યો. "તમે કોઇ દહાડો મધુકાંત દેસાઇનું નામ સાંભળ્યું હતું?"

"હા, હા, તે તો અમારી ન્યાતનાજ હતા. લોકો કહે છે કે તે બહુ ભણેલા ને પૈસાદાર હતા. તમે એમને ક્યાંથી ઓળખો?" છોકરીએ વાતમાં ખુબ રસ લઇને પુછ્યું.

"ભણેલો ને પૈસાદાર તો કોણ જાણે; પણ મધુકાંત દેસાઇ એ એક વખત મારું નામ હતુ ખરું" કોણ જાણે કેમ સાધુથી બોલાઇ ગયું.

છોકરી અજાયબીમાં ઉભી હતી તે બેસી ગઇ. "તમે મધુકાંત દેસાઇ? લોકો કહે છે કે તમે તો કોઇ રુપાળી સ્ત્રીની પાછળ સાધુ થયા તે ખરી વાત?"

"હા."

"તે શું બહુ રુપાળી હતી? મારા કરતાંએ?" છોકરીથી વાતના રસમાં પુછી દેવાયું પણ ભાન આવતાં તે શરમાઇ.

સાધુ આ રૂપગર્વિતા છોકરીના પ્રશ્નથી ગુંચવાયો પણ રમુજ પામ્યો હોય તેમ તેણે કહ્યું. "કોણ જાણે મને અત્યારે એમ નથી લાગતું."

બંને થોડી વાર મુગામુગા બેસી રહ્યાં.

"તે તમે કોઇ દિવસ હવે પરણશોજ નહીં?" છોકરીએ ધૃષ્ટતાથી પુછ્યું.

"સાધુ થયાં પછી કેં પરણાય!" સાધુએ ગંભીરતાથી પુછ્યું.

"પણ તમે ક્યાં ખરેખરા સાધુ છો?"

સાધુ ભડક્યો; "એટલે?"

"એટલે એમ કે તમે કેં ખરેખર સંસાર તજીને સાધુ થયા ન કહેવાઓ."

"ત્યારે શું કહેવાઉં?"

છોકરી જરા શરમાઇ. પણ તેની આંખો તોફાનમાં જરા ચમકી; "ઓગ્રેલા-વળી બીજું શું?"

સાધુ ગુસ્સે થવાને બદલે હસ્યો. "ત્યારે મારાથી પરણાય ખરું?" તેણે જાણે સલાહ માગી. "પણ મને કોણ પરણે? તું પરણશે?"

છોકરીને લાગ્યું કે સાધુ એની મશ્કરી કરતો હતો પણ છતાં તેણે ગંભીર સ્વરે કહ્યું. "મારાથી કેં તમને પરણાય? મારી મા કહે છે એ તો મારે માટે બહુ સરસ ને પૈસાદાર વર જોવાની છે."

સાધુનુ મોં ઉતરી ગયું. "એમકે?"

વાત પર ચઢેલી છોકરીએ આગળ ચલાવ્યું. મારી બા ને પિતાજી બંને સુધરેલા વિચારનાં છે એટલે અમને તો ન્યાતજાતનો પણ વાંધો નહીં. મારી મોટી બેનને પણ અમે પરન્યાતમાંજ પરણાવી છે. મારી બહેન બહુ રુપાળી હતી. પણ બધાં કહે છે કે હું એનાથી-એ રુપાળી છું." અમે એક વાર ડાકોર ગયાં હતાં ત્યાં મુંબાઇના પેલા સર માધવદાસ છેને તેમના ઘરનાં પણ આવ્યાં હતાં. તેમણે મારી બહેનને જોઇ ને એમના છોકરા માટે માગું કર્યું. મારી બા કહે છે કે મારી બહેન જેવું સુખ કોઇને નથી."

સાધુનું મોં પડી ગયું. "ત્યારે શું તું... તમેએ પૈસાને માટેજ..." તેણે ઉભ કરડી. "...દારતેજ પરણશો!"

"ના, એકલા પૈસાદારને તો નહીં. પ્રેમ પણ જોઇએ. પણ બા કહે છે કે સુખે પેટ

કોઇનો પ્રેમ બહુ દહાડા ટકતો નથી એટલે થોડા પૈસા તો જોઇએજ." અંગ્રેજી કેળવણી અને સુધરેલી માએ આ છોકરીમાં ધૃષ્ટતા આણી હતી. એટલે તેણે જાણે સ્વાભાવિક રીતે વાત કરતી હોય તેમ પશ્ચિમનું નવું સત્ર ઉચ્ચાર્યું.

સાધુ ગુંચવાણો-અકળાયો. "પણ વગર પૈસે તને હું એવું સુખ આપું! એવું સુખ આપું; તું કહે તેમ કરું. તું રાખે તેમ રહું. હું તને ગમું તો ખરોને? લાગણીના આવેશમાં એનાથી તું તાં થઇ ગયું. એની ભાષામાં બાલિશતા આવી ગઇ.

છોકરી ખડખડાટ હસી પડી. તેને આ બધી મશ્કરી લાગી. તે ઉભી થઇ ગઇ. "હા. ગમો તો ખરા-પણ ચાલો હવે હું જાઉં. નહીં તો આ મારો જીવ કાઢી નાખશે. તમે પિતાજીને મળવા આવજો. આવશોને? હું. એમને કહીશ કે મધુકાંત દેસાઇ મને મળ્યા હતા."

"હું! હું કોઇ દિવસ બહાર જતો નથી."

"આજે કેમ નીકળ્યા? એક વાર વધારે. પછી અમે રવિવારે તો જવાનાં છીએ. પેલી ધર્મશાળા પાસે સ્ટેટનો ઉતારો છેને એમાં અમે ઉતર્યાં છીએ. આવજો, જરુર હોં." આટલું કહેતાં કહેતાંમ માલતી ઉતાવળે ચાલી ગઇ. સંધ્યાના અજવાળામાં તેની ગુલાબી ઓઢણીનો છેડો પારદર્શક દેખાયો ને તેની દેહની પહાની પર અથડાઇ અથડાઇ વેરાઇ ગયો.

સાધુએ તેને દેખાઇ ત્યાં સુધી જોઇ. એને એકદમ જાણે અંધકાર પ્રસરતો હોય, પોતાની એકલતા ખુબ સાલતી હોય એવું લાગ્યું. એણે આંખો મીંચી દીધી. એના મગજ આગળ તે બાલિકાનો આકાર આવીને ઉભો રહ્યો. એની પાછળ દૂરદૂર એક ઝાંખો થતો સુંદર આકાર ઉભો હતો. જરા વાર એ ત્યાં ટકયો પણ પછી અદ્રશ્ય થઇ ગયો. આ સાધુના નસીબમાં સૌથી રુપાળી સ્ત્રી અને સૌથી રુપાળી છોકરીનું ધ્યાન કરવાનુંજ લખાયુ હતું કે શું?

તેણે આંખો ઉઘાડી ત્યારે અંધારું થઇ ગયું હતું. તે ધીરેધીરે ઉઠયો ને પોતાની ઝુંપડી તરફનો રસ્તો તેણે લીધો.

ધ્યાનમાં ને ધ્યાનમાં એ પોતાની વાડીના ઝાંપા પાસે આવ્યો, ને એક મોટરકારને ત્યાં ઉભેલી જોઇ ચમક્યો. જે વસ્તુ એ દૂરથી જોઇ શકત તે ધ્યાનમાં હોવાથી છેક નજર સામે આવી ત્યારેજ તેણે જોઇ.

આજે દિવસ કેવો ઉગ્યો હતો? પાંચ વર્ષમાં ન બન્યું ને એકજ દિવસમાં ઉપરાઉપરી; આ શું?

શોફરે સલામ કરી તે જોયા વગર તે ઝાંપો ઉઘાડી અંદર પેઠો. પોતાની નાની સરખી ઓરડીનું તે પગથીઉં ચઢે છે એટલામાં તો વાડીના એક ખુણામાં અવાજ આવ્યો.

"હલ્લો, મધુ! તારી વાટ જોઇ જોઇને તો હું થાકી ગયો. મોટા સાધુરાજ થયો તે લોકોને શું આમ વાટ જોવરાવવા?" કહેતો કહેતો એક આકાર ફલંગો ભરતોભરતો સામે આવ્યો. તેણે આ બહાના ગામમાં કવચિતજ દેખાય તેવો તદ્દન અપ-ટુ-ડેટ વિદેશી પોશાક પહેર્યો હતો. તેના વાળ સરખા હોળેલા હતા. તેના હાથમાં અડધી બાકી રહેલી સીગાર હતી. ને તેના સાથે તેના ઉંચા નીચા થતા હાથ પરની હીરાની બહુમૂલ્ય વીંટી તેનાં તેજનાં કિરણોને આ અપરિચિત જગામાં ચોપાસ વેરતી. તેની ઘડીઆળની સાંકળીના

મન તેને ન થયું..

"આમ મુર્ખા જેવાં મારી સામે શું જોયા કરે છે ? આટલુંએ સમજતો નથી. એને મારા પૈસા જોઈતા હતા. મારે એનું રૂપ જોઈતું હતું; પણ એ એમ માને કે એનું એકલીનું રૂપ જોઈ હું બેસી રહું તે કેં બને ? ને ઝનુનમાં ને ઝનુનમાં એનાથીએ ના કહેવાઈ ગઈ. પછી તો ઘણોએ પસ્તાવો થયો હશે." ચંદ્રાની નિરાશાના વિચારે એના મુખ પર સ્મિત ફરકયું.

મધુ અસંત ઘૃણાથી નીચું જોઈ રહ્યો. પોતે કેવાં માણસોની પાછળ જીંદગી વેડફી દીધી હતી તેનું ભાન થતાં એને તીવ્ર વેદના થઈ.

"દોસ્ત ! બૈરી તો રુપાળી ખરી હોં. એના જેવી બીજી કોઈ હજુ મળી નથી. હજુ પણ શું એનો દરસો છે ?" તેની આંખો ક્ષણ વાર પશુભાવે ચમકી, પણ એક પળમાં એ ચમકાર જતો રહ્યો. "તને ખબર છે હું અહીં કેમ આવ્યો છું તે ?" તેણે થોડી વારે ઉમેર્યું.

મધુએ માત્ર તિરસ્કારથી તેની સામે જોયું.

"તું એક વાર ચંદ્રાને ખુબ ચાહતો હતો અને તારી સાથે એને પરણાવવાની પણ કૈંક વાત હતી ખરુંને ? ને હું ન હોત તો તું પરણી જતે." તેણે ક્રૂરતાથી ઉમેર્યું. "ચંદ્રા હજુ કુમારી છે. મને એક વાર વિચાર આવ્યો કે જુનો દોસ્ત સુખી થતો હોય તો શા સારુ નહીં કરવો ?"

મધુને એને ધક્કો મારીને કાઢી મુકવાનું મન થયું. એના અંતરમાં વિધુકાંતના બોલે બોલે ઘા પાતા હતા. "આથી વધારે કૈં કામ છે ?" તેણે મહા પરાણે સંયમ રાખી પુછ્યું.

વિધુકાંતે પણ હવે એનો તિરસ્કાર પારખ્યો. ને તેણે સ્વર બદલ્યો. "જો, દોસ્ત ! આ ઢોંગ ધતુરા બધા મુકી દે ને હું કહું છું તેમ કરીને સુખી થઈ જા. ચંદ્રા હજુ પણ તને ચાહે છે ને તારે માટેજ કુમારી રહી છે. આજ વર્ષો થયાં એ તને શોધે છે." પાછું એણે થોડી વાર રહી ઉમેર્યું: "એનું રૂપ પણ હજુ એવુંને એવુંજ છે." તેનાથી આવી રીતે વાત કર્યા વગર રહેવાતુંજ નહીં.

વિધુકાંતના બોલે બોલે સાધુ-મધુના મનમાં ચિરકાલ સેવેલી ચંદ્રાનનાની મૂર્તિ ઉભી થઈ. "જેણે પોતાને આવી શરમ ભરેલી રીતે છેતર્યો તેનો એ સ્વીકાર કરે ?" તેના મનમાં મૂક પ્રશ્નનો ઉદય થયો. આંખો આગળ ચંદ્રાનનાની મૂર્તિ આજીજી કરતી દેખાઈ પણ તેને આંતરીને માધવીની પ્રતિમા આવીને ઉભી. એક તેની પાસે કૈં યાચતી; બીજી તેની તરફ સ્થિર નજરે ખોળામાંનાં બોર ખાતી ખાતી જોયા કરતી. તેના મને ઉત્તર આપ્યો. "ના, ના. ના. ના, જેણે મારા પ્રેમને છેતર્યો, નિર્દયતાથી પૈસાના મોહમાં મને દગો દીધો ને મને દુનીઆ પારનો કરી દીધો તેને હું સ્વીકારું ! ના, ના, ના." તેણે ગાંડાની માફક મોટેથી ઉચ્ચાર્યું; "ના, ના, ના."

વિધુકાંત એના ગાંડપણને જોઈ રહ્યો. "શું ના, ના ના, કરે છે ? એની પાછળ આખી જીંદગી બગાડી ને એ આવે છે ત્યારે ના, ના, કરે છે ! કાલે ઉઠીને એ પરણી જશે તો સમુળગો હાથ ઘસતો રહી જશે. તારું મગજ એકલા રહીરહીને બગડી ગયું છે. કાલે ચંદ્રા આવે તેટલામાં વિચાર કરી મુકજે."

સાધુ ભડક્યો. "ચંદ્રા અહીંઆં?"

"હા, મેં એને તાર મુક્યો છે કે તું અહીંઆં જડે એવો સંભવ છે. ચાલ હવે હું જાઉં, મારો મુકામ મહારાજા સાહેબ સાથે છે. સરસ્વતીના મંદિર આગળ પડાવ નાંખ્યો છે. આજ રાતની ગમ્મત માટે તો હું મોડો પડીશ." તેણે ઘડીઆળ જોતાં જોતાં કહ્યું.

તે ઉઠ્યો ને સાધુને દૂરથી નમસ્કાર કર્યા. "મહારાજ! નમસ્કાર; કાલ સુધીમાં માણસ બનજો હોં." તેણે મશ્કરીમાં કહ્યું અને બારણાની બહાર ઉતાવળે પગલે તે ચાલી નીકળ્યો.

સાધુ એના ગયા પછી પણ જડ જેવો ત્યાં ને ત્યાં બેસી રહ્યો. એક દહાડો વિધુ વહેલો આવ્યો હોત તો એનું જીવન બદલાઇ જાત. કાલ સુધી જે ચંદ્રા અંતરમાં જાગતી જ્યોત જેવી હતી તે આજે અકારી, અજાણી, દૂરની હોય એવી લાગી. તે પોતાની શાંત જીંદગીમાં ભંગ પાડવા આવતી હતી એ વિચારે ક્રોધ પણ આવ્યો.

એણે આખી રાત વિચાર કર્યો. પણ ચંદ્રાની મૂર્તિ આવતા પહેલાં માધવીની મૂર્તિ નેત્રો સમક્ષ ખડી થઇ જતી. એના મગજે આખી રાત 'ના, ના, ના,' નાજ પડઘા પાડ્યા કર્યાં.

બીજે દિવસે ચંદ્રા આવી. એનામાં સુંદરતા એટલી ને એટલીજ હતી પણ જરા જુદી જાતની થઇ હતી. એના મુખ પર તરલતાને સ્ટે જરા ગંભીરાઇ આવી હતી. અને ચિંતાની ફીકાસ પણ ત્યાં દેખાતી. ઢીલા સાળુને લીધે એનું શરીર વધારે ગોરું દેખાતું હતું. એનાં નેત્રમાં મૃદુતા અને આજીજી ભર્યાં હતાં.

સાધુ ક્ષણભર એને જોઇને મહાત થયો. આ સ્ત્રીની સત્તા હજુ પણ એના પર ઓછી નહોતી. તેને જોતાં તે ઉતાવળે પગલે આવી; "મધુ! મધુકર! ઓળખો છો કે ભુલી ગયા?" તેણે મોહક આતુર અવાજે પુછ્યું.

સાધુ ક્ષણભર અવાક્ થયો. આની હાજરીમાં માધવી દૂર જતી લાગી. "તમને કોણ નહીં ઓળખે? તમે રાજનગરની સૌથી સુંદર સ્ત્રી ચંદ્રાનના છો" તેણે બને તેટલું દૂરત્વ આણવાનો પ્રયત્ન કર્યો.

ચંદ્રા જરા અચકાઇ. "આ માણસ શું ખરેખર તેને ચહાતો મટી ગયો હતો?" તેણે જરા હીંમત આણી.

"સાધુને સંસારી માયા ઓછી સાંભરે. તમે આટલુંએ યાદ રાખ્યું એ મારાં ધન્યભાગ્ય! મધુકર! મેં તો તમને એક ઘડી પણ આટલાં વર્ષોમાં વીસાર્યા નથી."

"વિવાહ તુટ્યા પહેલાંની ઘડીઓ કે પછીની ઘડીઓ?" સાધુથી અજાણતાં, એને પોતાને પણ ખબર પડે તે પહેલાં બોલાઇ ગયું.

ચંદ્રાનું મુખ લાલચોળ થઇ ગયું. "મધુકર! આટલે વર્ષે આમ મહેણાં મારશો? હું તમારી માફી માગવા આવી છું. માણસ માત્ર ભુલને પાત્ર છે."

સાધુનું મુખ કઠોર થઇ ગયું. "સ્ત્રીઓને લોકોની જીંદગી સાથે રમત કરવા જેવી ભુલો કરવાની છુટ છે. શા માટે અહીં આવવાની તસ્દી લીધી?"

"મધુકર! મારો; તમારાથી મરાય તેટલાં મહેણાં મારો. હું ગુનેહગાર છું. પણ મારી ભુલ માત્ર મારા સ્વાર્થમાંથી નહોતી ઉદ્ભવી. મારું જરા સાંભળો પછી તમારે જોઇએ તેમ કહેજો."

સાધુના મુખ પર સખતાઇ વ્યાપી રહી. તેણે અણગમાની એક તીક્ષ્ણ દૃષ્ટિ તેના તરફ નાખી. "મારે કૈં સાંભળવું નથી. તમે

જાણો છો કે સ્ત્રીઓની સાથે વાત કરવાનો મહાવરો મને ઘણા વખતથી જતો રહ્યો છે."

"છેક ક્રૂર ન થાઓ. મધુકર? એક વાર પરણવા કેમ કબુલ થઇ તેનું કારણ મારે તમને કહેવું છે. તમે કહેશો કે એના પૈસા ખાતર; ખરું. પણ તે પૈસા મારે પોતાને ખાતર નહોતા જોઇતા."

એણે થોડી વાર સાધુના બોલવાની રાહ જોઇને તે કૈં ન બોલ્યો એટલે આગળ ચલાવ્યું. "બાપાને વેપારમાં તેજ વખતે મોટી ખોટ આવી હતી. ને હું એને પરણું એ સરતે વિધુ બાપાને પૈસા ધીરવા રાજી હતો, હું શું કરું? મારે માટે બેજ રસ્તા ઉઘાડા હતાઃ એક સ્વાર્થી થઇ તમને પરણુ ને ઘરડાં માબાપ ને ભાઇભાંડુને રખડતાં ઘરબાર વગરનાં થતાં જોઉં ને બીજો હું જીંદગી સુધી હોમાઇ બધાંને તારું. કૈં ખબર હતી કે થોડે દિવસે બાપાની સ્થિતિ એકદમ ફરી જશે?"

"ને માબાપને બચાવતાં મને ગરદન માર્યો તેનું કૈં?" તેણે અત્યંત કડવાશથી પુછ્યું.

ચંદ્રાની આંખમાં આંસુ આવ્યાં. "ઓ મધુકર! મને આટલી વખત માફ કર. મને ખબર નહોતી કે તું આવું કરશે! મને તે વખતે કૈં સુઝ્યું નહીં. હું જાણું કે તું મને ભુલી જશે ને કોઇ બીજીને પરણી સુખી થશે. માબાપની લાજ સચવાશે ભાંડુઓની જીંદગી રદ થતી અટકશે. એક હુંજ અભાગણી દુઃખી થઇશ."

"આટલો મોટો આત્મભોગ આપવાનો સંતોષ અધુરેથી કેમ અટકી ગયો ત્યારે?"

"થોડે દહાડે વીલાયતથી બીજો તાર આવ્યો ને બાપાની સ્થિતિ સુધરી ગઇ. તોપણ વિધુને વચન 'આપ્યું' હતું એટલે લગ્ન નહોતાં અટક્યાં. પણ વિધુ ચારિત્ર્યહીન નીકળ્યો. મને ખબર પડી એટલે વિવાહ તોડી નાખ્યો."

"ગરજ પતી ગઇ ખરીને?"

"કહે, કહે, તારાથી 'કહેવાય એટલું કહે. જોઇએ તો લાકડી લઇને માર. પણ મને હવે તારી સેવા કરી પ્રાયશ્ચિત કરવા દે." તે ઓટલી નીચે ઉભી હતી ત્યાંથી ઓટલી પાસે આવી સાધુના પગ પકડયા.

"મધુ! વહાલા! આજ ચરણને આશરે હું તો રહેવાની છું."

મધુકરનું મન એક પળ પીગળ્યું. ચંદ્રાના મૃદુ કરસ્પર્શથી એનો આત્મા બહાર નીકળી આવતો હોય એવું થયું. એક પળ એને ભુજમાં લઇ કચડી નાખવાનું મન થયું પણ તેજ પળે માધવી આકાશમાં અદ્ધર આવીને લટકી રહી. જાણે પુછતી હોયઃ "શું મારા કરતાંએ રુપાળી?" મધુકરનો કઠોર સ્વર ચંદ્રાના કાનમાં સોંસરો પેઠો. "બાઇ! મારે ને તમારે કશો સંબંધ નથી. તમે તમારે રસ્તે ચાલ્યાં જાઓ."

ચંદ્રા ચમકીને પાછી હઠી. તેનું સ્વમાન ઘવાયું. "મધુકર! યાદ રાખજો. હું જઇશ પછી પસ્તાશો કે આવેલી લક્ષ્મીને પાછી કાઢી. મેં તમનેજ સદા ચાહ્યા છે ને જીંદગી સુધી તમનેજ ચાહીશ. પણ અત્યારે આપણે છુટાં પડયાં તો આ ભવે આપણે મળવાનાં નથી." ફરી તે નરમ પડી ગઇ ને પાસે આવી તેના પગ પાસે બેસી ગઇ. "મધુકર વહાલા! આટલી વખત માફ કર ને મને તારા ચરણમાં રહેવા દે" આજીજી કરતું તેનું આખું શરીર એના ચરણમાં ઝુકી પડયું. એની અશ્રુધારાએ મધુકરના પગ પખાળ્યા. એના

યુવકને હાંક મારી તેણે પુછ્યું: "ભાઇ! આજે ધર્મશાળામાં શું છે?"

"પેલા મહારાજા સાબને ત્યાં મુંબાઇના વિધુહેહ આયા સે તેના વીવાંસે" કહી તે ઉતાવળમાં જતો રહ્યો. આ નાના ગામમાં બેંડ સાંભળવાનો લહાવો તેને પ્રથમજ મળતો હતો, તે ચુકવા તે તત્પર નહોતો.

કે અકલિત ભયથી મધુકરનું માથું ભમી ગયું. એક પલમાં તેના મગજમાં હજારો વિચાર પસાર થઇ ગયા. "તમારી પાસે પૈસા છે?" કોઇ અંતરીક્ષમાથી બોલ્યું ને બેંડ વાજામાંથીએ એના એજ સુરો સંગીતરૂપે આવતા તેને સંભળાયા.

તેનાં ગાત્ર શિથિલ થઇ ગયાં. તેનો ઉત્સાહ ભાંગી ગયો. તેના પગ માત્ર તેને એ દિશામાં દોરી રહ્યા.

બેભાન હોય તેમ લોકોની મેદની કે ધક્કા ગણકાર્યા વગર તે બંગલાના ઓટલા પર ચઢયો.

શણગારાએલી માધવી ને ભપકાબંધ વિધુકાંત સ્નેહીઓના ઉપકારને સ્મિતમય મુખે ગ્રહી રહ્યાં હતાં......

कर्णिक

એગ્યુમીક્સ્ચર.

કર્ણિકની તાવની દવા.

ટાઢીઓ, આંતરીયો, મેલેરીઆ વીગેરે દરેક જાતના તાવ ઉપર અકસીર ઇલાજ છે. દરેક દુકાને મળે છે કીંમત બાટલી ૧ ના આના ૧૨ ટ. ખ. જુદું. વેપારી ભાવ માટે લખો.

કર્ણિક બ્રધર્સ.

મુંબઈ નં. ૪.

તંત્રીસ્થાનેથી

[-]

[અનુસંધાન પૃષ્ઠ ૪૭૯ થી]

છે. ૧ દાન, ૨ શીલ, ૩ નૈષ્કર્મ્ય, ૪ પ્રજ્ઞા, ૫ વીર્ય, ૬ ક્ષાંતિ, ૭ સત્ય, ૮ અધિષ્ઠાન, ૯ મૈત્રી, ૧૦ ઉપેક્ષા. આ ગુણોને છેલ્લી હદ સુધી પોતામાં વીકસાવવા એનેજ તે તે ગુણની પારમિતા કહે છે. ભગવાન્ બુદ્ધે બુદ્ધ થયા પહેલાં આગલા જન્મોમાં આ બધા ગુણોની પારમિતા સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરી હતી. દાન, શીલ વગેરે પારમિતાનો અભ્યાસ બોધિસત્ત્વે જુદાજુદા જન્મોમાં કેવી રીતે કર્યો એ જાતક કથાઓમાં સુંદર રીતે દર્શાવ્યું છે. *

હવે હીનયાન બૌદ્ધ ધર્મની આ દાન, શીલાદિ પારમિતાઓને મહાયાન બૌદ્ધ ધર્મે દેવત્વ અર્પ્યું. અને આ પારમિતાઓને આદિ બુદ્ધની શક્તિઓ માની. આમાં પણ પ્રજ્ઞા પારમિતાનું મહત્વ મહાયાન મતમાં ઘણું વધી ગયું. બીજી તરફથી લગભગ મહાયાન બૌદ્ધ મતના ઉદય વખતે વિ. સં. ના આરંભ પૂર્વે પહેલા શતકમાં આ દેશમાં બુદ્ધની મૂર્તિઓ બનાવવાનો પણ રીવાજ ચાલ્યો. ધીમેધીમે હીનયાનનું જોર ઘટતુ ગયું અને મહાયાનનુ વધતુ ગયું; અને વિ. સં.નાં પહેલાં છસો સાતસો વર્ષમાં ઉત્તરમાં મધ્ય એશીઆ અને ચીનમાં અને દક્ષિણમાં જાવા, સુમાત્રા, કેમ્બોડીઆ વગેરે બેટોમાં મહાયાન બૌદ્ધ ધર્મ ફેલાઇ ગયો. આ સમયમાંજ આ દેશમાં મૂર્તિ વિદ્યાનો પણ અસાધારણ વિકાસ થયો છે. વૈષ્ણવ, શૈવ અને મહાયાન બૌદ્ધ માર્ગની દેવદેવીઓની હજારો મૂર્તિઓની આ કાળમાં સ્થાપના થઇ જણાય છે. આમાંથી જે આજ સુધી બચી છે. તેમાંની ઘણી મૂર્તિઓ કળાની દૃષ્ટિએ ઉંચી કોટિની છે. 'જાવાની ધ્યાની બુદ્ધની તથા પ્રજ્ઞા પારમિતાની મૂર્તિ પ્રાચીન કળાના શ્રેષ્ઠ નમુનાઓમાંની છે. અનંત અને સૂક્ષ્મ પણ પ્રશાંત ઇશ્વરી તત્ત્વને સ્ત્રી શરીરમાં મૂર્તિમાન્ કરવાનો પ્રયત્ન પ્રજ્ઞા પારમિતાની મૂર્તિમાં ઘણો સફળ થએલો દેખાય છે.

જાવામાં, પશ્ચિમ હીંદુસ્થાનમાંથી કદાચ ગુજરાતમાંથી, ઇ. સ. આઠમા શતકમાં આપણા લોકો જઇને વસ્યા હશે તે પછી ત્યાંની પ્રખ્યાત સ્થાપત્ય અને શિલ્પરચના થઇ છે. આ પ્રજ્ઞા પારમિતાની જાવાની મૂર્તિ ઘણું કરી ઇ. સ. નવમા દસમા શતકની હશે. એ વખતે શિલ્પકલા હીંદુસ્થાનમાં શિખર ઉપરથી ઉતરવા માંડી હતી. પણ જાવામાં એની પૂર્ણતા વધારે વખત સુધી જળવાઇ રહી અને કેટલાક નમુનામાં તો પુરા રૂપમાં ખીલેલી દેખાય છે.

જાવાની આ મૂર્તિ લીડન (Leiden) ના સંગ્રહસ્થાનમાં છે. આ મૂર્તિને રંગીન કરી અમારા પુઠા પર આપવામાં આવી છે. અમારા ચિત્રકારે તેની આંખો ઉઘાડવાની છુટ લીધી છે.

---

* જુઓ બુદ્ધલીલાસારસંગ્રહ ભાગ પહેલો.

સામયિક નોંધ

—૦—

[અનુસંધાન પૃષ્ઠ ૪૮૧ થી]

જવાથી કૈંક આશા પ્રકટી–તે આશાને વશ થઇને તેમજ પ્રજાની અશક્તિ વીચારીને તેમણે સહકાર કરવાની વૃત્તિ દેખાડી–ને તેનો લોર્ડ બર્કનહેડે કૈંક ચતુરાઇથી જવાબ વાળ્યો તેથી દાસ બાબુની આશા વધારે દઢ થઇ! આવા મોટા માણસ જો ભુલાવામાં પડે તો પછી બીજાનો શો વાંક કાઢવો?

છતાં લોર્ડ રેડીંગ વીલાયત ગયા તે વખતે જો કૈંક પણ આશા કોઇના દીલમાં સ્ફુરી હોય તો તે બને તેટલી નાબુદ કરવાની શરુઆત ના. વઝીર સાહેબે તરતજ કરી હતી કારણ કે તેઓ વીલાયત પહોંચ્યા તે પછી થોડીજ વારમાં લોર્ડ બર્કનહેડના ભાષણોમાં વિકાર દેખાવા લાગ્યો. ગ્લાસગોમાં જે પાત પ્રકાશવા માંડ્યું હતું તે સેન્ટ્રલ એશીઅન સોસાયટીની સભામાં તો છેક્જ પ્રકટ થઇ ગયું. કલાઇવે પ્લાસીમા જીત મેળવી ત્યારથી તે લોર્ડ બર્કનહેડ વ્હાઇટ હોલની ગાદીએ આવ્યા ત્યાં, સુધીમાં તલવારની અણીથીજ અંગ્રેજોએ આપણા પર સત્તા મેળવી છે અને સાચવી છે! એમજ હોય અને આપણી તલવાર તો આજે છેકજ ભાગી ગએલી હોય તો પછી વીલાયતના સર્વસત્તાધીશો પાસેથી આપણને કૈંપણ મળવાની શી આશા હોઇ શકે?

આ દૃષ્ટિથી તો ગઇ ૭ મી જુલાઇએ લોર્ડ બર્કનહેડ અમીરોની સભામાં હીંદી રાજનીતિ પર તેમનું લાંબુ ભાષણ કરવા ઉભા થયા, ત્યારે આપણી છિન્નભિન્ન સ્થિતિને લીધે તેમજ તેમના બીનઅમીરી સ્વભાવને લીધે તેમની પાસેથી જરાએ આશા રાખવાનું કૈં કારણ નહોતું. તેમના ૮૦ મીનીટના ભાષણથી પણ એજ વાત અદલ પુરવાર થઇ છે. તેમના કથનનો સાર તો લગભગ એવો લાગે કે અમે ઘણોઘણો વિચાર કર્યા પછી છેવટે એવું ઠરાવ્યું છે કે હમણાં કૈંજ ન કરવું–અથવા તો અમારી સીવીલ સર્વીસના ગઢને મજબુત કરીશું; અમારા લશ્કરની બંદુક ને સગીનને સજ્જ રાખીશું; પણ તમારી સુધારાની વાતને વીશે–અને ખાસ કરીને સ્વરાજને વીશે અમે કૈંજ કરી શકીએ એમ નથી. કોઇ એમ ધારતા હતા, કે કૈંક પ્રાંતિક સ્વરાજ મળશે. પણ તેને વીશે તો હજી ઘણીએ વધારે લાંબીચોડી તપાસ કરવાની તેમને જરુર જણાય છે. કોઇના મનમાં એમ હતું કે બીજું કૈં નહીં તો સુધારા સમિતિમા મી. જીણા વગેરેની ભલામણો કૈંક મંજુર થશે, અને બાદશાહી કમીશન તો તરતજ નીમાશે. પણ તે વીશે લોર્ડ બર્કનહેડે છેકજ ઠંડું પાણી નાખ્યું, અને ફક્ત એટલુંજ જણાવ્યું કે વહી ગએલા સ્વરાજવાદીઓ હજી પણ ઠેકાણે આવી શાણપણથી સહકાર કરશે તો તમારા ભવિષ્યનાં પાનાં ઉકેલવાને માટે અમારું કમીશન ૧૯૨૯ કરતાં એક બે વરસ વહેલું નીમીશું.

આ છેલ્લી બાબત જરા ઝીણવટથી તપાસવી જોઇએ. સર્વે જાણે છે કે આપણા એકજ રાષ્ટ્રીય પક્ષે-અર્થાત્ અસહકારીઓના પક્ષે સુધારાની વિરુદ્ધ ચળવળ ચલાવી છે. તેમાંથી પણ ચુસ્ત અસહકારીઓ તો અત્યાર સુધી ધારાસભાની બહારજ રહ્યા છે, એટલે ખરું જોતાં કેવળ સ્વરાજવાદીઓનેજ લોર્ડ બર્કનહેડનો આક્ષેપ લાગુ પડે છે. છતાં છેલ્લાં બે વરસ દરમીઆન તેમણે ધારાસભાઓમાં જે કામ કર્યું છે તેમાં હંમેશાં અને

પુરેપુરી રીતે ભાંગતોડની રાજનીતિ ક્યાં અખત્યાર કરી છે—અથવા અખત્યાર કરી શક્યા છે? હીંદી ધારાસભામાં પણ ગત સાલ જેવી કટોકટીની લડત ચલાવી હતી તેવી આ વર્ષ ચાલી શકી નથી. ઘણા ખરા પ્રાંતોમાં સ્વરાજવાદીઓની વધુમતી નહીં હોવાથી તેઓ થોડેજ અંશે પોતાની મુરાદ પાર પાડી શક્યા છે. તેમનું કામ ઉગ્ર અસહકાર અને શાણા સહકારની વચ્ચે નિરંતર ઝોલાં ખાતુંજ રહ્યું છે. એકજ પ્રાંતમાં સ્વરાજવાદીઓને ચોખ્ખી વધુમતી મળી- મધ્યપ્રાંતમાં. અને બીજા એકજ પ્રાતમાં ઓછી સંખ્યા હોવા છતાં સ્વતંત્ર પક્ષ સાથે અજબ સાથ રાખીને પ્રધાનપદને તોડી શકાયું —બંગાળમાં. એટલે લોર્ડ બર્કનહેડની ચોટ ખરેખરી તો આ બે પ્રાંતો ઉપરજ છે. પણ આખા દેશનું નસીબ આ બે પ્રાંતોના થોડાક માણસોના રાજકીય વર્તન પર થંભાવવું કે ટેકવવું એ કોઈ પણ રીતે વ્યાજબી ગણી શકાયજ નહીં.

સહકારની શરતો.

આ ભાષણનો સ્વરાજવાદીઓએ શો જવાબ આપ્યો છે? અલબત, એ ભાષણ ઉપર બીજાની માફક સ્વરાજવાદીઓએ કકડતી ટીકા તો કરીજ. પણ કોઈક કોઈક અગ્રેસરો-એ—ખાસ કરીને શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ અને શ્રી. જમનાદાસ મહેતાએ હીંદી વજીરને સામી ધમકી આપવાને માટે કાયદાના ભંગની અને કર ન આપવાની લડત તરતજ શરુ કરવાની જે હીમાયત કરી હતી, તેને એકંદર સ્વરાજ પક્ષે જરાએ વધાવી લીધી હોય એમ લાગતું નથી. તેમ બીજી પાસ લોર્ડ બર્કનહેડના આદેશ મુજબ તેઓ અદબ

વાળીને અને નીચું માથું રાખીને સહકાર કરવા પણ કેમ બેસી જાય? તેથી તેણે તો ફરીદપુરના ભાષણમાં તેમના અગ્રેસરે જે વલણ લીધું હતું તેજ સ્વીકાર્યું છે; અર્થાત્ સહકાર કરવાનું વલણ બતાવ્યું છે અને તેની સાથે તેની સરતો પણ મુકી છે. તે સરતો ફરીદપુરના ભાષણમાંથી નીચે મુજબ જણાય છે:

(૧) કોઈ અણુદીઠા ભવિષ્યમાં નહીં પણ ઘણીજ ટુંકી મુદતમાં—બહુ તો પાંચદસ વરસની અંદર હીંદમાં સ્વરાજ સ્થાપવાનું જાહેર કરવું જોઈએ.

(૨) એવી સારી દાનતના પહેલા નમુના તરીકે ઠીક સંગીન સુધારા અર્થાત્ પ્રાંતિક સ્વરાજ પણ આપવું જોઈએ.

(૩) આપણા પ્રજાજનોના જાનમાલ પર જે આપખુદ અને અનિયંત્રિત સત્તાઓ સરકાર ભોગવે છે તે બંધ થવી જોઈએ. અર્થાત્ સન ૧૯૧૮ નો કદાચ ગએલો કાનુન, ગઈ સાલનો બંગાળનો કાળો કાયદો અને તેના જેવા જે બીજા કાયદા હોય તે રદ થવા જોઈએ; અને વીલાયતના જેવો "મેગ્ના કાર્ટા" આપણને મળવો જોઈએ.

(૪) તમામ રાજદ્વારી કેદીઓને છોડી મુકવા જોઈએ.

સવિનય ભંગની હવાઈ વાતો છોડી દઈને આવા પ્રતિયોગી સહકાર (Responsive Co-operation)ની જે નીતિ સ્વરાજવાદીઓએ અખત્યાર કરી છે, તે માટે તેમને સર્વે ધન્યવાદજ આપશે.

વળી આવી સરતો કરવાનું ડહાપણ પણ દેખીતુંજ છે. હીંદી વજીરના ભાષણ પરથી

એમ માલમ પડે છે કે તેમણે લોર્ડ રેડીંગ સાથે મસલત કરીને સુધારાની કૈંક પણ દરખાસ્તો ઉપજાવી છે અને તેને પ્રધાન મંડળે મંજુર પણ કરી છે. પણ હીંદી કારોબારી સભાને ધારાસભા આગળ તે રજુ થઇ શકેલી નહીં હોવાથી તે વીશે પાર્લામેંટમાં મૌન રાખવામાં આવ્યું છે. આ વાત જો ખરી હોય તો રેડીંગ સાહેબ એ દરખાસ્તો ખીસ્સામાં લઇને અહીં આવે છે, ને તેઓ ઓગસ્ટ માસમાં તેમની કારોબારી સભાની સાથે મસલત ચલાવ્યા પછી સપ્ટેંબર માસમાં ધારાસભાની આગળ તે જાહેર કરશે. સ્વરાજ પક્ષના ઠરાવમાં આ જાહેરાતનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે, તેથી તે જાહેરાતમાં ઉપરની કૈંક પણ સરતો મંજુર થશે, અથવા તે વીશે મસલત કરવાનું પણ દ્વાર ખુલશે એવી સ્વરાજ્ય પક્ષની આશા જણાય છે છતાં પહેલાંની માફક આ આશા પણ નિષ્ફલ થાય તો કોઇ નવાઇ નહીં પામે.

મહાસભાનું પુનર્જીવન.

પણ છેક ઉપર જણાવ્યું છે તે પ્રમાણે પ્રજાનું ખરેખરું તારણ તો તેના રાષ્ટ્રીય એકયમાં, ને રાજકીય પુનર્જીવનમાં સમાએલું છે. તે વીશે આપણી સ્થિતિ છેકજ નિરાશ હોવાને લીધેજ લોર્ડ બર્કનહેડના ભાષણથી પણ આપણને નિરાશ થવું પડયું છે એક નિરાશાજ બીજી નિરાશાનું પ્રતિબિંબ દેખાય છે. તેથી હીંદી વજીરના બોલ પાછા ખીસ્સામાં મુકાવવા હોય, સહકારની યોગ્ય સરતો પણ સરકારની પાસે મેળવવી હોય અને સ્વરાજ પંથે સત્વર પ્રગતિ કરવી હોય તો હીંદુ મુસલમાનના ઝગડા પતાવવા જોઇએ, સર્વે પક્ષની વચ્ચે સંગઠન કરવું જોઇએ અને મહાસભાને ફરીથી સચેતન બનાવવી જોઇએ.

હમણાંજ કલકતેથી જે ખબર મળી છે, તે કૈંક આશાજનક છે. મહાસભાના સભાસદ થવાને ૨૪૦૦૦ વાર સુતર આપવાનું બેલગામમાં ઠરાવ્યું હતું, તેને બદલે પહેલાંની માફક કૈંક રકમ આપીને પણ દાખલ થઇ શકાય એવી ભલામણ કાર્યવાહક સમિતિએ કરી છે. ઓકટોબર માસમાં આ વીશે છેવટનો નિર્ણય કરવાને મહાસમિતિની સભા મળવાની છે, ત્યાં આ પૈસાનું ધોરણ નક્કી થશે તો પછી સ્વતંત્ર કે નરમ પક્ષ પણ મહાસભામાં દાખલ થઇ શકશે. તેમજ ધારાસભાની રાજનીતિમાં પણ સ્વરાજ પક્ષને કૈંક વધારે વ્યાવહારિક અને શાણા બનવાની જરુર છે; ત્યારે નરમ દળને જરા વધારે ગરમ ને તેજ બનવાની જરુર છે. અને આની સાથે હીંદુ–મુસલમાનના રાજકીય હકનો અટપટો સવાલ પણ કૈંક ઉકેલાશે તોજ કાનપુરની મહાસભામાં સર્વે પક્ષના એકયનો અને રાજકીય નવજીવનનો સમારંભ ઉજવી શકાશે.

× × ×

ઉપરનું લખાઇ રહ્યા બાદ છેલ્લી એવી ખબર મળી છે કે ગાંધીજીએ હવે, સ્વ. દેશબંધુના સ્મરણમાં સુતરનો મતાધિકાર દૂર કરીને મહાસભાને ખરેખરું રાજકીય મંડળ બનાવવાનું કબુલ કર્યું છે. પણ મહાસભા તો મુળથીજ રાજકીય હતી તેથી તેને આજે રાજકીય બનાવવા માટે કોઇ ગાંધીજીને દુવા દેશે નહીં. ઉલટુ લગભગ એક વરસ સુધી તેને સુતરની જાળમાં ગુંથી રાખવા માટે ભવિષ્યની પ્રજા તેમને કદી પણ માફી આપી શકશે નહીં.

૨

લેખક:

ડા. સુમંત મહેતા

બૃહત્ ગુજરાત

પુનામાં આશરે દસ હજાર ગુજરાતીઓ વસે છે પણ તેમનામાં જાતીય અસ્મિતા જાગ્રત થઇ નથી. દરેક જણ પોતાના કામધંધામાં રોકાએલો રહે છે. તેમાંનો ઘણો મોટો ભાગ વેપારી વર્ગનો છે. લગ્ન પ્રસંગે પોતપોતાને દેશ જવાનું હોય એટલે માત્ર મરણ પ્રસંગે એકઠા થવાનો પ્રસંગ આવે. સામાજિક જીવન અગર જાહેર જીવનની તૃષ્ણા હજી ઉત્પન્ન થઇ નથી. ગુજરાતી પ્રજાનું સંગઠન કરવા માટે ગુજરાતી બંધુ-સમાજ નામની સંસ્થા ચાલે છે પણ તેનો કારભાર નોકરી અથવા અભ્યાસ કરવા માટે આવેલા ગુજરાતીઓના હાથમાં છે અને એ ભાઇઓ થોડા વખતના મહેમાન હોવાને લીધે દરેક કાર્યવાહકના ઉત્સાહ પ્રમાણે બંધુ-સમાજના કાર્યમાં ભરતીઓટ આવે એ સ્વાભાવિક છે.

આ દસ હજાર માણસની વસ્તીને માટે પુના મ્યુનીસીપાલીટી તરફથી એક પ્રાથમિક શાળા કાઢવામાં આવી છે; અને ગુજરાતી-ઓની મરજી વિરુદ્ધ તેમાં હેડમાસ્તર દક્ષિણી મુકયા છે. બંધુસમાજ તરફથી એક પુસ્તકાલય કાઢયું છે પણ તેનો બહુ ઉપયોગ થતો નથી. માધ્યમિક કેલવણીમાં હવે સ્વભાષાનો ઉપયોગ થતો હોવાને લીધે ગુજરાતી વિદ્યાર્થીઓની મુશ્કેલી વધતી જાય છે. કેમ્પની અંદર પારસીઓની શાળામાં ગુજરાતીઓની સંખ્યા ઉપર અંકુશ મુકાયો છે એમ સાંભળ્યું છે.

આ બધાં દુઃખનો ઉપાય ઘણો સહેલો છે. જો પુનામાં એક સારી શાળા કાઢવામાં આવે અને તેમાં ઉચ્ચ ભાવનાવાળા શિક્ષકો રોકવામાં આવે તો ગુજરાતી વેપારી વર્ગનાં છોકરાંઓને સારું શિક્ષણ તથા યોગ્ય સંસ્કાર પ્રાપ્ત થાય, અને આ શિક્ષકમંડલ તથા શાળાનું મકાન જાહેર જીવનનું કેંદ્રસ્થાન બની રહે; વાચનાલયો, ફરતાં પુસ્તકાલયો વગેરેની વ્યવસ્થા થઇ શકે. અમેરીકામાં દરેક શાળા સ્થાનિક પ્રજાને માટે સમાજસેવાનું મથક થઇ રહે છે (community centre), તે પ્રમાણે આપણે ત્યાં થવાની જરુર છે. જો ગુજરાતી ભાઇઓ સંપીલા થાય તો આ પ્રકારની યોજના કરતાં જરાએ અડચણ ન આવે. પૈસાની મુશ્કેલી બહુ નડવી જોઇએ નહીં, કારણ કે આજે પુનાની ઘણીખરી સંસ્થાઓમાં ગુજરાતી ભાઇઓ પુષ્કળ પૈસો રેડે છે.

જે સ્થિતિ પુનાની છે તેવીજ મદ્રાસ, કોચીન, મહીસુર, કલકત્તા અલ્લાહબાદ, આગ્રા દીલ્હી, અમૃતસર, જયપુર, કરાંચી વગેરે ની જાણી લેવી. હીંદુસ્તાનનાં મોટાં મોટાં શહેરોમાં ગુજરાતી વેપારીઓ સારી સંખ્યા-માં વસે છે પણ તેમને વેપાર સીવાય બીજું જ્ઞાન થોડું હોય છે. ભાન આવ્યું છે એમ કહેવાય છે પણ તેને પુરેપુરું જાગ્રત કરીને તેનો ઉપયોગ કરવો, ગુજરાતી સંસ્કૃતિની ખીલવણી માટે કયા પ્રકારના ઇલાજ લેવા, તે હજી સુઝયું નથી અને જ્યાં સુધી

આપણો શિક્ષિતવર્ગ એ પ્રજામાં જઇને સંગઠન નહીં કરે ત્યાં સુધી એ પ્રજાની આત્મિક ઉન્નતિમાં ઓછાપણું રહેશે.

ગુજરાત સેવાસંઘ.

શાળાને માટે જોઇતા શિક્ષકો તેમજ સમાજસેવા અગર જાહેરજીવનની વ્યવસ્થા કરનારા કારભારીઓ શોધી કાઢવા, તેમને માટે યોગ્ય યોજના કરી આપવી, વગેરે કામને માટે એક ગુજરાત સેવાસંઘ જેવી સંસ્થાની જરુર નથી જણાતી? ગુજરાતના દરેક ભાગમાં સામાજિક સેવાના કાર્યો થઇ રહ્યાં છે પણ તેમાં સંગઠન અથવા co-ordination નથી. ગોખલેજીની હીંદ સેવક સમાજે ઘણી શાખાઓ કાઢી છે પણ ગુજરાતમાં એકે શાખા ન મળે. શ્રી. અમૃતલાલ ઠક્કર પંચમહાલના ભીલોમાં કામ કરી રહ્યા છે પણ ગુજરાતની બીજી પ્રવૃત્તિ સાથે એમને બહુ સંબંધ નથી. આજે હીંદ સેવક સમાજની નવી શાખા ગુજરાતમાં સ્થપાય એ બનવાજોગ નથી પણ ગુજરાતની સંસ્થાઓને કાર્યવાહકોના અનુભવનો અને વ્યવસ્થાશકિતનો પુરેપુરો લાભ મળે તેટલા માટે એક મધ્યસ્થ સેવક-મંડળ સ્થાપવાની આવશ્યકતા છે. સમાજ-સેવકોને તૈઆર કરવાનું કાર્ય ગુજરાત વિદ્યાપીઠને માથે નાખ્યા વિના છુટકો નથી. વિદ્યાપીઠમાંથી રાજકીય રંગ ઘસાતો જાય છે. ગુજરાત વિદ્યાપીઠ સરકારી યુનીવર્સીટી સાથે હરીફાઇ કરવા માટે નથી સ્થપાઇ: તેમાં રાજકીય તથા સામાજિક સેવકો તૈઆર કરવાના છે. જ્યારે આપણે બૃહત્ ગુજરાતને પુરેપુરું ખીલવશું ત્યારે ગુજરાત વિદ્યાપીઠના સ્નાતકોએ શું કરવું એ પ્રશ્ન જતો રહેશે.

ખેડુત વર્ગ

રાજકીય વૃતિમાં ઉદાસીનતા તથા મતભેદનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું છે તે છતાં દેશમાં જાગૃતિના ચિન્હ જણાય છે. આખા દેશની ખેડુત પ્રજામાં અજબ જાગૃતિ ફેલાઇ ગઇ છે. મુંબાઇની સરકારે જમીનમહેસુલના સંબંધમાં એક સમિતિ નીમી છે તે હાલમાં પુનામાં મળે છે. એ સમિતિ જે નિર્ણય ઉપર આવે તેનો સ્વીકાર સરકાર કરી શકશે કે કેમ એ બાબત બહુ અગત્યની નથી. જે પ્રજામાં કે કોમમાં જાગૃતિ આવે છે તેની ઉન્નતિ થયા વિના રહેતી નથી. આત્મિક, આર્થિક અને સામાજિક સુધારો સાથેસાથે થવો જોઇએ પણ તેમ હમેશાં થતું નથી. દરેક સુધારામાં ભરતીઓટ પણ હોય છે. ચરોતરના પ્રદેશમાં બોરસદ તથા પેટલાદ તાલુકાઓએ (એક બ્રીટીશ રાજ્યનો અને બીજો ગાયકવાડી રાજ્યનો) જે લઢત કરીને વિજય મેળવ્યો તેની અસર આખા ગુજરાત-કાઠીઆવાડમાં થઇ રહી છે.

કારીગર વર્ગ

કેટલીક હીલચાલો ઘણી ધામધુમથી થાય છે, પણ ઘણી છાનીછુપી શાંતિથી ફેલાઇ રહે છે. જ્યારે કોઇ પણ કારણસર સરકાર જોડે અથડાઇ પડવાનો પ્રસંગ આવે છે ત્યારે આજના જમાનાને અનુસાર વર્તમાનપત્રોમાં ખુબ ચર્ચા થાય છે; ઘણા સુધારા કંઇપણ અવાજ કર્યા વિના અમલમાં મુકાય છે. ખત્રી અને ભાવસાર કોમમાથી દારુનું વ્યસન ઓછું થાય છે એવી હકીકત કેટલાંક ગામોમાં-થી આવી છે. આવા નૈતિક સુધારા સાધુ-સંન્યાસી તથા ધર્માચાર્યોના ઉપદેશથી થાય છે. આપણા દેશના સારા નસીબને લીધે સાધુ-

સંન્યાસીનો નવો વર્ગ શિક્ષિત, પવિત્ર, ઉચ્ચ ભાવનામય અને લોભ વગરનો થવા માંડયો છે, અને એમના ઉપદેશથી અનેક પછાત કોમોને બહુ લાભ થયો છે. જ્યારે આપણા ધર્માચાર્યો સુધરશે અને તેમનામાં સેવાની ભાવના પ્રગટ થશે ત્યારે પ્રજાની ઉન્નતિમાં કેટલું જોસ આવશે ?

પ્રચલિત કેલવણીથી નિરાશ થઇને પાંચાળ પ્રજાએ ઉત્તર ગુજરાતમાં પોતાની શાળા કાઢી છે એ પણ એક પ્રગતિના ચિન્હરૂપ ગણવી જોઇએ. આપણે ત્યાં શિષ્યવૃત્તિ (Discipleship)નો લોપ થવા માંડયો છે અને હાલની કેલવણીમાં નથી મળતું પુરતું જ્ઞાન, નથી કેળવાતું ચારિત્ર્ય અને નથી કેળવાતો હાથ. પાંચાળ જેવી શિક્ષણમાં પછાત પ્રજાએ શિક્ષણના પ્રદેશમાં નવો અખતરો શરુ કર્યો છે અને મહેસાણામાં પોતાની સ્વતંત્ર શાળા સ્થાપી છે. તેમાં સામાન્ય જ્ઞાન ઉપરાંત હુન્નરી ધંધા શીખવવાનો પ્રબંધ થયો છે. તેજ પ્રમાણે કડવા પાટીદારોએ પોતાની કોમને માટે બોર્ડીંગ શાળા કાઢી છે જેમાં ખેતીના વિષયનું તેમજ ખેતીના કામને ઉપયોગી હુન્નરોનું જ્ઞાન આપવાની યોજના થઇ છે. સરકારથી અલગ રહીને, ચાલી રહેલા અભ્યાસ-ક્રમમાં ફેરફાર કરીને સ્વતંત્ર નીશાળો કાઢવાનો ઉત્સાહ આપણી પ્રજામાં આવે એ હર્ષ સાથે ગુજરાતી આલમે વધાવી લેવાનું છે.

પછાત વર્ગો.

નવસારી અને સુરતના કાળીપરજો, ભરુચ તથા પંચમહાલ જીલ્લાના ભીલો, કાનમના વસાવા અને બારૈયા, ચરોતરના ધારાળા, તથા કોળી વર્ગમાં જ્યાં ત્યાં જાગૃતિ ફેલાઇ રહી છે. કાળીપરજની ઉન્નતિને માટે વડોદરાની સરકારે એક ખાસ સમિતિ નીમી છે અને તે સમિતિએ એક પ્રશ્નાવલિ પ્રગટ કરીને પ્રજા તેમજ અમલદાર વર્ગ તરફથી સુચનાઓ માગી છે. ભીલવસાવાની પરિષદ્ વાઘોડીઆ મુકામે ડા. સુમંત મહેતાના પ્રમુખપણા નીચે મળી હતી અને અંકલેશ્વરમાં શ્રી. અમૃતલાલ ઠક્કરના પ્રમુખપણા નીચે મળી હતી, વડોદરા રાજ્યમાં વાંકળનો જંગલી પ્રદેશ છે ત્યાં કાળીપરજ સંકટનિવારક મંડળે એક બોર્ડીંગ ભીલ છોકરાંઓ માટે ખોલ્યું છે. ગ્રીસ તથા રોમના સામ્રાજ્યનાં અને "રામરાજ્ય"નાં જ્યારે ઘણાં વખાણ સાંભળીએ છીએ ત્યારે યાદ રાખવાની જરુર છે કે જુના જમાનામાં ચોથો વર્ણ–શુદ્ર વર્ણ–માત્ર ગુલામીમાં સડતો હતો. અનાર્ય વર્ગ અગર બાબેરીઅન વર્ગની કરોડો માણસની વસ્તીનો કોઇ હીસાબ પુછતું નહોતું. આ વર્ગ હવે માણસની ગણતરીમાં ગણાવા લાગ્યો છે. જ્યારે આ કરોડો માણસની પ્રજા દારુના વ્યસનમાંથી બચી જશે ત્યારે હીંદુસ્તાનના જમણા હાથમાં કેટલું બળ આવશે ?

સ્થાનિક સ્વરાજ્યનું માસિક

ગુજરાતમાં તેમજ ગુજરાતનાં કેટલાંક દેશી રાજ્યોમાં મ્યુનીસીપાલીટીઓ તથા લોકલ બોર્ડોનો વહીવટ પ્રજાના હાથમા આવતો જાય છે અને સરકારની દખલ ઓછી થાય છે. આ બધી સંસ્થાઓની મારફત ગ્રામ્ય પ્રજાને માટે સારી વ્યવસ્થા થાય એવું આપણે ઇચ્છીએ છીએ. જાહેરજીવનની અંદર પ્રકાશનનું કામ અતિ અગત્યનું છે અને પ્રજાકીય સંસ્થાઓમાં અરસપરસ અનુભવનો ફેલાવો થાય, ફતેહમંદ અખતરા અથવા સારું કામ જાણીને પ્રોત્સાહન મળે એટલા માટે એક

માસિક અથવા સાપ્તાહિક પત્રની જરુર છે. મહીસુર જેવા એક દેશી રાજ્યમાં એવું પત્ર ચાલે છે ત્યારે આખા બ્રીટીશ ગુજરાત, વડોદરા તથા કાઠીઆવાડનાં રાજ્યો માટે એક પત્ર નીકળે તો તે જરુર નભી શકે.

ભાવનગરમાં મહિલા વિદ્યાલય

ભાવનગરમાં એક મહિલા વિદ્યાલય ખોલવામાં આવ્યું છે અને કાઠીઆવાડમાં સ્ત્રી કેળવણીનો યોગ્ય પ્રસાર થાય એટલા માટે એક સ્વયંસેવક મંડળની સ્થાપના કરવામાં આવી છે. જે શિક્ષકો હાલમાં જોડાયા છે તે અનુભવી છે અને ઉચ્ચ ભાવનાવાળા છે. કાઠીઆવાડમાં સ્ત્રી કેળવણીને ખીલવવા માટે એક ફંડ છે તેનો ઉપયોગ ભાવનગરમાં કરવો કે રાજકોટમાં કરવો તેની ખોટી ચર્ચા ચાલી રહી છે. તે ફંડમાંથી મદદ (ગ્રાંટ-ઇન-એઇડ) આપીને કાઠીઆવાડના જુદાજુદા ભાગોમાં સંસ્થાઓ સ્થાપી શકાશે; અને વધારે ઉચ્ચ શિક્ષણને માટે કઇ જગ્યા વધારે અનુકૂલ પડશે તેનો નિર્ણય આપોઆપ પછવાડેથી થઇ રહેશે. એ ફંડનો સુવ્યવસ્થિત ઉપયોગ કરી શકે એવા મંડળની પહેલી જરુર છે. ગુજરાતી સ્ત્રી કેલવણી મંડળે શ્રી. ચંદુલાલ દવેને આખા ગુજરાત તથા કાઠીઆવાડમાં સ્ત્રી કેલવણીની સંસ્થાઓ તપાસવા માટે મોકલ્યા હતા. તેમનું નિવેદન પ્રકટ થયું છે. સ્ત્રી કેલવણીમાં રસ લેનાર દરેક ગુજરાતી ભાઇએ એ નિવેદન વાંચવું જોઇએ.

પુનામાં સ્ત્રીઓ માટે જે વિદ્યાપીઠની સ્થાપના થઇ છે તેનો વાર્ષિક મેળાવડો થોડા દિવસ ઉપર થયો હતો. એ વિદ્યાપીઠનો અભ્યાસક્રમ સારો છે, સ્ત્રીઓને વધારે અનુકૂલ છે તે છતાં તેમાં સંખ્યા દાખલ થતી નથી એ હકીકત સર્વેને ખુંચ્યાં કરે છે. આપણા ગુજરાતમાં ત્રણ કન્યાશાળાઓ એ વિદ્યાપીઠમાં જોડાઇ છે. સુરત, વડોદરા તથા અમદાવાદમાં એક કોલેજ છે. આજે પુના, અમદાવાદ તથા વડોદરામાં મળીને ભાગ્યે ૭૫ કન્યાઓ કોલેજોમાં ભણતી હશે. આ વિદ્યાપીઠ સ્થાપાયાને નવ વર્ષ થયાં, જ્યારે સરકારી વિદ્યાપીઠને લગભગ સાઠ વર્ષ થયાં છે. પણ જ્યારે આ શ્રી. નાથીબાઇ ઠાકરસી કોલેજમાં ૨૦ કન્યાઓ નથી ત્યારે માત્ર એક ફર્ગ્યુસન કોલેજમાં ૪૦ કન્યાઓ અભ્યાસ કરી રહી છે. ખાનગી વિદ્યાપીઠને સરકારી છાપ મળતી નથી અને તેથી પરીક્ષામાં પસાર થએલાં સ્નાતકોને નોકરી મળવામાં મુશ્કેલી નડે તેથી આકર્ષણ ઓછું હશે એમ કહેવાય છે. પ્રશ્ન અભ્યાસ કરવા જેવો છે.

ચરોતર એડ્યુકેશન સોસાયટી

સ્વયંસેવક મંડળથી ચાલતી આ સંસ્થાનું વહાણ ડામાડોળ સ્થિતિમાં આવી રહ્યું હતું; પણ તે ભયંકર વાવાઝોડામાંથી પસાર થયું છે. એ સંસ્થાને જે અનુભવ થયો તે આખા ગુજરાતને ઉપયોગી થઇ પડશે. એ સંસ્થાને અંગે ચાલતી હાઇસ્કુલ સરકારી વિદ્યાપીઠ સાથે જોડવી કે કેમ એ પ્રશ્ન ઉપર લડત જાગી હતી, પછી નહીં ઇચ્છવા જેવી ધુળ-ફેંફેંફી થઇ અને અંતે હવે એવો પ્રશ્ન ઉઠયો છે કે સ્વયંસેવકોને હદપાર વધારે સત્તા આપી દીધી છે કે નહીં ? રચનાર અને ટીકાકાર વચ્ચે હંમેશ આ બાબતનો મતભેદ રહેવાનો. જો કારભારી મંડળ "જવાબદાર" ન રહે તો આપખુદીનું રાજ્ય સ્થપાય; અને જો ટીકાકારોનું રાજ્ય સ્થપાય તો કોઇ પણ પ્રમાણિક સીધા સેવકથી કામ થઇ શકેજ

નહીં. આ કજીઆની અંદર કેટલોક અંગત દ્વેષ હતો એમ કહેવાય છે તે જો ખરું હોય તો અત્યંત શોચનીય છે. આ ગંદા ટંટાનો નીકાલ કરવા માટે જે સમિતિ નીમી છે તે પુરો ન્યાય આપશે એવી અમારી માન્યતા છે.

ગુજરાતના સૈનિકો

૧૯૨૦ થી ૨૨ ની સાલ સુધી ગુજરાતે હજારો સૈનિકો મહાત્મા ગાંધીજીને આપ્યા; અને નાગપુર સત્યાગ્રહ વખતે ગુજરાતી સૈનિકોએ ગુજરાતનું નામ દીપાવ્યું. આજે જ્યારે ચારે દિશામાં સારા સાચા સ્વયંસેવકોની ખોટ જણાય છે ત્યારે એ સૈનિકો ખોળ્યા જડતા નથી. ગુજરાતીઓ સ્વભાવે પોચા છે. તેમણે બસો ત્રણસો વર્ષ થયાં રણક્ષેત્રમાં અનુભવ લીધો નથી. જર્મન પ્રજા સખત હારી અને પૈસે ટકે પાયમાલ થઇ ગઇ ત્યારે ક્ષાત્ર ધર્મ એક બાજુએ મુકીને આર્થિક ઉન્નતિ તથા કેળવણીના સુધારા તરફ તન, મન ને ધનથી કામ ઉપાડયું. એ પ્રજા પાછી ટટાર થઇ જશે. આપણે બારડોલી પછી નરમ પડી ગયા છીએ. રાજકીય લડતમાં મંદી ફેલાઇ ગઇ તે વખતે કેળવણી, સામાજિક સુધારા વિગેરે દિશામાં જોસભેર ઝુકાવી દેવાનું હતું. આજે સુરત, ભરુચ અને અમદાવાદ જીલ્લામાં જાહેર પ્રવૃત્તિ ક્યાં છે? ખેડા જીલ્લો બોરસદ સત્યાગ્રહને લીધે ટકી રહ્યો છે; પંચમહાલમાં તો ખાસ ખરો જુસ્સો હતોજ નહીં. જો સૈનિકો પોતપોતાના જીલ્લામાં શાળાઓ સુધારે, વ્યાયામ મંદિરો સ્થાપે, અને ગ્રામ્ય પ્રજા માટે સહકારી મંડળીઓ સ્થાપે તો પ્રજાને કેટલો ફાયદો થાય! અસહકારીઓ મ્યુનીસીપાલીટી તથા ડીસ્ટ્રીક્ટ બોર્ડોમાં જતા નહોતા તે હવે જઇ શકે છે તેજ પ્રમાણે તેમણે સહકારી મંડળનું તંત્ર સર કરી લેવાનું છે. આયર્લેંડની ઉન્નતિમાં સહકારી મંડળોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. ખાદી ઉત્પન્ન કરવામાં તથા તેના પ્રચાર કામમાં સહકારી મંડળી અતિ ઉપયોગી થઇ પડશે એવી સૌની ખાત્રી છે. રાજકીય ચળવળની દૃષ્ટિથી નહીં પણ ખેડુત વર્ગ અથવા ગામડીઆ પ્રજાની સેવા કરવા માટે આપણા સ્વયંસેવકો અને સૈનિકોએ સહકારી મંડળમાં કામ કરવું જોઇએ. આપણે એક કડવો અનુભવ મેળવ્યો છે કે ગામડામાં ખાદીને માટે જે સ્વયંસેવકો રાખ્યા હતા તે બહુ મોંઘા પડયા, પણ જો યોગ્ય સ્વયંસેવક ગામડામાં જાય અને ખાદી, અખાડો, સહકારી મંડળ તથા ગામ પંચાયતનું કામ કરે તો તેમને પચાસ સાઠ રુપીઆનો પગાર આપણો પાલવે. નિરાશ થએલા અસહકારીઓ હવે જાગ્રત થાય એવું અમે ઇચ્છીએ છીએ.

નવું સાહિત્ય

[અનુસંધાન પૃષ્ઠ ૪૭૮ થી]

કોઇક સ્થળે શ્રી. મુનશીની ક્ષીણ થતી શકિતનાં દૃષ્ટાંત તરીકે રાજાધિરાજ તરફ અંગુલીનિર્દેશ કરવામાં આવ્યો છે. શ્રી. મુનશીની નવલકથાઓ–ખાસ કરીને પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, અને રાજાધિરાજ–ની સમાલોચના આમ અધુરી અને એકતરફી છે. રા. મુનશીની નવલકથાઓ * ને જુદાજ દૃષ્ટિબિંદુથી જોવાની આવશ્યકતા છે.

રા. મુનશીની નવલકથાઓ બહાર પડવા માંડી, તે પહેલાં ગુજરાતી સાહિત્યમાં નવલકથાઓનું સ્થાન વીચારવાની જરુર છે. આ નવલકથાઓ બહાર પડી, તે પહેલાં નવલકથાનું સાહિત્ય ખીલકુલ ઊંડાણ વિનાનું. અને નિઃસત્ત્વ હતું. માત્ર સરસ્વતીચંદ્રના ચારે ભાગ, કરણઘેલો અને સ્વ. ભોગીંદ્રરાવનાં વાર્તાનાં પુસ્તકો નવલકથાના સાહિત્યમાં જ્વલંત અને રસિક પ્રકાશ પાડી રહ્યાં હતાં. આ ઉપરાંત 'ગુજરાતી' 'પ્રજાબંધુ' વગેરે સામાહિકો નવલકથાના પુસ્તકોની વાર્ષિક, લહાણી કર્યે જતાં હતાં. પણ આમાંનાં ઘણાં ખરાં પુસ્તકોમાં એકધારો રસ વહેતો નહોતો. વળી કેટલીક નવલકથાઓ પરભાષામાંથી અનુવાદ કે અનુકરણ તરીકેજ પ્રસિદ્ધિ પામતી હતી. નવલકથાના સાહિત્યનું દારિદ્ર ફીટાડવા નાનામોટા અનેક પ્રયાસો થવા અને ગુજરાતનાં સદ્ભાગ્યે શ્રી. મુનશીની નવલકથાઓ જન્મ પામી.

અત્યારે મુનશીની નવલકથાઓ આપણા સાહિત્યમાં એવું સ્થાન ભોગવે છે કે હજુએ પોતાના ગૌરવને અવિચ્છિન્ન સાચવી રાખનાર સરસ્વતીચંદ્રની સાથે એ નવલકથાઓની તુલના કરવાનું સ્વાભાવિક મન થઇ જાય છે. રા. મુનશીની નવલકથાઓની આ સફળતા કૈં જેવી તેવી ન લેખાય. સરસ્વતીચંદ્ર અને રા. મુનશીની નવલકથાઓ વચ્ચે તુલના કરનારે એક વાત ન વીસરવી જોઇએ, કે રા. મુનશીની નવલકથાઓને વધુ સારી કહેવડાવવાની અંધદશામાં સરસ્વતીચંદ્રને ઉતારી પાડવાની લેશ પણ જરુર નથી. સરસ્વતીચંદ્રને ઉતારી પાડયાથી રા. મુનશીની નવલકથાઓ વધુ દીપે, એ માન્યતા ભુલ ભરેલી છે. 'ગુજરાતનો નાથ'ના ઉપોદ્ઘાતમાં રા. મુનશીની કૃતિને વધુ તેજસ્વી દેખાડવા ખાતર સરસ્વતીચંદ્રને ઝાંખો પાડવા પ્રયાસ થયો છે. આમાં રા. મુનશીનેજ ઘણો અન્યાય થયો છે. મુનશીની નવલકથાઓ કૈં સરસ્વતીચંદ્રમાથી ઉદ્ભવી નથી. એ તો રા. મુનશીની સ્વતંત્ર કૃતિઓ છે. એમનાં તેજ અનેરાં અને સ્વયંપ્રકાશિત છે. રા. મુનશીની નવલકથાઓની પ્રશંસા એટલે સરસ્વતીચંદ્રની નિંદા એ માન્યતા ભુલભરેલી છે અને દૂર થવાની જરુર છે.

સરસ્વતીચંદ્ર બહાર પડયા પછી એની અસર નવલકથાના સાહિત્ય ઉપર એટલી બધી થઇ હતી કે 'વહાલા વહાલી'ની વાર્તાઓ મોટા પ્રમાણમાં બહાર પડવા લાગી. સાસુના સંતાપ, નણંદનાં મહેણાં, પતિથી ત્યજાએલી પત્ની અને પરણવું એકને અને વિચાર કરવા બીજાના આવા આવા પ્રસંગો રૂપી

*આ લેખમાં રા. મુનશી નવલકથાઓ એટલે માત્ર ત્રણજ સમજવાની છે. ૧–પાટણની પ્રભુતા, ૨–ગુજરાતનો નાથ, ૩–રાજાધિરાજ: લેખક.

વાર્તાઓ લખાવા માંડી. ઘણાને એમ પણ લાગ્યું હશે કે વાર્તાઓનું દૃષ્ટિબિંદુ બીજું સંભવી શકેજ નહીં. રા. મુનશીની નવલકથાઓએ એ દૃષ્ટિબિંદુ ફેરવ્યું. ગુજરાતની નવલકથાઓનાં વહાલા વહાલની રડતી આંખોમાં ઝનુન અને વીરતા પ્રસાર્યાં. મનને મારીને પરાણે સતિ રહી શકેલી કુમુદ કરતાં સ્વાભાવિક પ્રેરણાથી પતિને પ્રાણ અર્પનાર રાણકદેવડી, એક વાર કાકને લાત મારનાર પણ સંયોગ વશાત્ કાકની થઇ રહેનાર-અને મરતાં સુધી તેનીજ રહેનાર મંજરી, ત્રિભુવનપાળ જેવા પતિને પરમેશ્વર ગણનારી કાશ્મિરા દેવી જેવાં સ્ત્રી પાત્રોએ નવલકથાનું સુકાન ફેરવ્યું. 'ઘેરેઘેર નવા સંસ્કારોનો સંચાર થાય છે.—ગામે ગામ નવયુગનું ચેતન પ્રસરી રહ્યુ છે' એ સત્ય જોનાર રા. મુનશીએ યોગ્ય સમયે, અને સ્વાતંત્ર્ય પ્રેમના જુવાળ પર જુવાળ આવવા લાગ્યા છે, તેવા હાલના સમયમાં વીર રસથી ભરેલી છતાં કરુણ રસનો ઓપ ચઢાવેલી નવલકથાઓ બહાર પાડી. રા. મુનશીની નવલકથાઓ તેમજ અજ્ઞેજી ઠાકોર જેવી નવલકથાઓનું વાચન વધે, એવો જેમ સંભવ લાગે છે, તેમ હાલના સમયમાં સરસ્વતીચંદ્રનું વાંચન ન વધે તો નવાઇ પામવા જેવું નથી, એમ પણ લાગે છે.

રા મુનશી ઉપર એવા આક્ષેપો મુકાયા છે કે તેમની નવલકથાઓ ફ્રેંચ લેખક ડુમાનાં પુસ્તકોનાં અનુકરણનું પરિણામ છે. વિવાદ ખાતર એમ માની લઇએ કે ડુમાનાં પુસ્તકોનુંજ રા. મુનશી અનુકરણ કરે છે. 'રા. મુનશીની નવલકથાઓ વાંચનારને પોતાના મન ઉપર કેવું વાતાવરણ પ્રસરે છે, તે જો સૂક્ષ્મતાથી જોવાની ટેવ હોય, તો સમજાશે કે રા. મુનશીની આ ત્રણ નવલકથાઓમાં ગુજરાતી તત્ત્વ એકદમ જણાઇ આવ્યા વિના રહેતું નથી. આ નવલકથાઓ વાંચતાં પશ્ચિમના વાતાવરણનું ભાન નથી થતું એટલુંજ નહીં, પણ ઉલટું જુના ગુજરાતમાં આપણે જીવતા હોઇએ એવું વાતાવરણ પ્રસરી રહેલું જણાયછે. મંજરી ગુજરાતી સ્ત્રીનું સાચું સ્વરૂપ છે. કાકના પાત્રાલેખનમાં યુરોપના વાતાવરણની અસર થઇ હશે, છતાં પણ તેનામાં ગુજરાતી તત્ત્વ વધારે સ્પષ્ટ જણાય છે અને અંત સુધી તે ગુજરાતીજ રહે છે; પશ્ચિમના વાતાવરણની અસર હોત, તો કાક સિદ્ધરાજને ખસેડી ક્યારનોએ ગુજરાતનો નાથ થઇ પડ્યો હોત. મુંજાલ જેવા મુત્સદ્દી ગુજરાતમાં ન પાકે એમ કેમ કહી શકાય? મીનળદેવી સાથેના એમના સંબંધમાં પશ્ચિમની ગંધ રાખવાનું કશું કારણ નથી. મીનળદેવીનું પાત્ર યુરોપના વાતાવરણથી કલુષિત થતું જણાય છે છતાં રા. મુનશીએ કળાથી તેને ગુજરાતની મર્યાદામાં રાખી છે. પાટણની પ્રભુતામાં મીનળદેવીને યુરોપની સ્ત્રી બનાવવા યત્ન કર્યો છે, પણ પછીનાં બે પુસ્તકોમાં મીનળના પાત્રને સુધારી દીધું છે; અને તે ગુજરાતણજ રહી શકી છે. ઉદા મારવાડી જેવી વ્યક્તિઓનો ગુજરાતમાં કંઈ ટોટો નથી. ત્રિભુવનપાળ શુદ્ધ ક્ષાત્રિયનો સાચો નમુનો છે. ખેંગાર અને રાણકદેવી ઇતિહાસે સિદ્ધ કરેલાં પાત્રો છે. ભોંયરાંના માર્ગો,-અંધારી રાતે મસલત કરવા મળતા યોદ્ધાઓ વગેરે બનાવોમાં પશ્ચિમના વાતાવરણની ગંધ આવે છે, પણ મહેમદાવાદનાં ભોંયરાં, કે એવાજ જુના શહેરોનાં ભોંયરાં વીશે જ્યારે આપણે 'હાલ' પણ સાંભળીએ છીએ, ત્યારે જુના સમયમાં ગુજરાતમાં આમ નજર બન્યું હોય, તેમ આપણે છાતી ઠોકીને

તેની સાથે જવા તૈયાર થયો, એટલે તેણે તેને કહ્યું......

આ આખો પ્રસંગ તેમજ દેવડીનાં કંકુનાં પગલાં દીઠા પછી ખેંગારના મનની સ્થિતિ એ બધું કરુણ ચિત્ર હૃદયને પીગળાવે છે અને આંખમાં ઝળઝળીઆં લાવે છે.

લીલાદેવીની સાચી મનોદશા વીસમા પ્રકરણમાંજ દર્શાવી છે. જંબુસરના ઘેરા પછીના પ્રકરણમાં લાટની રાજ્યલક્ષ્મીનું રેખા ચિત્ર સારો પ્રકાશ પાડે છે. કાક સુલેહને માટે આવે છે ત્યારે મૃણાલકુંવરીનો સંવાદ જરા જોવા જેવો છે.

"તમે કાકભટ? જેણે લાટ લીધું કહેવાય છે તે?"

"હા બા," કહી કાકે હાથ જોડ્યા.

"તમે મને પાટણની રાણી બનાવવા માગો છો?"

"જી હા."

"શા માટે?"

"તેમાંજ લાટના સુખ અને ગૌરવ સમાયાં છે તેથી."

"અને હું તો કહું ના?"

* * *

જેવો રેવાપાલ ગયો એટલે તે કાક તરફ ફરી; તેના હોઠ વધારે સખતાઈથી બીડાયા, [અહીં મણાલ અને કાક બે એકલાંજ છે. મૃણાલ પોતાનું હૃદય કેમ ખોલે છે, તે સમજાય છે.

"તું મારી પાસે શું કરાવવા માગે ખબર છે?"

"હા."

"નથી." અનુભવી યોદ્ધો ખાત્રીથી તરત ના પાડે તેમ યુવતીએ કહ્યું. "કાલે સ મારા દાદાનો મુગટ પહેરી, હાથમાં તર લઈ મારા સૈન્ય સાથે હું કેસરીઆં કર તમારા પર તુટી પડવાની છું. મારું માથું ૫ પણ હું અમર થઈશ. મારા શૌર્યથી પૃ ગાજશે, ને ભવિષ્યમાં લોકો મને અં તરીકે પુજશે."

મૃણાલ કુંવરીનો આ સહજ સ્વભ ત્રીજા વિભાગના વીસમા પ્રકરણમાં પ્રત થાય છે. મુંજાલ મહેતા સાથે વાત કર લીલાદેવી કહે છે કે "મહેતાજી! તમારે કો લાટની પરવા નથી, પણ મારે તે છુટકો સોમેશ્વર નિશ્ચિંત થા. હું તારી સાથે આવું આપણે બે મળીને લાટનો ઉદ્ધાર કરીશું."

મુત્સદ્દી મુંજાલ મહેતા જીવનમાં પહેલ વાર ચમક્યા.

"શું કરો છો?" તેણે પુછ્યું.

"સાંભળ્યું નહીં?" તિરસ્કારથી રાણી કહ્યું.

"પણ મેં સોમેશ્વરને બોલાવ્યો તે પુછવા માટેજ. હું હમણાં લાટની માણસો મોકલવાની ગોઠવણ કરું છું." મુંજ મીઠાશથી કહ્યું.

"માણસો મોકલે કે વળે? - લાટ કુંવરીજ લાટની વહારે ધાય. તમારે કે ત લેવાની જરૂર નથી...... મારા પચાસ સૈનિ તૈયાર થશે."

"પણ બહેન! હમણાં તમે જશો તો જુનાગઢનું શું?" (લીલાદેવીનું અંતર પારખવા મુંજાલે ચતુરાઇથી પ્રશ્ન મુક્યો.)

"તમે બધા અહીંઆં નથી?"

"અમે છીએ. પણ તમે તો હોવાં જોઇએજ."

"લાટ તો મારું. સોરઠની વાત તમે પટ્ટણીઓ જાણો. સોમેશ્વર! કેટલા દિવસમાં લાટ જઇશું?"

(રાણીની ઉતાવળ મુત્સદ્દી મુંજાલ સમજ્યો. તેણે તરત પ્રશ્ન પુછ્યો.)

"પણ આટલાં જણુ જઇને કરશો શું?" (રાણીના વિચાર મુંજાલ સમજ્યો હતો. રાણી પાસેજ વાત કઢાવવાને તે ઇચ્છતો હતો. પણ રાણી એમ છેતરાય તેવી નહોતી. આવેશમાં રાણી બોલી.)

"મહેતાજી! તમને અમારા લાટની ખબર નથી. હું એકલી બસ છું. અહીંઆં મારો હીસાબ નથી, પણ ત્યાં લોકો મને પુજે છે, રેવાપાલ મને જોતાં મારા ચરણની રજ માથે ચઢાવશે."

(બસ, થઇ ચુકયું. મુંજાલને બધી બાજી સમજાઈ. સોમેશ્વર સાથે જવા તૈઆર થએલી રાણીને સત્તાવાહી અવાજે તેણે કહ્યું.)

"ઉભાં રહો, લીલાબા! હું પણ તમારી જોડે આવું છું."

"ક્યાં?"

"લાટની વહારે ધાવા."

"તમે?"

"હા."

"તમારું કામ નથી." (મુંજાલે સોમેશ્વરને બહાર કાઢયો, અને ચાર પાંચ પળ સુધી મુંજાલ અને લીલાદેવીએ એકબીજાની સામે જોયા કર્યું. મંત્રીએ દૃઢતાથી ફરીથી કહેવા માંડયું.)

"હું આવું છું."

"તમારું કામ નથી."

"મુદ્દો શો છે બહેન?......રાજા પટરાણી કરે તો લાટમાં જઇ રેવાપાલની મદદથી રાજ્ય કરવું છે?"

મુંજાલના આ શબ્દોથી લીલારાણી ચમકી એટલુંજ નહીં પણ વાંચનાર પણ ચમકે છે. લીલાદેવીનું આ ચારિત્ર્ય લેખન રજપુતાણીને છાજે તેવુંજ છે.

આ ઉપરાંત રાણકને લઇ જવા તત્પર થએલો જયસિંહ સોલંકી, તેણે કરેલાં બે કુમારનાં કરપીણ ખુન, આ બધા દેખાવો કમકમાટી ઉપજાવતા છતાં રસક્ષતિ નથી કરતા. રા. મુનશીની લેખિનીનો અદ્‌ભુત પ્રભાવ આવા પ્રસંગોમાં ખરેખર ઓપી રહે છે. આવો ને આવોજ બીજો પ્રસંગ મંજરી બાળકોથી વીખુટી પડે છે તે છે. કરુણરસની ભરતી આણતાં રા. મુનશીની લેખિની સહેજે નરમ નથી પડતી.

રાજાધિરાજમાં કેટલેક સ્થળે રસક્ષતિ થઇ છે અને એવાં પ્રકરણોને લીધે કદાચ રાજાધિરાજ ફીકો લાગે અથવા પ્રથમની બે નવલકથાઓ જેટલો રસભર્યો ન લાગે, એ સ્વાભાવિક છે. પણ રા. મુનશીની ખરી ખુબી તો એ છે કે એવાં રસપીહોણ્યાં પ્રકરણોની

પછી તુરતજ, તેઓ રસસાગરમાં જુવાળ પર જુવાળ આણે છે. નેરા ઓબડાનો પ્રસંગ રમુજી છે અને નેરા જેવાં પાત્રોનો જેને અનુભવ થયો હોય, તેને રા. મુનશીની નૈસર્ગિક શક્તિની ચમત્કૃતિ સમજાયા વિના નહીં રહે.

આખો 'રાજાધિરાજ' કાકનાં પરાક્રમોથી ભરેલો છે. એટલે 'રાજાધિરાજ' કોણ એ પ્રશ્નના ઉત્તરનું સ્વાભાવિક વલણ કાક તરફજ જાય છે. એના વિના લીલું પાંદડું પણ ફરતું નથી. એના અસ્તિત્વથીજ બાજી પલટાય છે. મુન્જાલ અને જયસિંહદેવ એ બંનેનાં ગૌરવ કાકને હાથે ખંડિત થાય છે. રા. મુનશી જયસિંહદેવને ગમે તેટલો રાજાધિરાજ ચીતરવા જાય, છતાં કાકના વ્યક્તિત્વને એમણે એવી રીતે કેળવ્યું છે કે ઇતિહાસમાં જયસિંહદેવનું સ્થાન ગમે તેટલું ઉંચુ હોય છતાં આ નવલકથામાં તો કાકનુંજ સ્થાન રાજાધિરાજ તરીકે ચીતરાયું છે. કાકના વ્યક્તિત્વને વધારે પડતો ઢોળ ચઢાવવામાં આવ્યો છે. કદાચ રા. મુનશીની જન્મભૂમિ ભૃગુકચ્છનો પક્ષપાત દર્શાવવા ખાતર તેજ ભૂમિના કાકને શ્રેષ્ઠપદ અપાવવા તેમણે પ્રયાસ કાં ન આદર્યો હોય! તેમાંએ કાકને હાથે જયસિંહદેવને ભોંયરામાં પુરાવુ પડે છે, એ પ્રસંગ જો કે કલાનો અને પ્રસંગ સાચવવાનો ઉત્તમ નમુનો છે, છતાં ઇતિહાસની દૃષ્ટિએ આવા બનાવથી જયસિંહદેવની મહત્તા ઘટે છે.

પ્રથમની બે નવલકથાઓની વીરતારેલી જાળને સંકેલી લેવાની હોવાથી રાજાધિરાજમાં પાત્રોની ખીલવણી 'ગુજરાતનો નાથ' જેવી નથી, એ દૃષ્ટિએ 'રાજાધિરાજ' હલકો લાગે. પણ સાથે એટલું એ યાદ રાખવાની જરૂર છે કે 'રાજાધિરાજ'માં મુનશીનાં પાત્રોને કપાળે પ્રૌઢાવસ્થાની કરચલીઓ પડવા લાગી છે. જુવાન હતાં, તે વૃદ્ધ થવા લાગ્યાં છે, એટલે પાત્રોની ખીલવણીનો પ્રશ્ન 'રાજાધિરાજ'માં રહેતોજ નથી. આખી બાજી કેમ સંકેલાય છે, એજ દૃષ્ટિએ જોતાં 'રાજાધિરાજ'માં રા. મુનશીની કલા સમજાય છે.

અનેક વાર વાંચ્યા છતાં જેનો ને તેવો રસ ઠેઠ સુધી જળવાઇ રહે અને લગારે કંટાળો ન આવે, એમાંજ નવલકથાની સફળતા સમાઇ છે. આવી સફળતા પ્રાપ્ત કરવાનું ભાગ્ય ઘણી ઓછી નવલકથાઓને મળે છે. રા. મુનશીની ત્રણે નવલકથાઓ આવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરી શકી છે, એ નિઃસંશય છે.

આ પુસ્તકની સમાલોચના આખીએ વિસ્તારથી કરવાનો ઇરાદો હતો; દરેક પાત્રને વધારે સૂક્ષ્મતાથી તપાસવાનો વિચાર હતો; પણ આવા લેખમાં આવું લંબાણ અસ્થાને લેખાય, એમ ધારી, શ્રીહરિની ઇચ્છા હશે તો મંજરી જેવા પાત્રને વધારે વિગતથી તપાસવાની ઇચ્છા સાથે અત્રે વીરમીશ.

તૈયાર છે ! તૈયાર છે !!

માત્ર

થોડીજ નકલો

ગુજરાત

નાં

મજબુત અને સુશોભીત રીતે પાકા પુઠામાં બાંધેલાં

પુસ્તકો

ત્રીજું, પાંચમું અને છઠ્ઠું,

૨૮૦ પાનના દીવાળીના ખાસ અંક સાથે—દરેક પુસ્તકની કીંમત માત્ર રૂ. ૫–૦–૦

વી. પી. થી મોકલવામાં નહી આવે,—પોસ્ટેજ સાથે રૂ. ૫–૧૦–૦

મનીઆર્ડર આજેજ કરો

દરેક ઘરમાં રાખવા લાયક સુશોભિત, આકર્ષક અને ત્રિરંગી ચિત્રો

'ગુજરાત'

ના ગ્રાહકોને આપેલાં

નટરાજ, દ્રૌપદી વસ્ત્રહરણ, અને શ્રી કૃષ્ણનાં ચિત્રો

નકલના અનુક્રમે છ આના અને ચાર ચાર આના રાખવામાં આવ્યા છે.

ગણ્યાંગાંઠયાં ચિત્રો હવે રહ્યાં છે

વી. પી થી નહી મોકલવામાં આવે,—પોસ્ટેજ આઠ આનાની ટીકીટો બીડો

વ્યવસ્થાપક,

'ગુજરાત' કાર્યાલય.

૧૦–૧૪ બેકહાઉસલેન, મુંબાઇ, ૧.

ગુજરાત અને યુગધર્મ

ના

ગ્રાહકો માટે થએલી ગોઠવણ

'ગુજરાત' અને 'યુગધર્મ' એક થવાથી, ગ્રાહકો માટે બન્નેનું લવાજમ વગેરે ધ્યાનમા લઇ નીચેની ગોઠવણ કરવામાં આવી છેઃ—

૧. 'યુગધર્મ'ના ગ્રાહકોને 'ગુજરાત'નો શ્રાવણ સુદ ૧ પર પ્રગટ થતો અંક અને ત્યાર પછીના અંકો તેમણે લવાજમ જે સમયનું આપ્યું હશે તે પુરો થતાં સુધી મળશે.

૨. 'ગુજરાત' અને 'યુગધર્મ'ના જે સામાન્ય ગ્રાહકો છે તેમને ગુજરાતના અંકો તેમનું ગુજરાતનું લવાજમ પુરું થયા પછી પણ યુગધર્મના બાકી રહેલા લવાજમના સમયના પ્રમાણમાં ગુજરાત વગર લવાજમે મળશે.

દરેક ગ્રાહકને પત્રથી સૂચના કરવામાં આવશે.

'ગુજરાત' કાર્યાલય,

૧૦–૧૪, બેકહાઉસ લેન, મેડોઝ સ્ટ્રીટ, કોટ–મુંબાઇ ૧.



પુસ્તક ૭] ભાદ્રપદ ૧૯૮૧ [અંક ૬

ગુજરાત અને યુગધર્મ

ગુજરાતે સંસ્કારનો નવો યુગ આરંભ્યો છે. તેની સંસ્કૃતિની મહત્ત્વાકાંક્ષા વધી ગઈ છે. તે સામગ્રીઓથી સમૃદ્ધ બન્યું છે.

એના પુરુષત્વમાં ત્યાગ છે, ઉત્સાહ છે, ઉંડી વ્યવહારિકતા ને ઉંચી અભિલાષા છે. એમાં વ્યવસ્થાશક્તિ છે ને સ્વાતંત્ર્યપ્રેમ છે; મુત્સદ્દીપણું છે અને નિશ્ચલતા છે; ભાવનાશીલતા છે અને સેવાધર્મ ને પ્રેમ છે; અને ભગીરથ તપથી માનવતા વિકસાવવાની હોંસ છે.

એના સ્ત્રીત્વમાં ફુલની સુકુમારતા છે, ને છતાં સતીની અડગતા છે. એમાં રસિકતા છે ને સંરક્ષક વૃત્તિ છે; કાવ્યમયતા છે ને તે વ્યવહારિક છતાં બુદ્ધિ સતેજ છે; ધર્માંધતા નથી છતાં, શ્રદ્ધાળુ હૃદયની શકિત છે; એમાં પુરુષના સમાન થવાની હોંસ છે, છતાં પુરુષને પડખેજ ઉભા રહેવાનું ડહાપણ છે; નવાનવા ઉલ્લાસો છે, છતાં દુઃખ સહન કરવાની હીંમત છે. અને પુરુષો ને સ્ત્રીઓમાં વિશુદ્ધ પ્રેમની જ્યોત જાગવા માંડી છે.

ગામેગામમાં નવયુગનું ચેતન પ્રસરી રહ્યું છે—ઘેરઘેર નવા સંસ્કારનો સંચાર થાય છે.

જાણેઅજાણે બધાં એક ને અવિભક્ત ગુજરાતનાં અંગ બને છે; અને જેમ અંગેઅંગની એકતાનતા પરથીજ આત્મા પરખાય છે તેમ ગુજરાતી સંસ્કૃતિના પ્રતાપી આત્માની સાક્ષી દે છે. કાર્તવીર્ય ને પરશુરામની આ ભૂમિ આર્યસંસ્કૃતિનો વિજયધ્વજ લઇ ઉભી છે; અને આર્યત્વનાં સનાતન તત્ત્વો મહત્ત્વાકાંક્ષા ને વીરતા; સ્વમાન ને સ્વાશ્રય; શુદ્ધિ, સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા; તપ, શકિત ને સંયમ; પિતૃભક્તિ ને જીવદયા; સૌન્દર્યભાવના-સર્વાંગરસતા; -અને પ્રેમ-નિર્મલ ને નિરંકુશ- આ પુરાણા નવ-આર્યાવર્તની પ્રેરણાથી દશે દિશામાં પ્રસરશે.

—'ગુજરાત-એક સાંસ્કારિક વ્યક્તિ'માંથી

તે પાસે આવી અને અતિશય તિરસ્કારથી કમોરનાં ગોદડાં લીધાં.



ભુજંગિની

અનુવાદક:
રા. મુનિકુમાર મ. ભટ્ટ

ચિત્રકાર:
રા. મીસ્ત્રી

ભુજંગિનીનાં લગ્ન થયાં તે દિવસે તેની ઉંમર સત્તર વરસની હશે. તે સુંદર ગૌરવર્ણી હતી અને રાજપુત સુલભ લાંબા કાળા કેશ, સુદૃઢ ભરાવદાર શરીર અને ભુરાં તરલ નયનો તેની ગૌરવર્ણ ત્વચાને અનેરી ભભક આપતાં; પણ તેનું સૌંદર્ય તો સહજ હતું. તેનો મીલનસાર સ્વભાવ અને તેનાં પ્રબલ સ્નેહ અને દયા એનીજ તેનો પતિ પૂજા કરી રહ્યો હતો.

ઠાકોર લલિતસિંહ નામનોજ ઠાકોર હતો. પણ ઉંચા કુલનો, રમુજી સ્વભાવનો અને બહાદુર હતો. એક નાની ટુકડીનો તે સરદાર હતો. પણ એથી વિશેષ તેનામાં કંઈજ નહોતું. રાજા માનસિંહને ત્યાં એ નોકરી કરતો. રાજા માનસિંહ સામાન્ય રાજપુતો જેવો ન હતો. તેની મહત્ત્વાકાંક્ષાઓ ગગનચુંબી હતી; તેનું યુદ્ધકૌશલ અમાપ હતું; તેની કાર્યશક્તિ અદ્વિતીય હતી. તેનો એક મત એ હતો કે સૈનિકથી એક અપરાધ કદીજ થઇ ન શકે અને તે–આજ્ઞાભંગ. આજ્ઞાભંગ માટે મોત એ એકજ સજા તેને મન હતી. તે સજા કરતાં દયા બતાવવી એ તેને નબળાઇનું લક્ષણ લાગતું અને એવી નબળાઇ તેણે કદીજ બતાવી નહોતી.

છતાં તે નહોતો નિષ્ઠુર કે નહોતો નિઃસ્નેહ તેની પત્ની ગુજરી ગઇ ત્યારે એક બાલક મુકતી ગઇ હતી. એ બાલક તરફ એક મર્મર ધ્વનિ કરતું તેના સ્નેહનું ઝરણું નિરંતર અને અખંડિત વહ્યાં કરતું. ક્રૂરતાની ભયાનક મૂર્તિ જેવા લાગતા એ પુરુષમાંએ તેના બાલકને જોતાં કોઇક અજબ માયા, અજબ મીઠાશ અને અજબ સ્નેહ ઉભરી નીકળતાં. અને બહારનું જગત્ આ દૃશ્ય વિસ્મયપૂર્ણ નેત્રે જોઇ રહેતું. એ નાનો મનોહર બાલક તેના પિતાના હૃદયનો એકલો વીસામો, તેની પ્રીતિનો એકાકી ભોક્તા, તેના શૂન્ય જીવનનો એક માત્ર આનંદ હતો. આખો દિવસ તે એક નાની રુપેરી ઝાલર ગળામાં નાખી ફર્યા કરતો અને મરજીમાં આવે ત્યારે વગાડતો. રાજા માનસિંહના આખા દરબારમાં એક માત્ર આજ સ્થળે જીવનની મધુર ઝલક દેખાતી

આજે ઠાકોર માનસિંહના ઓરડાનું દૃશ્ય નવીન હતું. જ્યાં કોમલતા કે સ્ત્રીનો પ્રવેશજ નહીં ત્યાં આજે ભુજંગિની ઓળો પાથરીને

આંસુભરી આંખે તેના પતિના જીવનની ભિક્ષા માગી રહી હતી. ઠાકોર લલિતસિંહે અપરાધ કર્યો હતો. આજ્ઞાભંગ કર્યો હતો. માનસિંહની ધર્મભાવના અસૈનિકોચિત મહાદોષ કદીજ સહે નહીં. લલિતસિંહને કતલ કરવાનો હુકમ અપાઇ ગયો હતો. માનસિંહે પોતાના સૈન્યની યોગ્ય વ્યવસ્થા ખાતર એવો હુકમ કીધો હતો કે કવાયત વખતે કદી ગેરહાજર રહેવું નહીં. ઠાકોર લલિતસિંહ જતો હતો તેવામાંજ કોઇ દુશ્મની જોડે તેને લઢાઇ થઇ. લલિતસિંહ જીત્યો પણ કવાયતમાં મોડો આવતાં માત્ર તેને મૃત્યુની સજાજ સાંભળવી રહી હતી.

તે મજામાંથી ગમે તે પ્રયત્ને પતિનો ઉદ્ધાર કરવા નમ્ર ભુજંગિની શરમાળ ભુજંગિની આજે દરબારગઢમાં આવી હતી. આંખમાં આંસુની અવિરત ધારા, કંઠમાં અત્યંત કરુણ ડુસકાં અને વાચામાં હૃદયવેધક છટ. વૈધવ્યને ઉમરે ઉભી રહેલી એ નિઃસહાય, પ્રેમભરી, ઊર્મિભરી હેતાળ પત્નીના ઉદ્‌ગાર સાભળી અચળ રહેવામાં પણ બળ જોઇએ એવુ હતું. માનસિંહનુ હૃદય કંપી ઉઠ્યુ; પણ તેને પેલો નબળાઇનો વિચાર આવ્યો અને તેની આંખમા અકંપ નિર્દયતા, હૃદયહીનતા ભભુકી રહી. "બાઇ !" તે દૃઢ સ્વરે બોલ્યો; "મારે જે કરવું પડે તે માટે મને હવે વધારે વચનો સંભળાવવાં મિથ્યા છે. હું કોઇને માફ કરીજ ન શકું. તમારા ધણીએ આજ્ઞાભંગ કર્યો છે અને તેને માટે મોત એજ એક સજા છે. અને એ સજા હું કરીશ. જુઓ,"

બારી તરફ તેણે આંગળી બતાવી. બારી બહાર થતો કલરવ ધીમેધીમે સંભળાતો હતો. ભુંજગિનીએ બહાર જોયું તો લશ્કરની એક ટુકડી ધીમે પગલે ચાલતી સામેના મેદાનમાં જવા ગલીમાં વળતી હતી......થોડી વારે એ ઓરડાનાં બારણાં ખુલવાનો અવાજ આવ્યો. તેણે પાછળ જોયું નહીં પણ રુપેરી ઝાલરનો મધુર ઝંકાર તેને સંભળાયો. એક બાળક આનંદપૂર્ણ મધુર સ્વરે બોલ્યોઃ "બાપા! જુઓ લશ્કર, ચાલો મને સીપાઇઓ બતાવોને ? આજે મારો જન્મદિવસ છે માટે લશ્કર નીકળ્યું છે ?" "ચુપ, ચુપ ભાઇ!" અને બાળકને લઇ ઠાકોર માનસિંહ કૈંક બોલતો બોલતો બીજા ખંડમાં ચાલ્યો ગયો.

ભુજંગિનીએ બધું જોયું. પણ તે દૃશ્ય! બલિષ્ટ ઉરના પ્રેમ ભરી ભરીને પુજેલાની સાથે હજી તો ઉર ઉઘડ્યાંએ ન હોય ત્યાં તેતે વિના લઢાઇએ મરી જતો જોવો એવું દુઃખ તો આવા દુઃખી જગતમાંએ થોડાનાંજ ભાગ્યમાં જોવાનું સર્જાયું હોય છે. ભુજંગિની સ્ત્રી હતી, આશાભરી હતી. તેનો સ્નેહ પ્રબલ હતો. પરંતુ આ આઘાતે તેના હૃદયની સુકુમારતા કચરી નાખી. તેણે સ્થિર રહીને બધું જોયું. માત્ર અસ્થિરતા હતી તેનાં નયનોની અને તેના ઉદ્વિગ્ન શ્વાસોચ્છ્વાસની. તેણે બૂમ પાડી નહીં. મૂર્છા ખાધી નહીં. રડી નહીં. તે માત્ર ઉભીજ રહી. શૂન્ય. સ્તબ્ધ. જડવત્.

જિજીવિષા કે સુખેચ્છા કે મનોરથભંગનાં પરિણામ શું હોય ? મોટા આશાની ઇમારત આવા કઠોર આઘાતે તુટી જતાં કેટલાંક મરીજ જાય છે. મરતાં નથી તે ગાંડાં થઇ જાય છે. ભુજંગિની મરી પણ નહીં તેમ ગાંડી પણ ન થઇ. માત્ર જ્યારે તે પછી ફરી સારે તે ભુજંગિની નહોતી. તેનાં માર્દવ ને સરલતા ચાલ્યાં ગયાં હતાં અને તેને સ્થાને

વેર, પ્રબલ વેર લેવાની એક ભયાનક શક્તિ તેનામાં શકિત અર્પી રહી હતી. ખુન માટે ખુન નહીં પણ જીવે ત્યાં સુધી ખટક્યા કરે, ડંખ્યા કરે, હૃદયબંધો તુટી જાય, સુખ ઉડી જાય અને જીવવા છતાં મોત માગે એવી દશા તેની કરવા તેણે ધાર્યું કે જેણે તેના સ્નેહીને લુંટી લીધો હતો.

રજપુતાણી પાછી ફરી. પાસેના

આજે ભુજંગિની ખોળો પાથરીને પોતાના પતિના જીવનની ભિક્ષા માગી રહી હતી.

ખંડમાં ઠાકોર માનસિંહ અને બીજા અધિકારીઓ હતા. મોં પણ ન બતાવનાર બાઇ-વેધક પ્રામિની ઓચિંતી ક્ષણે આ પ્રમાણે ભુજંગિની-

ને દાખલ થતી જોઇ અને રખે એ ઉન્માદથી ઠાકોરને કૈં હાનિ કરી બેસે એ ભયે કેટલાક તૈયાર થઇ રહ્યા. અનેક સમશેરો ખણખણી રહી. પણ ભુજંગિનીએ કૈં કર્યું નહીં. શાંતિથી તે ઠાકોર પાસે આવી. ઠાકોર પણ આ વર્તનથી અવાક્ થઇ રહેલ. તે પાસે આવી અને અતિશય તિરસ્કારથી ઠાકોરના મોઢાં લીધાં અને જેવે શાંત પગલે આવી હતી તેવેજ પગલે પાછી ચાલી ગઇ.

ત્રણ દિવસ પછી ઠાકોર માનસિંહનો નાનો પુત્ર ગુમ થઇ ગયો. આ હરણ એટલું ચાલાકીથી

મેનું હતું કે ઠાકોર માનસિંહના સૌથી કુશલ માણસો પણ તેને શોધી ન શકયા. સૌને ભુજંગિની ઉપર શંકા ગઇ. તેના ઘરમાં તપાસ થઇ કિંતુ તે તો ઘર છોડી ગઇ હતી અને કયાં હતી તે કોઇ જાણતું ન હતું. પત્તો માત્ર એ બાલકનાં લોહીમાં બોળેલાં કપડાંનો લાગ્યો. તેની ઉપરની ચીઠ્ઠીમાં "મારા ધણીના ખુનીને" એટલાજ શબ્દો હતા.

ઠાકોર માનસિંહ ઉપર બહારથી આ બનાવે કશી અસર કરેલી દેખાઇ નહીં જાણનારાજ જાણતા હતા કે તેના જીવનનુ તેજ હણાઇ ગયું હતુ. કેટલીક વાર તેઓ શૂન્યમનસ્ક બની બેસી રહેતા. ચોરીછુપીથી કેટલીક વાર એ બાલકની પથારી તપાસતાં કે તેનાં રમકડાં ગોઠવતાં તેના નોકરો કોઇ વાર તેને જોતા. પણ તે કોઇ દિવસે એ બાલક માટે

કેટલીક વાર તેઓ શૂન્યમનસ્ક બની બેસી રહેતા.

વાત સુદ્ધાં કરતો નહીં અને તેના જીવનનો બીજો બધો વ્યવહાર પહેલાંની માફકજ ચાલ્યા કરતો.

અને એક વરસ વીતી ગયું.

ઠાકોર માનસિંહ પોતાની ગાદી ઉપર એક કાગળ પડેલો જોઇ ચમક્યો. કાગળ લાંબો હતો પણ સાર ટુંકો હતો કે તેનો એકનો એક બાલક મરી નથી ગયો પણ જીવે છે. તેને શોધવાના યત્નો વ્યર્થ જશે છતાં તેનું એક પરિણામ જરૂર થવાનું કે શોધ જેમ વધારે થશે તેમ બાલક વધારે દુઃખી થશે.

નોકરોમાં તપાસ કરતાં પણ કોઇ સંતોષકારક ખુલાસો આપી શક્યું નહીં. કંટાળીને તેણે વિજયસિંહને બોલાવ્યો. વિજયસિંહ તેનો અંગત મિત્ર અને સલાહકાર પણ હતો. તેણે આવીને પત્ર વાંચ્યા પછી પુછ્યું:

"આપ નામદારનું પત્રની તારીખ ઉપર ધ્યાન ગયું છે?"

"હા, તેજ એની જન્મતિથિ છે."

"ખરું, પણ એજ ઠાકોર લલિતસિંહની સંવત્સરી પણ છે."

"આ કોનું કામ છે તેની ખાત્રી કરાવવા આ વાત મને યાદ આપવાની જરૂર નથી. પત્ર વાંચીનેજ તેના મોકલનારને હું ઓળખી ગયો હતો."

પછી એકઠા બેસી તેમણે ઘણી યોજનાઓ કરી. ઘણી ચાલાકી વાપરી પણ બાલકનો પત્તો નજ મળ્યો.

ત્યાર પછી દરેક વરસે આ જન્મદિવસે કે સંવત્સરીને દિવસે આવો એક પત્ર માનસિંહ ઉપર આવતો. પણ કોઇજ વાર એકની એક રીતે નહીં. તેમજ તેના લખનારને શોધી કાઢવાની આશા એકપણ પત્ર ઉપરથી દેખાતી નહીં.



નામદાર! પત્ર હવે મને જડતો નથી.

માનસિંહનું જીવન વધારે ને વધારે વિક્ષુબ્ધ અને દુઃખમય થતું ગયું. તેને ખબર હતી કે તેનો પુત્ર જીવતો હતો જ્યાં તેમને વીખુટા પાડનારી તેમની વચ્ચેની દીવાલ કેટલી દુર્ભેદ્ય હતી!

તેવામાં એક વાર દિલ્હીમાં દરબાર ભરાયો. તેમાં હાજર રહેલા માનસિંહ પણ ગયો હતો.

સાથે જોધપુર, જેસલમીર વગેરે સંસ્થાનોના રાજામહારાજાઓ પણ હતા. એક સાંજે શહેનશાહની સ્વારી નીકળી તેમાં માનસિંહ પણ શામીલ હતો. આસપાસ અસંખ્ય આતુર કુતુહલભરી દૃષ્ટિ એંચાઇ રહી હતી તે ઉપર માનસિંહનું થોડુંક ધ્યાન હતું પરંતુ એ લોકોનાં ખીચોખીચ ટોળામાંથી પણ "બાપુ બાપુ!" એવા કોઇ બાલકના સ્વરે તેને સતેજ અને વિસ્મિત કર્યો એક સામાન્ય જેવા દેખાતા મકાનના બીજા માળની એક બારીમાં તેનોજ પુત્ર ઉભો હતો અને તેની પાસે મુખ ઉપર અવર્ણનીય તિરસ્કારભર્યા હાસ્ય સાથે ઉભી હતી ભુજંગિની. એટલું સ્પષ્ટ હતું કે બાલકે કોઇનો હુકમ માની "બાપુ, બાપુ"ની બુમ પાડી હતી કારણકે તેના મુખ ઉપર માનસિંહની ઓળખાણનો છાંટો સરખોએ હતો નહીં.

માનસિંહ ઘોડા ઉપરથી ઉતરી ગયો અને એ મકાન તરફ જવાનો તેણે પ્રયત્ન કર્યો. પણ લોકોનાં એ ટોળામાંથી જવું સહેલું ન હતું; અને સ્વારી વીખરાઇ જવાનો ભય હતો. એવા સંયોગોમાં પોતાની નિઃસહાય નિર્બલતાથી તે મુંઝાઇ કોઇપણ યત્ને મકાનમાં પેસવા ભગીરથ યત્નો કરતો હતો. ઉપરથી એક નિષ્ઠુર અટ્ટહાસ સંભળાયું અને બાલકનું મુખ બારીમાંથી અદ્દશ્ય થયુ. ઘેલા જેવો બનીને માનસિંહ બુમ પાડી ઉઠયોઃ "તને કોઇની જરા દયા પણ નથી?"

અદ્દશ્ય થતાં થતાં ભુજંગિની બોલી: "એ પ્રશ્નનો તેં શો જવાબ આપ્યો હતો?"

માનસિંહે વાળ પીંખ્યા; બુદ્ધિ અને વંજાનાં મુલ એક હોય તેમ તેને તરત સુઝયું કે બચાવનો ઉપાય ન હોત તો ભુજંગિની ત્યાં આવત નહીં. અને ફરી પૂર્વવત્ તે સ્વારીમાં ચાલવા લાગ્યો.

પાછો ફર્યો ત્યારે પુત્રવિયોગનું દુઃખ વધારે પ્રબલ વેદનાથી તેને સતાવવા માંડયું હતું.

પુત્રના ગુમ થવાને કે લલિતસિંહ ઠાકોરના મૃત્યુને સોળમું વરસ ચાલતું હતું. અને માનસિંહના દુઃખમાં ઉમેરો કરવા માટે આસપાસના બે ત્રણ ઠાકોરો વચ્ચે યુદ્ધ ચાલતું હતું. પડોસમાં રાજા ધીરસિંહની નાની પણ સબલ પુરુષોથી રક્ષિત જાગીર હતી અને ધીરસિંહ પોતાના પક્ષમાં રહે એવો ઠાકોર માનસિંહનો આગ્રહ હતો. અને તેના બધા પ્રયત્નોનો જવાબ ત્યાં સુધી તો એટલોજ હતો કે જો પક્ષમાં ભળવાનું નહીં બને તો તે તટસ્થ રહેશે. બીજી બાજુએ રત્નસિંહ દરબાર હતો. પણ તે કયારે ફરી બેસે તે ચોક્કસ કહી શકાય તેમ ન હતું.

ઠાકોર માનસિંહને એક માર્ગ સુઝયો. જો રત્નસિંહ ઉત્તર તરફનો માર્ગ બંધ કરે તો માનસિંહ પોતે પોતાનું ઉત્તરનું લશ્કર દક્ષિણ તરફ રોકે અને ધીરસિંહના તટસ્થ રહેવાને વ્યર્થ કરી શકે. માનસિંહને આ પગલામાં રહેલા ભયનો પૂર્ણ ખ્યાલ હતો. ધીરસિંહ તટસ્થ રહે તેમાં તેને ફાયદો હતો પણ રત્નસિંહ ઉપરનો પત્ર તેના હાથમાં જાય તો ધીરસિંહ શત્રુ થઇ બેસે એવો ભય હતો. પણ રત્નસિંહ ઉત્તરનો માર્ગ બંધ કરે તો તે માનસિંહનું સખ્ય સ્વીકારે છે એવી કબુલત થઇ જાય વગેરે કારણથી તેણે તે જોખમ ખેડવું યોગ્ય ધાર્યું.

તેણે પોતાના સલાહકારને બોલાવ્યો. અને કોઇક કુશળ બહાદુર સૈનિકને સુચવવા કહ્યું.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૬૩૫]

ગુર્જરીનાં રસબાલ

લેખક :

રા. કુસુમાકર

૭૨૨ * ૯૯૯

ગરબી

અમે ગુર્જરીનાં રસબાલ, અમે શું કર...શું ?
લઇ કર કુંકુમના થાળ, ગૃહ ગૃહ ઉતર...શું.
કુંકુમ અરુણાં મધુરાં મુખ, કહો અમે શું કર...શું ?
નભ આંગણુલે આમુખ, ઉષા સમાં ઉગ...શું.
પ્રિય પ્રેયસી સારસ જોડ, કહો અમે શું કર...શું ?
અમી અજવાળાં ને કોડ ! પાંખો શું ગુંથ...શું !
મધુ મંજરીમય સહકાર, કોકિલ શું કર...શું ?
જગ કુંજ ભરી ટહુકાર, મંજુલ રેલવ...શું.
વહનેય વસંત વિલોલ, પ્રભા ક્યાં પાથર...શું ?
કાળજડાંના કલોલ, મૃદભર હાલવ...શું !
સળકે સાગર અમીના થાળ, ચંદા તે ધર...શું !
હૈયડાંના નીર રસાલ, અમીમય ઢાલવ...શું.
સૌભાગ્ય સવિતા ભર્ગ, અર્ચન ઉર કર...શું,
મધુ નયનાંજલિ ને અર્ઘ્ય, આત્મન્ આદર...શું.
અમી કાજે અવનિ આંખ, તલસતી તર...સી !
રસ પીયૂષ ઘોતાં ઝાંખ, વાદલડી વર...સી !

બાબુલનાથનો આદેશ

લેખકઃ
રા. અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી
ચિત્રકારઃ
રા. દત્તાત્રેય જોગલેકર,
એ. એમ.

આજે મુંબાઇની હીંદુ વસ્તી જાગરણ કરી રહી છે. આવતી કાલે શ્રાવણી પૂર્ણિમા બળેવ અને સોમવારનો સુયોગ છે એટલુંજ નહીં પરંતુ આજે રાત્રે ત્રણ ને ચાર વચ્ચે ચંદ્રગ્રહણ થવાનું છે એટલે લોકોનાં ટોળેટોળાં રસ્તા ઉપર, સમુદ્ર કીનારે, ખુલ્લી અગાસીઓ ઉપર વગેરે સ્થળે રાત્રિની ચંદ્રિકાના પટમાં જાણે અસ્પષ્ટ સ્વપ્નમય કોઇ જુદીજ સૃષ્ટિમાં વીચરતાં હોય નહીં તેવાં જણાય છે. કેળવાએલો અને આબરુદાર ગણાતો ધંધામાં લાગેલો વર્ગ નીરાંતે નિદ્રાદેવીની આરાધના કરતો હતો. આવતી કાલે તેને "ઓફીસ"ની બેડીમાંથી મુક્તિ મળી હતી. મજુરો, ગરીબો તથા સામાન્ય શ્રદ્ધાળુવર્ગ તથા સ્ત્રીઓનો મોટો ભાગ જાગરણ કરી ચંદ્રગ્રહણની રાહ જોતો હતો.

ત્રણ વાગ્યા. મહાલક્ષ્મીના મંદિરની પાસે આવેલી ધર્મશાળામાં આશ્રય લેતા સાધુઓમાં કેટલાક ચલમ ફુંકતા હતા, કેટલાક ઉધરસ ખાતા હતા તથા કેટલાક આવતી કાલે ભિક્ષા માગવાનો કાર્યક્રમ પરસ્પર મળીને ગોઠવતા હતા. સમુદ્રના નિરસ, છતાં ગૂઢ સંગીત સીવાય ચાંદનીનું શાંત સામ્રાજ્ય મુંબાઇના આ એકાંત ભાગમાં બીજું કોઇ ભંગ કરતું ન હતું.

એવામાં એક તરુણ સંન્યાસી ધર્મશાળામાંથી બહાર આવી કુંડ પાસે ફરવા લાગ્યો. તેના અંતરમાં તરવરી રહેલી વ્યથા અને પરિણામે વ્યાપેલી અશાંતિ તેના ફરવામાં સ્પષ્ટપણે જણાઇ આવતી હતી. "સંન્યાસ લઇને છેવટે મેં શું પ્રાપ્ત કર્યું? અંગ્રેજી કેળવણી લઇ ભૌતિકશાસ્ત્ર શીખ્યો. શોધખોળ કરી દુનીઆને લાભ આપવાના વિચારને તિલાંજલિ આપી. ધંધાઉદ્યોગની ખીલવણી કરવામાં સર્વશક્તિઓ અર્પણ કરવાના વિચારને પણ પડતો મુકયો! કુટુંબ-સુખ તો મારે જોઇતું ન હતું–सर्वभूतहितेरताः– એ ગીતાના સૂત્રનું અનુસરણ કરવું હતું. મારે તો લોકસંગ્રહ માટે પ્રયત્ન કરવો હતો. પરંતુ, પરિણામ શું આવ્યું? તને પ્રાપ્ત કરવાને મેં સંન્યાસ લીધો; પણ તને શા માટે ખોજતો હતો? તને ઠપકો દેવા માટે!

વિશ્વની વ્યવસ્થા તને કરતાં આવડતી નથી તે કહેવા માટે! દુનીઆના આર્તનાદ પ્રત્યે તું બહેરો છે તે તારું બહેરાપણું દૂર કરવા માટે!" ઝપાટાબંધ આંટા મારતો સંન્યાસી મોટેથી બોલી ઉઠ્યો. ઘડીકમાં તે એક સ્થળે ઉભો રહેતો, ઘડીકમાં તે આકાશ પ્રત્યે જોતો, કવચિત્ પૃથ્વી ઉપર નીચી દૃષ્ટિ કરતો, કવચિત્ સંબોધન કરી હવામાં હાથ લંબાવતો, ઘડીમાં નિશ્ચયાત્મક મુઠીઓ વાળતો હતો.

તેની વિચારમાળા આગળ ચાલી:

"પરંતુ, આજે મને જણાય છે કે મેં કેવી ભારે ભુલ કરી છે? સર્વભૂતનું હિત બાજુએ રહી ગયું અને હું તો મારી પોતાની ઉન્નતિ કરવાના સ્વાર્થી પ્રયત્નમાં મગ્ન થતો લાગું છું. તારી પાછળ ઘેલા થવામાં દુનીઆનાં સુખો ગુમાવ્યાં તેનો મને લેશ માત્ર સંતાપ થતો નથી; પરંતુ મેં સર્વભૂતનો આર્તનાદ પણ ન સાંભળ્યો! અરે! સાંભળ્યો છતાં પણ કાને આંગળીઓ દીધી. જનહિતને ખાતર જીવન સર્વસ્વ સમર્પણ કરી બેઠેલા બાલમિત્રોને મેં કેવું કઠણ કાળજુ કરીને છેલ્લી સલામ કરી છે? તેની તને ક્યાંથી ખબર હોય?" વ્યક્તિને સંબોધતો હોય તેમ તે શોકાતુર થઇ બોલ્યો. થોડી વાર પછી કોઇ નિશ્ચય ઉપર આવતો હોય તેમ મુઠીવાળી બોલ્યો: "સંસારનાં બંધનોને મેં લાત મારી છે તો શું સંન્યાસનાં બંધનોથી હું પર નહીં થઇ શકું? હું સંસારથી સ્વતંત્ર થયો છું; હવે સંન્યાસથી પણ છુટો થઇશ." તેના ઉદ્ગારમાં વિષાદ, નિરાશા તથા છેવટનો નિશ્ચય સ્પષ્ટ જણાઇ આવતાં હતાં. તેણે આકાશ તરફ નજર કરી. ચંદ્રગ્રહણ થઇ ગયું

"શંકર ક્યા કરેગા?" તેણે રોષપૂર્વક પ્રશ્ન કર્યો.

હતું-ચંદ્રના મંડળનો અર્ધ ઉપરાંત ભાગ રાહુની છાયાથી જ્વાઇ ગયો હતો.

તે સંન્યાસી મહાલક્ષ્મીના મંદિરની પાછળ સમુદ્રની સામે આવી રહેલા ચોકમાં ગયો. ત્યાં એક વૃદ્ધ સાધુને તેણે ઉભેલો જોયો. તેને આવતો જોઇ વૃદ્ધ સાધુ તેને સંબોધીને બોલ્યો: "ક્યોં મહારાજ! આપ બાબુલનાથજીકા દર્શન કરનેકો જાઇએ?"

"કાયકુ?" સંન્યાસીએ તિરસ્કારપૂર્વક પ્રશ્નરૂપે ઉત્તર આપ્યો.

"કલ જાના. વહાં જાનેસેં આપકા મનકા સમાધાન હો જાયગા; શંકર ભગવાનકી કૃપાસેં સબ અચ્છા હોગા!"

તે તરુણ સંન્યાસીને તો શંકર તથા તે સાધુ બંનેને કૈંક સંભળાવવાની વૃત્તિ થઇ આવી. પરંતુ, તે વૃદ્ધ સાધુની મીઠાશભરી પ્રીતિનો, તેના શ્રદ્ધાયુક્ત વાણીનો પ્રભાવ, તથા તેણે પોતાના મનની વિશેષ અવસ્થા કેવા રીતે જાણી એ પ્રશ્નને લીધે અનેલું આશ્ચર્ય એ બંને તેને ગુંચવી રહ્યાં હતાં.

"શંકર ક્યા કરેગા?" તેણે અનુત્તર અવસ્થામાંથી બહાર આવી રોષપૂર્વક પ્રશ્ન કર્યો.

"સંન્યાસીકે મુખમેંસે ઐસે નાસ્તિક વચન? શિવ! શિવ! બીચારે સંસારીઓંકા ક્યા હાલ હોના ચાહીએ? મહારાજ! ભોળાનાથ ઘટઘટકી જાનતા હે. ઉસકો પ્રણામ કરકે આત્મનિવેદન કરો; સબ ઠીક હો જાયગા" પોતે જાણે એક સામાન્ય સર્વમાન્ય, સત્ય કહેતો હોય તેવી સરલતાથી અને શંકાનો છાંટો પણ ન હોય એવી નિશ્ચલ શ્રદ્ધાથી તેણે સંન્યાસીને ફરીથી અનુત્તર કરી દીધો.

થોડી વારે તેના સામે જોઇ વૃદ્ધે ફરીને પ્રશ્ન કર્યો: "આપકુ સંન્યાસ કીસને દીયા?"

સંન્યાસી ચમક્યો. તેને એ પ્રશ્નમાં પોતાના અધિકાર વીશેની શંકા ઉપરાંત કોઇની પાસે દીક્ષા નહીં લીધેલી તે પણ યાદ આવ્યું. તેણે વૃદ્ધ સાધુની નિર્મલતા, શ્રદ્ધા અને સહાનુભૂતિ સ્પષ્ટ જોયાં. તેણે આકાશ તરફ દૃષ્ટિ કરી ઉત્તર આપવો ઉડાવ્યો.

વૃદ્ધ સાધુએ કહ્યું: "હાં, ચંદ્રમા રાહુસેં મુક્ત હો ગયા. અબ સ્નાન કરકે બાબુલનાથજીકા દર્શન કરો." તેના અવાજમાં આજ્ઞા તથા ઓજસ્વિતા બંને હતાં. તે પાવડીઓનો અવાજ કરતો કમંડલુ લઇ સ્નાન કરવા ચાલ્યો ગયો.

× × ×

બીજેવને દિવસે સવારે ચોપાટીના દરીઆ ઉપર અસંખ્ય માણસોની મેદની જામી હતી. ઘણે દૂરથી પણ તેનો કોલાહલ સંભળાતો હતો. એ મેદની તરફ એક તરુણ સંન્યાસી પેડર રોડ તરફથી આવતો હતો. તેના મુખ ઉપર તથા વિશાલ કપાળમાં સંસાર પ્રત્યે બેપરવાઇ, તીક્ષ્ણ બુદ્ધિ, નીખાલસ હૃદય તથા ઉદાત્ત ભાવનાશીલતા જણાઇ આવતી હતી. તેના નેત્રમાં જુસ્સો હતો. વિચારમાં ને વિચારમાં તે બાબુલનાથ તરફ જવાનો રસ્તો વટાવી આગળ ચાલ્યો ગયો. અને ધરાનીનાં રેસ્ટોરાં આગળથી ચોપાટી તરફ જવાને આગળ વધ્યો. લોકોનાં ટોળાં પણ સમુદ્રસ્નાન કરવાને એ રસ્તે જતાં હતાં. આજુબાજુના કોલાહલથી તેની વિચારમાળામાં ભંગ થયો. તેનું ધ્યાન આજુબાજુના લોક પ્રત્યે કવચિત્ ખેંચાતું.

"કેમ મોહનલાલ! આજે સાંજે તો સીનેમા જોવાને આવશોને?" ટોળામાંથી એક જણે પુછ્યું.

'"નારે ભાઇ! તમે જજો. આપણે તો મુંબાઇ ગુજરાતીનો નવોજ ખેલ 'આજે

"આપનો બોધ મને કલ્યાણનો માર્ગ બતાવશે." તે ગૃહસ્થે પોતાની આંતર્વૃત્તિ જણાવી.

બળેવને દિવસે પડવાનો છે તેમાં જવાનો પ્રોગ્રામ નવ દિવસથી નક્કી કર્યો છે." સામાએ બીજા ટોળામાંથી ઉત્તર આપ્યો.

જરા દૂર જતાં બીજા 'ટોળામાંની વાતચીત સંન્યાસીને કાને પડીઃ "કેમ સુંદરલાલ! નું દરીઆમાં નાહીને મહાદેવનાં દર્શન કરવા

જવાનો કે નહીં ?"

"ભાઈ! આપણને તો કૈં હોંસ નથી. પણ આજે આ બાબુએ હઠ લીધી છે એટલે એને લઈ જવો પડશે. તમે જાણો છોને, રોજ તો સવારે સાત વાગે બા ઉઠાડે ત્યારે ઉઠે છે, પણ આજે તો સવારના ચાર વાગ્યાનો ઉઠીને 'બાપા નહાવા આવોને, બાપા દર્શન કરવા આવોને' કર્યા કરે છે."

સંન્યાસી છેક સમુદ્રકીનારે આવી પહોંચ્યો. વીલ્સન કોલેજની સામેના પથરા ઉપર ભગવાં ઉતારી, કૌપીન રાખી તે સીધો સ્નાન કરવા જતો હતો. થોડે દૂર ધનિક હોય એવી યુવતી સ્નાન કરી રહી હતી. પથરા પાસે ઉભેલા બે સારા કુટુંબના દેખાતા યુવાનો વાત કરતા હતા.

"દોસ્ત જયંતી! પેલી જોઈ કે?" તેમાંના એકે કહ્યું. 'નહાઈને બાબુલનાથનાં દર્શન કરવા જવાની છે. આપણે પણ એની પાછળ જવું છે. કેમ ખરું ને?"

સંન્યાસીના મનમાં હીંદુ અબળાઓની અરક્ષિત અવસ્થા અને હીંદુ જાતિની તેના પ્રત્યે બેદરકારી જોઈ કે કૈં વિચારો આવ્યા. હીંદુ યુવાનો પ્રત્યે તેણે એક તીક્ષ્ણ દૃષ્ટિ નાખી. તેઓ તેનો અર્થ સમજ્યા. ધીમેધીમે તેઓ દૂર જતા રહ્યા. પોતાને જાણે આ બધા નજીવા બનાવો માટે જરા પણ સમય ન હોય, તથા પોતે પોતાનાજ કાર્યમાં ઘણો ગુંથાઈ ગયો હોય તેમ સંન્યાસી તુર્ત પોતાની જાતને સંકેલી શાંતમુદ્રા કરી સમુદ્રમાં સ્નાન કરવા લાગ્યો. સ્નાન કરીને કપડાં બદલી જાણે ધુનમાં હોય તેમ તે બાબુલનાથ તરફ ચાલ્યો. દિવસ ચઢવા લાગ્યો હતો, લોકોનાં ટોળાં પણ વધતાં જતાં હતાં. રસ્તામાં રમકડાંની તથા ખાવાનું વેચનારાઓની કામચલાઉ દુકાનો મંડાઈ ચુકી હતી. તેમનો વકરો શરુ થઈ ગયો હતો. એક વડ તળે ખુણામાં જુગારનો પટ લઈ પાસા ખખડાવતો એક મવાલી પણ કામે લાગી ગયો હતો. તેની બાજુમાં ચાહ પાનાર ફેરીઓ કપ ખખડાવતો ઉભો હતો. ટેકરીની નીચેના મેદાનમાં ચકડોળ સુંસું કરી રહી હતી. ચેવડો, મમરા, ભજીઆંના થાળાવાળાઓ રસ્તામાં બાજુ ઉપર બેસી ગયા હતા.

એ બધું જોતો સંન્યાસી ઉતાવળે પગે બાબુલનાથના મંદિરની કમાન આગળ આવી પહોંચ્યો. દૂરથી નોબત વાગતી સાંભળી તેને અતુલ આનંદ અને શાંતિ થતી હતી. પાસે આવતાં કમાન નીચે પીળા ચંદનથી રંગબેરંગી શરીરવાળા મારવાડી બ્રાહ્મણોનું ટોળું મહાદેવનાં દર્શન કરવા આવનાર ઉપર હુમલો કરવાને તૈઆર હોય તેમ પૂજાની વિધવિધ સામગ્રી લઈને સજ્જ થઈ ઉભું હતું. ભક્તિ તથા પૂજાના વિષયને તેમની પ્રાચીન, જંગલી અને અવ્યવસ્થિત અવસ્થામાંથી મુક્ત કરી, આ ભૂદેવોએ તેને એક વ્યવસ્થિત વર્તમાન ધંધો બનાવી મુકયો હતો. મુંબાઈમાં સર્વત્ર 'વર્ગ' પ્રમાણે 'દામ' હોય છે, તેમ ભગવાનની ભક્તિમાં પણ પૈસા પ્રમાણે પૂજા ચઢાવી યથેષ્ટ પુણ્ય તેઓ ભાવિકોને આપી રહ્યા હતા. સંન્યાસી આ દૃશ્ય જોઈને કંટાળ્યો. તેનાથી મનમાં બોલાઈ ગયું: "અહીંઆં પણ વ્યાપાર? જ્યાં જાઓ ત્યાં બસ, 'દુકાન'; બાબુલનાથ પણ એક દુકાન! આ લોકોને બીજું કશું ભાનજ નથી જણાતું."

તે ટેકરી ઉપર ચઢવા લાગ્યો. રસ્તામાં પગથીઆંની બંને બાજુએ અશક્ય અપંગોની, સશક્ત સાધુ વેષધારી ભીખારીઓની, જવાબદારીના ભાન વિનાના પિતાઓનાં નિર્દોષ

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૬૩૯]

મોહન માયા

(હાસ્યરસપ્રધાન ચતુરંકી નાટક)

લેખક:
અધ્યાપક ખુશાલ તલકશી શાહ
સભ્ય, સાહિત્યસંસદ
ચિત્રકાર:
રા. શિવરાવ સજીપ,
એ. એમ.

મુખ્ય પાત્રો

પુરુષવર્ગ

અંબાલાલ શેઠ... ... અમદાવાદમાં રહેતા મુંબાઇના એક ગાંધીઘેલછામાં ગરકાવ થએલા વિધુર ધનાઢ્ય.
નરોત્તમદાસ ... ... અંબાલાલ શેઠનો જમાઇ, મધુરીનો વર.
સારાભાઇ ... ... અંબાલાલ શેઠનો તદ્દન યુરોપીઅન થઇ ગએલો પુત્ર.
મોહનદાસ ... ... નરોત્તમદાસનો બાલમિત્ર.
જીવરાજ ... ... અમદાવાદના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ, નરોત્તમનો સહાધ્યાયી.
સરદાર હીરાસિંહ ... પંજાબનો એક અગ્રેસર તાલુકદાર.
સીવાય નાનાલાલ કવિ, રવીંદ્રનાથ ટાગોર, સી. એફ. એંડ્રુઝ, મોહનદાસ ગાંધી, અનુપરાય બોમીઓ.

સ્ત્રીવર્ગ

માયાવતી... ... ... અંબાલાલ શેઠની બહેન—કવિકલાઘેલી ભામિની.
મધુરી ... ... અંબાલાલ શેઠની મોટી દીકરી, નરોત્તમની પત્ની.
પુષ્પા ... ... તેની નાની બહેન.

નોકર, ચાકર ઇત્યાદિ.

આગલા પ્રવેશોનો ટૂંક સાર

ગાંધીભક્ત શેઠ અંબાલાલના બંગલામાં અનુ ભોમીઓ પ્રેક્ષકોને ગાંધીજી, ટાગોર અને કવિ નાનાલાલની પ્રતિમાઓ સંબંધી વિગત જણાવી રહ્યો છે. તેટલામાં શેઠનો પુત્ર સારાભાઈ જે પારીસમાં ઝવેરીની પેઢીમાં મેનેજર તરીકે કામ કરે છે તે આવી પહોંચે છે, અને પોતાની નાની બહેન પુષ્પા સાથે વાતો કરી પિતાની પોતાના તરફ કેવી વૃત્તિ છે તે જાણવા પ્રયાસ કરે છે, અને મધુરી અને નરોત્તમના જીવનકલહની વાતચીત કરી પોતાની મહત્તાનાં બણગાં ફુંકી, ગુપ્ત રહેવા ત્યાંથી ચાલ્યો જાય છે. અંબાલાલ પુષ્પા સાથે પ્રેક્ષકોના પોતાના તરફના સારા નરસા વિચારો માટે વાતચીત કરે છે ત્યાં પ્રેક્ષકોથી કંટાળેલી માયાવતી ખીજવા-એલી આવે છે. પાછળથી નરોત્તમ પણ ઉશ્કેરાઈને આવે છે. પ્રેક્ષકોથી થતા કંટાળા બાબત ચર્ચા કરે છે એટલામાં જીવરાજ વૈદ્ય આવે છે. જીવરાજની રુબરુમાં નરોત્તમ અંબાલાલ તથા માયાવતીની પ્રણાલિઓને પ્રબળ રીતે દાંભિક ઠેરવે છે અને જીવરાજ સહિત ચાલ્યો જાય છે. એટલામાં ગાંધીજી તથા રવિબાબુનો વિરોધી હીરાસિંહ આવતાં તેમની વચ્ચે કેટલોક વાદવિવાદ થતાં અંતે તે ખીજાઈને ચાલ્યો જાય છે. પુષ્પા ને મધુરી હાસ્યવિનોદ કરતાં હોય છે ત્યાં નરોત્તમ આવે છે. અને મધુરીને પરસ્પરની પ્રણયગ્રંથિ દૃઢ કરવા સમજાવે છે, પણ વિચારની વિરુદ્ધતા પડતાં મધુરી નરોત્તમને તિરસ્કારી પુષ્પા સાથે ફરવા ચાલી જાય છે. નરોત્તમનો જુનો મિત્ર મોહન વિશ્વની યાત્રા કરતો આવી તેને મળે છે. એની વાતચીતમાં નરોત્તમ તેને પોતાની જીવનની વાત કહેવા માંડે છે; એટલામાં ટાગોરનો પત્ર તથા ફોટો આવતાં નરોત્તમ ખીજાય છે. છેવટે મોહનની ખુબીથી બંને મધુરીને વશ કરવાની માર્મિક પેરવી રચે છે. અંબાલાલ સહકુટુંબ બહારથી ફરીને આવે છે, અને ઢોંગ કરી સુતેલો નરોત્તમ આળસ મરડી બેઠો થાય છે. તે અરસામાં ટાગોરરુપે મોહનની અચાનક પધરામણી થાય છે. જમણ પહેલાં નરોત્તમ અને ટાગોર–મોહન પોતાના કીસ્સાને કેમ પાર પાડવો તે સંબધે ચર્ચા કરે છે ત્યાં પુષ્પા આવે છે; નરોત્તમ આરોગ્યભુવનમાં જાય છે. પુષ્પા અને ટાગોર–મોહન એકલાં પડતાં સૌંદર્ય કોને કહેવું, કેમ પારખવું વગેરે વાતચીત કરે છે. થોડીવારમાં સર્વે ભોજનગૃહમાં જમવા બેસે છે. જમતાં જમતાં લલિત કલા ઉપર ચર્ચા ચાલે છે. જમણ પુરું કરી સર્વે આરામગૃહમાં મુખવાસ લેવા બેસે છે. અહીં અસહકાર, રાષ્ટ્રીય શિક્ષણ અને પંચવિધ બહિષ્કારને લગતી સામાન્ય ચર્ચા ચાલે છે. અંબાલાલ શેઠ વાદવિવાદમાં નહીં પહોંચી શકવાથી કંટાળી બાગમાં ફરવા જાય છે. થોડી વારે સંગીતનો જલસો શરુ થાય છે. ત્યાર બાદ કાવ્ય અને તેના અર્થ ઉપર ચર્ચા ચાલે છે. અંતે કૃતિની સ્વતંત્રતા ઉપર સંવાદ થતાં નરોત્તમ મોહન સાથે ગુસ્સે થઈ ચાલ્યો જાય છે અને સૌ સમય થતાં વીખરાય છે. બીજે દિવસે સવારમાં મોહન અને નરોત્તમ મળે છે. અને હવે બાજી કેમ પાર પાડવી તે વીશે વિચાર કરે છે. નરોત્તમ ચાલ્યો જાય છે ત્યાં પુષ્પા આવે છે અને પુષ્પા તથા મોહન વચ્ચે સ્ત્રી પુરુષના સંબંધ અને પ્રજોત્પત્તિ વીશે સંવાદ થાય છે. મોહનના કૈં પ્રણયાવેશભર્યાં વાક્યોથી પુષ્પા ક્રોધિત થઈ ચાલી જાય છે. ત્યાં નરોત્તમ આવે છે અને વળી પાછું ટાગોર–કામણ દૂર કરવા બધાજ યત્નો આરંભવા મોહનને મુખ ઠોકી ઠોકીને કહે છે. નરોત્તમ મોહનને ટાગોર ચીલમ ફુંકે છે વગેરેનું અંબાલાલ-ના કુટુંબને યથાસ્થિત ભાન કરાવી કંટાળો ઉપજાવવા કહે છે અને ચીલમ પણ આપે છે. મોહન આ પસંદ નથી કરતો. તે અરસામાં માયાવતી આવે છે અને મોહન તથા માયાવતી વચ્ચે ઉંઘમાં ઘોર વાળવા વીશે અનિષ્ટ સંવાદ શરુ થાય છે. આખરે માયાવતી ચીઢાઈ ચાલી જાય છે, મોહન અંબાલાલ સાથે ગાંધી નીતિ વીશે ઉચ્છેદક ચર્ચા ચલાવે છે અને તે પણ ચીઢાઈ, બીજે દિવસે ગાંધીજીના હાજરીમાંજ વધુ ચર્ચા ચલાવવાનું નક્કી કરી છુટા પડે છે. મધુરી આવી લાગે છે અને મધુરી તથા મોહન વચ્ચે વાર્તાલાપ શરુ થાય છે. કેટલોક સમય ટાગોરનાં [illegible] કાવ્યોની અને તેની મૌલિકતાની ચર્ચા ચાલે છે. મધુરી સંગ્રહસ્થાનમાંથી લઈ આવેલો [illegible] જુનો પત્ર મોહન આગળ રજુ કરે છે અને 'ર' એ તેની પ્રિયાને

લખેલો હતો એમ જણાવે છે. મધુરીને આ ચર્ચામાંથી ટાગોર હેમ ભક્ત, દંભી અને આસક્તિવાન્ પુરુષ છે એમ લાગે છે. આ વાર્તાલાપની વચ્ચેજ નરોત્તમ એકાએક પત્ર મુકવાને બહાને અંદર આવે છે. ટાગોરની સ્વાર્થી પ્રેમવૃત્તિથી મુગ્ધ નરોત્તમની સ્નેહભક્તિ પારખી શકી છે; તે તેને જોતાં એકાએક ઊર્મિવશ થઇ નરોત્તમને બાઝી પડે છે. ઊર્મિ ખતમ થતાં મધુરી ત્યાંથી છટકી જાય છે અને નરોત્તમ તેની પાછળપડે છે. અહીં પુષ્પા મોહનને નરોત્તમ તથા મધુનો સુયોગ કરાવી આપવા પ્રાર્થના કરે છે. મોહન તેના અમોઘ ઉપાય તરીકે કેટલીક આનાકાનીને અંતે પુષ્પાને તેની સાથે પરણવા જણાવે છે. પુષ્પા આ અણધારી માગણીથી વિસ્મિત થાય છે. ત્યાં અંબાલાલ શેઠ મોહનને સંગ્રહસ્થાન બતાવવા તેડવા આવે છે. અને બને જાય છે. એટલામાં ટાગોર અંબાલાલને ત્યાં છે, તેમ હીરાસિંહને ખબર પડતાં શોધ કરતો તે આવી ચઢે છે. અને ટાગોરને બધી મંડળી દેખતાં તીરસ્કારે છે નરોત્તમ તેને યુક્તિપ્રયુક્તિથી આ ટાગોર નથી પરંતુ સર મોહનદાસ માધવદાસ બેરોનેટ છે એમ સમજાવે છે. મોહને તેને અન્ય પ્રસંગે હાથોહાથ આવી જવાનુ જણાવે છે અને ગુસ્સામાં ને ગુસ્સામાં હીરાસિંહ આખરે ચાલ્યો જાય છે. અંબાલાલ જતાં નરોત્તમ મોહનને હીરાસિંહ સાથે લઢવાનું મુકી દઈ પલાયન કરવાની સલાહ આપે છે. મોહન તેમ કરવા ના પાડે છે અને તે પુષ્પા સાથે પ્રેમમાં પડયો છે એમ જણાવે છે. નરોત્તમ સાનંદ આશ્ચર્ય પામે છે. પરંતુ જ્યાં સુધી મોહન ટાગોર વેષધારી બની રહે ત્યાં સુધી તે કામ અશક્ય છે એમ જણાવે છે. મોહન તેને સ્વાર્થી કહે છે અને ચર્ચા ચાલે છે. અંબાલાલ આવે છે અને ટાગોરને તેમના એક જુના મિત્ર મળવા આવ્યાનું જણાવે છે. કેટલીક આનાકાની પછી તે મળવા જાય છે સસરાજમાઈ હીરાસિંહ ટાગોરનું કેમ રક્ષણ કરવું તેના વિચાર કરે છે. અને આખરે ગાંધીજીને બોલાવવાતું નક્કી થાય છે. અંબાલાલ સંગ્રહસ્થાન વગેરે સાફ કરાવવા જાય છે અને નરોત્તમ ગાંધીજીને આમંત્રણ આપવા જાય છે. પુષ્પા ટાગોરસાથે પ્રેમમાં છે, પોતે એમ મધુને કહે છે. મધુ ગુસ્સે થાય છે અને આ અયોગ્ય છે એમ જણાવે છે.

(હવે આગળ વાંચો.)

પુષ્પા

મને તેથી ઉલટું જ છે. મેં એનાં પુસ્તકો વાંચ્યાંજ નથી; અને તમારી અને કોઠવાની વાત પરથી હું તો મુળથી એને અનીતિમાન્ નહીં તો અભિમાની, ડોળઘાલુ તો જરુર ધારતી હતી. પણ એને મળ્યા પછી, એને જોયા પછી, એની સાથે અર્ધ ઘડી વાત કર્યા પછી, મન તો એ મહાનુભાવી, ઉચ્ચાશયી, પ્રભાવશાળી નરવીર લાગે છે.

મધુરી

ગાંડી બની છે, બેબી! એવું તે એનામાં શું છે?

પુષ્પા

[પોતાના નવા ખજાનાનો બચાવ કરવા બહાદુર બની છે.] ઘણુંએ. પ્રથમ તો એની સાદાઇ!

મધુરી

રવીંદ્રનાથ ટાગોર સાદું માણસ!

પુષ્પા

પછી એની સચ્ચાઇ; પછી ભલમનસાઇ, સલુકાઇ, સભ્યતા, જ્ઞાન, બુદ્ધિ, શૌર્ય, સ્નેહ, ભાવ......

મધુરી

આ કેરેસોગ કયાંથી શીખી?

પુષ્પા

પ્રેમે શીખવી. એને કુટુંબવાત્સલ્ય એટલું છે......

મધુરી

એમ કહે કે દાયઝાનો લોભ એટલો છે...

પુષ્પા

[બહેનનું મુખ હાથમાં લઇ તેને ગેલમાં બંધ કરવા મથે છે.] આવી કડવી જીભ આજ મધુરી બહેનમાં કયાંથી આવી?

મધુરી

ટાગોર પાસેથી. એણે પોતેજ મને કહ્યું

કે પ્રેમલગ્ન જેવી ચીજ નથી. લગ્નમાં માત્ર એકજ શોચ-દાયઝાનો.'

પુષ્પા

સામાન્ય લોકમાં લગ્નમાં એમ હશે પણ...

મધુરી

તને ખબર છે, બેબી! કે એણે અનેક સ્ત્રીઓને પ્રેમઘેલી બનાવી છે; અને જ્યારે તે બાવડીઓ પ્રેમોન્મત્ત બની એમને પ્રેમપત્ર લખતી ત્યારે તે પત્રોનો ઉતારો કરી આ ...... કવિરાજ માત્ર તેમાંથી કેમ પૈસા કમાવા તેનોજ ખ્યાલ કરતો.

પુષ્પા

[એને હવે ક્રોધ ચઢે છે.] હું નહીં માનું. ટાગોર જેવું નામ તે એવી અધમતા કદી ન કરે.

મધુરી

નથી માનતી?

પુષ્પા

ના, નહીં, હજાર વાર નહીં, લાખ વાર નહીં.

મધુરી

પણ હું તારી બહેન, તને કહું છું કે ઘડી પહેલાં, આજ કોચ પર બેસી મારી સન્મુખ બડાઇ હાંકતો હતો. એજ એના ......

પુષ્પા

[નિરાશા કે મનોવ્યથાના વમળમાં મધુને પગે પડે છે. ખોળામાં માથું મુકે છે.] ઓ બહેન! મધુ! બસ કર મારું હૈયું ભાંગ મા.

મધુરી

[બે ભુજવડે તેને ઉચકી ઉભી કરે છે. છાતી સરસી દાબે છે] મારી લાડકી બેબી! આટલી રડે છે? [પુષ્પાની આંખે ચોધાર આંસુ વહે છે] અરે, એટલી વારમાં તું એટલું ચહાવા લાગી?

પુષ્પા

[રડતી] હા, બહેન હા. હું પોતે નથ જાણતી કે એ કેમ બન્યું. હું કરવા ગ મશ્કરી-પણ થઇ બેઠી પોતે જંખ્મી. મ બીજી કૈં શુદ્ધ રહી નથી. સમજ નથી. મા એટલુંજ સમજાય છે કે મારા હૃદયમાં એ દેવમૂર્તિજ એક બીરાજે છે બીજાને સ્થા નથી અને કદીએ નહીં મળે.

મધુરી

[દયાર્દ્ર] રડ દીકરી, રડ. તારા આંસુએ તારા પ્રેમાગ્નિને હોલવી નાખ.

પુષ્પા

તે નહીં બને-કદી નહીં બને.

મધુરી

લે ત્યારે હું તને કહું-તારી આ હાલત ન હોત તો હું કદી તને એ વાત ન કહેત-પણ હવે છુટકો નથી. તેં ખ્યાલ કર્યો છે, બેબી! કે એ શખ્સ કેટલીએ ઓરતને ચહાય છે!

પુષ્પા

તેમાં મારે શું?

મધુરી

તે તપાસ કરી છે કે એ પરણ્યો છે કે કુંવારો? તું જાણે છે એને કેટલા છોકરા છે-પૌત્ર છે?

પુષ્પા

છોકરા-'પૌત્ર.' એ કેમ હોય? એનું મોં નો જુઓ. મને તો એની ઉમ્મર ત્રીસ વર્ષની પણ નથી લાગતી.

મધુરી

[તિરસ્કારયુક્ત હાસ્ય] ટાગોર ત્રીસ વર્ષનો! હા! હા! હા!

પુષ્પા

તમે પોતે નઝરે જોયા છે. કહોને તમને પોતાને કેવડી ઉમ્મર લાગે છે?

મધુરી

એ તો વેષધારી–ઢોળધાલુ છે. અક્ષય યુવાવસ્થા નીભાવવાના ક્ષુદ્ર લોભથી એ રહિત નથી, એટલે......

પુષ્પા

[પુનઃ દુભાઈ] સરખો ઉત્તર ના મળે તો ગાળ દેવાથી શું થાય?

[જમણે દ્વારેથી માયાવતી આવે છે.]

મધુરી

આ માન્યતામાં હું એકલી નથી. બાપાજી પણ એમજ માને છે, અને..

પુષ્પા

એક દિવસમાં તમે સૌ આવાં પલટાઈ કેમ ગયાં? નીચ કેમ બન્યાં?

મધુરી

અમે નથી પલટાયાં બ્હેન! પણ તારી નઝરમાં જાદુઈ ભુરકી પડી છે. પુછી જો, ફોઈબાને. [માયાવતીને] ફોઈબા! આ કવિરાજ ટાગોર તમને કેવા માણસ દેખાય છે?

માયાવતી

અધમશિરોમણિ. [પુષ્પા પુનઃ રડવા લાગે છે.] કેમ, પુસી દીકરી! આંસુ સારવા લાગી? શું થયું?

સારાભાઈ
મુંબાઈના અંબાલાલ શેઠ અહીંજ રહે છે કે?

મધુરી

એને ટાગોરની લગની લાગી છે.

માયાવતી

ટાગોર? ઘેલી થઈ, બેબી! એ અધમશિરોમણિ છે એટલુંજ નહીં પણ ઠગ છે. આપણને બનાવે છે.

મધુરી

તે કેમ જાણ્યું, ફોઈબા?

માયાવતી

મારી તો ખાત્રી છે કે આપણે ત્યાં આવેલો મહેમાન કોઈ વેષધારી બાજીગર છે.

મધુરી

એ ટાગોર નથી?

માયાવતી

મારી ધારણા બરાબર હોય તો એનું નામ તો મોહનદાસ માધવદાસ લાગે છે.

મધુરી

[ચમકી] માધવદાસ બેરોનેટનો દીકરો?

માયાવતી

બેરોનેટ કે બળદીઓ; મને તો એમાં ફેર નથી લાગતો.

મધુરી

પણ મોહનદાસ તો મારા વરનો પરમમિત્ર, બાલસખા.

પુષ્પા

પ્રભુ કરે ને એ વાત ખરી પડે! [આંસુ માંડ રોકે છે.]

મધુરી

[માયાવતીને] પણ તમને એમ માનવાનું કારણ, ફોઇબા?

માયાવતી

અનેકઃ પ્રથમ તો એ એ નામે કેપ્ટન હીરાસિંહ પાસે છતો થયો. ટાગોર નામનો ઇન્કાર કર્યો.

મધુરી

તે તો નામરદીથી.

માયાવતી

પણ હીરાસિંહે નામપત્ર માગ્યું, ત્યારે તેના પર "સર મોહનદાસ–માધવમહાલ–રીજરોડ, મુંબઈ" એમ વાંચવામાં આવ્યું.

મધુરી

પણ એમ તો એની પાસે ટાગોરનાં નામપત્ર પણ છે. તેથી શું થયું?

માયાવતી

ત્યારે એ બેવડા નામ પત્ર રાખતો લાગે છે.

મધુરી

[યાદ કરી] ટાગોરના મારાપરના પત્રમાં બીડેલું એનું નામપત્ર મારા હાથમાં ન આવ્યું હોત! એ એણે લીધું હોય તો?

માયાવતી

કેવી રીતે?

મધુરી

મારા વરની સહાયથી.

માયાવતી

તારો વર!

પુષ્પા

[વળી રખે બહેન વીફરે, એટલે પોતાનું દુઃખ ભુલી તેને સમજાવવા લાગે છે.] ના, ના, તમે એને પણ અન્યાય કરો છો.

માયાવતી

કેમ બા?

પુષ્પા

વૈદ્યરાજ જીવરાજ વીસરી ગયા કે?

મધુરી

[ઠીક યાદ આવ્યું.] હા. હા! કોઇ પણ રવિબાબુને આટલામાં જાતે ઓળખતું હોય, તો તે વૈદ્યરાજ; અને.

માયાવતી

પણ એટલેથી મારી સાબીતી અટકતી નથી હમણાંજ એના ખંડ આગળથી હું પસાર થતી હતી ત્યાર મે એની પેટી જોઇ. તેના પર એમ. એમ. નો મોનોગ્રામ (એકાક્ષરી નામ) હતો.

મધુરી

"મોહનદાસ માધવદાસ." આ તો મુંઝવણ વધી.

માયાવતી

હવે હાલ તે ગયો કયાં છે?

પુષ્પા

અબ્બાસ તૈયબજી મળવા આવ્યા છે, તેની પાસે.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૬૪૭]



લેખકોને સૂચના

લેખક:
રા. દયાશંકર મ. ભટ્ટ
ચિત્રકાર:
રા. હરિલાલ પ્રેમજી ત્રિવેદી

—o—

આ કોઇ માસિકના તંત્રીમંડળની સૂચનાઓ નથી. લેખકોનેજ ઉપયોગી ધારી, વાચક! કદાચ તારા જીવનની કોઇ અણમોલી અને ધન્ય ક્ષણોમાં તું પણ કવિ કે લેખક થવાની આશા ધારી ન બેઠો હોય તો આ વાંચવાનો વૃથા શ્રમ તારે લેવાની જરુર નથી; અને લેખક! આમ લખવું કે તેમ લખવું, સ્વચ્છ અક્ષરે લખવું કે કાગળની એકજ બાજુએ લખવું અને તે શાહીથી લખવું, તખલ્લુસથી લખનારે તંત્રીઓની જાણ ખાતર નામ લખવું; એવી એવી સૂચનાઓના કરીઆતાના ઘુંટડા પીવાની આમાં તું આશા રાખતો હોય તો કૃપા કરી અહીંથીજ પડતું મુકજે. આમાં કોઇ અનુભવથી રીઢા થએલાની આત્મકહાણી છે; લેખનકાર્યના અતિ વ્યવસાયીને 'ઉતાવળા સો બાવરા ને ધીરા સો ગંભીર'નો પદાર્થ પાઠ છે. ઉપયોગી અનુપયોગી અને યોગ્યાયોગ્યનો નિર્ણય વાચક!, તું અંતે કરજે; બાકી શરુઆત તો कर्मण्येवाधिकारस्ते अने मा फलेषु कदाचनથી કરે તો ખોટનો ધંધો જરુર તને નહીં જણાય.

× × ×

અમારી જ્ઞાતિમાં સંવનન કરવાનો રીવાજ તો ન હતો પરંતુ સંવનન કરવામાં કોઇને કંઈ વાંધો ન હતો.

અને આ માની લીધેલી પ્રથાનો લાભ લેઇ આપણે પણ એક રૂપગર્વિતાનાંએ માન મુકાવે તેવી સ્વરૂપવંતી અને લક્ષણવંતી બાલાને એક જ્ઞાતિભોજનન પ્રસંગે જોઇ. તેની ચતુરાઇ હૈયે વસી. તેના દેહલાલિત્યે મુગ્ધ કર્યો. આંખે આંખ હસી અને આત્માએ આત્મનને ઓળખી લીધા હોય તેમ પ્રેમપાશમાં પડ્યાં–બંધાયાં.

-એ પાશનાં બંધન કેટલાં મજબુત-છે તે વાચક! તેં અનુભવ્યું છે ને? સખત સંયમનાં બંધનો મેનકાને જોતાંજ કેમ સરી પડ્યાં

એ તે માટે રાજર્ષિ વિશ્વામિત્રને પુછવું પડે ? ઝખડતી રઝળતી ભીલડીને જોતાંજ જગતના પિતાનું અવિચલ મન કેમ ચલિત થયું હશે તે માટે કૈં ખુલાસો જડે ખરો ?

દરરોજ સવારમાં મારા આંગણે થઇ ઠમકાબંધ ચાલે ચાલતી તે દેવદર્શને જાય; સહીઅરો સાથે વાતો કરે પરંતુ તીરછી આંખે મારા સામે જુએ અને મિષેમિષે સહીઅરો સાથે હસે.

આપણે કૉલેજમાં જતાં તેના ઘર આગળથીજ જઇએ. મોટા અવાજે વિના કારણે વાતો કરીએ; મિત્રો-ની નજર ચુકવી ઉંચે જોઇ હાસ્યની અંજલિ આપી—ઝીલી ચાલવા માંડીએ.

સાંજના અમે બગીચામાં મળીએ. પેટ ભરીને વાતો કરીએ. અને અમારા આગામી ગૃહસ્થાશ્રમ વીશે અનેક ગગન-મહેલો રચીએ—અને અંતે કચવાતે મને છુટાં પડીએ. રાત્રે સ્વપ્નમાં પણ એક-મેકનેજ જોઇએ.

વૈશાખમાં અમારાં લગ્ન થનાર હતાં. આંબા ડાળે મંજરીઓ ફુટી ને વસંતના વાયરા વાયા. પરભૃતિકાના ટહુકારે વન વીંધ્યાં અને વિજોગણીઓનાં કુળાં કાળજાંએ કોર્યાં.

લેખકોની અને કવિઓની લેખિનીઓને વસંત આવી અને મદમસ્ત બની વીહરવા લાગી. રસરાજ શૃંગારનાં કાવ્યપુષ્પોથી સાહિત્યની વાડીઓ પમરવા લાગી.

વસંતના વાયરાનો મૃદુ સ્પર્શ મનેએ થયો અને મેંએ કૈંક લખી કાઢયું: અને તે પ્રેમીઓના પ્રેમપત્રો હતા.

મારી ભાવિ પત્નીને હું લેખક છું તે મારે આજે નહોતું જણાવવું. મારી એ કીર્તિ લક્ષણવંતી બાલાને એક જ્ઞાતિ— અને પ્રતિભાની ભાગીઅણ તો જ્યારે હસ્તે હસ્ત મળે અને હૃદયે હૃદય ઠળે ત્યારે તેને બનાવવા વિચાર હતો.

વસંતએ ગઇ અને વૈશાખના વંટોળીઆ એ વજ્યા. લગ્નસરા શરુ થઇ અને અનેક બાલક બાલાઓ સ્ત્રી પુરુષ બન્યાં. અમે પણ

વરવહુ ગણાયાં.

× × ×

આજે અમારી મધુચંદ્રિકા હતી. તે પરણીને મારે ઘેર પ્રથમનીજ આવેલી. હું કોલેજમાં ગએલો; મારી બ્હેન અને તે મારી મેડીમાં ગયાં.

— ભોજનના પ્રસંગે જોઈ.

બ્હેને ભાભીને ખંડ શણગારવામાં અને સાફસુફ કરવામાં મદદ કરી. બધું પત્યા પછી એક ટેબલ પાસે જઇ નણંદ ભોજાઇ બેઠાં.

મારી બેને એક બે માસિક કાઢી મારી છપાએલી વાર્તાઓ ભાભીને દેખાડી. અને ભાઇ તો આવી આવી વાતો પણ લખી શકે છે કહી ભાઇની વડાઇ ખાધી.

ઉષાએ ટેબલના ખાંગામાંથી કાગળીઆં ફેંદવા માંડ્યાં અને કેટલાક પત્રો પણ વાંચ્યા.

એક પોર્ટફોલીઆમાંથી કેટલાક કાગળો તપાસ્યા. મથાળે સંબોધન વાંચતાંજ તે ચમકી અને અસ્વસ્થ બની. ઉતાવળી આંખે ઉપર ઉપરથી બધા પત્રો જોઇ ગઇ. તેનું મુખ મ્લાન થયું. પરંતુ નાની નણંદને ખબર ન પડે તેમ અસ્વસ્થ મનને સ્વસ્થ કરી પત્રો વગેરે પાછા મુકી દીધા.

બ્હેનને તો આજે આનંદોત્સવ હતો. નવી ભાભીને ભાઇની એકેએક ચીજ બતાવવામાં તેને અનેરો આનંદ થતો. ભાઇનીજ વાત કરવામાં તેના હૃદયને સંતોષ થતો. તેણે કબાટમાંથી મારું આલ્બમ-ચિત્રસંગ્રહ-કાઢી ઉષાને દેખાડ્યું. ઉષાએ ચિત્રો જોવા માંડ્યાં.

એક પછી એક ચિત્રપટ ખુલતાં ગયાં અને અનેક સુંદર પ્રસંગો અને દૃશ્યો તેમણે જોયાં. આ આલ્બમમાં મારા મિત્રમંડળનો ફોટો પણ હતો. તેમાં મારા મિત્રો સજોડે તેમજ એક બે અમારી કોલેજની સ્ત્રી મિત્રો પણ ખરી. ત્યાર પછી એક બે ચિત્રો જોયાં—પણ તેઓ એક બે સ્ત્રી મિત્રોનાં જુદાં જુદાં ચિત્રો હતાં. નીચે "સસ્નેહ"—'પદ્મા' અને 'પન્ના' એમ બે નામ હતાં. આ જોઇને તે ચમકી અને એકાએક તે બંધ કરી વાત કાઢી-મારી ઓરડી મુકી નીચે જઇ કામે લાગ્યાં. કામમાં તેનું ચિત્ત ચોંટ્યું નહીં. અને એકદમ પાછી ઓરડીમાં એકલી ભરાઇ વિચારમાં ડુબી ગઇ.

આખરે તે રડી પડી.

બેને જોયું કે ભાભી ઓરડામાં ભરાયાં છે. તેણે નિર્દોષ બાલકીએ ભાભીને ટહોણો માર્યો–હજુ તો ભાઈએ આવ્યા નથી અને આમ ઓરડા સેવો છો ને ભાઈનાં ધ્યાન ધરો છો તો ભાઈ આવશે ત્યારે તો અમને બોલાવશોએ નહીં ખરું ને?

× × ×

કોલેજમાં આજે આપણને ચેન નહોતું. કેટલાક મિત્રો તેનું કારણ કળી ગયા હતા અને વાતે વાતે એની એજ વાત કરતા. સાંજ પડી અને કોલેજના વર્ગો બંધ થયા. બે ત્રણ મિત્રોએ મને ટેનીસ રમવા આગ્રહ કર્યો. ઘેર જવાની અધીરાઈ હતી અને ટેનીસમાં જીવ રહેતો નહોતો તોએ કૈં મિત્રોને ના કહેવાય? અને ના કહી કયો મિત્ર મિત્રોની મશ્કરીઓમાંથી પછી બચ્યો છે? મને કે કમને રમ્યો. બાગમાં થઈ તે પુરાણી કુંજો તરફ દૃષ્ટિ ફેંકી ઘર તરફ સાયકલ દોડાવી મુકી.

વાળુ કરી ઉપર મેડીએ જવાની તો ઘણીએ ઉતાવળ હતી. પરંતુ આજે આમ વહેલા વહેલા દોડીએ તો બહેનનાં વાગ્બાણુમાંથી બચીએ નહીં અને ભાભી તો તક ખોળતાંજ બેઠાં હતાં.

રાતના દસ થયા. વાંચવું નહોતું તોએ અમથો અમથો પેપરો વાંચવાનો ઢોંગ કરતો મનમાં અનેક કલ્પનાવિલાસો રચતો ઝોલા ખુરસીમાં ઝુકતો હતો.

થોડી વાર થઈ અને ભાભી આવ્યાં. "અહો કુમારભાઈ! તમે તો કૈં ડ.હ્યા ડમરા થઈ ગયા ને? કેમ કૈં પરીક્ષા પાસે આવી લાગે છે, ખરું?" દ્વિઅર્થી વાક્ય વાપરતાં, કટાક્ષ કરતાં. માથુ હલાવતાં ભાભી સામે આવી ઉભાં અને મારીજ સામે પડેલા ટેબલ ઉપર અધુકડાં બેઠાં. અને દીયર ભાભીની સ્વાભાવિક વિનોદવાર્તાઓ શરુ થઈ.

થોડી વારે ઉષાને મેડીએ જતી મેં જોઈ. તીરછી આંખે તેણે મારા તરફ જોયું. અને મારું મોં હસુહસુ થઈ ગયું. ભાભીએ આજ વખતે કૈંક પુછ્યું પણ કૈં ધ્યાન રહ્યું નહીં અને જવાબ આપવામાં ગલ્લાંતલ્લાં કર્યાં. ભાભીની અનેક અનુભવોથી રીઢી થએલી અને ઝીણી નજરમાંથી આપણે છટકી શકયા નહીં અને ઉંચું જોતાંજ હું કોણ જાણે કેમ શરમાઈ ગયો. તરતજ કોડીલી ભાભીએ મને તોફાનથી ઘેરાતી આંખે, હસતામુખે અને સૂચક સ્વરે કહ્યું: "કુમારભાઈ! જાઓ જાઓ, મેડીએ જઈ વાંચો, અહીં બેઠે બેઠે તે વંચાય વળી? સો વાતોમાં ધ્યાન જાય; વાંચવાને તો એકાંતજ જોઈએ—"

આપણને તો ભાવતું હતું અને વૈદે કહ્યું. તરતજ "હા ભાભી! જુઓને સાળું કયારનું એ વાંચું છું પણ કૈં ધ્યાનમાં ઉતરતુંજ નથી. (પેપર તરફ નજર જતાં 'પેપરમાં શું ધ્યાનમાં રાખવાનું હતું!' કહી જરા મનમાં ને મનમાં હસ્યો.)" કહી હું ઉઠયો. અને હસતા મુખે ભાભી તરફ જોઈ ચાલવા માંડયું. ત્યાં તો ભાભીને કવિજીની એક બે લીટી સાંભરી આવવાથી કે કોણ જાણે કેમ ગણુગણુતાં મેં સાંભળ્યાં:

જરા હળવે હળવે ખેંચો–ગોળી. મારી નંદવાશે રે,

અનેએ ધુન લાગી તે ચઢતાંચઢતાં ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં—

"લલિત લવંગલતા મલયાનિલ થનગન નર્તન નચાવે,
ગાન નવલ કોયલ લલકારે—"

પંક્તિઓ સરવા માંડી અને હૈયે આનંદની છોળો અથડાવા લાગી.

મારી કલ્પનાઓ પુર જોસમાં ઉડવા લાગી. ઉષાને વાસકસજ્જા નાયિકા નાયકને

ઉષાએ ચિત્રો જોવા માંડયા.

મળવા જે ઉત્સુકતાથી બારણામાં કાગને ડોળે વાટ જુએ તેવી કલ્પી હતી. મેડીમાં ફુલડાંની ફોરમ આવતી હશે એમ મેં ધારી લીધું હતું. મારા મુખમાંથી કદાચ કોઈ નવલકાવ્ય સરી પડત પરંતુ મેડીનાં દર્શન થતાંજ બંધ બારણાં જોઈ ઉલ્લાસમાં આગળ ધપતાં અંગ અટકયાં અને બારણું ખોલવા સહેજ જોર કર્યું. બારણાં અંદરથી બંધ જણાયાં. આપણે તો સહેજે સમજી ગયા કે 'પ્રણયકલહ અને શૃંગારનાં તોફાનના ગણેશ મંડાયા. મેં પણ ધીમેધીમે કમાડ ઠોકયું— અને એક બાજુએ સંતાઈ ઉભો પણ કમાડજ ન ઉઘડયું. ફરી ફરીને ઠોકયું પરંતુ નજ ઉઘડયું. તોફાનમાંથી સંયમનાં બંધન સરી પડયાં અને પ્રીતિનાં પુર એકદમ ઉલટયાં. કૃત્રિમ ક્રોધ કરી ધબાક ધબાક બારણાં ઠોકયાં ત્યારે કમાડ ખુલ્યું—

અંદર જતાંજ હું અધીરે મને સર્વત્ર સર્વગ્રાહી નજર નાખી વળ્યો અને કલ્પનામહેલના પાયા ડગમગ્યા, ધીમા દીવાના ઝાંખા તેજમાં મને ઉષાનું મુખકમળ મ્લાન [વધુ માટે જુઓ પૃષ્ઠ ૬૫૧]

વિજોગણ પાડલડી*

લેખકઃ
રા. ભરત

ભેંસ ચારતા એ ભૈયાની,
ઝુરે જોગણ પાડલડી.

ભેંસલડી જાતા સંગમ, સીમાડે લીમડે જંગમ.
ગાંગરતી સુર પંચમ, ઝંખે વી'લી પાડલડી.
નાઠી તે સરિતા તીરે, અભયે વળી ફરતી ફૂદે,
આવીને વીરગી નીરે, ડંખે વિરહી પાડલડી.

અધુરે મધુરે સુરે, ભૈયાની પ્રીતિ પુરે,
નીરખીને દૂર અદૂરે, કંપે ઘાયલ પાડલડી.
કરણી એવી પાડીની ઝાટકણી કાઢી એની,
ફુદરડી બહુ એ ફરતી, જંપે ક્યાંથી પાડલડી ?

જીવતરનો જાદુગર એ, બુદ્ધિનો બાજીગર એ,
સુકળાનો કીમીયાગર એ, ઝાલી કાને પાડલડી.
પાડીનો પાડેશ્વર એ, કામણ કરતાંએ હસીએ,
પોતલડી પહેરી ભેગે. થોભે ક્યાંથી પાડલડી ?

કાનેથી પકડી ધાયો, કાછલડી છુટ્યો છેડો,
ભેંસલડી સામે ચડતાં, કોણ ઝલાવે પાડલડી ?
દાબલડી તલપે કાંદે, પાઘલડી કુદતી નાસે,
ચાખડલી લપસી પડતાં, કોણ ચરાવે પાડલડી ?

---

* રા. લલિતના 'વિજોગણ વાંસલડી'નું પ્રતિકાવ્ય.

ખ્વાજા નસરુદ્દીન

અનુકર્તા:
રા. સનત્કુમાર વીણ
ચિત્રકાર:
સૌ. જડાવબહેન વીણ

ઘણાખરા દેશોમાં કાળાંતરે એક માણસ એવો થાય છે કે જેનામાં મહાન પુરુષ થવાની બીલકુલ શક્તિ ન હોય તોપણ તે, તે દેશની કોઇ સાધારણ વ્યક્તિ તરીકે એવો પ્રસિદ્ધ થાય છે કે તે દેશની ઘણીખરી કહાણીઓ અને કીસ્સાઓ એનેજ લાગુ પાડી, લોકો તેની વાતો કરે છે. ભલે તે માણસ બીલકુલ વિનોદી ન હોય, ભલે તે શાંત, સાદો, ગામડીઓ હોય, તોપણ તેને વીશે રમુજી ટુચકા કહેવામાં લોકો બીલકુલ અચકાતા નથી.

ખ્વાજા નસરુદ્દીન તેવોજ માણસ હતો. ઇસ્તાંબુલના ચંડુલખાનામાં અને કાવાખાનામાં, વારે ઘડીએ લાંબી દાઢીવાળા, શાંત, ગંભીર તુર્ક લોકો હુક્કો ગગડાવતા ખ્વાજા નસરુદ્દીન વીશે લાંબી લાંબી વાતો કહેતા અને બીજા તે સાંભળતા. ઘણી વાર ખ્વાજા નસરુદ્દીન વીશે વાતો કહેનારમાં હરીફાઇ ચાલતી. અને કદાચ એક હરીફ એની વાત કહેતાં નાની ભુલ કરે તો તરતજ બીજા હરીફો મોટી બુમો પાડી તેને સુધારતા. આવી રસાકસી ઘણી વખતે એશીઆ માઇનોરમાં આવનાર પરદેશીને ઘણી રમુજ અને આશ્ચર્ય પમાડે છે.

એ પ્રખ્યાત ખ્વાજા એશીઆ માઇનોરમાં લગભગ ચૌદમા સૈકામાં થઇ ગયો મનાય છે. તોપણ ભોળા ગામડીઆ તેને સુલતાન સલાદ્દીનના કાળમાં મુકતાં બીલકુલ અચકાતા નથી. અને સુલતાન સલાદ્દીન અને ખ્વાજા નસરુદ્દીનનો કેવી રીતે મેળાપ થયો, કેવી હોંશીઆરીથી ખ્વાજા સુલતાનને રમુજ આપતો વગેરે વાતો તે ગામડીઆઓ ઘણાજ રસથી કહે છે.

સાધારણ રીતે તે વખતે ખ્વાજાઓ મૌલવી અથવા મુર્શીદ તરીકે મનાતા. નૈતિક અને ધાર્મિક જ્ઞાન તેઓજ આપતા. અને તેથી લોકો તેમને પૂજ્ય ગણી માન આપતા અને પોતાનાં છોકરાંને જો કોઇ ખ્વાજા દુવા બક્ષે તો પોતાને મહા ભાગ્યશાળી ગણતા. લોકો માને છે કે ખ્વાજા નસરુદ્દીન, પ્રખ્યાત તુર્ક કવિ નસીમીના સમકાલીન હતા; અને જ્યારે તે કવિની ચામડી તેના કાફીર મત માટે એલેપ્પોમાં ઉતારી નાંખી ત્યારે ખ્વાજા જે

મનનોજ હતો, તે પોતાના શેખને પોતાની હોંશીઆરીથી રીઝવીને નાસી છુટયો. અને કહેવાય છે કે આ વખતથીજ તે એશીઆ-માઈનોરમાં રમુજી માણસ તરીકે પ્રખ્યાત થયો. આથી સાધારણ તુર્ક લોકો, શાહ સુલેમાન કે ખલીફ હારુન-અલ-રશીદ કરતાં એ ખ્વાજા નસરુદ્દીનને વીશે વધારે જાણે છે. અને ગામડામાં કે રસ્તામાં, બજારમાં, ખેતરમાં કે ઘરમાં તે લોકો ખ્વાજા વીશે વાત કરે છે. ધણીધણીયાણી લડતાંઝઘડતાં પણ એ મહાત્માનાં વાકયોનો દાખલા તરીકે વારંવાર ઉપયોગ કરે છે.

એક વખત, પોતાના શિષ્યોને ઉપદેશ આપતી વખતે, જાણે કોઇ ગંભીર અને ગહન વિષય ઉપર ચિંતન કરતા હોય તેમ શાંત રહી, જ્યારે શિષ્યો તેમના ઉપદેશામૃતના બિંદુનું પાન કરવા તલપાપડ થઇ રહ્યા હતા ત્યારે ખ્વાજાએ એકદમ વિચારસમાધિમાંથી જાગીને કહ્યું: "બંધુઓ! ઉંટોને પાંખો નહીં આપવા માટે અલ્લાનો પાડ માનો. કારણ કે જો તેને પાંખો હોત, નો તે આપણાં છાપરાંઓનો, બેસીબેસીને ભુકો કરી નાખત અને આપણને તેમાં દટાઇ જવું પડત."

ખ્વાજા નસરુદ્દીન જોકે મોટા મૌલવી હતા અને હંમેશા તેમને શિષ્યોને ધર્મ વીશે સમજાવવું પડતું તોપણ તેમને આ ઉપર બહુ જ કંટાળો હતો. તેમને ગાંભીર્ય બીલકુલ રુચતું ન હોવાથી, વારંવાર ધાર્મિક વિષયો ઉપરથી આવી વાતોમાં તે ઉતરી પડતા. પરંતુ ઘણી વખત તો શીખવવાનું માથે લેતાજ નહીં. એક વખત લોકોએ હઠ કરી ખ્વાજાને ધર્મોપદેશ કરવા આગ્રહ કર્યો. અને [illegible] ખ્વાજા નસરુદ્દીન તે માટે ઉ[illegible] લોકોને કહ્યું: "પ્યારે બીરાદરો! તમે તદ્દન નકામી હઠ લો છો. હું જે વિષય ઉપર કહેવાનો છું તે વિષય તમને ખબર છેજ!"

આ સાંભળી લોકો બોલી ઉઠયા કે તેમને તે વીશે ખબર ન હોવાથી તેમણે આ હઠ લીધી છે. આથી તે ઉપદેશકે કહ્યું: "ત્યારે, જે વિષયની તમને ખબર નથી તે ઉપર મારા ઉપદેશમાંથી તમને અથવા મને શું ફાયદો થવાનો છે?" આમ કહી તે મસીદમાંથી ચાલતા થયા.

બીજા શુક્રવારે, ઉપરના બનાવથી ચીડાઇ લોકોએ વધારે જોરથી હઠ લીધી. આથી ખ્વાજાએ ફરી ઉભા થઇ કહ્યું: "પ્યારે મિત્ર, મને સાચેસાચું કહો કે જે વિષય ઉપર હું કહેવાનો છે તેની તમને માહીતી છે?" લોકોએ કહ્યું: "હા! તમે જે કહેવાના છો, તેની અમને માહીતી છે."

આ સાંભળી ખ્વાજાએ તરત ઉત્તર વાળ્યો: "જો તમને તે વિષયની માહીતી છેજ તો પછી મારે તમારો તથા મારો વખત બગાડવાની શી જરુર છે?" એમ કહી લોકો કૈં કહે ત્યાર પહેલાં તે મસીદમાંથી નીકળી એકદમ ઘેર ગયા.

લોકોએ આથી એવી ગોઠવણ કરી કે આવતા શુક્રવારે બધાએ ભેગા થઈ ફરીથી ખ્વાજાને ઉપદેશ કરવા કહેવું અને જો ખ્વાજા વિષયની માહીતી વીશે ફરીથી એજ સવાલ કરે તો કેટલાકે ના કહેવી અને કેટલાકે હા કહેવી; જેથી ખ્વાજાને ફરીથી છટકી જવાનો રસ્તો નહીં રહે.

ગોઠવણ પ્રમાણે, જ્યારે ખ્વાજાએ એ [illegible] કર્યો ત્યારે ભેગા થએલા લોકોમાંથી [illegible] કહ્યું કે તેમને ખબર છે જ્યારે

બાકીનાએ કહ્યું કે તેમને ખબર નથી. તે સાંભળી ખ્વાજા નસરુદ્દીને ટાવકું મોં રાખી કહ્યું: "ત્યારે તો જેટલાને એ વિષયની માહીતી છે તેઓ, જેટલાને તેની માહીતી નથી તેઓને જો એ વિષય સમજાવશે તો મારા ઉપર તેઓનો મોટો અહેશાન થશે." આટલું કહી હંમેશ મુજબ બંદગી કરી, ઘેર ગયા.

ખ્વાજા નસરુદ્દીન જોકે પ્રખ્યાત હતા અને લોકો તેમને પુજતા તોપણ તે બહુ ગરીબ હતા. આથી દરરોજ સવારે તે પરમેશ્વરની પ્રાર્થના કરતા અને કહેતા: "ઓ અલ્લાહ! આ દુનીઆમાં ઘણાએ માણસ એવા છે કે જેમની પાસે જોઇએ તે કરતાં પણ વધારે દોલત છે, તોપણ તેઓ ગરીબને કંઈ આપતા નથી અને કંઈપણ પુણ્યનું કામ કરતા નથી; અને તારા કહ્યા પ્રમાણે કંઈ કરતા નથી. ઉલટા તેઓ નાસ્તિક છે અને તને ધીક્કારે છે. મને તેમની અદેખાઈ નથી આવતી પણ હું ઇચ્છું છું કે જો મારી પૈસા સંબંધી ચિંતા ઓછી થાય તો તારી ભક્તિ ખુદા મનથી કરી શકું. હમણાંજ મને એક હજાર સોનાના દીમારની જરુર છે. બરોબર એક હજાર—જો તું મને એક પણ ઓછો મોકલશે તો હું તે લઇશ નહીં."

ખ્વાજા નસરુદ્દીન.

ખ્વાજા નસરુદ્દીનના ઘર પાસે એક માલેતુજાર યાહુદી રહેતો હતો. તે જોકે પરધર્મી હતો તોએ ધાર્મિક અને ગરીબો તરફ માયાળુ હતો. ઘણી વખત તે ખ્વાજા, જોડે ધર્મ વીશે ચર્ચામાં ઉતરતો અને ખ્વાજાને તે માનની લાગણીથી જોતો: ખ્વાજાની પ્રાર્થના તેને દરરોજ સંભળાતી. આથી તેણે એક દિવસ એક કોથળીમાં નવસો નવાણું સોનાના દીમાર ભર્યા અને એના બારણામાં નાખી આવ્યો. અને ખ્વાજા એનું શું કરે છે તે છાનોમાનો જોવા લાગ્યો. ખ્વાજા સોનાના સીક્કાથી ભરેલી કોથળી જોઇને ખુશખુશ થઇ ગયો અને સીક્કા ગણવા લાગ્યો. તે નવસો નવાણું થવાથી, ફરીથી ગણ્યા પણ આખરે બીજી વાર પણ નવસો નવાણું થવાથી તેણે કહ્યું: "યા અલ્લાહ! હું તારો કેટલો પાડ માનું? તારી દયા અપાર છે. જોકે તેં મને નવસો નવાણુંજ દીમાર મોકલ્યા છે તોપણ હું જાણું છું કે તારી અપાર દયાને લીધે હજારમો દીમાર પણ આમ અચાનક રીતે તું મોકલશે! તારી લીલા

ખરેખર ગહન છે" એમ કહી તેણે એ સીક્કાની કોથળી પોતાની પેટીમાં મુકી દીધી.

ગરીબ બીચારો યહુદી જે આ બનાવ જોતો હતો, તે આ પ્રમાણે એને બોલતો અને કરતો જોઇ ગભરાઇજ ગયો. અને તે એકદમ ખ્વાજા પાસે આવી કહેવા લાગ્યો કે એણેજ તે નવસો નવાણું દીમાર થેલીમાં ભરી નાખ્યા હતા, કારણકે એણે ખ્વાજાને કહેતા સાંભળ્યો હતો કે તે હજારથી એક પણ ઓછો દીમાર હશે તો તે લેશે નહીં.

ખ્વાજા આ સાંભળી જાણે આશ્ચર્ય પામ્યો હોય તેમ આ સઘળું સાંભળ્યું અને પછી શાંતિથી કહ્યું: 'મેં મારી આખી જીંદગીમાં કોઇ માણસ પાસે એક પાઇ પણ માગી નથી અને જો તું કહેતો હોય કે તું મારી પાસે નવસો નવાણું દીમાર માગે છે તો આપણે કાજી પાસે જઇએ અને તેનો નીવેડો આણીએ" આ સાંભળી યહુદીએ તરત કબુલ કર્યું. પણ ખ્વાજાએ કહ્યું: "પણ હું આટલો વૃદ્ધ છું તેથી મારાથી કાજીની કચેરી સુધી ચાલી શકાશે નહી. તેમજ બહારની હવા એવી ઠંડી છે કે જો હું બહાર નીકળીશ તો જરૂર મને શરદી થશે" આથી યહુદીએ એક ખચ્ચર અને એક ગરમ ડગલો મંગાવ્યો. અને બંને જણા કાજીની કચેરીમાં ગયા.

યહુદીએ કાજીને બધી વાત કહી અને છેલ્લે કહ્યું: "નામદાર મારી ચામડાની થેલીમાંના નવસો નવાણું દીમાર તેણે એની પેટીમાં મુકેલા છે."

પછી ખ્વાજા નસરુદ્દીને સાદાઇથી કહ્યું: "યહુદીએ કહ્યું તે પ્રમાણે હું દરરોજ પ્રાર્થના કરતો હતો અને એક દિવસ મને નવસો નવાણું દીમાર મળ્યા. ખરેખર અલ્લાએજ મને તે મોકલ્યા છે અને ખુદા જેણે મને નવસો નવાણું દીમાર મોકલ્યા છે તે જરુર મને હજારમો દીમાર આપશે."

કાજી આ સાંભળીને દિંગજ થઇ ગયો. તેણે પરવરદીગાર તરફથી અણધારી બક્ષીસ મળે છે તે વીશે સાંભળ્યું હતું પણ કોઇ દિવસ તેણે નજરે જોયું નહોતું. આ જોઇ ખ્વાજાએ ઉમેર્યું: "આજે આ યહુદી કહે છે કે મેં એના નવસો નવાણું દીમાર લીધા છે. ને કાલે કહેશે કે આ મેં પહેરેલો કોટ અને જેના ઉપર હું બેસીને અહીં આવ્યો છું તે ખચ્ચર પણ એનાં છે."

યહુદીએ એકદમ બુમ પાડી કહ્યું: "ખરેખર તે મારાંજ છે."

આ જોઇ કાજીને લાગ્યું કે યહુદી ખરેખર ગાંડોજ થઇ ગયો છે! અને તેથી તેણે ખ્વાજાના લાભમાં ચુકાદો આપ્યો.

એક વખત ખ્વાજાને તેના એક મિત્રે એક ઘેટું ભેટ આપ્યું. તે જોઇ તેના ગરીબ મિત્રોએ તેને, તે મારીને એક મોટી મીજબાની આપવા માટે આગ્રહ કર્યો. ખ્વાજાનું મન માન્યું નહીં. પરંતુ તેના મિત્રોએ કહ્યું: "તમે જો ઘેટું કાલે મારી નાખશો નહીં તો તમારે પસ્તાવું પડશે; કારણકે પરમ દિવસે તો કયામતનો દિવસ છે, માટે જો કાલે તેની મીજબાની કરી દેશો નહીં, તો તે તમારા મોંમાંથી બીલકુલ જશે."

આ સાંભળી આખરે ખ્વાજાએ કબુલ કર્યું. અને બીજે દિવસે ખ્વાજા અને તેના મિત્રો મીજબાની ઉજવવા જંગલમાં ગયા. દિવસ ગરમ હતો તેથી થોડી વારમાં તેના મિત્રો ખ્વાજાને ઘેટું પકાવવાનું સોંપી, થોડાં કપડાં કાઢી સુઇ ગયા. ઘેટું પકાવતાં પકાવતાં,

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૬૫૫]



સ્વપ્નદ્રષ્ટા

લેખકઃ
રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,
બી. એ., એલએલ. બી., એડવોકેટ;
પ્રમુખ. સાહિત્યસંસદ્.

ચિત્રકારઃ
શ્રીમાન્ પુરુષોત્તમ,
સભ્ય, સાહિત્ય સંસદ્.
અને
રા. રવિશંકર રાવળ

આગલાં પ્રકરણોનો સાર

આણંદના સ્ટેશન ઉપર મુંબાઇના બેરીસ્ટર અને ધારાસભાના સભ્ય ના. જગમોહનલાલને તેમના બાલમિત્ર ને ભાવિ વહેવાઈ રા. બ. પ્રમોદરાયનો મેળાપ થાય છે. તેઓ સાથે વડોદરે જાય છે. રા. બ. પ્રમોદરાયનો પુત્ર સુદર્શન અભ્યાસ કરે છે. તેને સ્વદેશભક્તિની ધુન લાગી છે. તે અનેક સ્વપ્નો રચે છે તેને મળવા તેઓ બંને કોલેજ રેસીડંસીમાં જાય છે. પરંતુ તે પ્રો. પાપના બાગબગીચામાં ગયો છે એટલે રા. બા. પ્રમોદરાય ત્યાંજ બેસે છે અને ના. જગમોહનલાલ તેમના સાળા રાજાભાઇને ત્યાં રા. બ. ને અને સુદર્શનને જમવાનું નિમંત્રણ આપી જાય છે.

થોડી વારે સુદર્શન આવે છે અને પિતાપુત્ર મળે છે. દેશની પરિસ્થિતિ વીશે વિવાદગ્રસ્ત ચર્ચા ચાલે છે. રા. બ. સુદર્શનને લઇ નામદારને તથા તેમના કુટુંબને—સુલોચનાને, તેની ભાવિ પત્નીને—મળવા માટે રાજાભાઇને ત્યાં જવા તૈયાર થાય છે. સુદર્શન કમવાતે મને જાય છે.

રાજાભાઇને ત્યાં રાવબહાદુરની મોટી દીકરી—સુલોચના—આજે તેને ભાવિ પતિ મળવા આવનાર હોઇ તેનો વિચાર કરતી બેઠી છે. સુદર્શનનો વિચાર આવતાં તે તેને 'બાયલું' ગણી હસી કાઢે છે.

પ્રમોદરાય અને સુદર્શન ત્યાં આવી પહોંચે છે. વડીલો કેટલાંક અગત્યનાં કામમાં રોકાય છે અને એક ખંડમાં સુદર્શન અને સુલોચના—ભાવિ વરવહુ—અતડારાથી એકમેક સામે જોઇ રહ્યાં છે. આખરે સ્પષ્ટ વાર્તાલાપ શરુ થાય છે. અને સુદર્શન સુલોચનાને પોતાનું જીવનધ્યેય સમજાવતાં એકમેકનો પાટો નહીં ગોઠે અને તેથી તેની સાથે લગ્ન નહીં કરવાનું સુલોચના પાસેથી વચન લે છે.

સાંજના રાવબહાદુર અને પ્રમોદરાય પોતપોતાને સ્થળે વિદાય થાય છે.

સુદરાન રુમ ઉપર પાછા જાય છે. રસ્તામાં હીંદની સ્થિતિ વીશે વિચાર કરવા માંડે છે અને હીંદ દેવીની મૂર્તિને સેવાની આજ્ઞા કરતી જુવે છે. થોડી વારે આ સ્વપ્નમાંથી જાગ્રત થઈ તેના મિત્રોને જઇ મળે છે અને તેના મિત્રમંડળ સાથે સાંકેતિક સ્થાને—ભીમનાથના તળાવે—મળવા તૈયાર થાય છે. સુદર્શનનું બાલજીવન કોઈપણ જાતના ચમત્કાર વિના, ભાનુશંકર મહેતાજીની નીશાળે પાટી પર ધુળ નાખ્યાના દિવસથી શરુ થાય છે. તેને આઠ વર્ષે યજ્ઞોપવિત આપી બ્રહ્મચારી—બ્રાહ્મણ—બનાવે છે; અને તેને લાગે છે કે તે કૌશિકાદિ ઋષિવરોની સાથે બેસવા યોગ્ય બન્યો છે. નાટકો જોતાં, ઈતિહાસ વાંચતાં તત્કાલના વિપ્લવનાયકો—તેમની ભાવના—સાથે તેને મૈત્રી થાય છે; અને તેને તેની મદદથી તેઓ પોતાનું કાર્ય સાધતા લાગે છે.

મુસલમાન રીયાસત વાંચતાં હીંદુ મુસ્લીમ વિરુદ્ધ ઝનુનથી તે ઉશ્કેરાઇ જાય છે. પરંતુ બડેમીયાંકાકા વગેરેની તેના પ્રતિની પ્રીતિ જોતાં તે ઓસરી જાય છે. આ રીતે તે નાનપણથી ઉચ્ચાભિલાષિત સ્વપ્નો સેવતો દિવસેદિવસે મોટા થતો જાય છે.

સુદર્શન તેના પિતા સાથે ફરવા જાય છે અને રસ્તામાં એક અંગ્રેજ ઘોડેસ્વાર મળે છે. તેના પિતા ઝટપટ કપડાં ઠીકઠાક કરી લળી લળી સલામ કરે છે. ગોરો સવાર સલામનો ઉત્તર વાળે છે અને બંને બાપ-દીકરાને બીજે દિવસે તેની સ્ત્રીના જન્મદિવસ નિમિત્તે તેને ત્યાં જવાનું આમંત્રણ આપે છે.

ગોરા અમલદારને ત્યાં બીજા નાગરિકો માધવલાલ, મામાભાઈ અને દલાલ વગેરે આવે છે. પરંતુ ગોરા અમલદારની વિચિત્ર અને અભિમાનભરી વર્તણૂક ને વાતચીતથી તેને પોતાનું, પોતાના પિતાનું અને બીજાઓનું ખરુ સ્થાન શું છે તે સમજાય છે.

માધવલાલ, મામાભાઇ અને દલાલ તેમજ તેના પિતાનાં ખુશામતભર્યાં હલનચલનથી તેને પોતાના દેશીઓ ગોરી પ્રજા આગળ કટકા ટુકડા માટે પુંછડીઓ પટપટાવતા શ્વાનસમા લાગે છે. તેને પોતાનું સ્વપ્ન હણાતું હોય એમ લાગે છે. અને તેનું હૈયું આ બધાથી અકળાઈ ઉઠે છે—તેના હૃદયમાં ડામ ઉઠે છે.

તેને તેના સ્વપ્નમિત્રો ઉપર, તેના પૂર્વજો ઉપર ઘણો ક્રોધ ચઢે છે.

સુદર્શને મેટ્રીકની પરીક્ષા પસાર કરી. અને વેકેશન ખંડીઓ જોવામાં ને બહારનું વાચન વધારવામાં ગાળી. પડોસની ગમન સાથે એક દિવસ લગ્ન વીશે ચર્ચા થઇ. તેમાં તેને હીંદુસમાજને મામાભાઇનું પ્રભવસ્થાન જણાયું. આ સામે તેના સ્વપ્નવિલાસી મને બળવો કર્યો. અને તેના હૃદયમાં વિચારનાં પ્રચંડ મોજાં ઉદ્ભવ્યાં. તેને બ્રાહ્મણત્વની માત્ર નીશાનીઓ તરફ તિરસ્કાર થયો. તેને પૂર્વજો સત્વહીણા જણાયા. તેને નેપોલીઅનનું જીવન પ્રેરણા પાઇ રહ્યું. કૉલેજની રમતગમતોમાં તેને રસ ન હતો. વાચનની મર્યાદા વિસ્તૃત કરવા તેણે અથાક પ્રયત્નો આદર્યા. અને અમદાવાદની કૉંગ્રેસ અને હીંદના મેઝેની સુરેંદ્રનાથના ભાષણે તેનામાં રાષ્ટ્રીય અસ્મિતા જાગ્રત કરી.

(હવે આગળ વાંચો.)

પ્રકરણ ૫ મું

વિપ્લવ પ્રેમ—(ચાલુ)

૬

પણ કાલેજ ઉઘડતાં જ્યારે સુદર્શન વડો-દરે પાછો આવ્યો ત્યારે તેના હૃદયમાં પાછી નિરાશાએ સંચાર કરવા માંડ્યો. સ્વદેશ ને સુરેંદ્રનાથ બેનો એ ભક્ત બન્યો હતો ખરો

પણ સુરેંદ્રનાથના ભાષણે તેને અકળાવ્યો. તે ભાષણ તેણે અનેક વાર વાંચ્યું; તેના કેટલાએ ભાગ ગોખ્યા; અને પરિણામે તેને સ્વદેશની હાલતનો ખ્યાલ આવ્યો. અંગ્રેજી રાજ્ય પાસે શું માગ્યું ને શું મળ્યું, તેનું તેને ભાન થયું, અને સુરેંદ્રનાથના રુપાળા શબ્દોમાં નિરાશા રહેલી તેને દેખાઇ. આશાવાદનાં વચનો–ઇશ્વરના ડહાપણમાં શ્રદ્ધા–ને અંગ્રેજોની ભલમનસાઇમાં ભરોંસો–એ ત્રણેથી ભરપુર એવા ભાષણમાં તેને કૈં સાર દેખાયો નહીં; એટલુંજ નહીં પણ એ ત્રણે મંત્રોમાં તેને અંગ્રેજોની 'સમગ્ર મહત્તા'ના મહાપાષણનો પડછાયો દેખાયો.

અને વળી પ્રશ્નો ઉદ્ભવ્યા. અમદાવાદ જેવી કોંગ્રેસો રોજ મળે તેથી શું? સો સુરેંદ્રનાથો રોજ ભાષણ કરે તોએ શું? કોઇ દેશે એવા પ્રયોગે સ્વાતંત્ર્ય મેળવ્યું છે?

ને રાજકીય સ્વાતંત્ર્યે શું વળે? આભાઇ શેઠો સ્વતંત્ર હોય કે ગુલામ હોય તોએ શું? માભાઇ શેઠો કેમ સુધરે? માનવજીવન કેમ પ્રભાવશીલ થાય? 'સમગ્ર મહત્તા'ના મહાપાષાણ જ્યાં સુધી ન ભેદાય ત્યાં સુધી શા કામનું? એ મહાપાષાણ કેમ ભેદાય? અને જેમ જેમ કર્ઝનશાહીનાં નવાં ફરમાનો તે વાંચતો ગયો તેમ તેમ આ પ્રશ્ન ઉકેલવા અઘરા થઇ પડયા. ૧૯૦૩ ના દીલ્હી દરબારે તેને આ પ્રશ્નના ઉકેલ પર નવો પ્રકાશ પાડયો. સમગ્ર મહત્તાનો ખ્યાલ કેમ બેસાડવો તે કર્ઝનને આવડતું હતું; અને એ ખ્યાલ કેમ વીસરવો તે હીંદીઓને આવડતું નહોતું.

સુદર્શન રાજકીય બાબત ઉપરાંત ધાર્મિક ને સામાજિક પ્રશ્નોનો તોડ કાઢવા પણ મથી રહ્યો.

તેણે અનેક દેશોના ઇતિહાસ વાંચ્યા. દરેક મહાન દેશે આ 'સમગ્ર મહત્તા'નો મહાપાષાણ તોડવાને પ્રયત્ન કર્યો તેને દેખાયો.

લ્યુથરે કેથોલીક ચર્ચ તોડવા માંડયું. હોલાંડે સ્પેનની સત્તા તોડી; ઇંગ્લાંડે સ્ટયુઅર્ટોને તોડયા; અમેરીકાએ અંગ્રેજને તોડ્યા; ફ્રાંસે દરેક 'સમગ્ર મહત્તા' તોડી; ઇટાલીએ ઓસ્ટ્રીઅન સત્તા તોડી; જાપાને અમીર ને પોપની સત્તા તોડી. આ બધું કેમ બન્યું?

આ બધામાં ફ્રેંચ વિપ્લવે તેની કલ્પના મુગ્ધ કરી. તે માત્ર રાજકીય વિપ્લવ નહોતો; પણ 'સમગ્ર મહત્તા'ના મહાપાષાણ સામે આખા રાષ્ટ્રનું ધર્મયુદ્ધ હતું. રાજા ને અમીર, ધર્મ ને સમાજ બધાને ડારતી સત્તાને તોડી ફ્રેંચ માનવતાને પ્રતાપી કરનાર આ મહાપ્રયોગનો તે પ્રશંસક થઇ રહ્યો. કાર્લાઇલ, મીકલેટ, ટેઇન, તેણે ફરી ફરીથી વાંચ્યા. રુસો, ડીડેરો ને વોલ્ટાયર; મીરાબો, દાંતાં ને રોબ્સ્પીઅરનાં જીવનચરિત્રોનું તેણે અનેક વાર મનન કર્યું. જાગતાં ને ઉંઘતાં તેણે ફ્રેંચ વિપ્લવ જોયાજ કર્યો.

તેને કાને એક મહાનગરની ગલીખુંચીઓમાંથી ભયંકર નાદ સંભળાવા લાગ્યા. સાગર સુકાતાં પાતાલના અંતરમાંથી ભયાનક જલનિવાસીઓ વિસ્મય બની બહાર પડે તેમ સમાજની સપાટી તળે રહેનારાઓ બહાર નીકળ્યા—ઘુઘવાતા, વિકરાલ ને ખુનતરસ્યા. મહાપાષાણો તળે તે સદીઓ થયાં કચરાતા હતા. તેમને અંગે કપડાં નહોતાં—તેમના પેટમાં શાતા નહોતી. આજે તે મહાપાષાણ તોડવા તે નીકળ્યા. ચારે દિશા રુધિરરંગી હતી. ગગનમાં વાફરેલી માનવતાના પડઘા સંભળાતા. પ્રલય સમુદ્રનાં

વિનાશક મોજાંનો ધુધવાટ તેના હૃદયને ઉત્સાહથી ઉછાળી રહ્યો.

ઝનુની જનતા મહાપાપાણો ભેદવા બહાર પડી. બાસ્ટીલ તુટયો. રાજાની સત્તા તુટી. પાદરીઓનો ઇજારો નષ્ટ થયો. માનવહૃદયો માર્સના મેદાનમાં એક થયાં. એક ઠરાવે ઇશ્વરનુ અસ્તિત્વ નાબુદ થયું. એક ઝટકે રાજારાણીનુ માથું ઉડી ગયું. એક પલમાં જુની સૃષ્ટિનાં જંજીર ભેદાયાં. અને 'સ્વાતંત્ર્ય, સમાનતા ને ભ્રાતૃભાવ'ની જયઘોષણાની પાંખે ચઢી ગૌરવશીલ માનવતા વિહરવા લાગી.

સુદર્શનમાં નવા પ્રાણનો સંચાર થયો. એની દૃષ્ટિનાં પડળ ખુલી ગયાં. "વિપ્લવ એટલે નિયમનો પ્રારંભ, સત્યનો પુનર્જન્મ, ન્યાયનો પ્રત્યાઘાત." આ મીકલેટનું સૂત્ર તેને પ્રિય થઇ પડયું.

વિદ્યાર્થીનુ મગજ ચંચળ ને સુંવાળું, બીનઅનુભવી ને આશાવાદી, ઉત્સાહી ને અધીરું હોય છે. તેને પરિસ્થતિની પરવા હોતી નથી. તેને સંયોગને સાધવા હોતા નથી તેને સાધનો વીચારવાનાં હોતા નથી. તેથીજ રાજકીય ચળવળમાં વિદ્યાર્થી હોમાવે છે; અને નજીવી ચીજ માટે પ્રાણ અર્પી શકે છે. આવી સ્થિતિ સુદર્શનની હતી. ફ્રેંચ વિપ્લવ તેને રસ્તો સુઝાડયો. વિપ્લવવાદની ભયંકર ભાવના તેને આશા આપી રહીઃ

"यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥"

સુદર્શનના વિપ્લવવાદને મર્યાદા ન રહી. દરેક મહાપાપાણને ભાંગવાનું તેમાં ફરમાન હતું. રાજકીય પહેલાં સામાજિક ને ધાર્મિક પાષાણો તોડવાની તેને ઘણી જરુર જણાઇ.

એ અરસામાં બોરડીંગમાં સ્વાતંત્ર્યવાદી ને સંરક્ષકવાદીઓ વચ્ચે આગળ જણાવેલું યુદ્ધ શરુ થયું. પ્રોફેસર શાહની પ્રેરણાથી 'આરબીએ' સ્વાતંત્ર્યનું સૈન્ય સ્થાપ્યું. નૃસિંહાચાર્યના પટ્ટશિષ્ય છોટાલાલ માસ્તરે સંરક્ષકવાદીઓને પાનો ચઢાવ્યો. વાગ્યુદ્ધની પરંપરા ચાલી, સુદર્શનને આ રમત લાગી. માત્ર ન્યાત તોડે, કે અંધશ્રદ્ધા છોડે કૈં વળે એમ તેને દેખાયું નહીં.

તેનો બધો ક્રોધ સામાજિક અંધકારના સ્રષ્ટા–ધર્મગુરુ તરફ ગયો. પોતાની ન્યાત તરફ, ધર્મ ને સંસ્કારના ઇજારદાર બ્રાહ્મણો તરફ અવર્ણ્ય ક્રોધ પ્રગટયો. તે માનતો હતો કે ધર્મગુરુએ નીતિ બનાવી મહાપાપાણોને પવિત્રતા અર્પી; અસમાનતાને સ્વાભાવિક જેવી દેખાડી; માનસિક વિકાસની મર્યાદા રચી; નિર્બલ ને ભયત્રસ્ત થતાં અને ગૌરવશીલને ધુંટણીએ પડતાં શીખવ્યું. ધર્મને નામે માનવતાને નિર્જીવ કરનારાઓનો ઉચ્છેદ કરવા ઉકળતે લોહીએ તે તત્પર થઇ રહ્યો.

આ અધીરાઇમાં ને ઉકળાટમાં—આ ઝનુન ને દ્વેષની ઝાળમા-આ વિનાશકવૃત્તિની ઉભરાતી ઘેલછામાં—કોઇ કોઇ વખત એની સ્વપ્નદૃષ્ટિ આગળ ભાવિ સૃષ્ટિ અલપઝલપ આવી જતી.- એક નિરીશ્વર, આત્માવીહોણી, રાજા ને ગુરુ વિનાની, સત્તા ને અસમાનતા વિનાની સૃષ્ટિ- જ્યાં ગર્વિષ્ટ ને પ્રતાપી નરપુંગવો શાંતિના ગૌરવમાં, શકિતની નિર્ભયતામાં, ભાવનાના ઉલ્લાસમાં લીલી કુંજોમાં, કે ગગનભેદી ગિરીશૃંગે, શિતલ સરિતા તીરે કે ઘુઘવતા સાગરના સાંનિધ્યમાં અમરાપુરીની દેવીઓને શરમાવે એવી સુંદરીઓ જોડે વીહરતા; જ્યાં

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૬૫૪]

કોઇકોઇ વખત એની સ્વપ્નદૃષ્ટિ આગળ ભાવિ સૃષ્ટિ અલપઝલપ આવી જતી. —પૃષ્ઠ ૫૮૬

ગુજરાતના વિપ્લવવાદને
મહાપાષાણને ભાંગવાનું
કીય પહેલાં સામા
વાની તેને ઘણી

[ભાદ્રપદ ૧૯૮૧

પગ સરી જાય એવું હતું, તેથી ઓચીંતી કુસુમે મારી એક આંગળી પકડી .....

—પૃષ્ઠ ૬૧૬

કુમારના અનુભવ

સંપાદક:

રા. ઇંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક,

સભ્ય, સાહિત્ય સંસદ.

ચિત્રકાર:

રા. રવિશંકર શિવશંકર પંડિત

શ્રી. કુમાર મુંબાઈના વકીલ કહેવાય છે. પણ એક કોરટમાં ધંધો જામે ત્યારે ત્યાંથી કંટાળી બીજી-માં જાય છે; અને ત્યાંથી થાકે ત્યારે વરસેક સુધી ગુજરાતમાં ફરવા ચાલ્યા જાય છે. પાસે ઘરના બે પૈસા છે તેથી અસીલોની પરવા નથી કે કમાવાની ચિંતા નથી.

જેવા તેમના ધંધાના ઢંગ, તેવા તેમના મગજના તરંગ. આજે એક વિષય ગમે અને તેનીજ બધી ચોપડીઓ ભેગી કરી વાંચવા બેસે. પણ મહિના પછી બીજાની લત લાગે એટલે પહેલાને વીસરી જઇ તેમાંજ ઝુકાવે. આથી પરમેશ્વરે કંઇક અક્કલ આપી છે તોએ કશામાં કૈં ભલીવાર કરતા નથી.

વ્યવહારનાં કામ તેમને ગમતાં નથી ને પરમાર્થની પ્રવૃત્તિ ઘણી વસમી લાગે છે તેથી કોઈ ચળવળ કે મંડળનું કામ હાથમાં લેતા નથી. છતાં દૂરથી બધું જોવા જાણવાનો શોખ છે તેથી દૂર દૂર ફરે તેમ રખડે છે—ઘણા લોકોને મળે છે અને ઘણી ઘણી વાતો કરે છે, અને પાછા એવાને એવા કોરાકટ થઈને વકીલાત કરવા બેસે છે.

સંસારનાં બંધન તેમને સાલે છે—સ્નેહનાં પણ સંકુચિત લાગે છે. તેથી નથી પરણીને ઘર માંડતા કે નથી મિત્રો સાથે સ્થિર સ્નેહસંબંધ રાખતા. છતાં રંગાયા વિના બધા સ્નેહરંગ જોવાનો તેમને મોહ છે. તેથી કેટલાંએ કુટુંબોના—સ્ત્રીઓના અને બાળકોના ઘણા ગાઢ સંબંધમાં આવ્યા છે.

તેમને કેટલાએ વખતથી તેમના આવા અનુભવનો કંઇ સાર આપવાનો આગ્રહ કરવાથી તેમણે કેટલાંક શબ્દચિત્રો મને મોકલ્યાં છે. જેવાં મળ્યાં છે તેવાં રસિક વાચકો આગળ રજુ કરું છું. શ્રી. કુમાર ખરું જોતાં "લેખક" નથી, તેથી તેમના આ પ્રથમ પ્રયાસમાં ભાષા કે લેખનકળાની ખામી જણાય તે દરગુજર કરવા સૌને વિનંતિ છે:—સંપાદક.

(૧)

કુસુમના કૌમારભાવ

મારા ઘરમાં સ્ત્રી વર્ગમાં બેજ માણસઃ એક મારાં માતુશ્રી ને બીજાં બુઢ્ઢાં માંજી. તેમને લીધે ક્વચિત્ ઘરમાં કોઇ કુમારિકાઓ ને નવવધુઓનો સંચાર થાય. તેમને પણ હું ભાગ્યેજ જોતો, કારણકે અમારાં બે ઘરમાંથી એક સ્ત્રી વર્ગના રસોઇના અને કોઠારના ઉપયોગમાં આવતું અને બીજા *આખા ઘરમાં નાનપણથી હું એકલોજ* મહાલતો. આમ લગભગ સ્ત્રીહીન સંસારમાં પુરાણા કાળના બ્રહ્મચારીઓની માફક મને રહેવાની ટેવ પડી ગઇ. વળી તેમની માફક મારું પાણી ભરતો, તેમ પથારી પણ હું કરતો, તેથી મારો વિશાલ ખંડ તો સ્ત્રી-સંસ્કારથી કેવળ અલિપ્તજ રહેતો.

સ્ત્રીઓની એ એક બલીહારી છે, કે પુરુષો કાં તો તેમને દેવી ગણી શકે અથવા દાસી—તેમના ચુસ્ત પક્ષપાતી થઇ શકે અથવા કટ્ટા વિરોધી. મારા કુમારજીવનમાં પેટ ભરવા સીવાય સ્ત્રી વર્ગ નિરુપયોગી લાગવાથી અને કોઇક કમભાગી ક્ષણે બુદ્ધિદીપને બુઝાવનાર પણ લાગવાથી અજાણી રીતે તેના તરફ મારો તિરસ્કાર અને વિરોધ વધતાંજ હતાં. તેથી મારા અભ્યાસગૃહની અટારી પરથી નીચેથી પસાર થતી યુવતીઓ અને સ્ત્રીઓને જ્યારે જોતો, ત્યારે જાણે સાતમા આસમાન પરથી કોઇ ક્ષુદ્ર પ્રાણીઓ પર બેપરવાઇની, ક્વચિત્ સહેજ કરુણાનીદૃષ્ટિ ફેંકતો હોઉં એમ લાગતું.

જેમ ભણતો ગયો, તેમ આ ભાવ વધતો ગયો. તેમ બે જાતિની સરખામણીથી પણ તે સબળજ થતો ગયો. બધાં છોકરાઓ ગુજરાતી ધોરણો પુરાં કરી ઇંગ્રેજી નીશાળે જાય-ઘણા ખરા કોલેજમાં પણ જાય,—ત્યારે છોકરીઓ ચારપાંચ ચોપડીઓ ભણીને ઉઠી જાય. એક બે વરસ રસોડામાં અને રસળવામાં ગાળે અને પછી પરણીને છોકરાંને રમાડવાનો અને ન્યાતજાતની કુચ કરવાનો પરવાનો મેળવે. છોકરાઓ વધારે ને વધારે બુદ્ધિશાળી અને જ્ઞાની થતા જણાય, ત્યારે છોકરીઓ તો *આળસ અને એશઆરામમાંજ નિમગ્ન થતી* દેખાય. અલબત, પરદેશી સ્ત્રીઓની ઉચ્ચ કેળવણી અને પ્રતિષ્ઠા વીશે સાંભળું કે આપણા દેશની ગાર્ગી અને મૈત્રેયી, સાવિત્રી અને સુલભા વીશે વાંચું ત્યારે સ્ત્રીજાતિ માટે માન વધતું. તોપણ તેથી ચોમેર દેખાતા સ્ત્રીસમુદાય વીશે તો મારો તિરસ્કાર વધારે તીખોજ થતો.

ટુંકા વિચાર અને એથી પણ વધારે ટુંકા અનુભવને આધારે ઉપજેલી આ વૃત્તિ કદાચ આજ સુધી કાયમ રહી હોત. પણ સ્ત્રીવર્ગની જે સમજ અઢાર વર્ષની જીંદગીથી અને પુષ્કળ પોથાં વાચવાથી ન આવી, તે એક નિર્દોષ બાળાના પરિચયથી બે માસમાં આવી.

૨

હું મેટ્રીકની પરીક્ષા આપવા શ્રીનગર ગયો, ને ત્યાં મારા પિતાના એક નિકટના મિત્રને ત્યાં ઉતર્યો. તેમનો પુત્ર કમલ પણ મારી સાથેજ પરીક્ષામાં બેસવાનો હતો. બીજે દિવસે સવારે ઓટલા પર અમે સાથેજ દાતણ કરતા હતા. તેવામાં સામેના ઓટલા પર અમારીજ ઉમ્મરનો એક યુવક આવીને બેઠો. પછી તરતજ પંદરેક વરસની એક કુમારિકા જરા દોડતી-કુદતી આવી, ને મારા મિત્ર સામે આંખો નચાવી જોરથી બોલવા

ગઇઃ "કેમ કમલ......" પણ તેની સાથે મને બેઠેલો જોઇ તે એકદમ શરમાઇ ગઇ, ને તેથી તેના છેવટના શબ્દો તેના મોંમાંજ રહી ગયા.

કમલે મને ધીમેથી કહ્યું: "આ મારા કાકાના પુત્ર ભાઇ શિરીષ. તે પણ આપણી સાથેજ પરીક્ષામાં બેસવાના છે. અને આ એમની બેન કુસુમ. પાંચ છ ચોપડીજ ભણી છે, છતાં ઘણીજ ચકોર છે તે તો તમે થોડાજ દિવસમાં જાણશો." તેમની સાથે મારી પણ ઓળખાણ કરાવી.

કુસુમને જોઇ ત્યારથી-જ તેના મુખ અને અંગે અંગ પર વીજળીની ત્વરાથી ફરકતા ભાવને નીરખવામાં હું એટલો બધો લીન થઇ ગયો હતો, કે કમલના બધા શબ્દો મેં પુરા સાંભળ્યા નહીં હોય. એક ક્ષણમાંજ તેનાં વિશાલ ચંચળ નયને મારી દૃષ્ટિ હરી લીધી. તેના નિર્દોષ લાવણ્યે મારા અંતરને વશ કર્યું. અજાણ્યે મારું હૃદય ધબકવા લાગ્યું. મારા લોહીમાં કંઇ ઓરજ તનમનાટ થવા લાગ્યો. થોડીવાર તો મારું દાતણ પણ મારા મોમાં એમને એમ ચવાતું રહ્યું. પણ એટલામાં કમલને મોં ધોતો જોયો એટલે હું ચમક્યો. દાતણ સપાટામાં પુરું કર્યું. ઓીજાનિ-



પણ તેની સાથે મને બેઠેલો જોઇ તે એકદમ શરમાઇ ગઇ

થી પહેલીજ વાર આટલું હારી ગયો, તે માટે શરમ આવી. અને મેં નિશ્ચલ ધારેલા મારા બાળવૈરાગ્ય વીશે શંકા થઇ. "આ તો ક્ષણિકજ અસર હશે" એમ મનને મનાવી ચોપડીમાં ચિત્ત પરોવ્યું. અને જો કે પરીક્ષાની ધમાલમાં મનને થોડીજ નવરાશ રહેતી, તોપણ જ્યારે કુસુમનું ચિત્ર ખડું થાય, ત્યારે દીલ તો ડોલેજ. આ અનુભવની નવીનતાથી અને તેમાંથી મળવાના નવા જ્ઞાનની આશાથી હું જરા મોહ પામતો, પણ બીજી પાસ સ્ત્રીઓ વીશે વરસોથી ઘડેલી મારી નિશ્ચિન્ત વૃત્તિ મારે ફેરવવી પડે એ વિચારથી જરા અસ્વસ્થ થતો.

પરીક્ષા પુરી થઇ. તે પછી શહેર જોવાને અને નવા સ્નેહીઓ સાથે હળવા-મળવાને બેએક મહીના રહેવાનું ઠરાવીનેજ આવ્યો હતો. એટલે હવે દરરોજ અનુભવના નવા પાઠ ભણવા લાગ્યો. થોડાજ વખતમાં મેં પહેલાં કમલની સાથે અને પછી એકલો શિરીષને ઘેર જવા માંડ્યું. શિરીષ પણ અમારે ઘેર વારંવાર આવેજ અને ઘણુંખરું સવાર સીવાય બીજે વખતે કુસુમ પણ પધારે. પરીક્ષા પછી પુરા પાંચદસ દિવસ નહીં ગયા હોય, એટલામાં તો હું સૌની સાથે છેકજ

મળી ગયો, અને વાતોમાં, રમતોમાં અને ક્વચિત્ સંગીતમાં વખત વીસરવા લાગ્યો.

કુસુમ પાતળી અને ઉંચી હતી, છતાં છેક સળી જેવી નહોતી. ભભકતા ગૌર વર્ણની ન હતી, પણ જરા ગુલાબી રંગની હતી. તેની મુખમુદ્રા મીઠી અને નિર્દોષ હતી. તેનાં શ્યામ અને વિશાલ નયનોમાંથી તેજના અંબાર ફુરતા. તેનું લલાટ ભવ્ય અને ઉંચું હતું. તેના વાળ ભરેલા ને લાંબા હતા.' તેનો સ્વભાવ ઘણો મશ્કરો ને રમતીઆળ હતો અને તે જ્યારે હસતી, ત્યારે તેની આંખો, ધનુષ્યાકાર ભમ્મર, ને તીણું નમણું નાક, તેના પાતળા હોઠ ને સ્વચ્છ દંતકલિકા પણ હાસ્યના તાનમાં ભળતાં હોય—હર્ષના ઉન્માદમાં નાચતાં હોય તેવું લાગતું.

તેણે ગુજરાતી ૭ ચોપડી પુરી કરી હતી. એએક વરસ પર તેનો વિવાહ થયો ત્યારથીજ તેને નિશાળેથી ઉઠાડી મુકવાની વાતો ચાલતી હતી. પણ મોટે ભાગે પોતાના ઉદ્દને લીધેજ તે આટલુંએ ભણી શકી હતી. પણ હવે તો છએક માસમાંજ તેનું લગ્ન થવાનું હતું અને પછી તેને પતિની સાથે પરદેશ મોકલવાનું હતું, તેથી તેણે શાળાને છેલ્લી સલામ કરી હતી.

તેના ભણતરના પ્રમાણમાં તે ઘણું વધારે જાણતી અને સમજતી. તેની બુદ્ધિ ઘણી ચંચળ હોવાથી અને નવું નવું જાણવાનો તેને ઘણો શોખ હોવાથી તે ન્યાતની સ્ત્રીઓના ગપાટા સાંભળવા નજ ચાલે બેસતી. અને તેનો સ્વભાવ ઘણોજ સ્નેહાળ હોવાથી પોતાની નીશાળની છોકરીઓ સાથે રમતગમતમાં ખુબજ ભળતી,—જોકે તેમાંથી એક કે બે હુંશીઆર છોકરીઓ સીવાય બીજીની સાથે તેને 'સદીપણું' નહોતાં.

ઘરમાં તો તેનુંજ રાજ ચાલતું. બધા ભાઇઓની એકની એકજ ચકોર, તોફાની, સોળેક વરસની અને હવે તો વળી થોડાજ દિવસની મહેમાન, એટલે સૌની લાડીલી અને માનીતી હતી. તેના ભાઇઓ અને પિતાની સાથે બેસે, તેમ ડાહી વાતો પણ કરે. મનમાં આવે તે બોલે, ને પૂછે. તેમની અને તેમના મિત્રોની બને તેટલી વાતો ધ્યાનથી સાંભળે, ને વચમાં કે સવાલ પણ પુછે. તેમ ગંભીર ચર્ચા ચાલતી હોય, ત્યારે ક્વચિત્ કે ટીખળ કરીને સૌને ખડખડ હસાવી પણ મુકે. નીશાળ છોડયા પછી તેના પર ઘરકામનો ઘણો બોજો નાખવામાં આવ્યો હતો. પણ વખત મળે ત્યારે તેના ભાઇઓ પાસેથી કંઇક ઇંગ્રેજી પણ શીખતી, કંઇક ગુજરાતી છાપાં પણ જોતી, ને થોડા વખતમાં ઇંગ્રેજી છાપાં વાંચવાની ને બની શકે તો છેવટે તાર તો વાંચવાની તે પુરી ઉમેદ રાખતી હતી.

આવી કુમારિકાને પંદર વરસનો ભાર તો હલકો ફુલ જેવોજ લાગે. બીજી છોકરીઓની માફક તેની અક્કલ બહેર મારી ગઇ ન હતી. તેમ તેનાં અંગ જકડાઇ પણ નહોતાં ગયાં. ઘરમાં તો તે શ્લોકો ને ગીતો છુટથી ઉંચે સ્વરેજ ગાતી, વાળ છુટા મુકી મોટા હીંચકા ખાતી ને હરણની માફક કુદે તેમ દોડતી. તોફાનના ધેનમાં ને કોઇ વાર રઢંગા વેશમાં બહાર દોડી નીકળે, ને કોઇ ડોમાડોશી તેને વારે કરે, તો તેમને રોકડો જવાબ આપીને અથવા બાળકની માફક લડીને ચુપ કરી દેતી. તેને નાનાં નાનાં બાળકો બહુ ગમતાં અને પોતાના ઘરમાં કે ન હોવાથી કુટુંબનાં ઘરનાં અને મહોલ્લાના કંઇ બાળકોને તે સમાન ભાવથી રમાડતી. ફુરસદ હોય ત્યારે પોતાના આંગણાંમાં સૌને ભેગાં કરતી, ગંદાં હોય

તેને સાફ કરતી, બધાંને કે ગીત કે ગરબી ગવડાવતી, અને કોઇ વાર રમતો ખેલાવી કૈંક કૈંક ખાવાનું કે ઇનામ પણ આપતી.

૨

તેનાં આવાં ચારિત્ર જોતાં તેના લગ્નની વાત મને બરાબર સમજાતી નહોતી. આવા સ્વતંત્ર સ્વભાવની ચકોર છોકરીને પોતાના બાબાપે પસંદ કરેલા પતિ સાથે આટલી ઉંમરે પરણીને ઘરમાં પુરાવાનું કેમ ગમે? અને હું ધારતો હતો, તેમ તેને લગ્ન નજ ગમતું હોય, તો બંદીખાનાનો દિવસ આટલો પાસે આવતો હોવા છતાં તે આટલા બધા આનંદમાં કેમ રહી શકે? આ પ્રશ્ન વીશે મેં બહુ વિચાર કર્યો. તેનો ઉકેલ ન થવાથી ને વારેવારે મારી સામે ખડો થતો, તેટલી વાર કુસુમની રમ્ય મૂર્તિ પણ મારા અંતરમાં વધારે ને વધારે ઉંડી કોરાતી—અને કોઇ વાર તો મધરાતે પણ મને ઉંઘાડીને મારી નિદ્રાને હરી લેતી.



સામેના દેરાસરમાં કુસુમ આસન વાળી, આંખો મીંચી, માથું જરા નીચું નમાવી, એક હાથની બે આંગળીથી નાક દબાવી, પ્રાણાયામ કરતી બેઠી હતી.

પણ એક દિવસ મારા અજ્ઞાનનો પડદો ઓચીંતો ખુલ્યો.

"લો આ ચોપડી. શિરીષભાઇએ આપી છે. તમને બધાને રજામાંએ આવાં મોટાં થોથાં વાંચવાં ક્યાંથી ગમતાં હશે!" મારી ઓરડીમાં દોડતી આવીને ચોપડી મારા હાથમાં મુકતાં કુસુમ બોલી.

"શાની ચોપડી છે તે જાણો છો!" મેં જરા શરમાતે શરમાતે પુછ્યું.

'મને હજુ એટલુંએ ઇંગ્રેજી વાંચતાં ક્યાં આવડે છે! પણ થોડા મહીનામાં શીખી જઇશ ખરી."

"પણ આવી ચોપડી ક્યારે વાંચશો!"

"ને......તો કોણ જાણે! છોકરો હોત તો તો જરુર વાંચત; પણ છોકરી થયાં છીએ

એટલે શું કરીએ?"

"છોકરાઓ હોય તેજ વાંચી શકે, એવું તો છેજ નહીં. તમારી અક્કલ અમને બધાને પાણી ભરાવે એવી છે."

"કુંવારી રહે તે ભણે, પણ પરણે તે તો પડેજ." કુસુમ જરા નીચું જોઇને બોલી.

"કુંવારીજ રહે તે ભણે એવું પણ કૈં નથી. કેટલીએ વીસ બાવીસ વરસ સુધી અમારી માફક ભણે છે. પછી અમે જેમ ધંધો કરીએ છીએ, તેમ તેઓ પરણે છે."

"પણ આપણામાં તો નાનાં હોઇએ, ત્યારેજ પરણાવે, તેનું શું કરીએ? આ છેલ્લાં બે વરસથી નીશાળે જાઉં છું, તેથીજ મને બધાં કેવાં ફોલી ખાય છે! અને શેરીમાં જરા દોડું કે રમું તેથી તેમનાં પેટ કેવાં વલોવાઇ જાય છે! એ તો સારું છે કે કાકાના વિચાર જરા સારા છે, તેથી આટલે સુધી પણ આવી શકી છું." કુસુમને પહેલીજ વાર બહુ ગંભીર થઇને બોલતી મેં સાંભળી.

"એટલે હવે તો તમારાં લગ્ન વધારે નહીંજ ખેંચાવાનાં?" હું મારા વિચારના વહનમાં તણાયો.

જવાબમાં તેણે નીચું જોઇ ડોકું ધુણાવ્યું. હવે મારી અધીરાઇની પરિસીમા આવી. હું જાણે પર્વતની ટોચ ઉપર ઉભો રહી નીચે ઉંડી ખીણમાં જોતો હોઉં, એમ મેં ધડકતે હૈયે પુછ્યું: "તમને આમ લગ્ન કરવું ગમશે ખરું?"

તેણે હકારમાં ધીમેધીમે માથું લગભગ નીચું નમાવ્યું-તેના સુકોમળ ગાલ પર શરમના શેરડા પડયા.

હું તો સ્તબ્ધજ થઇ ગયો. મારું કાળજું કપાતું હોય તેમ લાગ્યું. મારી જીભ તાળવે ચોંટી ગઇ!

કુસુમની મુંઝવણ તો થોડી વારમાં શમી ગઇ. "અમારો વિવાહ તો ત્રણ વરસથી થયો છે." લગ્નના પક્ષપાતનો તેણે હીંમતભેર ખુલાસો કર્યો.

"તમે મળ્યાં તો શાનાંજ હશો?"

"તેમને ને શિરીષભાઇને ઘણીજ દોસ્તી છે, તેથી પહેલાં તો ઘણુંખરું અમારે ઘેર આવતા, ત્યારે અમે બધાં સાથે રમતાં ને વાતો કરતાં; વિવાહ થયો તેવામાંજ તેમને નોકરીએ જવાનું થયું. એટલે હવે તો કોઇકજ વાર આવે ત્યારે સહેજજ વાતચીત થાય."

"તમને ભેટ પણ આપતા હશે."

તરત તેની આંખો ચમકી; ફરી માથું નમાવી હકારમાં ઉત્તર આપ્યો.

બસ, મને જોઇતી હકીકત મળી. એટલે કલ્પનાના રંગ પુરી પાછો તેના ગંભીર સવાલ ઉકેલવામાં ગુંથાયો. તેવામાં મને ઉંડી આંખે અને એકીટસે નીચું જોતો મુકીને કુસુમ જેમ આવી હતી, તેમ દોડતી ચાલી ગઇ.

૩

મારા વિચાર માટે આથી પણ વધારે ખોરાક થોડા દિવસમાં મળવાનો હતો. નાતાલની રજાઓ પડી એટલે કુસુમના વિવાહિત પતિ રસિકલાલ બહાર ગામથી આવ્યા. અને તેમને અને અમને બધાને શિરીષને ઘેર જમવા બોલાવ્યા. હું કમલની સાથે જરા વહેલો તેને ત્યાં ગયો. ત્યાં ચોકમાં હીંચકા ઉપર બેસતાંજ એક નવું દૃશ્ય જોયું. સામેના દેરાસરમાં કુસુમ આસન વાળી, આંખો મીંચી, માથું જરા નીચું નમાવી, એક હાથની બે આંગળાથી નાક દબાવી, પ્રાણાયામ કરતી બેઠી હતી. મારી આંખ તો તેની ધ્યાનસ્થ મૂર્તિમાંજ રમી રહી.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૬૬૫]

કેટલાક સંગીતાચાર્યો

ઝકરુદ્દીન, ફત્તેહલાલ, મનુરામ, શાન્તારામ, આદિત્યરામ, મૌલાબક્ષ, કાદમહુસેન, ઘસીટખાન.
(૨)

(સ્મરણમુકુર-લેખાઙ્ક ૨૯ મો)

લેખક :

રા. નરસિંહરાવ ભોળાનાથ,
બી. એ., સી. એસ.

મૌલાબક્ષ

કવિ આદ્ય વાલ્મીકિ, વ્યાસ,
 કાલિદાસ આદિ વિનાશથી,
ગંધર્વ વેદ પ્રકાશ નારદ કળા
 શારદ જ્યાં શમી :

× × × ×
× × × ×
× × × ×
× × × ×

મુજ ધન્ય ગુર્જરભૂમિ તું !
 બહુ ભાગ્ય આ તુજ ભાળથી !
પુર ધન્ય વીરક્ષેત્ર તું !
 દીપતું તેજ વિશાળથી :
અહિં લહી આનંદ માને
 આજ ચિત્રક હંસ આ !!'
ગાયન તથા કવિતા તણા
 શશી સુરજ પણ તારા અહા !':
તે પૂર્ણ પ્રેમાનંદ અનુપમ
 બક્ષમૌલા સાથનાં
દિન દિન પ્રકાશી પ્રબલ
 ઉજ્જ્વળ પ્રેમ ઉદ્દયે રે' સદા !!!
 ('એક ચિત્રદર્શન'—હ. હ. ધ્રુવ.)

મૌલાબક્ષને અજ્ઞાત વર્ગમાં નહિં મૂકાય. હરિ હર્ષદ ધ્રુવે જેને આ પંક્તિયોમાં, નામનાં અંગોનો—છન્દના નિયમને સાચવવાને—વ્યત્યય કરીને, અમર કરવાનો પ્રયત્ન કર્યો હતો તે અજ્ઞાત તો ના જ કહેવાય. મૌલાબક્ષની મૂર્તિ નજર આગળ આણું છું તો પ્રોણું, ચોખિયા, દાઢી,—ના વિસ્તારથી ભરેલું, વિશાળ આંખોવાળું, સિંહ જેવું મુખ પ્રથમ પ્રગટ થાય છે. આ લેખ સાથે મૂકેલું ચિત્ર મૌલાબક્ષની તરુણ અવસ્થાનું હશે એમ લાગે છે; છતાં મ્હેં ઉત્તરકાળમાં દીઠેલી મૂર્તિની છાયા આવે છે ખરું. બનાવટી ચિત્ર મૂક્યું નથી. ગાયનની કળાનો શશી મૌલાબક્ષ—એમ હરિલાલે કીર્તિ ગાઈ છે. 'ચિત્રદર્શન' હેમણે રચ્યું તે સમયમાં મૌલાબક્ષની કીર્તિની કળા પૂર્ણ રૂપે ચ્હેડેલી હતી. હેનાં અનેક કારણો હતાં: વડોદરાના રાજદરબારનો આશ્રય; ગુજરાતમાં કાંઇક વિરલ પ્રચાર પામેલું વાદ્ય, બીન, ને વાદ્ય ઉપર સારું પ્રભુત્વ; (મુખ્યત્વે બીનકાર તરીકે

જ મૌલાબક્ષની ખ્યાતિ હતી); આપણા દેશના સંગીતને પાશ્ચાત્ય notation સ્વરચિહ્ન-પદ્ધતિમાં સ્થાપવાનો અપૂર્વ અને આદિ પ્રયાસ મૌલાબક્ષે આરંભેલો તે વિલક્ષણ યોગ;—ઇત્યાદિ કારણો.

વડોદરામાં જ પડી રહીને પોતાની કળામાં મૌલાબક્ષ નિમગ્ન રહેત તો એ પ્રસિદ્ધિમાં આવ્યા, તેટલા આવત નહિં. અમદાવાદ વગેરે સ્થળોમાં પોતાની કલાનું પ્રદર્શન કરવાને લીધે ગુજરાતમાં એ નામ પરિચિત થઈ ગયું હતું ઈ. સ. ૧૮૭૯ માં કે તે શુમારમાં મૌલાબક્ષ-ને મ્હારા પિતાએ અમદાવાદ બોલાવી એકાદ મહિના સુધી પ્હરૂણા તરીકે ગખ્યા હતા. બીનકાર તરીકેની હેની ખ્યાતિને લીધે જ બોલાવેલા. હેનું બીન પણ ઘણું ઉત્તમ પ્રકાર-નું હતુ. હેવાં વાદ્ય આપણી તરફ બનતાં પણ નહિં. બીન વગાડતી એ મૂર્તિ અત્યારે પ્રત્યક્ષ કરૂં છું: બીનનાં બે મ્હોટાં તુંબડાંમાંનું એક ખભા ઉપર આવેલું, બીજું ખોળામાં, વચમાં મૌલાબક્ષનુ માથું તે ત્રીજું તુંબડું જ જાણે; બીનના ગંભીર નાદમાંથી મીંડ, ગમક વેરતા એ કલાકાર હેમાં તલ્લીન; રાગના આલાપ ગંભીર મર્દાની અને મધુર અવાજથી કરીને રાગની રૂપમૂર્તિ ખડી સુરેખ કરતા; મૌલાબક્ષ બેઠેલા દેખું છું.

મૌલાબક્ષ ગવૈયા તરીકે પ્રથમ વર્ગમા બેસે એમ તો ન્હોતું. હમારા ફત્તેહલાલ તો ગાયકવર્ગને સુલભ ઈર્ષ્યાથી હેને વખોડતા જ હતા. એક રાગ મૌલાબક્ષે ગાયો, મ્હારા પિતાએ પૂછ્યું: "આ કિયો રાગ?" ઉત્તર:—"નારાયણી." થયું. આ નામ આપણી તરફ જાણેલું નહિં. ફત્તેહલાલ આ વખત હાજર હતા; તે પાછળથી હસવા લાગતા અને નારાયણી રાગ કહીને રમૂજ કરતા. પરંતુ મ્હને કેટલાંક વર્ષ પછી જણાયું કે કર્ણાટકમાં અને ગુજરાત, ઉત્તરહિન્દુસ્તાનમાં રાગનાં નામમાં, અને કેટલીક વાર સ્વરૂપમાં ભિન્નતા છે. વસ્તુત: નારાયણી રાગ નામમાં હસવાનું કાંઇ નહોતું, અને મૌલાબક્ષે એ નામ જોડી કાઢ્યું પણ નહોતું.

મૌલાબક્ષની જ્ઞાનમર્યાદા બીજે એક પ્રસંગે તો જણાઈ આવી. અમદાવાદમાં હેમના નિવાસના માસના ગાળામાં લગભગ રોજ મૌલાબક્ષનું ગાયનવાદન હમારે ઘેર થતું હતું. એક દિવસ હમારા મિત્રમંડળમાંના એક દુર્ગાશંકર નામે વકીલ, જાતે ગાયનમાં પ્રવીણ, મૌલાબક્ષને કહે: લલિત રાગ ગાઓ. આડા અવળા બીજા રાગ હેણે ગાયા; લલિત રાગ ના જ ગાયો, એ રાગ હેને આવડતો જ નહોતો.–અથવા તો એ નામ હેના મુલકમાં જાણેલું નહિં હોય. ગમે તેમ હો, ગાયો નહિં. બધા હેની મર્યાદા સમઝી ગયા. પછીથી એકાન્તમાં મ્હારા એક સગામાંના ગૃહસ્થ—ગાનકલામાં રસિક અને પ્રવીણ, મૌલાબક્ષ-ને લોકો નકામા હદપાર ફૂલાવેછે એમ માનનારા હતા તે—તંબુરો લઈને બેઠા અને લલિત રાગ ખૂબ લાલિત્યથી હેમણે ગાઈ સંભળાવ્યો.

['લલિત રાગ' શબ્દોથી કોઇ એમ ના બોલી ઊઠશો કે: ઓહો, હેમાં તે શું? લાવો, હું ગાઉં; કરીને "કરણરાજ તું ક્યાંહ રે ગયો," એમ લલિત છન્દ લલકારવાની ઘેલાઈ ના કરશો. 'લલિત' એ નામ એક રાગનુ અને એક છન્દનું એમ અકસ્માત જ યોગ આવ્યોછે. બાકી રાગ અને છન્દ એ બે વસ્તુઓ મૂળ પાયાથી જ જુદી છે; તે

કહેવું પડશે? મ્હેં અનેક વાર એ ભેદ બતાવ્યોછે છતાં લાગેછે કે કહેવું જ પડશે. થોડા દિવસ ઉપર જ એક યુવકે વાત કરી કે ગુજરાતના એક જાણીતા કવિને કોઇકે પોતાનું કાવ્ય મોકલ્યું ત્હેના ઉત્તરમાં એ કવિએ લખ્યું કે: "ત્હમે 'રાગ બિહાગ' એમ લખ્યુંછે, ને બિહાગ રાગ શું તે હું જાણતો નથી, એટલે આ કાવ્યમાં છન્દના ગુણદોષ શા છે તે હું બતાવી નહિં સકું"।—ને ટુંકમાં હું કહીશ કે છન્દનું સ્વરૂપ વર્ણશ્રુતિની માત્રા—લઘુતા અને ગુરુતા—એ ઉપર જ ઘડાયછે, અને રાગનું સ્વરૂપ તો સ્વર-નાદશ્રુતિ—(સ રિ ગ મ ઇત્યાદિ સંજ્ઞાથી જાણિયે છિયે તે સ્વર)ના ઉચ્ચારચયપણા (pitch) વડે બંધાયછે; છન્દ તે કાલમાન (*time measure*) ઉપર આધાર રાખેછે, ત્ય્હાં રાગ તે સ્વરમાન (sound measure) ઉપર આધાર રાખેછે. આ કારણથી જ કોઇ પણ છંદ જુદા જુદા રાગમાં ગાઈ શકાય અને છંદ તરીકે સ્વરૂપ કાયમ રહે]

વિષયાન્તરતા માટે ક્ષમા નહિં માગું. ગુજરાતના મ્હોટા મ્હોટા પંડિતો હજી આ બાબતમાં ભૂલ કરેછે, તેથી વારંવાર મેનવણીનો નાદધ્વનિ કરવો પડેછે—મૌલાબક્ષ અમદાવાદમાં દમાગ પ્હેરવા તરીકે ત્યાં તે દરમ્યાન મ્હારા પિતાએ તથા મ્હેં કેટલાક આનુષંગિક લાભ તેના સમાગમથી લીધા હતા. તારવો તિહારા અખ્ત્યાર હે, એ ભજન મૌલાબક્ષ કાફી રાગમાં બહુ હૃદયસ્પર્શી બનાવીને ગાતા હતા. તે મ્હારા પિતાને બહુ જ ગમી ગયું, અને હેમણે તે જ નમૂનો લઈને, કેટલાક શબ્દો પણ સમાન રાખીને, તારવા ત્હમે પ્રભુ સમર્થ છો એ પ્રાર્થનાગીત રચ્યું અને પ્રાર્થના માળામાં દાખલ કર્યું. બંને ગીતની હૃદયવેધક શક્તિ સમજાય તે માટે અહિં ઉતારું છું:

મૌલાબક્ષ

तारवा तिहारा अख्त्यार है
तोंग ना तोंग तारवा०
अफजल नाम जिन नामको काम चाले,
बिना भक्ति नाहीं ना तारवा तिहारा

તારવો૦

તારવા ત્હમે પ્રભુ: સમર્થ છો
જેવો હું તેવો તારવા૦

અવગુણ હોયે અપાર નાથ છે હમારા,
દયા કરી તારો-તો તારવા સમર્થ છો. તારવા૦
યોગ્યતા નથી તથાપિ આશ રાખુંછું હમારી,
દીન જાણી પાળો તો પાળવા સમર્થ છો. તારવા૦
મુક્તિપદ માગવાની હામ કેમ ચાલે મ્હારી,
કૃપા કરી આપો તો આપવા સમર્થ છો. તારવા૦
કરુણાનિધાન નામ નાથ છે હમારું માટે
પાપતાપ કાપો તો કાપવા સમર્થ છો. તારવા૦

આ પ્રાર્થનાનું પદ મ્હારા બન્ધુ કૃષ્ણરાવે એક વાર હમારા કુટુમ્બમંડળમાં હેમના નિસર્ગકલાવિધાનથી ગાયું, તે વખતે મ્હારા પિતાની એક મશિયાઈ બ્હેન એકાગ્ર ચિત્તે સાંભળતી હતી તે, પદ ગવાઈ રહ્યા પછી બોલી: "મનુભાઈ! મ્હોટાભાઈનું આ પદ સાંભળવાની સાથે આપણે કેવાં દીન બની જઈયે છિયે!"—આ શુભ પરિણામ માટે મનુભાઈની સંગીતકલાને, મ્હારા પિતાના ભક્તિરસિક કવિત્વને, અને હેની પછાડી રહેલા પ્રેરક બળ—મૌલાબક્ષ—ને યથોચિત યશ પ્હોંચી આપવાનું કામ કઠણ છે.

મૌલાબક્ષે મ્હને એક ખમાયચ રાગનું ભજન આ સમયમાં શીખવેલું યાદ આવેછે:

परमेश्वर एक तुं भज रे प्रा...न
परमेश्वर एक तुं भज रे.
(म नि ध प म ग म म प...स नि स ध नि प
म नि ध प म ग म म प...स नि स)
श्वेत न पीत न रक्त न कारो,
सकल सृष्टि रच्यो सो प्रभु हमारो:
एक ब्रह्मको ढूंढ बीच तुं रख रे ध्या...न,
परमेश्वर एक तुं भज रे.

મૌલાબક્ષની સાથે એક હેમનો પાલિત બાલક કાળિયો નામે મુસલમાન છોકરો દસ અગિયાર વરસનો, હતો. હેણે મ્હને ત્રિતાલનો એક ન્હાનો મ્હોરો શીખવેલો યાદ આવેછે:

२ ३ ० १
तिक् किटि किटि किटि। धिक् किटि किटि किटि।
थं किटि किटि किटि। नं किटि किटि किटि॥
२ ३ ० १

એ બાલકના મુખમાં આ મ્હોરો, હેના હાથના તાલપ્રદાન સાથે, બહુ રમૂજ ઉપજાવતો હતો; ખાસ નં નો ઉચ્ચાર કરતે અનુસ્વારનો રણકાર બહુ મીઠો લાગતો હતો.

મૌલાબક્ષની સંગીતકલાની મર્યાદિતતા હતી જ. અને તે સાથે કેટલાક હસવું આવે હેવા હેના ગાનવિલાસ હતા. હેની નકલ શાન્તારામ ભિકંભટ કરતા તે હુબહુ! પરંતુ જે વખતે મૌલાબક્ષ ખરા સ્વરૂપમાં ખીલતા તે વખતે તો આપણને ઉલ્લાસ આપી હૃદય આપણાં અધ્ધર ઊડેછે એમ ભાસ થતો. હેવો એક પ્રસંગ ઈ. સ. ૧૮૭૯ ના હુનાળામાં બન્યો હતો. હમારાં સગાંમાં લગ્નપ્રસંગે મ્હારા પિતા અને બધું કુટુમ્બમંડળ વડોદરે ગયું હતું; પ્રેમાભાઈ શેઠની દુકાન—દુકાન એટલે ન્હાની સરખી હવેલી—માં હમને ઊતારો આપ્યો હતો. આ પ્રસંગે એક દિવસ ત્રીજા પ્હોર પછી મૌલાબક્ષનું ગાયન હમારા ઊતારામાં થયું. ते सविता परब्रह्म प्रभुनुं नित्य निरंतर ध्यान धरुं એ સુપ્રસિદ્ધ શૈલીનું પદ મૌલાબક્ષે મૂળ રાગ બદલીને ધન્યાશ્રી (શાન્તારામ કહેતા કે લોકો ધન્યાશ્રી જેને કહેછે તે ખરું જોતાં ભીમપલાસી રાગ છે—તે મતે ભીમપલાસી) રાગમાં ગાયું; અને, ખરે કંઠની ગમ્ભીરધ્વનિયુક્ત મીઠાશ, સંગીતકલાના ચમત્કાર, એ સર્વ, સાજની સામગ્રીની મદદને લીધે નહિં પણ મદદના વાતાવરણમાં, અદ્ભુત ઉલ્લાસપ્રદ બન્યાં હતાં. સર્વ શ્રોતાવર્ગ ચિત્રાર્પિત થઈ ગયો હતો. એ શ્રોતાવર્ગમાં હું એક ખૂણામાં બેઠો બેઠો

. . "સુણ્યું તો હર્ષ ક્રુક મોદે"
કોઇના જોવામાં જાણવામાં આવું એમ હતું નહિં.

એક બીજો નવીન જ્ઞાનલાભ મૌલાબક્ષ કનેથી એ સમયમાં થયો તે notation પદ્ધતિ વિશેનો. પાશ્ચાત્ય સંગીતમાં staff notation જેને કહેછે તે નમૂના ઉપર આપણા સંગીતમાં ઘટતા ફેરફાર સાથે સ્વરસંજ્ઞાપદ્ધતિ દાખલ કરવાનો પ્રયાસ મૌલાબક્ષે આરમ્ભ્યો હતો; એ વસ્તુના આદિયોજક તરીકે મૌલાબક્ષનું જ નામ નોંધવાનુંછે. એ પદ્ધતિના ગુણદોષ તપાસવાનું આ સ્થળ નથી. મૌલાબક્ષની પછી બીજા આધુનિક સંગીતશાસ્ત્રીઓએ આમ સંજ્ઞાપદ્ધતિયો સૂચવેલીછે. મ્હને એ પદ્ધતિ મૌલાબક્ષે સમઝાવી ત્હારે સંતોષ મ્હને થયો નહોતો. સામાન્ય રીતે ગીતના નમૂના ઊતારવા માટે એ યોજના ઠીક હતી. પરંતુ આપણા દેશનું સંગીત સ્વરૂપઘટનામાં, કલાવિધાનના પ્રકારોમાં, હેવું તો અસાધારણ છે, સ્થૂલ સંજ્ઞાદિકથી અગ્રાહ્ય, અનિયન્ત્ય, કે કે મીંડ, ગમક, ઘટકડી, તાન ઊપજ, ઇત્યાદિને સંજ્ઞાપદ્ધતિમાં સ્થાપવાનું કામ અશક્ય જેવું જ મ્હને હજી પણ લાગેછે.

આ મૌલાબક્ષ. હેનો સમાગમ થયા પછી લગભગ ચાળીસ વર્ષે એ કલાકાર જોડેનો સંબન્ધ, હેના મરણ પછી લાંબી મુદતે, સત્કારવાનો પ્રસંગ મ્હારે એક આવ્યો હતો. વડોદરા સરકારની મદદથી મૌલાબક્ષે સંગીત શાળા કાઢેલી તે હેની પાછળ હેના પુત્ર મુર્તુઝાખાનના ઉપરિપણા નીચે ચાલતી હતી. જમાનો બદલાયો: વડોદરામાં એક રશિયન બેંડમાસ્તર સરકારી બેંડનો અધ્યક્ષ આવ્યો; ફ્રેડિલિસ હેનું નામ;—flute (વાંસળી) બહુ જ ઉત્તમ કલાવિધાનથી એ વગાડતો હતો. વડોદરામાં સંગીતપરિષદ્ ઈ. સ. ૧૯૧૬ માં મળી તે પ્રસંગે મ્હેં હેની વાદ્યકલાના પ્રયોગ જોયા હતા, અને હું મુગ્ધ થયો હતો. આપણી સંગીતપદ્ધતિનું ગ્રહણ કરી લેવાની ચાલાકી હેનામાં સરસ હતી.—કાલક્રમે મૌલાબક્ષવાળી શાળા ઉપર આ વિદેશી કલાકારનું લક્ષ ગયું. એ શાળા કેવળ જૂની પદ્ધતિથી અને અસંસ્કારી રીતે ચલાવાયછે, મુર્તુઝાખાન એ શાળાના ઉપરિપણા માટે લાયક નથી, વગેરે પુકાર આ કલાકારે તન્ત્રાધિકારી મંડળ આગળ આણ્યો. દીવાન રા. મનુભાઈ નંદશંકરે (હવે 'સર' થયાછે તે સર મનુભાઇએ) મ્હને તથા સંગીતશાસ્ત્રવિશારદ રા. †ઓંકારનાથને મુર્તુઝાખાનની પરીક્ષા લેવાને વડોદરે બોલાવ્યા. હમને બંનેને સરકારી 'અતિથિસત્કારગૃહ'માં ઊતારો આપ્યો હતો, જુદા જુદા ખંડમાં. થોડીક વાર પછી મુર્તુઝાખાન મ્હને મળવા આવ્યો; હેના પિતાના વખતનો જૂનો સંબન્ધ કોણ જાણે ક્ય્હાંથી હેણે સોધી કાઢ્યો હશે ત્હેનું સ્મરણ આપીને હેણે મ્હને હેના પેટ ઉપર પગ મૂકાય નહિં એમ સહાયતા માગી. મ્હેં કશું વચન આપ્યું નહિં; અપાય પણ શી રીતે? ગુણદોષના ધોરણ ઉપર જ નિર્ણય બાંધવાનો હતો.

થોડાક કલાક પછી અતિથિગૃહમાં જ

† ઓંકારનાથને બદલે હું ઓંકારલાલ નામ ખોટું જાણતો હતો. તે નામ મ્હેં કહ્યું એટલે હેમણે સુધાર્યું: "મ્હારું નામ ઓંકારનાથ છે." મનુભાઈ કહેઃ "હું પણ ઓંકારનાથ જ જાણું છું." એટલે ધીમે રહીને ઓંકારનાથ બોલ્યાઃ "મ્હારા ઉપર આપના પત્રોમાં 'ઓંકારલાલ'જ આવતું હતું."!

એ ભરૂચના વતની છે; 'ગાંધર્વ મહાવિદ્યાલય'માં હતા. પછી લાહોર તરફ જઈ રહ્યા. જાતે બ્રાહ્મણ છે. હેમને હું હિન્દુસ્તાની જાણતો હતો. ભરૂચી નીકળ્યા. આખું નામ ઓંકારલાલ ગૌરીશંકર ઠક્કર.

પરીક્ષા માટે બેઠક થઈ. દીવાન મનુભાઈ, ઓંકારનાથ, હું, અને ફ્રેદિલિસ—એટલા જણા સાંભળવાને બેઠા. બે તંબૂરા, બે સારંગીઓ, મૃદંગ, તબલા, અને હાર્મોનિયમની સાજ સામગ્રી હતી. હાર્મોનિયમ મ્હેં કાઢી નંખાવ્યું; એ સંગીતની વિશુદ્ધિને બગાડનારી બલાછે. ઓંકારલાલને અને ફ્રેદિલિસને પણ મ્હારી એ વાત ગમી. બે તંબૂરાની મદદમાં ફ્રેદિલિસને દૂષણ લાગ્યું; મ્હને કાનમાં ફરિયાદરૂપે કહ્યું. હું કશું બોલ્યો નહિં. તબૂરાના નાદધ્વનિથી સંગીતપોષક વાતાવરણ ઊભું કરવામાં અણુમાત્ર દૂષણ મ્હને લાગ્યું નહિં; દૂષણ હું ગણતો પણ *નથી*.—(અલબત વગર સાજ સામગ્રીએ ગાવાનું સામર્થ્ય પાશ્ચાત્ય કલાકારોએ સારું ખીલવેલુંછે ત્હેની ના નહિં.) મુતુઁઝાખાને ગાવાનુ શરૂ કર્યું. મ્હારી ખાતરી થઈ કે શાસ્ત્રીય ગાનકલા આ ગવૈયાને લબ્ધ થઈ છે, અને હેના પેટ ઉપર પગ દેવાની ખટપટ કાંઇક ઈર્ષ્યામૂલક હતી. અથવા એ શાળા પોતાને હસ્તગત કરી લેવાના ગૌરવલોભથી ઉત્પન્ન થઈ હોય એમ સંભવ છે. ફ્રેદિલિસ મ્હને ધીમે રહીને કહેઃ "જુઓ, પાછળ બેઠેલો પેલો બીજો હેની જોડે ગાયછે." મ્હેં કહ્યુંઃ "એ તો રીવાજ છે." ખોડ કાઢવી એ જ હેતુ હતો. બાકી મુતુઁઝાખાનનો અવાજ પહાડી સરસ હેવો હતો, અને તાન ઊપજની શક્તિ આપબળની અને આપકળની હેવા તો સુસિદ્ધ હતી, કે હેવી મદદને દોષરૂપ ગણવા જેવું કાંઇ પણ નહોતું. મુતુઁઝાખાનની ગાવાની શૈલી મ્હને તો સારી લાગી; તાનની સમતોલતા, મીંડ, ગમક, ઇત્યાદિ રસમય લાગ્યાં. ફ્રેદિલિસ વળી મ્હને કહેઃ "જુઓ, બેસુરો થયો!" મ્હેં સભ્યતાથી ઊંડું હલાવ્યું. કેવળ છિદ્રન્વેષણ હતું. (જો કે, ફ્રેદિલિસના ગયા પછી ઓંકારનાથે મ્હને સ્વતન્ત્ર રીતે કહ્યું ખરું કે કોક વાર બેસુરો થાયછે. મ્હને એ ટીકા માત્ર પોતાનું ચઢિયાતાપણું જણાવવા માટેની લાગી.)

મનુભાઈ મ્હને કહેઃ કાંઇ પ્રશ્ન પૂછવા છે?" મ્હેં ઓંકારનાથ તરફ ઇશારત કરી. હેમણે કહ્યુંઃ "લલિત રાગ મ ઉપર જોર રાખીને ગાઈ બતાવો." ગાયો. મ ઉપર આવતાં ધમાં હેનું મિશ્રણ થતું હતું એમ ભૂલ ઓંકારનાથે બતાવી. "notation ત્હમે કરો છો?" ઓંકારનાથે પૂછ્યું. મુતુઁઝાખાને ગલાંતલાં કર્યાં. એમ ગભરાવાની જરૂર નહોતી. મ્હારે મતે તો આપણા સંગીતને notation ગોઠે એમ જ નથી. પણ મૌલાબક્ષે શરુ કર્યું, અને ભ્રવે, 'સંગીત મહા વિદ્યાલય' વગેરેએ 'ફેશન' પોત પોતાની રીતે નકામી ઊપાડી; એમ છે. પછી ઓંકારનાથે એક તાન ગાયું, હેના સ્વરાનુક્રમ ઊપજાવવાનું કહ્યું. મુતુઁઝાખાને તે બરાબર ઊપજાવ્યા. કહિં કહિં ક્ષતિયો થઈ; પણ એકંદર ઠીક હતું આ કળા વિષમ છે અને ભલભલા હેમાં ભૂલ્ય પકડી ના સકે, પકડે તો ઘણીવાર ખોટી પણ પડે. ઓંકારનાથે એક ચીજ ગાઈને પૂછ્યુંઃ "આ કિયો રાગ?" મુતુઁઝાખાને ઊડાવનારો જવાબ દીધો. "હમારી કર્ણાટકી પદ્ધતિ છે; હેમાં ને ત્હમારામાં રાગનાં નામ જુદાં પણ હોયછે." (મુદ્દે વાત ખોટી નહોતી). મ્હેં પ્રશ્ન પૂછ્યોઃ "સોરઠ અને દેશ એ બે રાગમાં શો ભેદ છે તે ગાઈને તથા સ્વર વગેરેમાં ભેદનું બીજ શું છે તે કહીને બતાવો." હેણે બંને રાગ ગાઈ બતાવ્યા. બરોબર ઊતર્યો. 'સોરઠ રાગમાં બંને ગાન્ધાર વિશેષ રીતે લાગેછે' એમ કાંઇક ખુલાસો કર્યો. અત્યારે મ્હને યાદ નથી. મ્હારી ડાયરીમાં હેની પૂર્ણ નોંધ નથી.

રાત્રે ભોજન પછી મનુભાઈને બંગલે ઓંકારનાથે ગાયું. તે સંબન્ધની મ્હારી નોંધ ડાયરીમાં આમ છેઃ "કળા સારી છે, કસરત સારી છે, પણ તાનની પદ્ધતિ તદ્દન જૂના ઉસ્તાદો જેવી, grace વિનાની, balance વિનાની છે. બાકી અવાજ ઉપર કાંઈક પ્રભુત્વ છે; જોકે અવાજમાં જોર નથી; અને નાકમાં ગાયછે. (મ્હારે મત એ મ્હોટી ખામી છે; અવાજ ઉપર ખરું પ્રભુત્વ ના હોય તે જ માણસ અનુનાસિકત્વનો આશ્રય લે.). કાદમહુસેન, ઝાકરુદ્દીન વગેરે ખરા ઉસ્તાદોના અવાજ કદી પણ નાકમાંથી નીકળ્યા નથી.''

પરીક્ષાનું પારણામ ઓંકારનાથ તથા હું પોતપોતાનો રિપોર્ટ સ્વતન્ત્ર મોકલી દઈને જણાવીશું એમ ઠરાવ્યું. તેજ રાત્રે હું વાંદરે જવાને ઊપડયો. સ્ટેશન ઉપર જતે ફ્રેદિલિસ મ્હારી જોડે મોટરમાં ચઢી બેઠા અને મ્હારું વલણ જાણવાનો બહુ એ પ્રયાસ હેણે કર્યો: મ્હેં કહ્યું: "હજી રિપોર્ટ હમારે જઈને લખી મોકલવાનો છે." એ મનમાં બહુ ગીરાણે.

આદિત્યરામજી.

મ્હેં રિપોર્ટ અનુકૂલ લખી મોકલ્યો. ઓંકારનાથે પણ તેમ જ કર્યું હશે. આખર નિર્ણય શો થયો તે હું સ્પષ્ટતાથી જાણતો નથી. પણ, મુર્તઝાખાનને પેનસન આપી, શાળા ફ્રેદિલિસની શાળા જોડે જોડાવી દેવી, નવી પદ્ધતિથી ચલાવવી, એમ કાંઈક યોજના થઈ હતી. (હમને બંનેને પરીક્ષક તરીકેની ફી પાછળથી મળી ગઈ). ફ્રેદિલિસે નવીન બેંડ ઊભું કર્યું છે તે ખરેખરું અપૂર્વ, મોહક, અને વૈવિધ્યથી ભરેલી યોજનાવાળું છે; હેમાં શક નહિં.— મ્હેં સાહિત્યપરિષદ્ વખત અમદાવાદમાં, ઈ. સ. ૧૯૨૦ માં શેઠ અંબાલાલ સારાભાઈને ત્યહાં ગાર્ડન પાર્ટીમાં સાંભળ્યું હતું.— મૌલાબક્ષના પુત્રનું મર્દન કરીને આ રસિક કલામન્દિર ચણાયું હશે, તો પણ બહુ ખેદનું કારણ નથી.

આદિત્યરામજી

આદિત્યરામજીની ખ્યાતિ સંગીતશાસ્ત્રી તરીકેની મ્હારા પિતાએ સાંભળીને હેમને નિમન્ત્રણ મોકલ્યું હતું. કેઈ સાલમાં એ હમારે ઘેર આવ્યા તે યાદ નથી. પરંતુ ઈ. સ.

૧૮૭૫ અને ૧૮૮૦ ની વચમાં એ વાત હશે. આદિત્યરામ સંગીતમાં કુશળ હતા; અને વિશેષતઃ મૃદંગના વાદ્ય વિશે પ્રવીણતા હેમની ગણાતી હતી. હેમની ગાનકલા સંબન્ધે એક કથા કહેવાતી હતી; હિન્દુસ્તાની ગવૈયાઓની સમક્ષ આદિત્યરામે ગાનકલાના પ્રયોગ એકવાર કર્યા; બધા ઉસ્તાદોએ ગમ્ભીર મુખ રાખીને સાંભળ્યા કર્યું; ગાનકલામાં કશી ખોડખ કઠાઈ નહિં, સૂરમાં, તાલમાં, તાનમાં ઊપજમાં, ખામી કાંઈ નીકળી નહિં. એટલે ઉસ્તાદોમાંનો એક બોલ્યોઃ "ઠીક હૈ; ગાના હૈ તો બહુત અચ્છા; લેકિન,—કુછ આરતીકી બો આતી હૈ." વલ્લભીપંથનાં મન્દિરોમાં ગાનકલાની શાસ્ત્રીય પદ્ધતિ સારી સચવાયછે; પરંતુ હેમાં અમુક પ્રકારની શૈલી હિન્દુસ્તાની કલાથી ભિન્ન હોયછે, તે ભિન્નતાને મન્દિરની આરતીના ધુમાડાની વાસની છાયા વિશે આમ ઉલ્લેખ કરીને ખાંસાહેબોએ ઉપહાસ કર્યો હતો.

અસ્તુ. આદિત્યરામ હમારા અતિથિ થયા. સાથે હેમનું શિષ્યમંડળ હતુંઃ એક ધનજી નામનો નેત્રાન્ધ નાગર ગૃહસ્થ હેમાં હતો; મૂળજી નામનો બીજો શિષ્ય—પાછળથી સ્વતન્ત્ર ગવૈયા તરીકે જે મૂળજીભાઈ પ્રખ્યાતિમાં આવ્યા હતા તે,—અને બીજું બે ત્રણ જણનું મંડળ હતું. ધનજી સારું શાન્ત પ્રકૃતિથી ગાતા હતા. આદિત્યરામની જોડમાં મૂળજી ગાતા હતા; પણ હેમાં નકામાં તાનમાં ઘોડાં ઘુસાડીને, પોતાની વ્યક્તિતા આગળ પાડવા જતા હતા, તેથી હમને કંટાળો આવતો હતો. એ જ મૂળજી મ્હારા પુત્રના લગ્ન વખત ઈ. સ. ૧૯૦૨ માં હમારે ઘેર આવેલા અને ગાયેલું તે વખતે અજબ સુધારો, તદ્દન ફેરફાર, હેની ગાનકલામાં થયેલો દીઠો.

આદિત્યરામની પ્રભાવ સ્થાપનારી મૂર્તિ ભૂલાય એમ નથી. હેમનું અભિમાનરહિત આત્મગૌરવ પણ અપૂર્વ હતું. હેમનો પ્રાચીન રીતિનો પહેરવેશ, સાદાઈ, સર્વ નજર આગળ આવેછે. જામનગરી પાઘડી, વળવાળી ઘટના, મહાદેવની જટાનાં ગૂંછળાની પેઠે વીંટાઈ ચઢયે જતી (જટાની પેઠે અણીવાળી ટોચ નહિં, પણ ઉપર પણ પ્હોળી સપાટીવાળી), એક બાજૂએ ઢળી જતી,—એ સ્વરૂપ જોઈને મ્હારા પુત્ર નલિનકાન્તે leaning tower નામ આપેલું (આદિત્યરામની પાઘડી તો હેણે ના દીઠેલી; બીજી જામનગરી લીંબડીના ગણેશજી દુબળને સાથે દીઠેલી તે વખતે એ નામ આપેલું); હેવો leaning tower માથા ઉપર રાખનારી આદિત્યરામજીની મૂર્તિ અત્યારે પ્રત્યક્ષ કરુંછું.—ગાનકલામાં સાદાપણું, પણ શાન્ત સમતોલતા, એ હેમનુ મુખ્ય લક્ષણ હતું. તાલશાસ્ત્રમાં પૂરી નિપુણતા હેમની હતી; અને હેમની કનેથી મ્હને તાલને સંબન્ધે એક નવીન જ્ઞાન, અને સાચું જ્ઞાન, મળ્યું તે કદી ભૂલાશે નહિં. લય શબ્દ સંગીતશાસ્ત્ર અને કલાને અંગે લોકો, અર્થ સમઝીને નાસમઝીને ગમે તેમ, વાપરતા હતા, વાપરેછે. એ શબ્દનુ ખરું સ્વરૂપ હમને આદિત્યરામે વિવેચન અને પ્રયોગ સાથે સમઝાવ્યું. ત્રિતાલની માત્રા ૮, દીપચંદીની માત્રા ૧૪; આ બંનેનો સમન્વય પ્રયોગથી કરી બતાવ્યો; એક શિષ્ય ત્રિતાલના તાલ, માત્રાની સંખ્યા ગણતો જઈ ને, આપતો હતો; બીજો તે જ આરમ્ભક્ષણથી દીપચંદીના તાલ, માત્રાસંખ્યા ગણતો જઈને, આપતો હતો; ત્રિતાલનાં ૭ આવર્તનો અને દીપચંદીનાં ૪ આવર્તનો પૂરાં થવાની સાથે બંને તાલઘટનાનો સમાગમ સંપૂર્ણ થયો. (૮×૭=૫૬; ૧૪×૪=૫૬ એમ ૫૬ માત્રાની પૂર્ણતાએ એકતા થઈ). આમ

એક પ્રકારના તાલનો લય, વિલીનતા, બીજા પ્રકારના તાલમાં, થયો; માટે તેનું નામ લય. આ ઉપરથી પછી, ગાનનો લય, ગાનની ભેદ, વગેરે શબ્દો સાચાજૂઠા રૂઢ થયા. આ નવું જ્ઞાન મ્હારા મનમાં સ્થપાઈ ગયું છે; હઠ હું એ છોડીશ નહિ; દુરાગ્રહ કહો તો ભલે.

ફાઇઝમાહુસેન

આ ગવૈયાને મ્હારા પિતાએ ઈ સ. ૧૮૭૮–૮૦ માં વડોદરેથી અમદાવાદ બોલાવ્યો હતો. ગવૈયા તરીકેની હેની કીર્તિ તે સમયમાં બહુ પ્રસરી હતી અને ખરે હેની ગાનકલા અદ્‌ભુત હતીઃ પહાડી અવાજ, અસાધારણ માધુર્યથી ભરપૂર, રાગના આલાપ, તાન, ઇત્યાદિમાં ગમ્ભીરતા, વગેરે શા શા ગુણો સંભારું?—રાત્રે હમારા લાખા પટેલની પોળના મકાનની દીવાનખાનાની મેડીમાં ગાયન શરૂ થયું મિત્રમંડળ ગણતર હાજર હતું; બધા સંગીતની કદર જાણનારા; આશરે ૩૦-૪૦ જણા હતા. યમનથી શરૂ કર્યું. અનેક રાગ ગાયા. પ્રત્યેકનો પ્રથમ આલાપ કરે—એ આલાપથી રાગનું સ્વરૂપ વાતાવરણમાં રેડ્યું તો ખરી રે કે સર્વત્ર એ રાગનું જ દર્શન થાય; પછી એ રાગનું ધ્રુપદ ગાય: હેમાં પણ ગમક, મીંડની લલિત ગૂંથણી,—ધ્રુપદમાં તાલપટના મુખ્ય અંશ, ને તાલપટનાની અદ્‌ભુત સમતોલના સ્થાપે; પછી તે જ રાગનો ખ્યાલ, ટપ્પો, કવચિત્ ને રાગની ઠુમરી; એમ ગાયા કર્યું. બોલવામાં હેવો મીઠો! "હાં, હુઝૂર! આપકી જો ખુશી હોગી સો સુનાઉંગા! ઔર રાગ સુનાઉંગા." કહીને 'કલાકારો'ના ભવ્યાટોપ મુક્ત, અભિમાન વિનાનો, આ જોયો પ્રથમ જ દીઠો. આ ગાનની મોહની મ્હેં જુદી જ રીતે અનુભવી. દીવાનખાનામાં બેઠે બેઠે થોડા રાગ મ્હે સાંભળ્યા. પછી જોડેના ખંડમાં જઈને ખાટલામાં પડ્યે પડ્યે હું સાંભળતો સુતો. એ શ્રવણની ખૂબી જુદી જ! "દૂરથી સૌન્દર્યધ્વનિ"[*] નામના લેખમાં મ્હેં પરોક્ષ શ્રવણના સૌન્દર્યનું તત્ત્વ દર્શાવ્યું છે તે હું અનુભવવા લાગ્યો. ગાનાર અદૃશ્ય, સર્વ વિક્ષેપનો લોપ, માત્ર મધુર સ્વરસંયોગનું પ્રત્યક્ષવત્ દર્શન-એ આનન્દ આનન્દલય વધાર્યો. કલ્યાણના રાગનો આલાપ શરૂ થયો ત્યારે તો હું એ રાગની પાંખો ઉપર ચઢીને, ખાટલામાંથી જાણે ઊડીને, આનન્દલોકના ચાંદનીમાં તરતો હોઉં એમ થયું. હું ન્હાનપણમાં જુદા જુદા રાગને જુદાં જુદાં ફૂલના સુગન્ધ જોડે સરખાવવાનો તરંગવાળો કરતો હતો; એ લીલામાં કલ્યાણ રાગ ને હારસિંગાર (મરાઠીમાં પારિજાત) કુસુમ જોડે એકરૂપ હું માનતો આ પ્રસંગે એ અનુભવાયું. કાંઈક મધુર, કાંઈક કડક, કાંઈક તેજસ્વી, સુગન્ધનાં ફૂલના સુગન્ધનો જ આસ્વાદ હું કરતો હોઉં એમ લાગ્યું.

પણ—ગત. હવે બહુ કવિત્વકલ્પનાઓ નહિ પ્રગટ કરું.

ઘસીટખાન

આ કલાકાર સિતારના બજવૈયા તરીકે જ મશહૂર હતો. મ્હારા એક બન્ધુ આપાભાઈ સિતારના રસિક અભ્યાસી હતા. લાખાપટેલની પોળવાળા મકાનની અગાશી ઉપરની રાત્રિમાં શાન્ત રજનીમાં આપાભાઈ સિતાર વગાડતા હતા, ને ચાર મિત્રોની સ્હામે; ત્યારે શાન્ત સુખભોગ ઉત્તેજન આપનાર બનો. મ્હારા એક બાગના મહાભારતમાં એક વાર વાત કરેલી કે અમુક

---

[*] "મનોમુકુર" ગ્રન્થ ૧ લો: પૃ ૨૫૦—૨૭૧ જુઓ ભાગ પૃ ૨૧૨—૨૧૮.

માણભટ વ્યાસ કયા રાત્રિ યોજ્ય 'મ્હાર કહેતા હતા; હેવામાં આપારાવનો સિતાર રાવટીમાં બેશીને વગાડેલો સંભળાયો; વ્યાસ તો મંત્રમુગ્ધ બની ગયો.—અસ્તુ. વક્તવ્ય એ છે કે તે સમયમાં વલ્લભાચાર્ય સંપ્રદાયમા જીવણલાલજી મહારાજ મુંબાઈવાળાના સિતારની બહુ જ. ખ્યાતિ હતી. હેમની કલામાં મીડની ખૂબી ખાસ વખણાતી. એ જીવણલાલજી મહારાજનો સિતાર આપારાવે તથા વડીલ બન્ધુ બાબારાવે સાંભળીને વખાણ જે કરેલાં તેથી હું પોતાને કમનસીબ માનતો કે—અરેરે, એ જીવણલાલજી-નો સિતાર મ્હેં ના સાંભળ્યો. કોઇવાર સંભળાવીશું એમ મ્હને આશ્વાસન બન્ધુઓએ આપેલું. પણ તે સુખપ્રસંગ જ ના આવ્યો. પરંતુ એ અણભોગવ્યા સુખનું સાટું આ ઘસીટખાનનો સિતાર સાભળીને વળી ગયું.

ઈ. સ. ૧૮૭૯ નાં હુનાળામાં વડોદરામાં મૌલાબક્ષનુ ગાયન સાંભળ્યું તે જ પ્રસંગે, બીજે કોઇક દિવસે રાત્રિના શાન્ત સમયમાં હમારા ફોજાગના મકાનની જ ન્હાની સરખી અગાશીમા ઘસીટખાનને આણ્યા. શ્રોતાઓનું મંડળ ગણતર હતું—૧૫, ૨૦ જણ હઇશું. રાત્રિ અંધારી હતી આકાશમા તારા ચમકતા હતા. ઘસીટખાને સિતાર શરૂ કર્યો. શો અદ્‌ભુત નાદરંગ! આ સિતારનો નાદ સાંભળીને આકાશમા તારા આશ્ચર્યમૂઢ જ ઊભા હતા—એમ લાગે તો નવાઇ નહિ. અને એ સમયે સતારમાંથી ઉત્પન્ન થતા સૂર મ્હને અદ્ધર તરતી સૌન્દર્યમૂર્તિઓ જેવા, ખરે, લાગ્યા હતા.

"અંતરિક્ષ તરી ચમકતા મધુર વાદ્યસૂર એહ,
ગગનાંગણ રમતા તારક સમ દિવ્ય ધરંતા દેહ,
વિલસતા મુજ નયન તણી સમીપ
નિરખિયા એ ઊજળા અમીદીપ." †

મ્હારા બન્ધુ, કૃષ્ણરાવના અલૌકિક ગાનને સંબન્ધે કાઢેલા ઉદ્‌ગારમાં 'ગાન' ને બદલે 'વાદ્ય' શબ્દ મૂકીશું તો મ્હારી એ સમયની હૃદયવૃત્તિ બરોબર બિમ્બિત થશે. ઘસીટખાન-ના સતારસ્વર વિશે થયેલું મ્હારું સ્વપ્નદર્શન મ્હારા મનમાં સંસ્કારરૂપે રહીને સોળ સત્તર વર્ષે 'હૃદયવીણા' ના આ ઉદ્‌ગારમાં પુનર્જન્મ પામ્યુ હશે એમ લાગેછે.

સંગીતના સ્વરોનું આ પ્રકારનું પ્રત્યક્ષવત્ દર્શન કેવળ એક વ્યક્તિની તરંગવૃત્તિનું ફળ નથી; અનેક કવિજનની રુચિર કલ્પનામાં હેનો ઉદ્દભવ છે. જુવો:

"કે તું રહી લટકતી વનવૃક્ષડાળે,
બેશી તળે વિરતવાહિતને નિહાળે."

એમ 'પૃથુરાજરાસા' ના આરમ્ભના ભાગમાં ભીમરાવે પણ નારદની વીણાને પોતાના મૂક થયેલા સ્વરોને ઊંચે ઊડતા જોતી કલ્પીછે.

Effie Leigh ની "Golden Memories" નામની વાર્તામાં સંગીતદેવીની મૂર્તિરૂપ બનેલી સ્ત્રીને વિશે વચન છે કે:

' I represented Music, seated on a throne, with a small lyre in my hand. I gazed upwards, *as if my Soul were wandering after the echoing sound.*

અહિં કલ્પના કાંઇક ભિન્ન વલણની છે; છતાં બીજ સમાન છે.

આ મુખ્ય મુખ્ય સંગીતાચાર્યોનું દર્શન કર્યું. આ શિવાયના ઘણા કલાકારોના પરિચયનું

† 'હૃદયવીણા'—અર્પણ કાવ્ય.

વિસ્તારથી વર્ણન કરાય એમ નથી. ટૂંકી નામનોંધ કરવાથી હેમાંના કેટલાકને અન્યાય પણ થાય. છતાં નિર્દેશ કરવો પ્રાપ્ત થાયછે. સૂરતમાં ઈ. સ. ૧૯૦૭ ના ડીસેમ્બરમાં ધર્મની પરિષદ્‌માં એક બંગાળી યુવક, નામે પ્રબોધકુમાર દત્તે આરમ્ભમાં ભજન ગાયું તે આત્માને ઉચ્ચ પ્રદેશમાં તરાવે હેવું હતું તે મ્હારા મનમાં નિરંતર રમ્યા કરેછે. ઈ. સ. ૧૯૧૩ માં દાર્જીલિંગમાં બ્રાહ્મધર્મની કન્યાશાળાની યુવતીઓએ 'ઍસરાજ' નામના (દિલરૂબાને મળતા) વાદ્ય સાથે સંગીતકલા દર્શાવી હતી તે પ્રસંગના માધુર્યનો આસ્વાદ પણ ભૂલાતો નથી. ઈ. સ. ૧૮૮૭–૮૮ ના શુમારમાં રવીન્દ્રનાથ ટાગોરે સોલાપુરમાં હેમના બન્ધુને ઘેર શાન્ત સન્ધ્યા સમયે–ટેનિસ કોર્ટમાં–અદ્‌ભુત માધુર્ય રેલાવતું ગાન કરેલુ ચિરંજીવ લાગે છે. અને તેથી જ ૧૯૨૦ માં અમદાવાદમાં સાહિત્યપરિષદ્‌ને પ્રસંગે શેઠ અંબાલાલ સારાભાઈને બંગલે ગાર્ડન-પાર્ટીમાં એ જ રવીન્દ્રનાથનું ગાન શુષ્કવત્ થઈ ગયેલું જોઈને પૂર્વના સૌન્દર્યની કીંમત શતગુણ થાયછે. રા. ગણેશ ગોપાળ બર્વેએ થોડાંક વર્ષ ઉપર મ્હારે વાંદરાને નિવાસસ્થાને આવીને ગણતર મિત્રમંડળની વચ્ચે દિલરુબા ઉપર જે પરમ કલાવિધાન અને માધુર્યવર્ષણ કરતી કરામત કરી હતી તે પણ ચિરજીવિની જ ગણુંછું. તેજ પ્રમાણે ગયા જૂન માસના અંતભાગમાં અમદાવાદમાં મહાવિદ્યાલયના સંગીતશિક્ષક રા. શંકરરાવ બાપટે "વાયોલીન" વાદ્યમાંથી મધુરા મધુરા સ્વરોનાં અમૃતબિન્દુ ઝરાવીને જાદુ કર્યો હતો અને અદ્‌ભુત કલાવિધાન પ્રગટ કર્યું હતું, તે પણ સૌન્દર્યમન્દિરના સુવર્ણગવાક્ષમાંથી અનન્તતાનાં દર્શન કરાવનારું બની મ્હને વશ કરી નાંખનારું હતું.

આમ આ બધા માધુર્યરસના પ્રસંગોને વિશે 'ચિરંજીવ' જેવું વિશેષણ લગાડવાની સાથે જ હૃદયમાં ઊંડો બીજો ધબકાર થાયછે, અને ઉદ્‌ગાર થાયછે કે

વિરમતાં ગાન વિરમી સહુ જાય,
મધુરતા એ નવ સાંચી રખાયઃ
મધુરતા અનુપમ કેરો સાર
વિનશ્વર કેમ કર્યો કરતાર?

છતાં વળી મનોરથની ફાળ ઊંચી ભરાયછે, ને મનમાં થાયછે કે:

તરંગ વિધવિધ મન વિશે ઉછળી ઊપને આશઃ—
ગાનમધુરતા રાખું સનાતન, પામે ન કદી વિનાશ,
વાસ કરી અનન્તતાને દ્વાર
મધુર સંગીત વસો ચિરકાળ.

સામયિક નોંધ*

૧

લેખકઃ
રા. ઈંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક
સભ્ય, સાહિત્યસંસદ

ભરતી અને ઓટ

સાગરમાં તેમ પ્રજાજીવનમાં ભરતી અને ઓટ આવ્યાંજ કરે છે. પરરાજ્યના કે ધડધડતા જુલમથી કે જ્ઞાનની કે અદ્‌ભુત પ્રેરણાથી ઓચીંતી જંગી ચળવળ ફાટી નીકળે છે, સદીઓથી જડ ઘાલી બેઠેલી રુઢીઓ પળવારમાં ઉખડતી જણાય છે, રાજવંશો નાબુદ થાય છે, અને રાજ્યાસનો ડોલી જાય છે. પણ તે પછી વળી ઓટ આવે છે અને તુમુલ યુદ્ધથી તપી ગએલી પ્રજા ભૂતકાલની શોધ સાચવવા અને સુલેહશાંતિથીજ ઠંડી પ્રગતિ કરવા તરફ વળે છે. ગઇ સદીની આખરમાં પુનાનાં તોફાનો થયા પછી આ સદીનાં પહેલાં પાંચ વરસ શાંતિમાં ગયાં. ૧૯૦૫–૭ ની બંગભંગની ચળવળમાં પ્રજાનો પીતો ફરીથી તોફાને ચઢ્યો, પણ તે ૧૯૦૯ ના સુધારાથી ઠંડો પડ્યો. પછી ટિળક જેલમાં ગયા, ને અરવિંદે દેશવટો લીધો તે પછી સુધારાનો બને તેટલો લાભ લેવામાંજ આપણા અગ્રેસરો રોકાયા. પણ વળી પાછું એક જંગી ઉભરણુ ૧૯૧૯ માં—તેથી, પણ વધારે ૧૯૨૧–૨૨ માં આવ્યું. અને તે અસાધારણ પ્રયાસથી થાકેલી અને તેના પરિણામથી કંઈક નિરાશ થએલી પ્રજા ને તેના નાયકો, જાણ્યે કે અજાણ્યે, સીધી કે આડકતરી રીતે આપણી રાજનીતિનો રથ પાછો અમૃતસર પર લઇ જવા ઈચ્છે છે, અને લોકમાન્ય ટિળકને નામે પંકાએલી પ્રતિયોગી સહકારની રાજનીતિ તરફ ધીમે પણ દઢ પગલે વળતા જાય છે.

આમ થાય એ યોગ્યજ છે. રાજનીતિના રંગઢંગ ઘડીએ અને પલકે પલટાય છે. પ્રજાનો

* સામયિક નોંધના મથાળા નીચે પ્રગટ થતા અભિપ્રાયો માટે તંત્રી જવાબદાર નથી.

પવન જોઇને અને વિચારનાં વહન જોઇને તેનું સુકાન ફેરવવુંજ જોઇએ. તેથી ૧૯૨૧-૨૨ ના લડાઇના બોલ-કાયદાભંગના કે કર ન આપવાના-આજે બોલવા નકામા છે. તેથી સરકાર છેતરાવાની નથી અને પ્રજામાં શુરાતન આવવાનું નથી. પ્રજાના ગજા ઉપરાંતની વાત કરવી ને તેના ભોળા દીલમાં ખોટી આશા ઉપજાવવી એ નુકશાનકારક પણ ગણાય. તેથી હાલનો સમય વર્તીને સાવધાન થવું જોઇએ. અને ફિસાદના ઓટને અને શાંતિના યુગને માફક આવે એવીજ રીતિનીતિ અખત્યાર કરીને પ્રજાનું કલ્યાણ કરવું જોઇએ

સહકારનાં ચિન્હ

આ મુજબ આપણી મહાસભા—અથવા ખરૂં જોતાં તેની સર્વ સત્તાના વારસરૂપ સ્વરાજ્યપક્ષ ધીમેધીમે સહકાર તરફ વળતો જાય છે, એ આપણી પ્રગતિનું શુભ ચિન્હ છે. લૉર્ડ બર્કનહેડના ભાષણથી તપી ન જતાં કલકત્તામાં મળેલી સ્વરાજવાદીઓની સંસ્થાએ નામદાર વાઇસરૉયના ભવિષ્યના જાહેરનામા ઉપર પોતાની તેમજ પ્રજાની સર્વે આશા ટેકવી હતી, તેમજ દાસબાબુએ સુચવેલી શરતે સરકારની સાથે સહકાર કરવાનું જણાવ્યું હતું એજ આ વાતનો અજબ દાખલો ગણાય. છતાં ખુબીની વાત તો એ છે કે વાઇસરૉયનું ભાષણ થાય ને પહેલાં પણ સ્વરાજપક્ષે અનેક રીતે કેટલેક સહકાર કરવાનાં અનેક ચિન્હ બતાવ્યાં છેઃ

વડી ધારાસભાના નવા પ્રમુખઃ શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ.

(૧) સુધારા વીશે તપાસ કરવાને નીમાએલી મુડીમેન કમીટીમાં કામ કરવાની પંડિત મોતીલાલજીએ દઢતાપૂર્વક ના પાડી હતી. પણ કલકત્તામાં એવું નક્કી થયું કે તેમણે લશ્કરનાં હીંદી તત્વ વધારવા વીશે નીમાએલી

સ્ટીન કમીટીમાં સભાસદનું પદ સ્વીકારવું. આ વીશે ખુલાસો આપતાં પંડિતજીએ સુધારા કરતાં પણ લશ્કરી સવાલનું વધારે ગંભીર મહત્ત્વનું વિવેચન કર્યું છે, તે પર બહુ ધ્યાન આપવાની જરૂર છે. રાજબંધારણજ સર્વ સત્તાનું પ્રભવસ્થાન છે, એવી દલીલ કરીને સુધારાના પણ વધારે મહત્ત્વની વકીલાત કરી શકાય. એટલે પંડિતજીના આ પગલામાં સહકારનુંજ ચોખ્ખું વલણ પરખી શકાય છે.

શ્રી. પટેલનું પ્રમુખપદ

(૨) ધારાસભાઓના પ્રમુખપદને માટે જે ખાસ ઇંતેજારી હવે જોવામાં આવે છે, તે પણ એક સુચક ચિહ્ન છે. અલબત્ત, મધ્યપ્રાંતની ધારાસભાના પ્રમુખપદે તો સ્વરાજવાદી. શ્રી. તાંબે ક્યારનાએ ચુંટાએલા છે. તે મુજબ બંગાળની ધારાસભાના પ્રમુખપદે મી. સુરાવર્દીને નીમવાનો પ્રયાસ થયો એ સ્વાભાવિક છે—જો કે દાસ બાબુના અવસાનથી શ્રી. ચક્રવર્તીના પક્ષ સાથેની કડી તુટી છે અને તેથી ત્યાં સ્વરાજ પક્ષ હેવરે નિષ્ફળ થયો એ જુદી વાત છે. પણ આથીએ વધારે જંગી પ્રયાસ તો હાલ વડી ધારાસભાના પ્રમુખપદે શ્રી. વિઠ્ઠલભાઇ પટેલને ચુંટવાને સ્વરાજ પક્ષ કરી રહ્યો છે. તેમાં પણ કે અસાધારણ ન ગણાત. પણ નામદાર વાઇસરોય જ્યારે ગઇ સાલ મુંબાઇમાં આવ્યા, ત્યારે તેમના તમામ જલસાનો શ્રી. પટેલે બહિષ્કાર કર્યો હતો, તેથી તેમની ઉમેદવારી ઘણાને આશ્ચર્યકારક લાગે છે, તેમ વિરોધીઓની ટીકાને પાત્ર પણ થાય છે.

શ્રી. રામચંદ્રરાવ ઉમેદવારીમાંથી લગભગ બાજુએ હઠી ગયા છે, એટલે સ્વતંત્ર પક્ષના શ્રી. રંગાચારી સાથેજ તેમને હરીફાઇમા ઉતરવાનું છે. બંગાળની માફક સીમલાની સભાનો સરકારી પક્ષ તો સ્વરાજવાદીનો વિરોધજ કરે. તેથી આખી ચુંટણીની ચાવી આજે મી. જીણાના સ્વતંત્ર પક્ષના હાથમાં આવી છે. આ લખતી વખતે (૧૯મી ઓગસ્ટ) એવી ખબર મળી છે કે ના. વાઇસરોય સાથે નિયમસર અને માનપૂર્વક વર્તવાની શ્રી. પટેલ ખાત્રી આપે, તો તેમને ટેકો આપવાનું સર પુરુશોતમદાસ વગેરે કબુલ કરે, અને વળી વધારે તાજુબીની વાત તો એ છે કે છેલ્લી ખબર મુજબ શ્રી. પટેલે એક કે બીજી રીતે આવી ખાતરી આપી પણ દીધી છે. અલબત્ત, આ પ્રમાણે વર્તતાં શ્રી. પટેલને વાઇસરોયના જલસાઓમાં પણ જવું પડે અને તેમના સાજમાં પણ મહાલવું પડે. પણ શ્રી. પટેલની ઉમેદવારી વીશે સ્વરાજપક્ષનો એટલો બધો આગ્રહ છે કે તેણે આવા પ્રસંગોએ બહિષ્કાર સંબંધી પોતાના તમામ નિયમોમાંથી શ્રી. પટેલને બાતલ કરવાનું નક્કી કર્યું છે. સર્વે એ કબુલ કરશે કે આ તો શ્રી. પટેલના રાજકીય જીવનમાં, અને સ્વરાજ પક્ષના ઇતિહાસમાં નવીજ જાતનું પગલું છે.

[આ લખાણ છાપતી વખતે શ્રી. પટેલ એ વધુ મતે વડી ધારાસભાના પ્રમુખ ચુંટાયાની ખબર મળી ગઇ છે.]

મધ્યપ્રાંતમાં તુટ

(૩) મધ્યપ્રાંતના મામલામાં પણ નવું પગરણ મંડાતું દેખાય છે. હજી પણ ઉપર ઉપરથી તો અસહકાર ચાલુ છે. ત્યાંના ગવર્નર સાહેબે હીંદી, મરાઠી અને વરાડ વિભાગના અગ્રેસરોને ફરી એક વાર પ્રધાનપદ વીશે મસલત કરવા બોલાવ્યા હતા. તેમાં પણ હેવટે તો સર્વેએ સહકાર કરવાની ના પાડી. પણ તેજ વખતે એ તો જાહેર થયું હતું કે હીંદી વિભાગના અગ્રેસર શ્રી. રાઘવેંદ્રરાવ પ્રધાનપદ લેવાને જાતે તૈયાર હતા, પણ તેમનાજ

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૬૧૧]

તંત્રીસ્થાનેથી

દેશબંધુ દાસના સ્વર્ગવાસની નોંધ લીધાને હજુ તો પુરા બે માસ પણ નથી વીત્યા, તેટલામાં તો સમસ્ત દેશના અને ગુજરાતના જાહેરજીવનમા અગ્રગણ્ય ભાગ લેનાર ચાર વ્યક્તિઓના ઉપરાઉપરી અવસાનની નોંધ લેવાનો દુઃખદ પ્રસંગ અમને પ્રાપ્ત થયો છે.



સ્વ. સર સુરેંદ્રનાથ બેનરજી

સર સુરેંદ્રનાથ બેનરજી

સન ૧૯૧૯ પહેલાંના દેશના રાષ્ટ્રીય જીવનની સાક્ષાત મૂર્તિસમા સરસુરેંદ્રનાથનું અવસાન ગયા માસમાં થયું. રાજકીય સુધારાના ખરડાના સ્વીકાર વીશે પડેલા મનભેદને લીધે તેમણે—ખરું જોતાં તેમના આખા પક્ષે—મહાસભાનો ત્યાગ કર્યો, ત્યાર પછી તેમનું જીવન એકંદર શાંતિમાં પસાર થયું હતું. મહાસભાના તેઓ એક સ્થાપક હતા.

લોર્ડ કર્ઝને નિશ્ચિત માનેલા બંગાળના ભાગલાને સાંધવા માટે તેમણે પ્રચંડ પ્રયાસ આદર્યો તે વખતે આખા બંગાળમાં તેમનીજ વીરહાક વાગતી હતી. અસહકારના આરંભવખતે પ્રતિ-

સ્વ. રા. બ. કમળાશંકર ત્રિવેદી

કુળ પ્રજામતની પરવા રાખ્યા સીવાય પોતાના સિદ્ધાંતોને દ્રઢતાથી તેઓ વળગી રહ્યા, અને પોતાની માન્યતા મુજબ દેશની અવિરત સેવા કરવા માટે પોતાનું જીવન સમર્પ્યું.

પ્રતિભાશાળી રાજકીય નેતા ઉપરાંત તેઓ એક ઉત્તમ પત્રકાર પણ હતા. "બંગાળી" પત્ર તેમણે લાંબા વખત સુધી ચલાવ્યું, અને પોતે નવા સુધારાના સ્વીકારના હીમાયતી હોવાથી તેના વહીવટમાં ભાગ લેવાને તેમણે પ્રધાનપદ સ્વીકાર્યું, તેટલો વખતજ માત્ર તેની ધુરા બીજાને સોંપવી પડી હતી. પોતે રાજકાજમાંથી નિવૃત્ત થતાં પાછો પોતાનો પ્રિય વ્યવસાય હાથમાં લીધો, એ તેમની અંતકાલ સુધી પ્રજાની સેવા કરવાની તીવ્ર ભાવનાનો અચુક પુરાવો છે. અપ્રતિમ વક્તા, કેળવણીકાર, રાષ્ટ્રનેતા પત્રકાર ને સુધારક —હીંદની અડધા સૈકાની ઉર્મિઓની મૂર્તિસમા આ નરવીરનુ સ્થાન હીંદી ઇતિહાસમાં અમર રહેશે.

આપણા પ્રાંત તરફ વળતાં ગુજરાતે ગયા એક માસમાજ ત્રણ સાહિત્યસેવકો ગુમાવ્યા છે. ગુજરાતમાં સુજ્ઞેજ સાહિત્યસેવા માટે પોતાનું જીવન અર્પણ કરનાર સેવકો ગણવાગાંઠ્યા છે, તેથી આ ખોટ આપણને ઘણીજ સાલે છે.

રા. બ. કમળાશંકર ત્રિવેદી

શ્રી. કમળાશંકર મુખ્યત્વે તો એક પ્રખર કેળવણીકાર તરીકે જાણીતા છે. અમદાવાદની મેલ ટ્રેનીંગ કોલેજના પ્રીન્સીપાલનું પદ લાંબા

કાળ સુધી તેમણે શોભાવ્યું. તેમણે ગુજરાતી ભાષાને પોતાનું 'બૃહદ્ વ્યાકરણ,' સંસ્કૃતને પોતાનો 'સંસ્કૃત-શિક્ષક' અને અંગ્રેજીને 'ઇંગ્લંડનો ઇતિહાસ' એ ત્રણ પુસ્તકો અર્પ્યાં. એ ત્રણેની ઉપયોગિતા કેટલી મોટી છે, એ સૌ કોઇ જાણે છે. સરકારી હોદ્દા પરથી નિવૃત્ત થયા પછી પણ તેમનો સાહિત્યસેવા કરવાનો ઉત્સાહ ઘટયો નહોતો. તેમણે પ્રાથમિક શાળાએ માટે ઉત્તમ વાચનમાળાએ તૈયાર કરી, અને છેક છેવટ સુધી 'સમાલોચક' માસિકદ્વારા પોતાના 'અનુભવ વિનોદ' પ્રજા સમક્ષ રજુ કરતા રહ્યા હતા. તેમના જ્ઞાન અને અનુભવ પ્રજા સંઘરશે, એવી આશા છે.

ભાઇ નૃસિંહદાસ વિભાકર

ભાઇ નૃસિંહદાસ વિભાકરના અકાળ અવસાનથી ગુજરાતે એક ઉત્તમ કલારસિક સાહિત્યસેવક ગુમાવ્યો છે. રાજકારણ અને સમાજજીવન, સાહિત્ય અને કલા, દરેક વિષયમાં એમની સેવાઓ હજી તાજીજ છે. પણ મુખ્યત્વે તો આપણી "રંગભૂમિ" ને અત્યારની પ્રચલિત અધોગામી વૃત્તિઓમાંથી મુક્ત કરવાના કાર્યનેજ તેમણે પોતાનું જીવનકાર્ય કલ્પ્યું હતું. પોતાના આ મનોરથની સિદ્ધિને અર્થે તેમણે અનેક નાટકો લખ્યાં અને "રંગભૂમ" નામનું ત્રૈમાસિક પણ કાઢયું. એ લાંબો વખત ન ચાલી શકયું એ દીલગીરીની વાત છે. એક ઉછરતા યુવાન સાહિત્યસેવકને દુર્દૈવે આપણી પાસેથી ઓચીંતો ઝુંટવી લીધો, એ ગુજરાતનું દુર્ભાગ્ય છે.

ભાઇ મણિલાલ વ્યાસ

અને છેવટે ભાઇ મણિલાલ બકોરભાઇ વ્યાસના અવસાનની નોંધ લેતાં જણાવવાની જરુર છે કે સમસ્ત ગુજરાત ઉપરાંત સાહિત્યસંસદને એમના અવસાનથી ભારે ખોટ પડી છે, તે સહેલાઇથી પુરાવાની નથી. જુની ગુજરાતીના જે ગણ્યાગાંઠયા અભ્યાસકો હાલ ગુજરાતમાં મોજુદ છે, તેમાં તેઓ ઘણું અગ્રસ્થાન ભોગવતા હતા. સાહિત્યસંસદના



સ્વ. ભાઈ નૃસિંહદાસ વિભાકર

સ્વ. ભાઈ મણિલાલ વ્યાસ.

તેઓ સભ્ય હતા, અને સંસદે "ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ" તૈયાર કરવાનું કાર્ય હાથમાં લીધું છે, તેમાં તેમની સહાય ઘણીજ અગત્યની હતી. એ ઇતિહાસના અનેક વિભાગમાંથી "નરસિંહ યુગ"ના જૈન કવિઓ વીશે એમણે કેટલુંક લખાણ છેલ્લ વર્ષમાં તૈયાર કરી. સંસદના કામમાં ઉપયોગી ફાળો આપ્યો છે.

ભાઇ મણિલાલ ચરોતરના ચાંગા ગામના ઔદિચ્ય ટોળકીઆ જ્ઞાતિના બ્રાહ્મણ હતા. વિદ્યાર્થી અવસ્થામાં માત્ર ગુજરાતી સાતમી ચોપડી સુધીનો અભ્યાસ કરેલો. છતાં સ્વભાવજન્ય વાંચનના શોખને લીધે તેમણે અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો. અને શોધખોળ કરીને સં. ૧૯૭૧ માં "વિમળ પ્રબંધ" નામનો જુની ગુજરાતી ભાષાનો ગ્રંથ પ્રકટ કર્યો. આ ગ્રંથના ઉપોદ્ઘાતમાં એમણે ગુજરાતી ભાષાનો ઇતિહાસ લખ્યો છે, જે સાક્ષર વર્ગમાં સર્વત્ર વખણાયો છે. આ ગ્રંથને માટે શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી તેમને રૂ. ૩૦૦ નું ઇનામ મળ્યું હતું.

અને ૧૯૧૩ માં સુરત ખાતે ભરાએલી સાહિત્ય પરિષદની બેઠકને વિજયી બનાવવા માટે તેમણે અથાક શ્રમ લીધો હતો. પરિષદને અંગે પ્રાચીન ગ્રંથોનું પ્રદર્શન ભરવાનું ઠરેલું, તેના એ. મંત્રી નામાયા હતા. ટુંક મુદતમાં તેમણે લગભગ ૧૫૦૦ હસ્તલિખિત ગ્રંથો એકઠા કર્યા હતા એ વાત એમની કાર્યદક્ષતા, ખંત અને સાહિત્યસેવા કરવાના અપાર ઉત્સાહની સુચક છે.

સન ૧૯૧૮ માં ફાર્બસ ગુજરાતી સભા તરફથી તેમને પ્રાચીન સાહિત્યની શોધ કરવાનું કામ સોંપાયું હતું. તેમના તરફથી "રાવણ-મંદોદરી સંવાદ," "પ્રબોધબત્રિસી," અને "શિષ્ટાચાર" એ ત્રણ મુખ્ય ગ્રંથો તૈયાર થયા છે. આ ઉપરાંત "સયાજી વિજય," "બાળાવલી," "શક્તિ" અને "લોકહિતાદર્શ" એ પત્રોમાં તેમણે કરેલું કામ તો જાણીતુંજ છે. આવા એક વિદ્વાન સાહિત્યસેવકનું ગુજરાત સદા ઋણી રહેશે એમાં કે શક નથી.

પદવીદાનનો સમારંભ

મુંબાઇ યુનીવર્સીટીનો પદવીદાન સમારંભ ગઇ તા. ૧૮મી ઓગસ્ટે ઉજવાયો હતો. પદવીદાનની ક્રિયા થયા પછી યુનીવર્સીટીના ચાન્સેલર કે વાઇસ-ચાન્સેલર તરફથી



સર ચીમનલાલ સેતલવડ

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૬૫૮]

સામયિક નોંધ

[-]

[અનુસંધાન પૃષ્ઠ ૬૦૬ થી]

પક્ષ તરફથી જોઈતો ટેકો ન મળે એ કારણસરજ તેમણે અસહકાર રાખ્યો હતો. છતાં તે સાથે તેજ વખતે એવી અફવા સંભળાતી હતી, કે બીજા બે વિભાગના અગ્રેસરોને પણ કલકત્તાના ઠરાવ કરતાં સ્થાનિક મતભેદનોજ અંતરાય સહકાર કરવામાં નડતો હતો. તે પછી થોડાજ વખતમાં ધારાસભામાં જે ખેલ ભજવાયા હતા, તે પરથી ત્યાંના સ્વરાજ પક્ષના ત્રણે વિભાગની મારામારી ચોખ્ખી રીતે દેખાઇ હતી. નાગપુરની એક કોલેજની હોસ્ટેલ બાંધવાની સરકારી દરખાસ્તનો બીજાઓએ વિરોધ કર્યો ત્યારે તે પર મત લેવાતાં મધ્યપ્રાંતના સ્વરાજવાદીઓએ સરકાર સાથે મળી જઇને બીજા બે વિભાગના સ્વરાજવાદીઓને હરાવ્યા. તેમજ હીંદી વિભાગમાં એક નવી હાઇ સ્કુલ કાઢવાની ત્યાંના સ્વરાજવાદીએ દરખાસ્ત મુકી તેને મરાઠી અને વરાડી વિભાગના સ્વરાજવાદીઓએ ખલાસ કરી. તે પરથીજ દેખાતું હતું કે મધ્યપ્રાંતમાં એક નહીં, પણ ત્રણ પક્ષ અથવા ઉપપક્ષ પડી ગયા છે, અને તેમનો મેળ ન મળવાથીજ પ્રધાનપદનો સ્વીકાર થઇ શકયો નહીં હોય.

છેલ્લી ખબરથી આ અનુમાનને પોષણ મળ્યું છે. "બોમ્બે ક્રોનીકલ" ના ખાસ પ્રતિનિધિએ મધ્યપ્રાંતમાં જાતે તપાસ કરીને જણાવ્યું છે, કે વરાડના અને મરાઠી વિભાગના સ્વરાજવાદીઓ વચ્ચે સખત મતભેદ જામ્યો છે. વરાડમાં રુનો પાક ઘણો સારો છે, ને તેથી પૈસેટકે વધારે તર છે, જ્યારે મરાઠી વિભાગ જરા ભુખડીબારસ જેવો છે. તેથી દાબની કર નાંખવાની પદ્ધતિ મુજબ વરાડનો પૈસો મરાઠી વિભાગમાં ખરચાય છે, એ વરાડના સ્વરાજવાદીઓથી સંખાતું નથી. આમાંજ પ્રધાનપદના મતભેદની પણ ચાવી માલમ પડે છે. તેથી આ ખાસ ખબરપત્રી જણાવે છે કે વરાડના ૧૭ અને હીંદી વિભાગના ૧૬ સ્વરાજવાદીઓ જો એકત્ર થઇ શકે, તોજ પ્રધાનપદનો સ્વીકાર સંભવે. ગમે તેમ હોય. પણ આ ઉપરથી એટલું તો ચોક્કસ છે કે હવે સરકાર સામે અસહકારની વાત ઉપરથી આપણે અંદરઅંદરના સ્થાનિક મતભેદ ઉપર આવતા જઇએ છીએ. અને તેથી ના. વાઇસરોયની જાહેરાતના પરિણામે કે નવી ચુંટણીથી મધ્યપ્રાંતમા સહકારનો યુગ શરુ થશે, તો કોઇ નવાઇ પામશે નહીં.

સ્વરાજ પક્ષનું રુસણું

(૪) મધ્યપ્રાંતથી આપણા પ્રાંત તરફ વળીએ તો ત્યાં પણ સ્વરાજવાદીઓએ હમણાં જે રુસણું માંડયું હતું, તેમાં છુપું છુપું સહકારનુંજ વલણ માલમ પડે છે. ઉપરઉપરથી તો એમ લાગે કે સરકારે અને અબ્રાહ્મણ વર્ગે, તેમજ સીંધના મુસલમાનોએ મળીને સ્વરાજવાદીઓની સામે ઘણીજ ગેરવ્યાજબી લડત ચલાવી, અને તેના લગભગ એકેએક ખરડાને પહેલા વાચન વખતેજ ફેંકી દીધો, તે પરથી સ્વરાજવાદીઓને પોતાના કામનું કૈં સાર્થક ન લાગ્યું. તેમજ વિરોધીઓ ઉપર ઘણી રીસ ચઢી એટલે તેમણે ધારાસભામાં હાજર રહેવા છતાં પણ, તેના કૈં કાર્યમાં ભાગ ન લઇને અસહકાર આદર્યો. પણ આ બાબે અબ્રાહ્મણ પક્ષે તેમજ તેના અગ્રેસર શ્રી. સુર્વેએ જે જાહેરાત પ્રકટ કરી છે, તે પરથી આપણે કબુલ

કરવુંજ. જોઇએ કે તે પક્ષના દરેકે દરેક માણસે શ્રી. જોશીના-લોકલબોર્ડ વીશે-ખરડાનો વિરોધ નહોતો કર્યો. તેમજ જેમણે વિરોધ કર્યો તેમણે પણ સ્વરાજ પક્ષ તરફ અદાવતથી નહીં, પણ એ ખરડાની નિરુપયોગિતા પીછાનીનેજ તેમ કર્યું હતું. વળી એ ખરડો નામંજુર થયો તે પછી પણ સ્વરાજ્વાદીઓનો બીજો એક ખરડો પસાર થયો હતો. આ સમગ્ર પ્રસંગ પર વિચાર કરતાં એ પણ થોડીજ વારમા જણાઇ આવે છે કે સરકાર કરતાં પણ અબ્રાહ્મણ પક્ષ કે મુસલમાન પક્ષ તરફ ચીઢાઇ જઇને તેમજ તેમના કોમી સ્વાર્થ સાધવામાં સહાયભુત ન થવાના ઇરાદાથીજ આ અતિમ પગલું ભરાયુ હતુ એટલે આમાં પણ સરકારના કરતા પણ બીજા રાજદ્વારી પક્ષો સાથેજ ખરું જોતા અસહકાર કર્યો છે અને તેથીજ તેને અસહકારને બદલે રુસણાનુજ વિશેષણ ઘટે છે.

પણ આ રુસણું કે વ્યાજબી કહી શકાય ખરું ? જે સરકાર ૧૫૦ વરસથી આપણા રાજકીય અને કોમી ભેદનો લાભ લઇને રાજ કરતી આવી છે, તેની તે નીતિ વીશે આજે કંઇ નવી ટીકા કરવાની રહે છે ? વળી સરકાર પાસેથી કંઇ મહેરબાની મેળવવાને કે કંઇ સુધારા પણ કઢાવી લેવાને સ્વરાજ્વાદીઓ ધારાસભામા નથી ગયા. તેઓ તો સરકારને હંફાવવાને અને તેના દરેકેદરેક દાવની સામે પોતાનો દાવ હીંમતભેર રમવાને માટેજ ગયા છે. તેથી તેમને આ વીશે કંઇ ફરીઆદ કરવાનો હક્કજ નથી. તેમ તે ઉપરથી તેમને લડત છોડીને ને બે હાથ જોડીને બેસવાનું કંઇ કારણ નથી. એવીજ રીતે અબ્રાહ્મણ વર્ગ અને સીધી મુસલમાનોની સાથે આજે નવી તકરાર કરવી નકામી છે. તે ચોખ્ખેચોખ્ખા કોમી પક્ષ છે, અને પોતાના કોમી સ્વાર્થ સાધવાને માટેજ ઉઘાડેછોક બહાર પડેલા છે. વળી જો કે સ્વરાજ પક્ષ એ ધારાસભામાં મોટામાં મોટો પક્ષ છે, છતાં તેણે અસહકાર કરીને પ્રધાનપદ નથી લીધું તેથીજ આ બંને કોમના અગ્રેસરો પ્રધાનપદે નીમાયા છે અને તેમના પક્ષોના હાથમાં રાજસત્તા સંચરી છે. એટલે ખરું જોતાં તો એમજ લાગે છે કે હવે સ્વરાજ પક્ષને રાજસત્તા મેળવવાની નવી ચળ લાગી છે, અને તે આ બે ક્ષુલ્લક ગણાતા હરીફોના હાથમાં ગઇ છે તે તેનાથી સંખાતું નથી, તેથીજ તેણે આ નવો દાવ માંડયો છે. અર્થાત્ ખરેખરો પલટો નથી સરકારમાં થયો, કે નથી બે સહકારી પક્ષોમાં થયોઃ પણ અસહકારીને વેશે દાખલ થએલા પ્રચ્છન્નસહકારીઓના દીલમાંજ થયો છે—પહેલાં જેમ તેમને ધારાસભા હાથ કરવી હતી, તેમ હવે તેમને સમગ્ર રાજસત્તા હાથ કરવાનો મનોરથ થયો છે. અમારી દૃષ્ટિથી આ સ્તુત્યજ છે. એટલુંજ કે તેનુ પ્રદર્શન કરવાને માટે આવી તરેહવાર રીતે ચાલવાની જરુર નહોતી. તે કામ નવા રાજનીતિનો હીંમતભેર ઉચ્ચાર કરીને તેમજ નવા દાવ વ્યવહારકુશળતાથી ખેલીનેજ થઇ શકે.

સાચા સુકાની

આમ સીમલામાં અને કલકત્તામાં, નાગપુરમાં અને મુંબાઇમાં સમગ્ર સ્વરાજપક્ષ ધીમે પણ દૃઢ પગલે સહકાર તરફ વળતો જાય છે. પણ તે વીશે હજી ખરેખરું પરિવર્તન તો ના. વાઇસરોયના ભાષણ પછીજ થઇ શકશે. તે ભાષણમાં કેવી જાહેરાતો થશે તે વીશે ઘણી ભવિષ્યવાણીઓ થાય છે અને ઘણા ગુટ્ટા ઉડે છે, પણ તેની

તપાસમાં હમણાં નહીં ઉતરીએ. માત્ર એટલુંજ કહેવું બસ છે, કે ખેતીવાડીના કે એવા બીજા કોઇ ખાતાના સુધારા વીશે ગમે તેટલાં બાદશાહી કમીશન નીમાશે તેથી કૈં વળવાનું નથી. પ્રાંતોની જે દ્વિમુખી રાજ્યપદ્ધતિને સર્વેએ મળીને નિષ્ફળ ઠરાવી છે, તે પુરેપુરી નહીં તો ઘણે અંશે પણ નાબુદ કરવામાં આવશે અને પોલીસ જેવા કોઇ ખાતાના અપવાદ સીવાય પ્રાંતોનાં તમામ ખાતાં પ્રધાનમંડળને સોંપવામાં આવશે તોજ પ્રજાનું દીલ કૈંક સંતોષ પામશે ને રાજપુરુષો પોતાના સુકાન ફેરવી શકશે.

છતાં અમે ઉપર જણાવ્યું છે તે પ્રમાણે આજની સ્થિતિનું ખરેખરું તત્વ તો પ્રજાના ઉત્સાહનો ઓટ છે. અને તેમાં લોર્ડ બર્કનહેડના તુમાખી ભાષણથી કૈં ફેર નથી પડ્યો. તો લોર્ડ રેડીંગનાં ગમે તેટલાં નિરાશાજનક વચનથી પણ કૈં પરિવર્તન થાય એમ નથી. એથી આજે કાર્યકર્તાઓ ને લોકનાયકોનું એજ કામ છે કે પોતાનો સમય અને પોતાની મર્યાદા વર્તીને, આભલાં પર સવારી કરવાની કે ગગનમાં વિહાર કરવાની અદ્ધરસદ્ધર વાતો ન કરતી, પણ કુશળ ને કુનેહબાજ રાજપુરુષોને શોભે એવી રીતે જે દરેકે દરેક સ્થાનક મળે તેનો ઉપયોગ કરવો, અને જે બારી મળે તેમાં ઘુસી જવું અને તેનો પ્રજાનું હિત સાધવાને તેમજ ભવિષ્યમાં વધારે જીત મેળવવાને માટે અને તેટલો ઉપયોગ કરવો! આજે ચીઢાવામાં કૈં સાર નથી, ને રીસાવામાં કૈં ફળ નથી. આજે કૈં લડત લડી શકાય એમ નથી, કારણકે પ્રજાની અંદરઅંદર દરરોજ હોળીઓ સળગ્યાંજ કરે છે. પરમ દિવસે પાણીપતમાં હીંદુ-મુસલમાનો લડ્યા, તો કાલે કલકત્તામાં મુસલમાનો સ્વરાજ પક્ષથી છુટા પડ્યા છે અને મી. સુરાવર્દીએ પણ સ્વરાજ પક્ષમાંથી રાજીનામું આપ્યાની ખબર મળી છે. આવે અણીને વખતે ચારે બાજુએ દૃષ્ટિ ગોચર થતાં, સર્વે ગ્રહનક્ષત્રનું નિરીક્ષણ કરીને ને સર્વે સામસામા વાતા પવનનું માપ લઇને પ્રવાહની દિશા પીછાની અને નાવનું જોર જાણીને જે અગ્રેસરો આપણા નાવને આબાદ ચતુરાઇથી અને સમયસુચકતાથી હંકારશે તેજ સુકાની દેશના ખરેખરા સેવક ગણાશે, અને સ્વરાજના ખરેખરા સાધક તરીકે પુજાશે.

× × ×

આ લખાયા પછી ના. વાઇસરોયે ૨૦ મી તારીખે વડી ધારાસભામાં આપેલું ભાષણ પ્રકટ થયું છે. પણ તેમાં તો ચલણીનાણાંના કમીશન સીવાય બીજી કંઇજ નવીન નથી–તેમણે તેમના ઉપરીના શબ્દોનું કેવળ પિષ્ટપેષણજ કર્યું છે તેથી સ્વાભાવિક રીતે સર્વે નિરાશ થયા છે, છતાં આપણી એકંદર રાજકીય સ્થિતિમાં કંઇ મહત્વનો ફેરફાર થતો દેખાતો નથી. તે વીશે વધારે વિચાર આવતા અંકમાં થશે.

૨

લેખક :

દા. સુમંત મહેતા

હીંદુસ્થાનમાં ઉચ્ચ કેળવણી

સને ૧૯૨૨-૨૩ માં આખા હીંદુસ્થાનની કેળવણીના વિષયનું દિગ્દર્શન હીંદી સરકારે છપાવી પ્રગટ કર્યું છે. બત્રીસ કરોડ માણસની વસ્તી લક્ષમાં રાખીએ તો જરા પણ અતિશયોક્તિ કર્યા સીવાય એમ કહેવા

આ દેશમાં કેલવણીની બાબતમાં (નિવેદનના બાર મહીનામાં) પ્રગતિ થઇ નથી. આ ટીકા પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ તથા ધંધાના શિક્ષણને લાગુ પડે છે. કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૭,૬૩૨ હતી તે ૫૨,૬૩૯ જેટલી વધી છે તેટલા ઉપરથી એક અધ્યાપકનો અભિપ્રાય નિવેદનમાં ટાંક્યો છે કે "સાહિત્ય વગેરે બીનધંધાદારી વિષયોના અભ્યાસમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધે તેમાં દેશને શું ફાયદો થવાનો?" આ પ્રકારની ટીકાથી ઘણા ભોળા માણસો છેતરાય છે. આપણા જુવાનીઆ હુન્નરઉદ્યોગનું શિક્ષણ ઘણા વધારે પ્રમાણમાં લેતા થાય એમ દરેક હીંદી વિચારક ઇચ્છે છે. તેની સાથે એટલું પણ યાદ રાખવાનું છે કે જ્યાંસુધી આપણા હુન્નરઉદ્યોગોને ખીલવવા માટે યોગ્ય પરિસ્થિતિ નહીં હોય, આપણા ધનિકો હીંદી કારીગીરીમાં પૈસા રોકે નહીં ત્યાં સુધી તે પ્રકારનું મેળવેલું જ્ઞાન નકામું થઇ પડે. બંગાળ તથા ઉત્તર હીંદુસ્થાનમાંથી ઘણા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિઓ લઇને જાપાન, અમેરીકા, માનચેસ્ટર, સ્વીટ્ઝરલંડ વગેરે દેશોમાં હુન્નરઉદ્યોગો શીખી આવેલા, તેમને પેટ ભરવાની આપદા પડેલી તે સૌ કોઇ જાણે છે. આર્ટ્સ્ કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા થોડી વધી તેટલું પણ અંગ્રેજ અધ્યાપકોથી સહન થઇ શકતું નથી. હવે, અમેરીકામાં ન્યુયોર્કની એક યુનીવર્સીટી કોલંબીઆમાં કેટલા પ્રમાણમાં વધારો થયો છે તે લક્ષમાં લેવા જેવો છેઃ

સને	વિદ્યાર્થીઓ	અધ્યાપકો
૧૯૧૩	૯૭૭૯	૮૫૨
૧૯૨૪	૩૦૬૧૯	૧૭૮૧

અમેરીકાની વસ્તી હીંદુસ્થાન કરતાં ત્રીજા ભાગની છે. ત્યાં લગભગ બાવન વિદ્યાપીઠો છે અને માત્ર એકજ વિદ્યાપીઠમાં ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અને આપણા ૩૦ કરોડની વસ્તીવાળા દેશમાં ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે તેથી અંગ્રેજોને ટાઢીઓ તાવ આવે ". કલકત્તાનું 'મોડર્ન રીવ્યુ' ઠીક કહે છે કે હીંદી સરકારની સત્તા અજ્ઞાન, ગરીબાઇ તથા બીકના ઉપર રચાઇ છે તેથી શિક્ષણમાં વધારો થાય ને સરકારથી શી રીતે સહન થાય?

કુમારના અનુભવ

—:૦:—

[અનુસંધાન પૃષ્ઠ ૫૯૨ થી]

"તમે કુસુમનું આ તોફાન પહેલીજ વાર જુઓ છો?" શિરીષે પુછ્યું.

"હાસ્તો" મેં કહ્યું. અમારા પ્રશ્નોત્તરથી ચંચળ કુસુમ તરત ચેતી ગઇ, ને આંખો ઉઘાડીને ખડખડ હસી પડી.

"તમે શિરીષભાઇનું કંઇજ માનશો નહીં" અમારી પાસે આવીને તે બોલી. "સાચું કહેજો, આ કૈં તોફાન કહેવાય? એ પણ બે વરસ પર કરતા હતા, તેમનું જોઇને તો હું શીખી. હવે એમણે કૈંક ધુનમાં મુકી દીધું, એટલે મને વહેમી ગણે છે!"

"ધ્યાન પ્રાણાયામ તો સારાં કહેવાય" હું આનંદાશ્ચર્યના ભાવ છુપાવીને ગંભીરપણે બોલ્યો.

"વિવેકાનંદની છબી તમે જોઇ છેને? એ પણ આમજ બેઠા છે. ને એ કૈં ભણેલા નહોતા?" કુસુમે શિરીષની સામે વકીલાત કરવા માંડી.

"એમની વિદ્વત્તાની તો વાતજ શી? તમે એમની ચોપડીઓ કૈં વાંચી છે?"

"ગુજરાતીમાં થોડીથોડી વાંચી છે. પણ ન સમજાય, તે શિરીષભાઇ તો સમજાવેજ નહીં. મારું તો બધુ મશ્કરીમાંજ કાઢી નાખે છે. બહુજ એવા......છે" તોફાનથી ચમકતી આંખે કુસુમ શિરીષની સામે જોઇ રહી.

"જા હવે રસોડામાં......હામપાટલા કરવાનો વખત થયો."

"તેમાં તમે શું કહો છો? રસોઇ પુરી કરીને તો સંધ્યા કરવા બેઠી હતી. આ તો તમે કુમારભાઇને કૈં ઉંધુ ભરમાવશો, એમ ધારીને આવી" પોતાનો કક્કો ખરો કરીને કુસુમ હરણ વેગે ચાલી ગઇ.

અગીઆરેક વાગે રસિકલાલ આવ્યા. કુસુમ જેવી કોમળ બાલિકાના એક ઘાતકી "જેલર" તરીકેજ મેં તેમને પહેલેથી કલ્પ્યા હતા. મારો વિરોધ કુસુમના પક્ષપાતથી જરાક ઓગળ્યો હતો. છતાં જ્યારે મારી ઓળખાણ કરાવવામાં આવી, ત્યારે તેઓ મને છેક નજ ગમ્યા, એમ તો ન કહી શકું. તેઓ સુરુપ અને સુશીલ, મીઠા અને મળતાવડા જણાયા. કુસુમની આંખે તેને ધારી ધારીને હું જોવા લાગ્યો અને તેની વાતચીત પણ હું સાંભળવા લાગ્યો. તેમણે નપાસ થવાથી નોકરી લીધી હતી, એમ સાંભળીને તેમના જ્ઞાનને માટે તો ઘણો સામાન્ય અભિપ્રાય બાંધ્યો હતો, તે થોડી વારમાં મક્કમ થયો. તેમની ભોળી આંખમાં બુદ્ધિની ચમક ન હતી, તેમની વ્યવહારુ બુદ્ધિના શાંત સરોવરમાં અવનવી કલ્પનાના તરંગો ઉછળતા નહોતા. પાણી મીઠાં અને ઠંડાં, છતાં વાસી અને બંધીઆર. કોઇ સાધારણ છોકરીને તો તે જરુર સંતોષે, પણ કુસુમ જેવી રસીઅણની તરસ આનાથી કેમ છીપશે?

અમે જમ્યા અને પાછી વાતો ચાલી. ને દરમીઆન આજ વિચારો મારા મનમાં ઘુંટાતા હતા.

૪

મારે જવાનો દિવસ પાસે આવ્યો ને કુસુમ વીશેની વિચારમાળાનો પણ મેર આવ્યો. રસિકલાલને તે નિર્દોષભાવે વરી ચુકી હતી. તેને સ્વતંત્રતા ઘણી વહાલી હતી તેમ પોતાની કીંમત પણ છેક નહોતી જાણતી, એમ ન હતું. છતાં આ બીચારી બાલા પોતાના સર્વસ્વનો સંકુચિત સ્નેહની વેદિ પર અજાણે ભોગ આપશે-પરણીને થોડા વખતમાં ઘરરખુ ગૃહિણી થઇ જશે–કોમલ કુસુમ ચીમળાઇ

જશો તે ન પરણે અને મરે તો તે શું ન કરે? પણ આ માર્ગ તેને કોઇએ બતાવ્યો છે? બધાની સામે થઇ નવો માર્ગ લેવાની હીંમત આવી કુમારિકામાં કયાંથી હોય? હવે કોઇ બતાવે, તેથી પણ શું ફાયદો? છતાં કે ચેતવણીએ ન અપાય?

આવા વિચારોમાં તણાતો હતો, તેટલામાં કમલે મારા જવાના આગલે દિવસે એક નાની સરખી મીજબાની ગોઠવી. શહેરથી બે ત્રણ માઇલ દૂર એક સરસ વાડીમાં મહાદેવનું મંદિર ને એક ધર્મશાળા હતાં. પાસે એક તળાવ હતું. ત્યાં સવારથી જવાનું અને સાંજ સુધી ખેલવાનું નક્કી થયું. બંને કુટુંબનાં બધાં સ્ત્રીપુરુષો અને અમારા બીજા બેચાર ગોઠીઆઓ પણ સામેલ હતા.

સવારે અમે બધા વાડીએ પહોંચ્યા ત્યારથી હું ગુંચવાયોજ કરતો હતો. જો કુસુમ સાથે કે વાત કરવી હોય, તો આજેજ અવસર હતો. બીજી પાસથી એમ થતું કે કુસુમને અને મારે શું? અને મારા કે કહેવાથી તેને શો ફાયદો થવાનો હતો? આખો દિવસ તેને જોઉં અને મારું દીલ દાઝયાજ કરે. સાને હું ઘણો ઉદાસ લાગ્યો. મને ખાવા પીવામાં, રમતગમતમાં કે અલૌકિક સૃષ્ટિ સૌંદર્યમાં કંઇ રસ ન પડયો. જ્યાંથી કુસુમની લીલા જોઇ શકાય અને તેને વીશે સ્વસ્થપણે વિચાર કરી શકાય, એવું એકાંત શોધ્યાંજ કરતો.

સાંજના આશરે ચારેક વાગ્યા. પાસેની એક ટેકરી પર થોડી સપાટ જગા હતી, ત્યાં બધાં ભેગાં મળી બેઠાં. મને એકાંત જોઇતું હતું, તેથી એ ટેકરીની ટોચ પર જવાનો વિચાર થયો. એટલે ધ્યાનસ્થ દશામાં ધુંધવાતો થોડીવારે ચાલ્યો. મને જતો જોઇને કુસુમને પણ ઉંચે ચઢી કે નવું નીરખવાનું મન થયું, એટલે બીજી પાસથી એ પણ આગળ વધી. થોડા વારમાં અમે નજીકમાં આવી ગયાં.

"કેમ કુમારભાઇ! આજે કે બહુ ગમગીન દેખાઓ છો? ઘર કે બહુ યાદ આવ્યું કે શું?" કુસુમે રમત છોડીને ગંભીરપણે પુછ્યું.

"ના, એ તો કે નહીં.........અમસ્તો. હું તો હંમેશનો એવો ધુનીજ છું." એટલામાં છેક ટોચ આગળ જરા પગ સરી જાય એવું હતું, તેથી ઓચીંતી કુસુમે મારી એક આંગળી પકડી. ને એક પગલું ઓળંગીને તરતજ મુકી દીધી. હું જરા ચમકયો—મારા શરીરમાં વીજળીના જેવો ચમકારો થયો.

ટોચ ઉપર એક સરસ ઝાડ હતું, તેની છાયા નીચે અમે બેઠાં. સામે રમણીય તળાવમાં સાંજનો સૂર્ય વીલસતો હતો.

કેટલીક વાર સુધી મારી જીભ ઉપડી નહીં. તે પણ પાળેલા પંખીની માફક શાંત થઇને બેસી રહી.

"તમને કેમ ઉપર આવવાનું મન થયું?" મેં કેટલીએ વારે પુછ્યું.

"અહીંઆંથી તો તળાવ અને તેની આસપાસ બધું ઘણું સરસ દેખાતું હશે, એમ લાગતું હતું. તેમાં વળી તમને જતા જોયા એટલે હું પણ આવી. પંખીઓ કેટલાં સુખી કે ઉંચે ઉડીને સૃષ્ટિને નીરખી શકે?" તેની આંખો રમતમાં ચમકી.

"અહીંઆં આવ્યો ત્યારથી એક મોટા લેખકની એક ઉપમા યાદ આવ્યાજ કરે છે."

"કઇ?"

"તોફાની દરીઆમાં ઝોલાં ખાતા વહાણનાં માણસો પર જેમ નિશ્ચલ ગિરિશિખર પર બેઠેલો માનવી દૂરથી શાંત ચિત્તે દૃષ્ટિપાત કરે છે, તેમ અજ્ઞાનમાં ડૂબેલી દુનીઆને જ્ઞાનના શિખર પરથી ધીર વિદ્વાનો નીરખે છે."

"એટલે અમારા જેવી અભણ સ્ત્રીઓ ઉપર તમારા જેવા ભણેલાઓ દયાથી આવી નજર નાખવાના કેમ?" કુસુમ હાજરજવાબથી બોલી ઉઠી.

"આવો ઉંધો અર્થ કરો છો કે? મેં તો સાધારણ રીતેજ આ ઉપમા સમજાવી." માફી માગતો રાંક જેવા અવાજે મેં કહ્યું.

"પણ અમને લાગુ તો પડેજને? મને પણ કોઇકોઇ વાર તો એમ થઇ જાય છે, કે ભણાતું હોત તો કેવું મારું? પણ હું થોડા મહીનામાં તો પરણી જઇશ, ને પરણ્યાં એટલે તો પડયાં."

તેની આટલી અક્કલ જોઇને હું વળી વધારે નવાઇ પામ્યો.

"તમે તો જાણે મારોજ વિચાર કહ્યો! મને કોણ જાણે કેમ તમારા દાખલા ઉપરથી બુદ્ધિશાળી કુમાર અને કુમારીઓની જુદી જુદી ભાગ્યરેખાઓ વીશે આજે ઘણાઘણા વિચાર આવે છે."

તે ચુપજ રહી. મેં આગળ હંકાર્યું: "સાચું કહો તો મેં તમારા જેવી કોઇ હોંશીઆર છોકરી અત્યાર સુધી જોએલીજ નહીં. તેથી તમને જોયાં—ઓળખ્યાં ત્યારથી સ્ત્રીઓની આખી દુનીઆ મારી આંખ આગળ તરે છે—તેમની જીંદગીના સવાલો મને રુંધે છે. મારું શાંત, સ્વસ્થ ચિત્ત જરા તોફાને ચઢયું છે."

આ વખતે અમે ઉંચે બેઠાં હતાં, ત્યાં પવન પણ ખુબ જોસથી વાતો હતો, વૃક્ષાવલીમાંથી પસાર થતાં ખુબ સુસવાટ કરતો હતો, અને સામેના તળાવમાં જતી એક હોડીને ડામાડોળ કરતો હતો.

"પણ એમાં વિચાર કરવા જેવું તો બહુ કંઇજ નહીં. છોકરીઓ ભણી હોય, તે પણ ધીમે ધીમે ભુલી જવાની અને ઘર સંસારમાં ધીમે ધીમે પરોવાની." કુસુમ ઠંડે પેટે બોલી.

"પણ એટલેથીજ વાત કયાં અટકે છે? બધી છોકરીઓને મનગમતા પતિ થોડાજ મળે છે? અને જેની અક્કલ વધારે અને કાળજું વધારે કોમળ તેને તો વધારે કારમું દુઃખ થાય" આ સાંભળીને કુસુમે કૈંક દુખી ભાવથી વિશાલ વ્યોમમાં ઉંડી નજર નાખી.

"પણ જેનો સંસાર સુખી હોય ને એ વિશાલ જ્ઞાનનો અનંત આનંદ કયાંથી ભોગવી શકે—રસસાગરમાં કેમ મહાલી શકે—ને કલ્પનાના વિશાલ આકાશમાં કેમ ઉડી શકે? આવા આનંદ જે નરનારીઓ સાથે ભોગવે તેજ સ્વર્ગને શિખરે પહોંચે!"

કુસુમની આંખમાં પણ તનમનાટ થયો. તેનું સારું દેખાતું લગ્ન પણ કૈંક કૈંક સાલવા લાગ્યું.

"વળી સ્ત્રી પુરુષો પોતેજ સુખી થાય એ કે બસ છે? તેમની અસર તો આખી સમાજ પર પડે છે ને જે દેશમાં સારામાં સારી કુમારિકાઓ જાણે જીવતીજ દફન થાય તેને વીશે શી આશા રાખી શકાય? છોકરાઓ એકલા ભણીને પણ શું કરે? અને ભણે તો પણ જીંદગીના સાચા સંસ્કાર સ્ત્રી રત્નો સીવાય કયાંથી મેળવે?"

કુસુમ હવે છેકજ શાંત બની સાંભળ્યાજ કરતી હતી. મેં આગળ ચલાવ્યું: "સ્ત્રીઓની ઉન્નતિ કરવાનો બધો ભાર પુરુષોને માથે મુકાય છે. પણ સન્નારીઓની સહાય વિના તો તેઓ લુલા અને પાંગળાજ રહેવાના. આ ચકાવામાંથી કોણ જાણે ક્યારે ઉગરીશું?"

કુસુમના તાજા મગજમાં આ વિચારો પ્રસરવા લાગ્યા. તેની આંખ આગળ નવાં સ્વપ્નો, કલ્પનાઓ તરવા લાગ્યાં.

"અને વળી આપણા ખખડી ગએલા દેશની સેવા અમારે કરવાની, ગુલામીનાં બંધનો તોડી સ્વતંત્રતાની દિવ્ય જ્યોત અમારે ઝળકાવવાની. લાખો કરોડો માણસોને એક વખત પણ ખાવાનું પુરું નથી મળતું અને અંગ ઢાંકવાને પુરાં કપડાં નથી તેના ઉપાય અમારે કરવાના, તેમ કુમારિકાઓનાં બાળલગ્ન અને વિધવાઓની દીનદશા, ન્યાતજાતની અને વરાવાજનની કેટલીએ આંધળી રૂઢીઓ—જે આપણા સંસારને સહસ્ર ડંખે દમે છે—તેને પણ અમારે દૂર કરવાનાં. વળી આપણાં મંદિરો અને દેવાલયો જે એક વખતે આપણા આર્યધર્મના મુકુટરુપ હતાં, તેના ઉપર ચઢેલો સેંકડો વરસોનો મેલ સાફ કરી તેને વિશુદ્ધ અને પતિતપાવન પણ અમારે કરવાનાં. છતાં નહીં બહેનોની પ્રેરણા કે માતાઓની આશિષ, નહીં પત્નીઓના સહચાર કે સન્નારીઓના મંગલ શુકન." ગરીબ ગાય જેવી બનેલી કુસુમ જાણે મારા હૃદયમા પ્રવેશ કરી બોલતી હોય—મને બોલાવતી હોય એમ મને લાગ્યું.

"અને છતાં હજારો વરસ ઉપર જ્યારે આપણો દેશ ઉન્નતિની પરાકાષ્ટાએ પહોંચ્યો હતો ત્યારે કે આવું હતુ? કૈંક સીતાઓ પોતાના પતિને કઠિન વ્રત પાળવાને સહાય કરવા જંગલથી પણ વધારે વિકટ પંથે અનુસરતી. કૈંક દ્રૌપદીઓનો વાળ સરખો પણ વાંકો થતો તે માટે લાખોનાં લોહી રેડાતાં. કૈંક કુંતિ માતાઓ અને વિદુલાઓ પોતાના કાયર દેખાતા પુત્રોને પાનો ચઢાવી ધર્મયુદ્ધમાં સમશેર ખેલવાની પ્રેરણા કરતી. કૈંક સાવિત્રીઓ દેશદેશ ભ્રમણ કરી પોતાની પસંદગીથી યોગ્ય પતિને વરતી અને વળી પતિપ્રેમના ચમત્કારથી સાક્ષાત્ યમરાજને પણ વશ કરતી. કૈંક સુલસા યોગ્ય પતિ ન મળવાથી સંન્યાસ ધારણ કરી જનક જેવા જીવનમુક્ત રાજાની ઉદ્દાપણકાહી ટીકાના ભુક્કા કરી વેદાંત ચર્ચામાં પણ તને મહાત કરતી

"એ સતીસાધ્વી સ્ત્રીઓના પ્રતાપેજ હીંદુસ્થાનમાં સોનાના સુરજ ઉગ્યા. આજે તેવી દેવીઓ નથી—ને તેવા સુરજ પણ નથી."

સૂર્ય અસ્તાચલ પર નમતો હતો. તેનાં કિરણ સીધાં અમારી ઉપર આવ્યાં. અમે કપડાં ખંખેરી ઉભાં થયાં. કુસુમે મારા અંતરનું દુઃખ પારખ્યું. મારાં સ્વપ્નોના પ્રવાહમાં તે પણ કૈંક તણાઇ અને જાણે ઘડી ભર તેને તેના ઘરની, ને લગ્નની દુનીઆ ઘણી સંકુચિત–ક્ષુલ્લક લાગતી હોય અને તેમાંથી તારવાને મને વીનવતી હોય એમ તેનાં ગેરંગંભીર થએલાં વિશાલ નયને તેણે એક તીણી નજર મારા ઉપર નાંખી. ફરીથી નીચે ઉતરવાને ક્ષણ ભર મારી આંગળી પકડી અને પછી છોડી દીધી. પછી મિત્રમંડલને જોતાં કૈંક સ્વસ્થ થઇને જરા દયામણું, જરા તોફાની હાસ્ય કરતી બોલીઃ "ચાલો અમારે તો એ ભગવાન્ એના એ. તમારી વાત તો બધી આ ટેકરી પરજ રહી!"

એટલામાં બધો સંઘ પણ આળસ મરડી અમને બુમ પાડવાની તૈયારી કરતો હતો. તેમાં ભળી અમે ઘેર સીધાવ્યાં. બીજે દિવસે હું મારે વતન આવ્યો.

× × ×

કુસુમના કારમા નયન બાણે મારા હૃદયને વીંધી નાખ્યું. તે બાણ કદી ભુલાવાનું નથી. તે ઘા કદી રુઝાવાનો નથી. તેમ તેના છેલ્લા શબ્દોની વેદના પણ કેમ વીસરાશે?

અને છતાં એવી તો હજારો કુસુમો આપણા દેશમાં અકાળે ચીમળાતી હશે, એવાં હજારો કલ્લોલ કરતાં પંખી અકાળે પિંજરમાં પુરાતાં હશે!

અર્વાચીન સાહિત્યનો પ્રધાન સ્વર: જીવનનો ઉલ્લાસ*

લેખક:
રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,
બી. એ., એલએલ. બી., એડવોકેટ;
પ્રમુખ. સાહિત્યસંસદ.

સાહિત્યસંસદના સભ્યો, સન્નારીઓ ને સદ્ગૃહસ્થો!

આજે–સંસદના ત્રીજા વાર્ષિક સંમેલનને પ્રસંગે–બાર મહીને, તમને બધાને મળી છેલ્લા વર્ષ પર નજર નાખતાં મને ઘણો આનંદ થાય છે. શરૂઆતમાં સંતોષ થાય એવી વાતો તો તમે મંત્રીઓ પાસેથી સાંભળી ચુક્યા છો. આ બાર મહીનામાં "ગુજરાત" એનું સ્થાન જાળવી રહ્યું છે એટલુંજ નહીં પણ "યુગધર્મ"ના જોડાણથી સમૃદ્ધ થયું છે. સૌ. શારદા બહેન મહેતા જેવા વિદ્વાનનો સહયોગ મેળવવા સંસદ્ ભાગ્યશાળી થઇ છે. પુસ્તકો પ્રગટ કરવાનું કામ ધીમેધીમે આગળ ચાલે છે–વધે છે. અને 'સાહિત્યના ઇતિહાસ'નું કામ હવે ઝપાટાબંધ ચાલુ થયું છે. આપણી સહચારી સંસ્થા "સાહિત્ય પ્રકાશક કંપની"એ આ વર્ષે સારી પ્રગતિ કરી છે; અને 'સાહિત્ય પ્રેસ' હતું તેનાથી સારા પાયા પર આવ્યું છે. આ બધા કામમાં રોકાએલા સહયોગીઓ, તેને મદદ કરનારા સંસદના સભ્યો અને બહારથી ઉત્તેજનને મદદ આપનાર મિત્રોનો આ સ્થલે મારે આભાર માનવો જોઇએ. એ બધા શીવાય આમાનું કંઇપણ થઇ શકત નહીં એ ચોક્કસ છે.

પણ આ સમયે માત્ર સંસદની સંસ્થા તરીકેની પ્રવૃત્તિનીજ નોંધ લઇ વીરામવું મને ગમતું નથી. જે આદર્શ માટે સંસદ્ સ્થપાઈ તે આદર્શ કેટલેક અંશે સિદ્ધ થતો મને દેખાય છે. સંસદ્ ગુજરાતી સાહિત્ય અને સંસ્કારમાં એક નીરાળા ને વિશિષ્ટ બળ તરીકે–એક સ્પષ્ટ ને સુરેખ ભાવના તરીકે ઓળખાવા માંડી છે; અને તેના સભ્યો તે બળ ને ભાવનાનાં નાનાં મોટાં કેંદ્રસ્થાનો થતા જતા મને દેખાય છે. રા. વિજયરાયનું 'કૌમુદી' વિવેચન સાહિત્યનાં અવનવાં ક્ષેત્રો ખેડી રહ્યું છે. રા. ગોકળદાસ રાયચુરા, 'શારદા' દ્વારા મહા–ગુજરાતની સાંસ્કારિક અસ્મિતા વીકસાવવા મથે છે. રા. પુરુષોત્તમ વિશ્રામ માવજી 'સુવર્ણમાલા'-થી ગુજરાતની કલાપ્રિયતાની સાક્ષી પુરી રહ્યા છે. રા. ચંદ્રશંકર પંડ્યા અને રા. કેશવપ્રસાદ દેસાઇ ગુજરાત મંડળદ્વારા મુંબાઇના ગુજરાતીઓ-ને એકઠાં મળવાનું સ્થાન તૈઆર કરવાના પ્રયાસો આદરી રહ્યા છે. આ ઉપરાંત બીજા ઘણા પોતાના કાર્યક્ષેત્રમાં, બનતા પ્રયાસે ને શક્તિથી ગુજરાતની નવ ઘડનામાં પોતાનો ફાળો આપી રહ્યા છે. એ કાર્યક્ષેત્રો એવાં નવાં છે અને એટલાં વિવિધ છે કે તે બધાં ભાવિ ગુજરાતને સમૃદ્ધ કર્યા વિના રહેશે નહીં તેની મને ખાત્રી છે.

દર વર્ષે આ પ્રસંગે આવી, આપણને ઉત્તેજન ને માર્ગદર્શન આપનાર મારા મિત્ર

* સંસદના ત્રીજા વાર્ષિક ઉત્સવ પ્રસંગે પ્રમુખસ્થાનેથી આપેલું ભાષણ: તા. ૧૬–૮–૨૫

રા. નૃસિંહદાસ વિભાકરના ખેદજનક અવસાનની નોંધ લઉં છું. એના અકાલ મૃત્યુથી સંસદે એક મિત્ર, ને ગુજરાતે એક ઉત્સાહી કાર્યકર્તા ને આશાસ્પદ લેખક ગુમાવ્યો છે.

તેમજ સંસદના સભ્ય મણિલાલ બંકારભાઇ વ્યાસ પણ ગયે અઠવાડીએ ગુજરી ગયા છે. જુની ગુજરાતીના એક ઉંડા અભ્યાસી તરીકે એમનું સ્થાન ગુજરાતમાં મોટું હતું. આજે વર્ષ દિવસ થયાં પોતાની વિદ્વત્તાનો લાભ આપણે તૈયાર કરવા માંડેલા ઇતિહાસને તે આપતા હતા. એના મૃત્યુથી સંસદના કામમાં ઘણી મુશ્કેલી નડશે એવી મને બીક રહે છે. આ બંનેની ખોટ મને અત્યારે ભુલાતી નથી.

આ ઉપરાંત રા. કમલાશંકર ત્રિવેદી જેવા પ્રખર વિદ્વાનના મૃત્યુથી આંખ આગળથી સરી-જતા જમાનાના પ્રતિનિધિનો આછો થતો સમૂહ વધારે આછો થતો દેખાય છે.

આ વર્ષે ગુજરાતમાં એક બનાવ ધ્યાન ખેંચે એવો થયો છે. જોડણીમાં સરલતા ને એકતા આણવાનો જે પ્રયાસ સંસદે ત્રણ વર્ષ પર કર્યો હતો તેવો 'જોડણીના જાદુગર' થવાનો પ્રયાસ મારા મિત્ર રા. મટુભાઇ કાંટાવાળાની પ્રેરણાથી સાહિત્ય પરિષદ મંડળે કર્યો છે. આ નવા પ્રયાસ વીશે સંસદનો અભિપ્રાય હમણાં તમારી આગળ રજુ કરવામાં આવશે. મારી માન્યતા પ્રમાણે આ પ્રયાસ જેવો જોઇએ તેવો સચોટ ને સરલ નથી. એમાં જુની ઘુંચવણો રહી છે; એમાં સરલતા સ્વીકારવાની હીંમત દેખાતી નથી; એમાં કોઇ એક સરખો સિદ્ધાંત નજરે પડતો નથી. અને એ પ્રયાસ હજુ સરલ ને સર્વગ્રાહ્ય થાય એવી મહેનત આમવર્ગ તેમજ સાહિત્યના અમીરો બંનેના ભલાને માટે કરવી પડશે; અને મને આશા છે કે એ પ્રશ્નને પરિષદ્ મંડળે છેલ્લું નિરાકરણ આપ્યું છે એવી દલીલ કોઇ પકડી બેસશે નહીં. મારું તો એમ માનવું છે આપણે ત્યાં એ પ્રશ્નની મુશ્કેલી જોતાં એકજ નિરાકરણ શક્ય છે કે—સરલમાં સરલ જોડણીજ સ્વીકાર્ય લેખવી.

જ્યારે ગુજરાતમાં પ્રસરી રહેલું નવું ચેતન અનેક માર્ગે વ્યક્ત થવા મથે છે ત્યારે જોડણી જેવા ગૌણ વિષયમાં રહેલી મુશ્કેલીઓ વહેલી ફેંકી નાખવી જોઇએ. જોડણીમાં ખરી જરૂરીઆત શુદ્ધિ કરતાં સર્વગ્રાહ્યત્વની છે. જેમ નિયમ થોડા ને સહેલા તેમ જોડણી એક થવાનો સંભવ વધારે. દાખલા તરીકે ગુજરાતી જોડણીમાં 'ઇ' ને 'ઊ' નું ધોરણ વ્યુત્પત્તિ પર નથી રહ્યું. અને ઉચ્ચારણ પર તો નથીજ. 'કીડી' ને 'જૂ' દોડે છે ત્યારે ઉચ્ચારણે હ્રસ્વ થઇ જાય છે, અને કરડે છે ત્યારે દીર્ઘ બને છે એ પ્રયોગ આખા ગુજરાતમાં મેં જોયો છે. તેથી જેવી રીતે પરિષદ્ મંડળે અરધા હકારનો બહિષ્કાર કર્યો તેવીજ રીતે 'ઇ' ને 'ઉ' નું સદ્ગત ગોવર્ધનરામે સ્વીકારેલું કૃત્રિમ છતાં સરલ ધોરણ સ્વીકારશે તો ઘણી ઘુંચો આપો આપ મટી જશે એમ મને લાગે છે.

આપણે સદ્ભાગ્યે સાહિત્યમાં જોડણીનો વિષય પ્રધાનપદે નથી. અત્યારે આપણે સર્જનકાળમાં છીએ. ચારે તરફ નવું સાહિત્ય ઉભરાય છે; નવાં તત્ત્વો વીકસે છે; નવાં દૃષ્ટિબિંદુઓ દેખાય છે; નવાં ક્ષેત્રો ખેડાય છે; જુની માત્રાઓ મુકાય છે ને જુનાં સીમાચિન્હો અદૃષ્ટ થાય છે. નર્મદ ને નવલરામથી મુનિકુમાર ને પ્રભુ શુકલ સુધીની સૃષ્ટિમાં કેટલી પ્રગતિ, કેટલી નવીનતા કેટલું વૈવિધ્ય! આ પોણોસો વર્ષની ગુજરાતી સાહિત્ય-ની કારકીર્દી અદ્ભુત છે. તે કલ્પના ઉત્તેજે છે, પ્રશંસા પ્રેરે છે; અને આપણા

ગર્વનું મુળ બની રહે છે. સાહિત્યની આ નવી સરિતા કલ્લોલતી, નાચતી ને કુદતી, તોફાન ને સમૃદ્ધિમાં મસ્ત બની આગળ વધે છે; શુષ્ક તટોને જલમય કરી, ફલદ્રુપ ભૂમિમાં નવા જીવનનાં બીજ નાખતી ચારે તરફ પ્રસરતી જાય છે.

આ સાહિત્યનો પ્રધાન સ્વર શો ? જુદે રાગે ને જુદા તાનમાં, નીરનીરાળા લક્ષ્યથી ને વિધવિધ વિષયાવલંબી આ સંગીતનો મધ્યસ્થ સૂર શોધવો એ સહેલ નથી. એ શોધ તો દૂર ઉભેલો પરીક્ષક કરી શકે. આ તાલસૂરના વૈવિધ્યની વચમાં ઉભો રહેનાર અને એ દેખાતા બેસુરાપણામાં બનતે પ્રયાસે પોતાના બેસુરનો ફાળો આપનાર—મારા જેવાની એ શોધ નિષ્ફલ પણ જાય એ બનવા જેવું છે. અને છતાં આ આકર્ષક પ્રયાસ કર્યા વિના ચાલતું નથી.

અર્વાચીન કાલ નર્મદથી શરુ થાય છે. અને જેમ પોર્ટસૈયદ છોડતાં વારજ એક ખંડ છોડી બીજામાં ગયા એવું તીવ્ર ભાન થાય છે, તેવુંજ દલપત છોડી નર્મદ હાથમાં ધરતાં લાગે છે; અને તેજ પ્રકારનું ભાન અત્યાર સુધીના બધા સાહિત્યથી પ્રગટે છે. એ ભાન શાથી આવે છે ?

પરભવનું હેત વીસરી આ ભવનું આકર્ષણ —આ વિશિષ્ટતા નવા કાલના આખા સાહિત્યમાં તરત નજરે ચઢે છે. અને તેજ પ્રમાણે નર્મદ પહેલાંના કાલનું પ્રથમ લક્ષણ પરભવનો પ્રેમ ને આ ભવની અરૂચિ. મધ્યકાલીન સંસ્કૃત સાહિત્ય ને તત્ત્વજ્ઞાનમાંથી આ દૃષ્ટિબિંદુ ઉતરી આવ્યું લાગે છે. શંકરાચાર્ય મહાત્મા હતા; વિદ્વાન્ હતા; ધર્મ ધુરંધર હતા; પણ

पुनरपि जननं पुनरपि मरणम् ।
पुनरपि जननीजठरे शयनम् ॥

માં રહેલો જીવનનો વિકરાલ દ્વેષ જોઇ જરાક કંપારી આવે છે અને असार संसार समुद्र मध्ये निमज्जतो मे शरणं किमस्ति। એ પ્રખ્યાત પ્રશ્નમાં રહેલી નિરાશાએ કેટલાં જીવનને મરણતોલ કરી મુકયાં હશે તે વીચારતાં ત્રાસ છુટે છે.

ઉછળતા જીવનનું ફેંચ્ચરીઉ કરવાનો પ્રયોગ મધ્યકાલીન ગુજરાતમાં સફલ રીતે કરવામાં આવ્યો છે. આદિ કવિ જન્મતાંજ ગભરાવે છે:

ઉંધે મસ્તક હતો ઉગ્ર તપ આચરી,
ભક્તિ કીધી ભગવાન કેરી,
અવતરી બારા બંધાયો માયાતણે,
લંપટી લાલચે લીધો ઘેરી:

પણ આટલેથી તેને સંતોષ નથી. તેને તો આખું જીવન ડામવું છે:

અલ્પ સુખ સારુ શું મૂઢ ફુલ્યો ફરે,
શિશપર કાળ રહ્યો દંત કરડે;
પામર પલકની, ખબર તુજને નહીં,
મૂઢ શું જોઈને મુછ મરડે?

અખાનું ચાલે તો જીવનની બધી વૃત્તિઓને શુંએ કરી નાખે. તે કહે છે:

એક અરીણી બીજો સંસારી રસ,
અધિક કરે તેમ આપે કસ,
જેમ જેમ અધીકું ખાતો જાય,
અંગે અકલે હીણો થાય.
જો મુકે તો સુખે સરે,
નહીં તો અખા તે ખાતો મરે.

આ ચારસો વર્ષના મધ્યકાલમાં બધા કૈં મહાત્માઓ નહોતા. તે ખાતા, પીતા, કોઇક ચોરી કરતા, થોડાક મોજ કરતા. પણ પુરાણમાંથી પ્રેરણા મેળવનાર પ્રેમાનંદના પૂજ્ય અપવાદ શીવાય જીવનના પ્રતિનિધિઓ સરખા

સાહિત્યકારોની દૃષ્ટિ તો મૃત્યુ પર લાડથી ચોંટી હતી; અને જો ત્યાંથી ખસતી તો તેની પેલી તરફ આવેલા લાખચોરાસીના ફેરાના દુઃખ પર મોહી રહેતી. જો જીવન જરા પણ ઉછાળા મારતું તો તેને કૃષ્ણભક્તિનાં પદોથી જરાક સરકવા દેતા; પણ તેમાં કશો પણ સાર, ઉલ્લાસ, પ્રફુલ્લતા કે મોજ તે જોઈ શકતા નહીં; એટલું જ નહીં પણ રખેને પ્રાણ જીંદગીમાં સુખ માણી લે એવે ભયે મૃત્યુનો ભયાનક બાઉ તે સાથેજ રાખતા. જૈન ને સ્વામીનારાયણ જેવા વૈરાગ્યપ્રધાન સંપ્રદાયના કવિઓ. ધર્મ ને પ્રતિજ્ઞાએ આ ધોરણને સાચવવાને બંધાએલાજ હતા એટલે તેની પાસે તો બીજી આશા રખાયજ નહીં. પણ કલ્પનાસાહિત્યના શોખી શામળ ભટ પણ એમાંથી બચ્યા નહીં:—

કહી નાદે મોત મુક નહીં,
પ્રસર્યો ત્યાંથી પાશ છે
કવિ શામળભટ સાચુ કહે,
નામ સર્વનો નાશ છે.
જે લેયુ તે જાય,
જેહ ફુલ્યું તે ખરશે
ભર્યું તેહ ઠલવાય,
ચઢયું તે તો ઉતરશે.
લીલું તે સુકાય,
નવું તે જુનું થાશે
આયુર્દાવશ સર્વ
કાળ સૌ કોને ખાશે.

બોજા ભગતને "આતો સ્વપ્નું છે સંસાર" એમ કહી તેને ઝેરી કરવામાં જીવનના અનેક આનંદો કરતાંએ વધારે આનંદ દેખાય છે. અને દયારામને પણ મધ્યકાલનાં આ દૃષ્ટિબિંદુમાં રસ પડે છે—કે રસ લેવો પડે છેઃ

ધિક તારું જીવ્યું રે.
દૈવે તને શાને ઘડયો;
ડાહ્યો થઈ દુનીઆમાં ફરે છે,
તેણે શું સાધ્યું તારું કાજ;
જમની કચેરી જીતવી કઠણ છે,
નથી રહેવાની તારી લાજ.

× × ×

વાંકી મુછ ઉપર વાટ ઠડી રે નર્કની વાટે તું ઠર્યો
મિથ્યા જનુની ભારે મારી એનો જન્મ ધર્યો ન ધર્યો.

અને અર્વાચીન કાલમાં મધ્યકાલના અવશેષરૂપ દલપતરામ સૂત્ર ઉચ્ચારે છેઃ

અરે જીવ તેં જન્મીને, શોધી ન લીધો સાર
ભ્રમણામાં ભુલ્યો ભમી, ભર્યા પાપના ભાર.

ને વળી કહે છેઃ

અપાર સંસાર સમુદ્ર આછે,
સદાય તે સંકટના સીમા છે.

આ બધા સાહિત્યસ્વામીઓની દૃષ્ટિ આ પ્રમાણે મૃત્યુ પર—જીવનના અભાવ પર—ક્ષણિક મનાતા આનંદોના વિધ્વંસ પર ચોંટી હતી. જીવનને જીવતું દોઝખ ગણી, મરણને મોક્ષ માર્ગ માનવામાં તેમને ધર્મ, નીતિ, ડહાપણ ને રસિકતાની પરાકાષ્ઠા જણાતી. પરલોકના કાલ્પનિક સુખ માટે વલખાં મારી આ લોકને સ્મશાન બનાવવામાં તેમને મઝાહ પડતી. જીવના નર માટે જીવનમાં તેમને રસ દેખાતો નહીં. સંસારમાં તેને માટે સુખની આશા દેખાતી નહોતી. તેમને મન જીવન એટલે મૃત્યુ; જીવન એટલે મરણ પછી શરૂ થતી કારકીર્દી. અને આ સિદ્ધાંતની વેદીમાં આવરદાની આહુતી આપી મૃત્યુના આ પયગંબરો ગુજરાતના જીવનને ઉલ્લાસહીન બનાવી રહ્યા હતા.

મેં 'જીવન' ને 'મૃત્યુ' એ શબ્દો વાપર્યા છે

તેનો અર્થ સ્પષ્ટ કરવો જોઇએ. જીવન જીવવું એટલે મનુષ્યની સ્વાભાવિક શક્તિઓ અને વૃત્તિઓની કેળવણી અને સંતોષમાં—'સંસારી રસ'માંજ—સુખ માનવું તે; જીવનનો ઉલ્લાસ અનુભવવો એટલે એ સુખનો ભાવનાત્મક વિકાસ સાધવાની હોંશભરી તત્પરતામાંજ આનંદ માનવો તે. મૃત્યુની હીમાયત એટલે એ શક્તિઓ અને વૃત્તિઓના સંતોષ ને વર્જ્ય ગણવો તે; એમને કચરવામાં મોટાઇ માની, 'સંસારી રસ'માંથી ભાવનાત્મક અપૂર્વતાને નીચોવી કાઢી, સંસારના છાલ ગોટલા ને ક્ષુદ્ર બનાવવાં તે; અને આનંદ મેળવવા, આ દેહે અપ્રાપ્ય એવા, મૃત્યુ પછીના અણજાણ પ્રદેશોમાં કલ્પનાને રસ શોધવા છોડી મુકવી તે. આ બે દૃષ્ટિબિંદુમાં સારું કે ખરું કયું તે નક્કી કરવાનું આ સ્થાન નથી; પણ આ દૃષ્ટિબિંદુએ શાં શાં લક્ષણો સર્જાવ્યાં તે નોંધીનેજ હું વીરમીશ.

સાહિત્યને પરોક્ષ કે અપરોક્ષ રીતે, જાણી જોઇને કે અજાણતાં જીવનના બે વિષય સ્પર્શ્યા વિના ચાલતું નથી. એક માનવતા અને બીજો સ્ત્રી. આ બે વિષયો, ખરું જોતાં, સમગ્ર જીવનને પ્રેરતાં મોટામાં મોટાં બળો છે; કારણકે પોતાપણું સિદ્ધ કરવાની વૃત્તિ અને પર જાતિ તરફ આકર્ષાવાની વૃત્તિ એ મનુષ્ય સ્વભાવની મૌલિક વૃત્તિઓ છે. એક વૃત્તિ મહત્તા પ્રાપ્ત કરવા પ્રેરે છે; બીજી વૃત્તિ પ્રેમ મેળવવા મથે છે. એક વૃત્તિ સંતોષાતાં પ્રભાવની ધુન આવે છે; બીજી વૃત્તિ સંતોષાતાં પ્રેમની મસ્તી આવે છે. અને એ ધુન ને મસ્તીમાંથી નીઝરતું સુખ મનુષ્યને દેવસમાન બનાવે છે.

સાહિત્ય પણ આ બે વૃત્તિને પોષવા, વ્યક્ત કરવા, ને વીકસાવવા પ્રયત્ન કરે છે; તેમાં ભાવનાત્મક અપૂર્વતાનું આરોપણ કરે છે; અને એના સંતોષથી પ્રગટતી ધુન અને મસ્તી શબ્દોમાં અમર કરી, તેના સુખનો આસ્વાદ સદા સર્વદા લઇ શકાય એવી કૃતિ પ્રગટાવે છે.

પણ જીવનમાં ભાવનાત્મક અપૂર્વતા નજ હોય એવા નિશ્ચલ સિદ્ધાંત પર પોતાની કથનીઓ રચનાર મધ્યકાલીન સાહિત્યકારોએ આ બને વૃત્તિને વાસ્તવિક દુનીઆમાંથી નીતારી કાઢી. સંસારી સુખને જે મિથ્યા કરી માનતા હતા; જગત જેને મન ઉંઘમાં ભોગવેલા અટપટા ભોગ ભાસતું; કાચના કુપ્પા સમી કાયા જોઇ જે ગભરાટમાં પડતા તેઓએ દુનીઆના વ્યવહારમાં સ્વાતંત્ર્ય, વીરતા, સાહસ ને પ્રતાપ જોવાનું છોડી, માત્ર પરભવે હરિચરણમાં રહેવાની અપૂર્વતા જોયા કરી. આને પરિણામે માનવતાનું ધોરણ કાંતો અપ્રાપ્ય સાધુતા, નિર્માલ્ય નિર્દોષિતા કે ડહાપણભરી કાયરતા થઇ બેઠાં; અને પ્રભાવ, સત્તા ને સ્વાસ્થ્યની તો ધુન જીવન જીવતાંજ આવે છે એ વાત તેમને અશક્ય લાગી.

નરસિંહ મહેતાએ અપ્રાપ્ય—લગભગ અસ્વાભાવિક—નિર્દોષતાનું ધોરણ 'વૈષ્ણજન તો તેને કહીએ' વાળાં પદમાં આપ્યું છે. અને એક મહાન્ અર્વાચીન ગુજરાતી—જેનાં શક્તિ, સ્વાસ્થ્ય ને પ્રભાવ અર્વાચીન-સાહિત્યમાં પ્રતિબિંબિત થયાં છે—તેણે આ ધોરણની અનેક વાર પ્રશંસા કરી છે. પણ આ ધોરણ શક્તિ, સ્વાસ્થ્ય કે પ્રભાવ મેળવવાની ભાવના છે એમ ગુજરાતીઓ સમજ્યા નથી; અને તેવી રીતે કોઇએ તે સેવ્યું નથી. ખરું જોતાં એ વ્યાખ્યા પ્રમાણેનો વૈષ્ણવ એટલે નિર્દોષ, પરદુઃખભંજન ને સહનશીલ ભક્ત એમજ મનાતું આવ્યું છે.

શામળભટનો વીરતા તરફનો ગભરાટ છુપાવ્યો છુપાતો નથી. સાહસમાં, વીરતામાં, બહાદુરીમાં તે કૈં અપૂર્વતા જોઇ

શકતા નથી; પણ ગરથની હુંફ, સાવચેતીનું ડહાપણ, સાહસની મુર્ખાઇ આ એનાં ધોરણો ઠેકાણે ઠેકાણે જડે છે. દલપતરામની શિક્ષાપત્રી જેવી દરેક સદ્ગુણની કાવ્યાવલિ આજ ધોરણે રચાઇ છે.

આપણા સાહિત્યમાં આપેલાં આ નિર્દોષ માનવતાનાં ધોરણ ઘણાને પ્રિય છે. પણ વિશ્વામિત્રની મહત્ત્વાકાંક્ષા, દધિચિનું આત્મ-સમર્પણ, હરિશ્ચંદ્રનો સત્ય પ્રેમ, ભીષ્મની અડગતા, અર્જુનની વીરતા, ભીમનાં સાહસ, શ્રીકૃષ્ણનાં સ્વાસ્થ્ય, શક્તિ ને ઉલ્લાસમાં જે માનવતાની ભાવનાના અપૂર્વ રંગો છે, સર્વવ્યાપી પ્રભાવનાં તેજે ચમક છે તે ડહાપણ પર કે દુર્ગુણના અભાવ પર આ રચાએલા પ્રવૃત્તિપરાઙ્મુખ, નિશ્ચેતન ધોરણોમાં મને જણાતાં નથી.

સ્ત્રી તરફની મધ્યકાલીનોની દષ્ટિ પણ તેવી-જ છે.

અનેક યુગો થયાં સ્ત્રી તરફ ગમે તેટલો તિરસ્કાર બતાવાય છે છતાં આ 'પ્રત્યક્ષ રાક્ષસી' એ એવું એક પ્રચંડ બળ છે કે જેને વડે જીવન પ્રફુલ્લ બને છે. જાનવરશાસ્ત્રની દષ્ટિએ તે જીવનની માતા છે; ભાવનાની દૃષ્ટિએ તે જીવન-ની નિર્માતા છે. સ્ત્રી, એક દષ્ટિએ જોતાં, જીવન છે; જીવનની સાથે પુરુષ ને બાંધતી સોનાની સાંકળ તો છેજ. અને છતાં આ મૃત્યુના હીમાયતી-ઓ તેની સાથના સંબંધમાં અપૂર્વતા ન જોઇ શકયા; અને તેના તરફ આકર્ષાતી વૃત્તિને કાલ્પનિક પ્રેમથી સંતોષી તેમણે ભક્તિ સંપ્રદાય ઉભો કર્યો.

નરસિંહ મહેતાનું એક પદ મનાય છે તેમાં તે સમયમાં થતી સ્ત્રીની કીંમત આંકી છે—તેનાં આંસુના માપથી અને પુરુષના સ્વાર્થના દષ્ટિ-કોણથી:

"જનુની રોશે જન્મભર ને બેની બારે માસજી;
ત્રિયા રોશે તેર દિન પછી કો ન આવે સાથજી."

શામળભટે રુપાવતીની વાર્તામાં સ્ત્રી તરફનું દષ્ટિબિંદુ સચોટ રીતે દર્શાવ્યું છે.

પ્રમદાએ બહુ નર પરભવ્યા, પ્રમતે કહને મારીયા.
અનમી શુરા અહંકારી પણ, હોડ હઠીલા હારીયા.

એક દ્રૌપદી નાર, અતિ દળ તો અટવાવ્યું;
એક દ્રૌપદી નાર, કિચક સો વંશ વઢાવ્યું;
એક દ્રૌપદી નાર કુલનું કુળ કંપાવ્યું;
કાઢયો કૌરવ વંશ, વળતું શિર છત્ર અપાવ્યું;

અઢાર અક્ષૌહણી ભસ્મ કરી, કસર નહીં રાખી કશી;
શામળભટ કહે સુણિ પુરુષ રખે હેત આણો હશી.

આખી જીંદગીભર કષ્ટ સહી સેવા કરનારી સહચારી મરતાં જેને 'ભલું થયું ભાંગી જંજાલ' લાગ્યું તે પ્રેમથી પ્રગટતી મસ્તી અનુભવવા પોતે 'નર થયો નારી રુપ' અને 'ગોવિંદ ગમન' કલ્પીને ગાઢ સુખ ભોગવવા લાગ્યો. મીરાં કાંતો વિધવા હતી કે કાંતો તેણે કુંભાને તજ્યો હતો; અને સંસારમાં મૃત્યુની હીમાયતી બની કુંજવિહારી સાથે કાલ્પનિક વિહારોમાં અનેક કુંજે ગજવી પ્રેમની પરાકાષ્ઠા અનુભવી. અને લહેરી દયારામને આત્મલક્ષી રસિકતા-ને વ્યક્ત કરવા કૃષ્ણ ગોપીના પરલક્ષી સંવાદ-નો આશ્રય લેવો પડયો છે. પણ સ્ત્રીઓ પાસે અનન્ય ભક્તિ, પતિપરાયણતા, 'મનસા, વાચા, કર્મણા'ની શુદ્ધિને માગી લેનારાઓ જે માગી લેતા તે સ્ત્રી તરફનો પોતાના સંબંધમાં જરાએ ભાવના-ની છાંટ જોઇ શકયા નહીં. શામળ કહે છે:—

વળી નારી વશ જે નાથ છે,
નીચ થયે તે તો ખરે:

શામળ કહે નર નાર વશ,
સુજ સારી નવ પરે.

કામનીને વશ કંથ, વચન પળે નહીં તેનું,
કામનીને વશ કંથ, નુર વધે નહીં એવું:
કામનીને વશ કંથ, દશરથે કૈરજ કીધો,
કામનીને વશ કંથ, સુતને વનવાસજ દીધો;
વળી કામનીને વશ કંથડો,
વચન તેનું નહીં પળે,
શામળ કહે સાચું જાણજો,
મહિમા તેનો નહીં મળે.

પણ અર્વાચીન કાળ આવ્યો. પશ્ચિમની સંસ્કૃતિના સંઘટ્ટનથી ગુજરાતના આત્મામાં પરિવર્તન થયું. મૃત્યુની હીમાયત જતી રહી; લોકના અંતરના ઊંડાણમાં રહેલો જીવનનો ઉલ્લાસ જાગ્યો. જીવન–નરનારીઓને નિમંત્રી રહ્યું. અને માનવની શક્તિઓને વૃત્તિઓને આજ દેહે સંતોષવાની ઇચ્છા પ્રગટી. 'સંસારી રસ'માં ભાવનાત્મક અપૂર્વતા જોવાનો પ્રયોગ શરુ થયો. 'આ તન રંગ પતંગ સરીખા'ને ભલે, 'જાતાં વાર ન લાગેજી' છતાં તેને ભર લહેરે ઉડવા દેવામાં આનંદ લાગ્યો. વૈકુંઠમાં વાસ કરી રહેલી ભાવનાત્મક અપૂર્વતાને સાહિત્યકો વાસ્તવિક દુનીઆ પર ઉતરી આવવાનું નિમંત્રણ આપવા લાગ્યા:

"રસધર! ઉતર આકાશથી!
રમીએ અહીં ઉલ્લાસથી
જગ અણદીઠા
અદ્દભુત મીઠા
કે ખેલ રાસ વિલાસથી!–
મુજ હૃદયને ચમકારથી ચમકાવી દે!
રસ દિવ્ય ધામથકી ઉડી મધુ લાવી દે!
રે આવ! કુદીએ નાચીએ! કે વિવિધ ભાવ જગાવીએ!
ઓ મેઘ! કર કર વૃષ્ટિ! જગને રસરસે નવડાવીએ!"[૧]

અવરભવની લક્ષચોર્યાશીની ચિંતાના 'શકટને શ્વાન થઇ તાણવા'ની ઇચ્છા મંદ પડી ગઇ. 'મિથ્યા સંસારની ભ્રાંતિ' ભાગી. મોક્ષકે ભક્તિને-કાલ્પનિક મહત્તા કે કલ્પના વિલાસને-ભાવનાત્મક અપૂર્વતા અર્પી 'આશનું ભવન આકાશ સુધી રચ્યું હતું તેની' મૂલ ભીંત કાચી લાગી. જમડા પકડી જાય, કે કાઢો કાઢો મુખે લોકો ભાખે, કે ત્રિયા તેર દહાડા રડે તોએ જીવતા સુધી જીવન જીવવાની 'લંપટી લાલચે' બધાને ઘેરી લેવા માંડયા; અને તે રા. નાનાલાલની માફક કહેવા લાગ્યા:

. 'જે સંસાર કડવો કહે તેની જીભ કડવી.'

અને આ દષ્ટિબિંદુએ અર્વાચીન સાહિત્યનો પ્રધાન સૂર કાઢ્યો: જીવનનો ઉલ્લાસ. સાહિત્ય જીવનની પ્રફુલ્લતાનું સર્વ રંગી કથન થઇ રહ્યું. 'સંસારી રસ'માંજ ભાવનાત્મક અપૂર્વતા સીંચવામાં ને જોવામાં સરસતા સમાઇ.

અર્વાચીન સાહિત્ય મૃત્યુ જોઇ ગભરાતું નથી, પણ તેને જીવનનો એક લહાવો બનાવી મુકે છે. અર્વાચીન મન્વંતરનો મનુ નર્મદ મૃત્યુમાં પણ જીવનનો પયગંબર બને છે.

નવ કરશો કોઇ શોક;–રસિકડાં, નવ કરશો કોઇ શોક

× × ×

મુઓ હું, તમે પણ વળી મરશો, મુક્ત થશો જગ તમથી.
હરિ કૃપાથી મમ લેખ ચિત્રથી, જીવતો છઉં હું દમથી.

× × ×

મરણ પ્રેમીને ખચીત મોહ્‌દ છે, દુ:ખ વધે રૂદનથી.
જગત નીમ છે જનન મરણનો, દૃઢ રહેજો હીંમતથી.

ધીરા ભગતના 'કાચના કુપ્પા'માં મુસાફરી કરતાં અર્વાચીન કાંપતો નથી પણ નિડરતાથી ગાય છે " મૃત્યુ મરી ગયું રે લોલ."

અર્વાચીન સાહિત્યમાં રહેલા જીવનના ઉલ્લાસની ધૃષ્ટતા આગળ 'જમ કિંકર' કે

(૧) રા. ખબરદાર: મેઘને.

'ભવચોરાશી'નો હીસાબ નથી. રા. નરસિંહરાવ ફરીથી કહે છે.

> 'મૃત્યુ તણી શ્યામલ છાપ ઢાંકે,
> અનંતતામાં ક્ષણ ભંગ દાખે;
> તથાપિ એ છાયની પેલી પારે,
> દેદિપ્યમાન ચિરજીવન સિંધુ મહાલે.
> અનંત આ જીવન સિંધુ મધ્ય,
> મૃત્યુ બને બુદ્ બુદ્, તેહ સદ્ય,
> જાઓ ફુટી ને ! કંઈ વાર વારે,
> ને સિંધુ તો વહી રહે અવિરામ ધારે.

કલાપી જેવો રા. લલિતજીનો 'અશ્રુકવિ' પણ મૃત્યુથી ડરતો નથી પણ તેને લડાવે છેઃ—

> મુજ હૃદયનાં નીલાં પર્ણો જતાં સઘળાં ખરી,
> મરણ ઝરણું ખેંચી જાશે રડીશ હું ત્યાં સુધી.

રા. નાનાલાલની વીરાંગના તો જીવનના ઉલ્લાસમાં વીરના તો મૃત્યુનો મહોત્સવ રચે છેઃ—

> "ત્રીજી વાટ શોણિતની સરિતને,
> હો! શૂરના સ્નાનનો ઘાટ;
> જય કલગીએ વળજો પ્રીતમ,
> ભીંજશું ફાગે ચીર;
> નહીં તો વીરને આશ્રમ મળશું,
> હો! સુરગંગાને તીર.

પણ આ ઉલ્લાસનો પાર નથી. તે મૃત્યુની વિજેતી થઇ બેસે છેઃ

> સખિ! મારી કાંતિમાં લાગણીનાં ખપ્પર ઝીલે રે,
> સખિ! મારાં કંકણોમાં પ્રલય ગીત ગાજે છે જો.

જ્યારે આશા ને નિરાશા જીંદગીના ચાર સીમાડામાં સમાઇ રહે છે ત્યારે જીવનના લહાવા લેવાની તત્પરતા વધે છે; અને એ તત્પરતા માનવતા સિદ્ધ કરવાની વૃત્તિને પ્રબલ કરે છે; કૃત્રિમ બંધનો તોડી નાખે છે; સીમાઓની પરવા કરતી નથી. તે તો તોફાને ચઢેલા સાગરની માફક આકાશથી પાતાળ સુધી પોતાનો પ્રભાવ વીસ્તારે છે.

આ વૃત્તિથી સિદ્ધ થએલી માનવતા અમર્યાદિત, તોફાની કે ઉછ્રુંખલ પણ બને; તે નિડર ને ભયંકર થઇ શકે. બેપરવા ને વહાલસોઇ થઇ શકે. તેને આત્મસિદ્ધિ ને આત્મકથનમાંજ સંતોષ હોય છે. તેને શક્તિ ને સ્વાસ્થ્યમાંજ મોજ આવે છે. તેને માત્ર દુર્ગુણનો અભાવ મોળો પડે છે; ગુણોના પ્રબલ આવિર્ભાવમાં તેને સાફલ્ય દેખાય છે. ક્ષેત્રે ક્ષેત્રે તે સાહસ ખેડે છે; નવાં દૃષ્ટિબિંદુઓ શોધે છે કે ઉપજાવે છે; નવા પ્રસંગો રચે છે ને મહાલે છે.

નર્મદે માનવતાની આ બે વૃત્તિને 'પ્રેમ શૌર્ય'ના જીવનમંત્રમાં જડી દીધી. તે જીવનનો આ પયગંબર 'જીવ્યાની, જોવાની હોંસ' વિનાનાને 'મુવેલો જીવતો જગમાં' માને છે; ને 'થઇ ગર્દ જંગમાં મર્દ હક્ક નીજ' માગવાના સાહસથી પ્રેરાય છે. 'આભ પડો કે પૃથ્વી ફાટો' પણ 'ફત્તેહ કરીને આગળ વધશું' એ એની દૃઢ પ્રતિજ્ઞા છે. 'માન ભંગથી મરવું સારૂં' એ એનો ટેક છે. 'હીંમતની મદિરા'માં એ ચક્ચુર છે. અને એની કૃતિઓ વાંચતાં એ મદિરાનો નીશો આપણને પણ ચઢે છે; અને લાગે છે કે માનવતાનો દૃષ્ટિકોણ બદલાયો છે અને પરાક્રમી જીવન જીવવામાં—અને તેમાંજ ભાવનાત્મક અપૂર્વતા જોવામાં નવો યુગ આનંદ લે છે.

હરિહર્ષદ 'રમું રંગે, ઘુમું જંગે' ઉચ્ચારે છે; મલબારી 'દેશ દેશ સ્વાધીનતાનો' શંખ વગડાવવા તત્પર છે; બાળાશંકર દુનીઆથી બેપરવા રહી 'નિજાનંદે હમેશાં મસ્તીમાં માનંદ' લેછે; મણિલાલ 'મહાશક્તિ સંગે ધવલગિરિની પાર' ઉડવા પ્રયત્ન કરે છે.

ગોવર્ધનરામના શિષ્ટાચારી, ચિંતનશીલ, ભાવનાશીલ છતાં અસ્થિર સરસ્વતીચંદ્રની માનવતા પરિસ્થિતિ પિંજરમાંથી નીકળી આત્મસિદ્ધિની કપરી શોધ કરતાં 'ઊંડા જ્વાલામુખી જેવો' સ્વચ્છંદાચારી સંન્યાસ સ્વીકારે છે.

રા. નરસિંહરાવની આકાંક્ષા 'જીવનવન વેગે વટાવી દિવ્ય મંદિરનાં દ્વાર' ખોળવા તત્પર થાય છે. રા. નાનાલાલ ત્રિકાલ ને ત્રિભુવનની પર થઈ રસબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો ઉત્સાહ બતાવે છે.

કલાપી 'લાખો દીવાલો બાંધતા' પણ છુટી નાસવાનો અધિકાર સિદ્ધ કરે છે. ર. પૃથુ શુક્લ ધૃષ્ટતાની મસ્તીમાં ગાંડપણને અપૂર્વ બનાવે છે: "ગાંડાઓ રડે છે ને હસે છે. દુનીઆના ડાહ્યા લોક તે સમજી શકતા નથી. સમજી શકવાના નથી."

અને ગાંધીજી જીવે ને કહે છે માત્ર સ્વસ્થ ને પ્રભાવશીલ માનવતાનો આદર્શ. એ આદર્શમાં હિમાલયની અચલતા છે, સાગરની સ્વસ્થતા છે અને ઘણી વખત પુષ્પની સુકુમારતા પણ જણાય છે. કેટલાક એના વચનોમાં મધ્યકાલીન આદર્શ જુએ છે, પણ મને તે દેખાતો નથી. એની કૃતિમાં પરભવની પરવા નથી; એમાં મૃત્યુનો ભય નથી; એમાં વૃત્તિઓને ડામવાની ઉત્કંઠા નથી; એમાં સંસારમાંથી ભાવનાત્મક અપૂર્વ લઈ લેવાનો ઉદ્દેશ નથી. એણે બાંધેલી માનવતા તો આજ સંસારમાં, આજ દેહે, સત્યાગ્રહ ને સ્વાસ્થ્યની ભાવના સિદ્ધ કરવા મથે છે. મેં ઉપર જીવનમાં પ્રધાન એવી બે વૃત્તિઓનો ઉલ્લેખ કર્યો છે. એક આત્માને સિદ્ધ કરવાની; બીજી સ્ત્રીઓ તરફ આકર્ષાવાની. પહેલી વૃત્તિને પોતાના અંતરે રચેલેજ નિયમે સ્વસ્થ ને સશક્ત બનાવવામાં, વીકસાવવામાં ગાંધીજી જીવન માને છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં પ્રધાન સ્વર એ બેમાંથી માત્ર એકજ વૃત્તિએ કાઢવાના એના પ્રયાસે સાહિત્ય પર ચિરંજીવ અસર કરી છે.

પણ આ માનવતા માત્ર પરાક્રમ, સાહસ, કે ધૃષ્ટતામાં સમાઈ નથી. એનો વિસ્તાર નિઃસીમ છે. મણિલાલ ને ત્રિભુવન પ્રેમશંકર રસથી અશ્રુ સારે છે. કલાપી રુદનને અને નિરાશાને અપૂર્વ રસથી છલકાતાં કરે છે. રા. નરસિંહરાવની નિરાશા તત્ત્વચિંતનનાં ગૌરવની ટોચ સુધી ઉછળે છે.

વળી નર્મદ ને રા. નરસિંહરાવ, રા. નાનાલાલ ને રા. ખબરદાર, કલાપી ને કાંત, રા. બલવંતરાવ ને બોટાદકર, બહેન સુમતિ ને બહેન જ્યોત્સ્ના અને એવા બીજા અનેક કબીરવડથી ધ્રુવડ ને ગુલાબસુધી, ને ચંદ્રા ને ધૂમકેતુથી સિંધુ સુધી આખી સૃષ્ટિમાં અપૂર્વતા નીરખવાનો પ્રયત્ન કર્યો છે. કલાપી ને બહેન લીલાવતી કાશ્મીરના પુષ્પવનોથી મીલાનના કબ્રસ્તાન સુધી સ્થલસૌંદર્ય જોઈ શકે છે.

તેજ પ્રમાણે મનુષ્યના હૃદયના તરંગો અને સ્વભાવની ખુબીઓને સરસ રીતે વ્યક્ત કરવાના ભગીરથ પ્રયત્નો ચાલી રહ્યા છે. નર્મદ, ગોવર્ધનરામ, રા. નરસિંહરાવ, રા. નાનાલાલ, ને રા. ધૂમકેતુના આવા પ્રયત્નોનો વિસ્તાર વિશાલ છે. આ ઉપરાંત જે વક્તવ્યનાં ક્ષેત્રો પ્રણાલિકાએ નિષિદ્ધ ગણેલાં તે પણ ઘણાંએ ખેડ્યાં છે. રા. રમણભાઈ પુરાણા બ્રાહ્મણમાંથી વિનોદરસ ઉપજાવે છે; રા. મસ્તફકીર, રા. ધનસુખલાલ ને રા. જ્યોતીન્દ્ર દવે ઈબ્રાઈથી પાટલુનના પટા સુધીના વિષયોથી હસી ને હસાવી શકે છે. ગોવર્ધનરામથી રા. પૃથુ શુક્લ સુધી કેટલાક બિભત્સ રસનાં બારણાં ઠોકી પાછા આવી શકે છે. રા. બટુ ઉમરવાડીઆ અદ્દભુત ને ભયાનકરસ જમાવવાને તત્પર છે.

આ બધું શું બતાવે છે? એટલુંજ કે માનવતાની દરેકે દરેક વૃત્તિ સતેજ થઈ રહી છે; તેનાં દરેક

દરેક અંગો થનગન થનગન થઇ રહ્યાં છે. વિશાલ ને વિવિધરંગી જીવન જીવવાના સતત પ્રયાસો ચાલી રહ્યા છે; અને નાના મોટા સાહિત્યકો આ પ્રયાસોને વ્યક્ત કરવા તરવરી રહ્યા છે. જીવનનાં રહસ્યો ઉકેલતાં તેમના આદર્શોને બંધન નથી, તેમની શૈલીને શૃંખલા નથી, તેમની દૃષ્ટિને સીમા નથી, તેમના વિહારને સંકોચ નથી. જીવનના આ પયગંબરો જીવનના સંદેશ સાંભળે છે, ને સુણાવે છે. અને આ પ્રમાણે ભાવનાસિંચનથી ગુજરાતી સાહિત્યમાં દેખાતી માનવતા 'સંસારી રસ'-માં મચી રહીને 'કર્મમાં કુશળ' થઇને, આત્મસિદ્ધિનું તપ આચરતાં, ખરા યોગની–પ્રફુલ્લ ને પ્રભાવશીલ જીવનની ભાવનાબદ્ધ એકતાનતાની–ભૂમિકાએ પહોંચવાના સતત પ્રયાસો કરી રહી છે.

જેમ આત્મસિદ્ધિ મેળવવાની વૃત્તિનો વિકાસ સાહિત્યમાં દેખાય છે તેમ વિજાતિ તરફ આકર્ષાવાની વૃત્તિમાં પણ અદ્ભુત વિકાસ થએલો જરે પડે છે.

આ આકર્ષણ શારીરિક દૃષ્ટિએ કદીએ ઓછું થયું છે એ તો કંકુ મુનિથી રા. કિશોરલાલ મશરુવાળા સુધી ભાગ્યેજ કોઇ કહેવાની હીંમત કરશે. પણ મધ્યકાલમાં સ્ત્રીપુરુષના આકર્ષણમાંથી ભાવનાત્મક અપૂર્વતા લઇ કલ્પનાના વૈકુંઠમાં કે વૃંદાવનમાં રાખી આવવામાં આવી હતી. આનાથી આ વૃત્તિનો સંતોષ ક્ષુદ્રતાના તિરસ્કરણીય પ્રદેશમાંજ પડી રહ્યો; ને એ વૃત્તિએ રચેલી ભાવનાએ કૃષ્ણ ગોપીની કાલ્પનિક લીલામાં રસ જોયા કર્યો. સ્ત્રી પ્રત્યક્ષ રાક્ષસી રહી; કાલ્પનિક ગોપી દેવને દુર્લભ મનાઇ.

પણ જીવનના રસીઆ અર્વાચીનોએ સ્ત્રીમાં ભાવનાત્મક અપૂર્વતા જોવા વૃંદાવન જવા ના પાડી. તેમણે ઘરમાંજ ગોકુળ જોવાનો પ્રયત્ન કર્યો. સ્ત્રીઓમાં અપૂર્વતા જોનાં તેમણે તેમને દેવીઓનું સ્થાન આપ્યું; અને ક્ષુદ્ર મનાતા આકર્ષણને ભાવનાના રંગથી રંગી, સરસતાના સર્વોત્કૃષ્ટ શિખર પર બેસાડ્યું.

મધ્યકાલીન ને અર્વાચીનમાં આ મોટો ફેર નોંધવા જેવો છે. સ્ત્રીનું આકર્ષણ એ જીવનની મહાશક્તિ. આ જગર્જીવનની સભી શક્તિને સંસારમાં ક્ષુદ્ર, સ્થૂલભાવે જુએ એ મધ્યકાલીન; તેને નિર્મલ ભાવનારુપે જુએ એ અર્વાચીન. એને ત્યાજ્ય ને તિરસ્કરણીય માને એ જીવનનો દ્વેષી, મૃત્યુનો પયગંબર; જે તેને પૂજ્ય ને આદરણીય માને તે મૃત્યુનો દ્વેષી ને જીવનનો પયગંબર. સ્ત્રી જીવનની નિર્માતા છે. એનું સ્વતંત્ર વ્યક્તિત્વ પ્રગટે કે જીવનની દોર જરુર તેના હાથમાં જવાની. પ્રકૃતિના અવતાર સરખી એ પોતે–પુરુષકૃત નિયમોને ઉલ્લંઘી આકર્ષણની મહાશક્તિનો સ્વેચ્છાએ ઉપયોગ કરવાની. સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ છે કે નહીં એ જુદી વાત; પણ પુરુષના પગની પાનીને પૃથ્વી પર તો તે જરુર પકડી રાખવાની; અને પરિણામે જીવનની કીંમત નવે આંકે અંકાવાની; મધ્યકાલમાં પ્રસરેલો મૃત્યુનો મોહ ફરીથી પ્રગટવાનો નહીં; અને જીવન જીવવાની હોંશની હદ રહેવાની નહીં.

એક સાહિત્યક સ્ત્રી હકની હીમાયત કરતાં કહે છે કે જ્યારથી સ્ત્રીઓના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર થયો ત્યારથી અર્વાચીન કાલ દુનીઆમાં શરુ થયો. એ વાત વીશે ગમે તે અભિપ્રાય હોય પણ એટલું તો કહીજ શકાય કે જ્યારથી સાહિત્યનો નવો કાલ શરુ થયો ત્યારથી સ્ત્રીઓના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર ગુજરાતી સાહિત્યમાં થયો. નર્મદે આ બાબતમાં પણ પહેલ કરી.

મણિલાલ લખે છે:

આવું ચારિત્રનું જે પરાક્રમ શૌર્યથી પ્રકાશ પામે છે, તે પુરુષોમાંજ જણાયું છે કે જણાઈ શકે એમ માનવાનું કારણ નથી. એટલુંજ આ વીરો સ્મરણમાં રાખવાની અપેક્ષા છે કે સર્વે પુરુષો સ્ત્રીઓનાજ પુત્ર છે; ને તેમનામાં જે જે પરાક્રમ છે તે તે સ્ત્રીઓની અસરનુંજ રૂપાંતર છે. સ્ત્રીઓનાં ગીત કોઇ ગાતું નથી તેમના નામે કીર્તિસ્થંભ રોપાતા નથી, છતાં તેમની શક્તિ અગાધ અમિત, અપાર છે ને સર્વદા ગુપ્ત છતાં માણસના જીવિતમાં નિકટ જોડાએલી છે. પણ પ્રસિદ્ધ શૌર્યના દર્શનમાંએ સ્ત્રીઓની મૂર્તિઓ નથી એમ નહીં. અનેક સતીઓએ સંપત્તિ અને વિપત્તિમાં પ્રેમનુંજ અસ્ખલિત સ્વાર્પણરૂપ સેવન કરી પ્રાણાન્તે પણ તેને તજ્યો નથી. એ મહા શૌર્યનો પ્રભાવ આર્ય પ્રજા વિના બીજાને અજાણ્યોજ છે. અરે! એજ કોમલ, મૃદુ હૃદયવાળી રજપુતાણીઓએ પ્રસંગે કવચ આયુધ પણ ધારણ કરી શત્રુઓને મુંઝવી નાખ્યા છે. પ્રેમબલ! અહો, શો શૌર્ય અને ઉદાર પ્રેમનો પ્રભાવ છે કે બે વિરુદ્ધ વસ્તુનો પણ એકમાંજ યોગ કરે છે. પણ જેણે કેવળ સ્વાર્પણનોજ મહામંત્ર જપવા માંડ્યો છે તેનામાં કંઈ અસંભવિત નથી ને સ્ત્રીઓ તો તેમાં પ્રથમ અધિકાર ધરાવે છે. પરાર્થે સ્વસમર્પણમ્ એજ ખરા શૌર્ય અને ખરા ચારિત્રનું લક્ષણ છે.

ગોવર્ધનરામે અર્વાચીનતાનું આ અંગ ઘણુંજ ખીલવ્યું. જુદી જુદી વૃત્તિને આદર્શ વાળી સ્ત્રીઓ તેની કૃતિમાં પુરુષ પાત્રોનાં તેજને ઝાંખુ કરતી ફરે છે. સૌભાગ્યદેવી, ગુણસુંદરી, કુમુદ, અલકકિશોરી ને કુસુમના વ્યક્તિત્વની છાપ ક્યા ગુજરાતીના જીવનમાં નથી પડી? પણ આના કરતાંએ જ્યારે પ્રમાદધનને પરણ્યા પછી પણ કુમુદ હૃદયનાથ તરફની લાગણીઓ સેવે, સાચવે ને દર્શાવે છે; જ્યારે બુદ્ધિધનના ઘરમાં પણ ઉચ્ચારે છે:

નહીં ઉડાએ પોતાથી પણ પ્રિયની વિમાનગતિ જોઈ,
રાખત્રું એટલું રહ્યું ભાગ્ય તે રાખ! નીકર રહીશું રોઈ.

જ્યારે વસંત ગુફામાંથી વિરાગી કુમુદ સંન્યાસી સરસ્વતીચંદ્રને કહે છે:

કાયા પ્રાણનો યોગ ન માગે
પ્રાણ પ્રાણપણાથી ન રાચે
પ્રાણનાથને ચરણે પડ્યાં એ
પ્રાણનાથ તારે કે ડુબાડે
પ્રાણનાથ ડુબાડો કે તારો
રસનષ્ટ કરો કે વધારો
ક્ષમા આપો કે ક્રોધથી શાપો
હાથ ઝાલો કે લાતથી મારો
વિધાતાએ તો લેખ લખ્યો છે:
પ્રાણનાથ શું પ્રાણ જડ્યા છે!—

ત્યારે સ્ત્રી હૃદયનો, પોતે વરેલા પ્રાણેશની ભક્તિ કર્યા કરવાના અણમુલા અધિકારનો સ્વીકાર લેખક કરે છે; અને ગોવર્ધનરામ અર્વાચીનતાના એક પયગંબરની પદવી લે છે.

ગોવર્ધનયુગ પછી પણ આ સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર વધ્યોજ ચાલ્યો આવે છે; અને જેમ જીવન જીવવાનું જોમ વધે છે, તેમ આ સ્વીકાર વધતો જાય છે. મનુષ્ય સ્વભાવના નિયમોથી પર જવાની જેની કલાને મહત્વાકાંક્ષા છે એવા રા. નાનાલાલ 'જયા ને જયંત'માં જીવન જીવવાના એક લહાવા તરીકે મૃત્યુની માગણી કરે છે; સ્ત્રીઓના સ્વતંત્ર વ્યક્તિત્વના સ્વીકારને અંગે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાનું વચન પુરુષ પાસે લેવાનો હક તેમને આપે છે. જીવનની નિર્માતા જીવનનો વિધ્વંસ માગે એ અશક્ય ને ભયંકર છતાં મોહક માગણી પલ વાર મુગ્ધ કરે એવા શબ્દોમાં કવિ જયા પાસે ઉચ્ચરાવે છે:

વામાચાર્ય લોભાયો આ દેહકલામાં:
એવાં નથી, જયંત!
મોઢ આંજેલાં બ્રહ્મરાક્ષસી લોચનીઆં
મારાં કે તારાં હવે.

હિમગંગામાંથી ઉગારી મને
તે માયાની ગંગામાં ડુબાડવા?
આજ સુધી અંગને અડક્યો નથી હું,
હવે એ અંગને અભડાવીશ?

એટલુંજ નહીં પણ જીવનની ભાગ્યવિધાતા સ્ત્રી છે એ ભાવના વધતી જાય છે. મધ્યકાલનાં ને આ કાલનાં દૃષ્ટિબિંદુમાં શો મોટો ફેર પડ્યો છે તે આગળ આપેલા શામળભટના દ્રૌપદીના ચિત્ર સાથે બહેન લીલાવતીનું તેનું તેજસ્વી ચિત્ર સરખાવતાં સ્પષ્ટ થાય છે:

આ અદ્‌ભુત સ્ત્રીનો જન્મ અને મૃત્યુ બંને એના વ્યક્તિત્વની માફક સૌથી જુદી રીતેજ થયાં. એનામાં શૌર્ય હતું ને શક્તિની વાંછના હતી. એનામાં બલ હતું ને બલવાનને આકર્ષવાની શક્તિ હતી. એનામાં ગર્વ હતો અને ગર્વને સંતોષવાની તાકાત હતી. એનામાં બુદ્ધિ હતી અને તેનો ઉપયોગ કરવાની આવડત હતી. એનામાં સૌંદર્ય હતું ને તેને શણગારવાની એનામાં કલા હતી.

એને સમય ઓળખતાં ને રાહ જોતાં આવડતું; એને ધીરજ રાખતાં ને બદલો વાળતાં આવડતું. એને સ્વાશ્રયી થતાં ને પ્રસંગ ઓળખતાં આવડતું. એને સેવા સ્વીકારતાં ને સંભારી રાખતાં આવડતું.

બલ એ એનો મહામંત્ર હતો. તેજસ્વિતા એના સ્વભાવમાં હતી. શક્તિ એના હૃદયમાં હતી. મદ એની દૃષ્ટિમાં હતો.

મહાન્ પદને માટે એ સરજાઇ હતી. મહાજનોની એ મિત્ર હતી. એના સંબંધથી મહત્તા પમાતી, એના સંગથી મહત્તા કેળવાતી.

જુના આર્યાવર્તની સ્ત્રી સૃષ્ટિમાં જ્યોતિર્માલામાં સવિતા સરખી જ્વલંત અને તેજસ્વી એ સદાએ પ્રકાશશે.

આ ઉપરાંત વિજાતિ તરફના આકર્ષણનું સ્વરૂપ સાહિત્યમાં દેખાતું હતું તેમાં જે પરિવર્તન થયું છે તેનો ખરો ખ્યાલ તો અર્વાચીન સાહિત્યમાં સ્ત્રી પુરુષના સંબંધમાં જે ભાવના આવી છે તે બતાવે છે. મધ્યકાલમાં એ માત્ર સ્થૂલ સંબંધ હતો. એનો ધાર્મિક દૃષ્ટિએ ઉપયોગ માત્ર પિતૃઓનું ઋણ ફેડવાનો હતો. એમાં સંસ્કારી પુરુષોને અવિશ્વાસ અને ક્ષુદ્રતા જણાયા-જ કરતી. તે સંબંધ આજે ઇરાની કવિઓના ઇશ્કરૂપે રહ્યો નથી; જયદેવાદિ સંસ્કૃત કવિઓના 'લીલા લલામ' રૂપે રહ્યો નથી; પુરુષના વિલાસી સ્વભાવ ઉત્તેજવાના ને સંતોષવાના સમારંભ તરીકે રહ્યો નથી. સગવડ, વ્રત, વિષયવાસના કે વિલાસના પૂર્વાશ્રમો તજી એણે ભાવનાના સતત સિંચનથી વિશુદ્ધ ને તેજસ્વી સ્વરૂપ સ્વીકાર્યું છે. એમાં બંને પક્ષની સમાનતા છે; એમાં બંનેના ગૌરવ માટે માન છે; એમાં બંનેના સ્વતંત્ર વિકાસને માટે સ્થાન છે; એમાં બંનેના સંપૂર્ણ આત્મસમર્પણની જરૂર છે.

પ્રજાની ઉત્પત્તિ કરતાં વ્યક્તિના વિકાસનું એ મુખ્ય સાધન બને છે. આ પ્રકારનો 'સ્નેહ છે સત્કર્મની પ્રેરણા'. એ વ્યક્તિઓને પ્રેરે છે, ઘડે છે; તેમની જીંદગી ભાવનામય બનાવે છે; તેમનામાં જીવનનો ઉલ્લાસ પ્રેરે છે; અને અવિભાજ્ય એકતાની શોધમાં તેમને અણજાણ સ્વર્ગોમાં વીહરાવે છે. વૈકુંઠવાસી પ્રેમભક્તિને સંસારમાં પ્રસારી, ઘેરઘેર વૈકુંઠ વસાવવાનો એણે અદ્‌ભુત પ્રયોગ આરંભ્યો છે.

સ્ત્રી હવે 'જંજાલ' કે 'ત્રિયા' નથી; તેમ સનમ કે સુંદરી કે 'રમણી' કે રંભોરુ નથી. તે રસધર્મ વરનારી છે[1]; દેવી છે; 'પ્રેમામિત્રોત્ર પથમાં સહધર્મ ચારિણિ' છે[2]; 'રસમય કરતી મધુમક્ષિકા' છે[3] 'પ્રાણેશ્વરી! વ્રતિની જીવન સાથ રેરી' છે[4]; વળી 'જીવન સખી[5] જીવન ભાગી સખી[5] 'પ્રિય સખી'[6] અર્ધાત્મા છે.

(૧) ગોવર્ધનરામ. (૨) રા. નરસિંહરાવ. (૩) રા. રમણભાઈ. (૪) રા. નાનાલાલ
(૫) રા. ખબરદાર. (૬) કાંત.

કલાપીની ભાવના તો જીવનને પેલે પાર જાય છેઃ

''તું જતાં હું નહીં રહું, જીવિતનો લોભી નથી હું પ્રિયે!
તું સ્વર્ગે કર વાસ કે સમજ જે આ દાસ ઉભો તહીં.''

તેજ પ્રમાણે સ્ત્રીઓનું નવું દષ્ટિબિંદુ રા. નાનાલાલે સરસ રીતે મુકયું છેઃ

આહ જલે ધુપ જેવી, જપું મુખ આરત,
ગંધ અનંગ ભર્યો,
એ મુજ મંદિર દેવ દીપાવવા
આજ સ્વયંવર મેં આદર્યો.
સ્નેહનું કુંકુમ ભાલે લગાવી,
અંજન આંજી અમીરસનું,
સૌંદર્યના શણગાર સજી
જગ શોધું છું સ્વામી સખીવર ! હું. ૭

જોઈ હસે મુજ આંખ, ઠરે મુજ આત્મન,
પ્રેમની ભરતી ચઢે,
દાખવ દેવિ ! એ ભાખ સખિ !
મુજ વલ્લભ એ કોણ ? કયાંહી જડે ?
નેત્રે સુધા વરસે વીરલી,
ઉરમાં ઉછળે રસઓઘ, અને
પુણ્યપરાર્થી ઉદાર બહાદુર—
એ વર બાઈ ! બતાવ મને.— ૮

જેમ જેમ સ્ત્રીઓ સાહિત્યમાં ઉંચુ ને ઉંચુ પદ પામતી ગઇ તેમ સ્ત્રી પુરુષનો પરસ્પર સંબંધ વિશુદ્ધ ભાવનારૂપે વ્યકત થતો ગયો. આ નવી 'લોક લોક વિહારિણી પરમ રસ ભાવના' આજે જીવનમાં જેમ પ્રેરે છે; ક્ષુદ્રતામાં અપૂર્વતાનાં તેજ પુરે છે અને ઉછરતી પ્રજામાં જીવન જીવવાની ઉલ્લાસના પ્રગટાવે છે. એમાં ઇશ્કની મસ્તી, વિલાસનાની મોહકતા, ભક્તિની ધુન, તપની શક્તિ કાવ્યનો રસ અને યોગના ઐક્યનું સંમિશ્રણ થતું જાય છે.

૧ "અવિભક્ત આત્મા" વિષ્કંભક.

નર્મદ કહે છેઃ

અંદા નર્મદ તે એક જગે રે, પાસે પરસ્પર જોય;
રંગે રૂપે બે સરીખડાં રે, ખુબ અનુપમ રસમાં સોય રે.
અંદા નર્મદ પછી બે નહીં રે, એકજ બિંબ દેખાય;
જે પીગળી ગંગા બન્યું રે, જેમાં બીજાં પ્રેમીજનો
નહાય રે.

રા. નરસિંહરાવ સારસ પાસે આ ભાવના ઉચ્ચારાવે છેઃ—

''જો આ લહરી સરિતાતણી
તેમાં આપણ બેની છાંય,
મળી એકઠી શી મલકાય.
જીવ આપણા એમજ મળ્યા,
મરણ લગી નવ ટળશે ટળ્યા.''

કલાપી એને જુદે સ્વરૂપે કહે છેઃ—

અહો ! સાચી પ્રીતિ મધુર સ્વરના મેળ સરખી,
અહોએ નિર્મેલા હૃદયયુગલોથી નીકળતી;
અહીં જે કંપે તે સ્વર જરૂર ત્યાં કંપ કરતા,
વહે રોવું રોતાં, હસવું હસતાં એક સરખાં.

કાંતે 'વિહગયુગ્મ કિશોર રસજ્ઞ એ, રસમહીંજ પરસ્પર મગ્ન' ના પ્રણયનો ચીતાર જે આપ્યો છે એ આ ભાવનાનું સરસ દષ્ટાંત છે.

રા. નાનાલાલનાં પુસ્તકે પુસ્તકમાં આ ભાવનાનાં અનેક રંગી કથનો વેરાએલાં છે. ઈંદુકુમારના બીજા ભાગમાં કવિ આ સંબંધને સૂત્ર સ્વરૂપે આપે છેઃ

આત્મ જ્યોતિઓનો રસયોગ એ લગ્ન.

આ ભાવના આપણા સાહિત્યમાં ઉગ્ર તપનું સ્વરૂપ પણ લેતી થઇ છે. આના દષ્ટાંત માટે વશિષ્ઠની પ્રતિજ્ઞામાંથી અવતરણ આપવા મન લલચાય છે.

બ્રહ્માક્ષ! તેં મારા અંતરમાં વસીને કહ્યું કે હું ને અરુંધતી એક છીએ. દેવ? હું એના વિના જીવતો નથી–એના વિના તપ સાધી શકતો નથી. એના વિના તારાં ગુણગાન કરી શકતો નથી. પિતા તેં શીખવ્યું કે હું ને એ ભિન્ન નથી. તેં એક આત્માનાં બે અંગોને કાલ સરિતામાં તરતાં મુક્યાં. તારા વ્રતના પાલનાર્થે તેં એ અંગોને સાથે આણ્યાં. હવે અમારા એક આત્માનું દર્શન કરાવ. ધીપતિ! એ દર્શન વિના હું દુઃખી છું.

પિતા વરુણ! હુ, મારી શક્તિ, મારું તપ એ મારાં નથી; એ બધાં એ આત્માનાં છે. તે તે આત્મા બે શરીરમાં રહે છે. તે જ્યોતિ બેને જીવાડે છે. તે જ્વાલ એનાં તપોબલ જ્વલંત રાખે છે. ઋતસ્થાપક સમ્રાટ્! હવે આવજે તેજ આત્માને ઉદ્ધારવા. હવે પ્રેરજે તેજ આત્માના ઉત્સાહ ને હવે સ્વીકારજે એજ આત્માની અંજલિ; વશિષ્ઠ અને અરુંધતી જુદાં નથી. એક છે.

આદિત્ય! પિતા! હું વશિષ્ઠ–તારો પુત્ર–પુલસ્ત્ય મેધાતિથિનો શિષ્ય–હું તપોનિધિ, મારા તપના જોરથી સંકલ્પ કરું છું કે તેં સરજેલા એ આત્માનું એક ને અભેદ્ય રાખીશ.

જેમ આત્મસિદ્ધિ ભાવનાભર્યા તપથી પ્રયોગ બને છે તેમ આ ઐક્યસિદ્ધિ પણ નિડર ને નિશ્ચલ ભાવનાથી પ્રેરાઇ, પ્રેમયોગનું તપ બની રહે છે.

ગાંધીજી જેવા ઐક્યસિદ્ધિની પાંખ કાપી નાખી ઉલ્લાસને આત્મસિદ્ધિની એકજ પાંખે ઉડવા દેવાની ઇચ્છા અવારનવાર દર્શાવે છે. અડધી જીંદગી લહેરમાં ગાળી સાધુ બનેલા ટોલ્સ્ટોયના સિદ્ધાંતોના પૂજકને આ દૃષ્ટિબિંદુ સ્વાભાવિક લાગે; અને લોહી રેડાયા વિના રાષ્ટ્રીય બળવો કરવાની ઇચ્છા જેને હતી તેને આ ખામીઓ, સહેલ પણ લાગે. પણ 'એક પંખાળું તે અપંગ;' ઐક્યસિદ્ધિ વિના આત્મસિદ્ધિ જીવનમાં કે સાહિત્યમાં પામર પ્રાણીઓને માટે સરજાઇ જણાતી નથી. પ્રણયની પ્રેરણા અને માનવતાનો પ્રભાવ એ સાથેજ વીકસી શકે છે એ ગુજરાતી સાહિત્યની પ્રગતિ ઉપરથી સ્પષ્ટ દેખાય છે એ તો આપણે જોયું. ટોલસ્ટોય કે ગાંધીજીઓ ગમે તેમ માને પણ પ્રેમ–ઐક્યસિદ્ધિ–એ માત્ર શારીરિક કે સામાજિક વૃત્તિ સંતોષવાનું કે પિતૃઋણ ફેડવાનું સાધન નથી રહ્યું; પણ મધ્યકાલીન ભક્તિની માફક વિકાસ સાધવાનું, પ્રભાવ પ્રાપ્ત કરવાનું, જીવનનો ઉલ્લાસ ભોગવવાનું અને ભાવનાત્મક અપૂર્વતા સૃષ્ટિમાં જોવાનું ને અનુભવવાનું એક પ્રબલ ગાંડીવ બન્યું છે. મહાન્ જર્મન તત્ત્વવેત્તા શોફનહોર કહે છે:

જે દિવસો ને ઘડીઓમાં વિલાસવૃત્તિ પ્રબળ થાય છે–માત્ર શુષ્કને મંદ ચેતનમાંથી પ્રગટતી એક મંદ ઈચ્છારૂપે નહીં; પણ પ્રજ્વાળતી અધીરાઇરૂપે, એક તોફાની ઉત્કંઠારૂપે–ત્યારેજ આત્માની પણ મોટામાં મોટી શક્તિઓ ઉપયોગમાં આવે છે, ત્યારે સૂક્ષ્મમાં સૂક્ષ્મ મનોદશા આત્માના જબરામાં જબરા મંથન માટે તૈયાર બને છે. જ્યારે આ વૃત્તિ સંતોષ પામતી હોય ત્યારે આ બધાં ગૂઢ હોય છે; પણ જો તેની દિશા બદલવામાં આવે તો વ્યથા દેતી નિરાશાજનક વાસનાના અંધકારને બદલે હૈયામાં ઉચી આધ્યાત્મિક શક્તિઓ આત્માને તેજપુંજ સરખો બનાવી મૂકે છે.

આ કાલમાં મધ્યકાલનો પ્રધાનસ્વર કોઇક ઠેકાણે–કોઇ ભુલા પડેલા પરલોકવાસીના જેવો સંભળાય છે. તે ઘણુંખરું શુષ્ક ને નિષ્ફળ વૈરાગ્યનું રૂપ લે છે. આવાને માટે આ જીવનમાં આશા નથી; ને મધ્યકાલીન સાહિત્યકારોની માફક પરભવે વૈકુંઠ પામવાનું પણ આશ્વાસન નથી. મારા મિત્ર રા. કિશોરલાલ મશરુવાળા કહે છેઃ

સાહિત્ય સંગીત, અને કલામાં કે મૈથુન વર્જ્ય હોય, તો પણ તે ભોગની વસ્તુઓ છેઃ નિર્જન સ્થળે

જ્યારે જગતમાં કોઇ દુઃખી પ્રાણીની સેવા કરવાને અવકાશ નહીં રહ્યો હોય ત્યારે આપણે કદાચ એનો ઉપયોગ કરીશું. હું તો આજે જોઉં છું કે યુવાવસ્થાની ભરતીમાં પેસેલી અનેક સુખોની અને ભોગોની આશાઓને નિષ્ઠુરપણે ઉદી નાખવામાંજ આપણો પુરુષાર્થ રહેલો છે એને પોષવામાં નહીં.

રા. કિશોરલાલ આ ક્રૂર ને ઘાતક સૂત્રોને અહિંસાભક્તની નિર્દોષ સરલતાથી ઉચ્ચારે છે તે જોઇ કમકમાં આવ્યા વગર મને તો રહેતાં નથી. મૃત્યુના પયગંબર કરતાંએ ભયાનક એવી શુષ્કતાના આ હીમાયતીના આ સિદ્ધાંત પ્રમાણે યાવચ્ચંદ્ર દિવાકરૌ 'તૃણં ન खादन्नपि जीवमान'ની નિરુત્સાહી સ્થિતિમાંજ રહેવામાં અપૂર્વતા સમાઇ છે. આજે સાહિત્ય, સંગીત ને કલાનો ઉપભોગ ન કરીએ તો ' દુઃખી પ્રાણીની સેવા કરવાને અવકાશ નહીં હોય' એવો કેટલાએ પ્રલયકાલ પછી સમય આવે ત્યાં સુધી આશાભર્યા વાટ જોઇ બેસી રહેવાની હીંમત પામરોમાં છે કે કેમ એ કહી શકાતું નથી. મારામાં તો નથીજ એ નિર્બલતા કબુલ કરતાં મને શરમ લાગતી નથી. આપણે સદ્‌ભાગ્યે સાહિત્ય, સંગીત ને કલા વધે છે; તેનો ઉપભોગ વધારેને વધારે થતો જાય છે; તે જીવન જીવવાનો સંદેશ ઘેર ઘેર મોકલે છે; અને સંસારને પ્રફુલ્લ-ને પ્રભાવશાળી બનાવે છે.

આ પ્રમાણે અર્વાચીન ગુજરાતી સાહિત્ય-નો પ્રધાન સૂર—જીવનનો ઉલ્લાસ—આત્મસિદ્ધિ ને ઐક્યસિદ્ધિની પાંખે ચઢી ભાવનાના વ્યોમમાં અપૂર્વતા શોધતો વીહરે છે; અને શક્તિનાં, સુખનાં, સરસતાનાં ને પ્રેમનાં બીજો દશે દિશામાં વેરતો જાય છે.

એ ઉલ્લાસની પ્રગતિરેખા દોરતાં મેં—એક ન છુટકાના અપવાદ સીવાય મારા લેખોની નોંધ લીધી નથી. અર્વાચીન સાહિત્યસરિતામાં એ લેખોનું સ્થાન ક્યાં; જીવનના ઉલ્લાસની દૃષ્ટિએ એ લેખોની સંકુલતા કેટલી; ભાવનાની દ્રષ્ટિએ એ લેખોની ભૂમિકા કઇ—એ આત્મનિરીક્ષણ સમું કઠણ કામ ઉપાડવાની ઇચ્છા, હીંમત કે પરવા મને નથી.

એટલું તો હું માનું છું કે હીંદમાં ને ગુજરાતમાં, સાહિત્યમાં ને સંસારમાં જે નવું ચેતન આવ્યું છે તેના સ્પર્શના સદ્‌ભાગ્ય વિના ભાગ્યેજ કોઇ વીરલો રહ્યો હશે. આ ચેતનનો આત્મા જીવનનો ઉલ્લાસ છે. આ ઉલ્લાસ નવી દિશાઓ દેખાડે છે; નવી શક્તિઓ સરજાવે છે; નવો પ્રભાવ પ્રેરે છે; નવો આનંદ ઉપજાવે છે. તેના પ્રાબલ્યથી જીવન જીવવા-નો જુસ્સો પ્રગટે છે.

આ ઉલ્લાસ માત્ર આ દેહે અનુભવેલી સ્વાતંત્ર્ય, શક્તિ, સ્વાસ્થ્ય ને સુખમાં આત્મસિદ્ધિ દેખે છે; આ દેહે પામેલા સહજીવન, સહચાર, પ્રણય ને તાદાત્મ્યમાં ઐક્યસિદ્ધિ જુએ છે. આ આત્મસિદ્ધિ અને ઐક્યસિદ્ધિ સાધતાં મનુષ્ય, વિજેતાને અશક્ય એવું ગૌરવ, રાજાઓથી દુઃસહ એવું તેજ, ભક્તને દુઃસાધ્ય એવી મસ્તી ને યોગીઓને દુષ્પ્રાપ્ય એવો આનંદ પ્રાપ્ત કરે છે; અને વીચરે છે પૃથ્વી પર, દેવથી દુર્ધર્ષ —નવી સૃષ્ટિ સર્જતો—નવા વિનાશો રચતો—નવા આનંદમાં કલ્લોલતો—પૃથ્વીનો નાથ બનીને.

આ ઉલ્લાસને મર્યાદા માત્ર મોતની છે, મોતના પેલા પારની તેને પરવા નથી; કારણ કે આ પારજ સ્વર્ગ રચવામાં તેને શ્રદ્ધા છે અને જીવન જીવવામાં તેને પાપ જણાતું નથી.

એને નિયમન માત્ર ભાવનાનુંજ છે. ને

ઉલ્લાસને ક્ષુદ્ર થતો રોકે છે ને ઉલ્લાસની અરુચિ થવા દેતી નથી. ભાવનાજ ઉલ્લાસને સૂક્ષ્મ રાખે છે અને ન મરે કે ન ફરે એવો આત્મા તેમાં સંર્જાવી, અપૂર્વતામાં રહેલા અખુટ આનંદનો આસ્વાદ ચખાડે છે. વિશુદ્ધ ભાવનાથી પ્રેરાએલો ઉલ્લાસજ જુનાં બંધનોને તીરસ્કારી, દરેક કૃત્યને મહાન્ કરતો દરેક પંક્તિને અમર કરતો, દરેક જીવને શિવનો પ્રભાવ આપતો, 'કૃષ્ણચંદ્રની કૌમુદી સરખા' આ ગુજરાતને તેનાં જીવન અને સાહિત્યદ્વારા, બલ ને તેજ, પ્રભાવ ને પ્રેમથી પરિપૂર્ણ કરી, નવે અવતારે લઈ આવતો હું જોઉં છું.



ભુજંગિની

—:૦:—

[અનુસંધાન પૃષ્ઠ ૫૬૦ થી]

એવો માણસ ધ્યાનમાંજ હતો તેથી તે બોલ્યો: "ગઇ કાલે બાહોશી અને બહાદુરીનાં કામો કરવા માટે એક સૈનિકને ધ્યાન આપવાની મેં આપને વીનંતી કરી હતી......"

"હા, મને યાદ આવ્યું. ઘણું કરીને તેનું નામ ભુજંગસિંહ જાડેજા છે. ભલે હવે તેને પોતાનુ નસીબ અજમાવી જોવાનો વખત આવ્યો છે. આ પત્ર આપી આવી પહોંચ્યા પછી તેને પાંચ હઝારી સરદાર બનાવવો."

માનસિંહે પત્ર લખ્યો અને પુરો કર્યો ત્યાં જ એક યુવાન–નહીં બાલક–સૈનિક તેના હુકમ માટે રાહ જોતો ઉભો હતો.

"તારું નામ ભુજંગસિંહ જાડેજા?" તેણે પુછ્યું.

"જી નામદાર!"

માનસિંહે તેની તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોયું. તે માણસને ચહેરા પરથી ઓળખી શકતો. આ યુવાનના મુખ ઉપર મુછનો દોરો પણ ફુટ્યો ન હતો. છતાં તેનાં અંગે અંગમાં નીખાલસતા, ઉત્સાહ અને શૌર્ય ભર્યાં હતાં.

માનસિંહે જારી રાખ્યું: "તારા શુરાતન માટે ઇનામ આપવાની મારી પાસે ભલામણ આવી છે. પણ એકલા શુરાતન માટે તો રજપુતને કૈંજ આપી શકાય નહીં. રજપુતમાં તો શૌર્ય જોઇએ તેમ બુદ્ધિ પણ જોઇએ. વારુ, હું આ પત્ર આપું છું તે રતનસિંહ દરબારને હાથોહાથ આપવાનો છે. તેને પોતાને અથવા તેનાજ કોઇ અમલદારને આપી તેનો જવાબ લઇ આવવાનો છે. તારે દુશ્મનની નજરે પડવાનું નથી. વાર લાગે તેની હરકત નહીં, પણ જરુરનું એ છે કે પત્ર રતનસિંહને પહોંચે; દુશ્મનને ન પહોંચે એ એથી પણ વધારે જરુરનું છે" એમ કહી તે તેને પત્ર આપતો હતો ત્યાં તેને સાંભર્યું. તેણે સીપાઇને બોલાવ્યો.

"એકદમ સરદારનો પોષાક અને તલવાર પટો હાજર કરો. આજથી આ માણસ પાંચ હઝારી સરદાર છે. સરદાર, તમારાં લગ્ન થયાં છે?" તેણે પુછ્યું.

"ના, નામદાર!"

"બરાબર, મેં ધાર્યુંજ હતું. તારા જેટલી નાની ઉંમરનાને માટે એમજ ઘટે. તને કેટલાં વરસ થયાં?"

"નામદાર! આજેજ મને સોળમું વરસ પુરું થયું."

ઠાકોર માનસિંહ જરા અસ્વસ્થ થયો, પણ તરતજ બોલ્યો: "ખરેખર તારા પિતા તારા જેવા પુત્ર માટે મગરુર થશે."

હવે સૈનિકનો નિસ્તેજ થવાનો વારો હતો. દુઃખી સ્વરે તે બોલ્યો: "મારા પિતા હયાત નથી અને મારી માતા એટલી દુઃખી છે કે તેને કૈં ખબર ખુશ કરે એમ હું ધારતો નથી"

"એમ કેમ?"

"કેમ તે તો હું પણ નથી સમજતો. તે પહેલેથીજ હું તેનાથી દૂર જાઉં તેની વિરુદ્ધ છે. મને લાગે છે કે તે મને એટલી ચાહે છે કે મારાથી દૂર થઇ શકતી નથી. એક બે વાર તેણે પોતાના જીવને જોખમે મને બચાવ્યો હતો ત્યારથી મારે માટે તેને ચિંતા રહેતી હશે. માત્ર લશ્કરમાં જોડાવાની તે ના કહેતી નથી..."

ઉપલી વાતચીત જે તેને સરદાર તરીકે સર્ફ્રઇ કરતાં દરમીઆન ચાલતી હતી તે અટકી

ગઇ. સૈનિક તૈયાર થઇ ગયો. માનસિંહે છેલ્લો હુકમ આપ્યો: "જાઓ, સરદાર રહેવું કે નહીં તે હવે તમારા હાથમાં છે."

સૈનિક ગયા પછી માનસિંહ તેના સલાહકાર તરફ ફર્યો. "હવે વજુભા! આપણે હમણાં થઇ શકે તેટલું કરી ચુક્યા. પણ તમે આ વીશે હવે શું ધારો છો!" અને તેણે એક પત્ર ધર્યો.

"હવે આટલે વરસે આ પત્રના અક્ષર હું તરત ઓળખી શકું છું." વિજયસિંહ બોલ્યો.

"હા. પણ વાંચો તો ખરા, પહેલાના જેવો એ પત્ર નથી."

પત્ર ટૂંકો હતો.

"નિર્દય હત્યારા!

આજે તારા પુત્રને સોળમું વરસ પુરું થશે. જો એ તારી પાસે હોત તો આજે તેને યુવરાજ બનાવવાના ઉત્સવો ચાલી રહ્યા હોત. અને જો કે તારા ઉપર દયા દેખાડવા જેવું થોડુંજ છે છતા આજે તેની ઇચ્છાને વશ થઇ હું તારી ઉપર દયા કરુ છું. તેને પોતાના બાપ વીશે માહીતી નથી. પણ આજે તું તારા પુત્રને નજરોનજર જોઇશ તુ તેને ઓળખી શકીશ નહીં. છતાં હજીએ તેની છાતી ઉપર તે રુપેરી ઝાલર પહેરી રાખે છે અને એ ઝાલરના અવાજ સાથે નાગ જેવી એક બચપનની શાંત સુખી રાતો ફક્ત તારા હાથના સત્તા હતી તેથીજ તેં ભાર બગાડેલો તેનું સ્મરણ હંમેશ માટે જડાઇ રહ્યું છે. જો પહેલાની નિર્દયતા માટે પસ્તાવો કરી, હવે વધારે દયા રાખીશ તો તુ તારા પુત્રને ખોઇશ નહીં."

"કેમ!" માનસિંહે થોડી વારે પુછ્યું.

"નામદાર મને કંઇ સમજાતુ નથી. કોણે ધાર્યું હતું કે આમ આટલાં વરસે ભુજંગિની જાડેજી..."

"શું ભુજંગિની જાડેજી!"

"હા તેજ એનું નામ છે."

"હમણાં જે છોકરાને સરદાર બનાવી આપણે મોકલ્યો તેના નામ સાથે બહુજ મળતું આવે છે......"

વાત આગળ ચાલે તે પહેલાં એક સૈનિક અંદર દાખલ થયો. "જનાબ! એક જરુરી કાગળ છે."

ઝડપથી માનસિંહે કાગળ વાંચ્યો. "જાઓ" તેણે સ્વસ્થ ચિત્તે સૈનિકને કહ્યું. જેવો એ ગયો તેવાજ પ્રબલ ક્ષોભનાં સ્પષ્ટ ચિન્હો વિજયસિંહ જોઇ શક્યો.

"નસીબ બે ડગલાં આગળનું આગળ છે વજુભા! જે નહીં થાય એમ ધાર્યું હતું તે બન્યું છે. ધીરસિંહ સામા પક્ષમાં ભળી ગયો છે હવે પેલો પત્ર મોકલવાથી નુકસાનજ છે. કોઇને જલ્દી મોકલો અને પેલા સૈનિકને પાછો બોલાવી મંગાવો."

થોડો વખત વિધવિધ કાર્યોમાં ચાલ્યો ગયો છેવટે એક હજુરીએ ખબર આપ્યા કે જરુરી પત્ર લઇ જે સરદારને મોકલવામાં આવ્યો હતો તે આવ્યો છે. માનસિંહે તેને આવવાની આજ્ઞા કરી.

યુવાન્ આવ્યો ત્યારે તેના મુખ ઉપર મુંઝવણ અને દુઃખ હતાં. તેણે કુર્નીશ કરી.

"આખરે એ પત્ર મોકલવાનો વિચાર મેં ફેરવ્યો છે. એ પત્ર હવે વજુભાને આપો."

"નામદાર! પત્ર હવે મને જડતો નથી. મને લાગે છે......"

"મુંગામુંગા પત્ર વિજયસિંહને સુપ્રત કરશો? મને વાતો કરવાની ફુરસદ નથી."

"પણ નામદાર હું તેજ સમજી શકતો નથી. એ પત્ર મારી પાસેથી ચોરાઇ ગયે

છે. મેં એ ખોઇ નાખ્યો છે..." કંપિત સ્વરે સરદાર બોલ્યો.

"ખોઇ નાખ્યો છે!" માનસિંહ તીક્ષ્ણ સ્વરે બોલ્યો. સાંભળનાર બધા અકલિત ભયથી કંપી ઉઠયા.

"શું! તમે શું બોલો છો તેનું ભાન છે? હજી એકાદ કલાક પહેલાં મેં તમને એક મહત્ત્વનો પત્ર આપ્યો. તમારે એ રત્નસિંહનેજ આપવાનો હતો. તમે ત્યાં પહોંચો તે પહેલાં તો તમને પાછા બોલાવ્યા. પત્ર તમે રત્નસિંહને આપી શકયા નથી માટે કહું છું કે એ પત્ર પાછો રજુ કરો."

"નામદાર! પણ હું હાજર કરી શકું તેમ નથી. મેં એ પત્ર ગુમાવ્યો છે."

માનસિંહ તેના હજુરી તરફ ફર્યો. "એકદમ એક લશ્કરની ટુકડીને હથીઆર સાથે બોલાવો. જુવાન! તારો વખત ભરાઇ ચુકયો છે. હવે છેલ્લી વાર કહું છું તું એ પત્ર પાછો સોંપ."

'જુવાન'માં જવાબ આપવા જેટલું સ્વાસ્થ્ય રહ્યું ન હતું.

વિચાર અંતાં માનસિંહે પુછ્યુઃ "જુવાન! રસ્તામાં તને કોઇ મળ્યું હતું?"

"નામદાર, કોઇજ નહ. એટલે કે દુશ્મનમાંથી કોઇજ નહીં. મળ્યું હતુ તેને આ પત્રનું શું કામ હોય? તે તો ફકત સ્ત્રી હતી"

"ફકત સ્ત્રીજ કે?" માનસિંહ હસ્યો. "તેં તેની જોડે વાતચીત કરી?"

"જી નામદાર, મારી માતા મને મળી અને... .."

એટલામાં લશ્કરની ટુકડી આવી પહોંચી. તેનો હવાલદાર માનસિંહ પાસે આવ્યો અને સલામ કરી હુકમની રાહ જોઇ રહ્યો.

"જાઓ, લઇ જાઓ આ માણસને અને મેદાનમાં તેને કતલ કરો."

કચેરીમાં હસના ટકોરા થતા હતા. માત્ર સોળ વરસના સુંદર આશાભર્યા યુવાનને મરવા જતાં જોઇ બધાં અનુકંપાથી ગદ્‌ગદ્ થઇ ગયાં. યુવાન્ ભીરુ નહોતો. તે નિડર પગલે ચાલ્યો અને ક્ષણભર તો માનસિંહ અને એ યુવાન્ બેમાં વધારે ગૌરવ કોનું તે નકકી કરવું મુશકેલ થઇ પડયું. ધીરેધીરે બધા એક ઝાડ તરફ જતા હતા. યુવાનની આંખે પાટા બાંધવામાં આવ્યા. દરેક સૈનિક તલવારથી સજ્જ થઇને ઉભો. બધાં માનસિંહની આજ્ઞા માટે રાહ જોતાં હતાં.

તેવામાં એક બાઇ ઘુમટો કાઢીને માનસિંહ પાસે આવી. "આ દેખાવ સ્ત્રીને જોવા લાયક નથી" તે બોલ્યો; "બાઇ! તું ચાલી જા." "પણ મારે એક જરુરી અરજ કરવાની છે નામદાર..." માનસિંહે તેને રોકી. "દૂર કરો એ બાઇને" તે બોલ્યો; "સીપાઇઓ ચલાવો સમશેર."

યુવાનનું માથું દૂર જઇ પડયું. પુષ્કળ લોહી સાથે તેનુ શરીર મડદું થઇ નીચે પડયું.

તરત પેલી ઘુમટવાળી બાઇ આગળ આવી. "નામદાર, આ પત્ર આપનો લખેલો છે; આપને તે જોઇએ છે?"

માનસિંહ તરત બાઇ તરફ ફર્યો. કાગળ જોયો તો તે તેનોજ પેલો પત્ર, હજી ઉઘાડ્યા પણ વિનાનો હતો. "બાઇ તને ખબર છે તેં શુ કર્યું છે? થોડોક વહેલો એ પત્ર આપ્યો હોત તો પેલો આશાવંત જુવાન બચી શકત."

"નામદાર! આપ ભુલી જાઓ છો કે

આપેજ મને દૂર કરી હતી. મારું સાંભળ્યું હોત તો જુવાન બચી જાત." અકલિત તિરસ્કારના ધ્વનિથી બાઇ બોલી.

માનસિંહને તમ્મર આવ્યાં. તેણેજ આપેલા હુકમમાં બાઇને તો મનભાવતું થયું હતું એ તેણે સ્પષ્ટ જોયું.

"ભયંકર સ્ત્રી ! મને કહીશ તું કોણ છે ?"

સ્ત્રીએ પોતાનો ઘુંઘટ ખોલી નાખ્યો; માનસિંહ અને વિજયસિંહ ચમકી ગયા.

"કોણ ભુજંગિની? મારો પુત્ર ક્યાં છે!"

ભુજંગિનીની આંખમાં આંસુ હતાં. તે પેલા મુડદા પાસે ધીમે પગલે ગઇ અને તેનાં કપડાંની અંદરથી રુપેરી ઝાલર કાઢી.

માનસિંહ ફસડાઇ પડયો. "હાય નસીબ!"

બાબુલનાથનો આદેશ

[અનુસંધાન પૃષ્ઠ ૫૬૬ થી]

સંતાનો માતાના સાચા પ્રેમથી, છતાં ગરીબાઈને લીધે કંટાળીને, પાળતી નિરાધાર સ્ત્રીઓની, ચેપી રોગથી પીડાતા દરદીઓની હાર, કીડીની હાર પેઠે છેક ઉપર સુધી જતી જોઈ! માર્ગમાં "આંધળાને આપો માબાપ!" નો આર્ત સ્વર તથા જનાર આવનાર પ્રત્યેક પાસે ધરવામાં આવતા આતુર હાથ જોઈને સંન્યાસીને જાણે નવીજ સૃષ્ટિનું દ્વાર ઉઘડયું હોય તેમ લાગ્યું. તેને આખી દુનીઆ એવા માનવોથી ભરેલી દેખાવા લાગી. ઘણાં તો "મહારાજ! કુચ દેતે જાઓ, ભુખા હું" કહી તેના આશ્રમનું ભાન ભુલી સંન્યાસી પ્રત્યે પણ હાથ લંબાવતા હતા! સંન્યાસીનું હૃદય તો અંદર ને અંદર ચચણી ઉઠયું. તેને પોતાની અશક્તિનું ભાન થયું. "આ બધાનો શો ગુનહો હશે? લોકો ગરીબ કેમ થતા હશે? શા માટે પીડાતા હશે? આ બાળકોનો બેલી કોણ? તેમનો શો દોષ? સમાજ આ બધાં દુઃખોને માટે જવાબદાર ખરી કે નહીં? આ બધું પાપ કોને લાગતું જોઈએ? આ બધાની સંભાળ કોણ લેશે? આટલું દારિદ્ર આ દેશમાં કયાંથી?" વગેરે અસંખ્ય પ્રશ્નો તેના મનમાં ખડા થઈને નિરાકરણ વિનાજ શમી ગયા. તેનું હૈયું ભરાઈ આવ્યું. પોતે અશક્ત હતો એ ભાન થવાથી તેને બહુજ લાગી આવ્યું. બની શકે તો એકેએકને પોતે સુખી કરવાને ખરેખરા હૃદયથી ઝંખતો હતો તેની તેણે પોતે ફરીફરીને ખાત્રી કરી. ગઈ કાલેજ પોતે સંન્યાસની સ્વાર્થી આધ્યાત્મિકતાને પણ કોરે મુકવાનો નિશ્ચય કર્યો છે તે તેણે સંભાર્યું. તેની ખાત્રી થવા લાગી કે તેનો નિર્ણય સકારણ હતો. આ બધી વિચારમાળા પુરી થતા પહેલાં તે ઉપરના ચોગાનમાં આવી ગયો હતો.

મહાદેવના મંદિર તરફથી પુષ્પની તથા ચંદનની સુગંધી આવી રહી હતી. ઘંટાના નાદ તથા પુષ્પાંજલિના તથા પૂજાના સંકલ્પો સંભળાતા હતા. લોકોની આવજાથી ભીડ થઈ રહી હતી. સંન્યાસી પોતાની લાગણીઓને શાંત પાડવા માટે મહાદેવની સામે આવેલા ચોગાનમાં ગયો. ત્યાં પોને મંદિર નીરખવામાં પોતાની જાતને રોકવા લાગ્યો. મુંબાઈની લોભી દૃષ્ટિએ બાબુલનાથ ઉપર હુમલો કરી સ્થળસંકોચને લીધે સુંદર ખડકોવાળી નાની નાની ટેકરીઓને ઓરડીઓમાં ફેરવી નાખી મહાદેવને છેક એમના મંદિરમાં હાંકી કાઢયા હોય નહીં એમ તેને લાગ્યું. "અહીં તો બીચારા મહાદેવને પણ શ્વાસ લેવાને કે શાંતિ અનુભવવાને જગો નથી તો પછી માણસને તે કયાંથી હોય?" ક્ષુદ્ર મનુષ્યો પર્વતશિખર ઉપર વિરાજતા દેવનાં સાખપડોસી થઈ રહેલાં તેણે જોયાં. મંદિરની બદસુરત બાંધણી તથા કૃત્રિમતાનો દમામ જોઈ તે મુંબાઈગરાઓની કલાહીનતાને મનમાં શાપ દેવા લાગ્યો. મંદિરમાં વીજળીના દીવાઓ તથા ચકચકતી, ઢંગધડા વગરના રંગ તથા ભાતની લાદીઓ જ્યાં ત્યાં મઢેલી જોઈ તેને મુંબાઈના મેમણોની બીલોરી કાચના સામાનની દુકાનો તથા દક્ષિણમાં મહાન્ શૈવ મંદિરમાં લટકતા સુંદર દીવાઓ યાદ આવ્યા. મંદિરની ઓસરી ઉપર તેણે સેંટ થોમનું એક ઘડીઆળ જોયું! મંદિર જેવા સ્થલમાં શંકરની સામે ઘડીઆળ શોભામાં વૃદ્ધિ કરી શકે એ વિચાર કયા કલ્પદ્રુપ ભેજામાં આવ્યો હશે એ પ્રશ્ન સંન્યાસી મનમાં વીચારતો વીચારતો મંદિરમાં

પગથીઆં ચઢ્યો. મહાદેવના ગર્ભદ્વારની આજુબાજુ તેણે લેખ કોતરેલો જોયો. મૃત્યુંજયનો ત્ર્યંબકમ્ થી શરુ થતો અમરમંત્ર કે રુદ્રીની સુંદર ઋચાઓ જોવાની તેણે રાખેલી આશાઓ વ્યર્થ ગઇ। ઉલટું, કયો કેસ ક્યારે જીતાએલો તેની નોંધ તથા હાઇકોર્ટના છેલ્લા ચુકાદાની અક્ષરે અક્ષર નકલ આરસમાં તેણે કોતરેલી જોઇ। તેના તિરસ્કારનો પાર રહ્યો નહીં. શોકમાંથી નીકળવા જતાં તેનામાં ક્રોધની વૃત્તિ થઇ આવી.

તે મનમાંજ બોલી ઉઠ્યોઃ "શું મંદિર! અને શી શોભા! કોઇ સ્થળે ગંભીરતા કે ઉદાત્તતા, સંયમ કે સુંદરતા મળેજ નહીં! જ્યાં જુઓ ત્યાં ઉછાંછળાપણું, કૃત્રિમતા, ડોળ ને દમામ। આ લોકોનો દેવ પણ સંયમ રાખી શકતો નથી. શંકરની મહત્તા આ ચકચકાટ ઉપર છે કે શું? કે પોતાના ભક્તોને આંજી નાખી પોતાની ખોટી મહત્તાનો દંભ આ બધો ઝાકઝમાળ કરીને તે સાચવી રહ્યો છે?" વિચાર કરીને તેણે આગળ ચલાવ્યું: "દેવ શું કરે? 'દેવ તેવી પૂજા' એવું પહેલાં સાંભળ્યું હતું. પરંતુ. 'લોક તેવા દેવ' અને 'લોક તેવી તેમની પૂજા' એ નવું સૂત્ર આ સુંદર સ્થળે આવી રહેલા મંદિરને બદસુરત કરી મુકનાર પૂજકોએ આજે મને શીખવ્યું." ગામથી દૂર સુંદર. પંચવૃક્ષોની ઘટામાં નર્મદા તથા તાપીને કીનારે આવી રહેલાં એકાંત, શાંત શિવાલયોમાં ગાળેલા દિવસો તેને યાદ આવ્યા. તેના કલારસિક હૃદયમાં જુદીજ ઊર્મિઓ ઉભરાઇ.

"પરંતુ શંકર કેમ કંઇ આ બાબતનો ઉપાય કરતા નથી!" તેના મનમાં પ્રશ્ન થયો. ફરીને નીચે જોઇ બે હારો તેને યાદ આવી; તેનું હૃદય ફરીને ભરાઇ આવ્યું. દર્શન કર્યા વિનાજ તે મંદિરની પાછળ આવેલી દરિદ્ર કુટુંબોને રહેવાની ઓરડીઓ તરફ ગયો. એક ગૃહસ્થ તેને ઉપર ચઢતો તથા વિચારમાં મગ્ન થએલો જોયો હતો. ન સમજાય એવા કારણથી તે સંન્યાસીની પાછળ મંદિરની પ્રદક્ષિણા કરવાને બહાને ગયો હોય એમ દેખાયું. સંન્યાસીનું મુખ લાલચોળ થઇ ગયું હતું. નાકમાંથી દીર્ઘ શ્વાસ નીકળતો હતો. નેત્રોમાં પાંપણ આગળ આંસુ આવીને અટક્યાં હતાં. તેની છાતી ઉંચીનીચી થતી હતી. પેલો ગૃહસ્થ આવ્યો. તેણે તાકીતાકીને તેના સામે જોયું. સંન્યાસીની દૃષ્ટિ તેના પર પડતાંજ તે એકદમ મહાદેવની સામે દૂર આવેલી ચોરસ જગોમાં જઇ નીચે દેખાતું મુંબાઇનું દૃશ્ય જોવામાં રોકાયો હોય તેમ બહાર જોતો ઉભો. પેલો ગૃહસ્થ દર્શન કરી જાણે તેની પુંઠે પડયો હોય તેમ ધીમેથી તેની પાસે આવીને "મહારાજ, જય સચ્ચિદાનંદ" કહીને તેને પગે પડયો.

તરુણ સંન્યાસી કશું સમજી શકે તે પહેલાં તેણેજ ચલાવ્યું: "મહારાજ! આપને જોયા ત્યારથીજ મારા મનમાં પૂજ્યભાવ થયો છે." સંન્યાસી વિચાર કરી શકે તે પહેલાં તેણે રોકેલાં અશ્રુબિંદુઓ તેના ગાલ ઉપર પડ્યાં. ટેકરી નીચે આવેલા મુંબાઇના દૃશ્ય પ્રત્યે દૃષ્ટિ રાખી સંન્યાસીએ તે લુછી નાખ્યાં. તેણે તે ગૃહસ્થ તરફ જોયું. કોઇ સારી સ્થિતિનો ભાવિક ભક્ત તેની પાસે યાચના કરતો હતો એમ તેને સ્પષ્ટ જણાઇ આવ્યું. પરંતુ પોતે તેને શો બોધ આપી શકે એ વિચાર કરતાં તે પોતાની જાતના ઉપર મનમાંજ હસ્યો.

"બોધનાં બે વચન આપની પાસે સાંભળવા-

ની ઇચ્છા છે; સંભળાવો તો આપની કૃપા!" પેલા ગૃહસ્થે જણાવ્યું.

"જ્યારે એને આટલી બધી શ્રદ્ધા છે ત્યારે મારા વચનથી એને લાભ થાય પણ ખરો. હું જે માનું છું તે એને કહેવામાં શો ગેરલાભ?" એવો વિચાર મનમાં કરી તેણે તે માણસને કહ્યું: "મારો બોધ તમને રુચશે નહીં. તમે મને નાસ્તિક કહેશો. માટે તમે તમારું કામ કરો તો સારું."

"આપનો બોધ સમજવાની શક્તિ હશે તો સમજીને અનુસરવા પ્રયત્ન કરીશ. મારું મન મને કહે છે કે આપનો બોધ મને કલ્યાણનો માર્ગ બતાવશે" તે ગૃહસ્થે પોતાની આંતરવૃત્તિ જણાવી.

"સારું ત્યારે, હું કૈં આવાં પૂજન અર્ચનમાં માનતો નથી. મને ક્રિયાકાંડોમાં શ્રદ્ધા નથી."

"ઘણા જ્ઞાનમાર્ગીઓને પણ હોતી નથી, મહારાજ!" તે માણસે ઉમેર્યું.

"હા, પણ મારો જ્ઞાનમાર્ગ જુદો છે. જુના જ્ઞાનને પણ હું માનતો નથી. હું તો માનવની પૂજામાં, માનવની ભક્તિમાં, માનવના સેવામાં માનું છું."

"આપનું કહેવું ખરું છે, મહારાજ! શાસ્ત્રોમાં પણ પ્રત્યેક માનવને પ્રભુ ગણવાનું કહેલું છે."

"એ બધું હું જાણતો નથી. હું તો માનવની માનવ તરીકેજ મહત્તા જોઇને તેની ભક્તિમાં ધર્મની પરાકાષ્ટા જોઉં છું. આટ આટલા માણસો અહીં પૂજા, દર્શનને બહાને આવતા હોય અને છતાં પોતાના નિરાધાર, પતિત અને દુઃખી માનવબંધુઓ પ્રત્યે નિષ્ઠુર બની રહેલા જોઇને મને તેમના ધર્મ ઉપર તિરસ્કાર આવે છે."

સંન્યાસીએ જોયું કે પોતાની લાગણીઓને વશ થઇ જુસ્સામાં બોલતાં તેણે કૈંક અતિશયોક્તિ કરી હતી. તેણે ટુંકેથી પતાવવાને માટે કહ્યું: "પરંતુ એ બધી લાંબી વાતમાં શો લાભ? શ્રી રામચંદ્રને વશિષ્ટ ઋષિએ જે બોધ આપ્યો હતો તેજ હું તમને જણાવું છું; તમે તેના ઉપર વિચાર કરજો. વશિષ્ટ ઋષિએ કહ્યું છે કે,

येन केन प्रकारेण यस्य कस्यापि देहिनः।
संतोषं जनयेद्राम तदेवेश्वर पूजनम्॥

"કોઇપણ પ્રકારે કોઇપણ પ્રાણીને સંતોષ આપવો એજ ઇશ્વર પૂજા છે"— આ મારો ધર્મબોધ છે. થાય તેટલું કરજો,— આવડશે તો સર્વજીવન ઇશ્વરપૂજાજ થઇ રહેશે—સંન્યાસી ત્યાંથી મહાદેવની પાસે આવેલા રાધાકૃષ્ણના મંદિરની ઓસરી તરફ ચાલ્યો ગયો. વિસ્મિત થએલો ગૃહસ્થ તેને પગે લાગ્યો તે પણ તેણે જોયું નહીં.

તે ગૃહસ્થને જાણે જીવનમંત્ર મળ્યો હોય તેવો સંતોષ થયો. આજે લાંબે વખતે પોતાની ભક્તિનો બદલો તેને મળ્યો હોય તેવી લાગણી તેના મુખ ઉપર જણાતી હતી. પોતાના મનમાં આ નવા મંત્રનો અમલ કરવાનો શુભ સંકલ્પ કરી તે ધીમે પગલે નીચે ઉતરવા લાગ્યો.

× × ×

સંન્યાસીએ હજી સુધી શંકરનાં દર્શન કર્યાં ન હતાં. તેણે એમ ને એમ પાછા ફરવાનો વિચાર કર્યો પરંતુ. આટલે સુધી આવી દર્શન કર્યા વગર જવું તેને ઠીક લાગ્યું નહીં. હૃદયના ઉંડાણમાં છુપાઇ રહેલી શ્રદ્ધા તેને પ્રેરતી હતી. તે ફરીથી મંદિરમાં ગયો અને શંકરના બાણ પ્રત્યે સ્થિર દૃષ્ટિ કરી ભક્તિભાવથી દર્શન કરવા લાગ્યો. મનનાં

મંથનથી થાકેલો તેનો આત્મા કોઇનું શરણ શોધતો હતો. તેને મનમાં થયું કે મુંબાઇની કલાહીનતાથી ઘેરાએલો છતાં હિમાલયની ગગનચુંબી ઉચ્ચતામાં સંસારના છાછરા ભાવોથી અસ્પર્શ્ય તથા કૈલાસના અચલ શાંત હિમરાશિમાં બીરાજતો શંકર તેજ હતો. કાશ્મીરના "અમરનાથ"નું તેણે પોતાની પરિવ્રાજક અવસ્થામાં દર્શન કરેલું તે તેને યાદ આવ્યું. અખંડ શાંતિ, ભવ્ય ઉદાસીનતા અને નિશ્ચલ તટસ્થતાના સ્વામી મહાદેવનું તે સ્મરણ કરવા લાગ્યો. મહાકાળની જટામાંથી જ્ઞાનનો પતિતપાવન ભાગીરથીસ્રોત સતત વહે છે તે યાદ આવ્યું. ભગવાન્ શંકરના દેહ ઉપર વિશ્વની સમૃદ્ધિને તૃણવત્ ગણનાર વૈરાગ્ય-વિભૂતિ ચોળેલી હતી. વિશ્વની અખંડ બલાને તાલબદ્ધ કરનાર નટરાજના હાથમાં તેણે ડમરુ તથા પાપનાશક ત્રિશૂલ જોયાં. ભાલમાંથી ક્ષુદ્ર કામવાસનાને ભસ્મ કરનાર નનેત્રમાં જ્ઞાનાગ્નિની જ્યોત્ જોઇ તે ંજાયો. રુદ્રની રુદ્રતાનો ખ્યાલ આવતાં તે ગ ભયભીત થયો—છતાં પણ હીંમત રાખી, ણે શંકરને પોતાની અંતરવેદના નિવેદન ી-ફરીફરીને જગતનાં દુઃખો જણાવ્યાં, ોતાની નિર્બલતા જણાવી પોતાને શક્તિ ાપવાને પ્રાર્થના કરી.

તેને એમ લાગ્યું કે શંકરે તેને કશો પણ ઉત્તર આપ્યો નહીં. તેની નિષ્ફલતાથી તે કચવાયો. શંકર તો અગમ્ય, ગાઢ સમાધિમાં લીન થએલા હતા એમ તેને લાગ્યું. પોતાના પ્રશ્નોને તુચ્છ ગણી તેમની તે પરવા કરતા નથી એવી તેની ખાત્રી થવા લાગી. છતાં મનમાં સ્ફુર્યું "શંકર ભોળાનાથ છે-જલદી રીઝે છે"-તુર્ત જ તેણે જાણે કોઇએ તેને ઉત્તર આપ્યો-"અનંતકાળથી તારા વિશ્વનાં દ્વંદ્વોને જોનારા, મને, તારા જેવી લાગણી ક્યાંથી થાય? કાલ અને દિશાની શતરંજ ઉપર તો આવી કેટલીએ બાજીઓ ખેલાઇ ચુકી! તું ન હતો, ત્યારે પણ વિશ્વ હતું! તું ન હતો થશે, ત્યારે પણ વિશ્વ હશે!-અને હું તો મહાસાગર પેઠે જેવો ને તેવો અચલ પ્રતિષ્ઠ હોઇશ."—

"શું આ વિચિત્ર ઉત્તર ખરો હતો?" ખરો હોય કે ન હોય, પરંતુ સંતોષકારક હતો?" એ પ્રશ્ન સંન્યાસીના મનમાં રમી રહ્યો. તેને સંતોષ થયો નહીં. શંકર પોતાના આત્માનંદની લહેર—ભાંગ—માં હતા એમ તેને લાગ્યું. તેને મહાશક્તિનો વિચાર આવ્યો. માતા પ્રત્યે જોઇ-નેત્રો મીંચી તે પ્રાર્થના કરવા લાગ્યો.

'ઘરની લાજ રાખવી સ્ત્રીઓનું કામ છે. કદાચ કલિકાળની અસર જગતપિતા શંકરને થઇ લાગે છે પરંતુ ચારે યુગમાં માતા! તારો મહિમા કદી ઓછો થયો છે? તેને તો પોતાની સૃષ્ટિની દરકાર નથી, પરંતુ તું તો હજી તેની તે "મા" છે. તને સૃષ્ટિની દરકાર ન હોય તો ગાય વાછરડાં ખાતર તથા કાયર ગણાતી કુકડી પોતાનાં બચ્ચાં માટે પોતાના જાન આપવા શા માટે તત્પર થાય? માતા તારે નામે આટલા બધા ભુખે મરે તે તને જરાએ લાગતું નથી—? આવાં દૃશ્યો જગતને ક્યાં સુધી જોવાનાં છે?"——સંન્યાસીને મનમાં લાગ્યું કે તેની પ્રાર્થના મહાશક્તિએ સાંભળી. તેના મનમાંજ પ્રત્યુત્તર ઉદ્ભવ્યો.

"આ પ્રજામાં પ્રાણ નથી-જીવનનું જોમ નથી-રજોગુણ નથી."

"હું પણ એજ આશ્ચર્ય પામું છું." જાણે પોતે કોઇને ઉત્તર આપતો હોય તેમ સંન્યાસી બોલ્યો.

"શા માટે તેઓ લૂંટફાટ કરતા નથી? મુંબાઇમાં દરરોજ ખુનામરકી કેમ થતી નથી? આમ ધીમેધીમે અને શ્વાસેશ્વાસે મરવાનું તેઓ શા માટે પસંદ કરે છે?"

"માનવ માત્ર શ્વાસેશ્વાસે મરણ પામી રહ્યાં છે, પરંતુ તમોગુણનું મૃત્યુ એમનાં કર્મનો પરિપાક છે" સંન્યાસીને બીજો પ્રત્યુત્તર મળ્યો.

"મારે ન્યાયાધીશનો ફેંસલો નથી જોઇતો! કાયદાની કલમ પ્રમાણે શિક્ષા બરાબર અપાઇ છે કે નહીં તે મારે તપાસવું નથી" તે લાગણીભર્યા જુસ્સામાં બોલી ઉઠયો; "મારે તો દયાધનની દયા જોઇએ છે." તેનું હૃદય પીગળવા માંડયું; "મારે તો મા! એક પળમાં દુઃખનું હરણ કરનાર તારી મીઠી અમીદૃષ્ટિ જોઇએ છે."

"માનવના વિશ્વમાં ચમત્કાર કરવાનો નિયમ પ્રવર્તતો નથી." તેને રોકડો ઉત્તર મળ્યો. તેનું હૃદય દુભાયું. નિરાશા અને કરડાકીનું મિશ્રણ કરતાં તેણે કહ્યું—

"ખરું છે! આટઆટલે દૂરથી તારે નામે ચાલ્યા આવે—તને બલિદાન આપે તેમને આવોજ બદલો ઘટે."

તેને અંતરમાં ધ્વનિરુપે ઉત્તર મળ્યોઃ "બસ કર! તારું અજ્ઞાન તારી પાસે રહેવા દે!" સંન્યાસીને જાણે કોઇએ ફટકો માર્યો હોય —ની લાગણી થઇ! તે ચમક્યો. પોતે મંદિરમાં ઉભો હતો ત્યાં બે મારવાડી બ્રાહ્મણો દક્ષિણા માટે લઢતા લઢતા આવી તેની જોડે જોરથી અથડાયા હતા. બંને છુટા પડી ગયા. એક તેને કહ્યું: "કેમ મહારાજ! દેખાતું નથી? ક્યારના ઠોયાની પેઠે ઉભાં છો તે?"

સંન્યાસી તિરસ્કારની લાગણીને દબાવી પોતાના અંતરમાં જે ધ્વનિ થયો હતો તેનાં ઉપર વિચાર કરવા લાગ્યો. તેને તે ઉત્તર સાચો લાગ્યો. તેણે આજુબાજુ દૃષ્ટિ નાખી, સમુદ્ર કીનારે જોએલાં દશ્યો યાદ કર્યાં; પેલો જુગારી, યુવતીની મશ્કરી કરનાર યુવાનો, ખાવાના પદાર્થોની દુકાનો વગેરે તેની માનસિક દૃષ્ટિ આગળ ખડાં થયાં તેણે નહીં અવલોકેલી એવા અસંખ્ય લોકોમાં કાર્ય કરી રહેલી વિધવિધ અધોગામી વૃત્તિઓ તેણે કલ્પના વડે જોઇ; તે બોલ્યોઃ "ખરું છે. કોણ શંકરને માટે અહીં આવે છે? કોણ તેને બલિદાન આપે છે?"

સંન્યાસીને અંતરમાં જ્ઞાનનો પ્રકાશ થતો લાગ્યો. મહાકાલ તથા મહાશક્તિ તેને સાચાં લાગ્યાં. તેના હૃદયમાં ભક્તિભાવ થયો. તે અંતરમાંજ મહાશક્તિને પ્રણતિ કરવા લાગ્યો. ફરીથી ધ્વનિ જાગ્રત થયો. "મારે માટે અહીં કોણ આવે છે? મારે માટે જે જેટલું કરે છે, તેને અહીં આવ્યા વિના પણ હું અમી છાંટો નાખીને પાછું વાળું નહીં તો વિશ્વ કેમ ટકી રહે?"

સંન્યાસી અંતરમાં શરમાયો; પોતાની અશ્રદ્ધાનો તેને પશ્ચાતાપ થયો. તેણે આખો મેળો મહાશક્તિનું અપમાન કરતો જોયો. ધ્વનિ તો ચાલુજ હતો.

"મારે માટે જે આહૂતિ આવતી હોય છે, તેને અડધે રસ્તે લુંટી જનારા અવિદ્યાના ઉપાસકો હજી માનવજાતિમાં છે. માનવમાં માનવતા હજી આવી નથી, હજી તો તે માનવ દેહ પશુ સમો છે. માનવતાની પૂર્ણતા એટલે જ પ્રભુત્વ."

સંન્યાસીની દલીલો અલોપ થઇ. તેની દૃષ્ટિ આગળ મહાકાળ અને મહાશક્તિની આહૂતિઓનું હરણ કરનાર અવિદ્યા, અજ્ઞાન, તમોગુણ, વિલાસવૃત્તિ, સ્વાર્થ, અહંતા, લોભ,

વહેમ, વ્યસન વગેરે મૂર્તસ્વરૂપે તેને દેખાવા લાગ્યાં. માનવ હજી પશુ છે એ તેણે પ્રત્યક્ષ જોયું. તેની ખાત્રી થઇ કે અવિદ્યાની એ શક્તિઓને જીતવાને તે મથતો હતો. તે બધી તેની પોતાની મીલ્કત ન હતી. આખા વિશ્વમાં કાર્ય કરી રહેલી તે શક્તિઓ હતી.

ધ્વનિ તો ચાલુજ હતોઃ "મારું કામ તો એ પ્રભુત્વ પ્રગટાવવાનું છે."

સંન્યાસીને પોતાના માનવભક્તિના વિચારો નાસતા લાગ્યા. તેની ખાત્રી થઇ કે આ બળોને જીતી પૂર્ણતા પ્રગટાવવી એ માનવતાની પરિસીમા હતી. એ કાર્યમાં તેને માનવની સેવા તથા જનહિત અને લોકસંગ્રહ પણ દેખાયા; યુગે યુગે શંકર અવિદ્યાના મૂર્તસ્વરૂપ થઇ બેઠેલા કોઇ રાક્ષસનો સંહાર કરે છે તેનો અર્થ સંન્યાસીના મનમાં વીજળીના ચમકાર પેઠે ઝબકી ઉઠયો. તેણે મહાશક્તિ પાસે આદેશ માગ્યોઃ "મારા એ કાર્યમાં જીવન સમર્પણ કર, હું તને સહાય કરીશ." તેને આદેશ મળ્યો; સંન્યાસીનાં રુવા ઉભાં થઇ ગયાં. જે કર્મ તે સ્વાર્થને ખાતર કરવાનો હતો તે તેણે મહાશક્તિને માટે કરવાનો દૃઢસંકલ્પ કર્યો. જ્યાં સુધી પ્રભુત્વ પ્રગટે નહીં ત્યાં સુધી કદીપણ નહીં જંપવાનો તેણે નિશ્ચય કર્યો. તેણે મહાશક્તિની મૂર્તિના દર્શન કરીને નીચે જવાનો વિચાર કર્યો. તે માતાની આખી મૂર્તિ જોઇ શકયો નહીં. તેણે "અભય" અને "વરદ" મુદ્રામાં સ્થિર થએલી તેની તેજસ્વી હથેલીઓ જોઇ. તે વિસ્મિત થયો. બીજીજ ક્ષણે તેની દૃષ્ટિ આગળ અંધકારનો પડદો પડયો. ફુલ તથા બીલીપત્રના ઢગલામાં અદૃશ્ય શંકર, તેની ઉપર જલાધારી તથા પૂજાની સામગ્રી અને પૂજા કરતા લોકોને તેણે મંદિરમાં જોયા. તેના મનમાં એકજ પ્રશ્ન રહ્યો હતો. તેને જનમેદની યાદ આવી. તેણે માતાને અંતરમાં પ્રશ્ન કર્યોઃ "મા, આ બધાની સંભાળ તું લેશ?"

જાણે મશ્કરી ભરેલે અવાજે કોઇએ તેને કહ્યુંઃ "એ બધાં તારાં છે, તેના કરતાં મારાં વધારે છે. તારું ડહાપણ અજ્ઞાનભર્યું છે, મારી નિષ્ઠુરતા જ્ઞાનપ્રેરિત અને કલ્યાણકારી છે."

આદેશ પ્રમાણે વર્તવાનો નિશ્ચય કરી સંન્યાસી પાછો ફરવા લાગ્યો. તેને ગ્રહણ વખતે મળેલો વૃદ્ધ સાધુ યાદ આવ્યો. તેને ભારે આશ્ચર્ય થયું. તે મળે તો તેની પાસે દીક્ષા પણ લેવાનો વિચાર કર્યો.

પાછા ઉતરતાં માર્ગમાં ભીખારીઓના પાત્રમાં દાણા તથા પૈસા પડેલા જોયા. રજોગુણી દાનવૃત્તિવાળાઓને દાન કરવાનો સંતોષ મળતો અશાંત હૃદયે ઉપર જતા, તેઓ કંઇક અંશે શાંતિનો અનુભવ ત્યાંના વાતાવરણમાં કરતા હતા. ચિંતાતુર લોકો ત્યાં ઘડીક ચિંતા વીસરતા. જે હેતુ સાધવા લોકો આવતા તે સધાતો તેને લાગ્યો. આ સઘળું જોતાં તેનાથી બોલાઇ જવાયુંઃ "શંકર! તું પણ અદ્ભુત તો ખરો!" સંન્યાસી નીચે ઉતરી મેદનીમાં અદૃશ્ય થઇ જવા લાગ્યો. જતાં જતાં તેણે શ્રદ્ધાભક્તિભરી એક દૃષ્ટિ બાબુલનાથની ટેકરી તરફ નાખી. ત્યાં તેણે શું જોયું? વિધવિધ વૃત્તિઓના સમૂહથી ડોલી રહેલા સમદ્ર જેવો માનવસાગર નીચે ઝોલાં ખાતો હતો. કાંચનજંગાના શિખર જેટલી આકાશમાં ઉંચે ગએલી બાબુલનાથની ટેકરી ઉપર શંકર તો શાંત, અગાધ, અખંડ તટસ્થતામાં પદ્માસને બીરાજી શાશ્વતી

પ્રત્યે અર્ધનિમીલિત નેત્રે જોઇ રહ્યા હતા. તે સાગર તેમનો સ્પર્શ કરી શકતો નહીં. કેવળ નાની સરખી ઝીણી ફુવારાની ધાર તે સમુદ્રમાંથી ઉંચે ઉડી તેમના ચરણનો સ્પર્શ કરતી હતી; અને ભોળાનાથના મસ્તક ઉપર-થી પતિતપાવની ભાગીરથીનો મંગળદાયી, તેજસ્વી પ્રવાહ તે સમુદ્રના ઉપર અનંત ધારે જલાધારી કરી રહ્યો હતો! ઘડીકમાં તે દૃશ્ય જતું રહ્યું ને શ્રાવણનાં વાદળાંઓમાંથી ઝરમર ઝરમર વૃષ્ટિ થવા લાગી!



તનમનની મહેનત કરનારાં!

ઝંડુનું

નમુનેદાર ચારણ

કેસરી જીવન

તમે વાપર્યું કે?

સુશોભિત—સુવાસિત—સ્વાદિષ્ટ—પૌષ્ટિક

રસાયનરૂપ લીલાં રસદાર આમળાં સાથે રસસિંદુર, અભ્રક, કેસર, કસ્તુરી અને બીજાં દીપન પાચન તથા પૌષ્ટિક ઔષધો મેળવી બનાવેલું

મહારસાયન

તમે
માંદાં હો કે સાજાં હો
નબળાં હો કે સબળાં હો
નાનાં હો કે મોટાં હો
સ્ત્રી હો કે પુરૂષ હો
તમે જે હો તે

ઝંડુના કેસરી જીવનનો એક પોટ

લઇ જાઓ: આજેજ મંગાવી લ્યો:

તનમનની મહેનત માટે તૈયાર થવા માંડો

ઝંડુ
ફાર્માસ્યુટિકલ
વર્કસ, લી૦

કારખાનું: એલ્ફીન્સ્ટન રોડ, મુંબાઇ ૧૩

મુખ્ય દુકાન: કાલબાદેવી રોડ, મુંબાઇ ૨

કેસરી જીવન–રતલ ૧ના રૂ. ૫, રતલ ના રૂ. ૨॥, નાનો રૂ. ૧॥

કેસરી જીવનનું માહિતીપત્ર તથા આયુર્વેદિક દવાઓનું સુચીપત્ર તાકીદે મંગાવો

મોહન માયા

[અનુસંધાન પૃષ્ઠ ૫૭૨ થી]

મધુરી

ત્યારે તો અવશ્ય ટાગોર હોવો જોઇએ, કારણ ટાગોર વિના તૈયબજી પાસે જવાની હીંમત...

પુષ્પા

[દુઃખી દીલે] પણ બહેન! હવે મને યાદ આવે છે કે મેં જ્યારે પ્રથમ તૈયબજીનું નામ આપ્યું ત્યારે એમણે જવાની આનાકાની કરી; પણ જ્યારે નરોત્તમભાઇએ કહ્યું કે એ બીચારો વૃદ્ધ, અંધ છે. અને કાને પણ બરાબર સાંભળી ન શકે ત્યારે જવાની હીંમત કરી.

માયાવતી

હં! ત્યારે એનો ભેદ તૈયબજીથી કેં કળાય?

મધુરી

વારુ, આ ગુંચવણ કેમ ઉકેલવી ત્યારે?

માયાવતી

હું પણ તૈયબજી પાસે જાઉં. એની પાસે ટાગોરની કૈં અંગત બાતમી મેળવું.

મધુરી

ધ્યાન રાખજે ફોઇબા! જેમણે આ કાવત્રું રચ્યું છે તેને ખબર પડી તો...

માયાવતી

નિશ્ચિંત રહે. કોઇને ખબર નહીં પડવા દઉં [જમણે દ્વારેથી જાય છે.]

પુષ્પા

[આશામાં] ઓ, મધુબ્હેન, આ ખરું હોય તો-એ ટાગોર ન હોય તો કેવું સારું?

મધુરી

મને તો આશા નથી. વૈદરાજ જીવરાજ કૈં એટલી બધી ગફલત કરે? [બાગમાંથી સારાભાઇ આવે છે. તેણે અત્યારે સફેદ ખાદીનો લાંબો સાયા જેવો ઝભ્ભો પહેર્યો છે, એટલે ટાગોર સમ દેખાવ એનો પણ ઠીક થયો લાગે છે.]

સારાભાઇ

[પુષ્પાને ઇશારત વડે મૌન રહેવા કહે છે. મધુરીને] મુંબાઇના અંબાલાલ શેઠ અહીંજ રહે છે કે?

મધુરી

[ચમકી ગઇ.] જી હા. બેસો સાહેબ. હું મારા બાપાને બોલાવું. [જવા લાગે છે.]

સારાભાઇ

કૈં જરુર નથી. [તેને જતી અટકાવે છે. બાથમાં લેઇ આલિંગન કરે છે. પુષ્પા ઉભી ઉભી પેટ પકડી હસે છે.]

મધુરી

ઓ! ઓ! આ શું કરો છો [હવે તે [છુટી] અને પુસી તને આમાં હસવું આવે છે?

પુષ્પા

[હસતી હસતી, સારાભાઇને] મે નહોતું કહ્યું, સારુભાઇ! કે મધુ બહેન પણ છેતરાશે. તમને કોણ આ સ્વાંગમાં ઓળખી શકે?

મધુરી

[અધીરી] કોણ સારુ? ખરેખર!

સારાભાઇ

હું શું એટલો બધો બદલાઇ ગયો છું?

મધુરી

હું તો ઓળખીજ ના શકી.

પુષ્પા

બહેન, એના વેષ જોયા?

મધુરી

[વળી એને કાટી કરે છે.] કેટલે વર્ષે હોંસ પુરી કરી, ભાઇ? કેટલો મોટો થયો છે? ઓળખાય છે કે, બેબી?

સારાભાઇ

[મધુરીને લાડ કરે છે.] My darling, મધુ ! કેટલો આનંદ થાય છે.

મધુરી

કેટલાં વર્ષે મળ્યાં ?

સારાભાઇ

મારી રાહએ ન જોઇ અને તું તો પરણી પણ ગઇ.

મધુરી

બે વર્ષ થવા આવ્યાં.

સારાભાઇ

પણ ગાડું બરાબર ચાલતું નથી લાગતું.

મધુરી

કેમ ?

સારાભાઇ

હંમેશની ખ્યાલી જીવનવાસીજ રહી કે, મધુ ?

મધુરી

ઓહો ! તમને કોણે કહ્યું.

પુષ્પા

[હસે છે.] ગુનાહગાર—પણ તકસીર માફ.

સારાભાઇ

એમાં તકસીર શી ? મધુ, દીકરી ! જગતનો ઉત્તમોત્તમ ખજાનો તને મળ્યો છે. આવો વર તારા પર ઘેલો ગાંડો થઇ ગયો છે. તને પુજે છે. તેને તું નિરાશારૂપમાં બોળે છે ! અને જે માણસને તેં કદી જોયો પણ નથી તેને વાસ્તે આ ખજાનો ખોવા બેઠી.

મધુરી

પણ મને હવે એ અપરિચિત માણસ નઝરે દીઠો નથી ગમતો.

સારાભાઇ

ખરેખર !

મધુરી

મને તો એ નીચશિરોમણી લાગે છે.

સારાભાઇ

એમ ?

મધુરી

હા, એમ ! આજે મારો વારો નથી. આજે તો બેબી એની પાછળ ગાંડી બની છે !

સારાભાઈ

આપણી પુષ્પા ?

મધુરી

હા, આપણી પુષ્પા. એને ટાગોરની લગની લાગી છે.

સારાભાઇ

નથી માનતો. [પુષ્પાને] તું ટાગોરને ચાહે છે ?

પુષ્પા

કેમ નહીં ?

સારાભાઇ

[કપાળે હાથ દે છે] હું એક વાત કહું, છોકરીઓ તમે બંને મારી મશ્કરી કરવા લાગી છો. દસ વર્ષે ભાઇ ઘેર આવ્યો તેની વધામણીમાં......

મધુરી

અંશમાત્ર મશ્કરી નથી.

સારાભાઇ

ત્યારે આ શું ખરેખર......

પુષ્પા

હા, ભાઇ ! હા.

સારાભાઇ

[પુષ્પાને] ગઇ કાલે તુંજ કહેતી હતી...

પુષ્પા

ગઇ કાલે હું એને પીછાનતી નહોતી. મેં એને જોયા નહોતા.

સારાભાઈ

અને આજે ?

પુષ્પા

એ ગઇ કાલ સાંજથી અહીં પધાર્યા છે.

સારાભાઈ

કોણ, ટાગોર?

પુષ્પા

હા. હા. પણ, ભાઈ! તમે એને ઓળખો છો કે? ફ્રાંસમાં, ઈંગ્લાંડમાં તમે એને મળેલા કે?

મધુરી

હા, એ ઠીક યાદ આવ્યું. [મેજ પાસે જઈ તેના ખાનામાંથી એક તસ્વીર કાઢે છે.] આ તસ્વીર જોઈ કે?

સારાભાઈ

[જુએ છે.] એ કોણ છે?

મધુરી

રવીંદ્રનાથ ટાગોર!

સારાભાઈ

[ખડખડાટ હસે છે] નકલ તો ઠીક કરી છે. હી! હીહી! હીહીહી!

પુષ્પા

[નિશ્ચિંત] તમારી ખાતરી છે, ભાઈ! કે આ ટાગોરની તસ્વીર નથી.

સારાભાઈ

ના. પણ નકલ સારી છે. દાઢીમાં અને વાળનો સેંથો પાડવાની રીત તો એટજ લાગે છે. બાકી કૈં મળતાપણું નથી.

પુષ્પા

ઓ! કેવા આનંદની વાત કહી! [તેને કોટી કરે છે.]

સારાભાઈ

જો છોકરીઓ મને ચગાવવા બેઠીઓ છો? [મધુરીને] ગઈ કાલે તું ટાગોર પુંઠે ગાંડી હતી?

મધુરી

હા.

સારાભાઈ

[પુષ્પાને] અને તને તો એનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો?

પુષ્પા

ના.

સારાભાઈ

[મધુરીને] આજે તું એજ ટાગોરને તીરસ્કારે છે?

મધુરી

મારા આખા જીગરથી.

સારાભાઈ

[પુષ્પાને] અને તું એને પુજે છે?

પુષ્પા

હા, હા!

સારાભાઈ

અને કારણમાં તમે એમ કહો છો કે ગઈ કાલ સાંજથી એ અહીં આવેલ છે. [તસ્વીર લઈ] આ તસ્વીરનો માણસ જેટલો હું બરનાર્ડ શૉને મળતો છું તેટલો ટાગોરને મળતો છે, એમ કહું છું એટલે ખેબી મને બધી ભરે છે. આંતરિક સંતોષ જાહેર કરતા ખરું કે?

પુષ્પા

તમામ ખરું.

સારાભાઈ

વારુ, હવે આમ જો બહેન! ટાગોર ઘણીએ કળા જાણતો હશે. અને કવીશ્વર યોગીશ્વર પદનો ઢોંગ કરતા હોય તોપણ મને નવાઇ ન લાગે. પણ હજુ સુધી એની એવી શક્તિ પ્રત્યક્ષ નથી કરી કે ગઇ કાલે એકજ ક્ષણે તે મુંબાઇમા પણ હોય અને અમદાવાદમાં પણ હોય. આ કૈં ધ્યાનમાં ઉતરે છે?

મધુરી

હા. હવે સમજ પડવા માડે છે. મારા વરે ભવાઇ કરવા માંડી છે. પણ હુંએ તો ખરી કે...

સારાભાઈ

ભવાઇ કેવી?

જરા વધારે ગળગળે સ્વરે પાસે જઇ મેં ઉષાને ફરીથી બોલાવી.

અને તરતજ જરા ધીમેથી પણ રૂડના સ્વરે ઉષાએ શરુ કર્યું:

"ઉષા તમને વ્હાલી છે? તમે ઉષાને ચાહો છો કે ઠગો છો? ઉષા ભોળી છે. ઉષામાં રૂપ નથી, ઉષામાં ગુણ નથી. માત્ર ઉષા તમને ચાહે છે. બસ વહાલા! શું મારા કરતાંએ પેલી જસું, પન્ના, અને પદ્મા વધારે સ્વરૂપવંતી છે? શું એ ત્રણે તમને મારા કરતાં વધારે ચાહે છે? અને શું એ ત્રણેને તમે ચાહો છો? કે માત્ર તમારી—મનુષ્યની પાશવ વૃત્તિઓ પોષવાનાં પ્રાણીજ સમજો છો? નાથ! તમે શું કહેતા! તારા વિના મને સ્વર્ગએ નકામું છે. કયાં ગયાં તમારાં તે વચનો? હવામાં પથરાઇ ગયાં? હવાનાં મોજાંઓ ઉપર સ્વાર થઇ તેમણે એ આ કૃતઘ્ની હૃદયથી દૂર દૂર નાસી જવું યોગ્યજ ધાર્યું કેમ ખરુંને?"

"અરે પણ ઉષા! હૃદયેશ્વરી ઉષા! મારી નાનકડી ઉષા! તને એમ કોણે કહ્યું કે હું તને નથી ચહાતો? અને હું બીજા કોઇ સાથે પરસ્ત્રીને અયોગ્ય એવો સંબંધ ધરાવું છું એવું પણ કોણે કહ્યું? હા, પન્નાને, પદ્માને અને જસુને તો હું ચાહું છું પરંતુ જેમ આપણી સરોજને ચાહું છું તેમ; અને સાચેજ હજી પણ કહું છું કે તારા વિના સ્વર્ગએ મને નકામુ છે. તુંજ મારું સ્વર્ગ છે, તુંજ મારું જીવન છે. તું મારું સર્વસ્વ છે. ખરેખર त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं તેને ખાત્રી આપવા ભાર દઇદઇને મેં કહ્યું.

"બસ થયું હવે તો તમારા આ રાગડાઓ-થી મોટા પંડિત થઇ ગયા ખરુંને? તુંજ તમારું સર્વસ્વ? જુઠ્ઠા! જુઠ્ઠાનો આંવરદા ચાર ઘડી હોં કે! ઠીક, અને ત્યારે તમો સતીઆ છો તો કહો જોઇએ આ કાગળો કોણે અને કોને લખ્યા છે?"

તે ફલંગ મારી ઉઠી અને ખાંગામાંથી કેટલાક કાગળો ખેંચી કાઢી તેણે મારા ખોળા-માં તેનો ઢગલો કર્યો. હું તો સ્તબ્ધ બની તેની હીલચાલજ જોઇ રહ્યો. અને આનું તે અત્યા-નંદમાં ચક્રમ ખસ્યું હશે કે, કેમ તેજ વીચારી રહ્યો.

"બોલો હવે શું કહો છો? છે હજી કંઇ નાસવા બારી બાકી? અને ક્યા બુલબુલને બોલાવ્યું છે? બોલોને, આ પત્રો તમે કયી તમારી સગલીને લખ્યા છે? અને આ છબીઓ-માં પણ જાણે સગાઇ નાસી જતી હોય તેમ તમારી જોડાજોડ તમારી કયી સોહાગણીઓ ગોઠવાઇ છે?"

મને વિચારવાયુ ચાલ. પરંતુ તેનાં આ વાકયોથી અને આ પ્રત્યક્ષ પુરાવાથી હું એક-દમ જાગ્રત થયો. ક્રોધના ઉછળતા તરંગોને બેરબેર સમાવી હું એકદમ હસી પડયો અને તે માના અટ્ટહાસ્યથી અકળાઇ ધુંધાડો કરી ઉઠે તે પહેલાંજ એકદમ તેને મેં ખેંચી હૈયે દબાવી કહ્યું: "ગાંડી! જરા હવે સાંભળીશ? તારા બેલગામ જતા કલ્પનાના પંખાળા અશ્વોને એક ઘડી અટકાવીશ? જો, જો, આ તો હું લેખક છું અને એ પત્રો તો માત્ર વાર્તારૂપે કાલ્પનિકજ લખાએલા છે અને કલ્પનામાંએ એ પત્રો તો તનેજ ઉદ્દેશા-એલા છે. વળી આ પન્ના અને પદ્મા તો મારી સાથે ભણતી છોકરીઓ છે અને તેમને તું કયાં નથી ઓળખતી? બીચારી નિર્દોષ બાળાઓને આમ કહેવાય? હજુ તને આપણા યોગેશભાઇ સાથે અમર મારા મિત્ર

જયંતભાઇ:સાથે વાત કરતી હસતી અને એકુબીજા પાછળ દોડાદોડી કરતી જોઉં એટલે શું હું એમજ માની લઉં કે તું દોષિત, ચારિત્ર્યહીન અને ખરાબ છે? તેથી હું તને અન્યાય નથી કરતો? વહાલી! જરા તો નારે ધીરજ રાખવી'તી, કળે કળે મને પુછવું હતું– મારું વલણ તપાસવું હતું અને ત્યાર પછી કહ્યું હોત તોએ યોગ્ય ગણાત. તું કેટલી અધીરી અને ઉતાવળી છે? આજે પ્રથમ રાત્રિએ તો પ્રણયકલહ હોય–આમ સંસાર-કલહ હોય ખરા? મારી માશુક! તેં મારા કેટકેટલા હવાઇ કીલ્લાઓ તોડી નાખ્યા છે તેનું તને કંઈ ભાન છે?"

ઉષા તો ગભરાઇ ગઇ. તેનું મોઢું નીચું પડી ગયું અને એક દયામણી નજર મારી તરફ ફેંકી મારા ખોળામાં હળું માથું ઘાલી ઢળી પડી. મેં તેને મનાવી, કલાવી અને એક વખત હસાવી એકાએક ચુંબન આપી દીધું.

આખરે મેં કહ્યું: "ઉષા! તે આ બધું શાથી થાયું'?"

ઉષાએ અનેક ક્ષમાયાચના સાથે શરમાતે શરમાતે કાગળ અને ચિત્રો સંબંધી અકધું-પકધું કેમ કેમ કરી કહ્યું. આગળ તે બોલી શકી નહીં.

વિશેષની મેં કંઈ જરુર જોઇ નહીં. મારી ભુલની મને સમજણ પડી ગઇ. મને થયું કે મારે આવા પત્રો સંબંધી તેને વાત કરવી જોઇતી હતી. ન કરી તો કશુંએ આમ મુકવું જોઇતું નહોતું.

ભુલના પશ્ચાત્તાપરુપે તેને મેં મારી ગોદ-માં ખેંચી અને—

× × ×

વાચક! લેખક હોય તો આટલી સુચના ધ્યાનમાં રાખજે કે આવાં લખાણો લખવાં નહીં; લખે તો ટેબલ ઉપર ઉઘાડાં મુકવાની ખરાબ ટેવ રાખતો નહીં, અને એ ટેવ ન સુધારી શકે તો તારી પ્રિયાને ભણાવતો નહીં; કદાચ ભણેલી હોય તો પ્રથમથી તું લેખક છે વગેરે—જો કે આત્મશ્લાઘા અને આપ-વડાઇ તો ખરીજ–કહી દેજે; નહીં તો પ્રણય-કલહને બદલે સંસારકલહના ગણેશ તારા નવજીવનના પહેલે પ્રભાતેજ મંડાશે

હજુ વખત છે.

ઇન્કમટેક્ષ બચાવવા માટે મળો.

પ્રાણલાલ અમૃતલાલ વૈધની કું.

ઇન્કમટેક્ષના અનુભવી.

પહેલો માળ, લાલસિંગ બીલ્ડીંગ, મંગળદાસ મારકીટ પાસે, મુંબાઇ.

છોકરાઓએ કહ્યું: "કહેવું સ્હેલું છે પણ કરવુ મુશ્કેલ છે."

આથી ખ્વાજા ઝાડ પર ચઢવા તૈયાર થયા. તેણે પોતાનો ઝભ્ભો કાઢી પોતાની કેડે બાંધ્યો અને પાવડીઓ તેમાં ખોસી અને ઉપર ચઢવા લાગ્યા.

આ જોઇ છોકરાઓ નિરાશ થયા અને પુછયું: "પાવડીઓ ઉપર શું કામ લઇ જાઓ છો?"

ખ્વાજાએ કહ્યું: "છોકરાઓ! તમે હજુ નાના છો તેથી તમને કામ કરતા પહેલાં વિચાર કરવાની ટેવ નથી. ઝાડ ઉપર ચઢતાં ચઢતાં કદાચ મને જન્નતનો રસ્તો જડે તો મારે પાછું પાવડી માટે નીચે આવવું નહીં પડે!"

છોકરાઓ આ હાજર જવાબથી ચીઢાઇ નિરાશ થઇ તેમના ઘર તરફ ચાલતા થયા.

તુર્ક ગામડીઆઓ ખ્વાજાના એક ગધેડા વીષે ઘણા ટુચકાઓ કહે છે. એક વખતે સુલતાન સલાહીનના દરબારમા ત્રણ માણસો આવ્યા. સુલતાને તેમની આગતાસ્વાગતા કરી અને તેમને મુસલમાન થવાનુ કહ્યું. તે ત્રણ માણસોએ કહ્યું: "નામવર! અમે ત્રણ જણા જે સવાલ પુછીએ તેનો જવાબ કોઇ મુસલમાન આપે તો અમે એ ધર્મ આલીંગીએ."

સુલતાને આ ઉપરથી પોતાના રાજ્યના સર્વે ડાહ્યા અને ચતુર માણસોને એકઠા કર્યા. પછી પેલા ત્રણ માણસોમાંથી એકે પુછયું: "પૃથ્વીનું મધ્યબિંદુ કયું?" બીજાએ પુછયું: "આકાશમાં તારા કેટલા?" ત્રીજાએ પુછયું: "મારી દાઢીના વાળ કેટલા?"

એકઠા થએલા સર્વ ડાહ્યા આદમીમાંથી કોઇ તેનો સંતોષકારક ઉત્તર દઇ શકયું નહીં. આથી સુલતાન ગુસ્સે થઇ ગયો. આથી તેના વજીરે કહ્યું: "જો દુનીઆમાં કોઇ પણ આ સવાલનો જવાબ આપી શકે એવો આદમી હોય તો તે ખ્વાજા નસરુદ્દીન છે માટે તેને બોલાવો."

ખ્વાજાને એકદમ બોલાવવામાં આવ્યો. ખ્વાજા પોતાના ગધેડા ઉપર બેસીને દરબારમાં આવ્યો અને કહ્યું: "ખુદાવંદ! શો હુકમ છે!"

સુલ્તાને તેને ત્રણ પ્રશ્નો કહ્યા અને તેના ઉત્તર પુછયા. ખ્વાજાએ તરત કહ્યું: "પૃથ્વીનું મધ્યબિંદુ મારા ગધેડાના પાછલા ડાબા પગની ખરી નીચે છે. આકાશમાં તારા મારા ગધેડાના દીલ પર જેટલા વાળ છે તેટલા છે. અને મારા ગધેડાની પુંછડીના વાળ જેટલા વાળ તેમની દાઢીના છે. જો આપને તેમાં કંઈ શંકા હોય તો તપાસ કરી જુઓ." ગધેડાને ખીજવવાની કોઇની ઇચ્છા ન હોવાથી પેલા ત્રણ માણસોએ એ જવાબ ખરા ગણી મુસલમાન ધર્મનો અંગીકાર કર્યો.

એક વખત ખ્વાજાનું ગધેડું કોઇ જગ્યાએ નાસી ગયું. આથી ખ્વાજા તેની તપાસ કરવા નીકળ્યા. રસ્તે જતાં એક માણસને તેમણે ગધેડા વીશે પુછયું. તે માણસે ખ્વાજાની મશ્કરી કરવાના ઇરાદાથી કહ્યું: "તે તો ઇસ્તંબુલનો કાજી થયો છે."

આ સાંભળી ખ્વાજાએ કહ્યું: "હું જાણતો હતોજ કે કોઇ દિવસ તે કાજી થશે. કારણકે જ્યારે જ્યારે મારા શિષ્યોને હું ધર્મોપદેશ કરતો હતો ત્યારે તે તેના કાન ઉઘાડા રાખીને ધ્યાન દઇને સાંભળતો હતો."

આવી રીતે ખ્વાજા પોતાના દેશમાં ઘણો જ માનીતો થઇ ગયો. પરંતુ તેને પણ કાજે

પડ્યો નહીં. એકવાર તેની સ્ત્રી નદીએ પાણી ભરવા ગઇ પણ તેમ કરતાં તે નદીમાં તણાઇ ગઇ અને મરી ગઇ. ચૌદમાં સૈકાના તે વૃદ્ધ તુર્કે ફરહાદે પોતાની શીરીન પાછળ દેહ આપવા નક્કી કર્યું. તેની સ્ત્રીની લાસ મેળવવા માટે બહુ પ્રયત્નો કર્યા પણ તે ન મળી. અને ખ્વાજા પણ "લા ઇલ્લાહ ઇલ્લાહ, મહંમદ રસુલલ્લાહ" કહેતો તેની પાછળ ઝુરી ઝુરી મરી ગયો. આખા ગામના લોકો—ગરીબ, તવંગર—સર્વે તેને કબ્રસ્થાનમાં લઇ જવા એકઠા થયા. અને જાણે દેશનો મોટો રાજા મરી ગયો હોય અને જે દબદબા સાથે તેને કબ્રસ્થાનમાં લઇ જાય તેવા દબદબા સાથે તેને ત્યાં લઇ જવામાં આવ્યો. કબ્રસ્થાનો એશીઆ માઇનોરની ઘણી જમીન રોકતાં. કબ્રસ્થાન માટે ફ્લદ્રુપ ખેતરોનો એ ભોગ અપાતો. કબ્રસ્થાનો સાધારણ રીતે સરુ (Cubress)ના ઝાડોથી ભરપુર હોય છે. અને થોડે થોડે દૂર મનુષ્યના મોઢા જેવો આકાર કરી મોટા પથ્થર ગોઠવેલા હોય છે. તે દરેક પથ્થર ઉપર મરેલાં માણસનું નામ ઠામ વગેરે લખેલાં હોય છે.

ખ્વાજા નસરદ્દીનના મૃતશરીરને પણ કબ્રસ્થાનમાં દાટવામાં આવ્યું. તુર્કસ્તાનમાં એવો રીવાજ છે કે મોટા મહાત્માની કબરની આસપાસ નાની દીવાલ બાંધે છે અને આખી રાત ત્યાં મીણબત્તી સળગતી રાખે છે. સાંજના વખતે ઘણા જણ—બનતાં સુધી સ્ત્રીઓ—ત્યાં પોતાની ઇચ્છાઓ પરિપૂર્ણ કરવા માટે પરમેશ્વરની પ્રાર્થના કરવા આવે છે. અને ત્યાં મીણબત્તી અને અગરબત્તી સળગાવીને મુકી જાય છે.

ખ્વાજા નસરદ્દીનની કબર પણ ઘણા ભિક્ષુકોથી ઉભરાય છે. ખ્વાજા નસરદ્દીન વીશે આશ્ચર્યની વાત તો એ છે કે તેમનું ધર્મનું જ્ઞાન બહુજ થોડું હતું અને કાફીરોના મતને વધારે મળતા હતા છતાંએ એને મહાન્ ધર્મોપદેશક તરીકે પુજવામાં આવે છે અને પરમેશ્વરના દોસ્ત ગણવામાં આવે છે. અને જોકે સાધારણ લોકો તેને માનનીય અને પૂજ્ય ગણે છે તથાપિ ઉચ્ચ વર્ગના લોકો તેને કાફીર, લુચ્ચો અને ઢોંગી કહી ધીક્કારે છે. તોપણ તેની કબરને હજુ તેઓ તરફથી કંઇ નુકસાન પહોંચ્યું નથી, ઉલટું લગભગ પંદરેક વર્ષ પર તેની જુની કબરને બદલે નવી કબર બંધાવવામાં આવી છે અને તેની આજુબાજુની દીવાલ કાઢી તેને બદલે કઠેરા જડયા છે. સર ચાર્લ્સ ઇલીઅટના "ટર્કી ઇન યુરપ" નામની ચોપડીમાં તેની કબર વીશે નીચેની માહીતી મળે છે. ખ્વાજા નસરુદ્દીનની કબર, કોનીઆ પ્રાંતના અકશહીર નામના ગામના એક ખેતર આગળ હજુએ જોવામાં આવે છે. તે થોડીક બાંધેલી અને થોડીક ખુલ્લી દીવાલની અંદર છે. ઘુમ્મટની નીચે તેની કબર છે. અને એ કબર ઉપર લીલા રંગની લગભગ છત્રી જેવડી પાઘડી મુકેલી છે. કહેવાય છે કે ખ્વાજા નસરુદ્દીન જીવતા હતા ત્યારે તે એ પાઘડી પહેરતા. કબરમાં એક નાનુ બાકું રહેવા દીધું છે. કારણ કે તેમણે કહ્યું હતું કે કબરમાં સુતો સુતો દુનીઆમાં શું ચાલે છે તે એ બાકાંમાંથી હુ જોઇ શકીશ; અને એક શિલા ઉપર તેનું નામ છે. તેના મરણનું વર્ષ ૧૩૬૬ હીજરી એટલે ઇ. સ. ૧૯૫૦ નામ નીચે કોતરેલું છે. ખ્વાજાએજ તે વર્ષ લખવાનું કહ્યું હતું કારણકે એનો વિચાર ભવિષ્યની પ્રજાને ગુંચવણમાં નાખવાનો હતો.

તંત્રીસ્થાનેથી

[અનુસંધાન પૃષ્ટ ૬૧૦ થી]

વિદ્યાર્થી અવસ્થા પુરી કરીને જીવનમાં પ્રવેશ કરતા નવા ગ્રેજ્યુએટોને દર વર્ષે કંઇક સંદેશો આપવાની પ્રથા પડેલી છે, તે મુજબ આ વર્ષે આપણા વાઇસ–ચાન્સેલર સર ચીમનલાલ સેતલવડે પોતાનુ ભાષણ આપ્યું હતું. આપણી યુનીવર્સીટીને હાલ જે સ્થિતિમાં જોઇએ છીએ, તેનો વિકાસ ક્રમે ક્રમે કેવી રીતે થયો, તેનું ટુંકમાં સિંહાવલોકન કર્યા પછી તેમણે હાલની જરુરીઆતો ઉપર લંબાણથી વિવેચન કર્યું હતું. આપણા દેશની ૩૩ કરોડની વસ્તીને કેલવણી આપવાના મહાસાગર જેવા વિશાલ પ્રશ્નના ઉકેલ માટે આખા દેશમાં માત્ર ૧૦–૧૫ યુનીવર્સીટીઓ અને તેની જુજ શાળાકોલેજો જોઇએ છીએ, સારે આપણી દયાજનક સ્થિતિનું આપણને તીવ્ર ભાન થાય છે. જે છે, તેમાં પુરતા પ્રોફેસરો અને શિક્ષકો નથી, તેમજ દેશની સંપત્તિ વધારવા હુન્નરઉદ્યોગ વગેરેનું શિક્ષણ આપવાને માટે પુરતાં નાણાં નથી. દુનીઆના સર્વ દેશો ચોતરફ જાતજાતની પ્રગતિ કરી રહ્યા છે, તેની મધ્યમાં વસેલું હીંદુસ્થાન અસલના જમાનાની જેમ આજે વીસમી સદીમાં એકલવાયું, શાંત, એકાંત જીવન ગાળી શકે એમ નથી–ગાળવા ઇચ્છે તો પણ તે અશક્ય છે. પશ્ચિમની હરોળમાં ટટાર ઉભા રહેવા માટે, જીવનવ્યવહારમાં તેની સામે ટક્કર ઝીલવા માટે આપણે પણ જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરવીજ જોઇશે, અને તેનું સાધન આપણી યુનીવર્સીટીઓજ છે. સર ચીમનલાલે આ વાત ઉપર ફરી ફરીને આપણું લક્ષ ખેંચ્યું છે

તેમણે ચર્ચેલા અનેક વિષયોમાંથી એક તરફ આપણું ખાસ ધ્યાન જાય છેઃ પત્રકારિત્વ (journalism) ના શિક્ષણનો પ્રબંધ. દરેક દેશમાં પ્રજાજીવન ઉપર વર્તમાનપત્રો ભારે અસર કરી રહ્યાં છે. ૧૯૧૪–૧૮ નું યુરોપીય મહાયુદ્ધ જીતવામાં વર્તમાનપત્રોનો હીસ્સો જેવો તેવો ન હતો એ આપણે જાણીએ છીએ. પ્રજામત કેળવવામાં અને તેને યોગ્ય દિશાએ વાળવામાં વર્તમાનપત્રો મહત્ત્વનો ભાગ ભજવે છે, તેથી આ કાર્યમાં એ ધંધાનું શાસ્ત્રીય શિક્ષણ લીધેલા યોગ્ય પુરુષો સામેલ થાય એ દરેક રીતે ઇચ્છવાજોગ છે. સર ચીમનલાલની આ સુચનાને અમે વધાવી લઇએ છીએ.

---:o:---

'યુગધર્મ'ના વાચકોને સુચના

'યુગધર્મ' માસિકના જ્યેષ્ઠ અને આષાઢ માસના અંકો પ્રગટ થયા નથી, તો તેની માગણી ન કરવા સૌને વિનંતિ છે.

ગુજરાત સાહિત્યસંસદનો ત્રીજો વાર્ષિક ઉત્સવ
તથા શ્રી કૃષ્ણ જયંતી

સાહિત્યસંસદના ત્રીજા વાર્ષિક ઉત્સવ તથા શ્રી કૃષ્ણ જયંતી નિમિત્તે એક મેળાવડો ગઇ શ્રાવણ વદ ૧૨ ને રવિવાર, તા. ૧૬ મી ઓગસ્ટ ૧૯૨૫ ના રોજ સાંજે સાડાપાંચ વાગે સેંટ ઝેવીઅર્સ કોલેજના હોલમાં સંસદના પ્રમુખ શ્રી. કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે મળ્યો હતો. મેળાવડામાં સંસદના ઘણાખરા સભ્યો ઉપરાંત સંસદના કાર્યમાં રસ લેતાં અન્ય સંભાવિત સ્ત્રીપુરુષોએ દર વર્ષ કરતાં વધારે સારી સંખ્યામાં હાજરી આપી હતી.

શરૂઆતમાં શ્રીમતી સૌ. ભદ્રિકાબહેન કુલિન મહેતાએ "જય જય ગરવી ગુજરાત" નું ગીત ગાયા પછી રા. જગતરામે મંજીરાં સાથે સંગીત કર્યું હતું.

સંસદનો વાર્ષિક અહેવાલ

ત્યાર બાદ સંસદના મંત્રી રા. મનહરરામ હરિહરરામ મહેતાએ મંત્રીઓ તરફથી તૈયાર થએલો સંસદનો વાર્ષિક અહેવાલ મેળાવડા સમક્ષ રજુ કર્યો હતો જે નીચે મુજબ છેઃ—

મહેરબાન પ્રમુખ સાહેબ, સજ્જનો અને સન્નારીઓ,

સાહિત્યસંસદના આ ત્રીજા વાર્ષિક સંમેલનમાં આપ સર્વ સમક્ષ આ સંસ્થાનો અહેવાલ રજુ કરતાં અમને ઘણો સંતોષ અને હર્ષ થાય છે.

સંસ્થા સ્થપાયાને માત્ર ત્રણ વરસ થયાં છે તેટલી ટુંકી મુદત દરમીઆન "ગુજરાત" માસિક તથા અન્ય ગ્રંથોના પ્રકાશનથી આ સંસ્થાએ આખા ગુજરાતનું ધ્યાન ખેંચ્યું છે એ આપ જાણો છો. સંસ્થાના ઘણાખરા સભ્યો એક અથવા બીજી રીતે ગુજરાતની સાહિત્યવિષયક, સામાજિક કે રાજકીય પ્રવૃત્તિઓમાં રસ લઈ રહ્યા છે અને સૌ પોતપોતાની શક્તિ અનુસાર પોતાની સેવા આપે જાય છે.

સંસદની પ્રવૃત્તિની વિગતવાર હકીકત નીચે પ્રમાણે છે:—

ચાલુ વરસમાં સંસદના સભ્ય તરીકે સૌ. શારદા સુમંત મહેતાને સ્વીકારવામાં આવેલ છે અને આપ સર્વ સંમત થશો કે તેમનાં જ્ઞાન અને પ્રતિષ્ઠાથી સંસદને તેના ભાવિ કામમાં ઘણો લાભ મળશે. એક તરફથી આ પ્રમાણે સંસદને લાભ થયો છે ત્યારે બીજી તરફથી અમને જણાવતાં ઘણી દીલગીરી થાય છે કે સંસદના એક સભ્ય ભાઇ મણિલાલ બકોરભાઇ વ્યાસના અવસાનથી સંસદને ભારે ખોટ ગઇ છે. જુની ગુજરાતીના ઉંડા અભ્યાસી તરીકે એમને આપ સર્વ ઓળખો છો. એથી એમના સ્વર્ગવાસથી આપણને કેટલી હાની થઇ છે તેનો ખ્યાલ આપ કરી શકો એમ છો. ઇશ્વર એમના આત્માને શાંતિ આપે !

જોડણી વીશે સાહિત્યસંસદનું નિવેદન

મંત્રીઓનો અહેવાલ વંચાયા પછી ગુજરાત સાહિત્ય પરિષદ મંડળે ગુજરાતી ભાષાની જોડણી સંબંધી નિયમો ઘડયા છે, તે વીશે સંસદનું નિવેદન રા. શંકરપ્રસાદ છગનલાલ રાવળે સભા સમક્ષ રજુ કર્યું હતું જે નીચે મુજબ છેઃ—

ગુજરાતી ભાષાની જોડણી નક્કી કરવાનો પ્રયાસ સાહિત્ય પરિષદે કેટલીક બેઠકો સુધી કર્યા પછી તેણે એ કામ કંટાળીને કે થાક ખાવા માટે, અમુક વખત સુધી બંધ કર્યું હતું. એ વચગાળાના સમય દરમ્યાન સં. ૧૯૭૮ ની અધવચમાં સાહિત્યસંસદે આ પ્રશ્ન હાથ ધર્યો હતો. નિયમોનો ખરડો, તેના પર ચર્ચા અને છેવટનો નિર્ણય. આ બધા તબક્કામાંથી પસાર થઈને '૭૯ ના ભાદ્રપદના 'ગુજરાત'માં આપણી સંસદે પોતાના છેવટના નિયમો પસાર કર્યા એ જાણીતું છે. ત્યાર પછી થોડે મહીને સત્યાગ્રહાશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ અને સાહિત્ય પરિષદે આ પ્રશ્નમાં ચિત્ત પરોવ્યું અને આખું '૮૦ નું વર્ષ તથા ૧૯૮૧ નો ઘણોખરો ભાગ તેમણે ચર્ચા કરી. છેવટ ચાલુ વર્ષના જ્યેષ્ઠમાં સાહિત્ય પરિષદ મંડળે પોતાના છેવટના નિયમો બહાર પાડયા જે વિદ્યાપીઠ, 'નવજીવન' કાર્યાલય અને સત્યાગ્રહાશ્રમે તેમજ વડોદરાના સાહિત્ય ખાતાએ સ્વીકાર્યા છે. વિદ્યાપીઠે વચ્ચે પોતાનો સ્વતંત્ર ખરડો બહાર પાડયો હતો તેમાં તથા પરિષદના નિયમોમાં સંસદે તેમની અગાઉ સ્વીકારેલા સિદ્ધાંતોની સ્પષ્ટ અસર જણાય છે એ હકીકત ધ્યાન ખેંચનારી તેમજ ખુશ થવા જોગ છે.

વસ્તુસ્થિતિ આવી હોવાથી એ સંસ્થાઓના અને આપણા નિયમોમાં અમુક અંશે સામ્ય આવ્યું છે; જ્યારે અમુક બાબતોમાં ભિન્નતા પણ રહી છે. એ ભિન્નતા પ્રશ્નનો સરસ ઉકેલ લાવવાના હેતુ કરતાં નીરાળું વ્યક્તિત્વ સ્થાપવાની તત્પરતાથી રાખવામાં આવી હશે એવો સંદેહ મનમાં પેદા થયા વિના રહેતો નથી, કેમકે પરિષદના અઢાર નિયમો એક ધોરણથી નહીં પણ અનેક ધોરણથી નક્કી કરાએલા માલુમ પડે છે. વ્યુત્પત્તિ અને રૂઢી, ઉચ્ચારભેદ ને પ્રાંતભેદ—અને એ સર્વના અસંખ્ય પેટા ભેદોઃ આવાં અનિશ્ચિત ને પ્રવાહી ધોરણો એ નિયમોમાં વરતાય છે ને નવી ગુંચવણો ઉભી કરવામાં મોટી મદદ કરે છે. એ ગુંચવણો કેવી ને કેટલી છે તે તપાસ્યા પહેલાં સંસદ ને પરિષદના નિયમો વચ્ચેની સમાનતા નજર તળે કાઢી લઇએ એ ઉચિત છે. (૧) સંસ્કૃત શબ્દો મુળ રુપેજ લખવા; (૨) તત્સમ ને તદ્ભવ બંને રૂપ સ્વીકારવાં; (૩) 'જુવો' નહીં, 'જુઓ' લખવું; (૪) અમુક સંસ્કૃતપક્ષીઓનાં માનીતાં રૂપ 'કવિયો'ને સ્થાને 'કવિઓ'જ લખવું; (૫) 'સહુ' કે 'પઇસો' ને બદલે 'સૌ' અને 'પૈસો' સ્વીકારવાં; (૬) સર્વનામ ને ક્રિયાવિશેષણમાંથી હકારને છોડી દઇને, 'બ્હાર', 'વ્હાલું'માંના અરધા હકારની પણ [illegible] રાખવું; (૭) મહાપ્રાણનું દ્વિત્વ સ્વીકારીને 'પત્થર' નહીં, [illegible] 'દોરડું' 'દહાડું' એમાં ઈ, ડ, ર, લ, કાયમ રાખવા, [illegible] 'ય' વગેરેમાંથી પણ યકાર બાતલ કરવો; (૧૦) 'ટહાડ' [illegible] અને 'કાદવું' રાખવા. આટલી બાબતોમાં સૌ સંમત છે. [illegible] મતભેદ રહેતો નથી. સીવાય એક વધુ નિયમ સંસદ [illegible] નિયમને આધારે 'જગત્' ને 'અકસ્માત્' લખીએ

સંસદ ગયે વર્ષ [illegible]
એનો અહેવાલ આપ સ[illegible]
કાર્ય પ્રસ્તાવનાઓમાંજ [illegible]
અવની છોડી પરલોકમાં [illegible] સિકના જ્યેષ્ઠ
પ્રકટ થવાની તૈયારીમાં [illegible] તે વિનંતિ છે. [illegible]
ટકોર યથાર્થ પણ [illegible]

જીએ તેને બદલે પરિષદની ભલામણ (નિયમ ચોથો) સ્વીકારીને થોડા વ્યંજનોને સસ્વર લખવાથી લેખન તથા મુદ્રણની સગવડ વધારે સચવાશે એમ લાગે છે.

આટલી છુટ મુકી શકાય. પણ બાકીના મુદ્દાઓ સંબંધી તો પરિષદના માનનીય જોડણીકારોએ સરલતા લાવવાને બદલે ગુંચવાડો ચિરંજીવ કર્યો છે. એમણે વાચકલેખક ઉભયની મુશ્કેલી 'ઉશી' ને 'ઉસી' (નિયમ પાંચમો) તથા 'આનંદ' ને 'આનન્દ' (નિયમ તેરમો) જેવા નિરર્થક વિકલ્પો રાખીને વધારી છે; અને નિયમો છ થી નવમા સુધીમાં એક સ્વર ને અનેક સ્વર, અનુસ્વારો, યડકા ને પ્રાથમિક તદ્ભવના ઇકાર ઉકારાદિ અટપટાં તત્વો વચ્ચે આણીને મુંઝવણમાં મોટો વધારો કર્યો છે. એ દશા ટાળવાનો એકજ ઉપાય છે, અને તે એ કે સંસ્કૃત (તત્સમ) સીવાયના હરેક શબ્દને શુદ્ધ ગુજરાતી ગણીને તેમાંના ઉ એટલા હ્રસ્વ અને ઈ એટલા દીર્ઘ કરવા. આ નિયમને આપણી સંસ્થાએ ત્રણ વર્ષના વપરાશથી કસોટીએ ચઢાવ્યો છે. તેની સફળતા સૌને સુવિદિત છે, અને તેના સાર્વજનિક સ્વીકાર વિના જોડણીના સવાલનો વહેવારૂ નીકાલ શક્ય નથી એમ હરેક સમજુ વિચારકને જણાયા વિના રહેશે નહીં.

ઉપર આપેલો એકજ મતભેદ કાઢી નાંખી સરલ જોડણી સર્વમાન્ય કરવાનો પ્રયાસ સંસદ ચાલુ રાખશે.

ત્યાર પછી પ્રમુખસ્થાનેથી રા. મુનશીએ પોતાના "અર્વાચીન સાહિત્યનો પ્રધાન સ્વરઃ જીવનનો ઉલ્લાસ" એ વિષય પરના ભાષણમાંથી મુખ્ય મુદ્દાનો કેટલોક ભાગ વાંચી સંભળાવ્યો હતો.*

* આખું ભાષણ આ અંકમાં પૃષ્ઠ ૬૧૯ ઉપર પ્રકટ કર્યું છે.

સંસદે "સાહિત્યનો ઈતિહાસ" તૈયાર કરવા માંડ્યો છે, એ હજી સુધી નહીં થએલો પ્રયાસ છે. ભવિષ્યના કાર્યકર્તાઓને એ જરૂર માર્ગદર્શક થશે.

ત્રીજી વાત સાહિત્ય પરિષદની બેઠક ભરવા સંબંધી છે. સંસદે પરિષદને મુંબાઈ-આમંત્રી છે, પણ એ બેઠકને ફત્તેહમંદ બનાવવાની જવાબદારી એકલી સંસદ ઉપર ન રહેવી જોઈએ. અલબત, સંસદ તો સમર્થ સંસ્થા છેજ, છતાં મુંબાઈમાં વસતા સૌ કોઈ સાહિત્યપ્રેમી ગુજરાતીઓની એ કાર્યમાં પોતાનો ફાળો આપવાની ફરજ છે. પરિષદને ફત્તેહમંદ બનાવવામાં સંસદનું ગૌરવ છે, મુંબાઈનું ગૌરવ છે."

આટલાં વિવેચનો થયા પછી સર્વ ઉપાહાર લઈને વીખરાયા હતા.